1949 – ૧૯૪૯

(1)


શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર    રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦  
અંક : ૧૭

મુંબઈ: ૧ જાનેવારી ૧૯૪૯ શનીવાર

વાર્ષિક લવાજમ  
રૂપિયા ૪


## જયપુર કોંગ્રેસ અધિવેશન

### સર્વોદય પ્રદર્શન

સર્વોદય પ્રદર્શન ખુલ્લું મૂકતી વખતે કરેલું પૂજ્ય વિનોબાજીનું પ્રવચન ૧૫ મીના છાપામાં વાંચ્યું અને મને થયું કે બીજુ કંઇ નહિ તોય આ પ્રદર્શન જોવા ખાતર પણ જયપુર જવું જોઇએ. ગામડાનાં સર્વતોમુખી વિકાસ માટે એ પ્રદર્શનમાંથી ઘણું જાણવાનું મળશે એમ લાગ્યું. પૂજ્ય વિનોબાજીએ કડક ભાષામાં છતાં પૂર્ણ સત્ય કહ્યું હતું. કે "આપણે મહાસભાવાદી, સ્વતંત્રતા આવ્યા પછી સેવાની વાત ભૂલી ગયા છીએ, ને સત્તાની જ પડાપડીમાં અટવાઇ ગયા છીએ" અહીં મને પૂ. કાકાસાહેબે કહેલું એક વાકય યાદ આવે છે. મરાઠીમાં એક શુભાષિત છે.

"**સત્યે** પરતા નાહિ ધર્મ." (સત્ય કરતાં બીજો કોઇ ધર્મ નથી,) પણ તેનું આપણે કરી નાંખ્યું "**સત્તે** પરતા નાહિં ધર્મ" (સત્તા કરતાં ઉંચો બીજો કોઇ ધર્મ નથી.) આમ વિચારી હું જયપુર જવા ઉપડયો અને સોળમી ડીસેંબરના બપોરના ૧ વાગ્યે જયપુર પહોંચ્યો. અને લગભગ ચાર વાગ્યે જ સર્વોદય પ્રદર્શન સમીપ પહોંચી ગયો. પ્રદર્શનમાં દાખલ થતાં પહેલું જ બોર્ડ આવે, "**गांवकी गंदकीका हल**" "ગામડાંની ગંદકીનો ઉકેલ." મને યાદ છે તે પ્રમાણે પ્રદર્શનમાં આવું આ પહેલી જ વાર બતાવવામાં આવ્યું હતું. માણસ તથા પશુના મળમૂત્રનો મોરીના પાણીનો તથા કચરાનો નિકાલ કરવાની બહુ ભારે સુંદર પ્રથા તથા ઉપયોગ બતાવ્યો હતો. આ પ્રથાથી ગંદકી તો દૂર થાય જ છે, પણ ખેતી માટે અતિશય ઉત્તમ એવું સોના જેવું ખાતર મળે છે. મુંબઇના પરાંઓમાં પાણીના નિકાલની એ પ્રથા દાખલ કરવા જેવી છે. એ પ્રથા અપનાવવાથી આપણે પરાંના મચ્છરના ત્રાસમાંથી જરૂર ઊગરી જઇએ. મળ એ તો ખેતી માટે કાચું સોનું. એનો ઉપયોગ કરવાને બદલે આજે આપણે ગામડાંની ભાગોળો, પદરો તથા શેરીઓ ગંદી કરીએ છીએ. પ્રદર્શનમાં પોર્ટેબલ પાયખાનાનો નમૂનો બતાવી એનો ઉપયોગ કરવાની એવી રીત સૂચવી હતી કે જેમાં ભંગીની જરૂર જ ન પડે અને મળનો સીધો જ ખાતર તરીકે ઉપયોગ થાય. આજે આપણે ત્યાં અનાજની આટલી બધી અછત છે ત્યારે ઉત્પન્ન વધારવા ખાતર મળનો ખાતર તરીકે ઉપયોગ કરતાં આપણે જરા પણ ચૂકવું ન જોઇએ.

ગામડાંની ગંદકીના પ્રશ્ન પછી તરત જ વિભાગ આવતો "સહકારી મંડળીનો." એ મંડપમાં અનેક જુદી જુદી રીતે બતાવવામાં આવ્યું હતું કે સહકારી ધોરણે કામ કરવાની કેટલી જરૂર છે. વિભાગમાં દાખલ થતાં જ આંખે ચડે એવું એક મોટું પોસ્ટર હતું. ગાડું કાદવમાં ખૂંચી ગયું છે. ખેડૂત એકલો ખૂબ પ્રયત્ન કરે છે. બળદને મારે છે, પુંછડું આમળે છે, પણ કોઇ રીતે ગાડું કાદવમાંથી બહાર નીકળતું જ નથી. પણ ત્યાં તો નજીકના માણસો સાથ આપે છે; ગાડું કાદવમાંથી કાઢવા સહકાર આપે છે અને ગાડું બહાર નીકળે છે. કેટલો સાદો પ્રસંગ, અને કેવો અવારનવાર બનતો પ્રસંગ!! જોનારને તરત જ સહકારની મહત્તા ખ્યાલમાં આવી જાય.

આજ સહકારી વૃત્તિ ઉત્પત્તિ અને વેચાણમાં કામે લગાડાય તો ગામડાની ખેતીના નાના નાના ટુકડા રદ થાય, અને ખેડૂતને વેચાણમાં જે તદ્દન નજીવી રકમ હાથ આવે છે તેને બદલે સારા ભાવ ઉપજે. આજ સહકારની વૃત્તિ ઉત્પત્તિ તથા વેચાણ બન્નેમાં કામે લગાડાય તો ગામડાંની સિકલ તુરત જ બદલાઇ જાય, અને ગામડાનું દળદર બહુ જ નજીવા વખતમાં દૂર થાય.

ત્રીજા વિભાગમાં એક સ્વાવલંબી ગામડા માટે શું શું જરૂરી છે તે બતાવ્યું હતું એ વિભાગમાં અત્યંત અભ્યાસપૂર્ણ નકશાઓ તૈયાર કર્યા હતા. એક વિભાગમાં માટીનાં ઘરનો નમૂનો બતાવાયો હતો. સંયુકત પ્રાન્તમાં તો બબ્બે માળના ઘર પણ માટીથી બન્યા છે તેની છબીઓ બતાવવામાં આવી હતી. માટીનાં ઘર બનાવવા માટે હમણાં હમણાં "હરિજનબંધુ"માં પણ ઘણી માહિતી આવે છે. સીમેન્ટ અને સ્ટીલ નથી માટે ઘરની તંગીનો પ્રશ્ન તરત નથી ઉકેલાતો એવી દલીલો, એવો બચાવ કરતા અમલદારોએ આ વિષે ઊંડા ઉતરી મકાનતંગીનો પ્રશ્ન ઉકેલવો જોઇએ. શહેરોનાં પરાંમાં જમીનનો કાળ નથી. શહેરોમાં સાધારણ માણસ જે રીતે રહે છે તે પણ તંદુરસ્તીદાયક નથી. ગરીબ યા કામદાર રહે છે તે વ્યવસ્થા તો તંદુરસ્તી હણનાર જ છે. શહેરનાં પ્રલોભનો ગામડિયાને શહેરમાં ખેંચી લાવે છે. અને પૈસાનો રણકાર ગામડિયાને શરૂમાં તો ભારે ખુશખુશ કરે છે, પણ એની રહેવાની જગા, એને મળતો ભેળસેળવાળો તથા તદ્દન પોષણ વગરનો ખોરાક છેવટે એની પાસે નાણાં તો વધવા દેતો નથી જ પણ લોહી જ ચૂસે છે. ગામડાંમાંથી હૃષ્ટપુષ્ટ શરીર લઇને આવેલો જુવાન થોડાં જ વર્ષ પછી પીળોપચ થયેલો આપણને દેખાય છે. માટીનાં ઘર કરી શકાય તો મકાનતંગી તો જાય જ જાય.

પ્રદર્શનમાં આગળ વધીએ એટલે આવે હિંદ સરકાર તરફથી સજાયેલો 'આરોગ્ય વિભાગ.' એ જાણીને નવાઇ પામ્યો કે હિંદમાં સૌથી વધુ મરણ મલેરિયા તાવથી થાય છે.

રકતપિત્ત માટે પણ ત્યાં ઘણું સાહિત્ય હતું. રકતપિત માત્ર ગરીબને જ થાય છે એમ નથી. સુખી અને શ્રીમન્તને પણ થાય છે. પણ શ્રીમન્ત એ રોગ છુપાવી શકે છે. ત્યાં ખાસ એ સમજાવવામાં આવતુ હતું કે રકતપિત્તિયા તરફ પ્રજાએ કદી તિરસ્કાર ન બતાવવો. એમ કરવાથી રોગી રોગ છુપાવશે અને પરિણામે એનો ઉપાય નહિ થાય. વળી એમ પણ સ્પષ્ટ સમજા-

વતા હતા કે લોકો જેટલો માને છે તેટલો આ રોગ ચેપી નથી. પ્રમાણમાં ગલતકોઢ થોડો ચેપી ખરો. બીજા કોઇ પણ દેશ કરતાં આ રોગનું પ્રમાણ હિંદમાં ઓછું છે. હિંદમાં આ રોગ સૌથી વધુ પ્રમાણમાં બિહાર તથા ઓરિસામાં છે.

સરકાર આ રોગના ઉપાય શોધવા પાછળ ખૂબ ખરચ કરે છે. પણ હજી એલોપથી એમાં સફળ નથી થઇ. હમણાં છેલ્લી છેલ્લી જે દવા શોધાઇ છે તેથી પ્રમાણમાં ઠીક ફાયદો થાય છે. પણ એ દવા વાપરતાં એક એક દર્દી પાછળ બે હજારની દવા જોઇએ. હિંદમાં રક્તપિત્તથી પીડાતામાંથી કેટલા આટલી મોંઘી સારવાર લઇ શકશે? આ રોગના અત્યંત સરતા ઉપાયો શોધ્યે જ છૂટકો. અને તે શોધી એનો બહોળો પ્રચાર કરવો જોઇએ. આયુર્વેદ યા કુદરતી ઉપચાર વગર બીજી રીતે આ રોગ માટે એવું મને તો નથી જ લાગતું. બાકી આ રોગની સારવાર એ એટલી મહત્વની છે કે પૂજ્ય બાપુજીએ રચનાત્મક કાર્યક્રમનાં એક અંગ તરીકે એની ગણના કરાવી છે.

આટલું બતાવ્યા પછી તરત જ બધા ઉદ્યોગો બતાવાયા હતા. અને સર્વોદય પ્રદર્શનમાં સૌથી મહત્વનું સ્થાન તો ખાદી ઉદ્યોગને જ હોય ને? ખાદી ઉદ્યોગ એ પૂ. બાપુને મન સુરજ હતો. સૂરજની ફરતા જેમ અનેક નાના મોટા ગ્રહો છે તેમ ખાદી ઉદ્યોગની ફરતા અનેક ગૃહઉદ્યોગો ગોઠવાય છે. પણ આજના યંત્રોના જમાનામાં યંત્રોના રાક્ષસી ઉત્પન્ન સામે, યંત્રોની ગજબનાક ગતિ સામે આપણને વિચાર થાય કે ગૃહઉદ્યોગો કેમ ટકી શકશે? ક્યાં યંત્રોની ઝડપ અને ક્યાં ગૃહઉદ્યોગોની મંદ ગતિ! પણ આ મંદ ગતિ માટે બાપુએ મિસ્ટર પોલાકને એક કાગળમાં લખ્યું હતું "ચરખાની ધીમી ગતિને કારણે મારો ભ્રમ ભાંગે એ માટે તો મારે ઘણા અવતાર લેવા પડશે. ચરખાની ધીમી ગતિ એજ મને એની પ્રત્યે ખેંચનારી વસ્તુ છે."

હિંદમાં આજે બેકારી છે, હિંદમાં આજે આળસ છે. હિંદમાં આજે અનેક વસ્તુઓની ખેંચ છે. એ બધાનો ઉકેલ ગૃહઉદ્યોગો મારફતે જ જલદીમાં જલદી આવશે. યંત્રોથી ઉતાવળ થશે પણ કેટલી? યંત્રો કેટલા માણસોને કામ આપી શકશે? અને તે પણ કેટલી મૂડીના રોકાણ પાછળ! અને યંત્રો પોતાની સાથે કેટલાં દુર્ગુણો માનવજાતમાં દાખલ કરશે? પ્રદર્શન ખુલ્લું મૂકતાં પૂજ્ય વિનોબાજીએ કહ્યું કે મીલોમાં કે "કારખાનાંઓમાં બહુ તો દશ વીસ લાખ માણસોને કામ આપી શકાશે અને તેટલાજ લોકોને ખાવાનું મળશે. પણ આ નાના ઉદ્યોગો નાના ઓજારો કરોડો માણસોને કામ તથા કામ પાછળ ખોરાક આપશે."

ખાદીઉદ્યોગ જોતાં તરતજ અભ્યાસીને સમજાય કે એમાં રોજ રોજ પ્રગતિ થઇ છે. એ ઉદ્યોગને સ્વાવલંબન તરફ લઇ જવા માટે તથા કામ હળવું અને શાસ્ત્રીય થવા માટે પણ ખૂબ નવી નવી શોધો થઇ છે. અને આજ ખદીની જાત તો એટલી બધી સુધરી છે કે ભારે શોખીન બહેનને પણ ખદીની સાડી કંઇ નહિ તોય શોખ ખાતર, એની વિવિધતા ખાતર, એની કોર કે પાલવ ખાતર કે કોઇવાર તો એના પોત ખાતર પણ વસાવવા મન થઇ જાય તેમ છે. અને ૨૦૦/૨૫૦ નંબરની મજલીન કયું યંત્ર તૈયાર કરી શકે તેમ છે?

ખદી ઉદ્યોગ પછી દળવાનું, ખાંડવાનું, હાથ કાગળ બનાવવાનું, ખારામાંથી સાબુ બનાવવાનું, તાડ તથા ખજુરીના રસનો ગોળ તથા ખાંડ બનાવવાનું, મધમાખી પાળવાનું, ચામડાં કેળવવાનું તથા મોચીકામ (અને આ માત્ર મુડદાલ ચામડા ઉપર) પણ બતાવવામાં આવ્યું હતું.

આ બધા વિષે લખવાનું અહિં શક્ય નથી. પણ એક બે ઉદ્યોગો વિષે તો મારે આ પ્રસંગે લખવુ જ જોઇએ એમ મને લાગે છે. ખાંડવું એટલે ડાંગરને (ફોતરા વાળા ચોખા તે ડાંગર) છડીને ચોખા તૈયાર કરવા તે. આ ડાંગર મશીનમાં છડવાથી એની ખોરાક તરીકેની એટલી બધી કિમ્મત ઘટી જાય છે, એ એટલા બધા સત્વ વગરના થઇ જાય છે કે પુરૂં પોષણ મેળવવા તેનો ૨૫ થી ૩૦ % વધારે ઉપયોગ કરવો પડે છે. હિંદ તો આજે બહારથી અનાજ આયાત કરે છે અને તે એટલું બધું આયાત કરે છે કે તેના નૂર પાછળ જ ૨૬ કરોડ રૂપિયા ખરચવા પડે છે. જે દેશમાં અનાજની આટલી તાણ છે એ દેશની સરકાર શા માટે ડાંગરને મશીનથી છડવા દે છે તે સમજાતું જ નથી! બિચારા કુમારપ્પા તો આ વિષે લખી લખીને થાકયા પણ સાંભળે કોણ? આજે આપણે દેખાવે સફેદ બાસ્તા જેવા ચોખા ખાઇએ છીએ પણ સત્વની દ્રષ્ટિએ જોઇએ તો તેમાં ફેફાં સિવાય કશું જ હોતું નથી.

તાડ તથા ખજુરીમાંથી બનતા ગોળ તથા ખાંડ વિષે આપણે વિચારીએ. આપણે તાડગોળ તો ખાધો છે. સ્વાદમાં જાણે મેસુર અને દેખાવ પણ કેટલો સાફ અને ગુણમાં પણ ઉત્તમ. એની ખાંડ પણ શેરડીની ખાંડ કરતા ગુણમાં ચડે. આમ છતાં સરકાર હજી શેરડીની ખાંડના ઉદ્યોગને જ ઉતેજન આપે છે. મદ્યનિષેધના કાર્યક્રમ પછી તો સરકારે તાડ તથા ખજુરીના ગોળ-ખાંડનો એટલો બધો પ્રચાર કરવો જોઇએ કે દારૂબંધી કારણે આવકમાં જે ઘટાડો થયો છે તે આ ઉત્પન્નમાંથી સરભર કરી શકાય. પણ ગમે તે કારણે આ તરફ પણ સરકાર પૂરતું ધ્યાન નથી આપતી. અને પરિણામે સેંકડો એકર જમીનમાં ખાંડ માટે જ શેરડીનું વાવેતર થાય છે. જ્યારે તાડ તથા ખજુરી તો નકામી જમીનમાં જ પોતાની મેળે થાય છે. તાડ તથા ખજુરીના ગોળ ખાંડનો ઉપયોગ થવા માંડે તો શેરડી પાછળ વપરાતી હજારો એકર જમીન અનાજ પાછળ વાપરી શકાય ને હિંદની અનાજની તંગી તેટલા પ્રમાણમાં દૂર થાય.

સરકાર—આપણી પોતાની સરકાર—આવાં કાર્યોમાં કેમ પૂરતું ધ્યાન નથી આપતી એમ હંમેશ થયા કરે છે. વેજીટેબલ ઘી કોઇ રીતે યોગ્ય નથી એમ બધા જ માને છે છતાં હજી સુધી એના વેચાણ કે વપરાશ ઉપર પ્રતિબંધ તો નથી જ આવ્યો પણ એ ભેળસેળમાં ન વપરાય તે માટે તેમાં રંગ નાખવાની વાત પણ હજી અમલમાં નથી મુકાવાઇ.

સરકારનાં કેટલાંક પગલાં માટે તથા શિથિલતા માટે તો ઘણી જ વાર વિચારમાં પડી જવાય છે, અને મનમાં થાય છે કે હજી પણ સરકાર શું એવાજ પગલાં ભરશે કે આમપ્રજાને ભોગે મુઠ્ઠીભર લોકનું જ ભલું થાય?

પ્રદર્શનની વાત લખતાં લખતાં હું જરી બીજી વાત ઉપર ઉતરી ગયો. જુદા જુદા ગૃહઉદ્યોગોની બધી ક્રિયા ત્યાં બતાવવામાં આવી હતી. મધમાખી પાળી શકાય અને એક પણ માખી કે માખીના ઇંડા માર્યા વગર મધ મેળવી શકાય છે એમ થોડા વર્ષ પહેલાં કોઇ કહે તો આપણે માનીએ પણ નહિ, પણ હવે તો એ નજરે જોઇ શકાય છે. આ મધ તદ્દન અહિંસક હોય છે. એ ખાવામાં કોઇ પણ રીતે જરાય વાંધો નથી. અને આ માખીઓ એવી રીતે પળાય છે કે સામાન્ય રીતે માખીઓ જેટલું મધ તૈયાર કરે તેના કરતાં વધારે મધ તૈયાર થાય. કારણ આ રીતમાં માખીઓને દર વખતે મધપૂડો તૈયાર કરવા પાછળ વખત ગાળવો પડતો જ નથી. એકવાર જે મધપૂડો તૈયાર થયો એ જ મધપૂડો મધ મૂકવા માટે ફરી ફરી વપરાય છે. મધપૂડામાં મધ તૈયાર થઇ જાય કે માખીને ઇશારો કરવામાં આવે છે. માખીઓ ઉડી જાય એટલે પૂડામાંથી મધ લઇ લેવાય છે અને પૂડો—ખાલી પૂડો—પાછો મૂળ જગ્યાએ મૂકી દેતાં માખીઓ ફરી મધ ભરવાનું કામ શરૂ કરે છે. માખીને પણ માણસ પાળી અને કહ્યાગરી

બનાવી ગૃહ ઉદ્યોગ ઉપરાંત હરિજન પ્રવૃત્તિ, કસ્તુરબા સ્મારક પ્રવૃત્તિ, ગોસેવા સંધની પ્રવૃત્તિ, તથા નયી તાલીમી સંધની પ્રવૃત્તિ વિષે પણ પુષ્કળ બતાવવામાં આવ્યું હતું. પણ આ બધા વિષે વિગતે જાણવાનો મને વખત નહોતો મળ્યો. નયી તાલીમી સંઘ બધું શિક્ષણ ઉદ્યોગો મારફત આપે છે. એ સંઘ દ્વારા શિક્ષણ પામેલાં નાનાં બાળકોને કામ કરતાં જોયાં. જે બાળકો આપણને ઘરમાં પજવતાં જણાય છે તે જ બાળકો આ નયી તાલીમને કારણે કંઇને કંઇ ઉત્પન્ન કરતાં દીઠાં. અને જે કંઇ કરતાં તે કેટલું સુઘડ અને વ્યવસ્થિત !

પ્રદર્શન જયપુરમાં થયું હતું, એટલે રાજસ્થાનના ઇતિહાસને દૃષ્ટિ સમક્ષ ખડું કરે એવી રાજસ્થાનની અનેક વસ્તુઓ એક વિભાગમાં સંગ્રહ કરી હતી.

પ્રદર્શનમાં નિસર્ગોપચારની પદ્ધતિ પણ બતાવી હતી. મુંબઇથી શ્રી રઘુભાઇ શાસ્ત્રી એને અંગેના ઘણાં યત્રો ત્યાં લાવ્યા હતા. મને એ બધાં યંત્રો જોઇને એમ થયું કે રઘુભાઇ કુદરતી ઉપચારની ઠેકડી તો નથી કરતા ને ? ઉરલી કાંચનથી એક ડોકટર ત્યાં આવ્યા હતા. દરરોજનો ખોરાક કેમ તૈયાર કરવો એ માટેની રીતો દરેક ઘરમાં દાખલ કરવા જેવી હતી. કોઇ પણ અનાજનું સહેજ પણ સત્ત્વ ગુમાવ્યા વગર અવનવી વાનીઓ એક જ પાત્રમાં અને ઓછામાં ઓછા વખતમાં કેમ થાય એ વસ્તુ તેઓ ખાસ બતાવતા હતા. આપણે આપણો ખોરાક એવી રીતે તૈયાર કરીએ છીએ કે તેમાં આપણી બહેનોનો ખૂબ વખત જાય અને છતાં જે કંઇ ખાઇએ તેથી શરીરને પૂરતું પોષણ તો ન જ મળે. મળે માત્ર સ્વાદ, અને તે પણ કૃત્રિમ. કયાં બાફેલાં શાકભાજી તથા બીજા ખોરાકની મિઠાશ અને સ્વાદ અને કયાં મરીમસાલા તથા તેલથી ભરપુર શાકભજીનાં મીઠાશ અને સ્વાદ ! !

પ્રદર્શન જોવા જેવું જ નહિ પણ પૂર્ણ અભ્યાસ માગી લે તેવું હતું. પણ પ્રદર્શનમાં અને આખા ગાંધીનગરમાં જે રેતી હતી તેણે બધાંને ત્રાસ પોકરાવેલો. રેતી ખુંદી ખુંદીને માણસ થાકી જાય, અને પછી કશુંય કરવાના હોશકોશ ન રહે. પાણીની તો જરાય ખેંચ ન હતી છતાં ગાંધીનગરમાં પાણી છાંટવાની વ્યવસ્થા જ કેમ ન કરાઇ એ સમજાતું નથી. રહી રહીને છેલ્લે દિવસે મોટરો દોડતી અને મુખ્ય રસ્તા ઉપર પાણી છાંટવુ શરૂ કરાવેલું.

આવાં પ્રદર્શન આમ બેચાર દિવસ માટે જ રહે એ બરાબર નથી. જો મહાસભા વખતે જ એ ભરવું હોય તો મહાસભાના અધિવેશન પહેલાં લગભગ મહિનો યા ઓછામાં ઓછું એ પંદર દિવસ પહેલાં ખુલ્લું મૂકવું જોઇએ. એમાં જરાય શંકા નથી કે ગામડાંના વિકાસ માટે એમાંથી અનેક વસ્તુઓ શીખવાની તથા જાણવાની મળે.

## કોંગ્રેસ અધિવેશન

પ્રદર્શન વિષે મેં ઘણું લખી નાખ્યું. હવે અધિવેશન વિષે થોડું લખું. ગાંધીનગરમાં દાખલ થતાંની સાથે જ ત્યાં કશી જ વ્યવસ્થા નથી એમ દરેકને જણાઇ આવે એવી ગેરવ્યવસ્થા હતી. આજ સુધીના મહાસભાના ઇતિહાસમાં અધિવેશન પાછળ આટલો ભારે ખર્ચ કદી જ નથી થયો. અને છતાં અહિં જેટલી અવ્યવસ્થા હતી એવી અવ્યવસ્થા કયાં ય ન હતી. એક આગેવાન ભાઇ તો ત્યાં જ બોલી ઉઠેલા કે અહીં ગોટાળા સિવાય કશું જ નથી. આમ શાથી થયું તે તો કોણ કહે ? કદાચ નાને મોઢે મોટી વાત ગણાય, પણ હું તો એમ કહું કે સ્વયંસેવકથી માંડીને સ્વાગતમંત્રી સુધી કોઇ આ બાબતમાં કેળવાયા ન હતા. કેમ જાણે બધું પોતાની મેળે થશે એમ માનીને બધા કાર્યકરો ચાલતા એવું દેખાતું.

ત્યાંની અવ્યવસ્થા વિષે પંડિતજીએ પણ છેલ્લે દિવસે ખુલ્લા અધિવેશનના મંચ ઉપરથી વાત કરેલી. અને મંત્રી હિરાલાલ શાસ્ત્રીએ પણ એ વિષે ખેદ વ્યકત કરેલો.

ગાંધીનગરનો એટલો બધો વિસ્તાર કરેલો કે કયાંય ભારે ગીડદી ન લાગે. આ કારણે ત્યાં ગંદકી પણ પ્રમાણમાં ઓછી જણાતી. ગંદકી ઓછી જણાઇ એ એક ફાયદા સિવાય આમ અનિશય મોટો વિસ્તાર કરવાથી અને તેય આવા રેતાળ પ્રદેશમાં, અને ઠંડીના દિવસોમાં આવો વિસ્તાર કરવાથી લોકોને થાક જ ચડતો અને કોઇ પણ માણસ ત્યાંના કાર્યક્રમોમાં પૂરો ભાગ જ લઇ ન શકતો. ચાલવાનું એટલું ભારે થઇ પડતું કે માણસ થાકી જ જાય—અને મજા તો એ કે વાહનોની કશી જ સગવડ ન મળે. આમ ત્યાંની ખામી બતાવી. તે સાથે વિશેષતા પણ બતાવવી જ જોઇએ ને ?

ત્યાંની વ્યવસ્થામાં બત્તીની જરાય ખામી ન હતી, પાણીની જરાય તંગી નહોતી. અને બધા જ મંડપો પણ એટલા મોટા હતા, અને લાઉડસ્પીકરો એટલી સારી રીતે ગોઠવાયા હતા કે છેવટ સુધી એ વિષે કોઇને ફરિયાદ કરવાપણું હતું જ નહિ.

હિંદ સ્વતંત્ર થયું ત્યારપછીની મહાસભાનું આ પ્રથમ અધિવેશન. ડો. પટ્ટાભિ સીતારામૈયા એના પ્રમુખ હતા. એમના હરખનો પાર ન હતો. ઘણા વરસે મહાસભાના પ્રમુખ થયા હતા ને ? પ્રમુખ તો તેઓ હતા પણ વિષયવિચારીણી સભામાં તેઓ સરદાર તથા પંડિતજી પાસે નાનેરા જ દેખાતા. કોંગ્રેસના જુના જોગી પણ પંડિતજી તથા સરદાર પાસે જાણે એમના શિષ્ય જેવા લાગતા. અને પંડિતજી અને સરદારનું માન પણ ખૂબ સાચવતા. પંડિતજી તથા સરદાર તો એમની હુંફ હતા. આ અધિવેશનમાં કેટલાય ઠરાવો એવા આવ્યાં હતા કે જેના ઉપરની ચર્ચા કરતાં વાતાવરણ ગરમ થઇ જતું. સરદાર અને પંડિતજી ન હોત તો આ વાતાવરણ પ્રમુખ સાહેબ શાન્ત ન કરી શકત. એ ગરમ ચર્ચા થયા પછી સરદાર યા પંડિતજી જ જવાબ આપી વાતાવરણ શાન્ત કરતા.

આ વખતની કોંગ્રેસના એકકે એક ઠરાવ અતિશય ગૌરવભર્યા અને મહત્વના હતા. ઠરાવનો વિરોધ કરનાર કે ઠરાવ ઉપર કામની કે નકામી ચર્ચા કરનાર બીજો વિરોધપક્ષ—સમાજવાદી પક્ષ તથા સામ્યવાદી પક્ષ—આ મહાસભામાં ન હતો. છતાંય કેટલાક ઠરાવ ઉપર સુધારો મૂકતાં કેટલાક પ્રતિનિધિઓ અંગત આક્ષેપો ઉપર ઉતરી પડતા. પણ આવા બધાને પ્રમુખને બાજુએ રાખીને પણ સરદાર રોકતા. અને પછી જ્યારે જવાબ આપવા ઉભા થતા ત્યારે સમુદાયને પોતાની જવાબદારીનું ભાન કરાવતા.

પંડિતજી શું કે સરદાર શું—બન્નેએ એક વાત સમુદાયના કાન પર ઠોકી ઠોકીને સમજાવી :— "કોંગ્રેસ એ બેજવાબદાર વ્યક્તિઓની સંસ્થા નથી. અને તેમાંય હવે જ્યારે આપણા હાથમાં રાજની લગામ આવી છે, ત્યારે તો અહીંથી એક પણ શબ્દ જવાબદારી સમજ્યા વગર બોલાય જ નહીં. અહીં આપણે બધા ભેગા થયા છીએ તે આપણી સરકારને આદેશ આપવા તથા ભવિષ્યમાં મહાસભાએ કેમ વર્તવું તેનો નિર્ણય કરવા. આપણી સરકાર શાં શાં પગલાં ભરે છે તે તરફ આખી દુનિયા મીટ માંડીને બેઠી છે. તો એ સરકારને પણ આદેશ આપવા જ્યારે આપણે ભેગા થયા છીએ ત્યારે આ પ્લેટફોર્મ ઉપરથી એક પણ નકામો શબ્દ, એક પણ બેજવાબદાર શબ્દ ન બોલી શકાય.

આમ ઘણીયે વાર વિચાર થાય કે પૂ. બાપુજી ગયા એમની સાથે શું એમના આદર્શો પણ ગયા ? આ સરકાર એમાંનું કશું ખ્યાલમાં નહિ રાખે ? એમને તો જોઇએ છે શસ્ત્રીકરણ અને યંત્રીકરણ. પૂજ્ય બાપુજીને આમાંથી કશું નહોતું જોઇતું.

પણ મહાસભાના અધિવેશનમાં એકકે એક ઠરાવ એવો મૂકાયો જેમાં પૂ. બાપુજીને સાચી રીતે અનુસરવાની વાત હોય. પૂજ્ય

બાપુજી તો આ વખતે ન હતા. પણ કેમ જાણે એટલે જ બધા ઠરાવો એમના આદર્શને લક્ષમાં રાખીને થયા હોય એમ થયું. અને એ ઠરાવો ઉપરનું મુખ્ય મુખ્ય નેતાનું પ્રવચન તો પૂજ્ય બાપુજીના આદર્શનો સાચો ચિતાર ખડું કરતું હતું.

પૂજ્ય વિનોબાજીએ પ્રદર્શન ખુલ્લું મૂકતાં મહાસભાવાદીઓને ચેતવ્યા હતા. પણ "જાહેર વર્તાવનાં ધોરણ"વાળા ઠરાવ ઉપર સરદાર બોલ્યા ત્યારે તો એકકેએક મહાસભાવાદીઓના અંતરમાંથી સફાઇ કરતા હોય એમ લાગતું હતું. કોંગ્રેસ સેવાને ભૂલી સત્તા તરફ લપસી ગઇ છે તેનું સરદારને ભારે દુઃખ હતું. સરદારને હૈયે કોંગ્રેસનું, દેશનું કેટલું હિત વસે છે એ ત્યારે જ જણાતું. અને પોતાની સંસ્થા પડતી હતી તેનું કેટલું ભયંકર દુઃખ હતું તે પણ જણાઇ આવતું. સરદાર કેમ જાણે પ્રાયશ્ચિત કરવાનો આદેશ આપી આખી સંસ્થાને શુદ્ધ થવાનું ન કહેતા હોય એમ લાગતું.

મહાસભાના ઠરાવની વિગતોમાં તો હું નહિ પડું. પણ હું એટલું ચોક્કસ કહું કે આ વખતે મહાસભાનું અધિવેશન એક પાવનકારી પર્વ હતું. અધિવેશનમાં એકઠા થયેલા સૌ કોઇને રાજ્ય કરનારી સંસ્થા તરીકેની જવાબદારીનું પૂરું ભાન હતું. અને તે સાથે સાથે પૂ. બાપુજીનાં આદર્શોને અમલી બનાવવાની તમન્ના દેખાતી હતી. સ્વરાજ્ય મળ્યા પછી સેવાનો માર્ગ ચૂકી બધા સત્તાની ખેંચાખેંચમાં પડયા હતા. તેમને પૂજ્ય વિનોબાજીએ પ્રદર્શનના પ્રવચનથી ચેતવવા શરૂ કર્યા. એજ ચેતવણી એજ પોતાની ખોજ જાતની શુદ્ધિ કરવાનું લક્ષમાં રાખી બધી કાર્યવાહી થઇ.

જે ઉચ્ચ આદર્શો નજર સામે રાખીને અને જે પવિત્ર વાતાવરણમાં અધિવેશને ઠરાવો કર્યા છે તે ઠરાવોનું પાલન થશે તો પ્રજાએ–હિંદે–બાપુનો સંદેશો બરાબર ઝીલ્યો છે એમ કહેવાશે.

સરદારશ્રી ચર્ચાઓનો જવાબ આપતાં એક વખત બોલેલા કે "પૂજ્ય ગાંધીજી સાથે રહી રહીને સાચું બોલતા તો શીખી ગયો છું પણ મારી વાણી કડવી રહી. હવે બીજે જન્મ એમની સાથે રહેવાનું મળે તો સાચું તો ખરું જ પણ કડવું ન લાગે એવી રીતે બોલતાં ય શીખી લઇશ."

પંડિત જવાહરલાલજીના માત્ર હિંદ માટેની ભવિષ્યની નહિં પણ સારા જગતની ભવિષ્યની ચિંતા દેખાતી. તેઓ કોઇ પણ પ્રશ્ન આખા વિશ્વને નજરમાં રાખ્યા સિવાય વિચારી શકતા જ નથી અને તેથીજ કદાચ આજ પૂજ્ય બાપુજી પછી સારા જગતમાં તેઓ જ પૂજાય છે. પૂજ્ય બાપુજીના સંદેશાનો–આદર્શોનો–જગતભરમાં કોઇપણ પ્રચાર કરતું હોય તો તે પંડિતજી જ છે. હિંદના મહાઅમાત્ય થયા પછી પણ એમની લાગણીઓ એટલી જ સતેજ છે જેટલી પહેલાં હતી. હજી પણ તેઓ કોઇ પણ અનિષ્ટ જોઇ, ક્યાંય પણ અવ્યવસ્થા જોઇ કે ગેરશિસ્ત જોઇ એટલા જ અકળાય છે જેટલાં પહેલા અકળાતા. તેઓ આ ઉમ્મરે જે કામ કરે છે તે તો કોઇ પણ જુવાનને શરમાવે તેવું હોય છે. સાઠ વર્ષ વીતાવી ગયા છતાં હજી પણ તેઓ ગમે ત્યારે દોડવા મંડી પડે છે.

૧૯ મીની સવારની વાત છે. કંઇક કામ પ્રસંગે તેમને પૂજ્ય વિનોબાજીને મળવા જવું હતું. અને પછી પ્રદર્શન જોવું હતું. તેઓ ખુલ્લી ઝીપ કારમાં પ્રદર્શન તરફ જતા હતા. મારી નજરે એમની ઝીપ કાર ચડી. મેં છોટાલાલને બતાવી. બસ છોટુ તો દોડયો ઝીપ પાછળ. પ્રદર્શનનું દ્વાર નજીક જ આવ્યુ હતું તેથી ડ્રાઇવરે ઝીપ સડક ઉપરથી રેતીમાં લેવા ધીમી પાડી હતી. એટલે છોટુ તો દોડીને પંડિતજીને પગે પડયો. પંડિતજી ઝીપમાં જ બેઠા હતા. છોટુએ ઘુંટણ દાબ્યા. પણ આથી પંડિજી તરત અકળાયા. એમને તરત જ થયું કે હવે લોકો અને ઘેરી વળશે. આ વિચાર આવતાં જ ઝીપમાંથી કૂદી પડયા અને રેતી ખુંદતા ખુંદતા પ્રદર્શનમાં દાખલ થયા. અને પૂજ્ય વિનોબાજીને મળવા ગયા.

અહિં મને પૂજ્ય કાકાસાહેબે કોક પ્રવચનમાં કહેલી એક વાત યાદ આવે છે. એમણે કહેલું કે 'વખત એ આવશે કે રાજ્યની લગામ જેના હાથમાં હશે તેઓ ગામડાંની ઝુંપડીએ આવશે. અને ત્યાં જે રચનાત્મક કામ કરતું હશે એને પૂછશે કે માર્ગ બતાવો. ! સ્વરાજ્ય તો મળ્યું, પણ જો તેને રામરાજ્ય કરવું હશે તો આપણે બધાએ રચનાત્મક કામનું મહત્વ વધુને વધુ સમજવું પડશે."

આખા અધિવેશનમાં પંડિતજી અને સરદાર તરી આવતા હતા. તેઓ એટલા બધા વિરાટકાય દેખાતા કે બીજા એમની પાસે વામન શા દેખાતા. બધો વખત પ્રજા કેમ જાણે પંડિતજી યા સરદારને સાંભળવા માટે રાહ જોતી હોય એમ લાગતું. અને એમાંથી કોઇપણ બોલે પછી જ પ્રજાને સંતોષ થતો.

પ્રમુખ સાહેબનું ખુલ્લા અધિવેશન વખતનું ભાષણ ખાસ્સું લાબું હતું, પણ તેમાં પણ પ્રજાને બહુ રસ પડતો ન હતો. પોતે સ્ટેઇટ કોન્ફરન્સના પણ પ્રમુખ હતા એટલે બધા રાજ્યો હવે હિંદ સાથે જોડાઇ ગયા તેનો એમને ભારે આનંદ હતો એનો ખાસ નિર્દેશ એમના પ્રવચનમાં હતો. ઉપરાંત સરકાર અને કોંગ્રેસ હળીમળીને કામ કરે, કોંગ્રેસ સરકારની મુંઝવણો સમજે વગેરે માટે સુચન હતું. અને બધાયે કરતાં વધુ તો એ કે હવે બાકીની જિંદગી માત્ર કોંગ્રેસના કામ પાછળ જ, પૂજ્ય બાપુજીના આદેશનો પ્રચાર કરવા પાછળ જ ગાળવાનો તેમણે દેશને કોલ આપ્યો હતો. સરકાર અને કોંગ્રેસ વચ્ચેનું અંતર કાપવાની આ વાત હતી.

બીજા નેતાઓમાં તો ગોવિંદ વલ્લભ પંત, મૌલાના આઝાદ. શ્રી જગજીવનરામ તથા આચાર્ય કૃપલાનીનાં પ્રવચને પણ લોકોનું ભારે ધ્યાન ખેંચ્યું હતું. આ બધામાં આચાર્ય કૃપલાનીનું ગાંધી સ્મારક નિધિ અંગેનું ભાષણ હૃદયદ્રાવક હતું. સ્વરાજ્ય આવ્યા પછી, અને પૂજ્ય બાપુજીના દેહવિલય પછી કોંગ્રેસ પોતાનો માર્ગ ચૂકતી હતી એનું વધારામાં વધારે દર્દ એમને હતું. સરકારનાં અનેક પગલાં સામે એમણે પુણ્યપ્રકોપ જાહેર કર્યો હતો. પૂ. બાપુજીના સ્મારક નિધિ વિષે બોલતાં બોલતાં તેઓ પોતે ગદ્‌ગદિત થયા, આંખ અશ્રુભીની થઇ અને શ્રોતાવર્ગની પણ આંખ ભીની કરાવી. એમની અપીલની બીજી તો જે અસર થવાની હશે તે થશે, પણ બિહારના એક ખેડુતે તો ત્યાંને ત્યાં જ પ્રતિજ્ઞા લીધી કે માત્ર ખેડુત ભાઇઓ પાસેથી જ હું એક લાખ રૂપિયા ભેગા કરીશ. ત્યાર પછી બીજા પણ કોઇક ભાઇએ ત્રણ મહિનામાં જ ૫૦ હજાર એકઠા કરવાની વાત કરી હતી. આચાર્ય કૃપલાની એ બાપુના સાચા ભેખધારી છે.

આ બધું લખ્યા પછી એક વિચાર આવી જાય છે. પંડિતજી અને સરદાર તો આજ હિંદના ચમકતા તારા છે. પણ એમની પછી કોણ? બાપુએ તો ખુણે ખુણે લોકોમાં નવો પ્રાણ પૂર્યો. બાપુએ જ આ બધા નેતાઓને તૈયાર કર્યા. પણ સરદાર અને પંડિતજીએ કોઇને તૈયાર કર્યા? ગુજરાતમાં સરદારે વર્ષો સુધી કામ કર્યું, વર્ષો સુધી પ્રાન્તિક સમિતિના પ્રમુખ રહ્યા, અનેક કામો કર્યાં અને દીપાવ્યાં પણ એમની પાછળ એમના પદને શોભાવે એવો કોઇ તૈયાર ન કર્યો? અને હમણાં જ વિચાર આવે છે કે તૈયાર ન કર્યો એમ કહેવાય કે તૈયાર ન થયો એમ કહેવાય?

આ અધિવેશન પૂરું થયા પછી ઘણા લોકો વિચારમાં પડી ગયા છે કે હવે આવા અધિવેશનની જરૂર ખરી? હું પોતે તો માનું છું કે હા જરૂર ખરી. કારણ આવા અધિવેશનથી પ્રજાનો એકકે એક વર્ગ ખૂબ કેળવાય છે. હા હવેથી આપણે આવો ખર્ચ–લખલૂંટ ખર્ચ ન કરીએ; અધિવેશનો અત્યંત સાદાઇથી થાય, ગામડિયાઓને ખ્યાલમાં રાખીને જ થાય. ગામડું એ આપણા

( અનુસંધાન પૃષ્ટ ૪૨૦ જુઓ. )

(૭)

# જૈન દર્શન પરત્વે ગાંધીજીના કેટલાક વિચારો

(સમગ્ર ગાંધીસાહિત્યમાં અગ્રતમ સ્થાન ધરાવતા–તાજેતરમાં પ્રગટ થયેલા–'મહાદેવભાઇની ડાયરી' એ નામના ગ્રંથમાં જૈન દર્શન અને વિચારપરંપરાને અંગે ત્રણ સ્થળે છુટી છવાઇ ચર્ચા આવે છે. તત્ત્વજિજ્ઞાસુ માટે આ ચર્ચા ખાસ ઉપયોગી લાગવાથી તે ગ્રંથમાંથી તે તે ભાગો તારવીને અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે. આમાં વાછડા પ્રકરણને વધારે ઝીણવટથી ચર્ચવામાં આવેલ છે. આ ચર્ચા પણ જિજ્ઞાસુને બોધપ્રદ નીવડશે એવી આશા છે. પરમાનંદ )

## ઇશ્વર કર્તૃત્વ–અકર્તૃત્વ

(મહાદેવભાઇની ડાયરી પૃષ્ટ ૧૦૫)

"જૈન નિરૂપણ અને સામાન્ય વૈદિક નિરૂપણ વચ્ચે મેં વિરોધ નથી જોયો, પણ કેવળ દૃષ્ટિબિંદુનો જ ભેદ છે. વેદનો ઇશ્વર કર્તા–અકર્તા બને છે. જગત બધું ઇશ્વરમય છે તેથી ઇશ્વર કર્તા છે, પણ તે કર્તા નથી કેમ કે તે અલિપ્ત છે. તેને કર્મનું ફળ ભોગવવાપણું નથી. અને જે અર્થમાં આપણે કર્મ શબ્દ વાપરીએ છીએ તે અર્થમાં જગત એ ઇશ્વરનું કર્મ નથી. ગીતાના જે શ્લોક તેં ટાંકયા છે તે આ રીતે વિચારતાં બંધ બેસે એવા છે. એટલું યાદ રાખવું: ગીતા એ એક કાવ્ય છે. ઇશ્વર નથી બોલતો કે નથી કાંઇ કરતો. ઇશ્વરે અર્જુનને કાંઇ કહ્યું છે તેવું નથી. ઇશ્વર અને અર્જુન વચ્ચેનો સંવાદ કાલ્પનિક છે. ઐતિહાસિક કૃષ્ણ અને ઐતિહાસિક અર્જુન વચ્ચે એવો સંવાદ થયો હતો એવું હું તો માનતો નથી. ગીતાની શૈલીમાં કાંઇ પણ અસત્ય છે અથવા તો અજુકતું છે. એમ પણ નથી. એવી રીતે ધર્મગ્રંથો લખવાનો રિવાજ હતો. અને આજ પણ કોઇ સંસ્કારી વ્યક્તિ લખે તો તેમાં કાંઇ દોષ ગણાય નહીં. જૈને કેવળ ન્યાયની, કાવ્યરહિત એટલા માટે લૂખી વાત કહી દીધી અને કહ્યું કે જગતકર્તા એવો કોઇ ઇશ્વર નથી. એમ કહેવામાં કંઇ દોષ નથી, પણ જનસમાજ લૂખા ન્યાયથી દોરાતો નથી–તેને કાવ્યની જરૂર પડે જ છે, તેથી જૈનના બુદ્ધિવાદને પણ મંદિરોની, મૂર્તિઓની અને એવાં અનેક સાધનોની આવશ્યકતા જણાઇ' જો કે કેવળ ન્યાયદૃષ્ટિએ એમાંનું કાંઇ નહીં જોઇએ."

* * *

## 'અબ હમ અમર ભયે ન મરેંગે'

( મહાદેવભાઇની ડાયરી–પૃષ્ટ ૧૨૬ )

આજે સજે 'અબ હમ અમર ભયે ન મરેંગે' એ ગીત ગાયું. બાપુ કહે: "આ ભજન કાઢી નાખવા જેવું છે. અમર થવાપણું શું છે કે અમર ભયે કહીએ? એ તો આગળ જઇને કારણ આપે છે કે મિથ્યાત્વ છોડયું એટલે હવે દેહ શેના ધરીએ? વળી આ દેહે મોક્ષ નથી એ પણ હું તો મનનારો છું અને એ વાત બોલવાપણું હોય નહીં. આપણે તો ગાવાપણું હોય જ નહીં. ભકિતનાં જે પદ હોય એ આપણી ભજનાવલિમાં કામ આવે. આમાં તો જૈનનો તર્કવાદ છે; ભકિતરસ નથી. અને આપણે સમાજ માટે ભકિતનાં ભજન મૂકવાં જોઇએ." મેં એમાંના સારા ભાવો ટાંકીને બચાવ કર્યો, ત્યારે બાપુ કહે; "એ બીજાં ભજનોમાં પણ આવે છે."

આ જ રીતે બાપુ કહે; "तद्ब्रह्म निष्कलमहम्" ગાવા વિષે પણ મારો પુરાતન ઝઘડો છે જ. 'દિલમાં દીવો કરો રે દીવો કરો' એ ભજન પણ મને નથી ગમતું, એમ એમણે એકવાર કહ્યું. જો એ ન ગમે તો 'હરિને ભજતાં હજી કોઇની લાજ જતાં નથી જાણી રે' એમાં તો ભકતોનાં નામ સિવાય અને પહેલી લીટી સિવાય બીજું કશું નથી. ત્યારે બાપુ કહે, "પણ એ આખી ભકતમાળ મધુર લાગે છે."

* * *

## જૈન દર્શનમાં રહેલો 'શુદ્ધ ન્યાય'

( મહાદેવભાઇની ડાયરી પૃષ્ટ ૧૫૦ )

"તારો કાગળ મળ્યો, સરસ છે. જૈનદર્શનમાં શુદ્ધ ન્યાય ઉપર ભાર છે. એ વાકયની જરા ગેરસમજ થઇ છે. 'શુદ્ધ ન્યાય' નો અર્થ શુદ્ધ નીતિ, શુદ્ધ નિર્ણય એ થઇ શકે. અને સામાન્ય રીતે એ જ અર્થમાં આપણે એ શબ્દને સમજીએ છીએ, પણ મેં એ અર્થમાં નથી વાપર્યો." જૈનદર્શનમાં 'તર્ક' ઉપર વધારે ભાર છે એમ કહેવાનો મારો આશય હતો. પણ 'તર્ક'થી કેટલીક વાર અવળા નિર્ણય થાય છે અને ભયંકર પરિણામ પેદા થાય છે. એમાં દોષ તર્કનો નથી હોતો પણ શુદ્ધ નિર્ણય ઉપર આવવાને સારૂ જે જે સામગ્રી હોવી જોઇએ એ હંમેશાં હોતી નથી, વળી અમુક શબ્દ અમુક અર્થમાં લખનાર, કે બોલનાર વાપરે એ જ અર્થ વાંચનાર કે સાંભળનાર સમજે જ એવું નથી હોતું. તેથી હૃદયને એટલે ભકિતને, શ્રધ્ધાને, અનુભવજ્ઞાનને આગળ મૂકવામાં આવ્યું છે. તર્ક એ કેવળ બુદ્ધિનો વિષય છે. હૃદયને જે સિદ્ધ થયું છે તેને તર્ક એટલે બુધ્ધિ ન પહોંચી શકે, તેની જરાય દરકાર ન હોય, પણ એથી ઉલટું બુધ્ધિ ઘણી વાર અમુક વસ્તુ માને, પણ તે હૃદયમાં ન ઉતરે તો એ ત્યાજ્ય થઈ પડે છે. આ મેં કહ્યું છે એ સ્પષ્ટ કરવાને સારૂ તારી મેળે તું અનેક દૃષ્ટાંતો નિપજાવી શકશે. મેં જે અર્થમાં "ન્યાય" શબ્દને હમણાં વાપર્યો એ અર્થમાં એ કદી સાધ્ય વસ્તુ ન હોઇ શકે. ન્યાય અને નિષ્કામ કર્મયોગ બંને સાધન છે. ન્યાય બુદ્ધિનો વિષય છે, નિષ્કામ કર્મયોગ હૃદયનો છે, બુધ્ધિથી આપણે નિષ્કામતાને ન પહોંચી શકીએ.

## દયા અને અહિંસા

"હવે તારા પ્રશ્ન ઉપર આવું. દયા અને અહિંસા ભિન્ન વસ્તુઓ નથી. દયા અહિંસાની વિરોધી નથી, અને વિરોધી હોય તે દયા નથી. દયાને અહિંસાના મૂર્તરૂપે ઓળખી શકીએ. દયાહીન વીતરાગપુરૂષ એ પ્રયોગ સાવ ખોટો છે. વીતરાગપુરૂષ એ દયાનો સાગર હોવો જોઇએ, અને જ્યાં કરોડોની પ્રત્યે દયાની વાત છે ત્યાં તે દયા સાત્વિક હોવા છતાં પણ રાગ રહિત નથી, એમ કહેવું એ કાં તો દયાનો અર્થ ન સમજવાપણું છે અથવા દયાનો નવો અર્થ આપવાપણું છે. સામાન્ય રીતે જે અર્થમાં તુલસીદાસે 'દયા' શબ્દને વાપર્યો છે તે જ અર્થ આપણે કરીએ છીએ. તુલસીદાસનો અર્થ નીચેના દુહામાં સાવ સ્પષ્ટ છે.

**दया धर्मको मल है, पापदेह मूल अभिमान।**

"અહીં દયા એ કેવળ અહિંસાના જ અર્થમાં છે. અહિંસા એ અશરીરી આત્મામાં જ સંભવે છે, પણ આત્મા જ્યારે શરીર ધારણ કરે છે ત્યારે તેનામાં અહિંસા દયારૂપે મૂર્તિમંત થાય છે. આ દૃષ્ટિએ જોતાં વાછડા ઉપર થયેલી ક્રિયા એ શુદ્ધ અહિંસાનું મૂર્ત સ્વરૂપ હતું. આત્મા પોતે સહન કરે એ તો એનો સ્વભાવ જ છે. પણ બીજાની પાસે સહન કરાવવું એ આત્મસ્વભાવથી ઉલટી વાત થઇ. જો વાછડાની ઉપર મને થતું દુઃખ નિવારણ કરવાની ક્રિયા કરી હોત તો એ અહિંસા નહોતી, પણ વાછડાને થતું દુઃખ નિવારણ કરવું એ અહિંસા હતી. અહિંસાના પેટમાં જ બીજાને થતું દુઃખ ન સહનકરવાપણું છે. એમાંથી જ દયા છૂટે, વીરતા પ્રગટે અને અહિંસાની સાથે રહેલા જેટલા ગુણો છે તે બધા જ જોવામાં આવે બીજાને થતું દુઃખ જોયાં કરવું એ ઊંધો તર્ક છે. વળી જીવનદુઃખ કરતાં મરણદુઃખ મનુષ્યસ્વભાવમાં વધારે જ છે એ પણ નિરપવાદ સાચું નથી. મને લાગે છે કે આપણે જ મરણને મહા ભયાનક વસ્તુ કરી મૂકેલી છે. જંગલી ગણાતા લોકોમાં એટલો મરણનો ભય નથી હોતો. લડાયક પ્રજાઓમાં પણ એ ભય ઓછો જ છે. અને પશ્ચિમમાં તો આજે એવો સંપ્રદાય નીકળી રહ્યો છે કે જે રિબાઇ રિબાઇને જીવન વ્યતીત કરવા કરતાં મરવું વધારે પસંદ કરશે. મરણનો અતિશય ભય માની લીધો છે એ મને તો અજ્ઞાનની અથવા તો શુષ્ક જ્ઞાનની નિશાની લાગે છે. અને એ માન્યતાથી અહિંસાએ આપણામાં અને તેમાંયે જૈનોમાં વક્ર રૂપ ધારણ કર્યું"

છે. અને તેથી ખરી અહિંસાનો લગભગ લોપ થયો છે. ક્રોધાવેશમાં કુવામાં પડનારી બહેન દોરડું મળ્યે ભલે તેનો આશરો લે, પણ જે ગમે તેવી માન્યતાથી પણ ઇરાદાપૂર્વક કૂવામાં પડે છે એ દોરડાની સહાય મળે તો પણ તેનો તિરસ્કાર કરશે. જપાનીઓની 'હારાકિરી' એ આનું પ્રસિદ્ધ દૃષ્ટાંત છે. 'હારાકિરી' જ્ઞાનમૂલક છે કે અજ્ઞાનમૂલક એ અહીં પ્રસ્તુત નથી. અહીં તો હું એટલું જ બતાવી રહ્યો છું કે એવા અસંખ્ય દાખલા છે કે જેમાં માણસો જીવવા કરતાં મોતને વધારે પસંદ કરે છે, અને પશ્ચિમમાં અપંગ થયેલાં રિબાતાં જાનવરોને દેહમુક્ત કરવાનો રિવાજ છે, તેની પાછળ એ માન્યતા રહેલી છે કે પશુને મરણનો ભય ઓછો છે. અને અમુક હદ ઉપરાંત દુઃખ પડે તો એ મૃત્યુ પસંદ કરશે. આ માન્યતા સાચી ન હોય એ બનવાજોગ છે. તેથી પશુને મનુષ્યના જેટલો જ પોતાનો પ્રાણ વહાલો છે, એમ સમજીને વર્તવાનો આપણો ધર્મ છે.

"જો આટલે સુધી વાત તને ગળે ઉતરી હોય તો સમાજદૃષ્ટિ કે સમાજધર્મને બહુ વિચારવાપણું નથી રહેતું. જ્યાં લોકોની વૃત્તિ અહિંસા ભણી હોય ત્યાં વાછડાના દાખલાનો દુરૂપયોગ થવાનો સંભવ ઓછો છે. જ્યાં અહિંસાવૃત્તિ નથી ત્યાં પશુહિંસા તો થયા જ કરે છે. એટલે મારા જેવાના દાખલાથી કંઇ વધારો થવાનો સંભવ નથી. વાછડાના દેહનો અંત મારા સિવાય બીજું કોઇ લાવી જ ન શકે એવી સ્થિતિ હોત, તો પછીના પરિણામના પૂર્ણજ્ઞાનની આવશ્યકતા અવશ્ય હતી. અહીં તો વાછડો અને આપણે બધા જીવ દેહાંતને રોજ સાથે લઇને જ ફરીએ છીએ. એટલે એમાં ભારેમાં ભારે વસ્તુ તો એ જ રહી કે એ દેહ થોડા દિવસ કે માસ કે વર્ષ વધારે લંબાત. આ બધું અહીં અજુગતું નથી, કેમ કે હેતુ છેક નિસ્વાર્થ છે અને વાછડાનું જ સુખ જોવાપણું છે, અને તેથી એમ કહી શકાય કે કદાચ ક્યાંય વિચારદોષ થયો હશે તો પણ વાછડાને સારૂ કોઇ દિવસે નહીં આવનારૂં એવું કોઇ ખરાબ પરિણામ નીપજ્યું ન હોત......આ વિચારશ્રેણીમાં કેટલીક પ્રચલિત માન્યતા ઉપર પ્રહાર છે એમાં સંદેહ નથી, પણ હું માનું છું કે આપણામાં એટલે હિંદુ ધર્મમાં એટલું બધું કાયરપણું અને એટલું બધું આળસ આવી ગયું છે કે અહિંસાનું સૂક્ષ્મ અને મૂળ સ્વરૂપ ભૂલાઇ ગયું છે, અને એ કેવળ ક્ષુલ્લક જીવદયામાં સમાઇ ગઇ છે, જ્યારે મૂળરૂપે તો અંતરની અતિ પ્રચંડ ભાવના છે અને એ અનેક પ્રકારનાં પરોપકારી કાર્યોરૂપે ઊગી નીકળે છે. એક મનુષ્યમાં પણ જો એ પૂર્ણરૂપે પ્રગટે તો તેનું તેજ સૂર્યના કરતાં પણ ભારે હોય. આવું આજ ક્યાં છે?"

આ કાગળ લખાવતાં લખાવતાં તુલસીદાસના દુહાના પાઠ વિષે ઠીક ચર્ચા થઇ, "'પાપમૂલ' પાઠ મેં સાંભળ્યો છે, પણ 'દેહમૂલ' પણ મેં સાંભળ્યો છે, અને એ પાઠ મને વધારે સારો લાગે છે." એમ બાપુએ કહ્યું. એની સામે મેં કહ્યુઃ "દેહનું મૂલ અભિમાન છે એ વેદાન્તી વિચારના કરતાં ધર્મનું મૂલ દયા અને પાપ એટલે અધર્મનું મૂલ અભિમાન છે એટલો વિચાર અહીં હોય." બાપુ કહે; "એમાં દેહમૂલ અભિમાનનો અર્થ એમ થાય કે જેમ દયા એ ધર્મનું મૂળ છે એમ દેહ એ અભિમાનનું મૂલ હોઇ દયાનો વિરોધી છે. પણ દેહ આખો જ ખર્ચી નાખવો એ જ શુદ્ધ દયા છે. એ દયા ઘટમાં પ્રાણ હોય તો ત્યાં સુધી ન છોડવી. સેવા કરતાં અથવા કરવા જતાં દેહનું વિસર્જન એ શુદ્ધતમ દયા. આ વસ્તુ અનુભવસિધ્ધ છે." મેં કહ્યુંઃ "એ અનુભવસિધ્ધ તો છે જ. પણ પ્રસ્તુત વાક્યમાંથી એ અર્થ નથી નીકળતો. સામાન્ય માણસને માટે એ વિચાર જરા ઝીણું કાંતવા જેવો થઇ પડે, જ્યારે અધર્મનું મૂળ અભિમાન છે એ સ્પષ્ટ રીતે સામાન્ય માણસ પણ સમજી શકે." બાપુ કહેઃ "ના, તુલસીમાં એવી રચના આવે છે." આખરે બંને પાઠ લખવા એમ ઠર્યું. અને છેવટે એમ કહ્યું કે 'દયા ધર્મકો મૂલ હૈ' આટલો જ ઉતારો કાગળને માટે તો બસ હતો.

# અમેરિકા વિષે

(પ્રબુદ્ધ જૈનના ગતાંકમાં 'હિંદની પરદેશનીતિ' એ મથાળા નીચેની શ્રી જટુભાઇ મહેતાની નોંધમાં અમેરીકા વિષે અમુક ઉલ્લેખો કરવામાં આવ્યા છે તે સંબંધમાં આવેલો નીચેનો પત્ર પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી.**)

મુંબઇ તા. ૧૮-૧૨-૪૮.

**'પ્રબુદ્ધ જૈન'ના તંત્રીશ્રી જોગ**

આપણા "પ્રબુદ્ધ જૈન"ના ૧૫-૧૨-૪૮ ના અંકમાં ૪૦૩ પાને "સમયના પ્રવાહમાં" એ શિર્ષક હેઠળના લેખમાં અમેરિકા સંબંધમાં કટુ અભિપ્રાય પ્રગટ થયો છે. મારી માહિતિ મુજબ આ અભિપ્રાય ગેરસમજણ અથવા તો અધુરી માહિતિ પર રચાયો છે. લેખકે પોતાનું વિધાન નીચેની તેમણે માની લીધેલી ત્રણ, હકીકતો પર રચ્યું છેઃ—

(૧) ચીનને સક્રિય મદદ કરવાને બદલે હવે સામ્યવાદીઓ સાથે સમાધાન કરી લેવાની સલાહ અમેરિકાએ આપી છે.

(૨) અમેરિકાનો રંગભેદ હબસી પ્રજાજનો પ્રત્યેનો તિરસ્કાર તો હિંદની અસ્પૃશ્યતા તેની કટ્ટર ટોચે હતી તેના કરતાંયે અતિ વિશેષ છે.

(૩) કાશ્મીર પરના આક્રમણમાં અમેરીકન લશ્કરી નિષ્ણતોએ આપેલો સાથ હવે જગજાહેર છે.

તેમની આ માહીતિઓને આધારે લેખક અમેરીકાને દગાખોર, શોષક, યુધ્ધખોર અને અનીતિમાન દેશ ગણાવે છે.

લેખકના ખ્યાલો આપણી પરદેશનીતિને અનુરૂપ કે અનુકુળ તો નથી જ, પણ જે હકીકતોનો તેમણે આધાર લીધો છે તે પણ ઉલટી રીતે સમજાયેલી છે.

(૧) અમેરીકાએ ચીનને અત્યાર સુધી કેટલી મદદ કરી છે તેના આંકડા લેખક પાસે નથી પરન્તુ એટલું તો ચોક્કસ છે કે આજપર્યંત અમેરીકાએ ચાંગ-કાઇ-શેકને મદદ કરવા પાછળ કરોડો ડોલરો ખર્ચ્યા છે. આ રીતે જે મદદ ચાંગ મહાશયને મળી છે તેનો વિજયી ઉપયોગ થઇ શક્યો નથી એ હકીકત છે. અમેરીકાને જો લાગે કે ચીનને અપાતી મદદ અકારથ જાય છે તો તે મદદ આપવાનું બંધ કરવાનો તેને પુરો હક છે, એટલું જ નહિ પણ આવી નાજુક પળે નાહકનો દ્રવ્ય તેમજ માનવશક્તિનો કચ્ચરઘાણ નીકળી જતો અટકાવવા માટે સમાધાન કરી લેવાની સલાહ ચીનને અપાય તો તેમાં દગાખોરીની ભાવના તો નથી જ. તદુપરાંત ચીનને અપાયેલી આ કહેવાતી સલાહ હજુ સત્તાવાર અમેરીકન સલાહ નથી અને મેડમ ચાંગ સાથે અમેરિકન સત્તાવાળાઓ હજુ આ સવાલની તમામ બાજુઓ ચર્ચી રહ્યા છે તે જોતાં આ સવાલ sub-judice ગણાય.

(૨) અમેરીકામાં હબસીઓ સામે જે રંગભેદ છે તે યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરીકાની ધારાપોથીદ્વારા પ્રતિબંધિત છે અને દક્ષીણ અમેરિકા સિવાય ઉત્તરનાં રાજ્યોમાં રંગભેદની સુગ જરાયે નથી. જ્યાં છે ત્યાં પણ તે સામે જબ્બર આંદોલનો ચાલે છે. આ હકીકત હું મારા જાત અનુભવ પરથી કહી શકું છું.

(૩) અમેરીકન લશ્કરી નિષ્ણાતોએ પાકીસ્તાનને કાશ્મીરમાં સાથ આપ્યો હોવાની વાત એક તુક્કો જ છે. હિંદી સરકારે સત્તાવાર રીતે અમેરીકન સરકાર સમક્ષ આ બાબત કદીયે વિરોધ નોંધાવ્યો નથી અને મોરચા પરથી જે કંઇ ખબરો બીનસત્તાવાર રીતે આવતા હોય તે પરથી કોઇ એક દેશ વિષે કડવાં વેણ ઉચ્ચારવાનું યોગ્ય નથી.

પરદેશો સાથેની આપણી રાજનીતિનો સવાલ ઘણો નાજુક છે અને કોઇ પણ એક દેશ યા પ્રજા વિષે અધુરી માહીતીએ આવાં વિધાનો કરવાથી આપણે દૂર રહેવું જોઇએ.

**ચંદુલાલ શ. શાહ**

# સમાજ બહિષ્કાર પ્રતિબંધક ધારો

( ગતાંકથી ચાલુ )

માનવી માત્રમાં સામાજિક વૃતિ અતિ પ્રબળ હોઇને માનવી સમાજમાં વિવિધ પ્રકારની સંસ્થાઓ નિર્માણ થવી એ તદ્દન સ્વાભાવિક છે. કોઇ પણ સમાન હેતુ, આદર્શ કે ધ્યેયની આસપાસ અમુક માનવીઓ એકઠા થાય છે અને પરિણામે ચોક્કસ પ્રકારની સંસ્થાનું નિર્માણ થાય છે. દરેક સંસ્થા પાછળ ચોક્કસ ધ્યેય હોય છે અને તે સંસ્થના સભ્યોને બંધનકર્તા એવું એ સંસ્થાનું બંધારણ હોય છે. એ બંધારણ મુજબ તે સભ્યેના જીવનનું અથવા તો આચારવ્યવહારનું નિયમન થાય છે. એ બંધારણ જે સભ્યને સ્વીકાર્ય ન હોય તે સભ્ય તે સંસ્થાથી છુટો થાય છે અથવા તો તે સંસ્થાથી તેને છુટો કરવામાં આવે છે. દરેક સંસ્થામાં સધારણ પ્રવેશ માટેની યોગ્યતાને લગતા ચોક્કસ નિયમો હોય છે અને તે જ પ્રમાણે તે સંસ્થાના મૂળ તત્વોથી પ્રતિકૂળ રીતે વર્તનારને પોતામાંથી બહિષ્કૃત કરવાનો તે સંસ્થાને. અબાધિત અધિકાર હોય છે. જો આમ ન હોય તો એ સંસ્થા ચાલી ન શકે અને સંસ્થામાં અરાજકતા દાખલ થાય. વ્યાજબી માર્ગે ચાલતી અને સમાજની સાધારણ પ્રવૃતિમાં કે પ્રગતિમાં ખલેલ ન પહોંચાડતી દરેક સંસ્થાને રાજ્ય તરફથી રક્ષણ મળે છે અને પોતપોતાનું કાર્ય યથેચ્છ કરવામાં રાજ્ય સરળતા કરી આપે છે, તેમ જ કોઇ પણ સભ્યનો બહિષ્કાર કરવા યોગ્ય પ્રસંગ ઉભો થાય તો તેમ કરવા દેવામાં રાજ્ય તેમાં કદિ દખલગીરી કરતું નથી. જો આમ છે તો મુંબઇ સરકાર તરફથી સમાજ બહિષ્કાર પ્રતિબંધક ધારો શા માટે મુંબઇની ધારાસભાની મંજુરી માટે રજુ કરવામાં આવ્યો છે? તે ધારો જેને લાગુ પડે છે તે જ્ઞાતિઓ તેમજ પેટા જ્ઞાતિઓ તથા સંપ્રદાયો તેમ જ પેટાસંપ્રદાયો ઉપર જણાવી તેવી જ સામાજિક સંસ્થાઓ છે. તે સંસ્થાઓ પણ અમુક નિયમો તેમ જ માન્યતાઓ ઉપર રચાયલી છે. જો અન્ય સંસ્થાઓનો સભ્યબહિષ્કારનો હક્ક ચાલુ રાખવામાં આવે છે તો પછી આ બન્ને પ્રકારની સંસ્થાઓ પાસેથી આ મૌલિક હક્ક શા માટે ઝુંટવી લેવામાં આવે છે? ઉપર જણાવેલ ધારાના મૂળમાં આ પ્રશ્ન જ રહેલો છે.

ઉપર જણાવ્યું તેમ આ બન્ને પ્રકારની સંસ્થાઓ અન્ય સામાજિક સંસ્થાઓ કરતાં અમુક રીતે ખાસ કરીને જુદી પડે છે. આ બન્ને સંસ્થાઓનું સભ્યત્વ સામાન્યતઃ જન્મથી જ નિર્માણ થાય છે. કોઇ પણ વ્યક્તિ અમુક જ્ઞાતિમાં જન્મી એટલે સ્વતઃ તે વ્યક્તિ તે જ્ઞાતિમાં સભ્ય બની જાય છે. સંપ્રદાયની બાબતમાં પણ સાધારણતઃ આમ જ બને છે. જ્ઞાતિ કે સંપ્રદાયમાં પ્રવેશ કરવાને લગતી યોગ્યતા સંબંધે જન્મ સિવાય બીજા કોઇ ખાસ નિયમો હોતા નથી. આ પ્રમાણે જ્ઞાતિ કે સંપ્રદાયનું સભ્યત્વ સામાન્યતઃ જન્મપ્રાપ્ત હોય છે, એચ્છિક હોતું નથી. જ્ઞાતિઓનો આશય પોતાના વિભાગની કન્યાઓની લેવડદેવડ સંબંધે ચોક્કસ પ્રકારનું નિયમન કરવાનો હોય છે. આ નિયમ જે ન સ્વીકારે અને તેણે નક્કી કરેલી મર્યાદાને તોડીને ચાલે તેનો તે જ્ઞાતિ સાધારણ રીતે બહિષ્કાર કરે છે. સંપ્રદાયનુ ક્ષેત્ર વ્યક્તિઓની ધાર્મિક માન્યતાઓની ચોકી કરવાનું હોય છે. અમુક વ્યક્તિ અમુક સંપ્રદાયની છે તે ઉપરથી આપણે તેની ધાર્મિક માન્યતા અને તેમાંથી ફલિત થતા આચારનું અનુમાન કરી શકીએ છીએ. સંપ્રદાયો સાધારણ રીતે કન્યાની લેવડદેવડના પ્રશ્નને સ્પર્શતા નથી, પણ ઘણે ઠેકાણે સંપ્રદાયો કન્યાની લેવડદેવડનું ક્ષેત્ર પોતપોતાના સંપ્રદાય પુરતું જ મર્યાદિત રાખવાનો આગ્રહ ધરાવે છે. આવું જ્યાં હોય ત્યાં તે સંપ્રદાય એક પ્રકારની જ્ઞાતિનું સ્વરૂપ જ ધારણ કરે છે.

હવે આજે કાળ બદલાયો છે. નવી કેળવણી, નવા સંસ્કારો, નવું વાતાવરણ લોકોના આખા જીવનને ધરમૂળથી બદલી રહેલ છે. રેલ્વે તાર તથા ટપાલે માણસ માણસ વચ્ચેના અન્તરો તોડી નાંખ્યા છે. સરળ બનેલા આકાશ ઉડ્ડયને દુનિયાને ઝડપભેર એક બનાવવા માંડી છે. મોટા શહેરોમાં અનેક પ્રકારના લોકો એકઠા થઇને રહેવા લાગ્યા છે અને જ્ઞાતિઓનું બંધન નિરર્થક અને સામાજિક પ્રગતિનું અવરોધક છે એમ સૌ કોઇને હવે ભાસવા માંડયું છે. આમ છતાં પણ જ્ઞાતિની પકડ સામાન્ય જનતા ઉપરથી હજુ ઓછી થઇ નથી. મધ્યમ વર્ગના લોકો ખાસ કરીને નાના શહેરોમાં તેમ જ ગામડામાં વસતા લોકો જ્ઞાતિનાં બંધનો તોડી શકતા નથી અને પોતાની ઇચ્છા વિરૂદ્ધ પણ પોતાનાં છોકરાં છોકરીઓને પોતપોતાનાં વર્તુળમાં જ ઠેકાણે પાડવાની તેમને ફરજ પડે છે. આમ ન કરે અને બહાર જવાની તે હીંમત કરે તો જ્ઞાતિબહિષ્કારનું શસ્ત્ર તેની સામે ઉગામવામાં આવે છે અને તેને તેના કુટુંબને પારાવિનાની હાડમારીઓ ભોગવવી પડે છે. પહેલાના કાળમાં જ્ઞાતિ જ્ઞાતિ પરત્વે કોઇ ગુણવિશેષ, કોઇ અધિકારવિશેષ હશે, પણ આજે આવો કોઇ ગુણવિશેષ કે અધિકારવિશેષ જોવામાં આવતો નથી. વર્ણ પ્રમાણે હવે કશો પણ વ્યવસાયભેદ રહ્યો નથી. હું એક જ્ઞાતિનો છું, અન્ય અન્ય જ્ઞાતિનો છે, તેનું મારા માટે કે તેના માટે કોઇ વિશિષ્ટ કારણ રહ્યું નથી. કુળપરંપરાથી એમ બનતું આવ્યુ છે એ કારણે જ આપણે તે ભેદ સ્વીકારતા આવ્યા છીએ. આમ હોવા છતાં જેને કશો પાયો નથી એવો ઉચ્ચ નીચ ભાવ જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચે અસ્તિત્વ ધરાવે છે. અને આ પ્રકારનું ઉચ્ચ નીચતું ઘમંડ માણસ માણસ વચ્ચે જુદાઇની, સાંકડાપણાની દીવાલો ઉભી કરે છે, જાળવી રાખે છે અને માણસ જાતને એકમેકની નજીક આવતી અટકાવે છે. વળી બીજો પ્રશ્ન એ છે કે કન્યાની લેવડદેવડ અંગે આવા કૃત્રિમ નિયમનની કોઇ જરૂર કે ઉપયોગીતા છે ખરી? સાધારણ રીતે કન્યાની લેવડદેવડ સૌ કોઇ એક યા બીજી રીતે માની લીધેલા પોતપોતાના વર્ગમાં જ કરે છે. એમ છતાં કોઇ માબાપ આ વર્ગવર્તુલની બહાર જવા વિચાર કરે અને પોતના સંતાનનો વિવાહસંબંધ એ રીતે બાંધે તો તેમાં તે કશું જ ખોટુ કરતો નથી. તેમ કરવાની તેને પુરી છુટ હોવી જોઇએ. પણ આમ કરવાની હિમત કરનારની સામે નાત આવીને ઉભી રહે છે, નાતબહારનું શસ્ત્ર ઉગામે છે, અને જો કે મોટા શહેરોમાં આગળ વધેલા વર્ગોમાં આ નાતબહારના શસ્ત્રની કોઇ કીંમત રહી નથી તેમજ તેની કોઇ ભડક કે ભીતિ હવે વિદ્યમાન નથી, પણ મોટા શહેરોના પછાત વર્ગોમાં તેમ જ પછાત શહેરોમાં તેમ જ ગામડાંમાં આ જ્ઞાતિબહિષ્કારનું શસ્ત્ર ભારે અસરકારક હોય છે અને બહિષ્કૃત કુટુંબને એ શહેર કે ગામડામાં રહેવું ભારે થઇ પડે છે. ગામડાનો કોઇ માબાપ પોતાની દીકરીને જો ખુબ ભણાવશે અને મોટી કરશે તો તેને જ્ઞાતિમાં કોઇ વર મળશે નહિ અને જ્ઞાતિ બહાર તે પોતાની કન્યાને વરાવી શકાશે નહિ એમ સમજીને પોતાની દીકરીને તે બહુ ભણાવતો નથી તેમ જ મોટી ઉમ્મર સુધી કુંવારી રાખી શકતો નથી. આમ છતાં કોઇ માબાપે આવી હીંમત કરી તો પછી એ મોટી ઉમ્મરની દીકરીને કયાં પરણાવવી તે વિષેની તેની મુંઝવણનો પાર રહેતો નથી. જ્ઞાતિ બહાર સારા સારા છોકરાઓ દેખાય તો પણ તેની સાથે પોતાની દીકરીનો વિવાહ કરવા તેની હીંમત ચાલતી નથી, અને જો એવો વિવાહ નક્કી કરે છે તો ગામ આખાનો ફીટકાર તેના ઉપર ઉતરી પડે છે. મોટા શહેરોમાં વળી છોકરા છોકરીઓ એક સરખું શિક્ષણ પામે છે અને મોટા થાય છે; નાત જાતના કોઇ પણ ભેદભાવને તેમના દિલમાં કશું સ્થાન જ હોતું નથી. એક સરખું શિક્ષણ એક સરખાં વલણો અને વિચારો પેદા કરે છે. શુદ્ધ સ્વાતંત્ર વાતારણમાં ઉછરેલા અને ઉદાર શિક્ષણને પામેલા કુમાર કુમારીઓને યોગ્ય ઉમ્મરે પોતપોતામાંથી એકમેકને લગ્નસંબંધ માટે પસંદ કરવા સહજ આકર્ષાય છે. આવા કુમારકુમારીઓને કોઇ પણ જ્ઞાતિ કે સંપ્રદાયના વાડામાં શી રીતે બાંધી શકાય? પોતે પોતાનું શોધી ન લે તો પણ માબાપે અનુરૂપ ગુણવાળા અને શિક્ષણ પામેલા સાથે જ પોતાના સંતાનનો સંબંધ જોડવાનું વિચારવું રહ્યું. આ બાબતમાં નતાજાતના ખ્યાલોને અગ્રસ્થાન આપવામાં આવે તો

દાયને નાબુદ કે નિમૂ'ળ કરવાનો આ ધારાનો હેતુ કે આશય નથી પણ વિચાર ક્રાન્તિના પ્રવાહનો અવરોધ કરવાની જે સત્તા બહિષ્કારના શસ્ત્રદ્વારા ભિન્ન ભિન્ન સંપ્રદાયના આગેવાનો ધરાવે છે અને જે શસ્ત્રની ધમકી દ્વારા અનેક સ્વતંત્ર વિચારકોના મોઢે તેઓ ડુચો દેતા આવ્યા છે તે શસ્ત્ર આ ધારાથી છીનવી લેવામાં આવે છે, અને આજનું કાળબળ વિચારતાં આ યોગ્ય થઇ રહ્યું છે એમ લાગે છે.

આ ધારાની કલમો વાંચતા સૌ કોઇને માલમ પડશે કે આ ધારો દીર્ઘદૃષ્ટિપૂર્વક ઘડવામાં આવ્યો છે. જેમ એકાએક વીજળી પડે અને જેના ઉપર પડે તેનો એકાએક નાશ થાય તેવું કોઇ આ ધારાનું સ્વરૂપ નથી. આ ધારા નીચે પગલા લેવા ઇચ્છનારે પહેલાં તો આ માટે પ્રાન્તિક સરકારની રજા લેવી જોઇશે. વળી પ્રસ્તુત ગુન્હાને એક વર્ષ થયા બાદ આવા ગુન્હા માટે કામ ચાલી શકશે નહિ. આ ગુન્હાની તપાસ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ કે ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સિવાય અન્ય કોઇ હાથ ધરી શકશે નહિ. આ ગુન્હા માટે એક હજારથી વધારે દંડ થઇ શકશે નહિ. આવા હળવા કાયદાથી સમાજ બહિષ્કારની પ્રવૃત્તિ ઉપર જોઇતો અંકુશ મુકાશે એમ સરકાર આશા રાખે છે અને એમ નહિ બને તો આથી પણ વધારે ચાંપતા ઉપાયો લેવામાં સરકાર પાછી પાની નહિ કરે એવો આપણને વિશ્વાસ છે.

સમાપ્ત. **પરમાનંદ.**

**એક સ્પષ્ટીકરણ:**—આ પ્રમાણે સમાજબહિષ્કાર પ્રતિબંધક ધારાનું સમર્થન અને એ રીતે સંઘ બહિષ્કારનો વિરોધ જોઇને કેટલાક ભાઇઓ મુગ્ધભાવે પ્રશ્ન કરે છે કે તો પછી મુંબઇ જૈન યુવક સંઘ આ જ શસ્ત્રનો પોતાના સભ્ય સામે કેમ ઉપયોગ કરે છે? જે કોઇ આ લેખ પૂરી સમજપૂર્વક વાંચશે તેને આ પ્રશ્ન થવો ન જોઇએ. આજે જેને આપણે સંઘ તરીકે ઓળખીએ છીએ તેવા કોમી સંઘો અને મુંબઇ જૈન યુવક સંઘના સ્વરૂપમાં આસમાન જમીનનો ફરક છે. મુંબઇ જૈન યુવક સંઘના ચોકકસ ઉદ્દેશો છે, ચોકકસ બંધારણ છે, ચોકકસ શિસ્તનિયમો છે અને પોતાના ઉદ્દેશોને પાર પાડવા માટે ઉભી થયેલી પરિમિત સંખ્યાના સભ્યોની તે એક સંસ્થા છે. સંસ્થામાં પ્રવેશ પામવા ઇચ્છનારે પ્રવેશપત્ર ઉપર સહી કરવી પડે છે જે મુજબ સંઘના બંધારણ અનુસાર વર્તવા અને શિસ્તનિયમોને પાળવાને તે બંધાય છે. આ રીતે દાખલ થનાર સભ્યને સંઘનું બંધારણ સ્વીકાર્ય ન હોય અને શિસ્તનિયમોનું તે ઉલ્લંઘન કરતો હોય તો તેણે સંઘથી છુટા થવું રહ્યું અથવા તો સંઘે તેને પોતાથી છુટો કરવો રહ્યો. મુંબઇ જૈન યુવક સંઘ એક ક્રાન્તિકારી સંસ્થા હોઇને તેના માટે બંધારણ અને શિસ્તનિયમોનું અનુપાલન અત્યન્ત મહત્ત્વની વસ્તુઓ છે. તે બન્નેની ઉપેક્ષા થવા સાથે સંઘનું વ્યક્તિત્વ અને પરિણામે સંઘની ઉપયોગીતા નાશ પામે છે. જેમ રાજકારણમાં સમાજવાદી પક્ષ, સામ્યવાદી પક્ષ છે તેવી જ રીતે જૈન સમાજમાં મુંબઇ જૈન યુવક સંઘની સંસ્થાનું સ્થાન છે અને જેમ કોઇ પણ વ્યવસ્થિત સંસ્થા પોતાના સભ્યને અમુક સંયોગોમાં પોતાથી દૂર કરી શકે છે તેવી જ બહિષ્કારસત્તા મુંબઇ જૈન યુવક સંઘના પાયામાં રહેલી છે. **પરમાનંદ**

# કલિકાલસર્વજ્ઞ

અંતરને ન્હવાડો,
આત્માનાં દીપ પ્રકટાવો,
અનાહતનાં નાદ બજાવો,
સુહૃદની સૌરભ પ્રસરાવો,
સ્થળે, સ્થળે સંમેલનો ભરો,
વ્યાખ્યાનો આપો, કાવ્યો રચો,
ભક્તિ કરો, પ્રાર્થના કરો,
મૂર્તિઓ સર્જો, અવશેષો સંગ્રહો,
અધ્યયન અને મનન કરો,
આનન્દો, ઉજવો, ઉલ્લાસો,
અભિષેકો, આરાધો, આલ્હાદો;
ઉપાસો, આહવાઓ, અભિનન્દો,
હર્ષો, પ્રફુલ્લો, પ્રણમો:—
આજે જયન્તિ છે મહાત્મા હેમની,
મહારાજા કુમારપાલના કલ્પવૃક્ષ હેમની,
યોગેશ્વરનાં યે યોગેશ્વર હેમની,
મહાગુજરાતની મહત્તાના વિશ્વકર્માની,
મદ્યનિષેધ અને અહિંસાના પ્રખર પ્રચારકની,
સિદ્ધરાજના સુહૃદની, ઉદાના ઉરજની,
એ જગત્પાણિની કવિ અને કોષકારની,
રાષ્ટ્રભાવનાના ભગવાધારી જોગંધર તપસ્વીની,
ગુજરાતની અસ્મિતાના એ અજેય અંગીકારકની,
સાડી આઠસેં વર્ષથી વિસરાએલ વિરલ વિભૂતિની,

* *
*

એ રાજધર્મના સદ્‌બોધક ને આચાર્યની,
ધાર્મિક ઔદાર્યના ઉદ્‌ગમ ઉદ્‌બોધકની,
'મહાભારત'ને 'યોગવાસિષ્ટ'નાં પ્રશંસક,
સર્વધર્મસમભાવના પહેલા પયગમ્બરની,
ધુ ધ્વંસક અને સત્યશોધક સુદેવની,
અવનિપર અવતરેલ એ અક્ષરબ્રહ્મની,
પૃથ્વી પાવક એ પરિબ્રહ્મની.

* *
*

માનવીએ દેવત્વ સાધ્યું હતું—
મહાતેજસ્વી, સિદ્ધ, સર્વજ્ઞ દેવત્વ.
પ્રભુતાનાં અંકુર ફુટયા હતાં અંગેઅંગમાં,
ને પ્રકટયો હતો પ્રભુતાનો પૂર્ણાવતાર.
જય હો! મહાપ્રભુ હેમાચાર્યનો!
સહસ્ત્ર સહસ્ત્ર વન્દન હો
એ યોગેશ્વર હેમચન્દ્રાચાર્યને!
"સિદ્ધ હૈમ"ના એ સુસિધ્ધ સૃષ્ટાને,
"યોગશાસ્ત્ર"ના એ અજોડ અવધૂતને,
જૈન ધર્મના એ ધુરંધર પુનરુધ્ધારકને

* *
*

ગાયકો અને સાહિત્યકારો!
શિલ્પીઓ અને ચિત્રકારો!
ગાઓ ગીતડાં હેમનાં, સાહિત્ય સર્જો હેમનાં,
મૂર્ત કરો હેમને; સુવર્ણાક્ષરે આલેખો
કે માત્ર ગુજરાત જ નહીં,
સમસ્ત જગત ઋણી છે હેમનું.
પત્થરે પત્થરમાં પ્રાણ પૂરી પૂકારો, ઓ શિલ્પીઓ
એ સંસ્કારમૂર્તિ હેમનાં ગુણગાન.
નથી પાકયો અન્ય કોઇ આજસુધીમાં,
સારાય ભારતવર્ષમાં ને
જૈન તેમ જ જૈનેતર વિદ્વાનગણમાં,
એકલે હાથે ને એકલી બુદ્ધિએ,
સર્વદેશીય સિદ્ધિ સાધી હોય જેણે.
ત્રિકાળ વંદના એ વિશાળ નવસર્જકને!
એ "વીતરાગ સ્તોત્ર" "ત્રિશષ્ટિશલાકા પુરુષ"
અને "અર્હન્નીતિ"ના અમર આલેખકને!
સાડાત્રણ ક્રોડ શ્લોક ને
ચચ્ચાર શબ્દકોષના કર્તાને!
એ સમર્થ શાસ્ત્રાર્થકારને
વિસ્તીર્ણ ટીકા રચનાર વિદ્વર્યને!

ગુર્જરીગિરાના આદિ ઉત્પાદક, આદિ વૈયાકરણીય
આદિ પુરુષને, આદિ વક્તાને,
ઇતિહાસકારોના અગ્રિમ અગ્રેસરને,
કરણ, સિદ્ધ ને કુમારપાળ જેવા
ત્રણ ત્રણ નરેશના ઇતિહાસસાક્ષીને.
પ્રભાવશાળી શિષ્યોના પ્રતિભાશાળી ગુરુશ્રેષ્ઠને,
કાત્યાયન અને પતંજલિથીયે,
ઉચ્ચતર વિદ્વદ્વર્યને!
અકલ યોગ ને વૈરાગ્યની
સાક્ષાત્પ્રતિમાને.
કોટિ કોટિ અંજલિ હો,
એ અસાધારણ ઐશ્વર્યને,
ચમત્કારિક ચક્રચૂડામણિને,
વિરાટવિભૂતિ ભગવાન હેમચંદ્રાચાર્યને
ધ્યાન ધરજો અન્તરનાં અણુએ અણુમાંથી
એ હેમયુગના યુગ—સ્રષ્ટાનું,
સકલ પ્રવૃત્તિની યે પળેપળને કાજ—
ઋણમુકત થશો એટલું જ નહીં,
કિન્તુ પામશો પ્રભુતાની પરમજયોત
માનવીમાં દેવત્વ સંચારતી.
આનન્દો, ઉજવો, ઉલ્લાસો,
અભિષેકો, આરાધો. આલ્હાદો,
હર્ષો, પ્રફુલ્લો પ્રણમો.
આજે જન્મતીથિ છે.
મહાગુજરાતના મહાન જ્યોતિર્ધર
જગદ્‌ગુરુ, કલિકાલસર્વજ્ઞ,
ભગવાન હેમચન્દ્રાચાર્યની.

જય કલિકાલસર્વજ્ઞ!
જય હિન્દ!

**દુર્લભકુમાર ગાંધી.**

## કેટલાક સમાચાર અને નોંધ

### પાલીતાણાની જૈન ધર્મશાળાઓ અને નિર્વાસિતોનો વસવાટ

સીંધથી ગયા વર્ષે અનેક હિંદુ કુટુંબો સીંધ છોડીને કાઠિયાવાડ તરફ આવ્યા તેમને ક્યાં વસાવવા એ પ્રશ્નનો ઉકેલ શોધવાની જવાબદારી નવી રચાયલી સૌરાષ્ટ્ર સરકાર ઉપર આવી. આ સમયે કેટલાક સીંધી કુટુંબોને પાલીતાણાની ધર્મશાળામાં વસાવવા માટે સૌરાષ્ટ્ર સરકારે ધર્મશાળાઓના સંચાલકો સાથે વાટાઘાટ કરી અને દીવાળી સુધીમાં તેમને અન્યત્ર વસાવવાની ગોઠવણ કરવામાં આવશે એવી સ્પષ્ટ સમજુતી ઉપર પાલીતણાની લગભગ દરેક ધર્મશાળામાંથી અમુક જગ્યા કાઢી આપવામાં આવી અને ત્યાં કેટલાક સીંધી કુટુંબોને વસાવવામાં આવ્યા. ત્યારબાદ દીવાળી આવી અને ગઇ. કાર્તકી પુનમ ઉપર સંખ્યાબંધ યાત્રાળુઓ આવ્યા અને ધર્મશાળામાં રહેવા ઉતરવાની પુરતી જગ્યા ન મળતાં તેમને પારવિનાની હાડમારીઓ ભોગવવી પડી. આ સંબંધમાં સૌરાષ્ટ્ર સરકારનું અવાર નવાર ધ્યાન ખેંચવામાં આવે છે, પણ પ્રસ્તુત નિર્વાસિત કુટુંબો જાણે કે હંમેશાને માટે આ ધર્મશાળામાં ઘર કરીને બેઠા હોય તેમ તેમને ત્યાંથી ખસેડવાનું કે તેમના માટે અન્ય વસતિસ્થાનો ઉભાં કરવાનું હજુ સુધી સૌરાષ્ટ્ર સરકારના ધ્યાન ઉપર આવતું જ નથી. આ બારે દુઃખદ છે. આ કારણે જૈન સમાજમાં ખુબ અસંતોષ ફેલાઇ રહ્યો છે.

જરૂરના વખતે જૈન ધર્મશાળામાંથી જગ્યા કાઢીને નિર્વાસિતોએ વસાવવામાં આવ્યા તે યોગ્ય જ થયું છે. આ ધર્મશાળાઓ જૈનોના ઉપયોગ માટે હોય તો પણ સાંકટના વખતે કોઈ પણ પ્રજાજનોને બનતી સગવડ કરી આપવી એ આપણો પડોશીધર્મ છે. પણ સાથે સાથે એ ધ્યાનમાં લેવાની જરૂર છે કે આ ધર્મશાળામાં જૈન કુટુંબો પણ સ્થાયીપણે વસી શકતા નથી. ધર્મશાળાનો આશય જ એ છે કે પાંચ પંદર દિવસ માટે યાત્રાર્થે આવતા યાત્રાળુઓને રહેવા વગેરેની સગવડ આપવી. આને બદલે તત્કાળ રાહત આપવાના હેતુથી વસાવવામાં આવેલા નિર્વાસિત કુટુંબો ત્યાં ચોંટી બેસે અને આ સંબંધમાં જેનું શાસન ચાલે છે તે કશી દાદ ફરિયાદ ન સાંભળે એ અત્યન્ત ગ્લાનિ ઉપજાવે તેવી બીના છે, નિર્વાસિતોના ચાલુ વસવાટે જૈનોમાં બીજો પણ કચવાટ પેદા કર્યો છે. જૈનોનાં ખાનપાનમાં અને નિર્વાસિતોનાં ખાનપાનમાં ભારે મોટું અન્તર હોય છે અને તેથી શ્રદ્ધા અને ભક્તિભાવથી આવતા યાત્રાળુઓની સામે જેને જૈનો અભક્ષ્ય ગણે છે તેવી ચીજો ચાલુ રંધાતી હોય એ કારણે શ્રદ્ધાળુ જૈનોની લાગણી સદા દુઃખાતી રહે છે. પાલીતાણા જૈનોનું એક અત્યન્ત મહત્વનું તીર્થસ્થાન છે. ત્યાં આવતા યાત્રાળુઓનાં દિલ ધાર્મિક આચાર સબંધે અત્યન્ત આળાં હોય છે. તેઓ પોતાના જ ધર્મસ્થાનકમાં વસતાં કુટુંબોનો સર્વ પ્રકારે અન્ય આચાર જુએ અને દિલમાં ખુબ દુભાયા કરે એ તદ્દન સ્વાભાવિક છે. આ રીતે મહેમાન છતાં જાણે કે માલીક બની બેઠા હોય એવા આ નિર્વાસિત કુટુંબોને જૈન ધર્મશાળામાંથી ખસેડીને સૌરાષ્ટ્ર સરકારે અન્યત્ર વસવાની સત્વર ગોઠવણ કરી આપવી ઘટે છે. આનો અર્થ કોઇ એમ ન કહે કે લખનારને નિર્વાસિત કુટુંબો વિષે કશી સહાનુભૂતિ કે લાગણી નથી. તેમની આજની દશા જોઇને એવો કોણ માનવી હશે કે જેના દિલમાં ઉંડી અનુકંપા સ્ફુરતી નહિ હોય ! પણ સાથે સાથે ધર્મશાળાઓનો આજે જે વિપર્યય થઇ રહ્યો છે તેનો પણ અન્ત આવે તે એટલું જ જરૂરી છે. આ બાબત સૌરાષ્ટ્ર સરકારે ગંભીરપણે ધ્યાન ઉપર લેવી જ જોઇએ અને જૈન સમાજના દિલને જે અસંતોષ કોરી રહ્યો છે તે દૂર કરવો જોઇએ. આ પ્રશ્નને લગતા જવાબદાર પ્રધાન આ બાબત જલ્દિથી હાથ ધરશે એવી આપણે આશા રાખીએ.

### સ્વ. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી સ્મારક ફંડ

આજથી લગભગ બે વર્ષ પહેલાં ડૉ. વ્રજલાલ મેઘાણીનું અવસાન થયું. તેમના અવસાન પ્રસંગે સ્મશાનની અંદર જ સદ્‌ગતનું સ્મરણ ચિરંજીવ રહે એવી યોજના પાછળ વાપરવાના હેતુથી ફંડ કરવામાં આવ્યું હતું અને ડૉ. મેઘાણીના મિત્રો અને પ્રશંસકો તરફથી એજ પ્રસંગે એ ફાળામાં આશરે રૂા. ૩૫૦૦૦ ની રકમ એકઠી થઇ હતી અને તેની યોજના તેમજ વ્યવસ્થા કરવા માટે છ ગૃહસ્થોની એક સમિતિ નિમવામાં આવી હતી. આ ફંડનું શું કરવું તે સબંધી એક પછી એક યોજના વિચારવા તેમજ ચર્ચવામાં આવતી હતી અને કશા પણ નિર્ણય વિના આ કાર્ય આજ સુધી મુલતવી રહ્યા કરતું હતું. સદ્‌ભાગ્યે તા. ૨૮-૧૧-૪૮ ના રોજ આ ફંડમાં નાણાં ભરનારાઓની એક સભા ઘાટકોપર ખાતે ભરવામાં આવી હતી અને ઘાટકોપરમાં પંડિત શ્રી રત્નચંદ્રજી જૈન કન્યાશાળાના ઉપાંગ રૂપે એક બાળ મંદિર ચાલે છે તેને વિકસાવવાની સરતે ઉપર જણાવેલ રકમ એ સંસ્થાને ભેટ આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો અને એ બાળમંદિર સાથે ડૉ. વ્રજલાલ ધ. મેઘાણીનું નામ જોડવાનું પણ ઠરાવવામાં આવ્યું હતું. ડૉ. મેઘાણીના જીવનની જે વિશેષતા હતી દુઃખી દર્દી, પીડિત, ત્રસ્ત, દલિત વિષે અપાર કરુણા—તેને અનુરૂપ એવું કોઇ કાર્ય યોજવામાં આવ્યું હોત અને તેવા કાર્ય સાથે ડૉ. વ્રજલાલ મેઘાણીનું નામ જોડવામાં આવ્યું હોત તો વધારે ઉચિત લેખાત. પણ જેમના હાથમાં આ ફંડની વ્યવસ્થાની મુખ્ય જવાબદારી હતી તેઓ શ્રીમન્ત હોવા છતાં અત્યન્ત વ્યવસાયશીલ હતા. તેમને આ બાબત સંબંધે નિરાંતે એકઠા મળીને વિચાર કરવાની પણ ફુરસદ નહોતી. એટલે નવી કોઇ જવાબદારી લેવાનું તો તેમના માટે સંભવિત જ નહોતું. આવી પરિસ્થિતિમાં આટલો પણ જે નિર્ણય થયો છે અને એક નાની સરખી શિક્ષણ પ્રવૃત્તિ સાથે ડૉ. મેઘાણીનું નામ જોડવાનું નક્કી થયું છે તે આવકારદાયક છે. આપણે આશા રાખીએ કે આજે જે બાળમંદિર ચાલે છે તે છે એમનું એમજ ચાલે, અને સંસ્થાને આ રકમની આવક થાય અને બાળમંદિર સાથે ડૉ. મેઘાણીનું નામ માત્ર જોડાયલું રહે એમ ન બને, પણ એ બાળમંદિરને વિકસાવવાની સમજુતી સાથે આ રકમ આપવામાં આવી છે તે સમજુતી અનુસાર આ બાળમંદિર એક સર્વાંગ સંપૂર્ણ સંસ્થા બને, જે જોઇને જેમનો બાલોચિત નિર્દોષ સ્વભાવ હતો એવા ડૉ. મેઘાણીને આપણે હંમેશા યાદ કર્યા કરીએ.

### માંડલ જૈન યુવક સંઘનો વાર્ષિક સમારંભ

માંડલ ખાતે તા. ૨૮-૧૧-૪૮ ના રોજ ત્યાંના જૈન યુવક સંઘનો વાર્ષિક સમારંભ શ્રી. પન્નાલાલ ઝવેરીના પ્રમુખપણા નીચે ઉજવાયો હતો, જે પ્રસંગે પંડિત સુખલાલજી તથા શ્રી છોટાલાલ ત્રીકમલાલ પારેખ હાજર હતા. આ પ્રસંગે પંડિતજીએ વિદ્વત્તાપૂર્ણ પ્રવચન કર્યું હતું અને આજનો જૈન યુવક સંઘ માત્ર શબ્દાર્થમાં નહિ પણ ભાવાર્થમાં પણ સાચો જૈન યુવક સંઘ બની રહે એવી આશા વ્યક્ત કરી હતી અને વિશેષમાં જણાવ્યું હતું કે આ સંઘે ગત વર્ષ દરમિયાન ધર્મ, કોમ કે જ્ઞાતિના ભેદભાવથી પર રહીને જનતાની મુશ્કેલીઓ હળવી કરવા અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી હતી અને પાર પાડી હતી. ત્યાંનો યુવક સંઘ જે રાષ્ટ્રીય શાળા ચલાવી રહ્યો છે તેમાં બનતી મદદ કરવા એકત્ર થયેલા સભાજનોને તેમણે અનુરોધ કર્યો હતો. અન્ય વક્તાઓએ સમયોચિત ભાષણો કર્યાં હતાં અને પ્રમુખશ્રીએ સમગ્ર પ્રસંગનો યોગ્ય ઉપસંહાર કર્યો હતો. એ પ્રસંગના અનુસંધાનમાં ત્યાંના વિદ્યાર્થીઓએ આજના સમાજના સળગતા પ્રશ્નોને સંવાદ રૂપે ગુંથી આકર્ષક રોચક શૈલીમાં ત્યાંની જનતા સમક્ષ રજુ કર્યા હતા.

પરમાનંદ

# 'સૌરાષ્ટ્ર તરફ દૃષ્ટિ'–અંગત ખુલાસો

પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થતા લેખો કે નોંધો સામાન્યતઃ લેખકની સહી સાથે જ પ્રગટ થાય છે અને તે લેખ યા નોંધમાં રજુ કરવામાં આવેલા વિચારોની મુખ્ય જવાબદારી મૂળ લેખકની જ રહે છે. વળી પ્રબુદ્ધ જૈનના તંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ હોઇને પ્રબુધ્ધ જૈનમાં જે કાંઇ પ્રગટ થાય તેની ઔપચારિક (technical) જવાબદારી તો તેમની જ ગણાય. એમ છતાં પણ પ્રબુધ્ધ જૈનનું વાસ્તવિક સંચાલન પ્રારંભથી હું જ કરી રહ્યો છું તેથી પ્રબુધ્ધ જૈનમાં જે કાંઇ પ્રગટ થાય તેની મુખ્ય જવાબદારી તે તે લખાણના લેખકોની હોવા છતાં પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થયેલ કોઇ પણ વિષયની ચર્ચા કે પર્યાલોચનાને સામાન્યતઃ મારૂં અનુમોદન છે એમ પ્રબુદ્ધ જૈનના વાંચકો માને એ તદ્દન સ્વાભાવિક છે. આ જ દૃષ્ટિએ પ્રબુદ્ધ જૈનના 'ગતાંકમાં સૌરાષ્ટ્ર તરફ દૃષ્ટિ' એ મથાળા નીચે શ્રી જટુભાઇ મહેતાની સહી નીચે પ્રગટ થયેલી નોંધમાં કરવામાં આવેલી રજુઆત અને તેમાંનાં કેટલાંક વિધાનોને પણ મારૂં અનુમોદન છે એવી માન્યતા ઉભી થવાનો પુરો સંભવ છે. આમ લાગવાથી આ ખુલાસો લખવાની મને અગત્ય ભાસી છે.

સામાન્યતઃ પ્રબુદ્ધ જૈનમાં પ્રથટ થતું દરેક લખાણ મારી આંખ નીચેથી પસાર થાય છે અને તેથી એક યા બીજા કારણે જે લખાણ મને પસંદ ન પડે યા યોગ્ય ન લાગે તે કાં તો સુધરાવવામાં આવે છે અથવા તો પ્રગટ કરવામાં આવતું નથી. પણ ગતાંક તૈયાર કરવાના સમયે મારે અચાનક નાગપુર જવાનો સંયોગ ઉભો થયો અને લખવા ધારેલી નોંધો તૈયાર કરવા માટે અવકાશ ન રહ્યો અને જેમ થોડા સમય ઉપર હું ભાવનગર ગયો હતો અને પ્રબુદ્ધ જૈનમાં ખુટતી લેખ-સામગ્રી પુરી કરવાની જવાબદારી મારા સહકાર્યકર્તા શ્રી જટુભાઇ મહેતાએ મારી વિનતિથી સ્વીકારી હતી તે જ રીતે આ વખતે પણ ખુટતા લખાણની એક યા બીજી રીતે પુરવણી કરવાનું કામ શ્રી જટુભાઇને સોંપીને હું નાગપુર ગયો અને ગતાંકની સામયિક નોંધો તેમણે લખી, જેમાં ઉપર જણાવેલી નોંધ 'સૌરાષ્ટ્ર તરફ દૃષ્ટિ'નો પણ સમાવેશ થયો. મારી ગેરહાજરીમાં તેમણે મારૂં આટલું કામ સંભાળ્યું તે માટે તેમનો હું રૂણી છું. વળી પ્રસ્તુત નોંધમાંનું નિરૂપણ તેમની અંગત માન્યતાઓ અને માહીતીને પુરા વફાદાર રહીને કરવામાં આવ્યું છે એમ પણ મારે જણાવવું જ જોઇએ. આમ છતાં પણ સૌરાષ્ટ્રની વર્તમાન પરિસ્થિતિથી હું પણ મારી જાતને ઠીક ઠીક વાકેફગાર માનું છું. વળી થોડા સમય પહેલાં હું કાઠિયાવાડમાં વીશેક દિવસ ફરી આવ્યો હોઇને તેમજ કાઠિયાવાડના પ્રધાનમંડળની દરેક સભ્ય સાથે મને પોતાને ઓછો કે વધતો પણ સીધો સબંધ હોઇને મારી માન્યતા ઠીક ઠીક માહીતીના પાયા ઉપર રચાયલી છે એમ હું ધારૂં છું. આ રીતે હું સૌરાષ્ટ્ર વિષે જે કાંઇ જાણું છું અને સમજું છું તે ધોરણે વિચારતાં શ્રી જટુભાઇની નોંધમાં કરવામાં આવેલાં કેટલાંક વિધાનો મને વ્યાજબી લાગ્યાં નથી. દાખલા તરીકે તેઓ જણાવે છે કે 'કેટલાક સ્વતંત્ર ઉમેદવારો પાસે ખોળો પાથરીને તેની જગ્યાનાં રાજીનામાં લેવાં પડયાં હતાં, મને આ ભારે અત્યુક્તિ લાગે છે. કેટલાક સ્વતંત્ર ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી તે પાછળ અવશ્ય આગ્રહભરી સમજાવટ હતી, પણ તેથી વિશેષ કશું જ નહોતું આવું મારૂં માનવું છે. ગઇ ચુંટણી દરમિયાન કોંગ્રેસને અસત્ય આચરણ કરવું પડયું છે એવો શ્રી જટુભાઇનો ગંભીર આક્ષેપ છે. અલબત્ત લોકશાસનના ધોરણે થતી ચુંટણીનું સ્વરૂપ જ એવું છે કે તેમાં કોઇ પણ પક્ષ અત્યુક્તિના દોષથી દૂર રહી શકતો નથી. પ્રસ્તુત ચુંટણી દરમિયાન કોંગ્રેસના પક્ષના આગેવાનોએ આવી જુઠો નથી જ કરી એમ હું ન જ કહી શકું, એમ છતાં પણ સમગ્રપણે વિચારતાં કોંગ્રેસ સામે આવો આક્ષેપ ઘણો વધારે પડતો છે એમ મારો જાત-અનુભવ કહે છે. વળી સૌરાષ્ટ્રના પ્રધાનમંડળની પુનરરચનાનો પ્રશ્ન ચર્ચતાં શ્રી જટુભાઇ જણાવે છે કે "સૌરાષ્ટ્રના કેટલાક જવા-બદાર કોંગ્રેસ આગેવાનો અને પ્રથમ કક્ષાના પ્રધાનો જેવા આગેવાનો શ્રી ઢેબરભાઇને વડા પ્રધાનપદેથી ખસેડવાને યુક્તિપ્રયુક્તિઓ કરી રહ્યા હોવાના વિશ્વાસપાત્ર સમાચારો મને મળી રહ્યા છે. આ સમાચારો જો સાચા હોય તો આપણે શરમાવું જોઇએ." આ વિધાનમાં આજના પ્રધાનો ઉપર કરવામાં આવેલો આક્ષેપ મારી અંગત માહીતી મુજબ કેવળ બીનપાયાદાર છે અને શ્રી જટુભાઇ 'આ સમાચારો સાચા હોય તો' એમ જ્યારે જણાવે છે ત્યારે તેમને મળેલા સમાચારો તેમની દૃષ્ટિએ પણ પુરા 'વિશ્વાસપાત્ર' નથી એમ અનુમાન કરવાને સહજ કારણ મળે છે. મેં અન્ય સર્વ પ્રધાનોમાં શ્રી ઢેબરભાઇ પ્રત્યે અનિર્વચનીય વફાદારી અને સદ્ભાવનિષ્ઠા જોઇ છે.

સૌરાષ્ટ્રના અલગ રાજ્યતંત્રને તેમણે મુંબઇ પ્રાન્ત સાથે તુરતમાં જોડી દેવાનો પોતાની નોંધમાં આગ્રહ કર્યો છે. મારો અંગત અભિપ્રાય એવો છે કે જ્યારે હિંદના અન્ય પ્રાંતોની પુનરૂરચના કરવાનો પ્રસંગ આવે અને મુંબઇ પ્રાન્તથી મહારાષ્ટ્ર અને ગુજરાત બન્ને છુટા પડે ત્યારે સૌરાષ્ટ્રે ગુજરાતમાં જ સમાઇ જવું રહ્યું. પણ હાલ તુરત સૌરાષ્ટ્ર અલગ પ્રાન્ત તરીકે જ ચાલુ રહે અને પોતાના વિકાસ સાધે અને પોતાની ગુંચોનો ઉકેલ શોધી લે એમાં જ સૌરાષ્ટ્રનું વિશેષ શ્રેય રહેલું છે.

સૌરાષ્ટ્રની સરકારે ૧૨૪અ કલમ નીચે સરકારી તંત્રની ટીકા કરનારા બે અખબારના તંત્રીઓની કરેલી ધરપકડ સામે શ્રી જટુભાઇએ કેટલીક સખત ટીકા કરી છે અને ૧૨૪અ કલમનો જે સરકાર ઉપયોગ કરે તે સરકારને કોંગ્રેસના નામ નીચે જીવવાનો કોઇ અધિકાર નથી એમ તેમણે જણાવ્યું છે. જે બાબતો વિષે કોર્ટમાં કામ ચાલી રહ્યું હોય તેની યોગ્યાયોગ્યતા વિષે ચર્ચા કરવી એ વ્યાજબી નથી, પણ કોઇ પણ અખબારતંત્રી ગમે તેવાં લખાણો લખે તો પણ કોઇ પણ સંયોગોમાં ૧૨૪અ કલમનો કોઇ પ્રજાકીય સરકાર ઉપયોગ કરી શકે જ નહિં આ માન્યતા મને સ્વીકાર્ય નથી. અંગ્રેજી રાજ્ય દરમિયાન ૧૨૪ અ. કલમ સામે આપણે વાંધો ઉઠાવતા હતા, કારણ કે અંગ્રેજ સરકાર પોતાની સ્થાપિત સત્તાને જાળવવા માટે ૧૨૪અ કલમનો અવારનવાર ઉપયોગ કરતી હતી અને આપણે એ સત્તાને મૂળમાંથી નાબુદ કરવા માંગતા હતા. આજે આપણી પોતાની સરકારને ટકાવી રાખ-વાનો આપણો હેતુ છે અને તે કારણે અમુક સંયોગોમાં ૧૨૪અ કલમનો ઉપયોગ પણ જરૂરી તેમ જ વ્યાજબી હોઇ શકે છે. અલબત્ત એ કલમનો ઉપયોગ અસાધારણ સંયોગોમાં અને અપ-વાદજનક કીસ્સાઓમાં જ થવો જોઇએ એ વિષે બે મત છે જ નહિ.

તેમની નોંધની પાછળના ભાગમાં ઝાલાવાડના કેટલાક શહેરોમાં આજે ૧૪૪મી કલમ લાગુ પાડવામાં આવી છે તે સામે શ્રી જટુભાઇ સખ્ત ટીકા કરે છે અને જણાવે છે કે "કોઇ હુલ્લડ કે હિંસા ફાટી નીકળવાનો લેશ પણ ભય ન હોય ત્યાં આ ગોઝારી અને ખુબ નિંદાયલી કલમનો ઉપયોગ કરી પ્રજાના શહેરી સ્વાતંત્ર્યના અધિકારને છીનવી લેવાનું પગલું કોંગ્રેસી શાસ-નને શરમાવે છે અને સૌરાષ્ટ્રના પ્રજાજનોને 'હીટલરશાહી'ની યાદ આપે છે." અલબત્ત કોઇ પણ સ્થળે ૧૪૪મી કલમ લાગુ પાડવી પડે એ દુઃખદ છે, પણ આજે જ્યારે જ્યાં ત્યાં અરાજકતાની આંધી ચઢી આવતી હોય ત્યાં આજની સરકાર પાસે તત્કાળ ૧૪૪ મી કલમ સિવાય બીજો કોઇ ઉપાય રહેતો નથી. ચુંટણી

દરમિયાન ઝાલાવાડમાં ખાસ કરીને વઢવાણ, ધ્રાંગધ્રા તેમ જ લીંબડીનું વાતાવરણ અત્યન્ત તંગ અને ક્ષુબ્ધ હતું અને એ પરિસ્થિતિ ત્યારપછી પણ ચાલુ રહી હતી. આજની ત્યાંની પરિસ્થિતિનો મને પુરો ખ્યાલ નથી, પણ જેના માથે સુલેહશાન્તિ જાળવવાની જવાબદારી છે તે ગૃહપ્રધાનને આજે ત્યાં જેમ ચાલે છે તેમ ચાલવા દેવામાં આવે તો હુલ્લડ અને હિંસા ફાટી નીકળવાનો ભય લાગ્યો હોય અને તેથી જ તે વિભાગો ઉપર ૧૪૪મી કલમ લાગુ પાડવાનું તેમણે યોગ્ય વિચાર્યું હોય એમ બનવા સંભવ છે. પણ ધારો કે ત્યાંની પરિસ્થિતિ ૧૪૪મી કલમ લાગુ પાડવા જેટલી તંગ ન હોય અને એમ છતાં પણ આવડા મોટા વિભાગ ઉપર ૧૪૪મી કલમ લાગુ પાડવામાં આવી હોય-- અને સૌરાષ્ટ્રમાં આજે આવું કાંઇક બની રહ્યું છે એમ મને લાગે છે એટલું તો મારે પણ કબુલ કરવું જ જોઇએ--તો સૌરાષ્ટ્રના ગૃહપ્રધાન વધારે પડતી સાવધગીરી, ભડક અથવા તો ચિન્તાવ્યાકુળતા દાખવે છે એમ વિચારીને તેમનો વિરોધ કરીએ પણ શ્રી જટુભાઇ જણાવે છે તેમ આપણે તેમને 'બેજવાબદાર' તો ન જ કહી શકીએ. સૌરાષ્ટ્રના આજના ગૃહપ્રધાનને હાથે કદિ કોઇ ભૂલ ન જ થાય, તેઓ જે કાંઇ કરે તે બરોબર જ હોય એવી તેમના વિષે હું કોઇ આંધળી શ્રદ્ધા ધરાવતો નથી, પણ તેમને પોતાની જવાબદારીનું પુરૂં ભાન છે અને તેઓ જે કાંઇ કરે છે તે પાછળ તેમની શુદ્ધ શ્રેયનિષ્ઠા હોય છે એવો તેમના વિષે મારો અંગત અભિપ્રાય અને અનુભવ છે.

કેટલીક બાબતો હકીકતમાં સાચી હોય છે પણ તે પાછળની ભૂમિકા વિષે મતભેદ હોય છે. દાખલા તરીકે સૌરાષ્ટ્રની છેલ્લી ચુંટણીમાં સમાજવાદી પક્ષે હરીફાઇમાં ઉભા નહિ રહેવાનું નક્કી કર્યું હતું અને તે મુજબ એ પક્ષ ચુંટણીમાં ઉભો રહ્યો નહોતો. આ હકીકત બરોબર છે, પણ તેમાં સમાજવાદી પક્ષે ભારે ઉદારતા દાખવી હતી એવો શ્રી. જટુભાઇ દાવો કરે છે એ મારા ગળે ઉતરતો નથી. શ્રી. જટુભાઇ સમાજવાદી પક્ષના હોઇને સમાજવાદી પક્ષ સૌરાષ્ટ્રની ચુંટણીમાં કેમ ઉભો ન રહ્યો એ સંબંધમાં તેમની પાસે વધારે પ્રમાણભૂત માહીતી હોવા સંભવ છે. પણ સૌરાષ્ટ્રમાં સમાજવાદી પક્ષ હજુ ઉગતો પક્ષ છે અને કોંગ્રેસ સામે આ વખતની ચુંટણીમાં નવો મોરચો ઉભો કરનાર મોટા ભાગે રજવાડી અને તાલુકદારી વર્ગ હતો અને સમાજવાદી પક્ષ કોંગ્રેસ સામે તાલુકદારી વર્ગ સાથે ઉભો રહે તો તેથી તાલુકદારી વર્ગને જ વધારે બળ અને નૈતિક પ્રતિષ્ઠા મળે તેમ હતું, જે સમાજવાદી પક્ષને જરા પણ ઇષ્ટ નહોતું અને આ કારણે જ સમાજવાદી પક્ષે આ ચૂંટણીમાં કોંગ્રેસ સામે ઉભો ન રહેતાં કોંગ્રેસને ટેકો આપ્યો હતો આવો મારો ખ્યાલ છે. અને શ્રી વીરચંદ શેઠ જેઓ પણ સામાજવાદી પક્ષના છે તેમની સાથેની વાતચીત ઉપરથી પણ હું આમ જ સમજ્યો છું. બાકી આ પક્ષવાદના યુગમાં કોઇ પણ એક રાજકીય પક્ષ અન્ય રાજકીય પક્ષ પ્રત્યે સમજણપૂર્વક ઉદારતા દાખવે એ સાધારણતઃ અસંભવનીય છે. અન્ય પક્ષ વિષે સુગાળવાપણું--આ આજના સર્વ રાજકીય પક્ષને લાગુ પડેલું ભયાનક દર્દ છે અને આ દર્દથી કોંગ્રેસ પણ મુક્ત નથી.

આ આખી ચર્ચાના પરિણામે હું કહું છું તે જ સાચું અને જટુભાઇએ કહ્યું છે તે બધું ખોટું એમ જણાવવાનો કે પુરવાર કરવાનો મારો હેતુ નથી. જ્યારે દેશના અમુક વિભાગ સાથે આપણા દિલનું કોઇ વિશિષ્ટ તાદાત્મ્ય હોય છે અને ત્યાં બનતી અવનવી ઘટનાઓ આપણા ચિત્ત ઉપર વિવિધ પ્રકારના ચલુ આઘાત પ્રત્યાઘાત પેદા કરતી હોય છે ત્યારે તટસ્થપણું આપણા માટે અશક્ય બને છે અને વાસ્તવિક પરિસ્થિતિનું સમ્યક્‌દર્શન પણ દુર્લભ બને છે. ચોતરફની પરિસ્થિતિને સૌ કોઇ પોતપોતાના ચષ્માથી નિહાળે છે અને તે સંબંધમાં પોતપોતાને મળતી અધુરી કે પુરી માહીતી ઉપરથી પોતાનાં નિર્ણયો બાંધે છે. વળી આ બાબતમાં આજનો પક્ષવાદ પણ એકને એક બાજુ તો અન્યને અન્ય બાજુ જાણ્યે અજાણ્યે ઢાળે છે. મારા પક્ષે મારે એટલું જ કહેવાનું છે કે મારી જાત પુરતી આટલી ચોખવટ જરૂરી છે એમ સમજીને આ નોંધ દુઃખ સાથે હું અહિં પ્રગટ કરૂં છું. આશા રાખું છું કે શ્રી જટુભાઇ મને બરોબર સમજશે અને પુરી સંભાળપૂર્ક લખાવા છતાં આ લખાણમાં કોઇ ઠેકાણે ક્ષતિ રહી ગઇ હોય તો તે માટે મને મિત્રભાવે દરગુજર કરશે.

**પરમાનંદ**

## ભાઇ મનસુખલાલ લાલનનો સ્વર્ગવાસ.

ભાઇશ્રી મનસુખલાલ લાલન જેઓ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કેટલાંક વર્ષો સુધી સભ્ય હતા અને આજથી ત્રણ વર્ષ પહેલાં પ્રમાણીક મતભેદના કારણે સંઘથી છુટા થયા હતા અને જેઓ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના સ્થાયી સમિતિના એક સક્રિય સભ્ય હતા. તેમના લગભગ ૫૫ વર્ષની ઉમ્મરે તા. ૨૯-૧૧-૪૮ રવિવારના રોજ નીપજેલ અકાળ અવસાનની ખબર આપતાં બહુ દિલગીરી થાય છે. સંઘમાં તેઓ સભ્ય હતા તે દરમિયાન તેમણે કેટલાક સમય સુધી સંઘના વાચનાલય અને પુસ્તકાલયનું કામ સમિતિના મંત્રી તરીકે સંભાળ્યું હતું અને કોન્ફરન્સની કેળવણી પ્રચાર સમિતિનું કામ તેઓ જીવનના અન્ત સુધી બહુ ખંતપૂર્વક કરી રહ્યા હતા. તેઓ અતિ નમ્ર અને ભાવનાશાળી સજ્જન હતા અને જૈન સમાજ માટે તેમના દિલમાં ઉંડો પ્રેમ હતો અને તે માટે થાય તે કરી છુટવાની તેમનામાં તમન્ના હતી. ધનજી સ્ટ્રીટમાં તેઓ એક છાપખાનું ચલાવતા હતા જેમાંથી તેઓ બહુ થોડા સમય પહેલાં જ છુટા થયા હતા. સાદું અને ધર્મપરાયણ તેમનું જીવન હતું અને મીલનસાર અને પ્રેમાળ તેમનો સ્વભાવ હતો. તેમના મિત્રોને તેમજ સહકાર્યકર્તાઓને તેમના અવસાનથી એક મોટી ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને પરમ શાન્તિ મળો એ જ પ્રાર્થના! **પરમાનંદ**

## જયપુર કોંગ્રેસ અધિવેશન

( અનુસંધાન પૃષ્ઠ ૪૧૨ નું ચાલુ. )

એકેક એક પ્રવૃત્તિનું કેંદ્ર છે એમ સમજીને થાય. ત્યાં ખુલ્લા અધિવેશનમાં પ્રવેશ ફી જ ન હોય. ન તો ખુલ્લા અધિવેશન માટે મંડપ કે એવું કશું હોય. અને આવી ઠંડીના વખતમાં તો અધિવેશન ન જ ભરાવું જોઇએ. આ બધા ખ્યાલથી જ ગામડિયાને કેળવવા, તથા કોંગ્રેસનો અવાજ ગામડા સુધી પહોંચાડવા માટે જ તો કોંગ્રેસનું અધિવેશન ગામડાંઓમાં ભરવા પૂજ્ય બાપુજીએ સૂચવેલું એ પ્રમાણે હરિપુરાનું અધિવેશન એ એક આદર્શ અધિવેશન હતું. કોંગ્રેસે જેટલું ખર્ચ્યું તેટલું જ નહિ પણ તેથી વધરે આવક થઇ. અને છતાં બધું જ કેટલું સરતું? મને પોતાને તો જરાય શંકા નથી કે આવા અધિવેશનોથી પ્રજા કેળવાય છે. જો કે હું જાણું છું કે આ અધિવેશન પછી એક એવી હવા વહેતી થઇ છે કે આવાં અધિવેશનની હવે જરૂર નથી. પણ આપણે એ વાત છેડીએ. કારણ એ પ્રશ્નોનો નિર્ણય હું કે તમે નથી કરવાના.

આમ મેં તો ૧૫ મીએ જયપુર જવાનો ઓચિંતો નિર્ણય કર્યો અને જઇ આવ્યા પછી હું પોતે તો જરૂર કહી શકું કે એ પાવનકારી પર્વમાં સામેલ થઇને હું તો પાવન જ થઇ આવ્યો છું અને ત્યાં આવનાર સૌ કોઇ આવી જ લાગણી અનુભવતું હશે એમ હું ધારૂં છું.

**કાન્તિલાલ પારેખ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૧૮

મુંબઈ: ૧૫ જાનેવારી ૧૯૪૯ શનીવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## જૈનો શું હિન્દુ નથી?

રસ્તે ચાલતાં કોઇ પણ જૈનને જો ઉપરોક્ત પ્રશ્ન પૂછવામાં આવે છે તો તે તરત જ "શું ત્યારે અમે મુસલમાન છીએ?" એમ કહી સહેજે રોષપૂર્વક પ્રતિકાર કર્યા સિવાય રહેતો જ નથી. એ બતાવે છે કે જૈનસમાજ હિંદુસમાજ સાથે સંલગ્ન જ નહી પણ કેવળ એકમેકરૂપે જ વણાઇ ગયો છે. જો કે ધાર્મિક સંપ્રદાયની દૃષ્ટિએ જૈન સમાજે એક પ્રકારનું વિશિષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને છેલ્લાં થોડા વર્ષોથી વસ્તીપત્રકમાં પણ એની જુદી નોંધણી કરવામાં આવે છે, એ છતાં બીજી બધી જ રીતે એ હિંદુસમાજ જ છે. વ્યવહારીક, સામાજિક, આર્થિક તથા આચારવિષયક બાબતો ઉપરાંત સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ એ હિંદુસમાજનું જ અવિભકત અંગ છે. હજુ ગઇ કાલ સુધી અને કેટલાક પ્રસંગોમાં આજે પણ અન્યપંથીઓ સાથે એનો રોટી-બેટીનો વ્યવહાર પણ ચાલુ છે. આચારવિચાર તથા માન્યતાભેદને કારણે જે થોડું ઘણું અંતર જણાય છે તે પણ શ્વેતાંબર મૂર્તિપૂજક અને સ્થાનકવાસી સંઘ વચ્ચેના અંતરથી વધારે દીસતું નથી.

એક કુટુંબમાં પિતાની વિચારસરણી એક હોય, માતાની બીજી હોય, પુત્રની ત્રીજી અને પત્નીની વળી જુદી હોય છતાં એથી એ બધા એકજ અવિભકત કુટુંબનાં અંગ મટી જતા નથી; કયારેય એમને પોતે એકબીજાથી અલિપ્ત છે એવો વિચાર સુદ્ધાંય આવતો નથી. તેવી જ રીતે સાંપ્રદાયિક દૃષ્ટિએ એકની વિચારસરણી એક હોય અને બીજાની વળી જુદી હોય એથી એ એક જ પ્રજાના અંગો મટી જતા નથી. સમાનવર્ણ-રૂપ-શરીર-રચના-જીવન જીવવની આચારવિષયક બાબતો-વિચારો-ટેવો-જીવનની ઘરેડ અર્થાત્ સંસ્કૃતિ જેમની સમાન છે એવી વ્યકિતઓનો સમુહ એક જ વિશાળ સમાજ બને છે, જેને સામાન્ય રીતે 'હિંદુ' નામાભિધાનથી બોલાવવામાં આવે છે.

વસ્તુસ્થિતિ આમ હોવા છતાં કેટલીક અગ્રગણ્ય જૈન વ્યક્તિઓએ થોડા સમયથી 'અમે જૈનો હિંદુ નથી" એવો સુર કાઢવા માંડયો છે. જોકે એની પાછળનો આશય હિંદુસમાજને લાગુ પડતા 'હરિજન મંદિર પ્રવેશ' તથા 'ધર્માદા ટ્રસ્ટફંડ' જેવા કાયદાઓમાંથી મુક્તિ મેળવવાનો અને એ રીતે અલગતાવાદ ઉભો કરી ચાલી આવેલી પ્રણાલિકાઓને ટકાવી રાખવાનો હશે, પણ પ્રશ્ન એ ઉદ્ભવે છે કે હિંદુઓથી અલગ પડીને કદાચ એ કાયદામાંથી આજે આપણે મુક્તિ મેળવી શકીશું, પણ કાલે સરકાર એક અલગ કોમ તરીકે આપણુને પણ એ કાયદો લાગુ નહિ જ પાડે એની શી ખાત્રી? બાકી રહી રહીને સેંકડો વર્ષોના ગાળા બાદ કલ્પેલા અલ્પ લાભને ખાતર વિશાળ કુટુંબથી છૂટાછેડા લેવા એ તો ચણા ખાતર કલ્લી કાઢી આપવા જેવી વાત કહેવાય. અને તેમાંય કલ્લી કાઢી આપવા છતાંય ચણાની આશા ફળશે કે કેમ એ કોણ કહી શકે એમ છે? કાયદાના ગુણદોષ વિચારી અયોગ્ય જણાય તો કાયદાનો વિરોધ કરવો એ ન્યાયી વસ્તુ ગણાય, પણ કેવળ આપણા જ સ્વાર્થનો વિચાર કરી હિંદુસમાજને છેહ દેવો એ તો આપણામાં રહેલી સાંપ્રદાયિક સંકીર્ણતા જ વ્યકત કરે છે. વિશાળ સમાજને છેહ દેનાર કાલે દેશને પણ છેહ કેમ નહી દે એવો અવિશ્વાસ જ્યારે વિશાળ સમાજ જૈનસમાજ માટે ધરાવતો થશે ત્યારે આપણી કેવી દશા હશે એનો હું માનું છું કે સમાજના સૂત્રધારોએ વિચાર નહિ કર્યો હોય.

અંગતસ્વાર્થ અને મનની સંકુચિત ભાવનાને અંગે ઉભો કરેલો આવો અલગતાવાદ એ પાકિસ્તાને વહેતા કરેલા દ્વિરાષ્ટ્રના સિધ્ધાંતની ઝેરી અસરનું જ પરિણામ છે અને તેમાંય પાકિસ્તાને મેળવેલી બાહ્ય સિદ્ધિ પછી તો અલગતાવાદથી જ ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થવી શકય છે એવી ઉંડે ઉંડે બંધાયેલી શ્રધ્ધાથી એને ઉલટું પોષણ પણ મળતું રહ્યું છે. અંગત સ્વાર્થ અને મનની સંકુચિત ભાવનાનું અલગતાવાદ સર્જન છે. એમાંથી જ સંપ્રદાયવાદો, જાતિવાદો વિ. પ્રગટયા હતા. પણ પૂજ્ય બાપુજીના આગમન પછી આપણા વિચાર અને બુદ્ધિમાં જે નવસર્જન થયું તેના પરિણામે વાડાબંધીઓ તૂટવા લાગી હતી અને માનવસમાજ એક કૌટુંબિક ભાવનાને પોષતો થયો હતો. આવા સમયે પાકિસ્તાને દ્વિરાષ્ટ્રનો જે સિધ્ધાંત વહેતો કર્યો તેની કાતિલ અસરમાં આપણે એવા સપડાઇ રહ્યા છીએ કે આજે એ અલગતાવાદ પ્રાંતીયવાદના વર્ગવાદ વિ. નવા લેબાસ રૂપે આપણને આકર્ષી રહ્યો છે અને જેમાં જનતાનો બુદ્ધિશાળી વર્ગ-ખુદ મહાત્માજીનો કટ્ટર અનુયાયી હોવાનો દાવો કરનાર વર્ગ પણ-ખુંપી ગયો છે એટલું જ નહી પણ એ પોતાની બુદ્ધિનો ઉપયોગ પણ એના સમર્થન પાછળ ખર્ચી રહ્યો છે. માનવબુધ્ધિ જ્યારે અંગત લાભને જ નજર સમક્ષ રાખે છે ત્યારે અન્યને થના કષ્ટને કે હાનિને એ વિચારતો નથી. અને એથી એ જોકે એકંદર રીતે પોતાને જ હાનિ કરે છે છતાં એ જીદ છોડતો નથી. એ જીદના પરિણામે ભારતવર્ષે અપાર યાતનાઓ ભોગવી છે અને જેની અસર સેંકડો વર્ષો સુધી યે ભુલી શકાય એમ નથી. છતાં એનો બોધપાઠ લેવાને બદલે આપણે એ બાજુએ જ ધસી રહ્યા છીએ એ પણ કાળની એક બલિહારી જ છે.

જૈન નેતાઓના દિલમાં સૂચિત કાયદામાંથી બચી જવા સિવાયનો બીજો કોઇ વિકલ્પ નહી હોય અને એથી એના ભાવી પરિણામે નીચે કલ્પના એમને નહી ઉડી હોય એમ માની લઇએ તો પણ વર્ણ, જાતિ કોમ એ શું છે. એનો વિચાર તો એમણે કરવો જ જોઇતો હતો. તો હવે આપણે વર્ણ, કોમ, જાતિ વિષે વિચાર કરી લઇએ. ધર્મિક સાહિત્યની દૃષ્ટિએ જોઇએ તો જણાય છે કે મૂળે માનવ યુગલિક હતો. ત્યારે નહતો ધર્મ, ન હતી જાતિ કે ન હતો વર્ણ. ઉચ્ચ નીચના ભેદો પણ ન હતા. માનવમાત્ર સમાન અધિકાર ભોગવતા. ઐતિહાસિક દૃષ્ટિએ પણ એવી જ

વસ્તુ જણાય છે. ત્યારે માનવ જંગલી હતો અને રખડુ જીવન જીવતો. ટોળાબંધીમાં એ રહેવા ટેવાયલો ન હતો. યુગો જતાં એ ટોળાબંધીમાં રહેતાં શીખ્યો હતો. એવી જે અનેક જુદી જુદી ટોળીઓ બંધાયેલી તેમને ઇતિહાસકારોએ આર્ય, હબસી, મોંગોલિયન, રેડ ઇન્ડીયન આદિ ૫-૭ જાતિઓ રૂપે વર્ણવી છે. એ બધી જાતિઓ શરીરની રચના, વર્ણ તથા મુખાકૃતિઓને અંગે એક બીજાથી જુદી પડતી હતી. આવી અસમાનતા મુખ્યતયા ભાગોલિક કારણ તથા આબોહવાને અંગે નિર્માણ થઇ હતી. આ ટોળીઓ માંહેની આર્યજાતિના પ્રવાહો ભારતમાં વહેવા શરૂ થયા ત્યારે અહીંની મૂળ જાતિઓએ તેમની સામે માથું ઉંચક્યું હતું. પણ આર્યો બળવાન અને વ્યવસ્થિત હોઇ અહીંની મૂળ જાતિઓનો પરાભવ થયો. આર્યો કદાવર ગૌરવર્ણના અને ઉંચા હતા. અને અહીંના વતનીઓ શ્યામ અને ઠીંગણા હતા, જેથી વર્ણ એટલે રંગ ઉપરથી બે વિભાગો અસ્તિત્વમાં આવ્યા જે આર્ય અને દસ્યુ નામે ઓળખાયા. પાછળથી બધા એક જ ધર્મધ્વજ નીચે આવી ઉભા. આર્યો અને દસ્યુઓની સંસ્કૃતિ એકમેક સાથે વણાઇ ગઇ. એકબીજાના દેવો એકમેકને સ્વીકાર્ય થયા. આમ જે નવવ્યવસ્થા નિર્માણ થઇ તેમાંથી ધંધાદારી વિભાગને નામે ચાતુર્વર્ણ્યવ્યવસ્થા આગળ આવી. આર્યોએ જમાવેલી પ્રભુતા અને જાહોજલાલીથી આકર્ષાઇ શક, હૂણ, ગ્રીક, પાર્થીઅન આદિ બીજી પણ અનેક આર્ય જાતિઓએ ભારત પર પગદંડો જમાવવા પ્રયત્ન કરેલો. પણ એમાં એ બહુધા સફળ ન થઇ શકયા. એ પાછળની આર્ય જાતિઓ સભ્યતા અને સંસ્કૃતિમાં પછાત હોઇ મૂળ આર્યોએ તેમને મ્લેચ્છ-અનાર્ય કહી તિરસ્કાર્યા હતા. આવી રીતે સંસ્કારિતાની દ્રષ્ટિએ આર્ય અને મ્લેચ્છ એવા વિભાગો પણ અસ્તિત્વમાં આવ્યા હતા. સારાંશ એ કે શરીરરચના, વર્ણ, ધંધો, દેશ તથા સંસ્કારિતાને અંગે જાતિઓ ઉભી થઇ છે, પણ ધર્મને નામે ભાગ્યે જ એવી કોઇ જાતિ અસ્તિત્વમાં આવી હશે.

ભિન્ન ભિન્ન પરિસ્થિતિ વચ્ચે માર્ગ કાઢવાનું કામ ધર્મનું છે. પણ જીવનનું ઘડતર તો ભૌગોલિક રચના, પ્રદેશ, આબોહવા ને બાહ્ય પરિસ્થિતિએ નિર્માણ કરેલા સંયોગોમાંથી જ થાય છે. એવા જુદા જુદા ઘાટના ઘડતરો જ ભિન્ન ભિન્ન જાતિઓ બની રહે છે. ધર્મ પણ એવા સંયોગોનું જ પરિણામ હોય છે. અહિંસા-તપપ્રધાન જૈનધર્મ એ ભારતની આબોહવાનું જ પરિણામ છે. એસ્કિમોના દેશમાં જૈન ધર્મ ન ટકી શકે, ન નીપજી શકે. આ ઉપરથી સમજાશે કે જાતિને ધર્મ નથી ઘડી શકતો. જાતિ અન્ય વસ્તુઓ ઉપર આધાર રાખે છે. એથી જ્યારે કોઇ એમ કહે કે અમારી જાતિ અમુક છે એનો અર્થ એજ થયો કે એની જાત પાછળ ધર્મનો આધાર નથી પણ એના બાહ્યસંયોગોનો છે.

ધર્મને નામે કોમ ઘડાતી હોત તો મુસ્લીમ, ખ્રીસ્તી, બૌદ્ધ કે હિંદુધર્મ પાળનારી બધી કોમો એક એક સ્વાધીન કોમ બની રહેત. પણ આપણે જોઇએ છીએ કે એકજ ધર્મ પાળનારી દેશદેશની કોમો વચ્ચે સ્વભાવ, આચારવિચાર, પોશાક, ટેવો આદિમાં આસમાન જમીનનું અંતર હોય છે. આમ જ્યારે કોમની રચના પાછળ ધર્મ મુખ્ય કારણ નથી પણ બીજા અનેક કારણો છે. એવા સમાન સંયોગો જેમને લાગુ પડે છે એવા બધા જ વર્ગો-ધર્મે ભિન્ન હોવા છતાંય એક કોમ બની રહે છે અને એ દૃષ્ટિએ કહેવાતા જૈનો કે કહેવાતા હિંદુઓ એક જ કોમ છે.

કેવળ ‘હિંદુ’ શબ્દની દૃષ્ટિએ વિચાર કરીએ તો હિંદના રહેવાસીઓ હિંદુ જ છે. મૂળે તો આ દેશનું નામ ભારતવર્ષ-ભારત કે આર્યાવર્ત. એના રહેવાસીઓ આર્ય કે ભારતીય કહેવાય છે. પણ ઇ. સ. પૂર્વે ૩૨૩ માં મહાન સિકંદરે આ દેશ ઉપર ચડાઇ કરી ત્યારે માર્ગ રોકીને બેઠેલી વિશાળ સિન્ધુ નદીને ગ્રીકોએ ‘ઇન્ડુ’ નામ આપ્યું, જેના ઉપરથી આ દેશ ‘ઇન્ડીયા’ અને રહેવાસીઓ ‘ઇન્ડીયન્સ’ કહેવાવા લાગ્યા. મુસ્લીમ આક્રમણકારોએ સિન્ધુનો ઉચ્ચાર ‘હિન્દુ’ કર્યો અને આ દેશને તેમણે હિંદુસ્તાન નામ આપ્યું. લોકો ત્યારથી હિન્દુ સંજ્ઞા પામ્યા. ત્યારે હિંદુસ્તાનમાં જૈન-બૌદ્ધ અને વેદ આર્ય ધર્મની ત્રણે મુખ્ય શાખાઓ તેના પૂર્ણ રૂપમાં વિકસી ચૂકી હતી. સમય જતાં બૌદ્ધ ધર્મ હિંદમાંથી અસ્ત થયો ને જૈન ધર્મ ક્ષીણ બનતો રહી બહુજ અલ્પ સંખ્યામાં મર્યાદિત બની રહ્યો. પરિણામે હિંદુઓ તરીકે મુખ્યતયા વૈદિકો જ રહ્યા. અને તેથી હિંદુ એટલે વૈદિકધર્મી એવો એકાર્થવાચી શબ્દ લોકજીભે રમતો થયો. અને પાછળથી મુસ્લીમો-ખ્રીસ્તીઓ વિ. જે કોમો આ દેશમાં આવી વસી હતી તે કોમો આ દેશને પોતાનો દેશ માની શકી નહી. તેમણે પોતાની માતૃભૂમિ તરીકે પોતાની માતૃભૂમિ અરબસ્તાન કે પોતાના મૂળ વતનને જ નજર સમક્ષ રાખ્યું. આજે હવે જ્યારે નવો યુગ આવ્યો છે ત્યારે એ અતોભ્રષ્ટ-તતોભ્રષ્ટ કોમોને આ દેશને પોતીકો દેશ માની ‘હિંદી’ તરીકેનું અભિમાન રાખવા ‘હિંદી’ શબ્દ આપવો પડયો છે. એક દેશનેતાએ થોડા વખત પર જ કહેલું કે હવે ‘મુસ્લીમો-ખ્રીસ્તીઓ-જૈનો વિ.એ આ દેશને પોતાનો માની હિંદી તરીકે અભિમાન લેવું જોઇએ.’ ત્યારે મને વિચાર આવેલો કે શું જૈનો પણ મુસ્લીમો ખ્રીસ્તીઓની જેમ કોઇ પરાઇ ભુમિમાંથી આવેલાં છે કે તેમને પણ હવે હિંદી તરીકેનું અભિમાન લેવાનો પાઠ શીખવવો પડે છે? જેઓ બહારથી આવ્યા છે અને આ દેશને પોતાનો કરી શકયા નથી તેમને માટે ‘હિંદી’ શબ્દની યોજના બરાબર હશે પણ જૈનો તો આ દેશના જ વતની છે અને આર્ય-ભારતીયની જેમ હિંદુઓ જ છે. ઐતિહાસિક પરિભાષામાં કહીએ તો આજના હિંદુઓ જે મૂળે આર્યોરૂપે બહારથી આવેલા તે તો પાછળથી બનેલા હિંદુઓ છે જ્યારે જૈનો તો અસલ વતની હોઇ પ્રથમ અને સાચા હિંદુઓ જ છે. હિંસક યજ્ઞની ભાવના લઇને આવેલા આર્યોની સામે અહિંસક સંસ્કૃતિવાળી જે પ્રજાએ મથુરાના મેદાનમાં સામનો કર્યો હતો તે જૈનપ્રજા જ હશે એમ પ્રો. રાધાકૃષ્ણન આધાર આપે છે.

ધર્મ અને જાતિ ભિન્ન વસ્તુ છે. હિંદી મુસ્લીમોને મક્કામાં યાત્રા અમલદાર પૂછે છે કે તમારો ધર્મ શો? મુસ્લીમ જવાબ દે છે મુસ્લીમ. અમલદાર પૂછે છે તમારી જાતિ કઇ? જવાબ મળે છે મુસ્લીમ. અમલદાર ત્રાડી ઉઠે છે કે બેવકુફ ધર્મ મુસલમાન પણ જાતિ કઇ? મુસ્લીમ બાઘાની પેઠે ઉભો રહે છે ને અમલદાર જાતિના ખાતામાં હિંદુ લખી જવા દે છે. આ રીતે હિંદુ જાતિ-વાચક શબ્દ છે. એને ધર્મવાચક બનાવી આપણે મહાન ગોટાળો ઉભો કર્યો છે.

અંતમાં જણાવવાનું જે “જૈનો હિંદુઓ જ છે એવું વિધાન કરી” સમાજના અગ્રણીઓ થયેલી ભૂલ સુધારી લેશે. અને ફરી સ્પષ્ટ કરશે કે હિંદુ એટલે વેદધર્મી જ નહી. જેટલા બ્રાહ્મણપંથીઓ હિન્દુ છે તેટલા જ શ્રમણ પંથીઓ પણ હિન્દુઓ જ છે. બાકી હિંદુઓમાં વેદધર્મીઓની સંખ્યા અત્યંત વધી જવાથી હિંદુઓ તરીકે મરી જવું એ તો કેશરીયાજી કે સમેતશિખરમાં જૈનેતર ભકતોની વિપુલ સંખ્યા ભાળી એ તીર્થસ્થાનોમાંથી ભાગી નીકળવા જેવું નામોશીભર્યું કામ છે એટલું જ નહિ આપણા પોતાના અસ્તિત્વ માટે પણ ખતરનાક છે.

**રતિલાલ મફાભાઇ શાહ**

## પુસ્તક પહોંચ

### મૃદુભાષિણી અહિયારણ

ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ ટ્રસ્ટ સ્થાપિત સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્યની પ્રથમ શ્રેણીના છઠ્ઠા પુષ્પ તરીકે આ પુસ્તક અમને મળ્યું છે જેના લેખ શ્રી મુળજીભાઇ પી. શાહ છે. તેની છુટક નકલની કીંમત રૂા. ૩) છે અને આ શ્રેણીના છ પુસ્તકોના સેટની કીંમત રૂા. ૧૦॥= છે અને એવા બે સેટની એક સાથે ગ્રાહક થનારને રૂા. ૧૯। પડે છે. પુસ્તક મળવાનું ઠેકાણું:-મહાજન ગલી, રાવપુરા વડોદરા છે.

તંત્રી.

# જૈન ધર્મ—જૈન સમાજ: હિંદુ ધર્મ—હિંદુ સમાજ

'હિંદુ સમાજ અને હિંદુ ધર્મ' એનો અર્થ 'વૈદિક સમાજ' અને વૈદિક ધર્મ' એવો જો હોય તો જૈન સમાજ અને જૈન ધર્મ તેમાં સમાવેશ પામી શકે નહીં; પણ વસ્તુતઃ એવો અર્થ છે જ નહીં. ટૂંકી દૃષ્ટિવાળા અને અણુસમજુ લોકો ભલે વ્યવહારમાં ક્યારેક ક્યારેક એવો અર્થ માની લે અને તેથી જૈન લોકો એ અર્થથી ભડકી પોતાને જુદા કહે, પણ તે કાંઇ વાસ્તવિક સ્થિતિ નથી. અણસમજ કે ભ્રમથી જે ધારણાઓ બંધાય છે કે પ્રચલિત થાય છે તેને આધારે વસ્તુસ્થિતિનું નિરૂપણ થઇ શકે નહીં. ત્યારે હિંદુ સમાજ અને હિંદુ ધર્મનો ખરો, ઇતિહાસ-સિદ્ધ પરંપરાપ્રાપ્ત શો અર્થ છે એ તપાસવું રહ્યું. હિંદુ સમાજનો અર્થ એટલો જ છે કે હિંદુ ધર્મને અનુસરે તે હિંદુ સમાજ અને હિંદુ ધર્મ તે કે જેના સ્થાપક, તેમજ મૂળ પુરુષો આ દેશમાં-હિંદમાં થયા હોય, જેના અસલી તીર્થસ્થાનો આજ દેશમાં હોય અને જેનાં મૂળ શાસ્ત્રો તેમ જ પ્રમાણભૂત શાસ્ત્રો આ દેશની જૂની કે પછીના કોઇ પણ સરકૃત, પ્રાકૃત, દ્રાવીડીયન, તામીલ આદિ ભાષાઓમાં લખાયાં તેમ જ વિચારાયાં હોય, અને તે જ કારણે જે ધર્મ અને ઉક્ત ભાષાઓ પવિત્ર તેમ જ સર્વશ્રેષ્ઠ માનવાની ફરજ પડતી હોય. આ દૃષ્ટિએ જોતાં વૈદિક પરંપરાના બધા જ ધર્મો, તેમજ અવૈદિક પરંપરાના એટલે કે શ્રમણ આદિ પરંપરાઓના બધા જ ધર્મો, જેના પ્રવર્તક, તીર્થો અને શાસ્ત્રોના મૂળ આ દેશમાં જ છે તે બધા હિંદુધર્મમાં જ આવી જાય છે. એટલે બૌદ્ધ અને જૈન ધર્મ પણ હિંદુ ધર્મનો એક પેટા ભેદ છે, જેવી રીતે વૈદિક ધર્મ. આ જ કારણથી જ્યારે શ્રી. આનંદશંકર ધ્રુવે હિંદુ ધર્મનો બાળપોથી લખી ત્યારે વૈદિક, બૌદ્ધ અને જૈન એ ત્રણ ધર્મો વિષે લખ્યું અને પછી હિંદુ વેદ ધર્મ એ નામનું સ્વતંત્ર પુસ્તક લખ્યું જેમાં હિંદુ ધર્મની એક વેદશાખાને લઇ ધર્મ નિરૂપ્યો. તેમનો વિચાર આ પછી હિંદુ બૌદ્ધ ધર્મ અને હિંદુ જૈન ધર્મ એવા બે સ્વતંત્ર પુસ્તક લખવાનો હતો, જે અમલમાં આવી શક્યો નથી. ધ્રુવજીની એ દૃષ્ટિ બહુ વિચારપૂત છે. એને જેટલો ઇતિહાસનો આધાર છે તેટલો જ ધર્મની આંતરિક બાહ્ય બધી જ વસ્તુસ્થિતિનો પણ આધાર છે. તેથી હું આ જ અર્થ સ્વીકારૂં છું અને કોઇ પણ ખરો અભ્યાસી ભાગ્યે જ આથી જુદું કહેશે. જો જૈન ધર્મ એ વિશાળ હિંદુ ધર્મની એક શાખા કે ફાંટો જ છે તો પછી હિંદુ સમાજથી જૈન સમાજ જુદો છે એમ માનવાને કશો જ આધાર રહેતો નથી.

ક્યારેક દેશના નામથી તો ક્યારેક શાસ્ત્રના નામથી તો ક્યારેક ધર્મપ્રવર્તક પુરુષ કે તેના વિશેષ ગુણથી એમ અનેક રીતે એક સમાજથી બીજા સમાજનો ભેદ ઓળખાવવામાં આવે છે. હિંદુ સમાજ એ વ્યવહાર દેશસાપેક્ષ છે, જ્યારે વૈદિક, બૌદ્ધ કે જૈન એ વ્યવહાર વસ્તુસાપેક્ષ છે. હિંદુ શબ્દ મૂળે તો સિંધુ નદીનો સૂચક છે. જે પરદેશી લોકો શરૂઆતમાં સિંધુના પ્રદેશ સુધી આવ્યા તેમણે ત્યાં સુધીના કે તેના આસપાસના લોકોને પણ હિંદુ શબ્દથી વ્યવહાર્યા. જેમ 'બંગ લડે છે' એ વાક્યમાં 'બંગ' નો અર્થ બંગવાસી છે તેમજ 'હિંદુ' એટલે અમુક પ્રદેશના નિવાસીઓ એ અર્થ પણ છે. આગળ જતાં દેશાંતરમાં એજ હિંદુ શબ્દ વિશાળ અર્થમાં વ્યવહૃત થયો. મુસલમાનો સિંધુથી આગળ વધી શરૂઆતમાં દરિયા કિનારે કિનારે અને પછી અંદરના ભાગમાં જેમ જેમ વધતા ગયા તેમ તેમ તેમણે એ હિંદુ શબ્દ બધા જ પ્રદેશ માટે વાપર્યો અને આગળ જતાં અરબી સાહિત્યમાં હિંદુનો વિશાળ અર્થમાં ઉપયોગ થયો છે. આર્યાવર્તની સીમા પણ હમેશાં એકસરખી નથી રહી. ક્યારેક અફઘાનીસ્તાનમાં પણ આર્યો હતા. મુસલમાનોએ એ દેશનો કબજો લીધો અને એ દેશ મુસ્લીમ થઇ ગયો અને કાલની જ વાત છે કે જે સિંધુ ઉપરથી આપણે હિંદુ હોવાનો દાવો કરીએ છીએ તે સિંધુનો પ્રદેશ પણ હવે હિંદુસ્તાનમાં નથી. આ વસ્તુ એ સૂચવે છે કે નામ એ જ રહે છે પણ એની અર્થમર્યાદા વધે અને ઘટે છે. 'હિંદુ' શબ્દથી ઠેઠ પૂર્વમાં આસામ અને ઉત્તરમાં હિમાલય તેમજ દક્ષિણમાં કન્યાકુમારી એ બધો પ્રદેશ સમજાય છે, તે હિંદુસ્તાન કહેવાય છે. આ પ્રદેશમાં જે ઋષિઓ અને ધર્મપ્રવર્તકો થયા, તેમણે જે શાસ્ત્રો લખ્યાં કે વિચાર્યાં, જે તીર્થો બંધાયાં, તે બધાને એક શબ્દમાં કહેવાં હોય તો હિંદુ ધર્મ શબ્દથી જ કહી શકાય. હા, એ માટે બીજો પ્રાચીન શબ્દ છે અને તે આર્ય ધર્મ એ શબ્દ.

હિંદુધર્મને અનુસરનારી સેંકડો જાતિઓ હતી અને છે. તેના પેટા ભેદો પણ તેટલા જ છે. તે બધા ભલે પોતાને જુદાજુદા નામથી ઓળખાવે તેમ છતાં તે બધા જ મૂળે એક હિંદુ ધર્મના વર્તુળમાં આવે છે. અંદરોઅંદર તેમના આચાર કે વિચાર ગમે તેટલા ફંટાતા હોય તેમ છતાં તેમની અંદર એક અખંડ સંવાદિતાનો સૂર છે, જે સૂર તેમને ખ્રીસ્તી, ઇસ્લામ અને જરથોસ્તી ધર્મથી જુદા કરે છે. આ જ કારણે જ્યારે આપણે હિંદુધર્મ કહીએ છીએ ત્યારે હિંદુસ્તાનમાં જ અત્યારે લાંબા કાળથી રહેલા ખ્રીસ્તી, ઇસ્લામ કે જરથોસ્તી ધર્મને જુદા સમજીએ છીએ. આ દેશની અનેક જાતિઓ ખ્રીસ્તી થઈ, મુસલમાન થઇ પણ તેનું મુખ આર્યાવર્તને તીર્થ માનવા તરફ કે આર્ય ઋષિઓ અને શાસ્ત્રોને સત્કારવા તરફ છે જ નહીં. તે જ કારણે બધા હિંદુધર્મીઓ ખ્રીસ્તી ધર્મ અને ઇસ્લામ ધર્મથી ભડકે છે અને ખ્રીસ્તી ધર્મ તેમ જ ઇસ્લામ ધર્મ પણ હિંદુ ધર્મને ભક્ષ્ય લેખે છે. આ કારણથી આમની વચ્ચે સર્પનકુળ જેવું સ્વતઃ વેરનું માનસ ઘડાયેલું છે.

હવે સમાજ દૃષ્ટિએ વિચાર કરીએ. સમાજ અને ધર્મની મર્યાદા ક્યાંથી જુદી પડે છે એ એક પ્રશ્ન છે. મને લાગે છે કે જે જે આચાર અને વિચાર માત્ર ઐહિક જીવનમાં સમાતો હોય તે બધો સામાજિક વ્યવહારની મર્યાદામાં ગણાવી શકાય, અને જે આચાર કે વિચાર ઐહિક તેમજ પારલૌકિક હિતની દૃષ્ટિએ પ્રચલિત થયો હોય કે પળાતો હોય તે બધો ધાર્મિક મર્યાદામાં આવવો જોઇએ. સામાજિક વ્યવહારમાં જૈન સમાજને વૈદિક અને બૌદ્ધ સમાજ સાથે હમેશાં નિકટનો સંબંધ રહ્યો છે; હજી પણ સાવ તૂટયો નથી. સામાજિક કાયદાઓ અને વારસહક્ક કંઇ જૈન સમાજના જુદા નથી. જૈન ધર્મના કોઇ પણ પ્રવર્તકે પોતાને અનુસરનાર સમાજ માટે કોઇ પણ જાતના સામાજિક નિયમો ઘડયા જ નથી. વ્યવહારમાં જેમ બીજા પડોશીઓ રહેતા અને કરતા તેમ પોતાના અનુયાયીઓ ફાવે તેમ કરી લે એ જ ધર્મપ્રવર્તકોની દૃષ્ટિ હતી. તેમણે ધાર્મિક આચાર વિચાર પૂરતું પોતાનું સ્વતંત્ર દૃષ્ટિબિંદુ સાચવવા અને સમજાવવા પ્રયત્ન કર્યો છે. પાછલી થોડીક શતાબ્દિઓમાં પંથની ધર્મદૃષ્ટિએ જૈન પરંપરા માટે કેટલાંક સામાજિક વિધનો સૂચવતા ગ્રંથો રચાયા છે, પણ વ્યવહારમાં તેનો અમલ ખરી રીતે છે જ નહીં. ખાનપાન, લગ્ન, વારસાહક્ક એ બધું બીજા હિંદુઓથી જૈનોનું કાંઇ જુદું નથી, અને કોઇ સહેજ ભેદ બતાવે તો તે આગતુંક અને પાછળનો છે. ધર્મની બાબતમાં જ્યાં સુધી સામાન્ય લોકધર્મ અને નીતિધર્મનો સંબંધ છે ત્યાં સુધી બધા જ સરખા છે. જ્યાંથી સાંપ્રદાયિક આચાર વિચાર શરૂ થાય છે ત્યાંથી જુદાપણું શરૂ થાય છે, પણ આવું જુદાપણું તો જૈન જૈનમાં ક્યાં નથી? અને વૈદકીય પરંપરાઓમાં આવી જુદાઇનો ક્યાં અંત છે? તેથી મારી દૃષ્ટિએ હિંદુ ધર્મનો વિશાળ અર્થ સમજવા અને સમજાવવાનો આગ્રહ સેવવો, અને સાથે સાથે હિંદુધર્મના જ એક ભાગ લેખે જૈન ધર્મને ગણવો એ જ સાચો રસ્તો છે. જો જૈન ધર્મ હિંદુધર્મનો એક ભાગ છે તો પછી જૈન સમાજ હિંદુ સમાજથી જુદો નથી જ એ ઉપરનું વિધાન ફરીથી કરવાપણું રહેતું નથી.

પહેલાં ક્યારે બીજા હિંદુઓએ જૈનોને અહિંદુ કહ્યા હોય તો હું નથી જાણતો, અને જૈનોએ પણ પોતાને અહિંદુ તરીકે

પ્રથમ ગણાવ્યા હોય એ વાત પણ અજ્ઞાત છે. અત્યારે હિંદુસમાજ અને હિંદુધર્મથી જુદા રહેવાની ભાવના દેખાય છે તે નવી જ છે અને તેનું મૂળ કેટલાક નવા ઘડાતા કાયદાઓને લીધે પોતાની ચાલુ રૂઢિઓ પર ત્રાપ પડવાના ભયમાં રહેલું છે. માની લઈએ કે જૈનો પોતાને જુદા ગણાવવાનો આગ્રહ રાખે અને પોતાને અનિષ્ટ હોય એવા કાયદાના ફેરફારોથી બચી જાય તો પણ લાંબી નજરે આ વસ્તુ જૈનોના પોતાના જ ગેરલાભમાં છે. નજીવા કાલ્પનિક લાભ માટે તેમણે અનેક સ્થાયી લાભો ગુમાવવા પડશે અને તે એવી એક લઘુમતી થઈ જશે કે જેને હંમેશા ઓશિયાળા રહેવું પડશે. હવે કાંઈ પરરાજ્યનો અમલ નથી કે જે લઘુમતીને પંપાળે અને વિશેષ અધિકાર આપે.

હું પોતે ઉપરના વિચાર ધરાવતો હોવા છતાં હિંદુ મહાસભાના સભ્યપદની કોઈ પણ જૈન ઈચ્છા રાખે અગર તેનો સભ્ય બને એની સાવ વિરૂદ્ધ છું. એનું કારણ એ છે કે હિંદુ મહાસભાના મૂળમાં જાતિની ઉચ્ચનીચ ભાવના જ રાજકારણના રૂપમાં કામ કરી રહી છે. હિંદુ મહાસભાનો જય એટલે બ્રહ્મણનો જયઃ અને બ્રહ્મણનો જય એટલે વર્ણભેદ તેમજ ઉચનીચ ભાવનાનો જય અને છેવટે બ્રાહ્મણના સત્તાશાહી ગુરૂપદનો જય. આ વસ્તુ મૂળે જ શ્રમણ ભાવનાથી અને જૈન ભાવનાથી સાવ વિરૂદ્ધ છે; અત્યારની વિકસતી માનવતાની દૃષ્ટિએ પણ વિરૂદ્ધ છે. એટલે હું જ્યારે જૈનોને હિંદુ માનવા મનાવવાની વાત કરૂં છું ત્યારે હિંદુ મહાસભા સાથે કશો જ સંબંધ ન રાખવા પણ કહું છું. પ્રસંગે એક વાત યાદ આવે છે. હિંદુ યુનીવર્સીટીની હિલચાલ શરૂ થઈ. અને બધા જ હિંદુ ધર્મીઓ હિંદુ યુનીવર્સીટીમાં પ્રતિનિધિત્વ ધરાવે એ વિચાર આગળ આવ્યો ત્યારે જૈનો, શીખો અને બૌદ્ધો કોઈ પાછળ ન રહ્યા. બધાએજ પોતાને હિંદુ માની હિંદુ સમાજના એક ભાગ લેખે એ હિલચાલને વધાવી લીધી. હવે જ્યારે જ્યારે હિંદુ ધર્મ કે હિંદુ સમાજને કોઈ પણ જાતની મદદ યા કોઈ પણ જાતના કાયદાનો લાભ સરકાર આપશે ત્યારે સહેજે જ જૈનો એના ભાગીદાર થશે. એમને પછી માગણીનો જુદો ચોકો કરવાની જરૂર નહીં રહે.

તેંદુલકર કમિટિ સામે કોઈએ એવો વિચાર રજુ કર્યાનું મને ઝાંખું સ્મરણ છે કે જૈનો સમાજ દૃષ્ટિએ હિંદુ સમાજથી જુદા નથી, પણ ધર્મ દૃષ્ટિએ હિંદુ ધર્મથી તેઓ જુદા છે. જો મારૂં સ્મરણ સાચું હોય તો પ્રસંગે મારે એ કહેવું જોઈએ કે તે કથન સાવ ખોટું છે. જૈન ધર્મ બીજા હિંદુ ધર્મથી એટલો બધો મૂળ રૂપમાં અભિન્ન છે કે એમ જ કહેવું જોઈએ કે ખરી રીતે જૈનધર્મ હિંદુધર્મથી અભિન્ન છે. જૈન ધર્મનો મૂળ આધાર આત્મતત્ત્વની માન્યતા, મોક્ષરૂપ અંતિમ પુરૂષાર્થ અને તેને લક્ષીને યોગાવલંબી જીવનચર્યા આજ છે. આ વસ્તુ હિંદુધર્મની બધી શાખાઓમાં લગભગ એક જેવી જ છે. જે કાંઈ પરિભાષાનો, વર્ગીકરણનો અને ક્યાંઈક ક્યાંઈક કલ્પનાનો ભેદ છે તે તો જૈન ધર્મના અનેક ફિરકાઓ વચ્ચે પણ ક્યાં નથી? એવા ભેદને લીધે એ ધર્મ બીજા ધર્મથી સાવ ભિન્ન છે એમ કહેવું એ ધર્મના રહસ્યને ન સમજવા બરાબર છે. જ્યારથી આવી ભેદ દૃષ્ટિ પરંપરાઓમાં દાખલ થઈ ત્યારથી કેટલીક વિકૃતિઓ ઉભયપક્ષે સાહિત્યમાં દાખલ થઈ છે. એવી વિકૃતિઓ વારંવાર સમાજ સામે ઉપદેશકો દ્વારા રજુ થાય છે અને સમાજ ગેરસમજની ધરેડમાં વધારે ને વધારે ઘસડાતો જાય છે. તેથી એ નથી સમજી શકતો કે જે રામ અને કૃષ્ણ વૈદિક પુરાણ ધર્મના માન્ય દેવો છે તે જૈન પરંપરામાં શા માટે આવ્યા અને એ જ રીતે જે ઋષભદેવ જૈન પરંપરાના માન્ય છે તે પુરાણ સાહિત્યમાં કેમ નિર્દેશાયેલા છે? ક્યારેક હરિભદ્ર અને યશોવિજયજી જેવા આ વસ્તુ પામી ગયા અને તેમણે પોતાના છેલ્લા સાહિત્યમાં આવી અભેદ ધર્મ-દૃષ્ટિને સ્પષ્ટ કરી છે. તેથી ધર્મની દૃષ્ટિએ જૈન ધર્મ હિંદુ ધર્મથી જુદો છે એ વિચાર પણ વજુદવિનાનો છે. **પંડિત સુખલાલજી**

# મુનિ જિનવિજયજીનો એક અંગત ખુલાસો

## "હું તો એકકે સ્થૂલવ્રતધારી પણ નથી."

(મુંબઈ સમાચારમાં 'એક જૈન' નામથી **"જૈન ચર્ચા"** એ મથાળા નીચે દર શનિવારે કેટલાક સમયથી એક લેખમાળા ચાલ્યા કરે છે. આ લેખમાળામાં થોડા સમય પહેલા મુંબઈ જૈન યુવક સંઘની આજ સુધીની કારકીર્દી અને વર્તમાન કાર્યવાહી વિષે લાંબી ચર્ચા પ્રગટ થઈ હતી અને તેમાં મુંબઈ જૈન યુવક સંઘ વિષે અરધા સાચા, ખોટા તેમજ ચિત્રવિચિત્ર અનેક ઉલ્લેખો કરવામાં આવ્યા હતા. મુંબઈ જૈન યુવક સંઘની સર્વ પ્રવૃત્તિઓ પ્રારંભથી સર્વાંશે જાહેર અને સુવિદિત હોઈને સંઘ તરફથી કશો પણ ખુલાસો કરવાની જરૂર અમને ભાસી નથી. એ જ ચર્ચા દરમિયાન એ લેખક તરફથી મુનિ જિનવિજયજી વિષે પણ ગેરસમજુતી ઉભી કરે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ગેરસમજુતી દૂર કરવાના હેતુથી મુનિ જિનવિજયજીએ આજથી દોઢેક માસ પહેલા મુંબઈ સમાચારના તંત્રી ઉપર એક અંગત નિવેદન લખી મોકલ્યું હતું. મુંબઈ સમાચારે હજુ સુધી એ પ્રગટ ન કર્યું અને તેથી તેમણે તે નિવેદન અમને ઉદ્દેશીને મોકલી આપ્યું છે જે નીચે પ્રગટ કરવામાં આવે છે. પ્રસ્તુત નિવેદન એટલું સ્પષ્ટ અને સરળ છે કે તેને અમારી તરફથી કશી ટીકા કે ટીપ્પણની જરૂર લાગતી નથી. **તંત્રી)**

**શ્રી પ્રબુદ્ધ જૈનના તંત્રી જોગ,**

મુંબઈ સમાચારના તા. ૨૦ નવેમ્બરના અંકમાં કોઈ 'જૈન' નામધારી ભાઈનું લખાણ છપાણું છે તે તરફ મારા કેટલાક જૈન બંધુઓએ મારૂં ધ્યાન ખેંચ્યું છે. એ 'જૈન' નામધારી ભાઈએ મુંબઈના જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ વિષે પોતાની ટીકા કરતાં તેની સાથે મારો પણ થોડોક સંબંધ જોડી દીધો છે અને તેથી હું આ ખુલાસો કરવા ઈચ્છું છું, જેથી એ જૈન ભાઈની માફક બીજા પણ એમના જેવા ભ્રાંત વિચારવાળા ભાઈઓ ભ્રમમાં ન રહે. આશા છે કે આ ખુલાસો આપ પ્રગટ કરી આભારી કરશો.

એ 'જૈન' નામધારી ભાઈએ મારા નામ વિષે ગોટાળા-ભરેલું લખાણ કર્યું છે. મથાળે તો 'મુનિ જીનવિજયજી' આવું નામ લખ્યું છે, પરંતુ અંદરનાં લખાણમાં જીનવિજય નામનો બે ત્રણ વાર ઉલ્લેખ આવેલો છે અને હકીકત તપાસવાથી એ ઉલ્લેખ મારા વિષેજ કરવામાં આવેલો છે એમ હું માનું છું. કારણ કે દેવદ્રવ્યના વિષયમાં ટેંડુલકર કમીટી આગળ મારી જે જુબાની થઈ હતી અને તેથી એ અંગેની જે વિચારણા એ લેખમાં કરવામાં આવેલી છે તે મને જ ઉદ્દેશીને છે એમ સમજું છું.

એ ભાઈએ દેવદ્રવ્ય અંગેની ચર્ચાનો ઉલ્લેખ કરતાં જે રીતે એમણે પોતાના વિચારો રજુ કર્યા છે તે વિષે હું અહિં મારૂં કશું મંતવ્ય લખવા ઈચ્છતો નથી. કારણ કે જે શૈલીમાં અને જે ભાષામાં મેં મારા વિચારો એ કમીટી આગળ જણાવ્યા હતા તેને મોટા ભાગે વિપર્યાપ રૂપે અને વિકૃત રૂપે જ એ ભાઈએ ચિતર્યા છે. તે વિષે તો અહિં આટલો જ ઉલ્લેખ બસ છે. મારે તો જે ખાસ ખુલાસો કરવો છે તે એ બાબતનો છે કે એ ભ્રાંત ભાઈએ—ભૂલથી હો કે પોતાની વિકૃત મનોભાવનાથી હો—મારો અને જૈન યુવક સંઘનો સંબંધ જે રીતે રજુ કર્યો છે તે સર્વથા ભ્રાંત છે. અલબત્ત એમાં મારૂં નામ પણ થોડુંક કારણભૂત રહે છે અને તેથી મારા વિષે એવા ભાઈઓને ભ્રમ થવાનો સંભવ થયા કરે છે. આથી મારા પુરતું આ વિવેદન કરવાની મને જરૂર લાગી છે. હું મારા એ 'જૈન' બંધુને સ્પષ્ટ રીતે કહેવા ઈચ્છું છું કે, મારા નામ પાછળ જે 'મુનિ' શબ્દ વળગેલો છે તે જૈન શાસ્ત્રોમાં જેને **નામનિક્ષેપ** કહેવામાં આવે છે તે નામનિક્ષેપ પૂરતો જ સમજવાનો છે અર્થાત્ મારૂં મુનિપણું માત્ર નામ પૂરતું જ છે. ગુણોની દૃષ્ટિએ તેમાં કાંઈ જ તત્ત્વ નથી. એ ભાઈએ જે પાંચ મહાવ્રતો હોવાની મારામાં શંકા સેવી છે તે વિષે હું એમને સ્પષ્ટપણે નિવેદન કરૂં છું કે મારામાં

પાંચ મહાવ્રતો તો શું પરંતુ એકકે સ્થૂલ કે દેશવ્રતની પણ છાયા નથી. તેમ જ અવિરતિ સમ્યકત્વની જે ભાવના જૈન શાસ્ત્રોમાં વર્ણવી છે તેની પણ કશી છાયા મારામાં હું અનુભવતો નથી એટલે જો કોઇ ભાઇ મારા વિષે એવી કશી ભ્રમણા સેવતા હોય તો તેઓ આથી સુજ્ઞાત થાય એમ હું આથી જણાવું છું.

૧૯૨૦ માં મહાત્માજીએ અસહકારની હીલચાલ શરૂ કરી હતી તેના એક અદના ઉમેદવાર સેવક થવાની દૃષ્ટિએ મેં જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના સાધુના બાહ્ય આચારો અને વેશનો ત્યાગ કર્યો હતો અને હું અમદાવાદના ગુજરાત વિદ્યાપીઠ સેવામાં જોડાયો હતો અને તે જ વખતે મેં મારા કહેવાતા મુનિપણાનો ત્યાગ વર્તમાનપત્રો દ્વારા જાહેર કર્યો હતો. મુંબઇ સમાચારમાં પણ ઘણું કરીને એ હકીકત આવી હતી. અને એ રીતે ૧૯૨૦ થી હું એક સામાન્ય જનના સાદા વેશમાં રહું છું. જન સમાજનો જે વર્ગ મારાથી પરિચિત છે તે મને આજે ૨૫-૨૬ વર્ષથી એ જ વેશમાં અને એ જ રૂપમાં જોતો આવ્યો છે. મુંબઇ જૈન યુવક સંઘના મુખ્ય કાર્યકર્તાઓ પણ મને એજ રીતે જોતા અને જાણતા આવ્યા છે. એ ભાઇઓમાંથી કોઇ પણ મને મુનિ તરીકે માનતા નથી કે સમજતા નથી. અલબત્ત મારા નામ પાછળ જે 'મુનિ' શબ્દનું પૂંછડું વળગેલું છે તેને હું કાપી-કપાવી શકયો નથી અને તેથી હું પોતે એક રૂઢ થયેલા નામ તરીકે તેનો ઉપયોગ કરતો રહ્યો છું અને હજી કર્યા કરું છું. એ પૂંછડાને દુર કરવા માટે મેં પ્રારંભમાં કેટલાક પ્રયોગો પણ કર્યા હતા, પરંતુ હું તેમાં સફળ ન થઇ શકયો અને તેથી પછી તેવા પ્રયત્નો પડતા મૂક્યા હતા. મારી પાછળ લાગેલા એ મુનિ શબ્દનો ઉપયોગ અને વ્યવહાર હું માત્ર એક ઉપનામ તરીકે જ કરતો આવ્યો છું. જેમ અંગ્રેજીમાં માણસના મુખ્ય નામનો પ્રયોગ ન કરતાં તેની અટક-'સરનેઇમ'-નો જ ઉપયોગ કરવામાં આવે છે તેમ હું પણ મારા આ નામને એટક-સરનેઇમ-તરીકે જ વાપરું છું. હું આશા રાખુ છું કે મારા એ 'જૈન' બંધુને આ ખુલાસાથી સંતોષ થશે.

તે સાથે હું મારા એ 'જૈન' બંધુને એ પણ એક વિનંતિ કરવા ઇચ્છું છું કે ટેંડુલકર કમીટી આગળ મારી જે જુબાની થઇ છે તેમાં મેં મારા અલ્પ-સ્વલ્પ અભ્યાસ અને અધ્યયનના પરિણામે મને લાગેલા વિચારો જણાવ્યા છે. જો એ વિચારો જૈન સાહિત્ય અને ઇતિહાસની દૃષ્ટિએ ભૂલભરેલા હોય અને એ વિષે એ 'જૈન' ભાઇ પાસે મારી ભૂલ ભાંગે એવા શાસ્ત્રીય કે ઐતિહાસિક પુરાવાઓ હોય તો હું તે નમ્રભાવે જાણવા અને સમજવા ઇચ્છું છું અને એ માટે એ 'ભાઇ'ની પણ સેવામાં બેસવાનો મને અધિકાર મળે તેમ હોય તો તે આપવા માટે એ ભાઇ અનુગ્રહ બતવે એવી મારી એમને ખાસ પ્રાર્થના છે.

બાકી જૈન યુવક સંઘનો હું કોઇ જાતનો સભ્ય નથી કે કાર્યકર નથી, તેથી એની પ્રવૃત્તિ કે વિચારસરણિ વિષે મારે કાંઇ કહેવાપણું ન હોય. છતાં, હું એટલું તો કહેવા ઇચ્છું છું કે જે રીતે એ ભાઇએ જૈન સમાજ આગળ એ સંઘને ચિતરવાનો પ્રયાસ કર્યો છે તે સૂર્ય સામે ધૂળ ફેંકી પોતાની જાતને હોંશિયાર માનવા જેવી વ્યકિતના કાર્ય જેવું છે. જૈન યુવક સંઘના મુખ્ય કાર્યકર્તાઓ પૈકી ભાઇ પરમાનંદ કાપડિયા તેમ જ શ્રી. મણિલાલ મહોકમચંદ શાહ જેવા જૈન સમાજના સનિષ્ઠ, સત્યગુણી, સેવાભાવી અને સમાજહિતૈષી બંધુઓની જીવનભરની જાહેર પ્રવૃત્તિ અને સેવાવૃત્તિથી વિચારશીલ જૈન વર્ગ અજાણ હોય અને તે એ નામધારી 'જૈન' ભાઇના આવી રીતે રજુ કરેલા વિપર્યસ્ત વિચારોથી મુગ્ધ થઇ, તેમને પોતાના ધર્મ અને સમાજના મહાન સેવક સમજી, તેમની વિચારસરણિને વધાવી બેસે એવી ભ્રમણાઓ એ ભાઇ ન સેવે તો તેમના આત્માને લાભદાયક થશે. જૈન સમાજના સિદ્ધાન્ત પ્રમાણે કોઇના પણ વિચારોનો વિપર્યાસ કરવો તેનું નામ મિથ્યાત્વ છે. એજ

**जिनविजय मुनि**

(ઑનરરી ડાયરેકટર, ભારતીય વિદ્યા ભવન. મુંબઇ)

# કેટલાક સમાચાર અને નોંધ

## જ્ઞાતિભેદ નિવારણ ધારો

મુંબઇ પ્રાન્તની ધારાસભાના સભ્ય શ્રી ફુલચંદજી એસ, ડાભીએ તૈયાર કરેલ અને મુંબઇ સરકાર તરફથી તાજેતરમાં પ્રગટ થયેલ '**જ્ઞાતિભેદ નિવારણ ધારો**' જે મૂળ અંગ્રેજીમાં છે તેનો અનુવાદ નીચે મુજબ છેઃ—

નાતજાતના ભેદોને મળતી સરકારી માન્યતા બંધ થાય એ પ્રજાના સંગઠન માટે આવશ્યક છે તેથી નીચે મુજબનો કાયદો કરવામાં આવે છે.

૧. (૧) આ કાયદાને ૧૯૪૮ નો 'જ્ઞાતિભેદ નિવારણ ધારો' એ એ નામથી ઓળખવો.
   (૨) આ કાયદો આખા મુંબઇ પ્રાન્તને લાગુ પડશે.
   (૩) આ કાયદો તુરત જ અમલમાં આવશે.

૨. (૧) **હિંદુ શબ્દની વ્યાખ્યા.**

હિંદુધર્મ સાથે સંબંધ ધરાવતા અને હિંદુ ધર્મના અનુયાયી હોવાનો દાવો કરતા હિંદુ કુટુંબમાં જન્મેલ સૌ કોઇનો 'હિંદુ' શબ્દમાં સમાવેશ થશે અને તેવી દરેક વ્યક્તિને હિંદુ તરીકે ઓળખવામાં આવશે અને એ 'હિંદુ'ની વ્યાખ્યામાં જે હિંદીઓ હિંદી સંસ્થાનના શહેરીઓ હોય અને જેઓ ખ્રીસ્તી, યહુદી, મુસલમાન, પારસી કે શીખ ન હોય તે સર્વ હિંદીઓનો સમાવેશ થશે.

(૨) **Caste-જ્ઞાત શબ્દની વ્યાખ્યા.**

ગમે તે સ્થાનિક નામથી ઓળખાતી હોય તેવી-બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શુદ્ર અને હરિજનના સામાન્ય વર્ગીકરણ નીચે સમાવિષ્ટ થતી-બધી જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓનો caste-જ્ઞાતિ-શબ્દમાં સમાવેશ થશે.

(૩) **Official-સરકારી તથા Public-સાર્વજનિક શબ્દોની વ્યાખ્યા**

ધારાસભા તથા કારોબારી તથા ન્યાયખાતાને લગતા મુંબઇ સરકારના વહીવટી તંત્ર સાથે સંબંધ ધરાવતી કે તેના નિયંત્રણ નીચે આવતી કોઇ પણ બાબત, મ્યુનીસીપલ વહીવટ સાથે સંબંધ ધરાવતી કે તેના નિયંત્રણ નીચે આવતી કોઇ પણ બાબત, અને ધારાસભાના કાયદાકાનુનથી તેમ જ સરકારી વટહુકમથી ઉભી કરવામાં આવેલી, માન્યતાને પામેલી કે પોષાયલી સંસ્થાઓ સાથે સંબંધ ધરાવતી કે તેના નિયંત્રણ નીચે આવતી કોઇ પણ બાબત-આમાંની કોઇ પણ બાબતને official-સરકારી અથવા તો public-સાર્વજનિક-બાબત ગણવામાં આવશે અને તેવી સર્વ બાબતોનો તેમાં સમાવેશ થશે.

૩. કોઇ પણ કાયદો, રૂઢિ, રીતરીવાજ કે પરંપરામાં આથી ગમે તેવું પ્રતિકુળ વિધાન હોય તો પણ હિંદુ સમાજ નીચે આવતી જ્ઞાતિ, પેટા જ્ઞાતિ કે કોમના સર્વ ભેદો સર્વ સરકારી કામ પુરતા રદ થયેલા ગણાશે.

૪. (૧) આ કાયદાનો અમલ શરૂ થયા બાદ કોઇ પણ હિંદુ કોઇ પણ official કે public-સરકારી કે સાર્વજનિક-કામકાજ માટે પોતે અમુક જ્ઞાતિનો છે, પેટા જ્ઞાતિનો છે કે કોમનો છે એવી રીતે પોતાને ઓળખાવશે નહિ તેમ જ એવી રીતે ઓળખાણ આપવાની તેને ફરજ પાડવામાં આવશે નહિ.

(૨) સરકાર તરફથી, મ્યુનીસીપલ સંસ્થાઓ તરફથી તેમજ વ્યકિતઓ કે મંડળો તરફથી કોઇ પણ જ્ઞાતિ કે પેટાજ્ઞાતિના ધોરણે મળતી નોકરીને લગતી જાહેરાત કે પબ્લીક નોટીસો કોઇ પણ છાપા કે સામયિકોમાં પ્રગટ કરવામાં આવશે નહિ તેમજ કોઇ પણ છાપા કે સામયિકના તંત્રીઓ આવી કોઇ જાહેરાત કે પબ્લીક નોટીસોને પ્રગટ કરશે નહિ.

૫. આ ધારાની ચોથી કલમમાં સુચવાયેલી બાબતોમાંથી કોઇ પણ બાબતનો જે કોઇ શખ્સ ભંગ કરશે તેને એક મહીનાથી

વધારે નહિ એવી સાદી કેદની અથવા તો રૂા. ૧૦૦૦ થી વધારે નહિ એવા દંડની અથવા તો બન્નેની શિક્ષા કરવામાં આવશે.

૬. સરકારી કે સાર્વજનિક ખાતાના અહેવાલો, પ્રત્યુત્તરો (Returns) અને કાયદાઓ તથા વટહુકમોમાં આવી જ્ઞાતિ કે પેટા-જ્ઞાતિઓના ધોરણે કરવામાં આવેલા કોઇ પણ ઉલ્લેખો જાણે કે કરવામાં આવ્યા નથી એમ ગણવામાં આવશે.

આ ધારાનો ઉદ્દેશ અને હેતુઓ

રાષ્ટ્રના સુસંગઠન માટે હિંદુ સમાજમાં રહેલા જ્ઞાતિભેદો દૂર કરવાનો અને જ્ઞાતિભેદ વિનાનો હિંદુ સમાજ ઉભો કરવાનો સમય હવે આવી લાગ્યો છે. આ દિશાએ પ્રાથમિક પગલા તરીકે હિંદુ સમાજમાં રહેલા જ્ઞાતિ અને પેટાજ્ઞાતિના ભેદોને સરકાર તરફથી મળતી માન્યતાને રદ કરવાનું જરૂરી ધારવામાં આવે છે. આ હેતુને વેગ આપવો અને અમલી બનાવવો એ આ ધારાનો ઉદ્દેશ છે."

આ બીલે જૈન સમાજમાં ભારે ખળભળાટ પેદા કર્યો છે અને આ બીલ જૈન સમાજની હયાતી નાબુદ કરવાના હેતુથી જ ઘડવામાં આવેલ છે એ કોટિનો રોષ કેટલાક જૈનો પ્રગટ કરી રહેલ છે. આ સંબંધમાં કેટલીક સ્પષ્ટતા કરવાની જરૂર છે. શ્રી. ડાભી મુંબઇની ધારાસભાના કોંગ્રેસપક્ષના એક સભ્ય છે. આ બીલ તેમણે પોતાની અંગત જવાબદારીથી એક ખાનગી–nonofficial–બીલ તરીકે મુંબઇની ધારાસભા સમક્ષ રજુ કર્યું છે. આ સંબંધમાં નિયમ એવો છે કે ધારાસભાના કોઇ પણ સભ્યને પોતાને જરૂર જણાય તેવી કોઇ પણ બાબત વિષે બીલ ઘડીને ધારાસભાના મંત્રી ઉપર મોકલી આપવાનો અધિકાર છે અને એ રીતે આવેલા બીલને લોકોની જાણ માટે સરકાર તરફથી જાહેરાત આપવામાં આવે છે. હજુ આ બીલ મુંબઇની ધારાસભામાં રીતસર રજુ થયું નથી તેમ જ આ બીલને મુંબઇના ધારાસભાના કોંગ્રેસપક્ષનો કે મુંબઇ સરકારના પ્રધાનમંડળનો કશો ટેકો મળ્યો નથી. આવા ટેકાના અભાવે સાધારણ રીતે ઘણાં બીલો પાછા ખેંચી લેવામાં આવે છે અથવા તો ધારા-સભામાં રજુ થતાં ઉડી જાય છે. આ રીતે આજની કક્ષાએ પ્રસ્તુત વિષય પરત્વે આ બીલની શ્રી. ડાભીના પોતાના એક અંગત અભિપ્રાયથી વધારે કોઇ કીંમત નથી. તેથી આ બીલમાં રજુ કરવામાં આવેલ કાનુન સંબંધે પોતાને અંગત રીતે ગમે તેટલો વાંધો વિરોધ હોય તો પણ તે વિષે તત્કાળ કોઇએ જરા પણ આકુળ-વ્યાકુળ થવાની જરૂર નથી. પ્રબુદ્ધ જૈનના વાંચકોની જાણ માટે આ બીલનો અનુવાદ ઉપર આપવામાં આવ્યો છે જો કે બીલની મૂળ કલમો બહુ અટપટી હોવાથી તેમ જ આ બીલના પરિણામે શું શું નિષિદ્ધ બને છે તેની પુરી સ્પષ્ટતા નહિ હોવાથી તેનો અનુવાદ કરતાં બહુ જ મુશ્કેલી પડી છે અને એમ છતાં પણ આ અનુવાદ સંતોષકારક નથી એમ કોઇને લાગે તો નવાઇ પામવા જેવું નથી.

## જૈન અને હિંદુ

શ્રી ડાભીના બીલના મુખ્ય મુદ્દાના પાયામાં આપણી સમક્ષ આ પ્રશ્ન આવીને ઉભો રહે છે કે જૈન સમાજ અને જૈન ધર્મ હિંદુ સમાજ તથા હિંદુ ધર્મથી અલગ છે કે એક વા ઉભય અન્ય યા ઉભયમાં અન્તર્ગત છે. આ સંબંધમાં ત્રણ ભિન્ન ભિન્ન અભિપ્રાયો આપણી સામે આવીને ઉભા રહે છે. (૧) જૈન સમાજ તેમજ જૈન ધર્મ હિંદુ સમાજ તેમજ હિંદુ ધર્મથી પારસી અને ખ્રીસ્તીઓ માફક તદ્દન અલગ છે અને તેથી આ અલગપણાનો સ્વીકાર કરીને સરકારે હિંદુ ધર્મ અને હિંદુ સમાજને લાગુ પડતા કોઇ પણ કાયદાઓ સીધેસીધા જૈન ધર્મ અને જૈન સમાજને લાગુ પાડવો જોઇએ નહિ. (૨) જૈન સમાજ હિંદુ સમાજમાં અન્તર્ગત એવો એક વિશિષ્ટ સમાજ છે અને તેથી સામાજિક બાબતોમાં હિંદુ સમાજના કાયદાઓ જૈન સમાજને લાગુ પડે છે તે બરોબર છે પણ જૈન ધર્મ હિંદુ ધર્મથી તદ્દન અલગ છે અને તેથી કોઇ પણ ધાર્મિક બાબતમાં હિંદુ સમાજને લાગુ પડતો કોઇ પણ કાયદો જૈન સમાજને સરકારે સીધે સીધો લાગુ પાડવો ન જોઇએ. આવો કોઇ પણ કાયદો લાગુ પાડતા જૈન સમાજની ધાર્મિક લાગણી તેમ જ અભિપ્રાયોને પુરેપુરા લક્ષ્યમાં લેવા જોઇએ અને કેટલાકના મત મુજબ જૈન સમાજની અનુમતિ મેળવવી જોઇએ. ડેન્ડુલકર કમીટી સમક્ષ જુબાની આપતાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ લગભગ આ મતલબનો અભિપ્રાય વ્યકત કર્યો હતો (૩) જૈન સમાજ હિંદુ સમાજમાં અન્તર્ગત થયેલો એક વિશિષ્ટ સમાજ છે અને જૈન ધર્મ આથવા તો સંપ્રદાય હિંદુ ધર્મમાં અન્તર્ગત એવો એક વિશિષ્ટ ધર્મ કે સંપ્રદાય છે. આવો અભિપ્રાય ધરાવનાર હિંદુ સમાજ કે ધર્મને લાગુ પાડવામાં આવનાર કોઇ પણ કાયદા કાનુનનો તેના સ્વતંત્ર ગુણ દોષ ઉપર જરૂર સમર્થન યા વિરોધ કરશે, પણ પોતે હિંદુ સમાજ યા ધર્મથી તદ્દન અલગ છે એ ભૂમિકાને કદિ આગળ નહિ ધરે. શ્રી ડાભીના બીલ મુજબ જૈનોનો હિંદુઓમાં સમાવેશ થાય છે અને તેથી પોતાને હિંદુઓથી અલગ ગણનાર જૈનો તો ડાભીના બીલને સંમત કરી શકે જ નહિ પણ આવા અલગપણામાં નહિ માનનાર પણ આ બીલના ઔચિત્ય તેમ જ ઉપયોગીતા વિષે સંદિગ્ધચિત્ત હોવા સંભવ છે. પણ આ બીલની વિગતવાર ચર્ચાની, જ્યાંસુધી આ બીલ મુંબઇની ધારાસભામાં રીતસર રજુ કરવામાં ન આવે ત્યાં સુધી, ખાસ ઉપયોગીતા લાગતી નથી. આ બીલના પાયામાં રહેલ મુદ્દો કે જેનુ આપણે ઉપર વિવરણ કર્યું તેની ચર્ચા કરતા બે લેખ આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે.

## સદ્દગત સૈયદ અબ્દુલ્લા બ્રેલ્વી

તા. ૯-૧-૪૯ ની સાંજે નીપજેલ શ્રી સૈયદ અબ્દુલ્લા બ્રેલ્વીના અવસાનના પરિણામે આપણા દેશે એક રાષ્ટ્રવાદી મુસ્લીમ આગેવાન અને શાણો પત્રકાર ગુમાવેલ છે. દેશને આઝાદી પ્રાપ્ત થયા પહેલાં જ્યારે કાયદે આઝમ ઝીણાની આગેવાની નીચે મોસ્લેમ લીગનો કોંગ્રેસ સામે અખંડ ઝેરી પ્રચાર ચાલતો હતો અને કોઇ પણ જાણીતા મુસ્લીમ આગેવાનને માટે કોંગ્રેસને વળગી રહેવાનું અત્યન્ત વિકટ બની રહ્યું હતું ત્યારે પોતાની કોમના ગમે તેટલાં પ્રતિકુળ બળોનો અને મોસ્લેમ લીગનાં આકર્ષક પ્રલોભનોનો પુરો સામનો કરીને શ્રી બ્રેલ્વી કોંગ્રેસને વળગી રહ્યા હતા અને પોતાના તંત્રીપણાની નીચે ચાલતા બોંબે ક્રોનીકલમાં રાષ્ટ્રવાદની અને અખંડ હિંદુસ્થાનની હીમાયત કરતા હતા. તેઓ ૧૯૧૯માં બોંબે ક્રોનીકલમાં જોડાયા અને ૧૯૨૪ માં તે પત્રના તંત્રી થયા. કેટલોક સમય તેઓ અખિલ હિંદ મહાસભા સમિતિમાં હતા અને તે દરમિયાન તેઓ મહાસભાની કારોબારીમાં પણ ચુંટાયા હતા. ૧૯૩૦–૩૨ ની સત્યાગ્રહની બન્ને લડતો દરમિયાન તેઓ જેલવાસી બન્યા હતા. તેમના બીજા બે વર્ષના લાંબા જેલવાસ દરમિયાન તેમના એક સાથી હોવાનું મને સદ્દભાગ્ય પ્રાપ્ત થયું હતું. તે દરમિયાન તેમના નિકટ પરિચયમાં હું આવ્યો હતો. જાણીતા તત્વવિવેચક સર રાધાકૃષ્ણનના હિંદી તત્વજ્ઞાન એ નામના ગ્રંથનો પહેલો ભાગ તથા બીજા ભાગનો અમુક વિભાગ અમે સાથે વાંચ્યો હતો. તેમનામાં મેં ઉંડી સંસ્કારિતા અને અનુપમ સૌજન્ય અનુભવ્યું હતું. તે કેવળ રાજકારણને જ વરેલા નહોતા. સાહિત્ય, તત્વજ્ઞાન, સમાજ–વિજ્ઞાન વગેરે અનેક વિષયોમાં તેમને ઉંડો રસ હતો અને સારા-સારા વિવેક એ તેમનો વિશિષ્ઠ ગુણ હતો. હિંદના પત્રકાર મંડ-ળોમાં તેમનું અતિ પ્રતિષ્ઠિત સ્થાન હતું અને ૧૯૪૩ તેમ જ ૧૯૪૪ માં તેઓ અખિલ હિંદ તંત્રી પરિષદના પ્રમુખ તરીકે ચુંટાયા હતા. ૧૯૪૬ માં તેમને હૃદયની બીમારીનો સૌથી પહેલો હુમલો આવ્યો. ત્યાર બાદ પણ તેઓ બોંબે ક્રોનીકલના તંત્રી તરીકે છેવટ

સુધી ચાલુ રહ્યા હતા. ચાલુ જાન્યુઆરી માસની ૯મી તારીખે તેમને જે હુમલો આવ્યો તેમાંથી તેઓ ઉગરી ન શકયા અને ૫૮ વર્ષની ઉમ્મરે તેઓ આપણી વચ્ચેથી હંમેશાને માટે વિદાય થયા. સૌજન્ય અને શીલની જેમના જીવનમાં અમાપ સુવાસ ભરી હતી એવા એક રાષ્ટ્રનિષ્ટ લોકસેવકને ગુમાવીને આપણી દુનિયા સવિશેષ દરિદ્ર બની છે. તેમના પવિત્ર આત્માને શશ્વત શાન્તિ મળો અને તેમની વિશદ તેમ જ ઉજ્જવળ કારકીર્દી આપણને સદા માર્ગદર્શક બનો એ જ પ્રાર્થના!

## આગામી ગાંધી સંવત્સરિ

આવતી જાન્યુઆરીની ૩૦ મી તારીખ વિશ્વવન્દ્ય મહાત્મા ગાંધીજીની અવસાન તિથિ છે. આ પ્રથમ અવસાન તિથિ કેવી રીતે આપણે ઉજવવી એ સંબંધમાં કોંગ્રેસની કારોબારી તરફથી નીચે મુજબ નિવેદન બહાર પાડવામાં આવ્યું છે:—

"મહાત્મા ગાંધીના અવસાનને આજે લગભગ એક વર્ષ થવા આવ્યું છે. તેમની અવસાન તિથિ-જાન્યુઆરીની ૩૦ મી તારીખ—આખા દેશે પૂર્ણ ગંભીરપણે 'સર્વોદય દિન' તરીકે ઉજવવી જોઇએ અને ગાંધીજીને અને ગાંધીજીએ જે આદર્શોનો આપણને ઉપદેશ આપ્યો હતો અને જે આદર્શોનો પોતે અમલમાં મૂક્યા હતા તે આદર્શોને ખાસ કરીને આપણે તે દિવસ અર્પણ કરવો જોઇએ. આ દિવસે ખાસ કરીને, સત્ય અને અહિંસ દ્વારા દુનિયાનાં નરનારીઓને ગાંધીજીએ એકતા અને સદ્‌ભાવનો જે મહાન સંદેશ આપ્યો હતો તે સંદેશ ઉપર આપણે પ્રજાના માનસને કેન્દ્રસ્થ કરવું જાઇએ. તેમના પવિત્ર અને જીવન્ત સ્મરણને સોભે તેવી રીતે એ દિવસ આપણે પ્રાર્થનાપરાયણ બનીને પસાર કરવો જોઇએ અને એ દિવસનાં કાર્યક્રમમાં કાંતણ યજ્ઞ અને સમાજ સેવાનો પણ સમાવેશ થવો જાઇએ. જાહેર સભાઓ ભરાવી જોઇએ અને એ સભાઓમાં આ સંદેશો વાંચી સંભળાવવો જોઇએ.

'પેઢી દર પેઢી ચાલી આવતા સ્વાતંત્ર્ય યુદ્ધના લાંબા ઇતિહાસ દરમિયાન હિંદ સુખ દુઃખના, આનંદ વિષદના, જય પરાજયના અનેક ચક્રોમાંથી પસાર થઇ રહ્યું હતું. પણ રાષ્ટ્રપિતાના ભવ્ય નેતૃત્વ નીચે દરેક દુઃખ અને આફતના પરિણામે પ્રજા વધારે ઉન્નત અને શિસ્તબદ્ધ બની હતી અને દરેક પરાજયમાંથી બમણા પ્રયત્ન અને પુરૂષાર્થની પ્રેરણા જન્મી હતી અને એ રીતે દરેક પરાજય ઉત્તરોત્તર આગામી વિજયની પૂર્વ ભૂમિકા રૂપ બન્યો હતો.

તાજેતરનાં વર્ષો કસોટી તેમજ મુશ્કેલીઓથી ભરપુર પસાર થઇ રહ્યાં હતાં, પણ તે દરમિયાન પણ ગાંધીજીનો સંદેશ એક મહાન પ્રેરણા અને પ્રોત્સાહનરૂપ બની રહ્યો હતો. આ વર્ષો દરમિયાન પ્રજાની મનોકામના અમુક અંશે સફળતાને પામી હતી. અને જે આઝાદી માટે આગલી પેઢીઓ ઝુઝી રહી હતી અને પારવિનાનાં સંકટો સહી રહી હતી તે આઝાદી આપણને પ્રાપ્ત થઇ હતી. પણ આઝાદીની આપણે ઘણી મોટી કીંમત ચુકવવી પડી હતી. આપણી માતૃભૂમિનો અંગવિચ્છેદ થયો હતો અને અને આ કમનસીબ અંગવિચ્છેદના અનુસંધાનમાં પ્રજા પાગલ બની બેઠી હતી, અને જે મહાન આદર્શોના અવલંબન ઉપર ગાંધીજી ઉભા હતા તે મહાન આદર્શો થોડા કાળને માટે પ્રજાની નજર સામેથી લુપ્ત થઇ ગયા હતા, અદૃષ્ય બની બેઠા હતા. આ ગાઢ અંધકારમાં ગાંધીજીના પ્રોત્સાહક સંદેશાએ પ્રકાશનો સંચાર કર્યો હતો અને અનેક ગ્લાનિગ્રસ્ત બનેલા હતાશ માનવીઓએ તેમાંથી પ્રેરણા અને આશ્વાસન મેળવ્યા હતા

ત્યાર બાદ આપણી ઉપર સૌથી વધારે કાતિલ ફટકો પડયો. જે હિંદના નમ્ર છતાં દુર્જેય આત્માના પ્રતીકરૂપ હતા, જે પ્રેમની મૂર્તિ હતા. તેમનું ખુન થયું. આ આ રીતે જેની પ્રાપ્તિ માટે હિંદ આજ સુધી મંથામણ કરી રહ્યું હતું, અને જે લાંબા યુદ્ધના પરિણામ રૂપ હતું તેમાંથી આપણને કોઇ નવી ચેતના મળવાને બદલે કેવળ દુઃખ અને જુગુપ્સા જ પ્રાપ્ત થયાં. ગાંધીજીના પવિત્ર સ્મરણ પૂર્વક અને તેમના મહાન ઉપદેશ પ્રત્યેના ભક્તિ ભાવ પૂર્વક દેશે આ ભયાનક કટોકટીનો સામનો કર્યો અને આ કટોકટી તો ખરી રીતે તો હિંદના ભાંગી પડેલા આત્માની હતી જે કટોકટીએ હિંદના માનસને બધિર બનાવી દીધુ હતું અને આપણા ગુરૂએ આપેલા મહાન બોધપાઠનું વિસ્મરણ કરાવ્યું હતું.

જેમણે પ્રજાને આઝાદી પ્રાપ્ત કરાવી અને નવું જીવન આપ્યું તેમના અવસાનને આજે એક આખું વર્ષ થવા આવ્યું છે. આ પ્રથમ અવસાન-સંવત્સરીએ એ મહાન આત્માને અને તેના મહાન સંદેશને આપણે નમન કરીએ છીએ અને એ પ્રાણપ્રેરક સંદેશના રાહ મુજબ હિંદની પ્રજાની અને માનવજાતની સેવા ચાલુ રાખવાનો અમો નિશ્ચય કરીએ છીએ.

ગાંધીજીની નેતાગીરી નીચે અહિંસક ઉપાયો દ્વારા રાષ્ટ્ર માટે રાજકારણી સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યા બાદ હવે આપણે એવું સામાજિક તેમ જ આર્થિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવાનું છે કે જેથી જાતિ કે ધર્મના ભેદભાવથી પર એવી હિંદની સમસ્ત પ્રજાની પ્રગતિ સધાય અને સૌ કોઇને સરખી તક સાંપડે. આ કાર્ય નવા પ્રકારના વિધાયક પુરૂષાર્થની તેમજ રચનાત્મક ભાવનાપૂર્વક માતૃભૂમિની સેવા અર્થે આત્મસમર્પણની અપેક્ષા રાખે છે. હિંદની પ્રજાએ આઝાદી તો પ્રાપ્ત કરી છે, પણ તે આઝાદીનાં ખરાં ફળ ભોગવવા માટે તો પ્રજાજનોએ પોતાની જવાબદારીઓ તેમ જ ફરજો યોગ્ય પ્રકારે અદા કરવી જોઇએ. આપણે યાદ રાખવું જોઇએ કે લોકોની સેવા કરવી અને આ જવાબદારીઓનું વહન કરવું—એ આપણો મોટામાં મોટો અધિકાર છે અને ચાલુ રહેવો જોઇએ, અને આ જવાબદારીઓની ઉપેક્ષા કરીને જેઓ સત્તા અને અધિકાર પાછળ ભટકે છે તેઓ દેશની મોટી કુસેવા કરે છે.

ગાંધીજીનો આ તો ખાસ ઉપદેશ હતો કે હિંદની સમગ્ર પ્રજામાં એકતા અને બંધુભાવ કેળવવા પાછળ, વર્ગભેદો તેમ જ જન્મ, જ્ઞાતિ કે ધર્મના કારણે ઉભા થયેલા ભેદો નાબુદ કરવા પાછળ, વર્ગવિહોણી અને લોકશાસન-શાસિત સમાજરચના શાન્તિપૂર્વક ઉભી કરવા પાછળ કાર્યકર્તાઓએ પોતાની સર્વ શકિતઓ વિશેષે કરીને કેન્દ્રીભૂત કરવી જોઇએ. આ સર્વથી પણ વિશેષ ગાંધીજીએ આપણને ખરા મહત્વનો તો એ બોધપાઠ આપ્યો હતો કે કોઇ પણ ભોગે અને હરકોઇ સંયોગોમાં જીવનને સાર્થક બનાવતાં નૈતિક મૂલ્યોને આપણે આત્મસાત્ કરવા જોઇએ. એ સંદેશના પ્રકાશદ્વારા અમો આજની રાષ્ટ્રીય તેમ આન્તર રાષ્ટ્રીય મુશ્કેલીઓ અને કટોકટીભરી પરિસ્થિતિઓનો પુરી ગંભીરતા પૂર્વક એવો સામનો કરીશું કે જેના પરિણામે હિંદ વધારે ને વધારે આઝાદ બનશે અને વધારે ને વધારે નૈતિક પ્રભુત્વને પ્રાપ્ત કરશે અને જે હેતુઓ માટે ગાંધીજી ઝુઝી રહ્યા હતા તે હેતુઓ સિદ્ધ થશે."

આવી રીતે બોલાવાયલી સભાઓમાં આ સંદેશો વાંચવો અને બીજાં કશાં ભાષણો ન કરવા એવો કારોબારીનો આદેશ છે.

બાબુ રાજેન્દ્રપ્રસાદ પણ ગાંધીજીની સંવત્સરી આવે તે પહેલાં ગાંધીફાળાને છલકાવી દેવા હિંદના પ્રજાજનોને આગ્રહપૂર્વક અનુરોધ કરી રહ્યા છે. હજુ પણ અનેક લોકોએ ગાંધીફાળામાં કશું જ ભર્યું નથી એ જાણીતી વાત છે. બીજી તો આપણી ત્રુટિઓ અને બેવફાઇનો કોઇ પાર નથી; પણ જે મહાપુરૂષના સમકાલીન હોવું એ પણ કોઇ મહાપૂણ્યનું ફળ લેખાવું જોઇએ તે મહાપુરૂષને તો આપણે બેવફા ન બનીએ અને એમના સ્મારક ફાળા માટે જે કાંઇ કરવા યોગ્ય હોય તે કરવામાં પ્રમાદ ન સેવીએ. કોઇના કહેવાની કે આપણા

ઘેર આવવાની રાહ ન જોતાં જેણે જેણે જેટલી રકમ આ ફાળામાં આપવી ઘટે તે જરૂર આપે. નહિ તો કાળ જશે અને આપણી ગાંધીપૂજા કેવળ મોઢાની હતી—દિલની નહોતી એવું કલંક આપણા માથે હંમેશાને માટે રહી જશે.

## કુમારનો ૩૦૦ મો અંક

શ્રી. રવિશંકર મહાશંકર રાવળ સંસ્થાપિત કુમાર માસિકનો શ્રી. બચુભાઇ રવતના તંત્રીપણા નીચે ૩૦૦ મો દળદાર અંક તાજેતરમાં પ્રગટ થયો છે. આ રીતે ૧૯૨૪ માં શરૂ થયેલ કુમારે આજે ૨૫ વર્ષ પુરા કર્યા છે. આ પ્રસંગે એના આદ્યસંસ્થાપક શ્રી. રવિશંકર મહાશંકર રાવળ જેમણે કેટલાંય વર્ષો સુધી કુમારનું સંચાલન કર્યુ હતું અને કુમારનો ઉત્તરોત્તર વિકાસ સાધ્યો હતો. અને શ્રી. બચુભાઇ રાવત જેઓ છેલ્લાં થોડાંક વર્ષથી કુમારને પોતાની સીધી દેખરેખ નીચે સંભાળી રહ્યા છે તે ઉભયને સમસ્ત ગુજરાતના હાર્દિક ધન્યવાદ ઘટે છે; તે બન્ને અંગત મિત્રો હોઇને ઉત્તરોત્તર જેની કળા વધી રહી છે તેવા કુમારનો આ વિપુલ લેખસામગ્રીથી ભરેલો સુન્દર અને સુઅલંકૃત ૩૦૦ મો અંક જોઇને હું કોઇ વિશિષ્ટ પ્રકારનો આનંદ અને ગૌરવ અનુભવું છું. કુમારની ૨૫ વર્ષની વિકાસકથા અહિં આપવાનો અવકાશ નથી જો કે હું તેનો પ્રારંભકાળથી આજ સુધીનો સાક્ષી છું; આ કથા પ્રસ્તુત અંકમાં અધ્યાપક શ્રી. યશવન્ત શુકલે વિગતવાર સુન્દર રીતે આપી છે. મારે તો એક જ બાબતની નોંધ લેવાની છે અને તે એ કે કુમારનો જન્મ થયો ત્યારે એ માસિક હાઇ સ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓ સરળતાથી વાંચી શકે, સમજી શકે અને ઉદ્‌બોધન તેમજ રંજન-ઉભય પ્રાપ્ત કરી શકે એ ધોરણ સ્વીકારવામાં આવ્યું હતું અને એ ધોરણે ચલાવવામાં આવતું હતું પણ હવે કેટલાક સમયથી એ ધોરણનો અતિક્રમ થઇ રહ્યો લાગે છે. આજનું કુમાર ઉગતી ઉમ્મરના વિદ્યાર્થીઓની જરૂરિયાતોને તદ્દન વિસરી ગયું છે એમ હું નહિ કહું, પણ એનું ધોરણ વધારે ને વધારે શિષ્ટ અને પ્રૌઢ બનતું ગયું છે અને કુમારમાં આજે એવા અનેક લેખો આવે છે કે જેમાં હાઇસ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓને રસ પણ ન પડે અને સમજ પણ ન પડે. આ કાંઇ કુમારના દોષ રૂપે કે ત્રુટિ રૂપે જણાવતો નથી; માત્ર નોંધ લેવા લાયક હકીકત રૂપે જ જણાવું છું. કુમાર પોતાનું નામ ન બદલે પણ તેને ઉમ્મરની અસર તો તેને પહોંચે જ ને? કુમાર કૌમારાવસ્થામાં નથી રહ્યું, યુવાવસ્થા ઓળંગીને પ્રૌઢાવસ્થામાં પ્રવેશી રહ્યું હોય એમ તેનું સ્વરૂપ કહે છે.

ગુજરાતી ભાષામાં આજે કુમાર અત્યન્ત લોકપ્રિય માસિક છે. ગુજરાતી સાહિત્યમાં સચિત્ર માસિકો બીજાં અનેક છે પણ કુમારની નજીક આવે એવું એક પણ બીજું સુરૂચિપૂર્ણ ગુજરાતી સચિત્ર માસિક હજુ જોવામાં આવ્યું નથી. ચિત્ર, સ્થાપત્ય તેમ જ અન્ય લલિતકળાનો તેમ જ તે તે કળાના સાજ઼કોનો પરિચય તો આપણને માત્ર કુમાર દ્વારા જ મળે છે.

કુમારની બીજી વિશેષતા તેના શીલની છે. કુમારના લેખો જુઓ, ચિત્રો જુઓ, કોઇ પણ ઠેકાણે કદિ પણ કુમારે પોતા માટે નક્કી કરેલી ઉચ્ચ કોટિની નૈતિક ભૂમિકાની નાની સરખી પણ ઉપેક્ષા કરી નથી. આટલાં ચિરાયુષી અન્ય ગુજરાતી માસિકો ભાગ્યે જ મળશે. તેમાં પણ જેણે એક સરખી ભરતી અને વિકાસ જ દાખવ્યા છે અને જેના નૈતિક પ્રતિભા પણ એક સરખી જળવાઇ રહી છે એવું તો આ કુમાર એક અને અદ્વિતીય જ છે. ગુજરાતી સાહિત્યના અનેક સામયિકોમાં કુમારનું સ્થાન અનેરૂં છે કુમાર આપણી સાહિત્ય પ્રગતિનું ગૌરવપ્રદ સીમાચિહ્ન છે. આવું કુમાર ઉત્તરોત્તર વિકાસ પામતુ રહે અને ગુજરાતને કળા, કાવ્ય અને ઉદ્‌બોધક લલિત સાહિત્યની નવનવી વાનીઓ સદા પીરસતું રહે એવી કુમારના સંચાલકો પ્રિયે અન્તરની શુભેચ્છા અને પ્રાર્થના છે.

## ૫૮ કે ૬૮?

પ્રબુદ્ધ જૈનના છેલ્લા અંકમાં 'પ્રલયકાળની ઝાંખી' એ મથાળા નીચે પ્રગટ થયેલ શ્રી. વીઠ્ઠલદાસ જેરાજાણીનો પત્ર વાંચીને પ્રબુદ્ધ જૈનના વાંચકોને શ્રી. વીઠ્ઠલદાસભાઇ આટલી ઉમ્મરે પણ અકલોલી જેવા એક નાના ગામડામાં કેવું પ્રાણવાન જીવન જીવે છે એનો ખ્યાલ આવ્યો હશે અને તેમના પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ વિષે આદર અનુભવ્યો હશે. એ પત્ર ઉપરની નોંધ તૈયાર કરતાં શ્રી. વીઠ્ઠલદાસભાઇની અદ્યતન ઉમ્મર કેટલી હશે તે વિષે સ્પષ્ટ માહીતી મેળવવાના હેતુથી મેં વીલેપારલે તેમના ભત્રીજા શ્રી. નવલ જેરાજાણી રહે છે તેમને ત્યાં ટેલીફોન કર્યો. ટેલીફોન ઉપર શ્રી નવલભાઇનાં પત્ની ઇન્દુબહેન આવ્યાં અને તેમણે જવાબ આપ્યો કે "મને બરોબર ખ્યાલ નથી, પણ કાકાને (એટલે કે વીઠ્ઠલદાસભાઇને) ૫૮ વર્ષ થયાં હશે." મેં જણાવ્યું કે "એમ બને નહિ. કાકાની ઉમ્મર ૬૫ વર્ષ ઉપર હોવી જોઇએ. નવલભાઇ હોય તો તેમને બોલાવોને!" નવલભાઇ ટેલીફોન ઉપર આવ્યા. મેં વીઠ્ઠલદાસભાઇની ઉંમ્મર વિષે પ્રશ્ન કર્યો. તેમણે જવાબ આપ્યો કે "કાકાને ૬૮ વર્ષ થયાં છે." મેં સામે કહ્યું કે "નવલભાઇ, આ તે કેવી વાત કે તમારે ત્યાં ઇન્દુબહેન આટલું પણ ન જાણે અને કહે કે કાકાને ૫૮ વર્ષ થયા છે." નવલભાઇએ તુરત સામે જવાબ વાળ્યો કે "પરમાનંદભાઇ! એમાં તેમને કેમ આશ્ચર્ય થયું? ઇન્દુ તો જે જુએ તે કહેને? ઇન્દુને કાકા ૫૮ વર્ષથી વધારે મોટા લાગતા જ નથી. પછી તો તે તમને એમ જ કહે ને?" આ જવાબ સાંભળીને મને ભારે આનંદ થયો. નવલભાઇનું સૂચન બરોબર જ હતું કે વીઠ્ઠલદાસભાઇ છે તો ૬૮ વર્ષના, પણ તેમની તાકાત તથા અખંડ પ્રવૃત્તિ અને ખડતલપણું જોતાં તેમની ઉમ્મર કોઇ ૫૮ વર્ષથી વધારે ન માને. આપણા સમાજમાં આવી વિરલ વ્યક્તિઓ ભાગ્યે જ મળે છે કે જેમના જીવન ઉત્સાહને, સમાજ સેવાની ધગશને, આદર્શ પ્રાપ્તિની તમન્નાને ગમે તેટલી વૃદ્ધ ઉમ્મર પણ અસર કરતી નથી. તેઓ સદા ઉદ્યુક્ત હોય છે, સદા સેવાતત્પર હોય છે. તેમના શરીર ઉપર જરૂર ઉમ્મરની અસર થઇ હોય છે, પણ તેમનો આત્મા સદા જાગૃત હોય છે, સચેત હોય છે, સક્રિય હોય છે અને જ્ઞાન, કર્મ યા ભક્તિની સાધનામાં સદા પ્રવૃત્ત હોય છે. તેમનો જીવન પ્રદીપ સદા પ્રકાશિત હોય છે અને તેમનામાંથી યુવાનો પણ જીવન પ્રેરણા પ્રાપ્ત કરે છે. ૬૮ વર્ષના હોવા છતાં ૫૮ વર્ષની ઉમ્મરના દેખાતા શ્રી વીઠ્ઠલદાસભાઇ આવી એક વ્યક્તિ છે. આજે તેઓ ગામડાના એક ખુણે બેઠા છે અને ત્યાંના લોકોની સેવા કરે છે. તેમને મળીએ એટલે તેમની પાસેથી ગામડાના લોકોની—કલ્પનામાં ન આવે એવી—ગરીબાઇ, અજ્ઞાન તથા વ્યસનપરાયણતાની દદભરી વાતો સાંભળીએ અને આપણી સામે કેવું મોટું સેવાક્ષેત્ર હજુ અણખેડાયલું પડયું છે તેનો આપણને ખ્યાલ આવે. ગામડાના લોકોના માનસિક તેમજ શારીરિક દારિદ્રય વિષે મર્મસ્પર્શી સંવેદન અને તેમને ઉપયોગી થવાની તીવ્ર ઝંખના, જરાજર્જરિત દેહે પણ અપૂર્વ જીવન ઉલ્લાસ અને અખંડ સેવાપરાયણતા—આવું તેમનું પુણ્ય દર્શન અને સમાગમ પ્રાપ્ત થવો એ જીવનની ધન્યતા અનુભવવા બરોબર છે.

**પરમાનંદ.**

## સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

જણાવતાં આનંદ થાય છે કે આ સંસ્થાના મકાનફંડમાં રૂા. ૧૯૦૦૦૦) ભરાઇ ચુકયા છે અને હાલતુરતને માટે નિરધાર કરેલ રૂા. ૨૦૦૦૦૦) ના સીમાચિહ્નને બહુ થોડા સમયમાં પહોંચી જવાશે એવી આશા રહે છે.

## પ્રબુધ્ધ જૈનને દ્રવ્યસીંચન

પ્રબુધ્ધ જૈન પ્રત્યેના સદ્‌ભાવથી પ્રેરાઇને શ્રી. નંદલાલ ભોગીલાલ શાહે રૂા. ૨૫ નો ચેક મોકલી આપ્યો છે જે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

**તંત્રી, પ્રબુધ્ધ જૈન**

# શ્રી. ખુશાલદાસભાઈનો સેવાયોગ

[ તા. ૧૨-૧-૪૯ ના રોજ શ્રી. ખુશાલદાસ કુરજી પારેખનો શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીના પ્રમુખપણા નીચે હીરક મહોત્સવ ઉજવાયો હતો, જે પ્રસંગે તેમને રૂા. ૨૫૨૦૦૦ ની થેલી તથા પ્રસંગાનુરૂપ તૈયાર કરવામાં આવેલ અભિનન્દન ગ્રંથ અર્પણ કરવામાં આવ્યો હતો. આ ગ્રંથ માટે શ્રી. પરમાનંદભાઇએ લખી આપેલ લેખ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી ]

શ્રી. ખુશાલદાસ કુરજી પારેખનું નામ માત્ર કપોળ કોમમાં જ નહિ પણ મુંબઇના સૌરાષ્ટ્રવાસીઓમાં તેમ જ સૌરાષ્ટ્રતળમાં એટલું બધું જાણીતું છે કે તેમનો પરિચય આપવાની ભાગ્યે જ જરૂર લેખાય. તેમની આજ સુધીની અનેકવિધ સેવાઓની કદરરૂપે તેમના સ્વજનો, મિત્રો અને પ્રશંસકો પાસેથી થોડી થોડી રકમો એકઠી કરીને તેમને એક થેલી આપવા માટે આજથી આઠેક મહિના ઉપર શેઠ પ્રાણલાલ દેવકરણ નાનજીના પ્રમુખપણા નીચે એક સમિતિ નીમવામાં આવી હતી. આ હિલચાલ શરૂ કરવામાં આવી ત્યારે તે હિલચાલના પ્રયોજકોની કલ્પના બહુ બહુ તો એક લાખ રૂપીઆ સુધી પહોંચવાની હતી. તેના બદલે તે થેલીમાં આજે અઢી લાખ જેટલી શાનદાર રકમ ભરાઇ ચૂકી છે અને આ રકમ ભરનારમાં કપોળ કોમની બહારની પણ અનેક વ્યક્તિઓ છે. આ હકીકત જ તેમની અસાધારણ લોકપ્રિયતાનો કાંઇક ખ્યાલ આપવા માટે પૂરતી છે. શ્રી. ખુશાલદાસભાઇ કોઇ મોટા સત્તાસ્થાન ઉપર બેઠા હત તો એમ પણ માનવાને કારણ મળત કે આગામી લાભના લોભે કે પોતાને થયેલા લાભના ઋણસ્વીકાર તરીકે કેટલીક વ્યકિતઓએ મળીને આ રકમ કાઢી આપી હશે. પણ આવું કશું પણ ખુશાલદાસભાઇ માટે કહી શકાય તેમ છે જ નહિ. તો પછી એવું તો ખુશાલદાસભાઇમાં શું છે કે જેને લીધે તેઓ પોતાની કપોળ કોમનો તેમ જ અન્ય કોમના આગેવાન ગૃહસ્થોનો, શ્રીમંતોનો તેમ જ સામાન્ય સ્થિતિના માણસોનો આટલો બધો ચાહ, આદર, સદ્ભાવ પ્રાપ્ત કરી શકયા છે? આ સ્વાભાવિક સમસ્યાનો આપણે અહિં થોડોએક વિચ્છેદ કરીએ.

શ્રી. ખુશાલદાસભાઇનું સેવા તરફનું સ્વાભાવિક વલણ તેમના જીવનના પ્રારંભકાળથી પ્રગટ થતું આવ્યું છે. પોતે મુંબઇની જે કપોળ બોર્ડિંગમાં રહીને ભણ્યા તે જ બોર્ડિંગના તેઓ ૧૯૦૭ માં ગૃહપતિ થયા. સાથે સાથે કપોળ સ્ટુડન્ટસ્ યુનિયન તેમણે ઊભું કર્યું, અને ૧૯૦૮ માં એટલે કે ૨૩ વર્ષની ઉંમરે તેમણે પોતાના સહાધ્યાયી શ્રી. જગજીવનદાસ નારાયણદાસ મહેતાના સહયોગપૂર્વક અમરેલીમાં કપોળ વિદ્યોત્તેજક ફંડની અને ૧૯૦૯ માં કપોળ બોર્ડિંગ સ્કૂલની સ્થાપના કરી. એજ અરસામાં મુંબઇમાં તેમણે ૧૯૦૮ માં 'કપોળ' માસિક શરૂ કર્યું અને ૧૯૦૯ માં કપોળ વસતિપત્રક તૈયાર કર્યું. આમ તેમની જે સેવાયોગની શરૂઆત થઇ તે સેવાયોગ-તેઓ ગૃહસ્થાશ્રમી થયા, બી. એ., એલએલ. બી. થયા, કોઇ હાઇસ્કૂલમાં થોડો સમય શિક્ષક થયા, પછી કોઇની સાથે મળીને કમીશન એજન્ટનું કામ શરૂ કર્યું, અને સમયાન્તરે વીમાના એજન્ટ તરીકેનું કામ ઉપાડયું અને તેમાં ઠીક ઠીક કમાયા, એમ છતાં પણ ઉપર જણાવ્યો તે તેમનો સેવાયોગ-અખંડપણે ચાલતો રહ્યો, એટલું જ નહિ પણ ઉત્તરોઉત્તર વિસ્તરતો રહ્યો. ૧૯૨૧ માં, એટલે કે તેમની ૩૬ વર્ષની ઉમ્મરે તેમનાં પત્ની બે પુત્ર અને એક પુત્રી મૂકીને ગુજરી ગયાં. ત્યારબાદ નવો ગૃહસ્થાશ્રમ માંડવા માટે અનેક સગાંવહાલાંઓ તેમ જ મિત્રો તરફથી આગ્રહ હોવા છતાં તેમણે તે તરફ નજર સરખી પણ ન કરી. છેલ્લાં કેટલાંક વર્ષથી તો તેઓ પોતાના વીમાના કામકાજથી તદ્દન ફારેગ થયેલા છે અને તેમણે પોતાનું સમગ્ર તન અને મન, અને જરૂર પડે ત્યાં ધન પણ વિવિધ સેવાકાર્યને જ અર્પણ કર્યું છે. સવારના વહેલાં ઊઠે ત્યારથી તે રાત્રે મોડા સૂએ ત્યાં સુધી તેમને બીજું કોઇ રટણ હોતું નથી. તેમના હાથે અથવા તેમની પ્રેરણાથી તેમ જ યોજક શક્તિથી કેટલીએ સંસ્થાઓ ઊભી થઇ છે; તેમના માથે પણ કેટલીયે સંસ્થાની જવાબદારી છે; આજે પણ, આ સંસ્થા માટે આટલું ફંડ ભેગું કરવાનું છે, આ સંસ્થાની આટલી જરૂરીઆતને પહોંચીવળવાનું છે, આજે હવે આ નવી સંસ્થા ઊભી કરવાની જરૂર છે અને તે માટે આમને તેમ જ તેમને મળવાનું છે અને કોઇ હિસાબે બે મહિનામાંબે લાખ કે પાંચ લાખ એકઠા કરવાના છે-આ જ માત્ર તેમની ચિન્તા હોય છે અને આ જ માત્ર તેમનો વ્યવસાય હોય છે. તેમના કાર્યની શરૂઆત તેમણે કપોળ કોમના મર્યાદિત ક્ષેત્રમાં જ શરૂ કરી હતી અને આજે પણ જો કે તેમના હાથે અનેક સાર્વજનિક સંસ્થાઓ ઉદ્ભવ પામી છે તો પણ કપોળ કોમ જ મુખ્યત્વે કરીને તેમની લાગવગનું મોટું ક્ષેત્ર છે. કપોળ કોમ સ્વભાવથી ઉદાર છે. તેને શ્રીમન્તાઇ પણ વરેલી છે. તે કોમના શ્રીમાનોમાં સાર્વજનિક ભાવના પણ ભરેલી છે. આ શ્રીમાનોના દિલને સ્પર્શવાની શ્રી. ખુશાલદાસભાઇને કોઇ અદ્ભુત કળા સાંપડી છે. આ કળાના મૂળમાં તેમની નિઃસ્વાર્થ સેવાનિષ્ઠા રહેલી છે. વળી સાથે સાથે તેમનામાં અનુપમ પ્રાકૃતિક માધુર્ય ભર્યું છે. પરિણામે તેઓ જ્યાં જાય ત્યાં સામાના દિલનો હાર્દિક આવકાર પ્રાપ્ત કરે છે, અને પોતાનું ધાર્યું સિધ્ધ કરીને પાછા ફરે છે. વળી જ્યારે પણ તેઓ કોઇ પણ સંસ્થા માટે કોઇની પણ પાસે નાણાંની માંગણી કરે છે ત્યારે સામાની પરિસ્થિતિ, વૃત્તિ, વળણ વગેરેથી તેઓ પૂરા વાકેફગાર હોય છે અને તેથી તેઓ એવી કુનેહથી વર્તે છે કે તેમના વિષે કોઇના દિલમાં કશો અણગમો તો પેદા થતો જ નથી. ખુશાલદાસભાઇ આવ્યા છે તો કોઇ સારા કામ માટે જ આવ્યા હશે એમ સમજીને તેમને સૌ કોઇ આવકારે છે અને તેમને સાંભળીને તેમની માગણીને પહોંચી વળવા સૌ કોઇ આતુરતા દાખવે છે, કારણ કે તેમની માગણી સામાની તાકાત અને સહજ વૃત્તિના માપથી હંમેશાં મપાયલી હોય છે.

આ જ તેમનો સેવાયોગ તેમને સતત પરિભ્રમણ કરાવે છે, તેઓ મહિનામાં પંદર દિવસ કાઠિયાવાડમાં જ હોય. આજે આ સંસ્થાનું ઉદ્ઘાટન છે, આવતી કાલે આ સંસ્થાનો વાર્ષિક મહોત્સવ છે, પછીના દિવસે અમુક સંસ્થાનું બંધારણ ઘડવા માટે અમુક સ્થળે એકઠા થવાનું છે-આમ એક સ્થળેથી બીજા સ્થળે તેઓ સતત ફરતા જ હોય છે. એક દિવસ તમે તેમને રાજકોટ જુઓ તો બીજા દિવસે ભાવનગર અને ત્રીજા દિવસે પાછા મુંબઇ તેઓ આવી પહોંચ્યા હોય. અને આ બધું પોતાના ખરચે અને હિસાબે. આજે હવે એરોપ્લેનનો યુગ છે, અઠવાડિયામાં આઠ જગ્યાએ ભમી વળવાનું છે. ખુશાલદાસભાઇ આ માટે સદા તૈયાર છે. તેમને કદી થાક નથી, તેમને કોઇ એશઆરામ જોઇતો નથી. આજે ૬૪ વર્ષની ઉંમરે પણ તેમનું શરીર પૂરું તંદુરસ્ત, ખડતલ અને માંગો તે કામ આપે તેવું છે, અને શરીરને પંપાળવામાં તેઓ જરા પણ માનતા નથી. બીજો કોઇ તેમને શોખ નથી કે રોકાણ નથી. આવો એકાન્ત સેવાયોગ વિરલ જોવા મળે છે.

શ્રી. ખુશાલદાસભાઇ માત્ર જાહેર સંસ્થાઓના જ પ્રેરક કે સંચાલક છે એમ નથી. એમનામાં ઉંડી પરોપકાર બુધ્ધિ છે. કોઇનું પણ કામ કરી છૂટવું, કોઇને પણ ઉપયોગી થવું એ એમની સાહજિક વૃત્તિ છે. તેમના માટે કોઇપણ નાનું કામ નાનું કે અલ્પ મહત્ત્વનું નથી. કોઇ વિદ્યાર્થીને કશી પણ અગવડ હોય, કોઇ કુટુંબને ભરણપોષણની મૂંઝવણ હોય, કોઇ માંદા હોય અને ખુશાલદાસભાઇની ઉપયોગીતા હોય,-આવે બધે ઠેકાણે ખુશાલદાસભાઇ પોતાથી થાય તે કરી છૂટવાના. કારણ કે અન્યનાં દુઃખો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૧૯

મુંબઈ: ૧ ફેબ્રુઆરી ૧૯૪૯ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## વાર્ષિક વૃતાન્ત

વિક્રમ સંવંત ૨૦૦૪ની પૂર્ણાહુતિ સાથે શ્રી. મુંબઇ જૈન યુવકસંઘ ૨૦ વર્ષ પુરાં કરે છે. દેશને આઝદી પ્રાપ્ત થયા બાદ આ પ્રથમ વર્ષ હતું. એ વર્ષના પ્રારંભમાં જેમની દિવ્ય ચેતના વડે આપણુ સર્વ ચેતનાવન્ત બન્યા હતા, અને જેમની દોરવણી નીચે આપણે આઝાદી પ્રાપ્ત કરી હતી અને જેમણે વ્યથિત અને મત્સરગ્રસ્ત જગતને સત્ય અને અહિંસાનો સંદેશ આપ્યો હતો તે જગતવન્દ્ય મહાત્મા ગાંધીજીને આપણે ગુમાવ્યા હતા. આ વર્ષ દરમિયાન દેશના અનેક અંગઉપાંગોમાં ભાતભાતનાં પરિવર્તન થયાં હતાં. કાઠિયાવાડમાંથી જુનાગઢની નવાબી તો નાશ પામી પણ બીજાં પણ અનેક દેશી રાજ્યો સ્વતઃ વિસર્જિન થયાં અને તેમાંથી એક સુગ્રથિત એકમ સરજાયું. કચ્છ હિંદી સંઘમાં જોડાયું, વડોદરા સિવાયનાં ગુજરાતના સર્વ દેશી રાજ્યો મુંબઇ પ્રાન્તમાં અન્તગત થયા, વડોદરામાં સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર સ્થપાયું. દક્ષિણમાં નિઝામની આપખુદી અને રઝાકારોના અત્યાચારોનો અન્ત આવ્યો. કાશ્મીરમાં તાજેતરમાં સુલેહની સ્થાપના થઇ. દુનિયાના પ્રજાસંઘમાં હિંદને સુપ્રતિષ્ઠિત સ્થાન મળ્યું. આમ જયા બાજુ દેશભરમાં અનેક આવકારદાયક ઘટનાઓ બની રહી છે અને વિભક્ત હિંદ ધીમે ધીમે એકરૂપતા ધારણ કરી રહ્યું છે, તો બીજી બાજુએ રાજ્યવહીવટની ગેરવ્યવસ્થા, કાળાબજાર, રૂશ્વતખોરી, ઉત્તરોત્તર વધતા જતા ભાવો, નિર્વાસિતોની અત્યન્ત જટિલ સમસ્યા, વ્યાપારની મંદી, અવારનવાર આવી પડતી હડતાળો અને સાથે સાથે કેર વર્તાવતી કુદરતી આફતો અને પુરતા વરસાદના અભાવે માથે ઝઝુમતો દુષ્કાળ—આ સર્વ વિષમતાઓ પ્રજાજીવનને ગુંગળાવી રહેલ છે અને લોકોની હાડમારીઓમાં પારવિનાનો વધારો કરી રહેલ છે. જૈન સમાજ મોટા ભાગે મધ્યમ વર્ગનો બનેલો હોઇને, અને તેનો જીવનવ્યવસાય મુખ્યત્વે વ્યાપાર, દલાલી કે નોકરી હોઇને તેની જીવનસમસ્યા અત્યન્ત વિકટ બની રહી છે. આવી વિષમ પરિસ્થિતિમાં એક વર્ષ પસાર કરીને આપણે બીજા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ.

જૈન સમાજની દૃષ્ટિએ બે મહત્ત્વની ઘટનાઓની ખાસ નોંધ લેવી ઘટે છે. શત્રુંજય તીર્થ પહેલાં પાલીતાણા રાજ્યની હકુમતમાં આવ્યું હતું. આ તીર્થની યાત્રાએ આવતા યાત્રળુઓ ઉપર એક વખત લેવાતા મુંડકાવેરાના બદલામાં જૈન સમાજ તરફથી દર વર્ષે રૂા. ૬૦૦૦૦) પાલીતાણા ઠાકોરને ભરવામાં આવતા હતા. ગત વર્ષ દરમિયાન પાલીતાણુ રાજ્ય વિસર્જિત થયું અને સૌરાષ્ટ્ર સરકારની હકુમતની સ્થાપના થઇ. આ સરકારે ગત વર્ષ દરમિયાન પોતાને વારસામાં મળેલો આ કર હંમેશાને માટે માફ કર્યો. આવી જ રીતે શીરોહી રાજ્યે આબુ તીર્થની યાત્રાએ આવતા યાત્રળુઓ પાસેથી ઉઘરાવાતો કર કે જેની વાર્ષિક આવક રૂા. ૪૦૦૦૦) જેટલી હતી તે પણ સદાને માટે માફ કર્યો. જુનાગઢમાં નવાબીનો નાશ થયો અને હવે તો જુનાગઢ રાજ્યનો સૌરાષ્ટ્ર સરકારમાં સમાવેશ થયો. એ ઘટના પણ, ગીરનાર જૈનોનું એક અતિ મહત્વનું તીર્થ હોઇને, અત્યન્ત આવકારદાયક છે. શત્રુંજય તેમ જ ગીરનાર તીર્થ ઉપર પ્રત્યેક રાજ્યની મનસ્વી સત્તાનો જે દોર ચાલતો હતો અને જેના કારણે રાજ્ય અને જૈન સમાજ વચ્ચે ચાલુ ઘર્ષણ અને મનદુઃખનાં નિમિત્તો ઉભા થયા કરતાં હતાં તેનો સુખદ અન્ત આવ્યો છે.

### પ્રબુદ્ધ જૈન

આવી ચિત્રવિચિત્ર અનેક ઘટનાઓથી ભરેલા ગત વર્ષ દરમિયાન મુંબઇ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓ અબાધિત રીતે એકસરખી ચાલતી રહી છે. મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પ્રબુદ્ધ જૈન આગામી એપ્રીલ માસમાં દશ વર્ષ પુરાં કરશે. આટલા લાંબા કાળ દરમિયાન પ્રબુદ્ધ જૈન એક સરખી સેવા આપી રહ્યું છે અને ગુજરાતી સાહિત્યના શિષ્ટ સામયિકોમાં પ્રબુદ્ધ જૈને પ્રભુત્વભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રબુદ્ધ જૈન પોતાની વિશિષ્ટ પ્રતિભાવડે જૈન સમાજને તેમજ વિશાળ રાષ્ટ્રને સ્પર્શતા અનેક પ્રશ્નો તેમ જ ઘટનાઓ પરત્વે સ્પષ્ટ, નિડર તેમ જ મર્મગ્રાહી માર્ગદર્શન કરાવી રહેલ છે, અને સમાજના શિષ્ટ વર્ગનાં આદર અને પ્રેમને તેણે પ્રાપ્ત કર્યાં છે. આમ છતાં પણ તેની આર્થિક પરિસ્થિતિ પ્રોત્સાહક નથી. એક બાજુ ગ્રાહક સંખ્યા વધવાને બદલે કાંઇ ને કાંઇ કમી થઇ રહી છે, બીજી બાજુએ ખર્ચ તો વધતો જ જાય છે. ગ્રાહકોના લવાજમ સિવાય પ્રબુદ્ધ જૈનને આવકનું નિયમિત કોઇ સાધન નથી. પરિણામે આ વર્ષે પર્યુષણ દરમિયાન પ્રબુદ્ધ જૈનને રૂા. ૧૦૦૦) લગભગની પરચુરણ રકમ ભેટ તરીકે મળવા છતાં વર્ષ આખરે રૂા. ૮૦૦) ની ખોટ ખેંચવી પડી છે. પ્રબુદ્ધ જૈનને જો એકસરખું ટકાવવું હોય તો સંઘના સભ્યોએ તેમ જ પ્રબુદ્ધ જૈનના પ્રશંસકોએ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકો વધરવા તરફ તેમ જ બીજી રીતે પણ તેનો આર્થિક બોજો હળવો કરવા તરફ પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કરવાની ખસ જરૂર છે.

### વાચનાલય–પુસ્તકાલય

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય–પુસ્તકાલયનો લાભ ઠીક પ્રમાણમાં લેવાય છે. વાચનાલયમાં ૬ દૈનિક પત્રો, ૨૨ સાપ્તાહિક તથા ૮ પાક્ષિક અને ૩૦ માસિકો આવે છે. હંમેશાં ૧૨૫ લગભગ ભાઇઓ આ વાંચનાલયનો લાભ લે છે અને પુરતી જગ્યાના અભાવે સવારસાંજ વાંચનારાઓની ભારે ભીડ રહે છે. જગ્યાની આ સંકડાશને લીધે પુસ્તકાલયના વાચકોને પુરતો લાભ આપી શકાતો નથી. વાંચનાલયમાં ચાલુ રહેતી

ભીડને અંગે સવાર સાંજ પુસ્તકાલયનાં પુસ્તકો આપી શકાતાં નથી. હંમેશાં બપોરના અઢી કલાક જ પુસ્તકો અપાતાં હોઇને અને તે વખત સૌ કોઇને માટે કામધંધાનો હોઇને પુસ્તકો લેવા આવનારની સંખ્યા પ્રમાણમાં કમી રહે છે. ગયા વર્ષ દરમિયાન ગ્રંથપાળ-લાઇબ્રેરીયન-ની અગવડ તો રહ્યા જ કરી છે. આમ છતાં છેલ્લા કેટલાક માસથી યોગ્ય ગ્રંથપાળ મળી જવાથી આ કાર્ય વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે. ગયા વર્ષ દરમિયાન રૂા. ૨૦૮૯-૧૩-૦ નાં નવાં પુસ્તકો ખરીદવામાં આવ્યાં છે. ગત વર્ષ દરમિયાન વાંચનાલય-પુસ્તકાલયના સંચાલન પાછળ રૂા. ૩૪૬૩-૮-૧૦ નો ખર્ચ થયો છે જેની સામે ગત વર્ષ દરમિયાન રૂા. ૧૦૦૦) ભેટના મળ્યા છે. સંઘ માટે આ પ્રવૃત્તિની જવાબદારી આજના મંદીના વખતમાં સવિશેષ ચિન્તાનું કારણ બને છે.

### વૈદ્યકીય રાહત પ્રવૃત્તિ

સંઘ તરફથી મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા જૈન કુટુંબોને વૈદ્યકીય રાહત આપવાની પ્રવૃત્તિ ચાલે છે. આ સંબંધે 'પ્રબુદ્ધ જૈન'માં અવારનવાર યોગ્ય જાહેરાત આપવામાં આવે છે, એમ છતાં પણ આ પ્રવૃત્તિનો લાભ બહુ જ ઓછા કુટુંબો લે છે. ગત વર્ષ દરમિયાન આ રાહત કાર્ય પેટે રૂા. ૨૨૫) અપાયા છે. આવી જ રીતે માંદાની માવજતનાં સાધનોનો પણ આસપાસ વસતા લોકોને કશા પણ ભેદભાવ સિવાય લાભ આપવામાં આવે છે.

### પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક ગત વર્ષ દરમિયાન તા. ૩૧-૮-૪૮ થી તા. ૭-૯-૪૮ સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. શરૂઆતના સાત દિવસની વ્યાખ્યાનસભાઓ વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલા આનંદ ભુવનમાં રાખવામાં આવી હતી. છેલ્લા દિવસની વ્યાખ્યાનસભા રોકસી થીએટરમાં ગોઠવવામાં આવી હતી. આ વખતે પહેલેથી છેલ્લે સુધી શ્રોતાઓની સખ્ત ભીડ રહી હતી અને છેલ્લા દિવસે ઘણા ભાઇબહેનોને નિરાશ થઇને પાછા જવું પડયું હતું. પ્રસ્તુત વ્યાખ્યાનમાળાના અંગમાં તા. ૫-૯-૪૮ ના રોજ બપોરના ભાગમાં એક વ્યાખ્યાનસભા શ્રી. મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં યોજવામાં આવી હતી, જેમાં મહાસતી ઉજ્જવળકુમારીજીએ 'વિજ્ઞાન અને ધર્મ' ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. આ સભામાં પણ શ્રોતાઓની બહુ સારી હાજરી થઇ હતી. શરૂઆતના બે દિવસ બાદ કરતાં બાકીની સર્વ સભાઓમાં પંડિત સુખલાલજી પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. આ વ્યાખ્યાનમાળા ઉત્તરોત્તર એટલી બધી લોકપ્રિય બની રહી છે અને શ્રોતાઓની સંખ્યા એટલી બધી વધતી જાય છે કે હવેની સભા કયાં અને કેમ ગોઠવવી એ આપણા માટે એક પ્રશ્ન થઇ પડયો છે. આ વ્યાખ્યાનમાળાને અંગે કુલ ખર્ચ રૂા. ૭૫૦) નો થયો હતો અને તે સામે આ નિમિત્તે પરચુરણ ભેટ તરીકે રૂા. ૮૦૦) ની રકમ મળી હતી.

### સન્માન સમારંભો

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ગત વર્ષ દરમિયાન ત્રણ સન્માન સમારંભો ગોઠવવામાં આવ્યા હતા. સૌથી પહેલો સમારંભ જૈન સમાજના જાણીતા વિદ્વદ્રત્ન વયોવૃદ્ધ પંડિત ફતેહચંદ કપુરચંદ લાલનનું જાહેર સન્માન કરવા અર્થે યોજાયો હતો જે પ્રસંગે શ્રી કેદારનાથજી અધ્યક્ષસ્થાને બીરાજ્યા હતા. આ સમારંભમાં જૈન સમાજના આગેવાન ગૃહસ્થોએ સારા પ્રમાણમાં ભાગ લીધો હતો અને પંડિત લાલનને સૌ કોઇએ બહુ ભાવભરી અંજલિઓ આપી હતી. પંડિત લાલને પણ આ પ્રસંગે હૃદયસ્પર્શી પ્રવચન કર્યું હતું અને શ્રી નાથજીએ સમસ્ત પ્રસંગનો ઉદ્બોધક ઉપસંહાર કર્યો હતો.

મુંબઇ સરકાર તરફથી જે. પી. અને ઓનરરી મેજીસ્ટ્રેટોની બહાર પડેલી યાદીમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના નવ સભ્યોને એ પદથી નવાજવામાં આવ્યા હતા. મુંબઇ જૈન યુવક સંઘ માટે આ એક ગૌરવપ્રદ પ્રસંગ ગણાય. આ નવ સભ્યોના સન્માન અર્થે તા. ૧૫-૭-૪૮ ના રોજ સંઘ તરફથી એક નાનું સરખું સંમેલન ગોઠવવામાં આવ્યું હતું.

સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સૌરાષ્ટ્ર તરફથી હિંદની લોકપ્રતિનિધિ સભાના સભ્ય તરીકે ચુંટાયા એ નિમિત્તે તેમનું સન્માન કરવા માટે બુલીયન એક્સચેન્જના હોલમાં કાઠિયાવાડ પ્રજામંડળના પ્રમુખ શ્રી દુર્લભજી ખેતાણીના પ્રમુખપણા નીચે એક જાહેર સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ચીમનભાઇના ભિન્ન ભિન્ન મિત્રોએ શ્રી ચીમનભાઇ પ્રત્યે સદ્ભાવ અને મમતા વ્યકત કરતાં નાનાં મોટાં વ્યાખ્યાનો કર્યાં હતાં અને શ્રી ચીમનભાઇએ પણ પ્રસંગોચિત એક સુન્દર હૃદયસ્પર્શી આત્મનિવેદન કર્યું હતું.

### ગાંધી જયન્તી

તા. ૧૦-૧૦-૪૮ ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં સંઘ તરફથી ગાંધી જયન્તી યોજવામાં આવી હતી. આ પ્રસંગે સ્વામી આનંદે પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. અને મહાસતી ઉજ્જવળકુમારીએ ગાંધીજી ઉપર એક ચિન્તનપૂર્ણ પ્રવચન વડે સભાજનોને મુગ્ધ કર્યા હતા. સ્વામી આનંદે પણ આ પ્રસંગે પોતાના કેટલાક અનુભવો રજુ કર્યા હતા.

### કોરા નિબંધમાળા હરિફાઇ

**"આધુનિક સમયને અનુલક્ષીને જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય ?"** એ વિષય ઉપર સદ્ગત શ્રી છોટુભાઇ કોરા તરફથી નિબંધ હરિફાઇ યોજવા માટે અને એ હરિફાઇમાં સૌથી પહેલા અને બીજા નિબંધલેખકને અનુક્રમે રૂા. ૨૫૦) અને રૂા. ૧૫૦)નું ઇનામ આપવા માટે સંઘને રૂા. ૪૦૦)ની રકમ મળી હતી. આ યોજનાના અનુસંધાનમાં ૨૪ લેખકોએ નિબંધો મોકલી આપ્યા હતા અને તે નિબંધોની પરીક્ષાના પરિણામે શ્રી. પદ્મનાભ જૈનને રૂા. ૨૫૦) નું અને શ્રી. રતિલાલ મફાભાઇ શાહને રૂા. ૧૫૦)નું પારિતોષિક સંઘ તરફથી આપવામાં આવ્યું હતું.

### ડૉ. મેઘાણી સ્મારક

ડૉ. વ્રજલાલ મેઘાણી સ્મારક નિમિત્તે સંઘ પાસે રૂા. ૨૩૦૦) એકઠા થયા હતા. આ સ્મારક સંબંધમાં સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી. મનુ સુબેદાર સાથે વાટાઘાટ કરીને સદ્ગત મેઘાણી જેવી માનવતાસ્પર્શી વાર્તાઓ લખતા હતા તેવું વાર્તા સાહિત્ય પ્રગટ કરવા પાછળ ખરચાય એવી સમજુતી પૂર્વક રૂા. ૨૩૦૦)માં સંઘ તરફથી બીજા રૂા. ૨૦૦) ઉમેરીને કુલ રૂા. ૨૫૦૦) ની રકમ સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટને સુપ્રત કરવામાં આવી હતી.

### ટેન્ડુલકર કમીટી

ગત વર્ષ દરમિયાન મુંબઇ પ્રાન્તની સરકાર તરફથી ધાર્મિક તેમ જ જાહેર સંસ્થાઓના વહીવટને લગતી અનેક બાજુઓ વિષે રીપોર્ટ કરવા માટે એક સમિતિ ઉભી કરવામાં આવી હતી. આ સમિતિના અધ્યક્ષસ્થાને ન્યાયમૂર્તિ ટેન્ડુલકર હોઇને આ સમિતિને ટેન્ડુલકર કમીટીના નામથી ઓળખવામાં આવી હતી. આ કમીટી ઉપર સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ તથા સંઘના ઉપપ્રમુખ શ્રી. શાન્તિલાલ હરજીવન શાહને સભ્યો તરીકે સ્થાન મળ્યું હતું. આ કમીટીએ હિંદુ મંદિરો અને તેમાં અન્તર્ગત કરવામાં આવેલ જૈન મંદિરોમાં એકઠાં થયેલ ભંડોળનો તેમ જ ચાલુ ખર્ચને પહોંચી વળતાં દર વર્ષે ફાજલ પડતી આવકનો દેવમંદિર સિવાય અન્ય સામાજિક કાર્યોમાં શા માટે ઉપયોગ થવો ન જોઇએ-એવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો અને દેવદ્રવ્યના એકાન્તિક ઉપયોગની રૂઢિને કંઇ કાળથી વરેલા જૈન સમાજમાં આ પ્રશ્ને બહુ મોટો ક્ષોભ ઉભો કર્યો હતો. વધારાના દેવદ્રવ્યનો સામાજિક

કાર્યોમાં ઉપયોગ થવો જોઇએ એવું સ્પષ્ટ મંતવ્ય મુંબઇ જૈન યુવક સંઘના બંધારણમાં રહેલું હોઇને મુંબઇ જૈન યુવક સંઘ તરફથી આ કમીટી તરફ મોકલવામાં આવેલ નિવેદનમાં તેમ જ પોતાના પ્રતિનિધિ તરફથી કરવામાં આવેલ રજુઆતમાં આ મન્તવ્યનું સચોટ સમર્થન કરવામાં આવ્યું હતું અને પ્રબુદ્ધ જૈનમાં પણ આ પ્રશ્નની ભિન્ન ભિન્ન વિદ્વાન વિચારકો દ્વારા વિસ્તારથી સમાલોચના કરવામાં આવી હતી. આ કારણે શ્રી મુંબઇ જૈન યુવક સંઘને જૈન સમાજના રૂઢિચુસ્ત સમુદાય સાથે ઠીક ઠીક સંઘર્ષમાં આવવાનું બન્યું હતું એટલું જ નહિ પણ આ પ્રશ્ન પરત્વેના મતભેદના કારણે સંઘને અમુક ઉપયોગી સભ્યોને ગુમાવવા પડયા હતા જે બાબતની અહિં ખાસ નોંધ લેવી ઘટે છે.

## બંધારણમાં ફેરફાર

તા. ૧૧-૭-૪૮ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામાન્યસભા બોલાવવામાં આવી હતી. આ સભામાં દેવદ્રવ્યને લગતા શિરતનિયમમાં અમુક સુધારો કરવામાં આવ્યો હતો. સંઘનો દરેક સભ્ય રાષ્ટ્રીય મહાસભાનો સભ્ય હોવો જોઇએ એ શિરતનિયમ રદ કરવામાં આવ્યો હતો તથા સંઘના અધિકારીઓની તેમજ કાર્યવાહક સમિતિની ચુંટણી પરત્વે જે વિભાગીય મર્યાદાઓ રાખવામાં આવી હતી તે મર્યાદાઓને તિલાંજલિ દેવામાં આવી હતી. દશ વર્ષના ગાળે શ્રી મુંબઇ જૈન યુવક સંઘે પોતાના બંધારણમાં આ અતિ મહત્વનો સુધારો કર્યો છે અને પોતાના સભ્યોમાં કોણ સભ્ય કયા વિભાગનો જૈન છે એવા ભેદભાવને સદાને માટે દૂર કરવામાં આવ્યો છે.

## કેટલીક પરચુરણ વિગતો

ગત વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૧૩ સભાઓ મળી હતી. સંઘના દફતર ઉપર આજે ૨૮૫ સભ્યો છે. પ્રબુદ્ધ જૈનના આજે ૪૪૪ ગ્રાહકો છે. સંઘનાં ગત વર્ષમાં રૂા. ૧૭૮૦) નો ખર્ચ થયો છે, અને રૂા. ૧૬૯૦) ની આવક થઇ છે. જેના પરિણામે રૂા. ૯૦૦) ની ખોટ આવી છે. આ ખોટમાં પ્રબુદ્ધ જૈનના અંગે આવેલી રૂા. ૮૧૦) ની ખોટનો સમાવેશ થાય છે.

## ઉપસંહાર

સંઘની ગત વર્ષની કાર્યવાહીનો આ સંક્ષિપ્ત ઇતિહાસ છે. સંઘ પોતાના નિયત ધોરણ અનુસાર પોતાનું કાર્ય કરી રહેલ છે અને જૈન સમાજની સેવા સાથે અવાર નવાર ઉપસ્થિત થતાં પ્રશ્નો અંગે સ્પષ્ટ માર્ગદર્શન કરાવી રહેલ છે. સંઘના માથે રહેલી અનેકવિધ જવાબદારીઓ ધ્યાનમાં લેતા સંઘની વર્તમાન આર્થિક પરિસ્થિતિ ચિન્તાજનક ગણાય. આ દિશાએ સંઘના સભ્યો પોતાનું લક્ષ્ય સવિશેષ કેન્દ્રિત કરે અને સંઘની પ્રવૃત્તિઓ વધારે ને વધારે વેગવાળી બનાવે એવી સર્વ સભ્યોને પ્રાર્થના કરવામાં આવે છે.

રાષ્ટ્રને આઝાદી પ્રાપ્ત થયા બાદ દેશ આખો જોસભેર આગળ વધી રહેલ છે. પ્રાન્ત પ્રાન્તમાં અનેક ક્રાન્તિકારી સામાજિક કાયદાકાનુનો પસાર થઇ રહ્યા છે જેના પરિણામે સમાજના આન્તબાહ્ય સ્વરૂપમાં મૌલિક ફેરફારો નિપજી રહ્યા છે. નવાં નવાં સામાજિક અનુશાસનો નિર્માણ કરવામાં મુંબઇ પ્રાન્ત મોખરે છે. એકથી વધારે પત્ની કરવાનો પ્રતિબંધ કરવામાં આવ્યો છે, અમુક અસાધારણ સંયોગોમાં લગ્નવિચ્છેદને સંમત કરવામાં આવેલ છે. અસ્પૃશ્યતાને કાયદા પુરતી સામાજિક જીવનના સર્વ અંગોમાંથી નાબુદ કરવામાં આવી છે. જ્ઞાતિઓ અને સંપ્રદાયોની બહિષ્કારસત્તા હંમેશાને માટે ખુંચવી લેવાનો ધારો મુંબઇની ધારાસભા સામે આવીને ઉભો છે. મંદિરોની મીલકતના સામાજિક ઉપયોગને અનુમત કરતો જ માત્ર નહિ પણ ફરજિયાત બનાવતો કાયદો બહુ થોડા સમયમાં મુંબઇની ધારાસભા સમક્ષ આવીને ઉભો રહે એવો સંભવ છે. મજુરોને અને ખેડુતોને લાભકર્તા અનેક કાયદાઓ થઇ રહ્યા છે. કોમીવાદ ઉપર ચોતરફથી કાતિલ પ્રહારો થઇ રહ્યા છે. આમ જે ક્રાન્તિકારી વિચારસરણી ઉપર શ્રી મુંબઇ જૈન યુવક સંઘની રચના કરવામાં આવી હતી તે વિચારસરણી કાયદાના અનુશાસન દ્વારા તેમ જ આચારપરિવર્તન દ્વારા લોકજીવનમાં મૂર્ત સ્વરૂપ ધારણ કરી રહી છે. મુંબઇ જૈન યુવક સંઘને મન સૌથી મહત્વની વસ્તુ તો રાષ્ટ્રની આઝાદી હતી. એ આઝાદી સંપૂર્ણાંશે હાંસલ કર્યાને આજે દોઢ વર્ષ થવા આવ્યું છે એટલું જ નહિ પણ દુનિયાનું ભાવી ઘડવામાં હિંદ આજે ભારે મહત્વનો ભાગ ભજવી રહેલ છે. આ સર્વ સિદ્ધિઓને જોઇને મુંબઇ જૈન યુવક સંઘને ગૌરવ ચિન્તવવાનો અને ચરિતાર્થતા અનુભવવાનો સંપૂર્ણ અધિકાર છે.

પણ આટલેથી સંતોષ માન્યે અને કૃતકૃત્યતા ચિન્તવ્યે નહિ ચાલે. હજુ પ્રવાસ લાંબો છે અને માર્ગમાં ઘણા સંકટસ્થાનો પડેલાં છે. જે સમાજમાં સર્વ કોઇ સમાન હોય, જેમાં કોઇ દલિત કે પીડિત ન હોય, જેમાં ઉદ્યોગ અને જીવનનિર્વાહ સૌ કોઇ માટે સુલભ અને સરળ હોય, જેમાં નાતજાતના, સંપ્રદાય અને કોમના, પ્રાન્ત પ્રાન્તના અને રાષ્ટ્ર રાષ્ટ્રના ભેદો ગૌણ બન્યા હોય-ભુલાયા હોય-અને એક દુનિયાના આપણે સૌ માનવી એવી ભાવના મૂર્તિમન્ત બની રહી હોય- આવી સમાજરચના ઉભી કરવી એ જો આપણો આદર્શ હોય તો આપણે અનેક પૂર્વગ્રહોથી અને રાગદ્વેષથી, સંકીર્ણતાથી અને ધર્માંધતાથી મુક્ત થવું પડશે. આવી નવરચના એ જો મુંબઇ જૈન યુવક સંઘનું સ્વપ્ન હોય, એ સ્વપ્નને વાસ્તવિક બનાવવામાં મુંબઇ જૈન યુવક સંઘને પણ પોતાનો ફાળો આપવાની એષણા હોય તો મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોએ હજુયે કેટલીયે કાયાપલટ કરવી પડશે અને બુદ્ધિ તેમજ હૃદયને અત્યન્ત વિશાળ બનાવવા પડશે. આવું આત્મપરિવર્તન કરવાનું આપણુ સર્વને બળ મળે, અને કાળની ગતિ સાથે આપણે પણ અગેકદમ કુચ કરતા રહીએ એવી પરમાત્માને આપણી સદા પ્રાર્થના હો!

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

# બ્રેલ્વી

સૈયદ અબદુલ્લા બ્રેલ્વી ઉચ્ચ મુસ્લીમ કુટુમ્બના હતા. એમના પૂર્વજો બરેલીમાં વસેલા, અને એથી એમનું નામ "બરેલવી-બ્રેલ્વી" હતું. બ્રેલ્વીના પિતામહ ૧૮૫૭ ના બળવા પછી મુંબઇ આવી વસેલા. બ્રેલ્વી જ્યારે ત્રણ વર્ષના હતા ત્યારે એમના પિતાનું અવસાન થયેલું. બ્રેલ્વી સામાન્ય સ્થિતિમાં જ ઉછરેલા અને 'સ્કોલરશીપ' વગેરેથી ભણેલા. એ સ્વાશ્રયી હતા. એ મુંબઇની અન્જુમન ઇસ્લામની શાળામાં શીખેલા. એમનું ગુજરાતીનું જ્ઞાન પણ સારું હતું અને જરૂર પડે તો ગુજરાતીમાં લખી પણ શકતા હતા. એમને ક્રીકેટનો શોખ હતો; એમની શાળા તરફથી એ રમતા અને "ટીમ"ના કેપ્ટન થતા. ડાબા હાથથી દડા નાંખતા અને સારા 'બોલર' ગણાતા. ન્યુ હાઇસ્કૂલની (જે હવે ભરડા ન્યુ હાઇસ્કૂલ છે એની) "ટીમ"ને એમણે એકવાર ૭ રનમાં 'આઉટ' કરી હતી. યુવાવસ્થામાં અમારી અંધેરીની 'ટીમ' તરફથી સાંતાક્રુઝની "ટીમ" સામે રમતા. અમારી "ટીમ"ના કેપ્ટન મારા જ્યેષ્ઠ બન્ધુ વૈકુંઠભાઇ થતા પણ બ્રેલ્વી અમારા મુખ્ય 'બોલર' હતા. ક્રીકેટમાં હજુ સુધી બ્રેલ્વીને રસ હતો અને મોટી મેચો જોવા પણ વખત મળ્યે જતા.

બ્રેલ્વીને મ્હારા ભાઇ વૈકુંઠભાઇ સાથે એલ્ફીન્સ્ટન કોલેજમાં ૧૯૦૭-૮માં ઓળખાણ થઇ. એ સમયે કોલેજમાં મહાદેવભાઇ દેસાઇ તેમ જ કળાના અવલોકનકાર તરીકે જે પછીથી જાણીતા થયા હતા એ શ્રી. કનૈયાલાલ વકીલ પણ એ કોલેજમાં હતા. એ ચારે વિદ્યાર્થીઓને ધીરે ધીરે ગાઢ મિત્રાચારી થઇ. કનૈયાલાલ વકીલ

સાથે બ્રેલ્વી ૧૯૦૯ની સાલમાં અમારા અંધેરીને બંગલે પહેલાં આવ્યા. આજે ચાલીસ વર્ષોનો એ જુનો, ગાઢ, મીઠો સંબંધ સદા માટે તૂટી ગયો!

અંગ્રેજી સાહિત્ય ઐચ્છિક વિષય તરીકે લઇને બી. એ. પાસ થયા પછી બ્રેલ્વી એમ. એ. થયા જેમાં પણ અંગ્રેજી સાહિત્ય એમનો વિષય હતો. એમને લખવાનો શોખ કોલેજનાં દિવસોથી હતો. કોલેજ છોડયા પછી "ટાઇમ્સ ઓફ ઇંડિયા"માં હિન્દુ અને મુસ્લીમ તહેવારો વિશે એમણે ત્રણ ચાર સુન્દર લેખો લખ્યા હતા. તેવામાં સર ફિરોઝશાહ મહેતાએ "બોમ્બે ક્રોનિકલ" સ્થાપ્યું એમાં મ્હારા પિતાની ભલામણથી એ જોડાયા. ૧૯૧૬માં એમાં એ જોડાયા ત્યારથી ૧૯૪૯ની ૯ મી જાન્યુઆરીની સાંજ સુધી એમાં એમણે કામ કર્યું. ૩૩ વર્ષ સુધી એક પત્રની આવી સેવા ભાગ્યે જ કોઇએ કરી હશે અને આપણા દેશમાં તો કદાચ એવો એક જ દાખલો હશે.

એ દિવસોમાં "ક્રોનિકલ" ના તંત્રી હૉર્નિમેન હતા અને ઉપતંત્રી સૈયદ હુસેન (હાલ ઇજીપ્તમાં આપણા દેશના એલચી છે, તેઓ) હતા. એક વાર હોર્નિમેન અને "ક્રોનિકલ" ના ડીરેકટરોને મતભેદ પડયો ત્યારે આખા સ્ટાફે રાજીનામું આપ્યું. એમાં બ્રેલ્વી પણ હતા. ત્યારપછી સમાધાન થયું અને હોર્નિમેન, બ્રેલ્વી વગેરે પાછા "ક્રોનિકલ" માં આવ્યા. ૧૯૧૮ ની સાલમાં હોર્નિમેનને હિન્દુસ્તાનમાંથી દેશનિકાલ કર્યા ત્યારે બ્રેલ્વી "ક્રોનિકલ" ના કામચલાઉ તંત્રી થયા. પરંતુ ૧૯૨૧-૨૨ માં માર્માડયુક પિકથૉલ નામના એક અંગ્રેજને તંત્રી તરીકે "ક્રોનિકલ" ના માલિકો બ્રેલ્વીની ઉપર લઇ આવ્યા. આ પિકથૉલે ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો હતો અને ટર્કી, ખીલાફત વગેરે પશ્નો વિશે લખે એવા તંત્રી માટે "ક્રોનિકલ" ના કાર્યકર્તાઓનો આગ્રહ હતો. ઘણા મિત્રોએ તે વખતે બ્રેલ્વીને રાજીનામું આપવાની સલાહ આપી, પરંતુ બ્રેલ્વીને "ક્રોનિકલ" પ્રત્યે એવી નિષ્ઠા હતી કે એમણે પિકથૉલના હાથ નીચે કામ કર્યું. ૧૯૨૫-૨૬ માં હોર્નિમેન પાછા હિંદ આવ્યા ત્યારે પણ બ્રેલ્વી તંત્રી હતા છતાં હોર્નિમેનને એમનું જૂનું તંત્રીપદ સુપ્રત કર્યું. આ પ્રકારની વફાદારી અને નમ્રતા ભાગ્યે જ જોવામાં આવે છે. પરંતુ એકાદ વર્ષમાં જ હોર્નિમેને ફરી "ક્રોનિકલ" છોડયું અને બ્રેલ્વી "ક્રોનિકલ"ના તંત્રી થયા. અત્યાર સુધી એ સ્થાન એમણે દીપાવ્યું.

બ્રેલ્વી પ્રથમથી જ રાષ્ટ્રવાદી હતા અને ૧૯૨૦-૨૧ ના આંદોલન પછી ગાંધીજી પ્રત્યે આકર્ષાયા હતા. તેઓ મહાસભાના સભ્ય હતા અને ૧૯૩૦ ની તેમ જ ૧૯૩૨ ની લડતમાં કેદમાં ગયા હતા. એકવાર મહાસભાની કારોબારી સમિતિના તેઓ સભ્ય પણ હતા અને ૧૯૩૦-૩૧ માં જ્યારે મહાસભાના પ્રમુખો એક પછી એક કારાગૃહમાં જતા હતા ત્યારે મહાસભાના પ્રમુખ (Emergency President) તરીકે પણ એમની વરણી થઇ હતી. પરંતુ એ સ્થાનપર એ આવે તે પહેલાં મહાસભા અને સરકાર વચ્ચે સમજુતી થઇ અને મહાસભાનું સંચાલન બંધ રહ્યું.

બ્રેલ્વી સ્વભાવે શરમાળ અને વિનીત હતા. એમને બહાર પડવાની, જાહેર જીવનમાં આગળ વધવાની ધગશ નહોતી. એ મુંગી સેવા કરવામાં માનતા. આથી "ક્રોનિકલ" જેવા પત્રના તંત્રી હોવા છતાં ઘણાં વર્ષો સુધી એ પત્રકારોના મંડળમાં આગળ પડતો ભાગ લેતા નહોતા તેમ જ જાહેરસભાઓમાં પણ ખાસ જતા નહોતા. પરંતુ અખિલ ભારતના પત્રકારોના મંડળના એમને ૧૯૪૪ માં પ્રમુખ કર્યા ત્યારથી એની પ્રવૃત્તિમાં તેઓ પુષ્કળ રસ લેતા થયા અને એની સમિતિના કાર્યમાં ખુબ પરોવાયેલા રહેતા. હિંદુસ્થાનના ચારે ખુણે એની સભા માટે જતા. દૈનિક પત્રના તંત્રી તરીકે વર્ષો સુધી રાતપાળી કર્યાની, કારાગૃહવાસની, તેમ જ પત્રકારોના મંડળના પ્રમુખના બોજાની એમના શરીર પર અસર થઇ અને ૧૯૪૫ના જાન્યુઆરીમાં કલકત્તામાં એમને હૃદયના દરદનો પહેલો આઘાત થયો. સુભાગ્યે એમાંથી એ બચી ગયા, પરંતુ બીજો હુમલો ૧૯૪૬ના સપ્ટેમ્બરમાં થયો અને ત્રીજી વખત એ ટકી ન શકયા.

પત્રકારોમાં જૂદા જૂદા અભિપ્રાયો તેમજ પરસ્પર સ્પર્ધા અને દ્વેષ છતાં બ્રેલ્વી પ્રત્યે સૌની પ્રીતિ હતી અને સૌને એમના પર વિશ્વાસ હતો. યુધ્ધના સમયમાં તેમ જ ૧૯૪૨ ની ચળવળ વખતે સરકાર અને પત્રકારો વચ્ચે તીવ્ર મતભેદ પડતો અને ઘર્ષણ થતું, પરંતુ બ્રેલ્વી વારંવાર એ બન્ને વચ્ચે સમાધાન કરાવતા. પત્રકારનું સ્વાતંત્ર્ય જાળવવા સાથે અરાજકતા ન થાય, ઝેરી કોમીવાદ ન વધે, અસત્યનો પ્રચાર ન થાય એની એ ચીવટ રાખતા. એમના સતત્ પ્રયાસને લીધે હિન્દના પત્રો પરનો અંકુશ હળવો થયો હતો. પત્રકારોની સ્વતંત્રતા માટે એ હંમેશ મથતા ને લડતા. તે ઉપરાંત છાપાઓમાં જે કામ કરે છે એવા સબ-ઓડિટરો, રિપોર્ટરો, કોમ્પોઝીટરો, પ્રુફરીડરો વગેરેની સ્થિતિ સુધારવા માટે પણ એ તીવ્ર લાગણી ધરાવતા હતા અને એમના મંડળના પ્રમુખ હતા. બે વાર ન્યુસપેપરના તંત્રીઓના મંડળના પ્રમુખ તરીકે એમની ચુંટણી થઇ હતી એ વૃત્તવિદ્યાને ધંધો કે નોકરીની દૃષ્ટિથી નહોતા જોતા; દેશની સેવાનું એ એક ક્ષેત્ર છે અને રાષ્ટ્રના પુનરૂદ્ધારનું શસ્ત્ર છે એમ માનતા. સેવાવૃત્તિથી જ એ કામ કરતા.

પત્રકારના કાર્યમાં અનેક પ્રલોભનો હોય છે. ધનવાનો અને મુડીદારો છાપાઓનો કબજો લઇ પોતાના સ્વાર્થ પૂરતો એનો ઉપયોગ કરવા ઇચ્છે છે; કોમીવાદ કે પક્ષાપક્ષીને લીધે તે છાપાંઓનો દુરૂપયોગ થાય છે; છાપાં ને છાપાંવાળા તો વેચાતાં લેવાય, એમાં પૈસા આપીને ફાવે એ લખાવાય એમ ઘણાખરા માને છે. તે ક્ષેત્રમાં બ્રેલ્વીએ પોતાનું નામ દીપવ્યું. એમણે કોઇવાર એક કોમ કે પક્ષને માટે અયોગ્ય પગલું ભર્યું નહોતું, પોતાના સિધ્ધાન્તો પાળવામાં કદી ડગ્યા નહોતા પરિણામે જેઓ એમના મત સાથે સંમત નહોતા એ સૌ પણ એમને માટે સન્માન ધરાવતા અને એમની સલાહ પૂછતા અને સહાય લેતા.

બ્રેલ્વીની રાષ્ટ્રસેવા અનેકવિધ હતી. એમાં મુસ્લીમ રાષ્ટ્રવાદી પક્ષ (Muslim Nationalist Party) સ્થાપવામાં અને એને સબળ કરવામાં એમનો હાથ હતો. ૧૯૧૫ માં જ્યારે મહાસભા અને મુસ્લીમ લીગ વચ્ચે સમજુતી અને સહકાર હેવા જોઇએ એમ મિ. જીન્હા માનતા ત્યારે બ્રેલ્વી એમની પડખે હતા. પરંતુ જ્યારથી "લીગે" ઝેરી કોમીવાદ ફેલાવ્યો ત્યારથી બ્રેલ્વી "લીગ"ના વિરોધી થયા. છતાં ૧૯૪૨ અને ૧૯૪૪માં મહાસભા અને "લીગ" વચ્ચે સમાધાન કરાવાના રાજાજીના પ્રયાસ તરફ એમની સહાનુભૂતિ હતી. પાકીસ્તાનની માંગણીના પક્ષમાં એ ન હતા, પરંતુ જ્યારે પાકીસ્તાન કર્યા વગર હિન્દની સ્વતંત્રતા અશકય હતી એવું રાષ્ટ્રનેતાઓને જણાયું ત્યારે બ્રેલ્વીએ પણ પાકીસ્તાનની યોજના સ્વીકારી. બ્રેલ્વીમાં નૈતિક દૃઢતા એવી હતી કે એમનું અપમાન થતું, એમની પર એમની કોમના લોકો થુંકતા, છતાં એ રાષ્ટ્રવાદી મુસલમાનોને મત આપવા જતા અને એની સભાઓમાં હાજરી આપતા અને એમનું અપમાન કરનારા સામે હસતા. એક બે વાર તો એ સખ્ત માર ખાતાં બચી ગયા હતા. ૧૯૪૪ થી જે ઝેરી વાતાવરણ આપણા દેશમાં ફેલાયું એથી બ્રેલ્વીને અસહ્ય દુઃખ થતું હતું, પરંતુ એકવાર પણ એ ન્યાય ને પ્રેમના પંથમાંથી ડગ્યા નહોતા. હિન્દુ-મુસ્લીમનું વૈર વધી ગયું હતું અને હત્યાકાંડ શરૂ હતો એ વખતે એ રાષ્ટ્રવાદી તરીકે કે માનવબંધુ તરીકેનું એમનું કર્તવ્ય ચૂકયા નહોતા. આ દૃષ્ટિએ એ ગાંધીજીના સાચા અનુયાયી હતા. ગાંધીજીને પણ એમના પ્રત્યે પક્ષપાત હતો.

ગરીબો પ્રત્યે એમને અન્તરની લાગણી હતી. એમાં ભાષણો કરવા પૂરતી આછકલી સહાનુભૂતિ નહોતી કે આડમ્બર ને મોટાઇ

નહોતાં. પોતાની આગળ પૈસા નહોતા છતાં ગરીબોને પુષ્કળ સહાય કરતા, એટલું જ નહિ પણ એમના હાથ નીચેના માણસો સાથે તેમ જ એમના નોકરો સાથેની એમની વર્તણુંકમાં પણ સમાનતાની એમની આ ભાવના જણાઇ આવતી હતી. એમનું સૌજન્ય કેવળ અંગ્રેજીમાં જેને " good manners " (સારી રીતભાત) કહે છે એ પ્રકારનું નહોતું. એમના અન્તરની નમ્રતા અને નિખાલસપણાનું એ પ્રતિબિમ્બ હતું. બાળકો પ્રત્યે એમને અથાગ પ્રેમ હતો અને બાળકોને પુષ્કળ રમાડતા. બાળકોને પણ એમના પ્રત્યે ખુબ આકર્ષણ હતું. બ્રેલ્વીએ મોટી ઉમ્મરે–૪૨ વર્ષે–લગ્ન કર્યાં હતાં; ત્યાં સુધી પણ બીજાઓનાં ન્હાનાં બાળકોમાં એટલો જ રસ લેતા અને એમની સાથે આનન્દ કરતા.

ઘણા હિન્દુઓ કહેતા હતા કે એ "હિન્દુ જેવા મુસલમાન" છે; મુસલમાનો માનતા કે હિન્દુઓના પરિચય અને સમાગમથી એ ધર્મભ્રષ્ટ જેવા થઇ ગયા છે. આમાં અંશમાત્ર સત્ય નહોતું. અલબત્ત, લડકણા, અસહિષ્ણુ, ધર્માંધ મુસલમાનનું જે ચિત્ર ઘણાખરા હિન્દુઓના મનમાં હોય છે એવા એ નહોતા. પરંતુ એ ઇસ્લામધર્મના અભ્યાસી હતા અને ધર્મનાં જે શ્રેષ્ઠ તત્ત્વો છે એ એમણે ગ્રહણ કર્યાં હતાં અને જીવનમાં આચરતા હતા. એ બુદ્ધિવાદી હતા એટલે કર્મકાંડમાં માનતા નહિ. પરતુ છેલ્લાં થોડાં વર્ષોથી એમનામાં ઊંડે ઊંડે આસ્તિકતા, ભક્તિભાવ જન્મ્યાં હતાં.

એમની સાદાઇ, પ્રેમાળ સ્વભાવ, નિરભિમાનતા, પરગજુવૃત્તિ એવાં હતાં કે સૌ કોઇ એમના પ્રત્યે આકર્ષાતા. સૌ કોઇને પોતાના સ્નેહથી તેઓ ભીંજી નાંખતા. એમનું નિત્ય હસતું વદન ફરી જોવા નહિ મળે એ વિચારથી અકથ્ય દુઃખ થાય છે. પરંતુ મૃત્યુ આગળ આપણે સૌ માનવીઓ સરખા લાચાર છીએ. એ તો જીવન ધન્ય કરીને ગયા છે અને એમના મિત્રો અને સ્નેહીઓના હૃદયમાં અમર થઇ ગયા છે.

૨૬-૧-૪૯. ગગનવિહારી મહેતા.

## સૌજન્યમૂર્તિ શ્રી દશરથલાલ જોશી

શ્રી દશરથલાલ જોશી જેઓ વીલે પારલેમાં વર્ષોથી વસતા હતા તેમના તા. ૨૫-૧-૪૮ મંગળવારના રોજ ૬૮ વર્ષની ઉમ્મરે નીપજેલ અવસાનથી આપણા ગુજરાતી સમાજે એક અમૂલ્ય માનવરત્ન ગુમાવ્યું છે. વીલે પારલેના તેઓ વતની હતા એટલું જ નહિ પણ વીલે પારલેની ગુજરાતી પ્રજાને જ્ઞાનસંસ્કાર આપવામાં તેમણે બહુ મોટો ફાળો આપ્યો હતો. તેમને ત્યાં વર્ષોથી જ્ઞાનની પરબ મંડાઇ હતી જ્યાંથી અનેક જિજ્ઞાસુ લોકો પોતાની જ્ઞાનતૃષા છીપાવતા હતા. તેઓ પોતાનું મકાન જે 'લીબર્ટી લોજ'ના નામથી સુવિખ્યાત છે તેમાંના અમુક વિભાગમાં સાર્વજનિક પુસ્તકાલય તથા વાંચનાલય ચલાવતા હતા અને પોતાની ઉત્તરોત્તર ઘસાતી જતી આર્થિક સ્થિતિમાં પણ તેઓ લગભગ રૂા. ૩૦૦) જેટલો માસિક ખર્ચ નીભાવતા હતા. પુસ્તકો પાછળ તેઓ પાગલ હતા. તેમના હાથમાં પૈસા આવે તો પુસ્તકો પાછળ ખરચાઇ જ જાય. પોતાના પુસ્તકાલયને સતત સમૃદ્ધ કરતા રહેવું–એ જ જાણે તેમના જીવનનો મુખ્ય વ્યવસાય હતો. જે પુસ્તકનો અન્યત્ર પત્તો ન લાગે તે દશરથલાલભાઇની લાયબ્રેરીમાં ઘણુંખરૂં મળે જ. અભ્યાસકોને, સંશોશોધકોને, વિદ્વાનોને. પુસ્તકો પુરાં પાડવાં–આ તેમનું ચાલુ સેવાકાર્ય રહેતું. આપેલાં પુસ્તકો પાછા આવ્યાં–ન આવ્યાં તેનો તેઓ બહુ ઉચાટ રાખતા નહોતા. આ ઉપરાંત તેઓ પોતે પણ સતત અભ્યાસી હતા. તેમના સમયનો મોટો ભાગ વાંચન, ચર્ચા અને પુસ્તકાલય તથા વાંચનાલયની વ્યવસ્થા પાછળ જતો. તેમનું ઘર વીલેપારલેનો એક ચોરો હતો. અહિં અનેક વિદ્વાનો, સમાજ સેવકો, પ્રચારકો તેમ જ કાર્યકર્તાઓ એકઠા થતા અને પોતપોતાના જ્ઞાન તથા અનુભવની આપલે કરતા. એવો કોઇ વિષય ન હોય કે જેમાં દશરથભાઇને રસ ન હોય. તેમનું ઘર સૌ કોઇના માટે ખુલ્લું રહેતું. જે કોઇ જાય તેને હાર્દિક આવકાર મળે એટલું જ નહિ પણ ચાનો કપ પામ્યા વિના તે ભાગ્યે જ પાછો ફરે. તેમનું સૌજન્ય, હાર્દિકતા, મીલનસારપણું અને સમાજના શ્રેયની તીવ્ર ઝંખના આજે અન્યત્ર એટલા પ્રમાણમાં ભાગ્યે જ અનુભવવા મળે તેમ છે. તેઓ સામાન્યતઃ અત્યન્ત લાગણીપ્રધાન હતા. દેશમાં બનતી અવનવી ઘટનાઓ તેમના ચિત્તતંત્રને સદાય કંપાયમાન રાખતી. રાષ્ટ્ર રાષ્ટ્રની સંકુચિત ભાવના જ આજના વિશ્વવ્યાપી સર્વ અનર્થોનું મૂળ છે એમ વારંવાર તેઓ પોકારી ઉઠતા. જે જૈન ધર્મે હિન્દુ ધર્મને અહિંસાના પરમ સિદ્ધાન્તની બક્ષીસ આપી છે તેવા મહાન ધર્મના અનુયાયીઓના મંદિરમાં 'હસ્તિના તાડયમાનોડપિ' કોઇએ જવું નહિ–આવું શાસન પોકારનાર બ્રાહ્મણો પ્રત્યે તેમનું કોમળ હૃદય રોષ અનુભવતું અને આનું પ્રાયશ્ચિત્ત હું પોતે બ્રાહ્મણ હોઇને મારે પોતે જ કરવું જોઇએ એમ સમજીને પર્યુષણની દરેક સંવત્સરિએ તેઓ ઉપવાસ કરતા. આવા સૌજન્યના સાગરસમા દશરથભાઇનાં પત્ની લલિતાબહેનને દશરથભાઇને જાણતું કોઇ ન જાણે એમ બને જ નહિ. મળવા આવનાર સૌ કોઇનું આતિથ્ય કરવાની જવાબદારી લલિતાબહેનના માથે રહેતી. ફકીરવૃત્તિના અને વૃદ્ધાવસ્થાના આક્રમણથી અને દમની ઉપાધિથી જર્જરિત બની રહેલા દશરથભાઇના જીવનનું શ્રી લલિતાબહેન અનન્ય અવલંબન હતાં. ગમે તેટલો ભાર, અગવડ, ઘસારો લલિતાબહેન હસતા મોઢે ખમી લેતા. બ્રાહ્મણ છતાં ખડતલપણામાં તેઓ ક્ષત્રિયાણી જેવા લાગે. દશરથભાઇના દિલમાં પણ લલિતાબહેન માટે અત્યન્ત આદર અને એક પ્રકારનો ભક્તિભાવ હતો. દશરથભાઇને આપણી વચ્ચેથી ઉપાડી લઇને વિધિએ આવું એક સુમેળભર્યું યુગલ ખંડિત કર્યું છે. વીલે પારલે જેવું એક નાનું સરખું પરૂં અને દશરથભાઇ જેવી એક સામાન્ય કોટિની વર્ષોથી નિવૃત્ત જીવન ગાળતી વ્યક્તિ–વિશાળ દુનિયામાં વીલે પારલેનો અને તેમાં વસતી આવી એક નાનીશી વ્યક્તિનો શો હિસાબ હોય? પણ એ પોતાની નાની સરખી દુનિયામાં પણ પોતાના સુચરિત, સેવાપરાયણતા તથા જ્ઞાનપ્રસારની–વાંચન પ્રચારની–અખંડ પ્રવૃત્તિવડે તેઓ કેટલી ઘેરી સુવાસ મુકી ગયા છે એ આપણે જોઇએ છીએ ત્યારે દશરથભાઇ એક ધન્ય જીવન જીવી ગયા છે એમ આપણને લાગ્યા વિના રહેતું નથી. જીવનની સફળતાનો આધાર આપણી પોતાની પ્રવૃત્તિ કેટલા મોટા માનવવર્તુળને સ્પર્શી શકી છે તેના ઉપર નથી રહેલો પણ એ પ્રવૃત્તિની ભાત ઉપર–તેમાંથી પ્રગટ થતી શ્રેયનિષ્ઠા ઉપર–રહેલો છે. આ રીતે જ દશરથભાઇના જીવનની સાર્થકતા ગ્રહણ કરવી ઘટે છે. તેમના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ મળો એ જ પ્રાર્થના! પરમાનંદ

## સમાજ બહિષ્કાર પ્રતિબંધક ધારો

મુંબઇ સરકાર તરફથી મુંબઇની ધારાસભામાં રજુ કરવામાં આવેલ સમાજ બહિષ્કાર પ્રતિબંધક ધારા સંબંધે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી નીચે મુજબનું નિવેદન મુંબઇ સરકાર ઉપર મોકલી આપવામાં આવ્યું છે:—

" આ ધારાના ગર્ભમાં રહેલ સિધ્ધાન્તને અમો સંમત કરીએ છીએ પણ તેમાંની વિગતો પરત્વે અમો નીચેના મુદ્દાઓ રજુ કરવા રજા લઇએ છીએ.

એ ધારાની કલમ ૨અમાં કોમ (Community) એટલે ચોક્કસ ધર્મને કે ધાર્મિક માન્યતાને અનુસરતો વર્ગ એ મુજબ કોમનું લક્ષણ બાંધવામાં આવ્યું છે. આમ હોવાથી તેનો એવો પણ અર્થ થાય કે અમુક ધર્મ કે ધાર્મિક માન્યતા સ્વીકારનાર સભ્યોનું બનેલ કોઇ મંડળ કે સંસ્થા કોઇ પણ

સંયોગોમાં પોતાના કોઇ સભ્યને દૂર કરી શકે નહિ. જ્યાં આવા મંડળ કે સંસ્થાનું સભ્યત્વ જન્મથી જ અથવા તો રીતસરની અનુમતિ મેળવ્યા સિવાય (involuntary) નક્કી કરવામાં આવતું હોય ત્યાં બહિષ્કારની મના કરવી જોઇએ એ અમુને કબુલ છે. પણ અમુક ધર્મ કે ધાર્મિક માન્યતા સ્વીકારનાર વ્યક્તિઓના બનેલા એવાં અનેક મંડળો કે સંસ્થાઓ છે કે જેનું સભ્યત્વ કેવળ મરજિયાત (voluntary) હોય છે અને જેને વ્યવસ્થિત બંધારણ હોય છે અને એ બંધારણ મુજબ જેનું કામકાજ ચાલતું હોય છે અને કેટલાક કીસ્સાઓમાં તો એ મંડળો કે સંસ્થાઓ મોટી મીલ્કત ધરાવતી હોય છે અને આ મીલ્કતનો વહીવટ નક્કી કરેલા ટ્રસ્ટ ડીડો મુજબ ચાલતો હોય છે. આવાં બંધારણોમાં તેમ જ ટ્રસ્ટ ડીડોમાં જ્યારે જરૂર જણાય ત્યારે કોઇ પણ સભ્યને તે મંડળ કે સંસ્થામાંથી કેવી રીતે દૂર કરી શકાય તેની જોગવાઇ કરવામાં આવી હોય છે, અને આવે પ્રસંગે તે સભ્યને પોતાના બચાવમાં જે કહેવાનું હોય તે કહેવાની તક આપવામાં આવે છે. અને ન્યાયના વ્યાજબી રાહે તેમે દૂર કરવાનું જરૂરી લાગે તો અને ત્યારે જ તેને તે મંડળ કે સંસ્થામાંથી દૂર કરવામાં આવે છે. દાખલા તરીકે અમારા પોતાના મુંબઇ જૈન યુવક સંઘ જેવી સંસ્થાના સભ્યો ચોક્કસ ધર્મ કે ધાર્મિક માન્યતાને માન્ય રાખતી વ્યક્તિઓનું બનેલું છે. એટલે કે એ જૈનોની એક સંસ્થા છે પણ તે ચોક્કસ બંધારણપૂર્વક પોતાનો વહીવટ ચલાવે છે અને તે સંસ્થાનું સભ્યત્વ કેવળ મરજિયાત છે અને કયા સંયોગોમાં કેવી રીતે કોઇ પણ સભ્યને સંઘમાંથી દૂર કરી શકાય તેને લગતા ચોક્કસ નિયમો હોય છે. સરકાર આવાં મંડળો કે સંસ્થાઓને આ બીલ લાગુ પાડવા માંગતી હોય એમ અમો ધારતા નથી. આમ છતાં પણ અમને ભય રહે છે કે આ બીલ જે આકારમાં રજુ કરવામાં આવ્યું છે તે આકાર મુજબ આવાં મંડળોને કે સંસ્થાઓને પણ લાગુ પડે. કેટલાંયે મંડળો અને સંસ્થાઓને સોસાયટી રજીસ્ટ્રેશન એકટ નીચે રજીસ્ટર કરવામાં આવેલ હોય છે. તેમાંની કેટલીક શિક્ષણ-સંસ્થાઓ હોય છે. કોમ (community) શબ્દની વ્યાખ્યા અતિવ્યાપક છે. જ્ઞાતિ કે પેટા-જ્ઞાતિની બાબતમાં કોઇ પણ વ્યક્તિ જન્મના જ કારણે અમુક જ્ઞાતિની લેખાય છે એ રીતે એ જ્ઞાતિનું સભ્યત્વ ઇચ્છાપૂર્વકનું નથી હોતું. એવી જ સ્થિતિ ધાર્મિક સંપ્રદાયોની હોય છે. આ સંપ્રદાયોનું અનુયાયીપણું ઘણું ખરૂં જન્મથી નક્કી થાય છે. એ સંપ્રદાય પોતાથી પ્રતિકુળ રીતે વર્તનારનો બહિષ્કાર કરવાની સત્તા ધરાવે છે એટલું જ નહિ પણ એ સંપ્રદાયનો કોઇ એક અનુયાયી રાજીનામું આપે અથવા તો તેમાં ચાલુ રહેવા ન માંગતો હોય તો પણ તેને એ રીતે છુટો કરવાને બદલે તેનો રીતસર બહિષ્કાર કરવામાં આવે છે. પણ અમુક ધર્મના કે ધાર્મિક માન્યતાના અનુયાયીઓની બનેલી અને ધાર્મિક અથવા તો જનસેવાના ઉદ્દેશથી સ્થપાયલી અનેક સંસ્થાઓ હોય છે જેમાંનું સભ્યત્વ કેવળ મરજિયાત હોય છે. આવાં મંડળો કે સંસ્થાઓ ઘણી ઉપયોગી સેવાઓ બજાવતી હોય છે અને ઘણી વખત મોટી મોટી મીલ્કતો પણ ધરાવતી હોય છે. આવી સંસ્થાઓનો સુવ્યવસ્થિત વહીવટ તે સંસ્થાના સભ્યોની કાર્યનિષ્ઠા અને શિસ્તપાલન ઉપર જ આધાર રાખે છે અને તેથી ગેરવહીવટ કે શિસ્તભંગના કારણે પોતાના સભ્યને રદ કરવાની સત્તા જો આવી સંસ્થાઓ પાસેથી લઇ લેવામાં આવે તો તે અત્યન્ત અનર્થકારક નીવડવા સંભવ છે. અમો તેથી સુચવીએ છીએ કે આ ધારામાં એક એવી પેટા કલમ ઉમેરવી જોઇએ કે જેથી જે મંડળ કે સંસ્થાનું સભ્યત્વ મરજિયાત હોય તે સંસ્થાને આ ધારો લાગુ નહિ પડે એ મુદ્દાની સ્પષ્ટતા થઇ જાય.

કલમ (૬) બ જણાવે છે કે પ્રાન્તિક સરકારની અનુમતિ મળ્યા સિવાય કોઇ પણ કોર્ટ કલમ ૪ નીચે શિક્ષા થઇ શકે એવા ગુન્હાની તપાસ હાથ ધરશે નહિ. આ બંધન અમને બીનજરૂરી લાગે છે. કેવલ ગાંડી અને પ્રમાણ વિનાની ફરિયાદો થવાનો સંભવ હોય ત્યાં આવી મર્યાદા સાધારણ રીતે મૂકવામાં આવે છે. પણ આ પ્રકારના કાયદાની બાબતમાં એવી ગાંડી બેવકુફી ભરેલી ફરિયાદોની આશંકા કરવાનું કોઇ કારણ નથી. ઉલટ પક્ષે આવી મર્યાદા આવા ગુન્હાની ફરિયાદ કરનાર માટે એક મોટો અન્તરાય ઉભો કરશે કારણ કે આવી અનુમતિ મેળવવામાં ઘણો સમય ચાલી જશે અને ફરિયાદીને ખર્ચ થશે અને તેની અગવડ પણ વધશે અને જ્યારે નીચેના દરજ્જાના અધિકારીઓ મારફત કામ લેવાનું હોય છે, ત્યારે તો આમ બનવાનું જ છે. અમો તેથી કલમ ૬ ની પેટા કલમ (બી)ને કાઢી નાંખવાની સુચના કરીએ છીએ."

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ વાર્ષિક સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સભા તા. ૨૯-૧-૪૯ શનિવારના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાને સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ બીરાજ્યા હતા. આગળની અસાધારણ સામાન્ય સભાની નોંધ મંજુર થયા બાદ સંઘના મંત્રી તરફથી સંઘનો ગત વર્ષનો વૃત્તાન્ત, સંઘનો તથા શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયનો આવક જાવકનો હીસાબ તથા સરવૈયું અને નવા વર્ષનું અંદાજપત્ર રજુ કરવામાં આવેલ હતાં જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રમુખ સાહેબ તરફથી પ્રસંગાનુરૂપ પ્રવચન કરવામાં આવ્યું હતું જે દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓ અને તેમાં પણ ખાસ કરીને પર્યુષણ વ્યાખ્યાનમાળા અને પ્રબુદ્ધ જૈન વિષે તેમણે કેટલોક ઉલ્લેખ કર્યો હતો અને સાથે સાથે આજે જે પ્રશ્ન કેટલાક સ્થળોએ ચર્ચાઇ રહેલ છે તે જૈન અને હિંદુ સમાજના પરસ્પર સંબંધ પરત્વે કેટલાક વિચારો રજુ કર્યા હતા.

ત્યારબાદ સંઘના પ્રમુખને અન્યત્ર રોકાણ હોઇને જવું પડયું હતું અને તેમના સ્થાને શ્રી નાનચંદ શામજીની નીમણુંક કરવામાં આવી હતી. સભાના કાર્યક્રમને અનુલક્ષીને શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકના ટ્રસ્ટ મુજબ ટ્રસ્ટીઓ પાંચ વર્ષની મુદત પુરી થવાથી નિવૃત્ત થતા હોઇને આગામી પાંચ વર્ષ માટે નવા પાંચ ટ્રસ્ટીઓની નીમણુકનો પ્રશ્ન હાથ ધરવામાં આવ્યો હતો અને સર્વાનુમતે નીચેનાં પાંચ સભ્યોને ટ્રસ્ટી તરીકે ચુંટવામાં આવ્યા હતા.

**શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ**
**,, પરમાનંદ કુંવરજી કાપડીઆ**
**,, રતિલાલ ચીમનલાલ કોઠારી**
**,, રમણિકલાલ મણિલાલ શાહ**
**,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ**

ત્યાર બાદ સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચુંટણીનું કામ હાથ ધરવામાં આવતાં નીચે મુજબનું પરિણામ આવ્યું હતું.

### નવા અધિકારીઓ

| | |
|---|---|
| શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ | પ્રમુખ |
| ,, શાન્તિલાલ હરજીવન શાહ | ઉપપ્રમુખ |
| ,, મણિલાલ મોકમચંદ શાહ | મંત્રીઓ |
| ,, પરમાનંદ કુંવરજી કાપડીઆ | મંત્રીઓ |
| ,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ | મંત્રીઓ |
| ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ | કોષાધ્યક્ષ |

### કાર્યવાહક સમિતિના સભ્યો

| | |
|---|---|
| શ્રી તારાચંદ એલ કોઠારી | શ્રીમતી લીલાવતીબ્હેન દેવીદાસ |
| ,, ટી. જી. શાહ | શ્રી રમણીકલાલ મણિલાલ શાહ |
| શ્રીમતી જસુમતીબ્હેન મનુભાઇ કાપડીઆ | ,, જયંતીલાલ પરીખ |
| | ,, રમણલાલ સી. શાહ |
| શ્રી રતિલાલ સી. કોઠારી | શ્રીમતી વિજયાબ્હેન પરમાનંદ |
| ,, જટુભાઇ મહેતા | શ્રી જયંતીલાલ સુંદરલાલ કોઠારી |
| ,, નાનચંદભાઇ શામજી | ,, ચંદુલાલ ગોકળદાસ ઝવેરી |
| શ્રીમતી ચંદ્રાબ્હેન તારાચંદ કોઠારી | ,, ધીરજલાલ ધનજીભાઇ શાહ |

# માનવ અને કાળ

[ કવિવર અરદેશર ફ. ખબરદારના 'ગાંધી બાપુ'માંથી ગાંધીજીની આ પહેલી સંવત્સરિના શોકજનક પ્રસંગે 'માનવ અને કાળ' એ શિર્ષક અત્યન્ત પ્રાસાદિક કાવ્યની કેટલીક કડીઓ તેમની સંમતિથી અહિં સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. નિરવધિ કાળના ઇતિહાસમાં ગાંધીજી એક કેવું ભવ્ય સીમાચિહ્ન હતા તેનું આ કાવ્યમાં આપણને અત્યન્ત ઉદ્બોધક દર્શન થાય છે. પરમાનંદ ]

(મુક્તધારા છંદ)

ઊગે છે પ્રભાત રોજ ભાત ભાત ભર્યું,
ઉઠે છે આકાશે એની મોહક મ્હેલાત;
આજના એ રંગના તરંગમાં તણાતું જતું
ભૂલકણું જગ ભૂલે કાલ કેરી વાત:
કાલ કેરી વાત તે તો કાળગુહા વિષે પડી,
હવે તો આ ઉઠે નવો આજ કેરો નાદ;
પણ મારો આત્મા કેમ ભૂલે આ અનંતતામાં
સ્નેહ કેરી વેદનાનો અમૃત પ્રસાદ! (૧)

આવે છે પ્રભાત ઊંડાં અંધારાં ભેદીને પૂર્વે,
આવે પૂઠે સૂર્યની સવારી તેજદાર;
પ્રભાતની પૂઠે બળબળતા બપોર આવે,
પૂઠે આવી સંધ્યા પેસે રજનીને દ્વાર;
કાળરથ કેરાં એવાં કાળાં ધોળાં ચક્ર ઘૂમે,
તેની નીચે જાય બધું ભીંસાઇ ભૂંસાઇ:
વસ્તુની કો છાયા નહીં, માનવીની માયા નહીં,
રહે નહીં કાંઇ, બધું જાય ત્યાં ભુલાઇ. (૨)

સૃષ્ટિના પ્રારંભ પૂર્વે જેણે જોયો અંત તેનો,
પ્રાણી કેરાં જન્મ પૂર્વે જોયું તેનું મોત;
સૂર્યોદય પૂર્વે તેનો અસ્ત પણ જોયો જેણે,
અંધારાની પૂર્વે જોઇ ફૂટતી ત્યાં જ્યોત;
ભરતીની પૂર્વે તેના ઓટની યે ખોટ દીઠી,
પૂર્ણિમાની પૂર્વે દેખી ચંદ્રની અમાસ:
સૂતી જેના અંતરમાં અમાપ અનંતતા યે,
તેની લીલાનો જ છે આ વિશ્વનો વિકાસ! (૩)

વિશ્વકર્મા બેઠો બેઠો પ્રકૃતિના ઘાટ ઘડે,
અણુથી માંડીને આભગુંબજો ઘડાય;
કોટિ કોટિ વર્ષોથી આ કોટિ કોટિ તારા ઝળે,
તો ય એ સૌ બુદ્‌બુદોશા ફૂટી લુપ્ત થાય;
માટીની પાટીએ લખ્યા અક્ષરો ક્યાં સુધી ટકે?
પાંચ દસ હજાર શું વર્ષની છે આશા?
પૃથ્વી પર કૈંક એવા ખંડો ઊઠી ડૂબી ગયા,
ઠામ તેનું ઠીકરૂં ને નામ તેનો નાશ! (૪)

અનંત આ સૃષ્ટિમાંના કોટિ કોટિ તારાઓમાં,
એક તારો આપણો આ સૂર્ય પ્રભુ નામ;
અને એ જ સૂર્યમાંથી ઉપજ્યા, અનેક ગ્રહો,
તેમાં એક આપણી આ પૃથ્વીનું શું ઠામ?
કોટિ કોટિ પ્રાણીઓ ને કોટિ કોટિ માનવીઓ,
કોટિ કોટિ વર્ષોથી કૈં જન્મ્યાં મૂઆં સર્વ:
જન્મવું ને જીવવું ને મરી જવું અંતે, તેમાં
માનવી શો રાખી શકે જીવનનો ગર્વ! (૫)

ઋષિ મુનિ સંતો ગયા, મોટેરા મહંતો ગયા,
ગયા પેગંબરો કૈંક વેરી દિવ્ય જ્ઞાન;
વિદ્વાનો પંડિતો ગયા, ઓલિયા આબેદો ગયા,
શાહો શહેનશાહો ગયા છોડીને ગુમાન;
કુબેરના જેવા મોટા ધનાધિપતિઓ ગયા,
જ્ઞાની ગયા, ધ્યાની ગયા, દાની ગયા તેમ:
દસેક હજાર વર્ષ પૂર્વે કોણ મોટા હતા,
તેનાં નામ આજે કોઇ જાણે નહીં એમ. (૬)

કાળની અનંતતાનો સાગર અનંત ઘૂમે,
ભરતી ને ઓટનાં ત્યાં મોજાં ઘૂમ્યાં જાય;
રાત કે દિન નહીં, ઘડી કિંવા પળ નહીં,
અનંત એ કાળનો ન મર્મ કો કળાય;
ઉછળે પડે ને પાછો ઉછળી રહે સર્વ ઠામે,
તેમાં વસ્તુનામ નહીં રહે સ્થિર કોઇ:
કાળની કો પળ જેવાં માનવીનાં જીવન સૌ
જાય છે વીંટાઇ તેમાં સ્વત્વનિજ ખોઇ. (૭)

સૂરજને પૂછો, દીઠા યુગો લાખ કેટલા તેં?
ચંદ્રમાને પૂછો, જોઇ કેટલી અમાસ?
તારાઓને પૂછો, આભે કેટલા એ ફેરા કર્યા?
પૂછો ધૂમકેતુને, કો પામ્યા કાળભાસ?
વાયુઓને પૂછો, અવકાશનો કો તાગ મળ્યો?
દિશાઓને પૂછો, પૂઠે કેટલા છે પાટ?
માનવીને લાગે બધું જગત છે એને માટે:
પણ એની રજ યે ન જડે જગ વાટ. (૮)

સૂર્ય ચંદ્ર તારા નિજ તેજથી શોભાવે વ્યોમ,
ફૂલો ધરા શોભાવે દૈ રંગ ને સુગંધ;
વ્યોમે વાદળો ને ધરા વર્ષાધારે મેઘ ભરે,
મેઘે જ્યોતિદોરો ગૂંથે વીજનો પ્રબંધ:
પંખીડાંનાં ગીતે વન ઉપવન જીવતાં રહે,
અમૃતશાં વહે કવિકંઠે સ્વપ્ન ગીત:
કોક ગુણ વિશ્વને આ સમર્પીને જાય બધાં,
એ જ ખરી ચેતનની ગદ્દી પર જીત! (૯)

ઘડી નથી, પળ નથી, દિવસ કે માસ નથી,
વર્ષનો યે ભાસ નથી કાળ ઉરમાંય;
અનંત આકાશ સાથે અનંત એ કાળ રહે,
ત્યાં શી ભૂત વર્તમાન ભાવિની કો છાંય?
ઊંડા મહાસાગરમાં બધે પાણી પાણી રહે,
તેમ અવકાશમાં છે કાળ કાળ કાળ:
જાણનાર જાણે કશું, બોલનાર બોલે કશું:
સર્વ જાય ડૂબી ત્યાં ગૂંથાઇ એ જ જાળ! (૧૦)

ઘર ને કુટુંબ મારૂં, ગામ ને વતન મારૂં,
રિદ્ધિ મારી, સિદ્ધિ મારી, બુદ્ધિ મારી શ્રેષ્ઠ;
માનવીના મનની એ માયા ને અહંતા બધી
માનવીના દેહ સાથે બનશે અચેષ્ટ;
જીવન ભૂંસાય, ને ભૂંસાય તેની સાથે બધું,
અહીં નહીં રહે કોની લાંબી ટૂંકી યાદ:
ઘડીભર સંધ્યારંગો દિનને સ્મરાવે રૂડો,
ત્યાં તો ફરી વળે કાળાં અંધકારના પાદ! (૧૧)

કાળના અસીમમાં મહાસાગરમાં ઊર્મિ કોઇ,
ઊઠી શું કે સમી શું?—છે તે બધું સમાન;
આકાશના અંતરમાં તોફાનો પ્રચંડ ઊઠી,
ઘૂમ્યાં કર્યા ને ગયાં ક્યાં?—ના તેનું કો નિશાન;
કમળની પાંદડીએ બિન્દુ નહીં બાઝે કોઇ,
તેમ કૈં ન ટકી શકે જગતની પીઠ:
ઘડીભર યુગભર નામ કોક બાકી રહેશે,
પણ થશે અંતે તે વિસ્મૃત ને અદીઠ. (૧૨)

પર્વતો કૈં આભે ચઢી ભલે કાળભાળ કાઢે,
સાગરો યે ઘૂમી પૂછે પ્રશ્ન કૈં અનેક;
વાયુઓ છો વ્યોમતણા ખૂણે ખૂણા ખોળી વળે,
વાદળાં યે જાય સાથે દૂર દૂર છેક;
યંત્રના કો ચક્રતણા આરા ગોળગોળ ફરે,
તેથી તેણે કાપી શું કો લાંબી લાંબી વાટ ?
માનવીની કલ્પના યે ભલે બધે ઊડી વળે,
પણ એની કાયાનો છે ઘડયો કાચો ઘાટ. (૧૩)

મ્હેલ ને મિનારા બાંધ્યા, દેવોના ઉતારા બાંધ્યા,
કોટિ ખર્ચી બાંધ્યાં ભવ્ય મંદિરો સુરેખ;
કિલ્લા બાંધ્યા, કોટ બાંધ્યાં, ભારે પિરામિડો બાંધ્યા,
સ્તંભો અને સ્તૂપો બાંધી કોતરાવ્યા લેખ;
આવે જલપ્રલય કે સિન્ધુમોજાં ફરી વળે,
ભારે ભૂમિકંપે ફૂટે જ્વાલામુખી પ્હાડ;
લેમુરિયા ને એટ્લાંટિસ્ જેવાં કયાં છે ખંડો આજે?
પૃથ્વી પર પડે સદા પ્રકૃતિની ધાડ! (૧૪)

કૈંક મહારાજ્યો તૂટી પડી ભાંગી ભૂકો થયાં,
પડયાં કૈંક યુગોતણા ઢગલાની હેઠ;
આજે કોઇ પૂછવાને પણ નહીં થોભે જરા,
પડયાં છે લાચાર જન પામરની પેઠ;
નામ કે નિશાન નથી રહ્યાં એમાં કૈંકો તણાં,
રહ્યાં કૈંક તે યે કાલે જશે ત્યાં ભુલાઇ:
પૃથ્વીમાં છે પડી કૈંક મહત્તાની ઘોર એવી,
ધૂળઢગ નીચે સર્વ પડયાં છે દટાઇ. (૧૫)

તોય મહા એક છે જે મૂળ સર્વ ચેતનનું,
ઝબકી રહી છે તેની જ્યોતિ ઠેર ઠેર;
પૃથ્વી કેરા પડછાયા ઊડતા સતત રહે,
પણ જ્યોતિ જમાવે ત્યાં પાછી લીલાલ્હેર;
સર્જનનું વર્તુલ એ ફરતું રહે સદાનું,
તેમાં આત્મા નાખે નિજ કર્તવ્યનો ભાગ:
ઉતારૂઓ આવે, બેસે, જાય પાછાં ઊતરીને -
જગતનું ગાડું ચાલ્યું જાય વણુ તાગ. (૧૬)

આકાશમાં ચંબેલીના વેલાઓ છવાઇ રહ્યા,
સાંજે કળી ફૂટી રાતે ખીલે તેનાં ફૂલ;
આખી રાત આવે પમરાટ તેનાં ફૂલ તણો,
શ્વેત એની જ્યોતિ કરે લાખો આંખ ડૂલ;
પ્રભાત થતાં એ ફૂલો વિલાઇને ખરી જતાં,
આવી પડે પાછા કાળપડદા તે ઠામ:
વેલાઓ ને ચંબેલીનાં ફૂલ ઊગે કલ્પનામાં
અને આંખો સામે તેનો આવે યે અંજામ! (૧૭)

ગમે તેવી કલ્પનાના પતંગો ચગાવે આભે,
તો ય પામે માનવી ન કાળનો સુમાર;
ચાહે તેવી દોરી લાંબી છોડતો તે જાય પણ
પામે ન પતંગ કોઇ કાળ કેરો પાર;
દોરી તૂટી જાય કે ગુલાંટ ખાય પતંગ કે
દોરી પૂરી થાય અંતે છોડી દૂર દૂર:
કલ્પનાની પૂઠે નહીં દેહથી દોડાય કદી,
માનવીની શક્તિમાં છે મોટી એ કસૂર. (૧૮)

માનવીની વેદના ને માનવનાં આંસુઓનો
અનંતતાતણી પોથી રાખે છે હિસાબ;
પાપનાં અંધારાં વિષે કેટલા તરાવ્યા તારા,
પુણ્યપુષ્પે કેટલી છે ભરી જગછાબ;
માનવીની સેવા કશાં જ્ઞાન દાન થકી કીધી,
ઉતાર્યાં કર્તવ્યે કેવાં જીવનનાં ખ્વાબ:
જગતને ખેતરે વવાયું તે સવાયું ઊગે,
ખોટું ના બતાવે કદી કાળની કિતાબ. (૧૯)

કાળની અનંતતાની વાટિકા અનંત ખીલે,
તેમાં ફૂટયા જાય નાનાં મોટાં તેજ ફૂલ;
રૂવગંગા વ્હેતી તેમાં અમૃત ત્યાં નિત્ય સીંચે,
રોપાએ રોપાએ ફુલો ખીલી ખાય ઝૂલ;
માનવીની નાની નાની વાટિકા ધરાએ એવી
ખીલે રંગરંગ ફુલે ઋતુ ઋતુમાંય;
એને પણ એની સ્વપ્નગંગા જળ સીંચે, પણ
કયાં એ વાટિકા ને તે અનંતતાની કયાંય. (૨૦)

તોય મહાચેતનનો તણખો એ માનવી, તે
જોઇ એ અનંતતા ના વીંખે નિજ કુંજ;
એ યે કરી જાણે એનું સર્જન અનેરૂં જગે,
ઝૂલી રહે એની પણ મંજરીના પુંજ;
ચેતનનો તણખો એ ભડકો યે બની જતો,
ઉજાળી દે આભ-ભલે ઘડીભર એક!
એ યે જાણે અગ્નિબાણ ફોડવા ચઢાવી આભે
તારા સામે તારા નિજ ઝળાવી અનેક! (૨૧)

હજાર કે બે હજાર વર્ષે કો મહાત્મા આવે
એવો નરોત્તમ જન્મ્યો ભારતમાં ધન્ય ?
એની વાટિકા ન માત્ર વતનમાં ખીલી રહી,
પણ પૃથ્વીના તમામ દેશોમાં અનન્ય;
પેગંબર જેવો બની આવ્યો શાંતિ સ્થાપવાને,
સ્થાપવાને પાછાં સત્ય અહિંસા ને સ્નેહ:
ભૂખ્યાંને ભોજન દાખ્યાં, નગ્નોને વસ્ત્રોથી ઢાંકયાં,
ગુલામોને લગાડી સ્વતંત્રતાની લેહ! (૨૨)

બત્રીશ વરસો સુધી જેની પૂઠે દેશ ચાલ્યો,
માંડયાં જેનાં પગલાંમાં પોતાનાં હંમેશ;
જેના સ્વપ્ન કેરાં પાત્રો પોતે બની ખેલ્યાં તેમાં,
જેના બોલ ઝીલ્યા ગણી પ્રભુના સંદેશ;
વિચારે વિચાર સાંધ્યા, ઉચ્ચારે ઉચ્ચાર બાંધ્યા,
આચારે આચાર અનુસર્યા જેના શકન:
એવો એ મહાત્મા નિજ વાટિકા જે મૂકી ગયો,
તેનાં ફૂલોમાં ન કેમ બને સૌ આસકત? (૨૩)

જગતના શ્રેય કાજે પ્રાણ નિજ અર્પી ગયો,
જેનું જીવ્યું પળે પળે હતું જગ કાજ;
જેણે કદી સ્વાર્થ કે ન સુખને પોતાનાં દીઠાં,
જેને મળ્યું લોકોતણાં હ્રદયનું રાજ;
લડયો જે માનવતાને માટે દેશે ને વિદેશે,
જેણે આખું જીવન જ જાણ્યું તપ પેઠ:
જગતને કાજ જીવ્યો જગતને હૈયે રહી,
તેણે નથી કીધી વૃથા મટ્ટીતણી વેઠ! (૨૪)

માનવના રંક ઉરે દિવ્યતા દેવોની રેડી,
માનવને ઊંચકી બતવ્યું સ્વર્ગદ્વાર;
વૈભવમાં નહીં પણ તપમાં પ્રભુતા દાખી,
શોધ્યો વિશ્વબંધુત્વમાં વિશ્વનો ઉદ્ધાર;
મંદિરોમાં નહીં પણ હ્રદયે દેખાડયા પ્રભુ,
મટ્ટીમાંથી ઉપજાવ્યું સ્વર્ગનું સંગીત:
બાપુના અમર બોલ પ્રેરશે અદલ સૌને,
કાળ પર એ જ ખરી આત્માની છે જીત! (૨૫)

# સંવત ૨૦૦૪ નો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું.

## પ્રબુદ્ધ જૈન

| જ | | | | ઉ | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૮૭૦ | ૧૦ | ૦ | લવાજમના | ૮૨૨ | ૧૪ | ૬ | પગાર, ભાડું, લાઇટ |
| ૧૧૧ | ૦ | ૦ | ભેટના | ૪૦૦ | ૪ | ૩ | પોસ્ટ ખર્ચ |
| ૯૫૦ | ૦ | ૦ | સંયુક્ત ભેટના અરધા હીસ્સાના | ૫૭૧ | ૧૨ | ૬ | કાગળ ખર્ચ |
| ૪૯૪ | ૦ | ૦ | યુવક સંઘના સભ્યો પાસેથી. પ્રબુદ્ધ જૈનના લવાજમના | ૪૩ | ૨ | ૦ | પરચુરણ ખર્ચ |
| | | | | ૨૩૯૯ | ૧૨ | ૦ | છપામણી ખર્ચ |
| ૩૪૨૫ | ૧૦ | ૦ | | | | | |
| ૮૧૨ | ૩ | ૩ | ખોટના | | | | |
| ૪૨૩૭ | ૧૩ | ૩ | | ૪૨૩૭ | ૧૩ | ૩ | |

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

### આવક જાવકનો હીસાબ

| જ | | | | ઉ | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૩૧૩ | ૦ | ૦ | ૨૦૦૪ નાં સભ્ય લવાજમના | ૮૨૨ | ૧૪ | ૬ | પગાર, ભાડું, લાઇટ |
| ૪૪ | ૦ | ૦ | ૨૦૦૩ નાં સભ્ય લવાજમના | ૫૬ | ૬ | ૯ | પોસ્ટ ખર્ચ |
| ૧૨૭ | ૦ | ૦ | ભેટના | ૩૬૪ | ૨ | ૦ | પરચુરણ ખર્ચ |
| ૨૧૩ | ૨ | ૦ | વ્યાજના | ૩૯ | ૧ | ૦ | સ્ટેશનરી ખર્ચ |
| | | | | ૨ | ૧૩ | ૦ | છપામણી ખર્ચ |
| ૧૬૯૭ | ૨ | ૦ | | ૪૯૪ | ૦ | ૦ | લવાજમ પ્રબુદ્ધ જૈનનું સંઘના સભ્યો પાસેથી |
| ૮૨ | ૩ | ૩ | ખોટના | | | | |
| ૧૭૭૯ | ૫ | ૩ | | ૧૭૭૯ | ૫ | ૩ | |

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

### સંવત ૨૦૦૪ ની સાલનું સરવૈયું.

| જ | | | | | | | ઉ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રીઝર્વ ફંડ | | | | ૧૧૦૦ | ૦ | ૦ | | | | | | | રોકાણ |
| જનરલ ફંડ | | | | | | | ૫% ટકાના ઓમ્બે મ્યુનીસીપાલીટી ડીબેંચર રૂ. ૫૦૦૦)ની ફેઇસ વેલ્યુના ... ... | ૬૦૭૦ | ૫ | ૭ | | | |
| ગયા વરસના બાકી | ૫૭૩૩ | ૧ | ૧૧ | | | | ૫½ ટકાનાં ધી ઇન્ડીયન હ્યુમપાઇપ કું. લી. નાં ડીબેંચર રૂ. ૪૦૦૦) ની ફેઇસ વેલ્યુના | ૪૨૩૬ | ૬ | ૨ | | | |
| ચાલુ સાલમાં સંઘની આવકજાવકનો ઘટાડો | ૮૨ | ૩ | ૩ | | | | | | | | ૧૦૩૦૬ | ૧૧ | ૯ |
| | ૫૬૫૦ | ૧૪ | ૮ | | | | બેંકમાં તેમજ હાથ ઉપર | | | | | | |
| પ્રબુદ્ધ જૈનમાં આવક જાવકનો ઘટાડો | ૮૧૨ | ૩ | ૩ | | | | હાથ ઉપર રોકડા ... | ૧૨૦ | ૧૦ | ૦ | | | |
| | | | | ૪૮૩૮ | ૧૧ | ૫ | ધી બેંક ઓફ ઇન્ડીઆ લી. ના ચાલુ ખાતામાં ... ... | ૧૫૪૩ | ૯ | ૨ | | | |
| શ્રી માવજત ખાતું ... ... ... | | | | ૧૬૬ | ૧૧ | ૦ | | | | | ૧૬૬૪ | ૩ | ૨ |
| ,, વ્યાખ્યાનમાળા ખાતું ... ... | | | | ૨૬૪ | ૧૨ | ૯ | શ્રી પ્રબુદ્ધ જૈન પેપર ખાતે ... ... | | | | ૨૨૮ | ૬ | ૦ |
| ,, પુસ્તક પ્રકાશન ખાતું ... ... | | | | ૩૧૭૬ | ૨ | ૬ | ભાઇ શાન્તીલાલ ઠાકરસી શેઠને ખાતે ... ... | | | | ૭૬ | ૦ | ૦ |
| ,, ઉપલક ખાતું ... ... .... | | | | ૪ | ૦ | ૦ | શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહને ખાતે... ... | | | | ૨ | ૦ | ૦ |
| ,, મ મો. શાહ સાર્વજનિક વાં. પુ. ખાતું ... | | | | ૪૯૧ | ૫ | ૩ | | | | | | | |
| ,, વૈદ્યકીય રાહત ખાતું... ... ... | | | | ૧૩૬૫ | ૬ | ૦ | | | | | | | |
| ,, અલ્પાહાર ખાતું ... ... ... | | | | ૨૨૦ | ૫ | ૯ | | | | | | | |
| ,, શીવજી ચત્રભુજ શાહનું ખાતું... ... | | | | ૪ | ૦ | ૦ | | | | | | | |
| ,, પ્રેમચંદ વેલજી મહેતાનું ખાતું... .... | | | | ૪ | ૦ | ૦ | | | | | | | |
| ,, છગનલાલ ધનજીભાઇનું ખાતું... ... | | | | ૧૩૨ | ૧૪ | ૩ | | | | | | | |
| ,, મણિલાલ મોકમચંદ શાહનું ખાતું .... | | | | ૫૦ | ૦ | ૦ | | | | | | | |
| ,, ૨૦૦૫ ના સભ્ય લવાજમનું ખાતું .... | | | | ૧૩૯ | ૦ | ૦ | | | | | | | |
| ,, સૂર્યકાન્ત પ્રીન્ટીંગ પ્રેસનું ખાતું ... | | | | ૩૨૦ | ૦ | ૦ | | | | | | | |
| | | | | ૧૨૨૭૭ | ૪ | ૧૧ | | | | | ૧૨૨૭૭ | ૪ | ૧૧ |

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, રસીદો વાઉચરો અને બેંક પાસબુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલ ખબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડામાં બતાવેલ છે તે પ્રમાણે બરોબર માલુમ પડયું છે.

**એચ. પી. કુંભાણીની કાં.**
રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટસ એન્ડ ઓડીટર્સ
મુંબઇ, તા. ૧૪-૧-૪૯

## સંવત ૨૦૦૪ની સાલનો શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાં-પુ.નો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું.

જ

| | | | |
|---|---|---|---|
| ૧૦૩૩ | ૧૪ | ૦ | વ્યાજના |
| ૫૮ | ૬ | ૬ | દંડના |
| ૨૯ | ૧૦ | ૦ | પાસબુકના |
| ૧૦૦૦ | ૦ | ૦ | ભેટના |
| ૨૧૨૧ | ૧૪ | ૬ | |
| ૧૩૪૧ | ૧૦ | ૪ | **આવક કરતાં ખર્ચનો વધારો** |
| ૩૪૬૩ | ૮ | ૧૦ | |

ઉ

| | | | |
|---|---|---|---|
| ૪૩૭ | ૦ | ૬ | પેપર લવાજમ ખર્ચના |
| ૨૨૪૪ | ૦ | ૧ | પગાર ખર્ચના |
| ૩૨૩ | ૧૩ | ૬ | પરચુરણ ખર્ચના |
| ૬૦ | ૦ | ૦ | લાઇટ ખર્ચના |
| ૩૯૮ | ૧૦ | ૯ | મકાન ભાડાના ખર્ચના |
| ૩૪૬૩ | ૮ | ૧૦ | |

## શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયનું સંવત ૨૦૦૪ ની સાલનું સરવૈયું.

જ

| | | | |
|---|---|---|---|
| શ્રી મ. મો. શાહ સાર્વ. વાં. પુસ્તકાલય ખાતે જમા | ૨૬૩૨૬ | ૧ | ૩ |
| ,, પુસ્તક ખાતે જમા ... ... ... | ૨૧૪૪ | ૯ | ૦ |
| ,, ડિપોઝીટ ખાતે જમા ... ... | ૩૪૬૦ | ૮ | ૦ |
| ,, ફરતી લાઇબ્રેરી ડિપોઝીટ ખાતે જમા ... | ૮૦ | ૦ | ૦ |
| ,, પુસ્તક વધારા ડિપોઝીટ ખાતે જમા ... | ૭ | ૦ | ૦ |
| | ૩૨૦૧૮ | ૨ | ૩ |

ઉ

| | | | |
|---|---|---|---|
| ૪ ટકાના ધી રાવલગામ સ્યુગર ફાર્મ લિ.ના ડિબેંચર રૂા. ૧૦૦૦૦)ની ફેઇસ વેલ્યુના ... ... ... | ૧૦૦૦૦ | ૦ | ૦ |
| ૪½ ટકાના ધી બોમ્બે સ્ટીમ નેવીગેશન કું. લી. ના ડિબેંચરના રૂા. ૧૦૦૦૦) ની ફેઇસ વેલ્યુના ... ... ... ... | ૧૦૦૦૦ | ૦ | ૦ |
| ૫ ટકાના ધી બોમ્બે ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ લોન રૂા. ૩૦૦૦) ની ફેઇસ વેલ્યુના... ... | ૩૬૧૫ | ૦ | ૦ |
| ધી કામાણી મેટલ વર્કસ લી. ના ડિબેંચર રૂા. ૫૦૦૦) ની ફેઇસ વેલ્યુના ... ... | ૫૦૦૦ | ૦ | ૦ |
| | ૨૮૬૧૫ | ૦ | ૦ |
| શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ખાતે... ... | ૪૯૧ | ૫ | ૩ |
| ,, રવિશંકર યુ. ભટ્ટના ખાતે ... ... | ૧૦૩ | ૧૦ | ૮ |
| **બેંકમાં તથા હાથમાં રોકડ** | | | |
| ધી બેન્ક ઓફ ઇન્ડિયાના ચાલુ ખાતામાં ... | ૧૮૮૫ | ૧૩ | ૬ |
| ધી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયાના ચાલુ ખાતામાં | ૩૭૪ | ૭ | ૩ |
| રોકડ બાકી હાથ પર ... ... ... | ૧ | ૭ | ૯ |
| ચાલુ સાલની નુકશાની...રૂા. ૧૩૪૧ ૧૦ ૪ | | | |
| બાદઃ—ગઇ સાલનો નફો... ,, ૭૯૫ ૪ ૬ | | | |
| આવક કરતા ખર્ચનો વધારો ... ... | ૫૪૬ | ૫ | ૧૦ |
| | ૩૨૦૧૮ | ૨ | ૩ |

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, રસીદો, વાઉચરો અને બેંક પાસબુક સાથે તપાસ્યું છે અને આથી રિપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલા ખબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડામાં બતાવેલ છે તે પ્રમાણે બરાબર માલુમ પડયું છે.

**એચ. પી. કુંભાણીની કું.**
રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટસ એન્ડ ઓડિટર્સ.
મુંબઇ, તા. ૧૩-૧-૪૯.

## પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થતા લેખો વિષે સ્પષ્ટતા

પ્રબુદ્ધ જૈનમાં જે કાંઇ લેખો પ્રગટ થાય છે તે લેખકના નામનિર્દેશપૂર્વક જ થાય છે અને તે તે લેખમાં રજુ કરવામાં આવેલા વિચારોની સીધી જવાબદારી તે તે લેખકની જ હોય છે. આવા લેખો બે પ્રકારના હોય છે (૧) જે લેખોમાં દર્શાવેલા વિચારો પ્રબુદ્ધ જૈનના સંચાલકોને સર્વથા અભિપ્રેત હોય છે અને (૨) પ્રબુદ્ધ જૈનમાં, સંચાલકોને યોગ્ય લાગે છે ત્યારે, અવારનવાર એવા પણ લેખો પ્રગટ કરવામાં આવે છે કે જે લેખનો વિષય આજના સમાજનાં કોઇ ને કોઇ ચર્ચાસ્પદ પ્રશ્નની એક યા બીજી બાજુ રજુ કરતો હોય છે. આવા પ્રશ્નની ભિન્ન ભિન્ન બાજુઓ પ્રબુદ્ધ જૈનના વાંચકોના પુરા લક્ષ્યમાં આવે એ હેતુથી આવી ચર્ચા આવકારદાયક લેખવામાં આવે છે અને તેથી આ ધોરણે સ્વીકારવામાં આવેલ લેખમાં દર્શાવેલા વિચારો પ્રબુદ્ધ જૈનના સંચાલકોને કે સંઘની કાર્યવાહક સમિતિને સર્વથા કે અંશતઃ માન્ય જ છે એવું કોઇ એકાન્ત અનુમાન કોઇએ તારવવું યોગ્ય નથી. દાખલા તરીકે તા. ૧૫-૧-૪૯ ના પ્રબુદ્ધ જૈનના અંકમાં જૈન સમાજ અને હિંદુ સમાજના પરસ્પર સંબંધની ચર્ચા કરતા બે લેખો આજના એ સળગતા પ્રશ્ન પરત્વેનું ચોક્કસ દૃષ્ટિકોણ પ્રબુદ્ધ જૈનના વાંચકોને યથા સ્વરૂપે સમજવા મળે એ હેતુથી જ પ્રગટ કરવામાં આવ્યા છે, જ્યારે આ પ્રશ્ન પરત્વે સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો એક યા બીજી બાજુએ એકમત નથી. કાર્યવાહક સમિતિના અંગત વલણ વિષે કોઇ પણ વખતે ગેરસમજુતી ન થાય અને પ્રબુદ્ધ જૈનની ચાલુ નીતિ વિષે પણ સવિશેષ સ્પષ્ટતા થાય એ હેતુથી આટલો ખુલાસો પ્રગટ કરવાની જરૂર ભાસી છે.

તંત્રી, **પ્રબુદ્ધ જૈન**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

(૧)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર　　રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૨૦

મુંબઈ: ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૯ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## ગાંધીવાદ નહીં પણ ગાંધીસાધના

શ્રી કાકાસાહેબનું ભાષણ સંસ્કારમંડળના આશ્રય તળે તા. ૨૨-૧૨-૪૮ ના રોજ હતું.

આજ કાલ ઘણા વાદોની વાદાવાદ ચાલે છે માટે આ વાદો શું કહેવા માંગે છે, દરેકનું સ્વરૂપ કેવું છે એ જાણી લેવા માટે તમે વાદવ્યાખ્યાનમાળા ગોઠવી છે એ સારૂં કર્યું છે. એ વ્યાખ્યાનમાળાનો પ્રારંભ માત્ર 'ગાંધીવાદ'થી કરવો એ તમારી ઇચ્છા હું સમજી શકું છું. ખરૂં જોતાં બાકીના બધા વાદોનું નિરૂપણ થયા પછી જ શિરોમણિ કે મેરૂમણિ તરીકે તમારે 'ગાંધીવાદ ને લેવો જોઇતો હતો. કેમ કે ગાંધીવાદમાં લગભગ બધા વાદોનો સમન્વય છે. આમ છતાં પણ જો સમન્વય દૃષ્ટિ જ પ્રારંભમાં મેળવી શકયા તો બાકીના બધા વાદોનું તોલન કરવાનું સહેલ પડે. દરેકનું સ્થાન કયાં અને કેટલું છે એ પહેલેથી જ ધ્યાનમાં આવી જાય છે. એટલે ગાંધીવાદથી તમે પ્રારંભ કર્યો એ પણ ખોટું નથી. સર્વસમન્વયકારી ગાંધીવાદ એટલો વ્યાપક છે કે એને એક વ્યાખ્યાનમાં સ્પષ્ટ કરાય નહીં. આઠ દસ વ્યાખ્યાનો દ્વારા એની ભૂમિકા માંડ બાંધી શકાય. પણ એટલો વખત આપણી પાસે છે નહીં, તેથી મહત્વના બે ચાર મુદ્દાઓ જાણી લઇ આપણે સંતોષ માનીશું.

'ગાંધીવાદ' એ શબ્દ કેમ પ્રચલિત થતો જાય છે એ સમજાતું નથી. ગાંધીજી પોતે હંમેશા કહેતા કે ગાંધીવાદ જેવી વસ્તુ છે જ નહીં. અમે પણ દર વખતે ભારપૂર્વક કહીએ છીએ કે ગાંધીજીના વિચારોને અને કાર્યક્રમને 'ગાંધીવાદ' નું નામ ન જ અપાય. જોઇએ. તો 'ગાંધી-મત' કહો, 'ગાંધીજીની જીવનદૃષ્ટિ' કહો, ગાંધીજીના વિચારો એ કોઇ વાદ નથી, પણ તમામ વાદોમાં સુખેથી ઉમેરી શકાય એવું એક ખમીર અથવા 'લીવન' ( leaven ) છે. એ ખમીર જ્યાં પહોંચ્યું ત્યાં તે તે વાદનું બાહ્ય સ્વરૂપ કાયમ રહ્યા છતાં અંદરથી એ આખી ચીજ બદલાઇ જાય છે. દૂધમાં થોડુંક દહિં ઉમેરો અને એને કોરે મૂકી દો તો સવાર સુધીમાં દૂધ દૂધ તરીકે મટી જઇ દહિ બને છે. મગફળીનું કે સોયા બીનનું દૂધ તૈયાર કરો અને એમાં મેળવણ નાખો તો એનું પણ દહિ બની જાય છે. અને છતાં આપણે ઓળખી શકીએ છીએ કે આ દૂધનું દહિ છે, આ સોયા બીનનું છે અને આ મગફળીનું છે. જેને લોકો ગાંધીવાદ કહેછે એ ખરૂં જોતાં એક ખમીર છે, મેળવણ છે અને એ રીતે જ એને સમજવું જોઇએ.

બીજી રીતે કહું તો ખાંડ એ પોતે કોઇ પકવાન્ન નથી. એ ફકત સ્વાદ છે. જે જે પકવાન્નમાં એને ઉમેરીએ તેને તેનું સ્વરૂપ કાયમ રાખી એ પોતાનો સ્વાદ અર્પણ કરે છે, વિશેષ પૌષ્ટિક બનાવે છે, અને એના સારાં તત્વો ટકાવવામાં મદદ કરે છે. આ રીતે કહી શકું કે ગાંધીવાદ એ કોઇ 'વાદ' નથી પણ વાદોનો 'સ્વાદ' છે.

અથવા પારસમણિ લ્યો. એની આગળ લોઢાની કે ગજવેલની છરી મૂકો, ભાલો મૂકો કે તલવાર. પારસમણિનો સ્પર્શ થતાવેંત લોઢાનું સોનું થઇ જાય છે. આકાર ભલે એનો એ જ રહે પણ હવે એ વસ્તુનું મૂલ્ય બદલાયું અને હવે, નામરૂપ કાયમ રહ્યા છતાં, એ ઘાતકી કામ કરી ન શકે.

એ વાત મેં એટલા માટે વિસ્તારથી કહી છે કે ગાંધીમત વિષે કેટલીક પ્રચલિત ગેરસમજ દૂર થવાની મને ખાસ જરૂર લાગે છે. લોકો માને છે કે ગાંધીમત મૂડીવાદને ટેકો આપે છે, ખાનગી મિલ્કતને રક્ષણ આપવા માંગે છે, સમાજ સત્તાવાદ કે સામ્યવાદ સાથે એનો વિરોધ છે. લોકોની આ માન્યતા સાચી નથી. અપરિગ્રહનો આગ્રહ રાખનાર ગાંધીમત મૂડીવાદને અથવા ખાનગી સંપત્તિની કલ્પનાને વરેલો હોઇ જ ન શકે. આજે દેશમાં–અને મોટે ભાગે દુનિયામાં–ખાનગી માલમત્તાની વ્યવસ્થા અથવા સંસ્થા દૃઢમૂલ થયેલી છે. તેથી ગાંધીમત એનો સ્વીકાર કરીને એમાં પોતાનું મેળવણ ઉમેરવા માંગે છે.

જો આપણા દેશમાં રાજ્યવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા સમાજસત્તાવાદી–socialistic–હોત તો ગાંધીજી એનો પણ સ્વીકાર કરી, એમાં પોતાનું મેળવણ ઉમેરી દેત અને પછી એ વાટે પોતાનું ધારેલું ફળ મેળવત. તેઓ સમાજસત્તાવાદ તોડવાનો પ્રયત્ન ન કરત પણ એને અહિંસાની દીક્ષા આપી એમાં જ અદ્‌ભૂત પલટો કરી નાખત અને જો હિંદુસ્તાનમાં સામ્યવાદ સ્થપાયેલો હોત તો એની સામે પણ જેહાદ ન પોકારતાં એનો સ્વીકાર કરી એને સત્ય ને અહિંસાની દીક્ષા આપત ગાંધીજીની સાધનશુધ્ધિ તમે સ્વીકારો, સર્વકલ્યાણકારી જીવનદૃષ્ટિથી દુનિયા તરફ જોતા થાઓ, પછી ગમે તે વાદ તમે ચલાવો તોયે વાંધો નથી. એમાંથી શુભ જ નીકળવાનું. Gandhism એ કોઇ ism તો નથી જ અને છતાં એને કોઇ ism માનો તો તે Socialism કે Communism જેવી આર્થિક ism તો છે જ નહીં. Buddhism કે Jiainism જેવી વિશાળ, વ્યાપક અને સાર્વભૌમ ધાર્મિક ism ની હારમાં એને બેસાડી શકો. ગાંધીજીએ આજની દુનિયાની આર્થિક મૂંઝવણોનું મહત્ત્વ ઓળખ્યું છે. આર્થિક સવાલોનો ઉકેલ આબાદ રીતે સૂચવ્યો છે. સમાજમાં અર્થશુચિતા ( આર્થિક કે સાંપત્તિક બાબતમાં સમાજને નિષ્પાપ કરવાનો આગ્રહ) આણવાનો એમનો આગ્રહ Socialism કે Communism કરતાં પણ વધારે છે. અને છતાં ગાંધીમત એ અર્થપ્રધાન મત નથી. એ મત જીવનના તમામ પાસાઓનો વિચાર કરે છે અને જીવનનાં સ્થાયી સનાતન મૂલ્યોનો સ્વીકાર કરી જીવનસમસ્તને કૃતાર્થ કરે છે.

અદ્વૈત સિધ્ધાન્તના આદ્યસંસ્થાપક શ્રી ગૌડપાદાચાર્યે એક ઠેકાણે કહ્યું છે કે બાકી બધા દર્શનો (તત્વજ્ઞાનના વાદો) ભલે અંદર અંદર લડયા કરે. અમારા અદ્વૈત સિધ્ધાન્તનો કોઇના સાથે ઝગડો નથી. અમે બધાનો સ્વીકાર કરી દરેકને એનું યોગ્ય સ્થાન આપી દઇએ છીએ. અદ્વૈત સિધ્ધાન્તના વાતાવરણમાં બાકી બધાં દર્શનો પોતપોતાને ઠેકાણે શોભી નીકળે છે. ગાંધી સિધ્ધાન્તનું પણ

એમજ છે. ગાંધી સિધ્ધાન્તના વાતાવરણમાં, એની અસર તળે, બાકીના બધા સિધ્ધાન્તો એવા તો મુલાયમ થઇ જાય છે કે તે કોઇને ખૂંચી કે કઠી શકતા નથી.

એક વાર યરવડા જેલમાં ગાંધીજી સાથે હું એકલો જ હતો. એવી તકનો લાભ લઇ હું ગાંધીજીને અનેક તાત્વિક સવાલો પુછતો અને કાલ્પનિક પરિથિતિઓ રજૂ કરી, એનો ઉકેલ એમની પાસેથી માંગતો. એક દિવસે એમણે કંઇક અકળાઇને કહ્યું કે "દરેક પરિસ્થિતિનો ઉકેલ મારી ઢબે જ થવો જોઇએ એમ ક્યાં છે? સત્ય અને અહિંસાનો સાક્ષાત્કાર તને મારી પાસેથી ભલે થયો હોય, પણ જે ક્ષણે તેં એનો સ્વીકાર કર્યો, તે ક્ષણે એ વસ્તુ તારી થઇ. હવે તારી મેળે દરેક પરિસ્થિતિનો ઉકેલ તું શોધી શકે છે. મારા અભિપ્રાય સાથે એનો મેળ બેસવો જોઇએ એવું યે નથી. તારા અનુભવ દ્વારા અહિંસા જે વખતે જે સ્વરૂપ પકડે તે જ તારે માટે સાચું છે. અહિંસા અનેક રીતે પ્રગટી શકે છે. એટલા માટે દર વખતે મારો ચૂકાદો માંગવાની ટેવ ખોટી છે."

મેં એમને કહ્યું "આપ કહો છો તે હું જાણું છું. મને તે માન્ય છે. દરવખતે અપના જ ચુકાદા પ્રમાણે હું ચાલી શકતો પણ નથી. હું પ્રશ્ન પૂછું છું તે અહિંસાનું સ્વરૂપ વધારે સારી રીતે સમજી લેવા માટે. દાખલા તરીકે કળાની વ્યાખ્યા સાંભળીને કોઇ માણસ કળાત્મક વૃત્તિ કેળવી શકતો નથી, પણ કોઇ શ્રેષ્ટ કલાકોવિદ પાસેથી અનેક વસ્તુઓની સુંદરતા ચર્ચીને જ ધીરે ધીરે એ કલારસિકતા કેળવી શકે છે અને અસંખ્ય દાખલાઓ દ્વારાજ એ કલાનું હાર્દ પકડી શકે છે. એવીજ રીતે આપની આગળ અનેક પ્રસંગો રજૂ કરી આપની અહિંસાવૃત્તિ કઇ રીતે કામ કરે છે એ જાણવા હું માગું છું. મારી આગળ પ્રત્યક્ષ સવાલ આવશે ત્યારે તો મને સૂઝે તેવી જ રીતે હું ચાલવાનો. દર વખતે આપને પૂછવા આવી શકવાનો નથી. અને આપને સુઝે તેના કરતાં મને જુદું પણ સુઝી શકે અને કદાચ તે જ મને વધારે સંતોષ આપી શકે."

તેથી હું કહું છું કે ગાંધીમતનો ઉગમ ભલે ગાંધીજી પાસેથી થયો હોય પણ ગાંધીજી એ કાંઇ ગાંધીમતની અંતિમ મર્યાદા નથી. Gandhiji is not the last word on Gandhism. ગાંધીજીના અભિપ્રાય, એમની પ્રવૃત્તિઓ અને એમના નિર્ણયો આપણા માટે પ્રેરણાદાયી જરૂર છે; પણ એ બધાં બંધન તરીકે ન જ ગણાય.

ગાંધીજી જન્મે અને સંસ્કારે હિંદુ હતા. ખ્રિસ્તી, મુસલમાન વગેરે જાતજાતના લોકોના સંપર્કમાં આવી એ માગે સર્વધર્મ–સમભાવનો સિધ્ધાન્ત તારવી કાઢયો અને બધા ધર્મોનો આદરપૂર્વક સ્વીકાર કર્યો. અને તેથી ખ્રિસ્તીઓ કહે છે કે 'ગાંધીજીને અમે ખ્રિસ્તી ગણીએ છીએ.' જૈનો અને બૌધ્ધો કહે છે કે 'એ જ સાચા જૈન અને બૌદ્ધ છે.' ખિલાફતના દિવસોમાં મુસલમાનો કહેતા કે 'ગાંધીજી જ સાચા મુસલમાન છે.'

અને છતાં ગાંધીમતનો રંગ અને એની પરિભાષા એમણે હિંદુ ધર્મમાંથી જ લીધી છે એની ના ન પડાય. પણ એટલા પરથી ગાંધી સિદ્ધાન્ત એ કાંઇ હિંદુ ધર્મની સુધારેલી અને વધારેલી આવૃત્તિ નથી. એક વાર ગાંધીજીએ મને પૂછયું કે "આશ્રમમાં ઘણા મુસલમાનો હોત તો પ્રાર્થનાનું સ્વરૂપ કેવું થત?" મેં કહ્યું કે "આપણે ગીતા સાથે કુરાનને પણ પ્રાર્થનામાં સ્થાન આપત." ગાંધીજીએ કહ્યું "એમ નહીં. આપણે ગીતાને ઠેકાણે કુરાન ચલાવ્યું હોત. આપણે મન બધા જ ધર્મગ્રંથો સરખા. અત્યારે આશ્રમમાં હિંદુઓ વધારે છે એટલે આપણે મુખ્યત્વે ગીતા વાંચીએ છીએ. પણ આશ્રમ કાંઇ હિંદુ ધર્મનો આશ્રમ નથી. એ તો ગમે તે ધર્મને લઇને ચાલી શકે. સત્ય, અહિંસા આદિ વ્રતો એ જ મુખ્ય વસ્તુ છે. ગમે તે ધર્મમાં એ ભેળવી શકાય."

ગાંધીમતના પાયામાં મુખ્ય વસ્તુ છે આત્માની પ્રધાનતા. માણસનું જીવન એ આજે શરીર અને આત્માનો કજીઓ સંસાર છે. આત્મા શરીરમાં રહીને, શરીર વાટે પોતાનો સાક્ષાત્કાર કરવા માગે છે અને શરીર આત્માને કારણે ટકતું હોવા છતાં આત્માનો ઇનકાર કરી એને નીચે ખેંચવા માગે છે. આવી સ્થિતિમાં શરીર–ધર્મ અને આત્માનો ધર્મ એ બન્ને વચ્ચેનો વિરોધ ઓળખી આત્માને પ્રધાનપદ આપવું અને શરીરને સાધના દ્વારા કાબૂમાં આણી એને આત્માને વશવર્તી બનાવવું એજ ગાંધીજીની સાધનાનું મુખ્ય સ્વરૂપ છે. અને એ સાધના કેવળ વ્યકિત પૂરતી કે વ્યકિતના મોક્ષ માટે નહીં પણ વ્યકિત સાથે સમષ્ટિ એટલે કે સમાજ માટે પણ કલ્પેલી છે. શરીર આત્માને બંધનમાં નાખનારૂં પાંજરૂં પણ છે અને એ આત્માને પોતાની સાધના સાધવા માટેનું સાધન પણ છે. શરીરને જો પોતાની ઢબે જવા દઇએ તો એ ઇન્દ્રિય તૃપ્તિ તરફ દોડવાનું અને અંતે વિનાશ વ્હોરી લેવાનું. વાસનાતુપ્તિના મૃગજળ સાથે સ્વાર્થ, હિંસા, અસત્ય, કપટ, સંકુચિતતા અને ચિરંતન અસંતોષ આવવાના જ. આ દોષો વધી પડવાથી જ માણસ માણસનો દ્રોહ કરે છે, બીજાની સ્વતંત્રતા છીનવી સામ્રાજ્યો ચલાવે છે, પોતે એદી બની બીજાની મહેનતનો ગેરલાભ લે છે અને અણસમજુ પછાત કે ભોળી પ્રજાને નિચોવે છે.

હવે દબાયેલા લોકો હંમેશને માટે દબાયેલા રહી શકવાના જ નથી. તેઓ જ્યારે જાગૃત થાય છે ત્યારે જૂના અન્યાયો યાદ કરીને વિફરે છે અને પછી આજના ગુલામો આવતી કાલે જાલીમો બની જાય છે. આ ચાંડાળચક્ર એક વાર ચાલતું થયું એટલે માણસ જાતનો વિનાશ કર્યા વગર થોભવાનું નથી. બુદ્ધ ભગવાને જે કહ્યું હતું કે વેરથી વેર શમતા નથી, અવેરથી જ શમે છે, તેનો ઉપયોગ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના ઝગડામાં કેમ કરવો એ તો ગાંધીજીએ જ બતાવ્યું. વેર સામે થવા જઇએ તો પોતે ઝેર કેળવી હિંસા કરવી જોઇએ અને અવેર કેળવીએ તો સામા થવાનું છોડી દઇ અન્યાય સહન કરવા જેટલા ઢબ્બુ થવું જોઇએ. યેશુ ખ્રિસ્તે કહ્યું ન હતું કે 'જો કોઇ તારૂં પેરણ છીનવી લે તો એને ડગલો આપજે–જો કોઇ તને ખેંચીને એક ગાઉ ઘસડીને લઇ જાય તો એની સાથે રાજીખુશીથી બે ગાઉ જજે–કોઇ જમણા ગાલ પર તમાચો મારે તો ડાબો ગાલ પણ એની આગળ ધરજે.'?

પણ આટલાથી જીવનના સવાલોનો ઉકેલ નથી આવતો. વેર પણ ન સેવાય અને અન્યાય પણ સહન ન કરાય એવો રસ્તો ગાંધીજીએ શોધી કાઢયો. ગાંધીજીએ કહ્યું કે 'જો તને કોઇ જમણા ગાલ પર તમાચો મારે તો એની આગળ ડાબો ગાલ પણ ધરજે.' અને ઉમેર્યું કે બન્ને ગાલ પર તમાચા મળ્યા છતાં પોતાની સાચી વાત છોડીશ નહીં. શરીરને ભલે ખમવું પડે પણ આત્માનું અપમાન સહન ન કરાય. સામો માણસ શરીરને પીડીને દબાવવા માંગે છે. આપણે એને બતાવીએ કે પીડવાની એની શકિત કરતાં આપણી ખમવાની શકિત આપણે વધારવા તૈયાર છીએ. પરિણામે આપણી જીત થાય છે અને સામા માણસની નહીં પણ એની દુષ્ટતાની હાર થાય છે. અને આપણે એનું કશું માઠું ન કરેલું હોવાથી એની સાથે દોસ્તી બાંધતાં કશી જ અગવડ આવતી નથી. આમ વૈમનસ્ય અને વિનાશને બદલે બન્ને ચઢે છે.

આ થઇ ગાંધીવાદની લડાયક બાજુ.

બીજી બાજુ રચનાત્મક છે. એમાં દરેક સમાજે પોતાની ન્યાયનિષ્ઠા વધારવા માટે જરૂરી એવું વાતાવરણ ઉભું કરવાનું રહે છે. સમાજમાં ઘર કરીને બેઠેલા દોષો દૂર કરવા, અન્યાય કરવાની પ્રવૃત્તિ ધોઇ કાઢવી, આળસ, એકાંગિતા અને સંકુચિતપણું દૂર કરવું, કૌશલ્ય, સ્વાશ્રય અને પરસ્પર સેવા અને સહકાર વધારવા–એ હેતુ રચનાત્મક કાર્યક્રમ પાછળ રહેલો હોય છે. રચનાત્મક કાર્યક્રમ

એટલે સામાજિક સદ્‌ગુણો વધારવાની પ્રવૃત્તિ, રાષ્ટ્રનિર્માણની યોજના, અથવા સંજીવની વિદ્યા. એ વાટે જ સત્યયુગની સ્થાપના થઇ શકે. સત્યયુગમાં વ્યક્તિનો અધિકાર વધારતાં પહેલાં અને વ્યક્તિસ્વાતંત્ર્યનું રક્ષણ કરતાં પહેલાં વ્યક્તિની શુદ્ધિ કરવાની હોય છે. વ્યક્તિશુદ્ધિને અને વ્યક્તિ સ્વાતંત્ર્યને આધારે સમાજહિત અને સમાજની સમૃદ્ધિ સાધવાની હોય છે.

આજકાલ અસમાનતા સામે જ્યાં ત્યાં જેહાદ પોકારવામાં આવે છે. અસમાનતા બુરી વસ્તુ છે. એની જડમાં અન્યાય હોય છે. એ વસ્તુ જવી જ જોઇએ. પણ એના બદલામાં સમાનતા સ્થાપીને ગાંધીવાદને સંતોષ નથી થતો. અસમાનતા જો સંઘર્ષની અથવા યુદ્ધની ભૂમિ ગણાય તો સમાનતા બજારૂ સંબંધવાળી ભૂમિકા છે: અને આપણને જોઇએ છે કૌટુંબિક ભૂમિવાળી એકતા, જ્યાં અસમાનતા ટકે નહીં અને સમાનતા માટે રોજ ઉઠીને ઝગડો હોય નહીં.

માણસ મોજશોખનો, સંપત્તિનો અને અધિકારનો લોભમોહ છોડી દે ત્યારેજ એ સ્વતંત્ર થઇ શકે છે. ખરી સ્વતંત્રતા આત્માની છે. એને ઠેકાણે શરાબ પીવાની સ્વતંત્રતા, બીજાને નીચોવવાની સ્વતંત્રતા, નીચોવીને મેળવેલું ધન પોતાનું કરીને રાખવાની સ્વતંત્રતા, બીજાને ભૂખે મારી પોતે પોતાની જાતને નુકસાન થાય ત્યાં સુધી ભોગ ભોગવવાની સ્વતંત્રતા મેળવવા પાછળ આજની દુનિયા દોડે છે. અને એવી સ્વતંત્રતા તોડી નાખવા માટે સમાજવાદ અને સામ્યવાદ ગમે તેવા હિંસાનાં સાધનો વાપરવાની ભલામણ કરે છે. આ આખા ચાંડાળ–ચક્રમાંથી–vicious circleમાંથી–માનવજાતિને ઉગારવા માટેનો રસ્તો ગાંધીજી બતાવે છે કે.

જેમ ભૂખ કરતાં વધારે ન ખવાય તેમ જરૂરી કરતા વધારે ધન ભોગવાય નહીં–સંઘરાય નહીં–એવો નિયમ સમાજે પાળવો જોઇએ. આને જ તેઓ અસ્તેય અને અપરિગ્રહ કહે છે. આ બેમાં સમાજવાદ અને સામાન્યવાદના આદર્શો સમાઇ જાય છે.

જાહેર જીવનની શુદ્ધતા કાયમ રહે અને એ ભાંગી ન પડે એટલા માટે એમણે સત્યનો આગ્રહ રાજકીય ક્ષેત્રમાં પણ દાખલ કર્યો. માણસમાણસ વચ્ચેની બંધુતા કાયમ રહે એટલા માટે વ્યક્તિગત તેમ જ સામાજિક, ધાર્મિક તેમજ રાજકીય ક્ષેત્રમાં તેમણે કડકપણે અહિંસાનું વ્યાકરણ ચલાવ્યું.

સ્વરાજ મળયું ન હતું ત્યાં સુધી તેમણે સત્ય અને અહિંસા એ બે ઉપર જ ભાર મૂકયો. સ્વરાજ મળ્યા પછી આર્થિક જીવનમાં દાખલ થયેલો સડો દૂર કરવા માટે એમણે અપરિગ્રહનો એટલે કે જરૂરી કરતાં વધુ ધન પોતાનું ન બનાવવા તરફ સમાજને વાળવાનો પ્રયત્ન કર્યો. આને જ તેઓ 'ટ્રસ્ટીશિપ'નો સિદ્ધાન્ત કહેતા. ધની માણસ ધનને પોતાનું ન ગણે, ધન ભગવાનનું એટલે કે સમાજનું હોઇ કમાનાર માણસ પોતાને એનો વહીવટદાર અથવા ટ્રસ્ટી ગણે એટલે એનું જીવન અર્થશુચિ થવાનું.

પોતાની જરૂરીયાતો માણસ હદ કરતાં વધારી દે તો તે ભાઇ ભાંડુની ચોરી કરી કહેવાય. એટલે એ સામાજિક ગુનો તો છે જ; તે ઉપરાન્ત ભોગવિલાસ અને એશઆરામ વધારવાથી માણસ પોતાની શારીરિક, બૌદ્ધિક, હાર્દિક અને આત્મિક શક્તિ ખોઇ બેસે છે, બધી રીતે ક્ષીણ થાય છે; ભોગ ભોગવવાની એની શક્તિ પણ નબળી પડે છે. ધન મેળવવાની અને સમાજ સેવા કરવાની યોગ્યતા પણ નષ્ટ થાય છે–આ થયો માણસનો પોતા પ્રત્યેનો ગુનો.

પોતા પ્રત્યે ગુનો ન કરવો હોય તો માણસે દરેક વસ્તુમાં સંયમ પાળવો જોઇએ. એ સંયમ માટે ઋષિમુનિઓએ એક સુંદર નામ આપ્યું છે બ્રહ્મચર્ય. આ શબ્દની નિરોગિતા, સુંદરતા અને ભવ્યતા લોકો ખોઇ બેઠા છે અને એનો બહુ સાંકડો અર્થ કરે છે.

ઉપર બતાવેલા બધા સદ્‌ગુણો ત્યારે જ કેળવાય જ્યારે માણસ શ્રમશાઠ્ય કરવાનું છોડી દે. શ્રમશાઠ્ય એટલે કામચોરી જેને ગામડાના લોકો હાડકાની હરામી કહે છે. તમામ પાપોનું મૂળ એ જ છે. અને નબળાઇનું પણ એ જ મૂળ છે. એ દોષ જાય તો માણસ સહેજે નિર્ભય થઇ શકે, અને એને એનો સ્વાભાવિક ધર્મ સહેજે સુઝે.

માણસ જેવો છે તેવો ને તેવો જ રહેવા માંગે તો એના એકે સવાલનો ઉકેલ આવે નહીં. સમાજરચના માણસ ગમે તેમ ફેરવે, સંપત્તિની વહેંચણી આદર્શ રીતે કરે, સારા સારા કાયદાઓ બનાવે અને ધર્મોપદેશકો નીમે, તોયે જ્યાં સુધી માણસે પોતાનો સ્વભાવ ફેરવ્યો નથી અને ઉચ્ચજીવન પસંદ કર્યું નથી ત્યાં સુધી માણસ દુઃખી ને દુઃખી જ રહેવાનો છે. જૂના સંતોએ સમાજને ટાળી દઇ એકાંતસેવન કરવાનો રસ્તો અખત્યાર કર્યો. જીવનની વિષમતાથી અકળાઇ તેઓ જીવનવિમુખ થયા. અને એકાંતમાં એકાંતની–શૂન્યતાની–ઉપાસના કરવા લાગ્યા. ગાંધીજીએ જોયું કે આ રસ્તો ખોટો છે એટલું જ નહીં, પણ એની પાછળ સ્વાર્થ અને નાસ્તિકતા છે. આપણા ભાઇઓ, આપણા સાથીઓ અને પડોશીઓ એ પણ આપણે જ છીએ. એમના દોષો તે આપણા દોષો છે. એમનો ઉદ્ધાર થયા વગર આપણો ઉદ્ધાર અશક્ય છે. આપણી સાધનામાં તમામ માણસજાતને ભેળવ્યા વગર છૂટકો નથી. એ એમણે જોયું અને પોતાની સાધના ચલાવી. 'મારો ધર્મ તે મારો છે જ પણ મારા પાડોશીઓ જે પાળે છે તે ધર્મ પણ મારો જ છે. એનો પણ મારે સ્વીકાર કરવો જોઇએ.' આ જાતની જીવનવ્યાપી વિશ્વાત્મૈક્ય બુદ્ધિના આધારે ગાંધીજીએ પોતાની સાધના કેળવી અને તેજ એમણે દુનિયા આગળ રજૂ કરી, એને અમુક વાદ ન જ કહી શકાય. ગાંધીજીએ સંપૂર્ણ જીવનનો સ્વીકાર કર્યો અને એ વિશ્વજીવનના ઉદ્ધારની સાર્વભૌમ સાધના ખીલવી. એને 'વાદ' ન કહેતાં ગાંધીસાધના કહો અથવા સંજીવની સાધના કહો. આની આગળ બધા વાદો એકાંગી, ફીકા અને અદૂરદૃષ્ટિ દેખાય છે. આ ગાંધીસાધના આખી દુનિયાએ કાંઇ નહીં તો હજારો વર્ષ સાધવાની રહેશે. તેમ થાય તો જ માનવજાત આગળનો વિનાશ ટળશે.

કાકા કાલેલકર

## "ના, ના, એ દીવો ઓલવાયો નથી ! એ અવાજ સંભળાતો બંધ થયો નથી !"

ગાંધીજીની પુણ્ય સંવત્સરિની સાંજે હિંદના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂએ ઑલ ઇન્ડીઆ રેડીઓ ઉપરથી જે પ્રવચન કરેલું તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. એ પ્રવચન ટુંકું છતાં અત્યન્ત અર્થગંભીર છે, ગાંધીજીના વિયોગથી વ્યથિત વ્યાકુલ આત્માની એ ભવ્ય ઉદ્‌ઘોષણા છે, તેમાં ગાંધીજીએ દેશ સમક્ષ રજુ કરેલા આદર્શનું પુનઃ પ્રતિપાદન અને સમર્થન છે. ગાંધીજી વિષે જવાહરલાલને બોલતા સાંભળવા એ જીવનની ધન્યતા અનુભવવા બરોબર છે.

પરમાનંદ.

"એક વર્ષ પહેલાં તમને સંબોધીને મેં જણાવ્યું હતું કે આપણા જીવનને આજ સુધી અજવાળી રહેલો દીવો એકાએક ઓલવાઇ ગયો છે અને આપણી આસપાસ અંધકાર ફરી વળ્યો છે. ત્યાર બાદ માથે આવી પડેલી જવાબદારીઓનો બોજો વહન કરતાં કરતાં આપણે એક વર્ષ પુરૂં કર્યું છે અને આજે એ કમનસીબ વર્ષના અન્તે એજ સમયે હું તમારી સમક્ષ ઉપસ્થિત થયો છું અને જણાવું છું કે ના, ના, એ દીવો ઓલવાયો નથી કારણ કે પહેલાં એનો જેટલો પ્રકાશ હતો તે કરતાં પણ વધારે પ્રમાણમાં આજે એનો પ્રકાશ આપણે અનુભવી રહ્યા છીએ અને આપણા પરમ પિતાનો એનો એ અવાજ—એનો એ સંદેશ–આજે આપણે સાંભળી રહ્યા છીએ. અને એમ છતાં પણ ઘણી વાર રાગદ્વેષ અને પૂર્વગ્રહોથી જકડાયલા આપણામાંના અનેક આ પ્રકાશ સામે આંખો બંધ કરે છે અને એ સંદેશ ન સંભળાય એ રીતે પોતાના કાન આડા હાથ મૂકે છે. આજે આપણે આપણી આંખ,

કાન અને હૃદયનાં દ્વાર ખુલ્લાં મૂકીએ અને ખાસ કરીને તેઓ કયા આદર્શ ઉપર ઉભા હતા અને આપણી પાસે શેની અપેક્ષા રાખતા હતા તેનો આપણે વિચાર કરીએ !

આજે આ સાંજના સમયે આખા હિંદમાં–શહેરોમાં, અને ગામડાઓમાં આપણામાંના ઘણા ખરાએ ગાંધીજીનો સંદેશો ફરી ફરીને સાંભળ્યો છે અને એ પ્રકાશના આધારે કાર્ય કરવાની આપણે પ્રતિજ્ઞા લીધી છે. આજની વ્યથાદલિત અને છિન્નભિન્ન બની રહેલી દુનિયાને આ સંદેશાની જેટલી જરૂર છે તેટલી જરૂર કદિ કોઇ કાળે નહોતી. આ દુનિયાએ હિંસા અને વૈરવિરોધ વડે પોતાની સમસ્યાનો ઉકેલ શોધવાનો ફરી ફરીને પ્રયત્ન કર્યો છે અને ફરી ફરીને તેણે નિષ્ફળતા પ્રાપ્ત કરી છે અને ભયંકર આફતને નોતરી છે.

આપણા પોતાના અનુભવ ઉપરથી બોધપાઠ લેવાને સમય આવી લાગ્યો છે. આ બોધપાઠ એ છે કે આપણી જાતને જોખમાવ્યા સિવાય આપણે નૈતિક મૂલ્યોની કોઇ કાળે ઉપેક્ષા કરી શકીએ તેમ છે જ નહિ અને કલહકંકાસ અને દ્વેષમત્સર વડે નહિ, પણ સુલેહ શાન્તિભર્યા માર્ગો, સહકાર અને આઝાદી તથા સત્યની નિસ્વાર્થ ઉપાસના વડે જ આપણે હિંદનાં તેમ જ દુનિયાનાં દુઃખોનો છેડો લાવી શકીએ તેમ છે અને તેથી હિંદના બધા લોકોમાં આપણે એકતા અને સદ્‌ભાવની સ્થાપના કરવી જોઇશે અને વર્ગભેદ અને જન્મ, જાતિ કે સંપ્રદાય ઉપર નિર્માણ થયેલા ભેદોને નાબુદ કરવાનો આપણે પ્રયત્ન કરવો જોઇશે. જેઓ આપણું બુરું ઇચ્છતા હોય તેમના પ્રત્યે પણ આપણે મૈત્રીનો હાથ લંબાવવો જોઇશે અને તેમના સદ્‌ભાવને જીતવો જોઇશે. દુનિયાની પ્રજાઓને આપણે જણાવીએ છીએ કે તમારામાંના કોઇની સાથે અમારે કશો પણ ઝગડો નથી. આ દુનિયાના બધા લોકોની આઝાદી અને સુખસ્વાસ્થ્ય સુરક્ષિત કરવાના ભગીરથ કાર્યમાં અમો તમારો મૈત્રીભર્યો સહકાર માંગીએ છીએ. કોઇનો પણ અમો લાભ ઉઠાવવા માંગતા નથી તેમ જ કોઇના ઉપર રાજ્ય કરવાની અમને સ્વપ્ને પણ એષણા નથી. અમારી પોતાની આઝાદી સુરક્ષિત રહે એટલી જ અમારી અપેક્ષા છે અને તેની કોઇ પણ ભોગે અને અમારી સર્વ તાકાત વડે રક્ષા કરવી એને અમારો પરમધર્મ સમજીએ છીએ. આજે અમારો અવાજ તમને કમજોર લાગતો હશે, પણ એ અવાજ જે સંદેશ રજુ કરે છે તે કોઇ કમજોર સંદેશ નથી. તેના ગર્ભમાં સત્યનું બળ રહેલું છે અને તેનો વિજય સુનિશ્ચિત છે. આ વિચાર અને પ્રતિજ્ઞાપૂર્વક આપણે આપણા ધર્મપિતા કે જે આપણને છોડી ગયેલ છે અને એમ છતાં જે આપણી સાથે જાણે કે આપણી વચ્ચે જ આટલા ગાઢપણે વસી રહેલા છે તે આપણા પ્યારા બાપુને આપણે વન્દન કરીએ! આપણે તેમને અને હિંદને જેની સેવાની આજે આપણે પ્રતિજ્ઞા લઇ રહ્યા છીએ તે હિંદને શોભવીએ, અને તેના વારસ અને સંતાન હોવાની પાત્રતા સિદ્ધ કરીએ. ! જય હિંદ !!”

અનુવાદક **પરમાનંદ**

## સંઘ સમાચાર

### ડો. બૂલચંદજીને ભાવભરી વિદાય

બીજા વિશ્વવિગ્રહના અન્ત બાદ આ દુનિયામાં આવો જ ત્રીજો વિશ્વવિગ્રહ ઉભો થવા ન પામે, રાષ્ટ્ર રાષ્ટ્રના ઝગડા આન્તરરાષ્ટ્રીય પંચદ્વારા પતે એ હેતુથી united nations' organisation–સંયુક્ત રાષ્ટ્રોની સંસ્થા–જેને ટુંકાણમાં ‘યુનો’ ના નામથી ઓળખવામાં આવે છે–એ સંસ્થા ઉભી કરવામાં આવેલ છે. આ યુનોમાં સાધારણ રીતે માત્ર આન્તરરાષ્ટ્રીય રાજકારણી પ્રશ્નો ચર્ચાય છે અને તે સંબંધમાં અગત્યના નિર્ણયો લેવામાં આવે છે, પણ દુનિયામાં ખરી સુલેહ, શાન્તિ, અને સમાધાની સ્થાપવી હોય તો માત્ર રાજકારણી સમસ્યાઓની સંભાળ લેવાથી એ હેતુ સિધ્ધ નહિ થાય; પણ આ માટે પ્રજાજીવનની બીજી અનેક બાજુઓનું એકીકરણ કરવું જોઇશે અને અનેકદેશીય સંપર્ક ઉભો કરવો જોઇશે એમ ‘યુનો’ના સંસ્થાપકોને લાગ્યું અને તેથી યુનોને સમાન્તર એવી એક બીજી આન્તરરાષ્ટ્રીય સંસ્થા ઉભી કરવામાં આવી છે જેને ટુંકાણમાં ‘યુનેસ્કો’ના નામથી ઓળખવામાં આવે છે અને જેનું વિસ્તૃત નામ United Nations' Educational Scientific, Cultural Organisation સંયુક્ત રાષ્ટ્રોની શિક્ષણ–વિજ્ઞાન–સંસ્કૃતિ–વિષયક સંસ્થા છે. આ સંસ્થા ઉત્તરોત્તર વિકાસ પામતી જાય છે અને તેની શાખા પ્રશાખાઓ ફુટતી જાય છે અને તે સંસ્થામાં ચાલુ અનેક અધિકારીઓ નિયુકત કરવામાં આવે છે. આ સંસ્થાને એક એવા મુખ્ય અધિકારીની જરૂર પડી કે જે સંસ્થામાં કામ કરતા અને નવા જોડાતા અધિકારીઓને પોતપોતાના કાર્યપ્રદેશનો અને પોતપોતાની ફરજ અને હકોનો પુરો ખ્યાલ આપતો રહે અને સાથે સાથે યુનેસ્કોની વિવિધ પ્રવૃત્તિઓનું નિયમન કરે તેમ જ એકીકરણ સાધે. આ અધિકારીનું Chief of Staff–training Division નામ નક્કી કરવામાં આવ્યું. અને તેના માટે અરજીઓ માંગવામાં આવી અને તેના ઉમેદવારોને બીરુટ (સીરીઆનું મુખ્ય શહેર) ખાતે યુનેસ્કોની કાર્યવાહક સમિતિના સભ્યો અથવા તો પસંદગી કરનાર મંડળ સમક્ષ અમુક સમય પહેલાં ‘ઇન્ટરવ્યુ’ માટે બોલાવવામાં આવેલા. દેશ દેશથી આવેલા અનેક ઉમેદવારોમાંથી આ વિશિષ્ટ કાર્યાધિકાર માટે ડો. બૂલચંદજીને પસંદ કરવામાં આવ્યા. ડો. બૂલચંદજી કેટલાક સમય પહેલાં બનારસ હિંદુ યુનીવર્સીટીમાં અધ્યાપક હતા, ત્યારબાદ દોઢેક વર્ષ અંધેરીમાં શરૂ કરવામાં આવેલી મેઘજી મથુરાદાસ કોલેજના પ્રીન્સીપાલ હતા અને થોડા સમયથી તેઓ મધ્યવર્તી સરકારના ઇન્ફર્મેશન અને બ્રોડકાસ્ટીંગ ખાતામાં વિશિષ્ટ અધિકાર ભોગવતા હતા. ઉપર જણાવેલ નવા કાર્યમાં જોડાવા માટે તેઓ તા. ૨૯ મી શનિવારે રાત્રે પેરીસ જવા માટે મુંબઇ આવેલા. તેમને શુભ વિદાય આપવા માટે, તા. ૨૯–૧–૪૯ શનિવારે સાંજે સંઘના કાર્યાલયમાં યોજાયલી વાર્ષિક સભા શરૂ કરવા પહેલાં, શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખપણા નીચે એક સ્નેહસંમેલન યોજવામાં આવેલું. આ સંમેલનમાં સંઘના સભ્યો ઉપરાંત મુનિ જિનવિજયજી, પંડિત સુખલાલજી, શ્રી. જગન્નાથજી જૈન, શ્રી. નાથુરામ પ્રેમી વગેરે કેટલાક ગૃહસ્થો પણ હાજર હતા. પ્રારંભમાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ ડો. બૂલચંદજીનું સન્માન કરતાં તેઓ કેવા મહત્વના અધિકાર ઉપર નિયુકત થઇને પેરીસ જાય છે તેનો થોડોક ખ્યાલ આપ્યો અને ડો. બૂલચંદજી શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્ય હોઇને સંઘના માટે પણ આ ગૌરવનો અવસર છે એમ જણાવી કાશીમાં જૈન સંસ્કૃતિ સંશોધન મંડળના પ્રમુખ તરીકે તેમણે જૈન સમાજની આજ સુધીમાં કેટલી સેવા બજાવી છે તેની કેટલીક વિગતો રજુ કરી. ત્યાર બાદ પંડિત સુખલાલજી, મુનિ જિનવિજયજી, શ્રી. જગન્નનાથ જૈન અને છેવટે સભાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે ડો. બૂલચંદજીને શુભ વિદાય આપતાં પ્રસંગોચિત વિવેચનો કર્યાં અને ડો. બૂલચંદજી જૈન સમાજની એક કેવી વિશિષ્ટ વ્યક્તિ છે તેનું પોતપોતાના જાતઅનુભવના દાખલાઓ વડે સભાજનોને દર્શન કરાવ્યું. ત્યારબાદ પુષ્પહારથી સન્માનિત થયેલા ડો. બૂલચંદજીએ આવો સુંદર અવસર યોજવા માટે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના કાર્યવાહકોનો ઉપકાર માન્યો, પોતાને પ્રાપ્ત થયેલા નવા અધિકારનો કાર્યપ્રદેશ સમજાવ્યો, જૈન સંસ્કૃતિ સંશોધન મંડળની પેરીસમાં એક શાખા ઉભી કરવાનો પોતાનો મનોરથ જાહેર કર્યો અને જૈન ધર્મ અને જૈન સમાજનો જે આદર્શ છે તે જ આદર્શ યુનેસ્કોનો છે એવી માન્યતા અને શ્રદ્ધાપૂર્વક પોતાના આ નવા કાર્યમાં પોતે જોડાય છે એમ તેમણે જણાવ્યું. વળી દેશ છોડીને લાંબા વસવાટ માટે આટલે દૂર સહકુટુંબ વસવાનો નિર્ણય કરતાં પોતે જે

મુંઝવણ અનુભવી હતી અને હિંદુસ્થાનમાં જ મધ્યસ્થ સરકારના કેળવણી ખાતામાં એક મહત્વનો હોદ્દો પોતાને મળવાની પાકી સંભાવનાએ આ મુંઝવણમાં કેવો વધારો કર્યો હતો એ બાબત રજુ કરીને આન્તરરાષ્ટ્રીય સંસ્થાની આવી મહત્વની જવાબદારી સોંપવા માટે દેશ દેશના અનેક ઉમેદવારોમાંથી એક હિંદીને જ પસંદ કરવામાં આવેલ છે ત્યારે દેશના ગૌરવ ખાતર પણ આ જવાબદારી સ્વીકારવી જ જોઇએ એવા ખ્યાલથી પ્રેરાઇને પેરીસ જવાનો પોતે નિર્ણય કર્યો છે એમ તેમણે જણાવ્યું.

ત્યારે બાદ ડો. બુલચંદજીએ અંગ્રેજી ભાષામાં મહાવીર ચરિત્ર તૈયાર કર્યું છે એ બાબતની સભાજનોને જાણ થતાં તે પ્રકાશનનો ખર્ચ આપવાની શ્રી દુલભજી ખેતાણીએ ઇચ્છા પ્રગટ કરી અને તેનો ગુજરાતી અનુવાદ તૈયાર થતાં પ્રગટ કરવાના કાર્યમાં રૂા. ૫૦૦ ની રકમ આપવાનું શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી જાહેર કરવામાં આવ્યું અને છેવટે સર્વ કોઇની શુભેચ્છાપૂર્વક ડો. બુલચંદજીને વિદાય આપવામાં આવી અને સભા વિસર્જિત થઇ.

## કાર્યવાહક સમિતિમાં ઉમેરાયલા સભ્યો તથા પેટા સમિતિઓની નિમણુંક

તા. ૮-૨-૪૯ મંગળવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભા મળી હતી જે પ્રસંગે સંઘના બંધારણ મુજબ કાર્યવાહક સમિતિમાં નીચેના સભ્યો સર્વાનુમતે ઉમેરવામાં આવ્યા હતા.

શ્રી ચંચળબહેન ટી. જી. શાહ
,, ચુનીલાલ કામદાર
,, વલ્લભદાસ ફુલચંદ મહેતા
,, કાન્તિલાલ નથુભાઇ પારેખ
,, કાન્તિલાલ ઉમેદચંદ બરોડીઆ

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલય સમિતિમાં પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂઇએ સભ્ય અને છે જેમનાં નામ ગતાંકમાં જાહેર કરવામાં આવ્યાં છે અને તે ઉપરાંત તે સમિતિમાં નીચેના સભ્યોની નિમણુંક કરવામાં આવી છે.

શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ.
,, રમણલાલ સી. શાહ.
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ.
,, જયંતીલાલ સુંદરલાલ કોઠારી **મંત્રી**

વૈદ્યકીય રાહત સમિતિ નીચેના સભ્યોની નક્કી કરવામાં આવી છે.

શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ
,, રમણિકલાલ મણિલાલ શાહ
,, જસુમતીબહેન મનુભાઇ કાપડીઆ
,, રતિલાલ ચીમનલાલ કોઠારી **મંત્રી**

## સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

ચાલુ વર્ષનાં લવાજમ સંઘના અનેક સભ્યોને ભરવાનાં હજુ બાકી છે. તો એ સભ્યોને પોતપોતાનાં લવાજમ સંઘના કાર્યાલયમાં મોકલી આપવા અથવા તો ભરી જવા વિનંતિ કરવામાં આવે છે. સંઘનો કલાર્ક નાદુરસ્ત તબિયતના કારણે હાલ લવાજમ વસુલ કરવા આવી શકે તેમ નથી અને સંઘના અને પ્રબુદ્ધ જૈનના ખર્ચને પહોંચી વળવામાં નાણાંની ખેંચ રહે છે તો સંઘના સભ્યોને પોતપોતાનાં લવાજમ સત્વર ભરી જવા અને એ રીતે અમારી જવાબદારીનો ભાર હળવો કરવા પ્રાર્થના છે.

## પ્રબુદ્ધ જૈનને આર્થિક સીંચન

પ્રબુદ્ધ જૈનના સંચાલન કાર્યમાં નીચેની રકમો મદદ રૂપે મળી છે જેનો આભાર સ્વીકાર કરવામાં આવે છે.

૫૦) શ્રી અમીચંદ ખેમચંદ શાહ (તેમના પુત્ર શ્રી શાન્તિલાલના લગ્નપ્રસંગે.)
૨૫) ,, નાથુરામ પ્રેમી

રૂ. ૭૫)

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# ડાભીનું બીલ અને જૈનો

શ્રી. ફુલસિંહજી ડાભીના બીલે જૈન સમાજ અને હિંદુ સમાજના પરસ્પર સંબંધ પરત્વે જૈન સમાજમાં તીવ્ર વિવાદ અને ચર્ચા ઉપસ્થિત કરેલ છે. આ પ્રશ્નની વિવિધ બાજુઓ પ્રબુદ્ધ જૈનના વાંચકોના લક્ષમાં આવે એ હેતુથી તા. ૧૫-૧-૪૯ ના અંકમાં બે લેખો પ્રગટ કરવામાં આવ્યા હતા અને એ જ હેતુથી તા. ૨૩-૧-૪૯ ના રોજ શ્રી મેઘજી થોભણ ધર્મસ્થાનકમાં સ્થાનકવાસી જૈનોની-શ્રી ફુલસિંહજી ડાભીના બીલ અંગે વિચારણા કરવા માટે મળેલી-સભામાં પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે વિવેચન કર્યું હતું જેનો સંક્ષિપ્ત સાર જૈન પ્રકાશના તા. ૩-૨-૪૯ના અંકમાંથી અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે:-

જ્ઞાતિ ભેદ દૂર કરનારૂં બીલ-Caste Distinction Removal Bill જે મુંબઇ ધારાસભામાં શ્રી ફુલસિંહજી બી. ડાભી તરફથી રજુ થયું છે તે અંગે ચર્ચા થાય એ ઇચ્છવા યોગ્ય છે, પરન્તુ ચર્ચા કરતા ઉશ્કેરાઇ જવું તે યોગ્ય નથી. બીલ રજુ કરવા અંગેની શું પ્રણાલિકા છે તે આપણે સૌથી પહેલાં વિચારીએ.

ધારાસભાનો કોઇ પણ સભ્ય બીલ રજુ કરી શકે છે. કોંગ્રેસ પક્ષનો કોઇ પણ સભ્ય કોઇ પણ બીલ રજુ કરે તો રજુ કરતાં પહેલાં તેમને કોંગ્રેસ પક્ષની સંમતિ લેવી પડતી નથી. તે જ મુજબ આ બીલ કોંગ્રેસ પક્ષના એક સભ્ય શ્રી ડાભી તરફથી રજુ થયું છે એ ખરૂં, પરન્તુ તેને કોંગ્રેસ પક્ષનો ટેકો છે એમ માનવું ભૂલભરેલું છે. બીલ રજુ થયા બાદ કોંગ્રેસ પક્ષ તે પર ચર્ચા કરે છે અને તે બીલને ટેકો આપવો કે કેમ તે નિર્ણય કરે છે. આ બીલ-જ્ઞાતિભેદ દૂર કરનારૂં બીલ-કોંગ્રેસ પક્ષ પાસે હજુ સુધી આવ્યું નથી એમ કોંગ્રેસ પક્ષના મંત્રીને પૂછતાં મને જાણવા મળ્યું છે; એટલે આ બીલને સરકારનો કે કોંગ્રેસ પક્ષનો ટેકો છે-એમ વિકલ્પ કરી તેના પર ચણતર કરવું અથવા તો તેમની ટીકા કરવી એ વ્યાજબી નથી.

આટલી પ્રાસંગિક ચર્ચા પછી હવે પ્રસ્તુત બીલની વિગતમાં ઉતરીએ. ધારાસભાનો સભ્ય ધારાશાસ્ત્રી ન હોય અને બીલ ઘડે તે કેટલું અપૂર્ણ અને અસ્પષ્ટ હોય તેનો આ બીલ એક આબેહુબ નમુનો છે. બીલ ઘડવું એ ધારાશાસ્ત્રી માટે પણ મુશ્કેલીભર્યું છે; એ તો કાયદા ઘડવામાં નિષ્ણાત હોય તે જ બીલ ઘડી શકે અને તેથી જ સરકાર તરફથી રજુ થતાં બીલ કાયદાના નિષ્ણાત ઘડવૈયા પાસે જ ઘડાય છે.

જ્ઞાતિભેદ દૂર કરનારૂં બીલ શ્રી ડાભીએ ઘડયું છે તેનો ઉદ્દેશ શું છે તે શ્રી ડાભી પોતે જાણતા હશે કે કેમ તે એક પ્રશ્ન છે. પ્રસ્તુત બીલનો ઉદ્દેશ તે પોતે સમજતા હોય તો પણ તે ઉદ્દેશ બીલમાં બરાબર સ્પષ્ટ થતો નથી. શ્રી ડાભીનો આ બીલ રજુ કરવાનો ઉદ્દેશ એ હોવો જોઇએ કે જે જે કોમમાં જ્ઞાતિઓ -પેટાજ્ઞાતિઓ-હોય તે આ બીલથી દૂર કરવી; પરન્તુ બીલમાં હિન્દુ શબ્દની જે વ્યાખ્યા કરવામાં આવી છે તેથી ઘણી ગેરસમજ ઉત્પન્ન થાય તેમ છે.

પ્રસ્તુત બીલ કોને લાગુ પડે તે નક્કી કરવા બીલમાં એક વ્યાખ્યા આપવામાં આવી છે; તેનો ઉદ્દેશ એવો લાગે છે કે અમુક ધર્મના અનુયાયીઓને તે બીલ લાગુ પડશે. તેમ કહેવામાં મુસલમાન, યાહુદી, પારસી, ખ્રીસ્તી અને શીખોને બાદ રાખવામાં આવ્યા છે અને તે સિવાય હિન્દુ ધર્મમાં જન્મેલા અને હિન્દની બીજી બધી વસ્તીને આ બીલ લાગુ પડશે એમ કહેવાનો આશય છે. આ બેહુદી વ્યાખ્યા છે, કેમકે તેનો ઉદ્દેશ હિન્દુ ધર્મમાં જૈન ધર્મનો સમાવેશ કરવાનો હોય તેમ લાગે છે. આ બરાબર નથી.

જૈન ધર્મ સંસ્કૃતિ, સિદ્ધાન્ત અને પરંપરાની દૃષ્ટિએ હિન્દુ ધર્મથી તદ્દન સ્વતંત્ર અને પુરાણો ધર્મ છે અને તેથી તેનો હિન્દુ ધર્મમાં સમાવેશ કરવો એ યોગ્ય નથી; એટલે આ બીલ જૈનોને લાગુ પાડવું હોય તો જૈનોને સ્પષ્ટ ઉલ્લેખ પ્રસ્તુત બીલમાં કરવો જરૂરી છે. જ્યાં હિંદમાં પ્રવર્તતા કોઇ ધર્મ કે ધર્મના અનુયાયીઓનો ઉલ્લેખ કરવામાં આવે ત્યાં અન્ય ધર્મોની પેઠે જૈન ધર્મ અને તેના અનુયાયીઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો એટલું જ જૈનોને કહેવાનું છે. આમાં કોઇ

અલગતાવાદ નથી તેમ અમુક કાયદાઓ જૈનોને લાગુ ન પાડવા એમ કહેવાનો પણ ઉદ્દેશ નથી, પણ કાળાન્તરે જૈન ધર્મ કે જૈનોનું નામનિશાન ભૂંસાઇ ન જાય એટલું જ જોવાનો ઉદ્દેશ છે.

હિંન્દુ ધર્મમાં રહેલી જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ દુર થાય તેની સાથે જૈનોમાં રહેલી જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ દુર થાય તેની સાથે જૈનો સહમત છે, પરન્તુ જ્યાં ધર્મસુચક વ્યાખ્યા કરવામાં આવે ત્યાં જૈન ધર્મનો સ્વતંત્ર અને સ્પષ્ટ ઉલ્લેખ થવો જોઇએ એ જૈનોની માગણી છે.

હિન્દુ ધર્મ એટલે વૈદિક ધર્મ એ સર્વસામાન્ય માન્યતા છે. આર્ય સંસ્કૃતિમાં હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મની સંસ્કૃતિનો સમાવેશ થઇ જાય છે. પરન્તુ હિન્દુ ધર્મમાં અન્ય કોઇનો સમાવેશ થતો નથી. આટલી સ્પષ્ટતા પછી સૌ કોઇને લાગશે કે ધાર્મિક દૃષ્ટિએ હિન્દુ ધર્મ અને જૈન ધર્મ બંને સ્વતંત્ર અને અલગ ધર્મો છે.

જ્ઞાતિ વિદારક બીલ અંગે આટલી ચર્ચા પછી જૈનોએ કેટલીક મહત્વની બાબતો સમજવાની જરૂર રહે છે. કોઇ પણ બીલ ક્રાન્તિકારી હોય કે આપણા રૂઢ થયેલા વિચારોને અનુકૂળ ન હોય એટલે આવેશમાં આવી જઇ ગમે તે દલીલો કરવી એ જૈનો માટે વ્યાજબી નથી. દાખલા તરીકે હરિજન મંદિર પ્રવેશ ધારો આવ્યો અથવા દેવદ્રવ્ય સંબંધી ચર્ચા ઉપસ્થિત થઇ ત્યારે જૈનોએ રજુઆત કરી કે પ્રસ્તુત ધારા જૈનોને લાગુ પાડવા ન જોઇએ. આ દલીલ વ્યાજબી નથી અને આવી દલીલ કરીને જૈનો કોઇ પણ ધારામાંથી છટકી શકે એ શકય નથી.

જૈનોએ એ ભૂલવું ન જોઇએ કે સામાજિક, આર્થિક અને કાયદાની દૃષ્ટિએ જૈનો હિન્દુઓથી અલગ ન જ પડી શકે; એ દૃષ્ટિએ તો જૈનો હિન્દુ સમાજનું એક અને અવિભાજ્ય અંગ છે. દાખલા તરીકે સરકાર હિન્દુઓને લાગુ પડે અગર હિન્દુઓને લાભ મળે તેવી કોઇ સંસ્થા સ્થાપે અગર સખાવત કરે તો તેનો લાભ શું જૈનો નથી લેવાના? હું માનું છું કે જૈનો તેનો ચોકકસ લાભ ઉઠાવશે. અત્યારે જે હિન્દુ ધર્મશાળાઓ છે અગર તો હિન્દુ ધાર્મિક સંસ્થાઓ છે તેનો લાભ જૈનો નથી ઉઠાવતા? ઉઠાવી જ રહેલ છે; તો પછી જૈનો હિન્દુઓથી અલગ છે એમ કેમ કહેવાય?

આવી સસ્થાઓનો જૈનો લાભ ઉઠાવે છે, એટલું જ નહી પરન્તુ જૈનો પણ સાર્વજનિક સંસ્થાઓ ઉભી કરે છે અથવા સાર્વજનિક સંસ્થાઓને મદદ કરે છે અને એમ જ હોવું જોઇએ.

એટલે જ જૈનોએ પોતાનું સ્થાન સ્પષ્ટ કરવું જરૂરી છે. જ્યાં ધર્મની વ્યાખ્યા આવે અગર ધર્મસૂચક બાબત હોય ત્યાં હિન્દુ ધર્મ અને જૈન ધર્મ તદ્દન જુદા અને સ્વતંત્ર છે, પરન્તુ સામાજિક બાબતોમાં જૈનો હિન્દુઓથી અલગ નથી. આપણે સરકારને આટલું જ કહેવાનું રહે છે. દાખલા તરીકે લગ્નની પ્રથામાં ફેરફાર કરનારો કે પુત્રીઓનો વારસાહકક આપનારો કાયદો ઘડાય તો તે હિન્દુઓને લાગુ પડે તેમ જૈનોને પણ લાગુ પડે તે સામે જૈનોનો વાંધો ન હોઇ શકે. દરેક સામાજીક કાયદો કોઇ સમાજને લાગુ કરવો કે નહિ તે તેના ગુણદોષ ઉપર આધાર છે. ધર્મ સાથે તેને કાંઇ સંબંધ નથી. હિન્દુઓને લાગુ પાડવાના કાયદા વિષે પણ કેટલાક હિન્દુઓને વિરોધ રહે છે તેમ તેજ કાયદાઓ જૈનોને લાગુ પડે ત્યારે પણ કેટલાંકનો વિરોધ રહેશે, પરન્તુ તેથી અમો જૈન છીએ અને જૈન ધર્મ હિન્દુ ધર્મથી સ્વતંત્ર છે માટે અમુક કાયદો જૈનોને લાગુ ન પાડી શકાય એ દલીલ વજુદ વિનાની છે.

આશા છે કે આટલી વિગતવાર સ્પષ્ટતા પછી જૈનો ખરી વસ્તુ સમજશે અને કોઇ પણ વસ્તુ આપણા રૂઢ વિચારોને ન રૂચતી હોય તેટલા માટે જૈનો અલગવાદ ઉભો નહી કરે, એટલું જ નહી પરન્તુ અલગવાદના વિચારને અનુમોદન પણ નહી આપે. આપણે અત્યાર સુધી રાષ્ટ્રવાદ જ અપનાવ્યો છે. આપણે પારસીઓની જેમ જુદો મતાધિકાર માગેલ નથી. આપણે આપણો રાષ્ટ્રવાદ ચાલુ રાખીએ અને જ્યાં ગેરસમજ ઉભી થતી હોય ત્યાં જરા પણ આવેશમાં આવ્યા વિના સરકાર પાસે વ્યાજબી દલીલો વડે આપણી સ્થિતિ સ્પષ્ટ કરીએ. આ માર્ગે આપણે ચાલીએ તેમાં જ જૈનોની મહત્તા અને ઉન્નતિ છે.

* * *

(એ જ પ્રસંગે એ સભા શરૂ થવા પહેલાં પં. મુનિશ્રી પુનમચંદજી અને મુનિશ્રી ડુંગરશી સ્વામીએ પણ આજ પ્રશ્ન ઉપર કેટલુંક વિવેચન કર્યું હતું તેમાંનો ઉપયોગી ભાગ 'જૈન પ્રકાશ' માંથી ઉધ્ધૃત કરીને નીચે આપવામાં આવે છે અને હવે પછી પણ આ વિષયને સ્પર્શતા લેખો તેમ જ ચર્ચાપત્રો પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ કરવામાં આવશે. **તંત્રી.)**

બીલમાં હિન્દુ શબ્દની જે વ્યાખ્યા કરવામાં આવી છે તેમાં ઇસાઇ, પારસી, યાહુદી, મુસલમાન અને શીખ સિવાય હિન્દુ ધર્મમાં જન્મેલા અને હિન્દુ ધર્મ પાળનારા બધા હિન્દુઓનો સમાવેશ કરવામાં આવેલ છે; આ મુજબ જૈનોનો પણ હિન્દુ ધર્મમાં સમાવેશ કરવામાં આવેલ છે તે યોગ્ય નથી; જૈન ધર્મ એ હિન્દુ ધર્મનું અંગ નથી, પરન્તુ તદ્દન સ્વતંત્ર અને પૂરાણો ધર્મ છે, તે ઘણી રીતે પુરવાર થઇ શકે તેમ છે.

સૌથી પ્રથમ હિન્દુ ધર્મમાં છ દર્શન બતાવવામાં આવ્યા છે; તેમાં જૈન અને બૌદ્ધ દર્શનનો સમાવેશ થતો નથી; એ જ બતાવે છે કે જૈન અને બૌદ્ધ ધર્મો હિન્દુ ધર્મથી સંસ્કૃતિ, પરંપરા અને પ્રણાલિકાની દૃષ્ટિયે તદ્દન સ્વતંત્ર ધર્મ છે.

વર્તમાને હિન્દુ શબ્દ જે અર્થમાં પ્રચલિત છે તેનો અર્થ વૈદિક-ધર્મ થાય છે. એટલે એ અર્થ મુજબ હિન્દુ ધર્મમાં જૈન ધર્મનો સમાવેશ ન થઇ શકે. હિન્દુ શબ્દનો અર્થ આર્ય સંસ્કૃતિ થતો હોય તો તે આર્ય સંસ્કૃતિમાં જૈનોનો સમાવેશ થાય; આર્ય સંસ્કૃતિ એ હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મના ત્રિવેણી સંગમથી બનેલી સંસ્કૃતિ છે; એટલે ઉપરોક્ત બીલમાં હિન્દુ શબ્દને બદલે આર્ય શબ્દ વાપરવામાં આવ્યો હોત તો જૈનનો તેમાં સમાવેશ થઇ શકત.

હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મો આત્મા-પરમાત્માના સ્વરૂપ સંબંધમાં મુખ્યત્વે જુદા પડે છે. પરમાત્માને કર્તા તરીકે હિન્દુ ધર્મ માને છે, જ્યારે જૈન અને બૌદ્ધ ધર્મ તેમ માનતા નથી. જૈન ધર્મ ભગવાન ઋષભદેવના સમયથી અસ્તિત્વ ધરાવે છે અને એ રીતે જૈન ધર્મ પુરાણો ધર્મ છે. હિન્દુ ધર્મની સંસ્કૃતિ બ્રાહ્મણ કે વૈદિક સંસ્કૃતિ નામે ઓળખાય છે, જ્યારે જૈન અને બૌદ્ધ ધર્મની સંસ્કૃતિ શ્રમણ સંસ્કૃતિ નામે ઓળખાય છે. આમ અનેક રીતે જૈન ધર્મ એ હિન્દુ ધર્મથી તદ્દન સ્વતંત્ર અને પુરાણા ધર્મ તરીકે પુરવાર થઇ શકે તેમ છે.

જૈન શબ્દ જ્ઞાતિ વાચક શબ્દ પણ નથી; જૈનોમાં વાણિયા, બ્રાહ્મણ, રજપુત, વગેરે અનેક જ્ઞાતિના અનુયાયીઓ છે. જૈન ધર્મમાં થઇ ગયેલ માધવ મુનિ એ બ્રાહ્મણ, હતા અને તેમણે જૈન ધર્મની વૃદ્ધિ અર્થે સારી જહેમત ઉઠાવી હતી; જાર કોમના પણ જૈન સાધુ થાય છે. જૈન ધર્મમાં બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શુદ્ર અને હરિજનો સુદ્ધાં થઇ ગયા છે. આ રીતે જૈનશબ્દ એ જ્ઞાતિવાચક શબ્દ નથી. જૈન શબ્દમાં જ્ઞાતિભેદ કે સંકુચિતતાને સ્થાન પણ નથી. પરન્તુ તેના અનુયાયીઓએ જૈન ધર્મને સંકુચિત બનાવી દીધો છે. જૈન ધર્મનાં પાળનારાઓએ પરસ્પર ધર્મના ધોરણે વ્યવહાર રાખ્યો નહી અને વ્યાવહારિક બાબતોમાં જ્ઞાતિના અને ઉચ્ચનીચના ભેદભાવ ચાલુ રાખ્યા; તેના પરિણામે જૈન ધર્મ સંકુચિત બની ગયો છે. પરન્તુ અત્યારે સમય આવી ગયો છે કે જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિને આપણી ટકાવી રાખવી હશે તો જ્ઞાતિભેદની દિવાલો આપણે જમીનદોસ્ત કરવી પડશે અને પરસ્પરના મતભેદો ભૂલી જઇને સંગઠીત બનવું પડશે. સંગઠીત બનીને જ જૈન સમાજ ઉપરાઉપરી આવતા આક્રમણોનો સામનો કરી શકશે.

# કેન્ટકીનો દીનબંધુ

**न हि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति ।**

અમેરિકામાં પ્રસિધ્ધ થતા 'ધી સેટરડે ઇવનીંગ પોસ્ટ' નામના સામાયિકમાં પ્રગટ થયેલા લેખ ઉપરથી જ્યોતિર્ધરના તંત્રી શ્રી ગટુલાલ ગોપીભાઇ ધ્રુએ તૈયાર કરેલો નીચેનો લેખ જ્યોતિર્ધરમાં બે હફતાથી પ્રગટ થયો હતો તે પ્રબુદ્ધ જૈનના વાંચકો માટે અહિં આભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. આવી જ શ્રધ્ધાથી દયા અને પરોપકારનાં જીવનભર કાર્યો કરનાર વ્યક્તિઓનાં જૈન સમાજના ઇતિહાસમાંથી છુટાછવાયાં દૃષ્ટાન્તો જરૂર મળે તેમ છે, પણ આજના જૈન સમાજમાં આવી શ્રધ્ધા અને આ પ્રકારની સમાજસેવાની અવિરત તપસ્યા લુપ્ત થઇ હોય એમ લાગે છે. આજે તો કોઇ પણ અભિપ્રેત સામાજિક કાર્ય વિષે એક જ પ્રકારના ખ્યાલની અને રૂઢિની જડ જૈન સમાજના માનસમાં બેઠેલી જોવામાં આવે છે. સંસ્થાની સ્થાપના, મોટું ભંડોળ, તેના વ્યાજમાંથી સંસ્થાનું સંચાલન, આલીશાન મકાનો અને ગમે તેટલું ભંડોળ હોય તો પણ ફંડ માટે ચાલુ ભિક્ષા, સંસ્થા અને તેના અંગઉપાંગો સાથે નામો જોડવાને લગતો ચાલુ વ્યાપાર અને ઉછાણી—આ આજની જૈન સંસ્થાઓનું અને સંચાલકોના માનસનું સ્વરૂપ છે. દિલનું દર્દ, અન્તરની કરૂણા અને આત્માનાં ઉલ્લાસમાંથી ઉભી થતી સેવાવૃત્તિ અને સેવા પ્રવૃત્તિ કેવી હોય છે તે કેન્ટકીના દીનબંધુ જોન વેગેલ અને તેની પત્ની માર્ગ-વેરાઇટની નીચેની પુણ્ય જીવનકથામાંથી આપણને જોવા જાણવા મળે છે.

**પરમાનંદ**

યુનાઇટેડ સ્ટેટસના પૂર્વ ભાગમાં કેન્ટકી નામનું એક સ્થાન આવેલું છે. તેમાં પર્વતોના પ્રદેશમાં 'ધી ગેલિલયન ચિલ્ડ્રન્સ હોમ' નામનું એક બાળકોનું ગૃહ છે. આ ગૃહ અમેરિકામાં એક અગત્યની અને અસામાન્ય સંસ્થા છે. કોઇ દેવળ કે રાજ્ય તરફથી કે ખાનગી રીતે એકઠા કરાયલા ફંડની એને મદદ નથી. એના સંચાલકોએ લોકો પાસે કદી એક પૈસાની પણ ટેલ નાંખી નથી. એ ગૃહ માત્ર પરમાત્મા ઉપરની અવિચળ ઊંડી શ્રધ્ધાના પાયા ઉપર સ્થાપિત થયું છે. ચોવીસ વર્ષના એક ધર્મોપદેશક અને તેની પત્નીના દૃઢ નિશ્ચય અને પરોપકારી તથા જનસેવાની વૃત્તિને પરિણામે આ ગૃહ ઉદ્‌ભવ્યું છે. "વણમાગ્યા" અને ત્યજાયેલાં રખડતાં નિરાધાર બાળકોની સંભાળ અને ઉછેર માટે આ ગૃહ છે. આજ જોન વેગેલ અને તેની પત્ની માર્ગવેરાઇટ દસ માસથી પંદર વર્ષ સુધીનાં સુખી તંદુરસ્ત આનંદી પાંસઠ બાળકોનાં માતપિતા બન્યાં છે. આ બધાં બાળકો માટે આવતી કાલના ખોરાકનું શું થશે તેની આ સંચાલકોને કાંઇ ખબર ન હોય એવી સ્થિતિ અનેકવાર ઉત્પન્ન થવા છતાં આ ગૃહ ચાલે છે. આ ગૃહ જોવા આવનારા જ્યારે પૂછે છે કે આનું ખર્ચ શી રીતે—શામાંથી—નભે છે ત્યારે વેગેલ એટલોજ જવાબ આપે છે કે "કોઇ અગમ્ય રીતે ભગવાન આ નભાવે છે."

આ ગૃહમાંનાં કેટલાંક બાળકો ખૂન કરવા માટે જન્મટીપ પામેલાં માબાપનાં સંતાન છે, એ પર્વતના પ્રદેશમાં અનેકવાર ટંટા બખેડા થાય છે તેમાં માર્યા ગયેલાં સ્ત્રી પુરૂષોનાં માબાપવિહોણાં કેટલાંક બાળકો છે, પોતાનાં માબાપ ગાંડાં હોવાને લીધે નિરાધાર બનેલાં કેટલાંક બાળકો છે. એવાં ગાંડાં માબાપનાં સંતાનોને બીજા કોઇ બાળાશ્રમો સંઘરતા નથી. કેન્ટકીની અદાલતો તરફથી કેટલાંક રખડતાં નિરાધાર બાળકો આ ગૃહમાં મોકલવામાં આવ્યાં છે. જાહેર પ્રજાના કરના પૈસામાંથી સરકારી તીજોરીમાંથી એક પાઇ પણ આ બાળકોના ખર્ચ માટે વેગેલ લેતો નથી. આ ગૃહને કોઇ સંસ્થા ન બનાવતાં માત્ર એક ગૃહ–કુટુંબ ઘર–જેવું રાખવાનો વેગેલનો ખાસ આગ્રહ છે. જ્યારે જ્યારે કોઇ નવું બાળક આ ગૃહમાં લાવવામાં આવે છે, ત્યારે વેગેલ માથું ધૂણાવે છે, ગૃહની ખૂબ ગીરદી તરફ ધ્યાન દોરે છે અને એ બધાને રોજનું ખાવાનું પૂરૂ પાડવાના અતિ મુશ્કેલ કામની વિગત રજૂ કરે છે, પરંતુ છેવટે, દરેક વખત, એ નિરાધાર બાળકને આશ્રય આપી ખાવાપીવાની, કપડાં અને શિક્ષણની વ્યવસ્થા કરે છે. પત્નીને વેગેલ કહે છે "આને આપણે ન રાખીએ તો એ બિચારા બાળકની શી વલે થાય?" નિરાધાર અનાથ બાળકનું હસતું વદન જોઇ પત્ની પણ બાળકને ગૃહમાં સ્વીકારી લે છે.

શિકાગોની "બાઇબલ" સંસ્થામાંથી શિક્ષણ લઇ પર્વતના આ પ્રદેશના કુટુંબોમાં ખ્રિસ્તી ધર્મના કોઇ પંથ કે વાડાનો ખ્યાલ રાખ્યા સિવાય પ્રચાર અને સદુપયોગ કરવાના પુણ્યકાર્ય માટે આ પતિપત્ની આવ્યાં ત્યારે ગૃહ સ્થાપવાનો તેમને સહેજ પણ ખ્યાલ ન હતો. સદ્‌ભાગ્યે સાફ કરેલી આ ત્રણ એકર જમીન અને કેબિન જેવું નાનું મકાન માસિક દસ ડોલરથી ભાડે તેમને મળી ગયું. આ બહુજ સુભાગી સંજોગ બની ગયો કારણ કે તેમની પાસે મૂડીમાં માત્ર વીસ ડોલરજ હતા. આ પ્રદેશના કુટુંબોમાં, શાળાઓમાં અગર ખુલ્લાં મેદાનમાં ઉપાસના તથા પ્રાર્થના અને ઉપદેશનું કાર્ય કરતે ફાજલ પડતા સમયમાં જોન જંગલનાં લાકડાં કાપતો, તેને બરાબર ઘાટીલાં બનાવતો અને એમ કરીને પોતાના નાનકડા ઘરને બરાબર સારૂં છાપરૂં તેણે બનાવ્યું અને એક વધારાનો ઓરડો પણ બાંધ્યો. ધર્મોપદેશક તરીકેના શિક્ષણ ઉપરાન્ત વેગેલે દાકતરી વિદ્યાનું પણ થોડું ઘણું શિક્ષણ લીધું હતું. તેથી પર્વતના આ પ્રદેશના વતનીઓને અનેક સમયે એ સારો મદદગાર થઇ શક્યો અને એ લોકોનો વિશ્વાસ મેળવી શક્યો.

આ કામના બદલામાં તેને કાંઇ વેતન કે પૈસા મળતા ન હતા. ઇશ્વરપ્રીત્યર્થે એ કામ કર્યે જતો હતો. તેના પર્વતવાસીઓ તેનો ખોરાક, પ્રથમના થોડા વર્ષ સુધી, પૂરો પાડતા હતા. કોઇ જતે આવતે બટાટાનો કે ઘેર દળેલા ઘઉંના લોટનો કોથળો મૂકી જતું. ઘર આગળ પતિ પત્નીએ એક બગીચો બનાવ્યો હતો, એમની ત્રણ વર્ષની દીકરી ગ્લેડીસ આ ખુલ્લા આરોગ્ય પ્રદેશમાં સારી તંદુરસ્ત થઇ અને પાસેના ઇલીનોઇસ પ્રાંતમાંના કેટલાક મિત્રો તેમને માટે થોડાં કપડાં વખતો વખત મોકલતા. પોતાના લગભગ ઉઘાડા જેવા ફરતા પાડોશીઓને વેગેલ આ કપડામાંથી થોડાં આપતો હતો. જોનને લાગ્યું કે આ લોકોનાં આધ્યાત્મિક જીવન ઉન્નત કરવાના કાર્યમાં પોતે મદદગાર થતો હતો. તેજ અરસામાં તેના મકાનથી પચીસ માઇલ દૂરના પ્રદેશમાં કાંઇક ટંટો થયો અને બંદૂકો એકબીજા પ્રત્યે ચલાવવામાં આવી. આ મારામારીને પરિણામે આ દંપતીના આખા ભવિષ્યના જીવને નવું સ્વરૂપ પ્રાપ્ત કર્યું.

પોતાની દીકરીનું શિયળ ભ્રષ્ટ થવાથી ક્રોધાયમાન થયેલા એક માણસે એક યુવાનને ગોળીથી વીંધી નાખ્યો. કમનસીબે ખરા ગુનેગારને બદલે એક નિર્દોષ માણસ માર્યો ગયો. ખરો ગુનેગાર પાદરી વેગેલ પાસે આવ્યો અને એ યુવતીથી થયેલા પોતાના પુત્ર (લગ્ન કર્યા સિવાય જન્મેલા) ને તેના ગૃહમાં આશરો આપવાની વિનંતિ કરી. એણે સાંભળ્યું હતું કે એ બાળકને મારી નાખવાના ઇરાદાથી તે યુવતી બાળકની સંભાળ લેતી ન હતી. વેગેલ અને એ માણસ માઇલો સુધી પર્વતના પ્રદેશમાં ચાલતા ગયા, એ બાઇના ઘર પાસે આવ્યા ત્યારે પાછલે રસ્તે ઝાડીમાં છુપાતા છુપાતા આગળ વધ્યા. સુભાગ્યે યુવતીનો પિતા ઘરમાં ન હતો પેલા માણસને જોઇ યુવતીએ ખૂબ ક્રોધમાં આવી જઇ ગાળો દીધી. એક ગંદી પથારીમાં બગડેલું દૂધ ભરેલી સીસી પાસે પડેલી એવી સ્થિતિમાં બાળક પડયું હતું. જોને જ્યારે તેને લઇ જવાની માગણી કરી ત્યારે બહુ ખુશીથી તેણે બાળક તેને સોંપી દીધું. જોન એ અધભૂખ્યા બાળકને ઘેર લાવ્યો. આગળ જતાં બાળકોનું જે ગૃહ થયું તેનું આ પહેલું બાળક હતું.

આ પછી ઘરબાર વિનાનાં, નિરાધાર અને 'વણમાંગ્યાં બાળકો એક પછી એક આ ગૃહમાં મોકલવામાં આવ્યા. એ પિતા પોતાનાં ત્રણ બાળકો—બે પાંચ અને સાતવર્ષનાં—લઇને આવ્યો. છોકરાંની મા ઘરને આગ લગાડી કોઇ સાથે ભાગી ગઇ હતી. વેગેલની પત્નીએ એ ત્રણ બાળકોને આશરો આપ્યો.

એક બાપે ગાંડપણના આવેશમાં પોતાની પત્નીનું ખૂન કર્યું અને પછી જાતે આપઘાત કર્યો. માતાપિતાવિહોણાં એ બાળકોને તેનં પિતાના ગાંડપણને કારણે, કોઇ બાળાશ્રમે આશરો આપ્યો નહિં. આ પરગજુ દંપતીએ એમને આશ્રય આપ્યો. જંગલમાંથી લાકડાં કાપી લાવી પોતાના ઘરને વળી એક નવો ઓરડો જોને ઉમેર્યો. એમના કુટુંબમાં હવે સાત માણસો થયાં. એક વખતે એ પ્રદેશના નિર્જન ભાગમાં પાંચ વર્ષનું એક બાળક લગભગ નિર્વસ્ત્ર જેવું, ડુક્કરને આપેલા ખોરાકમાંથી વીણી ખાતું જોવામાં આવ્યું. કોઇ અપરિણીત બાળાએ પોતાના આ બાળકને રઝળતું મૂક્યું હતું. તે સ્થળની અદાલતના ન્યાયાધીશને આ બાળકનું શું કરવું તે સૂઝયું નહિ. છેવટે વોગેલના ગૃહમાં તેને મોકલી આપ્યું. આ બાળકના આવ્યા પછી એ દયાળુ પરોપકારી દંપતીએ કેન્ટકીના પ્રદેશનાં નિરાધાર અનાથ બાળકોને આશરો આપી તેમને ઉછેરવાના કાર્યને પોતાનું જીવનકાર્ય ગણવાનો નિશ્ચય કર્યો.

જોનને તો ખાતરી હતી કે તેણે જે આ કાર્ય માથે લીધું હતું તે ઇશ્વરી પ્રેરણાનુસાર હતું. પરંતુ એ જાતના કામને પહોંચી વળવા માટે તેની પાસે કાંઇ આર્થિક સાધન ન હતું. પોતાના નાના ઘરની નજીકમાં સાડત્રીસ એકર જેટલી છૂટી જમીન હતી. જમીનના માલિક પાસે તેણે એ વેચાતી માંગી. માલિકે જમીનની કિંમત ઠરાવી નક્કી કરી ત્યારે તેણે એક ડોલર માલિકને આપ્યો, અને કહ્યું કે ' મારી પાસે અત્યારે આટલી જ મૂડી છે, પણ છ માસમાં હું તમારી જમીનની કિંમત પૂરી ભરી દઇશ. પૂરા પૈસા ન ભરી દઉં તો મેં જેટલા પૈસા ભર્યા હોય તે જાય અને તમે જમીન પાછી મેળવી શકો.' આ પ્રમાણે વ્યવસ્થા કરી જમીન મેળવી. જંગલનાં ઝાડ કાપી જોને નવું મકાન બાંધવાનું શરૂ કર્યું. છ માસમાં બે દિવસ બાકી હતા ત્યારે માલિકના છયાસી ડોલર દેવા હતા અને એ નાણાં કયાંથી અને કેમ મેળવવાં તેની કાંઇ સૂઝ પડતી ન હતી.

જોન કહે છે. " તે દિવસે હું મારા ખચ્ચર પર બેસીને જે શહેરમાંથી અમારી ટપાલ આવતી હતી ત્યાં ગયો. આખે રસ્તે મેં પ્રાર્થના કર્યા કરી. ટપાલ ઓફિસમાં મારા નામનો એક કાગળ આવીને પડયો. જેમ્સ, ડબલ્યુ. બ્રાઉઅરે (મીશીગન ગામથી) એકસો ડોલરનો ચેક આ કાગળમાં બીડયો હતો. આ માણસને હું નામે પણ ઓળખતો ન હતો. આ પછી મારૂં કામ ભગવાન ઉપર શ્રદ્ધા રાખી આગળ ધપાવ્યે જવાનો મેં દૃઢ નિશ્ચય કર્યો."

૧૯૩૯ના જુલાઇની ૧૩ મી તારીખે બ્રુકસ બાઇબલ શાળાની એક બાઇ—જોસફાઇન શાર્બોનીયર—આ ગૃહના કાર્યમાં જોડાઇ. આ વખતે તે ગૃહમાં બાર બાળકો હતાં. પોતાના આ ગૃહના સંચાલન અને વ્યવસ્થાની બાબતમાં જોનના વિચાર બીજી આવી સંસ્થાઓ કરતાં જૂદા જ પ્રકારના હતા. ગૃહના નિભાવ માટે કોઇ સંચાલકે કોઇ પાસે નાણાંની મદદ માંગવી નહિ, જે બાળક એમાં દાખલ થાય તે કુટુંબીજન તરીકે ગણાય અને અઢાર વર્ષનું થાય ત્યાં સુધી તેને આશ્રય ઉછેર તથા શિક્ષણ મળે, અને કોઇ પણ બાળકને બહાર દત્તક તરીકે આપવું નહિ—એવો જોનનો સંકલ્પ હતો.

આ ગૃહના નજીકનાં કોઇ સ્થળે શાળા ન હોવાથી જોનની પત્ની અને જોસફાઇન શાર્બોનીયર જે બાળકો શાળામાં જવાની ઉંમરનાં હતાં તેમને શિક્ષણ આપવાનું કામ કરતાં હતાં. જોન જંગલનાં ઝાડ કાપી આજુબાજુની જમીન સાફ કરવાનું કામ કરતો હતો. પરંતુ એ સમય દરમિયાન ઘણી વખત એ દંપતીને શંકા થતી હતી કે આ જે ભારે સાહસ તેમણે આદર્યું છે તે આગળ કેવી રીતે નિભાવાશે. એક સ્હવારે તો એવું બન્યું કે તેમને ખબર પડી કે હવે માત્ર એક ટંક જેટલું જ ખાવાનું રહ્યું હતું. ગૃહનાં બાળકોને પોતાની પાસે બોલાવી જોને કહ્યું "જુઓ, હું આજે બહાર જાઉં છું. આવું તે દરમિયાન તમે ભગવાનની પ્રાર્થના કરજો કે આવતી કાલના ખાવાને માટે કાંઇ વ્યવસ્થા કરે" પોતાના ખચ્ચરને એક નાના ગાડા સાથે જોડી કાદવ ખૂંદતો એ આગળ શહેર તરફ ચાલ્યો. ત્રણ માઇલને અંતરે તેને એક ખેડૂતે હાંક મારી "મેં ત્રણ ડુક્કર હમણાં જ માર્યાં છે. તમારા ગૃહનાં બાળકોને ખોરાક માટે એમાંનું એક મારે આપવું છે." થોડે દૂર ગયા પછી એક બાઇએ ઇંડાં ભરેલો એક ટોપલો અને બટાટાનો કોથળો જોનને આપ્યો. શહેરની નજીક પહોંચ્યો ત્યારે તે સ્થળના દેવળની પાસેના રહેવાસીઓએ ગયે અઠવાડીએ ભેગાં કરેલાં નાણાંનો વીસ ડોલરનો ચેક તેના હાથમાં મૂકયો. જોને ઘેર આવીને કહ્યું, "ભગવાન આપણને પ્રત્યક્ષ મદદ કરી રહ્યા છે એનો આથી વધારે મજબુત પૂરાવો બીજો કયો હોઇ શકે?"

બીજાં દસ બાળકો આશ્રય માટે માગણી કરી રહ્યા હતાં એટલે જોને પડોશીઓની પાસે થોડી મદદની માગણી કરી. મકાનમાં એક જમવાના અને સુવાના ઓરડાની ખાસ જરૂર હતી. આ કામ માટે મજૂરોને જે રોજી આપવી પડે તે માટેના જોનના ચેક થોડા સમય પૂરતા શીકારવાનું બે મોટા શ્રીમંત વેપારીઓએ કબૂલ કર્યું. જ્યારે જોનને એને માટે પૈસા મળી રહે ત્યારે એ પાછા વેપારીઓને ભરી દે એવી ગોઠવણ કરવામાં આવી. એ વર્ષે જોને ૭૨૦૦૦ ફીટ ઇમારતી લાકડું કાપ્યું અને ૩૨૦૦૦ ફીટ લાકડું પેલા પૈસા ચૂકવવા માટે વેચી દીધું. બાકીનું લાકડું એણે મકાનના ધારેલા વધારા માટે પૂરતું હતું. જોનની સાથે ધર્મશિક્ષણ કોલેજમાં ભણતા સહાધ્યાયીઓ જેઓ મીશિગન અને ઇલિનોઇસ પરગણામાં પાદરીનું કામ કરતા હતા તેમના દેવળમાં આવનાર સ્ત્રીપુરૂષો તરફથી અને કેન્ટકીનાં કેટલાંક માણસો તરફથી થોડા નાણાં જોનને ભેટ મળ્યા. પહેલાં વર્ષની આખરે આ દંપતીના ગૃહમાં બાવીસ બાળકો હતાં અને કેટલાંયે હજુ આશ્રય માગી રહ્યાં હતાં.

બીજા કેટલાક એવા બનાવ બન્યા કે જેથી જોનની દૃઢ માન્યતા થઇ કે ઉંડી અને સાચી શ્રદ્ધા હોય તો ગમે તેવાં ભારે સંકટનો સામનો કરી શકાય છે. એમના ગૃહની પાસે ૨૦૦ એકર જમીનનું ખેતર હજાર ડોલરે તેના માલિકે વેચવા કાઢયું. પણ આટલાં બધાં નાણાં કાઢવાનું જોન માટે તો અશકય હતું—અને હજી તો મોદીનાં અને બીજા બિલ ચૂકવવાનાં બાકી હતાં. ભગવાન કોઇને કોઇ રીતે જરૂર મદદ કરશે જ એવી શ્રદ્ધાથી જોને પેલા ખેતરના માલિકની પાસે એવી દરખાસ્ત રજુ કરી કે પોતે તજવીજ કરીને પૈસા મેળવે તેટલા દિવસ આ વેચવાનું મુલતવી રાખવું, થોડા દિવસ પછી સેન્ટ લુંઇની એક બાઇ મિસિસ હૂડ જેનું નામ પણ જોને કદી સાંભળ્યું ન હતું—જે મૃત્યુ પામી હતી—પોતાની મિલકતમાંથી એક હજાર ડોલર આ ગૃહને બક્ષીસ આપવાનું લખતી ગઇ હતી. વણમાગેલી કદિ નહિ કલ્પેલી આ બક્ષીસ ખરી રીતે તો એ ખેતરની કિંમત કરતાં પણ વધારે કિંમતની નિવડી, કારણ કે જોને એ ખેતરમાંના ઝાડ કાપીને તે ઇમારતી લાકડાં વેચીને ત્રણ હજાર ડોલર ઉપજાવ્યા. બીજું એક મકાન બાંધવા જેટલું ઇમારતી લાકડું તેને મળી રહ્યું. અને પછી એ ખેતર વેચી નાંખી બીજી જમીન ખરીદી આ નવી જમીનની કિંમત અત્યારે ચાર હજાર ડોલર ગણાય છે. આ પછી એ દંપતીના ગૃહની હકીકત દેશમાં ઠેકાણે ઠેકાણે ફેલાતી ગઇ. જોન જ્યારે જ્યારે ખાસ આર્થિક મુશ્કેલીમાં આવી પડે ત્યારે જ તેને અણચિંતવી મદદ મળી રહેતી. કોઇ વખત નાણાંના રૂપમાં, કોઇ વખત મજુરી અગર મકાનની દેખરેખ રાખનાર ઇજનેરના રૂપમાં, કોઇ વખત અનાજ, શાકભાજી કે ફળના ટોપલાના રૂપમાં, પરંતુ જોને પોતે કદી પણ કોઇ પાસે એક પાઇના પણ દાનની માગણી કરી ન હતી.

અપૂર્ણ

ગટુલાલ ગો. ધ્રુ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

(૧)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર          રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૨૧

મુંબઈ: ૧ માર્ચ ૧૯૪૯ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## આદર્શ ગ્રામ વિદ્યાપીઠ : વલ્લભ વિદ્યાનગર

માત્ર ગુજરાતમાં જ નહિ પણ હિન્દભરમાં અજોડ ગણાય એવા ગ્રામજીવનની મહાન પ્રયોગશાળા સમા સંસ્કાર-કેન્દ્ર વલ્લભ વિદ્યાનગરનો શિલારોપણ વિધિ તાજેતરમાં, રાષ્ટ્રપિતાના સંસ્કાર-વારસ પં. નેહરૂએ કર્યો ત્યારે એ સંસ્થાના એક અગ્રણી સર્જક અને ધુરિણ શ્રી૦ ભાઇલાલભાઇ પટેલે વડા પ્રધાનનું સ્વાગત કરતું જે પ્રવચન કરેલું એમાં વિદ્યાનગરનો ઝીણવટભર્યો પરિચય મળતો હોવાથી અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી.

વલ્લભ વિદ્યાનગરના આંગણે આપનું સ્વાગત કરતાં હું આનંદ અને ગૌરવ અનુભવું છું. અમારા પ્રમુખ સરદાર વલ્લભભાઇ પટેલ રાજકાર્યને અંગે બીજે કશે ગૂંથાયા હોવાથી આજે આપનું સ્વાગત કરવાનું સદભાગ્ય મને પ્રાપ્ત થયું છે.

દેશના ગરીબ ખેડુતોની ઉન્નતિ કરવા ઉપર સરદાર વલ્લભભાઇ પટેલે અનેકવાર ભાર મૂકયો છે. આજે આપ જે જુઓ છો તે બધીય અમારી પ્રવૃત્તિઓની પ્રેરણા એમની આ અંતરેચ્છામાંથી જ અમને મળી છે. આપણા રાષ્ટ્ર જીવનની સર્વાંગીણ પુનર્ઘટના કરવાની કોઇ પણ યોજનામાં ગામડાંનો આર્થિક સામાજિક અને સંસ્કારિક વિકાસ સાધી શકે એવી ગ્રામોધ્ધારની યોજના તો અવશ્ય હોવી જોઇએ. વલ્લભ વિદ્યાનગર એક આદર્શ ગામ બને અને આ ચરોતર પ્રદેશમાં ગ્રામોધ્ધારને સ્પર્શતા અનેક પ્રશ્નો ઉકેલ કરતી એક મહાન પ્રયોગશાળા બને એવી અમારી આકાંક્ષા છે.

ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિમિટેડની સ્થાપના એ અમારૂં આ દિશામાં પ્રારંભનું કાર્ય છે. એ મંડળદ્વારા અમે ગામડાંની પુનઃરચના કરવા ઇચ્છીએ છીએ. આ પ્રદેશનાં ગામડાંને વોટર વર્કસ, ડ્રેઇનેજ, ઇલેકટ્રીસીટી વગેરેનો લાભ મળે એવી યોજનાઓ અમે હાથ ધરીએ છીએ. છ એક ગામોમાં તો અમે અમારી આ યોજનાઓને અમલમાં મુકવી પણ શરૂ કરી છે. આ ગામડાની માપણી થઇ ગઇ છે. યોજનાના નકશા અને અડસટ્ટા તૈયાર થઇ રહ્યા છે. સરકારની મંજુરીની જ રાહ જોવાય છે.

### જરૂરિયાતોમાં સ્વાવલંબન

નગરમાં ઇંટ અને ચુનાના અમારા પોતાના જ ભઠ્ઠા છે. બાંધકામ માટે જોઇતાં ઇંટ ચુનો અમે તેમાંથી જ ઉપજાવી લઇએ છીએ. લાકડાં વહેરવાનું કારખાનું પણ અહીં છે. ચોકઠાં, બારીબારણાં, તેમજ દરેક જાતનું ફર્નીચર પણ અમે અહીંઆ જ બનાવી લઇએ છીએ. મિજાગરાં, સ્ટોપર્સ, આંકડીઓ, ખેતીવાડીનાં ઓજારો-આ બધું પણ અમે અમારા કારખાનામાં અને ફાઉન્ડ્રીમાં બનાવી લઇએ છીએ. આ પ્રદેશના ખેડૂતોને જેની બહુ જરૂર છે તે સીમેન્ટના નળ પણ નગરની સીમેન્ટપાઇપ ફેકટરીમાં તૈયાર કરી તેમને પૂરા પાડીએ છીએ. વીસ એકર જમીનમાં પાણી આપી શકાય એટલા નળ એકજ દિવસમાં અમારા કારખાનામાં તૈયાર થાય છે. વધુ અનાજ ઉગાડવાની પ્રવૃત્તિને ઝડપી બનાવી શકાય એટલા માટે અમે એક નવીન જાતના ખાતરનો પ્રયોગ પણ કરી રહ્યા છીએ. એ ખાતર ખૂબ સસ્તું અને સરસ બને તે માટે પ્રયોગો કરીએ છીએ. કેટલીક જંતુઘ્ન દવાઓ અને બીજા ઔષધો પણ અમે ઉત્પન્ન કરી રહ્યા છીએ.

### ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ

આ અમારી પ્રવૃત્તિઓ છે. આપણા પુરાણા ગ્રામજીવનનાં બધાજ શુભ લક્ષણો આજના યુગમાં ફરીથી પ્રગટાવવાં એવી અમારી મહત્વાકાંક્ષા છે. આધુનિક વિજ્ઞાને ઉપજાવેલા સાધનનો ઉપયોગ કરીને ગ્રામજીવનને ઉંચુ લાવવા અમે યત્ન કરીશું. આધુનિક સુખ સગવડનાં બધાં સાધનો જેવાં કે, દવાખાનાં, વ્યાયામશાળાઓ, રસ્તાઓ, જાહેર બગીચાઓ, રમતગમતનાં મેદાનો ને વિશ્રાન્તિસ્થાનો પણ અહીંના રહેવાસીઓને આપવાની અમે આશા સેવીએ છીએ. ગ્રામોદ્યોગોને વધારે કાર્યક્ષમ બનાવવાને માટે, સસ્તી અને પૂરતી વીજળીશક્તિ પૂરી પાડવાની, તેમ જ એને અંગે જરૂરી યંત્રો બનાવીને લોકોને પૂરાં પાડવાની અમારી ઉમેદ છે. આમ કરવામાં ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ કરવાની જ અમારી નેમ છે. અમે માનીએ છીએ કે એથી જથ્થાબંધ ઉત્પાદન કરતી આજની વૈજ્ઞાનિક પધ્ધતિઓનાં અનિષ્ટ પરિણામો પણ નિવારી શકાશે.

### ચારૂતર વિદ્યામંડળ

આ હેતુ સિદ્ધ કરવાના અમારા પ્રયત્નોના પ્રારમ્ભમાં જ અમને લાગ્યું કે નગરમાં પ્રથમ કક્ષાની કેળવણી સંસ્થાઓ પણ હોવી જોઇએ. આ મંડળ દ્વારા ચાલતી વૈજ્ઞાનિક અને ઇજનેરી કોલેજો અમને અમારી આ પ્રવૃત્તિઓમાં ખૂબ ઉપયોગી થઇ પડશે. એટલું જ નહિ. પણ આપણા યુવાનો અને યુવતીઓને પણ એ ઘણી સુન્દર રીતે તાલીમ આપી એમના ભાવિ વિકાસમાં મહત્ત્વનો ફાળો આપશે. ચારૂતર વિદ્યામંડળ અહીંની કેળવણીની સંસ્થાઓ સંભાળે છે.. આ મંડળનો હેતુ પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણની સગવડો આપવાનો તેમજ કેળવણીનાં બધાં ક્ષેત્રોમાં ઔષધીશાસ્ત્ર અને યંત્રવિદ્યામાં પણ શિક્ષણની તેમ સંશોધનની પૂરતી સગવડો આપવાનો છે.

### વાઙમય અને વિજ્ઞાન

બે વર્ષ જેટલા ટુંકા સમયમાં પણ લાખો રૂપિયાનું જેમાં ખર્ચ થયું છે એવી અનેક ઉપયોગી પ્રવૃત્તિઓ અમે શરૂ કરી શકયા છીએ ૧૯૪૭ ના જુનથી શરૂ થયેલા વિઠ્ઠલભાઇ પટેલ મહાવિદ્યાલયમાં વિજ્ઞાન અને વાઙમયના એમ. એ. અને એમ. એસ. સી. સુધીના વર્ગો શરૂ થયા છે. આજે એમાં ૭૦૦ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. સીવીલ, મીકેનીકલ અને ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગનું શિક્ષણ આપવાને ૧૯૩૮ ના જુનથી શરૂ કરેલું બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ડીગ્રી તેમજ ડીપ્લોમાના અભ્યાસક્રમોનું શિક્ષણ આપે છે. આજે ઇજનેરી કોલેજના પ્રથમ વર્ષમાં ૨૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. એનું મકાન ૧૫૦૦ વિદ્યાર્થીઓનો

સમાવેશ કરવાનું ધ્યાનમાં રાખીને જ બાંધવામાં આવ્યું છે. શ્રી ઘનશ્યામદાસજી બિરલાએ તથા બિરલા એજ્યુકેશન ટ્રસ્ટે, આ વિશ્વકર્મા મહાવિદ્યાલયના મકાન માટે તેમજ તેની સાધનસામગ્રી માટે પચીસ લાખ રૂપિયા ખર્ચ્યા છે તેને માટે અમે તેમના આભારી છીએ. ફાર્મસી કોલેજ, કોમર્સ કોલેજ તેમજ મેડીકલ કોલેજ પણ અહીંઆ સ્થાપવાનો અમે વિચાર કર્યો છે. અમારી જ પાડોશમાં સરદારશ્રીની દોરવણીથી ચાલતી કૃષિગોવિદ્યાભવનની સંસ્થા એક ખેતીવાડીની કોલેજ ચલાવે છે અને પ્રાણીયોગશાસ્ત્ર તેમ જ વનવિજ્ઞાનનાં મહાવિદ્યાલયો થોડા જ સમયમાં શરૂ કરવાની આશા રાખે છે.

### આદર્શ ગ્રામવિદ્યાપીઠ

આમ આણંદ ઘણી જ ત્વરિત ગતિએ મહત્ત્વનું કેળવણીનું ધામ બનતું જાય છે. આજે અમારા મહાવિદ્યાલયોના ઘણાખરા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ અહીં જ વસવાટ કરે છે. સરદાર વલ્લભભાઇ પટેલ, લોર્ડ અને લેડી માઉન્ટબેટન અને સુજ્ઞ કેળવણીકારોના આશીર્વાદથી અમારૂં મંડળ એક શિક્ષણ આપતું વસતિગૃહયુક્ત વિદ્યાપીઠ સ્થાપવા માંગે છે. તક્ષશિલા અને નાલંદાનાં વિદ્યાપીઠોનાં આ જમાનાને અનુકુળ સંગીન અને ઉદાત્ત ધોરણો પર એ વિદ્યાપીઠની રચના અમે કરીશું. વળી ઓકસફર્ડ અને કેમ્બ્રીજની વિદ્યાપીઠોના અદ્યતન અંગોમાંથી પણ આજના યુગને અનુકુળ અને સ્વતંત્ર ભારતના આત્માને પથ્ય એવા અંશોને પણ આ વિદ્યાપીઠના ઘડતરમાં અમે સ્વીકારીશું. વલ્લભ–વિદ્યાનગરનું આ વિદ્યાપીઠ સહકાર અને સ્વાશ્રયના સિદ્ધાંતો પર રચાયેલું એક આદર્શ ગ્રામવિદ્યાપીઠ બનશે. અમારી આ સંસ્થાઓનો મૂળ હેતુ તો ગ્રામ–જીવનને સંસ્કૃત કરવાનો, અને હજી એ ગામડામાં જીવંત છે એવા ભારતીય સંસ્કાર અને પ્રણાલીઓનો પુનરૂદ્ધાર કરવાનો છે. બીજી રીતે કહીએ તો શાંતિપ્રિય, સંતુષ્ટ અને સમૃદ્ધ હિન્દની ગ્રામસંસ્કૃતિનું પૂજ્ય બાપુજીનું સ્વપ્ન, અમારા નમ્ર પ્રયાસોથી, સાક્ષાત્કાર કરવાનો અમે પ્રયત્ન કરીએ છીએ.

### વિદ્યાપીઠનું નગર

આદર્શોની સિદ્ધિ માટેના અમારા આ પ્રયાસોમાં આ પ્રદેશના લોકો દિલના ઉમળકાથી સહકાર આપે છે, એનું એકજ જવલંત ઉદાહરણ આ છે, એમની આજીવિકાનું એક માત્ર સાધન ગણાય એવી એમની જમીનમાંથી ૬૦૦ એકર જેટલી જમીન મોકળા મનથી એમણે અમને આપી દીધી છે. આ સ્થળની પસંદગી કરવાના કારણનો અહીં નિર્દેશ કરવો યોગ્ય ધારીએ છીએ. સ્વ૦ વીઠ્ઠલભાઇ પટેલ અને સરદારશ્રી વલ્લભભાઇ પટેલની જન્મભૂમિ કરમસદ હોવાથી આ પ્રવૃત્તિઓ માટે અમે તેમની ચરણરજથી પવિત્ર થયેલી આ ભૂમિને અમારા કાર્યક્ષેત્ર તરીકે પસંદ કરી છે. આ સ્થળે વલ્લભ વિદ્યાનગર નામના અદ્યતન ગ્રામની રચના કરવાની છે, અને એ નગર વિદ્યાપીઠનું નગર બની રહે એવી અમારી નેમ છે. કેમકે તે દ્વારા જ અમારા આ બધા આદર્શોની સિદ્ધ પ્રાપ્ત કરવાની આશા અમે સેવીએ છીએ.

અમે તો માનીએ છીએ કે સમસ્ત સંસારમાં વ્યાપી રહેલી અરાજકતાને ટાળવાનો સૌથી ઉત્તમ અને એક માત્ર ઉપાય પૂજ્ય મહાત્માજીએ નિર્દેશેલો રચનાત્મક કાર્યક્રમ છે. અહીંઆ જ દીન, અજ્ઞાન, ભલાભોળા ગ્રામજનોને તેમ જ કાર્યકરોની ઊગતી પેઢીને ખાસ રચનાત્મક કાર્યક્રમના લાભ કેમ મેળવી શકાય છે તે અમે શીખવીશું.

### એકતાની પ્રતિષ્ઠા માટે

આવી રીતે વલ્લભવિદ્યાનગર વિદ્યાનું ધામ બને, શુભ અને નિર્દોષ જીવન જીવતાં શીખવે એવું ઉદાત શિક્ષણનું કેન્દ્ર બને, વિશ્વવાત્સલ્યની ભાવનાથી એ પ્રાણિત થઇ ઉઠે ને એની સૌરભ સમસ્ત વિશ્વમાં પ્રસરે એ દિવસો જોવાને અમે ઉત્કંઠા રાખીએ છીએ. અને અમને તો આશા છે જ કે વલ્લભવિદ્યાનગર આ મહદ્ કાર્ય કરીને, આપણા ભારત વર્ષમાં પ્રવર્તમાન પરસ્પરવિરોધી વિચારસરણીઓમાંથી પરમ એકતાની પ્રતિષ્ઠા કરશે.

આપના વરદ્ હસ્તે આવા નગરનું શિલારોપણ થવાનું છે એ અમારૂં મોટું સુભાગ્ય છે. મારા સહયોગીઓ અને વલ્લભ વિદ્યાનગરનાં અન્ય કાર્યકરોવતી હું આપને પુનઃ ઉમળકાભર્યો આવકાર આપું છું અને વલ્લભ વિદ્યાનગરનું શિલારોપણ કરવાને વિનંતિ કરૂં છું.

## કેટલાક સમાચાર અને નોંધ

### અહિંસક જૈનોનું કર્તવ્ય

ડૉ. રાજેન્દ્રપ્રસાદે 'જૈન જગત્', દ્વારા જૈન સમાજને તા. ૨૪–૧–૪૯ ના રોજ નીચે મુજબ સંદેશ આપ્યો છેઃ—

"જૈન ધર્મે સંસારને અહિંસાની દીક્ષા આપી છે. અહિંસાને જૈન ધર્મે ત્યાં સુધી પહોંચાડી કે મનુષ્યને જીવનમાં કીટ પતંગ સુધીની રક્ષા કરવાની તેણે આજ્ઞા આપી, એટલું જ નહિ પણ કીટાણુને પણ બચાવવાનો આદેશ આપ્યો. વનસ્પતિમાં પણ જીવન છે તેથી તેની હિંસાની પણ ઘણા અંશમાં મના કરી. કોઇ બીજા ધર્મમાં અહિંસાની મર્યાદા આટલે સુધીની કલ્પવામાં આવી નથી. આજે સંસારને અહિંસાની આવશ્યકતા તીવ્રપણે પ્રતીત થઇ રહી છે, કારણ કે તેણે હિંસાના નગ્ન તાંડવને નજરે નિહાળ્યું છે અને આજે લોકોને ડર લાગવા માંડયો છે કે જો વળી ફરીથી યુધ્ધ ફાટી નીકળ્યું તો તો સર્વનાશ જ થવાનો. કારણ કે હિંસાનાં સાધનો આજે એટલા બધા પ્રમાણમાં વધી રહ્યાં છે અને એટલા ઉગ્ર બની રહ્યાં છે કે યુધ્ધમાં કોઇ જીતે યા હારે એ બાબત આજે એટલા મહત્વની રહી નથી જેટલું મહત્વ કોઇ કોઇ પણ દેશ યા જાતિના લોકો કેવળ અસહાય બની બેસે એટલું જ નહી પણ જીવનની સામાન્ય જરૂરિયાતોથી પણ વંચિત થઇ જાય એવા અનિવાર્ય પરિણામનું લેખવામાં આવે છે. આમ હોવાથી એ અત્યન્ત આવશ્યક બન્યું છે કે જે ભાવના અને ભય આજે હિંસા અથવા યુદ્ધ સંબંધમાં સેવાઇ રહેલ છે તેનો લાભ ઉઠાવીને અહિંસાની વૃત્તિ જાગૃત કરવામાં આવે અને જે કારણોથી યુદ્ધ ઉપસ્થિત થાય છે તે કારણો દૂર કરવામાં આવે. જેઓ અહિંસાનો મર્મ સમજ્યા છે તેઓ આ અંધકારમાંથી કોઇને કોઇ રસ્તો કાઢી શકે છે. આમ હોવાથી જૈનોનું આજે મનુષ્ય માત્ર પ્રતિ સર્વથી મહાન કર્તવ્ય એ છે કે તેઓ આ બાબત ઉપર ધ્યાન આપે અને કોઈ રસ્તો શોધી કાઢે. આજે કીટાણુઓ અને કીટ પતંગોની રક્ષા કરતાં મનુષ્યોની રક્ષા અધિક મહત્વ ધરાવે છે, અને આપણી એ જ અપેક્ષા છે કે તેઓ આ પ્રકારની સંકુચિત વર્તુળમાંથી નીકળીને મનુષ્યને બચાવવાના અને સુખી બનાવવાના કાર્યમાં પોતાની શક્તિ વાપરે."

હિંદુ સમાજમાં પોતે અન્તર્ગત છે કે તેથી અલગ છે એ અને એવા અન્ય મામુલી વિચાર વમળમાં ઘુમરીઓ ખાતો જૈન સમાજ પોતાની આ વિશિષ્ટ જવાબદારી સમજે તો કેવું સારૂં? જૈન સમાજને આજે પોતાનું અસ્તિત્વ ટકાવવાની ચિન્તા પડી અને આમ થશે કે તેમ થશે તો પોતાનું અસ્તિત્વ નાબુદ થઇ જશે એવો તેના દિલમાં ભય પેઠો છે. જે અહિંસાની ભાવના અને આદર્શનું નિર્જીવ ખોખું પોતાને વારસામાં મળેલ છે તેને આજનો જૈન સમાજ સજીવ બનાવે, ક્રિયમાણ બનાવે, પોતાના વ્યક્તિગત તેમજ સામાજિક જીવનને અહિંસાના સાચા રંગથી રંગે તો તેનું અસ્તિત્વ સદા સુરક્ષિત છે એટલું જ નહિ પણ આજની વ્યથાવ્યાકુલ બનેલી જનતાને તેના અસ્તિત્વની અણમોલી ઉપયોગીતા છે. જે પ્રાણવાન છે, આદર્શપરાયણ છે તેનો કદિ કોઇ ઇનકાર કરી શકેલ નથી, કરી શકે તેમ નથી. બાબુ રાજેન્દ્રપ્રસાદના ઉપરના સંદેશને જૈન સમાજ અન્તરમાં ઉતારે, સાચી અહિંસાનો સાક્ષાત્કાર પોતે કરે અને જગતને કરાવે એ જ પ્રાર્થના!"

## જ્ઞાતિમંડળોનો કર્તવ્યપ્રદેશ:
### એક ક્રાન્તિકારી વિચારણા

થોડા દિવસ પહેલાં હું કાકાસાહેબ કાલેલકરને મળવા ગયો હતો ત્યારે કેટલીક ચર્ચાના અનુસંધાનમાં મુંબઇમાં કેટલાંક વર્ષોથી કાર્ય કરી રહેલ ભાટીયા સ્ત્રીમંડળને અનુલક્ષીને તેમણે લખેલી એક નોંધ મને વાંચવા આપી. આજે જ્યારે એક બાજુ પોતપોતાની કોમને, વર્ગને અને સંપ્રદાયને સંગઠિત કરવાનો અને કોમી સંસ્થાના હિતોને સુરક્ષિત કરવાનો પ્રયત્ન જોસભેર ચાલી રહ્યો છે અને બીજી બાજુએ કોમોના અને સંપ્રદાયોના ભેદો બને તેટલી ત્વરાથી વિસર્જિત કરીને હિંદને એક, અખંડ અને બીનકોમી રાષ્ટ્ર બનાવવાનું આંદોલન જોસભેર ફેલાઇ રહ્યું છે અને અવનવા કાયદાકાનુન જન્માવી રહેલ છે ત્યારે દેશનું ભાવી કઇ દિશા તરફ ગતિ કરી રહેલ છે તેનું જાણે કે કાંઇ સૂચન-માર્ગદર્શન-આપી રહેલ હોય એવી એ નોંધ નીચે મુજબ છે:—

"હિંદુસ્તાનમાં જ્ઞાતિઓનું સંગઠન હજી જીવતું છે. ઘણી સત્પ્રવૃત્તિઓ જ્ઞાતિ સંસ્થા મારફતે થાય, એમાં યુગધર્મનો દ્રોહ ન થાય, સંકુચિતતા અને સ્વાર્થ ન આવે, એટલા માટે વખતોવખત જ્ઞાતિઓ મારફતે થતી પ્રવૃત્તિ પાછળનો હેતુ આપણે તપાસવો જોઇએ.

આપણા સમાજમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ માટે-સ્ત્રી જાતીની સેવા માટે-નોખી સંસ્થા હોય એમાં કશું અજુગતું નથી. પુરૂષોની સંસ્થા ફક્ત પુરૂષોની જ સેવાનો વિચાર કરે તો તે નિંદ્ય છે. સ્ત્રીઓની સંસ્થા સ્ત્રીઓની જ સેવા કરે તો આજની સ્થિતિમાં એ વાંધાભરેલું નથી, જો કે એમાં પણ સ્ત્રીઓ સાથે બાળકોને તો સેવા જ જોઇએ.

દાખલા તરીકે ભાટીયા સ્ત્રી મંડળ કેવળ ભાટીયા સ્ત્રીઓની જ સેવા કરે એ બરાબર નથી. આજે એ મંડળ બીજી હિંદુ જ્ઞાતિની સ્ત્રીઓ માટે થોડું ઘણું કરવા તૈયાર છે એ ખરૂં, પણ સેવા ફક્ત હિંદુ સ્ત્રીઓની જ થાય એ બરાબર નથી લાગતું. હિંદુસ્તાનના ભાગલા પડયા પછી આપણે એટલો તો બોધ લેવો જ જોઇએ કે હિંદુસ્તાનમાં વસતી હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી વગેરે તમામ જાતિઓની સ્ત્રીઓની સેવા, કશા ભેદભાવ વગર, કરવાની મનની તૈયારી હવે આપણે રાખવી જોઇએ ભાટીયા સ્ત્રી મંડળનું ભાટીયાપણું એટલું જ હોવું જોઇએ કે પૈસા ભેગા કરવાનું કામ ભાટીયા કોમની અંદર થાય અને સેવા કરનારા નિઃસ્વાર્થ સેવકો અને સેવિકાઓ પણ મોટે ભાગે ભાટીયા કોમમાંથી પસંદ કરવામાં આવે. પણ સેવા કરવાની છે તમામ માણસ જાતની, સેવા માટે પાત્ર શોધવામાં પોતાનાં અને પરાયાં એવો ભેદ ન હોવો જોઇએ.

કેટલાક વરસ પહેલાં કોમી સંસ્થાઓને અને કોમી ફંડોને હું કહેતો હતો કે હિંદુ શાસ્ત્ર પ્રમાણે તમારી આવકમાંથી ૨૦ ટકા પૈસા તો કોમ બહારના લોકોના અને ખાસ કરીને હરિજનોનાં હિતમાં ખર્ચાવવા જ જોઇએ. આજે મને ૨૦ ટકાથી સંતોષ નહિ થાય. આપણે ન્યાતજાતનો ભેદ જ મીટાડવા માંગીએ છીએ. રોટીબેટી વ્યવહારના ન્યાત પરત્વેનાં બંધનો હવે કાઢી નાખવા જોઇએ. સમાજહિતનો વિચાર કરનારા અને સમાજ ઉપર ઝઝૂમતા સંકટને પારખનારા લોકોનું કર્તવ્ય છે કે યુગધર્મ શું માંગે છે તે લોકોને તેઓ વગર સંકોચે સાફ સાફ કહી દે.

ભાટીયા સ્ત્રીમંડળે પોતાને માટે કેસરીયાનો આદર્શ રાખ્યો છે. આપણે માનતા હતા કે રજપૂત યુગના કેસરીયાના આદર્શના દિવસો જૂના થયા, પણ પંજાબ અને બંગાળની પાકિસ્તાની પ્રવૃત્તિએ આપણને બતાવી દીધું છે કે આજે પણ રાજપૂત ઢબના કેસરીયા બહેનોને કરવા પડયા છે. પણ આપણે આશા રાખીએ કે કોમી વિખવાદનું આ ગાંડપણ લાંબા વખત સુધી નહિ ટકે, અને ટકે તો પણ સ્ત્રીઓ પર અત્યાચાર કરવા જેટલી અમાનુષી હદ સુધી નહિ જાય.

પણ કેસરીયા ધર્મ વ્યાપક છે. તેનું પાલન હંમેશા કરવાનું હોય છે. પોતાનો તલમાત્ર સ્વાર્થ જ્યાં નથી, અને જ્યાં કીર્તિની છુપી વાસના પણ નથી, એવી સેવા કેસરીયા ધર્મમાં આવી જાય છે. જ્યાં અન્યાય થતો હોય, દીન અને અનાથ લોકો હડધૂત થતા હોય ત્યાં સમાજની સામે થઇને પણ, દીનોના રક્ષણાર્થે દોડવું, એમનું ઉપરાણું લેવું, અને એવા લોકો સ્વમાનભેર માથું ઉંચું કરી શકે એવી વ્યવસ્થા સમાજમાં સ્થાપન કરવી એ મુખ્ય કેસરીયા ધર્મ છે. પોતાનાંની સેવા કરવી એ તો અંતે વ્યાપક સ્વાર્થ જ છે. જે પરાયા ગણાયા છે તેમને પોતાનાં બનાવવા માટે જેહમત ઉઠાવીએ ત્યારે જ કેસરીયા રંગ અને કેસરીયા આદર્શ દીપી ઉઠે છે."

## પૂર્ણતા એટલે કેવી સ્થિતિ?

'ધર્મોદય-ધર્માનુભવની સ્મરણયાત્રા' એ મથાળાથી કાકા સાહેબ કાલેલકર 'સંસ્કૃતિ' માસિકમાં એક લેખમાળા પ્રગટ કરી રહ્યા છે. આ લેખમાળામાં જેને આપણે પરંપરાથી ધર્મના નામે ઓળખીએ છીએ એ ધર્મના તેમના ઉપર બાળપણથી કેવા સંસ્કારો પડતા ગયા અને એ રીતે તેમનામાં ધાર્મિકતાનો-ધર્મવૃત્તિનો-કેવી રીતે વિકાસ થતો ગયો એનો ક્રમશઃ ઇતિહાસ તેઓ આપી રહ્યા છે. એ લેખમાળાના ૨૧ મા લેખમાં તેઓ 'પૂર્ણતા' એટલે કેવી સ્થિતિ એ સનાતન પ્રશ્નની ચર્ચા કરતાં એક મૌલિક વિચારસરણિ પ્રગટ કરે છે અને પૂર્ણતા સંબંધમાં એક નવી જ દૃષ્ટિ રજુ કરે છે. તત્વચિન્તક જિજ્ઞાસુઓને ઉપયોગી એવી એ વિચારણા નીચે મુજબ છે:—

"આમ લાંબે ચાલ્યા પછી એક ભારે ક્રાન્તિકારી પરિવર્તન મારી શ્રદ્ધામાં જ થવા લાગ્યું. પહેલાં કલ્પના હતી કે પૂર્ણતા એ એક નિશ્ચિત સ્થિતિ છે. એ સ્થિતિએ પહોંચ્યા પછી પરિવર્તન કરવાપણું રહે નહિ. અમુક કોટિએ પહોંચ્યાં એટલે ગંગ નાહ્યા. હવે કરવાપણું કે થવાપણું બાકી કશું ન હોય. ફક્ત હોવાપણું આપણે ભાગે આવી જવાનું. એ કલ્પનાને એકાએક ધક્કો પહોંચ્યો. સ્થિર પૂર્ણતાને અન્તે મૃત પૂર્ણતા તો નહિ હોય? એવી શંકા મનમાં ઉદ્‌ભવી. એ શંકાએ જીવનમાં કેવા કેવા ફેરફારો કર્યા તે હવે પછી જોવાનું છે.

સાધના જો ગતિ હોય તો સિદ્ધિ એ સ્થિતિ હોવી જોઇએ એવો ખ્યાલ વિચારક્ષેત્રમાં એટલો તો દૃઢ હતો કે પૂર્ણત્વ સુધી પહોંચ્યા પછી કેવળ સ્થિરતા જ અનુભવવાની હોય છે એમ લાગ્યા કરતું હતું. અવાજને અન્તે જેમ મૌન અથવા નિરવતા સ્થપાય છે તેમ જ પ્રયત્નને અન્તે જે શાન્તિ સ્થપાય છે તે નિષ્ક્રિય હોવી જોઇએ એમ લાગતું.

આગળ જતા મનમાં શંકા ઉઠી કે શાન્તિ અને મૂર્તિમાં પછી ભેદ શો? ધ્યાનને અન્તે જે વિરામ આવે છે એ શું કેવળ શિથિલતા જ છે? એક જણે સુખની વ્યાખ્યા કરી છે કે દુઃખ ભોગવ્યા પછી દુઃખનો અંત થવાથી જે આલસ્ય અનુભવાય છે તે જ સુખ-सुखं दुःखान्तम् आलस्यम्। ત્યારે શું પૂર્ણતાં એ પણ એક જાતનું આલસ્ય જ છે?

સાધનામાં જે પ્રક્રિયા હોય છે તે કરવી પડે છે. એની પાછળ એક જાતની બાધ્યતા છે. સિદ્ધિ પછી પ્રક્રિયા રહે છે, પણ બાધ્યતા નીકળી જાય છે, પણ કેવળ આનંદ તરીકે, સ્વાત્માનુભવ તરીકે, પરિપૂર્ણતાની સુવાસ તરીકે પ્રક્રિયા તો ચાલવાની જ.

લોઢાનો ગોળો જ્યારે ગરમ કરાય છે ત્યારે એ કાંઇ દોડવા નથી માંડતો. છે ત્યાં ને ત્યાં જ રહે છે. પણ એની અંદરના એકેએક પરમાણુ નાચવા માંડે છે. પૂર્ણતામાં બાહ્ય દૃષ્ટિએ નિષ્ક્રિયતા

ભલે દેખાય અને આન્તરિક દૃષ્ટિએ કશું બંધન ભલે ન રહે, પણ એમાં આત્માનુભૂતિ જાગૃત રહે છે, એટલું જ નહિ પણ તે વર્ધમાન પણ હોય છે.

જ્યારે આપણે કોઇ ભીંત ચણીએ છીએ ત્યારે એક ઇંટ ઉપર બીજી ઇંટ બેસાડી દઇએ છીએ. છેલ્લી ઇંટ બેસે નહિ ત્યાં સુધી એ ભીંત અપૂર્ણ જ હોય છે. અપૂર્ણતા ઓછી કરતાં કરતાં આપણે પૂર્ણતા તરફ જઇએ છીએ. હવે જ્યારે કલી ખીલીને ફુલ થાય છે ત્યારે એમાં કોઇ પણ ક્ષણે અને કોઇ પણ તબક્કે અપૂર્ણતા હોતી જ નથી. કળી પણ સંપૂર્ણ છે, અધખીલ્યું ફુલ પણ સંપૂર્ણ છે, અને પૂર્ણવિકસિત ફુલ પણ સંપૂર્ણ છે. એવી જ રીતે આ વિશ્વમાં બધે પૂર્ણતા ભરેલી છે. એ પૂર્ણતાનો જ વિકાસ થતો જાય છે. અપૂર્ણતા જાણે ક્યાંય હતી જ નહિ આ છે સર્વેશ્વરની લીલા; જ્યાં થોભવાપણું છે એવી પૂર્ણતા અને જ્યાં અસ્વસ્થ થવાપણું છે એવી અપૂર્ણતા જ્ઞાની પુરુષના જગતમાં હોતી જ નથી.

જ્યાં સુધી અપૂર્ણતાનું ભાન છે, પૂર્ણતાનો સાક્ષાત્કાર થયો નથી, ત્યાં સુધી માણસને માટે સાધના છે. એ સાધના કયારે પુરી થઇ છે કે થાય છે એ તો કહેવાય નહિ. પરિશ્રમ કર્યો અને ઉપભોગ કર્યો એની ખબર જ ન પડે એવું પરિવર્તન થઇ ગયા પછી માણસને એક સમાધાન મળે છે કે હવે આપણે ઉન્નતિના પ્રવાહમાં પડયા છીએ, સુરક્ષિત છીએ. હવે ઉતાવળ કે શિથિલતા બન્નેને સ્થાન નથી.

સાધનાની આ દશા જો કાચી હોય તો ખતરનાક છે, કેમકે એમાં ઉતાવળ અને શિથિલતા વારાફરતી આવવાનાં જ. યથાક્રમે પરિપકવ દશામાં જ્યારે લીલાની ભૂમિકા કેળવાય છે ત્યારે ઓછામાં ઓછા પ્રયત્ને વધુમાં વધુ પ્રગતિ થાય છે. અને છતાં આન્તરિક સમાધાનના કારણે એ પ્રગતિનું વધારે પડતું ભાન પ્રસન્નતાને નષ્ટ કરતું નથી.”

આ વિચારણાની ચર્ચા કરવાનો મારો અધિકાર નથી, પૂર્ણતાની રૂઢ કલ્પના કરતાં આ તદ્દન જુદા પ્રકારની કલ્પના છે. આ કલ્પનાને યથાર્થ રીતે સમજીએ અને આપણા પોતાના ધર્માનુભવ સાથે તેનો મેળ મેળવીએ—એજ હેતુ આ અવતરણ પાછળ રહેલો છે.

## આજે આપણે ક્યાં છીએ ?

### અને ક્યાં જઇ રહ્યા છીએ ?

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન આજના યુગના એક બહુમાન્ય દૃષ્ટા છે. આજથી લગભગ અઢી માસ પહેલાં ઉત્કલ યુનીવર્સીટીના પદવીદાન સમારંભ પ્રસંગે પ્રવચન કરતાં આપણા દેશની વર્તમાન પરિસ્થિતિ પરત્વે તેમણે એક બહુ દર્દ ભર્યું વિવેચન કર્યું હતું. એમાંનો નીચેનો ભાગ આપણા અદ્યતન નૈતિક હ્રાસનું આબેહુબ વર્ણન કરે છે:—

“લાખો નિર્વાસિતોને ફેર વસાવવાનું તથા ઠેકાણે પાડવાનું અને હિન્દનાં બધાં દેશી રાજ્યોને હિંદના રાજકીય ચોગઠામાં ગોઠવી દેવાનું, એ ગંજાવર કામ છેલ્લા પંદર માસમાં આપણા નેતાઓની સમક્ષ આવી પડયું હતું. સામાજિક અને આર્થિક કૂટ પ્રશ્નોના ઉકેલમાં તેમને એવાં યુવાનો અને યુવતીઓની સહાયની જરૂર પડે છે કે જેઓમાં ઉત્સાહ હોય, કાર્ય માટેની ઉત્સુકતા હોય અને સંપૂર્ણ બુદ્ધિકુશળતા હોય. આજે એ નેતાઓ કડવા શબ્દોમાં ફરિયાદ કરી રહ્યા છે કે એક છેડાથી બીજા છેડા સુધી મોટા પ્રમાણમાં લાંચની બદી પેસી ગઇ છે, રાજ્યવહીવટી કાર્યક્ષમતાનું ધોરણ ઉતરી જવા પામ્યું છે અને વહીવટી કાર્યમાં ધારાસભ્યો દખલ કરી રહ્યા છે. સરકારી નોકરીમાં એક ઉમેદવારની યોગ્યતા ઉપર ધ્યાન અપાતું નથી, પણ ખાનગી કે પક્ષીય હિતની દૃષ્ટિએ નિમણુકો થાય છે એ પદ્ધતિ તરફ પણ તેઓ તિરસ્કાર વ્યકત કરી રહ્યા છે. આપણી આઝાદી જ જાણે ઉન્મત્ત અને વિષમધારણ બની ગઇ લાગે છે. આપણા વિજયે આપણી નિષ્ફળતા કરતાં પણ વધુ નિર્બળતાને ખુલ્લી કરી છે. આપણો દેશ આજે કસોટીની ધારે ચડયો છે અને જે મહાન ગુણોએ આપણને આઝાદી મેળવી આપી છે તે ગુણોને, આઝાદીને જો દૃઢમૂલ બનાવવી હોય તો, ખીલવવા જોઇએ.

બર્મા અને મલાયા જેવા આપણા પડોશના દેશોમાં જે બનાવો બની રહ્યા છે તે આપણે માટે ખાસ ચેતવણી રૂપ લેખાવા જોઇએ. સામ્યવાદનું આકર્ષણ એ માર્કસના સિદ્ધાંતની અંદર રહેલી ગુણવત્તાને લીધે નથી, પરંતુ આપણી સમાજવ્યવસ્થાની મૂળભૂત ખામીઓ છે જેને લીધે લોકો સામ્યવાદ તરફ આકર્ષાય છે. ગરીબાઇ અને ભૂખ એ જંગલી વર્ગદ્વેષછાના ઉછેર માટેની ફળદ્રુપ ભૂમિ છે. ભય અંદરથી આવી રહેલો છે. જો આપણો સમાજ રોગિષ્ઠ હોય, જો આપણો જુવાન વર્ગ નિર્માલ્ય હોય, જો સમાજવ્યવસ્થામાં અપકાર્યો અને અન્યાયો રહેલા હોય અને તેમાં સુધારો કરવામાં આવે નહિ, જો આપણે બદીઓ તરફ આંખમીંચામણાં કરીએ અને એવી બદીઓ મોટા માણસોમાં છે માટે તે ચલાવી લઇએ, જો આપણે લોકશાહીનું સંરક્ષણ કરવા માટે નબળા હોઇએ, તો જનતા નિરાશાથી ઘેરાઇ જાય અને નવા સિદ્ધાન્તોમાં બચાવ શોધવા લલચાય તે માટે આપણે ફરિયાદ કરી શકીએ નહિ.

જરૂરી માલની સામાનની તંગી, મોંઘવારી, નફાખોરી અટકાવવામાં સરકારને મળતી નિષ્ફળતા, ફુગાવાને અંકુશમાં લાવવો, એ બધાથી જનતામાં અસંતોષ વધે છે અને સત્તાના બંધ ઢીલા પડે છે. આપણે અંધાધુંધી તરફ ઘસડાઇ જઇએ તો તેનું કારણ એ નહિ હોય કે આપણે ઘસડાવા ઇચ્છતા હતા, પરન્તુ આપણી નબળાઇ અને નિષ્ક્રિયતાને લીધે જ આપણે ઘસડાઇશું. રસ્તો કઠણ છે, ખડબચડો છે અને ઉંચાણ પડતો છે. ખોટા માયાવી દેખાવો ઊભા કરવાની કે આંખો મીંચીને ખોટાં વચનો આપ્યા કરવાની કશી જરૂર નથી. તોપણ આપણે સમજી લેવું જોઇએ કે આ વખત ખોટી આશાઓ બાંધી બેસવાનો કે નબળાઇ બતાવવાનો નથી. આપણે મજબૂત અને હિંમતવાન થવાની જરૂર છે. સામ્યવાદ ઉપર આક્રમણ કરવાનો એકલ માર્ગ જનતામાં થાક અને હદપારની નિરાશા દૂર કરવાનો છે, કારણ કે એના ઉપર જ સામ્યવાદ ઉછરી રહ્યો છે. તે સાથે ભય કે પક્ષપાત વિના કાળાં બજાર અને નફાખોરીને દાબી દઇને સમાજના નૈતિક હિતોનું સંરક્ષણ કરવું જોઇએ.”

પરમાનંદ

# જૈનો અને હિંદુઓ

કેટલાક સમયથી, જૈન સમાજનો હિંદુ સમાજ સાથે કયા પ્રકારનો સંબંધ છે તે પ્રશ્ન જૈન સમાજમાં ખુબ આવેશપૂર્વક ચર્ચાઇ રહ્યો હતો; પણ મુંબઇની ધારાસભા સમક્ષ રજુ કરવામાં આવેલું શ્રી ફુલસિંહજી ડાભીનું ‘જ્ઞાતિભેદ નિવારક બીલ’ પાછું ખેંચી લેવાતાં આ પ્રશ્ન વિષેની ગરમી હાલ ઓછી થઇ છે અને જૈન સમાજનો મોટો ભાગ રાહત અનુભવી રહ્યો છે. આમ છતાં પણ આ પ્રશ્ન તો ઉભો જ છે અને હિંદુ સમાજને લાગુ પડતા કોઇ પણ નવા કાયદાકાનુન પ્રસંગે આ પ્રશ્ન જૈન સમાજ સમક્ષ આવીને ઉભો રહેવાનો છે અને તેથી આ બાબતને પરત્વે સ્પષ્ટતા થવાની આવશ્યકતા તો છે જ. આ પ્રશ્ન ઉપરનાં મારાં મન્તવ્યો નીચે મુજબ છે.

હિંદુ અને જૈનના પરસ્પર સંબંધ કે અલગપણા સંબંધમાં આ પ્રમાણેનાં ભિન્ન ભિન્ન અભિપ્રાયો રજુ કરવામાં આવ્યાં છે. કોઇના અભિપ્રાય પ્રમાણે હિંદુ સમાજ અને હિંદુ ધર્મ ઉભયથી જૈન સમાજ અને જૈન ધર્મ તદ્દન અલગ છે. અન્યના અભિપ્રાય મુજબ હિંદુ સમાજમાં જૈન સમાજ અન્તર્ગત છે, પણ હિંદુ ધર્મથી જૈન ધર્મ કેવળ અલગ અને સ્વતંત્ર છે. વળી બીજા કેટલાક એવો અભિપ્રાય ધરાવે છે કે હિંદુ એ કેવળ જાતિસૂચક નામ છે અને એ જાતિની પેટા જાતિ તરીકે જૈન સમાજ છે પણ હિંદુ ધર્મ એવી કોઇ વસ્તુ જ નથી. એક બે ઠેકાણે મેં એમ પણ વાંચ્યું છે કે હિંદમાં સ્થાયીપણે રહે તે હિંદુ અને એ રીતે હિંદુ શબ્દમાં હિંદુ મુસલમાન પારસી વગેરે સૌ કોઇનો સમાવેશ થાય છે. જૈનો તો આ રીતે હિંદુમાં આવી જ

જાય છે. મારા અભિપ્રાય મુજબ હિંદુ સમાજ એક વિશાળ સમાજ છે જેના પેટા વિભાગમાં જૈન સમાજનો સમાવેશ થાય છે, અને હિંદુધર્મ એક વિશાળ ધર્મ છે જેમાંનો એક ધર્મ-પ્રવાહ યા તો સંપ્રદાય જૈન ધર્મ યા તો જૈન સંપ્રદાયના નામે ઓળખાય છે. આ મારા મન્તવ્યનાં કારણો નીચે મુજબ છે.

મુસલમાનોનું હિંદમાં આગમન અને હિંદ ઉપરનું આક્રમણ ઇ. સ. ૧૦૦૦ આસપાસ શરૂ થયું અને તેઓ સિંધ અને વાયવ્ય પ્રાન્તની બાજુએથી સિંધુ નદીને ઓળંગીને હિંદમાં આવ્યા. તે વખતના હિંદને તેની વાયવ્ય દિશાના અન્ય પ્રદેશોથી જુદી પાડતી સિંધુ નદીને હિંદની સરહદ લેખવામાં આવી અને સિંધુ નદીની આ બાજુ વસતા સર્વ લોકોને આગન્તુક મુસલમાનો હિંદુ તરીકે ઓળખવા લાગ્યા અને પરિણામે સિંધુની આ બાજુ વસતા લોકોની સર્વ સંસ્કૃતિ હિંદુ સંસ્કૃતિના નામે અને એ લોકોનો સમુચ્ચય ધર્મ હિંદુ ધર્મના નામે ઓળખાવા લાગ્યો. અને આપણે પણ આપણી જાત, સંસ્કૃતિ અને ધર્મને હિંદુ શબ્દથી ઓળખાવવાનું સ્વીકારી લીધું. હિંદ બાજુ મુસલમાનોનું આગમન શરૂ થયા પહેલાં હિંદુ શબ્દનો કદિ પણ પ્રયોગ કે પ્રચાર થયો સાંભળવા કે જાણવામાં આવ્યો નથી. તે પહેલાં 'આર્ય' એવો એક શબ્દ હતો કે જે નામે આપણે આપણી જાત, સંસ્કૃતિ તેમ જ ધર્મને ઓળખાવતા હતા. પણ આર્ય શબ્દનો પણ પાછો એથી જુનો ઇતિહાસ છે અને એ સબંધે એવી માન્યતા પ્રવર્તે છે કે કેટલાય કાળ પહેલાં આર્યો પણ એજ દિશાએથી હિંદમાં આવેલા જ્યારે હિંદ તરના લોકો અનાર્ય કોટિમાં લેખાતા હતા. પણ આર્ય શબ્દનો ઇતિહાસ કે ઔચિત્ય–અનૌચિત્યની ચર્ચા અહિં અપ્રસ્તુત હોઇને તેમાં પડવાની જરૂર નથી. આપણે ઉપર જણાવ્યું તે મુજબ મુસલમાનો પોતાથી અનેક રીતે જુદા પડતા એવા હિંદવાસી જનસમુદાયને, તેની સંસ્કૃતિ તેમ જ ધર્મને હિંદુ શબ્દથી ઓળખવા માંડયા અને આપણે જૈનો હિંદુઓ સૌ કોઇએ એ ઓળખ કશા પણ ભેદભાવ વિના સ્વીકારતા આવ્યા. આ ઓળખમાં બ્રાહ્મણ અબ્રાહ્મણનો, વૈદિકનો અવૈદિકનો, જૈન જૈનેતરનો ભેદ કે તારવણી કદિ પણ ચિન્તવવામાં આવી નહોતી કે આગળ ધરવામાં આવી નહોતી. જૈનો પોતાના સમાજને, તેમ જ પોતાના ધર્મને 'હિંદુ'ના સામાન્ય નામ નીચે જ ઓળખાવવાનું આજસુધી સ્વીકારતા આવ્યા છે. આના સમર્થનમાં, આજ પ્રશ્નને આપણે બીજી રીતે વિચારીશું તો આપણને વિશેષ પ્રકાશ પડશે.

કોઇ પણ હિંદુ પોતાનો ધર્મ છોડીને મુસલમાન કે ખ્રીસ્તી થાય છે ત્યારે આપણે સામાન્ય રીતે એમ બોલીએ છીએ કે તે હિંદુ મટીને મુસલમાન કે ખ્રીસ્તી થયો. એવી જ રીતે કોઇ મુસલમાન કે ખ્રીસ્તી હિંદુ ધર્મ અંગીકાર કરશે તો આપણે એ જ પરિભાષા વિપરીત ક્રમમાં વાપરીશું. જૈન સમાજનો ઇતિહાસ પણ આવા ધર્મપરિવર્તનના અનેક દાખલાઓથી ભરેલો છે. આવું જ્યારે જ્યારે બન્યું છે ત્યારે ત્યારે ધર્મકથાઓમાં કે ઇતિહાસનોંધોમાં એવી રીતે કદિ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો જોવામાં આવતો નથી કે અમુક વ્યક્તિઓ હિંદુ મટીને જૈન થઇ કે જૈન મટીને હિંદુ થઇ. હંમેશા આવી ઘટનાઓ એ જ રીતે વર્ણવાયલી માલુમ પડશે કે અમુક બ્રાહ્મણોએ કે વૈષ્ણવોએ પોતાનો ધર્મ છોડીને જૈન ધર્મ અંગીકાર કર્યો અથવા તો અમુક જૈનોએ પોતાનો ધર્મ છોડીને સ્વામીનારાયણ ધર્મ સ્વીકાર્યો. આ એમ સ્પષ્ટપણે સૂચવે છે કે જૈન ધર્મ, વૈષ્ણવ ધર્મ, સ્વામીનારાયણ ધર્મ, બ્રાહ્મણ ધર્મ એ સર્વને પોતાના પેટાળમાં સમાવતો એક સર્વસામાન્ય ધર્મ હોવો જ જોઇએ અને તે અન્ય કોઇ નહિ પણ હિંદુ ધર્મ જ છે એમ આપણે સ્વીકારવું રહ્યું.

પોતાના ધર્મને વળગી રહેવું અને કન્યાની લેવડદેવડના સંબંધો વિષે પણ અન્ય ધર્મીઓથી અળગા રહેવું એ પ્રત્યેક વિશિષ્ટ ધર્મના અનુયાયીઓની જાણીતી ખાસિયત છે એક બાજુ હિંદુ અને બીજી બાજુ મુસલમાન, પારસી કે ખ્રીસ્તી સમાજ વચ્ચે લગ્ન–સંબંધની કલ્પના આજે પણ સ્થિતિચુસ્ત વર્ગને અસહ્ય લાગે છે અને આ ધર્મો એકમેકથી એટલા બધા અલગ છે કે એકમેકના રીતરીવાજ આચાર વિચાર વ્યવહાર અત્યન્ત ભિન્ન હોઇને આવા સંબંધો કોઇ કાળે પણ સંમત થઇ ન શકે એવી માન્યતા પ્રવર્તે છે. બીજી બાજુએ હિંદના ઘણા વિભાગોમાં અને સ્થિતિચુસ્ત ગણાતા વર્ગોમાં પણ આજે વૈષ્ણવ, સ્વામીનારાયણ અને જૈનો વચ્ચે કંઇ કાળથી કન્યાની લેવડદેવડ ચાલ્યા જ કરે છે અને તેમાં કોઇને કશી પણ અસ્વાભાવિકતા લાગતી નથી. આનું કારણ એ છે કે પ્રત્યેકના ધર્મ યા તો સંપ્રદાયનું બાહ્ય કલેવર એકમેકથી ભિન્ન હોવા છતાં ધાર્મિક વલણો અને સંસ્કારોનો પાયો એક જ છે. આ વસ્તુસ્થિતિ પણ આપણને જૈનોને હિંદુઓમાં સર્વ પ્રકારે સમાવિષ્ટ લેખવા માટે પુરતી છે.

કેટલાએક વિચારકો એમ રજુ કરે છે કે હિંદુ સમાજથી તો આપણે કોઇ પણ રીતે અલગ ગણાઇ શકીએ તેમ છે જ નહિ કારણ કે આપણા અને તેમના સર્વ રીત રીવાજ, સમાજરચના અને રૂઢિ પરંપરા એક સરખા જ છે, પણ ધર્મ તરીકે આપણે તદ્દન અલગ અને સ્વતંત્ર છીએ, કારણ કે આપણા દેવ જુદા, આપણા ગુરૂ જુદા, આપણો ધાર્મિક વ્યવહાર જુદો. આ વિચારસરણિ આકર્ષક લાગે તેવી છે, પણ તે બુદ્ધિસંગત નથી. પહેલાં તો દુનિયામાં એવો કોઇ પણ સમુદાય નથી કે જે સમાજ તરીકે અમુક વિશાળ સમાજનીચે લેખતો હોય એમ છતાં એ પેટાસમાજનો ધર્મ એ વિશાળ સમાજથી ભિન્ન હોય. ખ્રીસ્તી સમાજ, મુસલમાન સમાજ, યહુદી સમાજ, પારસી સમાજ આવા આજે આ દુનિયામાં અનેક સમાજો વિદ્યમાન છે. આવા કોઇ પણ સમાજ નીચે આવતો કોઇ પણ પેટા સમાજ તે તે સમાજના વિશિષ્ટ ધર્મનો અનુયાયી ન હોય એમ કદિ જોવા કે જાણવામાં આવ્યું નથી. આ તો એક રીતે વદતોવ્યાઘાત જેવું જ લાગે છે. કાં તો સંપૂર્ણ અલગપણું સ્વીકારવું રહ્યું અથવા તો સંપૂર્ણ તાદાત્મ્ય સ્વીકારવું રહ્યું. અર્ધદગ્ધ અલગપણાને કે તાદાત્મ્યને દુનિયાના અન્ય કોઇ સમાજમાંથી સમર્થન મળી શકતું જ નથી.

વળી હિંદુ ધર્મના પેટાળમાં બીજા પણ અનેક સંપ્રદાયો છે કે જેના દેવ જુદા, ગુરૂ જુદા, અને ધાર્મિક વ્યવહાર જુદા છે એમ છતાં પણ એ બધા હિંદુ વટવૃક્ષની વડવાઇઓ તરીકે સ્વીકારાયલા છે. તો પછી જૈન ધર્મે આવી જુદાઇ આગળ ધરવાની જરૂર શું છે?

હિંદુ ધર્મ એટલે વૈદિક ધર્મ એ મર્યાદિત વ્યાખ્યામાંથી આ આખો વિભ્રમ પેદા થઇ રહ્યો છે. અલબત્ત હિંદુધર્મનો આ મર્યાદિત અર્થમાં અનેકવાર ઉપયોગ થયો છે, પણ ઉપરના સમગ્ર વિવેચન ઉપરથી માલુમ પડયું હશે કે હિંદુ ધર્મની આ મર્યાદિત વ્યાખ્યા બરોબર નથી, સત્ય પ્રતિષ્ઠિત નથી, ઇતિહાસ–અનુમત નથી. બૌદ્ધ, લિંગાયત છે, કબીર અને એવા અન્ય સંત સંપ્રદાયો છે કે જે વૈદિક નથી. વળી હિંદુધર્મમાં બે પ્રવાહો તો કંઇ કાળથી એક સાથે વહેતા આવ્યા છે. (૧) બ્રાહ્મણ સંસ્કૃતિનો પ્રવાહ અને (૨) શ્રમણ સંસ્કૃતિના પ્રવાહ. હિંદુધર્મમાં શ્રમણ સંસ્કૃતિનો સમાવેશ થતો નથી એમ કહેવું એ હિંદુધર્મનો પાયામાંથી અંગવિચ્છેદ કરવા બરોબર છે."

વળી આ પ્રશ્ન એક બીજી રીતે પણ તપાસવો ઘટે છે. જૈન ધર્મનો અંગત આચાર વ્યવહાર જુદો છે એ આપણે કબુલ કરીએ તો પણ આપણા જૈનોના જીવનમાં જેને આપણે જૈનેતર ગણીએ એવો હિંદુ ધર્મવ્યવહાર કેટલો બધો વ્યાપક છે તે આપણા ખ્યાલ બહાર જાય છે. આપણાં લગ્નો કેવળ વૈદિક વિધિથી થાય છે. મકાનનો પાયો નાંખવો હોય, વાસ્તુ કરવું હોય તો બ્રાહ્મણને બોલાવવામાં આવે છે અને વૈદિક વિધિનો આશ્રય લેવામાં આવે છે. ગણપતિને ઇષ્ટદેવતા તરીકે અનેક જૈનો સ્વીકારે છે. અંબાજીની માન્યતા અનેક સ્થળે પ્રચલિત છે. આપણી સર્વ રહેણીકરણીમાં ધર્મનો ખ્યાલ અને ધાર્મિક લેખાતો આચારવ્યવહાર એટલો બધો વાણાતાણા માફક વ્યાપક છે કે અમુક સામાજિક કે સાંસારિક અને અમુક ધાર્મિક–એવો કોઇ ભેદ પાડવાનું શક્ય જ નથી. આ રીતે પણ આપણે હિંદુત્વથી ગાઢપણે રંગાયલા છીએ.

આ બધું ધ્યાનમાં લેતાં આપણે હિંદુ છીએ—સામાજિક તેમ જ ધાર્મિક રીતે—એમ કહેવામાં અને સ્વીકારવામાં આપણા જૈનત્વનો અંશમાત્ર ઇનકાર થતો નથી અને આપણે જૈન છીએ તેથી જ આપણે મુસલમાન, પારસી, કે ખ્રીસ્તી કે યહુદી નથી પણ હિંદુ છીએ એ આપણે બરોબર સમજી લેવું ઘટે છે. તાત્વિક રીતે તેમ જ ઇતિહાસની દૃષ્ટિએ આજ સત્ય છે.

અને જો કે આપણામાં ઘર કરી બેઠેલી સાંપ્રદાયિક સંકીર્ણતા યા તો અહંતા આપણને ધર્મની બાબતમાં અલગ લેખાવવા તરફ આજે જોસભેર ધસડી રહેલ છે અને કોઇમાં પણ અન્તર્ગત ગણાવા સામે નકાર પોકારી ઉઠે છે, એમ છતાં પણ હિંદુ સમાજ અને ધર્મ સાથેની એકરૂપતા અને તાદાત્મ્યને સ્વીકારવામાં જ આપણું ઐહિક શ્રેય રહેલું છે અને હિંદુ ધર્મથી અલગ લેખાવાની ઘેલછા દ્વારા આપણે અનેકવિધ અશ્રેયને નોતરી રહ્યા છીએ. આજે હિંદુ સેનેટોરિયમ, હિંદુ ધર્મશાળા, હિંદુ દવાખાનું, હિંદુ શાળા, હિંદુ કોલેજ, હિંદુ શિષ્યવૃત્તિ, હિંદુ છાત્રાલય, હિંદુ યુનીવર્સીટીનો લાભ જૈનોને કશા પણ ભેદભાવ વિના મળી રહેલ છે. જૈનોનો અલગતાવાદ અન્ય વર્ગોમાં એક એવી વૃત્તિ ઉત્તેજી રહેલ છે કે જો જૈનો પોતાને હિંદુથી અલગ ગણે છે—અને એ બરોબર સમજી લેવું ઘટે છે કે સમાજની દૃષ્ટિએ અમે એક છીએ અને ધર્મની દૃષ્ટિએ અમે જુદા છીએ આવી ઝીણવટવાળી વિચારણા કદિ કોઇ સમજવાનું નથી કે સ્વીકારવાનું નથી—તો તેમને હિંદુઓ માટે નિર્માણ કરવામાં આવેલી કોઇ પણ સંસ્થા કે સગવડનો લાભ શા માટે મળવો જોઇએ? એ વૃત્તિને વાસ્તવિક સ્વરૂપ મળે તો જૈનો વિના કારણ કેટલું બધું ગુમાવે તેનો કોઇ ખ્યાલ કરે છે ખરું?

અમો જૈનો હિંદુઓથી અલગ છીએ એ કેવળ શહેરી માન્યતા છે અને એ માન્યતા અંગ્રેજ સરકારે પોતાના વર્ષોભરના વહીવટ દરમિયાન સ્વીકારેલી અને અમલમાં મુકેલી—divide and rule—અલગપણાને ઉત્તેજો અને રાજ્ય કરો—એ ભેદક નીતિના સંસ્કારમાંથી કદાચ ઉભી થઇ નહિ હોય તો પણ બળવાન પોષણ તો પામતી જ રહી છે. ગામડા ગામમાં જૈન હિંદુનો કોઇ ભેદ નથી. બધા વાણીયાના અથવા તો શાહુકારના નામે ઓળખાય છે. ઉપરની માન્યતાને ચાલુ જોર આપવામાં આવે તો એ અલગપણાનું ઝેર ગામડામાં પસરવાનું અને પરિણામે ગામડાના લોકો આપણને એક જુદા વર્ગ તરીકે ઓળખતા થવાના અને લેખવાના. આમેય તે શાહુકાર તરીકે આપણે ઠીક ઠીક અળખામણાપણું ઉપાર્જિત કર્યું છે. જૈન તરીકે જુદા લેખાવા જતાં આપણી પ્રત્યેનું આ અળખામણાપણું વધવાનું છે, ઘટવાનું નથી અને હિંદુ સમાજની હુંફ આપણે ગુમાવવાના છીએ.

એક એવી દલીલ કરવામાં આવે છે કે જો શિખો અલગપણાનો દાવો કરે છે તો જૈનો શા માટે એવો દાવો આગળ ન ધરે? શિખો વસ્તુતઃ હિંદુઓ જ છે અને હિંદુ ગણાવા જ જોઇએ. પણ અંગ્રેજ સરકારે શિખોનો લશ્કરમાં ખુબ ઉપયોગ હોવાથી અને ભેદનીતિને સર્વ પ્રકારે અનુકુળ હોવાથી તેમને જુદા તારવવા માંડયા, તેમને ખાસ હક્કો આપવા માંડયા, તેમનામાં અલગપણાની ભાવનાને ખુબ ઉત્તેજના આપી અને પરિણામે જે શિખો એક સૈકા પહેલાં હિંદુ સમાજના અંગભૂત લેખાતા હતા તેઓ છેલ્લાં કેટલાંક વર્ષોથી એક જુદી લઘુમતી કોમ તરીકે સ્વીકારાવા લાગ્યા. એ શિખોને આવી રીતે કેટલોક લાભ થયો હશે, પણ એ શિખોનો આજ સુધીનો ઇતિહાસ કોઇ પણ રીતે શોભાસ્પદ નથી. અંગ્રેજોને પંજાબમાં સ્થિરપ્રતિષ્ઠ થવામાં શિખોએ જ મદદ કરી હતી; જ્યારે હિંદને સ્વતંત્ર અને સ્વાધીન બનાવવાની ઘટમાળ શરૂ થઇ ત્યારે એ શિખ કોમના આગેવાનોએ મુસલમાનો અને કોંગ્રેસ સાથે છેક સુધી સોદો કરવાની વૃત્તિ દાખવી હતી અને કાયદે આઝમ ઝીણા છેક સુધી શિખો સાથે જાતજાતની રમત રમતા રહ્યા હતા. આઝાદી પ્રાપ્ત થયા બાદ પંજાબમાં જે કાંઇ કરૂણ ઘટના બની તેની જવાબદારીમાંથી શિખો કાઇ મુક્ત રહી શકે તેમ છે જ નહિ. અને આજે પણ શિખો કઇ દિશાએ જઇ રહ્યા છે તેની કોને ખબર છે? કોમીવાદનું પાગલપણું શિખોના માનસને ગાઢપણે ઘેરી રહેલું છે અને અનર્થના માર્ગે શિખોને દોરી રહેલ છે. જૈનોનો આજ સુધીનો ઇતિહાસ જુદો જ છે. તેમણે રાષ્ટ્રવાદને આજ સુધી એક સરખો સાથ આપ્યો છે અને આઝાદી હાંસલ કરવામાં બહુ મોટો ફાળો આપ્યો છે. હિંદુ સમાજ સાથેનું તાદાત્મ્ય જાળવીને જ જૈનોએ પોતાના સંપ્રદાયનો ઉત્કર્ષ સાધ્યો છે. શું આજનો જૈન સમાજ પૂર્વ પરંપરા છોડીને અન્ય માર્ગે જવા ઇચ્છે છે અને શિખો સાથે કેવળ પાગલપણામાં, સાંપ્રદાયિક ઘમંડમાં હરીફાઇ કરવા ઇચ્છે છે? જૈનો જૈનો છે અને શિખો શિખો છે અને શિખોના માર્ગે જૈનો કદિ ચાલી શકે તેમ છે જ નહિ અને તેમાં તેમનું કદિ શ્રેય પણ થવાનું નથી. અલગપણાને ઉત્તેજન આપનાર અંગ્રેજ સરકાર નામશેષ બની છે. અને લઘુમતી વર્ગ બનીને લાભ ઉઠાવવાના દિવસો પણ હવે ગયા છે. જે સમાજને પોતાનું અસ્તિત્વ સુરક્ષિત રાખવું હોય તેણે વિશાળ સમાજની શીળી છત્રછાયા શોધવી જ રહી.

આજે જૈન સમાજના દિલમાં એક એવી દહેશત પેઠી છે કે આપણે આપણી જાતની—આપણા સમુદાયની—સંભાળ નહિ લઇએ, આપણા ધાર્મિક આચાર વિચાર ઉપર કાયદાકાનુનનાં આક્રમણ આવે છે તેનો સામનો નહિ કરીએ તો આપણું અસ્તિત્વ ભુંસાઇ જશે, આપણું નામનિશાન સાફ થઇ જશે, આપણને કોઇ ઓળખશે પણ નહિ. પારસી કોમ આટલી નાની છે એમ છતાં તેને પોતાના અસ્તિત્વના—ટકી રહેવાની—આવી કોઇ દહેશત લાગતી નથી. તો જૈન સમાજને આ શું થયું છે કે આવા ભયથી તે ધ્રુજયા જ કરે છે? વસ્તુસ્થિતિ એમ છે કે આપણામાં પ્રાણબળ ઘટી ગયું છે; વખતના બદલાવા સાથે આપણા જીવનને — વિચાર આચાર તેમ જ વ્યવહારને — બદલવાની તાકાત આપણે ગુમાવી બેઠા છીએ; નૈતિક સત્વથી આપણે વંચિત થઇ રહ્યા છીએ અને વારસામાં મળેલું ધાર્મિક ઓજસ લુપ્ત થવા લાગ્યું છે. પરિણામે બહારના ટેકા ઉપર અને પૌદ્ગલિક સાધનસંપત્તિના જોર ઉપર આપણે જીવવાનો, ટકવાનો પ્રયત્ન સેવી રહ્યા છીએ. આ ટેકાને કોઇ પણ બાજુએથી જરા પણ આંચ આવે છે કે આપણે ધ્રુજી ઉઠીએ છીએ. રખેને આપણે લુપ્ત થઇ જઇશું એ દહેશતના કારણે આપણે કોઇ પણ સુધારો, ફેરફાર, કે મૌલિક પરિવર્તનને આવકારી કે અપનાવી શકતા નથી. અને અમે જુદા, અમારો ધર્મ જુદો, અમને, અમારાં મંદિરોને, અમારી સંસ્થાઓને કોઇ અડશો નહિ—આવી અલગતા ઉપર આપણે દીર્ઘાયુષ્યની—સદાકાળ જીવવાની—મદાર બાંધીએ છીએ. જે સમાજમાં સાચી ધાર્મિકતા છે, ઉંચા નૈતિક મૂલ્યો છે, ભવ્ય પુરૂષાર્થ છે તે સમાજનું વ્યક્તિત્વ કદિ લુપ્ત થઇ શકતું જ નથી. અને સાથે સાથે જે વિશાળ સમાજનો તે પેટા સમાજ હોય છે તે વિશાળ સમાજ ઉપર આવા પ્રાણવાન પેટા સમાજનું સદા પ્રભુત્વ જ વર્તે છે. જૈન સમાજે પોતાને ધન્ય લેખવો જોઇએ કે પોતામાં એક એવું વિશિષ્ટ પ્રકારનું ધાર્મિક ચૈતન્ય અથવા તો રોશની વારસામાં ઉતરતી આવેલી છે કે જે જ્યાં સુધી પ્રજ્જવલિત હશે ત્યાં સુધી તે સમાજ સદા પુરૂષાર્થગામી રહેવાનો છે અને સાથે સાથે તેને એવા એક વિશાળ હિંદુ સમાજ અને ધર્મની ઓથ છે કે જેને લીધે તે આજ સુધી જીવન્ત રહ્યો છે અને આગામી કાળમાં જીવન્ત રહેવાનો છે. પારસી સમાજ, શિખ સમાજ કદિ કોઇ કાળે પણ લુપ્ત થશે, પણ હિંદુ મહાસાગરના પેટાસાગર જેવો જૈન સમાજ સદા સુરક્ષિત છે. આ રીતે આપણે હિંદુ સમાજને અને ધર્મને ઓળખીએ, આપણી આંખ ઉપર આવેલા પડળને દૂર કરીએ અને આપણા ચિરકાળના સ્વજન અને સાથીને હંમેશાના સ્વજન અને સાથી તરીકે સ્વીકારીએ!

પરમાનંદ

## કેન્ટકીનો દીનબંધુ

(ગતાંકથી ચાલુ)

બાળકોની સંખ્યા જેમ જેમ વધતી ગઇ તેમ તેમ તેમને શિક્ષણ આપવા ઉપરાન્ત, સીવવાનું, સાંધવાનું, રાંધવાનું અને બીજી બધી રીતની દેખરેખ રાખવાનું કામ માત્ર બે જ સ્ત્રીઓને બહુ ભારે પડવા માંડયું. થોડા વખતમાં એક ગ્રેજયુએટ બાઇ આ સંસ્થામાં શિક્ષણના કાર્ય માટે સેવક તરીકે જોડાઇ.

આ વર્ષની શરૂઆતમાં પાંસઠ બાળકો એ ગૃહમાં રહેતાં હતાં. તેમના બધા જ ખર્ચને પહોંચી વળવાનું તદ્દન અશકય જણાયું. તેમ છતાં કોઇ પણ દાખલ થવા ઇચ્છતા નવા બાળકને ન છૂટકે ના કહેવી પડે તે રાત્રે જોનને ઉંઘ નહોતી આવતી. સૌને ખાતરી હતી કે આર્થિક મુશ્કેલીઓને કારણે જોનને ના કહેવી પડી હતી, પરંતુ મોડું વહેલું એ બાળકને ગૃહમાં દાખલ કર્યા સિવાય જોનને જંપ વળવાનો નથી.

ગયા વર્ષે એક બાઇ એક ટેકસીમાં બેસી ગૃહ આગળ આવી. તેની સાથે એક ઠાઠમાઠ કરેલી શિથિલ ચારિત્ર્યવાળી જણાતી એક યુવતી હતી અને બે નાનાં બાળકો હતાં. આ બે બાળકોને ગૃહમાં મૂકવાની ઇચ્છા પેલી બાઇએ દર્શાવી. જોને પૈસાની સંકડામણનો વાંધો રજુ કર્યો. એ બાળકોના પિતા વિશે પૂછપરછ કરતાં જણાયું કે એ બાળકો પરિણીત માતાનાં સંતાન ન હતા અને પિતાનો કાંઇ પત્તો ન હતો. બાઇએ જ્યારે ખૂબ લાચારી બતાવી વિનંતિ કરી, છોકરાંને રાખવામાં ન આવે તો પોતે તથા છોકરાં ભૂખે મરી જશે, અને, પોતાને કામ મળશે એટલે છોકરાંને પાછાં તેડી જશે એવી ખાતરી આપી ત્યારે થોડા સમય માટે બાળકોને રાખવાનું જોને કબુલ કર્યું. આ બધી વાટાઘાટોમાં એટલો બધો વખત વીતી ગયો કે એ બાઇઓથી રાત્રે પાછા જવાનું બની શકે તેમ રહ્યું નહિ કારણ કે તેમને તે પછી ટ્રેન મળે તેમ ન હતુ. એટલે એ રાત્રે બન્ને બાઇઓને ગૃહમા જ સુવાની ગોઠવણ કરવામાં આવી, સવારમાં સહુ ઉઠયાં ત્યારે ખબર પડી કે બન્ને બાઇઓ ગૃહમાથી સંખ્યાબંધ લુગડાં ઉઠાવીને રાતોરાત ચાલી ગઇ હતી! પોલિસની તપાસમાં એ બાઇઓનો એક અનીતિના અખાડામાંથી પત્તો લાગ્યો. કોર્ટે પેલાં બે બાળકોની હંમેશને માટે ગૃહને સોંપરત કરી.

શરૂઆતથી જ જોને એવી પ્રથા રાખી હતી કે જે બાળકો તેના ગૃહમાં આશ્રય માટે આવે અગર મોકલવામાં આવે તેમનો કોર્ટ મારફતે કાયદેસર વાલી તરીકે કબજો લઇને તે બાળકોને ગૃહમાં રાખવા. આ પ્રથા રાખવાનું કારણ એ હતું કે કામચલાઉ મુશ્કેલી અગર વિષમ સંજોગોને કારણે કોઇ બાળકોની સોંપણી કરી પોતાની જવાબદારીમાંથી છટકી જવાની રીત કોઇ માબાપ અખત્યાર ન કરે, અને તે ઉપરાંત દુરાચારી માતાપિતાને તેમનાં બાળકો ઝેરી કલુષિત વાતાવરણમાં પાછાં સોંપવાની સ્થિતિ ઉપસ્થિત ન થાય.

આ ગૃહમાં જે બાળકો વસે છે તેની રીતભાત, સ્વભાવ અને ચારિત્ર્યમાં આ દંપતીએ જે ઘણો મોટો ફેરફાર કરી નાખ્યો તે અત્યંત આશ્ચર્યકારક ઘટના છે. આ બાળકોમાંનું મોટા ભાગનાં આવ્યાં ત્યારે ગંદાં લુગડા, શરીરે જૂઆ અને માથામાં જૂ લીખો હતાં અને જ્યારે એમને નવડાવા માંડયાં ત્યારે તોફાન અને ધમાલ મચાવતાં. ડુક્કરને આપેલા ખોરાકમાંથી વીણી ખાનાર જે બાળા, આ ગૃહમાં આવી હતી તણે શરૂઆતમાં કાર્યકરો ઉપર પત્થરો ફેંકયા હતા અને એની પાસે કોઇ આવતું ત્યારે સંતાઇ જતી. હવે ત્રણ વર્ષ પછી જોન થોડા કલાક માટે ગૃહની બહાર જાય છે ત્યારે એ રડી રડીને થાકીને ઊંઘી જાય છે. ગૃહમાં એ બાળા અત્યારે સૌથી વધારે ચંચળ અને વ્હાલસોઇ છોકરી છે. ગૃહમાં જે પથ્ય અને પોષક તથા સાદો ખોરાક બાળકોને ખાવા આપવામાં આવે છે તે સામે શરૂઆતમાં છોકરાં બંડ ઉઠાવતાં. એમને તો સ્વાદદાર પણ વાસી અને નુકસાનકારક ખોરાક ખાવાની ટેવ પડેલી હતી. પણ છેવટે હવે બધાં જ બાળકો આ ખોરાકની કિંમત સમજે છે અને તે હોંસે હોંસે ખાય છે. શરૂઆતમાં ગાળો અને અપશબ્દો તો એમને વાકયે વાકયે બોલવાની ટેવ હતી એ ટેવ અને બીડી પીવાની ટેવ છોડાવતાં ઘણી મુશ્કેલી પડેલી. પરંતુ હવે એ ટેવ બધાં જ બાળકો ભૂલી ગયાં છે.

માનવી પ્રેમ અને માયાનું વાતાવરણ આખા ગૃહમાં આ દંપતીએ સરજાવ્યું છે. મોટાં છોકરાં નાનાં બાળકોની માતા જેવી સ્નેહભરી સંભાળ રાખે છે. આ બાળકોએ લગભગ બસો ગીતો અને ભજનોનો સંગ્રહ કરેલો છે અને જ્યારે આ નિર્દોષ બાળકો એ ભજનોને મધુર અવાજે ગાય છે ત્યારે કેન્ટકીના વતનીઓની આંખમાં ભક્તિભાવ અને પ્રેમનાં અશ્રુ ઉભરાય છે. આ બધાં બાળકો થોડા જ વખત ઉપર તરછોડાયેલાં, તિરસ્કૃત, નિરાધાર, 'વણમાંગ્યાં,' રખડતાં બાળકો હતાં એ યાદ આવતાં આશ્ચર્ય થાય છે.

અત્યારે આ સંસ્થાનું વહીવટી ખર્ચ માસિક બે હજાર ડોલરનું છે. આમાંથી માત્ર ૨૮૫ ડોલર જેટલી રકમ નિયમિત મળ્યે જાય છે. "બાકીના નાણાં કયાંથી લાવવાં અગર કયાંથી આવશે એ તો અમે જાણતા નથી, પણ ગમે તે રીતે એ આવે તો છે જ. અગાઉથી ખર્ચનો અંદાજ કરવો એ આવા ગૃહમાં સંભવિત નથી. દરમહિને કેટલું ખર્ચ થશે, મકાનનો વધારો ચાલુ રખાશે કે કેમ, વધારે બાળકો આવશે કે કેમ, ગૃહ માટે શાની શાની જરૂરો પડશે એ બધાનો કોઇ રીતનો ચોકસ અંદાજ અમે કરી શકતા નથી" એ પ્રમાણે જોન કહે છે. પરંતુ કેન્ટકીનો જે પોસ્ટમેન પાસેના શહેરમાંથી ટપાલ અને પાર્સલો લાવે છે તેની દરરોજ આતુરતાથી વાટ જોવાય છે.

દરરોજની બક્ષીસ—ગમે એટલી નાનામાં નાની રકમ અગર ચીજ—ખાસ ચોપડામાં કાળજીપૂર્વક નોંધવામાં આવે છે. અમેરિકાના દૂર દૂરના પરગણામાંથી અને નજીકનાં સ્થળોમાંથી એક ડોલર જેટલી રકમ પણ સંખ્યાબંધ મધ્યમ અને ગરીબ સ્ત્રી પુરૂષો તરફથી આ ગૃહને ભેટ આપવામાં આવેલી આ નોંધમાં જોવામાં આવે છે.

જોન અને તેની પત્નીએ તેમને બક્ષીસ મળેલાં નાણાંમાંથી કદિ પોતાના પગાર તરીકે કાંઇ પણ રકમ લીધી નથી, તેમને સહાયકર્તા સેવકોને દરેકને માત્ર ખાસ જરૂરિયાતોની ચીજો ખરીદવા માટે માસિક દસ ડોલર આપવામાં આવે છે. દરેક સેવકને દર વર્ષે એક માસના આરામની રજા આપવામાં આવે છે. આ રજામાં મુસાફરી તથા બીજા ખર્ચ પેટે દરેકને ચાલીસ ડોલર આપવામાં આવે છે. આમાંનાં કેટલાંક પોતે જ્યાં ગયાં હોય ત્યાં મિત્રો અને સંબંધીઓ પાસેથી ગૃહ માટે બક્ષિસો એકઠી કરી પોતાને આપેલા ચાલીસ ડોલર પાછા ભરી દેવા ઉપરાંત બીજાં કેટલાંક નાણાં એકઠાં કરી લાવે છે. આ સેવકો બહાર જાય છે ત્યારે ગૃહમાંથી એકાદ બે બાળકને પોતાની સાથે લેતાં જાય છે જેથી પોતાને અણગમો ન આવે. ગૃહમાં રોજનું સખત કામ અને જૂજ પગાર હોવાં છતાં આ ગૃહમાં સેવક થવા માટે સંખ્યાબંધ અરજીઓ જોનને મળે છે.

કેન્ટકીનાં આ નિરાધાર રખડતાં બાળકો પ્રત્યેની જોનની અંતરની લાગણીનું મૂળ એનું પોતાનું નાનપણનું જીવન જે રીતે વીત્યું તેમાંથી જડી આવે છે. જોનની છ વર્ષની ઉંમર થઇ ત્યારે તેનો પિતા મૃત્યુ પામ્યો. બીજા નાના ભાઇભાંડુંની સાથે જોન પોતાની મા પાસે ઉછર્યો. આજુબાજુનાં અઠ્ઠાવીસ કુટુંબોના નિકટના સહવાસમાં જોન બાળપણમાં આવ્યો હતો. એ બધાં કુટુંબોનાં બાળકો પ્રત્યે એને અંતરનો પ્રેમ ઉપજયો હતો. જોનની માતાએ પોતાનાં બાળકો મોટાં સમજણાં થઇ કામધંધે લાગ્યા પછી ફરીથી લગ્ન કર્યું. બે વર્ષ ઉપર એ બાઇ તથા તેના પતિએ વૃદ્ધાવસ્થામાં જોનના ગૃહમાં

સેવાકાર્યમાં પોતાનો સમય વીતાવવાની ઇચ્છા દર્શાવી. જોને તેને ખુશીથી ત્યાં બોલાવી. રસોડાની વ્યવસ્થા અને રાંધવાનું કાર્ય એ વૃદ્ધાએ પોતાને માથે લઇ લીધુ. ગૃહનું પ્રત્યેક બાળક તેને દાદીમા કહે છે. તેનો પતિ ગૃહની સમીપનાં શાકભાજીના બગીચાની દેખરેખ રાખે છે. આ બગીચામાં જુદી જુદી જાતની બત્રીસ શાકભાજી ઉગાડવામાં આવે છે.

આ પ્રદેશનાં વતનીઓનો ઘણો મોટો ભાગ જોનના ગૃહ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે, છતાં પર્વતવાસીઓમાંના કેટલાક શંકશીલ છે. કાંઇપણ વેતન કે સ્વાર્થ સિવાય આવુ ગૃહ ચલાવવામાં કોઇ પણ જીવન વ્યતીત કરે એ તેમના ધ્યાનમાં ઉતરતું નથી. છેલ્લા વિગ્રહ દરમિયાન કેટલાક લોકોએ ગૃહ માટેનાં નવાં બંધાતાં મકાનો ઉપર સ્વસ્તિક ચીતરી જોન અને તેના સહાયકો નાઝીઓ છે એવું મનાવવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારપછી એવી ગપ્પા ફેલાવા માંડી કે બાળકોને આ ગૃહમાં સામ્યવાદનુ શિક્ષણ આપવામાં આવે છે. "વચમાં તો એવી સ્થિતિ થઇ ગઇ હતી કે મારો લાલ પાયજામો સુકવવા નાખવાની પણ મને બીક લાગતી હતી!" એમ જોન રમુજમાં કહે છે.

આ ગૃહને કેટલાક ધંધાદારીઓ મફત સેવા આપે છે. ધોબી કપડાં મફત ધુએ છે, દરજી મફત સારવાર કરે છે અને એક ડાકતર તો પોતાની સેવા ઉપરાંત દરમાસ પચાસ ડોલર બક્ષીસ તરીકે છેલ્લાં કેટલાંક વર્ષોથી આપ્યા કરે છે. આ ગૃહના કાર્યથી એક ડાકતર અને એક વકીલ એટલા ખુશ થાય છે કે તેમણે એવું વીલ કર્યું છે કે પોતે અને પોતાની પત્નીનુ જો અકસ્માત મૃત્યુ થાય તો તેમના સંતાનોને આ ગૃહમાં ઉછેરવાં. આ સંસ્થામાના જે બાળકોને આગળ ડાકતરી અભ્યાસ કરવો હોય તેનું સઘળું ખર્ચ આપવાનું આ ડાકતરે માથે લીધું છે.

આ ગૃહમાં જે જોવા આવે છે તે સામાન્ય રીતે એક જ જાતના પ્રશ્નો પૂછે છે "આ બાળકો મોટાં થશે ત્યારે તમે એમની શી વ્યવસ્થા કરવી ધારી છે?" જોન બધાંને એક જ જાતનો જવાબ આપે છે "તમારાં પોતાના બાળકો માટે શી વ્યવસ્થા તમે ધારી છે?"

આ ગૃહમાં છ અગર સાત વર્ષની ઉપરનો કોઇ પણ બાળા થાય છે, ત્યારથી તેને સીવણ અને ઘરકામની તાલીમ આપવાનું શરૂ થાય છે અને જરા મોટી ઉંમર થતાં જોનની માતા તેમને રસોડામાં રાંધવાના કામમાં લેવા માંડે છે. છોકરાઓને સુથારી કામ, બાગકામ અને મોટાં છોકરાને ઢોરઉછેર અને ડેરીનુ કામ શીખવવામાં આવે છે. પરંતુ ૬૫ છોકરામાંથી જે બુદ્ધિમાન અને લાયક જણાય તેને કોલેજનું ઉચ્ચ શિક્ષણ આપવાની યોજના છે. 'એ ભારે સાહસ છે, પણ ભગવાન એનો માર્ગ મને જરૂર સુઝાડશે એવી મારી શ્રદ્ધા છે," એમ જોન કહે છે.

આ બાળકોના પૂર્વસંસ્કાર અને ઉછેર બહુ ઉતરતા પ્રકારના હોવાથી તેઓ ભણવામાં સ્વાભાવિક રીતે બીજાં સામાન્ય બાળકો કરતાં પછાત જણાય છે. એ કારણને લીધે જ એમના શિક્ષણ માટે ગૃહમાં જ ખાસ વ્યવસ્થા કરવાની જરૂર પડે છે. પરંતુ આ ગૃહનાં ચંચળ, આનંદી ચપળ, બાળકો જોતાં કોઇને પણ એમ જરૂર લાગે કે યોગ્ય પરિસ્થિતિ અને વાતાવરણ ઉત્પન્ન કરી, પૂરેપૂરી તક આપવામાં આવે તો વંશપરંપરાના સંસ્કાર ઉપર વાતાવરણ જરૂર વિજય મેળવી શકે. અહીંના એક બાળકનો બાપ ખૂની હતો તથા તેને માટે ફાંસીએ ચડેલો, અને દાદો હજી ખૂનને માટે જન્મટીપ ભોગવી રહ્યો છે. તેમ છતાં તે બાળક કોઇ વેપારી કે બેન્કના મેનેજરના બાળક જેવુંજ ચાલાક અને બુદ્ધિમાન છે. જોન કહે છે "મારી યોજના મુજબ બધું સગેપાંગ ચાલે તો આ ખૂનીનો છોકરો બેન્કર કે વેપારીના છોકરા જેટલો જ આગળ શિક્ષણ લઇને તૈયાર થવાનો છે.'

કેન્ટકીના સ્ટેટમાથી પોતાના ચાર્જમાં સોંપાયેલાં છાત્રાલયોનાં બાળકોને આ ગૃહમાં ઉછેરવા માટે માગણી કરવામાં આવી છે. પરંતુ જે બાળકના ઉછેર માટે બીજી કોઇ સંસ્થામાં પૈસા આપીને વ્યવસ્થા થઇ શકતી હોય તેમને આ ગૃહમાં જોન લેવાની ના પાડે છે. શ્રીમંત માતાપિતાએ પોતાનાં બાળકોને થોડાં વર્ષ માટે ગૃહમાં ઉછેરવા દેવાની અને તેમના ખર્ચની સર્વ વ્યવસ્થા કરવાની ઇચ્છા જણાવી છે, પણ આ જાતની માગણીનો જોને સ્વીકાર કર્યો નથી. કેટલાક શ્રીમંત સંતાનવિહોણાં માતપિતાએ આ ગૃહમાથી બાળકોને દત્તક લેવાની માગણી કરી છે. પણ જોન તેમને એવો જવાબ આપે છે કે "તમારૂ પોતાનું બાળક હોય તો તમે કોઇને તેને દત્તક આપી દો? આ તો બાળકોનુ ઘર છે આ સંસ્થા નથી."

એક વખતે એક અતિ શ્રીમંત સ્ત્રી સુંદર પોશાક અને પુષ્કળ ઘરેણાં શરીરે લાદી આ સંસ્થા જોવા આવી બાળકો રમતાં હતાં તેમની સમક્ષ કાર્યકર્તાઓને તે બાઇએ કહ્યુ "આ બિચારા માબાપ વગરનાં બાળકો માટે તમને જરૂર દયા ઉપજતી હશે." રમતાં બાળકોમાંથી એક આઠ વર્ષનું બાળક આગળ આવીને બોલ્યું "માબાપ? અહીં એક પણ બાળક માબાપ વિનાનું નથી."

ગટુલાલ ગો. ધ્રુવ.

(સમાપ્ત)

## તોય દેણું રહ્યું બાકી જી રે!

**('ટ્યુફ્યુ' નામના એક ચીના કવિના કાવ્ય ઉપરથી સૂચિત)**

ડોશીનો મોટો મર્યો મેદાનમાં,
નાનો કપાણો કારખાને જી રે!
વચલો મર્યો છે દરિયામાં ડુબી,
બાબો ભાંખડિયાં ભરતો જી રે! ૧

ડોસો થયો વાયે કમરે વાંકો,
ઘરવખરી વૈદજીએ ખાધી જી રે!
ડોશીમાં દાંડા દુઃખના ગણતા,
આવે કયારે કાળ જમડા જી રે! ૨

ઓછામાં પુરૂં મેઘજી રૂઠયા,
દીવાળા ખેતરે દીધા જી રે!
રાંકની વાત તો રાંક જ જાણે
રાજના મહેસુલીઆ છુટયા જી રે! ૩

કોકનાં ખોરડા કોકના ઢેગડાં
કોઇના જીવન ધન આચકયાં જી રે!
જેની પાસે કંઇ નોતુ રે તેને
લડાઇમાં વેઠે પકડયાં જી રે! ૪

નાજર દેખીને ડોસો ખૂણે ભરાણો,
બાબો બરાડા પાડતો જી રે!
આંસુડાં પાડતી સલામું કરતી
ડોશીને ડાચકયાં નાંખે. જી રે! ૫

લાવ્યને વેરો, લાવ્યને મેંસુલ
મુઓ તારો કયા બાપડો? જી રે.
કાઢયને ગાભા, કાઢયને ઠામડાં
કોઇને વેઠે મેલ્યને જી રે! ૬

નથી ભાઇ ઠામડાં, નથી મારે ગાભા
જીવતો નથી વેઠવાળો જી રે!
ડગુમગુ થાતી ડોસલી હું છું
કયો તો દઉં રોટલો ટીપી જી રે! ૭

બીજે દિ ચાલી લશ્કરમાં ડોશી,
સીપાઇના રોટલા શેકવા જી રે!
રોટલા શેકતી, આંસુંડા લૂછતી.
મોતની વાટડી જોતી જી રે! ૮

ઝુરી ઝુરી ડોસો ઘરે મર્યો ને,
ડોશી દટાણી બેરેકમાં. જી રે!
ભૂખના દૂને ભરખ્યો બાબાને
તોયે દેણુ રહ્યું બાકી. જી રે! ૯

ગરીબના ખર્ચે ગુરૂજી આવ્યા
કાટીયાં ગામે દીવા જી રે!
ગરીબની દુનિયા થઇ પુરી—પણ
દેણું રહ્યું ભાઇ! બાકી જી રે! ૧૦

કથાના અક્ષર કાળે ભૂસાશે,
લેણાંના અક્ષર લીલાં જી રે!
ડોશીના દીકરા સુતા મેદાનમાં,
બીજાં દેણે દેવાણાં જી રે! ૧૧

સદ્‌ગત **વ્રજલાલ ધ. મેઘાણી**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૨૨

મુંબઈ: ૧૫ માર્ચ ૧૯૪૯ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## અમેરિકાના એક ધર્મસ્થાનકનો અનુભવ

શ્રી વાડીલાલ ડગલી મુંબઇ યુનીવર્સીટીની બી. એ. ની પરીક્ષા પસાર કરીને અમેરિકા ગયા છે અને ત્યાં **Diplomatic Services** માટેની તાલીમ લે છે. તે સારાં કાવ્યો રચે છે તેમ જ નાનાં નાટકો પણ લખે છે. તેમનાં રચેલાં બે નાટકો મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભજવેલાં અને લોકપ્રિયતાને વરેલાં. ત્યાં જવા બાદ તેમણે પ્રબુધ્ધ જૈનના વાચકોને લક્ષ્યમાં રાખીને મારી ઉપર એક પત્ર લખ્યો છે જેમાં ત્યાંના અમુક ચર્ચ–ધર્મસ્થાનકનો તેમને થયેલો અનુભવ રજુ કર્યો છે. આ પ્રમાણે ત્યાં તેમને રોજબરોજ થતા અનેક નવા અનુભવોમાંથી તારવીને પ્રબુધ્ધ જૈન માટે તેઓ અવારનવાર કાંઇ ને કાંઇ લખી મોકલવાની આશા આપે છે.

તંત્રી].

**મુ. શ્રી પરમાનંદભાઈ**

હું અહીં 'આંતરરાષ્ટ્રીય રાજકારણ' નો અભ્યાસ કરવા આવ્યો છું. એટલે સહેજે મારી પાસેથી દુનિયાના રાજકારણ પર નોંધ આપ માંગો. આંતરરાષ્ટ્રીય રાજકારણના ઘણા પ્રશ્નો મારા મનમાં ઉભરાય છે; પણ પૂ. પંડિતજી શ્રી સુખલાલજી જેને ઘણી વાર 'પ્રત્યક્ષ જ્ઞાન' કહે છે તે વિષે હું 'પ્રબુદ્ધ–જૈન'માં અવારનવાર લખતો રહીશ. અમેરિકાની સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિ મેં જાતે જોઇ કે અનુભવી હોય તે વિષે લખું એ વધુ ઉચિત થશે એમ હું માનું છું. આજે અમેરિકાની ધાર્મિક સંસ્થાઓનો પરિચય આપવા પ્રયત્ન કરીશ.

જયારે હું અમેરિકા આવતો હતો ત્યારે મારી સાથે સ્ટીમરમાં એક જુવાન ખ્રિસ્તી પાદરી હતા. આશ્ચર્યની વાત હતી કે મારા સમાજવાદી દૃષ્ટિકોણથી અને તેમના પ્રમાણિક ધાર્મિક દૃષ્ટિકોણથી, મંદિરો અને ધાર્મિક સંસ્થાઓના કાર્ય વિશે અમે બંને સહમત હતા. તેમણે અમેરિકા વિશે એક ટીકા કરેલી કે "અમેરિકાની ધર્મસંસ્થાઓ વેપારીની પેઢીઓ બની ગઇ છે." મારા મનનું વળણ પણ એવું જ હતું. પણ અમેરિકાનો મારો સૌથી પ્રથમ અનુભવ આથી જુદા જ પ્રકારનો હતો.

ભાઇ પ્રભાતે તથા મેં યુનિવર્સીટીની બાજુના મકાનમાં એક રૂમ લીધી. રાતના આઠ વાગે મકાન માલિક અમને મળવા તથા ઓળખાણ કરવા આવ્યા. થોડી વાતચીત કર્યા બાદ તેમણે કહ્યું કે "તમે આવતી કાલે સવારે મારા ઘેર હિન્દના બાળકોને મદદ કરવા માટે યોજાયેલા ચાહ પાણીના મેળાવડામાં આવશોને?" "હિન્દના બાળકો માટે?" મેં પૂછ્યું.

"હા. અમારા 'ફ્રેંડઝ' (Friends')ની સંસ્થાના આશ્રય નીચે અમે દુનિયાભરના સાધન વિનાના દેશો માટે કપડાં, ખોરાક તથા દવાદારૂની મદદ માટે પ્રવૃત્તિ ચલાવીએ છીએ. હું એ સંસ્થામાં કાર્ય કરૂ છું. હું દરવર્ષે હિન્દના બાળકોને મદદ કરવાના હેતુથી સ્નેહસંમેલન યોજું છું. જોગાનુજોગે તમે એ નિયત દિવસના આગલા દિવસે જ રહેવા આવ્યા."

જે ઈંગ્લાંડમાં 'કવેકર' Qucker સંપ્રદાય તરીકે ઓળખાય છે તેનું અમેરિકન નામ 'ફ્રેંડઝ' છે. 'કવેકર' લોકો કોઇ વિધિનિષેધમાં બહુ માનતા નથી. માત્ર માનવજીવનની નિઃસ્વાર્થ ભાવે સેવા કરવી એ એમનું લક્ષ્ય છે. વ્યકિતસ્વાતંત્ર્ય માટે તથા બે વિશ્વયુધ્ધોના જુવાળ સામે 'કવેકરો' એકનિષ્ઠાથી ઝુઝયા હતા. અમેરિકન ક્રાંતિને મુક્તિનું તત્વજ્ઞાન દેનાર 'Rights of Men' ના લેખક થોમસ પેઇન કવેકર હતા અને જયારે બધા નેતાઓ કારાવાસમાં હતા ત્યારે બંગાળના દુકાળ વખતે રાહતનું કાર્ય કરનાર શ્રી. હોરેસ એલેકઝાંડર પણ અંગ્રેજ કવેકર છે તે મને યાદ આવ્યું. તેમની હિન્દની આઝાદીની માંગણીની વકીલાત કરતું તથા ગાંધીજી જાપાનના મિત્ર નથી એ પશ્ચિમ પાસે પુરવાર કરતું પુસ્તક "India since Cripps" મેં રસપૂર્વક વાંચ્યું હતું. આજે દેશદેશમાં 'કવેકર્સ'ની સંસ્થાઓ છે. રશિયા સાથે અમેરિકાના બધી બાબતોમાં તંગ સંબંધો છે; આમાં માત્ર અપવાદ કવેકર્સ છે. રશિયામાં પણ યુદ્ધની ખાનાખરાબી દૂર કરવા રશિયન સરકારને આ આંતરરાષ્ટ્રીય–ભાઇચારાના દૂતો સહાય કરે છે.

મારા મકાન માલિક શ્રી. રસેલ જોરગેન્સન કવેકર છે. તેમની વિચારસરણી તદ્દન ઉદ્દામ અને રચનાત્મક છે. આપણે ઉદ્દામ વિચારસરણી ઘણી વાર જોઇએ છીએ પણ તે રચનાત્મક નથી હોતી. એટલે થોડી વાર બાદ અનિવાર્ય રીતે તે વિચારસરણી ઓગળી જાય છે. તેમને વેપારમાં ઘણી સારી આવક મળે તેમ હતું, છતાં તેમણે આ કાર્ય માત્ર સેવાદૃષ્ટિથી સ્વીકાર્યું છે. આથી જ અમારા મકાનમાં એક પ્રકારની સહિષ્ણુતા છે; જુદા જુદા દેશની વ્યક્તિઓ રહે છે અને શ્રી જોરગેન્સન એવો આગ્રહ રાખે છે કે જુદા જુદા દેશની વ્યક્તિઓને ઘરમાં ભાડુઆત તરીકે રાખવી. તેમણે કહ્યું કે "મારા સંતાનોના હૃદયની વિશાળતા વગર ખર્ચે આવા સહવાસથી કેળવાય છે." અને તેમના બે નાનાં સંતાનો "દિલ્હી, ગાંધી, કલકત્તા, બોમ્બે, હિટલર, ઓસ્ટ્રિયા, વિયેના" વગેરે નામો સારી રીતે ઉચ્ચારે છે અને શહેરો દુનિયાના નકશામાં જોવા પ્રયત્ન કરે છે.

મારો સદ્‌ભાગ્યે પ્રથમ પરિચય પણ કવેકરના દેવળ સાથે થયો. ૨૪ મી ઓકટોબર ૧૯૪૫ ના રોજ સાન ફ્રાંસિસ્કોમાં દુનિયાના બધા દેશો એકઠા થયા અને વિશ્વને હંમેશાને માટે યુધ્ધમાંથી ઉગારવા 'સંયુક્ત રાષ્ટ્ર સંઘ' ની સ્થાપના કરી. તે યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનીઝેશન–યુ–એન–ઓ–નામે પ્રખ્યાત છે. આ યુ–એન–ઓ–ની ત્રીજી સંવત્સરી ગયા વર્ષની ૨૪ મી ઓકટોબરે ઘણા ખરા દેશોએ ઉજવી. અમેરિકાની સામાજિક સંસ્થાઓએ આ દિવસ પૂરતા ઉત્સાહથી ઉજવ્યો. હંમેશા શાંતિનું કાર્ય કરતા કવેકરના દેવળે એ દિવસ ચીન અને હિન્દના નાગરિકોને યુ. એન. ઓ. પર બોલવા નિમંત્રણ આપી ઉજવ્યો. મને દેવળોમાં જવાનો કદી ઉત્સાહ આવ્યો નથી. હંમેશા સમાજની

જડતા અને પ્રત્યાઘાતના પ્રતિનિધિઓ તરીકે દેવળો જીવ્યા છે. મારા પ્રતિભાશાળી હબસી સાથી મિત્ર શ્રી. જીમ કલાર્કે મને યુ. એન. ઓ. પર બોલવા નિમંત્રણ આપ્યું અને દેવળમાં આવીને બોલવાનું કહ્યું ત્યારે હું જરા અચકાયો. વાણી સ્વાતંત્ર્ય કે મુકત વિચાર-વિનિમય દેવળોથી હંમેશા દૂર રહે છે એ ભય મેં રજુ કર્યો. જીમે હસીને જવાબ દીધો કે "એક અમેરિકન હબસી જ્યારે તમને નિમંત્રણ આપે છે ત્યારે તમારે એ ભય રાખવાની જરૂર નથી." વળી ચીનના પ્રતિનિધિ તરીકે શ્રીમતી. લોરેન્સ હો બોલવાના છે એટલે તમને તેમનો પરિચય થશે." મેં નિમંત્રણ સ્વીકારી લીધું અને આજે હું તેના માટે જરાયે દિલગીર નથી. ત્યાં ન ગયો હોત તો હું હૃદયની ઉદારતા, ધાર્મિક સંસ્થાઓનું સામાજિક પ્રગતિગામી વળણ અને સૌથી વધુ એ સભાના પ્રમુખ શ્રીમતી ગ્રે પીઅર્સનની આકર્ષક અને અનુકરણીય રીતભાત જોવા-જાણવાનું ગુમાવત.

સભાગૃહ નાનું હતું. મને સૌથી વધુ એક ચીજ ગમી. વાતાવરણ શાંત અને ગંભીર હતું છતાં મુકત કાવ્ય કે ટુચકો સરી પડતો. સભા શરૂ થઈ એટલે તદ્દન શાંતિ. જમણી બાજુ ડૉ. ફ્રે. તથા ડાબી બાજુ હું બેઠો. આ બંને જગ્યા ખાસ કરીને પાદરીઓ માટે હોય છે. મને એ વસ્તુ ત્યાં બરાબર અસર કરી ગઇ કે Pulpit-મંચ-પર પાદરી જ ઉભો રહી વ્યાખ્યાન આપી શકે ત્યાં આજે એક ચીની સન્નારી તથા હિન્દી વિદ્યાર્થી બોલી શકે છે. જ્ઞાનને કોઇ મર્યાદા નથી. એ કોઇ ગણી ગાંઠી સફેદ કે ભગવા વસ્ત્ર પહેરતી વ્યકિતઓનો ઇજારો નથી. અમેરિકન દેવળોએ પોતાનો પ્રદેશ વિચાર આપનારની બાબતમાં અત્યંત વિશાળ કર્યો છે. અમેરિકન દેવળમાં ઊભો રહી હું આંતરરાષ્ટ્રિય રાજકારણ પર બોલતો હતો ત્યારે મારા મનમાં હસવું આવતું હતું અને એક આજે ઊંડી વેદના થાય છે કે '૨૦૦૦ વર્ષ પૂર્વે ફલાણો રાજા થઇ ગયો હતો." વગેરે વાસી અને જીવનશૂન્ય વાતો આપણી ધાર્મિક સંસ્થાઓમાં હજુ માત્ર ચાલતી જ નથી, પણ પૂજાય છે.

આજે અમેરિકન દેવળો સામાજિક સવાલો ચર્ચવાના ચોરા (Forum) બન્યા છે. એક દેવળે ગયા ઓકટોબરમાં "લગ્ન અને જાતીય સંબંધો" પર સાત વ્યાખ્યાનોની વ્યાખ્યાનમાળા ગોઠવી હતી. આમાં જાણીતા ડોકટરો, સમાજશાસ્ત્રીઓ, કેળવણીકારો તથા માનસશાસ્ત્રીઓએ ભાગ લીધો હતો. બીજા એક દેવળે 'બેકારી અને સમાજસ્વાસ્થ્ય' પર અર્થશાસ્ત્રીઓની Symposium-ચર્ચા સભા-ગોઠવી હતી. ત્રીજા દેવળે "તમારી તંદુરસ્તી" પર ચર્ચા કરવાની જાહેરાત કરી હતી. કેન્સર, ક્ષય રોગ, અપંગ બાળકોને સાજા ચાલતા કરવાની ચળવળ, વગેરે પ્રવૃત્તિઓમાં દેવળો સક્રિય ભાગ લે છે. આમાં હું એ નથી ભૂલી જતો કે કેટલીક રાજકીય બાબતોમાં દેવળોએ અત્યંત પ્રત્યાઘાતી વળણ અખત્યાર કરેલું. આમ છતાં આ રાજકીય પ્રત્યાઘતને બાજુ પર મૂકીએ તો એટલું તો કબુલ કરવું જ જોઇએ કે આ સંસ્થાઓ સામાજિક ઉન્નતિ માટે સક્રિય વિચારો રજુ કરે છે. આ નાની સુની સેવા નથી.

એક બીજી વાત. ઘણાં દેવળો કેટલીક વસ્તુ કે વિચારો સાથે સહમત ન હોય છતાં એ વિષયના નિષ્ણાતને બોલાવી એ વિષય પર મુકત ચર્ચા તો કરે જ છે. અમેરિકામાં સામાન્ય રીતે એ નિયમ છે કે વકતાના વ્યાખ્યાન બાદ વીસથી ત્રીસ મિનિટ અચૂક પ્રશ્નોત્તરી માટે રાખવામાં આવે છે. આ દરમિયાન શ્રોતા તથા વકતા ચર્ચા કરે છે. સામાન્ય રીતે દેવળોની સભાઓમાં ૪૦-૫૦ થી વધુ વ્યકિતઓ હાજર હોય છે. તેથી ચર્ચા કરવી સુગમ પડે છે. સ્ત્રીઓ માત્ર શોભાના ગાંઠિયાની જેમ સભાઓમાં આવીને બેસી રહે છે એમ નથી હોતું. તેઓ પણ ચર્ચામાં સક્રિય ભાગ લે છે અને કેટલીક વાર તો સભાઓમાં બહુમતી સ્ત્રીઓની હોય છે. મેં આનું કારણ મારા મકાનમાલિકના પત્ની શ્રીમતી મેરી જોરગેન્સનને પૂછ્યું કે "સ્ત્રીઓને સમય કેમ મળે છે?" તેમણે જવાબ આપ્યો કે:—

"સમાનતા એટલે માત્ર દેશના બંધારણમાં સ્ત્રી અને પુરૂષ સરખા છે એમ લખવું તે પૂરતું નથી. મારા પતિ મને નોકર અપાવી શકે તેટલું કમાતા નથી. (અમેરિકામાં નોકર લક્ષાધિપતિ જ મેળવી શકે. અહીંનું જીવન અને પગાર ધોરણ એટલું ઊંચું છે કે નોકર રાખવો એ સામાન્ય માણસને માટે શકય નથી.) મારે સામાજિક જીવનમાં ભાગ લેવો એ ખોરાક ખાવા જેટલું જ જરૂરી છે. હું રાંધી નાખું તો મારા પતિ વાસણ સાફ કરી નાખે. અમે બંને કામ વહેંચી લઇએ છીએ. અમેરિકામાં બધાજ આ પ્રમાણે કરે છે."

ત્યારે મને સમજાણું કે શ્રીમતી. ગ્રે. પીઅર્સન અમારી સભાના પ્રમુખ તરીકે કેમ આવી શકયા હતા.

**વાડીલાલ ડગલીનાં વન્દન**

## ભાગીરથી

આ છેલ્લા શરદુત્સવની રજામાં અમે મહાબળેશ્વર ગયાં હતાં. પશ્ચિમ ઘાટનું સહુથી ઉંચું આ શિખર હજી છેક ગામડા જેવું છે એટલે કેટલીક રીતે ગ્રામજીવનનો જે અનુભવ ત્યાં થાય છે તે બીજા હવાખાવાનાં સ્થળો પર ભાગ્યેજ થાય છે. મહાબળેશ્વરમાં દર મંગળવારે ગુજરી ભરાય છે. મહારાષ્ટ્રમાં મંગળવારનું કંઇક વિશેષ મહત્વ હોય એવું જણાય છે. એક મંગળવારની સ્હવારે હું ગુજરીમાં ફરવા નીકળી ત્યારે ગામડાનાં લોકોનાં પ્રફુલ્લ મ્હોડાં જોઇ મુંબઇના માણસોના નિરતેજ ચ્હેરા નજર આગળ તરી આવ્યા અને જાતજાતના વિચારો મગજમાંથી પસાર થયા. વ્હેલી સ્હવારથી, ચારે તરફનાં ગામડામાંથી ટોળાબંધ લોકો પોતાનાં ખેતરનાં શાક ભાજી, ફળફુલ, વાંસ, કામળા વગેરે વસ્તુઓ માથા પર લઇ દોડતા પર્વતનો ઢાળ ચઢતા દેખાતા હતા. બજારમાં આવી તેઓ પોતાની ચીજોને બનતી ઉતાવળે વેચીને ઘર ઉપયોગી ખરીદી કરવા મંડી જતા હતા. તેમાં મુખ્ય, અનાજ, હાથવણાટનાં કપડાં, અને ન્હાની ન્હાની વિદેશી ચીજો તેઓ લેતા હતા. એકજ સ્હવારમાં તેઓ દસબાર માઇલ ચાલી નાંખવાનું રમત જેવું ગણતા હતા.

બજારમાં એક દુકાનમાં બહુ સરસ લીલી તાજી મગફળી વેચાતી હતી. વેચનાર જુવાન બાઇનું મ્હોડું જાણે પરિચિત લાગતું હતું. તેના ચ્હેરા પર ગામડાનું ભોળપણ ન્હોતું, શહેરની ગ્લાનિ હતી. ફુટપાથ પર પાટલીઓ ગોઠવી બનાવેલી દુકાન પાસે એ એક લાકડાના ખોખા ઉપર બેઠી હતી. તેની પાસે જઇ મેં થોડી લીલી મગફળી માંગી-તે મારા સ્હામું જોઇ હસી અને જાણે પ્હેલાં મળેલી હોય તેમ બોલી, "લો બ્હેન આ તમારી મગફળી." શુદ્ધ ગુજરાતી શબ્દો સાંભળી મને લાગ્યું જ કે તે મુંબાઇ રહી આવી હશે. મેં એને પૂછ્યું-'તેં મુંબાઇ જોયું છે?' ઉત્તરમાં તે ગર્વથી બોલી 'દસ વરસ રહી છું.' પછી મેં એનું નામ પૂછ્યું એટલે નિસાસો મૂકી બોલી કે "નામ તો મારૂં ભાગીરથી છે." એની દુકાનની એક તુટેલી પાટલીને ખૂણે હું બેઠી એટલે એ બહુ રાજી થઇ અને મારી નજીક આવી.. અને બોલી આટલું પૂછો છો ત્યારે બધું જ કહું. "બહુ ન્હાનપણમાં મારાં લગ્ન થયાં અને લગ્ન પછી પાંચ વરસમાં મા અને બાપ બંને મરી ગયાં એટલે મામા મામીને ઘેર રહેવા લાગી. ચૌદ વરસની ઉંમરે મામાએ મને સાસરે વળાવી. મારો વર મુંબઇમાં હોટેલમાં નોકરી કરતો હતો તે મારા કરતાં ઉમરે સારી પેઠે મોટો હતો. અમારી વચ્ચે લગભગ દસબાર વર્ષનો ફેર હશે. ભૂલેશ્વરમાં એક ન્હાની ઓરડીમાં મેં મારૂં ઘર માંડયું. મારો વર ગુજરાતી હોટેલમાં કામ કરતો હતો એટલે ગુજરાતી લત્તામાં અમે રહ્યાં. હું ગામડાની છોકરી તે શાહેરમાં આવીને

ગભરાઇ ગઇ અને રોજ સ્હાંજ પડે ને મને રડવું આવે. હોટેલના કામમાંથી પરવારી મારો વર પાંડુ લગભગ રાત્રે બાર વાગે ઘેર આવે એટલે હું મધરાત સુધી એકલી બેસી રહું અને કોઇવાર બેઠી બેઠી ઉંઘી જાઉં. જાત જાતની રીતે હું મારા વરની સેવા કરૂં પણ તે કોઇ રીતે મારા પર ખુશી જ ના થાય. અંતે છ મહીનાં પછી મેં મામાને કાગળ લખ્યો કે મને પાછી ગામડે બોલાવી લે. મારા કાગળના જવાબમાં બે મહીના પછી મામાએ એક કાર્ડ લખીને જણાવ્યું કે 'ગામમાં આ વરસે દુકાળ છે, માટે હાલ તું મુંબાઇ જ રહે. પ્હોર સારો વરસાદ પડે તો આવજે.' મુંબાઇમાં મને કેટલું એકલું લાગે છે તે મામાને શી રીતે સ્હમજાય? મને માબાપ સાંભર્યાં અને રડવું આવ્યું. જેમ તેમ કરી હું દિવસો વીતાવવા લાગી. આસ્તે આસ્તે હું પણ શહેરી જીવનમાં પલટાવા લાગી. આડોશી પાડોશીના કહેવાથી મારી જાણમાં આવ્યું કે મારો પતિ કોઇ ખરાબ બાઇની જાળમાં પાંચેક વરસથી ફસાયેલો છે. ન્હાનપણથી જ હું ટેકવાળી હતી એટલે મેં વિચાર કર્યો કે આવા ધણી સાથે રહેવું મને નહિ પાલવે, એટલે જો થોડા ઘણા પૈસા ભેગા થાય તો હું મારે ગામ ચાલી જાઉં. તેથી મેં શાક વેચવાનો ધંધો શરૂ કર્યો. રોજ શાકની ટોપલી લઇ હું દૂર પારસી લોકોના લત્તામાં વેચવા જતી હતી, કેમકે એ લોકો દયાળુ હોય છે અને બેચાર પૈસા માટે ગરીબ માણસ સાથે રકઝક કરતાં નથી. વળી વારે તહેવારે જુનાં કપડાં મીઠાઇ એવું એવું પણ એ લોકો આપે છે. પણ મારૂં નસીબ બે ડગલાં આગળ. હું પૈસા ભેગા કરીને રાખું અને મારો વર જોર જુલમથી મારી પાસેથી લઇ લે. ના આપું તો મારવા આવે. વળી અધુરામાં પુરો તે દારૂ પીતાં શીખ્યો, એટલે મારા પૈસાની એને વધારે જરૂર પડી. આ નરકજેવા મુંબઇમાંથી હું કેમ છૂટીશ એમ મને રોજ થતું હતું. એમ કરતાં મુંબાઇ આવ્યે નવ વરસ થઇ ગયાં. અંતે મારા વરનો ખરાબ રોગ મને લાગુ પડયો. એક દિવસ એક મારા શાકની ઘરાક દયાળુ પારસી બાઇને જઇને મેં મારા રોગની બધી વાત કહી. બીજે દિવસે મને એ હોસ્પીટલમાં લઇ ગઇ. લગભગ દસ મહીના હું હોસ્પીટલમાં રહી અને રોગ તદ્દન મટી ગયો. કોઇ કોઇ વાર મારા પાડોશીઓ મને હોસ્પીટલમાં જોવા આવતા હતા. તેમના કહેવાથી મેં જાણ્યું હતું કે મારા વરે બીજી વાર લગ્ન કર્યું છે. હોસ્પીટલમાંથી છૂટીને હું સીધી પેલી ભલી પારસણને ઘેર ગઇ. એણે મને મારે ગામ જવા જેટલા ગાડીભાડાના પૈસા આપ્યા અને વધારામાં દસ રૂપીયાની નોટ મારા હાથમાં મૂકી.

મુંબાઇ છોડીને હું રેલગાડીમાં બેઠી ત્યારે મને એમ થયું કે અરેરે ભગવાન! તેં મને છોકરાંયે ના આપ્યાં! નસીબ ફુટેલાં. બીજુ શું? ગામ પહોંચીને જાણ્યું કે મામા વરસ દિવસ પર કોલેરામાં મરી ગયા અને મામા બિચારાં આંધળાં થયાં હતાં. હવે એના પર હું ભારરૂપ થઇને પડું કેમ? પછી એક મંગળવારે હું મહાબળેશ્વરની ગુજરીમાં અનાજ લેવા આવી. મારૂં ગામ અહીંથી દસ માઇલ દૂર છે. બજારમાં આવી અને આ દૂકાન કાઢવાનો મને વિચાર આવ્યો અને પાંચ વરસથી મગફળી, ચણા, તલના લાડુ એવું બધું વેચીને ગુજરાન ચલાવું છું."

મેં ભાગીરથીને પૂછયું, 'તું મારી સાથે મુંબઇ આવીશ?' તે એકદમ હાથનો લટકો કરીને બોલી—"ના રે બાઇ! મુંબાઇને હાથ જોડયા. હવે તો આ મારી દુકાન ભલી ને હું ભલી." મેં એને ઘણું સ્હમજાવ્યું કે મારે ઘેર એને કંઇ દુઃખ નહીં પડે, કામનો પણ ઝાઝો બોજો નહિ રહે, પણ એ એકની બે ના થઇ. કોણ જાણે કેમ મને ભાગીરથી બહુ ગમી ગઇ હતી, અને તેથી એને મારી સાથે મુંબાઇ લઇ જવાની ઇચ્છા હું રોકી શકતી ન્હોતી. એટલે મહાબળેશ્વર છોડવાને આગલે દિવસે હું ફરી પાછી બજારમાં ભાગીરથીની દુકાને ગઇ અને પૂછયું—"કેમ તેં મુંબાઇ આવવાનો શો વિચાર કર્યો?" તે એકદમ જમીન ઉપર બેસી ગઇ અને બે હાથ ઘૂંટણ પર ટેકવીને, હથેલીઓથી લમણાં પકડીને બોલી—"અરેરે બ્હેન! તમને શું કહું? મારો વર બિચારો બહુ માંદો પડયો છે. એના જુના ખરાબ રોગથી આખું શરીર સડી ગયું છે; તે મારી શોકયને અહિં લાવ્યો છે અને આ દુકાન પાછળની ઓરડીમાં અમે ત્રણે જણ રહીએ છીએ. મુંબાઇના દાકતરો કહે છે કે આ રોગ નહિ મટે. જોઇએ હવે દેશી દવા કરીએ છીએ. બ્હેન કહો, હવે તમારી સાથે હું મુંબાઇ કેવી રીતે આવું? એક તો મારે દુકાન સંભાળવાની અને વળી ધણીની ચાકરી કરવાની" આટલું બોલી તેણે પાલવથી આંસુ લૂછયાં.

ભાગીરથી જેવી સતી સ્ત્રીઓ હિંદુસ્તાનને ખૂંણે ખાંચરે કેટલીયે પડી હશે! અને તે માત્ર ગરીબવર્ગમાં જ નહિ, ધનિક અને મધ્યમવર્ગમાં તેમજ શિક્ષિત અને કેળવાયેલી સ્ત્રીઓમાં પણ આજે અનેક સતીઓ હયાત છે. જ્યાં સુધી પુરૂષ માનસ સ્વાર્થી ઓછું નહિ થાય ત્યાં સુધી, ઘરસંસાર સુખી કરવા માટે, સ્ત્રીને સતી થયા વગર આ દેશમાં ચાલવાનું જ નથી. કલિયુગમાં સતીઓ નથી થતી એ વાત ખોટી લાગે છે. કદાચ કલિકાળ પુરો થયો હશે, કેમકે હવે તો ગાંધીયુગનો આરંભ થઇ ચુકયો છે. કાળનું ચક્ર ગમે તેમ ફરે, પરંતુ ભારત વર્ષમાં સતીઓની ખોટ કદાપિ નહિ પડે. એ નિશ્ચિત છે કે હિંદુ પુરૂષ કાળાન્તે પણ બદલાશે નહિ.

(જ્યોતિર્ધરમાંથી ઉધ્ધૃત) **સૌદામિની મહેતા**

## સ્વર્ગસ્થ સરોજિની નાયડુ

રાષ્ટ્રીય મહાસભાએ કેવળ બંધારણીય હીલચાલનો માર્ગ છોડીને ગાંધીજીના નેતૃત્વ નીચે દેશને સ્વતંત્ર બનાવવાની સીધા પગલાની—અસહકાર, સત્યાગ્રહ કે સવિનય કાનુનભંગની—લડતનાં આ દેશમાં જ્યારથી મંડાણ માંડયાં ત્યારથી એક સરખો સાથ આપનાર અને આઝાદી પ્રાપ્ત થયા બાદ યુ. પી. ના ગવર્નરપદને શોભાવનારં શ્રીમતી સરોજિની નાયડુના માર્ચ માસની બીજી તારીખની રાત્રે નીપજેલ અવસાનથી આખો દેશ શોકગ્રસ્ત બન્યો છે અને ગાંધીજી પાછળ તેમના એક વફાદાર સાથીને પણ આપણે ગુમાવીએ છીએ એવી લાગણીએ આપણા સર્વના દિલમાં ભારે ગ્લાનિ પેદા કરી છે.

સરોજિનીનો જન્મ ૧૮૭૯ ના ફેબ્રુઆરી માસની ૧૩મી તારીખે થયો હતો. તેમના પિતા ડૉ. અઘોરનાથ ચટ્ટોપાધ્યાય એક મોટા શિક્ષણશાસ્ત્રી તેમજ વિજ્ઞાનવેત્તા હતા અને નિઝામના કેળવણીપ્રધાન હતા. અઘોરનાથ અસાધારણ બુદ્ધિશાળી પુરૂષ હતા. તેઓ અનેક ભાષાઓ જાણતા અને તેમનું ઘર અનેક ગરીબ તવંગર, વિદ્વાન અભણ, કવિઓ અને કળાકારોનો દરબાર હતો. આવા પિતાના ખોળામાં ઉછરેલી સરોજિનીએ નાનપણથી જ પોતાની અસાધારણ બુદ્ધિપ્રભાનો અનુભવ કરાવવા માંડયો હતો. બાર વર્ષની ઉમ્મરે તેઓ મેટ્રીક થયેલાં. સૌથી પહેલું કાવ્ય તેમણે અગિયાર વર્ષની ઉમ્મરે રચેલું. ૧૩માં વર્ષથી તો કાવ્યનો ઝરો તેમનામાં વેગપૂર્વક વહેવા લાગ્યો. તેમની અસાધારણ બુધ્ધિપ્રતિભાથી આકર્ષાયલા નિઝામે તેમને પરદેશ અભ્યાસ કરવા માટે સારી શિષ્યવૃત્તિ આપી અને ૧૫ મા વર્ષે તેઓ ઇંગ્લાંડ ગયાં. ઇંગ્લાંડમાં અભ્યાસ સાથે કાવ્યસર્જન તો વિપુલ પ્રમાણમાં ચાલતું જ રહ્યું. ઇંગ્લાંડનું યુનીવર્સીટીનું જીવન તેમને માફક ન આવ્યું અને ૧૮૯૮ માં તેઓ નબળી તબિયતે હિંદ ખાતે પાછા ફર્યાં. ત્યાર બાદ તેમણે પસંદગીપૂર્વક નિઝામનાં ડોકટર શ્રી ગોવિંદ રાજુલુ નાયડુ સાથે લગ્ન કર્યું. પણ ગૃહજીવનના ચાર ખુણામાં ગોંધાઇ રહેવાને તેઓ સરજાયા ન હોતાં તેમની સાહિત્ય પ્રવૃત્તિ તો વધતી જ જતી હતી. સદ્દગત ગોપાલકૃષ્ણ ગોખલેના પુણ્ય પરિચયે તેમને રાજકારણ તરફ આકર્ષ્યાં. સૌથી પહેલાં ૧૯૧૫ ની મુંબઇની કોંગ્રેસમાં તેઓ દેખાયાં. ૧૯૧૬ માં લખનૌ ખાતે ભરાયલી કોંગ્રેસમાં હિંદુ મુસલમાન એકતાનું ખત નક્કી કરવામાં

આવ્યું હતું. આ ખતના ઘડતરમાં તેમણે અગ્રભાગ લીધો હતો. પછી તો તેઓ કોંગ્રેસના રાજકારણમાં વધારે ને વધારે ભાગ લેતા ગયાં, અને સ્ત્રીપ્રતિનિધિમંડળના અગ્રણી તરીકે તેમ જ ત્યારબાદ ઇન્ડીયન હોમરૂમ લીગના પ્રતિનિધિ તરીકે તેઓ ઇંગ્લાંડ ગયાં, અને ત્યાં હિંદ સંબંધે તેમણે ખુબ પ્રચારકાર્ય કર્યું. ૧૯૨૪ માં સાઉથ આફ્રીકન ઇન્ડીયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ તરીકે તેઓ સાઉથ આફ્રીકા ગયા અને ૧૯૨૫ માં કાનપુર ખાતે ભરાયલી રાષ્ટ્રીય મહાસભાના તેઓ પ્રમુખ થયા. ૧૯૨૮ માં તેઓ અમેરિકા ગયા અને ત્યાંના લોકોને હિંદની સાચી પરિસ્થિતિથી વાકેફ કર્યા. ૧૯૩૦માં ધારાસણાના મીઠાના સત્યાગ્રહની તેમની આગેવાની લીધી અને જેલવાસ સ્વીકાર્યો. ૧૯૩૦ ની આખરમાં મળેલી ગોળમેજી પરિષદમાં તેઓ સ્ત્રી વર્ગના પ્રતિનિધિ તરીકે ઇંગ્લાંડ ગયા. પછી પાછો જેલવાસ, વળી મુક્તિ, સતત કાર્યપરાયણતા, ૧૯૪૨ની લડત અને કારાવાસ, ૧૯૪૫માં તબિયત લથડવાના કારણે મુક્તિ, ૧૯૪૭માં દેશને આઝાદીની પ્રાપ્તિ અને તેમની યુ. પી. ના ગવર્નરના સ્થાન માટે પસંદગી. જીવનના અન્ત સુધી લથડતી તબિયતે પણ સરોજિની નાયડુ આ અધિકાર ઉપર રહ્યાં અને ત્યાંની જનતાની તેમણે અથાગ પ્રીતિ સંપાદન કરી. માર્ચ માસની બીજી તારીખની રાત્રે તેમના ઉપર એકાએક હૃદય રોગનો હુમલો આવ્યો અને જોતજોતામાં તેમનો જીવનપ્રદીપ ઓલવાયો. આવી એક સરખી જેની ઉજ્જવળ જીવનકારકીર્દી હતી તેવાં સરોજિની નાયડુનું રાજકારણી આગેવાનોમાં અગ્રસ્થાન છે જ, પણ હિંદના સ્ત્રીસમાજમાં તો તેમની સાથે વ્યકિતત્વના પ્રભુત્વમાં સરખાવી શકાય એવી અન્ય કોઇ સ્ત્રી, ભારતવર્ષના અદ્યતન કાળમાં, જોવામાં આવતી નથી. પ્રકૃતિથી કાવ્યકળાને વરેલાં અને સાહિત્ય સેવા અર્થે સરજાયેલાં અને એ જ ક્ષેત્રમાં જેણે અમુક નામના ઉગતી ઉમ્મરથી પ્રાપ્ત કરી હતી તેવાં સરોજિનીએ કાવ્ય, કળા, સાહિત્યનાં સર્વ પ્રલોભનો બાજુએ મૂકીને દેશના રાજકારણને પોતાની શકિતઓ સમર્પણ કરી હતી અને ગાંધીજીમાં સમાઇ જઇને ઉચ્ચ કોટિનું આત્મવિલોપન જગત સમક્ષ રજુ કર્યું હતું. હિંદની આઝાદીના નિર્માણઇતિહાસમાં–ગાંધીજીની જીવનકથામાં–તેમનું સ્થાન નિશ્ચળ રહેશે તેમજ તેમનું નામ અમર રહેશે. હિંદની પાર્લામેન્ટમાં તેમને ભારે ભવ્ય અંજલિ આપતાં પંડિત જવાહરલાલ નહેરૂએ જણાવ્યું હતુ કે "હિંદ ભવિષ્યમાં અનેક મહા પુરૂષો તેમ જ સ્ત્રીઓ પેદા કરશે એ વિષે મને શક નથી, પણ સરોજીનીની બીજી આવૃત્તિ હિંદ પેદા કરશે કે કરી શકશે એ વિષે મને સંદેહ છે. એક મોટા પ્રાન્તના સરસુબા તરીકે તેણે ભરે કુશળતાપૂર્વક અને ભારે સફળતાપૂર્વક કામગીરી આપી હતી અને એનો પુરાવો તો અહિં જ આપણને જોવા મળે તેમ છે કે એ પ્રાન્તના મુખ્ય પ્રધાન તેમજ અન્ય પ્રધાનોથી માંડીને ભિન્ન ભિન્ન વર્ગો, સમાજો અને ધાર્મિક સંપ્રદાયો તેમ જ મજુર અને ખેતરમાં ખેતી કરતાં ખેડુત સુધી સૌ કોઇ તેની તરફ આકર્ષાયા હતા અને સૌ કોઇએ તેના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ગવર્નર તરીકે અને રાજ્યના એક મુખ્ય અધિકારી તરીકે તેણે ઘણી મોટી સફળતા પ્રાપ્ત કરી હતી. પણ અહિં હું તેના વિષે આજે બોલી રહ્યો છે તે તેના ગવર્નર હોવાના કારણે નથી, કારણ કે સાધારણ રીતે ગવર્નરો હોય છે તે કરતાં તે ઘણી મોટી વ્યકિત હતી. તે પોતે કોણ હતી તેનો પૂર્ણ પરિચય આપવાનું મારા માટે શકય નથી, કારણ કે તે આપણામાંની એક હતી, આપણને જે રાષ્ટ્રીય વારસો મળ્યો છે તેની તે અંગભૂત હતી, અને જેમને તેની સાથે આઝાદીની લડત દરમિયાન વર્ષો સુધી જોડાયલા રહેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું, જેમણે તેની સાથે કામ કર્યું હતું અને આનંદ વિનોદ પણ કર્યો હતો એવા અમારામાંની તે એક હતી તે એક અપૂર્વ ઓજસ્વીતાથી ભરેલી વ્યકિત હતી; કુદરતે તેની ઉપર અનેક બક્ષીસો વરસાવી હતી અને તેને લીધે તે એક અને અજોડ વિભૂતિ હતી.

તેણે એક કવિ તરીકે જીવનની શરૂઆત કરી હતી અને પાછળનાં વર્ષોમાં જ્યારે તે રાષ્ટ્રીય લડતમાં ખેંચાતી ચાલી ત્યારે તેમાં પણ તેણે પુરા તન મનથી ઝંપલાવ્યું હતું અને પોતાનો આખો આત્મા એમાં પરોવી દીધો હતો. પછી તેણે કાગળ અને કલમ વડે બહુ કવિતાઓ લખી નહોતી, પણ તેનું આખું જીવન જ ગાન અને ગીતમય બની ગયું હતું. જેવી રીતે આપણા રાષ્ટ્રપિતાએ આપણી રાષ્ટ્રીય લડતમાં નૈતિક ભવ્યતા અને મહત્તાનું સીંચન કર્યું હતું તેવી જ રીતે તેણે આપણી રાષ્ટ્રીય લડતને કળા અને કાવ્ય વડે સુઅંકિત કરી હતી. તેણે આપણને એક એવા સુદૃઢ અજેય અન્તરતત્વનો પરિચય કરાવ્યો હતો કે જે ગમે તેવી આફત કે કટોકટીનો બહાદૂરીપૂર્વક સામનો કરતું હતું એટલું જ નહિ પણ એ સામનો હળવા દિલનો હતો, દરેક કટોકટિની ઘડિએ તેના મોઢામાંથી ગાન નીકળતું હતું. અને તેની મુખમુદ્રા ઉપર સ્મિત વિલસતું હતું. તેના સમગ્ર જીવન ઉપર નજર ફેલાવતાં માલુમ પડે છે કે તે કેટલી વિવિધ શક્તિઓનો ભંડાર હતી, કેવી અપૂર્વ પ્રાણમયતા ભરેલું તે જીવન હતું, તે જીવન કોઇ સાદું સાધારણ જીવન નહોતું પણ આપણા જીવનના સાંસ્કારિક તેમજ રાજકારણી અનેક અંશોને સ્પર્શતું ચેતનાના ધોધથી ધસમસતું જીવન હતું અને એ જોઇને ભારે આશ્ચર્ય અનુભવાય છે. જેને તેનો સ્પર્શ થતો તેને તે પોતામાં રહેલી આગથી પ્રજ્જ્વલિત કરતી. તે ખરેખર જ એક અગ્નિની જવાળા હતી અને એમ છતાં પણ શીતળ જળને વહન કરતી, દુઃખી અને દલિતને ઠંડક અને શાન્તિ આપતી અને રાજકારણની ગરમીને પ્રશાન્ત કરતી અને તેમાં સમધારણ પ્રેરતી સુભગસલિલા સરિતા હતી.

આજે આપણને લાગે છે કે એક ભવ્ય આત્મા આપણી વચ્ચેથી ઉડી ગયો છે, અલોપ થયો છે. દેશમાં છેલ્લે છેલ્લે જે કાંઇ બનતું રહ્યું હતું તેથી તેની જેવા કોઇ પણ લાગણીપ્રધાન આત્માને પારાવાર વેદના થયા વિના ન જ રહે અને તેણે પણ એવીજ વેદના અનુભવી હતી પણ એ વેદનામાં તેણે એક એવા લાવણ્યનું દર્શન કરાવ્યું હતું કે આ પણ તેના માટે એક લીલાજ છે એમજ આપણને લાગે અને એ રીતે આપણી લડતને હંમેશા ઉંચી અને વધારે ઉંચી ભૂમિકા ઉપર તે લઇ જતી અને ભવિષ્યમાં કોઇ પણ, કદાપિ આપી ન શકે એવી એક વિશિષ્ટ ભાત આપણી લડતને તેણે આપી હતી.

આઝાદી સ્વતઃ ઇષ્ટ વસ્તુ છે પણ આપણે બીજી કોઇ વસ્તુની પ્રાપ્તિ માટે–આપણા લોકોને કલ્યાણમય જીવન સાંપડે તે માટે–આઝાદીની અપેક્ષા કરીએ છીએ. અને જેમાં કળા નથી, રસમયતા નથી, નૈતિકતા નથી એવું કોઇ કલ્યાણમય જીવન આપણે કલ્પી શકીએ ખરા? આ તત્વો સિવાય કલ્યાણમય જીવન હોઇ જ ન શકે. એ વિનાનું જીવન ક્ષણજીવી જ હોવાનું અને તે કેવળ નિરસ અને કઠોરતાથી ભરેલું હોવાનું.

સરોજિનીએ આપણને હિંદને તેમ જ હિંદ બહારના લોકોને એવી એક માનવોચિત દૃષ્ટિ આપી હતી કે જે દૃષ્ટિ એકમેક પ્રત્યે સહાનુભૂતિથી ભરેલી હતી અને અન્તરની ઉષ્માથી પુલકિત હતી. હિંદની સર્વદેશીય–સાંસ્કારિક તેમ જ ભૌગોલિક–એકતા માટે કોઇ પણ માનવી કરતાં તેનો ઘણો વધારે આગ્રહ હતો. જ્યારે સાંકડા વર્ગો અને વિભાગોમાં પુરાયલા જેવી આપણી સ્થિતિ થાય છે ત્યારે યાદ રાખવું ઘટે છે કે વિચાર કે આચારની સંકીર્ણતામાંથી કદિ મહાનુભાવતા જન્મ પામતી નથી. કોઇ પણ રાષ્ટ્ર માટે, સમાજ માટે કે વ્યકિત માટે સાચી મહાનુભાવતા વિશાળ દર્શન, વિશાળ વિચારણા અને માનવલક્ષી જીવનસાધનામાંથી જ પ્રાપ્ત થાય છે. પશ્ચિમે પેદા કરેલી અનેક મહાન વસ્તુઓ તેણે હિંદ સમક્ષ રજુ કરી હતી અને હિંદની સંસ્કારસમૃદ્ધિની વિશેષતાઓ પશ્ચિમ સમક્ષ રજુ કરી હતી અને બન્ને વચ્ચે સમન્વયની બુધ્ધિ અને ભાવનાને વેગ આપ્યો હતો. એ વિરલ વ્યકિત–શકિત સમૃધ્ધ અને જેની કીંમત આંકી ન શકાય એવી મહાન વિભૂતિ–આજે

આપણી વચ્ચે નથી અને આપણે શોકની લાગણી અનુભવીએ છીએ અને એમ છતાં એ લાગણી કેવળ શોકની નથી. જો આ ઘટનાને આપણે બીજી રીતે વિચારીએ તો હિંદે આ જગતમાં વિરલ ગણાય એવી અનેક વિભૂતિઓ પેદા કરી છે કે જેણે આપણને પ્રેરણા આપી છે અને ભવિષ્યમાં પણ આપણને પ્રેરણા આપ્યા કરશે—આ રીતે વિચારતાં આપણે પ્રમોદ અને ગૌરવની લાગણીઓ પણ અનુભવીએ છીએ." દેશની આઝાદીના પ્રતીક સમા પંડિત જવાહરલાલ નહેરૂએ આવી જેને અંજલિ આપી છે તેવા સરોજિની નાયડુને આપણા વન્દન હો ! તેનું પ્રાણદાયી સ્મરણ આપણને સદા પુરૂષાર્થ અને સેવાના માર્ગે સુદૃઢ કરો. ! !

પરમાનંદ

## કેટલાક સમાચાર અને નોંધ

### 'ભાગીરથી'

આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલી આ વાર્તા શ્રી. સૌદામિનીબહેન મહેતાની લખેલી છે અને થોડા સમય પહેલાં જ્યોતિર્ધરમાં પ્રગટ થયેલી અહિં ઉદ્ધૃત કરવામાં આવી છે. આ વાર્તા વાસ્તવિક ઘટના ઉપરથી લખવામાં આવી છે અને તેથી આ વાર્તા પ્રગટ કરતાં સદ્‌ગત ઝવેરચંદ મેઘાણી યાદ આવે છે, જે સમાજના નીચલા થરમાંથી આવી અનેક નાની મોટી ઘટનાઓ વીણી લાવતા અને તેને પોતાની મધુર કરૂણાપ્રધાન શૈલીમાં ગુંથતા અને એ પ્રકારની એમની વાર્તાઓના અવારનવાર પ્રકાશનને લીધે પ્રબુધ્ધ જૈન સદા નવપલ્લવિત રહેતું. પ્રબુધ્ધ જૈનને પડેલી એ ખોટ જ્યાં સુધી એવો લેખક ન મળે ત્યાં સુધી આ રીતે જ પુરવાની રહી. ગયા બે અંકમાં કેન્ટકીના દીનબંધુની અદ્‌ભુત જીવનકથા પ્રગટ કરવામાં આવી હતી. આ અંકમાં પ્રગટ કરવામાં આવેલી ભાગીરથી સમાજજીવનની એક બીજી જ બાજુ રજુ કરે છે. જેમની કથાઓ ધર્મકથાના ગ્રંથોમાં શબ્દારૂઢ થઇ છે એવી સતીઓ તો ગણીગાંઠી છે પણ એ સતીઓ જેમની પ્રતીકરૂપ છે એવી અનેક સતીઓ કાળે કાળે અને સ્થળે સ્થળે આ દેશમાં તેમ જ અન્યત્ર પાકતી આવી છે અને સત્ય, શીલ અને કરૂણાની વેદી ઉપર પોતાના સર્વસ્વનું બલિદાન આપતી રહી છે. ભાગ્યે જ તેમના જીવનકારૂણ્યને કોઇએ શબ્દોમાં ગુંથ્યું છે. ભાગ્યેજ તેમને કોઇએ ઓળખી છે, એમ છતાં પણ આવાં અપ્રગટ બલિદાનો ઉપર જ સમાજની નૈતિક અને આધ્યાત્મિક પ્રતિભા જળવાતી આવી છે અને સમાજના પ્રાણ ટકતા રહ્યા છે.

વળી પ્રસ્તુત વાર્તા પારસી કોમના હાર્દમાં રહેલી ઉંડી માનવતાની કોમળ લાગણીઓ બહુ સુન્દર રીતે વ્યક્ત કરે છે અને આપણા હિંદુ સમાજમાં વ્યાપક બનેલી નિષ્ઠુરતા—હૃદયશૂન્યતા—આડકતરી રીતે આપણા ધ્યાન ઉપર લાવે છે. આપણી આંખોમાંથી દયા ઓસરતી જાય છે, આપણું હૃદય કઠોર બનવામાં જ સાર્થકતા અનુભવે છે. 'એમાં હું શું કરી શકું ?' એવા સમાધાન સાથે કોઇ પણ દુઃખી, ત્રસ્ત, વ્યાધિગ્રસ્ત, ક્ષુધાતુર કે તૃષાતુર સામે આપણે આંખ આડા કાન કરીએ છીએ અને ચાલુ વ્યવસાયમાં નિમગ્ન રહેવામાં જ આપણે ઇતિકર્તવ્યતા અનુભવીએ છીએ !

### ગાંધીજીના ખુનીને ફાંસીની શિક્ષા !

ગાંધીજીનાં ખુની નાથુરામ ગોડસેને ફાંસીની શિક્ષા ફરમાવવામાં આવી છે એ તો સુવિદિત સમાચાર છે. આ મહીનાની ૨૩ મી તારીખે તે શિક્ષા સામે કરવામાં આવેલી અપીલની સુનાવણી થવાની છે. ગોડસેને જ્યારથી ફાંસીની શિક્ષા ફરમાવવામાં આવી છે ત્યારથી આ શિક્ષાનો ખરેખર અમલ કરવામાં આવશે કે કેમ અને ગાંધીજીના ખુનીને ફાંસી દેવામાં આવે તે યોગ્ય કહેવાય કે કેમ એ બન્ને પ્રશ્નો ચોતરફ મિત્રમંડળોમાં ખુબ ચર્ચાઇ રહ્યાં છે. દેહાન્ત દંડની શિક્ષાની યોગ્યાયોગ્યતા સંબંધમાં આજની સુધરેલી દુનિયામાં મતભેદ છે. એક મત એવો છે કે માણસને મોતનો ભય સૌથી મોટો છે અને એ ભય જ માણસને ખુનની હદ સુધી પહોંચતો અટકાવવામાં બહુ અગત્યનો ફાળો આપે છે. વળી ખુની માણસ માટે સમાજમાં છુટો થઇને ફરવાની કોઇ પણ તક ઉભી રહેવા દેવી એ સમાજસ્વાસ્થ્યને જોખમાવવા બરોબર છે. બીજી બાજુએ એમ કહેવામાં આવે છે કે ખુનના તાન ઉપર ચઢેલો માણસ મોતના ભયથી ખુન કરતો અટકી જશે એમ માનવું વધારા પડતું છે અને દિન પરદિનના અનુભવનું વિરોધી છે. ખુનીને પણ સુધરવાની તક આપવામાં આવતાં સારૂં પરિણામ આવવાની એટલી જ શકયતા છે. ફાંસી એ એક રીતે ખુનની સામે ખુન જેવું છે. એક વ્યક્તિગત છે, બીજું સામાજિક છે. આમ હોવાથી દેહાન્ત દંડની શિક્ષાથી કોઇ પણ સામાજિક પ્રગતિ સધાતી નથી. વળી કોઇ પણ ખુન પાછળ હંમેશાં નરી દુષ્ટતા જ રહેલી છે એમ માનવું વ્યાજબી નથી. ક્ષણિક આવેશ, ગેરસમજુતી, માનસિક ભ્રમણા, સામા પક્ષની અણઘટતી ઉત્તેજના, બે પક્ષ વચ્ચે કંઇ કાળથી ચાલતી દ્વેષમૂલક પરંપરા—આવાં અનેક કારણો ઘણાં ખરાં ખુન પાછળ હોય છે. ખુનીને એકાએક નાબુદ કરવાથી ખુની વૃત્તિ નાબુદ થતી નથી. ખુનીને પરહેજ કરીને પણ જીવતો રાખવામાં આવે અને તેને સુધરવાની તક આપવામાં આવે તો તે ઘણી વખત સુધરે છે અને તેની સમાજ ઉપર બહુ આવકારદાયક અસર પડે છે. આવા ખ્યાલોથી કેટલાક સુધરેલા દેશોમાં દેહાન્તદંડની શિક્ષા કરવાની કાયદાથી મના કરવામાં આવી છે. ગાંધીજીને આપણે જે રીતે સમજતા આવ્યા છીએ તે રીતે વિચારતાં દેહાન્ત દંડ સંબંધે ગાંધીજીનો પણ આવો જ અભિપ્રાય હોવો જોઇએ એમ માનવાને આપણે પ્રેરાઇએ છીએ. આ પ્રશ્ન ઉપર ગાંધીજીએ કોઇ પણ ઠેકાણે સ્પષ્ટ વિધાન કર્યું હોય તો ધ્યાનમાં નથી, પણ ઉપર મુજબની સર્વસાધારણ માન્યતાને અંગે અને જો ગાંધીજી જીવતા હોય અને એમનું ચાલતું હોય તો પોતાના ખુનીની પણ આ રીતે કાયદાસરની હિંસા થવા ન દે એવું સર્વ કોઇનું એક સરખું કલ્પનાસંવેદન હોવાના કારણે નાથુરામ ગોડસેને કરવામાં આવેલી ફાંસીની શિક્ષા આજીવન કારાવાસમાં પલટાવવી જોઇએ એમ આપણુ સર્વને લગે છે. સંભવ છે કે આરોપી ઉપરનો ખુનનો આરોપ પુરવાર થયે દેહાન્ત દંડથી અન્ય પ્રકારની શિક્ષા ફરમાવવાનો વિકલ્પ મૂળ કામ ચલાવનાર ન્યાયાધીશના અધિકારની બહારનો હોય. એવી જ રીતે સંભવ છે કે અપીલનો ચુકાદો આપનાર ન્યાયાધીશના હાથ પણ કાયદાથી બંધાયલા હોય. પણ છેવટે હિંદી સરકાર અથવા તો તેના પ્રતિનિધિ નામદાર ગવર્નર જનરલ શ્રી. રાજગોપાલાચાર્ય જે ગાંધીજીને આપણુ સર્વ કરતાં વધારે સમજે છે તેઓ આ બાબતમાં પ્રજાની લાગણીને માન આપી નાથુરામ ગોડસેને ફાંસીએ ચડતો અટકાવશે અને પોતાના દુષ્ટ કૃત્ય સંબંધે અન્તર્મુખ બનવાની તેને તક આપશે એવી આપણે જરૂર આશા રાખીએ.

### પ્રતિજ્ઞા પૂર્ણ થવા બદલ ધન્યવાદ

આજથી સવા બે મહીના પહેલાં બીખાવર ખાતે જૈન શ્વેતાંબર સ્થાનકવાસી કોન્ફરન્સની અખિલ હિંદ મહાસમિતિની બેઠક મળી હતી તે વખતે મુંબઇ ખાતે એક શ્રાવિકાશ્રમ શરૂ કરવાની અગત્ય ઉપર બહુ ભાર મૂકવામાં આવ્યો હતો અને એને માટે જોઇતાં નાણાં જલ્દિથી એકઠા કરવા જ જોઇએ એવા એકઠા થયેલા સભ્યોનો આગ્રહ ધ્યાનમાં લઇને શ્રી ચંચળબહેન ટી. જી. શાહ અને શ્રી લીલાવતી બહેન ચુનીલાલ કામદારે આ કાર્ય માટે બીયાવરથી જ ઉપડવાની અને રૂ. ૫૦૦૦૦) એકઠા ન થાય ત્યાં સુધી મુંબઇ પાછા નહિ ફરવાની પ્રતિજ્ઞા જાહેર કરી હતી. આ કાર્યને સાથ આપવાના હેતુથી શ્રી. ટી. જી. શાહે પણ આ ફંડમાં એક લાખ રૂપીઆ એકઠા ન થાય ત્યાં સુધી દુધ નહિ લેવાની પ્રતિજ્ઞા જાહેર કરી હતી. જણાવતાં આનંદ થાય છે કે એ બન્ને બહેનોએ શ્રી. ટી. જી. શાહ સાથે સ્થળે સ્થળે પ્રવાસ કરીને બે મહિનાની અંદર રૂ. ૬૦૦૦૦ ઉપરં એકઠા કર્યા છે અને બન્ને બહેનો સુખરૂપ મુંબઇ પાછા ફર્યા છે. આવી પ્રતિજ્ઞા લેવા માટે બન્ને બહેનોને ધન્યવાદ ઘટે છે. અને એ પ્રતિજ્ઞા આટલી જલ્દિથી પુરી થવા બદલ બન્ને બહેનોને જૈન સમાજનાં અભિનંદન છે. સાથે સાથે શ્રી ટી. જી. શાહની પ્રતિજ્ઞા પણ સત્વર વહેલી પુરી થાય એમ આપણે આશા સેવીએ અને પ્રાર્થના કરીએ.

## શ્રી જવલબહેન ફરીથી ઉપવાસ ઉપર

કેશરીયાજી તીર્થ સંબંધમાં શ્રી જવલબહેન તા. ૧૮-૨-૪૯-થી પાછા ઉપવાસ ઉપર ઉતર્યા છે. આ પત્ર પ્રગટ થાય છે ત્યારે તેમણે ૨૫ ઉપવાસ પૂરા કર્યા હશે. આજથી દશેક મહિના પહેલાં ૪૨ દિવસના ઉપવાસ બાદ શ્રી તેજસિંહ કોઠારી જેઓ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન છે તેમની કેશરીઆજીના ભંડારી અથવા તો વહીવટકર્તા તરીકે નિમણુંક થતાં પોતાની પ્રતિજ્ઞા પુરી થાય છે એમ સમજીને શ્રી જવલબહેને પારણું કર્યું હતું. તા. ૨૫-૧૧-૪૮ ના રોજ ત્યાંની સરકાર તરફથી અમુક નવી જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત તા. ૨૨-૫-૪૮ ની જાહેરાત કે જેના પરિણામે તેમણે પારણું કર્યું હતું તે આગળની જાહેરાતનો ભંગ કરે છે એ માન્યતા ઉપર અને કેશરીઆજી તીર્થનો આખો વહીવટ શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજને સોંપવો જોઇએ એવા આગ્રહ ઉપર તેમણે આ નવા ઉપવાસ શરૂ કર્યા છે. આ સમાચાર સાંભળીને દુઃખ થાય છે અને આવા ભીષણ માર્ગે જવા પહેલાં કેશરીઆજીની સમગ્ર પરિસ્થિતિનો વધારે શાણપણ પૂર્વક શ્રી જવલબહેને વિચાર કરવો જોઇતો હતો એમ કહેવાનું મન થાય છે.

પહેલાં તો આજે ત્યાં હવે રાણાનું રાજ્ય નથી, પણ પ્રજાના પ્રતિનિધિત્વધારીઓ રાજ્ય વહીવટ ચલાવે છે. તેથી આજે ત્યાં યોગ્ય સમધાનીની ઘણી વધારે શકયતા છે અને એ સમાધાની યોગ્ય અને જવાબદાર વ્યક્તિઓ દ્વારા શોધાવી જરૂરી છે, અને તે માટે યોગ્ય ભૂમિકા રચાવી અત્યન્ત આવશ્યક છે. આ ભૂમિકા શ્વેતાંબર અને દિગંબરો વચ્ચે સમજુતી થાય તો જ ઉભી થઇ શકે તેમ છે. વર્ષોથી દિગંબરો અને શ્વેતાંબરો કેશરીઆજીને પૂજતા આવ્યા છે અને ત્યાંના વહીવટ વિષે એ બન્ને પક્ષો વચ્ચે ઝગડો પણ વર્ષોથી ચાલે છે. આ પરિસ્થિતિમાં એ તીર્થ ધામ શ્વેતાંબરોનું જ છે અને એનો કુલ વહીવટ શ્વેતાંબરોને જ સોંપવો જોઇએ એવી માંગણી શ્રી. જવલ બહેનની દૃષ્ટિએ તદ્દન. યોગ્ય હશે તો પણ એવી માંગણી વ્યવહારૂ નથી અને તેથી એવી માંગણી ઉપર અનશન શરૂ કરવું એ એક પ્રકારના દુરાગ્રહ ઉપર ચણતર કરવા જેવું છે. જ્યાં સુધી શ્વેતાંબર સમાજ અને દિગંબર સમાજના આગેવાનો એકમત નહિ થાય ત્યાં સુધી ત્યાંની સરકાર આગળ ચાલી શકે એમ નથી. વળી શ્રી જવલ બહેન માનતા હોય એમ કેશરીઆજીનો પ્રશ્ન કેવળ સાદો સાદો નથી અને જે જેનું હોય તે તને આપી દેવું એવો સરળ નથી. ત્યાં ત્રીજો પક્ષ પંડયાઓનો છે અને તેમના પણ ત્યાં વર્ષોના સ્થાપિત હકકો છે. અને એ સ્થાપિત છતાં જૈન સમાજની દૃષ્ટિએ તદ્દન ગેરવ્યાજબી દેખાતા હકકો સામે જૈન સમાજે લડત ચલાવવાની છે. જૈન સમાજ જ્યાં સુધી પોતાનું ઘર ચોખ્ખું નહિ કરે ત્યાં સુધી બીજા પાસે પોતાની વ્યાજબી બાબત શી રીતે મંજુર કરાવી શકશે? એક બાજુએ અમુક પ્રશ્ન ઉપર આપણી જ એક બહેન આમરણાન્ત અનશન લઇને બેઠી છે ત્યારે તેમના અભિપ્રાયનું સમર્થન કરવાને બદલે તેમને અનુકુળ ન હોય એવું મન્તવ્ય રજુ કરતાં બહુ દુઃખ થાય છે, પણ જ્યારે તેમના અનશને આ પ્રશ્નને પુનઃ જીવતો કર્યો છે ત્યારે પ્રસ્તુત પરિસ્થિતિ અંગે જે કાંઇ સ્પષ્ટ લાગે તે સ્પષ્ટપણે રજુ કરવાનો ધર્મ થઈ પડે છે.

## જૈન સમાજનો કૃતજ્ઞતાધર્મ

ગયા વર્ષે શત્રુંજય તીર્થ ઉપરનો જૈન સમાજને ભરવો પડતો રૂ. ૬૦૦૦૦ નો વાર્ષિક કર તત્કાળ નવનિર્મિત સૌરાષ્ટ્ર સરકારે માફ કર્યો ત્યારે જૈન સમાજ આનંદપુલકિત બન્યો હતો અને આ શુભ પગલાની કદર તરીકે જૈન સમાજે કાંઇક કરવું જોઇએ એ વિચાર અને ભાવના સૌ કોઇના દિલમાં રમી રહી હતી. એ અરસામાં પ્રબુદ્ધ જૈનની એક નોંધ દ્વારા. રૂ. ૬૦૦૦૦ નો વાર્ષિક કર ભરવા નિમિત્તે શેઠ આણંદજી કલ્યાણજી તરફથી એકઠા કરવામાં આવેલ આશરે બાર લાખ રૂપીઆ કોઇ પણ જનકલ્યાણકારી યોજનામાં રોકવા તેમ જ વાપરવા માટે સૌરાષ્ટ્ર સરકારને અર્પણ કરવા જોઇએ એવી એક સૂચના કરવામાં આવી હતી. આ સૂચનાનો સ્વીકાર કરવાને બદલે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ કેટલાક સમય પહેલાં મુંબઇમાં વસતા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના કેટલાક આગેવાનોને એકઠા કરીને એવો વિચાર રજુ કર્યો હતો કે અમદાવાદ, મુંબઇ તેમ જ અન્ય સ્થળોએથી છ થી આઠ લાખ રૂપીઆ એકઠા કરવા અને એ રકમ ઉપર જણાવેલ શુભ કાર્યની કદર તરીકે સૌરાષ્ટ્ર સરકારને અર્પણ કરવી. આ વાતને પણ ત્રણ ચાર મહીના થઇ ગયા અને એ દરમિયાન, આપણને જાણવા મળે છે તેમ, ગીરનાર તીર્થને લગતી બધી વિવાદાસ્પદ બાબતોનું પણ સૌરષ્ટ્ર સરકાર સાથે આપણું સમાધાન થઇ ગયું છે. આમ છતાં પણ પેલી એકઠી કરવા ધારેલી રકમનું શું થયુ તે વિષે જૈન સમાજને કશી પણ માહીતી આપવમાં આવી નથી. સંભવ છે કે એકઠી કરવા ધારેલી રકમ મેળવવી આજે બહુ મુસ્કેલ લાગતી હોય. એમ હોય તો ઉપર જણાવેલ બાર લાખની રકમ જે અલગ જ પડેલી હોવી જોઇએ તેનો આવો સદુપયોગ કરવાનું શા માટે વિચારવામાં ન આવે? આ બાબત સંબંધે જૈન સમાજે કાંઇ ને કાંઇ વખતસર કરવાની ખાસ જરૂર છે. જે લાખો રૂપીઆ ખરચતાં શકય નહોતું તે આજે સૌરાષ્ટ્રની અણધારી રાજયક્રાન્તિ અને સૌરાષ્ટ્ર સરકારની સહાનુભૂતિ દ્વારા શકય બન્યું છે અને શત્રુંજય તેમજ ગીરનાર અયોગ્ય સત્તાપીડનથી સદાને માટે વિમુકત બન્યા છે અને એ બન્ને તીર્થોને જૈન સમાજ ધારે તે રીતે વિકસાવી શકે એવી સરળતા અને સુગમતા પ્રાપ્ત થઇ છે. આ બધી લાભપ્રાપ્તિ સામે જૈન સમાજ કદરરૂપે કશું જ નહિ કરે તો જૈન સમાજના માથે નગુણાપણાનું કલંક રહી જશે.

## નવી સચિત્ર ટપાલની ટીકીટો

હિંદી સરકાર તરફથી તાજેતરમાં જુદા જુદા દરની નવી ટપાલ ટીકીટો બહાર પાડવામાં આવેલ છે. આ ટીકીટોમાં હિંદની શિલ્પવિભૂતિ સૂચવતા સ્થાપત્ય અને મૂર્તિનાં દૃષ્યો છાપવામાં આવ્યા છે અને આજ સુધી અંગ્રેજ શહેનશાહના મોઢાં જોવાને ટેવાયલી આપણી આંખો આ નવી ટીકીટો જોઇને કોઇ જુદો જ આનંદ અને તાજગી અનુભવે અને 'આપણે હવે આઝાદ છીએ' એ વાસ્તવિકતાનું આપણને પુનઃ હૃદયંગમ ભાન થાય છે.

જે શિલ્પના નમુનાઓ પસંદ કરવામાં આવ્યા છે તેના ઔચિત્ય સંબંધે બેમત છે જ નહિ પણ જ્યારે ટપાલની ટીકીટો તૈયાર કરવામાં હિંદી સરકારે અને તેના નીચે કામ કરતા ટપાલખાતાએ આ નવી દૃષ્ટિ સ્વીકારી છે ત્યારે આપણે આશા રાખીએ કે હિંદમાં શિલ્પ અને સ્થાપત્યના નમુનાઓની અઢળક સમૃધ્ધિ છે અને એ સમૃધ્ધિમાં જૈન સમાજનો પણ નાનોસુનો ફાળો નથી તો જેમના હાથમાં આવાં દૃષ્યો પસંદ કરવાનું કામ હોય તેઓ જૈન સ્થાપત્યના વિવિધ નમુનાઓને પણ યોગ્ય સ્થાન આપે. શત્રુંજય, ગીરનાર, આબુ, તારંગા, રાણકપુર, પાવાપુરી, શ્રમણબેલગુડા અને એવાં અનેક સ્થળો બેનમુન સ્થાપત્યથી ભરેલાં છે. તેવી જ રીતે બાહુબલીજી, અમીઝરા પાર્શ્વનાથ, સંખેશ્વર પાર્શ્વનાથ અને એવી અનેક જૈન મૂર્તિઓ પણ મૂર્તિવિધાનના સુન્દર નમુનાઓ તરીકે જાણીતી છે. આ સર્વનો પણ આ ટીકીટો નિર્માણ કરવામાં ઉપયોગ કરવો ઘટે છે. હિંદી સરકારને આ બાબત ધ્યાનમાં લેવા આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ છે. **'પરમાનંદ.'**

## સાભાર સ્વીકાર

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયમાં નીચે મુજબ રકમો ભેટ મળી છે.

૧૦૧) એક શુભેચ્છક મિત્ર
૫૦) શ્રી. અમીચંદ ખેમચંદ શાહ
૫૦) શ્રી. દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૩૫) શ્રી. વલ્લભદાસ ફુલચંદ

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

# હિંદના મહાઅમાત્ય

થોડા સમય પહેલાં હિંદના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂ ઉપર તેમનાં બ્હેન શ્રીમતી કૃષ્ણા હઠીસીંગનો એક સુન્દર લેખ પ્રગટ થયો હતો. તે લેખમાં હિંદને આઝાદી મળી અને પંડિત જવાહરલાલ નહેરૂ હિંદી સંઘના મહાઅમાત્ય બન્યા તે પહેલાનાં અને આજના જવાહરલાલમાં શું ફેરફારો થયા છે તેનું શ્રીમતી; કૃષ્ણાએ એક ભવ્ય રેખાચિત્ર રજુ કર્યું હતું, અને એ રેખાચિત્ર કશી પણ અતિશયોકિતથી મુક્ત હતું એ તેની વિશેષતા હતી. ગઈ પંદરમી ઓગસ્ટ કે જ્યારે હિંદ આખું પોતાને પ્રાપ્ત થયેલ આઝાદી ઉજવી રહ્યું હતું તે દિવસે પંડિત જવાહરલાલના નિવાસસ્થાને વહેલી સવારથી અભિનન્દન, અને શુભેચ્છાઓના ટેલીફોન ઉપર ટેલીફોન આવવા લાગ્યા તેના ઉલ્લેખપૂર્વક પ્રસ્તુત રેખાચિત્રની શરૂઆત થાય છે અને દિન-પ્રતિદિન પોતા ઉપર વધતો જતો હિંદી રાજકારણનો અને આન્તર-રાષ્ટ્રીય જવાબદારીઓનો બોજો જવાહર કેમ વહી શકશે અને એ બોજા નીચે આખરે જવાહર છુંદાઇ તો નહિ જાયને એવી ચિન્તા અને બેચેની વ્યકત કરવામાં આવી છે. આઝાદી પ્રાપ્ત થવા પહેલાં જવાહર કેવા હતા તેનું નિરૂપણ કરતાં શ્રીમતી કૃષ્ણા જણાવે છે કેઃ–

"૧૯૨૧ની સાલથી જીવન તો શાન્તિ અને પ્રસન્નતાથી દૂર દૂર વીતી રહ્યું હતું. જેલ જવાનો એક હંમેશાનો ક્રમ થઇ પડયો હતો. વળી સ્વજનોના માથે લાંબી મુદતના વિયોગની આફતો ચાલુ ઘટના માફક આવ્યા જ કરતી હતી. જેલ પાછળ રહેલાઓ માટે એ કસોટીના દિવસો હતા અને આપણાં લોકોને પણ ઘણાં અપ-માન સહન કરવા પડતાં હતાં. કેટલાએક શરીર અને મનથી આ બધું સહી શકે એમ નહોતા અને તેથી આ ભાર નીચે ભાંગીને ભૂકો થઇ ગયા હતા. કેટલાએક કટુતાથી ભરપૂર અને નિરાશ થઇ ગયા હતા, પણ જવાહરને તેમાંનું કશું જ નહોતું. તે તો પોતાનાં સ્વપ્નો અને આદર્શોને દૃઢતાથી વળગી રહ્યા હતા અને ગમે તેવા પ્રતિકુળ સંયોગો વચ્ચે પણ પોતાના ઉત્સાહને ટકાવી રહ્યા હતા. તે દિવસોમાં તેને ઘરની અને બહારની ચિંતાઓ બેશક અનેક હતી અને તે ચિંતાઓ તે પોતે વહી શકે તેના કરતાં ઘણી વધારે પડતી હતી. તેનો ફિકકો ચહેરો હમેશાં થાકેલો અને કંટાળેલો દેખાતો હતો, તેની તાકાત ઓસરતી દેખાતી હતી, પણ તેની આંખનો ચમકાર જરાય ઘટયોઃ નહોતો. તે શરીર અને મનથી ગમે તેટલા થાકેલા હોય તોપણ દરેકને ઉત્તે-જન અને ઉત્સાહ આપવામાં હમેશાં તૈયાર રહેતા અને જેને જેને ખરા ઉત્સાહની જરૂર જણાતી તેને તેને એ પ્રેરણામય સ્મિત હમેશાં મળી રહેતું. તેનું પ્રશાંત ગૌરવ કેટલીએક વખત ઓગળી જઇને ગુસ્સાનું સ્વરૂપ પકડી લેતું, કેમકે તેની ધીરજ ખૂટતી, પણ દુઃખ કે બિમારી વખતે કોઇ પણ સ્ત્રી જેટલી સહિષ્ણુ બની શકે તેના કરતાં વધારે સહિષ્ણુ તે બની શકતા. નાનાં બાળકોને તે ખૂબ જ ચાહતા અને તેના બદલામાં તેઓ હમેશાં તેને પૂજતાં. તેને ઘોડા અને કુતરાઓ પ્રત્યે ઘણોજ પ્રેમ હતો અને તેમને પોતાના પ્રિય પશુ તરીકે પાળવાનો પૂરો શોખ હતો. અને ગમે તેટલા કામના બોજા તળે તે દબાયેલા હોય તોપણ થોડીએક ક્ષણ બાળકો સાથે રમી લેવા જેટલો અને પોતાના પાળેલાં જાનવરો સાથે ગેલ કરી લેવા જેટલો સમય કાઢી તે આરામ મેળવી લેતા."

૧૯૪૭ ના ઓગસ્ટની પંદરમી તારીખે દેશ આઝાદ થયો અને હિંદી રાષ્ટ્રની રાજ્યધુરાની મુખ્ય જવાબદારી પંડિત જવાહરલાલ નહેરૂએ સ્વીકારી અને તરતમાંજ પંજાબનો હત્યાકાંડ શરૂ થયો અને લાખો કુટુંબોની એક અથવા બીજી બાજુએ–દુનિયાએ કદિ નહિ જોયેલી કે જાણેલી એવી–નાસભાગ શરૂ થઇ. એ દારૂણ ઘટના અને તેની પંડિત જવાહરલાલ ઉપર થયેલી અસરને વર્ણવતાં શ્રીમતી કૃષ્ણા જણાવે છે કે :—

"સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું તેના ઉદયની સાથે જ અવ્યવસ્થા ઉભી થઇ અને જાણે કે સર્વ વાતાવરણ ઘેલછા અને રૂધિરસ્ત્રાવમય બની ગયું. એક જ રાતમાં જવાહરે અને બીજાઓએ સેવેલા તમામ સ્વપ્નો ભાંગીને ભૂકો થઇ ગયાં. જ્યાં જુઓ ત્યાં મૃત્યુ અને નાશ દેખાવા લાગ્યાં. પોતાની સલામતીની કશીજ પરવા કર્યા વિના જવાહરે એકલા, હથિયાર વિના જ્યાં લોકો ઉન્મત્ત બની જઇને એક બીજાને કતલ કરી રહ્યા હતા ત્યાં તેમની વચ્ચે ઝુકાવ્યું. શૌર્યની બાબતમાં તો જવાહરની બરોબરી કરી શકે એવું ભાગ્યેજ કોઇ હશે, કેમકે તેણે બીક એવો શબ્દ કદી જાણ્યો નથી. તેના અંગ-રક્ષકો તેની આસપાસ રહેતા પણ પોતાને જે કદી નથી ગમતા એવા આ અંગરક્ષકો પણ તેની હીલચાલ ઉપર કશો કાબુ રાખી શકતા નહીં. પોતાના મિત્રો અને કુટુંબીજનોની વધારે કાળજી રાખવાની દલીલો પણ જવાહર સાંભળતા નહીં. જો એવી દલીલો તેણે સાંભળી હોત તો જે જવાહરને હું જાણું છું તે તે ન હોત. કારણકે તેને જનસમૂહ બહુજ ગમતો અને તેમની સાથેનો સીધો સંપર્ક કપાઇ જાય એ જવાહર કદી જોઇ કે કલ્પી શકે પણ નહીં.

"રાજ્યપરિવર્તનનો એક સમય જે કદી કોઇએ કલ્પ્યો નહોતો તે હિંદને પ્રાપ્ત થયો. અને આખા દેશની પુનરરચના કરવા માટે બેસી શકવાને બદલે જવાહરને ભાંગેલા ટુકડાઓ એકઠા કરવા માટે બેસી જવાનો વખત આવ્યો. સંકટ પછી સંકટ આવી પડતાંજ હતાં, પણ જવાહર સમયસૂચકતા ગુમાવ્યા સિવાય તે બધાનો સામનો કરવા લાગ્યા, જો કે તે બધી વખતે તેમનું હૃદય આટલું બધું કષ્ટ અને જુલમ દેખીને લોહીલોહાણ બની જતું હતું. એક પછી એક વીતી જતી રાતે જવાહર પોતાના ઓરડામાં આમ તેમ આંટા માર્યા કરતા અને પરવશ બનતા, દુઃખી થતા જતા હતા. તે દુઃખ એ હતું કે આ લોકોના હૃદયમાં જે ઘર કરીને ઊંડો પેસી રહેલો તિરસ્કાર છે તે પોતે નિમૂંળ કરી શકતા નથી અને જ્યારે આ સંકટ પુરૂ થયું ત્યારે ચારે બાજુએથી ટીકાઓના ધોધ એટલા બધા તૂટી પડયા કે જેનાથી બીજું કોઇ પણ માનવી હતાશ થઇ જાય. પણ જવાહર એમ હતાશ થાય તેવા નહોતા. ઊલટું, આ જાતની પોતાની ઉપરની થતી ટીકાઓ તેના આત્મબળને કચડી નાખવાને બદલે તેના ઉતરી ગયેલા ઉત્સાહને વધુ બળદાયી બના-વવા લાગી. તેના નિશ્ચયો સુદૃઢ અને નવું સ્વરૂપ લેવા લાગ્યા. તેને સોંપાયેલા કામને આગળ ધપાવી રાખવાની આશા વધુ ને વધુ ચમકવા લાગી. કરૂણ બનાવો અને તેની ઉપરના અંગત આક્ષેપો તેને બીજું કાંઇ ઉત્સાહ પ્રેરનારૂં નિવડે તે કરતાં વધારે પ્રેરણાદાયી બન્યા અને કલહ શમવવામાં વધારે સહાયરૂપ બન્યા. પરંતુ મનની ચિંતાઓનો મહિના સુધીનો એ ભાર એના પોલાદી શરીરને વહેલાં ખખડાવી નાખવા અને લગભગ ભાંગીને ભૂકો કરી નાખવા સમર્થ બન્યો અને તેની અસરથી તે પહેલાંની જેવા હજી સુધી બની શકયા નથી."

ત્યાર બાદ પંડિત જવાહરલાલની દિન ચર્યા નીચે મુજબ વર્ણવવામાં આવી છે :–

"જવાહરને કામનો એટલો બધો બોજો દબાવી રહ્યો છે કે તેને ઘડીભર પણ વિશ્રાંતિ શોધી મળતી નથી. પોતાની સામે અતિ અગત્યની જે જે બાબતો આવી પડે છે તેમાંથી પોતાનું મન હળવું અને મુક્ત કરવા માટે તેને મનોરંજન જેવું કશું જ મેળવવાનું રહેતું નથી. સવારમાં વહેલી પ્રભાતે ઊઠતા વેંતજ પોતાની સવા-રની કસરત કરી લેવાની જે તેની જૂની ટેવ છે તે તેણે હજી કાયમ રાખી છે ખરી. એ કસરત વિના તો આખા દિવસ દરમ્યાન જે શ્રમ તેને ઉઠાવવાનો હોય છે તે તે ઉઠાવી જ શકે નહીં. એ પછી નાહીધોઇને અને વસ્ત્રસજ્જ થઇને તે સવારનો નાસ્તો લેવા નીચે

આવે છે. આ નાસ્તો બીજા ખોરાકના સમયની જેમ ઉતાવળે જ કરી લેવાનો હોય છે. કેટલીએક વખત તો આખા દિવસમાં બીજો કોઈ સમય આપી નહીં શકાવાને કારણે આ સવારના નાસ્તા વખતેજ લોકોને મુલાકાતો અપાય છે. આવા મુલાકાતીઓમાંથી કેટલાએકને પોતાનું કામ ભાગ્યે જ ખાસ અગત્યનું હોય છે. તેથી જો તેઓ ધારે તો થોડા દિવસ રાહ જોઇ શકે તેમ હોય છે. પણ તેઓને જવાહરની ચિંતા સરખી હોતી નથી. તેઓ તો માત્ર પોતાનો જ વિચાર કરતા હોય છે, અને તેથી જવાહર નિરાંતે બેસીને ખાઇ શકતા પણ નથી.

"બરાબર સાડા નવ વાગે તે ઓફિસમાં જલદી જલદી પહોંચી જાય છે અને બે વાગે અથવા તેથી પણ મોડા જલદી જલદી જમી લેવા માટે પાછા આવે છે; વળી પાછી ઓફિસ. સાત, સાડા સાત કે આઠ વાગે પાછા ફરવાનું. અને જુએ તો દિવાનખાનામાં કે બેઠકના ઓરડામાં લોકોનું રાહ જોતું એક મંડળ બેઠુંજ છે; કોઇ માત્ર મિત્રો જ, જ્યારે બીજાઓ વળી પાછા કોઇને કોઇ કામ માટે. એક ક્ષણની પણ વિશ્રાંતિ વિના સાડા નવ અને દસની વચ્ચે જમવાનો સમય થાય ત્યાં સુધી તે તેમની સાથે બેસી જાય છે. ઘણી વખત તો તે એટલા બધા થાકી જાય છે કે આંખો ખુલ્લી રાખવાનું પણ તેમને માટે મુશ્કેલ બની જાય છે. સામાન્ય રીતે જમ્યા પછી પણ મુલાકાતો તો હોય જ છે અને તે મધ્યરાત્રિ સુધી ચાલુ રહે છે; પછી મન અને શરીરના થાકથી નમી ગયેલા તે જ્યારે પોતાના ઓરડામાં જાય છે ત્યારે મોટે ભાગે સુઇ જવા માટે નહીં પરંતુ છેક સવારના પ્રારંભ સુધી કોઇ અગત્યના કાગળો ઉપર કામ કરવા માટે અને આ રીતે અવિરત દિવસ પછી દિવસ અને માસ પછી માસ ચાલ્યા જાય છે. કેટલાયેક મિત્રો પૂછે છે કે, "આવી રીતે તે કેમ ચલાવી રાખી શકતા હશે?" મને પણ એજ નવાઇ લાગે છે."

૧૯૪૮ ની ૩૦ મી જાન્યુઆરીએ આપણે બાપુજીને ગુમાવ્યા. આ ખોટ આપણા કરતાં પણ જવાહરલાલજી માટે ઘણી વધારે દુઃસહ્ય હતી. આ ઘટનાએ તેમના ઉપર જે ગંભીર અસર નીપજાવી છે તે નીચેના શબ્દોમાં બહુ સચોટ રીતે વર્ણવવામાં આવેલ છેઃ—

"૩૦ મી જાન્યુઆરી અને બાપુની હત્યાનો દિવસ આવ્યો. હિંદે તો પિતા ખોયો, પરંતુ જવાહરે તો પોતાનું સર્વસ્વ ગુમાવ્યું હોય એમ લાગ્યું. આ કરુણ પ્રસંગ પછી કોઇ પ્રહારથી મૂઢ બનેલા હોય એવા જવાહર આમ તેમ સ્વપ્નાવસ્થામાં જ ફરતા હોય તેવા લાગતા હતા. અને પોતે કયાં જાય છે, શું કરે છે તેની પણ તેને ખબર પડતી નહોતી. પોતે શું ખાધું કે કયારે સૂતા તેનું પણ તેને ભાન રહ્યું નહોતું. કેટલીયે રાતો સુધી તેને ઉંઘ પણ આવી નહોતી અને તેની આંખમાં અવિરત શોક અને નિરાશા જણાઇ આવતાં હતાં. એક વખત તો અમે ધારેલું કે હવે તે આટલા બધા ભારથી દબાઇ ગયેલા હોવાથી જે ભાર તેની ઉપર લાદવામાં આવ્યો હતો તે ભાર હવે તે વહી શકશે નહિ. પણ એ અમારી ભૂલ હતી. આશા અને નિશ્ચય પાછા આવવા લાગ્યાં હતાં, પણ જવાહર સાવ બદલાઇ ગયા હતા. તે વધુ કડક બનવા લાગ્યા હતા. પોતે સ્મિત કરી શકે છે એ વાત તો જાણે ભુલાઇ ગઇ હતી અને એક દૃઢ, સ્થાપિત ચહેરો લઇને તે આમ તેમ ફર્યા કરતા હતા.

"કોઇ સામાજિક મેળાવડામાં તેમને જ્યારે વાતો કરવાના પ્રસંગો ઉભા થતા ત્યારે લગભગ વારંવાર તે શૂન્યમનસ્ક બની જતા અને તેનું સ્મિત પરાણે લાવેલું અને ઉષ્મા વગરનું રહેતું. તેના મન ઉપર કંઇક એવું સતત રહ્યા કરતું કે જે તેને મૂંઝવતા બોજાને ભાગ્યેજ ભૂલવા દેતું. ચિંતાતુર મિત્રો અને સગાંવહાલાંઓ માંડ તેમને પોતાના ઘરની તેમ જ શરીરની આસપાસ અંગરક્ષકો રાખવાનું સમજાવી શકયા. કેટલીયે ચર્ચા પછી તેણે એ સ્વીકાર્યું ખરું, પરંતુ તેનાથી તેની લાગણી ઘણી જ દુભાઇ હતી, કેમકે તેના સ્વભાવમાં બીકને કશું સ્થાન ન હતું.

"તદ્ઉપરાંત પોતે જે લોકોની સાથે એક બન્યા હતા તેમની અને પોતાની વચ્ચે તેને દિવાલ ચણાવા દેવી નહોતી......પરંતુ તેમ કર્યા સિવાય છૂટકો નહોતો અને તે રીતે વડા પ્રધાન અને પોતાના જ લોકો વચ્ચેનો સંબંધ કપાઇ ગયો. હવે લોકો તેમનું દર્શન કરવા માટે બંગલામાં દાખલ થઇ શકતા નહિ.

"પરંતુ મહિનાઓ પછી જવાહરમાં હવે થોડા થોડા ફેરફારો દેખાવા લાગ્યા છે. બંડખોર તરીકે સમાધાનીનો માર્ગ જેણે કદિ જાણ્યો નહોતો તે હવે હિંદના વડાપ્રધાન બન્યા હોવાથી, વધારે વિશાળ દૃષ્ટિએ જોતાં શીખ્યા છે કે માણસે પોતાના વિચારોની મર્યાદા બાંધવી જોઇએ અને ભૂતકાળમાં જે સિધ્ધાંતોને પોતે ચુસ્તપણે વળગી રહેતા તેની બાંધછોડને અવકાશ હોવો જોઇએ. ઘણાએ નજીકના મિત્રો તેની આ રીતભાત સમજવામાં નિષ્ફળ નીવડયા છે, છતાંયે જવાહર હજી લોકોમાં તેવાને તેવા જ પ્રિય પાત્ર રહ્યા છે,

"જવાહરની આસપાસ તેમના અસંખ્ય પ્રશંસકો એકઠા મળેલા હોય છે, તોપણ આજે કદાચ હિંદમાં તે તદ્દન એકલાજ હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. આપણે જોઇએ તો તેના નમી ગયેલા ખભાઓમાં ઉત્સાહભંગ દેખાય છે. અને એ નિરાશા તે દાદર ઉપર ચડતા હોય છે ત્યારે અથવા તો પોતાના ઓરડામાં એકલા બેઠા હોય છે ત્યારે સ્પષ્ટ દેખાઇ આવે છે અને તેની આંખોનું નૂર ખોવાઇ ગયેલું જણાયા વિના રહેતું નથી. આ ઓરડામાં તે હિન્દના વડાપ્રધાન તરીકે નહિ, અથવા લોકોની પૂજ્ય મૂર્તિ તરીકે પણ નહિ પરન્તુ આટલી સમૃધ્ધિ વચ્ચે તે તદ્દન થાકેલા અને તદ્દન એકલા હોય તેવા દેખાય છે. કોઇએ તેને માટે એક વખત એમ કહેલું કે, "જે માટીમાંથી દુનિયાના કેવળ વીર પુરુષો પાકે છે તેવી માટીમાંથી નહિ પણ જે માટીમાંથી અમર શહીદો પાકે છે તેમાંથી આ પુરુષ પાકેલ છે." અને ધર્મશાસ્ત્રોની આમન્યાનો લોપ કર્યા સિવાય જો ભવિષ્યવાણી ઉચ્ચારી શકાતી હોય તો હું એમ જ કહું કે જવાહર પણ ખરેખર ઇશુ ખ્રીસ્તની માફક પોતાના લોકોની ખાતર ક્રુસ ઉપર ખીલા ઠોકનારમાં દોષારોપણ કરવાની વૃત્તિ સુદ્ધાં પોતાનામાં જન્મવા ન દે એવી એક અજોડ વ્યક્તિવિશેષ છે."*

સંયોજક : **પરમાનંદ.**

* પ્રસ્તુત લેખના અગત્યના ભાગોના અનુવાદ માટે હું મારા મિત્ર શ્રી. મગનલાલ હ. પંડયાનો ઋણી છું. પરમાનંદ

## શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સન્માન સમારંભ

**શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆની અનેકવિધ સેવાના સત્કારાર્થે અભિનન્દપત્ર અને થેલી અર્પણ કરવાનો સમારંભ તા. ૨૦-૩-૧૯૪૯ ને રવિવારે સવારે નવ વાગે સુંદરાબાઇ હોલમાં યોજવામાં આવ્યો છે. શ્રી મણિલાલ બાલાભાઇ નાણાવટી આ સમારંભનું પ્રમુખસ્થાન લેશે.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૨૩

મુંબઈ: ૧ એપ્રીલ ૧૯૪૯ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## જૈનધર્મનો પ્રાણ

[ 'સંસ્કૃતિ' માં પ્રગટ થયેલ પંડિત સુખલાલજીનો આ લેખ તત્વજિજ્ઞાસુઓને યોગ્ય ચિન્તનસામગ્રી મળે એ હેતુથી અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. સંભવ છે કે પ્રસ્તુત લેખ મિતાક્ષરી પરિભાષામાં લખાયલો હોઇને અને અનેક તાત્વિક બાબતોનો એક નાનાસરખા લેખમાં સમાવેશ કરવામાં આવેલો હોઇને પ્રથમવાંચને સામાન્ય વાંચકને સમગ્ર અર્થ ગ્રહણ કરવામાં મુશ્કેલી પડે. આવા વાંચકને આ લેખ ફરીફરીને વાંચવાની અને જરૂર જણાયે યોગ્ય જાણકાર પાસેથી લેખમાં ચર્ચાયલા મુદ્દાઓના તાત્વિક સ્વરૂપને સમજી લેવાની ભલામણ કરવામાં આવે છે. આ લેખમાં પ્રખર પાંડિત્ય અને સર્વગ્રાહી દષ્ટિનો સુન્દર સુમેળ રહેલો છે તેથી પ્રસ્તુત લેખને મનનપૂર્વક વાંચવા વિનંતિ છે. પરમાનંદ ]

### બ્રાહ્મણ અને શ્રમણ-પરંપરાઓ

આજે જૈનધર્મના નામથી જે આચારવિચાર ઓળખાય છે તે ભગવાન પાર્શ્વનાથના સમયમાં—ખાસ કરીને મહાવીરના સમયમાં નિગંઠ ધમ્મ—નિર્ગ્રન્થ ધર્મના નામથી ઓળખાતા હતા. પરંતુ એ શ્રમણધર્મ પણ કહેવાય છે. ફેર હોય તો તે એટલો જ કે એકમાત્ર જૈન ધર્મ જ શ્રમણધર્મ નથી, શ્રમણધર્મની બીજી પણ અનેક શાખાઓ ભૂતકાળમાં હતી અને આજ પણ બૌદ્ધ આદિ કેટલીક શાખાઓ જીવતી છે. નિર્ગ્રન્થધર્મ અથવા જૈનધર્મમાં શ્રમણધર્મનાં સામાન્ય લક્ષણો હોવા છતાં આચારવિચારની વિશેષતાઓ કેટલીક એવી છે કે તેને શ્રમણધર્મની અન્ય શાખાઓથી જુદી પાડે છે.

ભારતીય પ્રાચીન સંસ્કૃતિનો પટ વિવિધરંગી છે. એમાં અનેક ધર્મપરંપરાઓના રંગ ભળ્યા છે. એમાં મુખ્યત્વે ધ્યાનમાં આવતી બે ધર્મપરંપરાઓ છે: (૧) બ્રાહ્મણ અને (૨) શ્રમણ. આ બે પરંપરાઓના પૌર્વાપર્ય અને સ્થાન આદિ વિવાદાસ્પદ પ્રશ્નો ન ઉઠાવતાં, કેવળ એવા મુદ્દાઓની ચર્ચા કરીશું, જે સર્વસંમત જેવા છે અને જેમનાથી શ્રમણધર્મની મૂલ ભિત્તિને ઓળખવાનું અને એ દ્વારા નિર્ગ્રન્થ અથવા જૈનધર્મને સમજવાનું સરળ થઇ જાય છે.

### વૈષમ્યદૃષ્ટિ અને સામ્યદૃષ્ટિ

બ્રાહ્મણ અને શ્રમણપરંપરાઓની વચ્ચે નાનામોટા અનેક મુદ્દાઓની બાબતમાં મૌલિક અંતર છે, પણ એ અંતરને સંક્ષેપમાં દર્શાવવું હોય તો એટલું જ કહેવું પૂરતું છે કે બ્રાહ્મણ—વૈદિક—પરંપરા વૈષમ્ય ઉપર પ્રતિષ્ઠિત છે. જ્યારે શ્રમણપરંપરા સામ્ય ઉપર પ્રતિષ્ઠિત છે. આ વૈષમ્ય અને સામ્ય મુખ્યત્વે ત્રણ બાબતોમાં દેખાય છે: ૧ સમાજવિષયક, ૨ સાધ્યવિષયક અને ૩ પ્રાણીજગત પ્રત્યેની દૃષ્ટિવિષયનું. સમાજવિષયક વૈષમ્યનો અર્થ એ કે સમાજરચનામાં તથા ધર્માધિકારમાં વર્ણનું જન્મસિદ્ધ શ્રેષ્ઠત્વ ને મુખ્યત્વ અને ઇતર વર્ણોનું બ્રાહ્મણની સરખામણીમાં કનિષ્ઠત્વ ગૌણત્વ. બ્રાહ્મણધર્મને અસલી સાધ્ય છે અભ્યુદય, જે ઐહિક સમૃધ્ધિ, રાજ્ય અને પુત્રપશુ આદિ નાનાવિધ લાભોમાં તથા ઇન્દ્રપદ, સ્વર્ગીય સુખ આદિ નાનાવિધ પારલૌકિક ફલોના લાભોમાં સમાયેલો છે. અભ્યુદયનું સાધન મુખ્યત્વે યજ્ઞધર્મ અર્થાત નાનાવિધ યજ્ઞ છે. આ ધર્મમાં પશુપક્ષી આદિનું બલિદાન અનિવાર્ય મનાયું છે અને કહેવામાં આવ્યું છે કે વેદવિહિત હિંસા ધર્મનો જ હેતુ છે. આ વિધાનમાં બલિદાન થનાર નિરપરાધ પશુપક્ષીની પ્રત્યે સ્પષ્ટ રીતે આત્મસામ્યના અભાવની અર્થાત્ આત્મવૈષમ્યની દૃષ્ટિ છે. આથી ઊલટું, ઉપર કહેલી ત્રણે વાતોમાં શ્રમણધર્મનું સામ્ય આ રીતે છે: શ્રમણધર્મ સમાજમાં કોઇ પણ વર્ણના જન્મસિધ્ધ શ્રેષ્ઠત્વને ન માનતાં ગુણકર્મ પ્રમાણે શ્રેષ્ઠત્વ કે કનિષ્ઠત્વ માને છે, એથી એ સમાજરચના તથા ધર્માધિકારમાં જન્મસિદ્ધ વર્ણભેદનો આદર ન કરતાં ગુણકર્મના આધારે જ સામાજિક વ્યવસ્થા કરે છે. આથી જ એની દૃષ્ટિમાં સદ્‌ગુણી શૂદ્ર પણ દુર્ગુણી બ્રાહ્મણ આદિ કરતાં શ્રેષ્ઠ છે, અને ધાર્મિક ક્ષેત્રમાં યોગ્યતાના આધારે દરેક વર્ણનાં પુરૂષ કે સ્ત્રી એકસરખાં ઉચ્ચ પદનાં અધિકારી છે. શ્રમણધર્મનું અંતિમ સાધ્ય બ્રાહ્મણધર્મની પેઠે અભ્યુદય નહિ પણ નિઃશ્રેયસ છે. નિઃશ્રેયસનો અર્થ એ કે ઐહિક, પારલૌકિક, નાનાવિધ સૌ લાભોનો ત્યાગ સિદ્ધ કરનારી એવી સ્થિતિ, જેમાં પૂર્ણ સામ્ય પ્રગટ થાય છે અને કોઇ કોઇથી ઓછું યોગ્ય કે અધિક યોગ્ય રહેવા પામતું નથી. જીવજગત પ્રત્યે શ્રમણધર્મની દૃષ્ટિ પૂર્ણ આત્મસામ્યની છે, જેમાં કેવળ પશુપક્ષી આદિ અથવા કીટપતંગાદિ જંતુનો જ સમાવેશ થતો નથી પણ વનસ્પતિ જેવા અતિક્ષુદ્ર જીવવર્ગનો પણ સમાવેશ થાય છે. એમાં કોઇ પણ દેહધારીનો કોઇ પણ નિમિત્તથી કરવામાં આવતો વધ આત્મવધ જેવો જ મનાયો છે અને વધમાત્રને અધર્મનો હેતુ માન્યો છે.

બ્રાહ્મણપરંપરા મૂળમાં 'બ્રહ્મન્'ની આસપાસ શરૂ થઇ અને વિકસી, જ્યારે, શ્રમણપરંપરા 'સમ'–સામ્ય, શમ અને શ્રમની આસપાસ શરૂ થઇ અને ફૂલીફાલી. 'બ્રહ્મન્' ના અનેક અર્થોમાંથી પ્રાચીન બે અર્થ અહીં ધ્યાનમાં લેવા જેવા છે: ૧ સ્તુતિ, પ્રાર્થના, અને ૨ યજ્ઞયાગાદિ કર્મ. વૈદિક મંત્રો અને સુક્તો દ્વારા જે નાનાવિધ સ્તુતિઓ અને પ્રાર્થનાઓ કરવામાં આવે છે તે 'બ્રહ્મન્' કહેવાય છે. આ રીતે વૈદિકમંત્રોનો વિનિયોગ કરનાર યજ્ઞયાગાદિકકર્મ પણ 'બ્રહ્મન્' કહેવાય છે. વૈદિક મંત્રો અને સુક્તોનો પાઠ કરનાર પુરોહિતવર્ગ અને યજ્ઞયાગાદિ કરનાર પુરોહિતવર્ગ જ બ્રાહ્મણ છે. વૈદિક મંત્રો દ્વારા કરવામાં આવતી સ્તુતિ–પ્રાર્થના અને યજ્ઞયાગાદિ કર્મની અતિપ્રતિષ્ઠાની સાથે સાથે પુરોહિતવર્ગનું સમાજમાં તેમજ તત્કાલીન ધર્મમાં એવું પ્રાધાન્ય સ્થિર થયું જે વડે એ બ્રાહ્મણવર્ગ પોતે પોતાને જન્મથી જ શ્રેષ્ઠ માનવા લાગ્યો અને સમાજમાં પણ ઘણુંખરૂં એ માન્યતા સ્થિર થઇ, જેના આધારે વર્ણભેદની માન્યતા રૂઢ થઇ અને કહેવામાં આવ્યું કે સમાજપુરૂષનું મુખ બ્રાહ્મણ છે અને ઇતર વર્ણ અન્ય

અંગ છે. આથી ઊલટું શ્રમણધર્મ એમ માનતો–મનાવતો હતો કે બધા જ સામાજિક સ્ત્રીપુરુષ સત્કર્મ અને ધર્મપદનાં એકસરખાં અધિકારી છે. જે પ્રયત્નપૂર્વક યોગ્યતા મેળવે છે તે વર્ણ અને લિંગના ભેદ સિવાય જ ગુરૂપદનાં અધિકારી બની શકે છે. આ સામાજિક તેમજ ધાર્મિક સમતાની માન્યતા જે રીતે બ્રાહ્મણધર્મની માન્યતાથી બિલકુલ વિરૂદ્ધ હતી, એ જ રીતે બંનેની સાધ્યવિષયક માન્યતાઓ પણ પરસ્પર વિરૂધ્ધ રહી. શ્રમણધર્મ ઐહિક યા પારલૌકિક અભ્યુદયને સર્વથા હેય માનીને નિઃશ્રેયસને જ એકમાત્ર ઉપાદેય માનવા તરફ પ્રવૃત્ત હતો, અને એથી એ સાધ્યની પેઠે સાધનગત સામ્ય ઉપર પણ એટલો જ ભાર મૂકવા લાગ્યો. નિઃશ્રેયસનાં સાધનોમાં મુખ્ય છે અહિંસા. કોઇ પણ પ્રાણીની કોઇ પણ પ્રકારથી હિંસા ન કરવી એ જ નિઃશ્રેયસનું મુખ્ય સાધન છે, જેનામાં અન્ય સૌ સાધનોનો સમાવેશ થઇ જાય છે. આ સાધનગત સામ્યદૃષ્ટિ હિંસાપ્રધાન યજ્ઞયાગાદિ કર્મની દૃષ્ટિથી બિલકુલ વિરૂધ્ધ છે. આ રીતે બ્રાહ્મણ અને શ્રમણધર્મનો વૈષમ્ય અને સામ્યમૂલક આટલો વિરોધ છે કે જેથી બંને ધર્મોની વચ્ચે ડગલે ને પગલે અથડામણનો અવકાશ છે, અને એ હજારો વરસના ઇતિહાસમાં લિપિબદ્ધ થયેલ છે. આ પુરાણો વિરોધ બ્રાહ્મણકાળમાં પણ હતો અને બુદ્ધમહાવીરના સમયમાં તથા એ પછી પણ હતો. આ ચિરંતન વિરોધના પ્રવાહને જ મહાભાષ્યકાર પતંજલિએ પોતાની વાણીમાં વ્યક્ત કર્યો છે. વૈયાકરણ પાણિનિએ સૂત્રમાં શાશ્વત વિરોધનો નિર્દેશ કર્યો છે. પતંજલિ 'શાશ્વત' જન્મસિદ્ધ વિરોધવાળાં અહિ–નકુલ, ગો-વ્યાઘ્ર જેવાં દ્વંદ્વોનાં ઉદાહરણ આપતી વખતે સાથે સાથે બ્રાહ્મણ-શ્રમણનું પણ ઉદાહરણ આપે છે. એ વાત તો બરોબર છે કે હજાર યત્ન કરવા છતાં સાપ–નોળિયાનો અને ગાય–વાઘનો વિરોધ નિર્મૂળ ન થઇ શકે. પરંતુ પ્રયત્ન કરવાથી બ્રાહ્મણ અને શ્રમણનો વિરોધ નિર્મૂળ થવો સંભવિત છે અને ઇતિહાસમાં કંઇક ઉદાહરણો એવાં મળે પણ છે કે જેમાં બ્રાહ્મણ અને શ્રમણની વચ્ચે કોઇ પણ જાતનો વિરોધ કે વૈમનસ્ય દેખવા મળતાં નથી. પરંતુ પતંજલિનું બ્રાહ્મણ–શ્રમણના શાશ્વતવિરોધ અંગેનું કથન વ્યક્તિપરત્વેનું નહિ પણ વર્ગપરત્વેનું છે. કેટલીક વ્યક્તિઓ એવી હોઇ શકે, જે આ વિરોધથી પર થઇ છે અથવા થઇ શકે, પરંતુ સારો બ્રાહ્મણવર્ગ અથવા સારો શ્રમણવર્ગ મૂલગત વિરોધથી પર નથી એ પતંજલિનું તાત્પર્ય છે. 'શાશ્વત' શબ્દનો અર્થ અવિચલ નહિ પણ પ્રાવાહિક એટલો જ છે. પતંજલિ પછી સૈકાઓ બાદ જૈન આચાર્ય હેમચંદ્રે પણ બ્રાહ્મણ–શ્રમણનું ઉદાહરણ આપીને પતંજલિના અનુભવની યથાર્થતા પર મહોર લગાવી છે. આજે આ સમાજવાદી યુગમાં પણ આપણે એ નથી કહી શકતા કે બ્રાહ્મણ અને શ્રમણ એ બે વર્ગો વચ્ચે વિરોધનાં બીજ નિર્મૂળ થયાં છે. આ આખા ય વિરોધનું મૂળ તે ઉપર સૂચવેલી વૈષમ્ય અને સામ્યની દૃષ્ટિ વચ્ચેનું પૂર્વપશ્ચિમ જેટલું અંતર એ છે.

### બંનેની એકમેક પર અસર અને સમન્વય

બ્રાહ્મણ અને શ્રમણપરંપરા એકબીજાના પ્રભાવથી બિલકુલ અસ્પૃષ્ટ નથી. નાનીમોટી અનેક વાતોમાં એકનો પ્રભાવ બીજા પર વત્તીઓછી માત્રામાં પડેલો જોવામાં આવે છે. ઉદા૦ શ્રમણધર્મની સામ્યદૃષ્ટિમૂલક અહિંસાભાવનાનો બ્રાહ્મણપરંપરા ઉપર ક્રમશઃ એટલો પ્રભાવ પડયો છે કે જેથી યજ્ઞની હિંસાનું સમર્થન કેવળ પુરાણી શાસ્ત્રીય ચર્ચાઓના વિષય પૂરતું રહ્યું છે, વ્યવહારમાં યજ્ઞની હિંસા લુપ્ત જેવી થઇ ગઇ છે. અહિંસા અને 'सर्वभूतहिते रतः' એ સિધ્ધાંતનો પૂરો આગ્રહ રાખનાર સાંખ્ય, યોગ, ઔપનિષદ, અવધૂત, સાત્વત આદિ જે પરંપરાઓએ બ્રાહ્મણપરંપરાના પ્રાણભૂત વેદવિષયક પ્રામાણ્યનો અને બ્રાહ્મણવર્ગના પુરોહિત—તથા ગુરુ–પદનો આત્યંતિક વિરોધ કર્યો નથી, તે પરંપરાઓ ક્રમશઃ બ્રાહ્મણધર્મના સર્વસંગ્રાહક ક્ષેત્રમાં એક અથવા બીજા રૂપે મળી ગઇ છે. એથી ઉલટું જૈન, બૌદ્ધ આદિ જે પરંપરાઓએ વૈદિક પ્રામાણ્ય અને બ્રાહ્મણવર્ણના ગુરૂપદની વિરૂદ્ધ આત્યંતિક આગ્રહ રાખ્યો તે પરંપરાઓ અગર જો કે હંમેશાંને માટે બ્રાહ્મણધર્મથી અલગ જ રહી છે, તેમ છતાં એમનાં શાસ્ત્ર અને નિવૃત્તિધર્મ ઉપર બ્રાહ્મણપરંપરાની લોકસંગ્રાહક વૃત્તિની એક અથવા બીજા રૂપે અસર જરૂર પડી છે.

### શ્રમણપરંપરાના મૂળ પ્રવર્ત્તક

શ્રમણધર્મના મૂળ પ્રવર્ત્તક કોણકોણ હતા, તે ક્યાં ક્યાં અને ક્યારે થયા એનો યથાર્થ અને પૂરો ઇતિહાસ અજ્ઞાત છે, પણ આપણે ઉપલબ્ધ સાહિત્યના આધારે એટલું તો નિઃશંક કહી શકીએ છીએ કે નાભિપુત્ર ઋષભ તથા આદિ વિદ્વાન કપિલ એ સામ્યધર્મના પુરાણા અને પ્રબળ સમર્થકો હતા. એમનો ઇતિહાસ અંધકારગ્રસ્ત હોવા છતાં પૌરાણિક પરંપરાઓમાંથી એમનું નામ લુપ્ત થયું નથી એનું કારણ આ જ છે. બ્રાહ્મણ-પુરાણ ગ્રંથોમાં ઋષભનો ઉગ્ર તપસ્વીરૂપે ઉલ્લેખ છે ખરો, પણ એમની પૂરી પ્રતિષ્ઠા તો કેવળ જૈનપરંપરામાં જ છે, જ્યારે કપિલનો ઋષિ તરીકે નિર્દેશ જૈન કથાસાહિત્યમાં છે તો પણ એમની પૂર્ણ પ્રતિષ્ઠા તો સાંખ્યપરંપરામાં તથા સાંખ્યમૂલક પુરાણગ્રંથોમાં છે. ઋષભ અને કપિલ આદિ દ્વારા જે આત્મૌપમ્યભાવનાની અને તન્મૂલક અહિંસાધર્મની પ્રતિષ્ઠા જામી હતી, તે ભાવના અને ધર્મની પોષક અનેક શાખા–પ્રશાખાઓ હતી, જેમાંથી કોઇ બાહ્ય તપ ઉપર, તો કોઇ ધ્યાન ઉપર, તો કોઇ માત્ર ચિત્તશુદ્ધિ અથવા અસંગતા ઉપર અધિક ભાર દેતી હતી, પણ સામ્ય અથવા સમતા સૌનું સમાન ધ્યેય હતાં,

શ્રમણધર્મની જે પરંપરામાં સામ્યસિદ્ધમૂલક અહિંસાને સિદ્ધ કરવા માટે અપરિગ્રહ ઉપર અધિક ભાર દીધો અને એમાંથી અગારગૃહ, ગાંઠ અથવા પરિગ્રહબંધનના ત્યાગ ઉપર અધિક ભાર દીધો અને કહ્યું કે જ્યાં સુધી કુટુંબ અને પરિગ્રહનાં બંધન હોય ત્યાં સુધી કદી પૂર્ણ અહિંસા અથવા પૂર્ણ સામ્ય સિદ્ધ થઇ ન શકે, તે શાખા નિર્ગ્રન્થ નામથી પ્રસિદ્ધ થઇ. એના પ્રથમ પ્રવર્ત્તક નેમિનાથ તથા પાર્શ્વનાથ જ હોય એમ લાગે છે.

### રાગદ્વેષના વિજય માટે જૈનધર્મનો આગ્રહ

અહિંસાની ભાવનાની સાથે સાથે તપ અને ત્યાગની ભાવના અનિવાર્યરૂપે નિર્ગ્રન્થ ધર્મમાં ગૂંથાઇ તો ગઇ જ હતી, પરંતુ સાધકોના મનમાં એ પ્રશ્ન ઉત્પન્ન થયો કે–બાહ્ય તપ અને બાહ્ય ત્યાગ ઉપર અધિક ભાર દેવાથી આત્મશુધ્ધિ અને સામ્ય પૂર્ણરૂપે સિધ્ધ થાય એવો સંભવ છે ખરો? એના ઉત્તરમાંથી આ વિચાર ફલિત થયો કે રાગદ્વેષ આદિ મલિન વૃત્તિઓ ઉપર વિજય મેળવવો એ જ મુખ્ય સાધ્ય છે. આ સાધ્યની સિધ્ધિ જે અહિંસા, જે તપ કે ત્યાગથી ન થઇ શકે તે અહિંસા, તે તપ, તે ત્યાગ ભલેને કેવાં યે હોય આધ્યાત્મિક દૃષ્ટિથી અનુપયોગી છે. આ વિચારના પ્રવર્ત્તક 'જિન' કહેવાવા લાગ્યા. આવા જિન અનેક થયા છે. સચ્ચક, બુધ્ધ, ગોશાલક અને મહાવીર–એ સૌ પોતપોતાની પરંપરામાં જિનરૂપે પ્રસિદ્ધ છે. પરંતુ આજે જિનકથિત જૈનધર્મ કહેવાથી મુખ્યત્વે મહાવીરના ધર્મનો જ બોધ થાય છે, જે રાગદ્વેષના વિજય ઉપર જ મુખ્યત્વે ભાર દે છે. ધર્મવિકાસનો ઇતિહાસ કહે છે કે ધર્મની ઉત્તરોત્તર ઉદય પામતી નવી નવી અવસ્થાઓમાં તે તે ધર્મની પુરાણી અવિરોધી અવસ્થાઓનો સમાવેશ અવશ્ય થતો રહે છે. જૈનધર્મ નિર્ગ્રન્થ ધર્મ પણ છે અને શ્રમણધર્મ પણ છે તે આ કારણે.

### શ્રમણધર્મની સામ્યદૃષ્ટિ

હવે આપણે જોઇએ કે શ્રમણધર્મની પ્રાણભૂત સામ્યભાવનાનું જૈનપરંપરામાં શું સ્થાન છે. જૈન શ્રુતરૂપે પ્રસિધ્ધ દ્વાદશાંગી

અથવા ચતુર્દશપૂર્વમાં 'सामाइय'નું સ્થાન પ્રથમ છે જે આચારાંગ સૂત્ર કહેવાય છે. જૈનધર્મના અંતિમ તીર્થંકર મહાવીરના આચાર-વિચારનું સીધું અને સ્પષ્ટ પ્રતિબિંબ મુખ્યત્વે એ જ સૂત્રમાં દેખવા મળે છે. એમાં જે કાંઇ કહેવાયું છે તે બધામાં સામ્ય–સમતા અથવા સમ ઉપર જ પૂરો ભાર દેવાયો છે. 'सामाइय' એ પ્રાકૃત અથવા માગધી શબ્દનો સંબંધ સામ્ય-સમતા અથવા સમ સાથે છે. સામ્ય-દષ્ટિમૂલક અને સામ્યદૃષ્ટિપોષક જે જે આચારવિચાર હોય તે બધા सामाइय–સામાયિક–રૂપે જૈનપરંપરામાં સ્થાન પામે છે. જેમ બ્રાહ્મણપરંપરામાં સંધ્યા એક આવશ્યક કર્મ છે, એ જ રીતે જૈનપરંપરામાં પણ ગૃહસ્થ અને ત્યાગી સૌને માટે આવશ્યક કર્મ દર્શાવ્યાં છે, જેમાં મુખ્ય सामाइय છે. જો સામાઇય ન હોય તો બીજું કોઇ આવશ્યક સાર્થક ન નીવડે. ગૃહસ્થ તેમજ ત્યાગી પોતપોતાના અધિકારાનુસાર જ્યારે જ્યારે ધાર્મિક જીવનનો સ્વીકાર કરે છે ત્યારે ત્યારે તે 'करेमि भंते! सामाइयं' એવી પ્રતિજ્ઞા કરે છે. એનો અર્થ એ છે કે 'હે ભગવન્! હું સમતા અથવા સમભાવનો સ્વીકાર કરૂં છું.' આ સમતાનું વિશેષ સ્પષ્ટીકરણ પછીના બીજા જ પદમાં કરવામાં આવ્યું છે. એમાં કહ્યું છે કે હું સાવદ્યયોગ અર્થાત્ પાપવ્યાપારનો યથાશક્તિ ત્યાગ કરૂં છું. सामाइयની આવી પ્રતિષ્ઠા હોવાને કારણે સાતમી સદીના સુપ્રસિધ્ધ વિદ્વાન જિનભદ્રગણી ક્ષમા-શ્રમણે એની ઉપર વિશેષાવશ્યકભાષ્ય નામનો અતિ વિસ્તૃત ગ્રંથ લખીને બતાવ્યું છે કે ધર્મનાં અંગભૂત શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર્ય એ ત્રણે ય सामाइय છે.

## સાચી વીરતા વિશે જૈનધર્મ, ગીતા અને ગાંધીજી

સાંખ્ય, યોગ અને ભાગવત જેવી અન્ય પરંપરાઓમાં પૂર્વકાળથી સામ્યદૃષ્ટિની જે પ્રતિષ્ઠા હતી, એનો આધાર લઇને ભગવદ્ગીતાકારે ગીતાની રચના કરી છે. આપણને ગીતામાં ઠેકઠેકાણે સમદર્શી, સામ્ય, સમતા, જેવા શબ્દોદ્વારા સામ્યદૃષ્ટિનું જ સમર્થન મળે છે એનું કારણ આ છે. ગીતા અને આચારાંગની સામ્યભાવના મૂળમાં એક જ છે, તેમ છતાં એ પરંપરાભેદથી, અન્યાન્ય ભાવનાઓની સાથે મળીને, ભિન્ન થઇ ગઇ છે. અર્જુનને સામ્યભાવનાના પ્રબળ આવેગના સમયે પણ ભૈક્ષ્યજીવન સ્વીકારતાં ગીતા રોકે છે અને હિંસક શસ્ત્રયુદ્ધનો આદેશ કરે છે, જ્યારે આચારાંગસૂત્ર અર્જુનને એવો આદેશ ન કરતાં એમ જ કહે કે જો તું સાચો ક્ષત્રિયવીર હોય તો સામ્યદૃષ્ટિ લાધ્યા પછી હિંસક શસ્ત્રયુદ્ધ ન કરી શકે બલકે ભૈક્ષ્યજીવનપૂર્વક આધ્યાત્મિક શત્રુની સાથે યુદ્ધદ્વારા જ સાચું ક્ષત્રિયત્વ સિદ્ધ કરી શકે. આ કથનની દ્યોતક ભરતબાહુબલિની કથા જૈનસાહિત્યમાં પ્રસિદ્ધ છે, જેમાં કહેવાયું છે કે સહોદર ભરતદ્વારા ઉગ્ર પ્રહાર પામ્યા પછી બાહુબલિએ જ્યાં પ્રતિકાર માટે હાથ ઉઠાવ્યો ત્યાં જ સમભાવની વૃત્તિ પ્રગટ થઇ. એ વૃત્તિના આવેગમાં બાહુબલિએ ભૈક્ષ્યજીવનનો સ્વીકાર કર્યો પણ પ્રતિપ્રહાર કરીને ન તો ભરત સામે બદલો લીધો કે ન એની પાસેથી પોતાનો ન્યાયોચિત રાજ્યભાગ લેવાનો વિચાર કર્યો. ગાંધી-જીએ ગીતા અને આચારાંગ આદિમાં પ્રતિપાદિત સામ્યભાવને પોતાના જીવનમાં યથાર્થરૂપે વિકસિત કર્યો અને એના બલ ઉપર કહ્યું કે માનવસંહારક યુધ્ધ તો છોડો જ પણ સામ્ય અથવા ચિત્તશુધ્ધિના બલ ઉપર જ અન્યાયના પ્રતિકારનો માર્ગ પણ ગ્રહણ કરો. પુરાણા ભૈક્ષ્યજીવનનો આવો અર્થવિકાસ ગાંધીજીએ સમાજમાં પ્રતિષ્ઠિત કર્યો છે.

## સામ્યદૃષ્ટિ અને અનેકાન્તવાદ

જૈનસમાજનો સામ્યદૃષ્ટિ ઉપર એટલો બધો ભાર છે કે એણે સામ્યદૃષ્ટિને જ બ્રાહ્મણપરંપરામાં લબ્ધપ્રતિષ્ઠ બ્રહ્મ કહીને સામ્યદૃષ્ટિપોષક સારા આચારવિચારને 'બ્રહ્મચર્ય'–बम्भचेराईं કહ્યું છે, જેમ બૌધ્ધપરંપરાએ મૈત્રીઆદિ ભાવનાઓને ब्रह्मविहार કહ્યો છે. એટલું જ નહિ પણ ધમ્મપદ* અને શાંતિપર્વની પેઠે જૈનગ્રંથ×માં પણ સમત્વ ધારણ કરનાર શ્રમણને જ બ્રાહ્મણ કહીને શ્રમણ અને બ્રાહ્મણ વચ્ચેનું અંતર ગિટાવવાનો પ્રયત્ન કર્યો છે.

સામ્યદૃષ્ટિ જૈનપરંપરામાં મુખ્યત્વે બે પ્રકારે વ્યક્ત થઇ છે: (૧) આચારમાં, (૨) વિચારમાં. જૈનધર્મના બાહ્ય-આભ્યન્તરસ્થૂલસૂક્ષ્મ બધા આચાર સામ્યદૃષ્ટિમૂલક અહિંસાના કેન્દ્રની આસપાસ જ નિર્મિત થાય છે. જે આચારદ્વારા અહિંસાની રક્ષા અને પુષ્ટિ ન થાય એવા કોઇ પણ આચારને જૈનપરંપરા માન્ય રાખતી નથી. જો કે સૌ ધાર્મિક પરંપરાઓએ અહિંસાતત્ત્વ ઉપર ઓછોવત્તો ભાર દીધો છે, તેમ છતાં જૈનપરંપરાએ એ તત્ત્વ ઉપર જેટલો ભાર મૂક્યો છે અને એને જેટલું વ્યાપક બનાવ્યું છે, એટલો ભાર અને એટલી વ્યાપકતા બીજી ધર્મપરંપરાઓમાં દેખવા મળતી નથી. મનુષ્ય, પશુ, પક્ષી, કીટ, પતંગ અને વનસ્પતિ જ નહિ બલકે પાર્થિવ, જલીય આદિ સૂક્ષ્માતિસૂક્ષ્મ જંતુઓ સુદ્ધાંની હિંસાથી આત્મૌપમ્યની ભાવનાદ્વારા નિવૃત્ત થવા માટે કહેવામાં આવ્યું છે.

વિચારમાં સામ્યદૃષ્ટિની ભાવના ઉપર જે ભાર દેવાયો છે, તેમાંથી અનેકાન્તદૃષ્ટિ અથવા વિભજ્યવાદનો જન્મ થયો છે. કેવળ પોતાની દૃષ્ટિ અથવા વિચારસરણીને જ પૂર્ણ અથવા અંતિમ સત્ય માનીને એની ઉપર આગ્રહ રાખવો એ સામ્ય-દૃષ્ટિનું ઘાતક છે. એથી કહેવામાં આવ્યું છે કે બીજાઓની દૃષ્ટિનો પણ એટલો જ આદર કરવો જેટલો પોતાની દૃષ્ટિનો. આ સામ્યદૃષ્ટિ અનેકાન્તવાદની ભૂમિકા છે. આ ભૂમિકામાંથી જ ભાષાપ્રધાન સ્યાદ્વાદ અને વિચારપ્રધાન નયવાદનો ક્રમશ: વિકાસ થયો છે. એમ નહિ કે અન્યાન્ય પરંપરાઓમાં અનેકાન્તદૃષ્ટિનું સ્થાન જ નથી. મીમાંસક અને કાપિલ–દર્શન ઉપરાંત ન્યાયદર્શનમાં પણ અનેકાન્તવાદનું સ્થાન છે. બુદ્ધભગવાનના વિભજ્યવાદ અને મધ્યમમાર્ગ પણ અનેકાન્ત-દૃષ્ટિનાં જ ફળ છે. તો યે જૈનપરંપરાએ જેમ અહિંસા ઉપર અત્યધિક ભાર મૂક્યો છે તેમ જ એણે અનેકાન્તદૃષ્ટિ ઉપર પણ અત્યધિક ભાર મૂક્યો છે. એથી જૈન પરંપરામાં આચાર અથવા વિચારનો કોઇ પણ વિષય એવો નથી, જેના ઉપર અનેકાન્તદૃષ્ટિ લાગુ પાડવામાં આવી ન હોય અથવા જે અને-કાન્તદૃષ્ટિની મર્યાદાથી બહાર હોય. આને જ લીધે અન્યાન્ય પરંપરાઓના વિદ્વાનોએ અનેકાન્તદૃષ્ટિને માનવા છતાં એની ઉપર સ્વતંત્ર સાહિત્ય રચ્યું નહિ, જ્યારે જૈનપરંપરાના વિદ્વાનોએ એ દૃષ્ટિના તથા એના અંગભૂત સ્યાદ્વાદ, નયવાદ આદિનું બોધક અને સમર્થક વિપુલ સ્વતંત્ર સાહિત્ય નિર્માણ કર્યું.

## અહિંસા

હિંસાથી નિવૃત્ત થવું એ જ અહિંસા છે. આ વિચાર ત્યાં સુધી સમજમાં આવી શકતો નથી, જ્યાં સુધી એ બતાવવામાં ન આવે કે હિંસા કોની થાય છે અને હિંસા કોણ અને શા કારણે કરે છે અને એનું પરિણામ શું છે? આ પ્રશ્નને સ્પષ્ટ સમજા-વવાની દૃષ્ટિમાંથી મુખ્યત્વે ચાર વિદ્યાઓ જૈનપરંપરામાં ફલિત થઇ છે: (૧) આત્મવિદ્યા, (૨) કર્મવિદ્યા, (૩) ચરિત્રવિદ્યા, અને (૪) લોકવિદ્યા. આ રીતે અનેકાન્તદૃષ્ટિદ્વારા મુખ્યત્વે શ્રુતવિદ્યા અને પ્રમાણવિદ્યાનું નિર્માણ અને પોષણ થયું છે. આ પ્રકારે અહિંસા, અનેકાન્ત અને તત્ત્વમૂલક વિદ્યાઓ જ જૈનધર્મનો પ્રાણ છે, જેની ઉપર આગળ સંક્ષેપમાં વિચાર કરીશું. (અપૂર્ણ)

પંડિત સુખલાલજી.

---

### સંઘના સભ્યોને વિનંતિ

સંઘના મોટા ભાગના સભ્યોના ચાલુ વર્ષના લવાજમો હજુ સુધી આવેલ નથી તો જે સભ્યોના લવાજમો બાકી હોય તેમને સંઘના કાર્યાલયમાં પોતાના લવાજમો વિના વિલંબે મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

---

* બ્રાહ્મણવર્ગ ૨૬. + ઉત્તરાધ્યયન ૨૫.

# કેટલાક સમાચાર અને નોંધ

## દુષ્કાળગ્રસ્ત ગુજરાત અને સૌરાષ્ટ્ર

ગુજરાતના તેમ જ સૌરાષ્ટ્રના કેટલાક વિભાગો આજે અતિ વિષમ દુષ્કાળના પંજામાં સપડાયેલ છે. આ વખતના દુષ્કાળનું સ્વરૂપ ભારે વિચિત્ર છે. કારણ કે પહેલાના કાળમાં સાધારણ રીતે દેશના જે વિભાગોમાં દુષ્કાળ ન હોય તેના અવલંબન વડે દુષ્કાળગ્રસ્ત વિભાગોને ઘણી રાહત પહોંચાડી શકાતી હતી, પણ આજના વખતે જયાં દુષ્કાળ નથી ત્યાં પણ અનાજ, પાણી કે ઘાસચારાની એવી કોઇ છત તો છે જ નહિ. તંગી એ તો આજની પરિસ્થિતિનું સર્વવ્યાપક લક્ષણ બન્યું છે. આમ છતાં પણ આજે હિંદુસ્તાનમાં સર્વત્ર લોકશાસિત તંત્ર છે અને એ તંત્રના સુત્રધારો–પછી તે મધ્યસ્થ સરકાર હોય, મુંબઇ પ્રાન્તની કે સૌરાષ્ટ્રની સરકાર હોય–સૌ કોઇ આ સંબંધમાં એટલા જ ચિન્તાતુર છે અને દુષ્કાળ પીડિત પ્રજાને બને તેટલી રાહત પહોંચાડવા અવિરત શ્રમ અને તત્પરતા દાખવી રહ્યા છે. આના પરિણામે દુનિયાના કોઇ પણ ખુણેથી અનાજ તો લાવી શકાશે અને અનાજના અભાવે લોકો ભુખમરાના ભોગ નહિ બને એટલી આશા અને શ્રધ્ધા સૌ કોઇ સેવી રહ્યું છે. પણ કેટલાક વિભાગોમાં પ્રવર્તતી પાણીની તંગી આપણ સર્વને અત્યન્ત ચિન્તાવ્યાકુળ બનાવે તેવી છે. જે કુવાઓમાં પાણી થોડું થોડું પણ હતું તેનાં તળીયાં દેખાવા લાગ્યાં છે. અમુક પ્રદેશમાં બીલકુલ પાણી જ નથી. ત્યાં પાણી કેમ પહોંચાડવું એ એક મોટો પ્રશ્ન છે. નજીકના પ્રદેશમાં પાણી હોય તો તે તે વિભાગની પ્રજાને માંડ માંડ પહોંચે તેટલું જ હોય છે. આજે પાતાળ ફોડીને પાણી કાઢવા તરફ સરકારનું લક્ષ્ય કેન્દ્રિત થઇ રહ્યું છે, પણ આ પ્રયત્ન ધાર્યા મુજબ સફળ થતો નથી અને પાણી નીકળે ત્યાં મીઠું પીવા લાયક પાણી જ નીકળે છે એમ હોતું નથી. સૌથી મોટી મુંઝવણ ઘાસચારાના અભાવની છે અને પરિણામે સૌરાષ્ટ્રનું પશુધન મરણોન્મુખ બની બેઠું છે અને ગુજરાતમાં પણ કેટલાક વિભાગમાં પણ આવી જ હૃદયદ્રાવક સ્થિતિ પ્રવર્તે છે.

આ આફત એક રીતે આભ ફાટયા જેવી છે. અને એમ છતાં પણ સરકાર અને પ્રજાજનો એકમેકને પુરો સાથ આપે અને રાહતકાર્ય વ્યવસ્થિત રીતે યોજવામાં આવે તો લોકોને ઘણી રાહત પહોંચાડી શકાય તેમ છે અને પશુઓને પણ ઠીક ઠીક સંખ્યામાં બચાવી શકાય એમ છે.

આ દિશાએ મુંબઇ તેમ જ સૌરાષ્ટ્રની સરકાર યથાશકિત યથામતિ કાર્ય કરી રહેલ છે. પ્રજાસેવકો પણ ચોતરફ ગોઠવાઇ રહ્યા છે અને રાહતયોજનાઓ વિચારી તેમ જ અમલમાં મુકી રહ્યા છે. મુંબઇમાં વસતા આપણે પ્રજાજનો આ પ્રસંગે શું કરી શકીએ? આપણે આજની પરિસ્થિતિમાં અનાજ કે વસ્ત્ર મોકલી શકીએ તેમ છે જ નહિ કારણ કે તે બન્ને વસ્તુઓ સરકારના નિયંત્રણ નીચે છે. એક વખત એવો હતો કે દરેક ઘરમાં અન્નનો કાંઇને કાંઇ સંગ્રહ હોય જ અને વધારાનાં વસ્ત્રો પણ સંઘરાયલાં હોય જ. ઘાસચારાની હેરફેર પણ સરકારી તંત્રને આધીન છે તેથી એ દિશાએ પણ વ્યકિતગત કોઇથી બહુ થઇ શકે એવું નથી. દુષ્કાળપીડિત પ્રદેશોમાં સ્થાનિક સરકારની મદદ અને સાથથી રસોડાં ખોલી શકાય તેમ જ આર્થિક મુંઝવણથી ઘેરાયલા કુટુંબોને ઘેર ઘેર મફત અનાજ પહોંચાડી શકાય, અથવા તો રેશન રાહત આપી શકાય. આ કાર્ય સાધારણ રીતે સ્થળ સ્થળના સ્થાનિક કાર્યકર્તાઓએ કરવું જ રહ્યું, એમ છતાં આવા કાર્યનો જેમને અનુભવ હોય તેવા મુંબઇમાં વસતા ભાઇબહેનો મુંબઇ છોડીને પોતપોતાનાં પરિચિત પ્રદેશમાં ત્રણ ચાર મહીના માટે જઇને વસે તો તેઓ જરૂર બહુ ઉપયોગી સેવા આપી શકે તેમ છે.

મુંબઇના સામાન્ય પ્રજાજનો માટે સૌથી સરળ માર્ગ તો આર્થિક મદદ પહોંચાડવાનો છે. આવી મદદ જયાં ત્યાં જેમ તેમ મોકલવાથી કશી પણ સંગીન રાહત પહોંચાડી શકાશે નહી. કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતના દુષ્કાળગ્રસ્ત વિભાગોને રાહત પહોંચાડવા માટે જરૂરી નાણાં ભેગા કરવા માટે શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે એક જવાબદાર સમિતિ ઉભી કરવામાં આવી છે અને આ સમિતિ ચોતરફ નાણાં એકઠાં કરવાનું કાર્ય કરી રહેલ છે. આર્થિક મદદ આપવા ઇચ્છનાર વ્યકિતએ આ સમિતિને સત્વર નાણાં પહોંચતા કરવા એ અત્યંત જરૂરી છે. આવી અસાધારણ વિપત્તિના આ પ્રસંગે કોઇ પોતાનું દિલ ન ચોરે, 'અમારે પણ કયાં ઓછી અગવડ છે? 'અમારા ધંધા ખલાસ થઇ ગયા છે, હવે કશી કમાણી રહી નથી, અહિં પણ કાલ સવારે કઇ આફત નહિ આવે?' આવાં બહાનાં શોધી વિચારીને અદ્યતન કર્તવ્યક્રમથી કોઇ દૂર ભાગવાનો વિચાર ન કરે. આજે હજારો કુટુંબો કેમ ટકવું અને જીવવું એ મુંજવણ અને ગુંગળામણમાં દિવસ રાત પસાર કરી રહ્યા છે. કેટલાય કુટુંબો દિવસના એક જ વાર ખાઇને જીવવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને મરવાના વાંકે જીવી રહ્યા છે. કેટલાય સ્થળે પાણી કયાંથી અને કેમ પેદા કરવું એ સમસ્યાનો કોઇ ઉકેલ જ સુઝતો નથી અને અન્ન હોવા છતાં પાણી વિના કેમ જીવાશે એ ચિન્તા જ ત્યાં વસતા લોકોનું પ્રાણશોષણ કરી રહેલ છે. જાનવરો તો આજે જયાં ત્યાં પાણી અને ઘાસચારાના અભાવે ઠીક ઠીક પ્રમાણમાં મરી રહ્યા છે. મોટા શહેરોમાં અને મુંબઇ જેવા ઝાકઝમાળ નગરમાં વસતા અને ધંધો અને મોજમજાના ચકડોળમાં સદા ચકરડી ફરતા લોકો પોતપોતાની પ્રવૃત્તિઓમાં એટલા બધા મશગુલ રહે છે કે તેમને દેશના બીજા જ ભાગમાં વસતા પોતાના ભાઇભાંડુઓની આ કરૂણતમ દુર્દશાની સાચી કલ્પના આવવી મુશ્કેલ છે. સવારે છાપામાં દુષ્કાળની કોઇ કોઇ કારમી કથા વાંચે છે, ઘડિ બે ઘડિ ક્ષુબ્ધ બને છે અને સાંજના નાટારંભમાં પાછો તે બધું ભુલી જાય છે. યુધ્ધ પરિણામી સંપત્તિ અને ભોગવિલાસે તેને નિશ્ચેષ્ટ, કલ્પનાશૂન્ય બનાવેલ છે, અને માનવી માનવી પ્રત્યેની સ્વાભાવિક સહાનુભૂતિના વહેણને સુકવી નાંખ્યું છે. પણ આ નિશ્ચેષ્ટતા, કલ્પનાજડતા, હૃદયશૂન્યતામાંથી આપણે જો ઉંચા નહિ આવીએ તો તેમાંથી સર્વતોમુખી વિનાશ જ પરિણમવાનો છે. આમ સમજી આપણા દિલમાં માનવતાની હમદર્દીની પુનઃ પ્રતિષ્ઠા કરીએ, ધનવ્યામોહથી મુકત બનીએ, આપણા ભાઇભાંડુની આફત, હાડમારી, વિટંબણાને હળવી બનાવવા પાછળ આપણાથી થાય તે કરી છુટીએ, ગાંધીજીનું કેવળ નામરટણ છોડીને તેઓ જે આદર્શ માટે જીવ્યા અને જે માટે તેમણે પ્રાણ ગુમાવ્યા તે આદર્શની સાચા દિલથી ઉપાસના કરીએ, અને દુષ્કાળદલિત પ્રજાજનોના સાચા ભીડભંજક બનીએ!

## શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સન્માન સમારંભ

તા. ૨૦-૩-૪૯ રવિવારના રોજ મુંબઇ ખાતે સુંદરાબાઇ હોલમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આશ્રયે ઉભી કરવામાં આવેલ સન્માન સમિતિ તરફથી શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો. આ સમારંભના પ્રમુખસ્થાન માટે સર મણિલાલ બાલાભાઈ નાણાવટીની પસંદગી કરવામાં આવી હતી. સન્માન સભામાં જૈન સમાજના અનેક આગેવાન ગૃહસ્થો ઊપરાંત જૈનેતર પણ કેટલીએક આગ્રગણ્ય વ્યકિતઓ શ્રી મોતીચંદભાઇ પ્રત્યેનો પોતાનો આદર વ્યકત કરવા માટે ઉપસ્થિત થઇ હતી અને સભામાં શ્રોતાજનો–ભાઇઓ તથા બહેનો–પણ બહુ મોટી સંખ્યામાં હાજર થયા હતા. પ્રારંભમાં કન્યાઓ તરફથી પ્રાર્થનાગીત ગવાયા બાદ સન્માન સમિતિના મંત્રી શ્રી વિનાયક કુંવરજી શાહે આ પ્રસંગ ઉપર આવેલા સંખ્યાબંધ સંદેશાઓમાંથી તારવીને કેટલાક અગત્યના સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. ત્યાર બાદ સન્માન સમિ-

તિના મંત્રી શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે પ્રસ્તુત થેલી સમર્પણ સમારંભની યોજના કયારે અને કેવી રીતે ઉભી થઇ તેનો ઇતિહાસ સભા સમક્ષ રજુ કર્યો અને આ સમયોચિત કાર્યમાં તેમની સમિતિને અનેક દિશાએથી જે હાર્દિક સહકાર મળ્યો હતો તેની વિગતો કહી સંભળાવી. પછી શ્રી. અમૃતલાલ કાળીદાસે શ્રી. મોતીચંદભાઇ સાથેના પોતાના પરિચયનાં કેટલાંક સ્મરણો રજુ કર્યા અને તેમની આજ સુધીની અનેકવિધ પ્રવૃત્તિઓ અને ઉજ્જવળ કારકીર્દીનો સંક્ષેપમાં ખ્યાલ આપ્યો. અને તેમના અનુમોદનમાં મુંબઇ પ્રાન્તની ધારાસભાના પ્રમુખ શ્રી કુંદનમલજી ફીરોદીઆ, મુંબઇના શરીફ જોકીમ આલ્વા શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી. લીલાવતીબહેન દેવીદાસ શ્રી રવજી સોજપાલ, શ્રી પોપટલાલ રામચંદ શાહ, શ્રી મોતીલાલ વીરચંદ, શ્રી લીલાવતી બહેન મુનશી તથા શ્રી ગૌતમલાલ શાહ, આ ભાઇ બહેનોએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં અને શ્રી મોતીચંદભાઇને ભાવભરી અંજલી આપી. ત્યાર બાદ પ્રસ્તુત પ્રસંગના અનુસંધાનમાં તૈયાર કરવામાં આવેલું માનપત્ર શ્રી. કકલભાઇ ભુદરદાસ વકીલે વાંચી સંભળાવ્યું. અને પછી સભાના પ્રમુખ સાહેબે પ્રસંગોચિત અંજલિ આપતાં શ્રી. મોતીચંદભાઇએ કરેલી વિવિધ પ્રકારની સાહિત્ય સેવા અને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય. આ બે સંસ્થાઓના ઘડતરમાં અને આજ સુધીના ઇતિહાસમાં શ્રી મોતીચંદભાઇએ આપેલા અસાધારણ ફાળાનો અને દાખવેલા આત્મભોગનો વિગતવાર ઉલ્લેખ કર્યો અને ત્યાર બાદ શ્રી. મોતીચંદભાઇને પુષ્પહાર પહેરાવવા સાથે રૂા. ૭૦૦૦૦ની થેલી અને માનપત્ર અર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે જૈન તેમજ જૈનેતર અનેક સંસ્થાઓ તરફથી પણ શ્રી. મોતીચંદભાઇને ફુલહાર પહેરાવવામાં આવ્યા. આ સર્વ માટે શ્રી મોતીચંદભાઇએ સૌ કોઇનો અન્તઃકરણથી ઉપકાર માન્યો, રૂ. ૭૦૦૦૦ ની થેલીમાં પોતા તરફથી રૂા. ૫૦૦૦ ઉમેરીને એ રીતે કુલ રકમ રૂ. ૭૫૦૦૦નો સાહિત્યપ્રકાશનાર્થે ઉપયોગ કરવાની મર્યાદા સૂચવીને શ્રી મહાવીર જૈનવિદ્યાલયને એ રકમ અર્પણ કરી, અને પોતામાં જે કાંઇ છે તે બધું આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિ અને પોતાના સ્વર્ગસ્થ કાકા શ્રી કુંવરજી આણંદજીની સતત પ્રેરણાઓને આભારી છે એમ જણાવ્યું અને હવે પછીનું અવશેષ આયુષ્ય મુખ્યત્વે કરીને લેખનપ્રવૃત્તિમાં પોતે ગાળવા ઇચ્છે છે એમ જાહેર કર્યું. ત્યાર બાદ શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે પ્રમુખ, મહેમાનો, થેલીમાં પૈસા ભરનારાઓ અને શ્રોતાઓ-સૌ કોઇનો પુનઃ પુનઃ આભાર માન્યો અને વન્દેમાતરમના માન સાથે સભા વિસર્જન થઇ.

શ્રી મોતીચંદભાઇને આજે સીતેર વર્ષ થયા છે. તેમણે આજ સુધીમાં અનેક ક્ષેત્રમાં અનેકવિધ સેવાઓ આપી છે પણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગને તેમણે જે એકધારી સેવા આપી છે તે ખરેખર અજોડ છે, તે વિભાગમાં તેમની જોડમાં બેસે તેવો બીજો સેવક મળવો મુશ્કેલ છે. તેમના કરતાં વધારે વિદ્વાન, બુધ્ધિશાળી કે પ્રતિભાસંપન્ન વ્યકિત મળશે પણ જે કાંઇ કાર્યની જવાબદારી લીધી તેની પાછળ અથાગ શ્રમ, અદમ્ય ઉત્સાહ, માનઅપમાન વિષે સમભાવ, સદા આશાવાદ, અને દિવસ રાતની ચિન્તા–આવો કાર્યકર્તા જૈન સમાજમાં તો મળવો મુશ્કેલ છે પણ અન્ય સમાજમાં પણ બહુ વિરલ જોવામાં આવે છે. અને સમાજ દશ ટકા આગળ વધે છે તે સમાજની વિદ્વાન વ્યકિતની પ્રતિભાથી કે ધનવાવ વ્યકિતની ઉદારાથી, પણ નેવું ટકા આગળ વધે છે આવા એક પ્રાકારના ભેખધારી–ઉપર જણાવ્યા તેવા ગુણોથી યુકત કાર્યકર્તાના તપથી. આવી વ્યકિતની કદર કરનાર જૈન સમાજે પોતાની શોભામાં જ વધારો કર્યો છે.

શ્રી મોતીચંદભાઇની છેલ્લી માંદગીએ તેમને પોતાના આ ધંધાદારી વ્યવસાયથી તેમ જ ચાલુ જાહેર પ્રવૃત્તિઓથી મુકત કર્યા છે. આજે સહજપણે તેમનાથી થઇ શકે એવું એક જ કાર્ય છે અને તે લેખનકાર્ય; એ લેખનકાર્ય પાછળ તેમના દિલમાં સમાજના શ્રેય અને ઉત્કર્ષની અપ્રતિહત ઝંખના રહેલી છે. આજે પણ તેમનું શરીર શિથિલ પડયું છે, પણ તેમની શ્રેયકામના એટલી જ બળવાન છે. અને મહાવીર જૈન વિદ્યાલયની ચિન્તા તો જીવનના અન્ત સુધી છુટે તેમ છે જ નહિ. તેમનું અવશિષ્ટ જીવન સુખરૂપ બન્યું રહે, તેમનું સ્વાસ્થ્ય અખંડિત જળવાઇ રહે અને તેમની લેખિની દ્વારા સદ્વિચાર અને શુભ ભાવનાની સુવાસ ચોતરફ ખુબ ફેલાતી રહે. એવી, આ એક વિશિષ્ઠ પ્રસંગે, આપણા સર્વના અન્તરની પ્રાર્થના હો !

## માંસાહારત્યાગની નૈતિક ભૂમિકા

૧૯૩૧ ની સાલની આખરમાં જ્યારે મહાત્મા ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા માટે લંડન ગયેલા ત્યારે ત્યાંની અન્નાહાર મંડળી સમક્ષ તેમણે જે વ્યાખ્યાન આપેલું તે હરિજનબંધુના તા. ૨૭–૨–૪૯ ના અંકમાં પ્રગટ થયું છે. એ ભાષણમાં માંસાહાર વિરૂધ્ધ અન્નાહાર (એટલે કે નિરામિષ આહાર) સંબંધમાં જે વિચારો રજુ કરવામાં આવ્યા છે એ ધ્યાનમાં લેવા જેવા છે. સાધારણ રીતે માંસાહાર વિરૂધ્ધમાં એવી દલીલો કરવામાં આવે છે કે માંસાહારથી શરીરમાં કેટલાક રોગો પેદા થાય છે, માનવીના શરીરબંધારણને માંસાહાર પ્રતિકુળ છે, અન્નાહારથી તંદુરસ્તી વધારે સારી રહે છે, માણસ પ્રકૃતિથી અન્નાહારી જ છે, અન્નાહાર વધારે બળપ્રદ છે, અન્નાહારથી શરીરનું વધારે સારૂં ઘડતર થાય છે ઇત્યાદિ. ગાંધીજી કહે છે કે અન્નાહારના સમર્થનમાં આવી દલીલો લાંબો વખત ટકી શકતી નથી અને આવી સમજણ ઉપર અન્નાહારી બનેલો કોઇ પણ માણસ એ સમજણને ખોટી પાડે એવી અણધારી પરિસ્થિતિ ઉભી થતાં માંસાહાર તરફ ખેંચાઇ જવાનો છે. અન્નાહાર ઉપર ટકી રહેવા માટે અન્નાહારી સમક્ષ શુધ્ધ નૈતિક ભૂમિકા હોવી જોઇએ અને ગાંધીજી જણાવે છે તે મુજબ અન્નાહારીના દિલમાં એવી સમજણ પાકે પાયે રૂઢ થયેલી હોવી જોઇએ કે "અન્નાહાર આત્માના ઘડતર માટે છે, શરીરના ઘડતર માટે નહિ. માણસ શરીર કરતાં વિશેષ છે. માણસની અંદર જે આત્મા રહેલો છે તેની આપણને લેવાદેવા છે. તેથી અન્નાહારીઓ પાસે એ નૈતિક ભૂમિકા હોવી જોઇએ કે માણસ જન્મથી માંસાહારી પશુ નથી. તે તો ધરતીમાંથી જે ફળમૂળ ઉપજે છે તેમના વડે જીવનાર પ્રાણી છે." આગળ વધતાં ગાંધીજી જણાવે છે કે "મારા અન્નાહારની ભૂમિકા શારીરિક નથી પણ નૈતિક છે. કોઇ મને કહે કે તું માંસનો ઉકાળો કે મટન નહિ લે તો મરી જઇશ, તો હું મરવાનું પસંદ કરૂં." ગાંધીજીની આ દૃષ્ટિનું વિવરણ કરતાં આપણે જૈનો કે જેઓ પોતાને કટ્ટર અન્નાહારી લેખીએ છીએ તેમની પણ આ પ્રશ્ન સંબંધમાં આવી જ દ્રષ્ટિ છે કે કેમ તેનું પ્રથકકરણ કરવા તરફ મન દોડે છે. જે રીતે જૈન ધર્મશાસ્ત્રોમાં નિરામિષ આહારનું વિધાન કરવામાં આવ્યું છે તે રીતે જોતાં તો આપણી પણ ગાંધીજીસદૃશ જ દૃષ્ટિ હોવી જોઇએ એમ આપણને લાગ્યા વિના ન જ રહે પણ વાસ્તવિક પરિસ્થિતિનું બારીક અવલોકન એમ જણાવે છે કે આજના જૈનોની નિરામિષઆહાર વૃત્તિ પાછળ કોઇ ઉંડી બુધ્ધિ કે સુદૃઢ નૈતિક ભૂમિકા રહેલી છે જ નહિ; આજના જૈનો કેવળ પરંપરાવૃત્તિએ જ નિરામિષઆહારી છે એટલે કે નિરામિષાહારી કુટુંબમાં જન્મ હોવાના કારણે એક પ્રકારના ચાલુ અધ્યાસથી નિરામિષઆહારને વળગી રહેલા છે. અને એમ હોવાના કારણે જ નાની મોટી માંદગીના ટાણે કે ચાલુ શારીરિક નબળાઇ દુર કરવાના હેતુથી વૈદ્યકીય બહાના નીચે કશા પણ સંકોચ વિના કોડ લીવર ઓઇલ, લીવર એકસ્ટ્રેકટ, હેમોગ્લોબીન વગેરે પ્રાણીજન્ય પદાર્થો લેતા હોય છે. એવા પણ જૈનોને હું જાણું છું કે જેઓ રાત્રીભોજન કરતા નથી, બટેટા કે અન્ય કંદમૂળ ખાતા

નથી પણ લીવર એકસ્ટ્રેકટ બનાવવાનો ઉદ્યોગ ચલાવે છે, ચરબી વેચવાનો ધંધો કરતા હોય છે. રેશમી કાપડનો તો અનેક જૈનો વ્યાપાર કરે જ છે. આ ચર્ચા કરીને આજના જૈનોને ઉતારી પાડવાનો મારો હેતુ નથી. કારણ કે આ આજનો સર્વસામાન્ય પ્રવાહ છે અને એ સર્વસામાન્ય પ્રવાહથી કોઈ પણ સિધ્ધાન્ત ખાતર જુદા તરીને ચાલવાની તાકાત જૈનસમાજમાં હોત તો તો તે સમાજે કોઇ જુદી જ ભાત પાડી હોત પણ જે બાબત પરત્વે જૈન સમાજ પોતાને નિરપવાદ વિશુધ્ધ માને છે તે જ બાબત પરત્વે તેનું વિશુધ્ધિ-વિશેષતાનું અભિમાન કેટલું પોલું છે એ જૈનસમાજે બરોબર સમજી લેવું ઘટે છે અને એટલા જ માટે જૈન સમાજની અહિંસાવૃત્તિનો દાવો આજે અર્થશૂન્ય લાગે છે અને તે દ્વારા તેની સ્વપર વંચના જ પોષાય છે.

## જૈન વિચારસરણી અને ગાંધીજી

ગાંધીજીનો જન્મ વૈષ્ણવ કુટુંબમાં થયો હતો અને તેમના દિલમાં સર્વ ધર્મો વિષે અપૂર્વ સમભાવ હતો છતાં પણ તેમના ચાલુ જીવનવ્યવહારમાં, તેમની જીવનચર્યામાં, તેમના ધાર્મિક ચિન્તનમાં હિંદુત્વની જડ સૌથી વધારે ઉંડી હતી. ગીતા તેમનો સૌથી વધારે પ્રિય ધર્મગ્રંથ હતો; રામનામ વિષે તેમને અટલ શ્રધ્ધા હતી; તેમના કાલ્પનિક સ્વરાજ્યને પણ તેઓ રામરાજ્યથી ઓળખાવતા હતા. તુલસી, સુરદાસ, મીરા આદિ સંતકવિઓના પદો તેમને ખુબજ ગમતા હતા. આમાં પણ તેમની વિચારસરણિનું જો યોગ્ય વિશ્લેષણ કરવામાં આવે તો માલુમ પડે તેમ છે કે તે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરે તત્કાલીન હિંદુ ધર્મને અને સમાજને જે નવી દૃષ્ટિ અને વિચાર પરંપરાનો સંસ્કાર આપ્યો હતો અને એ રીતે હિંદુધર્મનો પુનરૂધ્ધાર કર્યો હતો એ જ નવી દૃષ્ટિ અને વિચાર પરંપરા ગાંધીજીમાં કામ કરી રહી હતી અને હિંદુધર્મને નવો સંસ્કાર આપવામાં બળવાન પ્રેરણા આપી રહી હતી.

ભગવાન મહાવીરની વિચારસરણિના મુખ્ય અંશો આ હતા. વેદની અપૌરૂષેયતાનો અને સર્વશ્રેષ્ઠ પ્રામાણ્યનો અસ્વીકાર. વર્ણવ્યવસ્થામાં ઉચ્ચ નીચનો અને તેમાં પણ બ્રાહ્મણવર્ણ સર્વશ્રેષ્ઠ હોવાનો ઇનકાર, સ્ત્રીને સંન્યાસગ્રહણની અધિકારીણી બનાવીને પુરૂષ સાથેની તેની સમાનતાનો સ્વીકાર, ક્રિયાકાંડ વિષે ઉદાસીનતા, ચારિત્ર્યશુધ્ધિનું પ્રાધાન્ય, સર્વ ભૂતમત્ર વિષે મૈત્રી, અહિંસા, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ઉપર ખૂબ ભાર, આત્મશુદ્ધિ અને જીવન સાધનામાં તપનું-ઉપવાસનું-મહત્વભર્યું સ્થાન, અનેકાન્ત પ્રરૂપણા, આત્મસાધનાના અન્તિમ ઉપાય તરીકે સંસારત્યાગ. આ જ બધાં તત્વો દેશકાળ મુજબ ઉચિત ફેરફારો સાથે મોટા ભાગે ગાંધીતત્ત્વજ્ઞાનમાં આપણને આબેહુબ જોવા મળે છે. ગાંધીજીએ કોઇ પણ સ્થળે કોઇ પણ લખાણ કે ઉપદેશમાં વેદપ્રતિષ્ટા વિષે જે પ્રચલિત માન્યતા પ્રવર્તે છે, તેનું કદિ પણ સમર્થન કર્યું નહોતું. વર્ણવ્યવસ્થાનું વ્યવસાય ભેદ તરીકે તેમણે કદિ કદિ સમર્થન કર્યું હશે, પણ તે પાછળ રહેલા ઉચ્ચ નીચના ભેદભાવનો તેમણે હંમેશાં વિરોધ કર્યો હતો. સ્ત્રી-જાતિની સમાનતાનો તેમણે સર્વથા સ્વીકાર કર્યો હતો એટલું જ નહિ પણ રાષ્ટ્રની આખી લડતમાં બહેનોને સામેલ કરવાની, અગ્રભાગ આપવાની તેમણે જ પહેલ કરી હતી. કોઇ પણ પ્રકારના ક્રિયાકાંડ કે પ્રચલિત મૂર્તિપૂજા સંબંધે તેઓ હંમેશા ઉદાસીન જ રહ્યા હતા. ચારિત્ર્યશુધ્ધિ, જીવનશુધ્ધિ એ જ તેમના સર્વ ઉપદેશનો પાયો હતો. માનવજાત માટે તેમના દિલમાં અપ્રતિમ પ્રેમ હતો. આ જ ભાવનામાંથી હિંદુ મુસલમાન એકતા અને અસ્પૃશ્યતા-નિવારણને લગતી તેમની સર્વ પ્રવૃત્તિઓ જન્મ પામી હતી. અહિંસાપ્રચાર એ તો તેમના જીવનનું પ્રધાનકાર્ય હતું અને ભગવાન મહાવીરે પ્રરૂપેલ અહિંસાધર્મમાં દેશકાળ અપેક્ષિત અનેક નવાં તત્વોની પુરવણી કરીને તેમણે તેને પુનઃ જીવન્ત ધર્મ બનાવ્યો હતો. બ્રહ્મચર્ય ઉપર તેમનો પણ એટલો જ આગ્રહ હતો અને જાણે કે અપરિગ્રહ એટલે કે ગાંધીવાદ એ રીતે અપરિગ્રહના સિધ્ધાન્તને જગત્ સમક્ષ તેમણે રજુ કર્યો હતો. ચરખો, ખાદી, ગ્રામોદ્યોગ એ બધી પ્રવૃત્તિઓ પાછળ બીજા પણ અનેક હેતુઓ હશે પણ અહિંસા અને સર્વોદયની ભાવના એ બધામાં સળંગ સુત્રરૂપે સદા વિદ્યમાન હતી. ઘોર તપ અને લાંબા ઉપવાસોના કારણે ભગવાન મહાવીર 'દીર્ઘતપસ્વી' તરીકે ઓળખાતા હતા. આવા-કેવળ આત્મસાધનાની દૃષ્ટિએ કરવામાં આવતા લાંબા લાંબા ઉપવાસોનું સમર્થન કદાચ ગાંધીતત્વજ્ઞાનમાંથી નહિ મળે પણ એક યા બીજા પ્રકારના સામાજિક નિમિત્તે લાંબા લાંબા ઉપવાસ કર્યાની અનેક ઘટનાઓ ગાંધીજીના જીવનમાં ભરેલી હતી અને ખાનપાનનો તેમ જ રહેણીકરણીનો અસાધારણ સંયમ ગાંધીજીની જીવનચર્યામાં વ્યાપક રીતે જોવામાં આવતો હતો અને એ રીતે ગાંધીજી આજના યુગના એક મહાન તપસ્વી હતા એમ કહેવામાં લેશ માત્ર અત્યુકિત થતી નથી. આ સર્વથી પણ વિશેષ ગાંધીજીનો સર્વધર્મસમભાવ એ ભગવાન મહાવીરના અનેકાન્તવાદનું જ કાલોચિત રૂપાન્તર હતું. સૌથી છેલ્લો મુદ્દો સંસારત્યાગનો. સંસારત્યાગ ઉપર ભગવાન મહાવીરે આત્મસાધનના આખરી અને અનન્ય સાધન તરીકે ખુબ જ ભાર મુકયો હતો. અને પોતે પણ યૌવનકાળમાં સંસારત્યાગ કર્યો હતો અને અત્યન્ત વિકટ એવો શ્રમણીમાર્ગ સ્વીકાર્યો હતો. ગાંધીજીએ આ પ્રકારના સંસારત્યાગને આવશ્યક લેખ્યો નથી અને પોતે પણ જીવનના અન્ત સુધી ગૃહસ્થાશ્રમી રહ્યા હતા. આમ છતાં પણ પોતાનાં પત્ની સાથે કેટલાંયે વર્ષોથી શુધ્ધ બ્રહ્મચર્યનો સંબંધ તેમણે કેળવ્યો હતો, પોતાનું સર્વસ્વ અર્પણ કરીને અપરિગ્રહવ્રતને તેમણે આચરી બતાવ્યું હતું. ખાનપાન કોઇ પણ સાધુ કરતાં પણ વધારે મર્યાદિત હતા. તેમણે બાહ્યત્યાગના સ્થાને અનાસકિત યોગની પ્રતિષ્ઠા કરી હતી. અને સંસારી રહેવા છતાં સંસારથી પર એવું લોકોત્તર અને પરમાર્થપૂર્ણ કેવળ ઇશ્વરપરાયણ જીવન જીવી બતાવ્યું હતું. આ રીતે આપણે વિચારીએ તો જે વિચારસરણિ ઉપર સ્થિર થઇને ભગવાન મહાવીરે તત્કાલીન સમાજ અને ધર્મને નવો જીવનસંસ્કાર આપ્યો હતો એ જ વિચારસરણિનો જાણે કે ગાંધીજીમાં પુનઃજન્મ થયો ન હોય-ભાવાર્થમાં તેમ જ અમુક રીતે શબ્દાકારમાં પણ-તેમ ગાંધીજીએ ધર્મસંશોધનની દિશાએ-સમાજના સંસ્કરણની દિશાએ-જે કાંઈ મહાન કાર્ય કર્યું છે એ જૈન દૃષ્ટિ અને જૈન વિચારપરંપરાનું જ પુનરાવર્તન હતું એમ લાગ્યા વિના રહેતું નથી. તેથી સાંપ્રદાયિક નામ અને પરિભાષાથી મનને અલગ કરીને વિચારવામાં આવે તો અને હિંદુત્વનો ગાંધીજીમાં કયો પ્રધાન અંશ હતો એમ પૂછવામાં આવે તો તેનો એક જ ઉત્તર હોઇ શકે કે ગાંધીજી હિંદુ હોઇને પ્રધાનતઃ બ્રાહ્મણ નહોતા, વૈષ્ણવ નહોતા પણ આરપાર જૈન હતા. જૈન સમાજ આ રીતે ગાંધીજીને ઓળખે અને સ્વીકારે અને તેમણે પ્રરૂપેલાં જીવનતત્ત્વોને પોતાના જીવનમાં ઉતારે તો જૈન સમાજ જે આજે કેવળ નિર્બળ નિર્માલ્ય અને અર્થપરિપૂજક બનીબેઠેલો દેખાય છે તે કેટલો પ્રાણવાન સમાજ બને અને આજે જે નવનિર્માણ ચાલી રહ્યું છે તેમાં કેટલો બધો મહત્વનો ફાળો આપી શકે. ?

## ભગવાં વસ્ત્રો અને લોકસેવા

તાજેતરમાં કાકાસાહેબ કાલેલકરે લખેલું 'બાપૂકી ઝાંકિયાં' એ નામનું એક નાનું સરખું પુસ્તક મારા વાંચવામાં આવ્યું. આ પુસ્તકમાં ગાંધીજી સાથેના કાકાસાહેબના સમાગમના કેટલાંક સ્મરણોનો સંગ્રહ કરવામાં આવ્યો છે અને એ આખો સંગ્રહ ભારે

રોચક તેમ જ ઉદ્બોધક છે. ગાંધીજી સાથેના પ્રસંગો અને કાકાસાહેબનું નિરૂપણકૌશલ્ય–આ એક 'સોનું અને સુગંધ' જેવો સુયોગ દિસે છે. એ સંગ્રહમાંથી સ્વામી સત્યદેવ સાથેના ગાંધીજીના એક પ્રસંગે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું. એ પ્રસંગ નીચે મુજબ છે:-

“આશ્રમની શરૂઆતના દિવસોની આ વાત છે. એ દિવસોમાં અમારો સત્યાગ્રહ આશ્રમ અમદાવાદની પાસે કોચરબ (ગામ) માં હતો. ત્યાં સ્વામી સત્યદેવ આવ્યા. હું તેમને ૧૯૧૧-૧૨ માં આલ્મોરા (હીમાલય)માં મળી ચુકયો હતો. તે વખતે તેઓ અમેરિકાથી નવા નવા આવ્યા હતા. ત્યાર પછીથી જ તેમણે દેશની આઝાદી માટે સંન્યાસ ગ્રહણ કર્યો હતો.

તેઓ આશ્રમમાં આવ્યા તે પહેલાં તેઓ અનેક ગ્રંથ લખી ચુકયા હતા. 'સત્યદેવ પરિવ્રાજક' એ તેમનું પ્રસિધ્ધ નામ હતું. આશ્રમમાં આવ્યા બાદ સાંજની પ્રાર્થના પછી અમે તેમની પાસેથી તુલસીકૃત રામાયણ સાંભળવા લાગ્યા હતા. હિંદી પ્રત્યે તેમનો અનુરાગ જોઇને બાપુજીએ હિંદી પ્રચાર માટે તેમને મદ્રાસ મોકલ્યા. મદ્રાસનું હિંદી પ્રચારનું પહેલું પુસ્તક તેમણે લખ્યું હતું.

અમારો આશ્રમ કોચરબના ભાડુતી બંગલામાં હતો ત્યાંથી સાબરમતીના કિનારા ઉપર આવેલી અમારી પોતાની જમીન ઉપર લઇ આવવામાં આવ્યો હતો. ત્યાં પણ એક વાર સત્યદેવજી આવ્યા. દેશની આઝાદી માટે બાપુજી કામ કરી રહ્યા હતા. એ જોઇને સત્યદેવજી ખુબ પ્રસન્ન થયા. તેઓ આશ્રમના મહેમાન હતા. અમે અમારી શક્તિ મુજબ તેમની સેવા કરતા હતા. એમના માટે ખાવાપીવાનો ખાસ વિશેષ પ્રબંધ કરવો પડતો હતો. એમને સંતુષ્ટ રાખવામાં જ અમે પરમ સંતોષ અનુભવતા.

એક દિવસ સત્યદેવજી બાપુજી પાસે આવીને કહેવા લાગ્યા કે હું આપના આશ્રમમાં દાખલ થવા ઇચ્છું છું. આશ્રમવાસી બનીને હું રહીશ. બાપુએ કહ્યું બહુ સારી વાત છે. આશ્રમ તો આપ જેવાને માટે જ છે. પરંતુ આશ્રમવાસી બનતાં આપને આ ભગવા કપડાંનો ત્યાગ કરવો પડશે.” આ સાંભળતાંવેંત સત્યદેવજીને સખ્ત આઘાત લાગ્યો. ખુબ ક્રોધાવિષ્ટ થયા પણ બાપુજી સામે તો પોતાનું દુર્વાસા સ્વરૂપ પ્રગટ કરી શકે તેમ હતું જ નહિ. તેઓ કહેવા લાગ્યા-કે “એ કેમ બની શકે? હું સંન્યાસી છું. “બાપુએ કહ્યું કે “હું સંન્યાસ છોડવાનું નથી કહેતો. મારી વાત બરોબર સમજો”

ફરીથી બાપુએ તેમને શાન્તિથી સમજાવ્યું “ આપણા દેશમાં ભગવા કપડાં દેખાતાવેંત લોકો ભક્તિ અને સેવા કરવા માંડે છે. હવે આપણું કામ સેવા કરાવવાનું નથી, સેવા 'કરવાનું' હોવું જોઇએ. લોકોની જેવી સેવા આપણે કરવા માંગીએ છીએ તેવી સેવાનો, આ કપડાંના કારણે, આપની પાસેથી લોકો સ્વીકાર નહિ કરે. ઉલટું આપની સેવા કરવા માટે તેઓ દોડાદોડ કરી મૂકવાના તેથી જે વસ્તુ આપણા સેવાસંકલ્પમાં અન્તરાયરૂપ બનતી હોય તેને આપણે શા માટે વળગી રહીએ? સંન્યાસ તો માનસિક વસ્તુ છે, સંકલ્પની વસ્તુ છે. બાહ્ય પોષાક સાથે એને શું સંબંધ છે? ભગવા છોડવાથી સંન્યાસ થોડો છુટી જાય છે? આવતી કાલે ધારો કે આપણે ગામડામાં ગયા અને ત્યાંના પાયખાનાં સાફ કરવા લાગ્યા તો ભગવા કપડાવાળા તમને આવું કામ કોઇ કરવા નહિ દે.”

સત્યદેવજીની સમજમાં વાત તો આવી ગઇ, પણ તેમને ગમી નહિ. મારી પાસે આવીને તેઓ કહેવા લાગ્યા કે “ આ તો મારાથી નહિ બની શકે. સંકલ્પપૂર્વક જે કપડાં મેં ગ્રહણ કર્યાં છે તે હું છોડી ન જ શકું.”

સાધુ સન્યાસીના વેશને વળગી રહીને અથવા તો ધર્માચાર્યની વેશભૂષા સાથે જે કોઇ વ્યક્તિ લોકસેવા સાધવાનો મનોરથ સેવતી હોય તેણે ગાંધીજીના ઉપરના ઉદ્ગારો ખાસ ધ્યાનમાં લેવા જેવાં છે. પોતાની સાંપ્રદાયિક ઓળખ આપવાની દિશાએ અમુક વેશની ગમે તેટલી ઉપયોગીતા હોય પણ આમજનતા સાથે તાદાત્મ્ય કેળવવામાં આ વેશ ઘણી વખત એક મહાન અન્તરાયની ગરજ સારે છે અને સેવા કરવા જતાં પોતાની પૂજા પ્રતિષ્ઠા કરાવવાના પ્રલોભનમાં સરકી જવાનું જોખમ આવા સાંપ્રદાયિક સાધુવેશના વળગાડમાં રહેલું છે આમ ઘણા લોકોનો જાત અનુભવ બોલે છે. આપણા દેશમાં એક બાજુ સાંપ્રદાયિક મહત્વ અને બીજી બાજુ સાંપ્રદાયિક અહંકાર ભરેલા છે. આવા દેશમાં જે વ્યક્તિ જેટલી સાંપ્રદાયિક સરંજામથી દૂર તેટલી તેની આમજનતાના સાચા સેવક બનવાની યોગ્યતા વધારે–આ એક સામાન્ય નિયમ સ્વીકારીને ચાલીએ તો તેમાં ઓછું જોખમ અને વધારે સહીસલામતી રહેલી છે એમ આપણે કહી શકીએ.

## શ્રી માંડલ જૈન યુવક સંઘની દુષ્કાળરાહત પ્રવૃત્તિ

શ્રી માંડલ જૈન યુવક સંઘ માંડલ અને આસપાસના પ્રદેશમાં કશા પણ નાતજાત કે ધર્મના ભેદભાવ સિવાય દુષ્કાળરાહતનું સ્તુત્ય કાર્ય કરી રહેલ છે. માંડલ તળમાં આર્થિક તંગી ભોગવતા કુટુંબોને સંઘ તરફથી રેશનનાં નાણાં ચુકવવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. એ ઉપરાંત પરચુરણ જરૂરિયાતની ચીજો ખરીદવા માટે આવા કુટુંબની દરેક વ્યક્તિને માથાદીઠ દર અઠવાડીએ આઠ આના આપવામાં આવે છે. આ માટે મુંબઇમાં વસતા માંડલવાસીઓ તરફથી દરમાસે રૂ. ૫૦૦ મોકલવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. વળી આ જ કાર્ય માટે માંડલ મહાજન તરફથી પણ અમુક રકમ આપવાનું ઠરાવવામાં આવ્યું છે. અને તે એ રીતે કે દર વર્ષે ગામમાં જમણવાર કરવામાં આવતા હતા. આ જમણવારો આ વર્ષ માટે બંધ કરવામાં આવેલ છે અને જે રકમના વ્યાજમાંથી આ જમણવારો કરવામાં આવતા હતા તે રકમનું વ્યાજ રૂ. ૨૦૦૦ થી રૂ. ૨૫૦૦ થવા જાય છે જે ઉપરના રાહતકાર્યમાં ખરચવાનો મહાજન તરફથી ઠરાવ કરવામાં આવ્યો છે. આ આખા ફાળાનો વહીવટ માંડલ જૈન યુવક સંઘ અને માંડલ મહાજનના પ્રતિનિધિઓ સાથે મળીને કરે છે. આ ઉપરાંત દૂરનાં ગામડાંઓમાંથી માંડલ આવતા લોકો માટે રસ્તા ઉપર પરબો ગોઠવવાનું અને વીરડાઓ ખોદાવવાનું કામ પણ સંઘના કાર્યવાહકો કરી રહ્યા છે. એક નાની સરખી સંસ્થા આવી સર્વસામાન્ય આફતના વખતે પોતાના કોમી યા સાંપ્રદાયિક વ્યક્તિત્વને વિસરી જઇ ને સાર્વજનિક સેવાના અને રાહત પહોંચાડવાના કાર્યમાં પડે એ જેટલું આકર્ષક છે તેટલું જ આવકારદાયક બને છે. આવા વિશાળ ધોરણે કાર્ય કરવા માટે માંડલ જૈન યુવક સંઘને ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ

## અભિનંદન

અમદાવાદના જૈન યુવક સંઘના મુખ્ય કાર્યકર્તા ભાઇ વિનોદચંદ જે. શાહ અમદાવાદ મ્યુનીસીપાલીટીની ગઇ ચુંટણીમાં શાહપુર વોર્ડ તરફથી ચુંટાઇ આવ્યા તે માટે તથા મ્યુનીસીપાલીટીએ કોન્ગ્રેસ પક્ષના વ્હીપ તરીકે ચુંટયા તે માટે અમદાવાદ બત્રીસી જૈનબંધુ મંડળ તરફથી તેમનો સત્કાર સમારંભ તા. ૨૭-૩-૪૯ રવીવારના રોજ અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો. એ સત્કાર સમારંભમાં અમારો પૂર્ણ સાથ પુરાવીએ છીએ અને ભાઇ વિનોદચંદ શાહને અમો અભિનંદન આપીએ છીએ. સુધરાઇમાં તેઓ નાગરીક તરીકેની ફરજ પુરે પુરી બજાવશે એવી આશા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ રાખે છે અને શ્રી રસીકલાલ માણેકલાલ શાહ તથા શ્રી કમળાબહેન રતનચંદ સુતરીઆને પણ મ્યુનીસીપાલીટીમાં ચુંટાવા માટે અમો અભિનંદન આપીએ છીએ.

તંત્રી

(૪)



# માતૃત્વનો ઝરો (એક સત્ય ઘટના)

સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર સમા વિરમગામની ઉત્તરમાં લગભગ ૧૫ માઇલના અંતરે આવેલું માંડલ એ એક ઇતિહાસપ્રસિદ્ધ સ્થળ છે. જ્યાં એક નહિ પણ સૌરાષ્ટ્ર, ગુજરાત, ખારોપાટ, વઢીયાર અને ચુંવાળ એમ પાંચ પાંચ પ્રદેશના સીમાડાઓ ભેગા થાય છે. ગુજરાતને બળદો પુરા પાડનાર સિંધના થરપારકર જીલ્લાના માલધારીઓને જવા આવવાના માર્ગ પર આવેલું હોઇ, ગળે બાંધેલી ઘંટડીઓનો મીઠો રણકાર આપતા વૃષભવૃંદો, બેં બેં કરતાં ઘેટાબકરાના ટોળાં તો કોઇ વાર ઘરવખરીથી લદાયેલા ઉંટના કાફલા સાથે સેંકડો કુટુંબો ત્યાંથી પસાર થાય છે, ત્યારે માંડલ એમનું એક રાતનું વિશ્રામસ્થાન બને છે.

૧૦–૧૫ વર્ષ પહેલાં પડેલા એક કારમા દુષ્કાળ અંગે વઢીયાર અને થરના પ્રદેશમાંથી આવા હજારો કુટુંબો સુંડલામાં ઘરવખરી ભરી રોજી મેળવવા ગુજરાતમાં ઉતરતા હતા. એ બધા માંડલ મહાજનં તરફથી અપાતું સદાવ્રત લઇ ૨–૩ દિવસની ખાધાખોરાકી મેળવી લેતા અને આગળ કામધંધો શોધવા નીકળી પડતા. ચોમાસુ શરૂ થતાં એ બધા કાફલા પાછા ફરતા હતા ત્યારે એકવાર એક ૧૩–૧૪ વર્ષનો ગાંડો છોકરો છુટો પડી પાછળ રહી ગયો અને ફરતો ફરતો માંડલમાં આવી ચડયો.

જેવો તે ગાંડો હતો તેવો મુંગો પણ હતો. એથી ન કશું એ બોલે, ન કોઇ પાસે માગે, કે ન કોઇની સામે તાકે. હોય ત્યાં જ કલાકોનાકલાક ઉભો રહે. ગાંડા તો ઘણા હોય છે. પણ બીજાઓના કરતાં આનામાં આંતરિક પ્રેરણાની પણ મોટી ખામી હતી એથી ન એને લુગડાં પહેરતાં આવડે, ન દેહશુદ્ધિ રાખતા આવડે. ઝાજરૂ પેશાબ પણ એજ સ્થિતિમાં કરે ને લુગડાં બગાડે. પાણી લેવાનું તો એ શીખ્યો જ નહોતો. છતાં આવ્યો ત્યારે લુગડાં જો કે લઘરવઘર હતા પણ તાજો જ માબાપથી છુટો પડેલો હોઇ ખાસ મેલો નહોતો. પણ એકાદ દિવસ પછી તો એ ગંદકીનો અવતાર જ બની ગયો. ન ઝાડા–પેશાબનું ભાન કે ન પાણી લેવાનું જ્ઞાન, એથી શરીર ને લુગડાં બધા વિષ્ટાથી ખરડાઇ ગયા અને એથી એના આખા શરીરે માખીઓ બણબણવા લાગી. ૨–૩ દિવસમાં તો માથું પણ ફાટી જાય એવી દુર્ગંધ ચોગમ ઉડવા લાગી હતી જેથી ત્યાંથી પસાર થતા લોકો નાકે હાથ દઇ ઝટપટ આગળ નીકળી જતા, એની સામે જોવાની પણ સૌ કોઇને ઘૃણા થતી.

છતાં બાળકો તો કંઇક નવું હોય એટલે ભેગા થાય જ. એ કયારેક ટોળે મળતા અને પોતાની બાલસુલભ ભાષામાં એની ઠેકડી ઉડાવતા હોય એમ હોકારા કરતાં. આજુબાજુના લોકો પણ ગોદું મરડી આ બલા હવે ગામમાંથી કઇ રીતે જાય એની વાત કરવા કોઇવાર પાંચ દશના જુથમાં ભેગા જતા. કોઇ તગડી મુકવાનો, કોઇ રોટલો ન આપવાનો તો કોઇ વળી માનવતાવિહોણો કડક માર્ગ લેવાનો ઉપાય સુચવતા. પણ કોઇનેય જીવતા નર્કમાંથી છોડવવાની આ બાળક પ્રત્યે લાગણી નહોતી ઉઠતી.

આમ એક બે દિવસ પસાર થયા બાદ એક બાઇ રસ્તેથી નીકળી. છોકરા ત્યારે હોકારા કરતા હતા અને મોટેરાઓ એને તગડી મુકવા છોકરાઓને ઉશ્કેરતા હતા. અટકચાળી વાનરજાતમાંથી કોઇ એને પથરા મારે, કોઇ એને ગાળો આપે, કોઇ ડરાવે તો કોઇ એની સામે ચાળા કરે. છોકરો તો કોઇ સમાધિસ્થ યોગીની અદાથી નિષ્પ્રકોપજ હતો, બાઇએ ટોળામાંથી આ બધું દૃશ્ય જોયું. એકલદોકલ અબુધ છોકરો, નાની ઉમર, જીવતા નર્કની યાતના અને ઉપરથી લોકોનું આવું વર્તન જોઇ એનો આત્મા કળકળી ઉઠયો. એનામાં રહેલો રામ જાગૃત થઇ ગયો. "એનેય હેતના ધાવણ પાનારી કોક મા તો હશે જ ને? એના વિયોગે ઝુરતી કોઇ અજાણ માને મન તો એ એનો લાડકવાયો જ હશેને? એની જનેતા પેટજણ્યાની આ દશા જુએ તો? મારો જ પુત્ર હોય અને એની આ દશા જોવાનો મારે અવસર આવે તો?" હૃદયમાં ઉઠતી આવી લાગણીઓથી એનું હૈયું ભીનું બન્યું અને એનામાં રહેલા માતૃત્વના અસીમ પ્રેમઝરણાં એકીસાથે ફુટી નીકળ્યાં. ભીની આંખે 'મારા દિકરા' કહી એ એની પાસે ગઇ; પ્રેમવત્સલ માતાએ પોતાનો જ પેટજણ્યો હોય એમ એના લુગડાં ઉતાર્યાં અને પાણી લાવી નવડાવ્યો. ચોકખાં લુગડા પહેરાવી પછી એ વિષ્ટાભર્યાં વસ્ત્રો ધોવા જલાશયે ગઇ. પછીથી જેણે આ વાત સાંભળી તે બધાય કકળાટ કરવા લાગી ગયા. પતિએ રંજાડ આપવો શરૂ કર્યો, બૈરાંઓ નિંદા કરવા લાગ્યા અને નાનામોટા સહુ એની ઠેકડી ઉડાડવા લાગ્યા. કારણ કે આ ઘટના એક દિવસ માટે નહોતી પણ એ રોજનો કાર્યક્રમ બની ગઇ હતી. છતાં જેના દિલમાં અમર માતૃત્વનો અખૂટ ઝરો વહી રહ્યો છે એને કોણ રોકી શકે? જેને દીનહીન અશુચિ નારાયણની સેવા કરવાની લત લાગી છે એને એના તપમાંથી કોણ ભંગ કરી શકે? પોતાના કર્તવ્યપથ પર જેને અંદરથી અખુટ શ્રધ્ધા ઉભરાઇ રહી છે એને કોણ ચળાવી શકે?

જેમ જેમ દલીલો, નિંદા, હાંસી કે રંજાડ વધતા ચાલ્યા તેમ તેમ એની સાધના વધુને વધુ તેજસ્વી બની ઝળહળવા લાગી. પણ લોકોએ તેમ જ એના આપ્તજનોએ તો ગાંડા પાછળ એને પણ ગાંડીબનેલી જ માની લીધી. જેના હૃદયમાં આત્મીયતા–માનવતા પ્રકાશી ઉઠી છે એને કોણ સમજી શકે? જનતા એ ઉચ્ચ આત્માની જયોતિના દર્શન કરવા જેટલી સજાગ નહોતી તેમજ એ પવિત્ર આત્માની મહેકતી સુગંધ ઝીલવા જેટલું એની પાસે નાક પણ નહોતું.

છતાં ભવ્ય આત્માની સુગંધ અવ્યકતપણે પણ પોતાનું કામ તો કર્યે જ જાય છે. દિલાવર બાઇના દિલાવર હૈયાની વાતો ધીમેધીમે આમજનતામાં ચર્ચાનો વિષય થઇ પડયો અને એમ વધતાં વધતાં દૂરદૂરના ગામડાઓ સુધી પણ એ પ્રસરી ગઇ. એના આધારે એક દિવસ બાળકની સગી જનેતા–જન્મદાતા–બાળકને લેવા આવી પહોંચી.

ગામ આખાને વાત કરવાનું સાધન મળ્યું પણ બાઇએ તો હૃદય ઠલવવાનું સાધન ગુમાતું હોઇ બે અશ્રુબિંદુ પાડયા. પણ એની સગી જનેતાના સુખમાં એણે પોતાનું દુઃખ ઓગાળી નાખ્યું અને બાળકને માતાને હવાલે કર્યો. એ દિવસે એણે જે કૃતાર્થતા અનુભવી એવી સુભગ પળ કોઇ વિરલ આત્માને જ સાંપડે છે.

દુનીયાની ગડમાંજમાં દુઃખી બનેલા માનવહૃદયને આશ્વાસન–સુખ અને આરામ આપનારો માતૃત્વનો અમર વારસો જેમણે ટકાવી રાખ્યો છે એવી માતાઓ જ હિંદની સાચી દેવીઓ છે. એ મંદિરોમાં નહિ પણ આપણી આજુબાજુની જીવંત દુનીયામાં આજે પણ મળી આવે છે. એની મર્યાદા કોઇ ધર્મ કે કોમ પુરતી જ નથી પણ એ ગમે ત્યાં અને ગમે ત્યારે નારીહૃદયમાં પ્રગટી ઉઠે છે.

પુણ્યાત્મા બેન રહેમત એ અત્યંત ગરીબાઇમાંથી સુખી બનેલા ખોજા (મુસ્લીમ) પતિની ધર્મપત્ની હતી. પતિના અવસાન થયા બાદ એ પોતાને વતન રહેવા ગઇ છે જયાં હજુ પણ એ જીવે છે. માણુસ તો ઠીક, કુતરાંબિલાડાની પણ પુત્રથીયે અધિક સેવા કરનારી બહેન રહેમત જ્યારે જ્યારે લોકોની જીભે ચડે છે ત્યારે એની વત્સલતાની આવી અનેક નાનીમોટી વાતો ફરી ફરી ગવાય છે.

**રતિલાલ મફાભાઇ શાહ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૨૪

મુંબઈ: ૧૫ એપ્રીલ ૧૯૪૯ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## જૈન ધર્મનો પ્રાણ

( ગતાંકથી ચાલુ )

### આત્મવિદ્યા અને ઉત્ક્રાન્તિવાદ

પ્રત્યેક આત્મા, ચાહે એ પૃથ્વીગત, જલગત અથવા વનસ્પતિગત હોય, અથવા કીટ, પતંગ, પશુપક્ષી રૂપે હોય, અથવા માનવરૂપે હોય, તે સૌ તાત્ત્વિક દૃષ્ટિથી એકસરખા છે. આ જૈન આત્મવિદ્યાનો સાર છે. સમાનતાના આ સૈદ્ધાન્તિક વિચારને અમલમાં મૂકવો–એને યથાસંભવ જીવનવ્યવહારના પ્રત્યેક ક્ષેત્રમાં ઉતારવાનો જાગરૂક પ્રયત્ન કરવો એ અહિંસા છે. આત્મવિદ્યા કહે છે કે જો જીવનવ્યવહારમાં સામ્યનો અનુભવ ન થાય તો આત્મસામ્યનો સિદ્ધાન્ત કોરો વાદ માત્ર છે. સમાનતાના સિધ્ધાન્તને અમલી બનાવવા માટે જ આચારાંગસૂત્રના અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે જેમ તમે પોતાના દુઃખનો અનુભવ કરો છો તેમજ પરદુઃખનો અનુભવ કરો. અર્થાત્ અન્યના દુઃખનું આત્મીય દુઃખરૂપે સંવેદન ન થાય તો અહિંસા સિદ્ધ થવાનો સંભવ નથી.

જેમ આત્મસમાનતાના તાત્ત્વિક વિચારમાંથી અહિંસાના આચારનું સમર્થન કરવામાં આવ્યું છે તેમ એ જ વિચારમાંથી જૈનપરંપરામાં આ આધ્યાત્મિક મંતવ્ય પણ ફલિત થયું છે કે જીવગત શારીરિક, માનસિક આદિ વૈષમ્ય કેટલું ય ભલેને કેમ ન હોય, પણ આગંતુક છે,—કર્મમૂલક છે, વાસ્તવિક નથી. આથી ક્ષુદ્રમાં ક્ષુદ્ર અવસ્થામાં પડેલો વનસ્પતિજીવ પણ ક્યારેક માનવકોટિમાં આવી શકે છે અને માનવકોટિનો જીવ પણ ક્ષુદ્રતમ વાનસ્પતિક અવસ્થામાં જઈ શકે છે. એટલું જ નહિ બલકે વાનસ્પતિક જીવ વિકાસ દ્વારા મનુષ્યની પેઠે ક્યારેક સર્વથા બંધનમુક્ત થઈ શકે છે. ઉંચનીચ ગતિ અથવા યોનિનો તેમજ સર્વથા મુક્તિનો આધાર એક માત્ર કર્મ છે. જેવાં કર્મ, જેવા સંસ્કાર અથવા જેવી વાસના એવી જ આત્માની અવસ્થા, પણ તાત્ત્વિકરૂપે સૌ આત્માઓનું સ્વરૂપ સર્વથા એક જેવું છે, જે નૈષ્કર્મ્ય અવસ્થામાં પૂર્ણરૂપે પ્રગટ થાય છે. આ જ આત્મસામ્યમૂલક ઉત્ક્રાન્તિવાદ છે.

સાંખ્ય, યોગ, બૌદ્ધ આદિ દ્વૈતવાદી અહિંસાસમર્થક પરંપરાઓનો બીજીત્રીજી બાબતોમાં જૈનપરંપરા સાથે કાંઈક મતભેદ હશે, પણ અહિંસાપ્રધાન આચાર તથા ઉત્ક્રાન્તિવાદના વિષયમાં સૌની પૂર્ણ એકમતી છે, આત્માદ્વૈતવાદી ઔપનિષદપરંપરા, અહિંસાનું સમર્થન સમાનતાના સિદ્ધાન્ત ઉપર નહિ, પણ અદ્વૈતના સિદ્ધાન્ત ઉપર કરે છે. એ કહે છે કે તત્ત્વથી તો જેવા તમે એવા જ બીજા સૌ જીવો શુદ્ધ બ્રહ્મ–એક બ્રહ્મ–રૂપ છો. જીવોનો જે પારસ્પરિક ભેદ દેખાય છે તે વાસ્તવિક નથી, અવિદ્યામૂલક છે. આથી અન્ય જીવોને પોતાનાથી અભિન્ન જ સમજવા જોઈએ અને અન્યનાં દુઃખને પોતાનું દુઃખ સમજીને હિંસાથી નિવૃત્ત થવું જોઈએ.

દ્વૈતવાદી જૈન આદિ પરંપરાઓ અને અદ્વૈતવાદી પરંપરાઓની વચ્ચે ફરક એટલો જ છે કે પહેલી પરંપરાઓ પ્રત્યેક જીવાત્માનો વાસ્તવિક ભેદ માનીને પણ એ સૌમાં તાત્ત્વિકરૂપે સમાનતાનો સ્વીકાર કરીને અહિંસાનું ઉદ્બોધન કરે છે, જ્યારે અદ્વૈતપરંપરા જીવાત્માઓના પારસ્પરિક ભેદને જ મિથ્યા માનીને એમાં તાત્ત્વિકરૂપે પૂર્ણ અભેદ માની એના આધારે અહિંસાનું ઉદ્બોધન કરે છે. અદ્વૈતપરંપરા અનુસાર ભિન્નભિન્ન યોનિ અને ભિન્નભિન્ન ગતિવાળા જીવોમાં દેખાઈ આવતા ભેદનું મૂળ અધિષ્ઠાન એક શુદ્ધ અખંડ બ્રહ્મ છે, જ્યારે જૈન જેવી દ્વૈતવાદી પરંપરાઓ અનુસાર પ્રત્યેક જીવાત્મા તત્ત્વરૂપે સ્વતંત્ર અને શુદ્ધ બ્રહ્મ છે. એક પરંપરા અનુસાર અખંડ એક બ્રહ્મમાંથી નાના જીવસૃષ્ટિ થઈ છે, જ્યારે બીજી પરંપરાઓ અનુસાર જુદાં જુદાં સ્વતંત્ર અને સમાન અનેક શુદ્ધ બ્રહ્મ જ અનેક જીવ છે. દ્વૈતમૂલક સમાનતાના સિદ્ધાન્તમાંથી જ અદ્વૈતમૂલક ઐક્યનો સિદ્ધાન્ત ક્રમશ: વિકાસ પામ્યો હોય એમ જણાય છે, પરંતુ અહિંસાનો આચાર અને આધ્યાત્મિક ઉત્ક્રાન્તિવાદ અદ્વૈતવાદમાં પણ દ્વૈતવાદના વિચાર અનુસાર જ ઘટાવવામાં આવ્યા છે. વાદ કોઈ પણ હો, પણ અહિંસાની દૃષ્ટિથી મહત્ત્વની વાત એક જ છે કે અન્ય જીવોની સાથે સમાનતા અથવા અભેદનું વાસ્તવિક સંવેદન થવું એ જ અહિંસાની ભાવનાનો ઉદ્ગમ છે.

### કર્મવિદ્યા અને બંધનમોક્ષ

જ્યારે તત્ત્વત: સૌ જીવાત્મા સમાન છે, તો પછી એમનામાં પરસ્પર વૈષમ્ય શા માટે, અને એક જ જીવાત્મામાં કાલભેદથી વૈષમ્ય શા માટે?–આ પ્રશ્નના ઉત્તરમાંથી જ કર્મવિદ્યાનો જન્મ થયો છે. જેવાં કર્મ, એવી અવસ્થા,–આ જૈન માન્યતા વૈષમ્યનો ખુલાસો તો કરી દે છે જ, પણ સાથોસાથ એ પણ કહે છે કે સારૂં કે બૂરૂં કર્મ કરવા અને ન કરવા બાબત જીવ પણ સ્વતંત્ર છે. જેવો એ ચાહે એવો સત્ કે અસત્ પુરૂષાર્થ કરી શકે છે અને એ જ પોતાના વર્તમાન અને ભાવિનો નિર્માતા છે. કર્મવાદ કહે છે કે વર્તમાનનું નિર્માણ ભૂતના આધારે અને ભવિષ્યનું નિર્માણ વર્તમાનના આધારે થાય છે. ત્રણે કાલની પારસ્પરિકસંગતિ કર્મવાદ ઉપર જ અવલંબિત છે. આ જ પુનર્જન્મના વિચારનો આધાર છે.

અજ્ઞાન અને રાગદ્વેષ જ અસલમાં કર્મ છે. પોતાનાં પારકાંની વાસ્તવિક પ્રતીતિ ન હોવી એ અજ્ઞાન—અથવા જૈનપરંપરા અનુસાર દર્શનમોહ છે. એને સાંખ્ય, બૌધ્ધ આદિ અન્ય પરંપરાઓમાં અવિદ્યા કહી છે. અજ્ઞાનજનિત ઇષ્ટાનિષ્ટની કલ્પનાઓને કારણે જે જે વૃત્તિઓ અથવા જે જે વિકાર ઉત્પન્ન થાય છે એ જ સંક્ષેપમાં રાગદ્વેષ કહેવાય છે. જો કે રાગદ્વેષ હિંસાના પ્રેરક છે, તેમ છતાં મૂળ તપાસીએ તો સૌની જડ અજ્ઞાન, દર્શનમોહ અથવા અવિદ્યા એ જ છે. આથી હિંસાનું અસલ મૂળ અજ્ઞાન જ છે. આ બાબતમાં આત્મવાદી સૌ પરંપરાઓ એકમત છે.

ઉપર જે કર્મનું સ્વરૂપ બતાવ્યું છે તે જૈન પરિભાષામાં ભાવકર્મ છે અને તે આત્મગત સંસ્કારવિશેષ છે. આ ભાવકર્મ આત્માની આજુબાજુ સદા વર્તમાન એવા સૂક્ષ્માતિસૂક્ષ્મ ભૌતિક પરમાણુઓને આકર્ષે છે અને એમને વિશિષ્ટ રૂપ આપે છે. વિશિષ્ટ રૂપ પામેલા આ ભૌતિક પરમાણુઓનો પુંજ એ જ દ્રવ્યકર્મ અથવા કાર્મણશરીર કહેવાય છે, જે જન્માન્તરમાં જીવની સાથે જાય છે અને સ્થૂલ શરીરના નિર્માણની ભૂમિકા બને છે. ઉપર-ઉપરથી જોતાં મલૂમ પડે છે કે દ્રવ્યકર્મનો વિચાર જૈન-પરંપરાની કર્મવિદ્યામાં છે, પણ અન્ય પરંપરાની કર્મવિદ્યામાં તે નથી, પરંતુ બારીકીથી જોનાર જાણી શકે છે કે વસ્તુતઃ એવું નથી. સાંખ્ય, યોગ, વેદાન્ત આદિ પરંપરાઓમાં જન્મજન્માન્તરગામી સૂક્ષ્મ યા લિંગ શરીરનું વર્ણન છે. એ શરીર અંતઃકરણ, અભિમાન, મન આદિ પ્રાકૃત કે માયિક તત્ત્વોનું બનેલું મનાયું છે, જે વાસ્તવમાં જૈનપરંપરાસંમત ભૌતિક કાર્મણ શરીરનાં જ સ્થાને છે. સૂક્ષ્મ યા કાર્મણ શરીરની મૂળ કલ્પના એક જ છે. અંતર હોય તો એના વર્ણનપ્રકારમાં અને ન્યૂનાધિક વિસ્તારમાં તેમજ વર્ગીકરણમાં છે, જે હજારો વર્ષોથી જુદા જુદા વિચાર–ચિંતન કરનારી પરંપરાઓમાં હોવું સ્વાભાવિક છે. આ રીતે આપણે જોઈએ છીએ તો આત્મવાદી સૌ પરંપરાઓમાં પુનર્જન્મના કારણરૂપથી કર્મતત્ત્વનો સ્વીકાર છે અને જન્મજન્માન્તરગામી ભૌતિક શરીરરૂપ દ્રવ્યકર્મનો પણ સ્વીકાર છે. ન્યાયવૈશેષિક પરંપરા જેમાં એવા સૂક્ષ્મ શરીરનો કોઈ ખાસ સ્વીકાર નથી, તેણે પણ જન્મજન્માન્તરગામી અણુરૂપ મનનો સ્વીકાર કરીને દ્રવ્યકર્મના વિચારને અપનાવ્યો છે.

પુનર્જન્મ અને કર્મની માન્યતા પછી જ્યારે મોક્ષની કલ્પના પણ તત્ત્વચિંતનમાં સ્થિર થઈ ત્યારથી આજસુધીની બંધનમોક્ષવાદી ભારતીય તત્ત્વચિંતકોની આત્મસ્વરૂપવિષયક માન્યતાઓ કેવી કેવી છે અને એમનામાં વિકાસક્રમની દૃષ્ટિથી જૈન મંતવ્યના સ્વરૂપનું શું સ્થાન છે એને સમજવા માટે સંક્ષેપમાં બંધમોક્ષવાદી મુખ્ય મુખ્ય સૌ પરંપરાઓનાં મંતવ્યો અત્રે આપવામાં આવે છે: (૧) જૈનપરંપરા અનુસાર આત્મા પ્રત્યેક શરીરમાં જુદો જુદો છે. તે સ્વયં શુભાશુભ કર્મનો કર્તા અને કર્મના ફલ–સુખદુઃખાદિ–નો ભોકતા છે. તે જન્માન્તર સમયે બીજા સ્થાને જાય છે અને સ્થૂલ દેહ અનુસાર સંકોચવિસ્તાર ધારણ કરે છે. એ જ મુક્તિ પામે છે અને મુક્તિકાળમાં સાંસારિક સુખદુઃખ, જ્ઞાનઅજ્ઞાન આદિ શુભાશુભ કર્મ આદિ ભાવોથી સર્વથા છૂટી જાય છે. (૨) સાંખ્યયોગ પરંપરાની અનુસાર આત્મા ભિન્ન-ભિન્ન છે, પણ તે કૂટસ્થ તેમજ વ્યાપક હોવાથી ન તો કર્મનો કર્તા, ભોકતા, જન્માન્તરગામી કે ગતિશીલ છે, કે ન તો મુક્તિભાગી છે. એ પરંપરા અનુસાર તો પ્રાકૃત બુદ્ધિ યા અન્તઃકરણ જ કર્મનું કર્તા, ભોકતા, જન્માન્તરગામી, સંકોચવિસ્તારશીલ, જ્ઞાન–અજ્ઞાન આદિ ભાવોનો આશ્રય અને મુક્તિકાલમાં એ ભાવોથી રહિત છે. સાંખ્યયોગ પરંપરા અન્તઃકરણના બંધમોક્ષને જ ઉપચારથી પુરૂષના માની લે છે (૩) ન્યાયવૈશેષિક પરંપરા અનુસાર આત્મા વિવિધ છે. એ, સાંખ્યયોગની જેમ, કૂટસ્થ અને વ્યાપક મનાયો છે. તેમ છતાં એ, જૈનપરંપરાની જેમ, વાસ્તવિકરૂપે કર્તા, ભોકતા, બદ્ધ અને મુક્ત પણ મનાયો છે. (૪) અદ્વૈતવાદી વેદાન્ત અનુસાર આત્મા વાસ્તવમાં વિવિધ નહિ, પણ એક જ છે. એ, સાંખ્યયોગની જેમ, કૂટસ્થ અને વ્યાપક છે. એથી જ એ વાસ્તવમાં ન તો બદ્ધ છે, ન તો મુક્ત. એનામાં અન્તઃકરણના બંધમોક્ષ જ ઉપચારથી મનાયા છે; (૫) બૌધ્ધમત અનુસાર આત્મા યા ચિત્ત વિવિધ છે; એ જ કર્તા, ભોકતા, બંધ અને નિર્વાણનો આશ્રય છે. એ ન તો કૂટસ્થ છે, ન તો વ્યાપક છે; એ કેવળ જ્ઞાનક્ષણપરંપરારૂપ છે અને દેહનાં હૃદય ઇન્દ્રિયો જેવાં અનેક કેન્દ્રોમાં એક સાથે અથવા ક્રમથી નિમિત્ત પ્રમાણે ઉત્પન્ન અને નષ્ટ થતો રહે છે.

ઉપરના સંક્ષિપ્ત વર્ણનથી એ સ્પષ્ટપણે સૂચિત થાય છે કે જૈનપરંપરાસંમત આત્મસ્વરૂપ બંધમોક્ષના તત્ત્વચિંતકોની કલ્પનાનું અનુભવમૂલક પ્રથમ રૂપ છે. સાંખ્યયોગસંમત આત્મસ્વરૂપ એ તત્ત્વ-ચિંતકોની કલ્પનાની બીજી ભૂમિકા છે. અદ્વૈતવાદસંમત આત્મસ્વ-રૂપ સાંખ્યયોગની બહુત્વવિષયક કલ્પનાના એકત્વરૂપે પરિમાર્જન માત્ર છે, જ્યારે ન્યાયવૈશેષિકસંમત આત્મસ્વરૂપ જૈન અને સાંખ્યયોગની કલ્પનાનું મિશ્રણ માત્ર છે. બૌદ્ધસંમત આત્મસ્વરૂપ જૈનકલ્પનાનું જ તર્કશોધિત રૂપ છે.

## ચરિત્રવિદ્યા

આત્મા અને કર્મના સ્વરૂપને જાણ્યા પછી જ એ જાણી શકાય છે કે આધ્યાત્મિક ઉત્ક્રાન્તિમાં ચારિત્રનું શું સ્થાન છે. મોક્ષતત્ત્વચિંતકો અનુસાર ચારિત્રનો ઉદ્દેશ આત્માને કર્મથી મુક્ત કરવાનો જ છે. ચારિત્રદ્વારા કર્મથી મુક્તિ માની લેતાં પણ આ પ્રશ્ન રહે છે કે સ્વભાવથી શુધ્ધ એવા આત્માની સાથે પહેલવહેલો કર્મનો સંબંધ ક્યારે અને શા માટે થયો અથવા તો એવો સંબંધ કોણે કર્યો. આ રીતે એ પણ પ્રશ્ન ઉઠે જ છે કે સ્વભાવથી શુધ્ધ એવા આત્મતત્ત્વની સાથે જો કોઈ ને કોઈ રીતે કર્મનો સંબંધ થયેલો માની લેવામાં આવે તો પછી ચારિત્રદ્વારા મુક્તિ સિધ્ધ થયા પછી પણ પાછો કર્મસંબંધ શા માટે નહિ થાય. આ બે પ્રશ્નોના ઉત્તર આધ્યાત્મિક સૌ ચિંતકોએ લગભગ એકસરખા જ આપ્યા છે. સાંખ્યયોગ હો કે વેદાન્ત—ન્યાયવૈશેષિક હો કે બૌદ્ધ હો, આ બધાં જ દર્શનોની જેમ જૈનદર્શનનું પણ એ જ મંતવ્ય છે કે કર્મ અને આત્માનો સંબંધ અનાદિ છે, કેમકે એ સંબંધની આદિ ક્ષણ જ્ઞાનસીમાની બહાર છે. સૌએ એમ માન્યું છે કે આત્માની સાથે કર્મ—અવિદ્યા કે માયાનો સંબંધ પ્રવાહરૂપે અનાદિ છે, તેમ છતાં વ્યક્તિરૂપે એ સંબંધ આદિ છે. કેમકે આપણા સૌનો એવો અનુભવ છે કે અજ્ઞાન અને રાગદ્વેષથી જ કર્મવાસનાની ઉત્પત્તિ જીવનમાં થતી રહે છે. સર્વથા કર્મ છૂટી જતાં આત્માનું જે પૂર્ણ શુદ્ધ રૂપ પ્રગટ થાય છે એમાં ફરી કર્મ કે વાસના શા માટે ઉત્પન્ન થતી નથી એનો ખુલાસો તર્કવાદી આધ્યાત્મિક ચિંતકોએ એ રીતે કર્યો છે કે આત્મા સ્વભાવતઃ શુદ્ધિપક્ષપાતી છે. શુદ્ધિદ્વારા ચેતના આદિ સ્વાભાવિક ગુણોનો પૂર્ણ વિકાસ થયા પછી અજ્ઞાન યા રાગદ્વેષ જેવા દોષ જડમાંથી જ છેદાઈ જાય છે અર્થાત્ એ પ્રયત્નપૂર્વક શુદ્ધિને પ્રાપ્ત એવા આત્મ-તત્ત્વમાં પોતાનું સ્થાન મેળવવા માટે સર્વથા નિર્બળ બની જાય છે.

ચારિત્રનું કાર્ય જીવનગત વૈષમ્યનાં કારણોને દૂર કરવાનું છે, જે પ્રયત્નને જૈનપરિભાષામાં 'સંવર' કહે છે. 'સંવર' એ જ યોગ-શાસ્ત્રની પરિભાષામાં 'ચિત્તવૃત્તિનિરોધ' કહેવાય છે. વૈષમ્યના મૂળ કારણ અજ્ઞાનનું નિવારણ આત્માની સમ્યક્ પ્રતીતિથી થાય છે અને રાગદ્વેષ જેવા ક્લેશોનું નિવારણ માધ્યસ્થ્યની સિધ્ધિથી થાય છે. આથી આન્તર ચારિત્રમાં બે જ બાબતો મુખ્ય છે: (૧) આત્મજ્ઞાન-વિવેકખ્યાતિ, (૨) માધ્યસ્થ અથવા રાગદ્વેષ આદિ ક્લેશોનો જય. ધ્યાન, વ્રત, નિયમ, તપ આદિ જે જે ઉપાય આન્તર ચારિત્રના પોષક હોય છે તે જ બાહ્ય ચારિત્રરૂપે સાધકને માટે ઉપાદેય મનાયા છે.

આધ્યાત્મિક જીવનની ઉત્ક્રાન્તિ આન્તર ચારિત્રના વિકાસક્રમ ઉપર અવલંબિત છે. આ વિકાસક્રમનું, ગુણસ્થાનરૂપે, જૈનપરંપરામાં અત્યંત વિશદ અને વિસ્તૃત વર્ણન છે. આધ્યાત્મિક ઉત્ક્રાન્તિક્રમના જિજ્ઞાસુઓને માટે યોગશાસ્ત્રપ્રસિધ્ધ મધુમતી આદિ ભૂમિકાઓનું, બૌદ્ધશાસ્ત્રપ્રસિદ્ધ સોતાપન્ન આદિ ભૂમિકાઓનું, યોગવાસિષ્ઠપ્રસિધ્ધ અજ્ઞાન અને જ્ઞાન ભૂમિકાઓનું, આજીવક પરંપરાપ્રસિધ્ધ મંદાદિ ભૂમિકાઓનું અને જૈનપરંપરા પ્રસિધ્ધ ગુણસ્થાનોનું તથા યોગદૃષ્ટિ-

( અનુસંધાન પૃષ્ટ ૪૮૪ જુઓ. )

# ગુમાસ્તાઓનો પ્રશ્ન

જૈન સમાજ એટલે મોટા ભાગે શેઠ અને ગુમાસ્તાઓનો સમુદાય અને તેમાં શેઠની સંખ્યા ગણીગાંઠી અને ગુમાસ્તાઓની સંખ્યા ઘણી જ મોટી. આ દૃષ્ટિએ ગુમાસ્તાઓનો પ્રશ્ન જૈન સમાજના ઘણા મોટા ભાગને સ્પર્શતો પ્રશ્ન હોઇને વડોદરા ખાતે તા. ૧૦-૪-૪૯ ના રોજ ભરાયેલ ગુજરાત--કાઠિયાવાડ ગુમાસ્તા પરિષદના બીજા અધિવેશનમાં શ્રી. શાન્તિલાલ હ. શાહે પ્રમુખસ્થાનેથી આપેલા વ્યાખ્યાનનો અગત્યનો ભાગ અહિં પ્રગટ કરવો ઉચિત ધાર્યો છે. તંત્રી.

આજે આપણે એક સંક્રાંતિકાળમાંથી પસાર થઇ રહ્યા છીએ. જૂની સમાજવ્યવસ્થાનાં મૂલ્યાંકનો બદલાઇ રહ્યાં છે. નવા નવા પ્રશ્નો ઉભા થઇ રહ્યા છે. ગુમાસ્તાનો પ્રશ્ન પણ આ નવી આવી રહેલી સમાજરચનામાંથી જ ઉદ્‌ભવેલો પ્રશ્ન છે.

એક જમાનો હતો, જ્યારે માત્ર જીવનભર જ નહિ પણ પેઢી દરપેઢી શેઠ અને ગુમાસ્તા યા મુનીમના સંબંધો ચાલુ રહેતા. જૂના અને અનુભવી મહેતાજી, મુનિમ કે ગુમાસ્તાનું સ્થાન પેઢીના ભાગીદાર કે શેઠના આપ્તજનો કરતાં પણ વધુ મહત્વનું ગણાતું. ઘણી વાર સમગ્ર વહીવટ મહેતાજીની ઇચ્છા મુજબ પણ ચાલતો. યુવાન શેઠીઆઓ વૃદ્ધ મહેતાજીને વડીલ સમાન ગણતા. એ જમાનામાં કંઇક યુવાનો પોતાનું જીવન એક સામાન્ય ગુમાસ્તા તરીકે શરૂ કરી ધીરે ધીરે સારા વેપારી પણ બનતા. એથી એ જમાનામાં શેઠ અને ગુમાસ્તા વચ્ચેના સંબંધોમાં સંઘર્ષનું તત્ત્વ નહિવત્ હતું. શેઠીઆઓ સારા અને ખાનદાન ગુમાસ્તાઓની શોધમાં રહેતા અને ગુમાસ્તાગીરી એ હીણપતનું નહિ પણ માનનું સ્થાન ગણાતું.

પરંતુ પહેલા મહાયુદ્ધ પછી દુનિયાભરમાં થયું તેમ આપણે ત્યાં પણ પુરાણી અર્થવ્યવસ્થા તથા સમાજવ્યવસ્થામાં પરિવર્તન શરૂ થયું. શેઠ અને ગુમાસ્તા વચ્ચેના સંબંધોમાંથી અંગત અને લાગણીના તત્ત્વે વિદાય લીધી અને માત્ર આર્થિક સંબંધો જ જોરદાર બનતા ગયા. પરિણામે ગુમાસ્તાવર્ગને પોતાની પરિસ્થિતિ સાલવા લાગી. એક જમાનામાં સવારના છ થી રાતના બાર સુધી કામ કરતો ગુમાસ્તો એમ માનીને સંતોષ લેતો, કે મારા શેઠ પણ એ જ રીતે કામ કરીને આગળ આવ્યા છે અને મારે પણ આગળ આવવું હોય તો એમ કર્યે જ છુટકો. પરંતુ જેમ જેમ સામાજિક પરિવર્તન શરૂ થયું તેમ તેમ એ રીતે ગુમાસ્તાઓમાંથી શેઠીઆ બનવાની સંભાવના કમી થતી ગઇ. શેઠીઆઓ શેઠીઆઓ જ રહે અને ગુમાસ્તો ગુમાસ્તો જ રહે એવી પરિસ્થિતિ સર્જાતી ગઇ. તેને પરિણામે બંને વચ્ચેના સંબંધોની નિકટતા તથા અંગતપણું ઓછા થતાં ગયાં. બંને પક્ષ પોતાના ફાયદા-ગેરફાયદાની દૃષ્ટિએ જોવા લાગ્યા. પહેલા મહાયુદ્ધ પછીની આર્થિક મંદીમાં ગુમાસ્તા વર્ગની હાલત વધુ ને વધુ ખરાબ થતી ગઇ. ગામડાંમાંથી શહેરમાં આવી નોકરીમાં દાખલ થતો ગુમાસ્તો બે ચાર વર્ષે ઓરડી વસાવવાની જે આશા પહેલાં રાખતો તે આ નવી આર્થિક પરિસ્થિતિમાં દૂર ને દૂર ધકેલાવા લાગી; પરિણામે તેના જીવનમાં અને કામમાં રસ ઓછો થવા લાગ્યો. પોતાની સ્થિતિ સુધારવા માટે સંગઠિત થવાની ભાવના જન્મવા પામી. દેશના અન્ય શ્રમજીવી બળો, ખાસ કરીને મોટાં કારખાનામાં કામ કરતા કામદારોને સંગઠિત થઇ પોતાનું જીવન ધોરણ સુધારવાના પ્રયત્ન કરતા ગુમાસ્તાવર્ગે જોયા અને પોતાનાં સંગઠન પણ હોવાં જોઇએ એ ભાવના જન્મવા પામી.

જ્યાં ગુમાસ્તાઓની સૌથી મોટી સંખ્યા છે એવા મુંબઇ શહેરમાં પહેલવહેલાં ગુમાસ્તાપ્રવૃત્તિનાં મંડાણ થયાં. ઇસ્ટ ઇન્ડીઆ, મૂળજી જેઠા કાપડ માર્કેટ, દવા બજાર વગેરે વિવિધ બજારોમાં કામ કરતા ગુમાસ્તાઓએ પોતપોતાનાં મંડળો રચ્યાં. અલબત્ત તેની શરૂઆત પરસ્પરનો પરિચય, દવાખાનાં કે ભોજનાલયો ચલાવવા જેવી પ્રવૃત્તિથી થયો; પરંતુ ગુમાસ્તાઓએ પોતાની પરિસ્થિતિ સુધારવા સંગઠિત થવું જોઇએ એ વિચારણા એના મૂળમાં ઘર કરી રહી હતી. ત્યાર બાદ દેશમાં રાજકીય પરિવર્તનની ઘડીઓ ગણાવા લાગી. પ્રાંતિક સ્વરાજનું આગમન નિશ્ચિત બન્યું, અને ગુમાસ્તાઓના પ્રશ્નમાં રસ લેતા કાર્યકરોએ પોતાનું સંગઠન જમાવવા શરૂઆત કરી. મુંબઇમાં પહેલી ગુમાસ્તાપરિષદ સને ૧૯૩૭માં મુંબઇના માધવબાગમાં શ્રી૦ જમનાલાલજી બજાજના પ્રમુખપણા હેઠળ મળી. શ્રી૦ ગુલઝારીલાલ નંદા જેવા શ્રમજીવી વર્ગના જૂના સેવકના હાથે તેનું ઉદ્‌ઘાટન થયું. પહેલવહેલી વ્યવસ્થિત ગુમાસ્તાપ્રવૃત્તિનું મંગળાચરણ મુંબઇમાં એ રીતે થયું.

એ સમયે પ્રાંતિક સ્વરાજ હેઠળની ધારાસભાઓમાં કોંગ્રેસને બહુમતિ પ્રાપ્ત થઇ હતી અને પ્રાંતોમાં કોંગ્રેસ સરકારો રાજ્ય કરી રહી હતી. મુંબઇની કોંગ્રેસ સરકાર અને કોંગ્રેસ ધારાસભાપક્ષમાં સંખ્યાબંધ સભ્યો એવા હતા કે જેઓ ગુમાસ્તાની પરિસ્થિતિથી માહિતગાર હતા.

આ સંયોગોમાં, પહેલો ગુમાસ્તાધારો સપ્ટેમ્બર સને ૧૯૩૯માં પસાર થયો. કોંગ્રેસ સરકારોએ રાજીનામાં આપવાનું નક્કી કર્યું. મુંબઇ સરકારે એ રીતે રાજીનામું આપતાં પહેલાં પહેલો ગુમાસ્તાધારો પસાર કરાવ્યો. તેનો અમલ કરવાનું કામ સલાહકારોના તંત્રના માથે આવ્યું. સ્વાભાવિક રીતે જ તેઓને એમાં ઝાઝો રસ ન હોવાથી, તે કાયદાનો જોઇએ તેટલો સારી રીતે અમલ ન થયો. આમ છતાં આ કાયદાએ પહેલી જ વાર અઠવાડિક રજા હજારો ગુમાસ્તાઓને મેળવી આપી; તેમ જ તેના કામના અનિયંત્રિત કલાકો પર પહેલી જ વાર નિયંત્રણ મુકાયું. અલબત્ત, એ નિયંત્રણ હેઠળ નક્કી થયેલા કામના કલાકો પણ વધુ તો હતા જ, પરંતુ કંઇ જ ન હતું તેને સ્થાને એ કાંઇ ખોટું ન હતું.

જ્યારે કોઇ એક વર્ગને સ્પર્શતા કાયદાકાનૂન ઘડાય છે ત્યારે તેનો લાભ ઉઠાવવા માટે તે વર્ગનાં સંગઠનો જરૂરી બની જાય છે. આથી ૧૯૩૭ માં જેનાં મંગળાચરણ થયાં હતાં તે ગુમાસ્તાપ્રવૃત્તિ વેગ પકડતી ગઇ. અમદાવાદ, પૂના, સોલાપુર જેવાં શહેરોમાં એકબીજાથી અલગ પણ, નાનાં મોટાં ગુમાસ્તામંડળો સ્થપાવા લાગ્યાં. ધંધાવાર, બજારવાર મંડળો હતાં તેમાં પ્રાણ પુરાયા અને પ્રાંતભરના ગુમાસ્તાઓ પહેલી જ વાર પોતાનાં સામુદાયિક અને વર્ગ તરીકેનાં હિતોનો વિચાર કરતાં થયા. આમ છતાં સૌરાષ્ટ્ર અને અન્ય દેશી રાજ્યોમાં તો એની કાંઇ જ અસર થઇ ન હતી.

ગુમાસ્તાઓના પ્રશ્નોની વિચારણા કરતી વેળા તેની બે બાજુ છે એ વાત આપણે ન ભૂલીએ. એક બાજુ છે સરકાર અને કાયદાઓ દ્વારા ગુમાસ્તાઓનું હિત સાધવાની; અને બીજી બાજુ છે, એ બધાનો લાભ લેવા તથા ગુમાસ્તાઓની પરિસ્થિતિ સુધારવા માટેનાં સંગઠનોની.

સરકાર પોતાનું કાર્ય કર્યે જાય છે. જેમ જેમ લોકમત જાગૃત થાય છે, જેમ જેમ નૂતન વિચારસરણી દૃઢ થતી જાય છે, તેમ તેમ, સરકાર એ નવી પરિસ્થિતિને અનુરૂપ કાયદો ઘડે છે યા ચાલુ હસ્તી ધરાવતા કાયદાઓમાં ફેરફાર કરે છે. કોઇ પણ સાચી પ્રજાકીય સરકાર માટે એ અનિવાર્ય છે. પહેલી વારનો મુંબઇ સરકારનો ગુમાસ્તાકાયદો તથા તાજેતરમાં તેમાં સુધારા-વધારા કરી વધુ વ્યાપક બનાવેલો તથા ઘણા મોટા વિસ્તારોમાં લાગુ કરવામાં આવેલો આજનો કાયદો એ ઉપરના નિદાનને સાચું ઠરાવે છે. આજનો કાયદો સ્વયંસંપૂર્ણ છે યા તેમાં કાંઇ જ સુધારાને અવકાશ નથી એમ તો કોઇ નહિ કહે. સૌ સૌની પોતાની

પપુ ની આસપાસ હોવો જ જોઇએ અને તેને અંગ્રેજી ભાષાનું જ્ઞાન છે કે નહિ એ પ્રશ્ન એમાં આવવો ન જોઇએ.

મોંઘવારીની અસર મધ્યમવર્ગને સૌથી વધુ થઇ છે એ વાત મુંબઇ વિદ્યાપીઠના આર્થિક વિભાગે કરેલા સંશોધનમાં સાબિત થઇ છે. છતાં એનો ઉપાય મોંઘવારી ભથ્થુ એ મજૂરનાં ગુમાસ્તાને મળતું નથી.

Providunt Fundની યોજનાની ગુમાસ્તા વર્ગને સૌથી વધુ જરૂર રહે છે; છતાં એને માટે યોજના તૈયાર કરવી અને તેને અમલમાં મૂકવી એમાં ઘણી વ્યવહારિક મુશ્કેલીઓ છે. આનો ઉકેલ મુશ્કેલ હશે પણ અશકય નથી. પણ એ વિષયનો અભ્યાસ કરી, બધી બાજુ તપાસી, યોજના ઘડવા માટે કોઇક અભ્યાસીઓની સમિતિની જરૂર છે.

પરંતુ, આ ઉપરાંત પણ ગુમાસ્તાસંગઠનોએ ઘણું ઘણું કરવાનું છે. સંગઠનનો હેતુ માત્ર શેઠિયાઓ સામે લડવાનો જ ન હોઇ શકે, તેમ જ માત્ર થોડા–ઘણા આર્થિક લાભો મેળવવા પૂરતો જ તેને પર્યાપ્ત ન બનાવી શકાય. ગુમાસ્તાના સમગ્ર કૌટુંબિક જીવનમાં સુખ, શાન્તિ અને આબદી લઇ આવવાં એ જ આ પ્રવૃત્તિનો હેતુ હોઇ શકે. આ માટે જરૂર લાગે ત્યાં પ્રવૃત્તિ, હિલચાલ, લડત વગેરે બધું કરે, પરંતુ પોતાનાં સંગઠનો દ્વારા પણ ઘણું કરી શકે.

જેમકે દવાખાનાની વ્યવસ્થા, ગુમાસ્તાઓનાં બાળકોના શિક્ષણની વ્યવસ્થા, સામૂહિક પર્યટનોદ્વારા આનંદપ્રમોદ, અવલોકન તથા સામાન્ય જ્ઞાનનો વધારો વગેરે પ્રશ્નો ગુમાસ્તા સંગઠનોએ હાથ ધરવા જોઇએ. ગુમાસ્તા ભાઇઓમાં આજની દુનિયા તથા તેના પ્રશ્નોનું તથા આપણા દેશના પ્રશ્નોનું જ્ઞાન ફેલાવવાનું કામ પણ આવાં સંગઠનોએ હાથ ધરવું જોઇએ. એ માટે ફરતી લાયબ્રેરી, વાંચનાલયો વગેરે ચલાવી શકાય. તેમના શારીરિક વિકાસ તથા આરોગ્યરક્ષા અર્થે વ્યાયામશાળાઓ ચલાવી શકાય. ગુમાસ્તાઓનાં સ્ત્રી–બાળકો માટે કાંઇ ને કાંઇ હસ્તકળા કારીગરીનાં કામો શોધીને તેમને રોકાયેલાં રાખવાનું તથા તે દ્વારા તેમની ટૂંકી આવકમાં કાંઇક ઉમેરો કરાવી આપવાનું કામ પણ આવાં સંગઠનો હાથ ધરી શકે. સારાંશ એ કે આવાં સંગઠનો પાછળની દૃષ્ટિ માત્ર એકાંગી અને શેઠીઆઓ કે માલિકો સામેની લડતની જ ન હોય, પણ એ દૃષ્ટિ, ગુમાસ્તાના સમગ્ર કૌટુંબિક જીવનમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિ આણવની હોવી જોઇએ. આપણાં ગુમાસ્તા–સંગઠનો આ દિશાએ પ્રગતિ કરે તો જ તેની સાચી ઉપયોગિતા સિદ્ધ થશે.

ગુમાસ્તાઓ પોતાના સંગઠન પ્રત્યે વફાદાર રહે એ પણ બહુ જ જરૂરી છે. મંડળની ફી એ એક પ્રકારના વીમાના પ્રિમિયમ જેવી છે. એનાથી મળતા રક્ષણ અને ફાયદાનો ખ્યાલ તો જ્યારે સંકટ આવી પડે ત્યારે જ આવે. એ ફીને મોજશોખની વસ્તુ કે માથે આવી પડેલી આફત ગણવામાં ભારે ભૂલ થાય છે. એને તો ભવિષ્યના સુખને ખાતરનો જરૂરી ભોગ ગણીને સહુએ પૂરતી રકમમાં નિયમિત રીતે ભરવી જોઇએ. તો જ ગુમાસ્તાસંગઠન વ્યવસ્થિત રીતે ચાલી શકશે.

આજે મુંબઇમાં જે ગુમાસ્તાધારો અમલમાં આવ્યો છે તેમાંથી ઉત્પન્ન થતી નાનીમોટી તકલીફોના નિવારણ માટે તેમાં ફેરફાર કરવાની માગણીનો સૂર કોઇક ઠેકાણે સંભળાય છે. મારો મત એવો છે કે મૂળ તત્વોની દૃષ્ટિએ એમાં કાંઇજ ફેરફાર કરવાની જરૂર નથી. પણ કોઇક ધંધાની દૃષ્ટિએ અથવા ખાસ પરિસ્થિતિને અંગે તેમાંથી છૂટછાટ આપવાની જરૂર પડે તો તેવે પ્રસંગે સરકાર ગુમાસ્તાઓનું દૃષ્ટિબિંદુ સાંભળીને પછી જ પગલાં લેશે એમ હું આશા રાખું છું.

ગુમાસ્તા ભાઇઓ, આપના રોજ–બ–રોજના પ્રશ્નોની ચર્ચામાં હું અહીં ઊતરવા નથી માગતો. એ પ્રશ્નોની ચર્ચા આપ કરીને તે અંગે યોગ્ય ઠરાવ તમે સૌ કરશો જ.

પણ આપણા દેશ અને સમાજને સ્પર્શતા કેટલાક પ્રશ્નો જેની સાથે આપને સંબંધ છે તે હું આપની પાસે રજૂ કરવા ઇચ્છું છું.

(1) Moral Depression. (નૈતિક અધઃપતન)
(2) Discontent. (વ્યાપક અસંતોષ)
(3) Politics. (રાજકારણ)

આજે આખા સમાજમાં નીતિનાં ધોરણો નીચાં પડયાં છે. લાંચરૂશવત, કાળાં બજાર, નફાખોરીની ફરિયાદ અતિ સામાન્ય થઇ પડી છે અને સૌ કોઇ એક–બીજાની ફરિયાદ કરે છે, પણ પોતાનો દોષ કોઇ જોતું નથી. સામાન્ય જનતા અમલદારોને તથા વ્યાપારીઓને દોષ દે છે. વ્યાપારીઓ કાયદા અને પોલીસને દોષ દે છે. આ સ્થિતિમાંથી છૂટવા માટે આખા સમાજે પ્રયત્ન કરવાની જરૂર છે. આ પ્રયત્નો અંગત રીતે દરેક વ્યક્તિ કરી શકે છે. વ્યાપારીઓના દોષમાં ગુમાસ્તાઓ લોભથી કે બીકથી, સ્વાર્થથી ભાગીદાર થાય છે. કર છુપાવવો, નફાખોરી કરવી અને કાળાં બજાર ચલાવવા એ કોઇ વ્યાપારી એકલો પોતાના નોકરોની મદદ વિના કરી શકતો નથી. એટલે અંશે ગુમાસ્તાવર્ગ પણ એમાં સંડોવાયેલો છે. મારી તમને સૌને વિનંતી છે કે થોડું આર્થિક જોખમ ખેડીને, શેઠની નામરજી સાથે વહોરીને અને નોકરી ગુમાવવી પડે તો તે પણ વેઠીને તમારામાંથી થોડાક ભાઇઓ તૈયાર થાય કે કોઇ પણ સંજોગોમાં આવાં સમાજવિરોધી કાર્યોમાં તેઓ મદદ નહિ કરે, તો તેઓએ સમાજની મોટી સેવા કરી ગણાશે ને આ અનિષ્ટોનું પ્રમાણ તેના પરિણામે ઘટશે. સૌ કોઇ એમ માને છે કે આ દોષો દૂર કરવાની ફરજ ફક્ત સરકારની છે ને વ્યક્તિ તરીકે આપણી પોતાની કાંઇ ફરજ નથી. સરકાર તો કાયદો અને પોલીસની મદદથી થાય તેટલું કરે, પણ સમાજમાં નીતિનાં ધોરણો સ્થાપવાનું કામ સરકારથી કાયદા કે પોલીસની મદદથી નહિ બની શકે; એ તો જ્યાં અનીતિની અતિશયતા થાય અને તે પકડી સાબિત કરી શકાય એવા રૂપમાં બહાર આવે ત્યાં કાંઇક કરી શકશે. પણ નીતિ અને સમાજસ્વાસ્થ્યની સ્થાપના કરવાનું કામ સમાજના એકેકેએક વિચારવાન માણસને માથે છે. અને તે ફરજ અદા કરવા તમારામાંથી ઘણા ભાઇઓ તૈયાર થશે એમ હું આશા રાખું છું.

આપણા દેશની આજની આર્થિક સ્થિતિમાં મુશ્કેલીઓનો પાર નથી. અન્ન–વસ્ત્ર, ઘર જેવી સામાન્ય જરૂરીઆતો મળવી મુશ્કેલ થઇ પડી છે, એનો લાભ ઉઠાવીને એક વર્ગ આપણા દેશમાં અંધાધૂંધી ફેલાવી અહીંની ઉગતી રાજ્ય સંસ્થાને મુશ્કેલીમાં મૂકવા પ્રયત્ન કરી રહ્યો છે; લોકશાહીને નામે, ગરીબ ને કચડાયેલા વર્ગને નામે. દેશની આજની પરિસ્થિતિનો રાજકીય લાભ ઉઠાવવા યોજનાપૂર્વક પ્રયત્નો ચાલે છે. એમના પ્રચારકાર્યનું સ્વરૂપ સમજીને તમે એના ભોગ ન થઇ પડો અને દેશની આઝાદીનો પૂરો ફાયદો ઉઠાવી દેશને આબાદ બનાવવામાં તમો સૌ તમારો ફાળો આપો એમ હું ઇચ્છું છું.

આજે એક સામાન્ય ફરિયાદ એ છે કે નોકરવર્ગ પોતાના હક માગે છે, જ્યારે ફરજ બજાવવામાં બેદરકાર બનતો જાય છે. આ ફરિયાદ ખરી હોય તો તે દૂર કરવી એ આપણી ફરજ છે. જે માણસ પોતાની ફરજ પૂરી અદા કરે છે તે જ હક ભોગવવાનો વાજબી દાવો કરી શકે. એમ ન કરનાર તેના શેઠની તેમ જ સમાજની કુસેવા કરે છે. એટલે જેમ આપણે કલાક ઓછા માગીએ અથવા અઠવાડિક રજા માગીએ તેમ કામના કલાકો દરમિયાન પૂરી વફાદારીથી, વખત બગાડયા સિવાય અને આપણી સર્વ શક્તિ ખરચીને જે નોકરીમાં હોઇએ તે બજાવવી એ પણ આપણો ધર્મ છે. એ ધર્મમાં આપણે સૌએ જાગૃત અને પ્રયત્નશીલ રહેવાની જરૂર છે.

આમ, આપણી સમક્ષ પડેલા પ્રશ્નોની આપણે વિચારણા કરી. હવે એના ઉકેલ માટે કામે લાગીએ.

મને આશા છે કે આ પરિષદ આજે ગુમાસ્તા વર્ગ સમક્ષ પડેલા પ્રશ્નોનો સર્વાંગી દૃષ્ટિએ વિચાર કરશે. માત્ર પોતાના જ હિતને નજર સામે રાખીને નહિ, પણ દેશની આજની સમગ્ર પરિસ્થિતિનો ખ્યાલ રાખીને, દેશના આજના સંક્રાંતિકાળમાં આપણે કયાં અને કેવી રીતે ગોઠવાઇ શકીએ તેમ છીએ એ દૃષ્ટિએ વિચાર કરી યોગ્ય નિર્ણયો લેશે તથા જે નિર્ણયો લેવાય તે કાગળ પર જ ન રહે પણ તેને અમલમાં મૂકવાના દૃઢ નિશ્ચય સહિત લેવાશે તથા આ પરિષદ તે માટે જરૂરી તંત્ર ઉભું કરીને જ વિખેરાશે એવી આશા રાખું છું. જય હિંદ

# ભગવાન મહાવીરનો સંદેશ

## અહિંસા, અપરિગ્રહ, અનેકાન્ત

[ તા. ૧૧-૪-૪૯ ના રોજ અંધેરી ખાતે હંસરાજ મોરારજી પબ્લીક હાઇસ્કુલમાં મહાવીર જયન્તી પ્રસંગે મહાસતી ઉજ્જવલકુમારીજીએ આપેલ વ્યાખ્યાનની શ્રી. રત્નેશ સાહિત્યરત્ને કરી આપેલી સંક્ષિપ્ત નોંધ અહિં સાભાર પ્રગટ કરવામાં આવે છે. તંત્રી ]

આજથી અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન મહાવીરનો આ ભારતભૂમિમાં અવતાર થયો હતો. એમનો જન્મ બીહારમાં થયો હતો અને ધર્મપ્રચાર પણ એમણે બીહારમાંજ કર્યો હતો. એમના જ સમકાલીન ભગવાન બુધ્ધ પણ એક મહાન ધર્મપ્રચારક હતા. તેઓ પણ બીહારમાં જ વિચર્યા હતા. આજના જમાનાના મહાન પુરૂષ મહાત્મા ગાંધીજીએ પણ પોતાના સત્યાગ્રહની શરૂઆત બીહારથી જ કરી હતી. આ રીતે આ ત્રણે ય મહાપુરૂષોએ પોતાના કાર્યોની શરૂઆત બીહારમાં જ કરેલી હોઇને બીહારની એક પવિત્ર ભૂમિ તરીકે ગણના કરવામાં આવે છે.

રાજા સિધ્ધાર્થ ભગવાન મહાવીરના પિતા હતા અને મહારાજા ચેટક તેમના મામા હતા, જેનો તત્કાલીન ગણરાજ્યો ઉપર ખૂબ પ્રભાવ પડતો હતો. ભગવાને ૩૦ વર્ષની ઉમરે ઘર છોડીને સંન્યાસ ગ્રહણ કર્યો હતો. એ સમયમાં બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શૂદ્રની દશા ઘણી જ ખરાબ હતી. બ્રાહ્મણ લોલુપ બની ગયા હતા. ક્ષત્રીય યુદ્ધપ્રિય અને વિલાસી બની ગયા હતા. વૈશ્યો સ્વાર્થી બની ગયા હતા અને શૂદ્રોની તો દશા જ કોઇ વિચિત્ર બની ગઇ હતી. તેમને તો પશુઓથી પણ હલકા ગણવામાં આવતા હતા. આવી વિષમ સ્થિતિને સુધારવા માટે ભગવાન મહાવીરે સંન્યાસ ગ્રહણ કર્યો અને દુનિયાને અશાન્તિથી મુક્ત કરવાનો ઉપાય તેઓ શોધવા લાગ્યા. તેમણે સાડાબાર વર્ષ મૌન તપશ્ચર્યા કરી, અને ત્યાર બાદ તેમને જે જ્ઞાન પ્રાપ્ત થયું તેનો ઉપદેશ કરતાં કરતાં તેમણે અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તનો સંદેશ સારી આલમને સંભળાવ્યો.

પુરાણમાં એક કથા આવે છે. એકવાર દેવ, દાનવ અને માનવોએ મળીને બ્રહ્માજીને પ્રસન્ન કરવા માટે તપશ્ચર્યા કરી. બ્રહ્માજી સમાધિસ્થ હતા. કેટલાક દિવસ બાદ બ્રહ્માજીએ આંખ ખોલી તો સામે દેવોને જોયા. એમને દેખતાંવેંત બ્રહ્માજીએ 'દ' શબ્દનું ઉચ્ચારણ કર્યું અને પાછા તરત જ સમાધિસ્થ થઇ ગયા. દેવો સમજ્યા કે આપણે વિલાસી છીએ, ભોગી છીએ એથી બ્રહ્માજીએ 'દ' શબ્દથી દમન કરવાનો ઉપદેશ કર્યો છે. ત્યાર બાદ દાનવો આવ્યા તેમને જોઇને પણ બ્રહ્માજીએ 'દ' શબ્દનો ઉચ્ચાર કર્યો અને પછી આંખો બંધ કરી દીધી. દાનવો ક્રૂર હોય છે એથી તેઓ એમ સમજ્યા કે બ્રહ્માજીએ 'દ' શબ્દથી દયાનો ઉપદેશ કર્યો છે. ત્યાર બાદ માનવો જ્યારે સામે આવ્યા ત્યારે પણ બ્રહ્માજીએ 'દ' શબ્દ સંભળાવ્યો. માનવોએ વિચાર્યું કે આપણે કૃપણ છીએ તેથી બ્રહ્માજીએ આપણને દાનનો ઉપદેશ દીધો છે. આ કથામાં જેવી રીતે બ્રહ્માજીએ ત્રણ 'દ' કહીને દરેક શાંતિનો માર્ગ બતાવ્યો તેવી રીતે ભગવાન મહાવીરે પણ અસ્વસ્થ દુનિયાને શાંતિનો માર્ગ રજુ કરતા ત્રણ 'અ' (અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત) બતાવ્યા છે. મૃત્યુલોકને સ્વર્ગ બનાવવું હોય અથવા તો આ જગતમાં શાશ્વત શાન્તિ પ્રાપ્ત કરવી હોય તો આ ત્રણ સિધ્ધાંતોના અમલ વડે જ એ શક્ય છે એમ ભગવાન મહાવીરે જણાવ્યું છે.

બીજા પ્રાણીઓની અપેક્ષાએ મનુષ્યમાં પ્રજ્ઞાની વિશિષ્ટતા રહેલી છે. આ વિશિષ્ટતા બીજા પ્રાણીઓમાં હોતી નથી. પોતાના જ્ઞાનમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરવી એનું નામ પ્રજ્ઞા છે. માણસ પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શકે છે જ્યારે બીજા પ્રાણીઓ એમ કરી શકતા નથી. આજથી ૫૦૦ વર્ષ પહેલાં હાથીઓ જે રીતે સમુદાયમાં રહેતા અને ફરતા હતા તે જ રીતે આજે પણ રહે છે, પક્ષીઓ પણ આજથી ૫૦૦ વર્ષ પહેલાં માળા બનાવીને રહેતા હતા, આજે પણ પક્ષીઓ તે જ રીતે રહે છે. એમાં કશું પણ પરિવર્તન થયું હોય એમ માલુમ પડતું નથી. પણ આ બાબત મનુષ્યને લાગુ પડતી નથી. એની પ્રજ્ઞાનો તો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે. પણ આ બાબત યાદ રાખવાની જરૂર છે કે જો આ પ્રજ્ઞામાં અહિંસાનો સાથ ન હોય તો તે પ્રજ્ઞા તારક બનવાને બદલે ઘાતક બને છે. આજે વિજ્ઞાનના બળ પર માનવીએ અણુબોંબ શોધી કાઢ્યો છે, પણ તેની સાથે અહિંસા જોડાયલી રહી નથી તેથી આજની પ્રજ્ઞા તારકને બદલે ઘાતક બની બેઠી છે.

આજના યુરોપની ગોરી પ્રજાએ શું કર્યું છે? પોતાની પ્રજ્ઞાના બળથી તેમણે બીજા દેશોને કંગાળ બનાવ્યા છે અને માત્ર પોતાના સ્વાર્થની પુરવણી કરી છે. અંગ્રેજોએ આ જ રીતે ભારતને ચૂસ્યું છે. આ રીતે તેમની પ્રજ્ઞા તો વૃદ્ધિ પામી, પણ તેની સાથે અહિંસા વધી નહિ, તેથી તેનું ખરાબ પરિણામ આવ્યું છે. પ્રજ્ઞાની સાથે અહિંસાની વૃદ્ધિ અત્યંત આવશ્યક છે. તેથી જ ભગવાન મહાવીરે જ્યારે સાડાબાર વર્ષ પછી પોતાનું મૌનવ્રત છોડયું ત્યારે સૌથી પ્રથમ તેમણે આ પ્રમાણે કહ્યું. 'મા હણો'—'કોઇને મારો નહિ,' જો તમે કોઇને મારશો તો તમારે પણ મરવું પડશે. તમે કોઇનો છેદ કરશો તો તમારે પણ છેદાવું પડશે. તમે કોઇને દુભવશો તો તમારે પણ દુભાવું પડશે.

ભગવાન બુધ્ધે પણ આ જ સત્ય કહ્યું છે.

**न हि वेरेण वेराणि, समन्ति ध कदाचन।**
**अवेरेण समन्ति ध, एसो धम्मो सनातनो॥**

વેરથી વેરનો કદી અંત આવી શકતો નથી. આજના જમાનાના મહાપુરૂષ અને હિંદના રાષ્ટ્રપિતાએ પણ આ જ કહ્યું છે કે "તમને મારવાવાળાને જો તમે મારશો તો તેનો હિતૈષી તમને મારવાને આવશે. તેથી તમારૂં મરણ પણ નિશ્ચિત છે. આમ જો તમારે મરવાનું જ છે તો આવી રીતે મરવા કરતાં બહેતર છે કે તમે કોઇને પણ માર્યા સિવાય મરવા માટે તૈયાર રહો." આ રીતે ભગવાન મહાવીરે પચીસો વર્ષ પહેલાં જે સંભળાવ્યું હતું તે જ આપણને ગાંધીજીએ બતાવ્યું છે.

પ્રાણી માત્ર સુખને ચાહે છે, દુઃખ કોઇને પણ ગમતું નથી. કોઇ પણ આપત્તિ આવે છે તો મનુષ્ય ભગવાનનું નામ યાદ કરવા માંડે છે. આનો અર્થ એ છે કે આપણને દુઃખ ગમતું નથી પણ જે સુખ આપણને જોઇએ છીએ એ ક્ષણિક હોવું ન જોઇએ. જે સુખ બીજાને દુઃખ આપીને આપણને મળે તે સુખ પણ આપણને જોઇતું નથી. કારણ કે આવું સુખ સુખ બની શકતું નથી. જો સૌ કોઇ બીજાને દુઃખ આપીને સુખ મેળવવાનો પ્રયત્ન કરે તો પરિણામે કોઇ સુખી થઇ શકતું નથી. સૌ કોઇ દુઃખ જ વધારે છે. જો આપણે અન્ય દુઃખી કરીને સુખ મેળવવા માગીએ છીએ તો બીજો આપણને દુઃખી કરી સુખ મેળવવાનો પ્રયત્ન કરે છે. પરિણામે દુઃખ જ વધે છે, સુખ વધતું નથી. તેથી શાશ્વત સુખનો માર્ગ ભગવાને સાડાબાર વર્ષ સુધી જંગલમાં રહીને અને અનાર્યદેશમાં પરિભ્રમણ કરીને શોધી કાઢ્યો અને તેમને જે ઉપાય મળ્યો તેનો ઉપદેશ દેતાં દેતાં તેમણે જણાવ્યું કે 'સાચું સુખ અહિંસામાં છે, સૌ સાથે પ્રેમ કરવામાં છે.' એનું મૂળ સુત્ર તેમણે આ પ્રમાણે કહ્યું "જીવો અને જીવવા દો" એક તરફ 'જીવો અને જીવાડો'ની વાત ભગવાને આપણી સામે રાખી

અને બીજી તરફ जीवो जीवस्य जीवनम् ની વાત પણ સંભળાવી દીધી. એક જીવ બીજા જીવની આપત્તિ સિવાય જીવી શકતો નથી. જો અહિંસા જ સાચો માર્ગ હોય તો એક જીવનું જીવન જ્યાં બીજાના જીવનને આપત્તિરૂપ બને છે ત્યાં અહિંસા ક્યાં રહી—એ પ્રશ્ન લોકોના દિલમાં ઉઠે તે સ્વભાવિક છે. આ પ્રશ્નને એક અંગ્રેજી લેખકે પોતાની ભાષામાં આ રીતે રજુ કર્યો છે. Living is Killing જીવવું એટલે મારવું. આ પ્રશ્નના ઉત્તરમાં આપણા તત્ત્વચિંતકોએ કહ્યું છે કે જીવવું એટલે મારવું એ એક સત્ય હકીકત છે પણ એ કાંઇ માનવીનો ધર્મ નથી, માનવીનો ધર્મ તો એ છે કે ઓછામાં ઓછી હિંસા કરવી અને અધિકમાં અધિક અહિંસાનું પાલન કરવું. અને આ કેવી રીતે કરવું તે બાબતનો તેણે વિચાર કરવો જોઇએ. આ તત્ત્વને લક્ષ્યમાં રાખીને અંગ્રેજી ભાષામાં જણાવવામાં આવ્યું છે કે—

"Killing the least is living the best."

ઓછામાં ઓછી હીંસા કરતાં કરતાં અહિંસાનું અધિકાધિક પાલન કરવું એ જ જીવનનો સર્વોત્તમ ધર્મ છે. એ જ બાબત ભગવાને સાડાબાર વર્ષ લાંબુ મૌન ખોલવાના સમયે કરી હતી. "मा हणो, मा हणो." આ જ બાબતને વેદમાં પણ 'मा हिंस्यात् सर्वं भूतानि।' કહીને બતાવવામાં આવી છે.

મનુષ્યના હૃદયમાં શુભ અને અશુભ એમ બે પ્રકારની ભાવના રહેલી છે. એના દિલમાં એક બાજુએ પ્રેમ, ક્ષમા, વાત્સલ્ય, સંતોષ અને દયાળુતા હોય છે તો બીજા ખુણામાં કામ, ક્રોધ, અહંકાર, લોભ વગેરે વાસનાઓ રહેલી હોય છે. જ્યાં સુધી એ વાસનાઓ ઉપર સંયમ ધારણ કરવામાં ન આવે ત્યાં સુધી અહિંસાનું પાલન થઇ શકતું નથી. આજે વિશ્વનાં મહાન યુદ્ધના મૂળમાં લોભ રહેલો છે. એની ઉપર સંયમ સ્થપાતો નથી તેથી યુદ્ધ થાય છે. તેથી ભગવાને ઉપદેશ દીધો કે જો તમારે અહિંસાને પોતાના જીવનમાં ઉતારવી હોય તો સંયમ તથા તપનું પાલન કરો. અહિંસાના એ બે પગ છે, જેના વિના અહિંસા ચાલી શકતી નથી. સંયમની મતલબ ભગવાં કે સફેદ વસ્ત્રો પહેરવા એ નથી. પોતાની વાસના ઉપર દમન કરવું એ સંયમ છે. અહિંસાના આરાધકે વાસનાઓનું દમન કરવું જ જોઇશે. અહિંસાનો બીજો આધાર તપ છે. ઉપવાસ કે વ્રત કરવું એ જ માત્ર તપ નથી પણ પોતાના સ્વાર્થનો ત્યાગ કરવો એ જ ખરો તપ છે. ધારો કે એક વેપારી છે, જે ભારે નીતિમાન છે અને સાદાઇથી રહે છે, વ્યાપારમાં અનીતિ કરવાનું એને પસંદ નથી. એણે બીજા વેપારી સાથે એક ચીજનો મોટો સોદો કર્યો. સોદો કરવા સાથે જ એ ચીજની કીંમત પાંચગણી વધી ગઇ. હવે માલ વેચવાવાળો વધી ગયેલા ભાવે માલ ખરીદ કરીને પુરો પાડે તો પોતે પાયમાલ થઇ જાય. આ સંજોગમાં પેલો નીતિમાન વેપારી વિચારે છે કે મારૂં કર્તવ્ય શું છે? જો મૂળ ખરીદેલે ભાવે એ માલ લેવાનો આગ્રહ રાખે તો તેને ઘણો જ લાભ થાય એવું છે, પણ તેનો અંતરઆત્મા તેને જણાવે છે કે જો હું આમ કરૂં તો સામેનો વેપારી તદ્દન પાયમાલ થઇ જાય છે. તેથી માલ વેચનારને બોલાવીને આ નીતિમાન વેપારી કહે છે કે 'આપણી વચ્ચે થએલો સૌદો હું રદ કરૂં છું.' આવી ભાવના એ જ ખરી અહિંસા છે. પોતાના લોભ ઉપર વિજય પ્રાપ્ત કરવો એનું નામ સંયમ છે અને સ્વાર્થનો ત્યાગ કરવો એનું નામ તપ છે. જ્યાં સુધી આપણામાં આ પ્રકારનો સંયમ અને તપ ન આવે ત્યાં સુધી આપણી અહિંસા અપૂર્ણ જ રહેવાની. ભગવાન મહાવીરના આ અહિંસાતત્ત્વને આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીએ પણ અપનાવ્યું હતું. અને અપનાવ્યું હતું એટલું જ નહિ પણ પોતાના જીવનમાં તાણાવાણાની માફક મેળવી દીધું હોય એવો આપણને અનુભવ કરાવ્યો હતો.

કેટલાક લોકો એમ કહે છે કે મહાત્માજીની અહિંસા માનવીસમાજ પુરતી જ મર્યાદિત હતી; પણ એમ કહેવું યોગ્ય નથી. એમના જીવનમાં કેટલાયે પ્રસંગો મળે છે, જેનો વિચાર કરતાં સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે એમની અહિંસા માત્ર માનવસમાજ પુરતી મર્યાદિત નહોતી પણ એનાથી આગળ વધીને મોટે ભાગે સુક્ષ્મજીવો સુધી પણ પહોંચતી હતી. એમના જીવનનો એક પ્રસંગ આપણે જોઇએ. મહાત્માજી યરવડા જેલમાં હતા. એ વખતે કાકાસહેબ પણ તેમની સાથે હતા. સરદાર વલ્લભભાઇ પણ એ જ જેલમાં હતા, પણ તેમને જુદા ઓરડામાં રાખવામાં આવ્યા હતા. એક દીવસ સરદારે જેલ સુપરીન્ટેન્ડ દ્વારા મહાત્માજી ઉપર એક ચીઠ્ઠી લખીને મોકલી. એ ચીઠ્ઠીમાં લખ્યું હતું કે મારી પાસે પુણી થઇ રહી છે તો આપની પાસે હોય તો મોકલશો. મહાત્માજી પાસે પુણીઓ નહોતી, એથી તેમણે કાકાસાહેબને કહ્યું કે "મારી પાસે પુણીઓ નથી તેથી તમે તમારી પુણીઓ સરદારને માટે આપો." કાકાસાહેબે જવાબ આપ્યો કે "મને પુણીઓ બનાવતા આવડતી નથી તો મારી પુણીઓ ખલાસ થાય ત્યારે હું પાછો ક્યાંથી લાવીશ? મારી પાસે એટલી વધારે પુણીઓ નથી કે હું સરદારને આપી શકું." મહાત્માજીએ કહ્યું કે "તમે એ બાબત ચિન્તા ન કરો, હું તમોને પુણીઓ બનાવતાં શીખવીશ. હમણાં તો તમારી પુણીઓ સરદારને મોકલી આપો." કાકાસાહેબે પોતાની પુણીઓ મોકલી આપી અને નવી પુણીઓ બનાવવી શરૂ કરી. એ દીવસ વરસાદના હતા. પીંજણુ રૂ પીંજવામાં બરોબર કામ આપતી નહોતી. મહાત્માજીએ કહ્યું કે પીંજણની તાંત ઉપર જો બે ચાર લીંબડાના પાંદડા ઘસશો તો તે બરાબર કામ આપશે. કાકાસાહેબ ઉઠયા. સામે જ લીંમડાનું ઝાડ હતું, ત્યાં તુરત જ તેઓ ગયા અને પચીસ ત્રીસ પાંદડાની એક ડાળખી તોડીને લઇ આવ્યા. મહાત્માજીએ જ્યારે આ જોયું ત્યારે કાકાસાહેબને કહ્યું કે "તમને તો બે ચાર પાંદડાની જરૂર હતી એમ છતાં પણ તમે આખી ડાળી શા માટે તોડી લાવ્યા? આટલા બધા પાંદડા તોડીને તમે લીમડાનો ગુનો કર્યો છે."

એક બીજો પ્રસંગ જોઇએ. કાકાસાહેબે મહાત્માજી માટે કુચો કરીને એક લીમડાનું દાતણ તૈયાર કર્યું અને આપ્યું. ગાંધીજીએ દાતણ કર્યું અને એ જ દાતણ કાકાસાહેબને પાછું આપતાં કહ્યું કે "આ દાતણનો ઉપરનો કુચો કાપી નાંખીને આવતી કાલે એ જ દાતણ પાછું મને આપજો." કાકાસાહેબે કહ્યું કે "આપ એમ કેમ કહો છો? લીમડાનાં ઝાડ તો આપણે ત્યાં અનેક છે." મહાત્માજીએ જણાવ્યું કે "જ્યાં સુધી આ દાતણ ચાલે ત્યાં સુધી એનો ઉપયોગ ન કરીએ તો એ ઝાડનો આપણે ગુનો કરીએ છીએ." આ ઉપરથી આપ બરોબર સમજી શકો તેમ છો કે મહાત્માજીની અહિંસા માનવસમાજ પુરતી મર્યાદિત નહોતી પણ તેમાં સુક્ષ્મ જીવોનો પણ વિચાર રહેલો હતો.

વાલકેશ્વર ઉપર જ્યારે એકવાર ગાંધીજીને મળવાનું બન્યું હતું ત્યારે તેમને મેં કહ્યું હતું કે 'ગીતામાં તો શ્રીકૃષ્ણે યુધ્ધનું વિધાન કર્યું છે તો પછી અહિંસા વિષે શું સમજવું?' મહાત્માજીએ જવાબ આપ્યો કે "ગીતાના અંતમા અહિંસાનું જ વિધાન કરવામાં આવ્યું છે, હિંસાથી જે સિદ્ધિ થાય છે તે ઉપર ઉપરની હોય છે, દેખાવની હોય છે, પણ સાચી સિદ્ધિ તો અહિંસાથી જ પ્રાપ્ત થઇ શકે છે." આજથી પચીસો વર્ષ પહેલાં ભગવાન મહાવીરે જે વાત કહી હતી એ આજે પણ એટલી જ ઉપયોગી છે.

બીજી વાત ભગવાન મહાવીરે અપરિગ્રહની કરી છે. અહિંસા ને સત્ય તો પર્યાયવાચી શબ્દો છે અથવા તો એક જ સિક્કાની બે બાજુ છે. પરિગ્રહ જ્યારે વધે છે ત્યારે હિંસાથી જ વધે છે. કેટલાક લોકો એમ કહે છે કે "જો અમે ન્યાય અને પ્રમાણિકતાથી પૈસા એકઠા કરતા હોઇએ તો એમાં ખોટું શું છે?" પણ તેઓ જાણતા નથી કે ભગવાને તો સાફ સાફ કહ્યું છે કે પરિગ્રહ—સંગ્રહ રાખવો એ જ પાપ છે. પરિગ્રહ ન્યાયથી કર્યો હોય કે નીતિથી કર્યો હોય તો પણ પાપરૂપ જ છે. પાપનું મૂળ જ પરિગ્રહ છે.

બાઇબલમાં એક દૃષ્ટાંત આવે છે કે ભગવાન ઇશુ પાસે એક ધનવાન યુવક આવ્યો અને બોલ્યો કે 'મને કલ્યાણનો માર્ગ બતાવો.' ઇશુએ જણાવ્યુ કે 'તું ઇશ્વરની આજ્ઞાનું પાલન કર' યુવકે પૂછ્યું 'ઇશ્વરની આજ્ઞા શું છે?' ઇશુએ જણાવ્યું કે 'તું તારા પાડોશીઓ સાથે સહાનુભુતિભર્યો વ્યવહાર આચર, સૌ સાથે પ્રેમ કર.' યુવકે કહ્યું કે 'એ તો હું કરી રહ્યો છું.' ત્યારે ઇશુએ કહ્યું કે 'તું તારી આખી દોલત ગરીબોને અર્પણ કરી દે' એ સાંભળીને યુવક ત્યાંથી ચાલી નીકળ્યો. ધનવાનોને આ બાબત શી રીતે રુચે? એ ગયો ત્યારે ઇશુએ પોતાના શિષ્યોને ઉપદેશ દેતાં જણાવ્યું કે "સોયના કાણામાંથી ઉંટનું નીકળી જવું કદાચ શક્ય બને, પણ ધનવાનોને સ્વર્ગ પ્રાપ્ત થવું તે તો બીલકુલ શક્ય નથી." ભગવાને પણ એ જ વાત કહી છે કે જ્યાં સુધી માણસ પરિગ્રહશીલ રહે છે ત્યાં સુધી તે ધર્મનું યથાર્થ પાલન કરી શકતો નથી. આજના યુધ્ધોના મૂળમાં પણ એ જ પરિગ્રહ રહેલો છે, એ જ સંગ્રહવૃત્તિ રહેલી છે. આ જ કારણથી અહિંસાની સાથે ભગવાને અપરિગ્રહનો ઉપદેશ દીધો હતો.

અહીંઆ એ સમજી લેવું જરૂરી છે કે જેવી રીતે સંપત્તિનો પરિગ્રહ ત્યાજ્ય છે તેવી રીતે સાંપ્રદાયિકતાનો પરિગ્રહ પણ અનેક અનર્થોથી ભરેલો હોઇને ત્યાજ્ય છે. આજકાલ આપણાં દેશમાં આ કોમી સાંપ્રદાયિકતાએ કેટલું ભયંકર નુકશાન કર્યું છે તેનાથી કોણ અજાણ છે? એ જ સાંપ્રદાયિકતાએ આપણા રાષ્ટ્રપિતાને આપણી વચ્ચેથી ઝુંટવી લીધા છે. આ રીતે પોતાના મત વિષેનો કદાગ્રહ પણ એક પ્રકારનું પાપ છે એમ આપણે સમજવું જોઇએ. આવી જ રીતે આપણે ત્યાં રાષ્ટ્રીયતાનો પણ એક પ્રકારનો પરિગ્રહ પેદા થયો છે. આ પરિગ્રહનો વળગાડ સુધરેલા કહેવાતા લોકોમાં જ વિશેષ જોવામાં આવે છે. રાષ્ટ્રીયતા કદી કોઇ અંતિમ આદર્શ હોઇ શકે જ નહિ. વિશ્વબંધુત્વ એ જ આપણુ સર્વનો અંતિમ અને આખર આદર્શ હોવો જોઇએ.

ભગવાન મહાવીરે જે ત્રીજી બાબત કહી તે અનેકાન્તને લગતી છે. આનું બીજું નામ સ્યાદ્વાદ પણ છે. દરેક મહાપુરૂષમાં પોતપોતાની એક વિશિષ્ટ દૃષ્ટિ હોય છે. ભગવાન બુદ્ધમાં મધ્યમ માર્ગની દૃષ્ટિ હતી. શંકરાચાર્યમાં અદ્વૈતવાદની દૃષ્ટિ છે. ભગવાન મહાવીરે જગતને અનેકાન્ત દૃષ્ટિની ભેટ ધરી હતી આનો અર્થ એ છે કે એક જ વાતને ભિન્ન ભિન્ન રીતે સમજનારા કંઇ કઇ માણસો હોય છે. એક જ વાતને એક પૂર્ણદર્શી પુરૂષ પોતાની રીતે જાણે છે તો એ જ બાબતને અપૂર્ણ પુરૂષો ભિન્ન ભિન્ન રૂપમાં જુએ છે. એ બધા સત્ય જુએ છે પણ જુદી જુદી રીતે જુએ છે. આ સમજવા માટે ભગવાન મહાવીરે આપણને અનેકાન્ત દૃષ્ટિ આપી છે. અને આ જ બાબતને બીજી રીતે જણાવવી હોય તો "હું કહું છું તે જ સાચું છે એમ નહિ પણ હું કહું છું તે પણ સાચું છે અને એ જ બાબતને અન્ય કોઇ મારાથી અન્ય પ્રકારે જણાવે છે તે પણ સાચી હોઇ શકે છે." આવી જે વિચારસરણી તેનું નામ અનેકાન્તદૃષ્ટિ કહેવાય. આ જ વિચારસરણીને આજની પરિભાષામાં સર્વધર્મ-સમભાવના નામે ઓળખવામાં આવે છે. અનેક ધર્મોને પોતામાં મેળવી લેવા એનું નામ અનેકાન્ત છે, અને એને જ મહાત્માજીએ સર્વધર્મ સંમભાવના નામે ઓળખાવેલ છે. અનેકાન્ત એટલે અનેક ધર્મ કોઇ પણ ધર્મનું ખંડન કરવું તે પોતાના ધર્મનું ખંડન કરવા બરોબર છે. તેથી સુજ્ઞ મનુષ્ય કોઇ પણ ધર્મનું ખંડન કરી શકતો નથી. કોઇ પણ સત્ય પૂર્ણ હોય કે અપૂર્ણ હોય-તેનું ખંડન ન કરવુ અને તેમાં રહેલા સત્યાંશને ગ્રહણ કરવો તેનું નામ અનેકાન્ત છે, તેનુ નામ સર્વધર્મસમભાવ છે.

આ રીતે ભગવાન મહાવીરે અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તનો ક્રમશઃ અશાન્ત, અસંયમ અને અવિચારીપણાને દૂર કરવા માટે જે અમર સંદેશ દીધો છે તેને આપણું સર્વ જો જીવનમાં ઉતારીએ તો માનવસમાજનો ઉદ્ધાર થયા વિના રહે જ નહિ.

## કેટલાક સમાચાર અને નોંધ

### પ્રબુધ્ધ જૈન દશ વર્ષ પૂરાં કરે છે

પ્રસ્તુત અંકના પ્રકાશન સાથે પ્રબુધ્ધ જૈન દશ વર્ષ પુરાં કરે છે. આ દશ વર્ષના ગાળા દરમિયાન પ્રબુદ્ધ જૈને કેવી અને કેટલી સેવા કરી છે તેનો ન્યાય તોળવાનું કાર્ય જે સમાજને ઉદ્દેશીને આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે તે સમાજનું છે, આમ છતાં પણ કોમી નામાભિધાન ધરાવતું એક સામયિક પત્ર શુદ્ધ તટસ્થતાપૂર્વક અને સર્વોદયસાધનાને પૂરક બને તે રીતે પોતાના સમાજમાં સમયે સમયે ઉપસ્થિત થતાં પ્રશ્નો પરત્વે કેવું સમ્યગ માર્ગદર્શન કરાવી શકે છે તેનું પ્રબુદ્ધ જૈને એક સુન્દર દૃષ્ટાન્ત પુરૂં પાડયું છે એમ કહેવામાં કોઇ અતિશયતાનો આરોપ નહિ કરે એવી આશા રાખવામાં આવે છે. આ કાર્ય સાથે પ્રબુધ્ધ જૈને પોતાના વાંચકોને દેશભરની સતત બદલાતી પરિસ્થિતિનો ચાલુ પરિચય આપ્યો છે અને અનેક સુગમ-દુર્ગમ પ્રદેશોમાં પ્રવાસ કરાવ્યો છે. આ રીતે આજે પ્રગટ થતા અનેક સામયિકોમાં પ્રબુદ્ધ જૈને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સમવિષમ કાળમાં પ્રબુદ્ધ જૈને પોતાની પ્રતિભા આદિકાળથી આજ સુધીમાં એક સરખી જાળવી રાખી છે અને યથાશક્તિ સત્યની ઉપાસના કરતું રહ્યું છે. પ્રબુદ્ધ જૈનને જૈન સમાજે આજ સુધી સારો સહકાર આપ્યો છે અને જૈનેતરોએ પણ પ્રબુદ્ધ જૈન પ્રત્યે સારો સદ્ભાવ દાખવ્યો છે.

આ પ્રબુધ્ધ જૈન આગામી અંકથી બીજા દશકામાં પ્રવેશ કરશે. સંભવ છે કે આજ સુધી પ્રબુધ્ધ જૈનનું મુખ્ય સંચાલન જેના હાથમાં હતું તેમાં કાંઇક ફેરફાર થાય. એ સંભવિત ફેરફારની અસર પ્રબુધ્ધ જૈન ઉપર અમુક અંશે પડયા વિના તો નહિ જ રહે. આમ છતાં પણ બીનકોમી ભાવના, નિડર નિરૂપણ, સત્યોપાસનાની સતત ચિન્તા અને ચીવટ, સમગ્ર શ્રેયની પારમાર્થિક દૃષ્ટિ-આ જે પ્રબુધ્ધ જૈનના વિશિષ્ટ અંશો છે તે અંશો પુરી સાવધતાપૂર્વક જળવાશે. અને એ જાળવી શકાશે ત્યાં સુધી જ પ્રબુધ્ધ જૈન ચલુ રાખવામાં આવશે. જે આદર્શને કેદ્રમાં રાખીને પ્રબુધ્ધ જૈન આજ સુધી સંચાલિત કરવામાં આવ્યું છે તે આદર્શથી ચ્યુત થતાં પ્રબુધ્ધ જૈનનાં પ્રકાશનનો કશો જ અર્થ નહિ રહે. પ્રબુધ્ધ જૈનની બદલાતી પરિસ્થિતિમાં પ્રબુધ્ધ જૈનના વાંચકો અને પ્રશંસકો પહેલાં જેટલો જ સાથ અને સહકાર આપશે એ આશા અને અપેક્ષા અહિ વ્યક્ત કરવામાં આવે તો તે અસ્થાને નહિં લેખાય.

તંત્રી, પ્રબુદ્ધ જૈન

### સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ

જણાવતાં આનંદ થાય છે કે સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહનો ફાળો રૂ. ૧૯૩૦૦૦ જેટલો થયો છે અને આગામી માસ દરમિયાન જો આ રીતે બે લાખ રૂપીઆ પુરા ભરાય ન જાય તો અમુક સ્નેહીઓએ શ્રી મણિભાઇને તે રકમ પુરી કરી આપવાનું વચન આપ્યું છે. આ રીતે આ મકાનફંડમાં મૂળ ધારણા મુજબ બે લાખ રૂપીઆ પુરા ભરાઇ ગયા છે એમ માનીને હવે આપણે પ્રસ્તુત સંસ્થાના બે મુખ્ય અંગોનો વિચાર કરી શકીએ છીએ. સંસ્થાનું બંધારણ ઘડવા માટે નીમાયલી સમિતિનું કાર્ય પુરૂં થવા આવ્યું છે અને આ રીતે અલ્પ સમયમાં તૈયાર થનાર બંધારણના ખરડા માટે અનુમતિ મેળવવાઅર્થે થોડા સમયમાં દાતાઓની સભા બોલાવવામાં આવનાર છે.

નવા મકાન માટે પ્લાન તૈયાર છે અને તે માટે ખરીદાયલી જમીન ઉપર કેટલાક સમયથી વાવેતર કરનારને ખાલી કરાવવાની અગવડ આવી ન હોત તો આજે તો ક્યારનુંય મકાનનું ખાત મુહૂર્ત થઇ ચુક્યું હોત અને ચણતરકામ પણ હાથ ધરવામાં આવ્યું હોત. આ વાવેતર કરનાર સાથેનો ઝગડો પરસ્પર સમજાવટથી પતાવવા અનેક પ્રયત્નો કરવામાં આવ્યા અને તેમાં આખરે

નિષ્ફળતા મળતાં તેનો નીકાલ કોર્ટ મારફત કરાવવાની તજવીજ ચાલે છે અને એ બાબતનો નીકાલ આવતાવેંત મકાનનું ખાતમુહુર્ત કરવામાં આવનાર છે.

આ ફંડમાં ભરાયેલ કુલ રકમમાંથી રૂ. ૧,૫૦,૦૦૦ વસુલ થયા છે. બાકીના દાતાઓને પોતપોતાની રકમ સત્વર મોકલી આપવા સંસ્થાના ટ્રસ્ટીઓની વિનંતિ છે.

## શ્રી. સિધ્ધરાજ ઢઢ્ઢાને અભિનંદન

તાજેતરમાં ઉભું કરવામાં આવેલ રાજસ્થાન યુનીયનના પ્રધાનમંડળમાં શ્રી. સિધ્ધરાજ ઢઢ્ઢાની નીમણુંક કરવામાં આવી છે અને તેમને વ્યાપાર, ઉદ્યોગ તથા આરોગ્ય ખાતાની સોંપણી કરવામાં આવી છે. હિંદમાં આજ સુધીમાં રચાયલા યુનીયનોમાં આ યુનીયન સૌથી વધારે મોટું છે જેના મુખ્ય પ્રધાન શ્રી હીરાલાલ શાસ્ત્રી છે. ભાઇ સિધ્ધરાજ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના જાણીતા આગેવાન જયપુર નિવાસી શ્રી. ગુલાબચંદજી ઢઢ્ઢાના પુત્ર થાય. તેઓ એમ. એ.ની ઉપાધિ ધરાવે છે. કેટલાંક વર્ષ પહેલાં તેઓ કલકત્તામાં ચેંબર ઓફ ઇન્ડીયન કોમર્સના મંત્રી તરીકે કામ કરતા હતા અને ત્યાંથી નીકળતા 'તરૂણ જૈન' નામના હિંદી માસિકના એક સંચાલક હતા. ૧૯૪૨ ની લડત દરમિયાન તેમણે કેટલોક સમય જેલવાસ ભોગવ્યો. જેલમાંથી છુટયા બાદ તેઓ જયપુરમાં સ્થિર થયા અને 'લોકવાણી' નામના દૈનિક પત્રનું સંપાદન તેમણે શરૂ કર્યું. જયપુર કોંગ્રેસની સ્વાગત સમિતિના તેઓ એક સહમંત્રી હતા. આજે તેમને રાજસ્થાની પ્રધાનમંડળમાં સ્થાન મળે છે. આવા એક સાથી કાર્યકર્તાને આવું મહત્વનું સ્થાન મળવા બદલ અને આ રીતે પ્રજાની સેવા કરવાની આવી સુન્દર તક મળવા બદલ ભાઇ સિદ્ધરાજને જૈન સમાજના ધન્યવાદ ઘટે છે. સમાજ તેમ જ રાષ્ટ્રની અનેકવિધ સેવાદ્વારા સિધ્ધ કરેલી યોગ્યતા તેમને આવા મહત્વનાં અધિકારશિખર ઉપર પ્રતિષ્ઠિત કરી રહી છે. તેમના હાથે ભવિષ્યમાં દેશની અનેક સેવાઓ નિષ્પન્ન થાય અને જે સમાજના તેઓ એક અંગભૂત વ્યકિત છે તે સમાજની શોભા અને ગૌરવમાં તેઓ વધારો કરે એવી આપણા અન્તરની પ્રાર્થના છે.

## જ્ઞાતિબહિષ્કાર પ્રતિબંધક ધારો

તાજેતરમાં મુંબઇની ધારાસભાએ જ્ઞાતિબહિષ્કાર તેમ જ સમાજબહિષ્કારને ગેરકાયદેસર ઠરાવતો કાયદો પસાર કર્યો છે. આ કાયદાના મૂળ ખરડામાં રહેલી બે ત્રુટિઓ સંબંધે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ સરકારનું ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. એક તો Community એટલે જ્ઞાતિ અથવા તો સમાજનું લક્ષણ એવી રીતે બાંધવામાં આવ્યું હતું કે જેના પરિણામે જે કોમી સંસ્થાનું સભ્યત્વ કેવળ ઐચ્છિક ધોરણ ઉપર રચાયલું હોય તેવી કોમી સંસ્થાઓનો પણ આ Community–કોમ–શબ્દની વ્યાખ્યામાં સમાવેશ થઇ જાય છે એવો કેટલએકનો અભિપ્રાય થતો હતો. આ લક્ષણ આ પ્રમાણે હતું. "કોઇ પણ ચોક્કસ ધર્મ, કે ધાર્મિક માન્યતા ધરાવનાર વ્યકિતઓનું મંડળ તેને (Community)–કોમ–તરીકે ઓળખવું અને તેમાં જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓનો સમાવેશ થાય છે એમ સમજવું." આમાં સુધારો કરીને પ્રસ્તુત શબ્દનું લક્ષણ નીચે મુજબ સુધારવામાં આવ્યું છે. "જન્મ, ધર્માન્તર કે ચોક્કસ ધાર્મિક ક્રિયાના કારણે અમુક વ્યકિતઓ અમુક ધર્મની અથવા તો અમુક ધાર્મિક માન્યતા ધરાવતી ગણાય–આ ધોરણ ઉપર પરસ્પર સંકળાયલી વ્યકિતઓનું મંડળ એટલે Community એમ સમજવું અને આની અંદર જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓનો સમાવેશ થયેલો લેખવો." આ સુધારા વડે ઉપર જણાવેલી આ શંકાનુ નિવારણ કરવામાં આવ્યું છે.

બીજો વાંધો મૂળ ખરડા સામે એ હતો કે તે મુજબ આવા જ્ઞાતિ કે સમાજબહિષ્કારના ગુન્હાની ફરિયાદ કોઇ પણ સરકારી કોર્ટમાં દાખલ કરવા માટે પ્રાન્તિક સરકારની પરવાનગી આવશ્યક હતી. આવી પરવાનગી મેળવવામાં સમય જાય અને ખર્ચ પણ થાય. આ કલમને સુધારીને આવી બાબતમાં પ્રાન્તિક સરકારની અથવા તો આ સંબંધમાં બૃહત્ મુંબઇમાં પોલીસ કમીશનર અને અન્યત્ર ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટના સ્થાનથી નીચે ન હોય એવા જે કોઇ સરકારી અધિકારીને મુંબઇ સરકાર સત્તા આપે તેની પરવાનગીની અપેક્ષા રહેશે. આ રીતે આવા ગુન્હા માટે સરકારી કોર્ટમાં કામ ચલાવવાનું કાર્ય વધારે સરળ બનાવવામાં આવ્યું છે. હવે તો સરકાર વિષે સમાજ સુધારકોની એટલી જ અપેક્ષા રહે છે કે આ કાયદાનો સરકાર કડકપણે અમલ કરતી રહે, અને આ કાયદા નીચે જે કોઇ રાહત માંગે તેને તત્કાળ રાહત મળે કે જેથી સમાજબહિષ્કારની ઘટના ભૂતકાળની હકીકત બની જાય અને સામાજિક આચાર વિચાર તેમ જ વ્યવહારમાં પોતપોતાના વિચાર પ્રમાણે ચાલવામાં કોઇ પણ સમાજ કે જ્ઞાતિ તરફથી જરા પણ અવરોધ કરવામાં ન આવે.

## આ તે કેવો વિપર્યાસ?

મુંબઇ સમાચારમાં એક જૈનની સહીથી કેટલાક સમયથી ઘણું ખરું દર શનિવારે 'જૈન ચર્ચા' એ મથાળાથી એક લેખમાળા ચાલે છે અને એ લેખમાળામાં જૈન સમાજને સ્પર્શતી અનેક બાબતો વિષે ભાતભાતની ચર્ચા આવે છે. કેટલાએક સમય પહેલાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સંબંધે બે ત્રણ અંકોમાં તરેહતરેહની ચર્ચા કરવામાં આવી હતી અને તેમાં આપણી કલ્પનામાં પણ ન આવે તેવાં કેટલાંક વિધાનો કરવામાં આવ્યા હતા વિશેષત: એ ચર્ચામાં જાણીતા જૈનાચાર્ય વિજયવલ્લભ સુરિને સંડોવવામાં આવ્યા હતા અને મુંબઇ જૈન યુવક સંઘ, એ આચાર્યશ્રીની પ્રેરણાથી જન્મ પામ્યો હતો, એમની દોરવણી નીચે જ આજ સુધી કામ કરી રહેલ અને આજે પણ જે કાંઇ થઇ રહ્યું છે તે પાછળ તેમની જ પ્રેરણા, દોરવણી અને પ્રભુત્વ પ્રવર્તે છે—આવા ભાવેના તે લેખોમાં સીધાં તેમજ આડકતરાં સુચનો ભરેલા હતા, જ્યારે વાસ્તવિકતા તો એ છે કે મુંબઇ જૈન યુવક સંઘના નિર્માણ, તેમજ આજ સુધીની કોઇ પણ કાર્યવાહીને શ્રી. વિજયવલ્લભ સૂરી સાથે કશો પણ સંબંધ છે નહિ કે હતો પણ નહિ. આજે પણ જો તેમની સાથે ચોખવટ કરવામાં આવે તો સંભવ છે કે મુંબઇ જૈન યુવક સંઘની અને તેમની અદ્યતન વિચારણામાં આસમાન જમીન જેટલો તફાવત માલુમ પડે. હમણાં હમણાં એ જૈન ચર્ચાના લેખકે એક બીજી બાબતને એવું રૂપ આપ્યું છે કે જેથી લોકો એમ માનવા લાગે કે મુંબઇનો સ્થાનકવાસી જૈન સંઘ અન્ય ફીરકાઓથી જુદો પડીને એમ કહેવા માંગે છે કે અમે જૈનો હિંદુઓ છીએ અને આની દોરવણી તેમને મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ આપી રહ્યા છે અને મુંબઇ જૈન યુવક સંઘનું પણ આ જ મંતવ્ય છે. પ્રથમ તો મુંબઇ જૈન યુવક સંઘે આવું કશું પણ મન્તવ્ય પોતાના અભિપ્રાય તરીકે એક યા બીજી બાજુએ જાહેર કર્યું નથી. બીજું શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે પોતાના પ્રસ્તુત વ્યાખ્યાનમાં સ્પષ્ટ કર્યું છે કે જૈનો સામાજિક, આર્થિક તેમ જ કૌટુંબિક હકક અને ફરજોનું નિયમન કરતા હિંદુ કાયદાની દૃષ્ટિએ હિંદુઓથી અલગ નથી, પણ ધર્મની દૃષ્ટિએ હિંદુઓથી તદ્દન અલગ છે અને જૈન ધર્મ એક અલગ અને સ્વતંત્ર ધર્મ છે. અને મુંબઇના સ્થાનકવાસી સંઘનો પણ આજ અભિપ્રાય છે. આ આખી ચર્ચા શ્રી ડભીનાં જ્ઞાતિભેદ વિદારક બીલના અંગે ઉભી થઇ હતી. આ બીલમાં હિંદુ શબ્દની એવી વ્યાખ્યા કરી હતી કે તેમાં જૈનોનો સમાવેશ થઇ જાય અને પારસી, મુસલમાન, ખ્રીસ્તી, યહુદી અને શિખને આ બીલ લાગુ ન પડે. આ બીલનો હેતુ હિંદુ કોમમાં ગણાતી વ્યકિતઓને પોતપોતાની પેટાકોમ, સમાજ કે જ્ઞાતિને જાહેર રીતે ઉલ્લેખ કે ઉપયોગ કરતા

અટકવવાનો થતો. આ બીલનો જૈન સમાજના ભિન્ન ભિન્ન વિભાગના ઘણા મોટા ભાગે એ રીતે વિરોધ કર્યો હતો કે હિંદુ શબ્દમાં જૈનનો સમાવેશ કોઇ પણ રીતે થવો ન જોઇએ. આ બે રીતે થઇ શકે તેમ હતું. એક તો આ ધારો એવી રીતે સુધારવો કે જેથી હિંદુઓમાં અન્તર્ગત થતા જૈનોને નહિ પણ હિંદુઓને તેમજ તેથી અલગ એવી જૈન કોમને લાગુ પડે. આવી માંગણી તા. ૨૩-૧-૪૯ ના રોજ મુંબઇ ખાતે મેઘજી થોભણ ધર્મસ્થાનકમાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખસ્થાને મળેલી સમસ્ત સ્થાનકવાસી જૈનોની સભાએ કરી હતી. તે સભાએ કરેલો ઠરાવ નીચે મુજબ હતો.

"મુંબઇ ધારાસભામાં જ્ઞાતિભેદ દૂર કરનારૂં બીલ નં. ૮૫ આવી રહેલ છે તે પર વિચાર કરતાં આજની સ્થાનકવાસી જૈનોની મળેલી સભા ઠરાવે છે કે આ બીલ ઘણું અસ્પષ્ટ હોઇને તેનો ચોકકસ અર્થ તારવવો મુશ્કેલ છે તેમ છતાં તે બીલ જે રીતે રજુ થયું છે તે ઉપરથી તે બીલનો એક ઉદ્દેશ મુસલમાન, પારસી, ઇસાઇ, યહુદી અને શિખો સિવાયની હિંદમાં વસતી બધી પ્રજાને હિંદુ શબ્દની વ્યાખ્યામાં ગણી લેવાનો હોય એમ લાગે છે. જૈન શબ્દ જ્ઞાતિ કે કોમસૂચક નહિ પણ ધર્મસૂચક છે. જૈન ધર્મ હિંદુ વૈદિક ધર્મથી સંસ્કૃતિ, ઇતિહાસ અને પરંપરાની દૃષ્ટિએ જુદો અને સ્વતંત્ર છે. તેથી કોઇ ધર્મવાચક શબ્દની વ્યાખ્યા અન્ય ધર્મના અનુયાયીઓને જુદા પાડીને કરવામાં આવે ત્યારે જૈન શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો યોગ્ય છે અને હિંદુ શબ્દની વ્યાખ્યામાં તેમને સમાવી દેવા એ વ્યાજબી નથી એમ આ સભા માને છે. તેથી ઉપરોકત બીલ જૈનોને લાગુ પાડવું હોય તો 'જૈન'નો સ્પષ્ટ ઉલ્લેખ કરવાની આ સભા સરકારને વિનંતિ કરે છે.'

આમ કરવાથી હિંદુઓથી અલગપણું સ્વીકૃત થયું જ ગણાય અને જૈનોએ પણ પોતાના પેટાવિભાગ કે પેટાજ્ઞાતિનો ઉલ્લેખ ન કરવો એટલું જૈનોને માટે બંધનકર્તા બને. બીજી રીત એ હતી કે ડાભીનું બીલ બીજી મુસલમાન, પારસી વગેરે કોમોની માફક જૈનોને પણ લાગુ ન પડે એવી માંગણી કરવી. આવી માંગણી જૈન સમાજના અન્ય સર્વ વિભાગોએ કરી હતી. પણ આ બન્ને પ્રકારની માંગણી પાછળ સર્વ કોઇનો હેતુ તો એક જ હતો કે જૈનો હિંદુઓથી ધર્મની બાબતમાં અલગ ગણાવા જ જોઇએ. વસ્તુસ્થિતિ આ મુજબ સ્પષ્ટ હોવા છતાં મુંબઇનો સ્થાનકવાસી સંઘ ધાર્મિક માન્યતાથી વિમુખ બનેલા મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહની દોરવણી નીચે 'અમો જૈનો હિંદુઓ છીએ' એમ જણાવીને અન્ય સમસ્ત જૈન સમાજથી જુદો પડે છે અને જૈન સમાજના અલગ અસ્તિત્વ ઉપર જાણે કે કુઠારાઘાત કરી રહેલ છે આવો વસ્તુવિપર્યાસ ઉપરની લેખમાળામાં કરવામાં આવ્યો છે. અમુક અભિપ્રાય અભિપ્રેત છે કે નહિ એ બાબત ગૌણસ્થાને રાખીને આવો સમજણપૂર્વકનો કે સમજણવિહોણો જે વસ્તુવિપર્યાસ મુંબઇ સમાચાર જેવા જવાબદાર છાપામાં થઇ રહેલો છે તેની સ્પષ્ટતા કરવી જ જોઇએ અને વાસ્તવિક હકીકત શું છે એ બાબત યથાસ્વરૂપે જાહેર જનતા સમક્ષ રજુ થવી જ જોઇએ એ હેતુથી આ નોંધ લખવામાં આવી છે.

અહિં સાથે સાથે મુંબઇ સમાચારના અધિપતિને આટલી વિજ્ઞપ્તિ કરવામાં આવે તો અસ્થાને નહિ ગણાય કે જૈન સમાજ વિષે તેમને જે કાંઇ વિચાર પ્રગટ કરવા કે કરાવવા હોય તે જરૂર કરે પણ આ વિષયના લખનારા પુરી જવાબદારીથી અને સત્ય હકીકતના પાયા ઉપર લખે કે જેથી કોઇ પણ પ્રકારની ગેરસમજુતી ફેલાવા ન પામે અને સમાજનું શ્રેય જે સાધવાનો સૌ કોઇ પત્રકારનો હેતુ હોવો જોઇએ તે સમાજના સાર્વત્રિક શ્રેયને કદાચ વેગ મળી ન શકે તો પણ હાનિ તો ન જ થવા પામે.

**એક કોમી સંસ્થાનું સ્વેચ્છાએ વિસર્જન અને રાષ્ટ્રને સમર્પણ**

પશ્ચિમ કીનારા ઉપર મુંબઇથી નજીક આવેલ સાસવણેમાં છેલ્લાં ૩૦ વર્ષથી વૈશ્યવિદ્યાશ્રમ નામની એક શિક્ષણસંસ્થા ચાલતી હતી. આ સંસ્થા કોંકણસ્થ વૈશ્ય સમાજની વિદ્યાર્થીઓના લાભ માટે ઉભી કરવામાં આવી હતી. જાણીતા રાષ્ટ્રસેવક આચાર્ય ઢવણ એ સંસ્થાના મુખ્ય સંચાલક અને આત્મારૂપ હતા. આ સંસ્થા કેળવણીના ક્ષેત્રમાં બહુ સારૂં કામ કરી રહી હતી. આ સંસ્થાના સંચાલકો સમર્થ રાષ્ટ્રવાદી હોઇને અમુક કોમના જ લાભાર્થે ઉભી કરવામાં આવેલી આ સંસ્થાને એક રાષ્ટ્રીય શિક્ષણની સંસ્થામાં પલટાવવાના નિર્ણય ઉપર આવ્યા અને ગયા માર્ચ માસની છઠ્ઠી તારીખે તેમના તરફથી આ સંસ્થાનાં મકાનો અને ભંડોળ મુંબઇ સરકારને અર્પણ કરવામાં આવ્યા. આ અર્પણવિધિના પ્રસંગે પંતપ્રધાન શ્રી. બાળાસાહેબ ખેર હાજર થયા હતા અને આ સંસ્થાનો પાયાની કેળવણીના સ્ત્રી શિક્ષકો તૈયાર કરવા માટે ઉપયોગ કરવામાં આવશે અને આ સંસ્થાને 'ગાંધી વિદ્યાલય'ના નામથી ઓળખવામાં આવશે એમ જાહેર કરવામાં આવ્યું હતું. એક કોમના લાભાર્થે ઉભી કરવામાં આવેલી સંસ્થાને તે કોમ તરફથી રાષ્ટ્રીય શિક્ષણના કાર્ય માટે ભેટ કરવામાં આવે એ જેટલું સ્તુત્ય તેટલું આવકારદાયક હોઇને તે કોમના આગેવાનો અને સંસ્થા સંચાલકોને આવું પ્રશંસનીય અને અનુકરણ યોગ્ય પગલું ભરવા માટે શ્રી ખેર સાહેબે હાર્દિક ધન્યવાદ આપ્યો અને જણાવ્યું કે "હિંદમાં આજે જે નવી સમાજરચનાનું નિર્માણ થઇ રહ્યું છે તેમાં જે સંસ્થાઓ સંપૂર્ણ અર્થમાં રાષ્ટ્રીય નહિ હોય તેવી સંસ્થાઓ માટે બીલકુલ આવકાશ નહિ હોય" આ આશ્રમને ઔપચારિક રીતે અર્પણ કરતાં આચાર્ય શ્રી ઢવણે જણાવ્યું કે "આપણા પૂજ્ય બાપુજીના અવસાનથી આપણને બહુ કડવો બોધપાઠ મળ્યો છે અને તેથી આ કોમી સંસ્થા આપણી રાષ્ટ્રીય સરકારને સુપ્રત કરવાનો અમોએ નિર્ણય કર્યો છે. આ ભેટની રૂપીઆ આના પાઇમાં કીંમત આંકી શકાય નહિ. આવી ભેટ પહેલી વહેલી જ હોઇને તેની કીંમત ઘણી મોટી લેખાવી જોઇએ. જે સંસ્થા મારી આખી જીંદગીના પરિશ્રમનું ફળ છે તે સંસ્થાનો ભોગ આપવાની હું એટલા માટે પહેલ કરૂં છું કે આ દૃષ્ટાન્તનું બીજી કોમી સંસ્થાઓ અનુકરણ કરવા પ્રેરાય. આ સંસ્થા જો કે નામમાં કોમી હતી એમ છતાં પણ સ્વરૂપમાં રાષ્ટ્રીય હતી અને આગલી સરકાર સાથે તેણે કટોકટીની લડાઇ ચલાવી હતી. આજની સરકારમાં આપણું સ્વતંત્ર વ્યકિતત્વ આપણે હોમી દેવા તત્પર છીએ એ હકીકત જ આપણી સરકાર સ્વરૂપમાં ખરેખર કેટલી બધી રાષ્ટ્રીય છે એનો એક ભારે સબળ પુરાવો છે."

આવા અનુકરણીય સમર્પણ કાર્ય સાથે જૈન સંસ્થાના સંચાલકોનું માનસ સરખાવતાં સહેજે ગ્લાનિ તેમ જ વિષાદ થયા વિના રહેતા નથી. આજે જ્યારે કોમ કોમના ભેદ તોડી આપણા સર્વ હિંદી છીએ એ ભાવના પ્રબળપણે લોકમાનસમાં ખીલી રહી છે ત્યારે જૈન સમાજના એક વિભાગની શિક્ષણ સંસ્થા અન્ય વિભાગના વિદ્યાર્થીઓને સ્વીકારવા તૈયાર નથી. આમ કરવામાં ઘણી વાર બંધારણ અનુકુળ હોવા છતાં પણ રૂઢ માનસ અને પરંપરા સમયોચિત ફેરફાર કરવા સામે અભેદ્ય દિવાલ ઉભી કરે છે. થોડા સમય પહેલાં સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં થોડુંક પ્રમાણ જૈનેતર વિદ્યાર્થીઓનું નવી સંસ્થામાં દાખલ કરવાની સંચાલકો તરફથી નમ્ર ભાવે સૂચના કરવામાં આવેલી આ સુચનાનો સ્વીકાર તો ન થયો, એટલું જ નહિ પણ એ સામે હાજર રહેલા ભાઇઓના દિલમાં પ્રગટેલો રોષ જોઇને ભારે ગ્લાનિ અનુભવી અને મનમાં પ્રશ્ન થયો કે હજુ પણ મારૂં તે મારૂં અને તેમાં અન્ય કોઇને માટે કશો અવકાશ હોઇ ન જ શકે' એ મનોદશાથી શું એક તસુ પણ આપણે આગળ ચાલ્યા નથી ?" સ્વેચ્છાએ આગળ ચાલવું, ચાલુ રૂઢિ તોડવી, નવો દાખલો બેસાડવો, નવનિર્માણ પામતા સમાજના આગેવાન બનવું, સુત્રધાર બનવું—આ પુરૂષાર્થ જૈન સમાજના નસીબમાં દેખાતો જ નથી.

**પરમાનંદ.**

# મધ્યમ વર્ગના જૈનોની બેકારી અને તેના ઉપાયો

આજે આપણા જૈન સમાજ સામે જે પ્રશ્નો ઉઠી રહ્યા છે તેમાં મધ્યમ વર્ગના જૈનોની બેકારી એ આપણે મન એક ભારે ચિંતાનો વિષય છે. વ્યાપારી કોમ તરીકે સમાજમાં આપણું વિશિષ્ઠ સ્થાન હતું. આપણા હાથમાં વ્યાપાર હતો, મોભો હતો, પ્રતિષ્ઠા હતી અને ઠીક ઠીક સંપતિ પણ હતી. પણ છેલ્લા થોડા વર્ષોથી આપણે એ સ્થાન ગુમાવી રહ્યા છીએ. 'વાણીયાનો દીકરો ભુખે ન મરે' એ કહેવત પણ આજે જુઠી પડતી જાય છે. વૈજ્ઞાનિક યુગ, વિશ્વયુધ્ધે ઉભી કરેલી વિષમ પરિસ્થિતિ, ભીષણ મોંઘવારી અને વ્યાપાર નિયંત્રણ ઉપરાંત પ્રવર્તતા ભીષણ દૂષ્કાળને અંગે આજે આપણો મધ્યમ વર્ગ જે છેલ્લા થોડા વર્ષોથી નીચોવાઇ રહ્યો હતો તે આજે નિઃસહાય નિરાધાર દશા લાચારીપૂર્વક મુંગે મોઢે સહી રહ્યો છે, કેટલોક ભાગ જો કે હજુ એ ઝંઝાવાત સામે ટકી રહેવા હવાતિયાં મારી રહ્યો છે પણ એ કયાંસુધી ટકશે એ કહેવું મુશ્કેલ છે.

એક બાજુ આ સ્થિતિ હોવા છતાં બીજી બાજુ સ્થિતિસંપન્ન વર્ગ પણ અસ્તિત્વ ધરાવે છે એ આપણા પક્ષે એક પ્રકારના સંતોષની વાત છે. પણ બહુધા એ વર્ગ હજુ જુની પરંપરાને વળગી રહી જે રેલમછેલ વહાવે છે એથી સમાજનું બીજું ચિત્ર ઢંકાઇ જાય છે ને એક પ્રકારની એવી છાપ ઉઠે છે કે ધર્મના નામે એવી રેલમછેલ ઉડાવવાથી જ પુણ્યસંચય થાય અને એના પ્રતાપે જ સમાજ સુખી બને.

એક કાળે આવા કાર્યો આવકારદાયક હતા, યોગ્ય પણ હતા પણ જ્યારે આજે પરિસ્થિતિએ પલટો ખાધો છે ત્યારે સમાજના સુત્રધારોએ સમય અને સંયોગો વિચારી સાધર્મિક વાત્સલ્યની ધર્મભાવનાને નવું રૂપ આપવું ઘટે છે. મિત્રવર્ગ પાસે આ પ્રશ્નની ચર્ચા થયા બાદ છેલ્લા થોડા દિવસોમાં એક પછી એક આનંદદાયક સમાચાર સાંપડતા રહ્યા છે કે સમાજના સુત્રધારોનું હવે આ પ્રશ્ન હાથ ધરવા તરફ લક્ષ ગયું છે, અને બહુ જ નજીકના દિવસોમાં અમલી કાર્ય શરૂ કરવા જેવી યોજનાઓ પણ ઘડાઇ રહી છે. કેટલીક અગ્રગણ્ય સંસ્થાઓ–મંડળો અને જુથોએ આની શરૂઆત પણ કરી દીધી છે. વારસાગત સાધર્મિક વાત્સલ્યની ધર્મભાવનાએ વિવેકપૂર્વક જે સમયાનુકુળ ફેરફાર સ્વીકારી લીધો છે એ આવકારદાયક સ્તુત્ય પગલું છે. આમ હોવા છતાંયે જે ભયસ્થાનો એમાં રહેલા છે તેનો પણ આપણે વિચાર કરી લેવો જરૂરી છે કે જેથી લાભ કરવા જતાં હાનિ ન સાંપડે.

સમાજની વિષમ પરિસ્થિતિને હળવી કરવા જે યોજનાએ ઘડાઇ રહી છે તેમજ અમલી બની છે તેમાં દાનનો પ્રવાહ છૂટો મુકવો એ સિવાય બીજી કોઇ પણ યોજના સાંભળવામાં નથી આવી. રોકડ રકમ, અનાજ, વસ્ત્ર, રેશન કે એવી જ બીજી કોઇ પણ જરૂરી સામગ્રી દુષ્કાળના સમય પર્યંત પ્રગટ–અપ્રગટ પહોંચાડવી એ જ મુખ્ય વસ્તુ રહેશે એમ સમજાય છે.

મારી અલ્પ બુધ્ધિ અનુસાર મને એમ લાગે છે કે આ ટુંકી યોજના તાત્કાલિક પ્રશ્નનો ઉકેલ લાવવામાં સુંદર ફાળો આપશે પણ એથી સમાજની સાચી સમસ્યા હલ નહી થાય. એથી જો આ પ્રસંગે જ એનો કાયમી ઉકેલ લાવવાનો માર્ગ ખોળીકાઢવામાં આવે તો જ સમાજ ઉભો થઇ શકશે અને એ પ્રગતિ સાધવા જેવો સબળ થઇ ફરી ટટ્ટાર થઇ શકશે. બાકી આ ટુંકી યોજનાથી જે કેટલાક દોષો ઉભા થવાનો પુરો સંભવ છે એ તરફ દૂર્લક્ષ્ય કરવું આપણને ન પાલવે.

જે કેવળ નિરાધાર છે, જે હાથપગ ચલાવી શકે એમ નથી એવા થોડા વૃદ્ધો કે વિધવાઓ ઉપરાંત કોઇ એકલદોકલ બેકાર કુટુંબોને બાદ કરતાં, વણિકપુત્ર કદી હાથ લાંબો કરતો નથી, અને કદી કર્યો પણ નથી. ભુખ્યા પેટે એણે સુવાનું પસંદ કર્યું છે પણ ખાનદાની છોડી નથી. ખાનદાનીના ખપ્પરમાં એ હોમાઇ રહ્યો છે છતાં એણે વટ છોડયો નથી. રળનાર એ એક છે, ખાનાર દશ છે, છતાં એણે મજુરીને હલકી માની છે. એમાં એને શરમ છે. આખો દિવસ કામ ખેંચવા છતાં સ્ત્રીવર્ગને એ કામ ખોળવામાં રોકે છે. નથી એ દીનતા યાચતો, નથી રાડો પાડતો અને છતાંય નથી ટેક ખોતો. પણ આજે એવી લાચાર પરિસ્થિતિએ પહોંચ્યો છે કે એ હવે પોતાની ટેક જાળવી શકે એમ નથી. ગુપ્ત દાન એ સ્વીકારી લે એવી પુરી શકયતા છે. પરિણામ એ આવશે કે એની તેજસ્વિતા હણાશે, વટ ખોશે અને પછી પડયા પછી **शतं विनिपातः** જેમ અનેક નબળાઇઓ અને દુર્ગુણોને એ નોતરશે. જેણે એક વાર હાથ લાંબો કર્યો એ પછી હાથ લાંબો કરતાં શીખી જવાનો. આળસ, સાહસનો અભાવ, નિસ્તેજપણું, દીનતા, ખુશામત ને અહેશાન નીચે આવી જવાની લાચારીથી ઉપજતા અનેક દોષો એને ફરી ઉઠવામાં મોટા અંતરાયો ઉભા કરશે. જો સમાજનો ઠીક ઠીક એવો મોટો વર્ગ જો આ પરિસ્થિતિને કારણે નિસ્તેજ અને નિર્વીર્ય બની જશે તો પરિણામે સમાજને જ મોટો ધકકો લાગશે.

આનો ઉપાય વિચારતાં મને એમ સમજાય છે કે જો આપણે નીચેની પદ્ધતિઓ અજમાવીએ તો આપણે એમને નિસ્તેજ બનતા અટકાવી શકીએ.

(૧) અન્ન, વસ્ત્ર કે કંઇ પણ રકમ એમને આપવામાં આવે તે રાહત તરીકે નહી, દાન તરીકે નહી પણ ભેટરૂપે યા મિત્રને કરેલી સહાય રૂપે જ હોવી જોઇએ.

(૨) એ રકમ માંડીવાળવાની ગણત્રી હોવા છતાં ઉછીની રકમ રૂપે જ આપવી જોઇએ. વગર માંગ્યે એ જ્યારે પરત કરે ત્યારે પાછી લેવાની શરત સાથે.

(૩) પલટાયેલા સંયોગોને કારણે વ્યાપારના ક્ષેત્રો બંધ થવાથી તેમજ હાથમાંથી ચાલ્યા જવાથી વહેલામોડા ઉદ્યોગ તરફ વળ્યા સિવાય આપણો છૂટકો જ નથી, એથી આજથી જ ઉદ્યગ તરફ જવાની પ્રેરણા–સલાહ અને ઉત્તેજન આપી ખોટી શરમ છોડાવવી એ આપણી ફરજ છે. એથી તાત્કાલિક એવા ઉદ્યોગો ઉભા કરી એવાઓને એમાં નિયુક્ત કરવા જોઇએ, અને એ રીતે એમને હંમેશનું પોષણ મેળવતા કરવા જોઇએ.

(૪) કાંતણ, ભરત, ગૂંથણ કે સિલાઇ જેવા કામો કરનાર યા શીખનાર બન્નેને એ મારફત સારૂં વેતન મળવું જોઇએ. રાહતના બદલમાં કંઇક કામ તો લેવું જ જોઇએ.

(૫) એવા કામોમાં જો એ પ્રવીણ થશે તો સાઇડ બીઝનેસ તરીકે પણ એ હંમેશની પુરવણી મેળવી શકશે

(૬) સ્ત્રીઓ માટે તો કલાક બે કલાક આવું કામ કરાવીને જ વેતનરૂપે રાહત આપવી જોઇએ.

(૭) વિશેષ નહી તો એકાદ કલાક પણ હાથ પગ હલાવ્યા વિના કેવળ બેઠખાયું જીવન જીવવા રાહત ન મેળવવા સમજાવવા જોઇએ.

(૮) દૂષ્કાળ સમય પર્યંત આવા રાહતફંડોમાંથી કામના બદલામાં અપેક્ષિત રકમ બેવડી–ત્રેવડી આપવી જોઈએ.

(૯) આ તથા આવા પ્રકારની યોજના ઉભી કરવી ઘટે.

૧૦) પરિણામે સમાજ જો ખોટી શરમ મુકી પ્રમાણિક ધંધા૦ ઉદ્યોગ તરફ વળશે તો જ આ સમસ્યા હલ થશે, ઉપરાંત સમાજ પણ તેજસ્વી–વીર્યવાન અને સબળ બની પોતાના પગ પર ઉભો રહેવા જેટલો સમર્થ બનશે.

રતિલાલ મફાભાઇ શાહ

( અનુસંધાન પૃષ્ટ ૪૭૪ નું ચાલુ. )

ઓનું તુલનાત્મક અધ્યયન બહુ રસપ્રદ તેમજ ઉપયોગી છે, જેનું વર્ણન અહીં શક્ય નથી. જિજ્ઞાસુ અન્યત્ર પ્રસિદ્ધ લેખોથી* જાણી શકશે.

હું અહીં એ ચૌદ ગુણસ્થાનોનું વર્ણન ન કરતાં, સંક્ષેપમાં ત્રણ ભૂમિકાઓનો જ પરિચય આપું છું, જેમાં ગુણસ્થાનોનો સમાવેશ થઇ જાય છે. પહેલી ભૂમિકા છે બહિરાત્મ, જેમાં આત્મજ્ઞાન યા વિવેકખ્યાતિનો ઉદય જ નથી થતો. બીજી ભૂમિકા અન્તરાત્મ છે, જેમાં આત્મજ્ઞાનનો ઉદય તો થાય છે, પણ રાગદ્વેષ આદિ ક્લેશ મંદ થઇ ને પણ પોતાનો પ્રભાવ દેખાડતા રહે છે. ત્રીજી ભૂમિકા છે પરમાત્મ એમાં રાગદ્વેષનો પૂર્ણ ઉચ્છેદ થઇ ને વીતરાગત્વ પ્રગટ થાય છે.

**લોકવિદ્યા**

લોકવિદ્યામાં લોકના સ્વરૂપનું વર્ણન છે. જીવ-ચેતન અને અજીવ અચેતન અથવા જડ આ બે તત્ત્વોનો સહચાર એ જ લોક છે. ચેતન—અચેતન બંને તત્ત્વ ન તો કોઇની દ્વારા કદી પેદા થયાં છે, ન તો કદી નાશ પામે છે, તેમ છતાં સ્વભાવથી પરિણામાન્તર પામ્યાં કરે છે. સંસારકાળમાં ચેતનની ઉપર અધિક પ્રભાવ પાડવાવાળું દ્રવ્ય એકમાત્ર જડ પરમાણુ–પુંજ પુદ્‌ગલ છે, જે નાનારૂપે ચેતનના સંબંધમાં આવે છે અને એની શક્તિઓને મર્યાદિત-પણ કરે છે. ચેતન તત્ત્વની સાહજિક અને મૌલિક શક્તિઓ એવી છે, જે યોગ્ય દિશા પામીને ક્યારે ને ક્યારે તે જડ દ્રવ્યોના પ્રભાવથી એને મુક્ત પણ કરી દે છે. જડ અને ચેતનના પારસ્પરિક પ્રભાવનું ક્ષેત્ર એ જ લોક છે અને એ પ્રભાવથી છુટકારો મેળવવો એ જ લોકાન્ત છે. જૈનપરંપરાની લોકક્ષેત્રવિષયક કલ્પના સાંખ્યયોગ, પુરાણ અને બૌદ્ધ આદિ પરંપરાઓની કલ્પના સાથે અનેક અંશે મળતી છે.

જૈનપરંપરા ન્યાયવૈશેષિકની પેઠે પરમાણુવાદી છે, સાંખ્યયોગની પેઠે પ્રકૃતિવાદી નથી, તથાપિ જૈનપરંપરાસંમત પરમાણુનું સ્વરૂપ સાંખ્યપરંપરાસંમત પ્રકૃતિના સ્વરૂપની સાથે જેવું મળતું આવે છે એવું ન્યાયવૈશેષિકસંમત પરમાણુસ્વરૂપ સાથે મળતું આવતું નથી. કેમકે જૈનસંમત પરમાણુ સાંખ્યસંમત પ્રકૃતિની પેઠે પરિણામી છે, ન્યાયવૈશેષિકસંમત પરમાણુની પેઠે ફૂટસ્થ નથી. આને લીધે, જેમ એકજ સાંખ્યસંમત પ્રકૃતિ પૃથ્વી–જલ–તેજ–વાયુ આદિ અનેક ભૌતિક સૃષ્ટિઓનું ઉપાદાન બને છે, તેમજ જૈનસંમત પરમાણુ પૃથ્વી, જલ, તેજ આદિ નાનારૂપે પરિણત થાય છે. જૈનપરંપરા ન્યાયવૈશેષિકની પેઠે એ નથી માનતી કે પાર્થિવ, જલીય આદિ ભૌતિક પરમાણુ મૂળમાં જ સદાનાં ભિન્નજાતીય છે. આ સિવાય બીજો પણ એક ફરક ધ્યાનમાં લેવા જેવો છે. તે એ કે જૈનસંમત પરમાણુ વૈશેષિકસંમત પરમાણુની સરખામણીમાં એટલો બધો સૂક્ષ્મ છે કે છેવટે તે સાંખ્યસંમત પ્રકૃતિ જેવો જ અવ્યક્ત બની જાય છે. જૈનપરંપરાનો અનંત પરમાણુવાદ પ્રાચીન સાંખ્યસંમત પુરૂષબહુત્વાનુરૂપ પ્રકૃતિબહુત્વવાદથી વેગળો નથી.

**જૈનમત અને ઇશ્વર**

જૈનપરંપરા સાંખ્યયોગ, મીમાંસક આદિ પરંપરાઓની પેઠે લોકને પ્રવાહરૂપે અનાદિ અને અનંત જ માને છે. એ પૌરાણિક કે વૈશેષિક મતની જેમ એનો સૃષ્ટિસંહાર નથી માનતી. આથી જ જૈનપરંપરામાં કર્તા સંહર્તારૂપે ઇશ્વર જેવી સ્વતંત્ર વ્યક્તિને કોઇ સ્થાન જ નથી. જૈનસિધ્ધાન્ત કહે છે કે પ્રત્યેક જીવ પોતપોતાની સૃષ્ટિનો પોતે જ કર્તા છે. એ અનુસાર તાત્ત્વિક દૃષ્ટિએ પ્રત્યેક જીવમાં ઇશ્વરભાવ છે, જે મુક્તિના સમયે પ્રગટ થાય છે. જેનો ઇશ્વરભાવ પ્રગટ થયો છે તે સાધારણ લોકો માટે ઉપાસ્ય બને છે. યોગશાસ્ત્રસંમત ઇશ્વર પણ માત્ર ઉપાસ્ય છે, કર્તા સંહર્તા નથી, પણ જૈન અને યોગશાસ્ત્રની કલ્પનામાં અંતર છે. તે એ કે યોગશાસ્ત્રસંમત ઇશ્વર સદા મુક્ત હોવાને કારણે અન્ય પુરૂષોથી ભિન્ન કોટિનો છે, જ્યારે જૈનશાસ્ત્રસંમત ઇશ્વર એવો નથી. જૈનશાસ્ત્ર કહે છે કે પ્રયત્નસાધ્ય હોવાને કારણે હરકોઇ યોગ્ય સાધક ઇશ્વરત્વ પામે છે અને બધા જ મુક્ત સમાનભાવે ઇશ્વરરૂપે ઉપાસ્ય છે.

**શ્રુતવિદ્યા ને પ્રમાણવિદ્યા**

પુરાણા અને પોતાના સમય સુધીના જાણીતા એવા અન્ય વિચારકોના વિચારોનો તથા પોતાના સ્વાનુભવમૂલક વિચારોનો સત્યલક્ષી સંગ્રહ એ જ શ્રુતવિદ્યાનું ધ્યેય એ છે કે સત્યસ્પર્શી કોઇ પણ વિચાર કે વિચારસરણીની અવગણના કે ઉપેક્ષા ન થાય. આ કારણે જૈનપરંપરાની શ્રુતવિદ્યા નવી નવી વિદ્યાઓના વિકાસે વિકસિત થતી રહી છે. આને જ લીધે શ્રુતવિદ્યામાં સંગ્રહનયરૂપે જ્યાં પ્રથમ સાંખ્યસંમત સદ્દ્વૈત લેવામાં આવ્યું ત્યાં બ્રહ્મદ્વૈતના વિચારવિકાસ પછી સંગ્રહનયરૂપે બ્રહ્મદ્વૈતવિચારે પણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ રીતે જ્યાં ઋજુસૂત્રનયરૂપે પ્રાચીન બૌદ્ધ ક્ષણિકવાદ સંગ્રહિત થયો છે ત્યાં આગળના મહાયાની વિકાસ પછી ઋજુસૂત્રનયરૂપે વૈભાષિક, સૌત્રાન્તિક, વિજ્ઞાનવાદ અને શૂન્યવાદ એ ચાર શાખાઓનો સંગ્રહ થયો છે.

અનેકાન્તદૃષ્ટિનો કાર્યપ્રદેશ એટલો બધો વ્યાપક છે કે એમાં માનવજીવનની હિતાવહ એવી બધી જ લૌકિક–લોકોત્તર વિદ્યાઓ પોતપોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી લે છે. જૈન શ્રુતવિદ્યામાં લોકોત્તર વિદ્યા ઉપરાંત લૌકિક વિદ્યાઓએ પણ સ્થાન મેળવ્યું છે તે એને જ લીધે.

પ્રમાણવિદ્યામાં પ્રત્યક્ષ, અનુમિતિ આદિ જ્ઞાનના સૌ પ્રકારોનું, એનાં સાધનોનું તથા એનાં બળાબળનું વિસ્તૃત વર્ણન આવે છે. એમાં પણ અનેકાન્તદૃષ્ટિનો એવો ઉપયોગ કરવામાં આવ્યો છે કે જેથી કોઇ પણ તત્ત્વચિંતકના યથાર્થ વિચારની અવગણના કે ઉપેક્ષા થતી નથી, ઊલટું જ્ઞાન અને એનાં સાધનોથી સંબંધ રાખનારા સૌ જ્ઞાત વિચારોનો યથાવત્ વિનિયોગ કરવામાં આવ્યો છે.

**ધર્મનાં પ્રાણ અને શરીર**

અહીં સુધીનું વર્ણન જૈનપરંપરાનાં પ્રાણભુત અહિંસા અને અનેકાન્ત—એમની સાથે સંબંધ રાખે છે. જેમ શરીર વિના પ્રાણ ટકવો અસંભવિત છે, તેમજ ધર્મશરીર વિના ધર્મપ્રાણની સ્થિતિ પણ અસંભવિત છે. જૈનપરંપરાનું ધર્મશરીર સંઘરચના, સાહિત્ય, તીર્થમંદિર આદિ ધર્મસ્થાન, શિલ્પસ્થાપત્ય, ઉપાસનાવિધિ, ગ્રંથસંગ્રાહક ભંડાર આદિ અનેકરૂપે વિદ્યમાન છે. જો કે ભારતીય સાંસ્કૃતિક વારસાના અવિકલ અધ્યયનની દૃષ્ટિથી જૈન ધર્મનાં ઉપર સુચવેલા અંગોનું તાત્ત્વિક અને ઐતિહાસિક વર્ણન આવશ્યક ને રસપ્રદ છે, તોપણ પ્રસ્તુત લેખની મર્યાદાથી એ બહાર છે. એથી જિજ્ઞાસુઓ અન્ય સાધનોદ્વારા પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરે.

સમાપ્ત

પંડિત સુખલાલજી

* 'પુરાતત્ત્વ' વર્ષ ૧, પૃ. ૯૯.

## સંઘદ્વારા વૈદ્યકીય રાહતનો પ્રબંધ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા કોઈ પણ જૈન ભાઇ કે બહેનને જરૂરી વૈદ્યકીય રાહત આપવાનો પ્રબંધ કેટલાય સમયથી કરવામાં આવ્યો છે. આ રાહતમાં દવા, ઇન્જેકશન, ડાકટરના બીલો, હોસ્પીટલનો ખર્ચ તેમ જ દર્દીને માંદગી દરમિયાન જરૂરી આર્થિક મદદ—આવી અનેક બાબતોનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ લેવા વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા સૌ કોઈ જૈન બંધુઓ તેમ જ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

**રતીલાલ ચીમનલાલ કોઠારી**
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૧

મુંબઈ: ૧ મે ૧૯૪૯ રવિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## કાયદા અને અંકુશ

એમ મનાય છે કે રાજ્યવહીવટ ચલાવવા માટે કાયદાની જરૂર છે. રાજ્યની પ્રજાને ચોરી કરતી અથવા કોઈને ઈજા કે નુકશાન કરતી અટકાવવા માટે, વ્યવસ્થા જાળવવા અને કરવેરા એકઠા કરવા માટે, કાયદાની જરૂર છે, એમ ઘણા માણસો માને છે.

પ્રાગૈતિહાસિક કાળમાં કાયદાનું અસ્તિત્વ નહોતું; કારણ કે ત્યારે માણસો છૂટાછવાયા રહેતા અને નાની ટોળીઓમાં ફરતા. ત્યારે સમાજ નહોતો, અને તેની વ્યવસ્થા જેવું પણ નહોતું. એથી કાયદાઓ નહોતા. ટોળીઓ માટે પણ ખાસ કાનૂનો જેવું નહોતું. દરેક ટોળીમાં એક અગ્રેસર હતો, અને અગ્રેસરની સૂચના મુજબ ટોળીના લોકો વર્તન કરતા.

પરંતુ જ્યારે આ ટોળીઓ અમુક સ્થળે સ્થિર થઈને વસવાટ કરવા લાગી ત્યારે સમાજની પ્રાથમિક ભૂમિકા રચાઈ. વ્યક્તિની સ્વતંત્રતા ઉપર સમાજના હિત માટે અંકુશો મૂકાયા. નબળી વ્યક્તિઓના રક્ષણ માટે કાયદાઓ રચાયા. પરંતુ એ કાયદાઓ સંખ્યામાં અલ્પ અને સમજવામાં સરળ હતા.

પછી તો શહેરો વસ્યાં અને રાજ્યોની રચના થઈ. એની વ્યવસ્થા માટે વધુ કાયદા રચાયા. ગુન્હા વધતા ગયા તેમ અંકુશ પણ વધતા ગયા. કાયદા, પેટાકાયદા, નિયમો, ઉપનિયમો બધું રચાતું ગયું. કાયદાભંગ માટે સજાઓ નક્કી થઈ. સજાના પણ અમૂક પ્રકારો નક્કી થયા. પછી ગુન્હાના નવા પ્રકારો બનતા ગયા, અને એ માટે નવા કાયદા થતા ગયા. સમાજવ્યવસ્થા જાળવવા અને રાજ્યવહીવટ ચલાવવા આજે આપણે ત્યાં 'સિવિલ પ્રોસીજર', 'ક્રિમિનલ પ્રોસીજર', 'પીનલ કોડ' અને એવા બીજા સંખ્યાબંધ કાયદાનાં પુસ્તકો આવી પડયાં છે.

છેલ્લા વિશ્વયુધ્ધ દરમિયાન આપણે ત્યાં યુદ્ધના સંચાલનને બાધક નીવડે એવા અનેક કાર્યો અટકાવવા માટે, જીવનની જરૂરીઆતો પ્રજાને ઠીક હિસ્સામાં મળી શકે તે માટે અને પછી તો દરેક ચીજ માટે, એના સંગ્રહ માટે, ખરીદ માટે, વેચાણ આયાત અને નિકાસ માટે, વેપાર અને ઉત્પાદન માટે એમ સકડાની સંખ્યામાં કાયદાઓ આવી પડયા. આજે ભાગ્યે જ કોઈ વસ્તુ કે પ્ર[illegible] એવી હશે, જેના ઉપર કાયદાથી અંકુશ મૂકાયો ન હોય.

આજ સુધી આપણે કાયદાને ઇચ્છતા હતા, આવકારતા હતા અને માનતા હતા. હવે એથી કંટાળી ગયા છીએ, એને ધિક્કારતા થઈ ગયા છીએ, એને જાણ્યે અજાણ્યે એનો ભંગ પણ કરીએ છીએ. આ બધા નવા કાયદામાં કોઈ એકનો પણ ભંગ ન કર્યો હોય એવો માણસ શોધવો મુશ્કેલ થઈ પડશે.

ત્યારે પ્રશ્ન એ ઉઠે છે કે શું આ બધા કાયદાની ખરેખર આવશ્યકતા છે જ, અને તે વિના સમાજની વ્યવસ્થા જાળવવી અને રાજ્યવહીવટ ચલાવવો શું ખરેખર મુશ્કેલ છે?

આપણે એટલું કબૂલીએ છીએ કે કરવેરાની રાજ્યને જરૂર છે; પરંતુ કરવેરા અંગે કોઈ સિધ્ધાંત કે નિયમ ખરો કે નહિ? મારી માન્યતા મુજબ કરવેરા એવા જોઈએ કે જે શ્રીમંત માણસોએ જ ભરવાના હોય અને ઓછામાં ઓછી મુશીબતે મેળવી શકાતા હોય.

પરંતુ આપણે જોઈએ છીએ તેમ આ ધોરણ સચવાતું નથી. આજે તો મધ્યમ અને ગરીબ વર્ગ ઉપર પણ ઠીક ઠીક કરભારણ વધી ગયું છે. 'સેલ-ટેક્સ' વેચાણ-વેરો એ તેનું દૃષ્ટાંત છે. એની ઉઘરાવવાની રીત પણ એટલી કઢંગી છે, કે લોકોને ત્રાસ પડે છે.

અનાજ-કાપડ વગેરે પરના અંકુશો પણ આપણને એવો જ ત્રાસ આપી રહ્યા છે. મીલોના અને વેપારીઓના ગોદામોમાં આજે પુષ્કળ કાપડ ખડકાયું હોવાની હકીકતો આપણને મળે છે, અને છતાં કાપડ પર અંકુશ પ્રવર્તે છે.

ગુમાસ્તાને રાહત મળવી જોઈએ, એ આપણે કબૂલવું જોઈએ. અને તેથી તે માટે કાયદો પણ હોવો જોઈએ. પરંતુ ગુમાસ્તાધારામાં આજે જે કેટલીક નવી કલમો ઉમેરાઈ છે, એનું પાલન કરવાનું અને એ અંગે કેટલીક નોંધો રાખવાનું બહુ મુશ્કેલ બની ગયું છે.

ગુમાસ્તો ઘરના માણસ જેવો ગણાય. એ રોજ શેઠના સંપર્કમાં આવતો હોય છે. પગાર બદલ શેઠ સોંપે તે કામ એને કરવાનું હોય છે. તેમ જ ઘણી વાર સોંપાવા વિના પોતાની બુધ્ધિ વડે પણ એને કામ કરવાનું હોય છે. એક શેઠને ત્યાં સામાન્યતઃ બે, પાંચ કે પચ્ચીસ ગુમાસ્તા હોય છે. ઘણીવાર શેઠ ગુમાસ્તા વચ્ચે મિત્ર જેવો પણ સંબંધ હોય છે. એમની વચ્ચે કાયદાથી બહુ અંકુશો નિયમો અને પેટા નિયમો સાથે લાદવા, એ શેઠ અને ગુમાસ્તો બન્નેને મુશ્કેલીભરી સ્થિતિમાં મૂકે છે.

જેમ કેટલાક શેઠ ગુમાસ્તા પાસે ગજા ઉપરાંત કામ લ્યે છે, અને ખૂબ વૈતરું કરાવે છે, એમ કેટલીક સાસુઓ પોતાની વહુઓ પાસે અને કેટલાક પુરૂષો પોતાની સ્ત્રીઓ પાસે ગજાઉપરાંત કામ કરાવે છે. કોઈ ધારાસભ્ય એ અંગે પણ ભવિષ્યમાં કાયદાનો ખરડો લાવે, તો હવે નવાઈ જેવું રહેશે નહિ.

એક એવો સિદ્ધાંત છે કે જે રાજ્યમાં કાયદાઓ ઓછા, એ રાજ્ય વધુ સારૂં. જેમ બને તેમ ઓછા કાયદાથી રાજ્ય થવું જોઈએ. બહુ કાયદાથી કાં તો મનુષ્યનું જીવન યંત્રવત્ બની જશે, અને કાં તો એ એનો ભંગ કરવા માંડશે.

બિલકુલ કાયદા વિના જ સમાજનું તંત્ર ચાલી શકે, તો એને આદર્શ તંત્ર કહેવાય. અને એવા તંત્રની અપેક્ષા રાખવા

જેવી છે. એવું તંત્ર વહેલું સ્થપાય એવી આપણે આશા રાખીએ. પરંતુ અત્યારે તો કાયદા અને અંકુશો જે મોટી સંખ્યામાં આપણને જકડી રહ્યા છે, તેનાં બંધનો કંઈક ઢીલા થાય તો યે સારૂં.

આમ છતાં આટલા બધા કાયદાઓ અને અંકુશો લાદવામાં સરકાર ખોટું કરે છે, એવું પણ નથી. કેટલાક કાયદાઓ તો પ્રજાના અનૈતિક વર્તનથી જ આવે છે, અને સરકારને તે અટકાવવા અંકુશો મૂકવા પડે છે. એટલે કાયદાના વધારાની જવાબદારી સરકાર કરતાં પ્રજા ઉપર વધુ છે. જો પ્રજા અને ખાસ કરીને વેપારીઓ લોભને ઘટાડીને, નીતિને માર્ગે ચાલવાનું પસંદ કરે, તો આ કાયદાનું પ્રયોજન જ ન રહે. ગાંધીજીના આગ્રહથી સરકારે એક વખત કાપડ પરનો અંકુશ સદંતર ઉઠાવી લીધો, અને ઔદ્યોગિક સિવાયના વિસ્તારોમાંથી અનાજનો અંકુશ પણ ઉઠાવી લીધો. એનું પરિણામ આપણે જોયું કે ભાવ આસમાને પહોંચ્યા; સરકારને ફરી અંકુશો મૂકવા પડયા.

આજે આપણે એક બાજુથી વધતા જતા કાયદા અને અંકુશો સામે બૂમરાણ મચાવીએ છીએ; અને બીજી બાજુથી ચોરી, અનીતિ, લુચ્ચાઇ, લાંચરૂશ્વત, છેતરપીંડી વગેરે છોડતા નથી; જેને પરિણામે ગરીબોનું શોષણ વધતું જાય છે. એ શોષણ અટકાવવા માટે સરકાર કાયદા અને અંકુશો ન લાદે, તો કરે પણ શું?

જો કે શોષણ કાયદાથી પણ અટકતું નથી. કારણ કે વેપારીઓ 'યેન કેન પ્રકારેણ' કાયદાનો ભંગ કરવા છતાં આબાદ છટકી જાય છે. એનું કારણ અમલદારી સડો અને લાંચરૂશ્વત છે. અમલદારો લાંચરૂશ્વત લ્યે છે, એને આપણે નિંદીએ છીએ; પણ આપણા અંગત લાભને માટે આપણે જ એમને લાંચ આપતા હોઇએ છીએ.

એટલે કાયદા અને અંકુશોથી આપણે ખરેખર જ કંટાળ્યા હોઇએ તો એને દૂર કરવા માટે નીતિનો જ રોટલો ખાવાનું શરૂ કરવું જોઇએ. પ્રજાનું નૈતિક ધોરણ ઊંચું આવ્યા વિના ક અંકુશો ટળે નહિ, એટલું દરેકે સમજી લેવું જોઇએ.

જટુભાઇ

# વર્તમાન રાજકારણ

### પાક–અફઘાન ઝઘડાનું મૂળ

અફઘાનીસ્તાનની સરહદ ઉપર આવેલ સિંધુ નદીની પશ્ચિમમાં આવેલા પાકિસ્તાનના અમુક પ્રદેશ માટે છ–સાત અઠવાડિયાથી એક ઝગડો ઉભો થયો છે. પાકિસ્તાન સરકાર વાયવ્ય સરહદ પ્રાન્તના સાઠ લાખ પઠાણોને પોતાના વફાદાર પ્રજાજનો તરીકે ગણાવે છે, અને તેમના સંબંધમાં કંઇ પણ કહેવાના અફઘાન સરકારના દાવાને નકારે છે; કારણ કે તેમના કહેવા મુજબ એ પ્રદેશના પઠાણોએ સ્વેચ્છાએ અને લોકશાહી રીતે પાકિસ્તાન સાથે રહેવાનું કબૂલ કર્યું છે.

બીજી બાજુ અફઘાન સરકાર કહે છે કે આ પઠાણો અફઘાનીસ્તાનના પઠાણોથી કોઇ રીતે જુદા નથી; તેઓ વર્ષોથી સાથે જ રહેતા આવ્યા છે. તેમને આત્મ નિર્ણયનો અધિકાર હોવો જોઇએ, અને તેમની ઇચ્છા મુજબ પાકિસ્તાન અને અફઘાનીસ્તાન વચ્ચેની નવી સરહદ નક્કી થવી જોઇએ.

અફઘાનીસ્તાનની આ માગણી આજે નવી ઉભી થએલી નથી. આ પ્રદેશને પોતામાં સમાવી દેવાની અફઘાનીસ્તાનની આકાંક્ષા વર્ષોજૂની છે. એમની પાસે કોઇ બંદર ન હોઇને એની આંખ કેટલાંક વર્ષોથી કરાંચી પર જઇ બેઠી છે. પઠાણ બાળકોને કરાંચી તેમનું કુદરતી બંદર હોવાનું અને પુસ્તુભાષા બોલતી પ્રજાના એક અલગ સંસ્કાર હોવાનું એકાદ દશકાથી શાળામાં શીખવાતું આવે છે. ૧૯૪૨ માં જ્યારે સર સ્ટેફર્ડ ક્રિપ્સ હિંદ આવેલા ત્યારે સરહદ પ્રાન્ત સંબંધમાં અફઘાન ખ્યાલોને લક્ષમાં રાખવા તેમને અફઘાન સરકારે જણાવ્યું હતું. હિન્દના ભાગલા પછી પણ અફઘાનીસ્તાનના એ વખતના કરાંચીના એલચી સરદાર નજીબુલ્લાખાન અને કાયદેઆઝમ ઝીણા વચ્ચે આ સબંધમાં કેટલીક મંત્રણાઓ ૧૯૪૭ ના ડિસેમ્બર માસમાં થઇ હતી

હિંદના ભાગલા પડયા તે પહેલાં ખાન અબ્દુલગફારખાનની સરદારી નીચે પઠાણીસ્તાન માટેની જે ચળવળ સરહદ પ્રાન્તમાં શરૂ થઇ હતી, તેનો અફઘાનીસ્તાન આજે સ્વીકાર કરે છે, પરંતુ એનો હેતુ સરહદના પઠાણોના સ્વતંત્ર રાજ્યને બદલે એને અફઘાનીસ્તાન સાથે ભેળવી દેવાનો છે.

આજે અફઘાનીસ્તાનની સરહદ ઉપરના પઠાણોને પાકિસ્તાન સરકાર વિરૂધ્ધ ઉશ્કેરવામાં આવે છે, તે જ રીતે પાકીસ્તાનની હદમાં અફઘાનીસ્તાન વિરૂદ્ધનો પ્રચાર ચાલી રહ્યો છે. એકબીજા પક્ષના મોટા અમલદારો પણ જાતે આ પ્રદેશની મુલાકાતો લઇને પોતાન હિતનો પ્રચાર કરી રહ્યા છે. પરિણામે કોઇ કોઇ સ્થળે નાની અથડામણો થયાના હેવાલો પણ મળ્યા છે.

પાકિસ્તાન–અફઘાનીસ્તાન વચ્ચેના આ ઝઘડાનુ પરિણામ શું આવશે, એ કહેવું અત્યારે મુશ્કેલ છે.

### રાષ્ટ્રસમૂહમાં સ્વતંત્ર હિંદ

અત્યારે લંડનમાં બ્રિટનની આણ નીચેનાં રાષ્ટ્રોના વડા પ્રધાનોની એક અગત્યની પરિષદ મળી રહી છે, અને તેમાં એ દરેક રાષ્ટ્ર પરસ્પર તેમજ બ્રિટન સાથે કઇ જાતનો સંબંધ રાખે એ વિષે મંત્રણા થઇ રહી છે. આ મંત્રણામાં ભાગ લેવા માટે હિંદના વડા પ્રધાન પંડિત જવાહરલાલ પણ લંડન ગયા છે, અને બ્રિટનના વડા પ્રધાન મી. એટલીના ૧૦, ડાઉનીંગ સ્ટ્રીટ ખાતેના નિવાસસ્થાને થતી ચર્ચામાં ભાગ લઇ રહ્યા છે

કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા વગેરે રાષ્ટ્રો તો બ્રિટિશ રાષ્ટ્રસમૂહ સાથે ઘણા વખતથી જોડાએલાં છે જ; એટલે તે રાષ્ટ્રો માટે આજે કોઇ નવો પ્રશ્ન ઉભો થતો નથી. સીલોન અને પાકિસ્તાન નવાં રાષ્ટ્રો તરીકે તાજેતરમાં ઉભા થયાં છે, અને તે એટલાં નબળાં રાષ્ટ્રો છે કે એણે કોઇપણ રીતે બ્રિટિશ રાષ્ટ્રસમૂહ સાથે જોડાયેલા રહેવુ જોઇએ. આજે મુખ્ય પ્રશ્ન હિંદનો જ છે. એ એક સબળ રાષ્ટ્ર છે, અને બ્રિટન સાથે વર્ષોની લડત અને આત્મભોગ પછી એણે પોતાની આઝાદી હાંસલ કરી છે. એટલે પોતાની સ્વતંત્રતા ખરા સ્વરૂપમાં જળવાઇ રહે એ રીતે જ એ રાષ્ટ્રસમૂહ સાથે જોડાઇ શકે.

એટલે મુદ્દો એ રહે છે કે પ્રજાસત્તાક હિંદ પોતાની સંપૂર્ણ સ્વતંત્ર દશાને યથાયોગ્ય જાળવી રાખીને રાષ્ટ્રસમૂહમાં કઇ સામેલ થઇ શકે. આ મુદ્દા ઉપર જ આજે ત્યાં ચર્ચા કેન્દ્રિત રહી છે.

બ્રિટન તેમજ રાષ્ટ્રસમૂહનાં બીજાં રાષ્ટ્રો એમ ઇચ્છે છે કે હિંદ રાષ્ટ્રસમૂહ સાથે જોડાએલું રહે તો સારૂં. હિંદ પણ એમ જ ઇચ્છે છે. કારણ કે આજની દુનિયામાં કોઇ રાષ્ટ્ર એકલું–અટુલું રહી શકે નહિ. એણે પોતાનાં રાષ્ટ્રમિત્રો મેળવી જ લેવા જોઇએ.

અમેરિકા સંપૂર્ણ રીતે મૂડીવાદી પદ્ધતિ પર ચાલતું રાજ્ય છે. બીજી બાજુ રશિયા સમાજવાદના આદર્શને વરેલું હોવા છતાં તે બીનલોકશાહી પદ્ધતિ પર ચાલે છે એટલું જ નહિ પણ એના માર્ગદર્શન તળે હિંદના સામ્યવાદીઓ હિંસા અને ભાંગફોડ વડે

હિંદના નવા લોકશાહી તંત્રને ઉથલાવી પાડવાના અવિરત પ્રયાસો કર્યે જ જાય છે. આ સ્થિતિમાં સોવિયેટ રશિયા સાથે હિંદનો મિત્રાચારીનો સંબંધ સંભવી શકતો નથી. ત્રીજી બાજુ એશિયાનાં બીજાં રાજ્યો, જાપાન, ઇરાન, અફઘાનીસ્તાન, બ્રહ્મદેશ, પાકીસ્તાન, લંકા, મલાયા, ઇન્ડોનેશિયા વગેરે કાં તો નિર્બળ છે, અથવા વિગ્રહ-આંતરવિગ્રહમાં સંડોવાએલાં છે. આ પરિસ્થિતિમાં બ્રિટન જેની સાથે હિંદ આજ સુધી સંકળાએલું હતું, અને જેનો શાહીવાદી રંગ હવે ઝાંખો પડતો જાય છે, તેમ જ જે સમાજવાદ તરફ ધીમી પણ કૂચ કરતું જાય છે, તેની સાથે હિંદનો સંબંધ વધુ લાભદાયક અને યોગ્ય છે.

પરંતુ આ સંબંધ સંપૂર્ણ માનભર્યો હોવો જોઇએ એમ હિંદ માને છે, અને એવો સંબંધ કઇ રીતે સ્થાપી શકાય, એના ઉકેલ માટે લંડનમાં મંત્રણાઓ ચાલી રહી છે.

એમ જાણવા મળે છે કે જે અભૂતપૂર્વ બંધારણીય પ્રશ્નને ઉકેલવા આ રાજપુરૂષો મથી રહ્યા છે, તે અંગે કેટલુંક નિરાકરણ થઇ ચૂક્યું છે.

એવો નિર્ણય થયાનું જાણવા મળે છે કે રાષ્ટ્રસમૂહના દેશો સાથેના મુક્ત સહકારના પ્રતીક તરીકે રાજાનો સ્વીકાર કરવામાં આવશે; પરંતુ એથી હિંદના પ્રજાસત્તાક તરીકેના દરજ્જાને કશી આંચ આવશે નહિ, કારણ કે હિંદે રાજા પ્રત્યે કોઇ પ્રકારની રાજ્યનીતિ ધરાવવાનું રહેશે નહિ.

આ સંબંધમાં એક જાહેરનામું ઘડી કાઢવામાં આવ્યું છે; અને આ લેખ પ્રગટ થયા પહેલાં રાષ્ટ્રસમૂહનાં રાષ્ટ્રોની સંયુક્ત સહીઓ સાથે એ બહાર પડી ગયું હશે.

આ તકે એક મુદ્દો એ વિચારવાની જરૂર છે કે રાષ્ટ્રસમૂહમાં જે રાષ્ટ્રો સામેલ થાય છે, તેમની વચ્ચે ખુલ્લા દિલના સુમેળની જરૂર છે. પાકિસ્તાન પણ રાષ્ટ્રસમૂહનું સભ્ય બને છે, અને તેથી હાલ હિંદ પ્રત્યે તેની જે વિરોધી કહી શકાય એવી નીતિ પ્રવર્તે છે, તેમાં એણે સુધારો કરવો જોઇએ. બીજું દક્ષિણ આફ્રિકા પણ રાષ્ટ્રસમૂહનું સભ્ય બને છે. ત્યાંની મલાન સરકાર રંગદ્વેષના ઝેરથી હિંદીઓ પર જે ત્રાસ અને જુલ્મ ગુજારી રહી છે, તેથી તેણે તત્કાળ અટકવું જોઇએ. જો આમ નહિ બને તો રાષ્ટ્રસમૂહનાં રાષ્ટ્રો વચ્ચેની મિત્રતા કેવળ તકલાદી નીવડશે. રાષ્ટ્રસમૂહનાં રાજ્યો વચ્ચે સાચી મિત્રતા સ્થાપવા માટે બ્રિટને પાકિસ્તાન અને મલાન સરકારને પોતાની લાગવગ વાપરીને સમજાવવી રહી.

**જટુભાઇ**

## ક્લેશને ટાળજો

નાસિકથી એક ભાઇ લખે છે: 'અહિંયાના જૈન ઉપાશ્રયમાં જૈન યુવકોએ મ. ગાંધીજીનો ફોટો મૂકેલો હતો. પણ હાલમાં અહીં આવેલા રામવિજયજીના પક્ષના મુનિશ્રીની સલાહ અનુસાર તે ફોટો અહીંના ધર્મચુસ્ત વાણિયાઓએ કાઢી નાખ્યો છે. હવે તે ફરી લગાડવો યોગ્ય છે કે અયોગ્ય, તેની સલાહ આપશો.'

ઉપાશ્રયમાં કોઇ મહાપુરૂષના ફોટા ટાંગવામાં કંઇ ખોટું નથી. ટાંગેલ ફોટો કાઢી નખાવવામાં કેવળ સંકુચિતપણું દેખાય છે. ગાંધીજી ધર્મચુસ્ત હતા જ; અને જો વાણિયાઓ ધર્મચુસ્ત ખરેખર હોય તો તેઓ તેમનો ફોટો કાઢી નાખે નહિ. એટલે વાણિયાઓ કાંતો ધર્મચુસ્ત નથી, અથવા તો સાધુથી ડરે છે.

સાધુના ગયા પછી કદાચ એ જ વાણિયાઓ ફોટો ફરી મૂકવાની હા પાડે. પરંતુ ફરીથી તેઓ તે ફોટો ન ખસેડવાનું વચન આપે તો જ એ મૂકજો. ફોટો મૂકવાની બાબતમાં ક્લેશ તો ન જ કરજો. આવી બાબતમાં ઘર્ષણ થાય એ ઇચ્છનીય નથી.

**તંત્રી**

# સ્વરાજ યુગનું સાહિત્ય

[રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર સંશોધન સભાના આશ્રયે તા. ૧૮ મીના રોજ કોનોટ હોલમાં મળેલી સભામાં "સ્વરાજ યુગનું સાહિત્ય" એ વિષય પર ગુજરાતના પ્રખર વિવેચક અને સાહિત્યકાર શ્રી. કાકાસાહેબ કાલેલકરે એક મનનીય પ્રવચન કર્યું હતું, જે અત્રે રજુ કરવામાં આવે છે.]

આ પ્રદેશમાં શાલીવાહનનું રાજ્ય હતું, પરંતુ હવે તો તૈલવાહનનું રાજ્ય ચલે છે. મોટરમાં તેલ ખૂટ્યું એટલે મારે થોભવું પડેલું !

સ્વરાજ્ય મળ્યું ન હતું ત્યાં સુધી સાહિત્યકારોને હું કહેતો કે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે સાહિત્યનું સર્જન કરો. પરંતુ આઝાદી હવે આપણે હાથ કરી છે; એટલે હું હવે સાહિત્યકારોને વિશાળ ક્ષેત્રમાં જવાની તેમની ફરજ યાદ કરાવું છું. જે રીતે હિમાલયમાંથી ગંગા પ્રગટે છે ત્યારે નાની સાંકડી ધારામાં વહે છે પરંતુ પછીથી હરદ્વાર આગળ સપાટ મેદાનમાં આવતાં વિશાળ પટ પર પથરાઇને ધીર ગંભીર બની ચાલે છે; તેમ સાહિત્યકારોએ પણ કરવું જોઇએ.

સ્વરાજ મળ્યું ત્યારે એવે વખતે મળ્યું છે કે આખી દુનિયા એક મુંઝવણમાં પડી છે, ભવિષ્યની તેને ચિંતા છે. આ સ્થિતિમાં સમસ્ત જગત આપણી તરફ આદરની નજરે જુએ છે. આવે વખતે હિંદે પોતાનું સ્થાન દુનિયામાં લેવાનું છે. આજે સાહિત્યકારે શું કરવું જોઇએ ?

આપણે એકાએક સાંકડી શેરીમાંથી બ્હાર નીકળીને ખુલ્લા મેદાનમાં આવ્યા છીએ, ત્યારે આપણે આપણી નજર વ્યાપક કરવાની છે. સાહિત્ય દ્વારા માનવજાતિની સેવા કેટલી કરી શકીએ છીએ તે જોવાનું છે. આવી સ્થિતિમાં સાહિત્યકારો હેબતાઇ જાય તો નવાઇ નહિ.

કોઇ મને પૂછે છે, સાહિત્યકારોનો સ્વરાજ મેળવવામાં ફાળો કેટલો ? હું કહું છું કે માત્ર નવલકથાકારને જ સાહિત્યકાર શું કામ ગણો છો ? ઘણી ઉતાવળ વચ્ચે દૈનિક વર્તમાનપત્રમાં જે કોઇ સમાચારો લખી નાંખે તે પણ સાહિત્યકાર છે. દૈનિકના અગ્રલેખ લખનારાઓ કે અંગ્રેજીમાંથી સમાચારો અનુવાદ કરનારાઓ પણ સાહિત્યકારો છે; કારણ કે તેમનું લખેલું લાખો માણસો વાંચે છે, એટલે તેમનું સમાજ વચ્ચે સ્થાન છે. પ્રોફેસરો કે તત્વચિંતકો પણ એ રીતે સાહિત્યકારો છે. જો તમે એ રીતે નહિ વિચારો તો સાહિત્યકારો એક સાંકડું વર્તુલ ઉભું કરશે.

આપણે દુનિયાની જાળમાં ન ફસાઇએ અને પૂ. ગાંધીજીએ આપેલ પ્રેરણાથી નવું સાહિત્ય આપી શકીએ એવી શક્તિ કેળવીએ. દુઃખની વાત એ છે કે આજ સૌ કોઇ સેવાનો સરવાળો કાઢે છે.

આપણે આપણા દેશને કેમ ઓળખી શકીએ અને તેને કેમ ઉન્નત બનાવવો એનો વિચાર-ચિંતન-કરનાર સાહિત્યકાર છે. જ્યારે એ શક્તિ કેળવશું ત્યારે હિંદના પ્રાણને પહોંચી શકીશું.

એક અમેરિકન તત્વચિંતકને મેં કહ્યું હતુ કે હિંદના લોકોને Reverence for life સ્વાભાવિક છે પણ Respect for Personality સ્વાભાવિક નથી.

આપણો જીવદયા અને પ્રાણીઓ પ્રત્યેનો આદર એટલે દરજ્જે કામ કરે છે કે કહેવાની વાત નહિ. જીવનની અનુભૂતિ ઉપર આપણા વિચારો રહેવા જોઇએ. વ્યક્તિ માટેનો આદર્શ-વ્યક્તિના વિકાસ માટેનો આદર્શ-આપણે કેળવી ન શકીએ તો વિકાસસંસ્કૃતિ ફળ આપવાની નથી.

આજની પછાત કોમોની સ્થિતિ તપાસીએ. તેમના વિકાસનો વિચાર કરીએ. હું અહીં જ્યારે જ્યારે આવું છું ત્યારે ત્યારે પછાત કોમોના અભ્યાસી શ્રી. ભગવાનલાલ માંકડને મળવા હું હંમેશાં ઇચ્છું છું. કારણ કે તેઓએ મને એક નાની પુસ્તિકા ભેટ ધરેલ કે જેમાં પછાત વર્ગો માટેનો અભ્યાસ ભેગો કરેલો હતો.

આવા પછાત વર્ગ માટે સૌને આદર નહિ હોય પણ મને તો છે જ.

મત બળ પર આપણે વિચાર કરીએ તો તેમના મતો વિના કોઇ પક્ષ રાજ્યસત્તા પર આવી શકે તેમ નથી.

એ પછાત કોમોમાં રહેલાં ચૈતન્યને આપણે પિછાણવું જોઇએ, એમની સાદીસીધી કાલી ભાષામાં પડેલ સાહિત્ય આપણે એકઠું કરવું જોઇએ; તેમના ભાવોનો આદર કરવો જોઇએ.

હિંદમાં પરદેશી રાજ્ય હતું ત્યારે દેશના ઘણા ભણેલા લોકો એમ કહેતા કે માત્ર અંગ્રેજી ભાષાને ઉત્તેજન આપો, તે વાઘણનું દૂધ છે, એમાંથી અમને બળ મળશે. પરંતુ સ્વરાજ આવ્યા પછી હિંદમાં એક જ રાષ્ટ્રભાષા રહે એમ હિંદના હાલના કેટલાક મોટા લોકો કહે છે. તેમને પ્રાંતિક ભાષાઓની જરૂર જણાતી નથી. જેમને મન ભાષાનું મહત્વ માત્ર નોકરી મેળવવા માટેનું, કેરીઅર માટેનું હોય તેમની વાત જુદી છે. પણ ભાષાની, સેવાની જેમને પડી છે તેમની સાથે મારે નિસ્બત છે.

રાષ્ટ્રભાષાથી આપણે કેળવાયેલા લોકોને એકત્રીત કરી શકીશું. પણ તેથી ઘેર ઘેર અને ગામડે ગામડે આપણે નહિ પહોંચી શકીએ.

પછાત વર્ગની ભાષામાં ચૈતન્ય રેડીને આપણે તેને મહાન બનાવીએ. જેમ નદી સમુદ્રમાં જાય છે તેમ નાની મોટી બોલીઓ પ્રાંતીય ભાષામાં ભળી જાય અને પ્રાંતીય ભાષા રાષ્ટ્રભાષામાં ભળી જવી જોઇએ. પણ લોકોને જાગૃત કરવાનું કામ તો પ્રાંતીય ભાષાથી જ બની શકશે. પછાત કોમોની ભાષામાં પણ કાવ્યો–સાહિત્ય–રચાય તો આપણે તેમનામાં જાગૃતિ લાવી શકીશું

સંસ્કારી લોકો ક્ષીણવીર્ય છે જ્યારે પછાત લોકમાં વીર્ય છે. આપણે આ સંસ્કારિતા અને વીર્યનું મિલન કરવાનું છે. સ્વરાજ્યયુગમાં ચૈતન્ય જાગૃત કરીને ગમે તે પ્રાતમાં જઇને આપણે લોકહૃદય જાગૃત કરી તેમને આપણી સાથે લાવવાનો પ્રયત્ન કરવાનો રહે છે. હિંદુસ્તાની અને પછાત કોમોની ભાષાનું આપણે બરાબર મિલન કરાવીએ.

આજે આખી દુનિયા એક થાય તેવા વિચારો આપણે ચર્ચવા જોઇએ. નવયુવક જે સાહિત્યનું સર્જન કરવા માગે છે તે જૂના સવાલો તરફ દૃષ્ટિ ન કરે; તે વ્યાપક દૃષ્ટિ, વ્યાપક પ્રશ્નો અને વ્યાપક અભ્યાસથી આગળ વધે.

આજે જીવનમાં દરેક પાસાનું દર્શન કરવું જરૂરી છે. પોતાના જમાનાનું સર્વ જ્ઞાન જેમને હતું તેવા જર્મન કવિ ગેટે હતા. ટાગોર પણ તેવા જ હતા. સર રાધાક્રિસ્નન પણ તેવી જ ભૂમિકા પર કાર્ય કરી રહ્યા છે. આજે નાનામાં નાની ભૂમિકાથી શરૂ કરી ઊંચામાં ઊંચા વિકાસને માર્ગે પહોંચવાની નેમ હોવી જોઇએ. નાનામાં નાની ભાવના વાળા ચૈતન્યથી ઊંચામાં ઊંચા વિકાસના શિખરે પહોંચવાની જરૂર છે. શબ્દો રહસ્યો સુધી જાય અને ભોળી સાદી ભાષામાં તે મૂકી શકાય એ સંતોની ખૂબી હતી.

સોક્રેટિસના જમાનામાં શબ્દોની જાળ મારફત વિદ્વતા સિદ્ધ કરનાર સોફીસ્ટ હતા. તેમના વ્યાખ્યાનો સાંભળ્યા પછી સોક્રેટિસ તેમને ત્રણ વાકયોમાં તેમણે જે કાંઇ કરવું હોય તે કહી સંભળાવતા આપણા દેશના ઉપનિષદો અને અનેક કઠણ અભ્યાસ માગતા ગ્રંથોનું તાત્પર્ય આપણાં દેશના સંતો સાદી સરલ ભાષામાં રજૂ કરતા આવ્યા છે, આ જ રીતે આજે સંતોની ભાવના, સંતોની વાણી, સંતોની શૈલીની જરૂર છે.

નવી ભાષા, નવી શૈલી દ્વારા આપણે તમામ દુનિયાની સેવા કરવાની છે. દુનિયાના તમામ બનાવોના આપણે સાક્ષી થઇએ અને આપણા પ્રેમ, સંયમ અને શુદ્ધતાના સંદેશાઓ જગતને પહોંચાડીએ. સાહિત્યકારોએ પોતાની ઉચ્ચ ભૂમિકા પર રહીને એ માર્ગે આગળ ને આગળ જઇને જગતના વિકાસમય સાહિત્યમાં પોતાનો ફાળો આપવો જોઇએ.

# કેટલાક સમાચાર અને નોંધ

## સૌરાષ્ટ્રમાં આવકવેરો

સૌરાષ્ટ્ર સરકારે નવા અંદાજપત્રમાં દાખલ કરેલા આવકવેરા સામે સૌરાષ્ટ્રના કેટલાક વેપારીઓમાં ભારે ઉહાપોહ મચી રહ્યો છે. અનેક શહેરોમાં વેપારીઓની સભાઓ મળે છે, અને તેમાં આવક વેરા સામે ઠરાવો અને ભાષણો થાય છે. વેપારીઓએ દિલ્હી સુધી પોતાનો વિરોધ પહોંચાડયો છે, અને આવકવેરાને રદ કરાવવા મોટો જંગ માંડયો છે.

આજસુધી સૌરાષ્ટ્રનાં રજવાડાંઓની મુખ્ય આવક મહેસુલી આવક હતી. આકરી મહેસુલ ભરીને સૌરષ્ટ્રના કિસાનો કંગાલ બની ગયા હતા, તેમાં તો સૌરાષ્ટ્ર સરકારે ઘટાડો જ કરવો જોઇએ, એમાં બે મત હોઇ શકે નહિ. રજવાડાંની બીજી આવક જગાતની હતી. વેપારીઓ જગાત ભરતા હતા, પણ અન્તે તો એ માલ ઉપર જ ચડતી હતી, અને આમ જનતાને તેનો બોજો વેઠવાનો હતો. સૌરાષ્ટ્રનું એકમ થયું, એટલે આ આંતરિક જગાતો રહી જ શકે નહિ. રજવાડાની ત્રીજી મોટી આવક ઇજારાઓની હતી, જેથી પ્રજાને ઘણી કનડગત ઉભી થતી, મોંઘી અને ખરાબ વસ્તુ ખરીદવી પડતી અને વેપાર રૂંધાઇ જતો. એ સામે આજસુધી પ્રજાએ મોટો પોકાર પાડયો છે. એટલે પ્રજાકીય સરકાર ઇજારા ઉપર હવે જીવી શકે નહિ. સરકારે આવક માટે કોઇ યોગ્ય રસ્તો લેવો જ જોઇએ, અને તે આવકવેરાનો હતો. સૌરાષ્ટ્રના વેપારીઓ ઉપર રજવાડાશાહીના જમાનામાં કોઇ જાતનો કરવેરો નહોતો. એટલે તેમણે આ જે કર ભરવો જ જોઇએ. રાજ્યવહીવટ માટે સરકારે કરવેરા નાખવા જ જોઇએ; અને તે શ્રીમંતોએ વેઠવા જ જોઇએ. તેમણે આજસુધી રજવાડાં સાથે મળી જઇને, અનેક ગોરખધંધા કર્યા છે; લાગવગ કે લાંચરૂશ્વતથી મોનોપેલીઓ મેળવી અઢળક કમાણી કરી છે; ઇજારાઓ રાખી પ્રજાને ચૂસી છે અને ત્રાસ વર્તાવ્યો છે; કાળાંબજારો અને સંઘરાખોરી કરી છે; નિરંકુશ સટ્ટાઓ કર્યા છે અને કાયદાની ગેરહાજરીમાં મજુરોનું શોષણ કરી ધમધોકાર કારખાનાંઓ ચલાવ્યાં છે. આમ છતાં તેમણે આજ સુધી એવો કોઇ ખાસ કર ભર્યો નથી. અને આજે જ્યારે તદ્દન હળવો આવકવેરો આવ્યો છે ત્યારે હોહા કરી મૂકી છે. સૌરાષ્ટ્રના વેપારીઓ સ્વાર્થ સિવાય બીજું કંઇ જોવા જ નથી માગતા શું ?

વેપારીઓ જનતાને નામે આવકવેરાનો વિરોધ કરી રહ્યા છે; પણ જનતાને તો આ વેરા સાથે કશી નિસ્બત જ નથી. સૌરાષ્ટ્રની આમજનતાની કમાણી આવકવેરાના ધોરણ કરતાં ઘણી નીચી છે. સામાન્ય વેપારીને પણ આ વેરો સ્પર્શ કરવાનો નથી. મુઠ્ઠીભર શ્રીમંતોએ જ આ વેરો ભરવાનો રહેશે.

આ વેરાનું ધોરણ મુંબઇના આવકવેરા કરતાં હળવું છે, અને મુંબઇની રકમ કરતાં વધુ રકમ પર જ તે લેવાનારો છે. આજે નહિ તો કાલે સૌરાષ્ટ્ર મુંબઇ સાથે જોડાઇ જશે, ત્યારે તેઓને આવકવેરો નહિ ભરવો પડે ?

વધુમાં સૌરાષ્ટ્રના વડાપ્રધાને હમણાં જાહેર કર્યું છે કે આ વેરાનો ઉપયોગ ગરીબ પ્રજાની રાહત માટે જ કરવાનો છે. જો આમ હોય તો આવકવેરો નાખવા માટે સરકારને વધુ યોગ્ય અને ઉમદા કારણ મળ્યું છે એમ કહી શકાય.

સૌરાષ્ટ્રના વેપારીઓ સમજી લ્યે કે આજનું સૌરાષ્ટ્રનું પ્રધાનમંડળ સમાજવાદી નથી. એમના દિલમાં શ્રીમંતો પ્રત્યે પણ સહાનુભૂતિ છે. શ્રીમંતો એ સહાનુભૂતિનો દુરૂપયોગ ન કરે, અને સરકારને તેની ફરજો બજાવવામાં મદદ કરે, એમાં તેમનું પોતાનું જ હિત છે, એમ સમજે. જો તેઓ આટલી સમજ અને દીર્ઘદૃષ્ટિ નહિ રાખે, તો તેઓ પોતાને જ હાથે પોતાની મૂડીનો નાશ નોતરશે.

## મહારાષ્ટ્ર અને મુંબઇ

ભાષાવાર પ્રાન્તરચના માટેની મહારાષ્ટ્રીય આગેવાનોની ચળવળ દિન પર દિન વધુ જોસ પકડતી જાય છે. મહારાષ્ટ્રની જનતા જો પોતાનો અલગ પ્રાન્ત રચવાને ઇચ્છતી જ હશે, તો તેની આડે કોઇ આવવાનું નથી. આ સંબંધમાં કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો પં. નહેરૂ, સરદાર પટેલ અને ડૉ. પટ્ટાભીની કોંગ્રેસનિયુક્ત સમિતિએ પોતાના રજુ કરેલા હેવાલમાં ભાષાવાર પ્રાન્તરચનાની માગણીને અવગણી નથી. પરંતુ જરૂરીઆત પ્રમાણે એક પછી એક પ્રાન્તોની પુનર્રચના કરવાનું સ્વીકર્યું પણ છે. સાથે સાથ તેમણે મુંબઇ વિષે પણ સ્પષ્ટતા કરી છે કે મુંબઇનો એક સ્વતંત્ર પ્રાન્ત બનવો જોઇએ. એને મહારાષ્ટ્રમાં સામેલ કરી શકાય નહિ.

મહારાષ્ટ્રીય આગેવાનો મુંબઇને મહારાષ્ટ્ર સાથે ઘસડી જવા માગે છે, એ જાહેર વાત છે. પરંતુ કોંગ્રેસના અતિ માનનીય, લબ્ધપ્રતિષ્ઠ અને વરિષ્ઠ આગેવાનોની સમિતિના સ્પષ્ટ અભિપ્રાય પછી એ જ કોંગ્રેસના શંકરરાવ દેવ જેવા જવાબદાર આગેવાન પણ પોતાની જીદ ન છોડે, અને આવા માન્ય નેતાઓના ચોકક્સ અભિપ્રાય સામે લોકમત કેળવવાનું ચાલુ રાખે એ એક દુઃખદ ઘટના છે.

કોંગ્રેસની મહારાષ્ટ્ર પ્રાન્તિક સમિતિએ તેની તાજેતરમાં પુનામાં મળેલી બેઠકે 'મુંબઇ વિનાનું મહારાષ્ટ્ર અમને ખપતું નથી' એમ જાહેરાત કરતો એક ઠરાવ બહુમતીએ પસાર કર્યો છે. આ બેઠકમાં પણ શ્રી. શંકરરાવ દેવે પોતે હાજરી આપી હતી. કદાચ શિસ્તની દૃષ્ટિએ એ જાતની પ્રવૃત્તિ કરવાને તેઓ હક્કદાર હોય, તો પણ કોંગ્રેસની પ્રણાલિકા અને નીતિની દૃષ્ટિએ તો એમનું પગલું યોગ્ય નથી જ. હવે આ પ્રચારથી શ્રી. દેવે વિરમવું જ જોઇએ.

મુંબઇ પ્રાન્તિક સમિતિના પ્રમુખ શ્રી. સદોબા પાટિલ આ પ્રશ્ન પરત્વે આજસુધી મૌન સેવતા આવ્યા હતા; પરંતુ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓના સ્પષ્ટ અભિપ્રાય પછી એમણે મુંબઇને અલગ રાખવા સંબંધમાં જે પોતાનો મત પ્રદર્શિત કર્યો છે, તે અભિનંદનને પાત્ર છે,

## કોમીવાદ ક્યારે જશે?

એક બાજુ જ્યારે આનંદદાયક સમાચારો મળે છે કે હિન્દના મુસ્લીમોની એક આગેવાન સંસ્થા જમીયત–ઉલ–ઉલમાએ તેના તાજેતરમાં મળેલા વાર્ષિક અધિવેશનમાં એક ઠરાવ કરીને તે સંસ્થાનું રાજકીય સ્વરૂપ સંકેલી લીધું છે, એટલું જ નહિ પણ હિન્દના મુસ્લીમોને નાગરી લીપીનો પણ અભ્યાસ કરવાને અપીલ કરી છે, ત્યારે બીજી બાજુથી હિંદની કોમીવાદી સંસ્થા હિંદુ મહાસભાને સક્રીય બનાવવા તેના આગેવાનો પ્રયાસ કરી રહ્યા છે, એ એક દુઃખદ ઘટના છે.

કોમીવાદે હિંદના ટુકડા કર્યા, હિંદુ, મુસલમાન અને શિખ વચ્ચે વૈમનસ્ય ઉભું કરી હજારોની કતલ સરજી, અને અન્તે હિન્દના તારણહાર રાષ્ટ્રપિતાનું ખૂન પણ કરાવ્યું, એ કોમીવાદ ફરી આળસ મરડીને બેઠો થાય, તો હિન્દની દશા કેવી થાય, એનો ખ્યાલ આવવો પણ મુશ્કેલ છે.

આ દેશમાં હિંદુ મહાસભા જેવી સંસ્થાની કોઇ વખત જરૂર હતી નહિ, અને આજે પણ છે નહિ. મહાત્માજીના ખૂન પછી એના આગેવાનો આ સંસ્થાને સંકેલી લેવાની વાતો કરતા હતા, અને કેટલાક તેમાંથી રાજીનામું આપી છુટા થયાની જાહેરાત પણ કરતા હતા; તે રાષ્ટ્રપિતાના ખૂનના ગુન્હા સાથે સંડોવાઇ જવાના ભયને કારણે કરતા હતા, કે કેવળ જનતા અને સરકારને છેતરવાને કરતા હતા, એ સમજી શકાતું નથી. પરંતુ એ હૃદયપલટાની નિશાની તો નહોતી જ એમ આજે સભાને સક્રીય બનાવવાના તેમના પ્રયાસથી જાણી શકાય છે.

હિંદુ મહાસભાને પુનર્જીવિત કરવાની આજે કોઇ જરૂર નથી. મુસ્લીમોનું પાકિસ્તાન અલગ રચાઇ ગયું છે, અને હિંદમાંથી મુસ્લીમ લીગ સંકેલાઇ ગઇ છે. હિંદુસ્તાનમાં હિંદુઓ બહુમતીમાં છે જ; અને રાજકીય પક્ષ તરીકે કોઇ હિંદુ સંસ્થાની આવશ્યકતા હવે રહેતી નથી. હિંદુસ્તાન હવે બીનમજહબી રાજ્ય બનવા માગે છે, અને જેણે પ્રજાની પાયમાલી સરજી, એવા કોમવાદને નષ્ટ કરવા માગે છે; ત્યારે એને સહકાર આપવાને બદલે જો હિંદુ સભા કોમીવાદનો પ્રચાર કરવાની દાનત રાખતી હશે, તો એ કોઇ કાળે પાર પડવાની નથી. અને જો તે હિંદમાં હિંદુ રાજ્ય કે હિંદુ પાદશાહત સ્થાપવા ઇચ્છતી હશે; તો બીનમજહબી પ્રજાતંત્રને ચાહનારી હિંદની પ્રજા એ ચલાવી લેશે નહિ. હિંદુ સભાના આગેવાનો ઇતિહાસનો બોધપાઠ ક્યારે લેશે?

## જેલસુધારણા

ગાંધીજી, આફ્રિકાથી હિંદ આવ્યા પછી તેમણે પરદેશી શાસન સામે લડવા માટે સત્યાગ્રહનું જે શસ્ત્ર ઉગામ્યું, તેને પરિણામે શિક્ષિત વર્ગના સંખ્યાબધ આગેવાનો અને યુવાનોને જેલનિવાસની તક મળી. તે પહેલાં જેલ જનારામાં મુખ્યત્વે ફોજદારી ગુન્હો કરનારાઓ હતા ગુન્હાને લીધે તેમનું માથું નીચું જ નમેલું રહેતું; અને તેથી જેલના સત્તાવાળાઓ તરફથી તેમની સાથે જે જાતનું વર્તન ચલાવવામાં આવતું તે તેઓ મુંગે મોઢે સહન કરતા આવ્યા. પરંતુ સત્યાગ્રહની ચળવળના નવા આગંતુકો દેશાભિમાન, ગર્વ અને સ્વમાનની લાગણી સાથે જેલમાં આવતા હોઇને જેલ સત્તાવાળાઓના અમાનુષી વર્તાવ સામે તેમણે અવાજ ઉઠાવવાનું શરૂ કર્યું એટલું જ નહિ પણ ઉપલાવર્ગના બુદ્ધિજીવી તરીકે તેમણે કેટલીક ચોક્કસ સગવડોની માગણી પણ કરેલી. આ માગણીઓ હાંસલ કરવા જતાં અને જેલસત્તાવાળાઓના અપમાનજનક અને અમાનુષી વર્તન સામે વિરોધ ઉઠાવવા જતાં તેમને કેટલીક જેલસજાઓ પણ ભોગવવી પડી હતી, જેમાં દંડાબેડી, ગુણીકપડાં, એકાંતવાસ, ફટકાની સજા વગેરે મુખ્યત્વે હતાં. હિંસક કૃત્યો અથવા તેને લગતા કાવત્રાંઓમાં સંડોવાયલા કેટલાક રાજદ્વારી કેદીઓએ તો જેલસત્તાવાળાના ગેરવ્યાજબી અને ગેરકાનુની વર્તાવ સામે વિરોધ તરીકે ભૂખહડતાળનો કપરો માર્ગ પણ લીધો અને શ્રી. જતીનદાસ જેવા નવજુવાને જેલસુધારણા માટે પોતાના જીવનનું બલિદાન પણ આપી દીધું. આ બધી લડતોને પરિણામે જેલના નિયમોમાં નહિવત્ સુધારાઓ થયા, અને તેનો લાભ ત્યાર પછીના કેટલાક રાજદ્વારી કેદીઓને મળવા લાગ્યો. પરંતુ ફોજદારી ગુન્હાના સંબંધમાં કંઇ સુધારો થયો નહિ, એટલું જ નહિ પણ કેટલાક ઉદ્દામવાદી રાજદ્વારી કેદીઓ જેના ઉપર હિંદની શાહીવાદી સરકારને ખૂબ રોષ હતો, એમના પરનો જુલમ તો ચાલુ જ રહ્યો વળી જેલકાયદાના પુસ્તક 'જેલ મેન્યુઅલ'માં તો કંઇ પણ ફેરફાર થયો નહિ.

પ્રજાકીય સરકાર અસ્તિત્વમાં આવ્યા પછી જુદા જુદા પ્રાન્તોમાં જેલસુધારણાનો પ્રશ્ન હાથ ધરવામાં આવ્યો છે; અને તે મુજબ મુંબઇ અને સૌરાષ્ટ્રમાં કેટલાક પ્રશંસનીય સુધારા થવા પામ્યા છે. તાજેતરમાં સૌરાષ્ટ્ર સરકારે જાહેર કરેલ સુધારામાં—ભોજનમાં છાશ આપવી, કામ માટે વેતન આપવું, ચક્કી પીસાવવાનું બંધ કરવું, વાર તહેવારે તેમનાં મૂળ કપડાં પહેરવા દેવા, મર્યાદિત ચા–બીડીનો ઉપયોગ કરવા દેવો, ઉપાહારગૃહનો લાભ, રેડિયો, પુસ્તકો, ઉદ્યોગનું શિક્ષણ અને સ્ત્રીકેદીને પેરોલ પર છોડી વિકાસગૃહમાં રહેવાની સગવડ—એ મુખ્ય ફેરફારો છે, જે આવકારદાયક હોવા ઉપરાંત સરકાર માટે અભિનંદનને પાત્ર પણ છે.

ગુન્હેગારોમાંના કેટલાક કેવળ સંજોગને વશ થઇને ગુન્હો કરે છે. તેમાં વહેમ, ખોટી સમજણ, અજ્ઞાનતા, મુંઝવણ, ઇશ્કરાટ વગેરે કારણો મુખ્યત્વે હોય છે. તેવાઓને સજા થયા પછી પશ્ચાત્તાપ પણ થતો હોય છે. અને જો તેઓ જેલના અમાનુષી વર્તાવને

કારણે રીઢા ગુન્હેગાર બની ન જાય, તો ફરી એ માર્ગે ચડે પણ નહિ. તેવાઓને જો ગુન્હેગાર માનસવાળા ભયંકર કેદીઓ સાથે રાખવામાં ન આવે તો, તેઓ ફરીને સારા શહેરી બની શકે છે.

કેટલાક કેદીઓ ગુન્હેગાર માનસનાં જ હોય છે, ગુન્હેગારી તેમને વારસામાં મળેલી હોય છે, અથવા તેમનું માનસ વિકૃત હોય છે. કુશળ માનસશાસ્ત્રી તેમાંના કેટલાકને જરૂર સુધારી શકે.

બીજા કેટલાક આજના બહુ ફેલાએલા અનૈતિક વાતાવરણના ભોગ બની જાય છે. પ્રમાણિકતા રાખ્યે પૈસો મળતો નથી, સૌ કાળાં બજારો, ચોરી, લુચ્ચાઇ વગેરે કરીને જ પૈસો મેળવે છે, એવો અનુભવ થવાથી આવા માણસો ગુન્હા તરફ વળે છે. જ્યાં સુધી આજે સમાજમાં ચારેબાજુ ફેલાએલી અનીતિ દૂર નહિ થાય ત્યાં સુધી આવા ગુન્હાઓ બનવાના. આવા કેદીઓને જો જેલમાં સારૂં શિક્ષણ આપવમાં આવે, તો તેઓ સારા માર્ગે જરૂર વળી શકે.

કેવળ કાયદા-કનૂનથી જેલસુધારણા થઇ જવાની નથી. પહેલાં તો આજના કડક સ્વભાવના સત્તાશોખી જેલરો, તેવો જ એમનો સ્ટાફ અને ગુન્હેગાર વર્ગમાંથી જ ઉતરી આવેલા ચોકીદાર સીપાઇઓને બદલવાની અથવા સુધારવાની જરૂર છે. માણસને માણસ સુધારી શકશે; કેવળ કાયદાઓ જ નહિ. એટલે જેલરો પણ શિક્ષકની પેઠે ભણેલા, સંસ્કારી, નીતિમાન અને ઉંચા-વર્ગમાંથી ઉતરી આવેલા જોઇએ. એટલે જેલસુધારણા માટે કાયદાઓ ઉપરાંત આ જાતના ક્રાન્તિકારી ફેરફારોની પણ પૂરતી આવશ્યકતા રહે છે જ.

**જટુભાઇ મહેતા**

# 'પ્રબુદ્ધ જૈન'નું ભાવી સંચાલન

શ્રી પરમાનંદભાઇએ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી થોડા સમયમાં પ્રગટ થનાર માસિકના તંત્રીપદની જવાબદારી સ્વીકારેલી હોઇને તા. ૧૫-૪-૪૯ ના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ સમક્ષ, 'પ્રબુધ્ધ જૈન'ના સંચાલનની જવાબદારીનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો અને તે સંબંધમાં કેટલીક ચર્ચા કર્યા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો:

## સંઘની કાર્યવાહક સમિતિનો ઠરાવ

"શ્રી. પરમાનંદભાઇ પોતાના જીવનધ્યેયને વધારે અનુકુળ એવી પ્રવૃત્તિમાં હવેથી જોડાય છે એટલે પ્રબુદ્ધ જૈનના સંચાલન ભારમાંથી તેઓ મુકત થવા ઇચ્છે છે. વર્ષો સુધી શ્રી પરમાનંદ-ભાઇએ ગૌરવપૂર્વક 'પ્રબુદ્ધજૈન'નું સંચાલન કર્યું છે અને જૈન અને જૈનેતર સમાજમાં પ્રતિષ્ઠા મેળવી છે. વિશેષ વ્યાપક ક્ષેત્રમાં જતા તેમને બાંધી રાખવા યોગ્ય નથી એટલે સખેદ આ સભા તેમને 'પ્રબુદ્ધ જૈન'ના સંચાલન ભારમાંથી મુકત કરે છે. પણ 'પ્રબુદ્ધજૈન'ને તેમની દોરવણી અને માર્ગદર્શન મળતાં જ રહેશે. 'પ્રબુદ્ધજૈન' દ્વારા જૈન જૈનેતર સમાજની સત્યનિષ્ઠાપૂર્વક તેમણે અપૂર્વ સેવા કરી છે તેની આ સભા માનસહિત નોંધ લે છે અને શ્રી પરમાનંદભાઇને તેમની નવી પ્રવૃત્તિમાં સફળતા ઇચ્છે છે.

'પ્રબુદ્ધ જૈન'નું સંચાલન હવે પછીથી શ્રી જટુભાઇ મહેતાને સુપ્રત કરવામાં આવે છે અને તેઓ સંઘના ધ્યેય અને પ્રણાલિકાને લક્ષમાં રાખી તેનું સંચાલન કરશે."

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

## શ્રી પરમાનંદભાઇનું નિવેદન

ઇ. સ. ૧૯૩૮ માં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના બંધારણની નવરચના થઇ; જે સંઘ માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના સભ્યો પુરતો મર્યાદિત હતો. તેનું ક્ષેત્ર સમસ્ત જૈન સમાજ સુધી વિસ્તૃત કરવામાં આવ્યું. સંઘે રાષ્ટ્ર, સમાજ, ધર્મ અને સંપ્રદાય પરત્વે ચોક્કસ વિચારનીતિ નિર્ણીત કરી અને એ સ્વીકારે તે જ ભાઇ યા બહેન સંઘમાં જોડાઇ શકે એવો પ્રબંધ સ્વીકારવામાં આવ્યો. સંઘમાં બહેનોએ પણ સક્રિય ભાગ લેવા માંડયો. સંઘ તરફથી સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું. ત્યાર બાદ સંઘની કાર્યવાહક સમિતિએ સંઘનું એક માસિક મુખપત્ર શરૂ કરવાનો નિર્ણય કર્યો. સંઘના મંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે શરૂ કરવા ધારેલ મુખપત્રના તંત્રીની જવાબદારી સ્વીકારી, અને તે મુખપત્રના સંચાલનની જવાબદારી મારા માથા ઉપર આવી અને ૧૯૩૯ ના મે માસની પહેલી તારીખે 'પ્રબુદ્ધ જૈન'નો પહેલો અંક પ્રગટ થયો. તે ઘટનાને આજે દશ વર્ષ થવા આવ્યાં છે. એ દશ વર્ષ સુધી મારા મુરબ્બી મિત્ર શ્રી મણિભાઇના સાથી અને મદદ-નીશ તરીકે પ્રબુદ્ધ જૈન મેં સંભાળ્યું છે. એ દશ વર્ષ દરમિયાન કંઇ કંઇ બનાવો બની ગયા છે. એ જ ગાળા દરમિયાન બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું અને પુરં થયું. એ જ મુદત દરમિયાન ૧૯૪૨ ની 'કરેંગે યા મરેંગે'નું સ્વાતંત્ર્ય યુધ્ધ આવ્યું અને ગયું. અને તેની પાછળ રાષ્ટ્રને પરદેશી રાજ્યસત્તાથી મુક્તિ મળી અને દેશમાં સ્વાધીન પ્રજાતંત્રની સ્થાપના થઇ. એ જ અરસામાં દેશના ભાગલા થયા, કોમી દાવાનળે આપણા દેશને વેરવિખેર કરી નાંખ્યો, અને વિશ્વવંદ્ય મહાત્મા ગાંધીજીને આપણે સદાને માટે ગુમાવ્યા. આજે જ્યારે મારા શિરે રહેલી 'પ્રબુધ્ધ જૈન'ના ચાલુ સંચા-લનની જવાબદારીથી હું મુક્તિ માગું છું ત્યારે આ બધી ઘટનાઓ અને બનાવો એક ભવ્ય ચિત્રપટ માફક મારી નજર સામે ખડા થાય છે અને રાષ્ટ્રના આદિકાળથી આજ સુધીના જીવનમાં આટલા બધા મહત્ત્વ અને ઐતિહાસિક ભવ્યતાથી ભરેલો બીજો એવો દશકો કદાચ શોધ્યો નહિ જડે એમ લાગે છે. આવા અપૂર્વ વર્ષ-દશકા દરમિયાન જેની મેં અખંડ નિષ્ઠાપૂર્વક ઉપાસના કરી છે, તે 'પ્રબુદ્ધ જૈન'ના સંચાલનની જવાબદારીથી મુક્ત થતાં ચિત્ત ઉંડી ગ્લાનિ અનુભવે છે. પણ જે અનુકુળ ઘટના અને વિશાળ કાર્યક્ષેત્રનું હું કંઇ કાળથી સ્વપ્ન સેવતો હતો તે અણધાર્યું સ્વાભાવિક રીતે સામે આવીને ઉભું રહેતાં 'પ્રબુધ્ધ જૈન'ની જવાબદારીથી છુટા થવા સિવાય મારા માટે બીજો કોઇ વિકલ્પ રહતો નથી એમ લાગવાથી મારે આ પગલું ભરવું પડયું છે.

'પ્રબુધ્ધ જૈન'ને અનન્યમમત્વથી મેં સીંચ્યું છે, ઉછેર્યું છે, અને તેનું ઘડતર કર્યું છે. 'પ્રબુધ્ધ જૈન'ના આજ સુધીના સંચાલનથી જૈન સમાજની કે વિશાળ સમાજની શી અને કેટલી સેવા થઇ શકી છે તેનો નિર્ણય આપવાનો અધિકાર મારો નથી, પણ 'પ્રબુધ્ધ જૈને' મારા માટે તો એક શિક્ષકની જ ગરજ સારી છે. તે મારા માટે અમુક અંશમાં આત્મસાક્ષાત્કારનું નિમિત્ત બનેલ છે. તેની ઉપાસના દ્વારા શનૈઃ શનૈઃ પેદા થયેલા આત્મવિશ્વાસને લીધે જ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી થોડા સમયમાં પ્રગટ કરવા ધારેલ એક નવી ભાતના માસિકની જવાબદારી લેવાની હું હીંમત ધરી શકયો છું.

'પ્રબુદ્ધ જૈન'ના પ્રત્યેક અંકના પ્રકાશનને મેં મારા જીવનના એક મંગળપર્વ સમાન લેખ્યું છે. મારા ચાલુ જીવનની આધિ, વ્યાધિ કે ઉપાધિ, 'પ્રબુદ્ધ જૈન'ના સંપાદન દ્વારા મળતા નિર્દોષ આનંદના કારણે હંમેશા હળવી બની છે. ઉંડી નિરાશાના પ્રસંગોએ પણ 'પ્રબુધ્ધ જૈન' દ્વારા મેં પ્રાણદાયી ઉષ્મા અને ચેતના અનુભવી છે.

આવા 'પ્રબુદ્ધ જૈન'ના આજ સુધીના નિર્માણ પાછળ ચોક્કસ પ્રકારનો આદર્શ, ભાવના, અને વિચારસરણી રહેલી છે. 'પ્રબુદ્ધજૈને' જૈન સમાજને પણ પ્રસંગે પ્રસંગે સમગ્ર રાષ્ટ્રના પરમ કલ્યાણને લક્ષમાં રાખીને સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન કરાવ્યું છે અને ધર્માધર્મવિવેકની સમ્યગ્દૃષ્ટિ આપવા યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. વાણીસંયમને જરા પણ ક્ષતિ ન પહોંચે તે વિષે શકય તેટલી સંભાળ રાખવામાં આવી છે. આવું જેનું ઘડતર છે,

અને આવી જેની પરંપરા છે તેના સંચાલનની જવાબદારી મારા મિત્ર શ્રી જટુભાઇ મહેતાને સંઘ તરફથી સોંપવામાં આવી છે અને સંઘ પ્રત્યેની નિષ્ઠાને વશ થઇને તેમણે તે જવાબદારી બહુ સંકોચપૂર્વક સ્વીકારી છે. તેઓ 'પ્રબુદ્ધ જૈન'નું સંચાલન પુરી તન્મયતાથી કરશે અને 'પ્રબુદ્ધ જૈન'નું વ્યકિતત્વ પુરી જાગૃતિપૂર્વક જાળવશે એવી હું આશા રાખું છું. 'પ્રબુદ્ધ જૈન'ના સંચાલનમાં જે જે મિત્રો આજ સુધી મને મદદ, સાથ અને સહકાર આપી રહ્યા છે તેઓ તેટલી જ મદદ સાથ અને સહકાર તેમને આપતા રહે એવી મારી વ્યકિતગત આગ્રહભરી વિનંતી છે. સંપાદકો આવે અને જાય' 'પ્રબુદ્ધ જૈન' સદા ફાલતું અને ફુલતું રહે, જૈન તેમજ જૈનેતર સમાજની સાચી સેવા કરતું રહે અને સત્યની ઉપાસનાથી કદિ પણ વિચલિત ન થાય એવી મારા અન્તરની પ્રાર્થના છે.

પરમાનંદ

### સંપાદકીય નોંધ

'પ્રબુદ્ધ-જૈન' ના સંપાદનકાર્યથી શ્રી. પરમાનંદભાઇ નિવૃત્ત થતાં, મુંબઇ જૈન યુવક સંઘે 'પ્રબુદ્ધ જૈન' ના સંપાદનની જે જવાબદારી મને સોંપી છે, તેનો સ્વીકાર કરતાં હું આનંદ અને ક્ષોભની મિશ્રિત લાગણીઓ અનુભવી રહ્યો છું.

'પ્રબુદ્ધ જૈન' એક વિશિષ્ટ પ્રકારનું પત્ર છે. તેમાં પ્રગટ થતા લેખોની બાબતમાં એનું ધોરણ ઠીક અંશે ઊંચું રહ્યું છે. એના લેખો, વાર્તાઓ અને નોંધ વગેરે વિચાર અને ચિંતન પ્રેરતા રહ્યાં છે. એની ભાષા હંમેશાં સચોટ અને સંયમી રહી છે. શ્રી. પરમાનંદભાઇ જેવા ધીરગંભીર વિચારકે એને ઊછેરીને આજ સુધી પાળીપોષી મોટું કર્યું છે. હવે એની એ મહત્તાને જાળવી રાખવી એ મારા માટે મુશ્કેલ તો નહિ બને, એ વિચારે મને સ્હેજ ક્ષોભ થાય છે. પરંતુ આવા ઉચ્ચ કક્ષાના સામયિકનું સંપાદનકાર્ય મને સોંપવામાં આવે છે, એ મને કાર્ય કરવાની એક મોટી તક મળે છે, એ રીતે આ ક્ષોભનું હું સમાધાન શોધું છું. અલબત્ત, એને એ જ કક્ષાએ નિભાવવા માટે મારે ઘણી મહેનત કરવી પડશે; પરંતુ એ મહેનત મારા માટે અભ્યાસનું પણ એક ક્ષેત્ર ઊભું કરશે; અને એ રીતે મને લાભદાયક પણ નીવડશે.

એક મુશ્કેલી મને એ લાગે છે કે હું સારો અનુવાદક નથી; અને તેથી પરભાષાના લેખો આદિ સાહિત્યનો યોગ્ય ભાષામાં અનુવાદદ્વારા જે લાભ શ્રી. પરમાનંદભાઇ 'પ્રબુદ્ધ જૈન' ના વાચકોને આપી શકતા હતા, તે કદાચ હું નહિ આપી શકું. હું સાધારણ રીતે વિચારપ્રરૂપક લેખો જ લખું છું. આમ છતાં એટલા પુરતો સહકાર તો હું શ્રી. પરમાનંદભાઇનો મેળવી શકીશ, એવી મને આશા છે, અને તેથી એની ઊણપ 'પ્રબુદ્ધ જૈન'ના વાચકોને જણાશે નહિ.

સ્વ. ડો. મેઘાણી 'પ્રબુદ્ધ જૈન' માટે સમાજના નીચલા થરના માનવીઓની સત્યઘટનાઓને વાર્તાના સ્વરૂપમાં આપતા હતા, તે એમના અવસાનથી બંધ પડેલ. ટુંકી વાર્તા લખવાનો મને ઠીક મહાવરો હોઇને બનતાં સુધી દર મહીને એકાદ વાર્તા આપી હું એ ખોટ પૂરી કરવા પ્રયાસ કરીશ.

'પ્રબુદ્ધ જૈન'નું ક્ષેત્ર ઘણું વિશાળ છે. એની સાથે 'જૈન' શબ્દ જોડાએલો હોવા છતાં એમાં મુખ્યત્વે સામાજિક અને રાજકીય વિષયો ચર્ચાય છે. આવું વિશાળ ક્ષેત્ર મને વધુ અનુકૂળ થઇ પડવા સંભવ છે. મારું કાર્યક્ષેત્ર સામાન્ય રીતે રાજકીય સ્વરૂપનું હોઇને ધાર્મિક ક્ષેત્રના સંપર્કમાં હું રહી શકતો નથી, અને તેથી ધાર્મિક પ્રશ્નો વિષે બહુ લખતો નથી. એટલે શ્રી. પરમાનંદભાઇ આ ક્ષેત્ર પૂરતા મને સહાયભૂત થશે એવી પણ મેં તેમની પાસેથી આશા રાખી છે.



શ્રી. પરમાનંદ કું. કાપડિઆ.

આમ શ્રી. પરમાનંદભાઇનો સહકાર તેમની નિવૃત્તિ છતાં પણ મને મળી રહેશે એમ હું માનું છું, અને તેથી 'પ્રબુદ્ધ જૈન'ના વિશિષ્ટ અને લાક્ષણિક ધોરણને જાળવી રાખવામાં હું સફળ થઇશ એમ મને લાગે છે.

મને મુંઝવણ એક બાબતની રહે છે; અને તે છે મારા અંગત વિચારોની. મારા વિચારો પર સમાજવાદની લાંબા વખતની અસર છે, અને સમાજવાદી પક્ષ સાથે મારો દીર્ઘકાળનો ઘનિષ્ટ સંબંધ પણ છે. જ્યારે 'પ્રબુદ્ધ જૈન' જેનું મુખપત્ર છે, એ મુંબઇ જૈન યુવક સંઘની નીતિ કોંગ્રેસને અનુસરવાની છે. જો કે કોંગ્રેસ અને સમાજવાદી પક્ષને હું એક બીજાનાં હરીફ નહિ પણ પૂરક પક્ષો ગણું છું. તેથી 'પ્રબુદ્ધ જૈન'ની ચાલુ નીતિને આંચ ન આવે એવી રીતે તેનું સંચાલન કરવાનો પ્રયાસ મારે કરવાનો છે, અને તેમ હું કરીશ. આમ છતાં રાજકીય પ્રશ્નોની સમાલોચનામાં કોઇ વેળા ઉદ્દામવાદની છાપ કે સમાજવાદની અસર સંઘના સભ્યો કે અન્ય વાચકોને જણાય તો તેઓ તેને ઉદારતાપૂર્વક નિભાવી લેશે, એવી હું તેમને વિનતિ કરું છું.

મારી ધંધાકીય ઉપરાંતની વિવિધ જાહેર પ્રવૃત્તિઓના બોજા છતાં જે આ નવી જવાબદારી મેં સ્વીકારી છે, એમાં ગુજરાતનો લેખકવર્ગ મને સહાયભૂત થાય, તો મારો બોજો જરૂર હળવો બને, અને તેથી 'પ્રબુદ્ધ જૈન' માટે લેખકમિત્રોના સહકારની હું અપેક્ષા રાખું છું.

જટુભાઇ મહેતા

## સર્વ ધર્મ પરિષદ

હિંદી તત્વજ્ઞાન પ્રચાર સમિતિ જેનું મુખ્ય કાર્યાલય અમદાવાદ છે તેના આશ્રય નીચે મુંબઇ ખાતે મરીનડ્રાઇવ બાજુ ઉભા કરવામાં આવેલ વિશાળ મંડપમાં તા. ૨૩-૪-૪૯ શનિવારથી તા. ૨૭-૪-૪૯ સુધી સર્વ ધર્મ પરિષદનું બીજું અધિવેશન ભરવામાં આવ્યું હતું. એ અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી હતા. એ પરિષદનું ઉદ્દઘાટન મધ્યવર્તી સરકારના એક સંચાલક માન્યવર સર શ્યામાપ્રસાદ મુકરજીએ કર્યું હતું. આ પરિષદની પાંચ દિવસની પાંચ બેઠકમાં દરેક બેઠક માટે ભિન્ન ભિન્ન પ્રમુખો નીમવામાં આવ્યા હતા. પહેલા દિવસે સુપ્રસિધ્ધ તત્વવેત્તા સર સર્વપલ્લી રાધાકૃષ્ણને પરિષદનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. બાકીના દિવસોએ અનુક્રમે બાબુ ક્ષિતિમોહન સેન, શ્રી કુંદનમલ ફીરોદીઆ, શ્રી કેદારનાથજી અને શ્રી દેવેન્દ્રનાથ સેન પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. સ્વાગતસમિતિના પ્રમુખ શ્રી. મુનશીનું વ્યાખ્યાન અંગ્રેજી ભાષામાં લખાયલું હતું. આ ભાષણ સુન્દર, સચોટ અને સંક્ષેપમાં જરૂરી મુદ્દા રજુ કરતું હોઇને તેનો સળંગ અનુવાદ આ નોંધના અનુસંધાનમાં આપવામાં આવેલ છે. સર રાધાકૃષ્ણન તો અંગ્રેજીમાં જ બોલે છે. તેઓ એકધારા પ્રવાહે ૪૦ મીનીટ બોલ્યા હતા—તેમને સાંભળવા એ જીવનનો લ્હાવો હતો. નાયાગરાના ધોધ જેવી વહેતી તેમની વાણી હતી. આજે દરેક ધર્મ સામે બે આક્ષેપ કરવામાં આવે છે. (૧) ધર્મ વિજ્ઞાનનો વિરોધી છે. ધર્મશાસ્ત્રમાં એવી કેટલીયે વાતો ભરી છે જેમાં

આજના વિજ્ઞાને ખોટી પાડી છે. ધર્મનો આધાર શ્રદ્ધા છે; વિજ્ઞાનનો પાયો સત્ય છે. (૨) ધર્મ વ્યક્તિગત મોક્ષનો જ વિચાર પ્રેરે છે અને સમાજના હિતાહિત વિષે ઉપેક્ષાબુદ્ધિ પોષે છે. આ રીતે ધર્મ સમાજવિરોધી સંસ્થા છે. સર રાધાકૃષ્ણના કહેવા મુજબ જો આજના ધર્મોએ જીવવું અને ટકવું હોય તો એ ધર્મોએ પોતપોતાના સ્વરૂપમાં એવું પરિવર્તન કરવું જોઇએ કે આ બન્ને આક્ષેપો કરવાનું લેશ પણ કારણ ન રહે. સર રાધાકૃષ્ણના ભાષણનો સાર આવતા અંકમાં આપવામાં આવશે. પરિષદના અધિવેશનના અન્ય પ્રમુખોનાં વ્યાખ્યાનો હિંદીમાં હતા અને એટલાં જ મનનીય હતાં.

આ પરિષદમાં ધર્મના ક્ષેત્રમાં અગ્રસ્થાન ધરાવતી બીજી અનેક વ્યક્તિઓએ હાજરી આપી હતી અને ભાગ લીધો હતો. આમાંના મોટા ભાગે હિંદુ હતા. પરિષદના પાંચ દિવસના અધિવેશન દરમિયાન અનેક વ્યાખ્યાતાઓએ પોતપોતાના વિચારો રજુ કર્યા હતા. વ્યાખ્યાતાઓ માટે કોઇ ચોક્કસ વિષયો નક્કી કરવામાં આવ્યા નહોતા. પરિણામે વ્યાખ્યાતાઓને ફાવે તેવું ઉડ્ડયન કરવાની છુટ હતી.

ભિન્ન ભિન્ન ધર્મોના વ્યક્તિગત સ્વરૂપની લોકોને જાણ થાય અને લોકોમાં પોતાથી અન્ય ધર્મ વિષે સમભાવની બુધ્ધિ પેદા થાય એ આ પરિષદનો હેતુ હતો. દરેક વ્યાખ્યાતાએ આ બન્ને બાબતો ધ્યાનમાં રાખીને પોતપોતાનું વક્તવ્ય યથાપ્રમાણ રજુ કરવું જોઇતું હતું. પણ કમનસીબે ઘણા વકતાઓ આ હકીકત અને હેતુ ભુલી જતા હતા અને આ સર્વ ધર્મ પરિષદ જાણે કે કેવળ હિંદુ પરિષદ જ હોય એ રીતે જ એવો ઝનુન અને જુનવાણી માનસપૂર્વક પોતાના વિચારો રજુ કરતા હતા અને જાણે કે પોતાના સાંપ્રદાયિક મન્તવ્યો રજુ કરવા માટે જ બોલવા ઉભા થયા છે એવું વળણુ દાખવતા હતા. પરિણામે ઘણા વકતવ્યોનું સ્વરૂપ પ્રાગતિક અને વિશાળતા તરફ લઇ જવાને બદલે કેવળ પ્રત્યાઘાતી અને સાંપ્રદાયિક સંકીર્ણતાથી ભરેલું દેખાઇ આવતું હતું. આ રીતે—આજે જ્યારે આપણે નવા સમાજની રચના કરી રહ્યા છીએ અને સમાજજીવનના સર્વ ક્ષેત્રોનું સંશોધન કરી રહ્યા છીએ ત્યારે આવી પરિષદો અને આ આકારમાં મળે, વકતાઓ અને વ્યાખ્યાનવિષયોની ચોક્કસ ધોરણસર પસંદગી કરવામાં ન આવે તો આવી પરિષદો આપણને આગેકૂચકદમમાં લાભકારી નીવડે કે કેમ એ પ્રશ્ન વિચારતા જેવો બને છે. એટલું ખરૂં કે એક વખત એવો હતો કે દરેક ધર્મના આચાર્યો અને આગેવાનો પોતપોતાના કુંડાળામાં જ ફરતા, અન્ય ધર્મના આગેવાનો કે આચાર્યો સાથે કશો સંપર્ક રાખતા નહોતા એટલું જ નહિ પણ તેમની પ્રત્યે સ્પર્ધા અને વિદ્વેષબુદ્ધિથી જોતા હતા. તે પરિસ્થિતિ સાથે સરખાવતાં આજે આ રીતે સર્વધર્મના આચાર્યો અને આગેવાનો એક જ વ્યાસપીઠ ઉપર એકઠા થાય, હળે મળે, વિચારોની થોડી ઘણી આપલે કરે, અને એકમેકને શાન્તિ અને સહિષ્ણુતાપૂર્વક સાંભળે એ જરૂર આવકારદાયક છે. પણ સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે આવા સ્થળે જે કોઇ આવે છે અને અગ્રભાગ લે છે તે પોતાનું ગાણું ગાવા આવતા નથી, પણ અન્ય સર્વની સાથે સાચા દિલનો સમન્વય સાધવા આવે છે. બીજું હિંદુ આગેવાનોએ એ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આ મેળો હિંદુ ધર્મના પ્રચાર માટે યોજવામાં નથી આવતો. તેથી પોતાની અત્યધિક બહુમતી અને પ્રભુત્વની વાસ્તવિકતા કોઇને લેશ માત્ર ખુંચે નહિ એવી નમ્રતા, ૠજુતા અને સંપ્રમાણતા તેણે દાખવવી જોઇએ કે જેના પરિણામે અન્ય સંપ્રદાય કે ધર્મના લોકોને આપણી સર્વ ધર્મ સમભાવની સાચી નિષ્ઠાની પ્રતીતિ થાય, અને આ કાર્યમાં તેઓ પણ પુરો સાથ અને સહકાર આપવા સદા પ્રેરાતા રહે.

આ સંસ્થાની કાર્યવાહીમાં અંગ્રેજી ભાષાનો વધારે પડતો ઉપયોગ બહુ ખુંચે તેવો હતો. જે અન્ય ભાષામાં ન બોલી શકે તેના માટે તો અંગ્રેજી સિવાય બીજો કોઇ વિકલ્પ નથી, પણ મુનશી શા માટે અંગ્રેજીમાં બોલે? કાર્યક્રમ શા માટે અંગ્રેજીમાં છપાય? આ પ્રશ્નોનો આપણી પાસે કોઇ ઉત્તર નથી.

પરિષદ સાથે હંમેશાં સંગીતનો કાર્યક્રમ રાત્રીના સમયે જોડાયલો જ રહેતો હતો અને તેમાં તો સૌ કોઇ રસપૂર્વક ભાગ લેતા હતા. શાન્તિલાલ શાહ, માસ્તર વસન્ત, દેવેન્દ્રવિજય આદિ ગાયકોને શ્રોતામંડળી મુગ્ધભાવે સાંભળતી હતી. ધરમદાસકાકાની કરતાળે પણ લોકોને ખુબ વિનોદ કરાવ્યો હતો.

આ પરિષદ અન્ય પરિષદો કરતાં અનેક રીતે વિલક્ષણ હતી. સાધારણ રીતે સ્થાનિક આગેવાનોના દિલમાં અમુક પરિષદ ભરવાનો બળવાન વિચાર પેદા થાય છે અને તેમાંથી એક યા બીજી પરિષદ જન્મ પામે છે. આ પરિષદ અમદાવાદની સમિતિની પ્રેરણા અને તેના મુખ્ય કાર્યકર્તા શ્રી. શાન્તિલાલ ડી. મહેતા અને ડૉ. હરિપ્રસાદના પ્રયાસમાંથી ઉભી થઇ; મુંબઇ ખાતે યતિશ્રી હેમચંદ્રજી, યતિશ્રી રાજચંદ્રજી, પંડિત ત્રિજ્યશંકર, શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ, વગેરે સજ્જનોએ સાથ પુરાવ્યો. મુનશી સ્વાગતપ્રમુખ બન્યા અને પરિષદ ભરવામાં આવી. આ પરિષદમાં મુંબઇની જનતાનો જોઇએ તેટલો સાથ નહોતો દેખાતો અને પરિષદમાં હાજરી પ્રમાણમાં બહુ ઓછી હતી તેનું કારણ આ હતું. દરેક પરિષદનો એક પ્રમુખ હોય છે. આ પરિષદના પાંચ પ્રમુખ હતા. દરેક પરિષદમાં એક યા બીજી રીતે પણ ચુંટાયલા પ્રતિનિધિઓ આવે છે અને સંયોજિત આકારમાં કામ કરે છે. આ પરિષદમાં ભાગ લેનારા વ્યાખ્યાતાઓ નિમંત્રિત મહેમાનો હતા. અન્ય પરિષદને વિષયવિચારિણી સમિતિ હોય છે જે ઠરાવો ઘડે છે અને મુખ્ય અધિવેશન તે ઠરાવો પસાર કરે છે. આ પરિષદમાં આવી કોઇ વિષયવિચારિણી સમિતિ નીમવામાં આવી નહોતી. પરિષદના બીજે દિવસે કેટલાએક આગેવાનો એક સ્થળે એકઠા થયા હતા અને કેટલીક ચર્ચાના પરિણામે એક સર્વસંમત જાહેરાત ઘડવામાં આવી હતી જે તે જ દિવસે અંગ્રેજી તથા હિંદીમાં મુખ્ય અધિવેશનમાં વાંચી સંભળાવવામાં આવી હતી. આવી અનેક વિલક્ષણતાઓથી ભરેલી પરિષદ આવી અને ગઇ અને સર્વ ધર્મ સમભાવનું એક મીઠું આંદોલન વહેતું મૂકી ગઇ. પરિષદની જે કાંઇ સાર્થકતા ગણવી હોય તે આ અને આટલી જ લેખી શકાય.

**પરમાનંદ**

## સ્વાગતપ્રમુખ મુનશીનું પ્રવચન

આ પરિષદ બહુ યોગ્ય વખતે ભરવામાં આવી છે. ધર્મના નામે ઉભી કરવામાં આવેલી કટોકટીભરી પરિસ્થિતિમાંથી હિંદ હજુ હમણાં જ પાર ઉતર્યું છે. મધ્યયુગમાં બનતું હતું તેમ કેટલાક સમયથી ધાર્મિક ભાવના અને લાગણીઓનો રાજકારણી હેતુસર લાભ ઉઠાવાતો આપણે જોયેલ છે, આપણે બહુ ભયાનક કાળમાંથી પસાર થયા છીએ. અંધકાર યુગમાં પણ જેની કલ્પના થઇ શકતી નથી એવા પાશવી હત્યાકાંડો આપણે નિહાળ્યા છે. તેમ જ માનવજાતના ઇતિહાસમાં કદિ નહિ નોંધાએલ અને નિષ્ઠુરતામાં શિકારી પશુઓને પણ ટપી જાય તેવા અત્યાચારો અને આપદાઓ આપણે અનુભવેલ છે. જો ધર્મને જીવતો રાખવો હોય તો આપણે ધર્મને સત્તાવાદી રાજકારણથી અલગ રાખવો જોઇએ. આ બોધપાઠ આપણે બહુ કડવા અનુભવથી શિખ્યા છીએ. અને જો આ પરિષદ આ મુદ્દા ઉપર પુરતો ભાર મૂકી શકે તો આ પરિષદનું અસ્તિત્વ સાર્થક થયું લેખાશે.

મને કહેવાની રજા આપશો કે ભિન્ન ભિન્ન ધર્મોની માન્યતાઓ ચર્ચવા માટે કે તે સંબંધમાં નિર્ણય કરવા માટે જરૂરી વ્યાસપીઠ પુરી પાડવાના હેતુથી આ પરિષદ ભરવામાં આવી નથી. જેમ જણાવવામાં આવ્યું છે તે મુજબ ધર્મના મૂળ પાયાના તત્વોની પુરી સમજણપૂર્વક આપણા દેશનો

અને પ્રજાનો પુનરૂદ્ધાર કરવો એ આ પરિષદનો હેતુ છે. હું આશા રાખું છું કે આજની દુનિયા કે જે માનવીજીવન વિષેના જડવાદી નિરૂપણની અસર નીચે વિનાશ તરફ ધસી રહી છે તે દુનિયા માટે અતિ અગત્યની એવી બે બાબતોને આ પરિષદ હાર્દિક અનુમોદન આપશે:

૧. આજે જ્યારે આપણે નૈતિક અને ભૌતિક અવનતિ તરફ ધસડાઇ રહ્યા છીએ અને માનવીજીવનને આવરી રહેલ સરમુખત્યારી સત્તાના નિયંત્રણ નીચે જ્યારે નૈતિક મૂલ્યો એકદમ ઓસરી રહ્યાં છે ત્યારે માનવજાતને બચવાનું કોઈ સાધન હોય તો તે ધર્મ જ છે. તે જ તત્ત્વ માનવીના પરમાત્મા સાથેના સંબંધ ઉપર પુરતો ભાર મૂકીને માનવીના વ્યક્તિત્વની પ્રતિભાને રક્ષી શકે છે. જે નૈતિક વ્યવસ્થાના અભાવે માણસ હેવાન બન્યો છે, બલ્કે વિજ્ઞાને બક્ષેલી સામુદાયિક હત્યા કરવાની તાકાતને લીધે હેવાન કરતાં પણ વધારે કનિષ્ઠ, વધારે ભયંકર બન્યો છે તે નૈતિક વ્યવસ્થાની ધર્મ વડે જ પુનઃ પ્રતિષ્ઠા થઇ શકે તેમ છે.

૨. ધર્મસંસ્થાપકો કે તેમના અનુયાયીઓની અંદર નાત, જાત કે માન્યતાઓના કારણે ગમે તેટલો તફાવત હોય એમ છતાં પણ બધા ધર્મોનું હાર્દ એક છે. કારણ કે તે હાર્દ તો માનવોચિત સર્વ મર્યાદાઓ અને બંધનો વટાવીને પૂર્ણતા કે જેનું બીજું નામ ઇશ્વર છે તે પ્રાપ્ત કરવા સુધીના માનવીના દીલમાં એવા મનોરથમાં રહેલું છે. આ જ સત્યને સંત ઓગસ્ટાઇને "જ્યાં સુધી તારામાં વિરામ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અમારૂં દિલ બેચેન રહેવાનું છે" આ સુન્દર શબ્દોમાં વ્યક્ત કર્યું છે.

આપણે બહુ કપરા કાળમાંથી પસાર થઇ રહ્યા છીએ. યંત્રપૂજાએ સદીઓના દર્શનને લુપ્ત કરી નાંખ્યું છે. છેલ્લા દોઢસો વર્ષ દરમિયાન જડવાદને ઉપાસ્ય દેવતા ગણતી પાશ્ચાત્ય વિચારસરણીએ ઇશ્વરમાં અને નૈતિક વ્યવસ્થામાં રહેલી માણસની શ્રધ્ધાનો નાશ કર્યો છે. વહેમ અને પરંપરાના બંધનોથી મુક્ત બનેલો આધુનિક બૌધ્ધિક વિકાસ ધર્મની સર્વ બાજુઓથી દૂર અને દૂર ગતિ કરી રહેલ છે. જુનવાણી ધાર્મિક માન્યતાઓ કે જે કોઇને કોઇ પ્રકારના આધિદૈવિક અતીન્દ્રિય તત્ત્વને સ્વીકારતી હતી તેનું માનવસમાજ ઉપરનું સ્વામિત્વ ઓસરતું જાય છે. આધિદૈવિક અતિન્દ્રિય–તત્ત્વની માન્યતા ઉપર રચાયલો પુરાણો નૈતિક પ્રબંધ શીર્ણવિશીર્ણ થઇ રહ્યો છે. આપણી શહેરી અને ઔદ્યોગિક સંસ્કૃતિએ એક દીર્ઘકાય રાક્ષસની માફક જીવનના સર્વ પ્રદેશો ઉપર પોતાનો સર્વગ્રાહી પંજો ફેલાવ્યો છે, અને આદર્શવિહોણા વ્યવસાયોમાં જ જનતાનું બધું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સંસ્કૃતિ જડવાદપ્રધાન બની છે અને શહેરી ઔદ્યોગીકરણના પ્રશ્નો તેને જર્જરિત કરી રહેલ છે. ધર્મની ગતિશીલ અને રચનાત્મક તાકાતની સામાજિક પ્રગતિ અર્થે અગત્ય અને ઉપયોગીતા છે એ બાબતનો આપણે ઇનકાર કરીએ છીએ.

આવા ઇનકારમાંથી પરિણમતા શ્રદ્ધાના અભાવે નૈતિક મૂલ્યોનો નાશ કર્યો છે. તેમાંથી સંવેદનશૂન્યતા જન્મ પામી છે, અને જે વહેણમાંથી માનવી કંઇ કાળથી પ્રેરણા અને બળ પ્રાપ્ત કરતો હતો તે વહેણ સૂકાતું ચાલ્યું છે. આપણામાં વૈજ્ઞાનિક શક્તિ અને આવડતનો ખુબ વિકાસ થયો છે. પણ વર્તમાનકાળમાં જે મોટાં જનતાવ્યાપી આન્દોલનો ઉભાં થાય છે અને ફાસીસ્ટવાદ કે સામ્યવાદના આકારમાં જેનો આપણે પરિચય કરી રહ્યા છીએ તે આન્દોલનોનો ધાર્મિક દૃષ્ટિના અભાવે સામનો કરવામાં આપણે અસમર્થ નિવડીએ છીએ. આપણામાંના જે કેટલાએક દુનિયાને આક્રમિત કરી રહેલ પાશ્ચાત્ય વિચારઆચારના વેગમાં ઘસડાઇ રહ્યા છે, તેઓ સત્તા અને વિષયવિલાસોની કદિ તૃપ્ત ન થાય એવી વાસનાઓને તૃપ્ત કરવા પાછળ ઘેલા બન્યા છે. પરિણામે જીવનવિગ્રહ અત્યન્ત કટુ અને અસહ્ય બન્યો છે. ધાર્મિકતાથી વંચિત થવાને લીધે દુઃખ અને વધારે દુઃખ, લડાઇઓ અને વધારે ભયાનક લડાઇઓ—એ જ ભાવીદર્શન આપણી સામે આવીને ઉભું રહે છે.

ભિન્ન ભિન્ન ધર્મોના શાસ્ત્રોનો હું કોઇ જ્ઞાતા નથી, અથવા તો જે ધર્મમાં હું માનું છું તે ધર્મનો પણ હું પુરો જાણકાર નથી. પણ હું આટલું જાણું છું: મારામાં આ પ્રતીતિની ઉંડી જડ બેઠેલી છે: જો ધર્મને વિનાશમાંથી ઉગારવો હોય તો તેને ક્રિયાકાંડ અને અતીન્દ્રિય–આધિદૈવિક–બાબતોથી મુક્ત કરવો જોઇએ, અને આત્મસાક્ષાત્કાર માટે તેણે એક પ્રાણવાન શક્તિ સમાન બનવું જોઇએ. જ્યાં સુધી મારો પરલોક કેમ સુધરે એવી સ્વાર્થી વિચારસરણી સાથે ધર્મનું તાદાત્મ્ય રહેલું છે, જ્યાં સુધી બ્રહ્મભોજન, નદીસ્નાન અને અર્થવિનાનો ક્રિયાકાંડ સ્વર્ગનાં અથવા તો આવતા ભવનાં સુખો મેળવવાનો પરવાનો આપે છે એવી માન્યતાઓ ચલ્યા કરે છે ત્યાં સુધી આમ બનવું શક્ય નથી. ગાંધીજીએ કહ્યું હતું કે "હું કોઇ આધિદૈવિક શક્તિઓ ધરાવતો નથી અને એવી કોઇ શક્તિઓની મને અપેક્ષા નથી" અને આજની દુનિઆમાં તેઓ સૌથી વધારે ઇશ્વરપરાયણી મહાપુરૂષ હતા.

હું સમજું છું એ મુજબ ધર્મ એક એવો માર્ગ છે કે જે વડે જેમ જેમ અહિં અને હમણાં ક્ષણે ક્ષણે આ દુનિયામાં જે યુધ્ધો કરવા પડે છે તે સર્વ યુધ્ધોમાં જેમ જેમ માનવી તે ધર્મને અનુસરે છે તેમ તેમ તેને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી જાય છે, પોતાની જાતની—પોતાના મૂળ–તત્ત્વની તેને જાણ થતી જાય છે. શ્રીકૃષ્ણે જંગલમાં નિવૃત્તિવાસ સ્વીકારીને આત્મસાક્ષાત્કાર સાધવાનું કે તપ અને વ્રતનિયમો વડે સ્વર્ગ પ્રાપ્ત કરવાનું અર્જુનને નહોતું કહ્યું. તેણે તો તેને જ્યાં યુધ્ધના શંખો ફુંકાતા હોય અને બધી બાજુએ બાણોનો વરસાદ વરસતો હોય તે સર્વની વચ્ચે "મન્મના" થવાનું કહ્યું હતું. "તૃષ્ણાને જીતીને યુધ્ધ કર" એ કાંઇ સ્વર્ગની અપ્સરાઓ પ્રાપ્ત કરવા માટે કહેવામાં આવ્યું નહોતું. જીવન્ત ધર્મે તો સર્જનાત્મક જીવનવિદ્યા શિખવવી જોઇએ, પરિપૂર્ણતાના સતત વધતા જતા ભાન સાથે જેનો અનુભવ થાય છે તે પરમાનંદ પ્રાપ્ત કરવાની કળા શિખવવી જોઇએ.

જગતના સર્વ ધર્મો આ એક બાબતની સાક્ષી પુરે છે કે માનવીજીવનનું નિયમન કરતી એવી એક સનાતન નૈતિક વ્યવસ્થા છે અને આ વ્યવસ્થાનાં તત્ત્વોમાં કોઇ પણ યુગની ફરતી જતી જરૂરિયાતો કે ત્રુટિઓના કારણે કશો પણ ફરક પડતો નથી. સમસ્ત યુરોપે હજુ આ સત્ય સમજવાનું બાકી છે. યુરોપે તો આપણને એટલું જ શિખવ્યું છે કે જમાને જમાને ફરતી જતી ટેવો મુજબ તેમ જ ફરતી જતી સામાજિક પરિસ્થિતિ મુજબ નીતિનાં ધોરણો બદલાય છે. ટેવો અને નીતિનિયમ માત્ર દરેક યુગ સાથે જ નહિ પણ પેઢી દર પેઢી બદલાતા જાય છે, પણ આ ઉપરછલો ખ્યાલ છે. આપણા પૂર્વજોએ શોધી કાઢયું છે કે સર્વસ્પર્શી અને અચલ સ્વરૂપી ધર્મ એ જ નૈતિક વ્યવસ્થાનો પાયો છે. આ ધર્મના અનુસરણના પરિણામે માનવી જીવન એક એવી અન્તિમ સાધનાનો—પુરૂષાર્થનો–વિષય બને છે કે જેને પૂર્ણતા, આત્મસાક્ષાત્કાર, મોક્ષ, કૈવલ્ય, અર્હત— આવા ભિન્ન ભિન્ન નામોથી ઓળખવામાં આવે છે. સંક્ષેપથી तेन त्यक्तेन त्वं भुञ्जी थाः। એ સુવિદિત વાકયમાં આ જ ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે, પતંજલિ આ જ ધર્મને વધારે સ્પષ્ટ શબ્દોમાં વર્ણવે છે. જ્યારે તું ક્રોધ, દ્વેષ અને મત્સરથી મુક્ત થઇશ ત્યારે તને પ્રેમની પ્રાપ્તિ થશે. જ્યારે તેના મન, વાણી અને કર્મની એકતા પ્રાપ્ત કરીશ ત્યારે સર્વ કાર્યોમાં તને સફળતા મળશે. જ્યારે તું લોભથી મુક્ત થઇશ ત્યારે તને ધનસંપત્તિ પ્રાપ્ત થશે. જ્યારે માનસિક તેમ જ શારીરિક શક્તિઓના અપવ્યય ઉપર કાબુ મેળવવામાં આવશે

ત્યારે સર્જક શકિત તને સિધ્ધ થશે. જ્યારે પરિગ્રહબુધ્ધિથી તું મુકત થઇશ ત્યારે, તને આત્મસાક્ષાત્કાર થશે; આ કાંઇ નૈતિક સૂત્રો, કહેવતો કે કેવળ ડહાપણની વાતો નથી. આ તો સર્વ ધર્મોને લાગુ પડતા નૈતિક કારણકાર્યના સિદ્ધાન્તની ભિન્ન ભિન્ન બાજુઓ છે. આ સિદ્ધાન્ત ગુરૂત્વાકર્ષણના સિધ્ધાન્ત જેટલો જ અનિવાર્ય–અપરિહાર્ય–છે.

ઇશ્વરપ્રાપ્તિની એષણા એ બધા ધર્મોમાં બીજું એક સમાન તત્ત્વ છે. જે કેવળ સ્વસ્થિતિથી સંતુષ્ટ છે અને જેને કોઇ વધારે ઉંચા જીવન કે ઉન્નત કક્ષાની કલ્પના નથી તેવા મનુષ્યના અનુભવનો આ વિષય નથી. પણ જેઓ સદા વિકસતા સત્ય, શિવ અને સુન્દરના સમન્વયથી ભરેલા જીવનની આકાંક્ષા સેવે છે, જેમને 'સ્વ'ની પ્રાપ્તિ કરવી છે તેમને ઇશ્વર પ્રાપ્તિની સતત ઝંખના અન્તિમ ધ્યેય સમીપ લઇ જાય છે.

"મારામાં જ તારૂં મન કેન્દ્રસ્થ કર! મારામાં જ તારી ઇચ્છા સમાવી દે! તેમ કરતાં જ તારો મારામાં સદા વાસ થશે. આ વિષે કોઇ સંશય છે જ નહિ." આ જ ભગવાન શ્રીકૃષ્ણનો સંદેશ છે અને આ સંદેશો દરેક દેશના પયગંબરોએ, સન્તોએ અને સાધુજનોએ જગતને આપ્યો છે. સન્ત ઓગસ્ટાઇને કહ્યું છે તેમ જ "તારા માલીકના આનંદમાં તું લીન થઇ જા." પણ ઇશ્વરપરાયણ બનવું એટલે વ્યવહારવિમુખ બનવું એમ નથી. ફરી ફરીને શ્રીકૃષ્ણે અર્જુનને ઉપદેશ આપ્યો છે કે "મન્મના બન, મારૂં સ્મરણ કર અને યુધ્ધ કર." પણ તેમણે કદિ સંસારથી ભાગી છુટવાનો ઉપદેશ આપ્યો નથી.

ધાર્મિક ઘર્ષણો, અથડામણો અને યુધ્ધોથી આપણા દેશનો ઇતિહાસ અવારનવાર કલંકિત થયો છે એમ છતાં પણ હિંદ મુખ્યત્વે કરીને એક ઇશ્વરપરાયણ દેશ છે. આ પરંપરા કોઇ પણ વખત કરતાં આ વખતે વધારે સજીવ, વધારે ક્રિયમાણ થવાની જરૂર છે, કે જ્યારે આપણે એક મહાન, સ્થાયી પ્રજાસત્તાક રાજ્ય તંત્રનું નિર્માણ કરવાનો પુરૂષર્થ સેવી રહ્યા છીએ. જાણીતા ચીની તત્ત્વજ્ઞ તાઇ સુંગનો પવિત્ર સિધ્ધાન્ત, કોઇ પણ માનવી અન્ય માનવીની ધર્મ ખાતર કદર્થના ન કરે, કારણ કે સ્વર્ગપ્રાપ્તિના અનેક માર્ગો છે. આ સિધ્ધાન્ત જ્યારે પ્રરૂપાયો તે વખત જેટલો જ આજે પણ પવિત્ર અને સાચો છે અને તેની ઉપયોગીતા આજે સૌથી વધારે છે. "જે મારામાં સર્વં જુએ છે મને સર્વત્ર નિહાળે છે." આ કોઇ ઉપરછલી અને અનુભવ વિહોણી વિશાળતાનો ઉપદેશ નથી. આની પાછળ તો એક એવા ક્રિયાશીલ ભવ્ય સંવેદનની પ્રેરણા રહેલી છે કે જે સંવેદન સમસ્તમાનવજાત એક સુવ્યવસ્થિત સમષ્ટિ હોય એવી વિશાળતાનો માનવી મનને અનુભવ કરાવે છે. આ ગાંધીજીની અહિંસા છે, ઇશુ ખ્રીસ્તનો પ્રેમ છે, ભગવાન બુદ્ધની કરૂણા છે. પોતાની જાતનું ઇશ્વરને સમર્પણ કરીને અને તેનુ સાધન બનીને ઇશ્વરપરાયણતા સિધ્ધ કરવાનો આદર્શ એક એવી તાકાત આપે છે, એક એવી શકિત પેદા કરે છે–કે જે જાતિ, રાષ્ટ્ર કે ભૂગોળના ભેદભાવથી પર એવા માણસ માણસને જોડે છે, જે તેને જીવનની ક્ષુદ્રતામાંથી ઉંચે લઇ જાય છે, તેના વ્યકિતત્વને ખીલવે છે, તેને ઇશ્વરરૂપ બનાવે છે. આ જ ભાવના, આ જ મનોકામના એક એવી ભૂમિકા છે કે જ્યાં સર્વ ધર્મો એકઠા થઇ શકે છે. આ ધ્યેયના નામ ઉપર જે કાર્ય કરવાની સર્વ ધર્મોની પ્રતિજ્ઞા છે તે કાર્યને પાર પાડવા માટે હું આપ સર્વેને આવકાર આપું છું.

મૂળ અંગ્રેજી : શ્રી. ક. મા. મુનશી

અનુવાદક : **પરમાનંદ**

# ગર્વ–ખંડન

એક ટુંકી વાર્તા ] [ જદુભાઈ મહેતા

વહેલી સવારે શહેરની પ્રજા પથારી છોડે તે પહેલાં તેમના કાનમાં વર્તમાનપત્રોના ફેરિયાના બુલંદ અવાજો પ્રવેશી ચૂકયા હતા: 'મધરાતથી શરૂ થએલી રેલ્વે હડતાલ!'

અને સૂર્ય ઉગતાં પહેલાં રવેશમાં ઉભા રહીને દાતણ કરતા નગરજનો સરિયામ માર્ગ પરથી પસાર થતાં રેલ્વે કામદારોનાં સરઘસો નિહાળી રહ્યા.

બધાં સરઘસો 'આઝાદ મેદાન'માં એકઠા મળીને તેનું એક જંગી સરઘસ રચાઇ ગયું. આ સરઘસની સરદારી યુવાન કામદાર-નેતા અને રેલ્વે કામદાર યુનિયનના મહામંત્રી બિરાદર રતનસિંગે લીધી હતી. શહેરના વેપારીઓ તેમની દુકાને જઇ રહ્યા હતા ત્યારે આ જંગી સરઘસ શહેરના મુખ્ય રાજમાર્ગો પર ફરી રહ્યું હતું. સરઘસના કામદારોના હાથમાં લાલ વાવટાઓ ફરકી રહ્યા હતા. 'જગતના મજદૂરો એક થાવ', 'મૂડીવાદનો નાશ હો' એવાં સૂત્રો મોટે અવાજે ગાજી રહ્યાં હતાં. સરઘસને મોખરે 'હથોડો અને દાતરડું' અંકિત થએલો લાલ વાવટો પકડીને રતનસિંગ મકકમ પગલે ચાલી રહ્યો હતો. એની આંખ ચમકતી હતી. વાળેલી બાંયમાંથી એના સુદૃઢ બાહુ એના બળનું પ્રદર્શન કરાવતા હતા. ખાખી ચડ્ડી અને પહાણી ચંપલ વચ્ચે એના પગની પીંડીઓ તેની સરદારીને શોભાવતી હતી. વિખરાએલા વાળ છતાં એનાં ઝુલ્ફાંઓ એના ચહેરાને ઓર શોભા આપી રહ્યા હતા. એની રાતી–બનેલી આંખોમાંથી જગતભરના મૂડીવાદ સામેનો રોષ ટપકી રહ્યો હતો.

રતનસિંગ એક કુશળ રેલ્વે ડ્રાઇવર હતો. નાનપણમાં લાકડીનો ઘોડો કરી શેરીઓમાં એ ગર્વસહિત ઘૂમતો, કિશોર વયે ગાડું હાંકતો હતો; અને યુવાની ફુટતાં તો તેણે રેલ્વેએન્જીન દોડાવવાનું શરૂ કરી દીધું હતું.

ઉતારૂ–ટ્રેનોનાં એન્જીનો હાંકવાનો એને ભારે શોખ હતો. ખાસ કરીને જો ગાડી મોડી હોય, તો ઝડપને વધારીને વખતને 'મેકઅપ' કરવામાં એને બહુ આનંદ આવતો. ગાડીમાંના સેંકડો ઉતારૂઓ એના પર ખુશ થતા હશે, એમ માની એ ગર્વ લેતો. અને એનો ગર્વ અસ્થાને પણ નહોતો. ગાડીની ઝડપ પરથી ઉતારૂઓ સમજવાને ટેવાઇ ગયા હતા કે એન્જીનનું સુકાન રતનસિંગના હાથમાં હોવું જોઇએ. 'ફાસ્ટ ડ્રાઇવર' તરીકે લોકો એને ઓળખતા થઇ ગયા હતા.

સમુદ્રતીરે પથરાએલા એક સુંદર શહેરમાં એનું નિવાસસ્થાન એક નીચા અને ગંદા વિસ્તારમાં આવેલું હતું. મજુરોનો એ લત્તો હતો અને તેમાં એક ભાગ રેલ્વે મજુરો માટે અલગ કરવામાં આવ્યો હતો, ત્યાં રતનસિંગ, એની પત્ની રાધાબાઇ અને પાંચ વર્ષના બાળક રણજીત સાથે રહેતો હતો. લત્તાની ગંદકી અને બિસ્માર હાલત છતાં રાધાબાઇ ઘર અને આંગણું સાફ રાખતી, અને છોડના થોડા કુંડાં ગોઠવી બગીચાનો આનંદ મેળવતી. આંગણાના એક ચોરસ પત્થર પર બેસીને નાનો રણજીત પાડોશનાં છોકરાં ભેગાં કરીને શંખ, છીપ અને પાંચીકાથી રમતો.

રતનસિંગનું નાનું કુટુંબ સુખી હતું. સિત્તેર રૂપીઆના પગારમાંથી ગરીબીમાં ઉછરેલું એનું કુટુંબ મોજથી રહી શકતું હતું, અને મોંઘવારી ભથ્થાના મળતા ચાલીશ રૂપીઆ વગરવપરાયા પડી રહી મૂડી ઉભી કરતા હતા.

સાગરકાંઠાના ઠંડા વાતાવરણથી એ ઘણી વાર ટ્રેનને ઉપાડીને બાર કલાકમાં રણકાંઠાના એક જંકશન પર લઇ જતો. આ સ્થળની આસપાસ એક નાનું ગામ વસેલું હતું, ત્યાં રાધાબાઇનું પિયેર હતું.

લગ્ન પહેલાં પણ તે ગાડીઓ લઇને આ ગામ સુધી આવતો, અને ત્યાં દિવસ ગાળી, બીજી ગાડીને લઇને તે શહેરના નિવાસસ્થાને આવી જતો.

આ નાના ગામમાં જ રાધાબાઇના ભાઇ રણમલનો તેને પરિચય થયો હતો. રણમલ સ્ટેશન પર પાટાના સાંધા ફેરવવાનું કામ કરતો હતો. રતનસિંગની ન્યાતનો જ એ હતો, અને તેથી રતનસિંગ જ્યારે ત્યાં પોતાની 'ડયૂટી' પૂરી કરી, એન્જીનને છોડતો, ત્યારે રણમલને ઘેર જઇ ખાટલા પર બેસી, હાથ મોઢું ધોઇ, પછી જ ગામમાં જતો. રાધાબાઇ સાથેનાં લગ્ન પછી તો તેનો કાયમી ઉતારો જ અહીં રહેતો.

રતનસિંગ પોતે દરેક રીતે સુખી હતો. રાધાબાઇ સ્વભાવે શાન્ત અને કહ્યાગરી હતી. શહેરમાં રહેવા છતાં કરકસર કરી જાણતી. રણજીત ઘઉંવર્ણો અને તંદુરસ્ત શરીરનો હતો. વળી તે હસમુખો હોવાથી પાડોશનાં બૈરાંઓ તેના પર ખુબ પ્યાર કરતાં. રાધાબાઇને તેનો એકનો એક પુત્ર આંખની કીકી સમાન હતો; અને રતનસિંગ તો એને લાડ લડાવવામાં બાકી રાખતો નહિ.

રતનસિંગ ચાર ચોપડી ભણ્યો હતો. વખત પસાર કરવા તે છાપું અને પુસ્તકો પણ વાંચતો. લાગણીપ્રધાન હોવાથી તે પોતાના બીજા સાથીઓનાં દુ:ખી જીવનને જોઇ દુ:ખી થતો અને તેમનાં દુ:ખ નિવારવા શું કરવું એ હંમેશ વિચારતો, પરંતુ એનો ઉકેલ એની બુદ્ધિમાં આવતો નહિ.

એક દિવસ એના રહેઠાણ પર એક જુવાન વિદ્યાર્થી આવી ચડયો. સાથે એક વિદ્યાર્થિની પણ હતી. તેમનાં હાથમાં થોડાં છાપાં અને પુસ્તકો હતાં. તેઓ રતનસિંગને મળ્યા. એના આત્માને રમાડયો. મૂડીવાદી સરકાર મજુરોનું શોષણ કઇ રીતે કરી રહી છે એ રાધાબાઇને સમજાવ્યું અને રતનસિંગને વાંચવા માટે થોડી પુસ્તિકાઓ અને છાપાં આપતા ગયા.

રતનસિંગ તો જેમ જેમ પુસ્તકો વાંચતો ગયો, તેમ તેમ તેનું મન પોતાના નાના કુટુંબ પરથી ઉઠીને સાથી મજુરોની અવદશા પર ચોંટવા લાગ્યું. મજુર સમાજને જ એ કુટુંબ ગણવા લાગ્યો. મજુરોના દુ:ખનો ઉકેલ પણ એને જડી ગયો.

મજુરોનાં દુ:ખનો ઉકેલ એને સામ્યવાદમાં જડયો. જેમાં નહિ કોઇ રંક, નહિ કોઇ રાય, નહિ શોષક કે નહિ શોષિત, એવા સમાજનાં સ્વપ્ન એને આવવા લાગ્યાં. એણે મજુરોમાં ફરી સામ્યવાદના પ્રચારનું અને સંગઠનનું કામ શરૂ કરી દીધું. થોડા વખતમાં તો એ કામદારોનો આગેવાન જેવો બની ગયો.

*  *  *

કામદાર નેતાઓએ કહ્યું કે રેલ્વે કામદારોએ હડતાળ પર ઉતરવું જોઇએ. નેતાઓનો આ સંદેશો રતનસિંગને પહોંચાડવામાં આવ્યો. રતનસિંગે નેતાઓનો આદેશ ઊઠાવી લીધો, પણ રાધાબાઇને હડતાળની વાત ન ગમી. તેણે કહ્યું કે "હડતાળથી બધો વ્યવહાર ખોરવાઇ જશે. અનાજની ખેંચથી લોકો મુશ્કેલીમાં મુકાશે. સરકારને સમજાવવાનો પ્રયાસ કરો, પણ હડતાળ રહેવા દો."

પણ રાધાબાઇનું કોણ માનવાનું હતું? આવી નબળી દલીલો રતનસિંગના નિશ્ચયને હલાવી શકી નહિ. એણે તો જબ્બર પ્રચાર આદરી દીધો. કામદારલત્તે સભાઓ ભરાવા માંડી; પત્રિકાઓ વહેંચાવા લાગી; સૂત્રો પોકારાવાં લાગ્યાં: હડતાળ! હડતાળ!

પછી મજુરોના મત લેવાયા. સૌએ કહ્યું: હડતાળ! હડતાળ! નેતાઓ સમજીને જ બધું કરતા હશે. સરકાર તો મૂડીવાદી છે. હડતાળ વિના નમતું નહિ આપે.

રતનસિંગને હવે પાણી પીવાની યે ફુરસદ નહોતી. કામદાર યુનિયનનો મંત્રી જરા ઢીલો-પોચો આદમી હતો. હડતાળ ચલાવવી હોય એમાં આવો સવાળો માણુસ શું દોરવણી આપી શકે? એને છુટો કરવામાં આવ્યો અને મંત્રીનો હોદ્દો રતનસિંગને સોંપવામાં આવ્યો. કામદારોનો એ માનીતો હતો, કામદારોનો એના પર વિશ્વાસ હતો અને એ ભારે મહેનતુ, ચાલાક અને અડગ હતો.

પછી તો એણે કામદાર લત્તાઓમાં ફરવાનું શરૂ કર્યું. 'ડયુટી' પર હોય ત્યારે પણ સ્ટેશને સ્ટેશને મજુર આગેવાનોને બોલાવી સૂચનાઓ આપતો, પત્રિકાઓ આપતો અને સંગઠનનો હેવાલ માગતો, તથા યોજનાઓ પણ સમજાવતો.

ઘણીવાર એ ઘેર આવતો જ નહિ. આવતો ત્યારે ઝટપટ જમી લઇને ચાલ્યો જતો. રાધાબાઇને સ્હેજ કંટાળો આવ્યો. રણજીતને લાડ કરવાની પણ એને ફુરસદ મળતી નહિ. રણજીત ઉપર એને ખૂબ પ્યાર હતો. એ મોટો થશે ત્યારે મોટો નેતા બની દુશ્મનો પર જીત મેળવશે એવાં સ્વપ્નો એ સેવતો હતો, અને તેથી જ એનું નામ એણે રણજીત રાખ્યું હતું.

હડતાળ નજીક આવી રહી હતી. રાધાબાઇએ એને કહ્યું: 'કદાચ તોફાનો થશે. ગોળીબાર પણ થાય. રણજીતને આ જોખમમાં અહીં રાખવો નથી. એની તબીયત પણ હમણાં સારી રહેતી નથી. તમે હા પડો, તો હું મારા ભાઇને ત્યાં જાઉં.'

રતનસિંગે હા પાડી. ઘર સામે જોવાની એને ફુરસદ પણ નહોતી. એ ચિંતામુક્ત થવા ઇચ્છતો જ હતો, એટલે એણે રાધાબાઇની માગણીનો સ્વીકાર કર્યો; અને હડતાળ શરૂ થતાં પહેલાં પત્ની અને બાળકને રણમલને ત્યાં મૂકી આવ્યો. રાધાબાઇને કહ્યું: 'રણજીતની સંભાળ રાખજે અને દવા બરાબર કરજે. હું હમણાં નહિ આવી શકું. બે દિવસ બાદ હડતાળ શરૂ થશે, પણ લાંબી નહિ ચાલે. સંગઠન એવું મજબૂત છે કે સરકાર અઠવાડિયામાં જ હાંફી જશે. વિજય આપણો જ છે!' રણજીતના હાથમાં બિસ્કીટનું પકીટ મૂકી, એને ચૂમી લઇને એ ચાલતો થયો.

*  *  *

પંદર દિવસથી હડતાળ ચાલી રહી હતી. કામદારો અડગ હતા; નેતાઓની ધરપકડો થઇ રહી હતી. લાઠીમાર, ગોળીબાર વગેરે ચાલી રહ્યાં હતાં. રેલ્વેવ્યવહાર સદંતર બંધ હતો. લોકો મુશ્કેલીમાં મૂકાઇ ગયા હતા. સરકાર પણ ચિંતાતુર હતી.

સરકારનું પ્રચારકાર્ય ચાલુ જ હતું. મજુરોને સરકાર સમજાવી રહી હતી. લોકો ભારે મુશ્કેલીમાં મૂકાઇ ગયા છે. ભૂખમરો શરૂ થયો છે. હડતાળ ચાલુ રાખવી એ દેશદ્રોહ છે.'

થોડા કામદારો પીગળ્યા. એમને એમની વફાદારી માટે સારો લાભ આપવાનાં વચનો અપાયાં. વ્યવહાર ચાલુ કરવા માટે થોડા કામદારોએ હામ ભીડી.

રતનસિંગને ખબર મળી ગયા હતા કે હડતાળ તોડવા માટે સરકાર થોડા કાળપગા મેળવી શકી છે; પણ એનો યે સામનો કરવો જ જોઇએ. એના કાર્યક્ષેત્રમાં જો ટ્રેન પ્રવેશ કરી શકે તો તો એને કલંક જ લાગે ને! એણે નિશ્ચય કર્યો કે ટ્રેન શહેરમાં નહિ આવી શકે.

રણકાંઠાના જંક્શનથી ટ્રેન પ્રવાસીઓને લઇને નીકળી ચૂકી હતી. આખી લાઇન પર લશ્કરી સૈનિકોના પહેરા લાગી ગયા હતા. ડબ્બે ડબ્બે પોલીસો ગોઠવાઇ ગયા હતા. એન્જીનમાં અને ગાર્ડના ડબ્બા પર પણ. સ્ટેશનો પણ પોલીસ પહેરા નીચે હતા. મજુર લત્તાઓમાં પણ પાકો બંદોબસ્ત હતો.

ટ્રેન નીકળી ચૂકી હતી બીકણ માનવીઓ આ ટ્રેનને માથે જોખમ સમજી એમાં પ્રવાસ કરવા તૈયાર નહોતા. પણ કેટલાક ધનલોભી વેપારીઓ, પરીક્ષા આપવા શહેરમાં આવતા વિદ્યાર્થીઓ અને સારવાર માટે આવતા બિમાર માણસો આ ગાડીમાં બેઠા હતા. ઉપરાંત એમાં સંજોગવશાત રાધાબાઇ અને રણજીત પણ હતાં.

રણુજીતને ગામડાની હવા માફક ન આવી. એની તબીયત બગડતી જતી હતી. રણકાંઠે ગરમી સખ્ત પડતી હતી. ઊનાળાના પ્રખર તાપમાં બાળક શેકાઇ રહ્યો હતો. રાધાબાઇએ રતનસિંગને તાર કરાવ્યો; પણ એ ઘેર જતો જ નહોતો એટલે તાર એને મળ્યો નહિ. એવામાં ટ્રેન ચાલુ થવાની વાત રાધાબાઇએ સાંભળી. આ ટ્રેનમાં જ શહેરમાં જવાનો રાધાબાઇએ નિર્ણય કર્યો. રણમલે ધણી ના પાડી, પણ રાધાબાઇ એકની બે થઇ નહિ. રણુજીતને વહેલી તકે શહેરમાં લઇ જવોજ જોઇએ. તાવ વધતો જતો હતો, અને તાપ વધુ ને વધુ ઉગ્ર પડતો હતો. દૃઢ નિશ્ચય કરી રાધાબાઇ રણુજીતને લઇને ટ્રેનમાં બેઠી.

રતનસિંગ એની ફરજમાં મસ્ત હતો. એના અથાગ પ્રયત્ને હડતાળ સખ્ત ચાલતી હતી અને વિજય નજીક આવી રહ્યો હતો. આ દરમિયાન ટ્રેન દોડાવવાના ખબર જાણી એ વ્યાકુળ બની ગયો. દેશદ્રોહી કાળપગા અને મૂડીવાદી સરકાર પર એને ચીડ ચડી. એણે મક્કમ નિર્ણય કરી લીધો : ટ્રેનને અટકાવવી જ જોઇએ!

* * *

પહેલી ટ્રેન ધસમસતી આવી રહી હતી. શહેર નજીક આવી રહ્યું હતું. પ્રવાસીઓની પણ શ્રધ્ધા વધતી જતી હતી. શહેરમાં જઇને તરત કરવાના કામનો ક્રમ તેઓ વિચારી રહ્યા હતા. રાધાબાઇ-રણુજીતને ખોળામાં સુવાડી ચિંતાતુર નયને બારી બહારના ખેતરોમાં દૃષ્ટિ ફેંકી રહી હતી.

શહેર દસ-બાર માઇલ દૂર હતું. પ્રવાસીઓ શહેરપ્રવેશ માટે આતુર બની ગયા હતા. છેલ્લું સ્ટેશન પણ પસાર થઇ ગયું હતું. નિર્વિઘ્ને શહેરમાં પહોંચવાની આશા દૃઢ બની ગઇ.

પરંતુ ટ્રેન આગળ ચાલવા નિર્માઇ નહોતી. એને આગળ ન આવવા દેવાનો રતનસિંગનો દૃઢ નિશ્ચય હતો. નદીનો પૂલ આવતાં જ એક જબ્બર ધડાકો થયો. ‘કચડડ ભૂસ’ કરતું એન્જીન મોટા અવાજ સાથે નદીની રેતીમાં ખૂંચી ગયું. ડબા પાટા પરથી ઊતરી ગયા. સંખ્યાબંધ પ્રવાસીઓ ઘવાયા. ડ્રાઇવર અને બે માણસો એન્જીનની આગમાં સળગી ગયા!

રાધાબાઇ બચી ગઇ હતી. હાથની કોણી અને આંગળાં છોલાયાં હતાં. માથામાં ફુટ થઇ હતી. રણુજીતને પણ માથામાં વાગ્યું હતું. સામાનને હડસેલી, રણુજીતને લઇને ડબાની બારીમાંથી એ બહાર નીકળી.

શહેર દૂર નહોતું. પણ તાપ સખત પડતો હતો. સાડીનો ટુકડો ફાડી એણે રણુજીતના માથા પર પાટો બાંધ્યો. પોતાના માથા અને કોણી પરનું લોહી લૂછી નાખી, રણુજીતને ખભે નાખી, શહેર ભણી ચાલવા લાગી.

રણુજીતને તાવ વધતો જતો હતો. સારવાર વિના જંગલમાં રોકાઇ શકાય નહિ. એણે શહેરમાં પહોંચવું જ જોઇએ. તાપને ગણકાર્યા વિના, શહેરને નજીક લાવવા એણે માર્ગ કાપવા માંડયો.

* * *

ટ્રેન ઉથલી પડયા પછી, તોફાનો પણ વધતાં ગયાં હતાં. મજુરો હિંસાને માર્ગે વળી ચૂકયા હતા. ઝડપી વિજય માટે રતનસિંગ ખૂબ કામ કરી રહ્યો હતો. રાત કે દિવસ વચ્ચે એણે ફેર ગણ્યો નહોતો. સરકારને એ પરાજિત કરવા મથતો હતો.

અને છેવટે સરકાર પરાજિત થઇ. એણે સમાધાન માટે કામદાર નેતાઓ સાથે સંદેશા ચલાવ્યા. કામદારોની કેટલીક માગણીઓ સ્વીકારાઇ. કામદારોનો જ્વલંત વિજય નોંધાયો.

એ વિજયનો ગર્વ અને આનંદ સૌથી વધુ રતનસિંગના મુખ પર દેખાતો હતો. એણે જ કામદારોનું સંગઠ્ઠન કર્યું હતું. એણે જ હડતાળને સફળ દોરવણી આપી હતી. એણે જ ટ્રેન ઉથલાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો. એને જ પ્રતાપે સમાધાન માટે સરકારે વિચારવું પડ્યું હતું. એણે જ સરકારને નમાવી હતી. એને વિજયનો ગર્વ અને આનંદ કેમ ન હોય!

ટ્રેન ઉથલી પડયાને ત્રણ દિવસ થયા હતા. ત્રણ દિવસમાં જ એણે વિજયને પોતાના પગ પાસે નમતો જોયો. હજારો કામદારોએ એનો આભાર માન્યો. કામદાર નેતાઓએ એને અભિનંદન પાઠવ્યા.

રાધાબાઇને વિજયના સમાચાર આપવા એ ઘર તરફ આવવા નીકળ્યો. પણ એને યાદ આવ્યું કે રાધાબાઇ તો પિયેર ગઇ છે. માર્ગમાં એને પડોશી મળ્યો. એણે ખબર આપ્યા : ‘રાધાબાઇ ત્રણ દિવસથી ઘેર આવી ગયાં છે’

હડતાળ છતાં એ કેમ ઘેર આવી ગયાં, એનો વિચાર એણે કર્યો નહિ. એના મગજમાં હર્ષનો ઉન્માદ હતો. વિજયની ઘેલછા હતી. રાધાબાઇને વિજયનો સંદેશો કહેવા અને રણુજીતને પેટ ભરીને રમાડવા એ ઉતાવળે પગલે ઘર તરફ ચાલ્યો.

આંગણામાં જ ચોરસ પત્થર પર રાધાબાઇને બેઠેલી એણે જોઇ હર્ષના આવેશમાં એણે બૂમ મારી : ‘રાધ! આપણો વિજય થયો!’ એનું માનસ અંદરથી પોકારી રહ્યું : ‘મારો વિજય થયો! મારો વિજય!’

રાધાબાઇએ કશો ઉત્તર ન આપવાથી રતનસિંગ જરા ખચકાયો. રાધાબાઇ સામે એણે જોયું, તો એનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. એનાં કપડાં મેલાં હતાં. એના વાળ વિખરાએલા હતા. આ સ્થિતિમાં રાધાબાઇને એણે કદી જોઇ નહોતી.

બીજી જ ક્ષણે એને ઘર યાદ આવ્યું. રણુજીત યાદ આવ્યો. સંજોગોનો ખ્યાલ આવ્યો. સ્વસ્થ બનતાં એણે પૂછ્યું :

‘તું તો રણકાંઠે ગઇ હતી! અહીં કયાંથી? રણુજીત કયાં છે?’

જવાબ ન આપતાં રાધાબાઇ નીચી આંખ ઢાળી ગઇ. રતનસિંગ ઝડપથી ઘરમાં ગયો. રણુજીત ત્યાં નહોતો. ઘરનું વાતાવરણ ગમગીન હતું.

એ બહાર આવ્યો. જવાબ ન આપવા માટે રાધાબાઇ ઉપર એને ભારે ક્રોધ વ્યાપી ગયો. એણે ત્રાડ મારી: ‘રણુજીત કયાં છે?’

પડોશી આવી ઉભો હતો. એણે કહ્યું: ‘ટ્રેન ઉથલી પડી, એની ધાક છોકરાના મનમાં પેસી ગઇ હતી. એને તાવ તો હતો જ. તાપમાં એને લઇને પગે ચાલીને રાધા ઘેર આવી, એટલે વધુ તાવ ચડયો, અને કાલે તો એ ચાલ્યો ગયો!’

રતનસિંગનું માથું ભમી ગયું. એ જમીન પર બેસી ગયો. વિજયનો ઉન્માદ શમી ગયો. એને સમજાયું નહિ, કે એને વિજય મળ્યો કે પરાજય! એણે પામર બની જમીન સાથે માથું પટકયું.

એ જાગ્યો ત્યારે રાધાબાઇ એનું માથું ખોળામાં રાખી બેઠી હતી. વાતાવરણમાં અને એના માનસમાં નિરાશા અને નિર્બળતા છાઇ રહ્યાં હતાં; ઉથલી પડેલી ટ્રેન, કચડાઇ ગયેલાં લોહીનીગળતા પ્રવાસીઓ અને રાધબાઇનો ખાલી ખોળો—એની આંખ સામે એ દૃશ્ય ખડું થયું એણે આંખ મીંચી લીધી!

## સમાચાર

મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે સર્વધર્મ પરિષદની ત્રીજા દિવસની બેઠકમાં ‘ધર્મ અને જીવન’ એ વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું.

યુવક સંઘની કાર્યસમિતિનાં સભ્ય શ્રીમતી ચંચળબેન ટી. શાહે સ્થા. જૈન શ્રાવિકાશ્રમ ફંડ માટે એકઠી કરવા ધારેલી રકમ પૂરી કરી છે.

સંઘની કાર્યસમિતિના સભ્ય શ્રી. ચુનીલાલ કામદાર મુંબઇ ભાડુત સંઘની કાર્યસમિતિના સભ્ય તરીકે ચૂંટાયા છે.

સંઘની કાર્યસમિતિના સભ્ય શ્રી. જટુભાઇ મહેતા મુંબઇ ભાડુત સંઘના સામાન્ય મંત્રી તરીકે ચૂંટાયા છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી-રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૨

મુંબઈ: ૧૫ મે ૧૯૪૯ રવિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## કોટી વંદન હો, ગુરૂદેવને !

આજે સંસ્કારસ્વામી ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરની ૮૯ મી જન્મજયન્તીના પુનિત દિને આઠ વર્ષ પહેલાંનું એ મનોરમ્ય દૃશ્ય, જીવનની એ સુભાગી પળો, યાદ આવી જાય છે, જ્યારે ભારતના સંસ્કારધામ શાન્તિનિકેતનમાં થોડા કલાક ગાળવા અને એ મહર્ષિનાં દર્શન કરી પાવન થવા, કલકત્તાથી નીકળીને હું શાન્તિનિકેતન આવ્યો હતો, અને એ મહર્ષિનાં ચરણથી પાવન થએલી ભૂમિ પર બે–ત્રણ દિવસ સુધી ફર્યો હતો.

કવિવર ટાગોરની કર્મભૂમિ શાન્તિનિકેતનનું વાતાવરણ કેવળ રમ્ય નથી, પવિત્ર પણ છે. પ્રકૃતિના સાનિધ્યમાં આનંદનો અનુભવ તો થય, પરંતુ અહીં તો શાન્તિનો પરમ શાન્તિનો પણ અનુભવ થયો. કેવળ સુકું ગામડું નહિ, કેવળ શહેરનો ધમધમતો બગીચો નહિ, પણ ફળફુલથી શોભતું, સાદાઇથી ઓપતું, મધુર શાન્તિથી મનને હરતું, સરસ્વતીના પ્રભાવથી દીપતું એ સ્થળ મનોરમ અને પરમ આહ્લાદક જણાયું.



સ્વ. રવીન્દ્રનાથ ટાગોર

ઉલ્લાસપૂર્ણ ચિત્તે મેં આવા શાન્તિનિકેતનમાં પ્રવેશ કર્યો. સાંજ નમતી હતી, વૃક્ષો પર પક્ષીઓ મધુર સ્વરથી જાણે કવિવરનાં ગીતો ગાતાં હતાં, કુમારો મેદાનમાં ખેલતા હતા, કન્યાઓ હિંચકા ખાતી હતી.

વૃક્ષો અને લતાઓ, પ્રાચીન ઋષિઓના આશ્રમોની યાદ આપે તેવી કુટીરો અને લતામંડપોની વચ્ચે થઇને માર્ગ કરતો હું અતિથિગૃહે પહોંચ્યો, સૂર્ય આથમતો હતો અને પશ્ચિમના સોનેરી આકાશમાંથી તેજનાં કિરણો વૃક્ષરાજી વચ્ચેથી માર્ગ કરીને શાન્તિનિકેતનની રમ્ય ભૂમિ પર આછો પ્રકાશ પાથરતાં હતાં.

રવિબાબુની જન્મજયન્તીના આજના સુભગ દિવસે આ બધું દૃષ્ટિ સામે ખડું થાય છે. તે વખતે પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સુમેળ સાધતી મહર્ષિની એ ભવ્ય વિદ્યાપીઠની છાયામાં મારો આત્મા કૃતકૃત્યતા અનુભવી રહ્યો હતો.

સ્નાનગૃહમાં સ્નાન કરી હું ભોજનશાળામાં ગયો. બંગાળી, પંજાબી, ગુજરાતી, મહારાષ્ટ્રી, અંગ્રેજ, અમેરિકન, ચીની, જાપાની વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ વચ્ચે મેં ભોજન લીધું. પછી અતિથિગૃહના આંગણામાં એક આસન પર વિરામ લેતાં, મળવા આવેલા ગુજરાતી વિદ્યાર્થીઓ સાથે થોડી વાતચીત કરી.

દૂરના દેશમાં વતનનો માનવી મળે અને બંધુભાવ જાગે, એમ અનેક દેશ અને પ્રાન્તના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે ગુજરાતી વિદ્યાર્થીઓને હું તેમનો ગુજરાતી બંધુ લાગ્યો. મારો અતિથિસત્કાર કરવામાં અને મારી સાથે દીર્ઘ કાળ સુધી વાતો કરવામાં તેમણે આનંદ લીધો.

વૃક્ષની ઘટા નીચે, માટીથી લીંપીને રંગ પૂરેલા આસન પર ચટાઇ પાથરી, પ્રકૃતિના ખોળામાં જે મધુર નિદ્રા તે રાત્રે મેં માણી હતી, તેનું સુખદ સ્મરણ આજે પણ ભૂલાતું નથી. વૃક્ષનાં પાંદડાં વચ્ચેથી ડોકિયાં કરતો ચંદ્ર, તેનાં શીતળ અને શ્વેત કિરણો મારાં બંધ પોપચાં પર રમાડી રહ્યો હશે, એવી કલ્પના સાથે મેં નિદ્રાનો પ્રારંભ કરેલો, તે વહેલી સવારે ધીમો મધુર ઘંટારવ મને જગાડી ગયો, ત્યારે એનો અંત આવ્યો.

વહેલો હું પ્રાર્થના માટે તૈયાર થયો. પ્રાર્થનામાં સામાન્ય રીતે મેં કદી ખાસ રસ લીધો નથી. પ્રાર્થનાનું ખાસ મહત્ત્વ મેં આંક્યું નથી. પરંતુ કોણ જાણે કેમ, શાન્તિનિકેતનની એ સવારે, ઉષા હજુ ખીલી નહોતી ત્યારે, પ્રાર્થનાસ્થળે હું પહોંચી ગયો. તે દિવસે પ્રાર્થના સાંભળવા હું અધીર બન્યો હતો. ગુરૂદેવનાં દર્શનની ઉત્સુકતા પણ હતી.

વિદ્યાર્થીઓ આવી ગયા, અને સુંદર રીતે ગોઠવાઇ ગયા. કન્યાઓ આવી ગઇ, અને નિયત સ્થાને ગોઠવાઇ ગઇ. અધ્યાપકો આવ્યા અને ઠીક લાગ્યું ત્યાં ઉભા રહી ગયા. છેલ્લે ધીર ગંભીર પગલે ગુરૂદેવ આવ્યા. એક ધીમો જયનાદ થયો, અને નીરવ શાન્તિમાં મધુર તંતુવાદ્યો રણકી ઊઠયાં. પ્રાર્થના શરૂ થઇ. પુરૂષ અને પ્રકૃતિના પહાડી અને કોમળ સ્વરો વચ્ચે સંવાદ સધાયો.

પ્રાર્થના સાંભળી હું મુગ્ધ બન્યો. તેમાં ગીત હતું, સંગીત હતું, સ્વર હતા, તાલ હતા, સાથે માધુર્ય હતું, અને સાથોસાથ ભવ્યતા પણ હતી. હિંદી સંગીતમાં અજબ ડોલન હતું. બંગાળી સંગીતમાં લાલિત્ય હતું. શબ્દોમાં ભાવના હતી, અર્થ પણ હતો. ત્રીસેક મિનિટ હું મંત્રમુગ્ધ બનીને પ્રાર્થના સાંભળી રહ્યો; તેમાં લીન થઇ ગયો.

પછી ગુરૂદેવનો ધીમો, ગંભીર સ્વર સંભળાયો. નીરવ શાન્તિમાં એના પ્રતિઘોષ સંભળાયા. ગુરૂદેવે ટુંકું પ્રવચન કર્યું, અને સૌ નમસ્કાર કરીને વિખરાયા.

હું ટહેલવા નીકળ્યો. ચારે બાજુ થોડે થોડે અંતરે નાની મોટી કુટિરો, વચ્ચે વચ્ચે વિદ્યાર્થીઓને રહેવાના આશ્રમો, અને અધ્યાપકોના નિવાસાલયો; પ્રકૃતિના ખોળામાં વૃક્ષો તળે ચાલતા અભ્યાસવર્ગો; કલમ અને પીંછી લઇને પ્રકૃતિની શોભાને પકડવા નીકળી ગએલા કલાકારો; જાણે સત્યયુગનો કો મહર્ષિનો આશ્રમ!

મેં જોયું, કિશોરો અને કુમારો માટેનું પથભવન અને યુવાનો–યુવતીઓ માટેનું શિક્ષાભવન; સંસ્કૃતિ ઝીલનારૂં વિદ્યાભવન,

અને કળા પાંગરતું કળાભવન; કલાભવનના શિક્ષાગુરૂ હતા નંદબાબુ ભારતના સમર્થ કલાકાર શ્રી નંદલાલ બોઝ; ચિત્રો સાથે ચિત્રકારનો જીવનમાં પણ રંગપુરણી કરતા. હરિપુરા મહાસભાના અધિવેશનમાં તેમની કળા મેં પ્રથમ જોએલી. અહીં તેમની પીંછીએ ઉપજાવેલા અદ્ભુત રંગો ધારી ધારીને મેં જોયા.

સંગીતભવનમાં સિતારના સ્વર સાથે મધુર કંઠમાંથી વહેતાં ગીતો સુમેળ સાધતા સંભળાયા. નૃત્યશાળામાં તાલબદ્ધ થનગનાટ જોયો. સ્થળે સ્થળે વિદ્યાર્થીઓ કળાને હસ્તગત કરવા પ્રયાસ કરી રહ્યા હતા.

હિંદીભવનમાં રાષ્ટ્રભાષાનો અભ્યાસ ચાલતો હતો અને સમૃદ્ધ ગ્રંથાલયવાળા ચીનાભવનમાં પહોંચી ચીનના જીવન અને કવન ઝીલાતાં હતાં.

શાન્તિનિકેતનથી થોડે દૂર હતું શ્રીભવન. ત્યાં ગ્રામવિકાસનો કાર્યક્રમ અમલમાં મૂકાતો. ગ્રામજનો સાથે વિદ્યાર્થીઓ એકરૂપતા સાધી તેમના જીવનમાં, ધંધામાં રસ લેતા અને તેમને વિકાસને માર્ગે દોરી જતા. કૃષિ, વણાટ વગેરેના નવીન પ્રયોગો ત્યાં થતા. શ્રીભવનમાં એક શિલ્પભવન હતું, ત્યાં કારીગરો ઉદ્યોગને વિકસાવતા.

ભાષા, ઇતિહાસ, સંસ્કૃતિ, વિજ્ઞાન, જ્ઞાન અને કળા અહીં ગુંજતાં હતાં. અધ્યાપકો વિદ્યાર્થીઓના મિત્રો હતા. કુમારો અને કન્યાઓ ભાઇબ્હેન હતાં. ગુરૂદેવની છાયામાં પવિત્રતા અને શીતળતા પ્રસરેલી હતી.

વળી સાંજે ગુજરાતી કુમારો અને કન્યાઓ આવી મળ્યા, અને વાર્તાલાપ શરૂ થયો. મુખ્ય પ્રશ્નોમાં હજુ તાજો હતો તે રાજકોટનો સત્યાગ્રહ, ઠાકોર ધર્મેન્દ્રસિંહની અજબ વાતો, વીરાવાળાની દમનનીતિ, અને ગાંધીજીના ઉપવાસ હતા. આ સ્થાનમાં રાજકારણનો પ્રવેશ બહુ અલ્પ હતો; છતાં શાન્તિનિકેતનના કળાકારોને, સંગીતકારોને, નૃત્યકારોને, મારી પાસેથી રાજકારણ જાણવાની તે દિવસે ઇચ્છા થઇ.

પણ મારે કંઈ આપવાનું નહોતું. હું તો કંઇ લેવા આવ્યો હતો. આ અપૂર્વ વાતાવરણમાં મારૂં મન રાજકારણથી દૂર ને દૂર ભાગતું હતું. અહીં તો દેવી સરસ્વતીની છાયા હતી. જ્ઞાનનો પ્રકાશ હતો. ગુરૂદેવનું તેજ હતું. એ તેજને ઝીલવા હું આવ્યો હતો.

મહર્ષિ રવિબાબુએ આ સુંદર વાતાવરણમાં પાંચ બાળકોથી શાળાની શરૂઆત કરેલી. પછી તો ત્યાં સેંકડો વિદ્યાર્થીઓ પ્રાંત–પ્રાંતથી, દેશ–દેશથી આવીને જ્ઞાન એકઠું કરવા લાગ્યા અને ગુરૂદેવ જ્ઞાનની લહાણી કરવા લાગ્યા. શાન્તિનિકેતનમાં ગુરૂદેવનાં ગીતો ગુંજવા લાગ્યા. ગુરૂદેવની કળાભાવના પ્રસરવા લાગી. ગુરૂદેવે આંતરરાષ્ટ્રીય સ્વરૂપની આ વિદ્યાપીઠ 'વિશ્વભારતી'માં પ્રાણ પૂર્યો.

અહીંથી ગુરૂદેવની ગીતાંજલી પ્રગટી અને વિશ્વમાં ફેલાઇ. અહીં ગુરૂદેવે ચિંતન કર્યું અને એનો પ્રકાશ જગતને મળ્યો. એમની કવિતા, એમની કથાઓ, એમનું સંગીત, એમનાં નાટયો, એમની કલા અહીં પાંગર્યાં અને એની સુવાસ જગતમાં પ્રસરી રહી.

ગુરૂદેવે એમનું જીવન ધન્ય કર્યું અને એમનાથી ભારતવર્ષ ધન્ય બન્યો. ગાંધીજીએ એક ક્ષેત્રમાં એક રીતે અને ટાગોરે બીજા ક્ષેત્રમાં બીજી રીતે ભવ્ય પુરૂષાર્થ કર્યો અને જગતને નવું દર્શન કરાવ્યું.

દીનબંધુ સંત એન્ડ્રુસ અહીં રહેતા. આજે તેઓ નથી. ગાંધીજી પણ અહીં રહ્યા હતા. તેઓ પણ નથી. ગુરૂદેવ તો એમના પહેલાં ચાલ્યા ગયા છે; પણ એ સૌ સંતોની મીઠી સુવાસ આજે પણ એ પવિત્ર ધામમાં વિદ્યાભ્યાસ કરી રહેલા કુમાર-કુમારીઓને પ્રેરણા આપી રહે છે.

ગુરૂદેવ ગયા છે, પણ એમનો જ્ઞાન–સિંધુ અહીં ઠલવતા ગયા છે. કવિ ગયા છે, અને કવિતા મૂકતા ગયા છે. એમનાથી ભારત ઉજળું બન્યું છે.

વર્ષો પહેલાં શ્રીકૃષ્ણ, મહાવીર અને બુદ્ધ ભગવાને આ દેશને પાવન કર્યો હતો. એમના જ્ઞાનસંસ્કાર આ દેશે ઝીલ્યા હતા. પછી તો વર્ષો વીત્યાં. યુદ્ધો આવ્યાં અને ગયાં. ભીષણ આંધી ફેલાઇ. દેશ ગુલામીમાં જકડાયો. પ્રજાનું ચેતન હણાયું.

પણ દેશને ફરી પ્રકાશ આપનાર, ભીષણ આંધીનો નાશ કરનાર, પરમ શાન્તિનો બોધ કરનાર બે મહારત્નો ભારતને મળ્યા: ગાંધી અને ટાગોર.

એ પરમ પુરૂષ ગુરૂદેવ ટાગોરની આજે ૮૯ મી જન્મજયન્તી છે. આ શુભ દિવસની ઉજ્જવળ પ્રભાતે હું તેમના અમર આત્માને કોટી કોટી વંદન કરૂં છું.

રવિવાર, ૮ મી મે. **જટુભાઇ મહેતા**

## સર્વ ધર્મ પરિષદમાં

### સર સર્વપલ્લીનું પ્રવચન

ધર્મનો ઉદ્દેશ માનવીના મનનો દ્વિધાભાવ દૂર કરીને એકરંગી ભાવ ઉભો કરવાનો હોઇ શકે. ઇશ્વરનું, એટલે અંતરમાં ઊંડે રહેલા આત્મતત્ત્વનું, સંશોધન કરવું એ જ સાચો મહાન ધર્મ છે. આ સાચો ધર્મ આપણા જીવનને નવું સ્વરૂપ આપીને આપણા વ્યકિતત્વને પલટાવી શકે.

લોકો ધર્મનું આ સાચું સ્વરૂપ અને ઉદ્દેશ સમજી શકે, તો દુનિયામાં અાજકાલ ચાલી રહેલા ધાર્મિક ઝગડાઓ અને ધાર્મિક સ્પર્ધા દૂર થઇ જાય. ધર્મનો અર્થ કરવામાં ઉભી થએલી ગેરસમજુતીને કારણે જ મોટા ભાગની ધાર્મિક સ્પર્ધા ઉભી થઇ છે. ધર્મનો સાચો અર્થ સમજાય તો આ સ્પર્ધા દૂર થઇ શકે.

દુનિયામાં આજે એક મહત્ત્વની હકીકત એ છે કે ઝડપી વાહનવ્યવહાર દ્વારા દુનિયાના લોકો પરસ્પર નજીક આવ્યા છે. પરિણામે એક બીજા ધર્મો અને સંસ્કૃતિઓ એક બીજાની નજીક આવેલ છે. હવે પ્રશ્ન એ છે કે આપણે ધાર્મિક સ્પર્ધા ચાલુ રાખવી છે કે કોઇપણ પ્રકારની સમજુતીને આધારે ધાર્મિક મતભેદો દૂર કરવા છે? હકીકતમાં આ ધાર્મિક મતભેદો એટલા વધી પડયા છે અને તેનું આચરણ એટલું બધું વિકૃત બની ગયું છે કે સોવિયેટ રશિયા જેવા દેશોએ ધર્મનો સદંતર ત્યાગ કર્યો છે. અમેરિકા પણ વૈજ્ઞાનિક માનવતાના ધોરણે આગળ વધી રહ્યું છે. હિંદમાં આપણે બીનસાંપ્રદાયિક રાજ્યની સ્થાપના કરી છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણે ધર્મથી દૂર રહ્યા છીએ. આ પરિસ્થિતિ ધર્મના સમાજવિરોધી આચરણને આભારી છે. આ પરિસ્થિતિ દૂર કરવા માટે ધર્મનો સાચો અર્થ સમજીને બધા ધર્મના મૂળતત્ત્વો અંગે મૂળભુત સમજુતી સાધવી જોઇએ.

ધર્મનો ઉદ્દેશ અનંત સત્યનો ભેદ પામવાનો છે. જીવનના દુઃખોનો વિચાર કરતાં આપણે દ્વિધાભાવ અનુભવીએ છીએ. સાચા ખોટાનો નિર્ણય કરવાની માનવીની શકિતને કારણે તેના હૃદયમાં મંથન ઊભું થાય છે. માનવી જ્યાં સુધી માનવી રહેશે ત્યાં સુધી આ મંથન ચાલુ રહેવાનું જ. પરંતુ આ પરિસ્થિતિ વચ્ચે પણ માનસિક શાન્તિ અને આંતરિક પ્રકાશ ધર્મદ્વારા મળી શકે. જો ધર્મ આ કાર્ય પાર પાડી શકે તો જ તેનું સાચું આચરણ થયું કહેવાય.

દુનિયામાં ધર્મની આવશ્યકતા છે. દુનિયાના મહાન પુરૂષો શ્રીકૃષ્ણ, રામાનુજ, શંકર, ખ્રિસ્ત આદિ સૌએ ધર્મનું આચરણ કર્યું હતું. એ સમયે ધાર્મિક સ્પર્ધા ન હોવાથી ધર્મની સહાય વડે તેઓએ સામાજિક ઉન્નતિનાં કાર્યો પાર પાડયાં હતાં. આજે પણ એ જ રીતે ધર્મનું આચરણ થઇ શકે છે. ધર્મને જીવન સાથે મેળ જોઇએ.

# સમાચાર અને નોંધ

**શ્રી. ગણપતિની શહાદત**

રિવોલ્વર અને કારતુસો રાખવાના ગુન્હા માટે મલાયાની સરકારે મલાયાના મજદૂર સંઘના સ્થાપક અને અગ્રણી એવા શ્રી. એસ. આર. ગણપતિ નામના ૨૪ વર્ષની ઉમરના હિંદીને ફાંસી આપી છે.

સ્વ. ગણપતિ મજુરનેતા હતો. મલાયાના મજુરોના હિત ખાતર તેમનું સંગઠન કરતો હતો. એ સિવાય મલાયાની સરકારને એના વિષે કહેવાનું કંઇ નહોતું. એની પાસેથી કેવળ એક રિવોલ્વર અને થોડા કારતુસો મળી આવ્યા હતા, એ સિવાય એનો કોઇ ગુન્હો મલાયાની સરકાર બતાવી શકી નથી.

ગણપતિનું નિવેદન કહે છે કે એ સામ્યવાદી નહોતો. હિંસા અને ભાંગફોડમાં એને શ્રધ્ધા નહોતી. એ કેટલાક સમયથી બિમાર હતો, અને જંગલમાં રહેતો હતો. ત્યાંથી એ શહેરમાં પોલીસને પોતાની રિવોલ્વર સોંપવા જ આવતો હતો. આ નિવેદન સ્પષ્ટ કરે છે કે ગણપતિનો કોઇ ગુન્હો જ નહોતો.

સરકાર સામે કોઇ કાવત્રું પકડાયું નહોતું, અને કોઇ કાવત્રામાં ગણપતિની સામેલગીરી હોય એમ પણ સરકાર બતાવી શકી નથી. આ બધું દર્શાવે છે કે ગણપતિ નિર્દોષ હતો. પરંતુ એ મજુરોનું સંગઠન કરતો હતો, એ સરકારને પસંદ નહોતું; એટલે હથિયાર રાખવાના ગુન્હાને નામે એના પર સજા ઠોકી બેસાડવામાં આવી.

અને એ સજા પણ કંઇ સામાન્ય સજા નહોતી. ફાંસીની સજા! ૨૪ વર્ષના દુધમલ નવજવાન હિંદીને ફાંસીની સજા! મલાયાની સરકારની દૃષ્ટિએ ગણપતિ પરદેશી હતો. હિંદનો વતની હતો. એટલે મલાયાની સરકારની ફરજ હતી કે એણે ગણપતિ સામે હિંદ સરકારને અથવા મલાયામાં રહેતા હિંદી એલચીને ફરિયાદ કરવી જોઇતી હતી. પણ એણે એમ કર્યું નહિ.

ઉલટું હિંદી એલચીએ એની ફાંસીની સજા રદ કરવા મલાયાની સરકારને અનેકવાર વિનંતિ કરી. હિંદનાં પરદેશખાતાના નાયબ પ્રધાન ડૉ. કેસકરે પણ ગણપતિની સજાનો અમલ મોકૂફ રખાવવા ઘણો પ્રયાસ કર્યો. મલાયા પર જેનું પૂરેપૂરું વર્ચસ્વ છે, તે બ્રિટિશ સરકારને પણ હિંદી સંઘે યાદી મોકલી. પરંતુ એનું કંઇ પરિણામ આવે એ પહેલાં તો ગણપતિની સજાનો ત્વરિત અમલ કરી નાખવામાં આવ્યો. એને ફાંસી દેવામાં આવી.

ઉપરની હકીકતો તપાસતાં કોઇપણ માનવી કહી શકે એમ છે કે ગણપતિને સજા નથી થઇ; એનું ખૂન જ થયું છે.

અને આ બનાવ એ દિવસો દરમિયાન બન્યો છે કે જ્યારે હિંદના વડા પ્રધાન પં. નહેરૂ લંડનમાં બ્રિટનની સરકાર સાથે મૈત્રીની ગાંઠ બાંધી રહ્યા હતા!

---

કોઇ ઋષિ એવો નથી કે જેણે જગતની ઉપેક્ષા કરી, વ્યક્તિગત ઉધ્ધારની વાત આગળ ધરી હોય. સમગ્ર જગતના પુનરૂત્થાનનું જ એમનું ધ્યેય રહ્યું છે.

નટરાજની મૂર્તિ માનવીની આ કાર્ય પૂરતી અખંડ પ્રેરણા જેવી છે. આંતરિક પ્રવૃત્તિમાં મત્ત રહી, બાહ્ય પ્રવૃત્તિઓની એ ઉપેક્ષા નથી કરતા. એ જલમાં કમલ જેવા રહે છે. આપણે પણ નટરાજની માફક કાર્યરત રહેવું જોઇએ. જીવનનું લક્ષ્ય એ જ હોઇ શકે.

જે ધર્મ આ બધું કરશે, માનવીને જીવનની કલા શીખડાવશે અને જગતનાં બંધનો તોડશે એ ધર્મ વૈજ્ઞાનિક છે; સામાજીક છે. એનાથી જ આત્માનું સામ્રાજ્ય સ્થાપી શકાશે. આ પરિષદ સાચા ધર્મના હાર્દને શોધવા ફળીભુત થશે, તો સંતપ્ત જગતના ને આપણા વ્યગ્ર ચિત્ત થાળે પડશે.

---

મલાયા પર બ્રિટિશ સરકારનું સંપૂર્ણ વર્ચસ્વ હોઇને ગણપતિના આ ખુનની જવાબદારી મહદ્ અંશે બ્રિટિશ સરકારની છે, એમાં કોઇ શક નથી.

હિંદે જેમાં બ્રિટન અગ્રણી છે એવા રાષ્ટ્રસંઘમાં ભળવાનું નક્કી કર્યું છે. એક બાજુ હિંદ રાષ્ટ્ર સંઘના સભ્ય તરીકે રાષ્ટ્ર સંઘના બીજાં રાજ્યો સાથે મૈત્રી રાખે, ત્યારે એ રાજ્યો હિંદની અવગણના કરીને દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ પર અમાનુષી ત્રાસ વર્તાવે અથવા મલાયામાં નવજવાન હિંદીનો જીવ ખેંચી લ્યે, એ મૈત્રી કઇ જાતની?

બ્રિટનની રમત બેવડી રહી છે. ઘરઆંગણે મજુરોની સરકાર છે, લોકશાહી અને સમાજવાદ તરફી વલણ છે, જ્યારે બહારની દુનિયામાં શાહીવાદનું ઉઘાડું સ્વરૂપ છે, મજુરોનું શોષણ છે, ત્રાસ, અત્યાચાર અને જુલ્મ છે. ગણપતિની શહાદત બ્રિટનના આ બેરંગી સ્વરૂપને ખુલ્લું કરે છે. એનાથી હિંદ ચેતીને ચાલે એટલું ઇચ્છીએ.

**સાધન અને સાધ્ય**

હિંદના સામ્યવાદીઓનું સાધ્ય ધ્યેય—જો શુધ્ધ સમાજવાદ જ હોય, તો એનો વિરોધ કરવાનું મૂડીવાદીઓ સિવાય કોઇને કારણ ન હોય. પરંતુ સામ્યવાદીઓનું સાધ્ય એમની પોતાની નજરે ગમે તેવું શુદ્ધ હોય, તો પણ, સામ્યવાદી નહિ એવા દરેક હિંદીને સામ્યવાદીઓના સાધ્યની શુધ્ધતા માટે પૂરેપૂરી શંકા છે.

હિંદનો સામ્યવાદી પક્ષ જે રીતે સોવિયેટ રશિયાને પોતાની પિતૃભૂમિ ગણે છે અને એના જ હિતમાં પોતાનું હિત માની એની જ ચાલે અંધ બનીને ચાલે છે, એ વસ્તુ બતાવે છે કે સામ્યવાદીઓને હિંદમાં સ્વતંત્ર સમાજવાદી રાજ્ય સ્થપાય એ જ કેવળ સાધ્ય નથી, પરંતુ હિંદ પર રશિયાનું તંત્ર ઠોકી બેસાડવાની અતિ ઝુંખુરી એની નેમ છે, એમ સ્પષ્ટ જણાય છે.

વળી સામ્યવાદી પક્ષ સમાજવાદના સિદ્ધાંતોનો પ્રચાર કરવામાં અને જનતામાં તેનો વિશ્વાસ બેસાડવામાં જે સમય અને શકિત ખર્ચે છે, તેનાથી અનેકગણી સમયશકિત તે વર્તમાન સરકારને હિંસા અને ભાંગફોડદ્વારા ઉથલાવી પાડીને હિંદ પર પોતાની સત્તા પરાણે લાદવામાં ગાળે છે, એ બતાવી આપે છે કે પોતાના ધ્યેયને પાર પાડવા માટે લોકશાહી માર્ગ એને પસંદ નથી. એનો અર્થ એ થયો કે જે જાતનું તંત્ર હિંદમાં એને જોઇએ છે, તે તંત્ર લોકશાહી નથી, અને તેથી એનું ધ્યેય કલુષિત છે.

વળી આ સાધ્યને પહોંચી વળવાનાં એનાં સાધનો પણ એટલાં જ કલુષિત છે. હથિયારો મેળવવાં અને એકઠાં કરવાં, ભાંગફોડ કરવી, પોલીસ તેમ જ હરીફ પક્ષોના માણસોનાં ખૂન કરવાં, મજુરો કે સ્રીઓનાં સરઘસો પર ગોળીબાર કરવો પડે એ સ્થિતિ ઉભી કરવી અને ગમે તે રીતે અરાજકતા ઉભી કરી, સરકારને ઉથલાવી પાડવા પ્રયાસ કરવો, આ બધાં તેમનાં સાધ્યને પહોંચવાનાં સાધનો છે.

થોડા દિવસ પહેલાં મુંબઇમાં સ્રીઓનાં એક સરઘસને સેક્રેટેરીએટ પર મોકલવામાં આવ્યું હતું, અને તેમની અને સ્રી–પોલીસની વચ્ચે અથડામણ ઉભી કરવામાં આવી હતી. તાજેતરમાં મુંબઇમાં જ ડિલાઇલ રોડ પર રાત્રિને વખતે મનાઇ છતાં એક સરઘસને લઇ જવામાં આવ્યું અને પોલીસો પર હુમલો કરવામાં આવ્યો. પછી પોલીસે વળતો ગોળીબાર કર્યો. કલકત્તામાં તો આ જાતના તોફાનો તેઓ અવારનવાર કરે છે, પણ મુંબઇમાં યે તેમણે એ જ રીતની ધમાલ શરૂ કરી દીધી છે.

ચીનના સામ્યવાદીઓ ચીનની મૂડીવાદી ચાંગ–કાઇ–શેકની સરકાર સામે લડી રહ્યા છે. આપણે ચીનના સામ્યવાદીઓને ધિક્કા-

રતા નથી; કારણ કે તેઓ એક ખુલ્લી લડાઇ લડી રહ્યા છે. જ્યારે હિંદના સામ્યવાદીઓ છૂપાં કાવત્રાં, ભાંગફોડ અને ખૂનને માર્ગે જઇ રહ્યા છે. તેમની પોતાની માન્યતા પ્રમાણે પણ જો તેમનું સાધ્ય શુધ્ધ હોય, તો તેમનું સાધન પણ શુધ્ધ હોવું જોઇએ; અને ખાસ કરીને હિંદમાં જ્યાં લેખન, મિલન અને વાણી-સ્વાતંત્ર્ય ઠીક અંશે પ્રવર્તે છે ત્યાં કોઇ પણ પક્ષે સાધનની શુદ્ધિ જાળવવી જ જોઇએ. તેને બદલે જો કોઇ પક્ષ અશુદ્ધ સાધન વડે તેનું સાધ્ય સિદ્ધ કરવાના પ્રયત્નો કરે, તો તેનું સાધ્ય શુધ્ધ હોવાનો તેનો દાવો કોઇ રીતે ટકી શકે નહિ. રીઢા સામ્યવાદીઓને ગળે તો આ વાત ઉતરવાની નથી; પરંતુ ખાસ કરીને યુવકો, યુવતીઓ અને વિદ્યાર્થીઓ, જેઓ જાણ્યેઅજાણ્યે સામ્યવાદી પક્ષને ટેકો આપી રહ્યા છે, તેઓ આટલી વસ્તુ વિચારે અને સમજે તો સારૂં.

## વડોદરાનું વિલીનીકરણ

વડોદરાના મહારાજા સર પ્રતાપસિંહરાવ હજુ તો થોડા માસ પહેલાં પ્રજાને જવાબદાર રાજતંત્ર આપવામાં પણ ઠીકઠીક આનાકાની કરતા હતા, અને તેનું વચન આપ્યા પછી તેમાંથી છટકી જવાની પેરવી કરતા હતા, તેઓ અન્તે સરદાર વલ્લભભાઇની કુનેહને પરિણામે પ્રજાને રાજતંત્ર સોંપવામાં કબૂલ તો થયા એટલું જ નહિ પણ તેમનું આખું તંત્ર ડૉ. જીવરાજ મહેતાને સોંપ્યા બાદ થોડા જ વખતમાં વડોદરાના વિલીનીકરણ માટે તૈયાર થયા, એ આવતાં પરિબળોને પારખવાની એમની દીર્ઘદૃષ્ટિ બતાવે છે. મે માસની પહેલી તારીખથી વડોદરાનું દેશી રાજ્ય તરીકેનું અસ્તિત્વ બંધ પડયું છે. અને તે હિંદી સંઘ નીચે સીધું મુંબઇ પ્રાન્ત સાથે જોડાઇ ગયું છે.

ગુજરાતી ભાષા બોલતી પ્રજાનો પ્રદેશ ગુજરાત ૧૯૪૭ના ઓગસ્ટની પંદરમી તારીખ પહેલાં બ્રિટિશ હકુમત તળેનું ગુજરાત, વડોદરાનું દેશી રાજ્ય, કચ્છનું દેશી રાજ્ય, ગુજરાતનાં નાનાં મોટાં છુટાં છવાયાં દેશી રાજ્યો અને કાઠિયાવાડનાં નાનાં મોટાં છુટાં છવાયાં દેશી રાજ્યોમાં વહેંચાયલો હતો. હિંદ આઝાદ થયા પછી સૌરાષ્ટ્રનું એકમ રચાયું અને કાઠિયાવાડના ૨૦૨ રાજ્યોનાં ટુકડાઓ અદૃશ્ય થયા પછી ગુજરાતનાં રાજસ્થાનો મુંબઇ પ્રાન્ત સાથે જોડાઇ ગયાં. આમ છતાં વડોદરાનું એક રાજ્ય જેનો પ્રદેશ છુટો છવાયો હતો, તે ગુજરાતથી જુદું રહ્યું હતું. પણ હવે તેનું વિલીનીકરણ થતાં મુંબઇ પ્રાન્તમાં ગુજરાતનું એકમ થયું. હવે ગુજરાતી ભાષા બોલતી પ્રજાના ત્રણ પુરા સમૂહ રહ્યા છે: મુંબઇ પ્રાન્તમાંનું ગુજરાત; સૌરાષ્ટ્ર અને કચ્છ.

મુંબઇ પ્રાન્ત જે આજ સુધી મુંબઇ ઇલાકા તરીકે ઓળખાતો હતો, તેનો અંગ્રેજ રાજકર્તાઓએ વિચિત્ર રીતે વહીવટી પ્રદેશ બનાવેલો હતો. તેમાં ગુજરાતી, મરાઠી, કાનડી, સીંધી વગેરે વિવિધ ભાષાઓના સમૂહોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વળી ભૌગોલિક રીતે પણ એની સરહદો ભારે વિચિત્ર હતી. એટલે તેમાંથી પ્રથમ સિંધ પ્રાન્ત છૂટો થઇ સ્વતંત્ર પ્રાન્ત બન્યો. હવે વહેલે મોડે મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક જુદા પ્રાન્તો થવાના; અને ત્યારે સંભવ છે તેમ મુંબઇનગરી અને તેનાં પરાંનો એક સ્વતંત્ર પ્રાન્ત બનશે.

આ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છ પણ મુંબઇ પ્રાન્ત સાથે ભળી જ ગયાં હશે, એમાં કોઇ શક નથી; અને તેથી જ્યારે ગુજરાત મુંબઇથી જુદો પડશે ત્યારે તે ગુજરાતી ભાષા બોલતી પ્રજાનો એક અને અખંડ સમૂહ હશે. આ રીતે વડોદરાનું મુંબઇ સાથેનું જોડાણ આપણને મહાગુજરાતની રચના તરફ નિઃશંક રીતે દોરી જાય છે.

## અવેતન રંગભૂમિ

ધંધાદારી નાટકની દુનિયા પ્રત્યેનો ગુજરાતના શિષ્ટ સમુદાયનો મોહ હવે એ નાટકની દુનિયાની ટુંકી દૃષ્ટિ, તેમનામાં કલા અને અભ્યાસનો અભાવ અને પ્રજાની હલકી વૃત્તિને ઉત્તેજવાની રીતભાતથી ઓસરતો જાય છે એ એક શુભચિહ્ન છે. જો કે સિનેમા ફિલ્મોનો પ્રચાર પણ ધંધાદારી નાટકોને ફટકો મારી જાય છે; પરંતુ સિનેમા ફિલ્મો પણ હવે તો શિષ્ટસમુદાય માટે મનોરંજનને બદલે ત્રાસરૂપ બની ગઇ છે. જેમ નાટકોમાં ધૂમધડાકા અને હાસ્યરસને નામે અશ્લિલતા પ્રવેશી ચૂકી છે, તેમ ફિલ્મોમાં પણ મનોરંજનને નામે હલકી વૃત્તિને ઉત્તેજનારાં દૃષ્યો અને ગીતો તથા અભિનયો સારા માણસોને અકારાં લાગે છે. મુંબઇ પ્રાન્તનું સેન્સર બોર્ડ અને સરકાર જનતાની નીતિ પર ભારે અસર કરનારી ફિલ્મો પ્રત્યે ખાસ લક્ષ આપતાં હોય એમ લાગતું નથી. નહિતર શહનાઇ અને ખીડકી જેવાં હલકી મનોવૃત્તિને ઉશ્કેરનારાં ચિત્રો મુંબઇના થિયેટરોમાં કેમ ચાલી શકે ?

આ સંજોગોમાં ગુજરાતના શિક્ષિત અને શિષ્ટ વર્ગના કલાકારો અવેતન રંગભૂમિ મારફત જનતા સમક્ષ પ્રગતિશીલ અને ધ્યેયલક્ષી નાટકો અને નૃત્યનાટિકાઓ લઇને હાજર થાય છે, એ આપણી નાટ્યકળાના પુનરૂદ્ધારની આશા આપી જાય છે.

આઇ. એન. ટી. ના ટુંકા નામથી ઓળખાતી સંસ્થા, ઇન્ડીયન નેશનલ થીયેટર તરફથી હવે આવાં નાટકો ભજવવાની ફરી શરૂઆત થઇ ચૂકી છે; અને તેણે હમણાં જ માધવબાગમાં 'નરસૈયો' નામની સુંદર નૃત્ય નાટિકા ભજવી બતાવી છે. આ ઉપરાંત એ સંસ્થા તરફથી એક મરાઠી નાટક પણ તાજેતરમાં રજુ થવાનું છે.

આ જ રીતે અમદાવાદની એલીસબ્રિજ આરોગ્ય સમિતિ તરફથી ચાલતા રંગમંડળે માધવબાગના રંગમંદિરમાં 'સાથે શું બાંધી જવાના ?' 'શહેરના શ્વાસ' અને 'મોંઘેરા મહેમાન' એ ત્રણ નાટકો રજુ કર્યાં છે.

આ પહેલાં સામ્યવાદ પ્રચારક મંડળી તરીકે જાણીતી થએલી સંસ્થા 'પીપલ્સ થીયેટરે' પણ આ દિશામાં ઠીક પ્રગતિ સાધેલી અને જો તેણે રાજકારણી પક્ષાપક્ષીમાં ઝંપલાવ્યું ન હોત તો એક ઉત્તમ કક્ષાની રાષ્ટ્રીય કલાસંસ્થા એ બની શકી હોત. પીપલ્સ થીયેટરના ગુજરાતી વિભાગમાંથી કેટલાક કળાકારો સામ્યવાદીઓના વર્ચસ્વથી કંટાળી જઇને આ સંસ્થામાંથી જુદા પડયાં છે, અને તેમણે એક નવી રાષ્ટ્રીય સંસ્થા સ્થાપી ભાંગવાડી થિયેટરમાં નાટકો ભજવીને ઠીક રકમ દુષ્કાળ રાહત ફંડમાં આપી છે. શાન્તાકુઝના કેટલાક કળાકારો દુષ્કાળના ચિત્રને રજુ કરતી નાટિકા 'વેરણ વાદળી' હવે ભજવવાના છે. આમ એક પછી એક કળાના શોખ સાથે રાષ્ટ્રીય ભાવનાવાળા યુવાનો અને યુવતીઓએ ભાત પાડે એવાં નાટકો રજુ કરીને શિષ્ટસમાજને ચોકખું મનોરંજન પૂરૂં પાડયું છે.

નાટકો અને ફિલ્મો મનોરંજન પૂરૂં પાડવા ઉપરાંત પ્રજાની કેળવણી માટે પણ ઘણાં અસરકારક સાધનો ગણાય છે. આવાં ચિત્રો રજુ કરનાર ધંધાદારી કળાકારો તરીકે શ્રી. શાન્તારામ અને પૃથ્વીરાજ કપૂર જાણીતા છે. શ્રી. શાન્તારામે કાળીદાસની શકુંતલાને પડદા ઉપર સફળ રીતે રજુ કર્યા પછી, ચીનના યુદ્ધક્ષેત્ર પર સેવા અર્પવા ગએલા 'ડૉ. કોટનીસની અમર કહાણી' રજુ કરી દેશની સારી સેવા બજાવી હતી. હવે તેઓએ 'અપના દેશ' ચિત્ર મારફત કાળાંબજારના ભયંકર છતાં આપણી વચ્ચે પાંગરતા દુષણ સામે પ્રચાર રજુ કર્યો છે.

પૃથ્વીરાજ કપૂર ધંધાદારી નાટકપ્રવૃત્તિ ચલાવતાં છતાં નવી ભાતનાં નાટકો પ્રજા સમક્ષ રજુ કરીને પ્રજાકેળવણીમાં મહાન ફાળો આપી રહ્યાં છે. દેશના ભાગલા સામે વિરોધ નોંધાવતું

એમનું નાટક 'દિવાર' એનો નમૂનો છે. વધુમાં શ્રી પૃથ્વીરાજ એક રાષ્ટ્રપ્રેમી કળાકાર હોઇને રાષ્ટ્રીય ફંડફાળાઓમાં તેમના નાટકોની મોટી ઉપજને અવારનવાર આપતા રહ્યા છે.

છેલ્લે દક્ષિણ હિન્દની કોકિલા શ્રી શુભલક્ષ્મીએ 'મીરા'ની ફિલ્મ મારફત હિન્દને સાત્વિક ભક્તિરસ પીરસ્યો છે અને શુદ્ધ સંગીતની લ્હાણ પણ કળાશોખીનોને આપી છે. હમણાં તેમણે મહાલક્ષ્મી પર સંગીતના એક જલસા મારફત મેળવેલી રૂા. સવા લાખની ભેટ ગાંધી સ્મારક ફંડમાં આપીને દેશની સારી સેવા બજાવી છે.

આમ દેશના શિક્ષિત અને રાષ્ટ્રપ્રેમી કલાકારોએ નાટક–સિનેમાની વણસતી જતી પરિસ્થિતિમાં સ્વચ્છ કલા અને ધ્યેયલક્ષી વસ્તુઓ પીરસીને હાલનાં નાટક–સિનેમાથી ત્રાસેલી દુનિયાને જોઇતો ખોરાક પૂરો પાડયો છે.

આપણે લાંબા વખતથી પરદેશી સત્તા સાથે લડી રહ્યા હતા. એમાંથી નિવૃત્ત થતાં કોમી હુલ્લડો, તંગીની પરિસ્થિતિ, હૈદરાબાદ અને કાશ્મિરના પ્રશ્નો વગેરેમાં સંડોવાયા હતા. એટલે સાંસ્કારિક પ્રવૃત્તિઓ પ્રત્યે આપણે બહુ લક્ષ આપી શકયા નહોતા. હવે દેશના નવવિધાનમાં આવી સાંસ્કારિક પ્રવૃત્તિઓ મહત્ત્વનો ભાગ ભજવી શકે એમ હોઇને શિષ્ટ અને શિક્ષિત સ્ત્રી–પુરૂષોએ સમાજની આ જરૂરી પ્રવૃત્તિ યોગ્ય માર્ગે ચાલે, એ પ્રત્યે લક્ષ આપવું જરૂરનું છે.

## વ્યાપારીનીતિ અને પ્રતિષ્ઠા

ગોધરાથી સમાચાર મળે છે કે પંચમહાલ જીલ્લાના એક જાણીતા મીલ માલીક અને વેપારી સામે લુધિયાણાના જીલ્લા મેજીસ્ટ્રેટે ઠગાઇ અંગેના કાઢેલ વોરંટ ઉપરથી સ્થાનિક પોલીસે તેની ધરપકડ કરી છે. એમ જાણવા મળે છે કે તેણે લુધિયાણાના એક વેપારીને કરેલ સોદા મુજબ મોકલેલા મગફળીના તેલમાં ૬૫ ટકા જેટલો વ્હાઇટ ઓઇલનો ભેગ કર્યાથી તેના પર ઠગાઇનો આરોપ મૂકાયો છે.

હિંદ એક ધાર્મિક વૃત્તિવાળો દેશ હોવાનું અભિમાન આપણે ઘણા વખતથી રાખતા આવ્યા છીએ; પરંતુ ધર્મનું પહેલું પગથિયું નીતિ આપણે કેવી જાળવીએ છીએ, તે આપણી જાતને જ પૂછી જોવાનું રહ્યું.

ઇંગ્લંડ, અમેરિકા, જર્મની વગેરે પશ્ચિમના દેશો આપણી સાથે ઘણા વર્ષથી વ્યાપારી સંબંધથી જોડાએલા છે, અને ત્યાંના વ્યાપારીઓ અને વેપારી કંપનીઓનો આપણને સારો પરિચય છે. આપણે કબૂલ કરવું પડશે કે આ દેશોની વ્યાપારી નીતિ અને પ્રતિષ્ઠા આજ સુધી ઉંચા પ્રકારની રહી છે. જે નમૂનો બતાવી માલ વેચ્યો હોય, તે મુજબનો જ માલ આપવો, માલપુરતી પૂરી પ્રમાણિકતા જાળવવી, નક્કી કરેલી શરતોને વળગી રહેવું, નીમેલા એજન્ટ સિવાય કોઇને બારોબાર માલ ન મોકલવો, વગેરે વ્યાપારીનીતિ એ લોકો લગભગ જાળવતા આવ્યા છે. યુદ્ધ દરમિયાન તેમણે એજન્ટો અને વ્યાપારીઓને કંટ્રોલ ભાવે માલ આપ્યો છે, અને યુદ્ધ અંગે સાધનોને અભાવે જ્યાં જ્યાં માલની જાતમાં ફેર કરવો પડયો છે, તે પણ તેમણે સ્પષ્ટ રીતે જાહેર કરેલ છે.

બીજી બાજુથી આપણા દેશી વેપારીઓએ માલની જાતમાં વારંવાર ફેરફાર કર્યો છે, યુદ્ધ દરમિયાન ઉપરથી રકમ આપનારને જ માલ આપ્યો છે, અને તેના વહેંચણીનું તંત્ર વાપરનારાઓને બદલે વેચનાર વેપારીઓના જ હિતમાં રહે એવું ગોઠવ્યું છે. ગાંધીજીને જન્મ આપનાર દેશના પ્રજાજન તરીકે અભિમાન લેનાર માણસ આમ નીતિને નેવે મૂકી શકે, એ દુઃખદાયક બીના છે.

ગોધરાના ઉપરોકત વેપારી પરનો આરોપ જો સાચો ઠરે તો એ બનાવ આખા દેશની વેપારી પ્રતિષ્ઠાને ભારે હાનીકારક છે. નક્કી કરેલ માલને બદલે હલકો માલ આપવો એ વ્યાપારી નીતિનું ઉલ્લંઘન છે, અને ફોજદારી ગુન્હો બને છે; પરંતુ ગ્યાસતેલમાંથી જેની બનાવટ થાય છે એવા ઝેરી વ્હાઇટ ઓઇલનું ખાવાના તેલમાં મિશ્રણ કરવું એ તો ઉપરાંતમાં સમાજદ્રોહી અને અમાનુષી કૃત્ય છે. આવું કૃત્ય હિંદના વેપારીની પ્રતિષ્ઠા પર ભયંકર કલંક સમાન છે.

પોષક તત્ત્વોવાળો ખોરાક આજે મળતો નથી. મધ્યમ વર્ગને પણ વેજીટેબલ ઘી ઉપર નભવું પડે છે. અને ગરીબોને તો તેલ એ જ સર્વસ્વ છે. રોટલી પર ચોપડવામાં, શાક વધારવામાં કે મરચાના ભુકા સાથે મેળવવામાં એ તેલનો જ ઉપયોગ કરે છે. આ તેલ પણ જો એને ચોકખું ન મળી શકે, તો એણે કઇ રીતે જીવન ટકાવવું એ એક પ્રશ્ન થઇ પડે છે.

વ્યાપારી અપ્રમાણિકતા આપણા દેશના વેપારીઓમાં બહુ વધી ગઇ છે. કાળાંબજારથી માલ લેવો અને વેચવો, માલમાં દગો કરવો, જીવન જરૂરીયાતની ચીજોનો સંગ્રહ કરવો, કારખાનાંઓમાં કામ કરતા મજુરો માટે જરૂરી સગવડો ન આપવી, કારકુનો, ગુમાસ્તાઓને ઓછો પગાર આપી તેમની પાસેથી વધુ કામ લેવું, વેપારી કામો વહેલાં અથવા ગેરકાયદે પતાવવા સરકારી ખાતાંના, રેલ્વેના, ગોદીના, અંકુશ ખાતાના અમલદારોને લાંચ આપવી, આ બધું આપણો વેપારી વર્ગ કરી રહ્યો છે. અને વેપારીમાં આપણી તરફ મુખ્યત્વે વણિકો અને જૈનો છે. આવાં કાર્યો કરવા છતાં શું કેવળ સામાયિક–પ્રતિક્રમણ કરવાથી કે દેવદર્શન કરવાથી આપણે જૈન તરીકે આપણી જાતને ઓળખાવી શકીશું ?

કર ભરવામાં આપણે આનાકાની કરીએ છીએ. આપણી પોતાની સરકાર છતાં આપણી એ વૃત્તિ હજુ સુધરી નથી. જ્યારે પશ્ચિમના દેશોમાં મારફાડ–લૂંટ–ચોરી–ખૂનના ફોજદારી ગુન્હાનું પ્રમાણ આપણા કરતાં વધુ હોવા છતાં, ત્યાં વ્યાપારી પ્રમાણિકતા અને સામાન્ય નીતિનું ઘણું ઉંચું ધોરણ પ્રવર્તે છે, એ ઉપરથી આપણે ધડો લેવો જોઇએ.

લંડનથી હમણાં જ પાછા ફરેલા મારા એક મિત્રે મને કહ્યું: છાપાંનો ફેરિયો કોઇ જગ્યાએ છાપાં રેઢાં મૂકીને ચાલ્યો ગયો હોય, તે દરમિયાન કોઇ પણ માણસ તેમાંથી છાપાં લઇ શકે છે, અને તેની કિંમતના પૈસા ત્યાં જ મૂકી દે છે. પાછો ફરેલો ફેરિયો એ ગણ્યા વિના જ ખીસામાં મૂકી દે છે. તેને ખાત્રી હોય છે કે જેટલાં છાપાં તેની ગેરહાજરી દરમિયાન ગયાં હશે, તેટલી રકમ ત્યાં મૂકાઇ ગઇ હશે.

હિંદે એક આઝાદ દેશ તરીકે પોતાની વ્યાપારી નીતિ, અંગત પ્રમાણિકતા અને શિસ્ત કેળવવાં પડશે. હિંદનું નૈતિક ધોરણ જો વધુ વખત નીચું રહેશે. તો આપણા પૂજ્ય રાષ્ટ્રપિતાને આપણે વફાદાર નથી રહ્યા, એમ ગણાશે.

## કોની જવાબદારી ?

આરાહથી મળેલા સમાચારો મુજબ પત્ની અને બાળકોને ભૂખે ટળવળતાં જોઇ હતાશ બનેલા, શહાબાદ જિલ્લાના ગુંડી ગામના સીતારામ નામના કોંગ્રેસ કાર્યકરે ઝાડ સાથે દોરડું બાંધી, ગળે ફાંસો નાખી ટીંગાઇને આપઘાત કર્યો છે.

સમાચાર ચોંકાવનારા અને દુઃખદાયક છે. દેશમાં મધ્યમ વર્ગની સ્થિતિ અત્યંત કફોડી છે. મોંઘવારી વધતી જાય છે, એને પહોંચી વળવા એની પાસે કંઇ સાધન નથી; એકલે હાથે એણે આખા કુટુંબનું પોષણ કરવાનું હોય છે. ભીખ એ માગી શકતો નથી. પોતાની પીડા કોઇને કહી શકતો નથી. મધ્યમ વર્ગના માનવી તરીકે અમુક રીતે તેણે જીવવું પડે છે. એ રીતે જીવવાને તેની પાસે જોઇતી આવક હોતી નથી. થઇ શકે તો કરજ કરે છે. ન થઇ શકે તો ભૂખ્યો રહે છે. પણ સ્ત્રી–બાળકોને એ ભૂખ્યાં કેમ જોઇ શકે ? છેવટે એ સીતારામને માર્ગે જાય છે.

પરંતુ આથી કંઇ પીડાનો અન્ત નથી આવતો. પીડામાં વધારો થાય છે. કારણ કે સ્ત્રી-બાળકો અનાથ બને છે, પણ એનો વિચાર એ કરતો નથી. દુઃખ એનાથી જોઇ શકાતું નથી, એટલે દુઃખમાંથી છુટવા એ આપઘાતનો માર્ગ લ્યે છે.

આવા બનાવો દેશમાં અવારનવાર બને છે. સંભવ છે કે આવી રહેલી મંદીના દિવસોમાં મધ્યમવર્ગની અકળામણ વધે. આ સ્થિતિમાં મધ્યમવર્ગને રાહત આપવા સરકારે અને સમાજસેવકોએ વહેલી તકે વિચારી લેવું ઘટે.

આ કિસ્સામાં આપઘાત કરનાર એક કોંગ્રેસ કાર્યકર છે. દેશસેવાની ફરજ બજાવતાં આવા કેટલા યે કાર્યકરો બેકાર બન્યા છે. કેટલાયે ધંધો નોકરી ગુમાવી આપત્તિમાં દિવસો કાઢે છે. તેઓ પોતાના આત્મભોગની કિંમત ન માગે, તો શું સરકારની એ ફરજ નથી, કે દેશની આઝાદીના યજ્ઞમાં જેણે આહૂતી આપી છે, એવો કોઇ માનવી ધંધા નોકરી વિનાનો ભૂખે મરતો ન રહે એ માટે કંઇ પ્રબંધ કરવો જોઇએ.? જેણે દેશખાતર, દેશના કરોડો ગરીબો ખાતર, સ્વયં ગરીબી સ્વીકારી, એના કુટુંબને રોટી આપવાની જવાબદારી પ્રજાકીય સરકારની નહિ?

## જૂના કલેશનાં સમાધાન

સ્થાનકવાસી જૈન સમાજના બે અગ્રગણ્ય સાધુઓ પૂ. શ્રી. ગણેશીલાલજી અને પં. મુનિ શ્રી. ઘાસીલાલજી વચ્ચે મેળ નહોતો. તેમના ગુરુ સ્વ. પૂ. શ્રી. જવાહરલાલજી મહારાજે શિસ્તના કારણે શ્રી. ઘાસીલાલજી સામે પગલાં લીધેલાં. શ્રી. જવાહરલાલજી કાળધર્મ પામ્યા પછી શ્રી ગણેશીલાલજીને તેમના સંપ્રદાય તરફથી આચાર્ય પદવી આપવામાં આવી. બીજી બાજુથી શ્રી. ઘાસીલાલજીને પણ તેમના અનુયાયીઓએ આચાર્ય પદવીથી વિભૂષિત કર્યા. આમ બન્ને આચાર્યોના અનુયાયીઓ વચ્ચે પણ કલેશનાં બીજ રોપાયાં.

મતભેદનું કારણ નહિવત્ હતું. બન્ને સાધુઓ વચ્ચેના અને તેમના અનુયાયીઓ વચ્ચેના ખટરાગથી બન્નેની પ્રતિષ્ઠાને હાની પહોંચતી હતી. પરંતુ કોઇ નમતું આપવા તૈયાર નહોતા. ઘણી વાટાઘાટો ચાલી અને નિષ્ફળતામાં પરિણમી. છેલ્લે સમાચાર મળ્યા મુજબ શ્રી. ઘાસીલાલજીએ નમતું આપ્યું છે અને ક્ષમાયાચના કરી છે. એ રીતે જુના કલેશનો અન્ત આવ્યો છે. સાધુઓને નામે તેમના અનુયાયીઓ વચ્ચે પણ વિનાકારણ કલેશનાં કેવાં બીજ રોપાય છે, તેનો આ પ્રકરણ એક નમૂનો છે. આમ છતાં આટલાં વર્ષે આ પ્રશ્નનું જે સુખદ સમાધાન થયું છે, અને પરસ્પર મતભેદ ટળ્યા છે, એ સમાચાર આનંદદાયક છે. નમીને પણ કલેશને ટાળવા માટેનું પગલું ભરવા માટે પં. મુનિ શ્રી ઘાસીલાલજી અભિનંદનને પાત્ર ઠરે છે.

સૌરાષ્ટ્રમાં આવેલ વીંછીયાના સ્થાનકવાસી જૈન સંઘ અને શ્રી. કાનજી મુનિના અનુયાયીઓ વચ્ચે સંઘની મિલ્કત અંગે જસદણની અદાલતમાં એક મુકદ્દમો ચાલી રહ્યો હતો. એક જ ગામના જૂના સ્નેહીએ અને સગાંવહાલાંઓ ધર્મને નામે એકબીજા સામે મંડાઇ ગયા હતા. કાનજી મુનિના અનુયાયી મંડળ પાછળ તેમના અનેક શ્રીમંત અને લાગવગ ધરાવતા શિષ્યવૃંદનું સારું પીઠબળ હતું. વીંછીયા સંઘના આગેવાનો પાછળ રાજકોટનો સંઘ અને અખિલ હિન્દ સ્થા. જૈન કોન્ફરન્સનો આર્થિક તેમ જ સક્રીય ટેકો હતો. એટલે મુકદ્દમો લંબાયા કરતો હતો. છેવટે બન્ને પક્ષો સમજ્યા છે, અને તેમની વચ્ચે સમાધાન થયું છે.

આ સમાધાન વીંછીયાના કલેશ પૂરતું જ ન હોય, પરંતુ સ્થા. જૈન સમાજ અને કાનજી મુનિના સંપ્રદાય વચ્ચેની અથડામણ હમેશને માટે ટળે, એવું ઇચ્છીએ.

સ્થાનકવાસી જૈન સમાજમાં સાધુઓ અને તેમના અનુયાયીઓ વચ્ચેના કેટલાક સામાન્ય મતભેદો દૂર થાય, અને સમાજમાં એકતા ઉભી થાય તે માટે થોડા વખતથી સ્થા. કોન્ફરન્સ પ્રયાસ કરી રહેલ છે. આ માટે સર્વમાન્ય બની શકે એવી એક સમાચારી એટલે સાધુઓના આચારના સામાન્ય નિયમો ઘડી કાઢવામાં આવ્યા છે, જેને ઘણે સ્થળેથી સારો આવકાર મળ્યો છે; અને સમાજ એકતાને પંથે પળી રહ્યો છે. આ એકતા ક્ષણિક ઉત્સાહ પૂરતી ન હોય અને કાયમની બને એમ ઇચ્છીએ. શ્રી. ગણેશીલાલજી અને ઘાસીલાલજી વચ્ચેનો દીર્ઘકાળનો મતભેદ શમ્યો અને તેમની વચ્ચે જે સમાધાન થયું, તે ઐક્યની આ યોજનાને ઠીક અંશે સહાયરૂપ થઇ પડશે. વળી સ્થા. જૈન કોન્ફરન્સનું અધિવેશન ટુંક સમયમાં મદ્રાસ મુકામે મળનાર છે, તે પૂર્વે આ આ સમાધાનો અને ઐક્ય યોજનાઓ સુખદ સમાચાર કહેવાય. અધિવેશન હવે સમાજની ઉન્નતિ માટે કોઇ રચનાત્મક યોજનાઓ શાન્તિપૂર્વક વિચારી શકશે, એવી આશા બંધાય છે.

## જય સોમનાથ!

સૌરાષ્ટ્રને બંદરકાંઠે આવેલું સોમનાથભગવાનને નામે પ્રસિદ્ધિ પામેલું ઐતિહાસિક સ્થળ પ્રભાસપાટણ જુનાગઢ રાજ્યના મહાલનું મુખ્ય મથક હતું. હવે જૂનાગઢ રાજ્ય સૌરાષ્ટ્રના એકમમાં ભળી જઇ અલગ રાજ્ય તરીકે વિલીન થયું છે ત્યારે વહીવટી અનુકૂળતાને કારણે સૌરાષ્ટ્રના મહેસુલી ખાતાંના પ્રધાન શ્રી. સામળદાસ ગાંધીએ પ્રભાસપાટણ મહાલની મહાલ તરીકેની હસ્તી મીટાવી દેનારો એક હૂકમ કાઢયો છે. આ હૂકમ સામે પ્રભાસપાટણની પ્રજાએ પોતાનો સખ્ત વિરોધ નોંધાવ્યો છે, અને પાટણને મહાલ ચાલુ રાખીને ત્યાંના ઐતિહાસિક સ્થળના રક્ષણ માટે અને કોમી તોફાન જાગી ન પડે એટલા માટે ત્યાં મેજીસ્ટ્રેટ, પોલીસ વગેરે રહેવાં જોઇએ એવી માગણી કરી છે વધુમાં પાટણની પ્રજાએ એવી દલીલ કરી છે કે પાટણ સોમનાથના મંદિર માટે પ્રસિદ્ધિ પામેલું ઐતિહાસિક સ્થળ છે, અને આરઝી હકૂમતના ગાજી સરનશીન અને સૌરાષ્ટ્રના હાલના મહેસુલી પ્રધાન શ્રી. સામળદાસ ગાંધીએ નવાબીને હાંકી કાઢી જુનાગઢને મુકત કરવાની કૂચ 'જય સોમનાથ'ના સૂત્રથી શરૂ કરી હતી.

દુઃખની વાત એ છે કે સૌરાષ્ટ્રનાં ૨૦૨ રજવાડાં વિલીન થયા પછી પણ આજે હજુ જુદાં જુદાં શહેર અને ગામની પ્રજાના દિલમાં એકમની ભાવના ઉગી નથી; અને સૌ પોતાના શહેર અને ગામની અને તે મારફત પોતાના અંગત હિતની દૃષ્ટિએ વિચાર કરે છે. પાટણની બાબતમાં કંઇ આવું જ દેખાય છે.

જૂનાગઢની આરઝી હકૂમત એ કોઇ ધાર્મિક ફોજ નહોતી; અને શ્રી. સામળદાસ ગાંધીએ 'જય સોમનાથ' નો ઉચ્ચાર કરેલો, તે કોઇ ધાર્મિક કે કોમીભાવથી નહોતો કર્યો. વળી શ્રી. સામળદાસે 'જય સોમનાથ' નો ઉચ્ચાર કર્યો એટલે જ નવાબીનો નાશ થયો, એવું જો પાટણની પ્રજા માનતી હોય તો તે ભૂલાવામાં જ પડેલી છે. જેણે સોરઠ પર હિંદી સંઘનો ધ્વજ ફરકાવ્યો એ આરઝી હકૂમતનાં સૈનિકોએ કદી 'જય સોમનાથ' નો નાદ નહોતો કર્યો. વળી નવાબીના નાશમાં પાટણની પ્રજાનો ફાળો કેટલો હતો, એ પ્રશ્ન કોઇ પૂછે, તો પાટણની પ્રજા એનો જવાબ ગર્વપૂર્વક નહિ આપી શકે, એ નિર્વિવાદ છે.

પાટણ ઐતિહાસિક સ્થળ છે, માટે તે મહાલનું મથક બનવુ જોઇએ, અથવા ત્યાં મહાલકારી હોવો જોઇએ, એ દલીલનો શો અર્થ છે? શું પાટણની મહત્તા મહાલકારીથી છે, અને સોમનાથના ઐતિહાસિક યાત્રાધામથી નહિ? શું હરદ્વાર અને રામેશ્વર કે દ્વારિકા કોઇ મહાલનાં મથક નથી, એટલે એનું મહત્ત્વ કંઇ ઓછું છે? નવાબીના નાશ પછી પણ શું હજુ સોમનાથ મહાદેવ ભયમાં છે? અને બહુમતી હિંદુઓના ભયથી ડરી જઇને સૌરાષ્ટ્રના હજારો મુસ્લીમો પાકિસ્તાનમાં ચાલ્યા ગયા પછી પણ શું પાટણવાસીઓને કયાંય નહિ ને પાટણમાં કોમી તોફાનનો ભય લાગે છે, અને માટે પાટણને મહાલનું મથક બનાવીને ત્યાં મેજીસ્ટ્રેટ અને પોલીસ રાખવાની માગણી કરે છે? સૌરાષ્ટ્રની પ્રજા આઝાદ થયા પછી પણ હજુ પોલીસરક્ષણ નીચે જ જીવવા માગે છે?

પાટણની પ્રજા આ સંકુચિત મનોદશા ત્યાગીને સૌરાષ્ટ્રની પ્રજા બને એટલું ઇચ્છવા સિવાય હવે કંઇ વધારે એને કહેવાપણું નથી.

જટુભાઇ

# કાયદા અને લોક–કેળવણી

કોઇ પણ રાજયકર્તા–પછી તે આપખુદ તંત્રવાહક હોય, કે પ્રજાનો ચુંટાએલો પ્રતિનિધિ હોય–પ્રજાના સહકાર વિના કેવળ કાયદા અને અંકુશોથી રાજવહીવટ સફળ રીતે ચલાવી શકશે નહિ.

પ્રજામાં કેટલાક સમૂહગત કે વ્યકિતગત દુર્ગુણો હોય છે. સામાજિક બદીઓ અને કુરિવાજો હોય છે. અનીતિ અને અનાચારની ટેવ હોય છે. આ બધું દૂર કરવાનું જરૂરી હોય છે. કેટલુંક તત્કાળિક દૂર કરવાનું જરૂરી હોય છે. પરંતુ તે માત્ર કલમના બળે–વટહૂકમથી કે ધારાસભાની સંમતિથી કાયદાના બળે સદંતર દૂર કરી શકાય નહિ. કાયદાની બીકથી ગુન્હો કરનારાઓ છૂપી રીતે અને વધુ સાવચેતીપૂર્વક ગુન્હા કરે છે. એ રીતે એ ગુન્હાથી મુકત બનતો નથી.

ગુન્હા પાછળ સંજોગ, ટેવ, વૃત્તિ અને અજ્ઞાન કામ કરતાં હોય છે. એ સંજોગ ન પલટે, ટેવ ન સુધરે, વૃત્તિ અંકુશમાં લાવવામાં ન આવે અને અજ્ઞાન દૂર ન થાય ત્યાં સુધી ગમે તેવો કડક કાયદો હોવા છતાં ગુન્હાઓ બનવાના જ.

કાળાંબજાર અટકાવવા સરકારે ઘણા કાયદા કર્યા. પણ મનુષ્યની લોભવૃત્તિ નાશ પામે નહિ ત્યાં સુધી કાળાંબજારનો નાશ કેમ થાય? પોતાની આર્થિક સ્થિતિ ન સુધરે અને સમાજમાં માનવંતું સ્થાન પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી વેશ્યા અનીતિ કેમ છોડે? વિચારવંત અને દૃઢ નિશ્ચયી ન હોય, તે કાયદા માત્રથી દારૂ પીવાનું કેમ છોડી શકે? એને માટે માણસના સંજોગ બદલવા જોઇએ, ટેવ અને વૃત્તિઓ સુધરવા કેળવણી આપવી જોઇએ અને જ્ઞાન આપીને અજ્ઞાનને કાઢવું જોઇએ.

કાળાં બજાર, શરાબ, જુગાર, વેશ્યાગીરી, અપ્રમાણિકતા એ બધાં સમાજજીવનનાં કલંક છે. એ કલંક જવાં જ જોઇએ. સમૂળગાં જવાં જ જોઇએ. પરંતુ કેવળ કાયદાના ગમે તેવા કડક અમલથી એ નહિ જાય. એને માટે ઘણું કરવું જરૂરી છે.

શરાબી શરાબીઓ વચ્ચે વસે છે. જુગારી જુગારીઓ વચ્ચે રહે છે. વેશ્યાઓ અનીતિમાન જગત વચ્ચે રહે છે. તેમનું વાતાવરણ એવું હોય છે, જે એના દુર્ગુણને પોષે છે. એટલે એમને પ્રથમ તો એ વાતાવરણમાંથી ખસેડી લેવાં જોઇએ.

આ દુર્ગુણોનું બીજું કારણ સંજોગ છે. માણસ દુઃખ અને ચિંતા નિવારવા શરાબ પીએ છે. એવા માણસોનાં દુઃખ અને ચિંતાનું નિવારણ સમાજસેવકો અને સરકાર કરી શકે.

બીજા માનવંતા ધંધાને અભાવે માણસ જુગારી બને છે. લાંબે ગાળે એ ટેવ રૂપે પરિણમે છે. માનવંતે માર્ગે રોટી કમાવાનો માર્ગ એમને માટે સરળ બનાવી શકાય, તો જ એ જુગાર છોડે.

સમાજની કુરૂઢીઓ વેશ્યા બનાવે છે. સંજોગ નિર્દોષ અબળાઓને પતનને માર્ગે લઇ જાય છે. ગરીબી અને નીતિના શિક્ષણનો અભાવ એને એ માર્ગે દોરી જાય છે. પછી તો એને માટે પાછા ફરવાનું સ્થાન હોતું નથી. સમાજ એને અપનાવવા તૈયાર નથી હોતો; એટલે એણે ત્યાં જ, એ જ દશામાં જીવન પુરૂં કરવાનું હોય છે. ઉચ્ચ નીતિમાન, અડગ અને ધીર એવા સમાજસેવકોનું સંગઠિત બળ, સરકારના સંપૂર્ણ સહકારથી આ કલંકને સમાજજીવનના દેહ પરથી ભુંસી શકે છે.

આ બધા દુર્ગુણોને ભુંસવા માટે, અને નવા ઉત્પન્ન ન થાય તે માટે ઘણું કરવાની જરૂર છે. બાળકોને બાલ્યાવસ્થામાં શાળાઓમાં આ દુર્ગુણો સામે નફરત પેદા થવી જોઇએ. પુસ્તકો, વર્તમાનપત્રો, પોસ્ટરો, નાટકો અને સીનેમાઓ મારફત આ દુર્ગુણોના ગેરફાયદાથી નાનાં મોટાં સૌને વાકેફ રાખવાં જોઇએ. જબ્બર પ્રચારકાર્ય એને માટે જરૂરી છે.

આ દુર્ગુણોને દુર્ગુણી પોતે દુર્ગુણ તરીકે પીછાણતો હોય છે; એથી એ શરમાતો પણ હોય છે, અને એ શિષ્ટ સમાજમાં ઉંચું માથું લઇને ફરી શકતો નથી. પોતાના દુર્ગુણને જાહેરાત ન મળી જાય, એની એ કાળજી રાખતો હોય છે. માત્ર કોઇએ સુધારવાને પ્રયત્ન ન કર્યો હોય એવા તેના સંજોગો, પોતાની નિર્બળતાને લીધે પોતે ન સુધારી શકે એવી ટેવ અને પોતાના દુર્ગુણને અનુરૂપ મળી ગએલ મિત્રવૃંદ અને વાતાવરણ; આ બધાં કારણોને લીધે એ સુધરી શકતો નથી. એને સુધારવા માટે પ્રખર કાર્યકર્તાઓનો પ્રબળ પુરૂષાર્થ જોઇએ.

દારૂબંધીના કાયદાથી દારૂનો દૈત્ય આ દેશમાંથી જવાનો નથી. ખાનગી ભઠ્ઠીઓ ચાલતી હોય છે, અને તેમાં બનતો દારૂ કરવેરાથી મુકત હોઇને સસ્તો સાંપડે છે. વળી તે છુપી રીતે મેળવવાનો હોવાથી તેનાં કાળાં બજારો પણ થાય છે. પોલીસ, અમલદારો સૌ લાંચરૂશ્વતને આધીન હોય છે. આમ શ્રીમંતો કાયદાને અવગણી શકે છે. મજુરો સાપ્તાહિક રજાને દિવસે શહેરથી દૂર જઇને ખૂબ પીએ છે. અકરાંતીઆની પેઠે આઠ દિવસનું એક દિવસે પી લ્યે છે. પછી બેભાન બને છે અને માણસ મટી પશુ થાય છે. કાયદા માત્રથી આ ટેવ સુધરી શકતી નથી.

દારૂથી થતા વિનાશને દર્શાવનારાં વેધક અને સચોટ નાટકો અને ફિલ્મો દારૂ પીનારા લોકોને અવારનવાર બતાવવા જોઇએ. સમાજસેવકોએ દારૂ પીનારાના સંપર્કમાં રહીને પોતાના શુધ્ધ ચારિત્ર્યની છાપ એમના પર પાડવી જોઇએ. ધીરજ રાખીને લાંબા વખત સુધી એમની વચ્ચે કામ કરવું જોઇએ.

જયાં સુધી કાયદેસર ચાલતાં જુગારખાનાં જેવાં સટ્ટાના બજારો અને ઘોડાની શરતો નાબુદ ન થાય, ત્યાં સુધી જુગારની વૃત્તિ કેમ દૂર થઇ શકે? જેમની પાસે સટ્ટાની પેઢી ચલાવવા જેટલી શકિત નથી, તેઓ ખૂણે ખાંચરે કે અડ્ડાઓમાં જઇ જુગાર ખેલે છે. એવાઓને પ્રમાણિક ધંધે લગાડવાનું કામ સરકારનું છે.

આવું જ છે વેશ્યાગીરીનું. સામાજિક રૂઢીઓ પલટયા વિના, સમાજનું નૈતિક વાતાવરણ ઉંચું આવ્યા વિના, અને કોઇ પણ ગરીબ માણસ પરણીને કુટુંબનું ખર્ચ નીભાવી શકે એવી આર્થિક ઘટના ઉભી થયા વિના આ કલંક ભુંસાય એમ નથી. ઘણીવાર પરિણિત પુરૂષ હલકી સોબતથી આ રસ્તે ચડી જાય છે, અને જાતીય દર્દનો ભોગ બને છે. રોગ નિવારણ માટે તબીબ પાસે જતાં એને સંકોચ થાય છે. આવા પુરૂષો તેમની નિર્દોષ પત્નીઓને પણ આવા ભયંકર રોગના શિકાર બનાવી દે છે. કોઇ સમજુ માણસ કદાચ પોતાની સ્ત્રીને ન સપડાવવાની કાળજી રાખે છે ત્યારે તો તે વધુ અનીતિમાં સપડાય છે, અને પતિ–પત્ની વચ્ચેનો સુમેળ બગડે છે.

આ દુર્ગુણને દૂર કરવા કાયદો યોગ્ય ઉપાય નથી. કાયદાથી વેશ્યાગીરી બંધ કરવા જતાં એ દુર્ગુણ સમાજ વચ્ચે પ્રસરે અને આખા સમાજને ભ્રષ્ટ કરે એ માટે કોઇ કાયદા કે સુધારા કારગત નીવડી શકશે નહિ. ક્રાન્તિકારી ફેરફારો વિના સમાજનું એ કલંક ધોવાઇ શકશે નહિ. ત્યકતાઓને લગ્નવિચ્છેદની છૂટ, વિધવાને પુનર્લગ્નની છૂટ, બેકાર અને જરૂરીયાતવાળી સ્ત્રીઓને રાજય તરફથી નોકરી–ધંધો મળવાની જોગવાઇ, કન્યાઓ માટે ફરજીયાત અને મફત પ્રાથમિક શિક્ષણ વગેરે સગવડો સરકારે કરવી જોઇએ.

કાળાં બજાર, અપ્રમાણિકતા વગેરે દુર્ગુણો પ્રત્યે સમાજમાં હજુ જોઇએ તેટલી નફરત નથી. જેમ શરાબી, જુગારી કે વેશ્યા શિષ્ટ સમાજમાં ભળતાં આંચકો ખાય છે, તેમ કાળાં બજાર અને અપ્રમાણિકતા કરનાર વેપારી કે લાંચરૂશ્વત લેનાર નોકરીયાત સામે એવી નફરત કેળવાવી જોઇએ, કે જેથી શિષ્ટ સમાજમાં ફરવું તેમને ભારે થઇ પડે. કરવેરા ન આપવા આવક છુપાવવી, ખોટા ચોપડા રાખવા, માલમાં સેળભેળ કરવી, એ બધું જાણે સામાન્ય બની ગયું છે. જો સમાજના પ્રામાણિક માણસો એની સામે ઝુંબેશ નહિ ઉપાડે, તો સરકાર એકલી એને પહોંચી શકવાની નથી.

એટલે સરકાર હાલતાં ચાલતાં કાયદાથી પ્રજાને સુધારવાનો પ્રયત્ન કરવાને બદલે સારા માણસો અને સમાજસેવકો સાથે સહકાર સાધી આ દુર્ગુણો દુર કરવાને જો પ્રયત્ન કરશે તો જ કંઇક અંશે સફળ થશે.

જદુભાઈ

# માનવજીવન મહાવ્રત છે.

[શ્રી. કિશોરલાલ મશરૂવાળાના ગુરૂ સાધુચરિત શ્રી. કેદારનાથજી જેઓ તત્ત્વચિંતકો અને વિદ્વાનોમાં 'નાથજી' ના ટુંકા નામથી સુપરિચિત છે, તેમણે સૌરાષ્ટ્રનાં કેટલાંક સ્થળોમાં આપેલાં પ્રવચનો સમાજસેવકોએ વિચારવા યોગ્ય હોઇને અહીં આપવામાં આવે છે.]

**ભાવનગરમાં**

જેમ સવાર અને સાંજ થાય છે, જેમ નદીમાં પાણીનો પ્રવાહ અસ્ખલિત વહે છે, તેમ માનવીનું જીવન પણ ખાસ ધક્કા માર્યા વિના વહનની માફક ચાલ્યું જાય છે. અને એક દિવસ વ્યકિતનું મૃત્યુ આવીને ઉભું રહે છે; ત્યારે એવી કઇ વસ્તુ પ્રાપ્ત કરવાની છે કે જેથી મૃત્યુને વખતે આપણને આશ્વાસન મળે? દરેક માણસ પોતાના ગત જીવનનું અવલોકન કરે, તેના પર વિચાર કરે–કોઇનાં ચાલીસ વર્ષ ગયાં હશે–એને એમ લાગશે કે બધાં સ્વપ્નવત્ ચાલ્યા ગયાં અને ચાલ્યાં જશે, આપણાથી રોકાશે નહિ.

જીવન એવું ગાળવું જોઇએ કે એને અન્તે શોક ન થાય. જ્ઞાન, શીલ, ચારિત્ર્ય, સયમ, વિવેક આદિ માનવતાના ગુણો જો પ્રાપ્ત કર્યા હશે તો જીવનના અન્તકાળે દુઃખ નહિ થાય.

સુખમાં જે માણસ વિવેક અને સંયમ જાળવી શકે તે જ્ઞાની. એ જ રીતે દુઃખમાં ઉદ્વિગ્ન ન બનતાં પોતાનું કર્તવ્ય શાન્તિ, ધીરજ અને પ્રસન્નતાથી કરે તે પણ જ્ઞાની છે.

જીવન સુખ અને દુઃખ બન્નેથી મિશ્રિત છે. માત્ર સુખી કે માત્ર દુઃખી જીવન સંભવિત નથી. તેથી વિવેકી માણસ બેઉ સમયમાં ચિત્તને સ્થિર રાખી કર્તવ્ય કરે છે.

સૌ કોઇ કહે છે કે જીવન સુખને માટે છે. હું કહું છું કે હા, છે. પણ ખરી વાત એ છે કે સુખ શું, એની જ સમજણ પડતી નથી.

હું હજુ એ નથી સમજ્યો કે માનવજીવન એક પ્રકારના સુખ માટે છે. હું તો માનું છું, માનવજીવન કર્તવ્ય માટે છે. તે સુખચેનમાં વિતાવવાની વસ્તુ નથી. માનવજીવન તો મહાવ્રત છે, એ વ્રત જીવનભરનું છે.

બાળક બત્તીને પકડે છે, પણ એકવાર દાઝયા પછી નહિ પકડે. જે દુઃખ આપનાર વસ્તુ છે એને ત્યાગવી એનું નામ વિવેક. આવો વિવેક અનુભવથી આવે છે. પછી એ વિવેક મુજબ ચાલવાની શકિત જોઇએ. એ શકિતનું નામ સાધના અથવા સંયમ.

શરાબી પણ કહેશે કે શરાબ ખરાબ છે, એ મારે છોડવો છે; પણ કોઇ મિત્ર મળી જાય, કે પીઠા પાસેથી નીકળાય, તો મન રહેતું નથી. એનામાં સંયમની શકિત નથી. મન મારૂં છે, પણ એ મારા કાબુમાં ન હોય તો મારૂં શાનું?

આમ વિવેક હોય, પણ સયમ ન હોય, તો નકામું છે. એમ ને એમ ચાલે તો ધીમે ધીમે વિવેક પણ બંધ થઇ જાય. પણ જેને આ મહાવ્રત પૂરૂં કરી કંઇક કમાવું છે, તેને તો વિવેક અને સંયમ જોઇએ જ. સંયમ તો રોકવા માટે છે. આ ઉપરાંત કર્તૃત્વશકિત પણ જરૂરની છે. જેમ સંયમ જરૂરી છે તેમ પ્રેરકબળ પણ જરૂરી છે. તેનું નામ પુરૂષાર્થ.

જીવનનું આ મહાવ્રત પૂર્ણ કરવું હોય, તો વિવેકના સમયે વિવેકી થવું જોઇએ. સંયમ અને પ્રેરકબળ જેને હું પુરૂષાર્થ કહું છું, તે જોઇએ. કયે વખતે કયા બળની જરૂર છે; તે પણ સમજવું જોઇએ.

ડૉકટર પાસે દવા ઘણી હોય, પણ કયી આપવી તે ખબર ન હોય તો કિંમતી દવા દરદીને મારી નાખે; તેમ માનવતા પ્રાપ્ત કરવાનું મહાવ્રત કરવા સાવધાન જ્ઞાનની જરૂર છે.

પાણીમાં તરતાં આવડે છે તેને પાણીમાં આનંદ થાય છે; તે જ પાણીમાં તરતાં ન આવડનાર મરે છે. ટેવ નથી હોતી, એ કામ કઠણ લાગે છે. પણ જીવન એક મહાવ્રત છે એમ માનીને વિતાવવા પ્રયાસ કરીશું તો માનીએ છીએ એટલું કઠીન તે નહિ લાગે. સત્ય આચરવાની થોડી અડચણ છતાં પ્રયાસ કરતાં ધીમે ધીમે આત્મવિશ્વાસ આવી જશે અને પછી તો એ સ્વભાવ બની જશે. એ રીતે માનવતા પણ સ્વભાવ બની જશે.

**રાજકોટમાં**

દેશભકિત સિવાય મનુષ્યનું જીવન વ્યર્થ છે. મન મનોરંજન માટે નથી. ગ્રન્થવાચન પુણ્ય માટે નથી. સારી વસ્તુ જીવનમાં ઉતારવા, ઉપભોગ નહિ પણ જ્ઞાન અનુસાર કર્મની જરૂર છે. તે કિતાબમાંથી નહિ મળે. વાંચી, વિચારીને જીવનમાં ઓતપ્રોત કરવાથી પ્રાપ્ત થાય છે.

ધર્મ, દેશ, સમાજ અને ઇશ્વરને એકબીજાથી અલગ ગણશો નહિ. શ્રદ્ધા અને તર્કના રાહ ઉપર નહિ, પણ અનુભવે પ્રતીતિ કરાવેલા માર્ગ ઉપર કદમ ઉઠાવો. તે કાંઇ સહેલાઇથી નથી આવી જતું. તેને માટે મનની શુદ્ધિ, સ્થિરતા અને દ્રઢતા જરૂરનાં છે. આનાં પુરક તત્ત્વો છે; ત્યાગ અને ધારણાશકિત. નિનિક્ષા વિના પ્રકાશ નથી અને તે વિના પ્રગતિ કે જાગૃતિ નથી. માટે પ્રજામાં પુરૂષાર્થની પ્રબળ ભાવના જગાડો. ઇન્દ્રિયનું સુખ ક્ષણિક છે. બુદ્ધિનું સુખ ઉચ્ચ છે, પણ જેને પરમ શ્રેય કહીએ તે માનસિક સુખની ભાવના દ્વારા સામાજિક વિશ્વાસ ઉત્પન્ન થતાં પ્રજાનું ખમીર કેળવાશે.

આજે વૈયકિતક વૈભવ ક્ષુદ્ર લેખાવો જોઇએ. દ્રવ્ય હોય કે જ્ઞાન, તે સર્વનું હોવું જોઇએ. એવું સામુદાયિક ધ્યેય અને ભાવ જગાડો. તમે આજ દિવસ સુધી રાજાઓની કદમબોસી કરી, અને રાજાઓએ સૂર્ય અને ચંદ્ર સુધી પોતાની પરંપરા સ્થાપવાની મૂર્ખાઇ કરી. પણ પવન જોઇ તેમણે પૂંઠ ફેરવી. છતાં હજુ કેટલાક તેમને ત્યાગવીરો કહી બિરદાવે છે, મોટાં મોટાં વર્ષાસનો બાંધી આપે છે. તે મોટા શાના? તેમને આટલી રિયાસત શાને માટે જોઇએ? માનવકલ્યાણની ભાવનાથી રંગાયા વિના તેમના ત્યાગની દાંડી પીટવી એ તો દંભ છે, અને તે હજુ કાઠિયાવાડમાં જોવામાં આવે છે.

કોંગ્રેસની પ્રતિષ્ઠા તુટતી જાય છે. તેની કમાણી ધૂળમાં મળવાનો સમય આવતો જાય છે. જુદી જુદી દિશાએથી આક્રમણ થઇ રહ્યા છે; તેનું કારણ તપાસવું જરૂરી છે. તેનું મુખ્ય કારણ એ જણાય છે કે તપ કરી લીધા પછી ફળની આકાંક્ષા ન રાખવી જોઇએ તેને બદલે આજે ફળ પ્રાપ્ત કરવા હરિફાઇ ચાલી રહી છે. પડાપડી થઇ રહી છે. મહાત્માજીએ આંકેલો માનવધર્મ મહાત્માજીના દેહવિલય સાથે નાશ પામતો હોય, એવાં ચિહ્નો ક્ષિતિજમાં દેખાય છે. પ્રકાશનો યુગ મહાત્માજી સાથે ગયો, અને જેમ કોઇ યુગપુરૂષ એક હજાર વર્ષે આવે અને નવો પ્રકાશ આપે, તેમ આપણે હવે પછીનાં એક હજાર વર્ષ સુધી અંધારામાં ગોથાં ખાવાં રહ્યાં.

માનવધર્મ ઉપભોગમાં નથી. તે ત્યાગ અને સેવાની સિદ્ધિમાં રહ્યો છે. આ ધર્મ તે રાષ્ટ્રધર્મ છે. તેનો વ્યવસાય ફુલના અને અત્તરના ધંધા જેવો છે. તેથી લેનાર અને વેચનાર બન્ને સુગંધી બને છે. તેની પાસે જવામાં માનવકલ્યાણ છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

(૧)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૩

મુંબઈ: ૧ જુન ૧૯૪૯ બુધવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## હિંસાની એક આડકતરી પ્રતિષ્ઠા

[અરવિંદ કાર્યાલય તરફથી શ્રી અરવિંદના જીવનદર્શનનું અનુશીલન કરતું ' દક્ષિણા ' નામનું એક ત્રૈમાસિક શ્રી. સુન્દરમ્‌ના તંત્રીપણા નીચે કેટલાક સમયથી પ્રગટ કરવામાં આવે છે. આ ત્રૈમાસિકમાં યોગનિષ્ઠ શ્રી અરવિન્દના તત્ત્વજ્ઞાનનું અને તેમના વિચારોનું નિરૂપણ કરતા લેખો મોટા ભાગે પ્રગટ કરવામાં આવે છે. ૧૯૪૮ નવેંબર માસના 'દક્ષિણા' માં શ્રી. અંબાલાલ પુરાણીનો 'અહિંસા' ઉપર એક લાંબો લેખ પ્રગટ થયો છે. ગુજરાતમાં શ્રી. અંબાલાલ પુરાણીને સૌ કોઇ જાણે છે. તેઓ શ્રી. અરવિન્દના આદ્યશિષ્યોમાંના એક છે. શ્રી. અરવિન્દના તેઓ અતિ નિકટવર્તી અનુયાયી હોઇને જૈન પરિભાષામાં વર્ણવીએ તો તેમને શ્રી અવિન્દના એક પ્રમુખ ગણધર તરીકે આપણે ઓળખી શકીએ. 'અહિંસા' ઉપરનો પ્રસ્તુત લેખ પ્રશ્નોત્તરના આકારમાં છે અને લેખના મથાળા ઉપરથી સહજ અનુમાન એવું થાય કે કોઇ હિંસાવાદી પ્રશ્નકારની ધુંચોનું અહિંસાવાદી ઉત્તરદાતાના હાથે સમાધાન કરવાનો આ લેખમાં પ્રયત્ન કરવામાં આવ્યો હશે. પણ તેને બદલે પ્રસ્તુત લેખમાં પ્રશ્નકાર અહિંસાવાદી છે અને તે પ્રશ્નકારના અહિંસાસમર્થ વિધાને કેટલા પાયાવિનાના છે અને આ જગતના સંચાલન અને વિકાસમાં હિંસાનું કેટલું સ્થાન, ફાળો અને આવશ્યકતા છે તે સમજાવવાનો ઉત્તરદાતાના વેશમાં શ્રી. અંબાલાલ પુરાણીનો પ્રયત્ન છે, અને એ કારણે એ લેખ હિંસા અહિંસાના ધોરણે સામાજિક પ્રશ્નોનો વિચાર કરનાર કોઇનું પણ ખાસ ધ્યાન ખેંચે તેવો છે. ઉપર જણાવ્યું તે મુજબ શ્રી. અંબાલાલ પુરાણીનો આખો લેખ અહિંસાની અવગણના કરે છે અને હિંસાને નવી પ્રતિષ્ઠા આપે છે. અનાદિ કાળથી આ સંસારમાં હિંસાની પ્રતિષ્ઠા થતી આવી છે અને એ જ બાબતનું સમર્થન કરવામાં શ્રી. અંબાલાલ પુરાણી કોઇ નવી વાત રજુ કરતા નથી; પણ પ્રશ્ન તો એ થાય છે કે જે સદા સમર્થિત અને પ્રતિષ્ઠિત છે તે હિંસાની આવી વકીલાત કરવાની આજે કોઇ જરૂર હતી ખરી ? આવી રીતે તો અસત્યના, અબ્રહ્મચર્યના, અદત્તાદાનના અને પરિગ્રહના લાભો ગણાવી શકાય અને દુનિયાના વિકાસમાં તે પ્રત્યેક વિકૃતિએ આપેલો ફાળો પણ સુન્દર શબ્દોમાં વર્ણવી શકાય. કારણ કે નૈતિક ધોરણે લેખાતી આ વિકૃતિઓ માનવીની પ્રકૃતિમાં રહેલી વારસાગત વસ્તુઓ છે. અને સત્ અસત્‌નો સારા ખરાબનો સંઘર્ષ એ જ સંસારના સંક્રમણનો પાયો છે. આમ હોવા છતાં પણ કોઇ તત્ત્વવિવેચકને અસત્યનાં, અબ્રહ્મચર્યનાં, અદત્તાદાનનાં કે પરિગ્રહનાં ગુણગાન ગાવાની હજુ જરૂર ભાસી નથી. તો પછી હિંસાની આવી કવિતા રચવા પાછળ શ્રી અંબાલાલ પુરાણીને મન શું પ્રયોજન હશે ? હકીકત એમ છે કે આખા લેખ પાછળ ચોકકસ પ્રકારનું ગાંધીવિરોધી માનસ પ્રગટ થતું જોવામાં આવે છે અને ગાંધીવાદી અહિંસાના ખ્યાલો કેટલા વજુદવિનાના અને વિશ્વનિર્માણને લગતી સાચી સમજણથી કેટલા વંચિત છે એ રજુ કરવાનો શ્રી અંબાલાલ પુરાણીનો પ્રયત્ન હોય એમ લાગે છે. આ લેખની યોગ્ય સમાલોચના કરવા મેં પંડિત સુખલાલજીને વિનંતિ કરી. તેના જવાબમાં તેમણે એક સુન્દર સમાલોચના લખી મોકલી. આ સમાલોચનાનું હાર્દ-જ્યાં સુધી શ્રી. અંબાલાલ પુરાણીના મૂળ લેખનો સાર પ્રબુધ્ધ જૈનના વાંચકોના જાણવામાં ન આવે ત્યાં સુધી-વાંચકો યથા પ્રકારે ગ્રહણ કરી નહિ શકે એમ લાગ્યું. તેથી મૂળ લેખનો સાર તૈયાર કરવા વિચાર કર્યો. પણ પ્રશ્નોત્તરના આકારમાં લખાયલા એ લેખનો સાર તારવવાનું કાર્ય અત્યન્ત દુર્ઘટ લાગ્યું. વળી ગમે તેટલો સુસંકલિત સાર પણ શ્રી. અંબાલાલ પુરાણીના સમગ્ર મન્તવ્યને સંપૂર્ણપણે રજુ કરી શકશે કે કેમ એ વિષે શંકા અનુભવી. પરિણામે મૂળ લેખ જેવો છે તેવો ઘણો લાંબો હોવા છતાં પણ અહિં પ્રગટ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ લેખ દ્વારા હિંસા તેમજ અહિંસાને લગતા ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુઓ વાંચકોના ધ્યાનમાં આવશે અને આ પણ અહિંસાના વિષય પરત્વે એક પ્રકારની વિચારકેળવણી તો છે જ. પંડિત સુખલાલજીની સમાલોચના જગ્યાના અભાવે આ અંકમાં આપવાને બદલે આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. દક્ષિણામાં પ્રગટ થએલ શ્રી અંબાલાલ પુરાણીનો અહિંસા ઉપરનો લેખ નીચે મુજબ છેઃ- **પરમાનંદ**]

પ્રશ્ન : અહિંસાનો રાજકીય નીતિ તરીકે સ્વીકાર કરીને હિંદે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં અને માનવ સંસ્કૃતિની પ્રગતિમાં પોતાનો ખાસ ફાળો નોંધાવ્યો ગણાય. અને કાંઇ નહિ તો એ અદ્વિતીય ફાળાને કારણે હિંદને જગતની ત્રણ મહાન પ્રજાઓની હારમાં સ્થાન મળવું જોઇએ એમ તમને નથી લાગતું ?

ઉત્તર : એ સિવાય પણ બીજાં ઘણાં કારણોને લઇને હું ધારૂં છું કે હિંદ કદાચ વધારે ઊંચા સ્થાનનું અધિકારી છે. અને અહિંસાના સ્વીકારથી જગતના પ્રશ્નોનો રામબાણ ઇલાજ મળી ગયો છે એવું મને નથી લાગતું,-જોકે હિંદ જેવી નિઃશસ્ત્ર (હતી તે) અને નિર્બળ (હતી તે) પ્રજા, જેની સંસ્કૃતિમાં ધાર્મિકતા અને શાંતિપ્રિયતા આગળ પડતાં લક્ષણો છે તે એનો સ્વીકાર કરે એ એક રીતે સ્વાભાવિક ગણાય-અને હિંદના હાથમાં બીજા કોઇ દેશના કરતાં એ શસ્ત્ર સફળ થવાની આશા અને શક્યતા પણ ઘણી વધારે છે.

પરંતુ હિંદમાં પણ તમે જોયું હશે કે એના પ્રયોગો અને સફળતા બન્ને કેટલાં મર્યાદિત હતાં. અને એનાં કારણો હું ધારૂં છું કે સુવિદિત છે.

પ્રશ્ન : હિંદે અહિંસાની નીતિનો સ્વીકાર કર્યો એ હકીકત જ હિંદની પ્રજા બીજી પ્રજાઓ કરતાં આધ્યાત્મિક વિકાસમાં વધારે આગળ વધેલી છે એમ પુરવાર નથી કરતી ? અને રાજકીય પ્રશ્નોના ઉકેલ માટે અહિંસા એક સંપૂર્ણ અને અમોઘ હથિયાર નથી ?

ઉત્તર : આ પ્રશ્નની વિચારણામાં ઘણા હિંદીઓ જુદાંજુદાં દૃષ્ટિબિંદુઓનો ખીચડો કરી નાખે છે અને પરિણામે વિચારણામાં

અવ્યવસ્થા અને અસ્પષ્ટતા લાવે છે. અહિંસાનાં જુદાંજુદાં સ્વરૂપો છે : વ્યક્તિગત આંતર્ વિકાસના સાધન તરીકે એનું સ્વરૂપ એક છે, સામાજિક અને રાજકીય—સામુદાયિક અન્યાયોના ઇલાજ તરીકે એનું સ્વરૂપ જુદું જ પડે છે, નૈતિક શક્તિ તરીકે તેનો વિચાર થઇ શકે છે, તો કેટલીક વાર યુદ્ધના પ્રતિસ્પર્ધી ઇલાજ તરીકે પણ એનો વિચાર થતો જોવામાં આવે છે.

પ્રશ્ન : પરંતુ, ખરૂં જોતાં અહિંસા અને સત્ય બન્નેને એક બીજાથી છુટા નહિ પાડી શકાય. જે માણસ સત્યનો ઉપાસક હશે તેને અહિંસાનું પાલન કરવું જ પડશે, અને તેને માટે તે સહેલું પણ હશે. અને હિંસાની જરૂર જ નહિ પડે, કારણ કે સત્યમાં રહેલી સ્વયંભૂ શક્તિ ઉપર જ તે નિર્ભર રહી શકશે. આમ જોતાં જણાશે કે સત્ય અને અહિંસા એ બે એક જ સિક્કાની બે બાજુઓ છે. આજે જગતને અહિંસા જે સત્યનું જ બીજું નામ છે તેની ઘણી જ જરૂર છે. હું ધારૂં છું કે જગતે હિંસાનો અનુભવ ધરાઇને લીધો છે.

ઉત્તર : માણસે અત્યાર સુધીના ઇતિહાસ દરમિયાન અનેક પ્રકારના ઇલાજો અજમાવ્યા છે, અત્યાર સુધી એકલી હિંસા જ તેણે અજમાવી છે એવું નથી. એટલે અહિંસા તદ્દન નવી વસ્તુ નથી. વળી, તમે જેને હિંસા કહો છો તેનાથી જગતને કાંઇ જ લાભ થયો નથી એમ પુરવાર કરવું મુશ્કેલ છે. તમારા કહેવાનો ભાવાર્થ એવો છે કે અહિંસા એ જ જીવનનું મૌલિક, આખરી, એકમાત્ર સત્ય છે. એ પ્રમાણે હોય તો આપણે 'સત્ય એટલે શું ?' એ પ્રશ્ન પહેલાં વિચારવો જોઇએ

પ્રશ્ન : જીવન માત્ર પવિત્ર છે, દિવ્ય છે. પ્રાણીમાત્રમાં એક જ આત્મા વસે છે એ મહાસૂત્રને સાચા હૃદયથી જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરનાર પ્રત્યેક માણસ આખરે અહિંસાનો સ્વીકાર કર્યા વિના ભાગ્યે રહી શકે. અહિંસા એટલે કોઇને ય મનસા વાચા કર્મણા નુકસાન ન કરવું—નુકસાન કરવાનો વિચાર પણ ન કરવો—તે. બને તો અન્યને ખાતર, અથવા તો પોતાને જે સત્ય લાગતું હોય તેને ખાતર પોતાનો ભોગ આપી દેવો, સહન કરવાને તૈયાર રહેવું, જરૂર હોય ત્યાં દુઃખને અને મોતને પણ આમંત્રણ આપવું અને એ સૂત્રને જીવનના ઊંચામાં ઊંચા નિયમ તરીકે પાળવું એનું નામ અહિંસા. આવી અહિંસા નિર્બળનું નહિ પણ સમર્થમાં સમર્થ માનવનું હથિયાર છે.

ઉત્તર : સર્વમાં વ્યાપેલો જે આત્મા છે તે તો કોઇને મારતો નથી, તેમ કોઇથી મરતો નથી, કારણ કે તે શસ્ત્રથી છેદાતો નથી. એટલે હિંસાથી આત્મા તો નાશ પામતો નથી. વળી, શરીરનો વિનાશ ન કરવા ઉપર એટલો બધો ભાર મૂકતાં આપણે એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે શરીર કરતાં વધારે મૂલ્યવાન વસ્તુઓ માનવ જીવનમાં હોઇ શકે છે, જેમને માટે શરીરનો ભોગ આપતાં માણસ અચકાતો નથી. એટલે શરીરની હિંસાને એટલું બધું મહત્ત્વ આપવું એ પણ એક લેખે અતિશયોક્તિ ભરેલું લાગે છે.

પ્રશ્ન: આ તો તમે મિથ્યાવાદી જેવી દલીલો કરો છો. જીવનના એક મહાન નિયમ તરીકે હિંસા કરતાં અહિંસા વધારે ઉચ્ચ છે એ વિષે તમને શંકા છે ?

ઉત્તર : ના, પણ પ્રશ્ન એ છે કે હિંસા કોને કહેવાય ? અને એનો આરંભ ક્યાંથી થાય છે ?

પ્રશ્ન: કોઇ પણ પ્રાણીને કોઇ પણ હેતુથી પ્રેરાઇને નુકસાન કરવાની કે દુઃખી કરવાની સભાન વૃત્તિ કે ઇચ્છા એનું નામ હિંસા. વળી હિંસા જેવી સાદી સીધી બાબત સમજવા માટે શું તમારે ભાષ્યની મદદ જોઇએ છે ? છેલ્લાં છ સાત વર્ષ આખું જગત શું કરી રહ્યું છે તે તરફ નજર કરશો તો તમને વગર પ્રયત્ને સમજાઇ જશે કે હિંસા શી વસ્તુ છે !

ઉત્તરઃ હું સમજું છું ત્યાં સુધી તમે અહિંસાને પરમ ઇષ્ટ ગણો છો અને એ માન્યતાને પરિણામે વ્યવહારમાં પણ અહિંસાના સંપૂર્ણ પાલનની આશા રાખો છો અને હિમાયત કરો છો. અત્યારના માનવજીવનમાં—તે ઇષ્ટ છે કે નહિ એ પ્રશ્ન બાજુએ રાખતાં એવી અહિંસા મને શક્ય જ લાગતી નથી.

પ્રશ્નઃ તમને ખરેખર એમ લાગે છે ?

ઉત્તર : હા, ખરેખર, અને ખાતરીપૂર્વક. કારણ કે અહિંસાના પાલનમાં મુશ્કેલી એ છે કે કોઇને કોઇ રૂપમાં અન્યના જીવનને પોતામાં સમાવ્યા વિના જીવન ટકી શકે તેમ નથી. એટલે તમારા દૃષ્ટિબિંદુથી તો જીવવું એ જ અહિંસાનું કાર્ય ઠરે, ખરૂં કે નહિ ?

પ્રશ્ન : અલબત્ત, અહિંસાને એટલે દૂર ખેંચવાની વાત હું કરતો નથી. પરંતુ બની શકે ત્યાં સુધી માણસે હિંસાનો ત્યાગ કરીને, અહિંસાને વધારે ઉચ્ચ આધ્યાત્મિક માર્ગ તરીકે સ્વીકારવી જોઇએ, એમ મારૂં કહેવાનું છે. સંપૂર્ણ અહિંસાનું પાલન માણસ કરી શકતો નથી એ ખરૂં જોતાં માણસની નિર્બળતા છે. એથી હિંસા સકારણ કેવી રીતે ઠરે ?

ઉત્તરઃ પ્રકૃતિ તરફ જરા નજર કરો. ત્યાં વિરાટ વિશ્વપ્રકૃતિમાં નીતિઅનીતિનાં ધોરણો નથી. ત્યાં મોટી માછલીઓ નાની માછલીઓને ખાય છે. એમને એ પ્રેરણા કોણ આપે છે ? અને વાઘમાં રહીને બકરાને કોણ મારે છે એ વિષે વિચાર કર્યો છે ? તમને નથી લાગતું કે તમે જેને હિંસા કહો છો તેને જીવનના બંધારણમાં જ સ્થાન છે ?

પ્રશ્નઃ તમે તો અર્થ વગરનું બોલો છો ! માણસ કાંઇ માછલું કે વાઘ નથી. ઊલટું પશુમાંથી માણસને જુદો પાડનાર ગુણ અહિંસા છે એમ કહી શકાય.

ઉત્તર : હું એમ કહેવા જતો હતો કે લોભ અને મહેચ્છાને સંતોષવા ખાતર તેમ આદર્શને માટે, યા તો સિદ્ધાંત કે ધર્મને ખાતર વ્યવસ્થિત યુદ્ધ કરવાની શક્તિ સઘળી પ્રાણીસૃષ્ટિમાં એકલા માણસમાં જ છે. એટલે વ્યવસ્થિત યુધ્ધ કરવાના ગુણ વડે માણસ અન્ય પ્રાણીઓથી જુદો પડે છે એમ પણ કહી શકાય ! પણ મૂળ મુદ્દા પર આવતાં, વાઘનું ઉદાહરણ આપીને માણસ અને વાઘ સરખા છે એમ તો હું કહેવા નથી જ માગતો. મારૂં કહેવાનું એમ છે કે તમે જેને હિંસા કહો છો તેને કુદરતમાં અગત્યનું સ્થાન રહેલું જણાય છે અને આપણે જોવાનું એ છે કે એ સ્વાભાવિક વૃત્તિને માણસના જીવનમાં કેવું અને કેટલું સ્થાન હોવું જોઇએ.

પ્રશ્ન : જીવનને ટકાવી રાખવું એ જીવનનો પ્રથમ નિયમ છે એ તો હું સ્વીકારૂં છું. અને જીવવાને માટે હિંસા આવશ્યક હોય તો માણસની માણસાઇ ઓછામાં ઓછી હિંસા કરીને પોતાનું જીવન ટકાવવામાં રહેલી છે.

ઉત્તર : શુદ્ધ આદર્શની દૃષ્ટિએ ઓછી કે વધારે હિંસામાં કશો ફેર પડશે નહિ. 'ઓછામાં ઓછી હિંસા' કાંઇ હિંસા ઓછી મટી જવાની હતી ? માણસ ખાય છે ત્યારે કોઇ ને કોઇ સ્વરૂપમાં તે જીવનનું જ ભક્ષણ કરે છે. એટલે તમારી માન્યતા પ્રમાણે એવો માણસ પણ અહિંસાનું પાલન કરી શકશે નહિ.

પ્રશ્ન : એમાં પણ અન્ય જીવોની હિંસા ન કરવી પડે એવો ખોરાક તેણે લેવો જોઇએ.

ઉત્તર : વનસ્પતિનો ખોરાક પણ જીવનનો જ ખોરાક થયો ને ?

પ્રશ્ન : પણ એમાં જીવન ઓછું વિકાસ પામેલું હોય છે એટલે એમાં હિંસા ઓછી રહેલી છે.

ઉત્તરઃ વનસ્પતિનાં અને બીજી જીવનવાળી વસ્તુઓનાં પ્રતિકાર્યો આપણને પ્રત્યક્ષ દેખાતાં નથી તેથી કાંઇ એમ કહી શકાય

ખરૂં કે એમની હિંસા થતાં એમને ઓછી લાગણી કે ઓછું દુઃખ થાય છે? અને એમાં ઓછી હિંસા શી રીતે થાય છે? અદર્શની દૃષ્ટિએ તો હિંસા થઇ જ ને? તમે જે પ્રકારનો અહિંસાનો આદર્શ કલ્પો છો તે જીવનનું અંતિમ સત્ય કે આખરી વાસ્તવિકતા છે એમ મને લાગતું નથી. કારણ કે જીવનના પોતાના બંધારણમાં જ કાંઇક એવું છે કે તમે જેને હિંસા કહો છો તેના વિના અત્યારે તો તે ટકી શકે તેમ નથી.

પ્રશ્ન: તો શું તમે એમ કહેવા માગો છો કે સર્વ શિવસ્વરૂપ, દયાસાગર પ્રેમસ્વરૂપ કરૂણામય પ્રભુએ માનવને માટે ક્રૂરતા અને હિંસા નિર્માણ કર્યાં છે?

ઉત્તર: ઇશ્વરે અમુક પ્રકારનું નિર્માણ કર્યું છે એવું મેં કહ્યું જ નથી. તમારે મન અહિંસા એ જીવનનું ઊંચામાં ઊંચું અને આખરી સત્ય છે. હું તો તમને એટલું જ બતાવવા માગું છું કે જીવન જેવું છે તેવું તમે જેને હિંસા ગણો છો તેના પર પણ પ્રતિષ્ઠિત છે.

"ઇશ્વર શિવસ્વરૂપ, દયાસાગર અને કરૂણામય છે"—એ વિષે તો ઉમેરી શકાય કે એ બધા માનવને પસંદ આવતા ગુણોમાં જ આપણે સર્વશક્તિમાન અનંત ઇશ્વરને મર્યાદિત નહિ કરી શકીએ.

પ્રશ્ન: તો, તમે શું પ્રભુને શિવસ્વરૂપ, પ્રેમસ્વરૂપ અને કરૂણામય નથી માનતા?

ઉત્તર: હું માનું છું, પરંતુ પ્રભુ એટલો તો મહાન, એટલો તો અસીમ છે કે આપણા મનને પરસ્પર વિરોધી લગે એવા ગુણો એનામાં એકી વખતે આશ્રય લઇ શકે છે એમ મને લાગે છે. દાખલા તરીકે, સૃષ્ટિના સર્જક તરીકે તે બ્રહ્મા છે, પોષક અને ધારક તરીકે વિષ્ણુ છે, તો રુદ્ર તરીકે વિનાશક પણ તે જ છે. તાંત્રિકોના મત પ્રમાણે આદ્યા પરા શક્તિમા ભગવતી દુર્ગા છે, જગત્‌જનની છે તે જ કાલી પણ છે. ગીતામાં લોકક્ષય કરનાર કાલ હું છું એમ કહેલું છે તે આ જ સત્ય દર્શાવે છે.

એટલે બીજા ધર્મો કે દર્શનોનું ગમે તે હોય પણ આપણા હિંદનાં દર્શનોએ અને ધર્મોએ તો પ્રભુના આ વિનાશક સ્વરૂપનો પણ દિવ્ય તરીકે સ્વીકાર કર્યો છે.

પ્રશ્ન: પ્રભુના વિનાશક સ્વરૂપનો સ્વીકાર કરવો એનો અર્થ શું એવો થાય છે કે માણસોએ તેનું અનુસરણ કરવું જોઇએ? માણસોએ તો પ્રભુના શુભ ગુણોવાળા સ્વરૂપને જ અનુસરવું જોઇએ, ખરું કે નહિ?

ઉત્તર: એ પ્રમાણે કરવાથી માણસને પ્રભુના સમગ્ર સ્વરૂપનું જ્ઞાન નહિ થાય, માણસને પસંદ હોય એવા ગુણોવાળા સ્વરૂપને જ તે જાણી શકશે વળી, હું એમ નથી કહેતો કે માણસોએ રુદ્ર-સ્વરૂપનું અનુકરણ કે અનુસરણ કરવું જોઇએ. હું તો એમ કહેવા માંગું છું કે રુદ્રસ્વરૂપનું જીવનમાં શું સ્થાન છે તે જાણવું જોઇએ અને એનું જીવનમાં કોઇ પણ સ્થાન હોય તો તેને સમજવા, અને તેની સાથે સમાધન કરવા પ્રયત્ન કરવો જોઇએ. પ્રભુના પ્રત્યેક સ્વરૂપની અંદર જીવનમાં કાર્ય કરી રહેલ એવું કાંઇ ને કાંઇ સત્ય હોય છે એમ હું માનું છું.

પ્રશ્ન: મૃત્યુ અને વિનાશના પ્રભુને માણસ કેવી રીતે ચાહી શકે?

ઉત્તર: સત્યનો નિર્ણય આપણા મનની પસંદગી નાપસંદગી પર હમેશાં કરી શકાય ખરો? મને લાગે છે કે પ્રભુના શિવસ્વરૂપની સમજ તેના રૂદ્રસ્વરૂપની સમજ વિના અધૂરી જ રહેવાની.

પ્રશ્ન: તમે કહો છો તેમ હિંસાનો સ્વીકાર કરવાથી કાંઇ માનવ જાતિના કોયડાનો ઉકેલ આવતો નથી. હિંસા કરવાથી ઊલટી હિંસા જ વધે છે. પરંતુ અહિંસા, શેકસપીયર દયા વિષે કહે છે તેમ, બેવડી આશીર્વાદ સમાન છે. એનું આચરણ કરે છે તેને તે આશીર્વાદ સમાન છે અને જેના પ્રત્યે તે આચરાય છે તેનું પણ તે કલ્યાણ કરતી હોવાથી તેને પણ આશીર્વાદરૂપ છે.

ઉત્તર: માનવ જાતિના પ્રશ્નોના ઉકેલ વિષે તો સામાન્ય સિધ્ધાંત તરીકે આપણે કહી શકીએ કે કલહ, વિસંવાદ અને જુદાઇ કરતાં એકતા, સંવાદ, સહકાર વગેરે વધારે ઉચ્ચ પ્રકારની શક્તિઓ છે. આપણે તો અત્યારે આખરી આદર્શ તરીકે અહિંસાના મૂલ્યનો અને સમગ્ર જીવનના ઉકેલ તરીકે એનો વિચાર કરતા હતા. માનવ જીવનના કોયડાઓના ઉકેલ તરીકે આપણે એનો વિચાર કર્યો જ ન હતો. પરંતુ એટલું તો જોઇ શકશો કે માણસના જીવનમાંથી કલહના તત્ત્વને, એટલે કે હિંસાને એકદમ અને પૂરેપૂરી દૂર કરી દેવી શકય નથી. વ્યવહારૂ દૃષ્ટિએ વિચારતાં પણ આપણને જણાશે કે વ્યક્તિ પાસે સંપૂર્ણ અહિંસાના પાલનની આશા રાખવી એટલે સામાન્ય માણસ શહીદ બની જાય એવી આશા રાખવા બરાબર છે. અને આખી પ્રજા એવી શહીદી આચરે એવી આશા રાખવી એ તો મને લાગે છે કે ઘણું વધારે પડતું છે.

પ્રશ્ન: બધા જ માણસો અહિંસાનું પાલન કરે તો માણસ જાતના બધા ઝગડાઓનું નિરાકરણ લાવવાનો એ સારામાં સારો ઇલાજ નથી?

ઉત્તર: એ જ છે ને! બધાને અહિંસાનું પાલન કરતા કેવી રીતે કરવા? એક મારો બહુ જ સાદી બુદ્ધિવાળો મિત્ર હમેશાં કહેતો કે હિંદમાં ચાલીસ કરોડ રૂપિયા એકઠા કરવા એ સહેલામાં સહેલું છે કારણ કે એકએક જણ એક રૂપિયો આપે તો ૪૦ કરોડ થઇ જાય!

પરંતુ તમે પોતે તમારૂં દ્રષ્ટિબિંદુ બદલ્યું તે તમારી ધ્યાનમાં પણ નથી એમ મને લાગે છે. અત્યાર સુધી એક આધ્યામિક સત્ય તરીકે અહિંસાનો સ્વીકાર કરવા વિષે તમે કહેતા હતા. હવે તમે જીવનના પ્રશ્નોના ઉકેલ તરીકે એની હિમાયત કરો છો. વળી બધા જ એનો સ્વીકાર કરે તો પ્રશ્નોના ઉકેલ આવે એમ પણ માનો છો એટલે તમારી નજર બાહ્ય સફળતા તરફ અને કાંઇક બાંધછોડ કરવા તરફ રહેશે એમ પણ મને લાગે છે.

પ્રશ્ન: તમે જીવનને સમગ્ર રૂપે વિચારો તો પછી બાહ્ય અને આંતર વચ્ચે તમે તફાવત કરી શકશો ખરા? એટલે અંદરના જીવનની આધ્યામિક સાધના તરીકે અને સામાજિક અને રાજકીય પ્રશ્નોના સફળ ઇલાજ તરીકે, એમ બન્ને રીતે અહિંસા ઉપયોગી ન થઇ શકે?

ઉત્તર: એમાં તો ઘણો ફેર પડી જાય! અહિંસાને આધ્યાત્મિક ઉન્નતિના એક સાધન તરીકે વાપરવી એ એક વસ્તુ છે અને બાહ્ય પરિણામો લાવવા માટેના એક ઇલાજ તરીકે વાપરવી એ જુદી જ બાબત છે. આધ્યાત્મિક ઉન્નતિને માટે અહિંસાનું આચરણ કરનાર માણસ એક એવી ચેતનાવસ્થાને પહોંચવા માગે છે જેમાં સર્વ પ્રકારના પ્રેરક અને ઉત્તેજક કારણોની વચ્ચે પણ પોતે શાંત અને અહિંસામય રહી શકે. એની દૃષ્ટિએ અંતરની અહિંસાવાળી સ્થિતિ જાળવવી એ જ મુખ્ય ધ્યેય છે. અંતરની અહિંસામય સ્થિતિનો જરા પણ ભંગ ન થાય એ એને મન અતિ આવશ્યક છે. અહિંસાના પાલનથી કોઇ બાહ્ય પરિણામો આવે છે કે નહિ એ બાબત એને મન ગૌણ હોય છે.

પરંતુ સામાજિક કે રાજકીય અન્યાયને દૂર કરનાર અહિંસાનો પ્રયોગ કરીને બાહ્ય પરિણામો માટે આશા રાખે છે અને તેમને માટે જ મુખ્યત્વે કાર્ય કરે છે.

પ્રશ્ન: જો અહિંસા એ ઉંચામાં ઉંચું સત્ય હોય તો બાહ્ય જીવનમાં પણ એનો પ્રયોગ સફળ થવો જોઇએ. એટલા માટે જ

હું ધારું છું કે મહાત્મા ગાંધી જેવા અહિંસાના મહાન પયગંબર અહિંસા પર રચાયેલા નવીન સમાજનું સંગઠન કરવા માટે પ્રયત્ન કરતા હતા.

ઉત્તરઃ જીવનનું ઉંચામાં ઉંચું સત્ય અહિંસા છે એવું પુરવાર કરવાનું રહે છે. અહિંસામાં કાંઇક સત્ય રહેલું છે અને જે માણસોને એમાં રહેલા સત્યનો સાક્ષાત્કાર કરવો હોય તેમને માટે તે શકય છે એ તો નિર્વિવાદ છે. પરંતુ માનવ પ્રકૃતિમાં સમૂળું રૂપાંતર થાય નહિ ત્યાં સુધી બધા માણસોમાં એનો સાક્ષાત્કાર શકય નથી અને માનવ પ્રકૃતિમાં એવો ફેરફાર કરવો હોય તો કાંઇ પણ બહારના ઉપાયોથી–સંસ્થાઓ વડે કે બંધારણ વડે કે કાર્યક્રમ વડે લાવી શકાય તેમ નથી. એને માટે માણસના અંતરમાં જાગૃતિ આવવી જોઇએ. એવો અધિકાર પ્રાપ્ત ન થયો હોય ત્યાં સુધી અહિંસાનો સાક્ષાત્કાર શકય નથી.

પ્રશ્ન : પરંતુ હિંસાથી તો હિંસા જ ચિરંજીવી નથી બનતી? માણસો હિંસાનો ત્યાગ કરશે ત્યારે જ જગતમાં શાંતિ અને સુલેહ સ્થાપન થઇ શકશે.

ઉત્તર : પ્રાચીનો આ પ્રશ્નને જુદી રીતે વિચારતા, જોકે અહિંસાના ઇલાજથી એ લોકો સુપરિચિત હતા. એમણે માણસની અંદર રહેલ આત્મરક્ષા માટે લડવાની વૃત્તિનો સ્વીકાર કર્યો અને સામાજિક જીવનમાં કોઇ ઉચ્ચ આદર્શ અને ધોરણ ટકાવવા માટે તથા સાથે સાથે વ્યકિતનો વિકાસ સાધવા માટે પણ તેનો ઉપયોગ કર્યો. હિંદમાં ક્ષત્રિયનો ધર્મ, જાપાનમાં સામુરાઇનો આદર્શ, યુરોપના મધ્ય યુગમાં નાઇટ્સનો આદર્શ કાંઇક અંશે એ જ દિશામાં થયેલા પ્રયત્નો હતા. હિંદમાં ધર્મનું રક્ષણ કરવું એ ક્ષત્રિયની ફરજ હતી. ક્ષત્રિય જુલમગાર બની શકે નહિ કારણ કે એનો ધર્મ જ નિર્બળનું રક્ષણ કરવું, જુલમમાં પિસાયેલા હોય તેમને મુકત કરવા, અનિષ્ટની સામે થવું. કેટલીક વાર અમુક અનિષ્ટ વડે જીવનારા માણસોનો વિનાશ કર્યા વિના સમાજનું તે અનિષ્ટ દુર થઇ શકતું નથી તો એવા માણસોનો વિનાશ કરવો એ પણ ક્ષત્રિયની ફરજ હતી. આ રીતે આપણને જણાશે કે પ્રાચીન કાળમાં યોદ્ધાનો ધર્મ માણસની પ્રગતિને રોકતો નહિ એટલું જ નહિ પરંતુ તેની પ્રગતિ કરવામાં મદદ કરતો હતો.

પ્રશ્નઃ પરંતુ એટલા ઉપરથી અહિંસાનો આદર્શ ઓછો મહાન ઠરે છે ખરો? કારણ કે ક્ષત્રિયનો આદર્શ ધર્મ યુધ્ધ ભલે હો પણ એમાં હિંસા તો આવે જ ને? વળી, અહિંસા જ જીવનનો રક્ષક નિયમ છે. કુટુંબ, સમાજ અને પ્રજા વગેરેનો વિકાસ અહિંસાને આભારી છે એ તમે કબૂલ કરશો.

ઉત્તરઃ એ તો સાચું છે જ કે સહકાર્ય, સુલેહ અને સંવાદ માનવજીવનનાં પોષક, વિકાસમાં મદદ કરનારાં તત્ત્વો છે, પરંતુ સહકાર્ય વગેરે યુદ્ધમાં પણ મદદ કરનારાં હોઇ શકે છે. માણસના આજના જીવનમાં સંઘર્ષને, કલહને અને યુધ્ધને સ્થાન જ નથી યા તો એને લઇને માણસને અત્યાર સુધી નુકસાન જ થયું છે એમ માનવું એ પણ બરાબર લાગતું નથી.

પ્રશ્ન : પણ તમને નથી લાગતું કે સંઘર્ષને અને તેના સૌથી વધારે તીવ્ર યુદ્ધને લઇને, એટલે કે હિંસાથી માનવનું પતન, તેની અવનતિ થઇ છે?

ઉત્તર : યુદ્ધોને લઇને માનવની હમેશાં અધોગતિ જ થઇ છે ખરી? એ પ્રશ્ન ખરૂં જોતાં આપણે વિચારવાનો છે. મને લાગે છે કે એવી અવનતિ હમેશાં થઇ છે એમ સાબિત કરવું મુશ્કેલ છે.

પ્રશ્ન : આ બે વિશ્વયુદ્ધોમાં માણસે કયાંકયાં હીણાં અને હિંસાત્મક કામો કર્યાં છે અને એને પરિણામે માણસોની કેટલી અવનતિ થઇ છે તેનો તમને ખયાલ હોય એમ લાગતું નથી.

ઉત્તરઃ અપૂર્વ આપત્તિઓ અને હોનારતો માણસ જાતિના ઉપર વધતી ગઇ છે એ સાચું છે. પરંતુ એ યુધ્ધોએ માણસોમાં ઉદાત્તતા અને સાદર્શપ્રિયતા પણ જાગ્રત નથી કરી એમ નથી. યુદ્ધોએ આદર્શને માટે મરતાં પણ માણસને શિખવાડયું છે.

પ્રશ્નઃ પણ પોતાના દુશ્મનને નુકસાન કર્યા વિના જાતે મરતાં શીખવું એ કેટલું વધારે ઉદાત્ત, અને કેટલું વધારે મહાન છે?

ઉત્તરઃ મહાન ઇસુ ખ્રિસ્તે એ સત્યને શીખવ્યું છે. કમનસીબે માણસજાતે એના અનુસરણ કરતાં એનો ભંગ જ વધારે કર્યો છે.

પ્રશ્નઃ અહિંસાને એક ધાર્મિક માન્યતા બનાવવાને બદલે મહાત્મા ગાંધીજીએ એને જીવનનો સક્રિય નિયમ બનાવ્યો તેમ ખ્રિસ્તે કર્યું હોત તો વધારે સારૂં પરિણામ આવત.

ઉત્તર : મને લાગે છે કે એ બાબતમાં ઇસુ ખ્રિસ્તનું જ્ઞાન વધારે સંગીન હતું. કારણ કે ધર્મના એક મંતવ્ય તરીકે પણ અહિંસાનું અનુસરણ કેટલું ઓછું થયું છે? કોઇ પણ પ્રકારની આધ્યાત્મિક વૃત્તિવાળા માણસને જયારે અહિંસાનું પાલન કરીને દુઃખ સહન કરવાનું આવે છે ત્યારે એની પ્રાણમય સત્તા સહન કરવાને પરિણામે બળવાન થાય છે, પરંતુ એની સમસ્ત અશુદ્ધ પ્રકૃતિમાં શુદ્ધિ આવી જતી નથી. જયારે એના પ્રાણમાં પૂરતું સામર્થ્ય એકત્રિત થાય છે ત્યારે જુલમ કરનારની કે અનિષ્ટની, સામે થઇને એ તેનો વિનાશ કર્યા વિના રહેતો નથી. મુસલમાન ધર્મના આરંભમાં એના ઉપર જુલમ થયો જેનો એણે અહિંસાપૂર્વક સામનો કર્યો. પણ આખરે જુલમગારો સામે લડીને તેમને હરાવ્યા અને હિંસાનો આશ્રય લીધો. રોમમાં ખ્રિસ્તી ધર્મનું પણ એ જ પ્રમાણે બન્યું. અને ઇંગ્લાંડમાં પ્યુરિટન સંપ્રદાય પણ એમનું જ ઉદાહરણ ગણાય. જયારે રોમન લોકોએ ખ્રિસ્તીઓ ઉપર જુલમો કર્યા ત્યારે તેમણે શાંતિપૂર્વક એ બધા સહન કર્યા. પરિણામે ખ્રિસ્તી લોકો સમર્થ બન્યા અને સત્તા એમના હાથમાં આવી. અને જયારે ખ્રિસ્તી લોકોના હાથમાં સત્તા આવી ત્યારે ખ્રિસ્તી ધર્મ પ્રમાણે અહિંસાનું આચરણ કરવાને બદલે જેઓ ખ્રિસ્તી ન હતા તેમના પર તેમણે બેસુમાર જુલમો ગુજાર્યા! અને ખૂબી તો એ છે કે એ રીતે પોતે હિંસા કરતા હતા ત્યારે પણ એમ માનતા હતા કે જેમના પર પોતે જુલમ ગુજારતા હતા તેમને માટે એ લાભદાયક હતું!

પ્રશ્ન : હિંસામાં આપણે બીજાને દુઃખ સહન કરાવીએ છીએ, અહિંસામાં આપણે જાતના પર દુઃખ વહોરી લઇએ છીએ. ઉદાહરણ તરીકે ઉપવાસ એ અહિંસાની એક પદ્ધતિ છે. એને પરિણામે માણસની શુદ્ધિ થાય છે. અને ઉપવાસથી ઘણી વખત વિરોધીના હૃદયનો પલટો પણ થઇ જાય છે.

ઉત્તર : ઘણું ખરૂં માણસો ભૂલી જાય છે કે હિંસા કેવળ શારીરિક નથી હોતી. કેટલાક પ્રકારની કહેવાતી અહિંસા ઘણી વાર હિંસાનો જ એક પ્રકાર હોય છે. આપણે ત્યાં શરીર પર ચાકુના ઘા કરીને પૈસા ભેગા કરનાર ભિખારીઓ હોય છે. તેમને બાતલ કરતાં કેટલીક વાર આપણા જાહેર પ્રશ્નોના ઉકેલ માટે ઉપવાસ કરનારાઓ એવા જ બીજાઓ ઉપર અયોગ્ય દબાણ કરનાર હોય છે. જેના વિરૂદ્ધ એવા ઉપવાસ કરવામાં આવે છે તેના પર હિંસક ગણાય એવું દબાણ થાય છે. અને એ માણસ નમતું આપે છે તે એના મનની કે હૃદયની ખાતરી કે પલટો થયો હોય છે તેથી નહિ પરંતુ વ્યવહારૂ મુશ્કેલીઓને લઇને, યા તો ઉપવાસ કરનારના મરણની જવાબદારીનાં પરિણામોના ભયને લઇને. આ જાતનું દબાણ એક પ્રકારની માનસિક હિંસા જ છે. અને અહિંસાથી હૃદયનો પલટો થાય છે એ દાવો પણ કેટલો અતિશયોકિતવાળો છે તે પણ એ ઉપરથી આપણને સ્પષ્ટ થાય છે. વળી, પરસ્પર વિરોધી હેતુઓ માટે ઉપવાસ કરનારા નીકળે છે એ જ બતાવે છે કે ઉપવાસ કરવા એ કાંઇ સાચા હોવાનો પુરાવો

નથી, એ તો ફક્ત ભૂખ્યા રહેવાની શક્તિનો જ માત્ર પુરાવો ગણી શકાય.

પ્રશ્ન: અહિંસાત્મક પ્રતિરોધ કરવાથી માણસનો સાચો હૃદય-પલટો થઇ શકે એમ શું તમે નથી માનતા?

ઉત્તર: જ્યાં અંગત સંબંધ હોય ત્યાં એવો હૃદયપલટો શક્ય છે. ઉ. ત. એક કુટુંબનાં માણસોમાં, અમુક સમાજ કે સંપ્રદાયના અનુયાયીઓમાં જ્યાં એવો કોઇ અંતરનો સંબંધ ન હોય ત્યાં અહિંસાને લઇને હૃદયપલટો થવો જોઇએ એવો નિયમ નથી. કોઇ જુલ્મી સત્તા સત્યાગ્રહને કે નિઃશસ્ત્ર પ્રતિકારને પરિણામે નમતું આપે એનો અર્થ એટલો જ કે એ પ્રમાણે કરવું એને જરૂરી લાગે છે. એમ કરે–નમતું આપે–તેથી એના વિચારનો કે હૃદયનો પલટો થયો એમ માનવું બરાબર નથી. વળી એ પ્રમાણે સત્યાગ્રહ પ્રત્યે પ્રતિકાર્ય કરવા માટે પણ વિરોધીમાં અમુક પ્રકારની હૃદયની કુમાશની જરૂર છે. વિરોધી તદ્દન અસંસ્કૃત હોય, આફ્રિકાના કેટલાક લોકોની પેઠે જંગલી અને ક્રૂર હોય, યા તો હિટલરની પેઠે વિકૃત મનોદશાનો હોય તો એવાની સામે અહિંસા બિલકુલ અસર કરતી નથી.

પ્રશ્ન : આદર્શ અહિંસા અવ્યવહારૂ હોય તો પણ એક આદર્શ તરીકે એનો સ્વીકાર કરીને માણસોએ જીવનમાં એની વધારે ને વધારે નજીક જવાનો પ્રયત્ન કરવો જોઇએ?

ઉત્તર : જરૂર. એવો પ્રયત્ન કરી શકાય અને કરવો જોઇએ. શંકા એ છે કે એ પ્રયત્નને તે કેટલે અંશે જીવનમાં અપનાવી શકશે. ઉદાહરણ તરીકે, કાંઇ નહિ તો કેટલાક નાઝીઓના વિનાશ વગર નાઝી મનોદશાને દૂર કરવી અસંભવિત લાગે છે.

પ્રશ્ન : પોતાના ઉપર દુઃખ વહોરવાથી, અહિંસા વડે એ લોકોનાં મન અને હૃદય જીતી શકાય નહિ? એવા કેવળ હૃદય વગરના માણસો હોઇ શકે એમ માનવા મારૂં મન ના પાડે છે

ઉત્તર : તમે પરિસ્થિતિ બરાબર સમજ્યા નથી લાગતા. જર્મનીમાં તો થોડા નાઝી લોકો સઘળી સત્તા પોતાને હાથ કરી બેઠા. એટલે જર્મન પ્રજા એમનો વિરોધ કરે એ સવાલ તો જાણે હતો જ નહિ પછી તો એ લોકો જગત પર પોતાની સત્તા અને વિચારસરણી પોતાના વ્યવસ્થિત લશ્કરની મદદથી સ્થાપન કરવા માટે બહાર પડયા. એમની બુદ્ધિના કે હૃદયના પલટાનો સવાલ જ કયાં હતો! ઊલટા એ લોકો બીજાઓના હૃદયનો અને બુદ્ધિનો પલટો કરવા નીકળ્યા હતા!! તમે કહો છો તેમ એવા લોકો હૃદય વગરના નથી હોતા, પરંતુ એવા ઘણા યે છે જેમનાં હૃદય એક જીવન પૂરતાં સુષુપ્ત રહી શકે છે.

પ્રશ્ન : પરંતુ અહિંસાત્મક રીતે એનો વિરોધ કરવાનો સંતોષ તો સત્યાગ્રહી પ્રાપ્ત કરી શકે છે.

ઉત્તર : એવો સંતોષ એ તો અહિંસાનું આંતરિક અને આધ્યાત્મિક પરિણામ ગણાય. એથી કાંઇ નાઝીવાદ સામે સફળતા ઓછી મળી શકે?

પ્રશ્ન : હું તો એમ ધારૂં છું કે જો સેંકડો માણસો અહિંસક રીતે મરી ગયા હોત તો હિટલરનું હૃદય પણ બદલાઇ જાત.

ઉત્તર: એની ખાતરી નથી. એને તો ક્રૂરતામાં એક પ્રકારનો આનંદ મળતો હતો. લાખોની સંખ્યામાં એણે નિર્દોષ માણસોને મારી નંખાવ્યા અને એમાંના બધા ય એનો વિરોધ કર્યા વિના મરણને શરણ થયા હતા. પણ એના હૃદયનો પલટો થયો ન હતો. અને મરણને અહિંસક રીતે નોતરીને પણ માણસ હિંસાના વ્યાપારનું પણ એક-સરખું ઉદાહરણ પૂરૂં પાડે છે એ વાત ભૂલી જવાય છે

વળી તમે ધારતા હશો કે અહિંસા તો વિનાશ કરે જ નહિ પરંતુ જયારે અહિંસા સફળ થાય છે ત્યારે તે પણ જુલમીનો નાશ જ કરે છે!!

પ્રશ્ન: એ કેવી રીતે બને?

ઉત્તર: જે માણસ ત્રાસ જુલમ અને અન્યાયની સામે સાચા મનથી અહિંસા જાળવે છે તેની આંતર તિતિક્ષાને લઇને આજુ-બાજુની વિશ્વપ્રકૃતિમાં એના અન્યાયનો બદલો લેનારી શક્તિઓ સક્રિય બને છે એને હિંસા કરીને ઘણું ખરૂં તે શાંત થાય છે.

પ્રશ્ન: આ બાબત મારાથી બરાબર સમજાતી નથી.

ઉત્તર: જીવનમાં ઘણી વાર આપણે આ સિદ્ધાંતના પુરાવા-રૂપે ઘટનાઓ બનતી જોઇએ છીએ. અહિંસાત્મક પ્રતિકાર કરનાર કાંઇ જ નથી કરતો પરંતુ એની આજુબાજુના માણસોની પ્રકૃતિ હિંસાત્મક પ્રતિકાર જ ઘણુંખરૂં કરે છે. પુરાણમાં વશિષ્ઠ ઋષિની કામધેનુની વાત આના પ્રાચીન ઉદાહરણરૂપ છે. સહસ્રાર્જુન રાજાએ જ્યારે વશિષ્ઠની પાસે ચમત્કારી શક્તિવાળી કામધેનુ જોઇ ત્યારે એણે મરજિયાત કે ફરજિયાત રીતે તે મેળવવાનો નિશ્ચય કર્યો. વશિષ્ઠ ઋષિ તો અહિંસા પાળનાર હોઇ એમણે કામધેનુ આપવાની ના કહી જ્યારે બળજબરીથી કામધેનુને લેવાનો પ્રયત્ન થયો ત્યારે કામધેનુએ વશિષ્ઠને પોતાનું રક્ષણ કરવાને, અથવા તો પોતાનું રક્ષણ કરવાને છૂટ આપવાને કહ્યું. વશિષ્ઠે તેને જણાવ્યું કે પોતે તો બળ વાપરી શકે તેમ નથી, પરતુ કામધેનુ પોતાનું રક્ષણ કરવા માગતી હોય તો કરી શકે. પછી કામધેનુએ પોતાની અંદરથી લશ્કરો ઊભાં કર્યા અને તેમણે રાજાને હરાવ્યો. મતલબ કે અહિંસાનું પાલન કરનાર પોતાની અહિંસાને બળે હિંસા ઉત્પન્ન કરી શકે એ વિરોધાભાસ શક્ય છે. અને એમાં એક વધારાની મુશ્કેલી એ પણ છે કે પોતાની અહિં-સાને પરિણામે વિનાશ કરનાર શક્તિઓને સક્રિય કરનાર વ્યક્તિનો એ શક્તિઓ પર પછીથી કાબુ રહેતો નથી. એટલે વિનાશ થવો જોઇએ તે કરતાં ઘણો વધારે પણ થાય એ શક્ય છે.

પ્રશ્ન : બીજા માણસો હિંસા કરશે એ વિચારથી અહિં-સાનું આચરણ કેવી રીતે અટકાવી શકાય?

ઉત્તર : અહિંસાનો ત્યાગ કરવાનું હું તમને કહેતો નથી. અત્યારે માણસ સંઘર્ષ વગર ચલાવી લઇ શકે એવી સ્થિતિમાં નથી અને વિશ્વપ્રકૃતિને પોતાનાં કેટલાંક કામને માટે એ વસ્તુની જરૂર રહેલી છે. અલબત્ત, થોડા માણસો એનો પ્રયોગ કરીને પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરી શકે છે.

પ્રશ્ન : તો તમે સ્વીકારો છો ખરા કે જ્યારે માણસ પૂરતી પ્રગતિ કરશે ત્યારે અહિંસાના આદર્શને તે પ્રાપ્ત કરશે?

ઉત્તર : માણસ પોતાના કોયડાઓના અને ઝગડાઓના ઉકેલ માટે વધારે શાંતિભરી રીતે શોધી કાઢશે એવી આશા આપણે બધા રાખીએ છીએ. પરંતુ એવી સ્થિતિ આવે તે પહેલાં જે માણસોએ સંસ્કારિકતાની વધારે ઉચ્ચ કક્ષા સાધી હશે તેમણે પણ વ્યવ-સ્થિત બળનો સામનો કરવા માટે પૂરતી શક્તિ તૈયાર રાખવી પડશે, જેમ વર્તમાન જગતને નાઝીઓના ભયની સામે કરવું પડયું. એમ નહિ થાય તો સમસ્ત માનવજાતની પ્રગતિને હાનિ પહોંચશે.

પ્રશ્ન : એ તો પાછું એનું એ જ ચક્કર થયું! હું તો માનું છું કે હિંસાને અટકાવવાનો એકમાત્ર ઉપાય એને સદાને માટે ત્યાગ જ કરી દેવો અને બધાં જ જોખમો વહોરીને અહિં-સાનું આચરણ કરવું એ જ છે. તમને એ બરાબર નથી લાગતું?

ઉત્તર : અત્યારે તો તમે કહો છો તેમ થવાને સંભવ દેખાતો નથી. લડાઇનાં વિનાશક પરિણામો પૂરેપૂરાં જાણ્યાં છતાં બીજું વિશ્વયુધ્ધ અટક્યું નહિ એ હકીકત જ બતાવી આપે છે કે અહિંસાને સફળ થવાને હજી ઘણી વાર છે.

પ્રશ્ન: પરંતુ પોતાના પ્રશ્નોના ઉકેલ માટે હિંસાની હાનિકારક રીત કરતાં અહિંસાનો માર્ગ વધારે સારો છે, અથવા ખરૂં જોતાં એકમાત્ર માર્ગ છે એટલું પણ માણસને સમજાવી ન શકાય?

ઉત્તરઃ અહીં આપણી પણ ભૂલ થાય છે. આપણે 'હિંસા'નું નામ વાપરીએ છીએ તે માત્ર અહિંસાના આપણા પક્ષપાતને આભારી છે. કારણ કે પ્રાણીમાત્રમાં રહેલી આત્મરક્ષાની વૃત્તિ અને પ્રવૃત્તિને, સત્ય અને ન્યાય કે સિધ્ધાંતને ખાતર સ્વીકારાયેલાં ધર્મ• યુધ્ધને, જુલમી સત્તાના વિરોધને, તથા બીજી પણ એવી પ્રવૃત્તિઓ જેમાં અન્યને ઇરાદાપૂર્વક દુઃખ દેવાનો ખ્યાલ પણ હોતો નથી તે બધાને 'હિંસા'નું હીણું નામ આપીએ છીએ. વળી આપણે એ પણ ભૂલી જઇએ છીએ કે લડવા જનાર માણસ બીજાને મારવા નીકળ્યો છે તેટલું એ પણ સાચું છે કે એ પોતે મરવાને પણ નીકળ્યો છે.

પ્રશ્નઃ પણ અહિંસા વિના માણસના જીવનના પ્રશ્નો કેવી રીતે ઊકલશે ?

ઉત્તરઃ અત્યાર સુધી તો માણસ પોતાનું ગાડું ગબડાવતો આવ્યો છે. તેમાં અહિંસા એક વધારો કરી શકશે. વળી, જ્યારે માણસને લલચાવે એવું વચન આપો અને કહો કે બધા સામાજિક, આર્થિક, રાજકીય, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય-બધા જ મુશ્કેલીભર્યા પ્રશ્નો અહિંસાથી ઊકેલવાના છે ત્યારે માણસો જરૂર અનુમતિ આપશે અને અહિંસાનો સ્વીકાર કરવો કબૂલ કરશે. પરંતુ એ કાંઇ અહિંસાના ગુણની કે એની શક્તિની એમને ખાતરી થઇ હોય છે, કે એમાં શ્રધ્ધા બેઠી હેય છે તેથી નહિ પણ એમને જેની જરૂર છે તે કરી આપવાનું વચન અહિંસા આપે છે તેથી. એટલે ઘણાખરા લોકો તો જીવનના મુશ્કેલીભર્યા પ્રશ્નોના ઉકેલ માટે જોડાવાના, અહિંસાને ખાતર નહિ. જેમાં પોતે સાચા હૃદયથી માનતા નથી હોતા એવા સિધ્ધાંતને અનુસરવાની તેઓ માત્ર જાહેરાત કરે છે. પરિણામે અહિંસાના એવા અનુયાયીઓમાં દંભ અને અપ્રામાણિકતા વધારે હોવાની અને જ્યારે કસોટી આવે ત્યારે એવા લોકો અહિંસાને અભરાઇ પર ચડાવે એવું પણ બને.

પ્રશ્ન : પણ તમને નથી લાગતું કે અહિંસાનું થોડુંઘણું, જેટલું થઇ શકે તેટલું પાલન, ભલે નિષ્ફળ જાય તો પણ, માણસ જાતની પ્રગતિમાં તે પોતાનો ફાળો જરૂર આપે છે. કારણ કે જગતમાં અત્યારે જે પશુબળ જોવામાં આવે છે તેને ઠેકાણે અહિંસા નૈતિક અથવા તો આધ્યાત્મિક બળ પ્રગટાવે છે.

ઉત્તર : એમ તો કોઇ પણ કલ્યાણકારક પ્રવૃત્તિ નિષ્ફળ જતી જ નથી એવું આશ્વાસન ગીતા આપણને આપે છે, એટલે એનું સ્વલ્પ આચરણ પણ અંતે લાભદાયક નીવડે છે.

પણ અહિંસાત્મક ન હોય એવાં સર્વ બળોને 'પશુબળ'નું નામ આપવું હું યોગ્ય નથી ધારતો. માણસના ઇતિહાસમાં ઘણા સંઘર્ષોમાં અને વિનાશકારક યુદ્ધોમાં પણ ઘણા ઊંચા આદર્શો પણ પ્રગટયા છે અને મૂર્ત બન્યા છે. એ બધાને 'પાશવ' કહી નહિ શકાય.

તમે માફ કરશો, પણ અહિંસાના ભક્તોમાં ઘણી વાર પોતાની શ્રેષ્ઠતાનો ખ્યાલ અજાણ્યે પણ હાજર હોય છે એવું મને જણાયું છે. પોતે સત્યને શોધવું છે એવી જિજ્ઞાસાને બદલે અહિંસાના માનસિક સ્વીકાર સાથે જાણે તે પોતાને પ્રાપ્ત થઇ ગયું હોય એવી ખાતરી અને આત્મસંતોષી મનોવૃત્તિ તેઓ ધારણ કરે છે.

હું માનું છું કે અહિંસા માત્ર નૈતિક બળ પેદા કરે છે, આધ્યાત્મિક નહિ.

પ્રશ્ન : તમે નૈતિક અને આધ્યાત્મિક બળમાં ભેદ ગણો છો ?

ઉત્તર : હિંદમાં તો એ ભેદ આપણી સંસ્કૃતિ જેટલો પ્રાચીન છે. અહિંસાની શક્તિને તમે એ અર્થમાં 'આધ્યાત્મિક' કહી શકો કે આખરે જીવનની બધીજ શક્તિઓ, નૈતિક તેમ જ આધ્યાત્મિક 'આત્મા'માંથી આવે છે. અલબત્ત, નૈતિક બળ માણસજાતની પ્રગતિમાં જરૂર સહાય કરી શકે અને કરે છે.

પરંતુ તમે નીતિને ઊંચામાં ઊંચા અને આખરી ધોરણ તરીકે, આદર્શ કે લક્ષ્ય તરીકે સ્વીકારશો તો નીતિ એ જ આધ્યાત્મિક છે એમ તમે માનશો. પરિણામ એ આવશે કે એવો આદર્શ માનવને તેની અત્યારની માનવતામાં બાંધી રાખશે, તેને અત્યારની એની બુધ્ધિશક્તિમાં, વિચારોમાં, આદર્શોમાં અને નીતિનાં ધોરણોમાં મર્યાદિત કરશે.

પ્રશ્ન : આખરે માનવજીવનનું નિયમન નીતિ વડે થવું ન જોઇએ ?

ઉત્તરઃ એ વિષય એટલે કે માનવજીવનનું આખરી નિયામક ધોરણ શું હોવું જોઇએ તે આપણા અત્યારના અહિંસાના મુદ્દાથી ઘણો દૂર હોઇ એમાં અત્યારે વિસ્તારપૂર્વક ઉતરી શકાય તેમ નથી. પરંતુ એટલું કહી શકાય કે હિંદની સંસ્કૃતિ નીતિની ઉપયોગિતા અને એની મર્યાદાઓ બન્નેથી પરિચિત છે. એટલે ઉપનિષદમાં સારા નરસાના દ્વંદ્વથી પર થવું એને ઊંચામાં ઊંચી આધ્યાત્મિક અવસ્થા માનવામાં આવતી હતી. મુક્ત થયેલો આત્મા एतं ह वाव न तपति किमहं साधु नाकरवम् ।-किमहं पापं अकरवम् એવી ચિંતા નથી કરતો કે 'કયું સાધુ કર્મ મેં કર્યું નથી, કયું પાપ મેં કર્યું છે.'

પ્રશ્નઃ પરંતુ અહિંસાનું આચરણ કરવામાં નીતિમાન માણસ અને આધ્યાત્મિક માણસ એ બેમાં શો ફેર હોઇ શકે ?

ઉત્તર : આવા ભેદો આપણે સૂક્ષ્મ મનથી સમજવાના હોય છે, એને માટે બહારનાં ધોરણો, નિશાનીઓ કે કડક વ્યાખ્યાઓ આપવી મુશ્કેલ હોય છે. નીતિપ્રધાન માણસ ઘણુંખરું આચારનો કોઇ વ્યવહારૂ નિયમ, કોઇ વિધિનિષેધ નક્કી કરવા આતુર હોય છે. એવા નિયમને કે વ્રતને એ પોતાની આગળ ધોરણ તરીકે રાખીને શકય તેટલું તેનું અનુસરણ કરવા પ્રયત્ન કરે છે પરંતુ આધ્યાત્મિક વ્યક્તિ કોઇ નિયમનું અનુસરણ કરે છે ત્યારે પણ તેમાં રહેલા આંતર સત્યને ખાતર તેમ કહે છે, તેના બાહ્ય સ્વરૂપને ખાતર નહિ.

પ્રશ્ન : પરંતુ એથી શો ફેર પડે તે મારા સમજવામાં નથી આવતું.

ઉત્તરઃ એક ઉદાહરણ આપીશઃ તમને યાદ હશે કે શ્રી રામકૃષ્ણ પરમહંસને પોતાની સાધના કરતાં જણાયું કે પોતાની અંદર બ્રાહ્મણપણાનો અને તેની શ્રેષ્ઠતાનો સંસ્કાર રહેલો છે. એ સંસ્કારને નિર્મૂળ કરવા માટે તેઓ અસ્પૃશ્ય ગણાતા લોકોની વસ્તીમાં જતા અને એમનાં ઝૂંપડાંમાં અને શેરીઓમાં વાસીદું વાળતા. આ કાર્ય એમને માટે એમની સાધનાનું એક અંગ હતું. આંતરજીવનને માટે આવશ્યક હતું. પરન્તુ તેમણે એ કાર્યને પોતાના જીવનનો એક રોજિંદો નિયમ બનાવ્યો ન હતો.. એ કાર્યની આંતર્ આવશ્યકતા દૂર થઇ જતાં તે બંધ પડી અટકી ગયું. હિંદનો આધ્યાત્મિક માર્ગ એ પ્રકારનો છે.

**-અંબાલાલ પુરાણી**

## સમાચાર

શ્રી. ભારતીય જૈન સ્વયંસેવક પરિષદનું ચોથું અધિવેશન તા. ૩ જી, ૪ થી જૂને ખાનદેશમાં આવેલ શિરપુર મુકામે મળનાર છે.

મુંબઇ જૈન યુવક સંઘના ઉપ-પ્રમુખ શ્રી. શાન્તિલાલ હ. શાહ હિંદી રાષ્ટ્રીય ટ્રેડ યુનિયન કોંગ્રેસના ખજાનચી તરીકે ચુંટાયા છે.

મું. જૈ. યુ. સંઘના મંત્રી શ્રી. પરમાનંદભાઇ કાપડિયાના તંત્રી પદે 'જન્મભૂમિ' પત્રો તરફથી યુગદર્શન નામનું માસિક પ્રગટ થનાર છે.

# કેટલાક સમાચાર અને નોંધ

## પૂર્વના પેરીસનું પતન

પૂર્વના પેરીસ તરીકે પંકાતું, દુનિયાનું ચોથા નંબરનું અને એશિયાનું સૌથી મોટું શહેર શાંઘાઇ આખરે ચીની સામ્યવાદી દળોના કબજા નીચે આવી પડયું છે. શાંઘાઇના પતનથી રાષ્ટ્રવાદી ચીનના આગેવાન ચાંગ–કાઇ–શેકની રહી સહી પ્રતિષ્ઠા ધૂળમાં મળી ગઇ છે, અને સામ્યવાદી આગેવાન માઓ–ત્સે–તુંગની યશ. કલગીમાં એક વધુ પીછું ઉમેરાયું છે.

આ બનાવથી ચાંગ–કાઇ–શેક એક દયાપાત્ર માનવી બની જાય છે. પ્રથમ તો તે તેના પુરોગામી આગેવાન ડૉ. સુન–યાત–સેનની અતિ ઉજ્જવળ અને સફળ કારકીર્દી આગળ ઘણો ઝાંખો દેખાયો છે. ફાસીસ્ટ જપાન તરફી એની વલણથી ઉદ્દામ ચીની જનતામાં એના પ્રત્યે વિરોધ પેદા થયો. પહેલે પગલે જ ચીની સામ્યવાદીઓએ એને પકડીને કોઇ અજ્ઞાત સ્થળે પૂરી દીધો. પછી એની ચંચળ અને બાહોશ પત્ની માદામ ચાંગે વચ્ચે પડીને એને છોડાવ્યો, અને જાપાન સામે હથિયાર ઉગામવાની શરત સ્વીકારીને એ છૂટયો. પછી ચીન–જાપાનની લાંબી લડાઇ શરૂ થઇ, જેમાં એને ખાસ સફળતા ન મળી. બીજા વિશ્વયુદ્ધમાં ભાગીદાર બનવાથી એનો બોજો કંઇક ઓછો થયો, અને બ્રિટન–ફ્રાંસ–અમેરિકા અને રશિયાના ફાસીસ્ટ મુસોલીની અને નાઝી હિટલર ઉપરના વિજયમાં એને પણ ભાગ મળ્યો, અને અમેરિકાના અણુબોંબથી પરાજિત થએલ જાપાને ચીન પાસે પણ પરાજય સ્વીકાર્યો જાપાન સાથેનું યુદ્ધ આમ પૂરું થતાં સામ્યવાદીઓ સાથેનો આંતર્વિગ્રહ શરૂ થયો અને તેને રોજબરોજ પીછેહઠ કરવી પડી. માદામ ચાંગ–કાઇ–શેકને મદદની યાચના કરવા માટે અમેરિકા દોડવું પડયું, પરંતુ એમાં તેને સફળતા ન મળી. એક પછી એક શહેરો ચાંગના હાથમાંથી માઓ–ત્સે–તુંગના લશ્કરના સેનાપતી ચુ–તેહના હાથમાં આવી પડવા માંડયા, અને અન્તે ચીનનું મહાન બંદર શાંઘાઇ પણ સામ્યવાદી દળોના કબજામાં આવી પડયું.

ચાંગની પ્રતિષ્ઠા આટલેથી જ ખતમ નથી થઇ; પરંતુ શાંઘાઇને ટકાવવા માટે સખ્ત સામનો આપવાની અને ત્યાંથી યુદ્ધને ઝોક આપી સામ્યવાદી ચીન પર પ્રતિઆક્રમણ કરીને વિજય મેળવવાની એની જુઠી ગુલબાંગો, બીલકુલ સામનો આપ્યા સિવાય તેણે શાંઘાઇમાંથી કરેલી પીછેહઠ અને જતાં જતાં રાષ્ટ્રવાદી લશ્કરે શાંઘાઇમાં પોતાના જ દેશબંધુઓની મિલ્કત પર ચલાવેલી લુંટ, એ બધું તેની પ્રતિષ્ઠાને ખતમ કરે છે.

હિંદના સામ્યવાદીઓની રાષ્ટ્રદ્રોહી નીતિ, ભાંગફોડ અને હિંસાના અશુદ્ધ સાધનોનો ઉપયોગ, બીનલોકશાહી સ્ટાલીનવાદનું અંધ અનુકરણ વગેરે કારણે આપણે ત્યાં સામ્યવાદીઓ પ્રત્યે નફરત ઉભી થઇ છે; પરંતુ ચીનના સામ્યવાદીઓનું ચિત્ર જુદી જાતનું છે. ચીની સામ્યવાદીઓ રાષ્ટ્રવાદી પણ છે. ચીની મજુરો અને કિસાનોની મુકિત માટે તેઓ મૂડીવાદી અમેરિકાના વર્ચસ્વ નીચે યુદ્ધખોર બનેલ ચાંગ–કાઇ–શેકની સરકાર સામે ખુલ્લા યુદ્ધમાં ઉતર્યા છે; એટલું જ નહિ પણ જે જે મુલકો તેમણે જીત્યા છે, તેમાં વસતી પ્રજાને એમણે પૂરતો સંતોષ પણ આપ્યો છે. તેમના વિજયનું આ પણ એક ખાસ કારણ છે. છેલ્લા સમાચાર મળે છે તે મુજબ તેમણે શાંઘાઇમાં પણ કાયદો અને વ્યવસ્થા સ્થાપી દીધાં છે; અને દેશી–વિદેશી પ્રજાજનોને અભયદાન આપ્યું છે. તેઓ જેમ યુધ્ધનિપુણ છે, તેમ વ્યવસ્થાનિપુણ પણ છે; અને વહીવટી કાર્યમાં આપણે ત્યાં મુંબઇમાં જ તાલીમ પામેલા સામ્યવાદી વહીવટકર્તાને તેમણે શાંઘાઇનો વહીવટ સોંપ્યો છે.

શાંઘાઇની જીતથી ચીનની સામ્યવાદી સરકાર એક ગણનાપાત્ર સત્તા બને છે, અને તેથી તેની સાથે કયા પ્રકારનો સંબંધ રાખવો, તે માટે બ્રિટન અને અમેરિકાની સરકાર ગંભીર વિચારણા કરી રહેલ છે. બ્રિટન–અમેરિકાને પ્રશાન્ત સાગરમાં સ્થાપિત હિતો રહેલાં હોઇને તેઓ અમુક શરતો મેળવી સામ્યવાદી સરકારનો સ્વીકાર કરી લેશે, એવું અનુમાન અત્યારે કરી શકાય છે. સાથોસાથ વધુ નજીકના પડોશી તરીકે હિન્દે પણ આ પ્રશ્ન વિચારવાનો રહે છે. ચીન, અગ્નિએશિયા, મલાયા, બ્રહ્મદેશ વગેરે નજીકના પ્રદેશોમાં જે સામ્યવાદી હીલચાલ જોર પકડતી જાય છે, અને હિંદના સામ્યવાદીઓ જે દગાખોરીનો પાઠ ભજવી રહ્યા છે, એ બધું લક્ષમાં લઇને, સામ્યવાદીઓ સાથેની અથડામણને ટાળવા તેમ જ ભાવી વિશ્વયુદ્ધમાંથી દૂર રહેવા માટે ખૂબ વિચાર કરીને પોતાનું વલણ નક્કી કરવાનું રહે છે. રાષ્ટ્ર સહમુમાં જોડાયા છતાં પણ કેવળ તેમની પાછળ હિંદે ઘસડાવાનું નથી, તેમ તેમના પર આધાર રાખી બેસી રહેવાનું નથી; પરંતુ સ્વતંત્ર રીતે વિચાર કરવાનો રહે છે.

સામ્યવાદી ભયમાંથી બચવા માટે દેશનું આંતરિક સંગઠન, સુવ્યવસ્થા, દેશની કંગાલિયતની નાબુદી અને દેશનાં રાષ્ટ્રવાદી બળો સાથેનો સુમેળ જરૂરી જણાય છે. આ સ્થિતિ ઉભી કરવા માટે પ્રથમ દેશમાં જે કોમીવાદી અને હિંસાવાદી તત્ત્વો રહેલાં છે, તેને સાફ કરીને આંતરિક સંગઠન ઉભું કરવું જરૂરી છે. સુવ્યવસ્થા માટે દેશમાંથી નફાખોરી, કાળાં બજાર અને લાંચરૂશ્વતને કડક હાથે દાબી દેવાં જોઇશે. પોતાની આર્થિક દશા સુધારવા માટે દેશનાં કંગાળો સામ્યવાદ તરફ મીટ માંડીને બેઠાં છે, તેમને ઉપદેશ દ્વારા નહિ પરંતુ તેમની આર્થિક દશા સુધારીને સામ્યવાદની નાગચૂડમાંથી તેમને બચાવી લેવાં જોઇશે; અને સમાજવાદીઓ તથા બીજા જે કોઇ પ્રગતિશીલ તત્ત્વો રાષ્ટ્રને તેની કટોકટીમાં સહાય થવા તત્પર હોય, તેમની સાથે સુમેળ સાધવો જોઇએ. જો આમ કરવામાં આવે તો પારકી મદદ વિના હિંદ કોઇ પણ આફતનો સફળ સામનો કરી શકશે.

## દેશનો દુશ્મન

ઉપર જણાવ્યું તેમ દેશમાં હજુ પણ જે કોમવાદી- તત્ત્વો રહ્યાં હોય તે દેશનાં મોટામાં મોટા દુશ્મન હોઇને તેને નાબુદ કરવાં જરૂરી છે. એક બાજુ જયારે હિંદ બીનસાંપ્રદાયિક રાજય બનવા માગે છે ત્યારે આ ઉંચા આદર્શને છિન્નભિન્ન કરવા કેટલાક પ્રત્યાઘાતી તત્ત્વો કોમવાદને સંગઠિત કરવા મથી રહ્યાં છે; અને તેમણે તેનું ખુલ્લું સ્વરૂપ પ્રગટ કર્યું છે. જેના અનુયાયીઓએ રાષ્ટ્રપિતાનું ખૂન કર્યું તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર. એસ. એસ.) નું જે નવું બંધારણ જાહેર થયું છે, એ કોઇ રીતે વિશ્વાસ ઉભો કરી શકે એવું નથી. જો વ્યાયામપ્રવૃત્તિ માટે સંઘ ચલાવવો જરૂરી હોય, તો એ વ્યાયામપ્રવૃત્તિ એકલા હિંદુઓની જ શામાટે? મુસલમાન, ખ્રીસ્તી, પારસી વગેરે કોમો હિંદનો અવિભાજ્ય ભાગ હોઇને એ કોમનાં બાળકો હિંદુઓની સાથે પોતાનો શરીરવિકાસ સાધે એ રાષ્ટ્ર માટે જરૂરી નથી? બંધારણમાં જણાવ્યા મુજબ સંઘનો છ વર્ષ સુધીનો પ્રવૃત્ત સભ્ય જ કેન્દ્રીય કાર્યકરી મંડળના ઉમેદવાર તરીકે લાયક ગણાશે. એનો અર્થ એ જ થયો કે સંઘ એની જુની ઘરેડ મુજબ જ કામ કરવા માગે છે, અને નવાં તત્ત્વોનો કશો અવાજ એમાં રહેવાનો નથી. આ બધું જોતાં સંઘ સંપૂર્ણ કોમીવાદી સંસ્થા હતી તેવી જ બની રહે છે, અને તેથી એને ફરી કાયદેસર બનાવવામાં પૂરતું જોખમ રહેલું છે.

બીજી બાજુથી હિંદુ મહાસભા હવે ફરીને સળવળીને બેઠી થવા માગે છે. તે હજુ હિંદુ રાષ્ટ્રનો તેનો સિધ્ધાંત કે તેનું રાજકીય સ્વરૂપ પડતું મૂકવા માગતી નથી; એટલું જ નહિ પણ એ જ કોમીવાદી નીતિએ એનું સંગઠન ફરી મજબૂત કરવા માગે છે. હિંદુ કોમ હિંદની બહુમતી કોમ છે, અને તેથી એને રાજકીય હકકોની જાળવણી માટે કોઇ જુદા સંગઠનની કશી જરૂર નથી. રાષ્ટ્રપિતાની હત્યા બાદ જે આગેવાનો હિંદુસભામાંથી રાજીનામાં આપવાની અને હિંદુસભાની અગત્ય ન હોઇને તેને વિખેરી નાંખવાની વાતો કરતા હતા, તે હિંદુસભાને પુનર્જીવિત કરવાને કયું નવું કારણ મળ્યું છે.?

હિંદુસભાની આ પ્રવૃત્તિના પ્રત્યાઘાતરૂપે મુસ્લીમ લીગ પણ હવે રાજકારણમાં ફરી પ્રવેશ કરવા માગે છે. ઓલ ઇન્ડીયા મુસ્લીમ લીગના પ્રમુખ મહમદ ઇસ્માઇલે મદ્રાસથી લીગ અનુયાયીઓને

પાઠવેલા પરિપત્ર અનુસાર તેમને રાજકીય પ્રવૃત્તિઓ શરૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે. એટલે રાષ્ટ્રપિતાના કિંમતી દેહના બલિદાનને પરિણામે દેશમાં જે કોમી વૈમનસ્ય ઠરી જવા લાગ્યું હતું, તેને હવે ફરી પ્રજ્વલિત કરવું છે! કોમીવાદ એ દેશનો દુશ્મન છે, અને સરકારે તેમ જ સમજુ પ્રજાએ હવે એ દુશ્મનનો સંપૂર્ણ વિનાશ કરવો જ જોઇશે.

### એકતા પરિષદ

આ કોમવાદની નાબુદી ઇચ્છતા મુંબઇના ફ્રીડમ ગ્રુપ તરફથી ગઇ તા. ૨૭–૨૮ મીએ સર કાવસજી જાહાંગીર હોલમાં વડી ધારાસભાના પ્રમુખ શ્રી. જી. વી માવલંકરના પ્રમુખપદે એકતા પરિષદનું અધિવેશન મેળવ્યું હતું. પરિષદના ઉદ્દેશો ખૂબ જ જરૂરી અને આજની ફરી સળવળતી કોમીવાદી વૃત્તિઓને ઠાંકણે ઉપયોગી હતા એમાં બે મત નથી; પરંતુ પ્રચારને અભાવે તેમ જ તેનું કામકાજ લગભગ અંગ્રેજી ભાષામાં ચલાવવાને કારણે તેમ જ આ વિષય પર સુંદર પ્રકાશ પાડી શકે તેવા વકતાઓ ન મેળવી શકવાથી આ પરિષદ જોઇએ તેવી સફળ થઇ શકી નહિ. વળી એકતાનો પ્રચાર જે વર્ગમાં કરવાની જરૂર છે, તે વર્ગ તો સદંતર ગેરહાજર હતો; એ રીતે પણ પરિષદની નિષ્ફળતા હતી.

આમ છતાં પરિષદના ઉદ્દેશો, એની પાછળ રહેલી ઉદ્દાત ભાવના અને પસાર થએલા ઠરાવો સંતોષકારક હતા જ. ઠરાવોનો સાર એ હતો કે ધાર્મિક તટસ્થતાના સિધ્ધાંત પર રચાએલ હિંદી સંઘના બીનસાંપ્રદાયિક રાજ્યના ઘડતરમાં સહાય આપવી; રાજકીય સ્વરૂપની કોમી સંસ્થાઓ બંધ કરવી અને આવી સંસ્થાઓને સરકારે ગેરકાયદે જાહેર કરવી; આખા દેશ માટે સર્વસામાન્ય ભાષા તરીકે હિંદુસ્તાનીનો ઝડપી પ્રચાર કરવો અને તેને સંપૂર્ણ રીતે અંગ્રેજી ભાષાનું સ્થાન આપવું; કોમી સંસ્થાઓને સંકેલી લેવી તેમ જ પ્રાંતીયતાને દૂર કરી કેન્દ્રને મજબૂત બનાવવું.

પરિષદે આ હેતુના ઠરાવો પસાર તો કર્યા, પરંતુ એ હેતુને બર લાવવા માટે એક કાયમી સંસ્થા ઉભી કરવી જોઇતી હતી; જે કોમવાદને લોકોના હૃદયમાંથી નાબૂદ કરવા સામયિક, પત્રિકા કે પુસ્તિકાઓ પ્રગટ કરે, નાટકો અને ગીતનૃત્યો દ્વારા લોકોને કેળવે અને દરેક વર્ગનો સંપર્ક સાધી કોમીવાદી લાગણીઓને ભસ્મીભૂત કરવા પ્રયત્ન કરે.

આશા રાખીએ કે ફ્રીડમ ગ્રુપ અને બીજી જાહેર સંસ્થાઓ આ કામ ઉપાડી લ્યે.

### શ્રી. પ્રબોધ દોશીને અભિનંદન

જૈન તત્ત્વજ્ઞ અને વિચારક પંડિત બેચરદાસ દોશીના જ્યેષ્ઠ પુત્ર ભાઇ પ્રબોધ આજથી બે વર્ષ પહેલાં 'ઇન્ડો–આર્યન ભાષાશાસ્ત્ર' ની તાલીમ લેવા લંડન ગયા હતા. ત્યાં તેમણે લંડન વિદ્યાપીઠના અજોડ ભાષાશાસ્ત્રી પ્રો. ટર્નરના હાથ નીચે એ તાલીમ પૂરી કરી તે વિષયના પી. એચ. ડી. ની પદવી પ્રાપ્ત કરી છે.

આપણા પ્રાન્તમાં આવી પદવીવાળા ભાષાશાસ્ત્રીઓ ઘણા વિરલ છે. જૈન સમાજમાં આ ભાઇ સૌથી પ્રથમ પી. એચ. ડી. થએલ છે.

ભાઇ પ્રબોધ બી. એ. માં પ્રથમ વર્ગમાં પાસ થયા હતા. એમ. એ. માં પણ એમની કારકીર્દી એટલી જ ઝળકતી હતી. તેઓ સંસ્કૃત, અર્ધમાગધી વગેરે ભાષાના નિષ્ણાત છે.

પરિશ્રમપૂર્વક આટલું જ્ઞાન સંપાદન કરવા માટે આ યુવક અભિનંદનને પાત્ર છે. અમારી ઉમેદ છે કે તેઓ જૈન સંસ્કૃતિ ઉપરાંત સ્વતંત્ર ભારતની ઘડાતી સંસ્કૃતિના અભ્યુદય માટે પોતાનો યોગ્ય ફાળો આપશે.

આજ સુધી આપણા યુવાનોએ ધન કમાવા માટે તબીબી, કાયદો, સ્થાપત્ય, વાણિજ્ય વગેરેનો અભ્યાસ કર્યો છે. આજે હવે દેશના નવનિર્માણ માટે આવા ભાષાશાસ્ત્રીઓ, વિજ્ઞાનીઓ, રાજકારણવેત્તાઓ, અર્થશાસ્ત્રીઓ, કલાકારો, યાન્ત્રિક નિષ્ણાતો વગેરેની જરૂર છે. આશા રાખીએ કે હિંદના વિદ્યાર્થીઓ ધનપ્રાપ્તિને ગૌણ રાખી, દેશહિતમાં ઉપયોગી થાય એવું ઉચ્ચ શિક્ષણ સંપાદન કરવાના પ્રયત્નો કરશે.

જટુભાઈ મહેતા

## નીતિ–અનીતિનું ત્રાજવું

આપણા દેશની સંસ્કૃતિ વિષે ઘણીવાર આપણે ગર્વપૂર્વક વાતો કરીએ છીએ; પરંતુ ઘણીવાર 'સંસ્કૃતિ'નો બહુ ચોકકસ ખ્યાલ આપણામાંના કેટલાકને હોતો નથી. આપણા દેશનો ઇતિહાસ ઘણો જૂનો છે; અને જૂના કાળમાં જ્યારે પૃથ્વી ઉપરના ઇંગ્લંડ, અમેરિકા વગેરે આજના સુધરેલા ગણતા દેશોમાં જંગલી જીવન જીવાઇ રહ્યું હતું ત્યારે આપણો દેશ સુધરેલો હતો. એ વખતે રોમ અને ગ્રીસ પણ સુધરેલા પ્રદેશો હતા, અને ભારતની પેઠે રોમ અને ગ્રીસનો ઇતિહાસ પણ જૂનો હતો. રોમ, ગ્રીસ અને ભારતના લોકો એ સમયે સુધરેલા હતા; અને તેમનામાં કેટલાક ઉચ્ચ ગુણો અને સુલક્ષણો હતાં. આ ઉચ્ચ ગુણો અને સુલક્ષણોથી તે તે દેશની સંસ્કૃતિ બનેલી હતી.

ભારતની આ જૂની સંસ્કૃતિમાં મુખ્ય ત્રણ બાબતોનો સમાવેશ થતો: નીતિ, ધાર્મિકતા અને આધ્યાત્મિકતા. બાહ્ય વ્યવહારમાં સત્ય, પ્રામાણિકતા, વિનય, વિવેક, અને સમાજે સ્વીકારેલ વ્યવહાર એ નીતિ; નિર્મળ જીવન, ભકિત, પૂજા, સંયમ, તપ, સત્ય, અહિંસા આદિ વ્રતોનું પાલન એ ધાર્મિકતા; અને ત્યાગ વૈરાગ્યના માર્ગે જ્ઞાન–દર્શનની આરાધના કરી આત્માના સાક્ષાત્કારનો પ્રયાસ એ આધ્યાત્મિકતા.

વળી આ ત્રણે ગુણો ક્રમશઃ હતા. નીતિ વિના ધાર્મિકતા સંભવે નહિ, અને ધાર્મિકતા વિના આધ્યાત્મિકતા સંભવે નહિ એવી માન્યતા હતી. આધ્યાત્મિક મનુષ્ય ધાર્મિક હોવો જ જોઇએ, આમ મનાતું હતું. એટલે નીતિ એ ધાર્મિક કે આધ્યાત્મિક પ્રગતિનું પહેલું સોપાન હતું. તેથી નીતિહીન માણસને સમાજમાં કોઇ સ્થાન જ નહોતું.

અહિંસાદિ પાંચ વ્રતોનું સ્થૂલપણે પાલન એ નીતિનો જ એક પ્રકાર ગણાતો. આજે આ પાંચ વ્રતોમાં આપણને મહાન ધાર્મિકતા દેખાય છે, તે એ સમયે કેવળ નીતિનિયમો હતા. ધાર્મિકતા તો એના સૂક્ષ્મ દૃષ્ટિએ થતા પાલનમાં હતી.

અપરિગ્રહીને અથવા પરિગ્રહના પરિમાણમાં જે માને છે તેને ચોરી કે અસત્યનો આશ્રય લેવાની જરૂર જ પડતી નથી. પરિગ્રહની લાલસાવાળાને ચોરી કરવી પડે છે; ચોરી કરતાં, જેનું ચોરાય છે અને જે દુઃખ થાય છે એટલી હિંસા પણ તે કરે છે, અને એ છૂપાવવા અસત્યનો આશરો પણ લેવો પડે છે. આમ પરિગ્રહલાલસામાંથી અનેક દોષો જન્મે છે.

પરન્તુ જમાનો જેમ આગળ વધતો જાય છે, તેમ પરિગ્રહલાલસા પણ વધતી જતી હોય એમ જણાય છે; અને આ છેલ્લા વિશ્વયુધ્ધ દરમિયાન અને તે પછી પરિગ્રહલાલસા એટલી હદે વધી ગઇ છે કે આપણે નીતિઅનીતિ વિષે બહુ વિચાર પણ કરતા નથી; અને ધનપ્રાપ્તિ પર જ બધું લક્ષ કેન્દ્રિત કરીએ છીએ. છેલ્લા દશકામાં વેપારીઓએ કાળાં બજાર કરવામાં, અમલદારોએ અને સામાન્ય સરકારી, રેલ્વે કે કંટ્રોલખાતાંના નોકરોએ લાંચ રૂશ્વત લેવામાં અને સત્તાધારીઓમાંના કેટલાકે ગેરકાયદેસર માર્ગે ધન એકઠું કરવામાં પાછા વળી જોયું નથી. આ કામમાં તેમણે કદી નીતિ અનીતિનો વિચાર સરખો પણ કર્યો નથી; એટલું જ નહિ પણ આવું જુઠું કામ કરવામાં શરમ રહેલી છે, એમ માનવાને બદલે એ કામમાં ગર્વ અનુભવ્યો છે. કેટલાક તો પોતે કેવી ચાતુરીપૂર્વક કાળાંબજાર કરે છે અથવા લાંચરૂશ્વત લ્યે છે, એનું વર્ણન મિત્રવર્ગમાં અભિમાનપૂર્વક કરતાં થાકતા જ નથી. અનીતિ આમ છેલ્લી હદે પહોંચી છે.

આથી આગળ ચાલીને પ્રજાને સાચી દોરવણી આપવાનું જેનું કર્તવ્ય છે એવા કેટલાંક રાજસ્થાની એકમોના પ્રધાનો તેમ જ

પ્રાન્તોના આગેવાનોએ પણ પોતાની દૃષ્ટિ સ્વાર્થ તરફ રાખીને અનીતિને માર્ગે પ્રસ્થાન કર્યું છે ત્યારે દેશના આગેવાનોને ચિંતા થાય છે કે આમાંથી હવે કઇ રીતે ઉગરવું. આપણા વરિષ્ઠ આગેવાનોમાં નીતિની ઉંચી ભાવના અને ડહાપણ સાબુત હોઇને આ પરિસ્થિતિ પ્રત્યે આંખમીચામણાં તેમણે કર્યાં નથી; પરંતુ જાહેર રીતે આ અનીતિ અને સત્તા તેમ જ ધનની લાલસાને તેમણે ધિક્કારી કઢી છે. તાજેતરમાં સરદારશ્રીએ ઇંદોરમાં જાહેર કાર્યકર્તાઓને લાલબત્તી બતાવતાં કહ્યું હતું કે જો તમે સ્વાર્થમાં પડી જશો, તો જે હાથ લાગ્યું છે એ ખોઇ બેસશો અને દેશનો વિનાશ નોતરશો. રાષ્ટ્રપ્રમુખ ડો. પટ્ટાભીએ એક સંદેશામાં કહ્યું હતું કે જુદી જુદી સંસ્થાઓમાં ખુબ જ નીચલા ધોરણના ઝઘડાઓ બતાવી આપે છે કે કોંગ્રેસમાં પણ કેટલો સડો પેઠેલો છે. દહેરાદૂનમાં મળેલી કોંગ્રેસની મહાસમિતિની ખાનગી બેઠકમાં પણ આ સ્થિતિની વિચારણા કરવામાં આવી હતી. આ બધું દુઃખદાયક છે; અને જો એ પરિસ્થિતિ નહિ સુધરે તો આપણે કયાં જઇને ઊભા રહીશું એ કહી શકાતું નથી.

આમ છતાં આપણે છેક જ નિરાશ થવાનું કારણ નથી. એક તો યુદ્ધનાં હિંસક વાતાવરણમાં માણસાઇ પણ લુપ્ત થઇ જાય, ત્યાં નીતિનું ધોરણ નીચું ઉતરે, એમાં બહુ નવાઇ નથી, વળી એકાએક સત્તાનો પલટો થતાં કેટલાંક પ્રાન્તો અને રાજસ્થાનોમાં એવા માણસોના હાથમાં રાજ્યધુરા આવી ગઇ કે જેમના માટે એ દૃષ્ટિએ બહુ વિચારવાનો અવકાશ મળ્યો નહિ. આ રીતે ઉચ્ચ કક્ષાના અમલદારો, જાહેર કાર્યકરો અને વેપારી વર્ગે પૂરો સ્વાર્થ સાધ્યો છે; જેથી લોકોના મનમાં નિરાશા ઊગી ગઇ છે. આમ છતાં આ દેશના સંસ્કાર જે રીતે ઘડાયા છે એ રીતે ન્યાય અને નીતિનું પુનઃસ્થાપન થવાનું જ છે. નવાઇની છતાં સાચી વાત છે કે કેટલાક ગરીબ તેમ જ નાના માણસોમાં હજીએ નીતિની ભાવના ભરી પડી છે અને આવા સ્વાર્થમય વાતાવરણમાં પણ તેઓ અનીતિના દોષથી પર રહ્યા છે. એકાદ મહિના પહેલાં મુંબઇમાં બનેલો એક બનાવ ઘણો સૂચક છે. બહારગામથી ખરીદી માટે આવેલો એક વેપારી જે ટેકસીમાં તે ફરતો હતો તેમાં નોટોનું એક બંડલ ભૂલી ગયો. પોલીસ ચોકીએ જઇને તેણે ફરીયાદ કરી કે તે ટેકસીમાં હજારોની નોટોનું બંડલ ભૂલી ગયો છે. પરન્તુ ટેકસીનો નંબર તેને યાદ નહોતો, એટલે પોલીસને પણ શું કરવું તે સુજતું નહોતું. એવામાં તે જ પોલીસ ચોકીએ નોટોનું તે બંડલ સોંપવા માટે તે જ ટેકસીવાળો ત્યાં આવ્યો, અને બધી મત્તા તેણે ત્યાં સોંપી દીધી, એટલું જ નહિ પણ તેણે વેપારી પાસેથી બદલામાં મળતું ઇનામ સ્વીકારવાનો પણ ઇન્કાર કર્યો !

એવો જ બીજો દાખલો : અઠવાડિયા પહેલાં હજારોની રકમના 'બેરર'ના બે ચેકો એક માણસને જડતાં, તેણે તેના માલીકને શોધવાને માટે તે ચેકો વર્તમાનપત્રની કચેરીમાં સોંપી દીધા, કશા પણ બદલાની આશા વિના !

આવા નાના માણસો, સામાન્ય માણસો, ગરીબ માણસો હજુ પણ આ દેશમાં જ વસે છે, જેઓ નીતિની કિંમત ભારે ઉંચી આંકતા હોય છે. અને તેઓ જ આ નિરાશાના અંધકારમાં આશાનું કિરણ છે.

આજના વિષમ સંજોગોમાં આ નાના માણસો મક્કમ રહીને નીતિને જાળવી રાખશે તો આ દેશ પર ફરી વળેલાં અનીતિનાં વાદળો કોઇક દિવસે જરૂર વિખરાઇ જશે.

આવા પ્રામાણિક માણસોથી જ દેશનો ઉદ્ધાર છે. તેમનું કર્તવ્ય એથી પણ આગળ એ છે કે તેઓ જ્યાં જ્યાં અન્યાય, અનીતિ, અપ્રામાણિકતા, લાંચરૂશ્વત કે કાળાંબજાર જુએ ત્યાં ત્યાં તેને ખુલ્લાં પાડે; અને એમ કરવા જતાં જે કંઇ આપત્તિ આવી પડે, તેનો હસતે મુખે સ્વીકાર કરે.

બીજું, આજે જ્યાં ત્યાં પૈસાની બહુ મોટી કિંમત આંકવામાં આવે છે. જ્યાં ત્યાં પૈસાદારને આગેવાની અપાય છે, અને વિદ્વાનો પણ એમની ખુશામત કરતા હોય છે. જો દેશને સુધારવો હોય તો લોકોએ પૈસાને બદલે વિદ્યા અને સેવાને જ મહત્ત્વ આપવું જોઇએ; એટલું જ નહિ પણ સમાજમાં સેવકો અને વિદ્વાનોનું બહુમાન કરવું જોઇએ, અને અનીતિમાન શ્રીમંતોનું સ્થાન સમાજમાંથી દૂર ખસેડવું જોઇએ.

ત્રીજું, આપણા પત્રકારો જો ધારે તો કાળાં બજાર અને લાંચ રૂશ્વતથી પકડાતા વેપારીઓ અને અમલદારોને છુપાવવાને બદલે તેમને ખુલ્લા પાડે, અને આ અનીતિને સખ્ત રીતે વખોડી કાઢતા રહે.

એમ જ્યારે અનીતિનો સખ્ત સામનો કરવામાં આવશે ત્યારે જ દેશના આગેવાન નેતાઓની ચિંતા દૂર થશે; અને ભારતની જે સંસ્કૃતિ માટે આપણે ખોટો ગર્વ લઇ રહ્યા છીએ, તેને બદલે સાચો ગર્વ લઇ શકીશું.

મહાત્માજીનાં સાથી ડો. સુશીલા નય્યર જેઓ હાલ અમેરિકા છે, તેમણે હિંદમાં ફેલાતી લાંચ રૂશ્વતની બદી અંગે જે પત્ર શ્રી. કિશોરલાલભાઇ મશરૂવાળાને લખેલો, અને શ્રી. કિશોરલાલભાઇએ તે અંગે જે નોંધ લખેલી તે બન્ને આ વિષયને અનુરૂપ હોઇને આ નીચે પ્રગટ કરૂં છું. **જટુભાઇ મહેતા.**

## નીતિનાં ધોરણો

૧૯૪૯ની સાલના જાન્યુઆરી માસની ૯ મી તારીખનાં 'હરિજન'ના અંકમાં બેફામ બનેલી લાંચરૂશવતની બદી એ લેખ વાંચી મને ઘણી બેચેની થઇ. બીજાં સાધનો મારફતે પણ મને એવા હેવાલો મળ્યા છે. એ બધું જાણી મારા મનમાં જે વિચારપરંપરા જાગી તે 'હરિજન'ના વાંચકોને જણાવવાની મને ઇચ્છા થઇ છે. સૌથી પહેલાં મને લાગે છે કે ચપરાસીઓ ને શિરસ્તેદારો કે કારકૂનોમાં લાંચરૂશવતનું જોર વધ્યાની હકીકતથી જેટલી બેચેની થાય છે તેનાથીયે વધારે એ બદી વધારે ઊંડી ઊતર્યાની હકીકતને લીધે થાય છે. ચપરાસીઓ લાંચ લે તે માટે કંઇકેય કારણ હોય; કેમકે એમને જે પગાર મળે છે તેમાં સારી રીતે જીવવાની વાત તો આઘી રહી, તેઓ જીવી જ ન શકે. આથી એ લોકોને આવકનાં બીજાં સાધન ગમે ત્યાંથી ઉભાં કરવાં પડે છે એટલે લાંચરૂશ્વતની બદી જડમૂળથી કાઢવી હોય તો આપણે એનાં મૂળ કારણો તપાસવાં જોઇએ. તંત્રની છેક નીચેની પાયરીએ નોકરી કરનારને નહીં જેવું જ વેતન મળે છે. પણ નવાઇની વાત એવી છે કે તંત્રને મથાળે બેઠેલાં માણસો પણ અમને ઝાઝું કશું મળતું નથી એવાં ફરિયાદ કરે છે ! જે લોકોને ઊંચામાં ઊંચા પગારો મળે છે તેમાંના કેટલાકને મોઢે મેં સાંભળ્યું કે અમારા પગારમાંથી અમારૂં માંડ પૂરૂં થાય છે, ત્યારે મને ઘણી નવાઇ થઇ. આનું કારણ એવું છે કે એ લોકો બીજા દેશોના એમના જેવા દરજ્જાના લોકો સાથે પોતાની સરખામણી કરે છે; પણ તે મુલકોમાં માથાદીઠ આવક હિંદની માથાદીઠ આવક કરતાં બસોગણી કે તેથી યે વધારે હોય છે અને છતાં આ લોકો એવી આમદાનીવાળા મુલકોના સરકારી નોકરોના જેવી જિંદગી ગાળવા ઇચ્છે છે, તેમના જેવી જ આગતાસ્વાગતાની રીતો અખત્યાર કરે છે, તેમના જેવી કોકટેલ પાર્ટિઓ આપે છે અને એ બીજું ઘણું ચલાવે છે. આ લોકો ઘણું બૂમરાણ મચાવી શકે છે અને પોતાની બુમો અસરકારક થાય એ રીતે પાડી શકે છે એટલે તેમને પગારોમાં વધારો મળવાનો સંભવ રહે છે. પણ તંત્રમાં છેક નીચલી પાયરીએ નોકરી

કરનારનો કોઇ વિચાર કરતું નથી; ગમે તેમ પણ મથાળેના નોકરોના પગારમાં કાપ મૂકવાની વાત કોઇને સુઝતી નથી. ઉંચા પગારો મળતા હોવા છતાં પોતાને મળતી સંધિઓનો લાભ લઇ ઉઘાડી લાંચ લેવાને બદલે લાંચ જેવું જ બીજું સ્વીકારવામાં જરાયે સંકોચ ન રાખનારા ઉંચા અમલદારો જોવાના મળે છે. મને બાતમી મળી છે કે રોકડ નાણાંની ને એવી ઉઘાડી લાંચ લેનારા અમલદારો પણ છે. સરકારી તંત્રની બધી કક્ષાઓમાં જવાબદારીના ભાન વગરના લોકો હોય છે એટલે પ્રમાણિકપણું અથવા સચ્ચાઇ અને જવાબદારી તેમજ ભરોસો એ બે ગુણો આપણે નહિ કેળવી શકીએ તો આપણે આખરે કયાં જઇને અટકીશું તેની હું કલ્પના કરી શકતી નથી. મને લાગે છે કે નીચેના લોકોને ઉંચા ચડાવવા અને ઉપરના લોકોને નીચા ઉતારવા એ સિવાય બીજો રસ્તો દુનિયામાં હવે રહ્યો નથી. આપણે ઉત્પાદન વધારવું જોઇએ એ વાત બેશક સાચી છે પણ દરમિયાન આપણે સૌએ તંગી સરખી રીતે અને સ્વેચ્છાથી વેઠતાં શીખવું જોઇએ. એ માર્ગ બાપુએ બતાવ્યો છે. એ જ તેમનો માર્ગ છે. એ માર્ગે નહિ જઇએ તો સામ્યવાદના અમલમાં આપણને સૌને સરખી રીતે તંગી વેઠવાની ફરજ પડશે. અને સામ્યવાદની સ્થાપના અને તેનો અમલ એટલે મોટી હિંસક ઉથલપાથલ. લાંચરૂશવતની બદી, ગરીબી અને ધૂંધવાતો અસંતોષ એ બધાં મળીને હિંસક ક્રાંતિને ઉગવાને ને ફાલવાને ખાતર પુરૂં પાડે છે અને તેથી બાપુની ફિલસૂફીનો જીવનમાં પ્રત્યક્ષ અમલ કરી બતાવવાને આપણા આગેવાનો કંઇ નહીં કરે તો હિંદને ચીનને રસ્તે જતાં દુનિયાની કોઇ શક્તિ અટકાવી નહિ શકે. વિચારોની સામે ખળભળરી કામ નથી આવતી. વિચારોની સામે એથી ચડતા વિચારો જ સફળપણે લડત આપી શકે. જીવનમાં પ્રત્યક્ષ સુધારો કરવાથી જ વિચારોની સામે લડી શકાય. અને એમ બાપુએ આપણને જે આપ્યું છે તેથી વધારે સારૂં કંઇ મળે એવું છે ખરૂં? બાપુએ હિંદમાં જે કંઇ પુરૂષાર્થ કરી બતાવ્યો તે પછીયે તે સામ્યવાદના પુરમાં તણાઇ જાય એનાથી વધારે કરૂણ ઘટના બીજી કઇ અને છતાં ધરમુળમાંથી કંઇક કરી પરિસ્થિતિમાં ઝટ પલટો નહિ લાવીએ તો એ બન્યા વિના રહેવાનું નથી. આપણે મનને મનાવી હાથપગ જોડી બેસી ન જઇએ અને એમ ન કહીએ કે હિંદને સામ્યવાદથી કશું બીવાનું નથી. જેવું ચાલે છે તેવું જ ચાલ્યા કરવાનું હોય તો સામ્યવાદનું જોખમ હિંદને માથે ખચિત આવવાનું છે એમ સમજવું.

બાલ્ટીમોર, અમેરિકા

૧૧-૩-૪૯ **સુશીલા નય્યર**

નોંધ: આપણે ત્યાંની પરિસ્થિતિની ઉપરની રજુઆતમાં ચેતવણી રૂપે બે શબ્દો મારે ઉમેરવા જોઇએ એમ મને લાગે છે. સરકારી નોકર પછી પટાવાળો શું કે કારકુન શું અને તેને જરૂરિયાતથી ઓછો પગાર મળતો હોય તો શું, કે પૂરતો પગાર ન મળતો હોય તો શું, તેમાંના કોઇને એવો ખ્યાલ ન હોવો જોઇએ કે હું લાંચ લઉં કે બક્ષિસ સ્વીકારૂં એમાં કશું ખોટું નથી ને એ વાતનો બચાવ હોઇ શકે કે. આ એક ભારે ભ્રામક દલીલ છે અને એમાંથી આગળ વધીને માણસ પોતાની દયા ખાવા માંડે છે ને આખરે ભ્રષ્ટ થાય છે. જીવનનું આજે છે તેના કરતાં વધારે સારૂં ધોરણ હોવું જોઇએ એ વાત સૌ કોઇએ સ્વીકારી છે. પણ જીવનનું ધોરણ નીચું હોય તેનો અર્થ એવો નથી કે એ માણસાઇનું નહિં પણ તેથી ઉતરતા દરજ્જાનું જીવન છે. પ્રમાણિકપણું અને ઉચ્ચ ચારિત્ર્ય તેમજ સાથે અનિવાર્યપણે સંકળાયેલાં બીજાં લક્ષણો એ માણસાઇનાં લક્ષણો છે, એમાં જ માણસાઇ છે. અપ્રમાણિકપણું, દગાબાજી, સ્વાર્થીપણું એ માણસાઇથી ઉતરતી સ્થિતિ છે. સદ્‌ગુણનું આચરણ એ જ તેની સાર્થકતા છે; દુનિયામાં આગળ વધવાની કેવળ તરકીબ અથવા ઉપયોગી સાધન નથી, અને સદ્‌ગુણની કેળવણીને બુધ્ધિની પ્રતિભા કે સમાધાન આપે, એવી આર્થિક કે સામાજિક સ્થિતિ સાથે કશું સ્નાનસૂતક નથી. વડી અદાલતનો ન્યાયાધીશ પીધેલ હોય અને લાંચ ખાતો હોય એમ બને. એના ગરીબ ચપરાશીમાં એવા દુર્ગુણ ન હોય એમ બને. દુનિયાદારીના ડહાપણવાળા લોકો ઉપર ઉપરથી પેલા ન્યાયાધીશને તેના દુર્ગુણોની જાણ છતાં માન આપે પણ પ્રમાણિક ચપરાશી અને શિરસ્તેદાર અંતરમાં એવી શાંતિ ને સ્વમાનની લાગણી અનુભવતા હોય કે જેની પેલા ન્યાયાધીશને તો ઝાંખી સરખી નહીં હોય. પોતાના હાથ નીચેના એ પ્રમાણિક નોકરોના કરતાં પોતે ઊતરતો છે એવી લાગણી એ ન્યાયાધીશને હમેશ રહેશે, તેમની આગળ તે હમેશ પોતાને ઉણો ને આત્મવિશ્વાસ વિનાનો માનશે અને બાયલો હશે તો તેમને દૂર કરવાનો પ્રયત્ન કર્યા વિના પણ રહેશે નહિ. ગાંધીજીની વધારેપડતી સારમાણસાઇથી ડરી જઇને જ કોમી માનસવાળા હિંદુએ તેમનું ખૂન નથી કર્યું કે?

તંત્રને મથાળેથી અથવા સમાજના ઉપલા દરજ્જાના લોકોમાંથી નૈતિક સુધારણાની શરૂઆત ન થાય ત્યાં સુધી તેનું કાર્ય થોભી રહેવું જોઇએ અથવા થોભી રહે છે એમ માનવામાં મોટી ગફલત રહેલી છે. ઘણી વાર એવી હિલચાલ તળિયેથી, નીચલા દરજ્જાના લોકોમાંથી શરૂ થાય છે, પછી આખા સમાજને વ્યાપી વળે છે અને કંઇક અંશે સાથેસાથ અંતરની ઊલટથી ઉપલા દરજ્જાના લોકોમાં પણ હૃદયનું પરિવર્તન આમજનતાની એવી સુધારણાની હિલચાલને અનુસરીને શરૂ થાય છે. સમાજમાં આપણો દરજ્જો ગમે તેવો હોય તોયે નીતિનો ઊંચા ધોરણે અખત્યાર કરવાનો આપણો સૌનો ચોખ્ખો ધર્મ છે. **કિ. ઘ. મશરૂવાળા**

વર્ધા, ૨૯-૩-૪૯ ("હરિજનબંધુ" માંથી)

## આપણે જવાબદાર છીએ.

સોરઠના લોકોએ સ્વાતંત્ર્ય મેળવવા સંગ્રામ કર્યો. જુનાગઢની પ્રજાએ બતાવેલી હિંમતને કારણે જ રાજાઓએ ગાદીઓ છોડવાનું વિચાર્યું. આ હિંમત જો તમે લોકોએ ન બતાવી હોત, તો રાજાઓ ન જાત. બીજા રાજાઓ નવાબ જેવી હાલત થશે, એમ જાણી માની ગયા.

જુનાગઢના સંગ્રામને બાપુએ આશિર્વાદ આપેલા, કારણ કે એમને લોકો દુર્બળ રહી મરવા કરતાં જુલ્મોનો સામનો કરે, તે વધુ પસંદ હતું.

દેશમાં અત્યારે જે કામ થાય છે, તેમાં બાપુનું પૂન્ય છે. હવે આપણી હકૂમત આવી છે. પહેલાં કરતાં આપણી જવાબદારી વધુ છે. રાજાઓ ગયા, હવે જે દોષ હોય, તે આપણો છે.

લોકોને અન્ન ન મળે, પાણી ન મળે, હરિજનો કે નિર્વાસિતોની જે સ્થિતિ અત્યારે છે, તે બધા માટે આપણે જવાબદાર છીએ. પરદેશી સત્તા ચાલી ગઇ, પણ સ્વરાજ્યના ફાયદા આપણને હજુ ચાખવા મળેલ નથી. બાપુનો આદર્શ રામરાજ્ય—ધર્મરાજ્ય—નો હતો જે રાજ્યમાં કોઇ ગરીબ નહિ, કોઇ દુઃખી નહિ, કોઇ જુલમગાર નહિ, આનું નામ રામરાજ્ય. પણ બાપુની કલ્પના કરતાં આપણું અંતર ઘણું છે. જે દેશમાં અનાથઆશ્રમો નથી, પોલીસ ચોકી નથી, ન્યાયની અદાલત નથી, તે ઉત્તમ રાજ્ય ગણાય. આવા સમાજની બાપુની કલ્પના હતી.

**[શાહપુર (સોરઠ)માં શ્રી. નાથજીના પ્રવચનમાંથી]**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર     રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૪

મુંબઈ: ૧૫ જુન ૧૯૪૯ બુધવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## હિંસાની એક આડકતરી પ્રતિષ્ઠા

[ ઉપરોક્ત શિર્ષક તળે શ્રી. પુરાણીનો લેખ ‘ પ્રબુદ્ધ જૈન ’ ના ગયા અંકમાં અમે પ્રગટ કર્યો હતો, તેના ઉત્તરપક્ષ તરીકે એ લેખ ઉપરની પં. સુખલાલજીની ટીકા જવાબરૂપે અહીં પ્રગટ કરીએ છીએ.—તંત્રી ]

શ્રીયુત અંબાલાલ પુરાણીનો ‘દક્ષિણા’ વર્ષ–૨, અંક બીજામાં ‘અહિંસા’ એ મથાળા નીચે એક વિસ્તૃત લેખ પ્રસિદ્ધ થયો છે. આ આખો લેખ પ્રશ્નોત્તર રૂપમાં છે. કેટલાક પ્રશ્નોત્તરો તો એવા છે કે જેનું વિચારમાં નજીવું મહત્ત્વ છે, છતાં વિચારણીય કહી શકાય એવા મહત્ત્વના પ્રશ્નોત્તરો પણ ઘણા છે. જો કે એ પ્રશ્નોત્તરો વિષે વિસ્તારથી ચર્ચા કરવી ઇષ્ટ છે; પણ મૂળે એ પ્રશ્નોત્તરોજ વિસ્તૃત છે અને તેની વિગતવાર ચર્ચા કરવા જતાં અતિ વિસ્તાર થયા સિવાય રહે નહીં. વળી, ચર્ચામાં પ્રશ્નોત્તરો લેખકની ભાષામાં રજૂ કર્યા હોય તોજ વાંચનારને બંને બાજુનો કાંઇક ખ્યાલ આવી શકે અને તે ઉપર પોતાનો વિચાર બાંધી શકે; આ બધું કરવા જતાં જે અતિ વિસ્તાર થાય તેને મર્યાદિત કદનું કોઇ પણ સામયિક પત્ર એક જ અંકમાં ભાગ્યે જ છાપી શકે અને ખંડશઃ છપાતાં સામાન્ય વાંચનારનો વિચારપ્રવાહ પણ ખંડિત જેવો બની જવાનો ભય છે. તેથી પ્રસ્તુત ચર્ચામાં શ્રીયુત પુરાણીના ખાસ મુદ્દાઓને સ્પર્શી વિચાર કરવો ઉચિત છે.

શ્રી પુરાણી ગુજરાતી છે અને સુશિક્ષિત પણ છે. મૂળે તે વ્યાયામનિષ્ણાત તરીકે ઘણાને જાણીતા હતા, પણ અનેક વર્ષો થયાં તેઓ શ્રી અરવિંદના સાધનાને વરેલા છે, અને પોંડેચેરી, શ્રી અરવિંદ આશ્રમમાં રહે છે. અનેક વર્ષો પછી તેઓ ૧૯૪૭ માં ગુજરાતમાં પહેલવહેલા આવેલા. હું પહેલાં કે પછી તેમને કદી મળ્યો નથી. પણ પ્રથમ તો તેમના લખાણ દ્વારા અને પછી કેટલાક મિત્રો દ્વારા તેમને વિષે પરોક્ષપણે કાંઇક જાણવા પામ્યો છું. મેં સૌથી પહેલાં શ્રી અરવિંદના પૂર્ણયોગનું તેમણે ગુજરાતીમાં કરેલ ભાષાંતર સાંભળ્યું ત્યારે જ જો કે એ હું ભાષાન્તરથી પરિતૃપ્ત ન હતો છતાં એવા ગંભીર અને દુરૂહ તત્વચિંતનને ગુજરાતીમાં ઉતારવાના તેમના સાહસથી તેમના પ્રત્યે આકર્ષાયો હતો. તેમને પ્રત્યક્ષ જાણનાર એવા વિશ્વસ્ત તેમજ સહૃદય વિદ્વાન મિત્રે દ્વારા જ્યારે મેં તેમની યૌવનસુલભ ચપળતા અને કર્મકસુલભ કાર્યશીલતા વિષે સાંભળ્યું ત્યારે તેમના પ્રત્યે મારૂં આકર્ષણ ઓર વધ્યું. શ્રી અરવિંદ જેવા યોગીન્દ્રના સમીપમાં લાંબો વખત સતત રહેવાની અને સાધનામાં ભાગીદાર બનવાની તક એ પણ આકર્ષણનું જેવું તેવું નિમિત્ત નથી.

શ્રી સુંદરમ્ તો મારા થોડાઘણા પરિચિત છે જ. તેમની શક્તિઓ વિષે મારો પ્રથમથી જ અતિ આદર રહ્યો છે. એટલે તેમના તંત્રીપદે સંપાદિત થતા દક્ષિણાના લેખો અવારનવાર વાંચવા પ્રેરાઉં છું. છેલ્લે જ્યારે અહિંસા વિષેનો વિસ્તૃત લેખ વાંચ્યો ત્યારે હું અનેક રીતે વિચારમાં પડી ગયો.

યોગીન્દ્રની પરિચર્યામાં રહેનાર અને યોગસાધનામાં ભાગ લેનાર પ્રૌઢ વ્યક્તિને હાથે સદા વિકાસ પામતા અને ઉત્તરોત્તર વધારે ઉહાપોહ માગતા અહિંસા જેવા કાળજૂના સૂક્ષ્મ તત્ત્વ વિષે જે કાંઇ લખાયું હોય તે સાધારણ, તુચ્છ કે ઉપેક્ષાપાત્ર હોઇ ન શકે એ વિચારે એ લેખને હું અનેકવાર સાંભળી ગયો અને તે ઉપર યથાશક્તિ સ્વતંત્ર તેમજ તટસ્થપણે મનન પણ કર્યું. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે શ્રીયુત પુરાણીની અહિંસા વિષેની ચર્ચા ઘણે સ્થળે વિચાર, તર્ક અને સત્યથી વેગળી છે. કેટલીક વાર એમ લાગે છે કે આ સત્યલક્ષી તત્ત્વમીમાંસા નહીં, પણ એક પૂર્વગ્રહ પ્રેરિત પીંજણ અને શબ્દરછળ માત્ર છે. વળી, આખા લેખનો ઝોક એમ સૂચવતો લાગે છે કે તેઓ અહિંસાની તટસ્થ અને મૂળગામી ચર્ચાને નિમિત્તે માત્ર ગાંધીજીની પદ્ધતિની સામે કાંઇ ને કાંઇ કહેવા બેઠા છે.

શ્રી પુરાણી અહિંસાતત્ત્વને નથી માનતા એમ તો નથી જ. એમણે અહિંસાની ઉપયોગિતા સ્વીકારી છે અને અહિંસાની વ્યાખ્યા પણ કરી છે. છતાં તેમની પ્રશ્નોત્તરીમાં મધ્ય સ્થાને જાણે ગાંધીજી જ ન હોય તેમ ગાંધીજીમાં ઉદય પામેલી અને વિકસેલી અહિંસાનો વિચાર આવે છે તેમજ તેમની અહિંસક પદ્ધતિનો પ્રશ્ન આવે છે ત્યારે શ્રી પુરાણી માત્ર મનનું યોગસુલભ સમતોલપણું જ નથી ગુમાવતા, પણ તેઓ જે પૂર્ણયોગની દિશાના પ્રવાસી છે અને જે પૂર્ણયોગની મહત્તા શ્રી અરવિંદના તથા શ્રી માતાજીના ધ્રુવ મંત્ર જેવા પ્રસન્ન અને ગંભીર લેખોમાં પ્રતિપાદિત થઇ છે તેને જ અન્યાય કરે છે. જ્યારે હું ફરીફરીને દક્ષિણાના પ્રથમ વર્ષના પ્રથમ અંકમાં પ્રસિધ્ધ થયેલા શ્રી માતાજીનો ‘વિશ્વસંવાદની સ્થાપના’ અને શ્રી અરવિંદના ‘ અમારો આદર્શ ’ તેમજ ‘રૂપાંતર’ નવું પ્રસ્થાન એ લેખો વાંચું છું તેમજ પ્રથમ વર્ષના બીજા અંકમાં પ્રસિદ્ધ થયેલ શ્રી અરવિંદનો ‘આદર્શો’ એ લેખ વાંચું છું ત્યારે એ બંને વ્યક્તિઓની વિશાળ દૃષ્ટિ અને દરેક પક્ષને વાજબી રીતે તોળવાની તેમજ કોઇ પણ પક્ષને અન્યાય ન થાય તેવી રીતે ચર્ચા કરવાની સમતોલ વૃત્તિ પ્રત્યે ઊંડા આદરથી મસ્તક નમી પડે છે. એ ા જ સાથે જ્યારે હું શ્રી પુરાણીના અહિંસાવિષેના દૃષ્ટિકોણને સરખાવું છું ત્યારે મને તદ્દન ચોખ્ખેચોખ્ખું એમ લાગે છે કે પુરાણી પોતાના ગુરૂ શ્રી અરવિંદ અને શ્રી માતાજીના વિચાર અને ધ્યેયને જ જોખમાવી રહ્યા છે. આદર્શો નામનાં લેખમાં શ્રી અરવિંદે કહ્યું છે તે પોતાને વિષે કેટલું લાગુ પડે છે એ શ્રી પુરાણી અંતર્મુખ થઇ વિચારી જુએ તો તેઓ ભાગ્યે જ સત્યને અન્યાય કરશે. શ્રી અરવિંદ કહે છે :- “એવો પ્રચારક પેલા સ્થૂલ વ્યવહારૂ માણસની કોટિનોજ છે. પેલા આદર્શ કે ભાવનાનો તે સાચો સ્વામી નથી હોતો, પણ તેનો ગુલામ હોય છે. કોઇ બીજાની પકડમાં તે આવી ગયેલો હોય છે એ ભાવના તેને ધકેલતી હોય છે. એની ઇચ્છાશક્તિ તે ભાવનાને આધિન થઇ

ગયેલી હોય છે. એ ભાવનાનો સાચો પ્રકાશ તેને મળેલો નથી હોતો" (પૃ. ૯૯). આ સ્થળે હું દરેક જીજ્ઞાસુને ઉપર સૂચવેલા લેખો ફરી ફરી સમજપૂર્વક વાંચી જવા ભલામણ કરૂં છું. જેઓ એ લેખો વાંચી શ્રી પુરાણીની અહિંસા વિષેની ચર્ચા વાંચશે તેને મારૂં કથન વજૂદવાળું છે કે નહીં તેની ખાત્રી થયા વિના નહીં રહે.

કોઇ એક ભાઇ જે શ્રી અરવિંદાશ્રમમાં રહેતા હશે અને પછી અમદાવાદ જઇને પોતાના કામમાં પડયા હશે, તેમને સંબોધી શ્રી પુરાણીએ પોતે જ એક લાંબો પત્ર લખેલ છે, જે ખરી રીતે એક સુસંબદ્ધ લેખ છે. એ પત્ર પ્રથમ વર્ષના ત્રીજા અંકમાં 'કર્મ અને કર્મયોગ' એ મથાળા નીચે છપાયેલો છે. શ્રી પુરાણીનો આ પત્ર અને તેમનો અહિંસા વિષેનો દૃષ્ટિકોણ બંને સરખાવું છું ત્યારે મારી સમજમાં જ એ નથી આવતું કે તેઓ અમદાવાદવાળા પોતાના પરિચિત સાધક મિત્રને જે સલાહ ગંભીરપણે આપી રહ્યા છે તે જ સલાહને વ્યાપક રીતે આપમેળે જીવનમાં ઊતારનાર ગાંધીજીના અહિંસક કર્મયોગને તેઓ શા માટે અવગણતા હશે? શ્રી પુરાણી સ્પષ્ટ લખે છે "જે કામ લીધું હોય, યા તો પ્રકૃતિની યોજનામાં જે આપણે કરવાનું આવ્યું હોય, અને જેના પ્રત્યે આપણો અંતરાત્મા વિરોધ કે પ્રતિરોધ કરતો ન હોય તો તે કામ કરવામાં આપણી આધ્યાત્મિક પ્રગતિને કોઇ જાતનો બાધ આવતો નથી એ વાત ઘણા લોકો સમજતા નથી." (પૃ. ૧૫૮). આ સ્થળે હું અત્યંત વિનમ્રભાવે શ્રી પુરાણીને પૂછવા ઇચ્છું છું કે તમે કર્મયોગ માટે જે વિધાન કર્યું છે, તે વિધાનને વધારે વ્યાપક રૂપમાં અને સ્વયંભૂ સ્ફૂર્તિથી ગાંધીજીએ અમલમાં મૂક્યું અને તેની દુનિયાના બધા જ ભાગોમાં ઓછેવત્તે અંશે ઊંડી અસર થઇ, શું એ જ ગાંધીજીના કર્મયોગની ખામી છે? શ્રી પુરાણીના દૃષ્ટિએ એમ હોવાનો સંભવ છે કે શ્રી અરવિંદની આધ્યાત્મિકતા ગાંધીજીની આધ્યાત્મિકતા કરતાં ઘણીજ ઉન્નત છે, એની સરખામણીમાં ગાંધીજીની આધ્યાત્મિકતા હોય તો એ બહુ સાધારણ કોટિની છે. તેમની આ માન્યતા હોય તો તે સામે મારે કશુંજ કહેવાનું નથી. હું જે કહેવા ઇચ્છું છું તે તો એટલુંજ છે કે ગાંધીજીમાં પ્રકટેલું નૂર, પછી એને નામ આધ્યાત્મિક આપો કે વ્યાવહારિક, પણ તે નૂર, અને તેણે સ્થાપેલા માર્ગો શ્રી અરવિંદના પૂર્ણયોગની દિશાનેજ સિદ્ધ કરતા હોય તેવા અને શ્રી માતાજીના વિશ્વસંવાદને મૂર્ત કરતા હોય તેવા છે. આ બધું આખી દુનિયાના ઊંડામાં ઊંડા વિચારકોને તો દીવા જેવું દેખાય છે. શું મારા જેવાએ એ બધા તટસ્થ અને સૂક્ષ્મ વિચારકો કરતાં શ્રી પુરાણીનું દૃષ્ટિબિન્દુ વધારે તટસ્થ અને સારગ્રાહી સમજવું? મન નાં પાડે છે.

આટલી પ્રસ્તાવના પછી પુરાણીએ ચર્ચેલ મુદ્દાઓમાંથી થોડાક તારવી મારી પોતાની ભાષામાં અહીં રજૂ કરી તેની સમીક્ષા કરવા હું ધારૂં છું. તે મુદ્દા આ રહ્યા—

(૧) શુદ્ધ આદર્શ તેમજ વ્યવહારની દૃષ્ટિએ અહિંસા વિષે વિચાર,

(૨) આધ્યાત્મિક સત્ય લેખે તેમ જ જીવનોપયોગી સત્ય લેખે અહિંસાનો વિચાર,

(૩) આત્મરક્ષા તેમજ ધર્મ, ન્યાયની સ્થાપના જેવા સારા હેતુ માટે પ્રાચીનોએ શસ્ત્રયુદ્ધનો માર્ગ સ્વીકારેલો તેની તે જ હેતુ માટે વપરાતી અહિંસક પદ્ધતિ સાથે સરખામણી.

પહેલા મુદ્દામાં શુધ્ધ આદર્શની દૃષ્ટિએ અહિંસાની અશકયતા બતાવતાં પુરાણીની દલીલ એ છે કે જીવન જીવવું હોય તો બીજાનું જીવન પોતામાં સમાવ્યા સિવાય તે જીવાતું જ નથી. 'जीवो जीवस्य भक्षणं' કે મોટું માછલું નાના માછલાને ગળે એ કહેવત જીવનનો સિદ્ધાંત જ રજૂ કરે છે. ખાવાપીવા બેસવા આદિમાં થતી ઓછામાં ઓછી હિંસા કે શાકાહાર જેવા તદ્દન સાદા ખોરાકમાં થતી અતિ અલ્પ હિંસા પણ ખરી રીતે હિંસાજ છે. શુદ્ધ આદર્શની દૃષ્ટિએ ઓછી કે વત્તી, નાની કે મોટી હિંસામાં ફેર પડતો જ નથી. તેથી તેઓ કહે છે કે શુદ્ધ આદર્શની દૃષ્ટિએ અહિંસા શકય જ નથી. ત્યાર બાદ તેઓ વ્યવહાર રીતે અહિંસાની શકયાશકયતા વિષે વિચાર કરતાં પ્રતિપાદન કરે છે કે વ્યવહાર દૃષ્ટિએ પણ અત્યારે અહિંસા શકય નથી. તેઓની દલીલ એ છે કે જો એક માણસ પણ સંપૂર્ણ અહિંસા આચરી શકતો નથી તો આખી પ્રજા કે આખા સમાજ પાસે અહિંસાના પાલનની આશા રાખવી એ તો આખા સમાજ પાસેથી શહીદી આચરવાની આશા રાખવા બરાબર છે, કે જે કદી શકય નથી.

શ્રીપુરાણીની વિચારપદ્ધતિનો મોટામાં મોટો અને તરત જ નજરે ચઢે એવો દોષ એ છે કે તેઓ ગાંધીજીની અહિંસક કાર્યપદ્ધતિની અપૂર્ણતા અને અવ્યવહારુતા બતાવવાની એક માત્ર નેમથી જ વિચાર કરવા બેઠા છે. તેથી તેઓ શુદ્ધ આદર્શ અને વ્યવહાર દૃષ્ટિ એવા બે વિકલ્પો માત્ર ખંડન-દૃષ્ટિએ ઊભા કરે છે. માત્ર ખંડન-દૃષ્ટિથી ઊભા કરવામાં આવતા વિકલ્પો, તર્ક અને દર્શનશાસ્ત્રમાં શુષ્કવાદ કે અધર્મવાદ તરીકે જાણીતા છે. કારણ કે એવા વિકલ્પો ઊભા કરી યેન કેન પ્રકારેણ સામા પક્ષનું ખંડન કરવું એમાં ખુલ્લી રીતે સત્યની અવગણના હોય છે. પુરાણી પોતાની આખી ચર્ચા દરમ્યાન શુષ્કવાદ કે અધર્મવાદના ભોગ બન્યા છે. તેઓ ખંડન-દૃષ્ટિના એકપક્ષી વહેણમાં પોતાના ગુરૂ શ્રી અરવિંદનું વિધાન જ ભૂલી જાય છે. શ્રી અરવિંદે પોતે જ કહ્યું છે કે પૂર્ણ આદર્શ હંમેશા અસિધ્ધ જ રહે છે છતાં એની પ્રેરણા જ વ્યવહાર અમલમાં પ્રાણદાયી નીવડે છે અને વ્યવહારમાં ઉત્તરોત્તર માણસને આગળ વધારે છે. ગાંધીજી પણ અહિંસા વિષે બીજું શું કહેતા અને માનતા? તેઓએ અનેકવાર ફરીફરીને કહ્યું છે કે પૂર્ણ અહિંસા તો પરમેશ્વરમાંજ સંભવે, પણ માણસનો ધર્મ એ છે કે એ દિશામાં પોતાથી બનતું બધું જ પ્રમાણિકપણે કરી છૂટે. એમ કરનાર જ કાંઇક ને કાંઇક આદર્શની નજીક જતો જાય છે. ગાંધીજી પોતે જ પોતાની અહિંસક પદ્ધતિને અહિંસાના શુદ્ધ આદર્શને સંપૂર્ણપણે અમલમાં મૂકનાર તરીકે નથી ઓળખાવતા તો પછી એ પદ્ધતિને એ દૃષ્ટિએ વગોવવી તે બેહુદું નહીં તો શું છે? વ્યવહાર દૃષ્ટિએ પણ કોઇ એક વ્યકિત પાસેથી યા આખા સમાજ પાસેથી ગાંધીજીએ સંપૂર્ણ અહિંસા-પાલનની આશા રાખી જ નથી. તેઓ પોતે પણ પોતાને સંપૂર્ણપણે અહિંસાના આચરનાર તરીકે ઓળખાવતા નહીં. એવી સ્થિતિમાં સંપૂર્ણપણે વ્યકિત કે સમાજ અહિંસા આચરી ન શકે એમ બતાવી વ્યવહાર દૃષ્ટિએ પણ અહિંસક પદ્ધતિની ખામી બતાવવી એ નર્યું અજ્ઞાન છે.

પ્રકૃતિના બંધારણમાં જ હિંસાને સ્થાન છે એમ કહી પુરાણી હિંસા વિના જીવનને અશકય બતાવે છે તે પણ હિંસા કે અહિંસાના અર્થનો વિપર્યાસ કરવા બરાબર છે. અહિંસાને સિદ્ધ કરનાર સંતો પ્રકૃતિના બંધારણની વાત બરાબર જાણતા, તેથી જ તેમણે પ્રકૃતિના તંત્રમાં રહેનાર દરેકને માટે એટલું જ સૂચવ્યું છે કે માણસ પોતાના પ્રત્યે બીજાની પાસેથી જે અને જેવા વ્યવહારની આશા રાખે તે અને તેવો જ વ્યવહાર તેણે બીજા પ્રત્યે આચરવો. આવી આત્મૌપમ્યની સાચી ભાવનાને પ્રમાણિકપણે અમલમાં મૂકવી અને ઉત્તરોત્તર વિકસાવવી તે જ વાસ્તવિક અહિંસા છે. સંતોએ અહિંસાના અનુભવેલ અને બતાવેલ આ સ્વરૂપમાં ઓછા કે વત્તા, નાના કે મોટા જીવોના નાશ ઉપર ઓછીવત્તી કે નાની મોટી હિંસાની ગણત્રીને સ્થાન નથી. અહિંસાના ઉપર સૂચવેલા સ્વરૂપમાં બીજા પ્રાણી પ્રત્યે સમદૃષ્ટિ કેળવવી એ એક જ વસ્તુ મુખ્યપણે સમાયેલી છે. સમદૃષ્ટિ દ્વારા જ પ્રકૃતિના આસુરી બંધારણમાંથી દૈવી સ્વરૂપ તરફ આગળ વધાય છે. એ ગીતામાં ઠેર ઠેર કહ્યું છે. એટલે પોતાના અને બીજાના વચ્ચે

વિષમદૃષ્ટિમૂલક વ્યવહાર તે હિંસા અને સમદૃષ્ટિમૂલક વ્યવહાર તે અહિંસા, આ વસ્તુ સર્વમાન્ય છે. કોઇપણ પ્રાણીનો દેખીતો નાશ ન થતો હોય ત્યારે પણ હિંસા સંભવે અને ઘણીવાર દેખીતો નાશ થતો હોય છતાં તેમાં હિંસા ન પણ હોય. આવી વસ્તુસ્થિતિ હોવા છતાં માત્ર પ્રાણીવધ કે જીવનાશને જ હિંસા માની જીવન જીવવામાં અહિંસાની અશક્યતા બતાવવી એ તો દૈવી પ્રકૃતિનો અગર તે તરફ પ્રયાણ કરવાનો ઇન્કાર કરવા બરાબર છે.

બીજા મુદ્દાના સંબંધમાં આધ્યાત્મિક સત્ય તરીકે અહિંસાનું જે મૂલ્યાંકન પુરાણીએ કર્યું છે તે સાચું છે. તેઓ કહે છે કે "આધ્યત્મિક ઉન્નતિને માટે અહિંસાનું આચરણ કરનાર માણુસ એક એવી ચેતનાવસ્થાને પહોંચવા માગે છે જેમાં સર્વ પ્રકારના પ્રેરક અને ઉત્તેજક કારણોની વચ્ચે પણ પોતે શાંત અને અહિંસામય રહી શકે. એની દૃષ્ટિએ અંતરની અહિંસાવાળી સ્થિતિ જાળવવી એજ મુખ્ય ધ્યેય છે. અંતર અહિંસામય સ્થિતિનો જરા પણ ભંગ ન થાય એ એને મન અતિ આવશ્યક છે. અહિંસાના પાલનથી કોઇ બાહ્ય પરિણામો આવે છે કે નહીં એ બાબત એને મન ગૌણ હોય છે." આધ્યત્મિક સત્ય લેખે ગાંધીજીમાં અહિંસા સિદ્ધ થઇ હતી કે નહીં તેની સાબીતી અનેક પ્રસંગે મળીચૂકી છે, અને તેમના ગમે તેવા વિરોધીએ પણ એ વાત સ્વીકારી છે કે ગાંધીજી પ્રબલમાં પ્રબલ ઉત્તેજક સંજોગો વચ્ચે પણ અક્ષોભ્ય રહી શકતા. એટલે જે વિચાર કરવાનો રહે છે તે તો એટલો જ કે તેવો માણુસ અહિંસાના બાહ્ય પરિણામની દરકાર રાખે કે નહી? હું ધારૂં છું કોઇ પણ સમજદાર એ સ્વીકાર્યા વિના નહીં રહે કે જેના જીવનમાં સ્વયંભૂપણે જ અહિંસા ઉદયપામી હોય અને જેણે એજ આધ્યાત્મિક બળને આધારે સામાજિક જીવનમાં ક્રાંતિ કરે એવી પદ્ધતિઓ અખત્યાર કરી હોય તેવો માણુસ બહારના પરિણામોથી તટસ્થ રહી શકે જ નહીં. ઊલટું તેવો માણુસ સતત જાગરૂક હોવાથી પોતાની પદ્ધતિ કેટલે અંશે કાર્યસાધક થાય છે અને કેટલે અંશે નથી થતી, ક્યાં એને ક્યારે એના પ્રયોગની રીતમાં ફેરફાર કરવાની જરૂર છે ઇત્યાદિ વિષે વધારે કાળજી વાળો હોય છે.. તેમ છતાં એ તટસ્થ એટલાજ અર્થમાં હોય છે કે ધારેલ પરિણામ આવવાથી કે ન આવવાથી તે પોતાનું સમત્વ લેશ પણ ગુમાવતો નથી. આધ્યાત્મિક ચેતનાની ઉચ્ચ ભૂમિથી તે સહેજે પણ નીચે ઉતરતો નથી. ખરી રીતે તો આધ્યાત્મિક અહિંસા સિદ્ધ થઇ છે કે નહીં તેની કસોટીજ જીવનના જુદા જુદા ક્ષેત્રોમાં તેનાં પ્રયોગ ઉપરથી અને તેમાં કદી હાર ન માનવાની વૃત્તિ ઉપરથીજ થાય છે. આપણા જેવા સાધારણ માણસો જો અહિંસાના બાહ્ય પરિણામો પ્રત્યે મુખ્ય દૃષ્ટિ ધરાવે તો તેથી એટલુંજ સિદ્ધ થાય છે કે આપણા જેવાએ હજી અંતર્મુખ થઇ વાસ્તવિક રીતે અહિંસા સાધવાની રહે છે. કસોટીમાં દેખાતી નિષ્ફળતા એ કાંઇ સદ્‌ગુણો વિકસાવવાની અયોગ્યતાનું છેલ્લું પ્રમાણપત્ર નથી, પણ એ તો એ દિશામાં વધારે સાવધાન થવાની એક સૂચના માત્ર છે. જે વસ્તુ એક વ્યક્તિમાં આધ્યાત્મિક સત્ય લેખે ઓછેવત્તે અંશે સિદ્ધ થઇ હોય તે સામુહિક જીવનમાં પ્રગટ થયા સિવાય રહી શકે જ નહીં. ફેર એટલો છે કે સામુહિક જીવનમાં એનું પ્રકટીકરણ પ્રમાણુમાં મંદગતિએ દેખા દે છે.

ત્રીજા મુદ્દામાં પુરાણીનો ભાર એ વસ્તુ પર છે કે આત્મરક્ષા કે ધર્મરક્ષા જેવા હેતુઓસર પ્રાચીનકાળથી ક્ષત્રિયો શસ્ત્ર વાપરતા આવ્યા છે અને તેથી શસ્ત્રહિંસાની પદ્ધતિ એ જ ગીતાકથિત આર્યમાર્ગ છે. એના સ્થાનમાં અશસ્ત્રપ્રતિકાર કે અહિંસામૂલક પદ્ધતિનો ઉપયોગ કરવો એ આર્યક્ષત્રિયત્વની ભાવનાનો નાશ કરવા જેવું છે. પુરાણીની આ માન્યના મૂળેજ મિથ્યા પૂર્વગ્રહ ઉપર બંધાયેલી છે. 'કર્મ અને કર્મયોગ' નામક પોતાના જ લેખમાં પુરાણી પોતાના મિત્રને સંબોધીને કહે છે કે ગીતાનો યોગ જ્યાં પૂરો થાય છે ત્યાંથી જ શ્રી અરવિંદના નવીન યોગની શરૂઆત થાય છે. આનો અર્થ એ થયો કે ગીતાકારના સમય સુધીમાં આર્ય માનસે અને આર્ય પ્રજાએ જે પ્રગતિ કરી હતી તે છેવટની ન હતી. તેથી જ એક આર્ય પુરૂષ એવો પ્રકટ્યો કે જેણે પોતાના પૂર્વજોએ પ્રારંભેલ માર્ગમાં ઘણી મોટી ફાળ ભરી. જો યોગની બાબતમાં આ વસ્તુ સાચી હોય તો ક્ષત્રિયની ભાવનાની બાબતમાં એ વાત શાને વિસારવી જોઇએ? આર્ય ક્ષત્રિયત્વની ભાવનાનો ગીતાએ **પ્રતિપાદેલ** સિદ્ધાંત મૂળે તો એટલો જ છે કે આત્મરક્ષા કે સામાજિક સદ્‌ગુણો કે અન્ય પ્રકારના ન્યાય માટે તેજસ્વી અને સમજદાર માણસોએ જાનને જોખમે પણ બધું જ કરી છૂટવું. જ્યાં લગી શૂરા ધર્મવીરોને શસ્ત્રનો માર્ગ જાણીતો હતો ત્યાં લગી તેઓએ તે આચર્યો. હવે બીજા કોઇ પુરૂષમાં આર્યક્ષત્રિયત્વની ભાવના અન્યરૂપે પ્રકટ ન જ થઇ શકે અથવા ન જ થવી જોઇએ એવુ તો કાંઇ ગીતાએ કહ્યું નથી. ગાંધીજીએ તો આર્યક્ષત્રિયત્વની ભાવનાને જ એક નવો આકાર આપ્યો છે. એમણે શૌર્ય, નિર્ભયતા વગેરે બધા જ ક્ષત્રિયયોગ્ય સદ્‌ગુણોને વિકસાવવા ઉપર વધારેમાં વધારે ભાર આપી પોતાના જીવન દ્વારા એ બતાવી આપ્યું છે કે જન્મથી ક્ષત્રિય ન લેખાતો એવો માનવી પણ ક્ષત્રિય-મૂર્ધન્ય થઇ શકે છે અને તે પણ શસ્ત્ર ઉઠાવ્યા વિના કે વિરોધીનું ગળું કાપ્યા વિના. એટલે પુરાણીની જ ભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે ગીતાએ પ્રતિપાદેલ શસ્ત્રધારીનું ક્ષત્રિયત્વ પૂર્ણ થયું અને ગાંધીજીનું અહિંસક ક્ષત્રિયત્વ નવે રૂપે અવતર્યું. આર્ય પ્રજામાં કાંઇ પણ આર્યત્વ જેવી વિશેષતા હોય તો તે ગાંધીજીએ સિદ્ધ કરી બતાવી છે. એટલે આ બાબતમાં પુરાણીએ આર્યક્ષત્રિયધર્મના નાશથી ડરવાની જરૂર નથી.

આત્મા નિત્ય કૂટસ્થ હોઇ હણ્યો હણાતો નથી અને દેહ તો વિનશ્વરજ છે એ ગીતાના કથનનો આશ્રય લઇ પુરાણીએ તેનો ભારે દુરૂપયોગ કર્યો છે. તેઓ કહે છે "હિંસાથી આત્મા તો નાશ પામતો નથી.. શરીરની હિંસાને એટલું બધું મહત્ત્વ આપવું એ પણ એક લેખે અતિશયોક્તિ ભરેલું લાગે છે." ગીતાનું એ મંતવ્ય તાત્ત્વિક રૂપે ખોટું નથી. પણ તેનો ઉપયોગ કયા હેતુસર, ક્યાં અને કેવી રીતે કરવો એજ પ્રશ્ન છે. પુરાણીનું કથન વાચકમાં અહિંસાવૃત્તિને ઉત્તેજવા કરતાં હિંસાવૃત્તિને વધારે ઉત્તેજે એવું છે. સાધારણ રીતે મનુષ્ય માત્રમાં હિંસાનો-બીજાનો ભોગ લેવાનો સંસ્કાર જેટલો પ્રબળ હોય છે તેટલો બીજા માટે ઘસાવાનો સંસ્કાર પ્રબળ નથી હોતો. એટલે પુરાણીનું વિધાન વાંચનાર સામાન્ય માણસ એમજ માનવા પ્રેરાય કે આત્મા તો હણાતો નથી અને દેહ તો આપણે ન મારીએ તોયે મર્યા વિના રહેવાનો નથી. તેથી જ્યારે આપણી પ્રવૃત્તિથી બીજાનો દેહ નાશ પામે કે ઘસાય ત્યારે તેમાં આપણે કશું નવું ઉમેરતા નથી. આવી સમજણ છેવટે ક્રૂરતામાંજ પરિણામ પામે. ગીતાનું ઉક્ત કથન એજ અર્થમાં સાચું છે કે ઉચ્ચ ધ્યેય સાધવા કે સારૂં કામ કરવામાં મરણથી ન ડરવું, દેહરખું ન થવું. ગમે તેટલું ઘસાવું પડે તો યે પોતાની જાતને ઘસીને પણ વ્યક્તિ તેમજ સમાજને ઊંચે ઉઠાવવામાં પાછી પાની ન કરવી. ગાંધીજીએ ગીતાનો એ અર્થ જીવનમાં જીવી બતાવ્યો છે, ને તેને જ બળે અત્યાર લગી નહીં ખેડાયેલા એવા રાજકીય, સામાજિક વગેરે અનેક ક્ષેત્રોમાં પણ તેમણે નવી અહિંસક પદ્ધતિનું દર્શન કરાવ્યું છે. ગાંધીજીએ જીવી બતાવેલ અને સૌને ક્ષેમકર થાય એવો ગીતાનો સવળો અર્થ—છોડી કાળજૂના રૂઢિગત અર્થનો આશ્રય લેવામાં પુરાણીને શું નવું રહસ્ય બતાવવાનું છે એજ સમજમાં ઊતરતું નથી. ❀

પુરાણી પોતાના લેખમાં એક સ્થળે કહે છે કે નાઝીવાદનો નાશ કરવો હોય તો કેટલાક નાઝીઓને માર્યા વિના તે ન બને. આ સ્થળે કોઇ પુરાણીને એમ પૂછી શકે કે મૂડીવાદી અમેરિકા

# સ્થાનકવાસી કોન્ફરન્સનો એકતા માટેનો સ્તુત્ય પ્રયાસ

મતભેદ અનાદિ કાળથી મનુષ્યોમાં રહેલો છે, અને અનંત કાળ સુધી રહેવાનો છે. મનુષ્યમાં જો બુદ્ધિ છે, અને બુદ્ધિવડે જો તે વિચારી શકે છે, તો મનુષ્યોમાં મતભેદ હોય, એ તદ્દન સ્વાભાવિક છે. પરંતુ કેવળ વિરોધાર્થે, મોટાઇ અર્થે કે કલેશ વધારવા માટે મતભેદ ઉભો કરવામાં આવે, તે એક મહાન દુષણ છે.

જૈન ધર્મના મૂળભુત સિદ્ધાંતો એક હોવા છતાં કેટલાક આચાર્યોએ વિચારભેદને કારણે જુદા જુદા સંપ્રદાયો રચ્યા, ત્યાં સુધી તો ઠીક; પણ પછી તો મતમતાંતર એટલા બધા વધી ગયા કે કેવળ વિરોધાર્થે કે મોટાઇ અર્થે કેટલાક સાધુઓએ એકેક સંપ્રદાયને આજે જુદા જુદા સંઘ–સંઘાડામાં વહેંચી નાખ્યા છે.

સ્થાનકવાસી સંપ્રદાયમાં પણ એવા વાડાઓ પડી ગયા છે. કોઇ પ્રકારના મતભેદ વિના પણ જુદા ચોકા રચવામાં આવ્યા છે. સાધુઓને શ્રાવકોએ સહકાર આપીને વાડાબંધી રચવામાં મદદ કરી છે. પરિણામે સ્થાનકવાસી સંપ્રદાયના સાધુઓ અને શ્રાવકોમાં પરસ્પર ઘર્ષણ ચાલ્યા રહ્યું છે.

શ્વેતાંબર મૂર્તિપૂજક તેમ જ દિગંબર સંપ્રદાય પણ આ દૂષણથી પર નથી. એમાં યે એવી જ વાડાબંધી રચાઇ ગઇ છે. પરંતુ સ્થાનકવાસી કોન્ફરન્સના અગ્રણીઓ હવે જાગ્યા છે; અને સંઘની એકતા ફરી રચવા માટે તેઓ ક્રિયાશીલ બન્યા છે, એ આવકારદાયક સમાચાર છે.

એકતાનું વાતાવરણ સર્જવા માટે તેમણે એક તાત્કાળિક અમલમાં મૂકાય એવી યોજના ઘડી કાઢી છે; અને તેમાં સંપ્રદાયના ઘણાખરા આગેવાન સાધુઓ અને શ્રાવકોની સંમતિ પણ મળી ચૂકી છે.

વધુમાં સ્થાયી યોજના રૂપે 'એક સમાચારી' એટલે સાધુજીવનના એક સરખા આચારોની એક નિયમાવલી પણ ઘડી કાઢવામાં આવી છે; અને એ નિયમાવલી પર આગેવાન સાધુઓ અને શ્રાવકોની સંમતિ લેવાઇ રહી છે.

આ યોજના મુજબ એક જ આચાર્યની નીચે એક શ્રમણ-સંઘ અને એક શ્રાવક સંઘ બનાવવામાં આવશે. તેમાં ચાતુર્માસ, સંવત્સરી, પ્રતિક્રમણ, વ્યાખ્યાનવાચન, વગેરે માટે ચોક્કસ નિયમોનું પાલન કરવાનું રહે છે. સાધુઓના અને શ્રાવકોના મંડળો વગેરે વિખેરી નાખવામાં આવશે. આશા રાખીએ કે કોન્ફરન્સના પ્રમુખ શ્રી. કુંદનમલજી ફિરોદિયાની આગેવાની નીચે આ યોજના સફળ બને.

આમ છતાં એક દુઃખદ ઘટનાનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. એકતા માટેની આવી સુંદર યોજના જ્યારે અમલમાં આવી રહી છે ત્યારે કેટલાંક પ્રત્યાઘાતી તત્ત્વો એકતાના માર્ગમાં વિઘ્ન નાખવાના પ્રયાસો કરે છે. આમાંનું એક અમદાવાદનું "સ્થાનકવાસી જૈન" નામનું પાક્ષિક પત્ર છે. એ પત્ર એમ જણાવે છે કે આવી એકતા શક્ય નથી. આ વિધાન વધુ પડતું છે. વળી કોઇ એક સંપ્રદાયના વાડાઓની નાબુદી શક્ય બને કે ન બને, પરંતુ એ માટે પ્રયાસ તો અવશ્ય કરવા જ જોઇએ, અને જે કોઇ એવા પ્રયાસ કરતું હોય, તેને સહકાર આપવો જ જોઇએ. આ પત્રને એકતામાં પણ ભય દેખાય છે, અને એકતા સામે એનો વિસંવાદી સૂર એ કાઢી રહ્યું છે. આ પત્રના તા. ૨૬–૫–૪૯ ના અંકમાં મુનિ હર્ષનો પ્રગટ થએલો લેખ કેવળ એકતા વિરોધી જ છે. લાઉડસ્પીકરમાં વ્યાખ્યાનો આપવાં અને રાત્રે પ્રાર્થનાઓ કરવી, એ સામે રોષ દર્શાવી તેઓ જણાવે છે કે જ્યાં સુધી આ દોષો દૂર નહિ થાય, ત્યાં સુધી એકતા નહિ થાય. એનો અર્થ એ થયો કે એકતા માટે પ્રગતિવાદ હાનીકર્તા છે!

વળી તેઓ એ લેખમાં જણાવે છે કે સાધુવર્ગમાં માથું મારવાનો શ્રાવકવર્ગને અધિકાર નથી! પરંતુ ખરી વાત તો એ છે કે સાધુઓના વાડાઓ અને કલેશ કંકાસ શ્રાવક વર્ગના ટેકાથી જ ટકી રહ્યા છે. શ્રાવકોએ સાધુવર્ગમાં રહેલાં દૂષણો પણ દૂર કરવા વચ્ચે પડવું જ જોઇએ. એ એનું કર્તવ્ય છે.

આ પત્રના આ જ અંકમાં જૈન મુનિ છોટાલાલજી પણ એક લેખ લખતાં જણાવે છે, કે 'સ્થાનકવાસી સમાજના પોતાને માનેલ આગેવાન નેતા–કાર્યકરોને સમગ્ર સ્થાનકવાસી સમાજમાં–એક ગુરૂ–એક આચાર્ય–કરવાનો સનો થયો છે!' આ મુનિ એકતાની વાતને 'સનો થયો છે' એમ કહે એ કેટલું વિચિત્ર છે? તેઓ એમ માને છે કે 'જો એક જ ગુરૂ કે એક જ આચાર્યની પદ્ધતિ દાખલ થાય, તો શિષ્યાદિ માટેનાં પ્રયત્ન બનતાં સુધી કોઇ ન કરે' અને તેથી સાધુ સંખ્યા ઘટી જવાનો તેમને ભય લાગે છે! અને માટે જ તેઓ એકતાનો વિરોધ કરી રહ્યા છે.

એમ દેખાય છે કે સાંપ્રદાયિક વાડાઓ જ ટુંકી દૃષ્ટિનાં સાંપ્રદાયિક છાપાંઓને નભાવતા હોય છે; અને જો વાડાઓ તૂટી પડે, તો આવાં છાપાંઓ પણ બંધ થઇ જાય. એટલે તેઓ પોતાના અસ્તિત્વને ખાતર જ એકતાનો વિરોધ કરતાં હોય છે.

આ પ્રસંગે સાંપ્રદાયિક વૃત્તપત્રો વિષે પણ થોડું કહેવું જરૂરી છે. સંપ્રદાયે–સંપ્રદાયે, વાડાએ વાડાએ અને સાધુ–સાધુએ જુદાં જુદાં છાપાં કાઢવાનો રોગ આપણા સમાજમાં ઠીક ફાલ્યો છે. પરસ્પરની મહત્તા ઊભી કરવા માટે પૈસાનું પાણી કરાય છે, અને રાગદ્વેષ પોષાય છે. આ રોગ હવે દૂર થવો જોઇએ.

થોડા દિવસ પહેલાં આગ્રાથી પ્રગટ થતા 'શ્વેતાંબર જૈન' નામના એક પત્રને છેલ્લે પાને બાળકો પાસે ન મૂકી શકાય એવી ઘૃણાજનક ભાષામાં લખાએલી શક્તિની ગોળિયોની એક જાહેર ખબર છપાએલી મેં જોઇ હતી. જો આવી જાહેરખબરોની ઉપજ વિના છાપાં ન ટકી શકતાં હોય, તો એ બંધ કરી દેવાં સારાં છે. ધર્મને નામે સમાજમાં કુસંસ્કાર ફેલાવવાનું કાર્ય વર્તમાનપત્રો કે સામયિકો કરે, તે સમાજે ચલાવી ન જ લેવું જોઇએ. જ.

---

સામ્યવાદનો ઉચ્છેદ કરવા માગે તો શું તેણે કેટલાક સામ્યવાદીઓને ઠાર કરવા? એ જ રીતે સામ્યવાદી રશિયા મૂડીવાદનો મૂળોચ્છેદ કરવા ઇચ્છે તો શું તેણે કેટલાક સમર્થ મૂડીવાદીઓને મારવા? જો આ વસ્તુ પુરાણીને કરવા જેવી દેખાય તો પછી નાઝીવાદીઓના નાશની ગઇ ગુજરી વાત ભૂલી જઇ અત્યારે મૂડીવાદ અને સામ્યવાદ વચ્ચે જે સંઘર્ષ ચાલી રહ્યો છે તેના ઇલાજ લેખે તેમણે મૂડીવાદીઓ અને સામ્યવાદીઓના પરસ્પર નાશનો સંહારક માર્ગ જ સુચવવો જોઇતો હતો. કેમકે તેમના મતે કોઇ પણ સિદ્ધાંતની સ્થાપના તેના કેટલાક વિરોધીઓના નાશ વિના શક્ય જ નથી. એટલે પુરાણીની ગણતરી પ્રમાણે જગતના સંવાદી તંત્ર માટે સુંદોપસુંદ ન્યાય જ મહત્ત્વનો છે એમ ઠર્યું.

પુરાણીના લેખનો મુખ્ય ઝોક હિંસક વૃત્તિની અનિવાર્યતા તેમ જ તેના લાભો સુચવી વિરોધીઓ સામે શસ્ત્ર ઉગામવાની વૃત્તિને ઉત્તેજન આપવાનો છે. તેથી જ તેઓ અહિંસાના અમલથી સિદ્ધ થયેલા લાભોને કાંતો ધ્યાનમાં જ નથી લેતા અને કાંતો તેને હળવામાં હળવી રીતે રજૂ કરે છે. તેથી ઊલટું અહિંસાના અમલ દરમ્યાન એક યા બીજે કારણે અનિષ્ટ જન્મ્યું હોય અગર તો કોઇએ અહિંસાના આચરણમાં દંભ સેવ્યો હોય એ બીજી બાજુને વધારેમાં વધારે અસરકારક રીતે રજૂ કરે છે. રજુઆતની આવી વિકૃત મનોદશા વખતે પુરાણી એક સાદું સત્ય ભૂલી જાય છે કે ખેતરનો કોઇપણ પાક ચાર યા ઘાસ વિના એકલું અનાજ પેદા કરી શકે નહીં. હું અંતમાં પુરાણીને એટલું વિનવીશ કે તેમને પ્રભુના રૂદ્રરૂપની કે લોકક્ષયકારી કાળરૂપની પણ ઉપાસના કરવી હોય તો તે માટેનો માર્ગ જાહેર કાર્યક્ષેત્રમાં આવી પોતાની માન્યતા અજમાવવી એજ છે, નહીં કે પાછળ રહી પરિણામશૂન્ય બુદ્ધિભેદ ઉત્પન્ન કરવો તે. પં. સુખલાલજી.

# કેટલાક સમાચાર અને નોંધ

## ડાંગની ભાષા

ડાંગ પ્રદેશ સુરતની પાસે આવેલો બાવન માઇલનો લાંબો અને અઠાવીસ માઇલ પહોળો ઊંડી ખીણોવાળો પ્રદેશ છે, અને ૧૯૪૧ ની સાલની ગણત્રી પ્રમાણે એની જનસંખ્યા ૪૩૪૯૮ મૂળ વતનીઓની છે, જેમાં ૧૪૧૩૪ ભીલ, ૯૯૩૨ કણબી, ૬૪૪૨ કોકણી અને ૫૭૦૬ વારલીઓનો સમાવેશ થાય છે. આ પ્રદેશમાં થઇને અંબિકા, પૂર્ણા, કાપ્રી અને ઝીરા એ ચાર નદીઓ ગુજરાત તરફ વહે છે.

ગયા માસની આખરે મુંબઇ સરકારે એક યાદી બહાર પાડીને જાહેર કર્યું કે 'ડાંગ જિલ્લાની સરકારી ભાષા મરાઠી રહેશે.' એટલે પ્રાથમિક શાળાઓમાં મરાઠી શીખવવામાં આવે, માધ્યમિક શાળાઓમાં દરેક વિષયો મરાઠી દ્વારા શીખવવામાં આવે, અને કોર્ટકચેરીનાં કામકાજ, અરજીઓ વગેરે મરાઠીમાં જ થાય.

આ યાદીમાં સરકારે જણાવ્યું છે કે 'વડા પ્રધાન તેમ જ મહેસૂલ ખાતાના પ્રધાને જિલ્લાની સરહદ પરનાં ગામડાં સહીત કેટલાંય ગામડાંની મુલાકાત લીધી હતી, તેમજ કેટલાંયે ગ્રામજનો સાથે પોતાની મુલાકાત દરમિયાન વાતચીત કરી હતી. ગ્રામજનોની વાતચીત તેમજ પોતાના અવલોકન બાદ તેઓ એવા નિર્ણય પર આવ્યા હતા કે ડાંગના લોકો જે ભાષા બોલે છે તેનું મૂળ મુખ્યત્વે મરાઠી છે. એમ છતાં માનનીય પ્રધાનોને માલુમ પડયું હતું કે પશ્ચિમ સરહદ પરના ગ્રામજનોની બોલી પર ગુજરાતી ભાષાની ઘણી અસર પડેલી છે.'

આ પ્રકારની સરકારી યાદીથી આજે ગુજરાતભરમાં મોટો ખળભળાટ પેદા થયો છે; કારણ કે ડાંગ પ્રદેશની ભાષાનું મૂળ ગુજરાતી હોવાનું ઘણાખરા ગુજરાતીઓ માનતા હોય એમ લાગે છે.

જ્યાં જ્યાં બે ભાષાની સરહદો અડકતી હોય છે, ત્યાં ત્યાં સામાન્ય રીતે મિશ્ર ભાષાજ બોલાતી હોય છે. આવી મિશ્ર ભાષાનું મૂળ બેમાંથી કઇ ભાષાનું છે, તે જાણવું હોય, તો એ ભાષામાં વપરાતા શબ્દોના મૂળ ધાતુઓ, શબ્દરચના, વાક્યરચના, ઉચ્ચાર અને વ્યાકરણ તપાસવાં જોઇએ. કેવળ શબ્દો પરથી જ ભાષાનું મૂળ મળી શકે નહિ. આ ઉપરથી એટલું કહી શકાય કે મુંબઇના પ્રધાનોએ ડાંગ પ્રદેશના કેટલાક લોકો સાથે કરેલી વાતચીત ઉપરથી જ તે મરાઠી હોવાનો જે નિર્ણય બાંધી લીધો છે, તે શુદ્ધબુદ્ધિનો હોવા છતાં ઉતાવળિયો તો છે જ, એટલું કહ્યા વિના ચાલી શકતું નથી.

ભાષાનો નિર્ણય કરવાનું કામ રાજપુરૂષોનું નહિ, પરંતુ ભાષાશાસ્ત્રીઓનું છે. તેમાં યે જ્યારે આપણે ત્યાં ભાષાવાર પ્રાન્ત રચનાનો પ્રશ્ન આટલો ઉગ્ર બની રહ્યો છે, ત્યારે ભાષાના નિર્ણયની અસર પ્રાન્તરચના પર સ્હેજે જ પડે, એ સ્વાભાવિક છે. આ સ્થિતિમાં પ્રધાનોએ પોતાનો અભિપ્રાય તરત જાહેર કરવો જોઇતો નહોતો.

ગુજરાતી પ્રજાના ઉહાપોહ સામે મુંબઇના ગૃહસચીવ શ્રી મોરારજીભાઇએ કરેલી જાહેરાત બળતામાં ઘી હોમે એવી છે. તેમણે કહ્યું કે 'ડાંગના પ્રશ્નનો વંટોળ આજે ગમે તેમ ચાલે, પણ આ તો મારી જાતતપાસનો વિષય છે. હું મરાઠી ભાષા સમજું છું, તેમ જ ગુજરાતી ભાષા જાણું છુ. મેં જે નિર્ણય આપ્યો છે, તે જવાબદારીપૂર્વક આપેલો છે. આ સંબંધે મારે ઉંડી ચર્ચા કરવી નથી કે કોઇ સાહિત્યકાર સાથે વિવાદ કરવાનો નથી.'

શ્રી મોરારજીભાઇના આ કથનમાં પોતાના જ્ઞાન અને શક્તિનું મિથ્યાભિમાન દેખાઇ આવે છે. તેઓ ભાષાશાસ્ત્રી તો નથી જ, પણ મરાઠીના અભ્યાસી યે નથી. એટલે તેમની જાતતપાસ કોઇ જાતનો નિર્ણય આપે તે વજનદાર ગણાય નહિ. વળી કોઇ સાહિત્યકાર સાથે ચર્ચા કરવાની ના પાડવી, એ પણ બરાબર નથી. ભાષાનો નિર્ણય કરવાનું કામ રાજદ્વારી પુરૂષોનું નહિ, પણ ભાષાશાસ્ત્રીઓનું છે. અને તેથી નિષ્પક્ષ ભાષાશાસ્ત્રીઓની તપાસ-સમિતિ જે કંઇ નિર્ણય આપે, તે સરકારે માન્ય રાખવો જોઇએ.

આ બધાં પછી એક વાત આપણે સમજી લેવી જોઇએ, કે ડાંગની ભાષા મરાઠી ગણાય, કે એ પ્રદેશ મહારાષ્ટ્રમાં સમાય, તેથી બીજા ગુજરાતીઓને કશું નુકશાન થવાનું નથી. જનતાનાં દુઃખદારિદ્રયનું નિવારણ ભાષાના પ્રશ્ન પર અવલંબતું નથી. સરકાર કહે છે તેમ ડાંગની પ્રજા અજ્ઞાન, ગરીબ અને પછાત છે; એટલે ડાંગની પ્રજા પ્રત્યે જેને સહાનુભૂતિ હોય તેઓ પ્રજાના અજ્ઞાન, ગરીબી અને પછાત દશાને દૂર કરવામાં લાગી જાય એ વધુ જરૂરનું છે. ગુજરાત કે મહારાષ્ટ્ર ડાંગપ્રદેશને પોતામાં ભેળવી દઇને સમૃદ્ધ નહિ બને, પરંતુ એ પછાત પ્રજાને આગળ લાવવાની એની જવાબદારી વધશે; એટલું એણે સમજી લેવું જોઇશે.

## પ્રગતિશીલ પ્રસ્તાવો

ભારત જૈન મહામંડળના જામનેર અધિવેશનમાં પસાર થએલા ઠરાવો જૈન સંપ્રદાયોને એકતા પ્રતિ દોરી જવાને ઘડાએલા હોય એમ તો સ્પષ્ટપણે દેખાય છે જ; પરંતુ એમાંના કેટલાક પ્રસ્તાવો મહદ્અંશે પ્રગતિશીલ પણ છે, એ જાણીને આનંદ થાય છે.

આ ઠરાવો દરેક જૈન સંસ્થાઓ તેમજ વ્યક્તિઓ માટે માર્ગદર્શક છે. ધાર્મિક સંસ્થાઓ જેમ જેમ વધુને વધુ સાંપ્રદાયિક બનતી ગઇ, તેમ તેમ બુદ્ધિશાળી, સેવાભાવી, રાષ્ટ્રવાદી જૈનો અને ખાસ કરીને તેનો જુવાન વર્ગ જેની પાસેથી સમાજસેવાની મોટી આશા રાખી શકાય, તેઓ ધર્મસંસ્થાઓ સાથેનો સંપર્ક છોડતા ગયા. જો આવા યોગ્ય કાર્યકરોની સેવા સમાજને ખપતી હોય તો તેણે વહેલી તકે સાંપ્રદાયિકતાને દેશવટો દેવાની જરૂર છે. જ્યાં સાંપ્રદાયિકતા હશે ત્યાં પ્રગતિશીલતા પ્રવેશવાની નથી.

જામનેર અધિવેશનના ઠરાવોમાંથી બે આ નીચે કશી ટીકા–ટિપ્પણ વિના અહીં ઉતાર્યા છે. એ એટલા સ્પષ્ટ છે કે એને ટીકા–ટિપ્પણની જરૂર પણ નથી.

(૧) "જૈન સમાજમાં આ સમયે અનેક શિક્ષણ-સંસ્થાઓ જૂની તેમ જ આધુનિક પધ્ધતિથી શિક્ષણ–પ્રચારનું કામ કરી રહી છે. આમાંની કેટલીય સંસ્થાઓનાં નામ અને કામ સામ્પ્રદાયિકતાથી ભરેલાં છે. વર્તમાન વાતાવરણ અને પવિત્ર જૈન સંસ્કૃતિની અખંડતાની દૃષ્ટિથી સંસ્થાઓમાં સામ્પ્રદાયિક ભાવોનું પોષણ કરે એવા વિચારો રહે, એ યોગ્ય નથી; બલ્કે નુકસાનકારક છે. તેથી તે તે સંસ્થાઓના સંચાલકો અને સ્થાપકો પ્રત્યે નિવેદન છે કે પોતપોતાની સંસ્થાઓમાંથી સાંપ્રદાયિક નામોને દૂર કરી દે અને કોઇપણ સંપ્રદાયના વિદ્યાર્થીને દાખલ થવાનો અવસર દે.

સાથે સાથે મહામંડલ, આજની રાષ્ટ્રીય પરિસ્થિતિનું અવલોકન કરતાં, એ જરૂર સમજે છે કે, એવાં શહેરો કે જ્યાં કેટલીય જાતની સરકારી અને બીનસરકારી શિક્ષણ–સંસ્થાઓ હોય અને સેંકડો જૈન વિદ્યાર્થીઓ રહેવા વગેરેની મુશ્કેલી અનુભવતા હોય, ત્યાં સુંદર છાત્રાલયો સ્થાપન કરવામાં આવે. આવાં છાત્રાલયોમાં અસામ્પ્રદાયિક વાતાવરણ અને પારસ્પરિક સદ્ભાવનો પ્રચાર કરવામાં આવે."

(૨) "જૈન ધર્મના વિશ્વવ્યાપક રૂપ અને જીવમાત્રના હિતની ભાવનાને ધ્યાનમાં રાખતાં આ ભારત જૈન મહામંડલ સરકારે સ્વીકારેલ હરિજન–મંદિર–પ્રવેશના વિધાનનું સ્વાગત કરે છે, અને જૈન સમાજને પ્રેરણા કરે છે કે જૈન મંદિરો અને સ્થાનક વગેરેને મનુષ્યમાત્રને માટે શુદ્ધિપૂર્વક સવિનય ઉપાસના માટે ખુલ્લાં જાહેર કરી દે."

## જૈન સમાજને શું ?

બનાસકાંઠા ગ્રામ્ય વેપારી મંડળે ઋણરાહત ધારા અને શાહુકારધારાથી ધીરધાર કરનાર વર્ગને ઘણી મુશ્કેલી પડતી હોઇને અને આ ધારામાં જૈન ભાઇઓનો મોટો વર્ગ સંડોવાએલ હોય,

જૈન અગ્રેસરો તેમ જ સંસ્થાઓને વિરોધના ઠરાવો નોંધાવવા વિનતિ બહાર પાડી છે.

ગામડામાં ખેડૂતવર્ગને ધીરધાર કરનાર વેપારીઓએ ઘણા વર્ષથી ખેડૂતોની ગરીબી અને કંગાલિયતમાં વધારો કર્યો છે. એક બાજુ સરકારી કરવેરા અને વેઠ અને બીજી બાજુ શાહુકારોનું શોષણ એ બેની ભીંસમાં ખેડૂત કચડાઇ ગયો છે. આજે જ્યારે ખેડૂતોને તેમાંથી ઉગારવા પ્રજાકીય સરકારે ઋણરાહત અને શાહુકાર ધારો પસાર કર્યો છે, ત્યારે ગરીબ ખેડૂતના હિતકારી એવા કાયદાઓને વેપારીઓએ માન આપવું જોઇએ; તેને બદલે ગામડાંના વેપારીઓ પોતાના નર્યા સ્વાર્થ ખાતર અને શોષણખોરી ચાલુ રાખવા માટે આ કાયદો તેમને મુશ્કેલીભર્યો છે એમ કહીને તેનો વિરોધ કરવા નીકળે, એ અયોગ્ય, અણછાજતું અને અન્યાયી પગલું છે. ધીરધાર એટલે આળસુ પડયા રહીને, મૂડીને જોરે અભણ પ્રજાનું શોષણ કરવું. આ ધંધો કરવાથી યહુદી પ્રજા જગતભરનો તિરસ્કાર પામી. કુરાને મુસલમાનો માટે આ ધંધાને ત્યાજ્ય ગણ્યો છે; ત્યારે જૈનો આ ધંધો કરે, એ જ શરમાવનારૂં છે. ગામડાની પ્રજાની સરલતા, અજ્ઞાન અને અણઆવડતનો ગામડાના ધીરધાર કરનાર વેપારીઓએ ભૂતકાળમાં પુષ્કળ ગેરલાભ ઉઠાવ્યો છે. હવે તેમણે સમજીને આ શોષણ છોડવું જોઇએ. તેને બદલે સરકારનો વિરોધ કરવા નીકળે, એ કેવળ શરમજનક છે.

એ બધાં પછી પણ પોતે જૈન છે, એટલા માટે આ ગેરવ્યાજબી અને સ્વાર્થી ચળવળમાં તેઓ જૈન અગ્રેસરો અને સંસ્થાઓની પણ સહાય માગે તે તો વધુ શરમજનક છે. આ પ્રવૃત્તિમાં તો જૈનત્વનું જ અપમાન છે; એટલે તેમની આ બેહુદી માગણીને કોઇપણ જૈન અગ્રેસર કે સંસ્થા વશ નહિ થાય એવી આશા રાખીએ. વળી આ વેપારીઓ આ ધંધો અને તે માટેની ચળવળ ચાલુ રાખીને જૈન સમાજની પ્રતિષ્ઠાને હાની લગાડતા અટકે તો સારૂં. જ્ઞાતિબહિષ્કાર પ્રતિબંધક ધારો અમલમાં ન આવ્યો હોત તો આવા સ્વાર્થી વેપારીઓનો સામાજિક બહિષ્કાર કરવાનું હું સુચવત. અને આર્થિક બહિષ્કાર તો થઇ જ શકે. પ્રામાણિક વેપારીઓ અને અન્ય જનતાએ આવા શોષકો અને સમાજશત્રુઓ સાથેનો વ્યાપારી સંબંધ તો બંધ કરી જ દેવો જોઇએ.

દેશ આજે રાજકીય તેમ જ આર્થિક મુઝવણમાંથી પસાર થઇ રહ્યો છે, એ વખતે આવી બેહુદી અને સ્વાર્થી ચળવળ ઉભી કરનારા દેશને મુશ્કેલીમાં મૂકી રહ્યા છે. ખાનગી મૂડીનો મોહ જતો કરી દેશની આબાદીમાં જ પોતાના પ્રાન્તની, શહેરની, ગામની, કુટુંબની અને જાતની આબાદી રહેલી છે, એમ હવે સ્વતંત્ર હિન્દના પ્રજાજનોએ સમજવું જોઇએ.

## ડહેલાના ઉપાશ્રયનો મામલો

સમગ્ર જૈન સમાજને નીચું જોવડાવનારી એક કથા અમદાવાદનાં વર્તમાનપત્રો કહી જાય છે. અમદાવાદમાં ડોશીવાડાની પોળમાં આવેલા ડહેલાના ઉપાશ્રયમાં તેના વહીવટદારોની ઇચ્છા વિરૂદ્ધ ઉતરેલા મુનિ શ્રી. સુરેન્દ્રવિજય સુરિના પક્ષના માણસોએ ધાંધલ મચાવ્યા અંગેની તેમજ ધાકધમકી આપતી જાસાચિઠ્ઠીઓ લખ્યાની ફરિયાદ કાળુપુર પોલીસ દફતરે નોંધાવવામાં આવી છે. ત્યારબાદ ખબર મળે છે કે શ્રી. ભાનુવિજય સુરિજી અને સુરેન્દ્રવિજય સુરિજીના શિષ્યોમાં ઉપાશ્રયની અંદર પત્થરો ફેંકી, મારામારી કર્યાની હકીકત બહાર આવી છે, એટલું જ નહિ પણ આ અંગે ઇ. પી. કોડ કલમ ૩૩૭ અને ૩૨૩ મુજબ શ્રી. ભાનુવિજય સુરિજીના શિષ્ય સુબોધચન્દ્રવિજયજી સામે શાહ શાન્તિલાલ હીરાલાલે પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી છે; જેને પરિણામે સાધુઓનાં નિવેદનો પોલીસે લીધાં છે.

ઉપરની હકીકતોની વિગતમાં ઉતરવાનું અમને જરૂરી લાગતું નથી. ખરેખર કેવા પ્રકારનું તોફાન થયું છે, અને કયા પક્ષનો દોષ છે, એ જાણવું પણ જરૂરી નથી. પણ એટલું જ જાણવું બસ છે. કે જૈન ઉપાશ્રયમાં સાધુઓ વચ્ચે કંઇક તોફાન થયું છે, મામલો પોલીસમાં પહોંચ્યો છે, અને ત્યાંથી અદાલતે પણ જાય, તેમજ અમદાવાદના અખબારોમાં આ સમાચારો મોટાં મથાળાં સાથે પ્રગટ થયા છે.

જૈન સાધુના જે ત્યાગ અને સંયમને આપણું મસ્તક નમે છે, અને તે માટે જૈનેતરોમાં આપણે અભિમાનપૂર્વક રહીએ છીએ, એ સાધુનાં ઉપરનાં પરાક્રમોથી આપણે તો કેવળ શરમાવાનું જ રહે છે, કે કૈં ખુલાસો થઇ શકે એવું છે? જે સાધુઓ એક સામાન્ય કોટીના માણસની પેઠે કજીયાનું મોં કાબુ કરી ન શકે, અને અહિંસાના ઝંડાને બગલમાં રાખીને આવાં તોફાનોમાં સામેલ થઇ શકે, એમને સાધુ તો કેમ કહી શકાય અને વંદન પણ કેમ કરી શકાય? જૈનેતરો બહુધા સ્થાનકવાસી કે મૂર્તિપૂજક સંપ્રદાયના સાધુઓ વચ્ચે ભેદ જોઇ શકતા નથી. આવા પ્રસંગથી તો સમગ્ર જૈન સંઘને જ લાંછના લાગે છે, અને આપણી સૌની પ્રતિષ્ઠાને કલંક બેસે છે. એટલે આવાં દૂષણોથી ભરેલા કહેવાતા સાધુઓને હાથ ઝાલીને ઉપાશ્રયની બહાર મૂકી આવવાનું કોઇપણ જૈનનું કર્તવ્ય છે; અને એ કર્તવ્ય ધર્મપ્રેમી સાહસિક વ્યક્તિએ બજાવવું જ રહ્યું. કેટલાંક તત્ત્વો સુધારાને પાત્ર હોતાં નથી; એટલે એને સુધારવાની પંચાતમાં ન પડતાં એનો સમાજે બહિષ્કાર જ કરવો જોઇએ.

પણ દુઃખની વાત એ છે કે આવા સાધુઓને કંકાસ-શૂરા ગૃહસ્થીઓનું પણ પીઠબળ મળી રહેતું હોય છે. ગૃહસ્થીઓ એ સાધુઓને બગાડે છે, અને આખા જૈન સમાજની આબરૂ ઘટાડે છે. તેઓ પોતાની જાતને ધર્મપ્રેમી માનતા હોય છે, પરંતુ ખરૂં જોતાં તેઓ અધર્મ-પ્રેમી જ હોય છે. એટલે એવા લડવૈયાઓને પણ સમાજના સારા માણસોએ ઠીક કરવા જોઇએ.

સાધુઓ જેને 'વસુધૈવ કુટુંબક' ગણવાનું હોય, તેમને વળી આ મારો ઉપાશ્રય અને આ મારા શ્રાવકો એવું મમત્વ ન હોવું જોઇએ. એક જ સંપ્રદાયના સાધુઓ એ સંપ્રદાયના કોઇપણ ઉપાશ્રયમાં ઉતરી શકે; એટલું જ નહિ પણ એ સંપ્રદાયના સાધુના ત્યાં આગમનની સંભાવના ન હોય, તો કોઇપણ સંપ્રદાયના સાધુ એમાં ઉતરી શકે. યુવાનોએ આવી જોગવાઇ કરવા માટે યોગ્ય પ્રયાસો કરવા જોઇએ.

સાધુઓ પ્રત્યેનાં માનસન્માન અનેક કારણોસર સમાજના શિક્ષિત વર્ગમાંથી તો ઘટતાં જાય છે જ; પણ આવા પ્રસંગોથી સાધુઓ પોતા પ્રત્યેનાં રૂઢિચુસ્ત વર્ગના માણસોના અને અનુયાયીઓનાં પણ માન સન્માન ઘટાડી રહ્યા છે. આ યુગમાં સમાજમાં સાંપ્રદાયિક આગેવાનોનું સ્થાન ઉતરતું જાય છે; અને તેનું સ્થાન રાષ્ટ્રીય આગેવાનો લેતા જાય છે, અને જો સાંપ્રદાયિક આગેવાનો આ યુગને ઓળખીને તેમના વિચારો, વલણ અને નીતિરીતિમાં ફેરફાર નહિ કરે. અને તેમના અનુયાયીઓને પણ ઘૃણા અને રોષ ઉપજે એવું વર્તન ચલાવ્યા કરશે, તો તેમની કિંમત કોડીની પણ રહેવાની નથી, એની તેઓ નોંધ લ્યે. જટુભાઇ

## ભુવેલની તપાસ*

[ લેખકઃ શ્રી. વિમલ શાહ એમ. એ. તથા શ્રી. સરલા શાહ બી. એસ. સી. પ્રકાશક; ગુજરાત વિદ્યાસભા ભદ્ર, અમદાવાદ: કિંમત રૂ. ૪॥ પૃષ્ઠ ૨૯૨ ]

અમદાવાદની ગુજરાત વિદ્યાસભાના અંગભૂત શ્રી. ભોળાભાઇ જેસંગભાઇ વિદ્યાભવન તરફથી થોડા સમય પહેલાં 'ભુવેલની તપાસ' એ નામનું પુસ્તક, પ્રગટ કરવામાં આવ્યું છે. આ પુસ્તક જ્યારે પહેલી વાર મારી નજરે ચઢયું ત્યારે 'ભુવલ' તે શું હશે તેનું મને કૌતુક થયેલું. ભુવેલ એવું કોઇ છોડ કે વેલાનું નામ તો નહિ હોય ને એવો મને તર્ક આવેલો. ભુવેલ એવું કોઇ એક ગામડાનું નામ છે એવો મને કદિ ખ્યાલ સરખો પણ નહોતો. પુસ્તકમાં પ્રવેશ કરતાં ભુવેલ એક ગામડાનું નામ છે અને એની તપાસ કરીને અહેવાલ લખનાર એક ગ્રેજ્યુએટ દંપતી છે એનું મને તુરત ભાન થયું. આ લેખકોમાંના એક શ્રી વિમલ શાહ એમ. એ. છે અને બીજા બહેન શ્રી સરલા શાહ બી. એસ. સી. ની ઉપાધિ ધરાવે છે. અભ્યાસ પુરો કર્યા બાદ આ બન્ને પતિ-પત્ની મુંબઇની "ધી, ઇન્ડીયન સોસાયટી ઓફ એગ્રીકલ્ચરલ ઇકોનોમીક્સ" જેના મુખ્ય સુત્રધાર સર મણિલાલ બાલાભાઇ

* આ પુસ્તકનો અનુવાદ થઇ રહ્યો છે અને ધી. ઇન્ડીયન સોસાયટી ઓફ એગ્રીકલ્ચરલ ઇકોનોમીકસ એ નામની મુંબઇની સંસ્થા તરફથી થોડા વખતમાં પ્રગટ થનાર છે.

નાણાવટી છે તે સંસ્થાના સંપર્કમાં આવે છે અને તે સંસ્થાના આશ્રય નીચે વડોદરા રાજ્યના ભાદરણ પેટામહાલમાં ખંભાતની બહુ નજીકમાં આવેલા ભુવેલ ગામની તપાસનું કાર્ય તેઓ હાથ ધરે છે. ૧૦૭૦ માણસોની વસ્તીનું આ ગામ છે. પ્રસ્તુત તપાસકાર્યની શરૂઆત તેઓ ૧૯૪૬ ની મે માસની ૧૫ મી તારીખથી કરે છે. પ્રારંભના ત્રણ મહીના આખા કાર્યનો ખ્યાલ મેળવવા પાછળ અને જરૂરી માહીતીપત્રો તૈયાર કરવામાં તેઓ ગાળે છે. ૧૭ મી ઓગસ્ટે ભુવેલ ગામની વિગતવાર માહીતી મેળવવાનું કામ તેઓ શરૂ કરે છે, અને ૧૯૪૭ ના એપ્રીલની આખર સુધીમાં આ કામ તેઓ પુરૂં કરે છે. આ સંશોધનના પરિણામે 'ભુવેલની તપાસ' એ નામનું પુસ્તક આપણને પ્રાપ્ત થાય છે અને તેમાં આ યુવાન દંપતીની સાધનાનું આપણને મીઠું દર્શન થાય છે.

આજે ભણતા યુવક યુવતીઓ કોલેજના અભ્યાસ માટે સાધારણ રીતે શહેરમાં આવે છે અને પછી શહેરી જીવનનો તેમને મોહ લાગે છે જેથી તેઓ છુટી શકતા નથી. અને ધંધો, નોકરી, ઉદ્યોગ કે કોઇ પણ સ્વતંત્ર વ્યવસાય શોધીને તેઓ શહેરમાં જ રહેવાનું પસંદ કરે છે. આને બદલે આ નવપરિણીત યુગલ અભ્યાસ પુરો થવાની સાથે ગામડાના સંશોધન પાછળ ખેંચાય છે, સ્વીકારેલું કાર્ય અસાધારણ ખંત, ઉત્સાહ અને શ્રમ વડે પુરૂં કરે છે. એટલું જ નહિ પણ ભુવેલનું સંશોધન કરવા જતા તેઓ આખરે ભુવેલ બાજૂની જમીન ખરીદીને સ્થાઇ ભુવેલવાસી જેવા બને છે અને ગામડાના જીવન સાથે તકાદારપણું સાધે છે આવા પુરૂષાર્થ માટે ઉભય દંપતીને ગુજરાતની પ્રજાના ખરેખર ધન્યવાદ ઘટે છે.

ગાંધીજીની અસર નીચે આપણા કેળવાયલા વર્ગમાંના કેટલાકનું ગામડાઓ તરફ ઠીક ઠીક ધ્યાન ખેંચાયું છે. કેટલાક પ્રજાસેવકો ગામડામાં સ્થિર થઇને બેઠા છે. અને ગ્રામોધ્ધારનું કાર્ય કરે છે. આ વિષયને લગતા લખાણો પણ આજના સામાયિકોમાં જોવામાં આવે છે અને છુટાછવાયાં પુસ્તકો પણ આ વિષયને લગતાં પ્રગટ થયેલાં નજરે પડે છે. દાખલા તરીકે શ્રી નરહરિ પરીખની દોરવણી નીચે તૈયાર કરવામાં આવેલી 'શેરથા ગામની તપાસ' ગુજરાત વિદ્યાપીઠ તરફથી પ્રગટ કરવામાં આવેલ છે. વળી ડૉ. કુમારપ્પાના માર્ગદર્શન હેઠળ થયેલ "માતર તાલુકાની તપાસ" નો અહેવાલ પ્રગટ થયો છે, જેમાં કેવળ આર્થિક પ્રશ્નને લક્ષમાં રાખવામાં આવ્યો છે. પ્રો. સી. એન. વકીલે 'ઓલપાડ તાલુકાની તપાસ' એ નામનો નિબંધ તૈયાર કરેલ છે. 'શ્રી. રવિશંકર મહારાજકૃત ગ્રામરચના' અને શ્રી રમણલાલ દેસાઇ કૃત 'ગ્રામોન્નતિ' તેમજ શ્રી બબલભાઇ કૃત 'મારૂં ગામડું' આ ત્રણે પુસ્તકો નોંધપાત્ર છે. પણ એક ગામડું નક્કી કરીને ત્યાં લગભગ વર્ષ રહીને ત્યાંના જીવનની સર્વ બાજુઓનું આટલું વિગતવાર, આટલા ઉંડાણથી અને બને તેટલી શાસ્ત્રીય રીતે જો કોઇએ સંશોધન કર્યું હોય અને વ્યવસ્થિત આકારમાં કોઇએ રજુ કર્યું હોય તો એ દિશાએ 'ભુવેલની તપાસ' એ સૌથી પહેલો અને અનેક રીતે માર્ગદર્શક પ્રયાસ છે.

આખી તપાસ દશ પ્રકરણમાં વહેંચાયલી છે. પહેલા પ્રકરણમાં આવી તપાસની શી અગત્ય છે, ભુવેલની જ પસંદગી શા માટે કરવામાં આવી, એ તપાસ કરતાં શા શા અનુભવો થયા અને એ તપાસ માટે કેવી કાર્યપદ્ધતિ ગ્રહણ કરવામાં આવી તેનું સુન્દર વિવરણ કરવામાં આવ્યું છે. બીજા પ્રકરણમાં ભુવેલની ભૌગોલિક પરિસ્થિતિ, તેને લગતી ઐતિહાસિક માહીતી, ગામડાનું વર્ણન, રસ્તાઓ, વાહનવ્યવહાર, વસ્તી, ધંધોરોજગાર, લોકોની ખાસિયતો, ત્યાંની શિક્ષણસંસ્થા વગેરે બાબતની માહીતી આપવામાં આવી છે. ત્રીજા પ્રકરણમાં ગામનો મુખ્ય ઉદ્યોગ ખેતી હેઇને ખેતીવાડીને લગતી અનેક વિગતો—જમીન, પાક, પાણી, ખાતર, બી, ખેતીનાં ઓજારો, અનાજ ઉત્પાદન, શાકભાજી અને ફળઉછેર, ઢોર, તેમ જ જમીનની વહેંચણી, ખાતેદારો, ખેડુતો, ગણોતીયા, મહેસુલ, જકાત, વગેરે અનેક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખેતી ઉપરાંતના બીજા ધંધા વ્યવસાયનું ચોથા પ્રકરણમાં વિવેચન કરવામાં આવ્યું છે. સહકારી પ્રવૃત્તિનો ઉત્તરોત્તર વિકાસ અને આજની પરિસ્થિતિનું નિરૂપણ પાંચમા પ્રકરણમાં કરવામાં આવ્યું છે. આવક ખર્ચ, આર્થિક વર્ગીકરણ, દેવું, ધંધાવાર તથા જ્ઞાતિવાર આર્થિક સ્થિતિ, લડાઇની અસર વગેરે ગામની આર્થિક બાજુની છઠ્ઠા પ્રકરણમાં પર્યાલોચના કરવામાં આવી છે. દાકતરી તપાસનો અહેવાલ, લોકોની નબળી તન્દુરસ્તી, ગામમાં ચાલતા રોગો, અને વ્યાપક અસ્વચ્છતાને લગતી વિગતો સાતમા પ્રકરણમાં આપવામાં આવી છે. છે. સમાજિક અને ધાર્મિક જીવન એ મથાળા નીચેનું પ્રકરણ લગભગ સો પાનાં રોકે છે અને તેમાં જ્ઞાતિજીવન, આન્તરજ્ઞાતીય વ્યવહાર, રૂઢિનાં બંધનો, જ્ઞાતિપંચ, જ્ઞાતિના રીવાજો, તહેવારો સ્ત્રીઓનું જીવન, સંયુક્ત કુટુંબરચના, અસ્પૃશ્યતાની બદી, ધાર્મિક સંસ્થાઓ, લોકગીતો વગેરે અનેક બાબતોની ઝીણવટભરી ચર્ચા કરવામાં આવી છે. નવમા પ્રકરણમાં આ ગામ ઉપર શાસન ચલાવતું સરકારી તંત્ર કેવું છે તેનો ખ્યાલ આપવામાં આવ્યો છે અને તેમાં ગ્રામપંચાયત શું ભાગ ભજવે છે તેની પણ ચર્ચા કરવામાં આવી છે અને દશમા પ્રકરણમાં ગામની પુનર્ઘટનાની દૃષ્ટિએ શું શું શક્ય છે અને શું કરવું ઘટે છે તે પ્રશ્નની લેખકોએ ચર્ચા કરી છે. આખું પુસ્તક અનેક ઉપયોગી માહીતીથી ભરેલું છે, અને કુશળ વૈજ્ઞાનિકની માફક જે ઝીણવટથી તેમણે વિગતો મેળવી છે અને તારવી છે, એટલું જ નહિ પણ દરેક વિગતનો તેમણે જે વિવેચક બુદ્ધિથી ખુલાસો આપવા પ્રયત્ન કર્યો છે તે જોઇને કોઇને પણ આશ્ચર્ય થયા વિના રહે તેમ નથી. તેમણે જુદી જુદી વિગતોની તારવણી કરતા ૫૭ કોઠાઓ આપ્યા છે અને જરૂરી નકશાઓ તથા ૧૫ ફોટોબ્લોક આપ્યા છે. ગામડાની તપાસ કેમ કરાય તેનો એક સુન્દર નમુનો તેમણે પુરો પાડયો છે. આ એક સંશોધનકાર્યને લીધે એજ ધોરણ ઉપર બીજાં ગામડાંઓના સંશોધનનું કાર્ય બહુ સહેલું બન્યું છે. આવું કાર્ય સરકારી તત્રના સહકાર વિના અને સાથે સાથે તે તે ગામમાં વસતા લોકોના પુરા સાથ વિના શક્ય જ નથી. વડોદરા રાજ્યના સરકારી અમલદારોએ આ કાર્યમાં આ દંપતી–યુગલને પુરો સહકાર આપ્યો હતો અને એ સહકારના વિશ્વાસ ઉપર જ તેમણે ગાયકવાડી રાજ્યમાં આવેલું ભુવેલ ગામ પસંદ કર્યું હતું. લોકોનો સાથ અને વિશ્વાસ મેળવવામાં શરૂઆતમાં તેમને કેવી મુશ્કેલી પડી પણ ધીમે ધીમે એ કાર્ય કેમ સરળ થતું ગયું તેનો ખ્યાલ આપતાં પુસ્તકના લેખક જણાવે છે કે "સરકારી મદદ મેળવી અમે અમારૂં કાર્ય કરતાં હતાં, તેથી શરૂઆતમાં અમારે લોકોના અવિશ્વસનો મુકાબલો કરવો પડતો. સરકારી અમલદાર પાસેથી તો કોઇ વસ્તુના પૈસા લેવાય જ નહિ એવી માન્યતાના કારણે અમને જરૂરયાતની વસ્તુઓ મેળવવામાં પણ મુશ્કેલી પડતી. વસ્તુ હોય તો પણ ના પાડે એવા બનાવો બનતા. માહિતીમાં પણ અવિશ્વસ અમને નડતો હતો. માહિતી એકઠી કરવા પાછળ અમારો શો હેતુ છે તે તેમને સમજાતું નહોતું. ફરી ફરીને સમજાવવાનાં પ્રયત્નો છતાંયે અમે એમને સમજાવવામાં બહુ સફળ નહિ થયેલાં. માહિતી ભેગી કરીને અમારૂં મહેસુલ તો નહિ વધારી દે એ શંકા ઘણાને થતી પણ ધીમે ધીમે એ શંકાને અમે દૂર કરી શકયા તથા અમારા કાર્યની જરૂરિયાત સમજાવવામાં અમે બહુ સફળ નહિ થયા, છતાં એનાથી તેમનું કશું બુરૂં તો નહિ થાય એવો વિશ્વાસ અમે ઉભો કરી શકયા.

"તમારે જે પૂછવું હોય તે પૂછો" એ જાતનું વાતાવરણ આખાયે ગામમાં થોડાક વખતમાં જ ઉભું થઇ શકયું અને અમારા સવાલોના જવાબ થોડીક ગમ્મત સાથે અમને મળવા લાગ્યા. "દેવું છે ?" એમ પૂછીએ ત્યારે "ચ્યમ ન્હોય ?" કહેતાં દેવાની રકમ જણાવે. "કુટુંબમાં છોકરાં કેટલાં છે ?" પૂછયું ત્યારે કહે "સાહેબ, એ તે કાંઇ ગણવા બેઠા છીએ !" ખોરાકની વિગતો પૂછવા જતાં જવાબ મળતો; "તે હવે સરકાર ખાવાનું પુરૂં કરવાની છે ?" છોકરા છોકરી પરણેલાં છે કે નહિ એ પૂછયું ત્યારે કહે; "આટલાં બેને પંઇણાવતા જજો, સાહેબ !" આમ ગમ્મત સાથે અમારા બધા સવાલોના જવાબ અમને મળવા લાગ્યા. વળી કયાં આ સંશોધનનું કાર્ય કરવા આવેલું શહેરવાસી દંપતી યુગલ અને કયાં આ ગામડાના ભિન્ન રીતભાતવાળા લોકો ? આ વિસંવાદને વર્ણવતાં તેઓ જણાવે છે કે "ગ્રામજીવનનો પહેલવહેલો જ પરિચય હોવાથી અમારી શહેરી રીતભાતો હાસ્યાસ્પદ બનવાનો ડર તો અમને હતો જ. ઉઘાડે માથે ફરવું, સવાર સાંઝ ફરવા જવું; શાકભાજી વધારે પ્રમાણમાં ખાવા વગેરે એમના જીવનથી જુદી તરી આવતી બીનાઓની તેઓ પુરતી મજાક ઉડાવતા. અમારી ખુબ નજીવી વાત પણ એમની વાતચીતનો મહત્વનો મુદ્દો બની જતી. પ્રારંભમાં બન્ને વચ્ચે આવી અસમ ભૂમિકા હોવા છતાં લેખક યુગલ આખી પ્રજાનો પૂર્ણ વિશ્વાસ અને સહકાર મેળવી શકે છે અને એક વર્ષની લાંબી સાધના દ્વારા ભુવેલના હાર્દને પ્રાપ્ત કરે છે. આ કાંઇ સાધારણ સિધ્ધિ ન કહેવાય.

આ તપાસ કરવા માટે તેમણે કેવી કાર્યપદ્ધતિ અખત્યાર કરી તેનું વિવરણ કરતાં તેઓ જણાવે છે કે "માહિતી એકઠી કરવા માટે અમારી પાસે બે સાધનો હતાં (૧) સરકારી પત્રકો (૨) લોકો સાથેની વાતચિત. બેઉ સાધનોમાંથી એક પણ સાધન ઉપર પુરો વિશ્વાસ મુકી શકાય તેમ નહોતું. સરકારી પત્રકો તલાટીએ તયાર કરવાનાં હોય છે, આ પત્રકો તલાટી કેવી રીતે તૈયાર કરે છે એ ગામડામાં રહેતો એક એક માણસ સારી રીતે જાણે છે. ચોરે બેઠાં બેઠાં બધાં પત્રકો તૈયાર થાય છે. તેથી તેની સચ્ચાઇ વિષે કેટલો વિશ્વાસ મૂકી શકાય એ સમજી શકાય તેવું છે,....સરકારી પત્રકમાંથી મેળવેલી વિગતોની સચ્ચાઇની ખાત્રી લોકોને પુછીને કરતા. પરંતુ લોકો પાસેથી મેળવેલી વિગતો પણ હંમેશાં વિશ્વાસપૂર્ણ ન નીકળતી. જમીનની બાબતમાં તો એમની પાસેથી મળેલી વિગતો મોટે ભાગે વિશ્વાસપાત્ર હતી. પરંતુ તેમની ઉમ્મર, તેમનો ખોરાક, તેમની જમીનની ઉપજ વગેરે અંગે તેમણે આપેલી વિગતો માટે ખૂબ કાળજી લેવી પડતી. આને લગતી મુશ્કેલીઓનો તોડ, તેઓ જણાવે છે તે મુજબ, બને તેટલી વધુ માણસોને પૂછીને જ કાઢતા અને એ રીતે વધુમાં વધુ ચોકકસાઇ મેળવવાનો પ્રયત્ન કરતા. ઉપરાંત બની શકે તેમાં તેઓ પોતાના નિરીક્ષણ ઉપર જ બધી વિગતો માટે સૌથી વધારે આધાર રાખતાં. આમ સરકારી પત્રકો, લોકો સાથેની વાતચિત અને તેમનું પોતાનું નિરીક્ષણ–આ ત્રણે ચીજોનો સમન્વય કરીને પ્રસ્તુત તપાસમાં રજુ કરવામાં આવેલાં અનેક અનુમાનો અને નિર્ણયો તેમણે તારવ્યાં છે. આ તપાસ દરમિયાન એક નિયમ તેમણે શરૂઆતથી ઘડી રાખ્યો હતો. અને તે એ કે લોકોની સગવડ પ્રમાણે જ કામ કરવું. તેથી ગામને ચોરે કે પોતાના મુકામે લોકોને બોલાવવાને બદલે આ બન્ને પતિપત્નીએ લોકોના ઘેર જવાનું જ રાખ્યું હતું અને એ રીતેજ બધી માહીતી એકઠી કરી હતી.

આખી તપાસના સારરૂપપુનર્ઘટનાના પ્રકરણમાં તેમના સમગ્ર અનુભવ અને અવલોકનની તેમણે તારવણી કરી છે. ગ્રામસુધારણાના પ્રશ્નને તેઓ ત્રણ વિભાગમાં વહેંચી નાંખે છે. (ક) આર્થિક ઉન્નતિ (ખ) સામાજિક ઉન્નતિ (ગ) સરકારી તંત્રની સુધારણા. આર્થિક ઉન્નતિ સાધવા માટે ત્રણ પ્રકારના ઉપાયો તેઓ સુચવે છે. (૧) જમીનનું ઉત્પન્ન વધારવું (૨) આવકનાં અન્ય સાધનો વધારવાં (૩) બીનજરૂરી ખર્ચ ઘટાડવા. અને ભુવેલની વ્યકિતગત પરિસ્થિતિ લક્ષ્યમાં રાખીને આ ત્રણે ઉપાયો પરત્વે તેઓ કેટલીક વ્યવહારૂ ભલામણો કરે છે. સામાજિક ઉન્નતિનું કાર્ય પણ તેઓ ત્રણ વિભાગમાં વહેંચે છે (૧) તંદુરસ્તી અને સ્વચ્છતા (૨) માનસિક આરોગ્ય (૩) સામુદાયિક જીવન. અને આ ત્રણે વિભાગો અંગે પણ તેઓ કેટલીક ઉપયોગી ભલામણો કરે છે. સરકારી તંત્રની સુધારણા બે મુખ્ય સુધારાની અપેક્ષા રાખે છે. (૧) પંચાયતની સુધારણા (૨) લોકોની ફરિયાદોનો નિકાલ સહેલાઇથી, ઝડપથી તથા ઓછે ખર્ચે થય એ કક્ષાએ તંત્રને પહોંચાડવું. આ બન્ને પ્રકારની સુધારણાની પણ તેમણે વિગતવાર ચર્ચા કરી છે. છેવટે આ ગ્રામપુનર્ઘટનાનું કાર્ય કરશે કોણ ? એ મૌલિક પ્રશ્ન ઉપર તેઓ આવે છે, આ સંબંધમાં તેઓ જણાવે છે કે (૧) ગ્રામસુધારણાનો પાયો લોકો પોતે છે અને લોકોની તૈયારી માટે નીચેની ત્રણ સંસ્થાઓને સારી રીતે વિકસાવવી જોઇએ. (ક) સહકારી મંડળી (ખ) પંચાયત અને (ગ) નિશાળ. (૨) ગ્રામસુધારણાની સરકારે ચોકકસ યોજના કરવી જોઇએ અને એ યોજના અમુક વખતમાં પાર પાડવાનો નિર્ણય લેવાવો જોઇએ. (૩) ત્રીજું અગત્યનું પગથિયું અને કદાચ આખી વ્યવસ્થાનું સૌથી મહત્વનું પગથિયું લોકો અને સરકારને સાંકળતાં તાલુકામંડળો છે. આગળ ઉપર ગામની સ્થાનિક સંસ્થાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પણ ગ્રામોધ્ધારના કાર્યમાં એકલી એ સંસ્થાઓ પુરતી નીવડવાની નથી. એ માટે તો વીસપચ્ચીસ ગામવાળા એક તાલુકાનું સંગઠન જ કરવું જોઇએ.

આવી રીતે તપાસના નિર્ણયોને વ્યવસ્થિત રીતે તારવતું પુનર્ઘટનાનું પ્રકરણ પુરૂં થાય છે. આ આખું કાર્ય, સર મણીલાલ જણાવે છે તે મુજબ, શ્રી. વિમલ શાહ અને શ્રી. સરલાબહેન શાહે શાસ્ત્રીય પધ્ધતિથી કર્યું છે. અને કોઇ પણ પ્રકારની લાગણીઓથી કે પૂર્વગ્રહોથી તેઓ દોરાયા નથી. તેમણે ખાલી આકાશકુચન કર્યું નથી. તેમના પગ ભુવેલની નક્કર પૃથ્વી ઉપર છે અને ભુવેલને ધ્યાનમાં રાખીને જ તેમણે વ્યવહારૂ સૂચનાઓ કરી છે. આ આખું પાયાનું કામ છે અને એ પાયાનું કામ આપણે જ્યાં સુધી સાંગોપાંગ પાર નહિ ઉતારીએ ત્યાં સુધી ગામડાના ગ્રામવાસી જનતાના પ્રશ્નો વાસ્તવિક સ્વરૂપે આપણે કદિ સમજી નહિ શકીએ અને એ નહિ બને ત્યાં સુધી એ પ્રજાના ઉધ્ધારની આશા આકાશકુસુમવત જ રહેવાની છે. આવા પાયાના કામમાં પોતાની જાત અને જીવનને જોડી દેનાર શિષ્ટ દંપતીને ગ્રામોધ્ધારના પુરસ્કર્તા તરીકે માત્ર ગુજરાતના જ નહિ પણ હિંદની પ્રજાના અનેક અભિનન્દન ઘટે છે. આપણે આશા રાખીએ કે આ દિશાએ તેમના હાથે હજુ ઘણું ખોદાણ કામ થાય અને તેમના કાર્ય તરફ અનેક સેવાભાવી યુવક–યુવતીઓ આકર્ષાય અને હિંદની ગ્રામજનતાની સર્વાંગિણી ઉન્નતિનું વિરાટ કાર્ય તેમની જેવા અનેક કાર્યકરો દ્વારા સત્વર સધાય.

પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧ અંક : ૫ | મુંબઈ: ૧ જુલાઇ ૧૯૪૯ શુક્રવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## મધ્યમ વર્ગનો માનવી

આપણા દેશમાં મજુરો, ખેડૂતો, હરિજનો અને પછાત કોમના માણસોનો સમાવેશ 'નીચલા વર્ગ'માં થાય છે, અને તેઓ સામાન્ય રીતે ગરીબો ગણાય છે. આ વર્ગના માણસો તેમની ગરીબીને કારણે, અજ્ઞાનને કારણે તેમ જ સામાજિક અન્યાયના ભોગ બનવાથી કેળવણી-શિક્ષણ-લઇ શકતા નથી. આથી તેમને કેવળ શારીરિક શ્રમ ઉપર જ નભવાનું રહ્યું છે.

### આ વર્ગની સ્થિતિ

લાંબા સમયથી કંગાળ હતી. તેઓ અત્યંત દુઃખી દશા ભોગવતા હતા. ખાવા માટે લુખો, સુકો તેમ જ અપૂરતો ખોરાક, ફાટયાં તૂટયાં મેલાં વસ્ત્રો અને બીનતન્દુરસ્ત વાતાવરણ વચ્ચે સડેલાં ઝૂંપડામાં નિવાસસ્થાન-એ સિવાય જીવન જીવવાની કોઇ સગવડતા તેમને નહોતી. સત્તાનો જુલ્મ, સમાજનો ભય અને અજ્ઞાનમાંથી જન્મતા વહેમો વચ્ચે તેઓ પીડાતા હતા.

### પરંતુ

છેલ્લાં પચીસેક વર્ષથી દેશના આગેવાનોનું લક્ષ તેમના તરફ ખેંચાયું છે. તેમની કંગાલિયત દૂર કરવાં માટે ઠીક ઠીક પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમની દશા અંગે ખૂબ કહેવામાં આવ્યું છે, ખૂબ લખવામાં આવ્યું છે, ખૂબ આંદોલનો કરવામાં આવ્યા છે, ખૂબ પ્રચાર થયો છે, અને પરિણામે વિદેશી સરકારને પણ આ વર્ગ પ્રત્યે લક્ષ આપવું પડયું છે.

### મજુર-કિસાનોનાં સંગઠનો

આજે આપણે ત્યાં રચાયા છે. તેમને દોરવણી આપનાર આગેવાનો છે. એની આગેવાની લેવા રાજકીય પક્ષો પડાપડી કરે છે. એને સંતોષવા-શાન્ત કરવા-સરકાર પણ વિચારે છે. કારણ એની પાસે સંગઠન છે; હડતાળનું શસ્ત્ર છે; અને તે વડે તેઓ પોતાના પગારવધારા માટે, કામના કલાકોના ઘટાડા માટે, જીવન જરૂરિયાતની સગવડો માટે, મોંઘવારી ભથ્થાં અને બોનસ માટે, પોતાના હિતના કાયદાઓ માટે વેપારીઓ, ઉદ્યોગપતિઓ તથા સરકારને આગ્રહ કરી શકે છે, જે પ્રત્યે કોઇથી દુર્લક્ષ કરી શકાતું નથી.

### ખેડુત વર્ગની સંખ્યા

સૌથી મોટી છે; અને સંખ્યાબળ એ નાની સુની વસ્તુ નથી. વળી આજની અનાજની તંગીના જમાનામાં ઉત્પાદન કરનાર અને દેશને જીવાડનાર એ વર્ગ છે. એનું ભાન સરકારને છે, અને એને પોતાને પણ એ ભાન થયું છે. એ વર્ગને અવગણવાનું સરકાર તેમ જ પ્રજા માટે જોખમરૂપ છે. સાર્વત્રિક મતાધિકારના ધોરણે ચૂંટણીઓ થશે ત્યારે એમની પસંદગીના માણસો ધારાસભામાં જઇ શકશે. એમના મત માટે રાજદ્વારી પક્ષોના આગેવાનો અપીલો કરશે, અને એમણે સૌએ ખેડૂતોનાં હિતો વિચારવાં પડશે.

### મજુર વર્ગ

નાનો છે, પણ એના હાથમાં તો ઉત્પાદન, વાહનવ્યવહાર, વિજળી, વગેરે અનેક જોખમી ચીજોની ચાવી છે. વેપાર, ઉદ્યોગ, સરકારી તંત્ર અને પ્રજાનું સમગ્ર જીવન એના સહકાર વિના પાંગળું બની જાય એમ છે. એ વર્ગ હવે તો જાગૃત થયો છે, અને તેણે પોતાનાં મજબૂત સંગઠનો ઉભાં કરી પોતાના હિતના કાયદાઓ કરાવ્યા છે, અને યુધ્ધકાળ દરમિયાન પોતાની આર્થિક સ્થિતિ ઠીક સુધારી લીધી છે.

### હરિજનો

અને પછાત કોમો માટે સુધારકો, સેવાભાવીઓ અને સરકાર ઠીક પ્રયાસ કરે છે. એના શિક્ષણ માટે, સામાજિક દશાની સુધારણા માટે અને આર્થિક ઉન્નતિ માટે ઠીક પ્રયાસો થયા છે. આ વર્ગ અન્તે તો મજુરી પર નભનાર હોઇને મજુરવર્ગને મળેલા લાભ તેમને પણ મળ્યા છે.

પ્રજાના નીચલા વર્ગના આ માનવીઓ સામાન્યતઃ સાદું જીવન જીવે છે. દરેક કુટુંબના સ્ત્રી-પુરૂષો અને સગીર વયનાં બાળકો પણ થોડી ઝાઝી રોજી મેળવતા હોય છે. લડાઇના સમય દરમિયાન તેમની આર્થિક સ્થિતિમાં થોડે અંશે સુધારો પણ થયો છે, અને તેમનું જીવનધોરણ જરા ઉંચું થયું છે. એકંદરે આ વર્ગે છેલ્લાં દસ વર્ષમાં ઠીક આર્થિક પ્રગતિ સાધી છે. વળી તેમની સતત જાગૃતિ અને સંગઠનને કારણે તેમની આર્થિક પ્રગતિ વધવાનો પણ સંભવ છે.

### ઉપલો વર્ગ

આપણા દેશમાં બીજો જાગૃત અને સંગઠિત વર્ગ તે 'ઉપલો વર્ગ'' છે, જેમાં રાજા-મહારાજાઓ, જમીનદારો અને ઉદ્યોગપતિઓનો સમાવેશ થાય છે. આ વર્ગે યુધ્ધ દરમિયાન પોતાની સ્થિતિ ઘણી ઉંચી કક્ષાએ સમૃધ્ધ બનાવી લીધી છે. નદીમાં ઘોડાપૂર આવે, અને પાણીની સપાટી એકદમ વધી જાય, એમ યુધ્ધકાળમાં તેમની દૌલતની સપાટી એક જ ઉછાળે એકદમ ઉંચી આવી ગઇ છે. તેમાંના લખપતિ આજે કરોડપતિ બન્યા છે, અને કરોડપતિ આજે અબજપતિ બન્યા છે. આઝાદીના આગમન વખતે જે રજવાડી વર્ગને સાફ થઇ જવાનો ભય પેદા થયો હતો, તેઓ પોતાની ખાનગી મિલ્કતને ટકાવી શકયા છે, અને ચાલુ આવક તરીકે મોટાં સાલિયાણાં પણ મેળવી શકયા છે. જમીનદારોની જમીનદારી ટકી રહી છે, અને તે વળતર વિના છિનવાઇ જવાનો તેમનો ભય દૂર થયો છે. ઉદ્યોગપતિઓ સરકારને દેશનું ઉત્પાદન વધારવાની આશા આપીને પોતાની મૂડી અને નફા પરનું કરભારણ ઘટાડાવી શકયા છે, અને મૂડીની સલામતિ માટે નિર્ભય બન્યા છે. દેશની આર્થિક સ્થિતિ સુધારવામાં ઉપલાવર્ગનો સહકાર સરકારને જરૂરી જણાયો હોઇને, ઉપલાવર્ગને ઠીક રાહત મળી છે; અને પોતાની સ્થિતિ હજુ પણ ઉંચી સપાટી પર લઈ જવા માટે તેઓ સદા જાગૃત

છે, તેમનાં સંગઠનો ફાલતાં જાય છે, અને ધારાસભાઓ તથા પ્રધાનોના દરવાજા સુધી એમનો અવાજ અને એમની લાગવગ પહોંચી ગઇ છે. પરંતુ

**આ વાવાઝોડામાં**

'નીચલો' મધ્યમવર્ગ છિન્નભિન્ન બની ગયો છે. 'ઉપલો' મધ્યમ-વર્ગ એટલે મોટા વેપારીઓ, મકાનમાલીકો, અમલદારો વગેરેએ યુદ્ધ દરમિયાન પોતાની સ્થિતિ સદ્ધર બનાવી લીધી છે, એટલે ભાવિ મંદી સામે એમણે પાળ બાંધી લીધી છે; જેથી એ વર્ગ આજે ચિંતા મુક્ત છે. કરોડપતિ બનવાની તેમની આશા હવે ફળીભૂત થાય એમ નથી; છતાં તેમનાં બાગ-બંગલા અને દૂધ-ચોખા અખંડ રહ્યા છે.

**'નીચલો' મધ્યમ વર્ગ**

એટલે નાના વેપારીઓ, નાના દુકાનદારો, સામાન્ય કમિશન એજન્ટો અને દલાલો, ફેરિયાઓ, ઓફીસ કારકુનો, ગુમાસ્તાઓ, સરકારી નોકરો, શિક્ષકો વગેરે-એની સ્થિતિ આજે ખૂબ જ કફોડી બની ગઇ છે. યુધ્ધનો કોઇ લાભ એને મળ્યો નથી; ઉલટું યુધ્ધ-જન્ય મોંઘવારીમાં એ ભિંસાઇ ગયો છે. જેની પાસે મૂડી હતી તે ચવાઇ ગઇ છે, મૂડી ન હોતી તે કરજવાન બન્યા છે, અને કરજવાન હતા તે કંગાળ બની ગયા છે, અથવા મજુર વર્ગ સાથે સામેલ થઇ ગયા છે. ઘી ખાતા હતા, તે વેજીટેબલ ખાતા થયા છે, અને વેજીટેબલ ખાતા હતા તે તેલ ખાતા કે લુખું ખાતા થઇ ગયા છે. કેટલાક શહેરનું ખર્ચ ઉપાડવાને અશક્ત બનવાથી ગામડામાં ચાલ્યા ગયા છે. એક જોડ ઉજળાં કપડાં ફરી ફરીને પહેરતા હોય છે. સ્ત્રી પરના દાગીના અદૃશ્ય થઇ ગયા છે. ટ્રામ-બસનો એક આનો ખર્ચવાનું ભારે પડતાં, પગે ચાલતા થઇ ગયા છે. સત્વહીન ખોરાકથી શરીરો નિર્બળ બન્યા છે. દૂધના અભાવે બાળકો ન્હાના પ્યાલાથી રોઇ લ્યે છે. ફી ભરવાની અશક્તિને કારણે કિશોરો અભ્યાસ છોડે છે; તબીબી સારવાર અને દવાના ખર્ચ ન પરવડવાથી માંદગીમાં સબડે છે; સ્ત્રી-પુરૂષો સત્વહીન બની ગયાં છે. શારીરિક નિર્બળતા છતાં હદ ઉપરાંત કામનો બોજો ઘસડે છે અને 'એનીમિયા', કમળો, તાવ, દમ, ક્ષય વગેરે રોગોથી ઝડપાય છે. જીવનમાં રસ તો કયાંથી રહે! નિરાશા અને વેદનામાં સબડીને જીવન પૂરૂં થવાની રાહ જોયા કરે છે!

**આમ છતાં**

ઉજળાં કપડાં તેણે પહેરવાં પડે છે. વહેવાર પ્રસંગે ખેંચા-ઇને પણ ખર્ચ કરવું પડે છે. સ્ત્રીને પિયેર અને બાળકોને મોસાળ મોકલીને, એકલા દસરડા કરવા પડે છે. ગૃહજીવન છિન્નભિન્ન થઇ જાય છે. ભવિ આશા અને ધીરજ ખૂટે તો આત્મહત્યા પણ કરી બેસે છે.

**કવિ લખતો નથી**

આ છે નીચલા મધ્યમ વર્ગની સ્થિતિ! એની આવક દિન પર દિન ઘટતી ગઇ છે, ને ખર્ચ વધતું ગયું છે. એક રળનાર છે, અને અનેક ખાનાર છે. બહાર સુઘડ દેખાવું પડે છે, ઘરમાં અર્ધનગ્ન ફરવું પડે છે. મુખ પ્રસન્ન દેખાય છે, અંતર રડતું હોય છે. લડાઇ બંધ થયે એના અંતરમાં પ્રગટેલો આશાનો દીવડો આજે હોલવાઇ ગયો છે. આઝાદી આવી ત્યારે માણેલો ઉલ્લાસ આજે ઓસરી ગયો છે. એ લાંબો હાથ કરી શકતો નથી. કોઇને પોતાનું દર્દ કહી શકતો નથી. પોતાનો તારણહાર દેવ એને દેખાતો નથી. એની કંગાલિયતનાં વર્ણનો જાહેર મંચ ઉપરથી કોઇ કરતું નથી. એના દુઃખદર્દોની કવિતા કોઇ કવિ લખતો નથી. સરકાર કે સંસ્થા એનો હાથ પકડતી નથી. એનું કોઇ સંગઠન નથી. એનું કોઇ પત્ર નથી. એનો કોઇ અવાજ નથી. ભયંકર અટવીમાં એ એકલો ભમતો હોય છે. તોફાની સાગરનાં ઉછળતાં મોજાંઓ વચ્ચે સપડાએલી એકાકી હોડી પેઠે, એનું ભાગ્ય ઝોલાં ખાતું હોય છે.

**એની કંગાલિયત**

માટે કોઇ જવાબદાર થતું નથી! પોતાના હિત માટે કોની સામે લડવું એની એને ખબર નથી. કોઇ રાજકીય પક્ષ એને દોરવણી આપતો નથી. સરકાર એને કદી પૂછતી નથી. છતાં એ સરકારને વફાદાર રહે છે. દેશને નામે એ વર્ગ જ લડયો છે, એણે દેશને નામે શાળા-કોલેજો છોડી હતી, હડતાળો પાડી હતી, લાઠીઓ ઝીલી હતી અને જેલજાત્રા કરી હતી. દેશને નામે મા-બાપ અને સ્ત્રી-બાળકો તજ્યાં હતાં, ધંધા-નોકરી ગુમાવ્યાં હતાં. આઝાદીની લડત એ જ વર્ગ લડયો હતો. અને આઝાદી આવી ત્યારે એ જ વર્ગ કંગાલિયતમાં સરી પડયો છે.

આમ છતાં એ રાષ્ટ્રવાદી મટયો નથી. દેશદ્રોહી બન્યો નથી. સરકાર અને નેતાઓ પ્રત્યેની વફાદારી એણે છોડી નથી. પોતાની અવદશા માટે કોઇને એ દોષ દેતો નથી. પોતાનાં ભાગ્ય પર જ બધો દોષ ઢાલવીને એ બેસી રહે છે.

**એના તારણહાર કોણ?**

આવો છે આજે દેશનો નીચલો મધ્યમવર્ગ. એનાં દુઃખનું નિવારણ કોઇ કરી શકે એમ હોય, તો એક સમજુ શ્રીમંતો છે, અને બીજી સરકાર છે. શ્રીમંતો એ જ મધ્યમવર્ગના છતાં ઉંચી પાયરીના એના જોડીદારો છે. ઉપલો કે નીચલો-અન્તે તો તે એકજ 'મધ્યમ વર્ગ' છે. તેઓ જો પોતાના વર્ગ સાથે સહકાર નહિ સાધે, પોતાના વર્ગનો ઉદ્ધાર નહિ કરે, તો ઉપલો વર્ગ-જમીનદારો અને ઉદ્યોગપતિઓનો વર્ગ-પોતાના હિતને માટે તેમને પણ ખાઇ જશે. શ્રીમંત વર્ગને પણ જો ટકવું હોય તો રાહત આપીને, સહકાર આપીને, નીચલા મધ્યમ વર્ગને ટકાવી રાખે વણમાગી સહાય તેણે પોતાના નબળા અંગને કરવી જોઇએ.

બીજી ફરજ સરકારની છે. જે સરકારને સત્તા પર લાવવા તેણે આત્મભોગ આપેલ છે, તે સરકારે આ વર્ગને બચાવી લેવો જોઇએ. ફુગાવો તૂટવો જોઇએ, ભાવ ઘટવા જોઇએ, મોંઘવારી અને તંગી જવી જોઇએ, શિક્ષણ અને તબીબી સારવાર સસ્તાં કે મફત મળવાં જોઇએ, અને મધ્યમવર્ગને અસર કરનારા કરવેરા જવા જોઇએ. આ બધું સરકાર જ કરી શકે; દેશના આગેવાનો સરકાર પાસે કરાવી શકે.

**સરકારની લાચારી**

સરકાર કે આગેવાનો આ માટે નથી વિચારતા એવું તો નથી જ. પરંતુ કાં તો તેઓ સ્થાપિત હિતવાળા ઉદ્યોગપતિઓ કે અમલદારોથી અવળે માર્ગે દોરાઇ જાય છે, અથવા પરિસ્થિતિનો ઉકેલ તેમને સૂઝતો નથી. બીજી બાજુ એક તરફ મજુર-કિસાનો અને બીજી તરફ ઉદ્યોગપતિઓ-જમીનદારોનાં સંગઠનો, માગણીઓ અને ધમકીઓ તેમને પરેશાન કરી રહી છે. ગમે તેમ પણ આ નીચલા મધ્યમ વર્ગ માટે કોઇ અસરકારક ઉપાય લેવાતો નથી. અને તેથી એ વર્ગ દિવસે દિવસે કંગાળ બનતો જાય છે, ઘસતો જાય છે અને મજુરવર્ગમાં હળવે હળવે ભળતો જઇ નાશ પામતો જાય છે

**આ સ્થિતિના નિવારણ માટે**

એની પાસે એક જ ઉપાય છે-પોતાનું સંગઠન. એણે પોતાના આગેવાનો પોતામાંથી જ શોધી કાઢવા પડશે. પોતાનો પોકાર ઘેરો વધુ ઘેરો બનાવવો પડશે. પોતાના ઉદ્ધારની પોતાની યોજનાઓ પોતે જ ઘડી કાઢીને સરકાર પાસે રજુ કરવી જોઇશે. અસહ્ય કરવેરા સામે પોતે જ અવાજ કાઢવો જોઇશે. ઉપલા અને નીચલા વર્ગના માનવીઓની પેઠે મધ્યમ વર્ગના માનવીએ પણ-દરેકે દરેક વ્યક્તિએ-બીજા કોઇ ઉપર આધાર રાખ્યા વિના, પોતાનું સંગઠન કરી લેવું જોઇએ. વિનાશને માર્ગે ઘસડાઇ જતા અટકવાનો એ સિવાય બીજો માર્ગ નથી.

જટુભાઇ મહેતા

# વીણેલાં ફૂલો

[કેટલાંક સામયિકો અને અખબારોમાં કેટલાંક સરસ લખાણો પ્રગટ થયાં હોય છે, જે જંગલનાં ફુલોની પેઠે બહુધા અણસૂંઘ્યાં રહી જાય છે. આવાં વેરાએલાં ફુલોને એકઠાં કરીને વેણી કે હારરૂપે ગુંથી કોઇ એક માળી સ્ત્રી-પુરૂષોને અર્પણ કરી 'એક સારૂં કામ' કરે છે, તેમ એવાં સારાં લખાણોને એકઠાં કરી 'પ્રબુદ્ધ જૈન'ના વાચકો સમક્ષ ધરવાનું પણ 'એક સારૂં કામ' છે, એમ માનીએ છીએ. આવાં લખાણો 'વીણેલાં ફુલો' એ શિર્ષક તળે 'પ્રબુદ્ધ જૈન'માં લગભગ દર અંકે રજુ થયાં કરશે.

તંત્રી]

## પૂજા

એ દિવસોમાં હું ધર્મપ્રચારાર્થે ઇંગ્લાંડમાં હતો. તેને આઠ વર્ષ થઇ ગયાં. એ દિવસોની ડાયરીનું આ એક પાનું છે. આજની ભાષા અને ભાવ–બેઉ બદલાઇ ગયાં છે, પરન્તુ એ દિવસનું લખેલું લખાણ તો એ દિવસની સંપત્તિ છે. આજે એમાં પરિવર્તન કેમ કરૂં ?

કેટલાક દિવસથી સાંજની પૂજામાં રોજ વિઘ્ન આવ્યા કરતું હતું. આજ તો મેં નિશ્ચય કર્યો હતો કે પૂજાને સમયે કોઇ બીજું કાર્ય નહિ કરૂં,–પૂજાનો આરંભ બરાબર છ વાગ્યે કરીશ.

છ વાગવામાં દસ મિનિટ બાકી હતી. કોઇએ આવીને કહ્યું: 'એક આદમી આવ્યો છે, બૌદ્ધ ધર્મની બાબતમાં કાંઇક જાણવા ચાહે છે.' હું દ્વિધામાં પડી ગયો. શું આજે પૂજા બરાબર સમયે નહિ થઇ શકે ? 'આવનાર માણસ દૂરથી આવ્યો હશે.' એમ વિચારીને મે દશ મિનિટમાં એને પતાવવાનું ધાર્યું. જે મહાશય મુલાકાતે આવનારને સાથે લઇને આવ્યા હતા તે "આ ગૃહસ્થ પોતે મી. આર્થર આર. શયલી" અને આગંતુકની ઓળખાણ કરાવીને ચાલ્યા ગયા. મેં મારી દસ મિનિટનો ખ્યાલ કરીને માપેલા–તોળેલા શબ્દોમાંજ એને બેસવાનું કહ્યું. તે બેસતાંજ બોલ્યો: "હું ધનવાન નથી. આપની સભાનો સભાસદ થવા ઇચ્છું છું. લવાજમ શું છે ?"

મેં કહ્યું: "મને બરાબર યાદ નથી. આપની ઇચ્છા હોય તો પુછાવીને આપને જણાવું. બીજું કાંઇ ?"

એણે કહેવા માંડયું "હું સંગીતજ્ઞ છું. મેં બધા ધર્મોનું અધ્યયન કર્યું છે. ઇસાઇ મત એક ઢોંગ (હંબગ) છે. મને ક્ષમા કરજો. એક વાર આપને ત્યાં બુદ્ધની પ્રતિમા મેં જોઇ હતી. કેટલી સચ્ચાઇ તેમાં હતી !"

મેં પૂછયું "આપે બૌદ્ધ ધર્મના સંબંધમાં કયા કયા પુસ્તકો વાંચ્યા છે ?"

"મેં એક સાધારણ પુસ્તક વાંચ્યું છે. અને 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'માં પણ વાંચ્યું છે. હું આપની પાસેથી પુસ્તક લેવા ઇચ્છું છું."

"જો આપને અહીંથી પુસ્તક ખરીદવું હોય તો કોઇ પણ સમયે ખરીદી શકો છો. જો પુસ્તકાલયમાંથી વાંચવા લેવું હોય તો રવિવારને દિવસેજ પુસ્તકાધ્યક્ષ પાસેથી મળી શકશે."

"હું પુસ્તકાલયમાંથી જ લેવા ઇચ્છું છું. આજે મળી શકે તો રવિવારે પાછું પહોંચાડીશ."

"આજે તો પુસ્તકાધ્યક્ષ નથી એટલે પુસ્તક મળી શકે તેમ નથી. રવિવારે આવો તો મળી શકે."

એમ જણાતું હતું કે આગંતુક માણસ કાંઇક કહેવા ઇચ્છતો હતો પણ કહી શકતો નહોતો. તે બોલ્યો: "આપ મને મારાં કપડાં માટે માફ કરજો. મેં યોગ્ય કપડાં પહેર્યાં નથી. મારા બૂટ તૂટેલા છે, આ ઓવરકોટ બહુ જ નીચે સુધી..."

મેં તેને વચમાં રોકીને કહ્યું: "માણસનાં કપડાં એ મુખ્ય ચીજ નથી. માણસ જ મુખ્ય છે. મારાં આ કપડાં પણ કયાં સારાં છે ?"

આગંતુક બોલ્યો : "મને આશા નથી કે હું કોઇ વાર અમીર–ધનવાન થઇ શકું...જો કે હું ગરીબ છું, તો પણ હું એક સારો માણસ છું"

મેં કહેવા ઇચ્છયું કે "સારા માણસો તો ગરીબોમાં જ હોય છે" પણ કાંઇક વિચારીને અટકી ગયો.

આગંતુક બોલ્યો: "હું સંગીતકાર છું. આજ કાલ વાયરલેસ (રેડિયો) થઇ ગયા છે. સંગીતની કદર નથી."

મને મારી દસ મિનિટનો ખ્યાલ હતો તેથી કહ્યું: "સાચું કહો છો."

તેણે પૂછયું: "હું મારૂં નામ–ઠામ આપને લખી આપું ?"

મેં કાગળ ધરતાં કહ્યું: "ઘણી ખુશીથી."

આગંતુકે લખ્યું: "પ્રો. ... ..." પછી કહ્યું: "જુઓ, મારે પાંચ માઇલ જવું છે. હું અહીં નજીકમાં જ કોઇ મકાન ભાડે રાખી લેવા કોશીશ કરૂં છું."

હું મૂંગો રહ્યો. દસ મિનિટ થઇ ગઇ હતી.

આગંતુકે પૂછયું: "આપને ત્યાં ઓર્ગન નથી ? હું વાજું સરસ બજાવી જાણું છું."

"નથી."

"આપ જયારે ઇચ્છો ત્યારે મને બોલાવી શકો છો. હું ગરીબ માણસ છું."

મેં કહ્યું: "આપની ઇચ્છા થાય ત્યાર આવજો."

તે ઉઠયો. બારણા સુધી ગયો. વળી પાછો ફર્યો: "આપ મને કાંઇ મદદ કરી શકશો ? મારે પાંચ માઇલ પગે ચાલતાં જવું પડશે."

"પૈસા રાખવા એ ભિક્ષુના નિયમની વિરૂદ્ધ છે." મેં પૂરી નમ્રતાથી કહ્યું: "મારી પાસે પૈસા નથી."

આગંતુકે એકવાર મારી તરફ જોયું અને તે બહાર ચાલ્યો ગયો.

હું પૂજા કરવાની ઉતાવળમાં અંધ બની ગયો હતો. પૂજા કરવા બેઠો ત્યારે જાણે કોઇ કહી રહ્યું હતું:

"અરે, સાચી પૂજાનો અવસર તો તેં ગુમાવી દીધો ! હવે શું પૂજા કરવા બેઠો છે ? એ માણસ બૌદ્ધ ધર્મનું અધ્યયન કરવા નહોતો આવ્યો. એ આવ્યો હતો તારી પાસેથી કાંઇ સહાય લેવા. વિજળીના દીવાના પ્રકાશમાં, બળતી સઘડીની પાસે પુસ્તકોથી ઘેરાયેલો તને જોઇને તેણે ધાર્યું હશે કે જેની બહાર આગ બળી રહી છે તેના દિલમાં પણ કાંઇક આગ હશે. તેને શી ખબર કે તારૂં દિલ બિલકુલ ઠંડુ છે; અને તું પૂજા કરવાની ધૂનમાં અંધ બની ગયો છે! તે ઇંગ્લાંડના ૩૦ લાખ બેકારોમાંનો એક હતો! તને કાંઇ 'પુણ્ય' કમાવવાનો અવસર આપવાને તે આવ્યો હતો, પરન્તુ તને તો પૂજાની જ ધુન વળગી હતી!"

નીચે ઉતરીને મેં જોયું, તે ચાલ્યો ગયો હતો. હવે પૂજા કરીને પણ શુ !

**આનંદ કૌશલ્યાયન**

## સેવકની અગ્નિપરીક્ષા

એક પ્રેમાળ પત્નીએ પોતાના પતિને કહ્યું: "તમે તો એમની સાથે અગાઉ વરસો સુધી ગરીબોની સેવાનું કામ કર્યું છે. પછી જેલમાં પણ સાથે રહ્યા છો. હવે તેઓ સરકારમાં પ્રધાન થયા છે, એટલે તમને ભૂલી જાય એમ બને નહિ. તમે જરૂર એ તમારા પ્રધાનમિત્ર પાસે જઇને સેવાકાર્ય કરવા માટે સાથ માગો."

પતિએ શાંતિથી પત્નીની વાત સાંભળી લીધી. પછી ગંભીરતાથી ઉત્તર દીધો.

'તારી વાત સાચી છે. પણ મેં એ પ્રયાસ કરી જોયો ને તેમાં હું સફળ નથી થયો.'

'તો શું આપણે છેલ્લાં કેટલાંયે વરસો સુધી સેવામય જીવન ગાળ્યું છે તેનો આપણી સરકારને હવે કાંઇ ખપ જ નથી રહ્યો?'

પ્રેમાળ પત્નીની સામે કંઇક વિશાદપૂર્ણ નયનથી પતિ જોઇ જ રહ્યો. તેના અંતરમાં ઊંડું દુઃખ હતું. છતાં પૂર્ણ શાંતિથી પોતાની વ્હાલસોઇ પત્નીને સમજાવવા માંડયું: 'જો, તારી વાત સાચી છે. પણ આપણે કોઇનોયે વાંક કાઢવાનો નથી. આપણે સ્વેચ્છાથી આજ પર્યંત સેવાના માર્ગમાં જીવન વ્યતીત કર્યું છે. હવે મનને કલુષિત કરીને શા સારૂ વિકૃત કરવું? વળી, આપણે કયાં કોઇના કહેવાથી આ સેવાનું જીવન સ્વીકાર્યું હતું? ને જેઓ આજે પ્રધાનો થયા છે તેઓએ પણ કયાં વચન આપેલું હતું કે તમારી સેવાની શકિતનોયે અમે ઉપયોગ કરશું? આપણો કોઇને ખપ જ નથી રહ્યો તેમાં પ્રજા કે સરકારનો મને લેશપણ દોષ નથી લાગતો. મને તો એમ લાગે છે કે આપણી જ કાંઇક ક્ષતિ હોવી જોઇએ. નહિતર, સ્વચ્છ, સરળ નિર્મળ જીવન વરસો સુધી ગાળ્યા પછી આપણી આ સ્થિતિ હોય?'

પત્નીએ ગંભીરતાથી પતિની વાત સાંભળી. થોડીવાર અર્થપૂર્ણ મૌન રાખ્યું. છેવટે પતિની સામે જોઇને તે બોલ્યા વગર જાણે રહીજ નથી શકતી એવા મનોભાવ સાથે બોલી ઉઠી:

'પણ હવે તો હદ થાય છે. ધૈર્યને પણ સીમા તો હોવી જ જોઇએ ને? આપણે સરળ જીવન વ્યતીત કરીએ છીએ તેનું ભૌતિક જીવનમાં કંઇ જ મૂલ્યાંકન નહિ હોય? ઘરમાં હવે બે જ દિવસ ચાલે એટલું અનાજ છે. બાળકની શાળાની ફી પણ નથી ભરી શકાઇ. દૂધ ને શાકભાજી તો કયારનાંયે ખાવાનાં બંધ કરવાં પડયાં છે. હજુએ કેટલીક કસોટીએ ચઢવું છે? તમારી જાણ બહાર જ મેં પીએરથી મારા જુના ઘરેણા મંગાવીને વેચી નંખાવ્યા. તેના પૈસા પણ પુરા થઇ ગયા. હવે કયાં સુધી રાહ જોઇશું? કાંતીએ છીએ તેમાંથી યે પુરૂં નથી થતું. હવે કરશું શું? એ ખ્યાલથી હું સતત મુંઝાઉં છું.'

બોલતાં બોલતાં પતિની સામે એકી નજરે જોઇ રહેલી પત્નીની આંખોમાંથી આંસુની ધારા ચાલી. સાડીના છેડાવડે આંસુ લૂછીને એ બોલી: 'અને મારા મનમાં જે વ્યથા છે તે કોઇ પણ રીતે હાર પામ્યાની કે નાસીપાસ થયાની નથી. આપણે ગરીબ બનીને રહેવાનો સંકલ્પ કર્યો છે તેને જીવનભર દૃઢતાપૂર્વક અવશ્ય વળગી રહીશું એ નિશ્ચિત વાત છે. મને મોજશોખ, ઘરેણાં કે મોટર નથી જોઇતી. પણ આપણે માટે હવે નિર્વાહનાં પણ સાંસાં પડવા માંડયા છે એ કરૂણ કથા કોની પાસે જઇને કહીશું? આપણા પ્રધાન મિત્રને આ કથા કહી સંભળાવીશું કે અમને માત્ર નિર્વાહપૂરતું તો કાંઇક કામ મળે તેવી થોડી વ્યવસ્થા કરે..'

પત્નીના વેણુ સાંભળીને અને તેનાં પ્રેમાળ ચક્ષુમાંથી વહી રહેલાં આંસુ જોઇને પતિ કંઇક અસ્વસ્થ બની ગયો.

પતિને સૂઝ ન પડી કે તેણે શું કરવું? તે તદ્દન મૂક બની ગયો. રાત્રીના અંધારપછેડામાં તેણે પોતાના જીવનને જ પૂર્ણ શાંતિથી સમેટી લીધું...

ઉત્તર હિંદના એક સુપ્રસિદ્ધ હિંદી દૈનિક 'ભારત'ના તા. ૬ ઠ્ઠી મે' ૪૯ ના અંકમાં આ બનાવ વિષે એક ખૂણે માત્ર ટુંકા સમાચાર છપાયા:

'શાહાબાદ કે ગુદી ગાંવ મેં સેવાકાર્ય કર રહે થે વહ શ્રી. સીતારામને આત્મહત્યા કરકે અપના જીવન સમાપ્ત કિયા હૈ.

'પ્રતપંથુ'માંથી. પુ.

# કેટલાક સમાચાર અને નોંધ

## सत्यमेव जयते

કોઇ પણ ભાવનાશાળી હિંદીના મનમાં આનંદ, ગર્વ અને જવાબદારીનો ખ્યાલ ઉત્પન્ન કરે એવું સૂત્ર **सत्यमेव जयते** હિંદી સંઘના મુદ્રાલેખ તરીકે હિંદની બંધારણ સભાએ માન્ય કર્યું છે.

મુદ્રાલેખ તરીકેની આ પસંદગી એટલી તો સરસ છે, કે એના માટે મારા મનમાં ઘણાં વિશેષણો ગોઠવાયા પછી, એ બધાને માટે 'સરસ' એ શબ્દ જ મને સંપૂર્ણ અને યોગ્ય લાગ્યો છે. હિંદી પ્રજાના મુદ્રાલેખ તરીકે આ સિવાયનું બીજું કોઇ પણ સૂત્ર નિરસ જ લાગત.

'સત્યમેવ જયતે' એ તો હિંદની સંસ્કૃતિ સાથે વર્ષોથી જડાએલો આદર્શ છે. હિંદના પયગંબરો બુદ્ધ અને મહાવીરનો એ સંદેશો છે. ભારતના મહાત્મા રામ અને કૃષ્ણનો એ આદેશ છે. રાજા યુધિષ્ઠિર અને હરિશ્ચન્દ્રે ભારતના ઇતિહાસને એ વડે શોભાવ્યો છે. છેલ્લે આપણા રાષ્ટ્રપિતાએ આપણને આપેલો એ ગુરૂમંત્ર છે.

સત્ય એ સહજ ભાવ છે. સત્ય કુદરતી છે. સત્ય સુંદર છે. અસત્ય વિકૃત ભાવ છે. અસત્ય અકુદરતી છે. અસત્ય કદ્રુપ છે. અસત્ય બોલવાને-કરવાને ખાસ કારણ ન હોય ત્યાં સુધી માણસ સત્ય જ બોલે છે—સત્ય જ આચરે છે. કારણ કે સત્ય સરળ છે. સત્ય આત્મા સાથે જડાએલું છે. અસત્ય તો ગોઠવવું પડે છે. સ્વાર્થ હોય ત્યાં જ માણસ અસત્ય વદે છે અને આચરે છે. એ સમજે છે કે અસત્ય ખોટું છે. માણસ અસત્યને 'અસત્ય' જ કહે છે. અને એટલું તે સત્ય બોલે છે.

'સત્યમેવ જયતે'નું પુરાણપ્રસિદ્ધ સૂત્ર આદર્શ તરીકે યોજાયા પછી આપણી જવાબદારી ખૂબ વધી જાય છે. સત્ય એ આધુનિક હિન્દનું હવે પથદર્શક બનવું જોઇએ. રાજકારણમાં પણ હવે તો સત્યને જ અપનાવવું જોઇએ. રાજકારણ એ મેલી વસ્તુ છે એમ જે કહેવાય છે એ ખ્યાલ હવે હિંદના સર્વ પક્ષોના રાજદ્વારીઓએ બદલવો જોઇશે. સત્યની જ સાધના એ હવે આપણું ધ્યેય બનવું જોઇશે. 'સત્યમેવ જયતે' એ શબ્દો કેવળ શોભારૂપ ન બની જાય, એ આપણે જોવાનું છે જે રાષ્ટ્રધ્વજની પ્રતિષ્ઠા માટે હજારો વીરોએ આત્મભોગ આપેલ છે, તે રાષ્ટ્રધ્વજનો સસ્તો ઉપયોગ જેમ આજે થઇ રહ્યો છે, તેમ 'સત્યમેવ જયતે'ના સૂત્રનું ન બની જાય, એ માટે આપણે સાવચેતી રાખવી પડશે.

'સત્યમેવ જયતે'નું સૂત્ર અપનાવ્યા પછી આપણી સરકારના અંગભૂતોએ-પ્રધાનોએ, અમલદારોએ, આગેવાનોએ હવે સત્યને માર્ગે જ ચાલવાની પ્રતિજ્ઞા લેવી જોઇએ. પ્રજાએ પણ એ જ માર્ગે પ્રયાણ કરવનું છે. જે મુંઝવનારૂં અને શરમાવનારૂં અસત્ય દેશભરમાં ચોમેર ફેલાએલું છે, તે દૂર થવું જ જોઇએ, એ થશે ત્યારે જ આ નવા મુદ્રાલેખની સાર્થકતા બનશે.

'સત્યમેવ જયતે' એ ભાવિ પ્રજાનું નિશાન બને, એ માટે આજથી જ આપણા પ્રધાનો સત્તાનો મદ છોડે, આગેવાનો સત્તાનો મોહ છોડે, અમલદારો સ્વાર્થ છોડે, વેપારીઓ અપ્રમાણિકતા છોડે અને સમસ્ત પ્રજા અસત્યનું અવલંબન છોડે.

## તોફાનો અટકવાં જોઇએ

આઝાદી પ્રાપ્ત થયા પછી આપણે ત્રણ-ચાર ઝંઝાવાતોમાંથી પસાર થઇ ગયા. પંજાબમાં કોમી દાવાનળ ઉગ્રસ્વરૂપે ફાટી નીકળ્યો અને રાષ્ટ્રપિતાના મહામૂલા જીવનના બલિદાનથી એ શમ્યો. જુનાગઢે સૌરાષ્ટ્રમાં પાકિસ્તાનનો પગદંડો જમાવવા કોશીશ કરી, અને પ્રજાએ નવાબીને ઉખેડી નાખી. હૈદરાબાદમાં કાસીમ રઝવીએ ઉલ્કાપાત મચાવ્યો, અને પોલીસપગલાં વડે હિંદી સંઘે એ

ઉલ્કાપાતને શમાવી દીધો. કાશ્મિરમાં પાકીસ્તાન સંચાલિત તત્વોએ તોફાન ઉભું કર્યું, અને યુનોની દરમિયાનગીરીથી એ પ્રશ્ન લવાદીને સોંપતાં, તોફાન વિરમ્યું. આવા મોટા ઝંઝાવાતોમાંથી આમ આપણે સુખેદુઃખે પસાર થઇ ગયા.

પરંતુ આ તોફાનો રાજકીય સ્વરૂપનાં હતાં, અને સંક્રાન્તિકાળે કોઇપણ સ્થળે સ્વાભાવિક રીતે ઇતિહાસના ક્રમ મુજબ જન્મે એ પ્રકારનાં હતાં. મરણ પામતી સત્તાના છેલ્લા પછાડા જેવા અને છેલ્લી વહેંચણીના વમળ જેવા એ હતા. એની ઉગ્રતા આજે હવે મંદ પડી ગઇ છે.

હવે આજે આ ઐતિહાસિક ક્રમ મુજબનાં તોફાનો શમી ગયાં છે ત્યારે કેવળ અવિચારણીય રીતે કેટલાંક ચેક્કસ તત્વો હિંસક તોફાનના માર્ગે વળી રહ્યાં છે. એમાં મુખ્યત્વે સામ્યવાદ અને કોમીવાદ ભાગ ભજવતો હોય છે. છેલ્લા કેટલાક મહીનાથી સામ્યવાદીઓ હૈદરાબાદ અને બંગાળમાં મોટાં તોફાનો યોજી રહ્યા છે, જેમાં પોલીસ થાણાઓ પર હુમલા કરવા, ગ્રામ્ય પ્રજાને ત્રાસ આપવો, કોંગ્રેસી આગેવાનોને ઘાયલ કરવા કે ઠાર કરવા, આ બધું સામાન્ય છે. બંગાળની જેલોમાં પણ મોટાં હિંસક તોફાનો થઇ ગયાં.

આ તોફાનોમાં હંમેશાં બનતું આવ્યું છે, તેમ સામ્યવાદી આગેવાનો પાછળ રહી દોરીસંચાર કરી કેટલાક અબુધ પ્રજાજનો અને મજુરોને ઉશ્કેરીને આગળ કરે છે, જેઓ લાઠીમાર કે ગોળીબારના ભોગ બની ઘાયલ થાય છે, અથવા મૃત્યુને શરણ થાય છે.

આમ કરવામાં સામ્યવાદીઓના બે મુખ્ય હેતુઓ છે. એક, મજુર વર્ગમાં અને ગરીબ વર્ગમાં સરકારને વગોવીને તેના પ્રત્યે રોષ પેદા કરવો; અને બીજું, સરકારી તત્ર ન સંભાળી શકે તેવી અવ્યવસ્થા અને અરાજકતા ઊભી કરવી; અને એવા સંજોગોમાં રાજકીય સત્તા હસ્તગત કરવી.

આની સામે સરકાર દમનનીતિનું શસ્ત્ર ઉગામે છે; અને એ રીતે સામ્યવાદીઓનો હેતુ બર આવે છે. કારણ કે એથી સરકાર પ્રજામાં અળખામણી જ બને છે. સામ્યવાદીઓ યોજિત તોફાનોને શમાવવાં હોય તો એવો હિંસક પ્રતિકાર કારગત નીવડશે નહિ. મોંઘવારીથી પીડાતા મજુરોને સંતોષવા એમની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવાની જરૂર પ્રત્યે સરકારે લક્ષ આપવું જોઇએ. હરીફ મજુર મંડળો ઉભાં કરાવીને સરકાર આ તોફાનોને નીવારી નહિ શકે. સામ્યવાદીઓને જેલમાં નાખીને પણ સરકાર આ કટોકટી ઓળંગી નહિ શકે. પરંતુ સામ્યવાદીઓ જેને હથિયાર બનાવે છે, એ વર્ગને હથિયાર બનતો અટકાવવા એ વર્ગની સ્થિતિ સરકારે સુધારવી પડશે. ફુગાવો અને મોંઘવારી અટકાવવાં પડશે, તંગીને તોડવી પડશે, અને આમજનતાને અસર કરનારા કરવેરા નાબૂદ કરવા પડશે.

બીજાં તોફાનો કોમવાદમાંથી ઉત્પન્ન થતાં રમખાણો છે. હમણાં સૌરાષ્ટ્રમાં બાંટવા અને ચીનળમાં એવા તોફાનો થઇ ગયા. તાજેતરમાં આકોલામાં ભયંકર રમખાણ થઇ ગયું. સિંધ અને પંજાબથી આવેલા નિરાશ્રિતો પોતાનાં દુઃખો માટે મુસ્લીમોને અને સરકારને દોષિત ગણે છે, અને વાતવાતમાં ઉશ્કેરાઇ જઇ તોફાનો કરી બેસે છે. પાકીસ્તાનનો સ્વીકાર, એ આઝાદી માટે કોંગ્રેસે ચૂકવેલું મૂલ્ય છે, અને દેશના હિતની દૃષ્ટિએ કોંગ્રેસે એ પગલું ભર્યું હતું—પરંતુ પાકીસ્તાનની ભાવનાનો જન્મ કોમીવાદમાંથી જ થયો છે, એટલે નિરાશ્રિતોનાં દુઃખો માટે સૌથી વધુ જવાબદાર કોમીવાદ જ છે. પરંતુ પોતાનાં દુઃખોને નિવારવા માટે નિરાશ્રિતો એ જ કોમીવાદનો આશ્રય લ્યે છે, ત્યારે તેમાં અજ્ઞાનતા અને ઉશ્કેરાટ જ મુખ્ય ભાગ ભજવે છે. પાકીસ્તાનમાંથી મોટી સંખ્યામાં આવેલા નિરાશ્રિતોને અસલ સ્થિતિમાં તાત્કાલિક મૂકી દેવાનું કામ ઘણું કઠણ છે, અને છતાં સરકાર તે માટે બનતું કરી રહી છે, એ માટે નિરાશ્રિતોએ સરકારનો આભાર માનવો જોઇએ. પરંતુ એમ કરવાને બદલે તેઓ તોફાનો દ્વારા સરકારને વધુ મુશ્કેલીમાં મૂકીને પોતાનાં દુઃખો પ્રત્યેની સરકારની તેમ જ પ્રજાની સહાનુભૂતિ ગુમાવી રહ્યા છે.

સામ્યવાદ અને કોમવાદમાંથી નીપજતાં તોફાનો વ્યવસ્થિત થવા માગતી સરકારના માર્ગમાં અવરોધ ઉભો કરે છે. અને અશાન્તિ દ્વારા દેશની શાન્તિમાં ભારે ખલેલ પહોંચાડે છે. આ પરિસ્થિતિમાં સામાન્ય પ્રજાજનોએ તટસ્થ રહીને આ મામલો જોયા કરવો, અથવા એમાં સક્રીય કે નિષ્ક્રય રસ લેવો એ કોઇ રીતે યોગ્ય નથી. સામાન્ય પ્રજાજનની પણ એ ફરજ છે કે આવાં તોફાનો યોજાતાં હોય એની જો તેમને ખબર હોય તો તેમણે સરકારને તેની બાતમી આપવી જોઇએ; આવી પ્રવૃત્તિઓને જાહેર રીતે વખોડી કાઢવી જોઇએ; મજુરો અને નિરાશ્રિતોને સાચી સ્થિતિ સમજાવવી જોઇએ; અને સરકારને એ તોફાનો દાબી દેવામાં પૂરો સાથ અને સહકાર આપવો જોઇએ.

જટુભાઈ

## સમાચાર

મુંબઇ જૈન યુવક સંઘના ઉપપ્રમુખ શ્રી શાન્તિલાલ હ. શાહ મુંબઇ સામાન્ય મતદાર વિભાગમાંથી મધ્યસ્થ બંધારણ સભાના સભ્ય તરીકે બીનહરીફ ચૂંટાઇ આવ્યા છે.

મુંબઇની એલ્ફીન્સ્ટન કોલેજના ગુજરાતીના અધ્યાપક પ્રો. બિપિનચંદ્ર ઝવેરી એમ. એ. સ્વ. સાક્ષર શ્રી રમણભાઇ નીલકંઠ ઉપર ૭૦૦ પાનાનો નિબંધ લખી પી. એચ. ડી. થયા છે.

શ્રી. જટુભાઇ મહેતાએ મુંબઇની વડા ઇલાકેદાર મેજીસ્ટ્રેટ સમક્ષ પોતાના તરફથી શરૂ થનાર માસિક 'નવયુગ'ના તંત્રી, મુદ્રક અને પ્રકાશક તરીકેનું ડેકલેરેશન નોંધાવ્યું છે.

## સ્વીકાર

'જાગૃતિ' માસિક–વણિક જ્ઞાતિનું મુખપત્ર તંત્રીઃ શ્રી તારાચંદ દાણી, ૬૩, છીપીચાલ, મુંબઇ ૨.

'વિશ્વોદ્ધારક શ્રી. મહાવીર' ભાગ ૧–૨ લેખકઃ શ્રી મફતલાલ સંઘવી; પ્રકાશકઃ સંસ્કૃતિરક્ષક સસ્તું સાહિત્ય કાર્યાલય, વડોદરા.

'બહોત ગઇ, થોડી રહી' ભાગ ૧–૨ લેખકઃ શ્રી મોતીચંદભાઇ કાપડિયા પ્રકાશકઃ ઉપર મુજબ.

'રસબોધ': સંયોજકઃ દેવશી ડુંગરશી મોમાયા. પ્રકાશકઃ ક. દ. ઓ. પ્રકાશ કાર્યાલય, મુંબઇ, ૯.

## વિદ્યાર્થિની જૈન સ્કોલરશિપ

મુંબઇ યુનિવર્સિટિની એન્ટ્રન્સ અગર તો એસ. એસ. સી. પરીક્ષામાં સર્વથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરવાની કબુલાત આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થિનીને "શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશિપ" આપવામાં આવશે. અરજી પત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળીઆ ટેંક રોડ, મુંબઇ ૨૬ ની ઓફીસેથી મળશે. અરજી પત્રક ૫ મી જુલાઇ ૧૯૪૯ સુધી સ્વીકારવામાં આવશે.

## સંઘદ્વારા વૈદ્યકીય રાહતનો પ્રબંધ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા કોઇ પણ જૈન ભાઇ કે બહેનને જરૂરી વૈદ્યકીય રાહત આપવાનો પ્રબંધ કેટલાયે સમયથી કરવામાં આવ્યો છે. આ રાહતમાં દવા, ઇંજેકશન, ડાકટરના બીલો, હોસ્પીટલનો ખર્ચ તેમ જ દર્દીને માંદગી દરમિયાન જરૂરી આર્થિક મદદ–આવી અનેક બાબતોનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ લેવા વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા સૌ કોઇ જૈન બંધુઓ તેમ જ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

રતીલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

# પાપ પોકારે ત્યારે

વણિક મહાજનની વાડીમાં નાતની સભા મળી હતી. મોટે ભાગે ઉમરલાયક ગૃહસ્થો સભામાં હાજર હતા. થોડા જુવાનો પણ હતા. સ્ત્રીઓની સદંતર ગેરહાજરી હતી.

સભા વણિકજ્ઞાતિની હતી. ગામના એક જુવાને નાત-જાતની ખાત્રી વિના પાસેના શહેરના અનાથાશ્રમની એક કન્યા સાથે લગ્ન કરવાનો ગુન્હો કર્યો હતો. આ ગુન્હા બદલ તેને નાતબહાર મૂકવાનો ઠરાવ કરવા નગરશેઠે આ સભા બોલાવી હતી. દેશમાં ગાંધી-યુગનો પ્રકાશ ફેલાયો હતો, છતાં મધ્ય સૌરાષ્ટ્રના આ ગામમાં મધ્યયુગ પ્રવર્તતો હતો, અને તેથી નાતની સભામાં હાજરી આપવાનો અધિકાર હજુ સ્ત્રીઓએ મેળવ્યો નહોતો. જુવાન વર્ગને રાજકીય સભાઓ અને સરઘસોમાં હતો તેટલો રસ જ્ઞાતિની સભાઓમાં નહોતો; એટલે બે-ચાર અપવાદો સિવાય કોઇ જુવાન આ સભામાં હાજર નહોતો.

આરોપી રતિલાલ બાવીશ વર્ષનો જુવાન હતો. તે એક બાજુ એકલો, અટુલો ચિંતાતુર ચહેરે બેઠો હતો. નગરશેઠની ધાકે એનાં કોઇ સગાંવહાલાં એની મદદમાં રહી શકયાં નહોતાં.

અર્ધી કલાકમાં તો આખી વાડી સભાજનોથી ચિકાર ભરાઇ ગઇ; પણ નગરશેઠ હજુ આવ્યા નહોતા, એટલે તેમની રાહ જોવાતી હતી. મહાશિવરાત્રીના તહેવારને કારણે બજારો બંધ હોઇને સૌ કોઇ ફુરસદ લઇને આવ્યા હતા. રતિલાલ અને તેની અનાથાશ્રમવાળી સ્ત્રી વિજયા એ બન્ને ચર્ચાના મુખ્ય પાત્રો હતાં. નગરશેઠની રાહ જોતા સભાજનો અલકમલકની વાતોના તડાકા મારી રહ્યા હતા.

* * *

મધ્ય સૌરાષ્ટ્રના ૩૫-૪૦ હજારની વસતીવાળા આ ગામમાં સુંદર ગાંધીની નાની દુકાન પ્રખ્યાત હતી. સુંદર ગાંધીની પ્રમાણિકતાની સુવાસ ગામ આખામાં પ્રસરેલી હતી જ. પરંતુ એના અવસાન પછી એના પુત્ર રતિલાલે પણ એ જ પ્રણાલિકા જાળવી રાખી ગામના માણસોનો પ્રેમ સંપાદન કર્યો હતો.

રતિલાલની મા સુંદરગાંધીના અવસાન પહેલાં બે-ત્રણ વર્ષે ગુજરી ગઇ હતી. આમ પંદર વર્ષની નાની ઉમરમાં માતા-પિતાનું છત્ર ગુમાવવા છતાં રતિલાલ નિરાશ થયો નહિ, અને અભ્યાસ છોડી પિતાની પંકાએલી દુકાન સંભાળવા એ બેસી ગયોં હતો.

એના નાના કુટુંબમાં એનાથી પાંચ વર્ષે નાની બેન પુષ્પા સિવાય બીજું કોઇ નહોતું. ઘરના આગલા ભાગમાં જ દુકાન હોઇને રતિલાલ ઘર અને ધંધો બન્ને એકલે હાથે સંભાળી શકતો હતો. નાની પુષ્પાને એ ઘરકામમાં મદદ કરતો અને પ્રમાણિકતાથી પોષણ પૂરતું કમાતો પણ હતો.

આમ ને આમ પાંચેક વર્ષ વીતી ગયાં. હવે પુષ્પાએ અભ્યાસ છોડી ઘરનું બધું સંભાળી લીધું હતું. રતિલાલ એનું વેવિશાળ કરવા વિચારી રહ્યો હતો, પરંતુ ભાઇને એકલો છોડી લગ્ન કરવા પુષ્પા ના પાડતી, અને ભાઇને માટે કન્યાની શોધ કરતી.

વેવિશાળનું કામ લાગવગ વગરના એકલા માણસ માટે કેટલું મુસ્કેલ છે, તે એ સ્થિતિમાં મૂકાયા વિના જાણવું અશકય છે. ઘરની બહાર નિશાળ સિવાય કદી જેણે કયાંય પગ પણ મૂકયો નહોતો એ પુષ્પાથી કંઇ વેવિશાળનાં કામ ઓછાં જ થઇ શકે ? અને માતા-પિતા વિનાના એક ગરીબ યુવાનને ઘેર બેઠાં કોણ કન્યા આપવા આવે ! સગાંવહાલામાં કોઇ આગળ આવીને કામ ઉકેલી આપે એવું હતું નહિ; અને હતું, તેને દરકાર હતી નહિ.

ભાઇનાં લગ્ન થયાં પહેલાં પોતાનું વેવિશાળ કરવાની પુષ્પાએ તો સાફ ના જ પાડી દીધી હતી; અને એના નિર્ણયમાં એ એટલી મક્કમ હતી કે રતિલાલને પોતાનું લગ્ન ઝડપથી કરી લેવાનો નિરધાર કરવો પડયો. તપાસ કરતાં બાજુના શહેરના અનાથાશ્રમમાંથી એક વણિક કન્યા એ શોધી શકયો.

આશ્રમના સંચાલકો સુંદર ગાંધીની પ્રતિષ્ઠાથી પરિચિત હતા જ. વળી રતિલાલ પણ ચાર-પાંચ અંગ્રેજી ભણેલો, તન્દુરસ્ત, સંસ્કારી અને કમાઉ હતો. આથી વિશેષ આશ્રમવાળાઓને શું જોઇએ ? એટલે તેમણે તો તરત જ અનાથબાળા વિજયાનાં લગ્ન આશ્રમમાં જ રતિલાલ સાથે કરી આપ્યાં.

પુષ્પાને સંતોષ થયો. વિજયા થોડું ભણેલી અને સદ્‌ગુણી છોકરી હતી. પુષ્પાને ભાભી ગમી ગઇ. ભાભીને નણંદ ગમી ગઇ. સૌ આનંદથી દિવસો ગુજારવા લાગ્યાં.

પણ આ નાના કુટુંબનો આનંદ લાંબા દિવસો સુધી ટકયો નહિ. નગરશેઠ વીરપાળની ત્રીજીવારની પત્ની એકાએક હ્રદયબંધ પડવાથી અવસાન પામી, અને વનપ્રવેશ કરી ચૂકેલા વીરપાળ શેઠને નિઃસંતાન છોડી ચાલી ગઇ. શેઠ ખાધેપીધે સુખી એટલે વૃદ્ધાવસ્થા તેને લાગી નહોતી. સંતાન નહોતું, અને ધન ઘણું હતું. લગ્નની લાલસા જાગૃત થતાં એણે ચારે તરફ નજર દોડાવવા માંડી. ઠેકાણે ઠેકાણે ગોર મહારાજ સાથે કહેણ મોકલાવ્યાં. સગાંસંબંધીઓ અને દુકાનના ગુમાસ્તાઓને પણ તેણે એ કામે લગાડી દીધા. પણ જમાનો સુધરતો જતો હતો, અને પૈસા ખર્ચવા છતાં પણ કુંવારી કન્યા મેળવવાનું પ્રૌઢ વયે મુસ્કેલ બનતું જતું હતું. એવામાં એની નજર રતિલાલની બેન પુષ્પા પર પડી.

શેઠે ગોર મહારાજને રતિલાલ પાસે મોકલ્યા; પરંતુ ગોર નિષ્ફળ થઇને પાછા ફર્યા. નાણાંની લાલચ સાથે ફરી મોકલ્યા; છતાંયે નિષ્ફળ થયા. છેલ્લે કહેવરાવ્યું: 'બે વરસથી અનાથાશ્રમની નાત-જાત વિનાની છોકરીને પરણીને બેઠો છે, તે ઉદાર મન રાખી નભાવી લીધું છે, પણ હવે શરમ નહિ રહે. પુષ્પાનું વેવિશાળ શેઠ સાથે નહિ કરે, તો નાત-બહાર મૂકાવું પડશે !' પરંતુ આ ધમકીની પણ રતિલાલ ઉપર કોઇ અસર ન થઇ.

પોતાનું અપમાન થએલું માની શેઠ રતીલાલ ઉપર બદલો લેવા તૈયાર થયા. મહાશિવરાત્રીની રજાના દિવસે રતિલાલને નાત-બહાર મૂકવા માટે એમણે નાતની સભા બોલાવી.

* * * *

સભામાં જનમેદની ઉભરાઇ ગયા પછી, બે ગૃહસ્થો ઉઠયા અને વીરપાળ શેઠને બોલાવી લાવ્યા.

શેઠના પ્રમુખસ્થાને સભાનું કામકાજ શરૂ થયું. પરનાતની કન્યા સાથે લગ્ન કરવાનો રતિલાલ ઉપરનો આરોપ રજુ થયો. રતિલાલે બચાવ કર્યો: 'કન્યા આપણી જ્ઞાતિની જ છે. આશ્રમના રજીસ્ટરમાં એની નોંધ છે.'

નગરશેઠે એક ગૃહસ્થ સામે જોયું. ગૃહસ્થ ધીમું હસ્યા અને બોલ્યા: 'આશ્રમનાં છોકરાંને વળી નાત જાત કેવી ? બાળકોની નાતજાત આશ્રમનાં રજીસ્ટરમાં ખોટી લખાય છે, એ તો સૌ જાણે જ છે; કેમ બોલતા નથી ભતુભાઇ ?'

તરત જ ભતુભાઇએ કહ્યું: 'બાળક મોટી ઉમરે સારા ઠેકાણે પડે, એટલા માટે તો બાળકને મૂકવા આવનાર ખોટી નાત જ લખાવે છે અને આશ્રમવાળાઓ જાણવા છતાં એમ લખે જ છે. બાકી આ છોકરાં મોટે ભાગે હલકી નાતનાં જ હોય છે.'

રજીસ્ટર સિવાય બીજો કોઇ પુરાવો રતિલાલ પાસે નહોતો, એટલે એ મુંગો રહ્યો. થોડીવારે નગરશેઠે ઉભા થઇને અગાઉથી ઘડી કાઢેલો જ્ઞાતિ-બહિષ્કારનો ઠરાવ વાંચ્યો, અને પૂછ્યું : 'કેમ બધા સંમત છો કે ?'

'હા. હા.'ના અવાજો વચ્ચે 'હું સંમત નથી' એમ કહેતો એક જુવાન આગળ આવ્યો. શેઠની આંખ લાલ બની. 'તમે કોણ છો? ક્યાંના છો?' એમણે ઘાંટો કાઢી પૂછ્યું.

"હું તમારી નાતનો છું. આ ગામનો જ વતની છું.' આગળ આવતાં જુવાને કહ્યું. 'ઝવેરચંદ શાહને ઓળખો ને? એનો દિકરો હું સુરેશ.'

એની મક્કમ ચાલ અને સ્વસ્થ ગંભીર ભાષા તરફ સૌ મીટ માંડી જોઇ રહ્યા. એને અટકાવવાની કોઇએ હિંમત કરી નહિ.

સભા વચ્ચે આવી એણે કહ્યું: 'રતિલાલનું વેવિશાળ થયું ત્યારે કોઇએ વાંધો લીધો નહિ. લગ્ન વખતે પણ કોઇને વાંધો નહોતો. હવે આજે બે વર્ષે આ સવાલ ક્યાંથી ઉગી નીકળ્યો, એ હું જાણવા માગું છું"

એ જરા અટક્યો. ઉત્તર ન મળ્યો એટલે એણે કહ્યું; 'બીજી વાત એ કે કન્યા પરજ્ઞાતિની છે, એમ પુરવાર કરવાની જવાબદારી ઠરાવ મૂકનારની છે. એના પુરાવા અંહી હાજર થવા જોઇએ.'

નગરશેઠે પાઘડી ઠીક કરીને કહ્યુ; 'પુરાવા રજુ કરવાનું કામ અમારૂં નથી. આ કંઇ કાયદાની અદાલત નથી. અહીં તો નાતને ગમે એમ થાય. બોલો ભાઇઓ! આ ઠરાવ સામે કોઇને વધો છે?'

'ના. ના.' ના અવાજો વચ્ચે વિરોધના બે-ચાર અવાજો દબાઇ ગયા; અને રતિલાલને જ્ઞાતિ-બહિષ્કારની સજા કરી સભા વિખરાઇ ગઇ.

* * *

નાતની સભામાં હિંમતથી બોલનાર ઝવેરચંદ શાહનો પુત્ર સુરેશ બે મહિનાથી મુંબઇ છોડી અહીં આવ્યો હતો. વતનની સેવાના એને કોડ હતાં. એમ. એ.ની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કર્યા બાદ, એને કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાવા નિમંત્રણ મળ્યું હતું; પરંતુ એ પદવીના મોહને અને કમાણીને છોડી, એ પોતાને ગામ આવ્યો હતો. ગામ બહાર હરિજનવાસની વચ્ચે તેણે નાનો સરખો આશ્રમ ઉભો કર્યો હતો.

ગુજરાતની દૃષ્ટિએ એણે પોતાના ગામના મકાનમાં એક નાનું છાપખાનું ઉભું કર્યું હતું. બે કારીગરો તેણે રોકી લીધા હતા, અને બે હરિજન છોકરાઓને તે કારીગર તરીકે તૈયાર કરતો હતો. ગામના વેપારીઓ તરફથી સહકાર મળવાની તેને પ્રથમથી જ આશા નહોતી; એટલે તે અહીં રહીને મુંબઇના જ મિત્રોનું છાપકામ કરી દેતો. આથી તે ગામના લોકો સાથે ઘર્ષણમાં આવતાં ડરતો નહિ.

નાતની સભાના બનાવ પછી તરત એણે એક નાનું સાપ્તાહિક પત્ર શરૂ કરી દીધું એમાં તેણે અસ્પૃશ્યતા નિવારણ, ખાદીની હિમાયત અને રચનાત્મક પ્રવૃત્તિ ખીલવવાનો પ્રચાર શરૂ કર્યો. બીજી બાજુથી સામાજિક રૂઢીઓ સામે પણ બંડ પોકાર્યું. નાતના આગેવાનોને પણ ચીમકી આપી.'

રતિલાલ હવે સુરેશનો મિત્ર બની ગયો હતો, અને તેના આશ્રમે જતો આવતો થયો હતો. કોઇ વાર વિજયા અને પુષ્પા પણ આશ્રમે જતાં, અને સૌ સાથે ફરવા નીકળતાં.

સુરેશ કહેતો: આ નાતજાત હવે જવા બેઠી છે. જ્ઞાતિ-સંસ્થાની ઇમારત હવે જીર્ણ થઇ ગઇ છે, સડી ગઇ છે. એ સડેલી સંસ્થા સાથે સંબંધ રાખવાનો વિચાર છોડી દેવો જોઇએ.'

'એ તો હું સમજું છું, સુરેશભાઇ!' રતિલાલે કહ્યું: 'પણ જ્યાં સુધી જ્ઞાતિઓ અસ્તિત્વમાં છે, ત્યાં સુધી એના જરૂર પડે છે. આમ તો નાતની મને કંઇ પડી નથી; પણ આ પુષ્પાનું વેવિશાળ કરવાનું હવે મુશ્કેલ બની ગયું છે. જ્ઞાતિબહાર મૂકાયા પછી હવે એનો હાથ ઝાલનાર નાતમાંથી કોઇ નીકળશે નહિ. બીજી નાતોને પણ એવાં જ બંધનો નડે છે.'

'હું તો ઇચ્છું કે પુષ્પા માટે જ્ઞાતિમાંથી જ કોઇ બળવાખોર યુવાન નીકળે તો વધુ સારૂં. અન્ય જ્ઞાતિના એવા કેટલાક જુવાન મિત્રો સાથે હું સંપર્કમાં છું; એટલે જરૂર તપાસ કરીશ. પણ જ્ઞાતિમાંથી જ કોઇ હિંમત કરે; તો આ રૂઢીપૂજકોના કિલ્લામાં જ ગાબડું પાડી શકીએ.' સુરેશે કહ્યું. 'હું તપાસ કરતો રહીશ, અને તમે પણ તપાસ કરતા રહેજો. હિંમત છોડશો નહિ.'

સુરેશના પત્રમાં અનેકવિધ સામાજિક બાબતોની ચર્ચા આવ્યા કરતી. સુરેશ પોતાના લેખોમાં જ્ઞાતિસંસ્થા સામે જબરા પ્રહારો કરતો. જ્ઞાતિનાં બંધનો તોડવા યુવાનોને આવ્હાન કરતો. એના લેખોથી સમાજમાં ભારે ખળભળાટ મચી જતો. જુવાનોના વિચારો ફેલાતા જતા હતા. જુના વિચારવાળાઓ અકળાતા જતા હતા.

કોઇ માણસે સુરેશના પત્ર માટે એક ચર્ચાપત્ર મોકલ્યું. એમાં સુરેશને ઉદ્દેશીને જ લખ્યું હતું: 'ક્રાન્તિની વાતો કરવી સહેલી છે, પણ પગલું ભરવું મુશ્કેલ છે. બીજાને ઉપદેશ આપો છો, તો જાતે જ કંઇ કરી બતાવો ને! તમે પરનાતની કે જ્ઞાતિબહાર મૂકાએલી કન્યા સાથે લગ્ન કરો, તો સાચા કહું!'

સુરેશે આ ચર્ચાપત્ર પોતાના પત્રમાં અગ્રસ્થાને છાપ્યું, અને નોંધ લખી: 'વખત આવ્યે તમે જોઇ શકશો.'

* * * *

આ દરમિયાન રતિલાલ અને સુરેશ વચ્ચેની મૈત્રી ગાઢ બનતી જતી હતી. રતિલાલ પણ ઘણો વખત આશ્રમમાં ગાળતો. સુરેશ અને પુષ્પા પણ એકબીજાંથી પરિચિત થતાં જતાં હતાં. પુષ્પાના ગુણો સુરેશના મનમાં વસી ગયા હતા.

પુષ્પા માટે સુરેશ પોતાના મિત્રો સાથે પત્રવ્યવહાર ચલાવી રહ્યો હતો; પરંતુ એમાં તેને સફળતા મળી નહિ. રતિલાલ હવે અકળાયો હતો; અને સુરેશની સમજાવટ છતાં એ સ્વસ્થ થઇ શકતો નહોતો.

બીજી બાજુથી વીરપાળ શેઠે રતિલાલના ધંધામાં પણ કેટલીક કનડગતો ઉભી કરી હતી. પોતાની લાગવગ અને શ્રીમંતાઇને જોરે રતિલાલને એ અનેક રીતે પજવતા હતા. પુષ્પાના વેવિશાળ માટે તેને અવારનવાર બહારગામ જવું પડતું, અને દુકાન બંધ રહેતી, એનો પણ લાભ લઇને શેઠ એની પ્રતિષ્ઠા તોડવાને પ્રયાસ કરતા.

રતિલાલની ચિંતાની ભાગીદાર એની પત્ની વિજયા પણ હતી. એ સમજતી કે પોતાને કારણે જ આ કુટુંબ મુશ્કેલીમાં આવી પડ્યું છે. પરંતુ સગાં-સ્નેહી કે લાગવગ વગરની અબળા મનમાં જ મુંઝાઇને બેસી રહેતી.

એક વાર રતિલાલ બહારગામ ગયો હતો, ત્યારે સુરેશ એને ઘેર આવ્યો. એણે વિજયાને કહ્યું: 'આમ રતિલાલ અવારનવાર બહારગામ જાય છે, તેથી ધંધાને નુકશાન થતું હશે. જો દુકાન ખુલ્લી રાખવી હોય તો હું આશ્રમમાંથી એકાદ ભાઇને મોકલું.'

'એ ભાઇ તો હરિજન હશેને?' વિજયાએ પૂછ્યું અને કહ્યું: 'એથી તો સ્થિતિ વધુ બગડશે, અને થોડાં ઘરાકો બાકી રહ્યાં છે, એ પણ ચાલ્યાં જશે. દુકાનની ચિંતા તમે ન કરો, સુરેશભાઇ! એ તો થઇ રહેશે. પણ પુષ્પાબેન માટે કંઇ કરો, તો એમના ચિંતા ટળે.'

'એ માટે હું ઠીક પ્રયત્નો કરી ચૂકયો છું; પણ ધાર્યા મુજબ મને સફળતા મળી નથી.' સુરેશે નિરાશ થઇને કહ્યું. 'મારૂં ચાલે તો હું રતિભાઇને કશી ચિંતા કરવા ન દઉં'

થોડી વારે આમ તેમ જોઇ વિજયાએ કહ્યું, 'સુરેશભાઇ, તમે ધારો તો આ બધી ચિંતાનો તરત અન્ત આવી જાય એમ છે.'

'હેં ? કઇ રીતે ?' ઉત્સુકદૃષ્ટિએ સુરેશે પૂછયું.

'સુરેશભાઇ ! તમે....તમે.... પુષ્પાબેન સાથે લગ્ન ન કરી શકો ?' વિજયાએ કહી દીધું.

સુરેશ ચમકયો. પુષ્પા સાથે પોતાનાં લગ્નનો વિચાર સુદ્ધાં કદી તેને આવ્યો નહોતો. એને તે દિવસનું ચર્ચાપત્ર યાદ આવ્યું. એનો પોતે લખેલો ઉત્તર પણ યાદ આવ્યો. એ જ ચર્ચાપત્ર લેખકનો બીજો પત્ર પણ ગઇ કાલે જ આવ્યો હતો, અને તેમાં એના ઇજનની યાદ આપવામાં આવી હતી. સુરેશના મનમાં વિચાર આવ્યો : 'હા. એ પત્રનો જવાબ પુષ્પા સાથે લગ્ન કરીને જ આપી શકાય. પુષ્પા જેવી પ્રેમાળ, સંસ્કારી અને બુદ્ધિશાળી છોકરી બીજે કયાં શોધવા જવી;' નિશ્ચય કરતાં એણે વિજયાને પૂછયું:

'પુષ્પાને પૂછયું છે કે ?'

'એનું દિલ જાણીને જ તમને પૂછયું છે.'

'અને રતિભાઇ ?'

'એ પણ ખુશી છે.'

વાત ચાલતી હતી, ત્યાં રતિલાલ આવી પહોંચ્યો. તેના મુખ પર નિષ્ફળતાની છાપ હતી. નિરાશ વદને એ જમીન પર બેસી પડયો.

સુરેશે તે સાંજે ત્યાં જ ભોજન લીધું. વિજયાએ રતિલાલને વાત કરી. રતિલાલ ઉત્સાહમાં આવી ગયો. ઘરનું ગમગીન વાતાવરણ દૂર થઇ ગયું. આનંદ ઉલ્લાસ પ્રસરી રહ્યાં.

સુરેશે એના પત્રમાં ચર્ચાપત્ર છાપ્યું, અને જવાબ પણ લખ્યો. 'અખાત્રીજની સાંજે આશ્રમમાં પધારશો. તમારી ઇચ્છા મુજબ થઇ રહેશે.'

ગામમાં હાહાકાર થઇ ગયો. સુરેશનાં સગાંવહાલાં પર દબાણ લાવવામાં આવ્યું. ભય દેખાડવામાં આવ્યો: 'એને પણ નાતબહાર મૂકાશે.' એના પિતાને મુંબઇ તાર કરવામાં આવ્યા.

સુરેશે એના પિતાને વિગતવાર પત્ર લખી, એની સંમતિ મેળવી લીધી, અને વિરોધીઓના વિરોધ છતાં મિત્રો, જુવાનો અને હરિજનોના સમુદાય વચ્ચે અખાત્રીજની સાંજે પુષ્પા સાથે લગ્ન કર્યાં.

વીરપાળ શેઠ તો સળગી જ ઉઠયા. એને આશા હતી કે રતિલાલ થાકીને પણ પોતાને શરણે આવશે. એણે ફરીથી એકવાર ગોર મારફત કહેવરાવ્યું હતું કે તે હજુ પણ સમજે તો શેઠની લાગવગથી ફરી નાતમાં લઇ લેશે. પરંતુ રતિલાલે નમતું આપ્યું નહિ.

અખાત્રીજને વળતે દિવસે નાતના એ જ વંડામાં નાતની સભા મળી, સુરેશને અને તેના આખા કુટુંબને નાતબહાર મૂકવાનો નિર્ણય કરવા માટે. આજે પણ વંડો ચિકાર ભરાઇ ગયો હતો. પરંતુ જુવાનો સારી સંખ્યામાં સભામાં હાજર થયા હતા. દસ-બાર છોકરીઓ પણ પહેલી જ વાર નાતની સભામાં આવી હતી. નગરશેઠ આવ્યા, અને આ બધું જોઇને ધુંવાપુંવા થઇ રહ્યા.

સુરેશ, રતિલાલ અને આશ્રમના બીજા વણિક મિત્રો પણ સભામાં આવ્યા હતા, અને સૌથી આગળ નગરશેઠની સામે જ બેઠા હતા. સભામાં શાન્તિ હતી; પણ બન્ને પક્ષે ગરમી જણાતી હતી. વાતાવરણ ધુંધવાએલું હતું.

નગરશેઠે ઉભા થઇ ઠરાવ વાંચ્યો: 'જ્ઞાતિબહાર થએલા રતિલાલના કુટુંબ સાથે લગ્ન સંબંધ કરવા માટે સુરેશચંદ્ર તથા તેના કુટુંબને નાતબહાર મૂકવામાં આવે છે.'

નગરશેઠ ઠરાવ વાંચી રહે તે પહેલાં જુવાનોએ પોકારો કર્યા. 'નામંજૂર ! નામંજૂર !'

ધીમેથી સુરેશ ઉભો થયો અને શાન્ત ગંભીર મુદ્રાથી તેણે બોલવાનું શરૂ કર્યું:

'પ્રથમ મારા જુવાન મિત્રોને મારે કહેવાનું છે કે હું પોતે જ્ઞાતિમાં રહેવાને ઇચ્છતો જ નથી. એટલે હું નાતમાં હોઉં, કે નાતબહાર હોઉં એની કોઇ ચિંતા નથી. માટે તમારે એ બાબતમાં વિરોધ ન કરવો. જ્ઞાતિબહાર રહેવામાં હું ગૌરવ સમજું છું.'

થોડીવાર રહી, નગરશેઠ સામે જોઇ તેણે કહ્યું : "જે લગ્ન મેં સ્વતંત્રપણે અને સ્વેચ્છાએ કર્યું છે, તેની જવાબદારી મારી એકલાની છે. અને તેથી મારા કુટુંબને તમે નાતબહાર કરી શકતા નથી. એમ છતાં તમે એવો ઠરાવ કરશો, તો હું મારા કુટુંબીઓને તમારી સામે અદાલતે જવાની સલાહ આપીશ.'

જુનવાણીઓમાં થોડો ઘોંઘાટ થયો. 'નાતબહાર ! નાત બહાર !'ના થોડા અવાજો આવ્યા. સામે યુવાનોએ 'નામંજૂર ! નામંજૂર !' ના પોકારો કર્યા. સૌને શાન્ત કરી સુરેશે કહ્યું.

'પરંતુ હું અહીંથી એક ઠરાવ રજુ કરવા માગું છું, કે તમે સૌએ ભાઇ રતિલાલને નાતબહાર મૂકવાનું જે પગલું ભરેલું છે, તે આજની સભાએ રદ કરવું.'

'એ નહિ બને !' થોડા અવાજો સંભળાયા.

'એનાં કારણો તમે જાણશો, ત્યારે તમે જ મારા ઠરાવને ટેકો આપશો. આજે થોડી ચમકાવનારી હકીકતો હું તમારી સમક્ષ રજુ કરવા માગું છું.' કહીને સુરેશે નગરશેઠ સામે વેધક દૃષ્ટિ ફેંકી. શેઠ ચમકયા.

'ભાઇ રતિલાલે જે બહેન સાથે લગ્ન કરેલું, એની નાત વિષે તમને અંદેશો હતો, ખરૂં ને ? હું તમારી પાસે દસ્તાવેજી પુરાવા લઇને આવ્યો છું, અને તે ઉપરથી કહી શકું છું કે એ બહેન આ નાતની જ દીકરી છે. એના પિતા અહીં જ તમારી સામે બેઠેલા છે. બોલો નગરશેઠ ! પુરાવાઓ જોઇએ છે ?' કહીને સુરેશે થેલીમાંથી એક મોટું કવર કાઢયું.

શેઠ કંઇ જવાબ આપી શકયા નહિ. સત્તરવર્ષ પહેલાંનો બનાવ તેની આંખ સામે ખડો થયો. પોતાના પાપને ઢાંકવા પોતાના બાળ સંતાનને એણે અનાથાશ્રમમાં મોકલ્યું હતું. એ રાત યાદ આવી. કન્યાની માતાએ અનાથાશ્રમના મંત્રીને લખી આપેલું નિવેદન તેમના અનેક પ્રયાસો છતાં રદ થઇ શકયું નહોતું, એનો પણ તેમને ખ્યાલ આવ્યો. એ સફાળા ઉભા થયા. છુટી ગએલી કાછડીને હાથમાં પકડી, ખેંચાએલા ખેસને નીચે પડવા દઇને, એ વંડાને પાછલે બારણેથી રવાના થઇ ગયા !

તર્કવિતર્કો, ચર્ચા અને ઘોંઘાટ સાથે સભા વિખરાઇ ગઇ.

છ-સાત દિવસ સુધી શેઠ ઘરબહાર નીકળતા કોઇના જોવામાં આવ્યા નહિ. પરન્તુ આઠમે દિવસે મુંબઇ-અમદાવાદના છાપામાં સમાચાર પ્રગટ થઇ રહ્યા :

'શ્રી વીરપાળ શેઠ ધંધાના વિકાસાર્થે યુરોપ જઇ રહ્યા છે.'

'અવિનાશ'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૬

મુંબઈ : ૧૫ જુલાઇ ૧૯૪૯ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## "ભગવાન મહાવીરનો જ ધર્મ વિશ્વરક્ષા કરી શકશે"

[ ઇંદોર ખાતે શ્રી મહાવીરજયંતિ પ્રસંગે કાકાસાહેબ કાલેલકરે આપેલ પ્રવચનનો સારભાગ મનનીય હોઇ અહીં પ્રગટ કરવામાં આવે છે. તંત્રી ]

જ્યારે જ્યારે હું ભગવંત મહાવીર કે તેમના જૈન-ધર્મની પ્રશંસા કરૂં છું ત્યારે લોકો મને પૂછે છે કે તમો તો બ્રાહ્મણ છો, અને જૈન-ધર્મની પ્રશંસા કેમ કરો છો? હું ફક્ત તેઓને એટલો જ ઉપદેશ આપું છું કે-મહાવીરમાં આસ્તિકતાની પરાકાષ્ટા હતી. વેદ એમ કહે છે કે-વેદને જે ન માને તે નાસ્તિક, પણ મને ખાત્રી થઇ છે કે વેદ તો ગ્રંથ છે; શાસ્ત્ર નહીં. કોઇ પણ પ્રશ્નમાં હું શાસ્ત્રને પ્રમાણભૂત માનું છું, ગ્રંથને નહીં. માન્યતાના પ્રશ્ન કરતાં પણ આચરણનો સવાલ મહત્વનો છે. હું તો એવી વ્યાખ્યા કરૂં છું, કે જે કોઇ પોતામાં વિશ્વાસ રાખે અને આત્મપ્રેરણા પ્રમાણે કાર્ય કરે તે આસ્તિક અને ન કરે તે નાસ્તિક.

હું ભગવાન મહાવીરને પરમ આસ્તિક માનું છું. શ્રી મહાવીરે ફક્ત માનવજાતિ માટે નહીં, પરંતુ સમસ્ત પ્રાણીગણના વિકાસ માટે અહિંસાનો પ્રચાર કર્યો અને તેનો આરંભ પણ ક્રમશઃ કર્યો. પોતાની જાતથી શરૂ કરી, કુટુંબ, જ્ઞાતિ, સમાજ, રાષ્ટ્ર ને પછી સમસ્ત વિશ્વ પર તેની છાયા પડી. તેમના હૃદયમાં પ્રાણીગણના કલ્યાણની કામના સદૈવ જવલંત હતી, અને તેથીજ વિશ્વકલ્યાણનો રાહ સ્વીકારી શકયા.

ભગવંત મહાવીર એવા જમાનામાં જન્મ્યા હતા કે જ્યારે માનવી માનવીના લોહીનો તરસ્યો હતો. ભગવંતે અહિંસાનો જે ઉચ્ચ આદર્શ જનતા સમક્ષ રાખ્યો તે ફક્ત યુગને માટે જ નહિ, પરંતુ યુગ-યુગને માટે જ હતો. તેઓ ભવિષ્યકાળના દ્રષ્ટા હતા, અને તેથી જ જાણી શકયા હતા કે હજારો વર્ષો સુધી અહિંસાની શી અસર થશે; અને હું ખાત્રીપૂર્વક કહી શકું કે-તેમના અહિંસાના સિધ્ધાંતથી જ વિશ્વનું કલ્યાણ તથા શાંતિ સધાશે.

તેમણે પ્રચાર કર્યો કે-અહિંસા તો માનવ-સ્વભાવમાં વણાયેલી છે. અહિંસાને સિદ્ધ કરવાને માટે સાચો રસ્તો તપશ્ચર્યાનો છે અને જે તેઓએ સ્વીકાર્યો હતો.

દરેક ધર્મ-પ્રરૂપકોએ અહિંસા અને તપને પ્રધાન પદ આપ્યું છે. મનને જીતવું, વાસનાનો ત્યાગ કરવો, લોભ, કામ ક્રોધાદિ શત્રુઓ પર વિજય કરવો તે તપ છે. ભગવંત મહાવીર જાણતા હતા કે મનુષ્ય અલ્પજ્ઞ તેમ જ શક્તિમાન છે, એટલે તેમણે અહિંસા તથા તપને માટે સીડી બનાવી. તે માટે વ્યવહારધર્મ દર્શાવ્યો. પરંતુ આપણે મૂળ વસ્તુને બાજુએ મૂકી, ગૌણ વસ્તુ પકડી લીધી. ભગવંત મહાવીરના અનુયાયી આજે " બેંક બેલેન્સ " વધારવા માટે રક્ત રેડી રહ્યા છે. અમેરિકામાં " કવેકર્સ " સૌથી દયાળુ અને શ્રધ્ધાળુ કહેવાય છે, પરંતુ આશ્ચર્યભરી વાત એ છે કે અમેરિકામાં સૌથી ધનવાન તે જ લોકો છે. અહિંસાધર્મી બનીને શોષણદ્વારા હિંસા કરવી એ ભગવંત મહાવીરના આદર્શ અનુયાયીને કદી શોભતુ નથી.

આવા ધનિક લોકો જણાવે છે કે ખૂબ કમાઓ અને પછી દાન આપીને ધર્મ પણ કરો. પરંતુ આ પધ્ધતિ ભૂલભરેલી છે. દાન તો અપરિગ્રહી બનવાનો, મોહ છોડવાનો રસ્તો શિખવાડે છે. પરની લક્ષ્મી વિશેષ લૂંટીને થોડું દાન કરવાથી હેતુ સરતો નથી.

પરંતુ હવે ગરીબોનો ભગવાન જાગ્રત થયો છે. હવે તે કોઇને પણ ધનિક નહિ થવા દે. બુધ્ધિમાન અંગ્રેજ લોકો ચેતી ગયા અને તેણે પોતાનું શિર સલામત રાખ્યું. હવે મૂડીવાદીઓનો વારો ચાલ્યો આવે છે. તેઓએ પોતે સલામત રહેવું હોય તો શોષણદ્વારા થતી હિંસાનો ત્યાગ કર્યે જ છૂટકો છે. દરેક માનવે એમ માનવું જોઇએ કે સૌના કલ્યાણમાં મારૂં કલ્યાણ છે અને માનવ સમાજ એક છે.

હું તમને ધન નહિ કમાવાની વાત નથી કરતો, પણ હૃદય પરિવર્તન કરવાનું કહું છું. અમેરિકા, ચીન, ઇંગ્લાંડ, ભારત વિગેરેના લોકો મારા ભાઇઓ છે એમ સમજાય તો કદી વિશ્વયુદ્ધ થાય ખરૂં?

જૈન સમાજ સંબંધી આશ્ચર્ય તો મને એ વાતનું થાય છે, કે અનેકાંતદૃષ્ટિવાળા આ સમાજમાં આટલા બધા વિખવાદ કેમ? સમતાભાવ તો ભગવંત મહાવીરના ધર્મનું મૂળિયું છે. જો ભેદ-પંથ-વાડા ભુલાઇ જશે તો ભગવાનનો ધર્મ જોરશોરથી પ્રસારી શકાશે. ક્ષમાદૃષ્ટિ રાખીને દુનિયાને જોતાં શીખો. ક્ષમા, સંયમ, તપ અને સત્ય એ અહિંસાના પાયા છે, તેના વગર અહિંસક નહીં થવાય.

શ્રમ કર્યા વગર આપણે અહિંસક નહી રહી શકીએ. જીવન સંબંધી જેટલા આરંભો-સમારંભો છે, તે બધા કરવા જોઇએ. પરંતુ તેમાં બીજાના શોષણ પર આપણે નભશું તો તે હિંસા કહેવાશે. અહિંસાની સાધના ઘણી જ કઠિન છે. એક તરફ પૌદ્ગલિક ભાવ ખેંચતાણ કરે છે તો બીજી બાજુ આત્મા સચેત બને છે. શરીર પહેલાં પોતાનો વિચાર કરે છે, અને આત્મા ઉત્કર્ષનો વિચાર કરે છે. બીજાનું હીત હૈયે ધરવાથી આત્મા ધાર્મિક-શ્રદ્ધાળુ બની જાય છે.

ભૂખ લાગે ત્યારે ખાવું તે તો સ્વાભાવિક છે, પરન્તુ પોતાને ભૂખ લાગે ત્યારે બીજો કોઇ ભૂખ્યો તો નથી રહી જતો ને, તે વિચારવું તેનું નામ ધર્મ. જડ અને ચેતન વચ્ચે જે સંબંધ હરહંમેશ ચાલ્યા કરે છે, તેમાં આત્માને વિજયી બનાવવો તેનું નામ તપ-ત્યાગ અને અહિંસા સમજવી.

જૈન ધર્મમાં સ્પર્શાસ્પર્શ કે વર્ણભેદ નથી. આ કલંક તો હિન્દુ

# સેવાની સૌરભ પ્રસરાવતું મરોલીનું માનસ–ચિકિત્સાલય

પૂજ્ય કસ્તુરબાના મંગલ હસ્તે શરૂ થયેલ મરોલી સ્ટેશન સામેનું કસ્તુરબા સેવાશ્રમ ૧૯ વર્ષથી અનેક વિધ પ્રવૃત્તિઓથી મધમધી રહ્યું છે. ત્રીશની અસહકારની લડત સમયે બહેનોની તાલીમ માટે શરૂ થયેલું કેન્દ્ર રાનીપરજ કન્યા વિદ્યાલય, વણાટશાળા, આરોગ્ય ભુવન, દવાખાનું અને માનસ–ચિકિત્સાલય જેવાં સેવા-કાર્યનું કેન્દ્ર થઇ પડયું છે.

સુપ્રસિધ્ધ પીટીટ કુટુંબના સૌમ્યમૂર્તિ શ્રી મીઠુબહેન પીટીટ આ બધી પ્રવૃત્તિઓના આત્મા છે. શ્રી કલ્યાણભાઇ તેના પ્રાણ છે. ડૉ. ઇશ્વરલાલ દેસાઇ તથા ડૉ. ઠાકોરભાઇ રાણા એ સેવા-કાર્યના મુખ્ય કાર્યકરો છે.

પૂજ્ય કસ્તુરબાને આ સેવાશ્રમ માટે ભારે આકર્ષણ હતું. બાના મંગળ આશીર્વાદથી એ દિન પ્રતિદિન વિકસી રહ્યું છે.

પૂજ્ય બાપુ, સરદાર પટેલ, અને શ્રી ભૂલાભાઇ દેશાઇ જેવા આપણા રાષ્ટ્રવિધાયકોના આ સંસ્થાને આશીર્વાદ મળ્યા છે.

મરોલી આશ્રમનું વાતાવરણ એવું મનોરમ્ય છે, આશ્રમની હવામાં એવી તાજગી છે, આશ્રમના પાણીમાં એવી શકિત છે અને શ્રી મીઠુંબહેન પીટીટની મીઠાશ એવી મ્હેકી રહી છે કે રડતા દર્દીઓ અને પરેશાન થતા તેના સંબંધીઓ શાંતિ પામીને જાય છે અને અનેક પ્રેમભરી લાગણીઓ અનુભવતા જાય છે.

શ્રી મીઠુબહેન માને છે કે પૂજ્ય કસ્તુરબા ના આ સંસ્થાને એવા હાર્દિક આશીર્વાદ મળ્યા છે કે આશ્રમની બધી પ્રવૃત્તિઓ ચંદ્રની કળાની જેમ વૃદ્ધિ પામતી જાય છે. બીમારી તો બધી દુઃખદાયક ગણાય છે. ટાઇફોઇડ અને ક્ષય જેવાં દર્દો, બિમાર અને તેના સંબંધીઓને હેરાન કરી મુકે છે પણ માન-સિક અસ્થિરતા–ગાંડપણુની બિમારી તો બન્નેને માટે અત્યંત હૃદયદ્રાવક હોય છે. સંબંધીઓ અને મિત્રો ઉપરાંત પાડોશીઓ અને રસ્તે જનારના હૃદયને પણ હલાવી મૂકે છે.

હિંદ ભરમાં માનસિક ચિકિત્સા માટે સારાં એવાં હોસ્પીટલો છે. રાંચી–પૂના વગેરે તેમાં સુપ્રસિધ્ધ ગણાય છે, પણ મરોલીનું આ ચિકિત્સાલય ગુજરાતનું ગૌરવ ગણાય છે.

આ આશ્રમમાં છેલ્લી શોધખોળો મુજબની ઇંગ્લેંડ અને અમેરિકામાં થતી ઇન્સુલીનશોક, ઇલેકટ્રીક કનવલસન થેરાપી તેમજ ઇલેકટ્રો–નારકોસીસ વગેરે અપાય છે.

એટલા માટે નહિ કે ત્યાં અદ્યતન સાધનો છે અને સેવા-ભાવી ડોકટરો છે કે અસ્થિર મગજના દર્દીઓ માટે જુદા જુદા પ્રયોગો માટે સાધનો છે. મરોલીમાં હજી અદ્યતન સાધનો આવી રહ્યાં છે. બીજા પ્રયોગો માટે જગ્યા નથી પણ અત્યંત સેવાભાવી ડોકટરોની કાળજીભરી સંભાળ ઉપરાંત ખાસ વિશેષતા એ છે કે અસ્થિર મગજના દર્દી માટે તેના કુટુંબીજનોને સાથે રહેવાની સગવડ આ આશ્રમમાં છે એવી બીજી કોઇ જગ્યાએ નથી.

બીજી હોસ્પીટલોમાં દર્દીને મુકયા પછી દર્દી વિષે, તેની માવજત માટે કે દર્દીને થતી અસર માટે કે દર્દીના ખોરાક માટે કે તેની સારવાર વગેરે માટે તેના કુટુંબીઓને રહેવાની સગવડ નથી. અહીં આવા મગજના માણસ સાથે તેના કુટુંબીને રહેવાનું આરોગ્ય ભુવન છે અને તે ખરેખર આ સંસ્થાની વિશિષ્ટતા છે.

આરોગ્ય ભુવનમાં રહેવાની સગવડ ઉપરાંત વાસણો, અનાજ માટે સાધનો, ગાદલાં, પલંગ તેમ જ બીજી જરૂરી વસ્તુઓ માટે વ્યવસ્થા છે.

શ્રીમંત કે ગરીબ બન્નેને અહીં અનુકૂળ સગવડ મળે છે અને ખર્ચમાં પણ સાધારણ સ્થિતિના માણસ માટે ઘણી રાહત આપવામાં આવે છે.

મરોલીમાં આસપાસના અને મુંબઇ ઇલાકાના રોગીઓ આવે છે. રૂમોના અભાવે જેઓને રહેવાની સગવડ મળી શકતી નથી તેવાઓ એકા–ગાડીઓ વગેરેમાં આવે છે. ટ્રીટમેન્ટ લઇને તોફાની જણાતાં રોગીઓ શાંત થઇ ચાલ્યા જાય છે.

આ વર્ષે વડોદરા સરકારના માનનીય વડા પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ આ આશ્રમની મુલાકાત લઇ પોતાનો સંતોષ વ્યકત કરી દર્દીઓને રહેવાની મુશ્કેલીની અગવડતા જોઇ રૂ. ૧૫૦૦૦) હોસ્પીટલના બાંધકામ માટે, રૂ. ૧૫૦૦૦) હોસ્પીટલ અને દવાખાના માટે તથા રૂ. ૧૫૦૦૦) આશ્રમની બીજી પ્રવૃત્તિઓ માટે મંજુર કર્યા છે. તે સિવાય બીજા દાતાઓએ રૂમોની આવશ્યકતા જોઇ રૂ. ૨૫૦૦૦) નિવાસના બાંધકામ માટે આપ્યા છે. નિવાસોનું બાંધકામ શરૂ થઇ ગયું છે. આશ્રમને હજી નિવાસો માટે તથા અદ્યતન સાધનો માટે પૈસાની ખાસ જરૂર છે.

આવા જનતાઉપયોગી કેન્દ્રસ્થાનને તો સરકારે વીજળી-ઘર–અદ્યતન સાધનો અને નિવાસગૃહો માટે જરૂરી મદદ આપવી જોઇએ.

માનસિક અસ્થિરતાથી પીડાતા રોગીઓના વાલીને આ આશ્રમની માહિતિ ઘણી ઉપયોગી થઇ પડશે તે ઉદ્દેશથી પ્રેરાઇને આ લેખ લખવામાં આવ્યો છે.

મારા થોડા વસવાટ દરમ્યાન પણ સ્ત્રી પુરૂષો–જુવાનોને તદ્દન સાજા સારા થતાં મેં જોયા છે:

આ સંસ્થાના મુખ્ય સંચાલક શ્રી મીઠુબહેન પીટીટ–શ્રી કસ્તુરબા સેવાશ્રમ–મરોલી (નવસારી–બી. બી. સી. આઇ) ને લખવાથી સંસ્થાની વિશેષ માહીતી મળી શકશે.

નિવાસગૃહોની સંખ્યા ઓછી હોવાથી પહેલેથી રજા મેળવીને જવું હિતકારક છે.

દાનવીરોને આ અત્યંત ઉપયોગી સંસ્થાને પોતાના દાનના ઝરણામાંથી ફુલ–પાંખડી આપવા લેખકની અભ્યર્થના છે.

ફુલચંદ હરિચંદ દોશી

## સંઘદ્વારા વૈદ્યકીય રાહતનો પ્રબંધ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા કોઇ પણ જૈન ભાઇ કે બહેનને જરૂરી વૈદ્યકીય રાહત આપવાનો પ્રબંધ કેટલાયે સમયથી કરવામાં આવ્યો છે આ રાહતમાં દવા, ઇન્જેકશન, ડોકટરોના બીલો, હોસ્પીટલોનો ખર્ચ તેમ જ દર્દીને માંદગી દરમિયાન જરૂરી આર્થિક મદદ–આવી અનેક બાબ-તોનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ લેવા વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા મુંબઇ તેમજ પરાંઓમાં વસતા સૌ કોઇ જૈન બંધુઓ તેમ જ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

રતીલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

---

ધર્મમાં છે. જૈનોએ આ વાતથી દૂર રહેવું જોઇએ, અને ભગવાન મહાવીરનો ધર્મ પણ તે જ કહે છે.

આજની પરિસ્થિતિનો વિચાર કરીએ તો દરેક રાષ્ટ્ર યુદ્ધથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે, છતાં યુદ્ધસાગ્રી વિપુલ પ્રમાણમાં તૈયાર કરે છે, તો આજની માનવતાને યુદ્ધ–દાવાનળથી બચાવવાનો એક માત્ર ઉપાય ભગવંત મહાવીરની અહિંસાનો જ છે.

આ સુપ્રયત્નનો વિશેષ ભાર ભગવંત મહાવીરના સાચા અનુયાયીઓ પર છે. અને મને ખાત્રી છે કે જૈન સમાજ ભગ-વંત મહાવીરના ધર્મને માનવતાનો ધર્મ, વિશ્વબંધુત્વનો આદર્શ બતાવી વિશ્વકલ્યાણ કરવાને શક્તિમાન થશે.

# કેટલાક સમાચાર અને નોંધ

## વર્ષાનાં વધામણાં

મહાગુજરાતનાં દુષ્કાળસંતપ્ત માનવીઓ અને પશુઓનાં શુષ્ક જીવનમાં પ્રાણ પૂરવા, ઠીક ઠીક રાહ જોવરાવ્યા પછી, મેઘરાજાનું આગમન થઇ ગયું છે; અને સૌ કોઇનાં ઉદ્વિગ્ન દિલમાં શાન્તિએ પ્રવેશ કર્યો છે. મહાગુજરાતે આ દુષ્કાળમાં પશુધન સારી રીતે ગુમાવ્યું છે, અને ખેતી તથા દૂધની ઉત્પત્તિ ઉપર તેની અસર પડવાની છે. આમ છતાં આ દુષ્કાળમાં મનુષ્યોની ખુવારી નથી થઇ, અને રવિશંકર મહારાજ, સંતબાલજી, ઇન્દુલાલ યાજ્ઞિક વગેરે સેવાભાવી કાર્યકરોની જહેમતથી આપણે દુષ્કાળને પાર ઉતારી, વર્ષાનાં વધામણાં કરવા ભાગ્યશાળી થયા છીએ.

સામાન્ય રીતે ઉનાળાની ગરમી પછી જ્યારે ચોમાસું બેસે છે ત્યારે વાતાવરણ ઠંડું બને છે, અને માણસો તેમ જ પશુઓને આનંદ થાય છે. પરંતુ આ સાલ તો આપણે ભયંકર દુષ્કાળમાંથી પસાર થયા છીએ ત્યારે વર્ષાનું આગમન વધુ હર્ષ પેદા કરે છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતના લગભગ બધા ભાગમાંથી વરસાદના સમાચારો આવી ગયા છે, અને મુંબઇમાં પણ એના સ્વભાવ મુજબ વર્ષાએ રેલમછેલ મચાવી દીધી છે.

વર્ષાઋતુમાં સામાન્ય રીતે ધંધાદારી વર્ગને ઠીક નિવૃત્તિ હોય છે. આ નિવૃત્તિનો ઉપયોગ જો જનસેવાની પ્રવૃત્તિઓમાં તથા પોતાના માનસિક, બૌદ્ધિક અને આત્મિક વિકાસ અર્થે કરવામાં આવે, તો સ્વપરનું કલ્યાણ થઇ શકે. જીંદગી કેવળ પેટ ભરવા માટે નથી. કાગડા-કુતરાં પણ પોતાનું પેટ તો ભરે જ છે. એટલે જો માનવી પોતાનો વિકાસ સાધે નહિ કે પારકાંની સેવા કરે નહિ, તો એનામાં ને પશુમાં શો ફેર? જેને સદ્‌ભાગ્યે તંદુરસ્ત મન, શરીર, બુદ્ધિ અને સમજણ પ્રાપ્ત થયાં છે, તે તેનો ઉપયોગ પરાર્થે ન કરે અને કેવળ માયાતૃષ્ણામાં જ ડૂબી રહે, તો એનું જીવન એળે ગયું ગણાય. કુટુંબનું પોષણ કરવું એ આપણી ફરજ છે ખરી, પરંતુ કુટુંબનાં દરેક જણને પોતાનાં સારાં નરસાં કર્મો હોય જ છે; અને તે પ્રમાણે તેને મળી રહે છે, માણસ તો માત્ર નિમિત્ત જ છે. આથી સમજુ માણસો જે કંઇ નિવૃત્તિ મળી શકે તેનો ઉપયોગ પરહિતાર્થે કરે છે. આ રીતે સૌ કોઇ ચાતુર્માસનો સદુપયોગ કરે એમ ઇચ્છીએ.

સાધુ સાધ્વીઓ ચાતુર્માસમાં એક જ સ્થાને સ્થિર હોય છે; તેથી જ્યાં તેમનું ચાતુર્માસ હોય ત્યાં ચાર માસના લાંબા ગાળામાં તેઓ ઘણું લોકકલ્યાણ કરી શકે. જે ગામ કે શહેરમાં તેમનો વાસ હોય તે ગામ કે શહેરનાં સ્ત્રી-પુરૂષોમાં જે દોષ હોય, જે કંઇ સ્થાનિક કલેશ કંકાસ હોય, તેમ જ દીનદુઃખીઆંની જે કંઇ મુસીબતો હોય તે ટાળવાનો પ્રયાસ કરે; અને ગામ-શહેરનું વાતાવરણ શુદ્ધ અને તંદુરસ્ત બને તે માટે ઘટતું કરે. આપણા સાધુસંતોનો સામાન્ય માનવી પર જે કંઇ પ્રભાવ પડે છે, અથવા માનવીને જે કંઇ શ્રદ્ધા અને માન સાધુ સંતો પર રહ્યાં છે, તેનો ઉપયોગ કરીને સાધુ સંતો જનતાને ઠીક દોરવણી આપી શકે.

કેટલાક સાધુઓમાં પોતાનામાં પણ અમુક જાતના દોષ રહેલા હોય છે, જેને પરિણામે સાધુ સાધુમાં તેમ જ તેમના અનુયાયી વર્ગમાં દ્વેષ. કલેશ વગેરે વ્યાપી ગયાં છે. આવા સાધુઓ શાન્ત ચિત્તે આત્મનિરીક્ષણ કરીને પોતાના જ દોષો જો ટાળશે, તો યે તેમણે સમાજ પર મોટો ઉપકાર કર્યો છે એમ ગણીશું. કારણ કે તેમના કલેશની અસર જનતા ઉપર પણ થાય છે.

આ રીતે મનુષ્યો ચાતુર્માસ દરમિયાન કંઇ કાર્ય કરશે, તો તેમનું જીવન સાર્થક થયું ગણાશે.

## લગ્ન માટેનું વર્તુળ

મુંબઇના કેટલાક ઉત્સાહી જુવાનોએ હમણાં સૌરાષ્ટ્ર જૈન ઐક્ય સંઘની સ્થાપના કરીને, સૌરાષ્ટ્રના દશાશ્રીમાળી તથા વિશાશ્રીમાળી જૈનોની એકતા માટે પ્રવૃત્તિ શરૂ કરી છે. તેમનો હેતુ મુખ્યત્વે દશા-વિશામાં આંતર્લગ્નો થઇ શકે તે માટે એકતા કરવાનો છે. તેમની પ્રવૃત્તિઓનો આરંભ તો તેઓએ ઠીક ઉત્સાહથી કર્યો છે.

ગયા રવિવારે તેમણે મુંબઇમાં દશાવિશા જૈનોની એક જાહેર સભા શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખસ્થાને ભરી હતી, જેમાં શ્રી. પરમાનંદ કાપડીયા, શ્રી. ચુનીલાલ કામદાર, શ્રીમતી લીલાવતીબેન કામદાર, શ્રી. ખીમચંદ વોરા, અને શ્રી. ટી. જી. શાહે પ્રવચનો કર્યાં હતાં.

મારી પોતાની દૃષ્ટિએ એકતાનું કહેવાતું આ કાર્ય બહુ મહત્ત્વનું નથી. આજે જ્યારે ગાંધીયુગના વાતાવરણમાંથી દેશ પસાર થઇ રહ્યો છે ત્યારે જ્ઞાતિઓની મહત્તા તૂટતી જાય છે; અને જ્ઞાતિબહિષ્કાર પ્રતિબંધક કાયદો પસાર થયા પછી તો લગ્નાદિ વ્યવહારમાં કોઇને કશી રૂકાવટ થવાનું કારણ નથી. જ્ઞાતિ સંસ્થાઓનો કશો ખાસ ઉપયોગ હવે રહ્યો નથી, અને એ તૂટી જાય એમાં રાષ્ટ્રનું હિત પણ છે.

આમ છતાં સામાન્ય માણસ હિંમત કે અન્યના સહકારના અભાવે કોઇ પ્રગતિશીલ પગલું ભરી ન શકે એમ હોય તેવા માટે આવી સંસ્થાની જરૂરીયાત છે. અને તેટલે અંશે આ સંસ્થાના ઉદ્‌ભવને મેં આ સભામાં આવકાર આપ્યો હતો. પરંતુ જૈનોની એકતા સાધવા સાથે દશા વિશા જૈનો અને વૈશ્નવાદિ હિંદુઓ વચ્ચે જે લગ્નવ્યવહાર હાલ સૌરાષ્ટ્રમાં પ્રવર્તે છે તે ચાલુ રહેવો જોઇએ તેમ જ સૌરાષ્ટ્ર સાથે ગુજરાતના જૈનોને પણ સામેલ કરવા જોઇએ એવું જે દૃષ્ટિબિંદુ મેં તે સભામાં રજુ કરેલું, તે ન ભૂલવા હું આ સંસ્થાના કાર્યકરોને વિનંતિ કરૂં છું.

શ્રી. પરમાનંદભાઇએ પણ પોતાના વ્યાખ્યાનમાં આ જાતની એકતા સામે લાલબત્તી ધરીને જણાવ્યું હતું કે આપણે એકતાની વાત કરીએ છીએ ત્યારે આપણા અંતરના ઉંડાણમાં કોઇ નવું વર્તુળ કે નવો વાડો આપણે રચવા માગતા નથી અથવા રચાઇ જતો નથી એ તપાસી જોવું જોઇએ. વળી જૈનોમાંના કેટલાક પોતાને હિંદુ સમાજથી સ્વતંત્ર હોવાનો જે પ્રચાર કરી રહ્યા છે તેમાં પણ સંકુચિતપણું હોવાનું તેમણે દર્શાવ્યું હતું. શ્રી. ચુનીલાલ કામદાર અને લીલાવતીબેને પણ ઝડપથી આગળ ધપતા આ યુગમાં આંતર્જાતીય અને આંતર્પ્રાંતીય લગ્નો થવા લાગ્યાં છે ત્યારે દશા-વિશાની એકતાની પ્રવૃત્તિ ઘણી મોડી હોવાનું જણાવ્યું હતું.

આમ છતાં હજુ લોકો નાત કે ગોળ છોડીને લગ્ન વ્યવહાર કરવાની હિંમત કરતા ન હોઇને આ નાનું ગણાતું પગલું પણ મોટું હોવાનું અને તે માટે પણ ઘણો પ્રયાસ જરૂરી હોવાનું શ્રી. ખીમચંદભાઇ વોરાએ જણાવ્યું હતું. શ્રી. ટી. જી. શાહે જુવાનોને વ્યસનના ગુલામ ન બનવા અપીલ કરી હતી.

પ્રમુખ સ્થાનેથી પ્રવચન કરતાં શ્રી. ચીમનભાઇએ જણાવ્યું કે લગ્ન માટે વ્યક્તિને પૂરી સ્વતંત્રતા હોવી જોઇએ અને તેમાં નાતજાતના કશા ભેદ વચ્ચે આવવા ન જોઇએ. આમ છતાં આ ન્હાનકડા પ્રયાસ પ્રત્યે તેમણે સહકારનો હાથ લંબાવ્યો હતો.

આ સંસ્થાના સંચાલકોએ પોતાના વિચારોથી કંઇક અંશે વિરૂદ્ધ અથવા ઉદ્દામ વિચારો ધરાવનારા વક્તાઓને નિમંત્રણ આપીને એક પ્રકારની ઉદારતા દર્શાવી હતી, તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે. વિચારોની વિવિધતાથી સભાજનોને પણ ઠી[ક] રસ પડયો હતો.

આ સંસ્થાના સ્થાપકોનું ધ્યેય કદાચ જુનવાણી અને રૂઢીચુસ્ત વર્ગને ક્રાન્તિકારી જણાય એવો સંભવ છે; છતાં આજે પરિવર્તનના જે યુગમાં આપણે જીવીએ છીએ તેમાં આ પ્રવૃત્તિ ક્રાન્તિકારી તો નહિ, પણ સુધારક પણ ગણી શકાય એવી નથી. આંતર્જાતીય અને આંતર્પ્રાંતીય લગ્નનો યુગ હવે આવી પહોંચ્યો છે.

બીજું લગ્નનો પ્રશ્ન હજુ પણ માબાપોનો જ પ્રશ્ન રહે, એ કોઇ રીતે યોગ્ય નથી. પોતાના જીવનસાથીની પસંદગીનો અધિકાર યુવક યુવતીઓનો પોતાનો જ છે. માબાપો સલાહ, સહાય અને સહકાર આપી શકે.

આજનો યુવક કે યુવતી નાતજાતમાં માને છે ખરો? નાતજાતનાં બંધનથી કોઇ ફાયદો આજે રહ્યો નથી; અને હોય તો પણ કોઇ યુવક કે યુવતી એને સ્વીકારવા તૈયાર પણ નથી. જે સંસ્થા રચાઇ રહી છે, તે લગભગ મુરબ્બીઓની સંસ્થા છે. આવી સંસ્થા યુવક–યુવતીઓની–અવિવાહિત યુવક–યુવતીઓની–હોવી જોઇએ. મુરબ્બીઓએ એ પરથી હાથ ઉઠાવી લેવો જોઇએ. પછી તેઓ પોતે શું ઇચ્છે છે એનો ખ્યાલ આપણને આવી શકશે.

લગ્નમાં સમાન ભાષા, સમાન આચાર વિચાર અને સમાન રહેણીકરણી હોય તો સગવડભર્યું થઇ પડે. એથી વિશેષ કેળવણી, સંસ્કાર અને રસની સમાનતા હોવી જરૂરી છે. આ સિવાય કોઇ વાડો કે બંધન જરૂરી નથી, ઇષ્ટ પણ નથી.

**વિશ્વાસ બેસતો નથી.**

દેશની જાણીતી કોમવાદી સંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર. એસ. એસ.) પરનો પ્રતિબંધ ઉઠાવી લઇને હિંદી સંઘે તેના નેતા ગુરૂજી ગોલવલકર અને બીજા સંઘીઓને જેલમુક્ત કર્યાં છે. આ જ રીતે મુંબઈ સરકારે પ્રતિબંધ ઉઠાવી લીધો છે, અને બીજા પ્રાંતો પણ પ્રતિબંધ ઉઠાવી લેશે.

સરકારે આ પગલું ખૂબ વિચારીને જ ભર્યું હશે, એમાં શંકા નથી. એ પગલું ભરતાં પહેલાં સંઘનું નવું બંધારણ તપાસવામાં આવ્યું હતું, અને સરસંઘસંચાલકે હિંદી સંઘના ત્રિરંગીધ્વજ પ્રત્યેની પોતાની વફાદારી જાહેર કરી છે, એ વાતની પણ નોંધ લેવામાં આવી છે.

પરંતુ આ સંસ્થાનો ભૂતકાળ જો તપાસીએ તો જણાશે કે એ હડહડતી કોમી સંસ્થા છે, અને હિંદુ રાજ્ય સ્થાપવાના એના મનોરથ છે. એ મનોરથ બદલાયા હોવાની કોઇ ખાત્રી હજુ સુધી આપણને થઇ નથી. તેમ જ સંઘની પ્રવૃત્તિઓ આજ સુધી જે ભેદી અને ગુપ્ત રીતે ચાલી છે એ જોતાં ગમે તે ધ્યેય અને કાર્યક્રમ જાહેર કરવામાં આવે તે છતાં ગુપ્ત રીતે એ કયો માર્ગ અખત્યાર કરશે તે આજે કહી શકાય એમ નથી. હિંદી સંઘે જાહેર કર્યું છે તેમ જો તે બીનમજહબી રાજ્ય બનવા માગતું હોય તો કોમીવેશવાળી કોઈ પણ સંસ્થાનું અસ્તિત્વ તેને માટે જોખમી ગણાવું જોઇએ. સરસંઘસંચાલકે હિંદી સંઘને આપેલ વચનોમાં સંઘની આજસુધીની નીતિ જોતાં વિશ્વાસ બેસવો મુશ્કેલ છે.

સંઘના આગેવાનો અને સ્વયંસેવકોને જેલમુક્ત કરવા બાબતમાં અમારે કંઇ કહેવાપણું નથી. તેમને પોતાની માન્યતા ફરી તપાસવાની અને ફેરફાર કરવાની તક આપવામાં પણ વાંધો નથી. પરંતુ આવી કોમી સંસ્થાનું પુનર્જીવન થવા દેવું જોઇતું નહોતું. સંઘ પરના પ્રતિબંધો ઉઠાવી લઇને સરકારે એક મોટું જોખમ ખેડયું છે. આપણે ઇચ્છીએ કે સરકાર જાગૃત રહે, અને દગાનો ભોગ ન બને.

**ફિલસુફ એલચી**

રાજકારણ અને અર્થકારણમાં ભૌતિક પદ્ધતિ અનુસાર પ્રગતિ કરી રહેલ રશિયામાં હિંદના એલચી તરીકે જાણીતા ફિલસુફ, તત્વચિંતક અને સંસ્કારવિધાયક સર સર્વપલ્લી રાધાકૃષ્ણનની નીમણુંક જરા આશ્ચર્ય ઉત્પન્ન કરે એવી છે. જયાંનું રાજકારણ ખૂબ જ આંટીઘુંટીવાળું છે, અને જ્યાં જુદા પ્રકારનું અર્થકારણ પ્રવર્તી રહ્યું છે, ત્યાં સર રાધાકૃષ્ણન્ જેવા સરળ અને ધર્માભિમુખ માનવીની નિમણુંક ન સમજાય એવી વિચિત્ર જણાય છે.

રશિયા જેવા કટ્ટર સામ્યવાદી અને નાસ્તિક દેશમાં સર્વોદય અને ધર્મભાવનાનો પરિચય આપવા આ નિમણુક કરવામાં આવી હોય એમ માનવું વધુ પડતું છે. પરંતુ રશિયા સાથે ઘર્ષણમાં ઉતરવું ન પડે, એટલા માટે બીનરાજદ્વારી વ્યક્તિની પસંદગી કરવામાં આવી હોય, એમ માનવું વધારે પડતું નથી.

રશિયાની રાજનીતિ અને અર્થનીતિ અપનાવવા જેવી ન હોય, તો પણ અભ્યાસ કરવા જેવી તો છે જ; અને એ દૃષ્ટિએ ત્યાંના એલચીપદ માટે કોઇ રાજનૈતિક અને અર્થશાસ્ત્રીની નિમણુક થઇ હોત, તો કદાચ વધુ ઉપયોગી નીવડત.

સર રાધાકૃષ્ણને યુનેસ્કોની આગેવાની લઇને હિંદની સંસ્કારિતાનો જગતને સારો પરિચય કરાવ્યો છે. એના જેવા તત્વચિંતકને રશિયા મોકલીને આપણે તેમ જ જગતે પણ ભારે કિંમતી લાભ ગુમાવ્યો છે.

આમ છતાં સર રાધાકૃષ્ણન રશિયાની ધર્મવિરોધી પ્રજાને ધર્મનો કંઇક મહિમા સમજાવવામાં ફળિભુત થાય, તો પણ હિંદી સઘે તેમની મારફત એક મહાન કાર્ય કર્યું ગણાશે. જો કે એમ બને, તો એ ચમત્કાર જ થશે.

છેલ્લે એટલી આશા રાખીએ કે તેઓ આપણાથી દૂર છતાં આપણને તેમના લેખો અને સંદેશાઓ દ્વારા તત્વજ્ઞાન અને સંસ્કૃતિના પરિચયમાં રાખ્યા કરશે.

**પત્રકારનું સ્વમાન**

અખિલ ભારત પ્રિન્ટર્સ લી. ના મરાઠી દૈનિક 'નવભારત'ના તંત્રીપદેથી છુટા થતાં શ્રી. બી. આર. ધુરંધરે મુંબઇના પત્રકારો સમક્ષ જે હકીકત રજુ કરી છે, તે ખાસ વિચારણા માગી લ્યે છે.

આ સમારંભના વ્યાખ્યાનમાં તેમણે 'નવભારત'ના તંત્રીપદનું રાજીનામું આપવાનાં કારણો રજુ કરતાં જણાવ્યું હતું કે અખિલ ભારત પ્રીન્ટર્સ લી. ના મેનેજીંગ ડિરેક્ટર શ્રી ડાહ્યાભાઇ પટેલ તરફથી એમના અધિપતિ તરીકેના કાર્યમાં સતત દખલગીરી રહ્યાં કરતી હતી એટલું જ નહિ પણ તેમના અધિકારો પર તરાપ પડતી હતી. પત્ર માટે ઉપતંત્રીઓની ભરતી કરવા બાબત તેમજ પત્રમાં અમુક બાબતો પ્રસિધ્ધ કરવા–ન કરવા બાબત તેઓ પર દબાણ કરવામાં આવતું હતું. વળી જેમને મરાઠી ભાષાનું જ્ઞાન નથી એવા મદ્રાસી પત્રકાર શ્રી. ગોપાલસ્વામીને મરાઠી પત્રના મુખ્યતંત્રી તરીકે મૂકી દેવામાં આવ્યા હતા. આ બધું એક પત્રકારના અધિકારોનો લોપ કરનારૂં અને તેના સ્વમાનનો ભંગ કરનારૂં હોઇને શ્રી. ધુરંધર 'નવભારત'ના તંત્રીપદેથી છુટા થયા છે.

સંગીતકારને તેની પસંદગીનો જ રાગ ગાવા દેવામાં આવે તો જ તે ખીલી શકે. કળાકારને તેના ચિત્રમાં યોગ્ય લાગે તે જ રંગો પૂરવા દેવામાં આવે તો જ ચિત્ર શોભી શકે. કળાકાર કે ચિત્રકારને બાંધી શકાય નહિ. તેમ તંત્રીને પણ બાંધી શકાય નહિ.

આમ છતાં કેટલાયે તંત્રીઓને પેટ ખાતર માલીકોએ નક્કી કરેલા એક ચોકઠાંમાં ગોઠવાઇ જવું પડે છે. પોતાના અંગત વિચારોને બળપૂર્વક દબાવીને માલીકના વિચારોને જોર શોરથી રજુ કરવાનું તેને ફરમાન થાય છે, અને તેણે ઉપાડવું પડે છે. આ ખરેખર દુઃખદ ઘટના છે.

એવી જ બીજી દુઃખદ ઘટના સીનેમાના પ્લેબેક પેઠે પાછળ રહીને લખનારા લેખકોની હોય છે. કેટલાંક પત્રોમાં તંત્રી તરીકે

કશું જ્ઞાન કે અનુભવ જેને નથી એવા માલીકનું પોતાનું અથવા તેના કોઈ સગા કે મિત્રનું નામ ગોઠવી દેવામાં આવે છે; જ્યારે ખરેખર પત્રનું તંત્રીપદ સંભાળનાર વ્યક્તિઓ બીજી જ હોય છે. આવા પુતળાંતંત્રીઓની આણ નીચે શક્તિશાળી માણસોને કામ કરવાનું આવી પડે છે ત્યારે એની વેદનાને વાચા હોતી નથી; છતાં ક્યારેક ક્યારેક એ વેદના હૃદયના તારને હલાવી જાય છે. પાંજરામાં પુરાએલ સિંહની પેઠે એની કલમ કેદ બને છે.

પત્રકારનું સ્વમાન આમાં હણાય છે. એની શક્તિઓનો એમાં હ્રાસ થાય છે. એની પ્રગતિ રૂંધાય છે. એની કલમ થોથરાય છે. અને એ સાચો પત્રકાર બની શકતો નથી. એનું ખીસું ભરાઈ શકે છે, પણ એનું તેજ અસ્ત પામે છે. એની કારકીર્દી અને પ્રતિષ્ઠા ધૂળમાં મળી જાય છે.

પત્રકારના સ્વમાનને ઉગારી લેવા માટે શ્રી. ધુરંધર ધન્યવાદને પાત્ર બન્યા છે. જટુભાઈ

# ક્યાં સુધી ?

૧

'મારાં પગલાં ખરાબ છે; તેમ કહી મારા પર રોજ જુલમ ગુજારવામાં આવતો અને મારા પતિને ફરી પરણાવવાની તૈયારી થતી હતી, જેથી મેં આ પગલું લીધું છે.' ભાવનગરની હોસ્પીટલમાં આખા શરીરે બળી ગએલ એક યુવતીએ મરણ વેળાનું આખરી નિવેદન કરતાં પોલીસને આ પ્રમાણે જણાવ્યું હતું. આ યુવતી શરીર પર ઘાસતેલ છાંટી, કાંડી ચાંપી બળતી બળતી શેરીમાં નીકળી હતી અને એક કુવામાં પડતું મૂકવા જતી હતી, લોકોએ તેને અટકાવી સરકારી દવાખાને મોકલી હતી. ઉપરનું નિવેદન આપ્યા બાદ તેનું અવસાન થયું હતું.

[ આ બનાવના મૂળમાં જુનવાણી માનસ, અજ્ઞાન, વહેમ અને સ્વાર્થ રહેલાં છે, પતિનું બાયલાપણું નિંદાને પાત્ર છે. સગાં અને પાડોશીઓની બેદરકારી ટીકાને પાત્ર છે, આઝાદ હિંદમાં આવું બધું બન્યા કરશે ક્યાં સુધી ? ]

૨

મુંબઈમાં નવીવાડીમાં આવેલા શ્યામ ભુવનમાં પોતાના માબાપ સાથે રહેતી કુમારી ઉર્મિલા નટવરલાલ નામની ૨૨ વર્ષની ઉંમરની યુવતીએ ચોથે મજલેથી પડતું મૂકી આપઘાત કર્યો હતો. આના કારણમાં જાણવામાં આવ્યુ છે કે જે યુવક સાથે એના વિવાહ જોડાયા હતા, એ એને પસંદ નહોતો. આ યુવક આજે તેને જોવા આવવાનો હોઈને તે આવે તે પહેલાં કન્યાએ આપઘાત કર્યો.

[ ઉમરલાયક કન્યાની મરજી વિરૂદ્ધ વિવાહ યોજનાર વડિલો આ માટે જવાબદાર છે. ગાયની પેઠે દીકરીને પણ ગમે ત્યાં દોરી જવાનું માબાપો ચાલુ રાખશે ક્યાં સુધી ? ]

૩

સમાચાર કહી જાય છે કે ચરોતરની પાટીદાર કોમમાં સૌથી વધુ કુલીન ગણાતા એક કુટુંબના નબીરાની જાન સોજીત્રાથી નડિયાદ ખાતે આવી હતી. આ લગ્નમાં વરરાજાને રૂા. ૯૦ હજાર પહેરામણી આપવામાં આવી હતી, જ્યારે ૧૦૦ તોલા સોનું વરને મોસાળામાં આપવામાં આવ્યું હતું. કન્યાના શરીર પર પિતાએ જે સોનું ચડાવ્યું હતું, તે તો જૂદું.

માત્ર દેઢ દિવસ રોકાએલી આ થોડાક માણસોની જાનને અને મહેમાનોને ચ્હા-પાણી, સોડ-લેમન પાવાનો કોન્ટ્રાક્ટ જ પંદરસો રૂપીયામાં અપાયો હતો. બીજો કેટલો ખર્ચ કર્યો હશે, તેની કલ્પના આ ઉપરથી કરી શકાશે.

[દેખાદેખીથી ચાલતી આ દુનિયામાં શ્રીમંતો પોતાના વૈભવનું પ્રદર્શન કરી ગરીબોની કન્યાઓને કુંવારી રાખવાનું પાપ કર્યે જશે ક્યાં સુધી ? ]

૪

બંગાળમાં કોમી રમખાણોને લીધે નિરાધાર બનેલી છોકરીઓ હવે પશ્ચિમ બંગાળના અનાથાશ્રમોમાં પરણવા લાયક વયે પહોંચી છે. સામાજિક નિયમો અને રૂઢી રિવાજોને કારણે તેમને માટે અનુકુળ વર શોધવાનું કામ મુશ્કેલ બનતાં તે માટે જીલ્લા મેજીસ્ટ્રેટોને અનુકુળ વરો શોધવાને વિનંતિ કરવામાં આવી છે, અને કન્યાઓની છબીઓ પણ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

[ અને છતાં કોમીવાદી માનસ અને જુનવાણી રિવાજો આપણે ત્યાં ટકી રહેશે ક્યાં સુધી ? ]

૫

રૂપિયા પચીસ હજારની કિંમતની ફાટીતૂટી કરન્સી નોટોથી ભરેલો એક કોથળો ખંભાત પાસેની રેલ્વે લાઈન ઉપર કોઈ મૂકી ગયાનું માલુમ પડયું છે. નોટો લાંબો સમય સંઘરાઈ રહેલી હોવાને કારણે ઉધાઈ ખાઈ ગઈ હતી, એમ જણયું છે

[ સામ્યવાદના મુખમાં હોમાઈ જવાની પળ આવી રહી છે છતાં આવી સંગ્રહની ભૂખ રહેશે ક્યાં સુધી ? ]

૬

ભણતરની ભૂખ દેશનાં બાળકોમાં કેટલી તીવ્ર જાગી છે, તે બતાવનારા બે પ્રસંગો ગયા સપ્તાહમાં પ્રસિદ્ધ થયા છે. પહેલો પ્રસંગ કહે છે કે આસામના ગવર્નર શ્રી. શ્રીપ્રકાશ પાસે એક કુમળી વયની બાળાએ કહ્યું કે તેને શાળાએ જવા માટે રોજ ૧૪ માઈલ ચાલવું પડે છે. આ મુશ્કેલી છતાં તે પોતાનું ભણતર ચાલુ રાખવા માગે છે.

બીજા પ્રસંગમાં પ્રેસ ટ્રસ્ટનો ખબરપત્રી જણાવે છે કે પુનાના છાપાંના ફેરિયાઓમાંથી ત્રીજા ભાગના છોકરાઓ પોતાનું કામ પૂરૂં કરીને આખો દિવસ શાળામાં અભ્યાસ કરે છે. તેઓ છાપાંની ફેરીમાંથી પોતાનું ખર્ચ પેદા કરી અભ્યાસ ચાલુ રાખે છે.

[ આવાં બાળકોના શિક્ષણ પ્રત્યે સમાજ, સરકાર અને વિદ્યાપીઠો બેદરકાર રહેશે ક્યાં સુધી ? ] જ.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆનું શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી તરીકેનું તબીયતને કારણે રાજીનામું સખેદ સ્વીકારતા આ સંસ્થાની વ્યવસ્થાપક સમિતિએ નીચે મુજબ ઠરાવ પસાર કરેલ છે.

"શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરવામાં અને શરૂઆતથી આજસુધી તન મન અને ધનથી અસ્ખલિત શ્રેષ્ટ કિમતી સેવા આપી અને દીર્ઘદૃષ્ટિથી કેળવણીના કાર્યને વિકસાવ્યું છે. તેમની કુશળ કાર્યવ્યવસ્થા અને વહીવટ સંચાલનની નોંધ લેતાં આજ રોજ મળેલ વ્યવસ્થાપક સમિતિ ખુબ ગર્વ અને આનંદ અનુભવે છે. શ્રી મોતીચંદભાઈએ આ સંસ્થાને સામાન્ય સ્વરૂપથી શરૂ કરી ચિરસ્મરણીય અને શિક્ષણના ક્ષેત્રમાં અદ્વિતીય બનાવવામાં જે ફાળો આપ્યો છે તેની નોંધ શબ્દોમાં લઈ શકાય તેમ નથી. મંત્રી તરીકે છૂટા થવા છતાં તેમનો સંબંધ સંસ્થા સાથે ટ્રસ્ટી તરીકે તેમ જ વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે ચાલુ રાખવાની ઈચ્છા જે તેમણે રાજીનામા પત્રમાં દર્શાવેલ છે, તે શ્રી મોતીચંદભાઈનો આ સંસ્થા પ્રતિનો અપ્રતિમ પ્રેમ દર્શાવે છે. તેમની સેવાઓ વ્યવસ્થાપક સમિતિને દીર્ઘકાળ પર્યંત મળતી રહે તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે."

# મધ્યમ વર્ગનો માનવી

[ લેખાંક : બીજો ]

[ 'પ્રબુદ્ધ જૈન' ના ગયા અંકમાં મધ્યમ વર્ગના માનવીની આર્થિક પરિસ્થિતિ આલેખતો એક લેખ મેં રજુ કર્યો હતો. પરંતુ આ પરિસ્થિતિના ઉકેલ માટે શું કરવું જોઇએ એનું વિસ્તારથી વિવેચન સ્થળસંકોચને કારણે હું કરી શકયો નહોતો. તેથી આ લેખમાં મધ્યમ વર્ગની આર્થિક પરિસ્થિતિ સુધારવા માટેના કેટલાક ઉપાયો મેં રજુ કર્યા છે.

આ ઉપાયોથી મધ્યમ વર્ગની સ્થિતિ અરેખર સુધરી શકે કે કેમ, તે વિષે મતભેદ હોવા સંભવ છે; પરંતુ એ જ ખરા ઉપાયો છે, એમ હું મક્કમપણે માનું છું, અને તેથી તે ઉપાયો મેં અહીં રજુ કર્યા છે.

આ ઉપાયો યોગ્ય અથવા પૂરતા ન હોય એમ કોઇને લાગતું હોય, તે પોતાને યોગ્ય લાગતા અને પૂરતા હોય એવા ઉપાયો જો દર્શાવશે, તો તે 'પ્રબુદ્ધ જૈન' માં પ્રગટ કરવામાં આવશે.

મધ્યમ વર્ગની સ્થિતિ એટલી તો ખરાબ હદે પહોંચી છે કે હવે એ વિષે મૌન સેવી શકાય એમ નથી. આ સંબંધમાં જેને જે કંઇ સુઝે કે વ્યાજબી લાગે, તેણે તે કહેવું જોઇએ. આવું કોઇ પણ લખાણ મુદ્દાસર અને શિષ્ટ રીતે રજુ કરેલું હશે, તો તેને 'પ્રબુધ્ધ જૈન'માં સ્થાન મળશે.]

છેલ્લા વિશ્વયુધ્ધ પહેલાં મધ્યમવર્ગની કમાણી સંતોષકારક હતી; અને તેની પાસે રોકડ અથવા મકાન, સોનું, દાગીના, વેપારની ચીજો વગેરે સ્વરૂપમાં ઠીક ગણી શકાય એટલી બચત હતી. આજે એ બચત લગભગ ખલાસ થઇ ગઇ છે, અને ઘણા કિસ્સાઓમાં મધ્યમ વર્ગનો માનવી કરજમાં સપડાઇ ગયો છે.

યુધ્ધ પહેલાં મધ્યમ વર્ગ પોતાની આવકમાંથી પોતાનું ગુજરાન સારી રીતે કરીને થોડી બચત પણ કરી શકતો હતો, અને એ બચતમાં ન્હાનો એવો વધારો થયાં જ કરતો હતો. આજે હવે બચતની વાત રહી નથી; બે છેડા ભેગા કરવાની જ ઉપાધી રહી છે, અથવા કરજનો આંકડો વધે નહિ એની જ ચિંતા રહી છે.

કરકસરથી રહેવા છતાં મધ્યમ વર્ગ પોતાની ઉપજમાંથી આજે પૂરૂં કરી શકતો નથી. રેશનીંગનું અનાજ અને કાપડ, મકાનભાડું, ન્હા પાણી, તેલ, કઠોળ, બાળકો માટેનું દૂધ, કોઇવાર આવતું શાક, બાળકોની ફી અને દવા–દાકતરનું બિલ એટલું જ ખર્ચતાં તે રકમ તેની ઉપજ કરતાં વધી જાય છે. ઘી–દૂધ, મોજ-શોખ, વહેવાર–પ્રવાસ, વગેરે તો એણે છોડયાં જ છે. અને છતાં ખર્ચનો આંકડો ઉપજની મર્યાદામાં રહી શકતો નથી. કારણ કે જીવન–જરૂરીયાતની ચીજો પણ અતિશય મોંઘી છે, અને તેના પ્રમાણમાં તેની ઉપજ વધી નથી. પરિણામે કરજનો આંકડો દિન પર દિન વધતો જાય છે.

મધ્યમ વર્ગની બીજી એક મુશ્કેલી એ છે કે અનિચ્છાએ પણ તેણે ઉપલા વર્ગ જેવું કેટલુંક ખર્ચ રાખવું પડે છે. સારાં સ્વચ્છ કપડાં પહેરવાં, સાબુથી નહાવું ધોવું, બાળકોને સારી કેળવણી આપવી, માંદગીમાં તણાઇને પણ દવા–દાકતરનું ખર્ચ કરવું, મહેમાનોની આગતાસ્વાગતા કરવી, લગ્નાદિ પ્રસંગોમાં ધોરણ મુજબનું ખર્ચ કરવું–વગેરે પરિસ્થિતિ મુજબ, સંસ્કાર મુજબ, ફરજ તરીકે અથવા દેખાદેખીથી તેમણે કરવાનું રહે છે.

બીજી બાજુ મજુર વર્ગ સસ્તા ખોરાકમાં અને ફાટયાંતૂટયાં કપડામાં ચલાવી લ્યે છે. અગવડભરી સસ્તી ખોલીઓમાં રહેવાને તે ટેવાઇ ગયો છે. તેમનું કેળવણી કે તબીબી ખર્ચ નહિવત્ હોય છે. વળી તેઓ પગાર ઉપરાંત મોંઘવારી ભથ્થા–બોનસ વગેરે પણ મેળવે છે. મોંઘવારી વધતી જાય તેમ તેમનું ભથ્થું વધતું જાય. વળી કુટુંબનાં નાનાં–મોટાં બધાં જ તેમના ગજા પ્રમાણે કમાણી કરતાં હોય છે.

જ્યારે મધ્યમ વર્ગના કુટુંબનું બધું ખર્ચ–બધો બોજો–એક જ વ્યકિતએ ઉપાડવાનો હોય છે. આ રીતે પણ એની સ્થિતિ મજુર વર્ગ કરતાં વધુ ખરાબ બને એ સ્વાભાવિક છે.

વળી મધ્યમ વર્ગનો માણસ વધુ પડતો શ્રમ વેઠવાને પણ ટેવાયલો હોતો નથી. એના જીવનધોરણને એ નીચું ઉતારી શકતો નથી; અને જ્યારે ન છૂટકે તે ઉતારવું પડે છે, ત્યારે એના શરીર ઉપર એની અસર અચૂક થાય છે.

મધ્યમ વર્ગ આ રીતે આર્થિક અને શારીરિક સ્થિતિમાં દિન પર દિન ઘસાતો જ જાય છે; અને જો તેની સુધારણા માટે ઉપાયો લેવામાં ન આવે તો એનો મોટો ભાગ નીચલા વર્ગમાં ભળતો જાય એવો ભય રહે છે.

મધ્યમ વર્ગનું જીવનધોરણ એટલું નીચું ઉતરી ગયું છે, કે હવે એને કરકસર કરવા કહેવું, કે ખર્ચ ઘટાડવા કહેવું, એ નકામું છે. ચાલુ પરિસ્થિતિમાં એનું ખર્ચ હવે કોઇ રીતે ઘટી શકે એ સ્થિતિમાં છે જ નહિ.

મધ્યમ વર્ગ એ ભણેલો અને સમજુ વર્ગ છે. પોતાની સ્થિતિનો એને ખ્યાલ છે; દેશની આર્થિક પરિસ્થિતિનો પણ એ જાણકાર છે. એટલે આ પરિસ્થિતિમાં પોતાના હિતને માટે જે કાંઇ પગલાં ભરવાનાં હોય, તે એ ભરી ચૂકયો જ હોય, એ માટે આ વર્ગને શીખામણ આપવી એ ફોગટ છે.

મધ્યમ વર્ગની આ સ્થિતિના ઉકેલ માટે સૌથી અસરકારક પગલું મોંઘવારી તોડવાનું હોઇ શકે. આ કાર્ય સરકાર સિવાય બીજું કોણ કરી શકે? એમ માનવામાં આવે છે કે આપણે અનાજ પરદેશથી મોંઘે ભાવે ખરીદીએ છીએ, એટલે અનાજની મોંઘવારી તૂટી શકવાની નથી. અમૂક અંશે એ ખરૂં છે. પણ એવું અનાજ તો ઘઉં અને ચોખા છે. બીજું અનાજ કેમ મોંઘું છે? તેલ કેમ મોંઘું છે? શાક કેમ મોંઘું છે? મરચું કેમ મોંઘુ છે?

આને માટે આપણું વાહનવ્યવહાર ખાતું અને પુરવઠા ખાતું જવાબદાર છે. હજુ એક પ્રાન્તમાંથી બીજા પ્રાન્તમાં અનાજની હેરફેરના પ્રતિબંધો ઉભા છે. શા માટે ઉભા છે, એ સમજાતું નથી. પણ સરકારને અમલદારો સલાહ આપે છે, કે એ પ્રતિબંધો જરૂરી છે. તેઓ શા માટે એવી સલાહ આપ્યા કરે છે, એ પણ સમજાતું નથી!

એક પ્રાન્તમાં એક અનાજની તંગી છે; બીજા પ્રાન્તમાં એ જ અનાજની બહોળપ છે; છતાં પ્રતિબંધોને કારણે અથવા વહનવ્યવહારની મુશ્કેલીને કારણે હેરફેર થઇ શકતી નથી. અનાજની હેરફેર માટે આપણી રેલ્વે ખાસ જોગવાઇ કરી શકે, તે માટે વેગનો ઉપર કાબુ મેળવી શકે, અને નિકાસ પ્રતિબંધો હળવા કરી શકે, તો અનાજ જરૂર સસ્તું થઇ શકે, એમ લાગે છે.

અનાજ તો ઠીક, પણ કાપડ તો સરકારને પરદેશથી મોંઘી કિંમતે મગાવવું પડતું નથી. એક બાજુ મીલોમાં પુષ્કળ કાપડ કેદ થયું છે અને વેપારીઓ તેની મૂડી રૂંધાઇ ગયાની ફરિયાદ કરે છે, ત્યારે બીજી બાજુ રેશનિંગના કાપડ પર સરકાર ઊંચા ભાવો આપે છે અને તેના ઉપર પણ ૨૦ ટકા જેટલો મોટો નફો

આપે છે. આ બધો ભાર ખરીદ કરનાર મધ્યમવર્ગ ઉપર પડે છે. સરકાર આ ભાવો અને તેની ઉપરના નફામાં ઘટાડો કરે અથવા કાપડનું રેશનીંગ દૂર કરી ભાવોને તેની કુદરતી ચાલુ સપાટી પર આવવા દે, તો મધ્યમ વર્ગને તેનો લાભ મળી શકે.

આજે કાપડનો અંકુશ કઢી નાખવાથી કાપડ કાળાં બજારમાં ધકેલાઇ જવાનો ભય દેખાતો નથી; કારણ કે લોકોને હવે કાપડની ખેંચ જણાતી નથી, તેમ ભાવ ઘટવાના સંભવથી લોકો બીનજરૂરી કાપડ ખરીદવાના નથી. આજે તો લોકોની ખરીદશક્તિ પણ નબળી પડી છે અને મંદીના ભયથી પૈસો ખર્ચતાં ડરે છે. એટલે જો સરકાર કાપડ પરના અંકુશો કાઢી નાખે, તો કાપડની મોંઘવારી ઘટવા સંભવ છે.

અંકુશ મૂકવો હોય તો તે ઘી અને દૂધ ઉપર મૂકવો જરૂરી છે. ઘી–દૂધ બન્ને પ્રજાનાં શરીરને પોષક એવી મુખ્ય ચીજો છે. બાળકો માટે તો એ જીવન છે. છતાં વર્તમાન કે ભાવી નાગરિકોને ઘી–દુધ મળી શકતાં નથી. એટલે ઘી અને દુધ પર અંકુશ મૂકવાનું વધુ જરૂરી છે.

ફુગાવો ઘટાડવા સરકાર ઇચ્છે છે, અને અમુક ઉપાયો પણ લ્યે છે, છતાં ફુગાવો ઘટતો નથી. એટલે આ ઉપાયો સાચા નથી, એવી જો સરકારની ખાત્રી થઇ ગઇ હોય તો સરકારે અમલદારો કે મૂડીવાદી ઉદ્યોગપતિઓની સલાહ અનુસાર ન વર્તતાં પોતાની બુદ્ધિ પર વિશ્વાસ રાખી બીજા ઉપાયો શોધવા જોઇએ. એ જ રીતે જીવન–જરૂરીયાતની ચીજો પરના કરવેરા, વેચાણ વેરા, ટપાલના આકરા દરો જેનો બોજો મધ્યમ વર્ગ સહન કરી શકે એમ નથી, તે તાત્કાળિક ઓછા કરી, જયાં નાણાંની રેલમછેલ ગચી રહી છે, તે વર્ગ પાસેથી જ વધુ કરવેરા વસુલ કરવામાં આવે એ જરૂરી છે.

મધ્યમ વર્ગ બાળકોની કેળવણી તેમજ તબીબી સારવાર અને દવાનાં ખર્ચથી પણ તોબા પોકારી ગયો છે જેને પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં હોય એવાં ત્રણ– ચાર બાળકો હોય તેને ફી, પુસ્તકો, નોટબુકો, કાગળ, શાહી, પેન્સીલ, અને વાહનનું ખર્ચ મળીને મુંબઇ જેવા શહેરમાં રૂ. ૬૦ થી ૮૦ માસિક ખર્ચ થાય છે, અને નાના શહેરોમાં રૂ. ૪૦ થી ૫૦ થાય છે. મધ્યમ વર્ગનો માનવી જે થોડું ભણેલો છે, અને પોતાનાં બાળકોને થોડી કેળવણી આપવા ઇચ્છે છે, તે આ બોજો કઇ રીતે સહન કરી શકે? કેળવણીને નામે ચાલતો વેપાર અટકવો જ જોઇએ.

અને કોલેજની કેળવણી અથવા સંગીત, ચિત્રકળા વગેરેનું શિક્ષણનો તો શ્રીમંત વર્ગના ઇજારા જેવું બની ગયું છે. જેને શિક્ષણની પડી નથી એવા શ્રીમંતનાં સંતાનો વિદ્યાર્થી અવસ્થામાં સુટ–બૂટ પહેરી મહાલે છે, છાસવારે સિનેમાગૃહો અને રેસ્ટોરાંની મુલાકાતો લ્યે છે અને મોટર કે ટેકસીઓમાં રખડે છે, જયારે શિક્ષણની જેને સાચી ભૂખ છે એવાં મધ્યમ વર્ગનાં સંતાનો ઉંચી કેળવણી માટે ખર્ચ કરી શકવાના અભાવે ભણતર છોડી દઇ નોકરી–ધંધામાં જોડાઇ જાય છે!

આ રીતે જોતાં મધ્યમ વર્ગની સ્થિતિ જો કોઇ સુધારી શકે એમ હોય, તો તે સરકાર છે; અને હવે જયારે સરકાર પ્રજાની જ છે, ત્યારે એની પાસેથી રાહતની આશા રાખવી એ વધારે પડતું નથી.

અને આ બધી મુંઝવણો અને મુશ્કેલીઓ સરકાર સમક્ષ રજુ કરવા, તેના ઉકેલ માટે માગણીઓ કરવા, અને જરૂર પડે તો દબાણ કરવા, મધ્યમ વર્ગે પોતાનાં સંગઠનો ઉભાં કરવાં જોઇએ. જેની પાસે અમર્યાદ વૈભવ છે એવા ઉદ્યોગપતિઓ અને મૂડીદારો પણ જો વધુ વૈભવ મેળવવા પોતાનાં સંગઠનો મારફત પ્રયાસ કરે છે, અને સરકાર ઉપર અનેક રીતે દબાણ લાવે છે, મજુર વર્ગને સંતોષવા સરકાર હંમેશાં વિચારતી હોય છે, છતાં પોતાની સ્થિતિને સુધારવા જો મજુરો પોતાનાં સંગઠનો રચીને હડતાળો વગેરે દ્વારા સરકાર પર દબાણ લાવે છે, તો મધ્યમ વર્ગ પણ પોતાના જીવનનિર્વાહ માટે પોતાનાં ખાસ સંગઠનો કેમ ન રચે?

મધ્યમ વર્ગને માટે બીજો ઉપાય તે રચનાત્મક પ્રવૃત્તિ છે. વધી ગએલા ખર્ચના પ્રમાણને પહોંચી વળવા તેણે પોતાની આવક વધી શકે તો વધારવા પ્રયત્ન કરવો જોઇએ. દાખલા તરીકે વધારાના સમય માટે ચાલુ ઉપરાંત બીજું કંઇ કામ કરવું તેમ જ કુટુંબનાં બીજાં સભ્યોએ પણ મુખ્ય માણસ ઉપર ભારરૂપ ન થતાં કંઇ અનુકૂળ કામકાજ શોધી લેવું. મધ્યમ વર્ગની સ્ત્રીઓને બપોરના સમયે ઠીક નવરાશ રહે છે, તેનો તેમણે ઉપયોગ કરવો જોઇએ. ધંધો નોકરી કરી પ્રમાણિક કમાણી કરવામાં કશી શરમ નથી; એ તો ગૌરવનો વિષય છે. ભણેલી સ્ત્રી, પુત્રી કે પુત્રવધુ શિક્ષિકા, નર્સ કે કારકુન તરીકે નોકરીમાં જોડાઇ શકે છે. પારસી, ખ્રીસ્તી, એંગ્લોઇન્ડિયન વગેરે સ્ત્રીઓ મોટાં શહેરોમાં નોકરીઓ કરે છે. હવે તો મરાઠી, પંજાબી વગેરે સ્ત્રીઓ પણ મુંબઇ અને પુના જેવા શહેરોમાં નોકરીએ લાગવા માંડી છે, તો ગુજરાતી સ્ત્રીઓએ સંકોચ રાખવાનું કશું કારણ નથી. વળી નોકરી સિવાય સંગીત, ભરતગુંથણ, ચિત્રકળા અને કેટલાક ગૃહઉદ્યોગો મારફત પણ સ્ત્રીઓ ઘેર બેઠાં સારું કમાઇ શકે. મોટી ઉમરનાં બાળકો પણ શાળા સિવાયનાં સમયે અથવા રજાના દિવસોએ ગૃહઉપયોગી ચીજોનું વેચાણ કરી થોડું કમાઇ શકે. આ રીતે મધ્યમ વર્ગના કુટુંબના માણસોએ ઘરની કમાણી વધારી આ આર્થિક કટોકટીને પહોંચી વળવામાં ઘરના મુખ્ય માણસને મદદ કરવી જોઇએ.

મુંબઇ જેવા શહેરમાં મકાનની તંગીને કારણે તેમ જ યોગ્ય વ્યવસ્થાને અભાવે શાળા–કોલેજોમાં શિક્ષણ લેવા માગતા સેંકડો વિદ્યાર્થીઓ છાત્રાલયો કે હોસ્ટેલોમાં સ્થાન મેળવી શકતા નથી. આમાં કેટલા યે હોશિયાર, સજ્જન અને ભાવનાશાળી વિદ્યાર્થીઓ પણ હોય છે. જો મધ્યમ વર્ગના કુટુંબો આવા વિદ્યાર્થીઓની સજ્જનતાની ખાત્રી મેળવી તેમને આશ્રય આપે, તો પોતાની આવકમાં થોડો વધારો કરી શકે, અને સારા વિદ્યાર્થીઓને શિક્ષણની તક પણ પુરી પાડી શકે.

આ તો થોડા માર્ગો બતાવ્યા છે. બીજા વધુ માર્ગો પણ શોધી શકાય. સ્ત્રીઓ કે બાળકોથી નોકરી–ધંધો થઇ શકે નહિ એ ખ્યાલને હવે દૂર કરવો જોઇએ.

બીજું, વ્યાજબી દરે દરેક ચીજ મળી શકે, એ માટે સહકારી મંડળીઓ ઉભી કરી શકાય. આથી વધુ નહિ તો દસેક ટકા ખર્ચ ઘટી શકે. તબીબી ખર્ચ ઘટાડવા માટે સહકારી ધોરણ ઉપર લત્તા પુરતું દવાખાનું ચલાવી શકાય.

હવે એ સમય આવી લાગ્યો છે કે જયારે મધ્યમ વર્ગના માણસોએ શ્રીમંતોની દેખાદેખીથી થતાં ભારે વ્યવહારિક ખર્ચો પર અંકુશ મૂકી દેવો જોઇએ. લગ્નાદિ પ્રસંગોમાં અમુક ખર્ચ કરવું જ જોઇએ, વર પક્ષ કે કન્યા પક્ષને અમુક ઘરેણાં–કપડાં આપવાં જ જોઇએ, એ બધા રીત રીવાજોને બંધ કરીને સાદાઇથી જ પ્રસંગો પતાવી લેવા જોઇએ.

મધ્યમ વર્ગની સ્ત્રીઓમાં હજુ કેટલુંક અજ્ઞાન તેમજ ખોટા ખ્યાલો પ્રવર્તે છે. તેઓ કેટલાક વ્યવહારિક પ્રસંગોએ પતિની પાછળ લાગીને ખોટાં ખર્ચ કરાવે છે, અને તેમાં મોટાઇ સમજે છે. અને પુરૂષો દબાણને વશ થઇ એવાં ખર્ચ ભોગવી લ્યે છે. વળી કેટલીક સ્ત્રીઓ પતિની સ્થિતિના ખ્યાલ વિના અથવા ખ્યાલથી પણ પોતાના શોખને પોષવા બીનજરૂરી ખર્ચ કરે છે કે કરાવે છે. કોઇ પણ પુરૂષે પોતાની સ્થિતિનો સાચો ખ્યાલ કુટુંબની દરેક વ્યક્તિને આપી દેવો જોઇએ. કુટુંબને અંધારામાં રાખવું નહિ. તેમ જ સ્થિતિ જાણવા છતાં વધુ ખર્ચ કરતી વ્યક્તિ-

ઓને અટકાવવી. એથી ઘરનાં માણસોને થોડીવાર દુઃખ થશે; પરંતુ ભાવી મુશ્કેલીઓને એ રીતે જ ઓળંગી શકાશે.

મધ્યમ વર્ગને માટે આ રચનાત્મક માર્ગ કટોકટીના સમય પૂરતો દર્શાવ્યો છે. પરંતુ જે પરિસ્થિતિમાંથી આપણે આજે પસાર થઇએ છીએ અને જે ભાવી મંદી આપણી સામે ઝઝૂમી રહી દેખાય છે, તેને ઓળંગવા આગળ કહ્યું તેમ સરકાર તરફથી પ્રયાસ થવા જોઇશે; અને તે માટે મધ્યમવર્ગે પોતાનાં સંગઠનો ઉભાં કરવાનું જરૂરી છે જ.

મધ્યમ વર્ગની મુશ્કેલીઓનો ખ્યાલ સરકારને છે જ, અને તે નિવારવા સરકાર પ્રયત્નશીલ પણ છે જ. પરંતુ ગમે તે કારણે આ પ્રયત્નોનું કશું પરિણામ હાલ તરત દેખી શકાતું નથી. ઉત્પાદન વધવાથી માલની તંગી દૂર થાય અને મોંઘવારી ઘટે, માટે સરકાર ઉત્પાદન વધારવા મથે છે. પરંતુ ઉત્પાદન વધારવા ઉદ્યોગપતિઓને ઉત્તેજન આપવા સરકાર તેમને કરવેરામાં રાહત આપે, અને તેનો બોજો મધ્યમવર્ગ ઉપર પડે, તો મધ્યમ વર્ગ કઇ રીતે ઉભરી શકે? એ જ રીતે ખેડૂતોને ઉત્તેજન આપવા જમીનદારો પાસેથી જમીનનો કબજો સરકાર લઇ લ્યે, પરંતુ તેમને આપવાનું કરોડો રૂપિયાનું વળતર ખેડુતોની મહેસુલમાંથી જ વસુલ કરવાનું હોય તો ખેડુત કઇ રીતે સુખી થાય? એટલે સરકાર એવા માર્ગો યોજે છે કે જેની પાછળ શુદ્ધબુદ્ધિ હોવા છતાં ધાર્યું પરિણામ તત્કાળ આવી શકતું નથી.

હિંદ પરના બ્રિટિશ રાજકર્તાઓની મૂડીવાદ તરફી નીતિને કારણે ખેડુત, મજુર અને મધ્યમવર્ગ પાસેથી ધન ખેંચાઇને મુઠ્ઠીભર મુડીવાદીઓના કબજામાં એકઠું થયું છે. ગતયુદ્ધે મુડીવાદીઓને એક વધુ તક આપીને મધ્યમવર્ગને નીચોવી લીધો છે. આજે પણ હિંદમાં મૂડીવાદ સંગઠિત અને મક્કમ ઉભો છે; અને પ્રજાકીય સરકાર એને કડક હાથે દાબી નહિ દે ત્યાં સુધી એ એનું શોષણ છોડી દે એમ નથી. મજુરો હવે સંગઠિત અને જાગૃત બન્યા હોઇ એમનું શોષણ કરવું મૂડીવાદીઓને ભારે પડી જાય એમ છે, એટલે તેમણે હવે મધ્યમવર્ગનું શોષણ વધુ વેગથી ચાલુ કર્યું છે. આ શોષણ સીધું નહિ પણ આડકતરું છે, એટલે પોતાના થઇ રહેલા શોષણનો મધ્યમવર્ગને તરત ખ્યાલ આવી શકે એમ નથી.

મધ્યમ વર્ગ જો જાગૃત અને સંગઠિત બને તો આ શોષણ અટકાવવા પગલાં લઇ શકે. તે સરકારને વિનતિ કરી પોતાની આર્થિક અવદશા અટકાવી શકે. નાના વેપારીઓ, દલાલો, કારકુનો, ગુમાસ્તાઓ, શિક્ષકો, સૌ સાથે મળીને આજે પ્રસરી રહેલી આર્થિક અસમાનતા સામે પોતાનો અવાજ ઉઠાવે. ખેડુત–મજુર પણ મૂડીવાદી શોષણના ભોગ બનેલા છે. એ સૌ જો સાથે મળીને પ્રયત્ન કરે, તો સૌ શોષણના ભોગ બનતા અટકી જાય અને પોતાની આર્થિક સ્વતંત્રતા હાંસલ કરે.

અનાજ તેમ જ માલનું ઉત્પાદન વધે, એ મધ્યમ વર્ગના હિતમાં હોઇને, ઉત્પાદન વધારવાના સરકારના પ્રયત્નોમાં સાથ આપવાની પણ મધ્યમ વર્ગની ફરજ છે. ખેડુતો વધુ ભાવ ઉપજે એ દૃષ્ટિ છોડીને, દેશને જરૂરી હોય એવા અનાજનું ઉત્પાદન કરે, મજુરો મન દઇને યંત્રો સાથે મેળ સાધે અને મધ્યમવર્ગ અનાજ અને માલનો દુર્વ્યય અટકાવે એ ઘણું જરૂરનું છે. એટલે આવાં સંગઠનો પોતાના હિત માટે ઉભાં કરી મધ્યમવર્ગ પોતાના હક્કો મેળવે તેમ જ સમજુ નાગરિકો તરીકે સરકાર પ્રત્યેની પોતાની ફરજ પણ બજાવે.

મૂડીને કારણે મૂડીવાદીઓનું બળ કેટલાક ઘણું મોટું આંકે છે, તો કેટલાક મજુરોનુ બળ મોટું આંકે છે. પરંતુ ખરું જોતાં જાગૃત મધ્યમવર્ગનું બળ ઘણું મોટું છે; કારણ કે મતનો ઉપયોગ કરતો હોય એવો મોટામાં મોટો સમુદાય મધ્યમવર્ગનો છે. આજે સરકારમાં બેઠેલા હોદ્દેદારો એના જ પ્રતિનિધિઓ છે; અને દરેક ચૂંટણી વખતે મધ્યમ વર્ગના પ્રતિનિધિઓ જ ચૂંટાઇને સરકારમાં આવે છે. એટલે ધારાસભાઓની ચૂંટણીઓ વખતે જો મધ્યમ વર્ગ પોતાના સાચા પ્રતિનિધિઓને જ સરકારમાં મોકલે અને તેમની પાસેથી પોતાના હિતના કાયદાઓ અને યોજનાઓ મેળવી શકે તો તેમની સ્થિતિ સુધરવાનો પૂરો અવકાશ છે.

આજે તો મધ્યમ વર્ગ માટે પોતાનું સંગઠન અને ઉપર દર્શાવેલ રચનાત્મક કાર્ય જરૂરનું છે. મધ્યમ વર્ગના માનવીઓ એ બન્ને મોરચે પોતાની આગેકૂચ શરૂ કરી દે એ જરૂરનું છે.

જટુભાઇ

## ભાલપ્રદેશમાં ધરતીનાં અમી

ધોલેરા બંદરથી બે માઇલ દૂર અને ધંધુકાથી પંદર માઇલ અંતરે આવેલ લગભગ ૩૦૦૦ ની વસ્તીવાળા ગામ ભડીઆદના પાદરમાં છેલ્લા એક અઠવાડીઆથી એક અવનવો પ્રયોગ શરૂ થયો છે.

શેઠ શ્રી મફતલાલ ગગલભાઇના પુત્ર શ્રી નવિનચંદ્રભાઇએ મુંબઇની ઇજનેરી પેઢી મેસર્સ લાર્સન અને ટયુબ્રોદ્વારા અમેરીકાની સુવિખ્યાત સંસ્થા જીઓર્જ. ઇ. ફેઇલીંગ સપ્લાઇ કંપનીની બનાવટનું ૧૫૦૦ હોલ માસ્તર ડ્રીલનું (મોટર પર ચઢાવેલ) મોબાઇલ મોટર યુનીટ જે દરરોજના ૪૦૦ ફુટ ઉંડાણમાં શાર પાડી શકે છે તે રૂા. ૨ા લાખથી ખરીદ કરી મુંબાઇ સરકારને વપરાશ માટે આપ્યું છે–આ મશીન દરરોજના ૫૦ ગેલન પેટ્રોલથી છેલ્લા ૪ દિવસથી ભડીઆદ મુકામે ૬૫૦ ફુટ ઉંડાણમાં બોરીંગ કરી શક્યું છે. આ મશીન ચલાવવા અમેરીકન ઇજનેર–ડ્રીલર મી. બ્રેડફીલ્ડનું નિષ્ણાત નિરિક્ષણ બહુ મોટા પગારથી મેળવવામાં આવ્યું છે. તેમની નીચે આપણા દેશના ત્રણ ચાર અને વધુ ઇજનેરો બોરીંગ-કામની તાલીમ લઇ રહ્યા છે.

અને પાંચ દિવસને અંતે ૬૫૦ ફીટની ઉંડાઇમાં રોટરી ડ્રીલ ઉતારી શકયા છે. ભડીઆદ ખાતેનો આ બોરીંગ પ્રયોગ જોતાં જણાય છે કે નીચેથી નીકળતી જમીન સુકી, પીળાશપડતી ક્ષારવાળી છે. આ જગ્યાએ બોરીંગ કરવાની પસંદગી મી. બ્રેડફીલ્ડની જ છે. અને એમ મનાય છે કે ૯૦૦ ફુટે પાણીનો પ્રવાહ મળવો જોઇએ.

પાણીનો પ્રવાહ કેટલો ઉંડો–મીઠો કે ખારો તે બાબત સારા ભુસ્તરશાસ્ત્રી કે તળપદા અનુભવીઓની આ બાબતમાં સલાહ સુચના હોય તો અવશ્ય નિરાશાને સ્થાન નહિં જ રહે–અને મહેનત જરૂર બર આવે. ત્રાહી ત્રાહી પોકારતી ભાલની પ્રજાની ધરતીમાતાના પાણીની તૃષા છીપાવે અને શેઠ નવીનચંદ્રભાઇની લાગણીથી ખર્ચેલ મોટી રકમથી મળેલ આ સાધન, નિષ્ણાતની પ્રાપ્તિ વિગેરે તો ગળ્યાં જ છે. નિરિક્ષકને જણાય છે કે આપણે ત્યાં સદા સહકાર, વિચાર, અને વ્યવસ્થાની ખામીથી જનહિતને શોસવુ પડયું છે. જાહેર જનતા આ પ્રયોગમાં રસ લ્યે અને સહકાર અર્પે એ જ આશા.

ન. શા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી: નં: બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૭

મુંબઈ : ૧ ઓગસ્ટ ૧૯૪૯ સોમવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## કોમવાદનું ઉન્મૂલન અનિવાર્ય બન્યું છે.

હિંદુ અને મુસ્લીમ-બન્ને જુદી કોમ છે; પણ જુદી પ્રજા નથી. મુસ્લીમો ચીનમાં છે, ઇરાનમાં છે, રશિયામાં છે. પણ ચીનના મુસ્લીમો ચીના છે; ઇરાનના મુસ્લીમો ઇરાની છે, રશિયાના મુસ્લીમો રશિયન છે. એમ હિંદના મુસ્લીમો હીંદી હોઇ શકે. હિંદુ અને મુસ્લીમ એક હિંદી પ્રજા છે. હિંદુ કોમ છે. મુસ્લીમ કોમ છે. કોમ તરીકે બન્ને જુદા છે. પ્રજા તરીકે બન્ને એક છે.

આમ છતાં એક સત્તાલોલુપ માનવીએ મુસ્લીમોને ભરમાવ્યા કે તમે જુદી પ્રજા છો. અને તેથી તમારૂં રાજ્ય જુદું હોવું જોઇએ. એ માનવીની આગેવાની નીચે જુદા રાજ્યની માગણી ઊભી થઇ, તે માટે આંદોલનો થયાં અને છેવટે તેમને જુદું રાજ્ય-પાકીસ્તાન-મળ્યું.

અને પાકીસ્તાન મળ્યા છતાં મુસ્લીમો જુદી પ્રજા થઇ શકતા નથી. જુદું રાજ્ય થવા છતાં યે તેઓ જુદી પ્રજા બની શકે નહિ. મુસ્લીમો હિંદીઓ હતા, છે અને રહેવાના. જુદી પ્રજાની તેમની ભ્રમણા કોઇ દિવસ ભાંગવાની છે. ઇતિહાસમાં એવા પ્રસંગો ઉભા થશે, જ્યારે જુદી પ્રજાના સિધ્ધાંતો ખોટા ઠરવાના છે.

પરંતુ આજે તો જુદી પ્રજાની આ ભ્રમણાએ દેશના ટૂકડા કરાવ્યા છે, અને કોમ કોમ વચ્ચે દ્વેષની દિવાલો રચી દીધી છે. લાખ્ખોનાં લોહી છંટાયાં છે અને લાખ્ખો કુટુંબો છિન્નભિન્ન થઇ ગયાં છે. એક સમયના પડોશીઓ આજે જુદા દેશના વતનીઓ બની ગયા છે. ઇચ્છાએ કે અનિચ્છાએ જુદા જુદા રાજ્યની વફાદારી એને સ્વીકારવી પડી છે.

મુસ્લીમો હિંદમાં આક્રમક રાજ્યોના સૈનિકો અને વહીવટકારો તરીકે આવ્યા હતા, અને બાદશાહ અકબરના જમાનાથી તેઓ લગભગ હીંદી બની ગયા હતા. હિંદુસ્તાન તેમનું વતન બન્યું હતું અને તેઓ હિંદી તરીકે હિંદમાં સ્થિર થયા હતા. અલબત્ રાજ્ય કરનાર કોમના હોવાથી તેમનામાં સત્તાનું ઘેન રહ્યા કરતું. પરંતુ મોગલાઇના પતન પછી તો તેઓ ખૂબ જ નમ્ર બની ગયા હતા. વળી અંગ્રેજી રાજ્યે તેના શરૂઆતના દિવસોમાં હિંદુઓ પ્રત્યે વધુ લાગણી બતાવી હતી, અને તેથી શિક્ષણ, વ્યાપાર અને સરકારી નોકરીના ક્ષેત્રમાં હિંદુઓ આગળ આવી ગયા હતા, જ્યારે મુસ્લીમો પછાત રહી ગયા.

આ સ્થિતિ પારખીને પહેલા મુસ્લીમ આગેવાન સર સૈયદ અહમદે મુસ્લીમો માટે શિક્ષણનું ક્ષેત્ર ખુલ્લું કર્યું, અલિગઢ વિદ્યાપીઠની સ્થાપના કરી, અને સરકારી નોકરીઓમાં મુસ્લીમોની નિમણુકો માટે પ્રયાસો કર્યા.

આમ છતાં ત્યારે હિંદુ મુસ્લીમ વચ્ચે સારો ભાઇચારો હતો. અને ખીલાફતની ચળવળ વખતે તો હિંદુ મુસ્લીમ સંબંધો ઘણા જ સુધરી ગયા હતા. પરંતુ મહમદઅલી ઝીણાની બગડેલી બુધ્ધિએ દેશની આ એકતામાં છિદ્ર પાડયું, અને દિવસે દિવસે એ છિદ્ર મોટું થઇ છેવટે ભાગલામાં પરિણમ્યું.

એક બાજુ જેમ મુસ્લીમ લીગના રાજકારણે કોમીવાદનો અગ્નિ સળગતો રાખ્યો, તેમ બીજી બાજુ હિંદુ મહાસભાના પ્રત્યાઘાતી રાજકારણે હિંદુઓમાં કોમવાદનાં નવાં બીજ રોપવાં શરૂ કર્યાં. પાકીસ્તાનના સર્જન પછી મુસ્લીમ લીગનું રાજકારણ હિંદમાં અદ્રશ્ય બનતું જાય છે ત્યારે હિંદુ સભા એના કોમવાદી સ્વરૂપને વિકસાવવા માગે છે. દેશનું આ કેવળ દુર્ભાગ્ય છે.

સામ્યવાદના આવી રહેલા ભય સામે અને સમાજવાદની પ્રગતિ સામે રૂકાવટ કરવા કોંગ્રેસને આર. એસ. એસ. ( રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ) ઉપયોગી નીવડશે એવી કહેવાતી માન્યતાને કારણે સરકારે આર. એસ. એસ. ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લઇને સંઘના ફેસીસ્ટ આગેવાન ગુરૂ ગોળવલકરને બંધનમુક્ત કર્યા છે; અને ગોળવલકરે સંઘ હીંદી સરકારને વફાદાર રહેશે એવું વચન આપ્યું છે. છતાં ઘણા માણસોને શ્રી. ગોળવલકરના શબ્દો ઉપર શ્રદ્ધા બેસતી નથી, અને ફરી કોમવાદ માથું ઉંચકશે એવો ભય તેમને રહ્યા કરે છે.

હિંદી સંઘનું ધ્યેય બીનમજહબી રાજ્યનું છે, એમ જાહેર કરવામાં આવ્યું છે. અને સરકાર મજહબી માન્યતાઓને વહીવટમાં સ્થાન આપતી નથી; પરંતુ જેનો ભૂતકાળ આજ સુધી કેવળ કોમીવાદી જ રહ્યો છે, તે સંસ્થાને પુનર્જીવન આપવામાં આપણે ડહાપણ કર્યું છે કે કેમ તે તો ભવિષ્ય જ કહેશે. પરંતુ શાહબુદ્દિન ઘોરીને વારંવાર માફી આપીને પૃથ્વીરાજ ચૌહાણે દિલની ઉદારતા દર્શાવતાં શું હાંસલ કર્યું, તે તો ઇતિહાસનાં પાનાં સ્પષ્ટ રીતે બોલી જાય છે.

હિંદમાં જો બીનમજહબી રાજ્ય સ્થાપવું હોય તો તે પ્રજાના સહકાર વિના નહિ સ્થપાઇ શકે. કોમ અને ધર્મને નામે કોઇ જાતની રાજકીય પ્રવૃત્તિ ચલાવવી જોઇએ નહિ અને સરકારે તે ચાલવા દેવી જોઇએ નહિ. વળી કોમવાદનાં બીજ જ્યાં હોય ત્યાંથી તેનો નાશ જ કરવો જોઇએ. નાનામાં નાના સ્વરૂપે ક્યાંય પણ કોમવાદનું અસ્તિત્વ રહેવા દેવું જોઇએ નહિ.

જ્ઞાતિઓ પણ કોમનાં સ્વરૂપ છે. જ્યારે જ્યારે આપણે જ્ઞાતિને નામે વિચારવા મળીએ છીએ ત્યારે સ્હેજે જ આપણે રાષ્ટ્રનું હિત ચૂકી જઇએ છીએ, અને સંકુચિત વર્તુળમાં આપણે સંકડાઇ જઇએ છીએ. રાષ્ટ્રવાદને જો ફાલવા દેવો હોય, તો તેના મૂળમાંથી કોમવાદ અને જ્ઞાતિવાદનાં જંતુઓનો પ્રથમ નાશ કરવો જરૂરી છે. આજે જ્ઞાતિને નામે આ દેશમાં કેટલી યે સંસ્થાઓ નાનાં નાનાં કુંડાળાં રચીને બેઠી છે. જ્ઞાતિને નામે આવી સંસ્થાઓ નભાવવામાં તેને નભાવનારાઓ અભિમાન લ્યે છે. જે જ્ઞાતિમાં મોટા

શ્રીમંતો છે, તે જ્ઞાતિઓ પોતાના ગરીબ જ્ઞાતિબંધુઓ માટે શાળાઓ, છાત્રાલયો, હોસ્પીટલો, સેનેટેરીયમો, નિવાસાલયો, આશ્રમો વગેરે ચલાવી, પોતાની જ્ઞાતિની રહી સહી ગરીબીને દૂર કરી, આખી જ્ઞાતિનું હિત અને પ્રગતિ કરવા પ્રયત્ન કરે છે; પરંતુ જે જ્ઞાતિમાં કોઇ જ શ્રીમંત નથી, એ જ્ઞાતિનું હિત કેવી રીતે સધાશે, તેનો વિચાર તેઓ કરતા નથી. તેઓ એવી દલીલો કરે છે, કે આ 'મારી જ્ઞાતિનું' અમે સંભાળીએ, તો રાષ્ટ્રની એટલી જવાબદારી ઓછી થાય છે. જ્ઞાતિ પણ રાષ્ટ્રનું અંગ જ છે, અને અમારી જ્ઞાતિમાં પણ ઘણા રાષ્ટ્રવાદીઓ પાકયા છે, જેમણે દેશને માટે મોટા આત્મભોગ આપ્યા છે.' પરંતુ આમ થવાથી આગળ વધેલી અને સમૃદ્ધ જ્ઞાતિઓ આગળ વધે છે; અને પાછળ રહેલી અને ગરીબ જ્ઞાતિઓ વધુ પાછળ પડે છે. રાષ્ટ્રવાદમાં ભૌગોલિક દ્રષ્ટિએ જવાબદારી લેવાનું વિચારી શકાય, જ્ઞાતિની દ્રષ્ટિએ નહિ જ. જ્ઞાતિના વાડાથી રાષ્ટ્રનું હિત થઇ શકશે નહિ. અહિત જ થશે.

જ્ઞાતિ સંસ્થાઓની ઉપયોગિતા લગ્ન પુરતી છે. જ્ઞાતિ એ લગ્નનું વર્તુળ છે. અને આ જાતનાં વર્તુળોની ઉપયોગિતા હવે કશી રહી નથી. લગ્ન માટેનાં વર્તુળો જેમ જેમ નાનાં બનતાં ગયાં, તેમ આપણી દૃષ્ટિ સંકુચિત બનતી ગઇ, સારા છોકરા છોકરીઓ માટે યોગ્ય પાત્રો મેળવવાની મુંઝવણ પણ વધતી ગઇ અને સેવાનું તથા દાનનું ક્ષેત્ર ટુંકૂ અને ટુંકુ બનતું રહ્યું. આજે એ સ્થિતિએ વાત આવી પહોંચી છે કે કોઇ સાર્વજનિક સંસ્થાને માટે નાણાંની તંગી છે, જ્યારે જ્ઞાતિ સંસ્થાઓ કે તેથી યે નાનાં વર્તુળો માટે નાણાં જોઇએ તેટલાં મળી શકે છે.

જ્ઞાતિ સંસ્થાની કોઇ જરૂરીયાત આજે રહી નથી. આજે રાષ્ટ્રહિતની દૃષ્ટિએ પણ જ્ઞાતિસંસ્થા નાશ જ માગે છે. લગ્નનો પ્રશ્ન વ્યકિતગત પ્રશ્ન હોઇને એને કોઇ બંધનથી બાંધવાની જરૂર નથી.

બીજી બાજુ કોમી ધોરણે પણ જે શાળાઓ, છાત્રાલયો, કલબો, ધર્મશાળાઓ ચાલે છે, તે પણ બંધ થવાં જોઇએ. હિંદુ સ્નાનગૃહ કે હિંદુ હાઇસ્કૂલમાં હિંદુપણા જેવું શું છે? જ્યાં નહાવું છે કે ભણવું છે, ત્યાં હિંદુ શું અને મુસ્લીમ શું? રમતગમતની કલબોમાં કોઇ હિંદુ રમત કે મુસ્લીમ રમત હોતી નથી, તો એવી કલબો કોમી ધોરણે શા માટે જોઇએ?

છાત્રાલયો, હોટલો ભોજનાલયો વગેરેમાં ભોજનના પ્રકારને કારણે હિંદુ–મુસ્લીમ–પારસી–ખ્રીસ્તીના ભેદો રાખવાનું કદાચ જરૂરી જણાય. પરંતુ એ માટે એ રીતે કોમી ધોરણ ન રાખતાં નિરામિષાહારી ( વેજીટેરીયન ) અને આમિષાહારી ( નોનવેજીટેરીયન ) એવા ભેદ રાખી શકાય. અને જો કોઇ મુસ્લીમ, પારસી કે ખ્રીસ્તી ચૂસ્ત વનસ્પત્યાહારી હોય, તો તે વનસ્પત્યાહારી હિંદુ સાથે એક છાત્રાલય કે હોટલમાં જરૂર રહી શકે. એમાં વાંધો હોવો ન જોઇએ.

કોમ અને જ્ઞાતિને નામે આવી જે જે સંસ્થાઓ ચાલે છે, તે જેમ નાશ થવાને યોગ્ય છે, તેમ ધર્મને નામે પણ દેવમંદિરો અને પૂજાસ્થાનો સિવાય શાળા, છાત્રાલયો, દવાખાનાંઓ, નિવાસાલયો વગેરે ન હોવાં જોઇએ. જો જ્ઞાતિની જરૂર નથી, તો જ્ઞાતિને નામે મંડળો પણ જરૂરનાં નથી. અને એવી રીતે કોમને નામે હિંદુ સ્વયંસેવક દળ કે મુસ્લીમ સ્વયંસેવક દળ, હિંદુ વ્યાયામ શાળા કે મુસ્લીમ વ્યાયામ શાળા, એનાં કોઇ દળ, શાળા કે મંડળો જરૂરનાં નથી. કોમવાદને જો જડમૂળમાંથી ઉખેડી નાખવો હોય તો આવી સંસ્થાઓનો હવે અંત લાવવો જ જોઇએ.

ધર્મ એ અંગત પ્રશ્ન છે. આંતરિક માન્યતાનો પ્રશ્ન છે. ધર્મ એ સંસ્કાર છે. અને એ સંસ્કાર ખીલવા ખીલાવવા માટે, આધ્યાત્મિક, નૈતિક અને રાષ્ટ્રીય જીવનને ઉંચું લાવવા માટે, હિંદુઓનાં, મુસ્લીમોનાં પારસીઓનાં કે જૈનોનાં મંડળો હોઇ શકે; ધર્મસ્થાનો, પૂજાસ્થાનો અને પ્રાર્થનાસ્થાનો અલગ હોઇ શકે. પરંતુ એના મૂળમાં સર્વધર્મ સમભાવ તો હોવો જ જોઇશે, નહિતર સંસ્કારને નામે સંગઠિત થતાં ધાર્મિક મંડળો ધર્માંધતાને વશ બનીને વળી કેટલાંક કુકર્મો કરી નાખશે એવો ભય રહ્યા કરે છે.

જૈનને હિંદુમાં સમાવેશ કરવા–ન કરવાનો–પ્રશ્ન હમણાં બહુ જ ચર્ચાઇ રહ્યો છે. જૈન ધર્મ હિંદુ ધર્મથી ઠીક અંશે અલગ હોવા છતાં, જૈન સમાજ એ હિંદુ સમાજથી અલગ નથી. સામાજીક સંસ્થા તરીકે જૈન એ હિંદુ છે. આમ છતાં જૈન તત્વજ્ઞાન એ હિંદુ શાસ્ત્રોમાં સમાઇ શકતું નથી, અને તેથી સામાજીક રીતે જૈન હિંદુ હોવા છતાં જૈન એક સ્વતંત્ર ફિલસુફી છે. એની પણ ના કહી શકાય એમ નથી.

જૈન એ કોઇ કોમ અથવા જ્ઞાતિ નથી. કેટલાક સંકુચિત વિચારના માણસોએ જૈનોનાં લગ્ન માટેનાં પણ વર્તુળો બનાવી દઇને એને કોમ જેવી બનાવી દીધી છે. પરંતુ એવી કોઇ રચના જૈન ફિલસુફીને માન્ય નથી. જૈન કે તેના પેટા વિભાગોને નામે આવા વાડાઓ ન જોઇએ.

જૈન ફિલસુફી કે ધર્મને જે માને છે, તે જૈનો છે, અને તે ફિલસુફી કે ધર્મના અભ્યાસ, વિકાસ અને પ્રચાર માટે જૈન સંઘ જેવી સંસ્થા હોઇ શકે છે. આ રીતે જૈન સાધુસંસ્થા, શ્રાવક સંસ્થા કોન્ફરન્સો કે યુવક સંઘો હોઇ શકે છે; જેનું કાર્ય જૈન સંસ્કૃતિનો અને અને જૈન ફિલસુફીનો પ્રચાર કરવાનું હોઇ શકે. સામાજિક કાર્યો માટે જૈનોનાં વર્તુળો બાંધવાનું નહિ. જૈનો સામાજિક સેવા અને રાહતનાં કાર્યો કરી શકે છે, પરંતુ એનો લાભ જૈનો પુરતો મર્યાદિત ન રાખતાં સાર્વજનિક રહેવો જોઇએ.

મુંબઇ જૈન યુવક સંઘ સાર્વજનિક સેવા માટેની એક સંસ્થા છે. એનું પુસ્તકાલય, વાચનાલય, મુખપત્ર અને વ્યાખ્યાનમાળા આદિ સાર્વજનિક હિતને માટે જ છે. એટલે તેથી તે રાષ્ટ્રહિતને અનુકુળ રહી શકે છે. એના ધ્યેયને એ વફાદાર રહે ત્યાં સુધી એ કોમી નહિ પણ એક રાષ્ટ્રીય સંસ્થા જ છે.

આમ છતાં તેના કેટલાક સભ્યોને જૈન શબ્દની ભડક લાગવા માંડી છે; અને તે સંસ્થા સાથે કેવળ જૈન શબ્દ જોડાએલો હોવાને લીધે બીનમજહબી રાજ્યના સિદ્ધાંત સાથે સહમત હોઇએ તો જૈન યુવક સંઘમાં રહી ન શકાય, એવા વિચાર આવવા લાગ્યા છે.

પરંતુ મારૂં માનવું છે કે કોઇ કેવળ પોતાની જાતને જૈન કહેવડાવવાથી કોમી બની જતું નથી. માણસે પોતાની આધ્યાત્મિક ઉન્નતિને અર્થે કોઇ ને કોઇ તત્ત્વજ્ઞાન સ્વીકારવું જ પડશે. રાષ્ટ્રીયતા એક નીતિ છે, તત્ત્વજ્ઞાન નથી. દેશની રાજકીય, સામાજિક અને આર્થિક ઉન્નતિ માટે આપણે રાષ્ટ્રીયતા અપનાવવી પડશે; પરંતુ માણસને પોતાની આધ્યાત્મિક ઉન્નતિ માટે તો ધર્મની જ જરૂર પડશે. એવો સર્વસામાન્ય ધર્મ અને સર્વસામાન્ય તત્ત્વજ્ઞાન અસ્તિત્ત્વમાં ન હોઇને જે ધર્મમાં માણસનો જન્મ થયો હોય, અથવા જે ધર્મ પર માણસને શ્રદ્ધા બેઠી હોય, તેનું માર્ગદર્શન તેણે સ્વીકારવાનું હોય છે.

આ દૃષ્ટિએ જૈન યુવક સંઘનું અસ્તિત્વ રાષ્ટ્રવિરોધી નથી. અને તેથી તેમાં સામેલ રહેતાં આપણે રાષ્ટ્રવિમુખ કે કોમી માનસના બની જઇશુ, એવો ભય સેવવાનું કંઇ કારણ નથી.

આમ છતાં જૈન શબ્દની જ જો ભડક હોય, તો જૈન યુવક સંઘના હેતુઓ જે રાષ્ટ્રવાદી જ છે, તે ચાલુ રાખીને જૈન શબ્દને પડતો મૂકી એજ સંસ્થાનું સાર્વજનિક સંસ્થામાં પરિવર્તન થઇ શકે છે. આમ કરવાથી મૂળ સ્વરૂપમાં કશો ફેરફાર થતો નથી;

# વીણેલાં ફૂલો

[કેટલાંક સામાયિકો અને અખબારોમાં કેટલાંક સરસ લખાણો પ્રગટ થયાં હોય છે, જે જંગલનાં ફુલોની પેઠ બહુધા અણસુંઘ્યાં રહી જાય છે. આમાં વેરાએલાં ફુલોને એકઠાં કરીને વેણી કે હારરૂપે ગુંથી કોઇ એક માળી સ્ત્રી-પુરૂષોને અર્પણ કરી 'એક સારૂં કામ' કરે છે, તેમ એવાં સારાં લખાણોને એકઠાં કરી 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો સમક્ષ ધરવાનું પણ 'એક સારૂં કામ' છે, એમ માનીએ છીએ. આવાં લખાણો 'વીણેલાં ફૂલો' એ શિર્ષક તળે 'પ્રબુદ્ધ જૈન'માં અવારનવાર રજુ થયાં કરશે.

તંત્રી]

વજરેશ્વરી ગામથી ગરમ પાણીના ઝરા લગભગ એક માઇલ દૂર છે. એ સ્થાન અકલોલી ગામડાનો એક ભાગ છે. તાનસા નામની નદી એને પાદર આવેલી છે. આ નદીમાં બારે માસ પાણી રહે છે. આ સ્થાન રમણીય છે. આજુબાજુ નાના મોટા પહાડ, પાસે જ વહેતી નદી અને ગરમ પાણીના ઝરા ઉપરાંત ઘેરા જંગલની રમણીયતા મારી તબીયતને ત્યાંની હવા અનુકુળ થતી ચાલી. એટલે સ્વભાવિક રીતે એ સ્થાને સગવડતાથી રહી શકાય તો કેવું સારૂં ! એવી ઇચ્છા થતાં સંજોગવસાત થોડી જમીન વેચાતી લઇ ત્યાં મારા રહેણાક માટે ઝુંપડી બાંધવા ઠરાવ્યું.

## મલ્હાર કોળી કાનો

૧૯૪૨ ના વર્ષમાં ઝુંપડું બાંધવું શરૂ કર્યું ત્યારે રખેવાળ તરીકે કાના નામનો માણસ મળી ગયો. એની સ્ત્રી અને ત્રણ બાળકો પોતાનું ઝુંપડું બાંધી રહેવા કબુલ થયા. એ વખતે પુરૂષને માસીક રૂ. ૮. અને સ્ત્રીને માસીક રૂ. ૫ સુકો પગાર ઠરાવ્યો. અને એના ત્રણ બાળકોને એ ભણાવવા માટે મને સોંપે એવી બોલી કરી.

કાનો જાતનો મલ્હાર કોળી. આ કોમ આદીવાસી ગણાય છે. એના વડીલો ખેતી કરતા. કાનો નોકરીએ ચઢયો ત્યારે બેકાર હતો. બીજા ટંકે શું ખાવું એ પ્રશ્ન હતો. ગામડાના લોકોની હાલત કેવી છે એનાથી ગામલોકો પુરા માહીતગાર હોય છે. કાનાની છેલ્લી કોટીની આમદાનીથી ગામડાનો દુકાનદાર વાકેફ હતો એટલે એને ભીડ વખતે કંઇ ઉધાર ન આપે. પરંતુ કાનો કામે લાગ્યો એટલે એનો વહેવાર પાછો બંધાતો ચાલ્યો.

તાત્કાલિક એનું કુટુંબ રોટલા ભેગું થયું. એના બાળકોએ ભણવાનું શરૂ કર્યું પણ એ ટકયા નહિ. ભણતર ખાસ ન મેળવ્યુ.

બાળકો થોડા મોટા થતાં નાનાં મોટાં કામો કરી કાંઇક કમાતા થયાં.

કાના પાસે એક ગાય હતી તે વીયાણી એટલે મેં પૂછયું, દુધ કેટલું આપે ? તો કહે ટંકે પાશેર દોઢ પાશેર. આટલા ઓછા દુધનું કારણ ધણીને ખાવાના સાસાં ત્યાં ઢોરને કયાંથી ખવડાવે. ગાયને છોકરા સાથે જંગલમાં ચરવા મોકલે અને ત્યાં જે ચારો મેળવે તે જ. ઘેર ખીલે બંધાય પછી દાણો કે ઘાસ ન મળે.

મેં ગાયને ચુની દાણો આપવો શરૂ કર્યો. એકાદ મહીનામાં ગાય તંદુરસ્ત થતી ચાલી. દુધ વધ્યું. અને થોડો વખત તો બંને ટંક મળી દુધ લગભગ અઢીશેર મળવા લાગ્યું.

વર્ષો વર્ષ કાનાને પગાર વધારો મળે, સ્ત્રી બાળકો પણ કમાય, ગાયના દુઝાણાની આવક થઇ, આમ બધું મળીને કાનાની માસિક કમાણી રૂા. ૮૦ સુધી પહોંચી.

મારા હસ્તકના ગ્રામઉદ્યોગ કેન્દ્રમાં હાથછડના ચોખાનું કામ ચાલતું હતું જેમાં લગભગ ૫૦ થી ૬૦ માણસો કામ કરતા. એમની પાસેથી કામ લેવાની આવડત કાનામાં હતી.

એને જે આવક થતી તેમાંથી એ બચત કરી મારી પાસે પૈસા જમે રાખે એમ હું સમજાવી શકયો. ક્રમે ક્રમે પાંચ વર્ષને અંતે એ રકમ રૂા. ૪૦૦ સુધી પહોંચી. એની જ્ઞાતિમાં આટલી રકમ કોઇની પાસે નહોતી એટલે કાનો એના સમાજમાં શ્રીમંત ગણાવા લાગ્યો.

પોતાના વડીલોની માફક ખેતી કરવા એની ઇચ્છા થઈ. હવે તો એની આર્થિક સ્થિતિ સારી હતી, એક વખતનું ભુખ્યું કુટુંબ પોતાની જાત મહેનતથી બંને ટંક સુખનો રોટલો ખાઇ નીરાંતે રહેવા લાગ્યું.

પાસેના જ ગામમાં પાંચ એકર જમીન ગણોતે ખેડવા રાખી. જરૂરી સાધનો હળ, બળદો વિગેરે એણે મેળવ્યા. બીજે વર્ષે ત્રણ એકર જમીન વધુ મેળવી ભાતની ખેતી શરૂ કરી. એનામાં ખેતીની આવડત હતી. એ આવડત એના બાળકોને મળી. દેશમાં ધાન્યના ભાવ સારા ઉપજતા એ કારણે કાનાની કમાણી વધી. આજે એ સુખી કુટુંબ તાનસા નદીને કિનારે પોતાનું ઝુંપડું બાંધી ખેતી કરી આનંદમાં રહે છે.

'ગ્રામોદ્યોગ પત્રિકા'માંથી. — વિઠલદાસ જેરાજાણી

## એ કેમ ભુલાય ?

હિંદુ વિધવા એટલે અનાથ અબળા. એક એવી જ બહેનની દયાજનક સ્થિતિનો લાભ તેના જેઠે અનુચિત સંબંધદ્વારા લીધો. ગર્ભ પ્રકટ થયો એટલે તેને પિતાને ત્યાં પહોંચાડવામાં આવી. મા-બાપ સહૃદય હતાં, મમતા ઉભરાઇ, અને પુત્રીને તેમણે આશ્રય આપ્યો. ગર્ભપાત માટે પ્રયત્ન પણ કરવામાં આવ્યો; પણ દુર્દૈવથી વાત લોકોમાં ફેલાઇ ગઇ અને પોલીસનો પહેરો બેસી ગયો. પૂરે દિવસે કન્યાનો જન્મ થયો.

ન્યાતની પંચાયત બેઠી. એના બાપને ન્યાત બહાર મૂકવાનો નિશ્ચય થયો. તેણે બહુએ કહ્યું કે એમાં તેનો કોઇ દોષ નથી, બલકે ઉપકાર છે કે બે જીવોની રક્ષા કરવામાં આવી. ન્યાત બહાર તો જેણે પાપ કર્યું હોય તેને મુકવો જોઇએ. પંચે બાપને કહ્યું કે તમારો વાંક એ બાઇને તમારે ત્યાં રાખવા પુરતો છે. તેને તમે રાખો નહિ.

પિતા ભીરૂ હતો. સમાજને છોડવા તે તૈયાર નહોતો. લાચાર થઇને તે એક દિવસ પુત્રીને લઇને બહારગામ ગયો અને તેને વેચી આવ્યો !

* * *

સમાજના યોગ્ય વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિઓ આપીને તેમની આર્થિક મુશ્કેલીઓ દૂર કરી સમાજને કેળવણી આપનારી એક સંસ્થા તરફથી કેટલાક ગૃહસ્થો એક શ્રીમંતને ત્યાં ગયા. શેઠજીએ

---

પણ જૈન શબ્દ સામેલ હોવાથી આ સંસ્થા કોમી ગણાઇ જવાનો જે ભય કોઇમાં રહેલો છે. તે દૂર થઇ જશે.

દેશને રાજકીય આઝાદી પ્રાપ્ત થઇ છે; પણ હજુ સામાજિક અને આર્થિક પરતંત્રતા રહી છે. એ દૂર કરવા માટે આપણે મથવાનું છે. આવી બીનકોમી, રાષ્ટ્રવાદી, સામાજિક સંસ્થાના આશ્રયે આ ધ્યેયને પહોંચી વળવામાં આપણે જરૂર ફાળો આપી શકીએ.

આપણું મૂળ ધ્યેય તો હાલ કોમવાદનું ઉન્મૂલન કરવાનું હોવું જોઇએ. કોમીવાદ નાનામાં નાના સ્વરૂપમાં જ્યાં મળે ત્યાંથી નાશ પામવો જોઇએ. મુંબઇ જૈન યુવક સંઘનું બંધારણ, સભ્યપદ, ભૂત ઇતિહાસ અને વર્તમાન પ્રવૃત્તિ જોતાં, કોમવાદના નાશ માટે એ ઘણું કરી શકે. એનું નજીકનું ધ્યેય જો કોમવાદના નાશનું હશે, અને એ માટે જો એ યોગ્ય પ્રવૃત્તિ ઉત્સાહપૂર્વક હાથ ધરશે, તો રાષ્ટ્રોત્થાનના કાર્યમાં એણે મોટો ફાળો આપ્યો ગણાશે.

જટુભાઇ મહેતા

આદરપૂર્વક આગંતુકોનું આતિથ્ય કર્યું; પરન્તુ ફંડમાં નાણું ભરવાની વાત નીકળતાં તેમણે સહાય કરવાની ના કહી. શેઠજીએ કહ્યું: "આપનો પ્રયત્ન પ્રશંસનીય છે, પરન્તુ હાલમાં મારી આર્થિક સ્થિતિ એવી નથી કે જેથી હું સહાય તરીકે કાંઇ આપી શકું.'

થોડા મહિના પછી એ શેઠનાં માતુશ્રીનો સ્વર્ગવાસ થયો. મૃત્યુભોજનની ભારે તૈયારીઓ થવા લાગી. કોઇએ કહ્યું કે આ રીતે મૃત્યુ ભોજનની પાછળ રૂપિયા કેમ ઉડાડો છો, તો શેઠે જવાબ આપ્યો કે, "આપનું કહેવું ઠીક છે, પણ ન્યાતની સેવા કરવાનો બીજો કયો માર્ગ છે? આ ધન ન્યાતને ખાવાપીવામાં કામ નહિ લાગે તો તેનો બીજો શો ઉપયોગ છે? ન્યાતનાં માણસોને ખવડાવવાનો મોકો ફરી ક્યારે મળવાનો છે?"

અને શેઠે એ ભોજન પાછળ ૧૫-૨૦ હજાર રૂપિયા ખર્ચ્યા!

* * *

અહીંસાનું શિક્ષણ આપનારા એક ગુરૂકુળનો વાર્ષિક ઉત્સવ હતો. ગુરૂકુળનો પ્રતાપ દર્શાવવા માટે પ્રમુખનું સરઘસ હાથી પર કાઢવાની જરૂર હતી. હાથીને લાવવામાં આવ્યો. હાથીને શણગારીને તેની ઉપરની અંબાડીમાં પ્રમુખ અને સ્વાગતાધ્યક્ષને બેસાડવામાં આવ્યા. સરઘસ શરૂ થવાનું હતું એટલામાં કોઇએ કહ્યું કે પ્રારંભમાં જો હાથી ચીસ નાંખે તો તે મંગળપ્રદ બને છે. એટલે મહાવતને કહેવામાં આવ્યું કે અંકુશ મારીને હાથીની ચીસ પડાવવામાં આવે!

હાથી હઠીલો હતો. અંકુશ મારવામાં આવ્યા છતાં પહેલીવાર તો ચૂપ જ રહ્યો, બીજીવાર પણ ચૂપ રહ્યો, પણ ત્રીજીવાર અંકુશ એટલો જોરથી મારવામાં આવ્યો કે ચીસ પાડી ગયો.

જનતા ઉત્સુક અને ઉત્સાહિત હતી. મંગલ ધ્વની કાનમાં પડતાંની સાથે સરઘસ 'ભગવાન મહાવીરની જય'ના પોકારો સાથે આગળ વધી રહ્યું.

મેં જોયું કે હાથી હજી સીસકાર્યા કરતો હતો, આંસુની ધારા આંખોમાંથી અને લોહીની ધારા મસ્તક પરથી વહી રહી હતી.

—જૈન જગત.

### એકતાનો માર્ગ

ગયા એપ્રીલ માસમાં જામનેર મુકામે ભારત જૈન મહામંડળનું અધિવેશન ભરાયું તે અવસરે તા. ૧૦-૪-૪૯ના રોજ જૈનસંઘમાં સંપ શી રીતે થાય એ સંબંધી હળવી ચર્ચા કરવામાં આવી હતી અને એ પ્રસંગે જુદા જુદા વકતાઓએ પોતપોતાનો અનુભવ વર્ણવ્યો હતો. આમાં લખનૌના શ્રીયુત અજિતપ્રસાદજી, જેઓ 'જૈન ગેઝેટ' નામક અંગ્રેજી માસિકના તંત્રી છે. તેમણે પોતાનો એક પ્રસંગ વર્ણવ્યો તે સૌ કોઇએ જાણવા જેવો હોઇ અહીં આપીએ છીએ. તેઓએ જણાવ્યું હતું કેઃ—

"બ્ર. શીતલપ્રસાદજીની કૃપાથી મારે ત્યાં એક ઘરદેરાસર છે. એમાંની મૂર્તિ દિગંબર છે. એક દિવસ એક શ્વેતાંબર સજ્જન આવ્યા અને મારા દીકરાને પૂછવા લાગ્યા કે-શ્વેતાંબર મંદિર કેટલું દૂર છે. એમને બે કલાક પછી તો ગાડીએ પહોંચવું હતું. એમને નીયમ હતો કે પૂજા કર્યા વગર જમવું નહીં. એ અસંભવ હતું કે ત્યાંથી ત્રણ માઇલ ચાલીને શ્વેતાંબર મંદીરે જાય અને પૂજા કરીને, ભોજન કરીને ગાડીએ પહોંચે. ઉપર આ વાત સાંભળી હું નીચે આવ્યો. મેં કહ્યું 'અત્યારે મારી પાસે મોટર નથી. અમારે ત્યાંના ઘરદેરાસરમાં તમારી પરંપરા પ્રમાણે ચંદન-કેસરના આભુષણો બનાવીને પૂજા કરી શકો છો.' તેઓ અચંબામાં પડી ગયા અને બોલ્યા 'શું, તમે એમ કરવા દેશો?' મને કશો જ વાંધો ન હતો. તેઓ ઉપર આવ્યા. મેં પણ મદદ કરી. તેઓ પૂજા કરીને, ચાલ્યા ગયા મેં ફરીથી અભિષેક કરીને મુર્તિને દીગંબર બનાવી દીધી. કેટલાક દીગંબર ભાઇઓ ગુસ્સે થયા, પણ તેમનું સમાધાન થઇ ગયું. બધી વાત તો ભાવનાની છે. આપણે ઇચ્છીએ તો ક્ષણમાં આ જ ક્ષણે આપણે એક થઇ શકીએ.'

આ પ્રસંગના સંબંધમાં કશું કહેવાની જરૂર નથી. વાત એટલી જ છે કે એક વખત આપણે જૈન સંઘમાં એકતાની જરૂરિયાતનો સાચા દિલથી સ્વીકાર કરીએ તો પછી એને સફળ બનાવવા એક નહીં હજાર રસ્તા છે. અમે તો આવી એકતાની જરૂર બહુ જ સ્પષ્ટ રીતે સ્વીકારીએ છીએ. આવી એકતા વગર આપણો સંઘ નિર્જીવ કલેવર જેવો સત્ત્વહીન બની જવાનો. આમાંથી ઉગરવાનો એક માત્ર માર્ગ આખાય જૈન સંઘની એકતા જ છે. અને એ એકતા સંપ્રદાયિક કે ક્રિયાકાંડની કટ્ટરતાને વેગળી મૂકવાથી જ સિધ્ધ થઇ શકે એમ છે.

## રાજકારણની કરૂણતા

### ધારાસભામાં નીમણુકો

વડોદરા, કોલ્હાપુર તેમજ ગુજરાત અને મહારાષ્ટ્રનાં જે દેશી રાજ્યોને મુંબઇ પ્રાન્ત સાથે જોડી દેવામાં આવેલ છે, તેના પ્રતિનિધિઓને મુંબઇની ધારાસભામાં દાખલ કરવા માટે ચૂંટણીઓ કરવાને બદલે સરકારે ગવર્નર જનરલ તેમની નિમણુકો કરે એવો નિર્ણય કર્યો છે. આ નિમણુકો ૧ લી ઓગસ્ટે જાહેર થનાર છે, અને આ લેખ પ્રગટ થતાં સુધીમાં તે જાહેર પણ થઇ ચૂકી હશે.

મુંબઇ ધારાસભામાં થનારી આવી નીમણુકો થોડીઘણી નહિ, પણ લગભગ ૬૫-૬૭ ની સંખ્યામાં છે. ધારાસભામાં હંમેશાં ચૂંટાએલા પ્રતિનિધિઓ જ બેસે; અને એ જ લોકશાહી રીત છે. બ્રિટિશ રાજ્યઅમલ દરમિયાન એ જ રીત અમલમાં રહી છે. એટલે સરકાર આજે જે નીમણુકો કરી રહી છે, એ કેવળ બીન-લોકશાહી પગલું છે; અને લોકશાહીને વરેલી કહેવાતી પ્રજાકીય સરકાર આવું બીનલોકશાહી પગલુ લ્યે, એ કેવળ રાજકારણની કરૂણતા છે.

ધારાસભાની વિધિપુરઃસરની ચૂંટણી થયા પછી કોઇપણ વખતે એકપણ બેઠક કોઇ કારણે ખાલી પડે, ત્યારે પણ તે જગ્યા ચૂંટણીથી જ પૂરવાનો રિવાજ છે; અને તેને અનુસરીને જાહેર થયેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ મુંબઇ ધારાસભામાં તાજેતરમાં જ શ્રી. યુસુફ મેહેરઅલી બીનહરીફ ચૂંટાઇ આવ્યા છે. અને શ્રી. પુરૂષોત્તમ ત્રીકમદાસ વધુ મતો મેળવીને ચૂંટાઇ આવ્યા છે, તે આપણી યાદદાસ્તની તાજી બીના છે. આમ છતાં ૬૫-૬૭ જેટલી મોટી સંખ્યા કેવળ નીમણુકથી જ ધારાસભામાં લેવાઇ જાય, એ કોઇ રીતે યોગ્ય કહી શકાય નહિ.

એમ કહેવામાં આવે છે કે ચૂંટણી માટે આ રાજ્યોમાં મતદારોનાં લિસ્ટ તૈયાર નથી; અને એ તૈયારી કરતાં મહીનાઓ વીતી જવા સંભવ છે. વળી ચૂંટણી માટે અનુકૂળ વાતાવરણ નથી, એટલે નીમણુકોનો માર્ગ અખત્યાર કરવામાં આવ્યો છે.

આ દલીલો કેટલે અંશે વ્યાજબી છે, તે વિચારીએ. આ દેશી રાજ્યોમાં જે સૌથી મોટાં વડોદરા અને કોલ્હાપુર છે, ત્યાં તો ધારાસભાઓ હતી જ; અને ત્યાં મતદાર પત્રકો પણ તૈયાર જ છે. તે મુજબ તાજેતરમાં તે તે રાજ્યોની ધારાસસભાઓની ચૂંટણીઓ પણ થનાર હતી જ. એટલે મોટા ભાગની બેઠકો માટે મતદારોના લીસ્ટનો પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી.

બાકી જે નાનાં રાજ્યો રહ્યાં, જેમાંથી થોડી સંખ્યામાં સભ્યો લેવાના છે, તેના મતપત્રકો તાત્કાલિક તૈયાર કરાવવાનું મુશ્કેલ નથી. એ પ્રદેશમાં મોટાં શહેરો ન હોઇને, કારકૂનો અને

શિક્ષકોની મદદથી મામલતદારો બે-ત્રણ માસમાં મતપત્રકો તૈયાર કરાવી શકે.

મત એ પ્રજાનો મહત્વનો અધિકાર છે, અને તે ભોગવવાની તક પણ તેમને આપવી જ જોઈએ. આમ છતાં મતપત્રકો તૈયાર કરવાનું સરકારને મુશ્કેલ લગ્યું હોય તો પણ જ્યાં મતપત્રકો તૈયાર છે તે વડોદરા અને કોલ્હાપુરની પ્રજાને ચૂંટણીનો અધિકાર આપી જ શકાય છે. છતાં આ અધિકાર કેમ છીનવી લેવાય છે, તે સમજી શકાતું નથી.

વળી આજે ગુજરાત કે મહારાષ્ટ્રમાં ચૂંટણી માટે વાતાવરણ કોઇ રીતે પ્રતિકૂળ નથી. આજે ક્યાંય કોમીઝગડા છે નહિ, તેમ બીજી કોઇ અવ્યવસ્થા પણ છે નહિ. ગુજરાતમાંથી ગુજરાતીઓ અને મહારાષ્ટ્રમાંથી મહારાષ્ટ્રીયનોની જ ચૂંટણી થવાની છે; એટલે અહીં તો ગુજરાત-મહારાષ્ટ્રનો કોઇ ભાષાકીય પ્રશ્ન પણ નડતો નથી.

અને આમ છતાં આટલી બધી બેઠકો નીમણુકોથી જ પુરાય એ જેટલું વિચિત્ર છે, તેટલું જ લોકશાહી તંત્ર માટે કરૂણ પણ છે.

વધુમાં સમાચાર પ્રાપ્ત થાય છે કે આ રાજ્યોમાંથી મુંબઇના પ્રધાનોમાં પણ બે સભ્યોને પ્રધાનો તરીકે લેવામાં આવનાર છે. જેઓ ધારાસભામાં ચૂંટાઇને આવ્યા ન હોય, તેમને પ્રધાનો તરીકે લઇ લેવામાં તો રાજકારણની સંપૂર્ણ કરૂણતા સિવાય બીજું કંઇ નથી.

આ નીમણુકો સામે મુંબઇ, ગુજરાત અને મહારાષ્ટ્રનાં દેશી રાજ્યોમાંથી વિરોધના સૂરો પ્રગટયા છે. વડોદરામાં પ્રજાએ મોટું આંદોલન પણ શરૂ કર્યું હતું; પરંતુ પ્રજાને સાંભળવા કે દાદ દેવાને બદલે પ્રજાકીય સરકારે લાઠી ચાર્જ અને ધરપકડોનો આશરો લીધો છે; તેમાં લોકશાહીનો દંભ પુરેપુરો ખુલ્લો પડી ગયો છે.

## ગુજરાતની પ્રજાનો પોકાર

ડાંગ પ્રદેશની ભાષાના સરકારી નિર્ણય સામે ગુજરાતની પ્રજાએ જે પોકાર ઉઠાવ્યો છે, તે મુંબઇનાં અખબારોએ ભલે દબાવ્યો હોય, છતાં એ પોકાર જેવો તેવો નહોતો, એ તો અમદાવાદ અને સુરતનાં છાપાં જેઓ વાંચતા હશે, તેને ખબર હશે. મુંબઇ અને ગુજરાતની અનેક સંસ્થાઓએ સભાઓ ભરીને તેમ જ ઠરાવો કરીને પોતાનો જે વિરોધ દર્શાવ્યો છે, તે સામે મુંબઇ સરકારે બીલકુલ લક્ષ આપ્યું નથી, એટલું જ નહિ પણ જે પ્રજાની વતી પે તે સિંહાસન પર બેઠા છે, તે જ પ્રજાને અવગણવામાં પોતાની સત્તા તેઓ મક્કમ રીતે ભોગવી રહ્યા છે, એવું શ્રી. મોરારજીભાઇ માની રહ્યા હોય એમ દેખાય છે. ડાંગ સંબંધમાં મુંબઇ સરકારને પં. ઓંકારનાથજી વગેરેએ જે અભ્યાસપૂર્ણ પ્રશ્નો પૂછ્યા છે, તેનો જવાબ સરકારે આપવો જોઇતો હતો; પણ તેમ કરવાને બદલે મૌન જ સેવ્યું છે. ગુજરાતની પ્રજાની માગણી પણ કેટલી સાદી અને ન્યાયી છે? તે કહે છે કે ડાંગ પ્રદેશની ભાષાનો નિર્ણય કરવાનું કામ ભાષાશાસ્ત્રીઓની નિષ્પક્ષ સમિતિને સરકાર સોંપે. પણ સરકાર કોઈનું સાંભળવાને બદલે પોતાની સત્તા પર મુસ્તાક રહેવા માગે છે; એટલે પ્રજાની આટલી ન્યાયી માગણી પણ એ સ્વીકારવા તૈયાર નથી, એ દુઃખની વાત છે.

મુંબઇ સરકારના આ નિર્ણય સામે જેઓ પુકાર ઉઠાવે છે, તેઓ સરકારના વિરોધીઓ કે સામ્યવાદીઓ નથી. એમાંના ઘણાખરા ચુસ્ત કોંગ્રેસીઓ અને કોંગ્રેસભકતો જ છે; અને છતાં તેમની અવગણના કરીને કોંગ્રેસ સરકાર પોતાના જ અનુયાયીઓની અવગણના કરે છે, અને કુહાડો પોતાના જ પગ પર મારે છે. ન્યાય તો બાજુએ રહ્યો, સરકાર મુત્સદ્દીગીરીનું ડહાપણ પણ બતાવી શકતી નથી, એ રાજકારણની મોટી કરૂણતા છે.

## રાણી ગ્વીદાલો

કોંગ્રેસ સરકારના રાજકારણની સૌથી મોટી કરૂણતા એ રાણી ગ્વીદાલોનો પ્રશ્ન છે.

હિંદુસ્તાન જેને માટે પોતાનું માથું ઉંચું રાખી શકે એવી આસામના પહાડી પ્રદેશની આ ક્રાન્તિકારી નારીએ બ્રિટિશ શાહીવાદની સામે પોતાનું માથું ઉંચુંકર્યું હતું, અને આ કીસાન નારીએ આસામની પ્રજાની સરદારી લઇને બ્રિટિશ સરકારનો એવો સખ્ત સામનો કર્યો હતો કે પરદેશી સરકારે એની ધરપકડ કરીને સને ૧૯૩૩ માં જન્મભર દેશનિકાલની સજા કરી હતી.

આજે સોળ વર્ષનાં બંધન પછી સરકારે એને તાજેતરમાં મુક્તિ આપી છે. વડા પ્રધાન પંડિત નહેરૂએ આ બહાદુર નારીને રૂા. ૫૦૦/- અંગત ભેટ તરીકે મોકલાવ્યા છે, જ્યારે આસામની સરકારે તેને માસિક ૭૫/- રૂપિયાની જીવાઇ બાંધી આપી છે.

દેશને ખાતર જેણે ભોગ આપ્યા છે એવા વીર સ્ત્રી-પુરૂષો માટે મદ્રાસ સરકારે આવા વીરોને જમીન તથા સારી જીવાઇ આપીને તેમના કામની થોડી કદર કરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. શ્રીમતી માર્ગારેટ કઝીન્સ નામની એક યુરોપી બાનુ જેણે હિંદના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લઇને આઠ માસની જેલ ભોગવી હતી, તેને મદ્રાસ સરકારે પુરસ્કાર તરીકે રૂા. ૫૦૦૦ ની રકમ ભેટ ધરી છે.

જ્યારે બીજી બાજુથી આસામની ક્રાન્તિકારી નારી જેણે બ્રિટિશ સરકારને હાથે અસંખ્ય જુલ્મો સહન કર્યાં છે, અને સોળ- સોળ વર્ષ સુધી પોતાના જીવનનો અતિ કીંમતી સમય જેલમાં ગાળીને અત્યુત્તમ આત્મભોગ આપ્યો છે, તેને કેવળ ૭૫/-રૂપીયાની મામુલી જીવાઇથી સન્માનવામાં આવેલ છે.

આજના વડા પ્રધાન અને એ વખતના દેશના લાડીલા યુવાન પં. જવાહરલાલ આ રાણી ગ્વીદાલોના ભારે પ્રશંસક હતા. તેમણે બાર-તેર વર્ષ પહેલાં આ બહાદુર નારી વિષે એક મોટો લેખ લખતાં તેને જગતની મહાન ક્રાન્તિકારી નારી તરીકે બીરદાવી હતી. સને ૧૯૩૬માં તેને મુક્ત કરાવવા માટે કોંગ્રેસની હરિપુરાની બેઠકમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો; અને છતાં ૧૯૩૭માં આસામમાં કોંગ્રેસ સત્તા પર આવ્યા છતાં તેની મુક્તિ થઇ શકી નહિ. પંડિત નહેરૂની આગેવાની નીચે હિંદમાં વચગાળાની સરકાર રચાઇ, ત્યારે પણ એનો છુટકારો થયો નહિ. જે આઝાદી માટે એણે કીંમતી ભોગો આપ્યા હતા, તે આઝાદી ૧૯૪૭ના ઓગસ્ટની પંદરમીએ પ્રાપ્ત થઇ, ત્યારે પણ એનો છુટકારો થઇ શકયો નહિ. આજે જ્યારે એની સજાની ૧૬ વર્ષની મુદત પુરી થવા આવી છે, અને હિંદમાં બ્રિટિશ સરકાર ચાલુ હોત તો એણે પણ એનો છુટકારો કર્યો હોત, એ સમયે રાણી ગ્વીદાલોને હિંદની અને આસામની કોંગ્રેસ સરકારે મુકત કરેલ છે.

અને આસામનો કોઇ ગરીબ માનવી પણ સ્વાતંત્ર્યની આ પૂજારણનાં નામ પર ન્યોચ્છાવર કરી શકે એટલી મામુલી રકમ આસામની કોંગ્રેસ સરકારે એના ઉદરનિર્વાહ માટે મંજુર કરી છે!

માથું આપવા જે તૈયાર હતી, તેને શું ઉદર માટે સરકારે આ ભેટ આપીને આઝાદીની આ રીતે કદર કરી છે?

આ બનાવ કોંગ્રેસી રાજકારણની કરૂણતા નથી તો બીજું શું છે?

જટુભાઈ મહેતા

## સંઘદ્વારા વૈદ્યકીય રાહતનો પ્રબંધ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા કોઇ પણ જૈન ભાઇ કે બહેનને જરૂરી વૈદ્યકીય રાહત આપવાનો પ્રબંધ કેટલાયે સમયથી કરવામાં આવ્યો છે આ રાહતમાં દવા, ઇન્જેકશન, ડોકટરોના બીલો, હોસ્પીટલોનો ખર્ચ તેમ જ દર્દીને માંદગી દરમિયાન જરૂરી આર્થિક મદદ-આવી અનેક બાબતોનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ લેવા વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા મુંબઇ તેમજ પરાંઓમાં વસતા સૌ કોઇ જૈન બંધુઓ તેમ જ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

રતીલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

# સમાચાર અને નોંધ

## ગાંધીભકતોનો અવિવેક

મારવાડના સીયાણા ગામમાં સ્થાનિક કોંગ્રેસ સમિતિના ઉપક્રમે ગાંધીજીની મૂર્તિની સ્થાપનાનો એક મહોત્સવ કરવામાં આવ્યાના અને જૈનોમાં ધાર્મિક અનુષ્ઠાનના પ્રસંગે ઉછામણી કરીને પૈસા આપવામાં આવે છે તે રીતે ગાંધીમૂર્તિને હાર પહેરાવવા, આરતી ઉતારવા, ગુલાલ ચડાવવા વગેરે માટે પૈસા બોલવામાં આવ્યાના સમાચાર ભાવનગરથી નીકળતા 'જૈન' સાપ્તાહિકમાં પ્રગટ થયા છે. આ ઉત્સવમાં જૈનો તેમ જ જૈનેતરોએ પણ ભાગ લીધો હોવાનું જાણવા મળે છે.

જિન ભગવાનની મૂર્તિની પૂજાદિમાં ઘી બોલવાની જે પ્રથા ચાલી આવે છે, તે સામે પણ કેટલાક વિચારક જૈનોનો વિરોધ છે; એવે પ્રસંગે આવી કૃત્રિમતા અને દંભ સામે જેઓ સદાય વિરોધ કરતા તેવા ગાંધીજીની જ મૂર્તિ ઉપર આવા સંસ્કારો થાય, તે કોઇ રીતે યોગ્ય નથી. એમ કરવામાં ગાંધીભકતોએ ખુદ ગાંધીજી પ્રત્યે જ અવિવેક દર્શાવ્યો છે, એમ કહી શકાય.

વીરતા જો ઉંચા પ્રકારનો સદ્‌ગુણ છે, તો વીરપૂજા આ દેશમાં રહેવાની છે જ. અને વીરની પૂજા થાય એમાં ખોટું નથી. પરંતુ પૂજાની સ્થૂળ દૃષ્ટિએ અને ધાર્મિક દેવોની પૂજાની રીતે આવા વીર પુરૂષોની પૂજા કરવામાં આવે એ યોગ્ય નથી. એમની પૂજા એટલે એમના ગુણોને યાદ કરવા અને તેને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો. ગાંધીજી અત્યંત ધર્મપ્રેમી અને ઇશ્વરમાં અનન્ય શ્રદ્ધા રાખનારા હતા, છતાં તેમણે ઇશ્વરની સ્થૂળ પૂજા કરી નથી એવા ગાંધીજીની મૂર્તિની સ્થૂળપૂજા કરવામાં વિવેકભ્રષ્ટતા જ રહેલી છે.

ગાંધીજી પ્રત્યેના અનુરાગ અને ધર્મઘેલછાના પરિણામે એમના કોઇ ભકતો ભાન ભૂલીને તેમની મૂર્તિની આ રીતે સ્થાપના પૂજાદિ કરે, તો તેને અટકાવવાની કોંગ્રેસ સમિતિની ફરજ હતી; તેને બદલે સમિતિની છાયામાં જ આ પ્રસંગ બન્યો છે, એ વધુ દુઃખદ છે. કોઇ પણ વિચારવંત માણસે ખુબ સાવચેતી રાખીને આવા પ્રસંગોને રોકવા જોઇએ.

જેના પ્રત્યે આપણે ભકિતભાવ ધરાવીએ તેજ વ્યકિતના વિચારો વિરૂધ્ધ જ્યારે આપણે આચરણ કરીએ ત્યારે આપણે એના ભકત તરીકે નાલાયક ઠરીએ છીએ. શ્રીમદ્ રાજચંદ્રના પ્રસંગમાં પણ આવું જ બનેલું. તેઓ મતભેદને કારણે રચાતા વડા-સંપ્રદાયોના સખ્ત વિરોધી હતા. અને નવા વાડા સ્થાપવાના પગલાંને હંમેશા વખોડી કાઢતા, ત્યારે એમના અવસાન બાદ એમના જ અનુયાયીઓ વાડો બાંધીને બેસી ગયા હતા!

સ્થાનકવાસી સંપ્રદાયના કેટલાક જડ ક્રિયાકાંડો સામે આધ્યાત્મિકતાની અહાલેક પુકારનાર શ્રી. કાનજી મુનિ જ્યારે પોતે જ ભકિતને નામે નવી જાતના ક્રિયાકાંડોમાં ફસાઇ ગયા ત્યારે એ કેવું વિચિત્ર લાગે છે!

સંસારનો ત્યાગ કરી, વૈરાગ્ય લઇને, નિર્મોહી દશામાં વિચરતા મહાવીરના ભકતો તરીકે એ જ પ્રભુની મુગટ અને આભૂષણોથી અલંકારિત મૂર્તિને આપણે વંદીએ-પૂજીએ છીએ ત્યારે પણ શું એટલું જ વિચિત્ર નથી લાગતું!

પ્રભુની મૂર્તિ એ જો વૈરાગ્યને માર્ગે આગળ વધવાનું આલંબન હોય, તો એ મૂર્તિ વૈરાગ્ય દશાની હોવી જોઇએ કે સરાગ દશાની? આ પ્રશ્નનો જવાબ સૌ કોઇ પોતાના મનને જ આપે.

— જટુભાઇ

# ભારતની શરમ

[ ટુંકી વાર્તા ]

કેટલોક વખત થયાં શહેરમાં એક બુઢ્ઢી ભિખારણ અહીં-તહીં ઘૂમતી લોકોની નજરે પડતી હતી. તે એટલી વૃદ્ધા અને કુરૂપ હતી કે જોનારને સહેજે જ તેના પર ઘૃણા પેદા થતી. ડાકણના મૂર્તિમંત સ્વરૂપ જેવો ભયાનક તેનો દેખાવ હતો. હાડપિંજર પર ચામડી ચોંટાડી તેને કોઇ યંત્રથી હરતું ફરતું કર્યું હોય એવી બિહામણી તે લાગતી હતી. કપાળ નીચેના ઉંડા ખાડામાં તગતગતા એના ડોળા જોઇ બાળકો ડરીને તેનાથી દૂર નાસતાં હતાં. ફાટયાં તૂટયાં ગંદા કપડામાં વિંટળાએલા એ અર્ધનગ્ન દેહ પર જંગલી ઘાસની માફક ઉડતા તેલ વિનાના વાળ તે સ્ત્રી હોવાની સાક્ષી પૂરતા હતા. રાત્રિના અંધકારમાં તે સુતી હોય ત્યારે હલનચલન કરતા તેના કાળા હાથપગ તે સર્પ હોવાનો ભ્રમ પેદા કરતા. એની ચારે તરફ માખીઓ બણબણતી પણ સ્થિતપ્રજ્ઞની માફક આ કોઇ વસ્તુ તેને સ્પર્શતી નહોતી. સંસારમાં રહેવા છતાં ક્ષિતિજની પેલી પારની દુનિયાની નજીક તે વસતી હોય એમ જણાતું હતું. ન તો જીવનના માધુર્યનો એક છાંટો પણ તેની નજીક આવવા ઇચ્છતો; ન તો મૃત્યુ તેની ભેટ લેવા આકર્ષાતું! તે તો જીવન અને મૃત્યુ બન્નેથી તિરસ્કારાએલી હતી. જગતના માનવીઓ તેને દેખતાં જ ઘૃણાથી મ્હોં મચકોડી પોતાને માર્ગે ચાલ્યા જતા; છતાં જે સભ્યતા અને સંસ્કૃતિ આ દેશમાં સર્વત્ર પ્રસરી રહી છે તે આ દુર્ગંધથી શું અલિપ્ત રહી શકવાની હતી? પણ એ વિચારને પ્રવેશ કરવા માટે બુદ્ધિનું નાનું શું બાંકોરૂંયે માનવીએ ક્યાં ખુલ્લું રાખ્યું હોય છે? તો પણ વસુંધરા હમેશાં બહુરત્ના છે. એ જ જગત્‌માંથી કોઇ વ્યકિત એવી નીકળી આવે છે જે અન્ય સહુ કોઇ કરતાં વિભિન્ન પ્રકારની હોય છે. અપવાદ રૂપ હોય છે. એવો અપવાદ હતો વિશ્વનાથ!

એક વખત તેણે ઘેર આવી પોતાની પત્નીને કહ્યું "સુધા! ત્હેં એને દેખી છે?"

"કોને?"

"એજ, રસ્તાના પેલા ખુણા પાસે બુઢ્ઢી ભિખારણ પડી રહે છે તેને."

"હાં, દેખી તો છે, કેમ?" સુધા બોલી.

"તને એના પર દયા નથી આવતી?"

"દયા કેમ ન આવે? કોણ જાણે કેમ ભગવાન બિચારીનો છુટકો એ નથી કરતો! મરી જાય તો છુટે દુઃખમાંથી!" સુધાએ કહ્યું.

"મરવું કાંઇ માણસના હાથની વાત છે?"

"તે તો ઠીક છે. બિચારી લાચાર છે. હાં, પણ તમને આજ એની વાત કેમ સૂઝી?"

વિશ્વનાથે કાંઇ ઉત્તર ન આપ્યો. થોડીક પળો તે ચૂપ જ રહ્યો. પણ તેની ચૂપકીદીએ સુધાનું કુતૂહલ વધારી મૂકયું. તેણે ફરી પૂછ્યું, "કેમ કાંઇ થયું છે? તમે આજ એની વાત કેમ કાઢી?"

"કાંઈ નહિ."

"કહો તો ખરા."

"અમસ્તો જ પૂછતો હતો, કે તને એના પર દયા આવે છે કે નહિ?"

"દયા તો આવે, પણ થાય શું?" સુધાએ કહ્યું.

"શું થાય? બધાં કાયર છે!" વિશ્વનાથના મ્હોંપર ગ્લાનીની રેખા પ્રગટી ઉઠી.

"કાયર?"

"બીજું શું? માનવજાત કેટલી આપમતલબી છે! પીડિતો આમ રીબાતાં હોય ને સહુ પોતપોતાની મતલબમાં મસ્ત હોય! ખરેખર, દયા કે કરૂણાનું નામ લેતાં પણ આપણને શરમ આવવી જોઈએ!"

"પણ છે શું? કંઇક બોલો તો ખરા." સુધાએ ભારપૂર્વક કહ્યું.

"એ વૃદ્ધાની હાલત આપણી સભ્યતા, આપણા સંસ્કાર અને આપણા ધર્મના પોકળપણાનો ઢોલ પીટી રહી છે! કરોડો માનવીઓથી વસેલા આપણા આ દેશમાં આવી દારૂણ હાલત વેઠતાં માનવીઓનું અસ્તિત્વ હોય એ આપણી શરમ નથી તો બીજું શું છે? સુધા!" વિશ્વનાથ વલોવાતે હૈયે બોલ્યો.

"એમાં કોઇ શું કરે?"

કોઇ શું કરે? એ પ્રશ્નનો ઉત્તર વિશ્વનાથ પાસે નહોતો. હતો, તો આવા અનુચિત સમયે તે કહેવા તૈયાર નહોતો.

બીજે દિવસે સાંજે જ્યારે તે ઓફિસેથી પાછો ફર્યો ત્યારે સીધો ઘર ન આવતાં બજારમાં ગયો. તેને વિચાર આવ્યો કે સુધાને ગમે તેવું આજે કંઇક ઘેર લઇ જાઉં. શું ખરીદું? એકદમ યાદ આવ્યું કે સુધા વર્ષોથી કાનના એરિંગ લેવાની ઇચ્છા કરતી હતી. પણ સમયાભાવ કે ધનાભાવને કારણે એ વાત ભૂલાઇ જતી હતી. ઘણી દુકાને ફરી સુધાને ગમે તેવી એરિંગની જોડી તેણે ખરીદી. ઘેર આવ્યો ત્યારે રસોઇ બનાવીને સુધા પતિના આગમનની રાહ જોતી બેઠી હતી. વિશ્વનાથને જોતાં જ તે બોલી "આજ કેમ આટલા બધા મોડા?"

"જરાક કામ વધારે હતું. તેં જમી ન લીધું?"

"કેવું વગરવિચાર્યું બોલો છો!" સુધા સહેજ સ્મિત સાથે બોલી.

"અરે હા, હું ભૂલીજ ગયો કે તું મારી પહેલાં જમતી નથી. સુધા, એક વાત કહું?"

"હા, કહોને."

"આજે આપણે સાથેજ જમીએ."

સુધાના હૈયામાં હર્ષની સરિતા વહેવા લાગી. તે હસતી હસતી બોલી. "આજ આપણે બે એકલા જ છીએ. ઇચ્છા થાય તે કરી લઇએ; કાલે તો..."

વિશ્વનાથ વચ્ચેજ બોલ્યો, "કાલ તો બહુ દૂર છે, સુધા!"

કાલ બહુ દૂર છે કે નજીક છે તેની ચર્ચા કરતાં કરતાં બંનેએ જમવાનું શરૂ કર્યું. આજે બંને ખૂબ પ્રસન્નચિત્ત હતાં. વાત કરતાં કરતાં સહસા વિશ્વનાથ બોલી ઊઠયો, "અરે સુધા, તારે માટે એક સરસ ચીજ લાવ્યો છું."

સુધા–"શું લાવ્યા છો?"

"તુંજ કહેને, શું લાવ્યો હોઇશ?"

"ના, મને ખબર ન પડે. તમેજ કહો."

"તું કહે તો ખરી, ભલે, ખોટું પડે."

"કહું? (જરા વિચાર કરીને) એરિંગ લાવ્યા છો?"

વિશ્વનાથે આનંદિત થઇ કહ્યું, "વાહ! તેં બરાબર શોધી કાઢયું."

"ખરૂં કહો છો?"

"હા."

"દેખાડોને ત્યારે."

વિશ્વનાથે જમતાં જમતાં ઉઠી ડાબો હાથ કોટના ગજવામાં નાખી મખમલની ડબ્બી કાઢી. ડબ્બી જોતાં જ સુધાએ તે ઝુંટવી લીધી. ઝળકતાં મઝાનાં, છેલ્લી ફેશનનાં એરિંગ જોઇ: તે એટલી બધી ખુશ થઇ ગઇ કે જાણે સ્વયં પ્રસન્નતાની દેવીજ સામે આવીને ઉભી હોય. તે બોલી ઉઠી. "તમે કેટલા સરસ છો?"

"ખરૂં કહે છે?"

"હા, હા."

વિશ્વનાથ એક દીર્ઘ શ્વાસ ખેંચી બોલ્યો કે: "ચાલો, જીન્દગીમાં એક સારૂં કામ તો થયું કે બીજાને 'સરસ' લાગ્યો."

સુધા અરિસામાં એરિંગ પહેરેલું મ્હોં જોતાં જોતાં જરા લાડથી બોલી, "જાઓ, મેં તમને કદી ખરાબ કીધા છે?"

રાત પડી, સુવાનો સમય થયો. સુધા હાથમાં દૂધનો લોટકો લઇ શયનગૃહમાં ગઇ તો વિશ્વનાથ એકાગ્ર ચિત્તે કોઇ પત્રિકા વાંચી રહ્યો છે. સુધા પ્રસન્નવદને બાજુની ખુરશી પર બેઠી. વિશ્વનાથ ક્ષણભર ભાવભીની આંખે તેની સામે જોઇ રહ્યો અને બોલ્યો, "સુધા, એક વાત કહેવાની છે."

"શું?"

નીચે બહાર એક ઓરડી છે. તેનો આપણે કાંઇ ઉપયોગ નથી કરતાં, કેમ?"

"હા, પણ એનું શું કામ છે?"

"વિચાર આવે છે કે પેલી વૃદ્ધાને એમાં......"

"કોણ? પેલી ભિખારણ ડોસીને?" સુધાના સ્વચ્છ ચહેરા પર દુર્ગંછાની નિશાનીઓ તરી વળી.

"હા."

"કેવી બેહુદી વાત કરો છો? એ ડાકણ જેવીને આપણા ઘરમાં રખાય? એ ન બની શકે?"

"ન બની શકે?"

"ત્યારે એ કાંઇ સંભવિત છે?"

"જરા વિચાર કર સુધા, એ અસંભવિત કેમ છે? તે પણ આપણા પરમ પિતા પ્રભુનું સંતાન છે. આપણું ભાંડર છે. આપણે સુખી છીએ. તેનું દુઃખ હળવું કરવામાં મદદ કરીશું તો પ્રભુ આપણા પર પ્રસન્ન રહેશે. આવાં હૃદયવિદારક દ્રશ્યો દેખીને આપણે એમને એમ રહીએ, કાંઇ ન કરીએ, એ આપણે માટે શરમની વાત નથી શું?"

"શરમ તો વિધાતાની છે કે તેણે આવાં વિધાનો પેદા કર્યાં."

વિશ્વનાથ એમ હારી જાય તેવો નબળો નહોતો. તે બોલ્યો, "એવાં વિધાનો એણે આપણી પરીક્ષા માટે બનાવ્યાં છે. આપણે એને મદદ ન કરીએ તો આપણે માનવતાની પરીક્ષામાં નિષ્ફળ નીવડીએ, સુધા!"

"પણ એને કંઇક આપીને મદદ કરો. હું કયાં ના પાડું છું."

"માત્ર આપી છુટવાથી મનુષ્ય પ્રત્યેનો પ્રેમ દર્શાવી શકાય છે? સુધા! હું ઇચ્છું છું કે એને આપણે ઘેર લાવીને રાખીએ અને તેની સેવા કરીએ."

"જગતમાં એવા તો દુઃખી બહુ છે. કોની સેવા કરશો અને કોની નહિ કરો?"

"સુધા, આમાં તો છુટી જવાની ભાવના છે. સેવા માટે કોઇ મર્યાદા હોતી નથી. જે જેટલી કરી શકે તેટલી તે કરે."

સુધાને આ વાત કોઇ રીતે ગળે ઉતરતી નહોતી. તે પતિને દાન આપતાં અટકાવતી નહોતી. કંઇક સાધુ મુનિઓને એણે ભક્તિભર્યાં હૈયે વહોરાવ્યું છે. કંઇ સન્યાસીઓને ભોજન કરાવ્યાં છે. પાસપડોશમાં આ દંપતીએ અનેકને ઉપકૃત કર્યાં છે. તેમનાં સ્નેહ, સૌજન્ય અને સહૃદયતાની લોકો મુક્તકંઠે પ્રશંસા કરે છે, પણ આ ભિખારણને ઘરમાં રાખવી?....સુધાનું મન કોઇ રીતે માનતું નથી, પતિની લાગણી પોતે સમજે છે. અને દુભવતાં તેને દુખ થાય છે. તે મુઢ બની પતિની સામે જોઇ રહે છે.

સુધાને અસહાય સ્થિતિમાં જોઇ ફરી વિશ્વનાથે કહ્યું, ' તારી ઇચ્છા ન હોય તો મારો દુરાગ્રહ નથી.'

પતિનું મ્હોં પ્રભાતના ચંદ્ર જેવું ફિક્કું પડેલું જોઇ સુધા બોલી, ' હું એને લાવવાની ના નથી કહેતી, પણ આડોસીપાડોશી શું કહેશે ?'

વિશ્વનાથ પ્રફુલ્લ હૈયે બોલ્યો, ' જે કાર્ય પવિત્ર છે, તેના પર ટીકા પણ સુખદાયી હોય છે.'

સુધા સહજ હસીને રહી ગઇ. વિશ્વનાથને મોં માગ્યું મળી ગયું. તે બોલી ઊઠયો, ' સુધા, તું ખરે જ અમૃતનો કુંભ છે ! તું કેટલી સુંદર છે !'

સુધા માથું હલાવી સસ્મિત બોલી, ' સ્વાર્થી ! પોતાનું ધાર્યું થયું એટલે રાજી રાજી !'

વૃદ્ધ ભિખારણ એક હતી, તેને જોનાર અનેક હતાં. કોઇ એને જોઇ મ્હોં મરડીને ચાલતું થતું, કોઇ વિધિની ક્રુરતા પર શાપ વર્ષાવતું તો કોઇ લુખી દયા ખાઇ ચાલવા માંડતું. ભારતના પ્રારબ્ધવાદી સંતાનોને પ્રારબ્ધને દોષ દેવો સ્વાભાવિક છે. એટલે મોટા ભાગના લોકો ' બિચારીના નસીબ' કહી ચાલતા થતાં. એને જોનારાઓમાં વિશ્વનાથ એક વિરલ વ્યકિત હતી. બીજો હતો એક ત્રિલોચન નામનો યુવાન ડોકટર. બુઢ્ઢીને દેખી તે ધૃણાથી મ્હોં નહોતો મરડતો, પણ ક્ષણભર તેની પાસે ઉભો રહેતો, વિચાર કરતો કે ' ભારતમાતાના દેહ પર આ એક ગુમડું છે. એનું ઓપરેશન કરી નાખવું જોઇએ. પણ તે કરે કોણ ? આવી રીતે જીવતાં રહેવું એ પાપ છે ! મોતથી પણ ભુંડું ! પણ મોત ન આવે તેનું શું ?' ત્રિલોચન કદી કદી તો વૃદ્ધાના દુઃખથી પીડાતો નહિ એટલો પોતાના તર્કોની વિફળતાથી દુઃખી થતો. કોઇ કોઇ વખત ઉદ્વિગ્ન થઇ બોલી ઊઠતો ' બસ ! એણે મરવું જ જોઇએ ! એના જીવવાથી લાભ શો ?' પણ આ તર્કજાળથી કાંઇ એના જીવન-મરણની સમસ્યાનો ઉકેલ થોડો આવવાનો હતો ? તેનું મન વારંવાર કહેતું કે ' બુઢ્ઢીએ મરી જવું જોઇએ.' પણ મરે કેવી રીતે ?

ઘનઘોર આકાશમાં વિજળી ચમકે એમ અચાનક તેના તર્કઘેરા મગજમાં એક વીચાર સ્ફૂરી નીકળ્યો. ' વૃદ્ધાને મારી નાંખી હું એને દુઃખમુકત કરીશ ! મૃત્યુમાં એની મુકિત છે ! એને મૃત્યુનું દાન હું દઇશ ! જે એને રોટલીનો ટુકડો આપી જીવાડે છે તે એના પર અત્યાચાર કરે છે.' બસ ! આ તર્કજાળમાં ત્રિલોચને નિર્ણય કરી લીધો કે એક રાત્રે ચુપકિદીથી એ જર્જરિત વૃદ્ધાને મારી નાંખી હું એને દારૂણ દુઃખમાંથી છોડાવીશ ! પણ મારવી કેવી રીતે ? ગળું દબાવું તો બુમ પાડી ઊઠે તો ? બંદુક છોડું અને અવાજથી આજુબાજુના આવી ચડે તો ?' તરવાર, છરી, ચપ્પુ અને છેવટે શેવિંગની બ્લેડ સુધીના વિચાર આવી ગયા. કોઇ ઉપાય સહિસલામત ન જણાયો. ' મોર્ફિયા...હા, મોર્ફિયાનું ઇન્જેકશનજ ઠીક રહેશે ' ત્રિલોચનનું મન પ્રસન્ન બની ગયું, તે મન સાથે જ બોલી ઊઠયો, ' વાહ મનુષ્યની બુધ્ધિ કેટલી તેજસ્વી છે !'

બીજી જ સુમસામ રાત્રે જરૂરી સાધનો લઇ તેણે ચાલવા માંડયું. મનમાં આનંદ હતો. આજે પોતે એક માનવીને નર્ક સમા દુઃખમાંથી મુકત કરશે એ વિચારે તેના પગમાં જોર હતું. ઉતાવળે પગલે ચાલે છે. રસ્તા પર ઘોર અંધકાર છે. હત્યાના વિચારે પગમાં મદતા આવે છે. " છી, શું હું પાપ કરવા જાઉં છું ? શા માટે છાનોમાનો જાઉં છું ? આ તો કાયરતા છે " એમ કહી મનને સમાધાન કરાવે છે. બુઢ્ઢીને જોતાં જ તેની છાતી ધડકવા લાગે છે. હાથ કંપવા માંડે છે. વળી મનને વિશ્વાસ આવે છે કે પોતે સંસારનું એક મહાન કાર્ય કરી રહ્યો છે તે શા માટે અચકાય છે ? " તેનું નાક દુર્ગંધથી ભરાઇ જાય છે. બધા વિચારોને હાંકી કાઢી કાર્યની જલ્દી સમાપ્તિ કરવા તે ઇન્જેકશનની સીરીંજ કાઢે છે એવામાં વિજળીનો ચમકારો થાય છે. વિજળીની એ ચમકમાં ત્રિલોચન ધારવા કરતાં કાંઇ જુદુંજ દૃષ્ય જુએ છે.

એક બાર- તેર વર્ષની બાલિકા વૃદ્ધામાં એકાકાર થવા માગતી હોય તેમ તેને લપેટીને પડી છે. એકાદ પળ પણ નથી વીતતી ત્યાં કોઇનો ધીમો પગરવ કાને પડે છે અને જોતજોતામાં એક સશક્ત યુવાન નજીક આવીને ઉભેલો દેખાય છે.

ત્રિલોચન બોલી ઉઠયો " કોણ છો તમે ?"

" અને તમે ?"

ક્ષણભર તો બંને ચૂપ રહે છે. ત્રિલોચને પોતાના ગજવામાંથી ટોર્ચ કાઢી નવા યુવાનના મ્હોં પર પ્રકાશ ફેંકી જોઇ લીધું કે કોઇ સજ્જન મનુષ્ય છે, અને પછી પોતાના આવવાનો ઉદ્દેશ નિઃસંકોચે જણાવ્યો. વિશ્વનાથે પણ પોતાના આગમનનું કારણ કહી પૂછયું, " તો પછી મારી કેમ નહિ ?"

" હવે મારવી વ્યર્થ છે."

" કેમ ?"

" કેમકે તે એકલી નથી. તેની પાસે એક છોકરી છે, પણ તમે ધારો તો બંનેને લઇ જઇ શકો છો."

" નહિ, બંનેનું પાલન કરવું મારે માટે સંભવિત નથી."

" અને હું પણ એ બંનેને મારી શકતો નથી."

પછી બંનેએ ત્યાંથી આગળ ચાલવા માંડયું. દૂર સુધી સાથે સાથે ચાલ્યા, પણ મુંગા જ. મ્યુનિસિપલ બત્તીના પ્રકાશ નજીક આવ્યા ત્યારે બંનેએ એકબીજાની સામે જોયું અને હસ્યા.

ત્રિલોચન બોલ્યો, " એક વાત મારા મનમાં ઉઠે છે."

" શી તે હું જાણું છું." વિશ્વનાથ બોલ્યો.

' શું ?'

' જે માર્ગ આપણે વિચાર્યો હતો તે બરાબર નહોતો.'

ત્રિલોચન સંતોષ પામી બોલ્યો, 'બેશક, એ ભુલભરેલો હતો. એકને હું મારી શકતો હતો પણ બીજીને દેખી મારા પ્રાણ કંપી ઊઠયા ! આ ધરતી પર આવી જર્જરિત અને કમભાગ્ય વ્યકિતઓ કાંઇ ઓછી હશે ! એ બધાંયને થોડા મારી નાંખી શકાય છે ?'

' ઠીક છે, ત્રિલોચન, હું પણ વિચાર કરું છું કે એ બધાંને કાંઇ ઘરમાં થોડાં રાખી શકાય છે ?'

' ત્યારે ખરી વાત તો એ છે કે વ્યકિતઓથી આવી સમસ્યાનો ઉકેલ નહિ આવે. એના સામુદાયિક ઉકેલ માટે તો નવી ઢબે અને નવી રીતે પ્રયત્ન કરવો પડશે.'

' મને પણ એમ જ લાગે છે. ત્રિલોચન.'

અને બંનેએ ત્યાંથી છુટા પડી પોતપોતાના માર્ગે ચાલવા માંડયું.

મૂળ લેખકઃ **શ્રી વિષ્ણુ** અનુવાદકઃ **લીલાવતી કામદાર**

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૨૦-૮-૪૯ શનિવાર થી તા. ૨૮-૮-૪૯ રવિવાર સુધી પર્યુષણ વ્યાખ્યાન માળાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. શરૂઆતના સાત દિવસની અને છેલ્લા દિવસની વ્યાખ્યાનસભાઓ વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભુવનમાં સવારના ૮ાા થી ૧૦ાા સુધી ગોઠવવામાં આવેલ છે. તા. ૨૭-૮-૪૯ ની સભા સવારના ૮-૪૫ થી ૧૧ સુધી કવીન્સ રોડ ઉપર આવેલ રોકસી સીનેમામાં ગોઠવવામાં આવી છે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ આવતા અંકમાં જાહેર કરવામાં આવશે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧ અંક : ૮ | મુંબઈ : ૧૫ ઓગસ્ટ ૧૯૪૯ સોમવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## जीवन है संग्राम

જીવનમાં જીવન પૂરનારી જો કોઇ સંજીવની હોય, તો તે આ 'जीवन है संग्राम' નું સૂત્ર મને લાગ્યું છે. એ સૂત્રનું પાન કરવાથી, એમાંથી પ્રેરણા પીવાથી ગમે તેવા દુઃખી અને નિરાશામય જીવનમાં સુખ અને આશાનો સંચાર થઇ જાય છે. જીવન એ કોઇ કોમળ સુખશય્યા નથી, પરંતુ એક ભારે મોટો સંગ્રામ છે, અને એ સંગ્રામ લડવામાં પણ આનંદ છે, એમ માનનાર જીવનને ખરેખર જીવી જાય છે અને જીતી પણ જાય છે.

### એકધારૂં સામાન્ય જીવન

સામાન્ય રીતે માનવી ત્રણ પ્રકારનાં જીવન જીવે છે. એમાં પહેલો પ્રકાર તે એકધારૂં સામાન્ય જીવન છે. માણસ સામાન્ય રીતે પોતાનું જીવન જીવે છે. ધંધો નોકરી કરે છે, સ્ત્રીઓ ઘરનું કામકાજ કરે છે. બાળકો અભ્યાસ કરે છે. સૌ ખાય છે, પીએ છે, વહેવાર નભાવે છે અને એમ કોઇનું ધ્યાન ન ખેંચાય એ રીતે જીંદગી જીવી નાખે છે. જીંદગી આવી પડી છે, માટે જીવી નાખવી જોઇએ, માટે જીવી નાખે છે. જીવવા માટે ખાવું જોઇએ અને ખાવા માટે ધંધો નોકરી કરવાં જોઇએ. આ સિવાય જીવનનું કોઇ મહત્વ એને સમજાયું નથી.

એના જીવનમાં ઉલ્લાસ નથી. ચિંતા પણ નથી. સુખ નથી અને દુઃખ પણ નથી. ધન મળે છે ત્યારે તે આનંદ પામે છે. ધન ગુમાવે ત્યારે એ દુઃખી થાય છે. સગવડ મળ્યે સુખ પામે છે, અગવડ મળ્યે દુઃખ પામે છે. લગ્ન પ્રસંગે હરખાઇ રહે છે. મૃત્યુ પ્રસંગે રોઇ રહે છે. આવું બધું સામાન્ય રીતે બન્યા જ કરે છે. એના જીવન ઉપર કોઇ પ્રસંગની અસર પડતી નથી.

જીવનમાં કંઇ ધ્યેય હોવાનું એને સમજાયું નથી. કોઇ સિદ્ધિ મેળવવાની એને ઇચ્છા નથી. કોઇ જાતની એને તાલાવેલી નથી. ઠંડુંગાર જીવન એ જીવ્યે જાય છે. આખું જીવન નકારાત્મક છે. કાંઇ નવું વિચારવું, નવું કરવું એને ગમતું નથી. કોઇ સારૂં ગણાય એવું કામ એ કરતો નથી; નરસું ગણાય એવું પણ એ કરતો નથી. એના તરફ કોઇનું ધ્યાન ખેંચાતું નથી.

આવા જીવનમાં એને અસંતોષ નથી; તેમ ખાસ અસંતોષ હોય એવું પણ નથી. કોઇ નાનકડા સરોવરમાં ભરેલા પાણી જેવું એકધારૂં, સ્થિર એનું જીવન છે.

### સુખી મોજીલું જીવન

જીવનનો બીજો પ્રકાર સુખી મોજીલા જીવનનો છે. એની આર્થિક સ્થિતિ સારી છે, પાસે મોટી મૂડી છે, અથવા ચાલુ મોટી આવક છે. એ ધમધોકાર ધંધો કરે છે, અથવા ખાઇ-પીને મોજ માણે છે. કાં તો એને ખૂબ પૈસા કમાવાની તાલાવેલી છે, અથવા તો ખૂબ પૈસા ખરચવા માગે છે. પણ એ બધું પોતાની અંગત મોજને માટે. બીજા કોઇનો વિચાર કરવાનું એને સૂઝતું નથી. દુઃખ એણે જોયું નથી અને દુઃખીની એને પરવા નથી. સિદ્ધિ એણે વિચારી હોય તો કરોડપતિ કે અબ્જપતિ થવાની અને સુખનાં સાધનો ભેળાં કરવાની. તે એના જેવા જ ધનિક અને શોખીન માણસો સાથે વૈભવની હરિફાઇ કરે છે. પણ જ્ઞાન કે ગુણની હરિફાઇ તે કરી શકતો નથી. પોતાના ધનનું એને અભિમાન હોય છે અને એમાં એ મસ્ત રહે છે; એટલે જગતના બીજા ખ્યાલો એને હોતા નથી. એ પોતે એવા ભ્રમમાં હોય છે કે એ જીંદગી માણી રહ્યો છે; પરંતુ જીવન માણવાની કળાથી એ સંપૂર્ણ અજ્ઞાત છે. એ કપડાંનો પારખુ છે. ફિલ્મનો પારખુ છે. મોટરોનો પારખુ છે. પરંતુ ખરી પરખ એને છે નહિ. શામાં વધુ મોજ છે એટલું જ એ પારખી શકે છે. શામાં વધુ ગુણ છે, કળા છે, સરસતા છે એ એ પારખી શકતો નથી.

સુખમાં એ આસાનીથી જીવી જાય છે; પણ દુઃખ આવી પડે તો મુંઝાઇ જાય છે. દુઃખ સામે, રોગ સામે, મુશ્કેલી સામે પળવાર પણ ટકી શકવાની એની શક્તિ નથી; હિંમત પણ નથી.

### દુઃખી કંટાળા ભરેલું જીવન

જીવનનો ત્રીજો પ્રકાર દુઃખી કંટાળાભરેલા જીવનનો છે. આવો માણસ કાંતો ગરીબ હોય છે, અથવા ખર્ચ જેટલું કમાઇ શકતો નથી. એની આર્થિક હાલત સદા તંગ રહે છે. કોઇવાર એ બેકાર હોય છે, તો કોઇવાર બિમાર હોય છે. કૌટુંબિક આફતોથી એ વારંવાર ઘેરાઇ જાય છે. એને જીંદગીમાં વૈતરૂં જ કરવાનું હોય છે. દુઃખદર્દો સહન કરવાનાં હોય છે. ધનની બિમારીમાંથી જન્મેલી વિવિધ પ્રકારની બિમારીઓમાં એ સપડાએલો હોય છે. ધનવાનની એને ઇર્ષ્યા પણ થાય છે. પોતાની પાસે ધન નથી, માટે જ એ ધનવાનોને નિંદતો હોય છે; પરંતુ એથી યે એને નિરાંત મળતી નથી. એની ઇચ્છાની કદી તૃપ્તિ થતી નથી, અને તેથી જીવન પર એને કંટાળો આવી જાય છે. જીવનને એ હારી બેસે છે.

### નમાલું જીવન

મોજીલું જીવન નમાલું છે. જીવન કોઇનું એકધારૂં સરળ-સુખી જતું જ નથી. કોઇવાર તો દુઃખ, મુશ્કેલી કે વિટંબણા આવી જાય છે: કલેશ, કંકાસ કે બિમારી તો પૈસાદારને ત્યાં પ્રવેશી જાય છે. આવે વખતે સુખશીળિયો માણસ પામર બની જાય છે. સ્વભાવથી એ નમાલો હોય છે, એટલે મુંઝાય જાય છે, અને તેમાં યે જો તેની આર્થિક સ્થિતિ પલટી, તો એના દુઃખનો કોઇ આરો નથી. એવાઓએ તો ત્યારે અપઘાત જ કરવો પડે છે.

એમણે સમજવું જોઇએ કે જીવનને ખીલવવાની જે તક એમને સ્હેજે જ મળી ગઇ છે, એનો એણે ઉપયોગ કરી લેવો

જોઇએ. જીવન કેળવવા માટે છે. કેળવીને જીવવા માટે છે. ગુણ અને વિદ્યા મેળવવા અને વિકસાવવા માટે છે.

વળી જીવન પારકા માટે પણ છે. જગતમાં આપણે એકલા નથી રહેતા. બીજાઓ પણ રહે છે. તેઓ પણ આપણા જેવા મનુષ્યો છે. જીવનને જો જીવી જાણવું હોય તો સુખી શ્રીમંતોએ આમજનતા સાથે પણ સંપર્ક રાખવો જોઇએ. જીવનને જો ઉચ્ચ બનાવવું હોય અને ખરી મજા માણવી હોય તો ગરીબ છતાં ગુણવાન, વિદ્વાન અને ભાવનાશાળી માણસો સાથે પરિચય વધારવો જોઇએ.

પછી તેમને અનુભવ થશે કે સાચો આનંદ ધનમાં નથી. આનંદનો તેમનો ખ્યાલ બદલાશે. મેળવવામાં નહિ, પણ ત્યાગમાં યે આનંદ છે તે સમજાશે. સાચું જીવન જીવતાં તેમને આવડી જશે. પછી દુઃખ તેમને ડારી શકશે નહિ અને મુશીબતો પીડી શકશે નહિ. મુશીબતોને તે આવકારતો થઇ જશે. જીવન એ સંગ્રામ છે એનો એને ખ્યાલ આવશે; અને એ સંગ્રામમાં જ એ મસ્ત બની જશે.

**જીવનથી કંટાળેલા**

જીવનમાં કંટાળવા જેવું કશું જ નથી. દુઃખો અને મુશ્કેલીઓનો સામનો કરવામાં પણ મઝા છે. જીવન જીવવા માટે છે, મરવા માટે નહિ. જીવનનો અર્થ છે. અને તેથી જીવન સાર્થક કરી શકાય છે.

ધન નથી તો શું થયું? મેળવવા પ્રયત્ન કરવો જોઇએ. અને ન મળે તો યે શું? ધન એ જીંદગીનું ધ્યેય નથી. નિર્ધનતાથી ડરવાનું કે શરમાવાનું નથી. ધન નથી એનામાં ગુણ હશે, જ્ઞાન હશે, સંસ્કાર હશે, તો એ અભિમાનથી જીવી શકશે. માથું ઉન્નત રાખીને રહી શકશે. દુઃખ માણસની કસોટી કરવા આવે છે. એની સામે ઝઝૂમીને વિજય મેળવો અને કસોટી પાર ઉતરો. હિમાલયનાં શિખરો ઓળંગવામાં શો ફાયદો છે? એમાંથી ધન કે વિદ્યા કંઇ મળતાં નથી. એમાં તો બરફમાં ખોવાઇ જવાય છે. પણ એ ખોવાઈ જવામાં યે મઝા છે. એ એવું સાહસ છે, જેમાં માણસ પાર ઉતરે તો યે આનંદ છે, અને જીવન પૂરૂં કરે તો યે આનંદ છે. એમ દુઃખો સામે, પોતાની કે પારકી મુશ્કેલીઓ સામે, વિટંબણાઓ સામે લડવામાં યે આનંદ છે. રોગથી પીડાતા, રીબાતા, ચિત્કાર કરતાં, વેદના ભોગવતા માણસો આપણે જોયા છે. પરંતુ રોગ સામે હિંમતથી ઝૂઝતા, સ્વસ્થતા જાળવી રાખતા અને બીજાઓને પણ આશ્વાસન દેતા માણસો પણ મળી આવે છે. એને દુઃખ નથી, આનંદ છે. જીવન સંગ્રામ ખેલવાનો આનંદ છે, અને તેથી એ આનંદમાં જ મગ્ન રહી શકે છે.

**રસ ઓસરી ગયો છે!**

કોણ જાણે કેમ છેલ્લા કેટલાક સમયથી આપણા હિન્દીઓના જીવનમાંથી રસ ઓસરી ગયો છે! લડાઇ પહેલાં મંદી હતી એટલે મંદીથી મુંઝાતા હતા. પછી લડાઇની ધમાલ આવી, એટલે એ ધમાલમાં જ ડુબી ગયા. હવે મંદીનું મોજું લાગ્યું છે એટલે એની જ ચિંતામાં પડી ગયા છીએ. અગાઉ ઉત્સવોમાં ઘેલા બની નાચતા હતા. હવે તો એ સભ્યતાવિહોણું ગણાવા લાગ્યું છે. પરદેશી રાજ્યની ગુલામી તળે હતા, ત્યારે એ ગુલામી કાઢવા લડતા હતાં. હવે ગુલામી ગઇ અને આઝાદી આવી, પણ આઝાદીનો રંગ આપણા જીવનને અડયો નહિ. અગાઉ તો દેશને ખાતર જેલ જવાની, લાઠીઓ ઝીલવાની, ખાદી પહેરવાની, સાદાઇ રાખવાની આપણે હીલચાલ કરતા હતા. હવે તો કાંઇ કરવાનું જ નથી, એમ માની નિષ્ક્રિય બની ગયા છીએ;;કે સ્વાર્થમાં ડુબી ગયા છીએ. ધનલાલસા એટલી વધી ગઇ છે કે વેપારમાંથી આડે માર્ગે જ કમાવા લાગ્યા છીએ, અથવા સત્તાની પડાપડી કરી રહ્યા છીએ. પણ આપણું ધ્યેય શું, કર્તવ્ય શું, એ તો વિચારતા જ નથી. સ્વાર્થમાં એટલા તો ડુબી ગયા છીએ, કે ત્યાગ અને આત્મભોગ તો મશ્કરી જેવી વસ્તુ બની ગઇ છે.

જીવનનો મર્મ તદ્દન ભૂલાઇ ગયો છે. પરાર્થ તો ઠીક, પણ આપણા પોતાના હિત માટે આપણે પ્રગતિશીલ થઇ શકતા નથી. જ્યાં ત્યાં મુશ્કેલીઓ ગાયા કરીએ છીએ. જીવનમાં જાણે રસ જ રહ્યો નથી. કળાની વાતો વેવલાપણું ગણાવા લાગ્યું છે. સાહિત્યની વાત નકામી લાગે છે. ધ્યેયપ્રાપ્તિ અર્થે લડવાનું હવે વિસરાઇ ગયું છે. અનીતિ અને અન્યાય સામે આંખમીંચામણા કરીએ છીએ. લડવાનું શૌર્ય જાણે શમી ગયું છે.

આઝાદી પહેલાં આપણી જે તાકાત હતી, તે આઝાદી મળ્યા પછી ગુમાઇ ગઇ દેખાય છે. સત્તાપર બેઠેલા માણસોની નિંદા કરીએ છીએ; પરંતુ એમના દોષ એમને બતાવતા નથી, કે એની સામે લડતા નથી. રાજકીય આઝાદી આવી છે, પણ સામાજિક આઝાદી ક્યાં આવી છે? સમાજ તો એના એ જ જુના માર્ગો ચલ્યો જાય છે, એને કાં પડકારતા નથી? આપણા શિરે રાજકીય લડતનો બોજો હતો, ત્યારે પણ હરિજનોના ઉદ્ધાર માટે સનાતનીઓ સામે આપણે લડતા હતા. બાળદીક્ષા સામે ઝઝુમતા હતા, દેવદ્રવ્ય માટે મોટી હિલચાલ કરતા હતા; વિધવા વિવાહ માટે જુના વિચારવાળાઓ સામે આથડતા હતા, પ્રેતભોજન સામે પીકેટીંગ કરતા હતા, અને આદર્શસિદ્ધિ માટે ઘરના માણસો સામે, કુટુંબીઓ સામે, ઉપવાસો પણ કરતા હતા.

આજે એ જોશ નરમ પડયો છે, એટલું જ નહિ પણ આપણી અંગત ઉન્નતિ માટે પણ આપણે કંઈ કરતા નથી. આજે તો નાની સરખી પણ અથડામણથી આપણે ડરીએ છીએ. યુવક સંસ્થાઓ જાણે અદૃષ્ય થઇ ગઇ છે. સાહિત્ય અને કળાની પ્રવૃત્તિઓ પણ આથમી ગઇ છે. કોઇ સાંસ્કારિક પ્રવૃત્તિમાં આપણું મન ચોંટતું નથી. સુખશીળાપણું અને ધનલાલસા આપણામાં ઘર કરી ગએલ છે.

આપણા ઉગતા વિદ્યાર્થીઓની પણ એ જ દશા છે. ખુદીરામ બોઝનો ક્રાન્તિકારી જુસ્સો તો ઓગળી જ ગયો છે. શાળાના સત્તાવાળાઓ, જ્ઞાતિજનો કે માબાપો સામે પણ જેઓ પડકાર ફેંકતા, તેઓ આજે જે કંઇ અન્યાય માથે આવી પડે, તેમનો સામનો કરતા નથી. સાહસિકતા તો જાણે ક્યાંય દેખાતી જ નથી. 'સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે' એ નર્મદની ગર્જના તેમના કાનમાં પહોંચતી નથી. સારાં કપડાં પહેરવાં, શાળામાં ભણવું, નાટક સીનેમા જોવા અને સુંવાળી વાતો કરવી, એ સિવાય કોઇ વિષય તેમને સ્પર્શતો નથી. તેમની પ્રેરણામૂર્તિ સમા વિવેકાનંદ, ગાંધીજી કે ટાગોરનું જાણે કંઇ સ્થાન એમના મનમાં રહ્યું નથી. આફત વહોરી લેવાને બદલે આફતથી તેઓ નાસતા ફરે છે. એમનામાં પણ વૃદ્ધ જેવી નિરાંત અને સુંવાળપ પેસી ગઇ છે.

આપણે જો લાંબા વખત સુધી આ રીતે જીવ્યા કરશું, અને ધ્યેયસિદ્ધિ માટે લડવાના આપણા આદર્શ માર્ગ પર પાછા નહિ આવીએ તો હાથમાં આવેલી આઝાદી કાંતો ગુમાઇ જશે અથવા નિરર્થક બની જશે. આઝાદી પછી જે આનંદ, રસ, પ્રવૃત્તિ, વેગ વગેરે આવવાં જોઇએ, તે નહિ આવે તો, આઝાદીનો કોઇ લાભ આપણે ઉઠાવી શકવાના નથી.

આપણે ગમે તે સ્થિતિમાં હોઇએ, જીવન હૈ સંગ્રામ એ સુત્ર ન વિસરાવું જોઇએ. Etrernal Vigilence is the price of Liberty, 'સતત જાગૃતિ એ આઝાદીની કિંમત છે' એ સુત્ર ન ભૂલાવું જોઇએ.

જટુભાઇ મહેતા

# વીણેલાં ફૂલો

## પાડે પાડા લડે અને......

ભંગીએ મ્યુનિ. માંથી ઘાસતેલનો ડબ્બો ચોર્યો અને તેના ઉપર કેસ થયો છે એ હકીકતની મને ખબર પડી એટલે હું એ અંગે ખરી હકીકત જાણવા તે ગામે ગયો.

મારા અનુભવ પ્રમાણે ભંગી આવી ચોરી ન કરે. ભંગીની જાત એટલી ખરી, એણે કામ ન કર્યું હોય તે મનાય, ખાવાની વસ્તુ કે પહેરવાની વસ્તુ ચોરી હોય તો તે મનાય. પૈસાની ચોરી કરવાનો કિસ્સો ભંગીમાં ભાગ્યે બને. એટલી એને હિંમત નહિ. તેમાં ઘાસતેલ જેવી ચીજની એ ચોરી ન જ કરે. એને ઘરમાં સ્ટવ બાળવાનો નથી હોતો, કે બે ત્રણ ફાનસ સળગાવવાનાં નથી હોતાં જેથી ઘાસતેલ વગર એને ભારે મુશ્કેલી પડતી હોય અને તે એ ચોરવાની હિંમત કરે.

હું ...... ગામે ગયો. ભાઇ આવ્યા છે એમ જાણતાં ભંગીવાસમાં બધાં ભાઇબહેન ભેગાં થઇ ગયાં. બાળકોને હું જાઉં એટલે થોડી ગમ્મત કરાવવાનો, એટલે મને જોતાં એમને તો ગોળનું ગાડું મળ્યાનો આનંદ થઇ જતો. મેં એ બધાં સાથે સામાન્ય વાત કરી લીધા પછી રણછોડને કહ્યું. 'મારે તારી સાથે થોડી ખાનગી વાત કરવી છે.'

રણછોડ કંઇ જવાબ આપે તે પહેલાં એની વહુ ગંગા બોલી ઉઠી: 'ભાઇ! ખાનગી અમારે કશું નથી. આખું ફળિયું જાણે છે કે અમે ચોર નથી. તમે પણ અમને ઓળખો છો. 'એ' એવો ધંધો કરે એમ તમે માનો ખરા?'

હું એની નિખાલસ વાત સાંભળી હસ્યો. બોલ્યો: 'માનતો નથી માટે તો તપાસ કરવા આવ્યો છું. ખોટી રીતે એ સંડોવાયો હોય તો બધી વાત જાણી લઇને કેસ વખતે એને છોડાવવા પ્રયત્ન કરી શકાય ને?'

રણછોડ બોલ્યો 'એ વાતમાં તમે ભાઇ માથું ના મારશો. જે થાય તે મારે વેઠવું પડશે.'

હું: 'પણ શી વાત છે તે તો કહીશ કે નહિ?'

નાથો વચ્ચે બોલ્યો: 'લ્યો ને ભાઇ, હું કહું. આખું ગામ એ વાત જાણે છે. કોઇનું અજાણ્યું નથી. પાડે પાડા લડે અને વચ્ચે ઝાડનો ખોડો કાઢે એવો રણછોડનો આમાં ઘાટ થયો છે...'

એ આગળ બોલે તે પહેલાં એની વહુ સૂરજ બોલી ઊઠી: 'તમારે કશું કહીને શું કામ છે? લુગડાંમાં બધા નાગાં છે. પણ એથી નગું થવું કોઇને ગમે છે? જે કહે એ દુશ્મન.'

સૂરજનું ન ગણકારતાં નાથો બોલ્યો: 'દુશ્મન એમાં શાના? કંઇ કોઇને વાત પણ ન કરાય? જુઓને ભાઇ, સુધરાઇમાં ચુંટાવા ફરતા હોય અને ના આવી શકે એની આ તકરાર છે. સુધરાઇના......પ્રમુખ છે. એમની સામે ઊભેલા ને હારી ગયેલા... ...ભાઇને એમની ઉપર ઝેર. જયારથી ઘાસતેલની તાણ છે ત્યારથી આખું ગામ જાણે છે કે પ્રમુખને ઘેર સુધરાઇમાંથી ઘાસતેલ જાય છે...પ્રમુખ થયા એટલે એમને ઘેર ઘાસતેલ જવા લાગ્યું... ભાઇને અદેખાઇ એટલે રણછોડ ડબ્બો માથે લઇને રાતે મૂકવા જતો હતો અને એમણે પકડાવ્યો, પ્રમુખને ખરાબ કરવા માટે. પ્રમુખે કહ્યું કે મારું નામ ન દેવું. કહેવું કે હું ચોરી કરીને મારે ઘેર લેઇ જતો હતો. તેને જે દંડ થશે તે એમણે ભોગવી લેવાનું કહ્યું છે. સજા થશે તો તેટલા મહિનાનો પગાર એ આપી દેશે. એવા માણસની આબરૂ જાય તે કરતાં રણછોડે ગુનો માથે કરી લીધો એમાં ખોટું કશું નથી.' [ઊર્મિ]

## અતિથિદેવ!

એક સ્નેહીએ ખુશીઆનંદનો પત્ર લખેલો તેમાંથી નીચેનો પેરો ઉતાર્યો છે.

"સુરજબા (એમનાં પત્ની) માંદાં સાજાં ઢસરડા કરે છે તેવા તો બીજું કોઇ ના કરે. બે માસથી ભાનુ (દીકરી) આપણે ઘેર છે. મણિલાલ (જમાઇ-ભાનુના પતિ) અને તેમના નાના ભાઇ નગીનભાઇ પણ આપણે ઘેર જમે છે. ભાનુ સુવાવડના ખાટલે છે. કામ પણ બહુ રહે. સુરજબાનું શરીર મૂળે નબળું છે, છતાં સવારમાં વહેલાં પાંચ વાગતાંથી રાત્રે મોડા સુધી કામમાં એ રચ્યાંપચ્યાં રહે છે. ગયા શનિવારે તો માંદા જેવાં થઇ ગયેલાં. મેં કહ્યું-આવતી કાલે ડૉ. પાઠકને બતાવીને દવા લાવજો. પણ 'આવતી કાલે' જ સ્ટીમર આવી તેમાં ચંદુભાઇના ભાઇ ઉતર્યા સાથે બીજા પાંચ જેટલા તેમના મિત્રોનું લંગર લઇને ઘેર આવ્યા! બિચારાં સુરજબાને માંદાં થયે કેમ પાલવે? પાંચમાંના ત્રણ મિત્રો ચાલ્યા જતાં બે જણા તો હજી સુધી છે....(વતન)થી પાંચ દિવસ પછી કનુ આવ્યો એટલે વસતિ થઇ ગઇ છે. અમે ઘરના ૮ જણ, ભાનું, તેના ૩ ભાણાઓ, મણિલાલ, નગીનભાઇ અને મહેમાનો અને કામ કરનાર બિચારા સુરજબા એકલાં! મને તો તેમની ખરેખર ઘણી દયા આવે છે. પણ હું શું કરું? ઘરમાં કે રસોડામાં કાયમ માટે જયારે જયારે અવકાશ હોય ત્યારે હું મદદ કરું છું જ—કરવી પડે છે. તે પ્રમાણે ઘરનાં બીજાં બધાં પણ કરે તો સુરજબાનો કેટલો ભાર ઓછો થાય? પણ બીજાને આ કેમ સમજાવાય?"

આ એક પેરાના લખાણમાંથી કેટલાં ચિત્રો ઊઠે છે? આપણાં ઘરોમાં સ્ત્રી નોકરડીનું સ્થાન ભોગવે છે. ઘરનાં સ્વજનોને અને મહેમાનોને એની માંદગીમાં પણ નોકરી લેતાં દયા આવતી નથી. ઊલટું સનાતન હક સમજી તેની સેવા લેતાં સંકોચ થતો નથી. આ પત્રલેખક જેવો પતિ કદાચ આ બધું સમજે તો મૂંગો મૂંગો બને તેટલી પત્નીને મદદ કરી છૂટે છે, પણ બીજાને તે કામમાં મદદ કરવાનું કહી શકતો નથી! કારણ કે આપણી આજની ગૃહસ્થાઇમાં એમ કરવા જતાં ઊણપ આવે છે.

દીકરી ચોથા બાળકની માતા થાય છે, છતાં સુવાવડનો ખાટલો માતાપિતાને ત્યાં ઢળવાનો હક સમજે છે. અને એક શહેરમાં જ બંને (સસરો અને જમાઇ) રહે એટલે માબાપ દીકરી પોતાને ઘેર બોલાવવાનો વિવેક કરીને પણ કામ વધારતાં હોય. માની લઇએ કે દીકરી પાસે બીજું સ્ત્રી માણસ ન હોય એટલે માબાપ પાસે એ જાય. પરંતુ જમાઇ અને એનો નાનો ભાઇ લોજમાં જમીને બોજો ઓછો ન કરી શકે?

અને મહેમાનોએ પણ વિવેકબુદ્ધિ ખોઇ હોય તેમ આવી મુશ્કેલી જોયા છતાં પડયા રહે તો એમને શું કહેવું? યજમાન સાથે ઘર જેવો સંબંધ હોય પણ એ ઘરમાં કામ કરનાર માંદું પડયું હોય છતાં મહેમાની પરાણે કરાવવી? એ સ્થિતિ જાણ્યા પછી તરત બીજે વ્યવસ્થા કરવી જોઇએ કે નહિ?

અને જો મહેમાન થનાર એ ન સમજે તો યજમાન વિનય સાથે કહે કે, આપનું આ ઘર છે, પરંતુ કામ કરનાર કોઇ નથી એટલે જાતે કરવાનું છે, અગર આ વખતે બીજે વ્યવસ્થા કરી લ્યો, તો એને અવિવેક શું કામ માનવો? જમાના પ્રમાણે આચાર બદલાય છે તેમ ગૃહસ્થાઇનાં રૂઢ લક્ષણ બદલાય તો જ આવી કરુણતા ટળે.

[પાટીદાર] નારાયણ

# સમાચાર-નોંધ

## પંદરમી ઓગસ્ટ

ભારતની સ્વાતંત્ર્ય પ્રાપ્તિને બે વર્ષ પૂરાં થઇ ચૂક્યાં છે, અને પંદરમી ઓગસ્ટનો મંગળદિન આપણા ઉત્સવદિનોમાં એક સ્મરણીય ઉમેરો કરી ગયો છે. આઝાદી પછીનાં બે વર્ષમાં આપણે શી સિધ્ધિ મેળવી અને શી મેળવવી બાકી રહી, એ તો પછી વિચારી લઇશું. પરંતુ એક વાત તો સત્ય છે કે બસ્સો વર્ષ જુની પરદેશી સત્તાની ધૂસરી નીચેથી આપણે છૂટયા છીએ, અને હવે સંપૂર્ણ ગર્વ સહિત જગતના ચોકમાં આઝાદ પ્રજા તરીકે ઉંચું માથું રાખી ફરી શકીએ છીએ. ગુલામ પ્રજાને છતે પૈસે સમૃદ્ધિ નથી અને છતે ઇતિહાસે ગૌરવ નથી. ગમે તે સ્થિતિમાં પણ આપણે આજે સ્વતંત્ર છીએ. એ એક જ વિચાર ગૌરવવંતો છે. આઝાદીનાં બે વર્ષની સિદ્ધિઓનું વર્ણન કરતાં આપણા વડા પ્રધાન પંડિત નહેરૂએ એક પત્રકાર પરિષદમાં કેટલીક ચોખવટો કરી છે. દાખલા તરીકે એકાદ વર્ષથી હિન્દના સામ્યવાદી પક્ષે છુટા મુકેલા વિદ્રોહના ભૂતને બરાબર શીશીમાં ઉતારી દેવામાં આવ્યો છે એવી સત્તાવાર ખાતરી હિન્દના વડા પ્રધાનને મુખેથી સાંભળી આપણે રાહતની લાગણી અનુભવીએ છીએ. એવી જ રીતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પરના પ્રતિબંધો ઉઠાવી લીધા છતાં સરકાર એના પર આંધળો વિશ્વાસ મૂકતી નથી અને એની પ્રવૃત્તિઓ પર બરાબર નજર રાખે છે, એ નિવેદન પણ આપણને આશ્વાસન આપનારૂં છે. ઉદ્યોગોના રાષ્ટ્રીયકરણ બાબત પણ જે વિચારણીય ધીમાં પગલાં સરકાર ભરી રહેલ છે એ પણ યોગ્ય જ માર્ગ છે. આપણા અમલદારી તત્ત્વો પર હજુ આપણે પૂરો વિશ્વાસ મૂકી શકતા નથી એ સમયે ઉદ્યોગો પરનો અંગત કબજો ખસેડી લઇને રાષ્ટ્રીયકરણ કરીને છેવટે તો અમલદારી તત્ત્વોને સોંપવો, એ પગલું સ્હેજ ઉતાવળીયું ગણાય. એટલે આ બાબતમાં સરકારી વલણ આપણને યોગ્ય જણાયા વગર રહેશે નહિ.

પરંતુ નાગરિક સ્વાતંત્ર્યના દમન સામે આજે જે પ્રજામત ઉકળી રહ્યો છે, તે સંબંધમાં પંડિતજીએ વધુ ચોખવટ કરી હોત, તો ઉકળતા પ્રજામતને ઠીક સાંત્વન મળી રહેત. આજે સ્થળે સ્થળે ૧૪૪ મી કલમ નીચે સભા-સરઘસ બંધી પ્રવર્તે છે. વળી જાહેર સલામતી કાયદાનો પણ પુષ્કળ દુરૂપયોગ થઇ રહ્યો છે; અને સામ્યવાદી કે કોમવાદી ખતરનાક તત્વોને અંકુશમાં લાવવાના હેતુથી ઘડાએલા આ કાયદાનો ઉપયોગ સ્થાનિક સરકાર કે સત્તાવાળાઓની તેમના વહીવટ સંબંધમાં ટીકા કરનારા કે તેમની આંખમાં ખૂંચનારા સમાજવાદી ઉદ્દામવાદી કે કોંગ્રેસી કાર્યકરો તેમ જ વર્તમાનપત્રો સામે થઇ રહ્યો છે, તે સંબંધમાં પંડિત નહેરૂ શું મંતવ્ય ધરાવે છે એ જાણવું જરૂરી થઇ પડત.

પંડિતજીએ આ નિવેદનમાં નથી જણાવી એવી તેમની હૈદરાબાદ રાજ્યના અશાન્તિ ટાળવાની અને સરદાર પટેલે રાજસ્થાની ટુકડાઓને સાંધીને ત્યાંના આપખુદ તંત્રોને સાફ કરવાની સિદ્ધિ ખરેખર ઐતિહાસિક બનાવો ગણાય, એટલે તેનું પણ આપણે વિસ્મરણ કરી શકતા નથી.

આજે પંદરમી ઓગસ્ટે હિંદમાનું ફ્રેન્ચ સંસ્થાન ચંદ્રનગર સ્વતંત્ર ભારત સાથે જોડાઇ જઇને સ્વતંત્ર ભારતના ચિત્રમાં એક નવો રંગ પૂરશે. આ જ રીતે બાકીના ફ્રેન્ચ સંસ્થાનો પણ હવે હિંદ સાથે જોડાઇ જશે.

આ વખતે ગોવા પર શાસન કરી રહેલ પોર્ટુગલની સરકારની અવળચંડાઇ યાદ આવે છે. સામ્રાજ્યશાહી જ્યારે દુનિયામાંથી જવા બેઠી છે અને બ્રિટન, અમેરીકા અને ફ્રાન્સ જેવાં જૂનાં મોટાં સામ્રાજ્યવાદી દેશો પોતાનાં સંસ્થાનો પરની પકડ ઢીલી મૂકી રહ્યા છે ત્યારે સ્વતંત્ર હિંદની ભૂમિ પરનું ગોવાનું ટપકું પોતાની સત્તા નીચે ટકાવી રાખવાના પોર્ટુગલ સરકારના પ્રયાસો છેલ્લા મરણપછાડા જેવા લાગે છે.

પંદરમી ઓગસ્ટ સાથે સ્વ. મહાદેવભાઇ દેસાઇનું પણ સ્મરણ થઇ આવે છે. નરસિંહ અને મીરાંને શ્રી. કૃષ્ણ પ્રત્યે જેવી ભક્તિ હતી, તેવી જ ભક્તિથી તેમણે આપણા દેવ મહાત્મા ગાંધીજીની આરાધના કરી હતી. હવે તો દેવ અને તેનો ભક્ત બન્ને વિદાય થયા છે, ત્યારે એ દેવના ચીંધેલા માર્ગ પર પ્રસ્થાન કરવાને આપણે વધુ તત્પર બનવું જોઇએ.

સ્વાતંત્ર્યપ્રાપ્તિના આપણા સંગ્રામમાં ખુદીરામ બોઝથી માંડીને હેમુ કલાણી સુધીના જે જ્ઞાત અને અજ્ઞાત શહીદોએ પોતાની જીંદગીનો ભોગ આપીને આપણને ઉજળા રાખ્યા છે અને આપણું ગૌરવ વધાર્યું છે, તે શહીદોને—જે આઝાદી માટે તેઓ લડયા પણ તે જોવા જીવ્યા નહિ, તેમને—અંતરની અંજલિ આપી આપણે કૃતાર્થ થઇએ.

## મધ્યમવર્ગના માનવીને

સ્વતંત્ર હિંદના પહેલા હિંદી ગવર્નર જનરલ શ્રી. રાજગોપાલાચારીએ ગયા અઠવાડિયામાં મુંબઇની મુલાકાત લઇને નિર્વાસિતો માટેના ઉલ્લાસનગરની અને ભારતીય વિદ્યા ભવનના મકાનની ઉદ્ઘાટન ક્રિયા કરી તથા અંધેરીની પબ્લીક સ્કૂલ, સરકારી દૂધકેન્દ્ર, સિદ્ધાર્થ કોલેજ વગેરે સંસ્થાઓની મુલાકાત લઇ, જે કેટલાંક પ્રેરક પ્રવચનો આપ્યાં છે, તે મનન કરવા યોગ્ય છે. આ પ્રવચનોનો સારભાગ દૈનિક પત્રોમાં પ્રગટ થઇ ગયો હોવાથી અહીં તેનું પુનરૂચ્ચારણ કરવું જરૂરી નથી; પરંતુ છેલ્લે દિવસે પત્રકાર પરિષદમાં મધ્યમ વર્ગના માણસોની આજની મુસ્કેલીઓ સંબંધમાં જે અગત્યની ભલામણો કરી છે, તે ખાસ વિચારવા જેવી છે. મધ્યમ વર્ગ આજે સૌથી વધુ મુસ્કેલીમાં મૂકાએલો હોઇને તેમની સ્થિતિનું વર્ણન કરતા તથા તેના ઉપાયો વિષે સૂચન કરતા બે લેખો આ અગાઉ મેં 'પ્રબુદ્ધ જૈન' માં પ્રગટ કર્યા છે, તેની પૂર્તિ રૂપે જાણે રાજાજીએ મધ્યમ વર્ગના માનવીને ઉદ્દેશીને શીખામણ આપી હોય તેમ કહ્યું હતું કે મધ્યમ વર્ગે હવે ધંધા નોકરીનો મોહ અને ભેદ ત્યજીને જેમાં સારી કમાણી મળે એવા કામમાં લાગી જવું જોઇએ. આજે કામદાર વર્ગની સ્થિતિ ઠીક સુધરી હોવાનું જણાય છે, અને મધ્યમ વર્ગ પણ કારખાનામાં કામ કરતો થઇ જશે, તો તેમનું હિત થશે. એ કામ પણ પ્રમાણિક કામ જ છે, અને તેથી તેમણે એ કામ કરતાં અચકાવું જોઇએ નહિ.

બીજું, એમણે વિદ્યાર્થીઓને કુટુંબના ધંધામાં રસ લેવા કહ્યું. વેપારી કે કારીગરનો દીકરો ભલે શાળા અને કોલેજમાં ભણે, પરંતુ ત્યાં ધંધાદારી શિક્ષણ બિલકુલ મળતું નથી; તેમજ તેનો કંઇ અનુભવ મળતો નથી; એટલે તેવા વિદ્યાર્થીઓ અભ્યાસ પૂરો કરી નોકરી શોધવા નીકળી પડે છે. પરંતુ કુટુંબના ધંધામાં તેઓ રસ લ્યે, તો કુટુંબને મદદ પણ કરી શકે અને અભ્યાસ પૂરો કરી સ્વતંત્ર ધંધો કરી શકે.

ત્રીજું એમણે સંતતિનિયમન વિષે કહ્યું. હિંદની વસતીની સંખ્યા ઘણી વધી ગઇ છે, અને દેશનું ઉત્પાદન એને પહોંચી વળી શકતું નથી, એટલે મધ્યમવર્ગ માટે નહિ, પરંતુ દેશના બધા લોકો માટે સંતતિ નિયમન એ એક રાષ્ટ્રીય હિતનું કાર્ય છે. દેશનાં બાળકો થોડાં પણ સબળ હશે, તો જ દેશની ઉન્નતિ થશે. ગરીબીને કારણે, પોષણના અભાવે આપણી સંતતિ ખૂબ જ નબળી રહી છે. આવી નબળી સંતતિ પોતાનું, કુટુંબનું કે દેશનું હિત કરી શકતી નથી, એટલું જ નહિ પણ દેશના ઉત્પાદન પર મોટી અસર કરે છે. એટલે સંતતિ નિયમનની રાજાજીની સલાહ વાસ્તવિક છે જ.

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૨૦-૮-૪૯ શનિવારથી તા. ૨૮-૮-૪૯ રવિવાર સુધીની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. શરૂઆતના સાત દિવસ અને છેલ્લો નવમો દિવસ તા. ૨૮-૮-૪૯ એમ આઠ દિવસ હમેશાં વિઠ્ઠલભાઈ પટેલ રોડ ઉપર આવેલા આનંદભુવનમાં સવારના ૮-૩૦ વાગ્યે વ્યાખ્યાનસભા શરૂ થશે અને જુદા જુદા વિષયો ઉપર હમેશાં બબ્બે વ્યાખ્યાનો આપવામાં આવશે. અને તા. ૨૭-૮-૪૯ શનિવારના રોજની વ્યાખ્યાનસભા લેમીંગ્ટન રોડ ઉપર આવેલ રોકસી થીએટરમાં સવારના ૮-૪૫ વાગે શરૂ કરવામાં આવશે. આ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો છે.

| તારીખ | વ્યાખ્યાતા | વ્યાખ્યાનવિષય |
|---|---|---|
| ૨૦-૮-૪૯ શનિવાર | શ્રી મોરારજી દેસાઇ | ધર્મનું હાર્દ |
| ,, | ,, કાકુભાઇ | ધર્મના નામે અધર્મ |
| ૨૧-૮-૪૯ રવિવાર | ,, એસ. એસ. દેશનવિ | મહમદ પયગંબર |
| ,, | ,, રેવરન્ડ જ્યોર્જ પ્રોકશ | ઇશુ ખ્રીસ્ત |
| ૨૨-૮-૪૯ સોમવાર | ,, ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ | સ્યાદ્વાદ અને તેનો વ્યવહારૂ ઉપયોગ |
| ,, | ,, વીઠ્ઠલદાસ જેરાજાણી | ગ્રામજનતા |
| ૨૩-૮-૪૯ મંગળવાર | ,, એમ. એમ. કે. શેહાબ | ધર્મ, ઈસ્લામની દૃષ્ટિએ |
| ,, | ડૉ. હરિપ્રસાદ દેસાઈ | સૌંદર્યનાં દર્શન |
| ૨૪-૮-૪૯ બુધવાર | શ્રી પુરૂષોત્તમ ગોવિંદ લાડ | અપરિગ્રહ |
| ,, | ,, શેષ નામલે | પુનર્રચના અને બાળક |
| ૨૫-૮-૪૯ ગુરૂવાર | ,, મનુભાઈ વૈદ્ય | સામાજિક શિક્ષણ |
| ,, | ,, ઉમાશંકર જોષી | રવીન્દ્રનાથ ટાગોર |
| ૨૬-૮-૪૯ શુક્રવાર | ,, પરમાનંદ કુંવરજી કાપડીયા | સિદ્ધચક્ર |
| ,, | ,, કેદારનાથજી | આજનો ધર્મ |
| ૨૭-૮-૪૯ શનિવાર | પંડિત સુખલાલજી | મહાવીરથી મળેલ મંગળ વારસો |
| ,, | શ્રી કાકાસાહેબ કાલેલકર | ... .... ... |
| ૨૮-૮-૪૯ રવિવાર | ડૉ. એરચ્ જહાંગીર તારાપોરવાળા | માનવતાની મુકિત જરથોસ્તની દૃષ્ટિએ |
| ,, | શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક | કાવ્યોની ભવ્યતા |

આ વ્યાખ્યાનસભાઓ ઉપર જણાવેલ સ્થળે અને સમયે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીના અધ્યક્ષપણા નીચે નિયમિત રીતે શરૂ થશે. જૈન જૈનેતર સર્વે ભાઇબહેનોને વખતસર હાજર રહેવા અને વ્યાખ્યાનો ચાલતા હોય તે દરમિયાન યોગ્ય શિસ્ત અને પુરી શાન્તિ જાળવવા વિનંતી કરવામાં આવે છે.

તા. ક. આ વ્યાખ્યાનક્રમમાં કારણવશાત્ ફેરફારો થવાનો પુરો સંભવ છે, જે બાબતની જાહેરાત વ્યાખ્યાનસભાઓદરમિયાન વખતોવખત કરવામાં આવશે.
બહાર ઉતારવામાં આવતા બુટ-ચંપલ ચોરાઇ જવાના બનાવો બનતા હોવાથી, તે અંદર લઇ જવા કાગળ કે કપડાંની થેલી સાથે લાવવા અમારી વિનતિ છે.

**મણિલાલ મોકમચંદ શાહ**
**પરમાનંદ કુંવરજી કાપડીઆ**
**દીપચંદ ત્રીભોવનદાસ શાહ**
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

---

પરંતુ સંતતિ નિયમનના માર્ગો સંબંધમાં આજે જુદાજુદા વિચારકો વચ્ચે ખૂબ જ મતભેદ પ્રવર્તે છે. થોડા વખત પહેલાં મુંબઇની સુધરાઇની બેઠકમાં સંતતિ નિયમન માટે કામદાર વર્ગને વૈજ્ઞાનિક સાધનો અને તેનું જ્ઞાન આપવાની ભલામણ વિષે રસપ્રદ ચર્ચા નીકળી હતી. પરંતુ ખરું જોતાં આ વૈજ્ઞાનિક કહેવાતાં સાધનો સંપૂર્ણ અથવા યોગ્યરીતે અસરકારક નીવડયાં નથી. વળી આ સાધનો મોંઘા હોઇને મધ્યમ કે કામદાર વર્ગને પરવડે તેવાં નથી. ઉપરાંત તે અંગે કોઇ સરકારી ચોકકસ વ્યવસ્થાના અભાવે જાહેરખબરીયા અને લેભાગુ વૈદ દાકતરો તેમ જ બીજા ધંધાદારીઓ પ્રજાનું શોષણ કરે છે, છેતરે છે, અને તેના ઉપયોગથી ફાયદાને બદલે નુકશાન પણ કરે છે.

પરંતુ આ સાધનોના ઉપયોગ સામે એક લાલબત્તી ધરવામાં આવે છે કે આથી કદાચ સંતતિનિયમન તો થઇ શકશે, પરંતુ સાથોસાથ માણસ સંયમ પણ ગુમાવી બેસશે, અને તેથી પોતાને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પતનને માર્ગે લઇ જશે. આ વસ્તુ ખરેખર વિચારવા જેવી જ છે; અને તેથી સંતતિનિયમન માટે પૂ. ગાંધીજીએ જે સંયમ અને બ્રહ્મચર્યનો માર્ગ દર્શાવ્યો છે, એ જ એક સાચો ઉપાય છે. જો કે આ માર્ગ દરેક સામાન્ય માનવી માટે સહેલો તો નથી જ; છતાં તે જ એ અનુસરવાયોગ્ય બીનખર્ચાળ, નિર્ભય અને આત્માની ઉન્નતિ કરનારો માર્ગ છે. મુશ્કેલ છતાં યોગ્ય આ જ માર્ગ હોઇને એ માર્ગે જ ચાલવા માણસે પ્રયાસ કરવો જોઇએ. અને પ્રયાસથી આ માર્ગ સહેલો બની જાય છે.

એટલે રાજાજીએ મધ્યમ વર્ગને સંતતિ નિયમન માટે જેમ સલાહ આપી તેમ તેના ઉપાય વિષે પણ જો ગાંધીજીના વિચાર અનુસાર વર્તવાની લોકોને સલાહ આપી હોત તો ઠીક થાત.

**જવુભાઇ**

## સમાચાર

મુંબઇ જૈન યુવક સંઘના એક અગત્યના સાથી અને યુનોની સામાજીક અને શિક્ષણ-સંસ્કાર વિષયક સંસ્થા યુનેસ્કોના તાલીમી વિભાગના વડા ડૉ. બુલચંદજી જૈનની આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન સંસ્થાના વડા તરીકે ચૂંટણી કરવામાં આવી છે. ડૉ. બુલચંદને વહીવટી કાર્યમાં તેમની વૈજ્ઞાનિક અને જવાબદારી નિપૂણતાના સ્વીકાર તરીકે આ માન મળ્યું છે.

## 'હિંસાની એક આડકતરી પ્રતિષ્ઠા'

આ મથાળા નીચે તા. ૧-૬-૪૯ના પ્રબુદ્ધ જૈનમાં શ્રી. પરમાનંદ ભાઇની પ્રાવેશિક નોંધ સાથે 'દક્ષિણા'ના ગયા વર્ષના નવેમ્બર માસના અંકમાં પ્રગટ થયેલો શ્રી. અંબાલાલ પુરાણીનો 'અહિંસા' શિર્ષક લેખ પુનઃ પ્રગટ કરવામાં આવ્યો હતો અને ત્યાર પછીના પ્રબુદ્ધ જૈનમાં પંડિત સુખલાલજીએ લખેલી ઉપર જણાવેલ લેખની સમાલોચના પ્રગટ કરવામાં આવી હતી. એ સમાલોચનાના પ્રત્યુત્તર રૂપે એક લાંબો લેખ અમને શ્રી. અંબાલાલ પુરાણી તરફથી મળ્યો છે. એ લેખમાં મુખ્યત્વે કરીને પોતાના આગળના લેખમાં કરેલા સર્વ વિધાનોને શ્રી. અરવિન્દનું સંપૂર્ણ સમર્થન છે એ દર્શાવવા માટે શ્રી. અરવિન્દના કેટલાક લેખોમાંથી તેમણે સંખ્યાબંધ અવતરણો આપ્યાં છે. એ જ લેખમાં આગળ જતાં ગાંધીજી સાથેનો પોતાનો સંબંધ, તેમના વિષે પોતાનો આદર અને એમ છતાં છેલ્લા ૩૦-૩૧ વર્ષથી તેમની સાથેનો પોતાનો-તાત્વિક મતભેદ-આવી કેટલીક બાબતો તેમણે ચર્ચી છે. અને સમષ્ટિજીવનના પ્રશ્નોના ઉકેલ તરીકે અહિંસા કામગાર નીવડી નથી, કદિ નીવડવાની નથી, એ પોતાના સુદૃઢ મન્તવ્યને તેમણે આગળ ધર્યું છે. અને અહિંસાના માર્ગથી ગાંધીજીના અનુયાયીઓ અને આજના રાજકારણના સુત્રધારો તથા સત્તાધીશોને દૂરને દૂર જવાની કેવી ફરજ પડી રહી છે એ બાબત તરફ તેમણે અંગુલિનિર્દેશ કર્યો છે. એમના લાંબા લેખને પ્રબુદ્ધ જૈનમાં અવકાશ આપીને એ પ્રશ્નની ચર્ચા લંબાવવાની અમારી ઇચ્છા નહિ હોવાથી તેમના લેખનો આટલો ટુંકો સાર આપીને અમો સંતોષ ચિન્તવીએ છીએ.

તંત્રી

## સમાચાર

### જલગાંવમાં વ્યાખ્યાનમાળા

આ વર્ષ જળગાંવમાં કોઇ સાધુ મુનિરાજનું ચાતુર્માસ ન હોવાથી પર્યુષણ પર્વમાં વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવેલ છે, જેનું ઉદ્ઘાટન શ્રી. કુન્દનમલજી ફિરોદીયાના હસ્તે થશે. વ્યાખ્યાનો માટે જૈન દર્શનના ઉચ્ચ કોટીના વિદ્વાનોને નિમંત્રણ અપાયું છે, જેમાં પં. ઇન્દ્રચન્દ્રજી શાસ્ત્રી, પં. દરબારીલાલજી સત્યભક્ત, શ્રી. ડૉ. જગદીશચંદ્રજી જૈન, પં. મહેન્દ્રકુમારજી ન્યાયાચાર્ય, પં. કૃષ્ણચંદ્રજી, પં. રોશનલાલજી વિગેરે વિદ્વાનોએ નિમંત્રણનો સ્વીકાર કર્યો છે.

### સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ

ગઇ તા. ૧૬-૭-૪૯ને શનિવારે સાંજે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓની સભા શ્રીયુત ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખપદે મળી હતી, અને તેમાં ચાલુ વર્ષ માટે નીચેના કાર્યવાહકો ચૂંટવામાં આવ્યા હતા.

૧. માનદ્ ગૃહપતિ : **શ્રી. સોમચંદ શાહ**

૨. સામાન્યમંત્રીઓ : **શ્રી. ચમનલાલ ગોસલીઆ**

**શ્રી. જયંતિલાલ શાહ**

૩. પુસ્તકાલય મંત્રી : **શ્રી. ભરતકુમાર ચાલીસહજાર**

૪. દવાખાના મંત્રી : **શ્રી. વાડીલાલ શાહ**

### શ્રી મહાવીર જૈન વિદ્યાલય

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, બી. એ., એલએલ. બી. સોલિસિટરના મંત્રી તરીકેના રાજીનામાનો તેમની તબીયતને કારણે સ્વીકાર થતાં ખાલી પડેલ જગ્યાએ વ્યવસ્થાપક સમિતિએ શ્રી હિરાલાલ મંછાચંદ શાહ, બી. એ., એલએલ. બી. સોલિસિટરની નિમણુક સર્વાનુમતે કરેલ છે.

શ્રી ફુલભાઇ ભુદરદાસ વકીલનું કોષાધ્યક્ષ તરીકેનું રાજીનામું તબીયતને કારણે સ્વીકારતાં વ્યવસ્થાપક સમિતિએ શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદની સર્વાનુમતે નિમણુક કરેલ છે.

## એ જ પંથે

બનેલી ઘટનાને આધારે ] [ ટુંકી વાર્તા

[ અનેક કૂળવધુઓ મુશીબતમાં જે પંથે જાય છે, એ જ પંથ રમાએ લીધો. એમાં એણે ખાનદાની જોઇ. રતિલાલ જેવા પતિદેવો સામે બળવો કરવામાં ખરી ખાનદાની છે, એમ આ કૂળવધુઓ સમજશે કયારે ? ]

શરદ પૂર્ણિમાની રાત્રીએ શશીકિરણોમાંથી શીતલતા સરતી હતી. શીત અનિલ મંદમંદ લહરીઓ મોકલતો હતો. પયોધરમાંથી થોડા જલબિંદુઓ વરસી રહ્યાં હતાં. સર્વત્ર શીતલતાનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું હતું.

પરંતુ રમા જ એક કમનસીબ નારી હતી કે જેનું હૃદય આગની પ્રચંડ જવાળા વચ્ચે સળગી રહ્યું હતું; જેનાં નયનોમાંથી અગ્નિકિરણ વરસી રહ્યાં હતાં, એના અંગમાં અનલદાહ વ્યાપ્યો હતો. કુદરતની શીતલતા તેને સ્પર્શી શકી નહોતી.

છેલ્લી વસંતના ઉત્સવ સાથે તેનો લગ્નોત્સવ ઉજવાયો હતો. વસંતના નવપલ્લવિત કુસુમો જેવા હર્ષોન્મત્ત હૃદય સાથે તેણે પતિગૃહમાં પ્રવેશ કર્યો હતો. પરંતુ પ્રકૃતિની પાનખર સાથે તેનું જીવન પણ રસહીન બની ગયું હતું.

૭ માસમાં રમાની આશા અને ઉલ્લાસ આથમી ગયાં. પ્રફુલ્લ કૌમાર જીવન લગ્નને પ્રથમ પગલે જ કરમાઇ ગયું. રમાએ પ્રભુતાને બદલે દાનવતાના પંથમાં પગલાં માંડયાં હતાં.

લગ્ન પછીની એ પહેલી જ રાત્રી હતી, એ જ રાત્રિએ તેણે લગ્ન જીવનનાં બધાં સુખ માણી લીધાં. એ જ રાત્રિએ તેના જીવનમાં અગ્નિની પહેલી ચિનગારી મૂકાઇ.

તે રાત્રે રમાનો પતિ રતિલાલ સીનેમા જોઇ બાર વાગ્યે ઘેર આવ્યો, ત્યારે તેની રાહ જોતી રમા એક પુસ્તક વાંચી રહી હતી.

રતિલાલથી રમાનો આ 'ભયંકર' અપરાધ સહી શકાયો નહિ. નવપરિણિતા પત્ની સાથેનાં પ્રથમ મિલન-સમયે રતિલાલના મુખમાંથી ગાળો વરસવા લાગી.

'ઓહો ! જાણે મોટા પંડિતની દીકરી ! મને આવતો દેખી સન્માન કરવાને બદલે થોથામાં મોઢું ઘાલી બેસી રહી છે ! મને મારી માએ ખોટું નહોતું કહ્યું કે મોહનલાલ મહેતાની છોકરીઓમાં અભિમાન ઓછું નથી !'

રમાએ આ બધું શાન્ત ચિત્તે સહી લીધું. એક પણ શબ્દનો ઉચ્ચાર તેણે કર્યો નહિ; એક પળમાં આખી પરિસ્થિતિનું માપ તેણે કાઢી લીધું. રતિલાલની મૂર્ખતા અને તેના પર તેની માની શીખામણની અસરથી પોતાના ભાવી જીવનનું સત્યાનાશ થતું તેણે કલ્પી લીધું.

પરંતુ રમાનું મૌન રતિલાલને વધારે ખૂચ્યું. તેના મૌનમાં તેને ગુમાન દેખાયું. તેની ગંભીરતામાં તેને તિરસ્કાર ભાસ્યો. તે વધારે ઉગ્ર બન્યો અને રમાના ગાલ પર એક તમાચો લગાવી દીધો.

આ રીતે રતિલાલ અને રમાના જીવનનાં મંડાણ શરૂ થયાં. માતૃભકત રતિલાલે મોહનલાલ મહેતાની છોકરીને 'પાંસરી' કરવાના પ્રયાસો શરૂ કર્યા. જમનાબાઇ પુત્રની 'વીરતા' નીહાળી ખુશી થયાં.

જમનાબાઇનાં ડહાપણ અને વ્યવહારિક કુનેહનાં આખા ગામમાં વખાણ થતાં. લગ્ન, સીમંત કે મરણ પ્રસંગે સૌ જમનાબાઇની સલાહ લેવા દોડી આવતા.

રતિલાલના પિતા પુત્રને બે વર્ષનો મુકીને મૃત્યુ પામ્યા હતા. ચાર વર્ષના ગૃહવાસમાં તો જમનાબાઈની વ્યવહારકુશળતા પંકાઈ ગઈ હતી. પોતાનું વૈધવ્ય અત્યારસુધી કુશળપણે તેણે પાળીને આખા ગામમાં નમુનેદાર દાખલો બેસાડયો હતો.

વિધવાને સહજ એવા ધર્મપ્રેમથી જમનાબાઈ રંગાયા હતાં. જમનાબાઈ દરરોજ સવારસાંજ ઉપાશ્રયે જઈ સામાયિક-પડિક્કમણાં કરતાં, કંદમુળ ને રાત્રિભોજનની જીવનપર્યંતની બંધી, પર્યુષણના આઠેય ઉપવાસ; એ બધું તેમનાં સામાન્ય જીવન સાથે વણાઈ ગયું હતું. હજુ ગયે વરસે જ તેમણે વરસીતપ કરી 'ધરમપ્રેમી'નું લોક બિરૂદ પ્રાપ્ત કર્યું હતું.

રમા અભિમાની છે, એવો અભિપ્રાય લગ્ન પહેલાં જ જમનાબાઈએ બાંધી લીધો હતો અને રતિલાલના મગજમાં તે ઠસાવવામાં જમનાબાઈ સફળ થયાં હતાં. અભિમાન ઉતારવું એ જમનાબાઈ અને રતિલાલનું જીવનધ્યેય થઇ પડયું હતું.

'ઓહો ! આ સાડી પહેરી કોને રૂપ દેખાડવા નીકળ્યાં ? બાપને ઘેર તો ચીંથરા વીંટી મોટી થઈ તે ભૂલી ગઇ ?'

જમનાબાઈના શબ્દપ્રહારથી રમાના અંતરમાં ઘા લાગ્યો; છતાં અચકાતી તે બોલી : 'આજ તો...'

વાક્ય પૂરૂં થાય તે પહેલાં જમનાબાઇ ગરજ્યાં ? 'હા, હા કહોને ? રતિલાલનો જન્મ દિવસ છે ? જોયાં આ વહુ ! શરમનો છાંટો યે છે ? મોહન મહેતાનું કુટુંબ બેશરમ અમથું નથી કહેવાતું ?

'આપણી વાતમાં મારા બાપને શા માટે વચ્ચે લાવો છો ?'

'તારો બાપ મોટો ખાનદાન ખરોને ? તેને કંઇ કહેવાય ?'

એટલામાં રતિલાલ આવ્યો.

'શું છે, માજી ?'

'કંઇ નહિ ભાઇ !' કહેતાં જમનાબાઇએ આંખમાંથી બે આંસુ પાડયાં. માતૃભકત રતિલાલ જમનાબાઇનાં આંસુ જોઇ ન શક્યો. 'મારી માના કાળજા બાળનારી ડાકણ' કહેતો તે રમા ઉપર ધસ્યો, પાસે પડેલી દાતણની લીલી છડી તેના વાંસા પર સબોસબ મારવા માંડયો. રમાએ એક પણ શબ્દનો ઉચ્ચાર ન કર્યો; પરંતુ માર સહન ન થવાથી તેની આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી.

'ઢોંગ કરે છે, રાં-' બોલતો તે ફરી ધસ્યો અને રમાની કેડ ઉપર જોરથી પાટુ માર્યું. રમા પછડાટ ખાઇ નીચે પડી, અને બેશુધ્ધ બની ગઇ.

રમાના બેશુધ્ધ અંગ પર છેલ્લી લાત મારી રતિલાલ ઘર બહાર ચાલ્યો ગયો.

બીજે દિવસે રમાને તાવ આવ્યો. દરરોજના ગૃહકલેશથી તેનું શરીર નબળું પડતું ચાલ્યું હતું. સાધારણ તાવ તો તેના શરીરમાં દરરોજ રહ્યા કરતો. પરંતુ આજે મારને પરિણામે તાવ સખ્ત ચડ્યો હતો. તાવ છતાં પથારીમાં સુવાનું રમાના ભાગ્યમાં લખાયું નહોતું.

'રમા વહુ !' જમનાબાઇનો વિનયભર્યો સ્વર સંભળાયો; 'આ લક્ષ્મીબેનને એક વાટકી દુધ આપજો ને !'

લક્ષ્મીબેન પોતાની નાની બેબી માટે દુધ લેવા જમનાબાઇને ત્યાં આવ્યા હતા. જમનાબાઇનો પડોશી ધર્મ બહુ વખણાતો.

લક્ષ્મીબેન રસોડામાં પગ મૂકતાં ચમકયા. તેણે રમાને પહેલી જ વાર રડતી જોઇ.

'કેમ રમા, રડે છે ?'

'તાવ આવ્યો છે' રમાએ ધીરે સ્વરે ઉત્તર આપ્યો.

લક્ષ્મીબેને રમાનું કાંડું પકડયું, જુગીને જમનાબાઇને તેણે મોટેથી કહ્યું 'રમાને તો તાવ આવ્યો છે. શરીર આખું ધણું ઉકળું છે !'

અને જમનાબાઈની વાગ્ધારા શરૂ થઇ; 'શું કહો છો ? મને ખબરે ય નથી ! તમે ય વહુ બોલતા નથી ? કામ પડતું મુકી દ્યો. એ તો થઇ રહેશે. જાવ, પલંગ પર સુઇ જાવ. અરે રતુ ! દાકતરને ઝટ બોલાવી લાવ; રમાને તાવ ચડ્યો છે !' જાણે જમનાબાઇ દયાની દેવી હોય એમ લક્ષ્મીબહેનને લાગ્યું. દુધનું પ્યાલું ભરી તે પોતાને ઘેર ગયા.

નાટકનો પ્રવેશ બદલે તેમ જમનાબાઇ પલટયાં. તેમનું નમ્ર મુખ ઉગ્ર બન્યું. 'બોલી રમલી, શરમાણી નહિ તે લક્ષ્મીને વાત કહેવા ગઇ ?'

'મેં નથી કહ્યું,'

'ત્યારે તેને ખબર કયાંથી પડી ? કોઇ બહારનાંને દેખીને ગરીબડી થઇ જાશ, ને અમારી આબરૂ ગુમાવશ !' જમનાબાઇ રસોડામાં આવ્યાઃ 'આ ફાટેલી સાડી આજ કેમ પહેરી છે ? તારો મામો આવવાનો છે, તેને દેખાડવા, કે અમે તને ફાટેલ કપડે રાખીએ છીએ ? ઉઠ, ઉભી થા, પેલી રેશમી સાડી પહેરી લે. રસોઇ પૂરી થઇ કે ! જા, પથારીમાં સુઇ જા ! તારા મામાને મોઢે કાંઇ બોલી તો તારી વાત તું જાણજે !'

રમાનો મામો આવ્યો ત્યારે રમા પથારીમાં સુતી હતી. રમાનો દુર્બલ દેહ અને ફીકકું મુખ જોઇને તેણે બધી કલ્પના કરી લીધી રમાને પુછતાં તો તેણે કાંઇ પણ વાત ન કરી. રતિલાલને પુછતાં તેણે જવાબ ન દીધો. એટલે તેણે રમાને થોડા દિવસ પોતાને ત્યાં મોકલવાની જમનાબાઇ પાસે માંગણી કરી.

'જી હા શેઠ ! રમાને તાવ ઉતર્યે હું તમને કાગળ લખાવીશ, એટલે આવીને તેડી જજો. આ સ્થિતિમાં તો કેમ મોકલી શકાય ?'

રમાનો મામો તર્કવિતર્ક કરતો પોતાને ઘેર ગયો.

પાછો પ્રવેશ બદલ્યો અને હંમેશનો ક્રમ ચાલુ થયો.

'તારા મામાને તેં શું કહ્યું ?'

'કંઇ નહિ.'

'આપણા ઘરની વાત તેણે કયાંથી જાણી ?'

'મેં કંઇ કહ્યું નથી.'

'જુઠું બોલે છે કેમ ? માર્યા વિના સાચું નહિ બોલે !'

'મારવું હોય તેટલું મારી લ્યો. કસાઇને ઘેર ગાય પણ એક જ ઝાટકે ખલાસ થાય છે. શીદને મને રીબાવી રીબાવીને મારો છો ? લ્યો આ દીવાસળી ? સળગાવી દ્યોને, એટલે આ રોજની વેદનામાંથી છુટું" કહી રમાએ આવેશમાં આવી જઇ ચૂલા પરથી દીવાસળીની પેટી લઇ રતિલાલ તરફ ફેંકી.

રતિલાલ પણ આવેશમાં આવી ગયો. તેણે ટોપીને એક બાજુ ફેંકી અને પેટીમાંથી સળી કાઢી સળગાવી, રમાની સાડીના છેડા પર મૂકી.

સાડી ભડભડાટ સળગવા લાગી. રમા આંખો મીંચી, હોઠ બીડી, ભીંતને અઢેલી દૃઢતાથી ઉભી રહી. અગ્નિ સળગ્યો ને રતિલાલનો આવેશ ઓગળી ગયો. તે ગભરાઇ ગયો. તેનાથી ચીસ પડાઇ ગઇ ! તે દોડયો અને રમાની સાડી ખેંચી લીધી. તેમ કરતાં તેના હાથ દાઝયા. આ બધું જાણે સ્વપ્ન પેઠે બે પાંચ દશ સેકંડમાં બની ગયું.

ચીસ સાંભળતાં પાડોશીઓ દોડી આવ્યા. જમનાબાઇ સામાયિક પડતી મૂકી રસોડા તરફ દોડયા. સમયસુચકતાથી પાડોશીઓને જવાબ આપી પાછાં વાળ્યા અને ઓસરીની જાળી બંધ કરી ઘરમાં આવ્યા.

'મુરખ!' રતિલાલને ઘરના ખુણામાં બોલાવી જમનાબાઇ ઠપકો દેવા લાગ્યાં. 'નમાલા, કરવા ગયો ને પુરૂં ન કરી શકયો ?' રતિલાલ નીચું જોઇ સાંભળી રહ્યો.

જમનાબાઇ રસોડામાં ગઇ 'રમા વહુ! કેટલુંક દાઝયાં છો ? લ્યો આ વેસેલાઇન ચોપડો. રસોઇ કરતાં છેડો સંકોરીને ચાલીએ.'

રમાની ધીરજ ખુટી. ઘણા વખત સુધી તેણે મુંગે મોઢે દુઃખ સહન કર્યું હતું. હવે તેણે જીવનની પરવા છોડી હતી. હજુ તેનો આવેશ શાન્ત પડયો નહોતો તે બોલી;

રસોઇ શાની, ને છેડો શાનો ? શું બાળક છું, તે ફોસલાવો છો ? તમારી જ શીખામણથી તમારા દિકરે દિવાસળી મુકી, એ હું નથી જાણતી ?'

જમનાબાઇએ જાણ્યું કે વાત હાથમાંથી ગઇ છે.

'મેં રતુને ચડાવ્યો હોય તો મારી સો સામાયિક જાય! હું કાંઇ જાણતી નથી. ને રતુ તો નાદાન છે.'

'નાદાન એવો કે બાયડીને સળગાવી દે!'

'વહુ, ખોટું બોલશોમાં. સળગાવે તો તે ઠારવા શાનો જાય ? તેના યે હાથ દાઝયાં છે!'

'ટક...ટક' બારણાં પર અવાજ આવ્યો. પાડોશીમાંથી એકે જઇ પોલીસને ખબર આપી હતી.

'રમા વહુ! જે બોલો તે વિચારીને બોલજો. પોલીસના માણસ આવી પહોંચશે. રતુનું નામ લીધું, તો રતુ મરતાં તમારી ચુડી ભાંગશે. રતુ જેલમાં જશે, તો તમારે ભૂખે મરવું પડશે.'

પોલીસે આવી કેફિયત લીધી. જમનાબાઇની સુચના રમાને યોગ્ય લાગી હતી. પોલીસે 'અકસ્માત' નોંધ્યો. જમનાબાઇને થોડું ખર્ચ પણ થયું.

આઠેક દિવસ ઘરમાં શાંતિ રહી; રતિલાલ તબીયતનું બહાનું કાઢી મેડી પર સુઈ રહેતો.

જમનાબાઇ ઘણો ખરો વખત ઉપાશ્રયે જ ગાળતાં. રમા વિચારમૂઢ દશામાં જીવતી.

આઠેક દિવસ વિત્યા બાદ રમાએ જમનાબાઇને કહ્યું, 'મારૂં મન મુંઝાએલું રહે છે. થોડા દિ' પિએર જવા દ્યો.'

'તે હવે તમને શું દુઃખ છે ? કોઇ હુંકારો ય નથી કહેતું. રતુની તબીયત ઠીક નથી.'

'હવે મારૂં શરીર કહ્યું નથી કરતું, ઘરનું કામકાજ કરવાની મારામાં શકિત નથી. આખું અંગ તૂટી પડે છે.'

'તું લખેશરીની દીકરી, તે તારાથી કામકાજ કેમ થાય ? તું જાય તો અહીં રસોઇ કોણ કરશે ? જતી જીંદગીએ હું મારૂં 'ધરમધ્યાન' નહિં મૂકું.'

ફરી પાછા એના એ દિવસ; માર અને મેણાં-ભૂખમરો અને મજુરી-ત્રાસ અને જુલમ.

રાત્રિના બારના ટકોરા થયા. રમા હળવેથી પથારીમાંથી ઉભી થઇ. તેનું અંગ દુર્બલ બની ગયું હતું. આંખો ઉંડી ગઇ હતી.

બાજુની પથારીમાં રતિલાલ ઘસઘસાટ ઉંઘી રહ્યો હતો. તેના તરફ તિવ્ર દૃષ્ટિ ફેંકી રમા બારણું ઉઘાડી ઓસરીમાં આવી.

ઓસરીમાં તે એક પેટી પર બેસી ગઇ. રાત્રિ શાન્ત હતી. આસપાસ સૌ કોઇ નિદ્રા લઇ રહ્યા હતા.

એક ઉંડો નિશ્વાસ નાખી તે સફાળી બેઠી થઇ. 'હરીકેન' નું ઢાકણું ઉઘાડી ગ્યાસતેલથી સાડી ભીંજવી, અને દાંત વડે હોઠ દબાવી દીવાસળી મુકી!

ભડભડાટ અગ્નિ સળગ્યો અને તેનાથી ચીસ પડાઇ ગઇ. માથાના વાળ સળગી ગયા. ચામડીમાં કાળી બળતરા વ્યાપી.

જમનાબાઇ સફાળાં જાગી ઉઠયાં અને ઓસરી તરફ દોડયાં. રમા ભોંય પર પડી હતી. તેનો દેહ અગ્નિની જવાળામાં સળગી રહ્યો હતો. પાસે જવાની તેની હિંમત ચાલી નહિ. પોતે ઓઢેલો બનુસ તેણે રમા પર ફેંકયો. બેચાર ગોદડાં માથે નાંખ્યા, અને અગ્નિ બૂઝાયો.

આ દરમ્યાન રતિલાલ તો ઘોરતો પડયો હતો. જમનાબાઇએ તેને ઉઠાડયો. રતિલાલ રમાનો બેશુદ્ધ અને બેડોળ દેહ જોઇને ધ્રૂજી ઉઠયો.

જમનાબાઇએ એક બે પાડોશીઓને જગાડયાં. આખો પાડોશ જાગી ઉઠયો. રમાના દગ્ધ દેહને મોટરમાં નાંખી હોસ્પીટલમાં લઇ જવામાં આવ્યો.

સવારે છ વાગ્યે રમા શુદ્ધિમાં આવી. શુધ્ધિમાં આવતાં તીવ્ર વેદના જણાવા લાગી. જમનાબાઇ પાસે જ બેઠા હતાં.

રમાને જેમ જેમ વધારે શુધ્ધિમાં આવતી ગઇ તેમતેમ વેદના વધતી ગઇ. જમનાબાઇએ જોયું તો રમાની એક આંખ નકામી થઇ ગઇ હતી. બીજી આંખને પણ ઇજા થઇ હતી. આખા શરીરે ફોલ્લા ઉઠયા હતા.

નર્સ દુર જતાં જમનાબાઇએ રમાના કાનમાં કહ્યું, 'તારા બાપની ખાનદાની નિભાવજે!'

રમાએ જવાબ ન આપ્યો. પોલીસે આવી કેફીયતો લીધી. જમનાબાઇએ 'અકસ્માત' નોંધાવ્યો. પોલીસે સ્થળની તપાસ કરી 'આપઘાતનો પ્રયાસ' નોંધ્યો. રમાએ જુબાની ન આપી.

છ મહિને રમા પથારીમાંથી બેઠી થઇ. તેનો ચહેરો વિકૃત થઇ ગયો હતો, તેના દેહ પર દાહની નિશાનીઓ સ્પષ્ટ દેખાતી હતી. અનેક સ્ત્રીઓએ જે પંથે દુઃખ નિવારણનો માર્ગ શોધ્યો છે, એ જ પંથે-હિન્દુ સ્ત્રીઓ માટેના એક જ પંથે-જવાની રમાએ નિષ્ફળ કોશીષ કરી.

હોસ્પીટલમાંથી રમાને અદાલતના પીંજરામાં લઇ જવામાં આવી. દયાળુ ન્યાયમૂર્તિએ તેને 'આપઘાતના પ્રયાસ'ના ગુન્હા બદલ બને તેટલી ઓછી-માત્ર છ માસની-કેદની સજા ફરમાવી.

શ્રી 'અવિનાશ'

## સમાચાર

મું. જૈન યુ. સંઘના ઉપપ્રમુખ શ્રી. શાંતિલાલ હ. શાહ હિંદની બંધારણ સભાના સભ્ય તરીકે ચૂંટાવા બદલ તેમને અભિનંદન આપવાનો એક સમારંભ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ અને શ્રી. ચીમનલાલ પી. શાહ તરફથી સી. સી. આઇ.માં યોજવામાં આવ્યો હતો.

સંઘની કારોબારીના સભ્ય શ્રી. ચુનીલાલ કામદાર મુંબઇ ભાડુત સંઘના સહમંત્રી તરીકે ચુંટાયા છે.

મુંબઇના બત્રીસી જૈન આગેવાનો અને કાર્યકરોનું એક સંમેલન સિક્કાનગરમાં મળ્યું હતું, જેમાં મુખ્ય મહેમાન તરીકે સંઘની કારોબારીના સભ્ય શ્રી. જટુભાઇ મહેતાએ જ્ઞાતિ-વેવિશાળ-લગ્ન વગેરે વિષયો પર પોતાના વિચારો રજુ કર્યા હતા, તથા વિવિધ ચર્ચાસ્પદ પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

મુંબઇ સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ થએલા એક બીલ પરથી એમ લાગે છે કે પ્રાન્તભરના જાહેર ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોના વહીવટ માટે ટેન્ડુલકર સમિતિની ભલામણ અનુસાર એક ચેરીટી કમિશ્નરની નીમણુક કરવામાં આવશે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રાડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૯

મુંબઈ : ૧ સપ્ટેમ્બર ૧૯૪૯ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## દેશનો નાશ નોતરી રહેલા સરકારી કર્મચારીઓ

આ હું હળવે હૃદયે નથી લખી રહ્યો. મારે આ ન લખવું પડયું હોત તો સારૂં હતું. પરંતુ દેશના તમામ ભાગમાંથી મારી પાસે વારંવાર આવતી ફરિયાદો સંબંધમાં તમને સીધી રીતે કહેવા સિવાય બીજો કોઇ માર્ગ દેખાતો નથી. આપણી સ્વતંત્રતાનું ત્રીજું વર્ષ થયું છે. સ્વતંત્રતાની પ્રાપ્તિથી કોઇ એક વર્ગને ખાસ લાભ થયો હોય તો એ તમારો વર્ગ છે એમ કહેવું ખોટું નથી. મોટા ભાગના પરદેશી અમલદારોએ નિવૃત્તિ લીધી, કેટલાક મુસ્લિમ અમલદારો પાકીસ્તાન ચાલ્યા ગયા, વિદેશમાં એલચી ખાતાંઓ ખૂલ્યાં, તથા ઘણાં નવાં ખાતાંઓ શરૂ થયાં. આ અને આવાં કારણોથી તમારામાં કેટલાક જેઓ હજુ નોકરીમાં નીચલે દરજ્જે રહ્યા હોત તે ઝડપથી અગત્યનાં સ્થાનો પર અને ઉંચી પાયરીએ ચડી ગયા અને વધુ મોટા પગારો મેળવતા થયા.

સ્વતંત્રતા પછી તમારી આર્થિક સ્થિતિમાં અવશ્ય સુધારો થયો છે. અંગ્રેજોને સ્થાને જો સાવ નવા પ્રકારની સરકાર આવી તે સરકારી નોકરીની પધ્ધતિમાં ધરમૂળથી ફેરફાર કરી નાખી શકત. એ સરકારે તમારા મોટા ભાગને નોકરીમાં ચાલુ રાખ્યા હોત તો પણ તમારા ઉપર ઉંચી અગત્યની જગ્યાઓ પર નવી નીતિઓનો અમલ કરવા અને નૂતન હિંદ સર્જવા તદ્દન નવા માણસો મૂકી શકી હોત. જો તે ચરખા સંઘની દૃષ્ટિવાળી સરકાર હોત તો તેણે પગાર અને સગવડમાં ભારે કાપ મૂકયા હોત.

તમે જાણો છો કે તમને 'નોકરશાહી' ના તિરસ્કારભર્યા નામથી ઓળખાવવામાં આવતા હતા. 'સડેલા', 'જડસુ', 'જોહુકમી', 'અપ્રગતિશીલ', 'હોતા હે–કરવાવાળા', 'તુમાખી', 'તોછડા', 'લોકોની માગણીઓ પ્રત્યે આંધળા' આવાં તીખાં વિશેષણોનો તમારી સામે કોંગ્રેસના નેતાઓ (જેમાં કેટલાક હાલનાં વિવિધ પ્રધાનમંડળોના પ્રધાનો પણ ગણાવી શકાય) ઉપયોગ કરતા. વહેવારૂ દ્રષ્ટિએ સ્વતંત્ર હિંદ એટલે નોકરશાહીના અમલમાંથી મુકિત એવો અર્થ હતો.

સાચે જ, એ કહેવું ખોટું નથી કે કોંગ્રેસનો તરૂણ વર્ગ આવા ધરમૂળના ફેરફારોની આશા રાખી રહ્યો હતો, અને આજે કોંગ્રેસ પ્રત્યેના તેમના અને જનતાના અસંતોષનાં કારણો પૈકી એક એ પણ છે કે પીઢ નેતાઓએ એ પ્રમાણે નહીં કરતાં જૂની પ્રથા લગભગ જેમની તેમ ચાલુ રાખવાનું પસંદ કર્યું. સત્તાનાં સૂત્રો હાથમાં લીધા પછી, નેતાઓએ ગાંભીર્ય અને જવાબદારીની દૃષ્ટિએ વિચાર કર્યો, અને જૂની પ્રથા લગભગ જેમની તેમ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો. જે સંજોગોમાં સત્તાની ફેરબદલી થઇ હતી તેમાં કદાચ આ વસ્તુ અનિવાર્ય હશે.

કોંગ્રેસના મોટેરાઓએ આર્થિક અને સામાજિક ક્ષેત્રોમાં ક્રાંતિકારક એવી ગાંધીજીની કે તેના હરીફ માર્કસની વિચારસરણીમાંથી એકેનો પૂરા હૃદયથી કદી સ્વીકાર કર્યો નહોતો. એ કારણે પણ કદાચ આ પરંપરા ચાલુ રાખવાનું શકય થયું હોય. પછી માત્ર એક જ વિચારસરણી બાકી રહી અને તે સંસ્કૃતિના ક્ષેત્રમાં પુરાણા હિંદુત્વ કે ઇસ્લામના પુનરૂત્થાનની અને આર્થિક તથા સામાજિક ક્ષેત્રમાં પરંપરાથી ચાલી આવતી પધ્ધતિઓમાં બહુ ફેરફાર કર્યા સિવાય 'ઔદ્યોગિક પ્રગતિ' અને 'ધીરેધીરે સામાજિક ઉત્કર્ષ'' ની. બ્રિટિશ સંસ્થાઓને આદર્શ તરીકે સ્વીકારવામાં આવી.

* * *

એટલે આ વિચારસરણીને હિંદમાં બ્રિટિશોએ સ્થાપિત કરેલી પધ્ધતિ અને તેમને પરિચિત પધ્ધતિ એ બંને વચ્ચે ઝાઝો ફરક રહ્યો નહીં. સ્થૂળપણે એમ કહી શકાય કે બ્રિટિશ સરકાર જ ચાલુ રહી, અને તેથી નેતાઓને અને તમારે સાથે કામ કરવું શકય થયું. અને આમ જે એક મહાન ગંભીર કોયડો બનત એ વાત તમારે માટે અને નવી સરકારને માટે સરળ બની.

આ સગવડની બરાબર કદર થઇ હોત તો દેશના ભાગલા પડવાથી અને એમાંથી જન્મેલી મહાન હિજરતથી નવા કોયડાઓ છતાં, આ શાંતિભર્યો સત્તાફેર પ્રજાને ઘણો લાભદાયી બની શકત. ગોરી ચામડીના જે પ્રભાવને કારણે તમારામાંના સૌથી જૂનાને પણ ગોરા બિનઅનુભવી જુવાન અમલદાર પાસે હીનપણું અનુભવવું પડતું એ તો ચાલ્યું જ ગયું. તમે હવે તમારા પોતાના માણસો સાથે, પોતાના માણસોની વચ્ચે, કામ કરો છો.

દરજ્જો અને મોભાનો પડદો જે તમને એક બાજુથી, તમારા ઉપરીઓથી અને બીજી બાજુથી તમારા હાથ નીચેના નોકરો અને તમારે આધીન જનતાથી અલગ પાડતો એ પણ ખસી ગયો છે. એ વખતેયે તમે ઇન્ડિયન સિવિલ સર્વન્ટસ કહેવાતાં; જો કે તમારા મોટા ઉપરીઓ ન હતા, ઇન્ડિયન (હિન્દી), ન હતા સિવિલ (વિનયી), અને પ્રજા તરફ સર્વન્ટસ (સેવક) પેઠે વર્તતા નહી. તમે બધા હવે ઇન્ડિયન (હિન્દી) છો અને તમને સિવિલ (વીનયી) બનવાનો અને પ્રજાના સર્વન્ટ (સેવક) બનવાનો મોકો મળ્યો છે.

પરંતુ મને કહેતાં દિલગીરી થાય છે કે જુદીજુદી સરકારોના પ્રધાનો ભલે તમારા કાબેલપણાથી, સેવાભાવથી અને વર્તણૂકથી સંતુષ્ટ હોય પણ તમારે વિષેનો પ્રજામત એથી ઊલટો જ છે; એટલું જ નહીં, એવી યે ફરિયાદ છે કે જનતા તરફની તમારી વર્તણૂક જૂના રાજયતંત્ર તળે હતી એ કરતાંયે વધુ અસંતોષકારક છે. તમારૂં ખાતું વધુ તોછડું, વધુ સડેલું, ઓછું કુશળ, વધુ ઢીલ કરનારૂં, પૈસાની અને સગપણની લાગવગ તળે વધુ આવનારૂં બન્યું છે અને પ્રજાને આજનો તમારો વહીવટ ૧૯૪૭ પહેલાં તમારે હાથે જ જે વહીવટ થતો એ કરતાંય વધુ ત્રાસદાયક લાગે છે.

* * *

બ્રિટિશ રાજકાળમાંયે નોકરો પ્રમાણિક નહોતા, પરંતુ દેશી

રાજ્યો વળી મોટા પ્રમાણનાં લાંચ રૂશવત માટે નામીચાં હતાં; એટલો ફેર હતો કે તેઓ થોડામાં રાજી થતાં. દેશી રજવાડામાં એક કામ જેટલા આનાથી સરતું તેને માટે બ્રિટિશ હિંદમાં એટલા રૂપિયા આપવા પડતા. જોડાયેલાં રજવાડાંમાંથી મારી પાસે કેવા અહેવાલો આવે છે તેની તમને ખબર છે? તેમાં જણાવવામાં આવે છે કે તેમના વહીવટમાં તમારા પ્રવેશ સાથે લાંચ રૂશવતનો દર પણ ચડી ગયો છે. હું એ માનવા તૈયાર છું કે આમાંની કેટલીક ફરિયાદો અતિશયોકિતભરેલી હશે. કાયદાંની અદાલતમાં ઘણી સાબિત ન થઇ શકે એવી હશે. પણ મારે તમને કહેવું જોઇએ કે મને જે ફરિયાદો મળે છે તે જનતા તરફથી જ આવતી, કેટલાક સરકારી નોકરોએ પણ કરેલી છે. દાખલા તરીકે રેલવે અને રેશનની દુકાનોમાં જે યુકિતઓ, લાંચ, રૂશવત અને અપ્રમાણિકતા ચાલે છે તે મને તે જ ખાતાઓમાં કામ કરતાં માણસો તરફથી કહેવામાં આવી છે.

આ રીતે તમને હું સામાન્યપણે સંબોધું છું એથી તમારી ગેરસમજ ન થવા દેવા વિનંતી કરૂં છું. મારો કહેવાનો અર્થ એ નથી કે તમારામાં કોઇ જ પ્રમાણિક નથી કે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી જેમણે તનતોડ વૈતરૂં કર્યું છે એવા અમલદારો પણ તમારામાં નથી, કે બધાં જ ખાતાઓમાં આવી બદી છે. હકીકતમાં તમારામાંનો મોટો ભાગ એવો હશે કે જેમણે કદી અનીતિના ધનનો સ્પર્શ પણ નહીં કર્યો હોય. પરંતુ આવી બાબતોમાં જેમ દસથી વીસ તોફાની માણસો પણ પાંચસો શાંત માણસોની સભા વિખેરી શકે છે તેમ દસ ટકા જેટલા નોકરો તમારી પ્રતિષ્ઠા પર કલંક લગાડવાને પૂરતા છે. મેં અહીં સામાન્ય ચિત્ર અને છાપ વર્ણવી છે અને તેથી જેઓ પ્રામાણિક સેવકો છે તેમણે પણ આનો ગંભીર વિચાર કરવાની જરૂર છે.

આ વસ્તુ કયાં જઇને અટકશે તે તમે ધારો છો? તમે સરકાર અને પ્રજાની વચમાં ઉભા છો. તમારા ઉપરથી જ સરકાર સારી છે કે નરસી એની તુલના થાય છે. અને તમરા દ્વારા જ સરકાર નિષ્ફળ કે સફળ થાય છે પ્રજાને માનવાનો અધિકાર છે કે સરકાર તમારા પર પુરૂં નિયંત્રણ રાખે છે અને તેથી તમારો વહીવટ અસંતોષકારક હોય તો તેઓ વાજબી રીતે તમારી ખામીઓ માટે સરકારને દોષ દઇ શકે છે. સરકાર પર કોંગ્રેસનો કાબુ મનાયો છે એટલે તમારામાં જે જે લાંચરૂશવત વગેરે દુષણો હોય તે કોંગ્રેસને માથે સ્વાભાવિક રીતે ઓઢાડવામાં આવે છે. અલબત તમે કહી શકો અને તે પણ વાજબી રીતે કે ખુદ મહાસભાવાદીઓમાં સડો છે અને અમે એકલા ગુનેગાર નથી.

* * *

પણ એમાં તો જો કોંગ્રેસ નહીં સુધરે તો સમય પાકશે ત્યારે સરકારનાં સ્થાનો પરથી તેને હઠી જવું પડશે અને એ રીતે શિક્ષા ભોગવવી પડશે. પરંતુ આજની નીતિભ્રષ્ટતા અને લાંચ રૂશવતની બદીનાં પરિણામો માત્ર કોંગ્રેસ સરકારને કાઢવાથી બંધ નહીં થાય. એનાં પરિણામો તમારે યે ભોગવવાં પડવાનાં છે. બીજા ગાંધી પાકીને પ્રજાને અહિંસક વિરોધને માર્ગે દોરે નહીં તો અર્ધજાગ્રત માનવતા જુલમનો જવાબ એક જ રીતે આપે છે અને એ ફ્રાન્સની ક્રાંતિની પુનરાવૃત્તિ કરીને. અડધો ડઝન ફ્રાંસ ભેગાં કરીએ એનાથીયે આપણો દેશ મોટો છે. આપણી આફતો (ચીન સિવાય) બીજા કોઇ દેશની આફતો કરતાંયે વધુ મોટી નીવડશે. ૧૯૪૬–૪૭માં આપણે એ આફતોનો અનુભવ કર્યો છે. આ બનાવો ફરીવાર બને એમ તમે ઇચ્છો છો?

* * *

તમે જો ન સુધરો તો પ્રજા સુખી ન થઇ શકે, અને દુઃખી પ્રજા જ્યારે દમન અસહ્ય થઇ પડશે ત્યારે તમને છોડશે નહીં. એ યાદ રાખજો કે જ્યારે લાગવા માટે બધો મસાલો તૈયાર હોય છે ત્યારે આગ લગાડવાને એક નાનો તણખો પૂરતો થઇ પડે છે.

મારી તમને વિનતિ છે કે તમે તમારા જીવન અને આચારમાં ભગવાનને વસાવો. ઐહિક સમૃધ્ધિ વધારવાની તમારી ઇચ્છામાં તમે તમારા ઘર અને ઓફિસમાંથી ભગવાનને વિદાય આપી છે અને માન્યું છે કે સંકટ અને વૃધ્ધાવસ્થામાં ભગવાન કરતાં ધન એ વધુ સારો મિત્ર છે. પરંતુ આ તમારી માન્યતા ખોટી છે અને તમારો અને સમગ્ર દેશનો નાશ નોતરશે. પ્રભુ તમને પ્રજાના વધુ સાચા અને સારા સેવકો બનવાનું ડહાપણ અને શકિત આપો.

'હરિજન'માંથી. **કિશોરલાલ મશરૂવાળા**

## સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહ

ઉચ્ચ અભ્યાસ અર્થે મુંબઇ આવતા કોઇ પણ ફિરકાના જૈન વિદ્યાર્થી માટે ખુલ્લી હોય એવી આ એક જ સંસ્થાનો ઉદ્દ્ભવ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ અને સ્વ૰ જૈન ફિલસુફ વાડિલાલ મોતીલાલ શાહના પ્રયત્નોથી અને તેમની ભાગીદારીમાં ચાલતી પેઢી મે. બી. મણિલાલ એન્ડ કું. ના આર્થિક સહકારથી સને ૧૯૧૯ માં થયો હતો. તે સમયમાં તો ઠીક, પણ આજે યે ફિરકા–સંપ્રદાયના ભેદભાવ વિના કોઇ પણ જૈન વિદ્યાર્થીઓ માટે છાત્રાલય તરીકે આવી બીજી કોઇ સંસ્થ હિંદુસ્તાનના કોઇ પણ ભાગમાં નથી. શરૂઆતથી જ વિદ્યાર્થીઓને રહેવાની સગવડ આ સંસ્થાના પ્રીન્સેસ સ્ટ્રીટ ઉપર આવેલ પીરભાઇ બિલ્ડીંગમાં કરવામાં આવેલ છે. અત્યારના સંજોગમાં આ જગ્યા નાની હોવાથી, અને દર વર્ષે ઘણા ઉત્સાહી વિદ્યાર્થીઓને નિરાશ કરવા પડતા હોવાથી સને ૧૯૪૭ ના ઓગસ્ટ માસમાં તેના ટ્રસ્ટીઓએ નવા મકાન માટે રૂા. બે લાખનું ફંડ એકત્ર કરવાનો સંકલ્પ કર્યો અને વૃદ્ધ વય તેમ જ નબળી તબીયત છતાં શ્રી. મણિભાઇએ તેમજ બીજા ટ્રસ્ટીઓ અને શુભેચ્છકોએ અવિરત શ્રમ લઇને આજે રૂા. બે લાખ પુરા કર્યા છે; જે પૈકી આશરે રૂા. ૧ લાખ ૫૫ હજાર જેટલી રકમ વસુલ થઇ ગયેલ છે.

ગઇ તા. ૬ ઠ્ઠી ઓગસ્ટના રોજ મળેલી દાતાઓની સભાએ બંધારણ સમિતિએ રજુ કરેલું સંસ્થાનું બંધારણ પસાર કરીને તે રજીસ્ટર કરાવવાની અને બીજી કાયદેસરની વિધિઓ કરવા માટે ટ્રસ્ટીઓને સોંપ્યું છે.

સંસ્થા માટે રૂા. ૭૦ હજારની કિંમતે દાદરમાં સ્ટેશન સામે ૧૮૦૦ વાર જમીન ખરીદ કરવામાં આવી છે. પરંતુ આજના સંજોગોમાં જમીન અને મકાન માટેનું કુલ ખર્ચ આસરે રૂા. ત્રણ લાખ થવા સંભવ છે. આ રીતે સંસ્થા માટે હજુ રૂા. એક લાખ મેળવવાના રહે છે, જે રકમ જૈન સમાજના શિક્ષણપ્રેમી અને વિશાળ દિલના ગૃહસ્થો પૂરી કરી આપશે, એવી ટ્રસ્ટીઓ આશા સેવે છે. આજે છાત્રાલયોમાં જગ્યા મળવાને અભાવે સેંકડો વિદ્યાર્થીઓને અહીં તહીં ભટકી નિરાશ થવું પડે છે. શિક્ષણ સંસ્થાઓ મોટે ભાગે મુંબઇમાં જ કેન્દ્રિત થએલી છે, જ્યારે રહેઠાણની ભારે મુસ્કેલી પણ મુંબઇમાં જ છે. એટલે ઘટતી રકમ જેટલી વહેલી મળે, અને મકાન જેટલું વહેલું તૈયાર થાય, તેટલી વિદ્યાર્થીઓને વહેલી સગવડ આપી શકાય. આ વસ્તુ લક્ષમાં લઇને દાતાઓ યોગ્ય રકમો સામેથી મોકલાવીને શ્રી. મણિભાઇ અને બીજા ટ્રસ્ટીબંધુઓને ચિંતામુકત કરશે એવી આશા રાખીએ.

### સ્વીકાર

યુગદર્શન : માસિક. તંત્રી : શ્રી. પરમાનંદ કું. કાપડીઆ પ્રકાશક : જન્મભૂમિ પ્રકાશનમંદિર, મુંબઇ. જ્ઞાનોદય : હિંદી માસિક, ભારતીય જ્ઞાનપીઠ કાશી, દુર્ગાકુંડ રોડ, બનારસ.

# વીણેલાં ફૂલો

## અહિંસક દૃષ્ટિ

એક કાર્યકર ભાઇએ મહારાજશ્રીને પૂછ્યું કે સાધુઓ લોકકલ્યાણનો ઉપદેશ આપે છે. એ લોકકલ્યાણમાં સમાઇ જતા મારા આ પ્રશ્નો છે.

આજે મચ્છરનો ત્રાસ અસહ્ય થઇ ગયો છે. તેમાંથી બચવા તેનો નાશ કરવાનો સ્પષ્ટ આદેશ આપો તો લોકો એ બાબતની જે બેકાળજી રાખે છે તેને બદલે વધુ કાળજી રાખતા થાય, પરિણામે મચ્છરનો ઉપદ્રવ ઓછો થાય અને મેલેરિયાની ભયંકર બીમારીમાંથી જનતા બચી જાય.

બીજો પ્રશ્ન ખેતીવાડીને નુકશાન કરતાં પ્રાણીઓનો છે. ખેતી એ આપણા દેશનો પ્રાણપ્રશ્ન છે, વળી આજે તો કોઇ પણ હિસાબે ઉત્પન્ન વધારવાની ખાસ જરૂર છે; જો આ ઉત્પન્ન વધારવું હોય તો એ પ્રાણીઓનો નાશ કેમ ન કરવો ?

ત્રીજો પ્રશ્ન એક ગામમાં પ્લેગ ચાલતો હોય, ઉંદર ખૂબ વધી ગયા હોય તો તેવે વખતે સાધુ વર્ગ ઉંદર મારવાનો સ્પષ્ટ આદેશ કેમ ન આપે ?

મહારાજશ્રીએ પ્રશ્નોના ઉત્તર આપતાં જણાવ્યું કે સાધુઓ લોકકલ્યાણનો ઉપદેશ આપે છે. એ લોકકલ્યાણ એકલા માનવદેહનું જ નહિ પણ પ્રાણી માત્રનું કલ્યાણ. એમાં એકને મારવાની અને બીજાને જીવાડવાની વાત ન હોય. હા ! એટલું ખરૂં કે માણસ એ વિકસિત પ્રાણી છે એટલે તેની સગવડો અને સાધનસામગ્રી તરફ વધુ ધ્યાન કુદરતી રીતે જ અપાય. પણ એથી તો એની જવાબદારી વધારે વધી જાય છે. તેની બુદ્ધિનો ઉપયોગ બીજાના વિકાસ માટે હોય; નાશ માટે ના હોય. જગત આજે હિંસા તરફ તો ધપી જ રહ્યું છે. માણસજાતના સુખ માટે અવનવાં સાધનો શોધાય છે તેવે વખતે એ બધાને અહિંસા તરફ લઇ જવા માટે કોઇપણ વર્ગ, વ્યકિત કે સંસ્થા વિવેકપૂર્ણ અહિંસાની ચોક્કસ દૃષ્ટિ ધરાવતી હોવી જોઇશે. ભારતની સંસ્કૃતિ હંમેશાં "જીવો જીવસ્ય રક્ષણ" ની રહી છે.

મચ્છર નાશના પ્રયત્નથી તેની નીતિનો સંપૂર્ણ નાશ થઇ શકશે ખરો ? આજે ડી. ડી. ટી. નો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે છતાં તેના ઉપદ્રવથી સંપૂર્ણ બચી શકાયાનું જાણમાં નથી. આ આખું જગત સભર છે સોયની અણી જેટલી જગ્યા ખાલી નથી. તેમાં કુદરત એટલે કર્મના મહાનિયમ આગળ માનવી શું કરી શકવાનો ? એક જીવાતનો નાશ થશે કે પ્રત્યાઘાતરૂપે બીજી અસંખ્ય જાનો ઉભી થવાની. ક્રિયાની સામે પ્રતિક્રિયા પડી જ છે. આને માટે સરસ ઉપાય તો એ છે કે જીવાત ઉત્પન્ન ન થાય તેવી સાવચેતી પ્રથમથી જ રાખવી. તેનાથી, બચવાનાં સાધનો વાપરવાં, અને રોગની સામે ટકી રહેવાની શક્તિ અને મનોબળ કેળવવું. જેટલી મહેનત, નાણાં અને સમય જીવાતનો નાશ કરવામાં ખર્ચાય છે તેનાથી ઓછું જીવાત ઉત્પન્ન ન થાય તેની સાવચેતીમાં વપરાય તો આ પ્રશ્ન ઘણો સહેલો બની જાય.

તમારો બીજો પ્રશ્ન ખેતીવાડીને નુકશાન કરતાં પ્રાણીઓનો છે. આજે એક વર્ગ તેનો નાશ કરવામાં માને છે, બીજો વર્ગ બચાવવામાં માને છે અને ત્રીજો બહુ મોટો વર્ગ છે તે છીછરી દયા બતાવે છે. પોતાના ખેતરમાંથી હાંકે છે પરિણામે બીજાના પાકને નુકશાન કરે છેઃ પોતે મારતો નથી પણ કોઇ મારતું હોય એમાં નારાજ નથી થતો. આ ત્રણે બાબતો સંશોધન માગે છે. ના મારો કહેવાથી કામ પૂરૂં થતું નથી. તેવું કહેતાંની સાથે જ ખેતીવાડીને નુકશાન ન થાય તેવાં પ્રયત્નો પણ શરૂ કરી દેવા જોઇએ. કાંતો એ પ્રાણીઓને પાળવાં જોઇએ અને શકય હોય તો ઉપયોગમાં લેવાય તેવી તાલીમ, આપવી જોઇએ અથવા તેની સંખ્યા ફરી વધે નહિ તે માટે નર અને માદાને જુદે જુદે સ્થળે રાખવા માટેનાં સાધનો ઉભા કરવા જોઇએ.

આ માટે તેમણે પાટણના શ્વાનગૃહનો દાખલો આપતાં જણાવ્યું કે જયારે સરકારે કૂતરાંને મારી નાખવાનો હુકમ કર્યો ત્યારે મહાજને એક રસ્તો કાઢયો. નર અને માદા માટે જુદે જુદે રાખવાની વ્યવસ્થા ઉભી કરી અને એમ કરી નવી પ્રજા અટકાવવાનો પ્રયોગ કર્યો. જો કે આમાં બ્રહ્મચર્ય પળાવવાની હિંસા તો છે છતાંય આ વચલો માર્ગ જ યોગ્ય કહી શકાય. જો કે આજે એ બાબતનું લક્ષ કોઇને રહ્યું નથી. આપણી અહિંસા હંમેશાં પ્રત્યક્ષ હિંસા દેખાય ત્યારે જ જાગે છે.

ત્રીજી વાત પ્લેગના ઉંદરોની છેઃ—સાચો અહિંસક પોતાની જાતને હોમવામાં જ ધર્મ માને છે. પહેલાં તો તે ન થાય તેવા જ પ્રયત્નો કરતો હોય છે. પ્લેગની જનેતા ગંદકી છે. એટલે પહેલેથી જ તે તરફ ધ્યાન અપાવું જોઇએ. અહિંસક માણસ ઉંદરને મારવાની વાત નહિ કરે તેમ ત્યાંથી ભાગશે પણ નહિ. પોતે મોતની પરવા કર્યા સિવાય પ્લેગના દર્દીઓ વચ્ચે ઘૂમશે. તેમની સારવાર કરશે અને કદાચ ગામ ખાલી કરવું પડે તો તેમાં મદદ કરશે. આમ છતાંય બળાત્કારે બીજાને અહિંસા પાળવાનુ તે નહિ કહે. કથન માત્રથી માણસ અહિંસક નથી બની જતો. તે આત્માનો ગુણ છે. એટલે જ્ઞાનપૂર્વકની સમજણથી જ તે આવી શકે.

અહિંસાનુ વિધાન વ્યક્તિની ભૂમિકા જોઇને વિવેકબુદ્ધિથી ગળીને કરી શકાય. કાયર થતા માણસને સામનો કરવાનું કહી શકાય પણ એકાંગી હિંસાનું વિધાન તો ન જ કરી શકાય. એક વખત લાભ દેખાતા કાર્યમાં પણ હિંસાનું વિધાન કર્યા પછી જનતાને તેમાંથી પાછી વાળવી મુશ્કેલ છે પછી તો ધીમેધીમે તે વ્યક્તિનો સંસ્કાર બની રહે છે.

'વિશ્વવાત્સલ્ય'

## પત્રનું 'સ્ટાન્ડર્ડ'

મિત્રના આગ્રહથી એક સાપ્તાહિકનો સંપાદક થયો. સંસ્થાના મંત્રી સાથે વેતન, પત્રની નીતિ વગેરે સંબંધી બધી વાતો નક્કી થઇ ગઇ. પહેલાંનો સંપાદક કે જે તેનો મિત્ર હતો, તેણે કહ્યું 'જે સ્વતંત્રતાપૂર્વક, સંસ્થાની નીતિને ધ્યાનમાં રાખીને, વ્યક્તિવાદથી દૂર રહીને હું પત્રનું સંપાદન કરી રહ્યો છું, તેવી જ રીતે તમારે પણ કરવાનું છે.'

તેને પણ એવું જ સંપાદનકાર્ય જોઇતું હતું, એટલે તે પ્રસન્ન થઇ ગયો. કામ બરાબર ચાલવા લાગ્યું. બે માસ સુધી તો વાત કરવાનો પણ સમય ન આવ્યો.

એક દિવસ અચાનક ચપરાસીએ તેને એક પત્ર આપ્યો. તે વાંચતાં જ સંપાદકને જાણે વીજળીનો આંચકો લાગ્યો. તેમાં લખ્યુ હતુંઃ 'જે અંકમાં અમુક સંસ્થા સંબંધમાં અવિશ્વાસ હોવાના સમાચાર પ્રકાશિત થયા છે, તે જો સત્ય નહિ હોય, તો તેની સંપૂર્ણ જવાબદારી તમારા પર રહેશે. પત્રનું 'સ્ટેન્ડર્ડ' પહેલાંના જેવું નથા રહ્યું અને રાજનીતિની જૂની વાતો જ પ્રસિધ્ધ થાય છે. તમે રાજીનામું આપી દો ?'

તે કેટલીકવાર તે જેમનો તેમ બેસી રહ્યો, પરંતુ તેના મનનું સમાધાન થઇ શકયું નહિ. મંત્રી તો ચોવીસ કલાકની નોટીસ આપીને બહારગામ ચાલ્યા ગયા.

પછી પંદર દિવસે હિસાબ થયો. છેવટે માલુમ પડી આવ્યું કે જે સંસ્થાના સમાચાર છાપવામાં આવ્યા હતા તેના પ્રમુખની પત્ની મંત્રીની પત્નીની બહેન અથવા બહેનપણી હતી.

'જૈન જગત'

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ તા. ૨૦-૮-૪૯ શનીવારથી તા. ૨૮-૮-૪૯ રવિવાર સુધી એમ નવ દિવસનો ગોઠવવામાં આવ્યો હતો. તા. ૨૭-૮-૪૯ ના દિવસની સાંવત્સરિક પર્વને લગતી વ્યાખ્યાનસભા રોકસી થીએટરમાં રાખવામાં આવી હતી. બાકીની સભાઓ વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભુવનમાં યોજવામાં આવી હતી. પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ નવે દિવસની સભાઓનું અધ્યક્ષસ્થાન શોભાવ્યું હતું. વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ પ્રબુધ્ધ જૈનના ગયા અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે તેમાં ત્રીજા દિવસે શ્રી. વીઠ્ઠલદાસ જેરાજાણીનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું તેના બદલે શ્રી. રવિશંકર મહારાજનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ સિવાય પ્રગટ કરવામાં આવેલ કાર્યક્રમમાં કશો મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો નહોતો. હંમેશની સભા નિયમિત રીતે સવારના ૮॥ વાગે શરૂ થતી હતી અને ૧૦॥ વાગ્યા લગભગ પુરી કરવામાં આવતી હતી. નિયત ક્રમ મુજબ હંમેશાં બે વ્યાખ્યાનો થતાં હતાં. સભાજનો વ્યવસ્થા જાળવવામાં પુરો સાથ આપતા હતા. અને અપેક્ષિત શિસ્તને સૌ કોઇ માન્ય રાખતા હતા. આનંદભવનની વ્યાખ્યાનશાળા શ્રોતાઓથી ભરચક ભરાયેલી રહેતી. કેટલીક વાર જગ્યાના અભાવે અનેક ભાઇબહેનોને પાછા જવું પડતું હતું. રોકસી થીએટરમાં યોજવામાં આવેલી સભામાં પણ વ્યવસ્થા તેમજ શાન્તિ અદ્ભુત રીતે જળવાઇ રહ્યાં હતાં. એ સભામાં લગભગ ૧૫૦૦ ભાઇ બહેનોએ ભાગ લીધો હતો. આખું થીએટર ખીચોખીચ ભરાયેલું હતું. અંદર તેમજ બહારના ભાગમાં ધ્વનીવર્ધક યંત્રની વ્યવસ્થિત ગોઠવણ કરવામાં આવી હતી. બહારના ભાગમાં પણ ઠીક સંખ્યામાં શ્રોતાજનો એકઠા થયા હતા. રોકસી થીએટર કશું મૂલ્ય લીધા સિવાય વાપરવા દેવા માટે મેસર્સ કપુરચંદ કંપનીનો શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ અત્યન્ત ઋણી ગણાય. ગયે વર્ષે તેમણે પોતાના થીએટરનો એ જ રીતે ઉપયોગ કરવા દીધો હતો. આ વર્ષે પણ એટલા જ સદ્ભાવ અને ઉમળકાથી તેમણે પોતાનું થીએટર વાપરવા દેવાની સંમતિ આપી હતી. આ મોટી સભામાં વ્યવસ્થા જાળવવાની જવાબદારી, શ્રી. શ્વે. સ્થા. જૈન યુવક મંડળ તથા શ્રી. ઝાલાવાડ જૈન સ્થાનકવાસી સ્વયંસેવક મંડળ આ બે સ્વયંસેવક મંડળોએ માથે લીધી હતી અને તે કાર્ય તેમણે સફળતા પૂર્વક પાર પાડયું હતું. બાકીના આઠ દિવસની વ્યવસ્થા શ્રી. ઝાલાવાડ જૈન સ્થાનકવાસી સ્વયંસેવક મંડળે જાળવી હતી. અને તે કાર્ય પાછળ તેમણે પુરી જહેમત ઉઠાવી હતી. આ માટે બન્ને સ્વયંસેવક મંડળોનો શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી આભાર માનવામાં આવે છે.

આ સમયની વ્યાખ્યાનમાળામાં મુંબઇ પ્રાન્તના ગૃહસચિવ શ્રી. મોરારજી દેસાઇ, શ્રી. રવિશંકર મહારાજ, શ્રી એસ. એસ. દેશનવી, રેવરન્ડ જ્યોર્જ પ્રોક્ષ, એમ. એમ. કે. શેહાબ, શ્રી. પુરૂષોત્તમ મંગેશ લાડ, શ્રી શેષ નામલે—આટલા વ્યાખ્યાતાઓ તો સૌથી પહેલી જ વાર વ્યાખ્યાન આપવા માટે આવ્યા હતા. ઘાટકોપરની ગુરૂકુળ હાઇસ્કુલના પ્રીન્સીપાલ શ્રી. મનુભાઇ વૈદ્ય તેમજ શ્રી. રામનારાયણ પાઠક પણ લાંબા ગાળે ઉપસ્થિત થયા હતા. આ વખતની વ્યાખ્યાન શ્રેણિમાં વૈવિધ્ય પણ અપૂર્વ હતું. એક મુસ્લીમ પ્રીન્સીપાલ હજરત મહંમદ પયંગબર ઉપર બોલે, બીજા એક ખ્રીસ્તી સાધુ ઇશુખ્રીસ્ત ઉપર વ્યાખ્યાન આપે, વળી બીજા એક મુસ્લીમ શિક્ષક 'ધર્મ ઇસ્લામની દૃષ્ટિએ' એ વિષય ઉપર તો અન્ય એક પારસી વિદ્વાન 'માનવતાની મુકિત જરથોસ્તની દૃષ્ટિએ, એ વિષય પર સંકોચપણે પોતાના વિચારો રજુ કરે અને શ્રોતાસમુદાય પુરા સદ્ભાવ, જિજ્ઞાસા અને પ્રસન્નતાપૂર્વક આ બધું સાંભળે અને ઝીલે—આ વસ્તુસ્થિતિ આજે જ્યારે વિશાળ બનેલાં મન પાછા સાંકડાં થતાં હોય અને રાષ્ટ્રીયતા અને આન્તરરાષ્ટ્રીયતાની ભાવનાનું સ્થાન કોમી તેમજ પ્રાન્તીય સંકીર્ણતા લઇ રહેલ છે એવો ચોતરફ અનુભવ થઇ રહ્યો હોય ત્યારે સવિશેષ પ્રશંસા માંગી લે છે. અને જેનું બાહ્ય નામભિધાન કોમી છે એવા મુંબઇ જૈન યુવક સંઘને માટે પણ આ ઘટના ઓછી પ્રતિષ્ટાપદ નથી. આ વ્યાખ્યાનમાળામાં ચાર મહારાષ્ટ્રીય બંધુઓના વ્યાખ્યાન યોજવામાં આવ્યા હતા. જૈન દર્શનના અંગમાં ચાર વ્યાખ્યાનો રાખવામાં આવ્યા હતાં. શ્રી. ચંદ્રશંકર પ્રાણશંકર શુકલનું સ્વાદ્વાદ અને તેનો વ્યવહારૂ ઉપયોગ, શ્રી. પુરૂષોત્તમ મંગેશ લાડનું અપરિગ્રહ, શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆનું સિધ્ધચક્ર અને પંડીત સુખલાલનું ભગવાન મહાવીરનો મંગળ વારસો, કાકા સાહેબ કાલેલકરે સર્વોદય એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાળાને અનેક વિદ્વાનો, સમાજસેવકો તેમ જ કાર્યકર્તાઓનો બહુ સારો સાથ છે પણ તેમાંય તે પંડીત સુખલાલજી અને કાકાસાહેબ કાલેલકર આ વ્યાખ્યાનમાળાની પ્રેરણામૂર્તિઓ છે. આ પ્રવૃત્તિની સફળતા અને ઉત્તરોત્તર વધતી જતી લોકપ્રિયતામાં તેમનો ઘણો મોટો ફાળો છે. સંવત્સરિને લગતી રોકસી થીએટરની વિરાટ સભામાં જાણીતા સંગીતશાસ્ત્રી શ્રી. માધુભાઇ તથા અધ્યાપક ઉમેદભાઇ મણિયારે સુન્દર પદો મધુર કંઠથી ગાઇ સંભળાવ્યા હતા, તેમનો પણ આ સવિસ્તર નોંધમાં ઉલ્લેખ કરવો જ જોઇએ. આ વ્યાખ્યાનમાળામાં જૈન ભાઇઓ તેમજ બહેનો તો સારા પ્રમાણમાં ભાગ લે જ છે પણ જૈનેતર શ્રોતાઓની સંખ્યા પણ ઉત્તરોત્તર વધતી જ જાય છે. અને જાણે કે બાર મહીનાનું ભાતું બાંધી લેવાનું હોય એવા ઉત્સાહ અને આતુરતાથી ગૃહસ્થો, ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓનો પ્રવાહ આ સભાઓ તરફ વહેતો જોવામાં આવે છે. પરિણામે આજની વ્યવસ્થા સાંકડી પડે છે અને આ વ્યાખ્યાનમાળા કોઇ વધારે વિશાળ સ્થળમાં ગોઠવાય તો આથી પણ ઘણી વધારે સંખ્યામાં આ સર્વદેશીય, સર્વસ્પર્શી અને સર્વોન્નિતિને ચિન્તવતા અને પ્રરૂપતા વ્યાખ્યાનોનો લોકો લાભ લે એવી ઇચ્છા અનેક દિશાએથી વ્યકત થઇ રહી છે. આવતા વર્ષની વ્યાખ્યાનમાળામાં આ ઇચ્છાને અમલી સ્વરૂપ આપવા માટે જે કાંઇ શક્ય હશે તે વિચારવામાં આવશે અને જો પુરતો આર્થિક ટેકો મળી રહેશે તો આ વ્યાખ્યાનમાળા વધારે વિસ્તૃત આકારમાં રજુ કરવામાં આવશે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

## હેવાલો મોકલશો નહિ

કેટલીક સંસ્થાઓ કે વ્યકિતઓ તરફથી 'પ્રબુધ્ધ જૈન'માં પ્રગટ કરવા માટે સંસ્થાઓના હેવાલો અને એવા બીજા સમાચારો અમને મળ્યા કરે છે. આ સંબંધમાં ખુલાસો કરવો જરૂરી છે કે 'પ્રબુધ્ધ જૈન' વર્તમાનપત્ર નથી, પરંતુ વિચારપત્ર છે; એટલે એમાં આવા હેવાલો અને સમાચારોને પ્રગટ કરવા માટે સ્થાન આપવું મુસ્કેલ છે. જેના પર કંઇ વિચારો રજુ કરી શકાય એવા કોઇ પ્રસંગો હોય, તો તે અમારી જાણ માટે મોકલવામાં આવશે, તો તેનો અમે સહર્ષ સ્વીકાર કરીશું અને તે ઉપર નોંધ પણ પ્રગટ કરીશું.

'પ્રબુધ્ધ જૈન' માટે કોઇપણ લેખક કે વિચારક જો એમના વિચારો મુંબઇ જૈન યુવક સંઘની નીતિને અનુરૂપ એટલે સુધારક અને પ્રગતિશીલ હશે તો અમને જરૂર મોકલી શકશે. એવા લેખોને અમે આવકારીએ છીએ, અને તે મોકલવા દરેક પ્રગતિશીલ લેખકને હાર્દિક નિમંત્રણ આપીએ છીએ.

તંત્રી

# સમાચાર—નોંધ

## દારૂબંધી

મોટી આવકના લોભમાં તણાઇને હિંદ પર સત્તા ભોગવતી બ્રિટિશ સરકારે દારૂના દૈત્યને આ દેશમાં નિરંકુશ મહાલવા અને મજુર તેમ જ ગરીબ કુટુંબોનો સત્યાનાશ સર્જવા દીધો હતો. દારૂ સામે લોકમાનસ કેળવવા માટે પૂ. મહાત્માજીએ દારૂનાં પીઠાં ઉપર ચોકીઓ બેસાડવાનો કાર્યક્રમ હાથ ધર્યો હતો, અને તેમાં યે બને ત્યાં સુધી એ કામ તેઓ બહેનોને જ સોંપતા; કારણ કે દારૂના સેવનથી દુષ્ટ બની ગએલા ગ્રાહકો તેમ જ કલાલોનો હૃદયપલટો માતૃત્વઅંકિત નારીવર્ગના પ્રેમ અને પ્રભાવ સિવાય તેમને શકય લાગતો નહોતો.

હવે આજે જ્યારે આ દેશમાંથી પરદેશી સત્તાએ વિદાય લીધી છે, અને દેશનું તંત્ર કોંગ્રેસી આગેવાનોએ સંભાળ્યું છે ત્યારે દારૂબંધીનો કાયદો અમલમાં લાવવાની તેમની પ્રથમ ફરજ હોઇને મુંબઇ અને મદ્રાસ સરકારે યુધ્ધ પહેલાં હોદ્દા સ્વીકારીને શરૂ કરેલા દારૂના પ્રતિબંધના કાયદાને ફરી સજીવન કર્યો છે; અને મુંબઇમાં ક્રમે ક્રમે કરીને ૧૯૫૦ ની સાલમાં સંપૂર્ણ દારૂબંધી અમલમાં આવી જાય, એવી યોજના કરવામાં આવી છે.

દારૂનાં અનિષ્ટ પરિણામો સામે મુંબઇ સરકાર જેટલી જાગૃત છે, તેથી લેશ પણ ઓછા જાગૃત દેશના લાડીલા વડા પ્રધાન પંડિત જવાહરલાલ નથી; છતાં આજે જ્યારે આખા દેશનું આર્થિક તંત્ર ખળભળી ઉઠ્યું છે, એવા સંજોગોમાં દારૂબંધીના કાર્યક્રમને ધીમે ધીમે અમલમાં લાવવાની જે દૂરદેશીભરી સલાહ આપી છે, તે પ્રત્યે મુંબઇ સરકારે કરેલી અવગણના ઊંડો વિચાર માગી લ્યે છે.

દારૂબંધી સંબંધમાં બે મહત્વની બાબત વિચાર કરવા જેવી છે. પહેલી વાત તો એ છે કે આપણી પ્રજાકીય સરકાર હજુ પણ જુના અમલદારી વર્ગ મારફત જ આ કાર્ય હાથ પર લ્યે છે. આ અમલદારી વર્ગમાં હજુ તેના વર્તન સંબંધમાં કશો પલટો આવ્યો નથી, અને પ્રાંતમાં સમાજવિરોધી તથા નીતિવિરોધી કામો ચાલી રહ્યાં છે. લાંચરૂશ્વતની બદી પણ એવી જ ફાલી રહી છે. આ સ્થિતિમાં દારૂબંધી આવા ચારિત્ર્યહીન અમલદારોને કમાવાનું સાધન થઇ નહિ પડે ને, એ જોવાનું રહે છે. બીજી બાજુથી સ્થળે સ્થળે ગેરકાયદે દારૂ ગાળવાની ભઠ્ઠીઓ છૂપી રીતે ચાલી રહી છે, એટલે ભય રહે છે કે સરકાર દારૂની આવકને જતી કરશે છતાં દારૂના ફેલાવાને અટકાવી શકશે નહિ. આજે જ પ્રગટ થએલા સમાચારો કહી જાય છે કે મુંબઇ શહેરમાં, બાણગંગા ઉપર રહેતા આઇ. સી. એસ. અમલદારો અને દારૂબંધી ખાતાના ડેપ્યુટી કમિશ્નરના નિવાસસ્થાનની તદ્દન નજીકના સ્થળે દારૂ ગાળવાની ભઠ્ઠી પકડાઇ છે. એટલે જો અમલદારી તંત્ર ગેરકાયદે દારૂ તૈયાર થતો, વેચાતો અને વપરાતો અટકાવી નહિ શકે તો નિષ્ફળતાનું કલંક તો મુંબઇના ભાવનાશાળી પ્રધાનોને શિરે જ ચોંટવાનું છે. બીજું પંડિત નહેરૂને જેનો ભય છે તે દેશના આર્થિક તંત્રને દારૂબંધીથી મુશ્કેલ બનાવી દેવાનો છે. દારૂબંધીના કાર્યક્રમથી મુંબઇ સરકાર દશ કરોડ રૂપીઆની આવક ગુમાવશે, અને તે ઉભી કરવા માટે પ્રાન્તની જનતા ઉપર મોટા કર નાખવા પડશે. એટલે દારૂડીઆની સુધારણા માટે આજની ભયંકર આર્થિક ભીંસમાં સપડાઇ રહેલા મધ્યમ વર્ગને કરભારથી ઘણું સહન કરવાનું રહેશે. જો કે આબકારી પ્રધાન શ્રી. પાટિલ સાહેબ જણાવે છે કે; આ દસ કરોડની સામે દારૂથી થતું પીનારાઓનું ૫૦ કરોડ ખર્ચ બંધ થશે. આ વાત આશ્વાસન આપનારી દેખાય છે; પરંતુ જો ગેરકાયદે દારૂ ગાળવાનું ચાલુ રહે અને અમલદારી તત્ત્વો લાંચરુશ્વત લઇ આંખ આડા કાન કરે, તો આ ૫૦ કરોડ જાહેર નહિ અને ખાનગી રીતે જ ખર્ચાઇ જશે અને ૧૦ કરોડ જનતાની કેડને તોડી નાંખશે. આવો આ દારૂબંધીનો કોયડો ઉકેલવાનું મુશ્કેલ હોઇને જ પંડિત નહેરૂએ જે સૂચનાં કરી છે, તે લક્ષમાં લઇ મુંબઇ સરકારે પાછાં પગલાં ભરવાના ડરથી પોતાની વાતને પકડી રાખવી ન જોઇએ, પરંતુ દારૂબંધીનો સખ્ત રીતે અમલ થાય, અમલદારી તત્વ લાંચરૂશ્વતમાં ડુબે નહિ, અને ૧૦ કરોડ રૂપિયાનો બોજો ગરીબ કે મધ્યમ વર્ગ પર પડે નહિ એ રીતે જ પોતાનો કાર્યક્રમ અમલમાં લાવવો જોઇશે.

## વેશ્યાવૃત્તિની નાબુદી

દારૂથી જરાય ઓછો ન ઉતરે એવો વેશ્યાવૃત્તિનો ધંધો પણ આ દેશને ભારે કલંકરૂપ છે. કોઇ પણ શહેરનો વેશ્યાવાડો એ તે શહેરની આબરૂ સામે એક પડકારરૂપ હકીકત છે, અને સરકારે આ કલંકને પણ ભૂંસવા હવે કટીબધ્ધ થવું પડે એમ છે. આ બાબતમાં હિંદી સરકાર કરતાં પાકીસ્તાનની સરકાર વહેલી જાગી છે, અને તેણે વેશ્યાઓને વિકાસગૃહમાં રહેવાની, ઉદ્યોગધંધે ચડાવવાની અને તેમ ન થાય ત્યાં સુધી માસિક દરમાયો આપીને, મુખ્યત્વે કરીને કરાંચીમાંથી, વેશ્યાગીરી નાબુદ કરવાનું કામ હાથ પર લીધું છે. મુંબઇ જેવા રળિયામણા અને પ્રથમ દરજ્જાના ગણાતા શહેરમાં આજે તો ભદ્ર માણસોના વસવાટની વચ્ચે જ આવાં અસંખ્ય અનીતિનાં ધામો પડેલાં છે; અને આમાંનો સૌથી ખરાબ લત્તો સેન્ટ્રલ સ્ટેશનના રાજમાર્ગ પર જ ગોઠવાઇ ગયો છે, એ જેટલું દુઃખપૂર્ણ તેટલું જ ઘૃણાપૂર્ણ પણ છે. મુંબઇ શહેરને તેના મુખ્ય સ્ટેશન અને ગ્રાંટરોડ તથા તારદેવના લત્તા સાથે જોડતો આ રાજમાર્ગ સભ્ય સ્ત્રીપુરૂષોને ઓળંગવા માટે જેટલો ઘૃણાસ્પદ બને છે, તેટલો શરમજનક સ્ટેશનેથી શહેરમાં પ્રવેશ કરતા માણસો માટે બને છે. આ સંબંધમાં હજુ સરકાર તરફથી કંઇ અસરકારક પગલાં કેમ લેવાયાં નથી, એ એક પ્રશ્ન છે.

દારૂબંધીની પેઠે જેમ વેશ્યાવૃત્તિની નાબુદી અગત્યનો સામાજીક પ્રશ્ન છે તેમ સરકારની સાથે શહેરની સામાજીક સંસ્થાઓ અને જાહેર સેવકોની પણ એમાં જવાબદારી છે, કારણ કે એમના સહકાર વિના સરકાર આ પ્રશ્નને હલ કરી શકશે નહિ.

આજે કોઇ પ્રશ્ન કેવળ ભાવનાની દૃષ્ટિથી ઉકેલી શકાશે નહિ. એની પાછળ આર્થિક પ્રશ્નને પણ ઉકેલવો જ જોઇશે. પતિતાઓને કેવળ ઉપદેશથી કે કેવળ સત્તાની લાકડીથી ઉગારી નહિ શકાય. કાં તો તેમને ગૃહજીવનમાં પરોવવા માટે સામાજિક સંસ્થાઓએ ક્રાન્તિકારી પ્રયાસો યોજવા જોઇએ; અથવા તેમની આર્થિક સ્થિતિ સુધારવા એમને માટેનાં ખાસ વિકાસગૃહો સ્થાપવાં જોઇએ.

પાકીસ્તાન સરકારે પતિતાઓને દરમાયો બાંધી આપવાનો કરેલો નિર્ણય ભાવનાની દૃષ્ટિએ ઠીક છે, પરંતુ આર્થિક દૃષ્ટિએ એ લાંબો સમય નિભાવવો મુશ્કેલ છે. ખરો માર્ગ તેમને ગૃહઉદ્યોગોમાં સામેલ કરી દઇને પ્રથમ તો સ્વાશ્રયી બનાવવાનો છે, આ સ્વાશ્રયમાંથી આત્મશ્રદ્ધા અને પ્રતિષ્ઠા પ્રગટશે; અને પછી તેઓ કોઇ ઘરમાં બેસવાને લાયક થશે. એટલે સરકારે પ્રથમ તો એવા ગૃહઉદ્યોગો સંબંધમાં વિચાર કરવો પડશે.

## ગાંધીજીનો માર્ગ

ગૃહ ઉદ્યોગ એ ગાંધીજીનો માર્ગ છે. નાના નાના ઉદ્યોગો મારફત પ્રજાને સ્વાશ્રયી અને આર્થિક રીતે સદ્ધર બનાવવાનો એમનો કાર્યક્રમ

અમલમાં મૂકીને સરકાર આ પતિતાઓનો ઉદ્ધાર કરી શકશે, દેશના ઉત્પાદનમાં સારો ફાળો આપી શકશે અને ગાંધીજીના સર્વોદયના માર્ગે જઇ શકશે. આ એક જ કાર્યથી ત્રિવિધ કાર્યક્રમ પાર પડી શકશે.

આપણે જોઇ શકયા છીએ કે મોટા ઉદ્યોગોમાં કાં તો ઉદ્યોગપતિઓને મજુરોને આધારે જ ટકવું પડે છે, કાં તો મજુરોને શોષણના ભોગ થવું પડે છે. મજુર અને ઉદ્યોગપતિનાં હિતો પરસ્પર વિરૂદ્ધ હોઇને એમાંથી વર્ગવિગ્રહ સર્જાય છે. પરંતુ જો સરકાર એક બાજુથી મોટા ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરે અને બીજી બાજુથી ગૃહઉદ્યોગો મારફત દેશના મધ્યમ તથા ગરીબ વર્ગને સ્વાશ્રયી બનાવે, તો જ આ દેશની આર્થિક સમસ્યાનો યોગ્ય ઉકેલ આવી શકશે.

રેંટીયો, શાળ, ધાણી વગેરે તો ગાંધીજીએ ગૃહઉદયોગના પ્રતિક રૂપે જ રજુ કર્યા હતા. પરંતુ એ સિવાય પણ બીજા સેંકડો ઉદ્યોગો છે કે જે ઘરમાં ચલાવી શકાય એવાં નાનાં વીજળીક બળથી કે એ વિના પણ ચાલતાં યંત્રો મારફત અમલમાં આવી શકે.

**જાપાનનું દૃષ્ટાંત**

આ બાબતમાં જાપાન દૃષ્ટાંતરૂપ છે. આપણે ત્યાં પુષ્કળ કાચો માલ એવો તૈયાર થાય છે કે જેને ખરીદીને જાપાની પ્રજા ગૃહઉદ્યોગ મારફત સેંકડો ચીજો આપણા દેશમાં પાછી મોકલે છે. આપણને જો આ ચીજો પોસાઇ શકે, તો એ યંત્રો અહીં ગોઠવીને અહીં જ ચીજો બનાવી તેનું વેચાણ કરવાથી ખરીદનારને સસ્તે ભાવે આપી શકાય અને પરદેશી હરિફાઇ સામે ટકી શકાય. આજે તો ગામડાંઓમાં પણ વીજળીક બળ પ્રાપ્ત થઇ શકે છે, અને થોડા જ બળના ઉપયોગથી આવાં નાનાં યંત્રો ચલાવી શકાય છે.

તાજેતરમાં દિલ્હીમાં જાપાનમાં બનતા ગૃહઉદ્યોગના માલનું એક પ્રદર્શન ભરાયું હતું, જેમાં સરકાર તરફથી જાપાન ગએલા શ્રી. ચમનલાલે છસો ચીજોના નમૂના રજુ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આપણે ત્યાંના નિરાશ્રિતોના પ્રશ્નોને પહોંચી વળવા આ ગૃહઉદ્યોગો એક અસરકારક ઉપાય છે. યુદ્ધના અન્તે સમસ્ત એશિયામાંથી જાપાન આવેલા ૭૦ લાખ નિરાશ્રિતોનો પ્રશ્ન ગૃહ-ઉદ્યોગોથી જ ઉકેલાઇ ગયો છે, અને આજે ત્યાં એક પણ નિરાશ્રિત સ્ટેશન પર કે રસ્તે રખડતો દેખાતો નથી.

હિંદ પણ આજે ગૃહઉદ્યોગનાં જાપાની યંત્રો અહીં વસાવીને કે શકય હોય તો અહીં બનાવીને પાકીસ્તાનથી આવેલા નિર્વાસિતો, મધ્યમ વર્ગના માનવીઓ, ગરીબો તેમ જ વેશ્યાઓને કામ આપી તેમના અકળ આર્થિક પ્રશ્નને ઉકેલી શકે.

**સાબીત કરી શકશો ?**

ખબર મળ્યા છે કે ગઇ તા. ૩૦ જુલાઇના રોજ ઓલ ઇન્ડિયા રેડિયોના દિલ્હી મથકેથી રાત્રે દસ વાગ્યે પં. ઉદયશંકર ભટ્ટે લખેલો 'શકવિજય' નાટક રજુ કરવામાં આવ્યો હતો. આ નાટકમાં નીચેનો ઇતિહાસ મૂકવામાં આવ્યો હતો;

'આચાર્ય' કાલક એક જૈન સાધુ છે. એમની બહેન સરસ્વતીને, કોઇ ગુપ્ત અપરાધના કારણે, અવન્તીના રાજા ગર્દભસેને કેદમાં પૂરી. બહેનના આ અપમાનથી ઉશ્કેરાઇને આચાર્ય કાલકે ઉત્તરાપથના શકવંશી રાજાને અવંતી પર હલ્લો કરવા માટે ઉશ્કેર્યો અને લડાઇ કરાવીને અવન્તીના રાજાનો પરાજય કરાવ્યો. આ રીતે એક જૈન સાધુએ સૌ પહેલાં ભારતવર્ષ ઉપર પરદેશી શાસનના શ્રીગણેશ મંડાવ્યા!'

નાટકની વાર્તારૂપે રજુ થએલો ઉપરોકત ઇતિહાસ હજુ સુધી સામાન્ય રીતે જાણવામાં આવ્યો નથી. સાધુ થયા પછી જૈન આચાર પ્રમાણે કુટુંબ સાથેનો સંબંધ પરિપૂર્ણ થાય છે. એટલે કાલકાચાર્યે આ રીતે સાંસારિક ઝગડામાં પ્રવેશ કર્યો હોય એમ માની શકાતું નથી. વળી જૈન સાધુ આટલી હદે ઉશ્કે-રાઇ જઇને શકોને અવન્તી પર હલ્લો કરવા લઇ આવે, એ પણ ઇતિહાસે કદી ન વર્ણવેલો પ્રસંગ છે. આવા પ્રસંગ રજુ કરતાં પહેલાં લેખકે સાચા ઇતિહાસને બરાબર ઉખેળવો જોઇએ. તેમ જ રેડિયો ડિરેકટરે પણ અહિંસાના ધ્વજ નીચે વિચરનાર સાધુ સામે હિંસા, મોહ અને ક્રોધના મહાન દુર્ગુણો આરોપનાર લેખક પાસેથી પૂરી ખાત્રી મેળવવી જોઇએ. આ કિસ્સામાં લેખકનું અપૂર્ણ જ્ઞાન અને રેડિયો ડીરેકટરની બેદરકારી દેખાઇ આવે છે. જો આટલું જ હોય, તો આ બનાવ તેમને માટે ઠપકાને પાત્ર બને છે. પરંતુ જો લેખકે ઇરાદાપૂર્વકનું અસત્ય રજુ કર્યું હોય, તો તે એક મહાન અને અક્ષમ્ય અપરાધ બને છે; અને તે સંબંધમાં સત્તાવાળાઓએ લેખકને આ હકીકત પુરાવાઓ સાથે સાબીત કરી આપવા કહેવું જોઇએ, અને તે તેમ કરવામાં નિષ્ફળ જાય તો એ જ રેડિયો સ્ટેશન પરથી માફી સાથેની એણે જાહેરાત કરવી જોઇએ. આવી ગંભીર બાબતોને બેજવાબદાર રીતે આગળ વધતી અટકાવવી જોઇએ.

**હોદ્દાનો ઇન્કાર**

યુકતપ્રાન્તોની ધારાસભાના પ્રમુખ બાબુ પુરૂષોત્તમદાસ ટંડને પોતાના પુત્રને મળતા એક ઉચ્ચ હોદ્દાનો ઇન્કાર કરીને એક અનુકરણીય પગલું ભર્યું છે. તેમના પુત્રની આ ઉચ્ચ હોદ્દા માટે રીતસર નીમાએલા પસંદગી પંચે પસંદગી કરી હતી, પરંતુ પોતે કોંગ્રેસના આગેવાન અને ધારાસભાના પ્રમુખ હોવાને કારણે એમના પુત્રને ઉચ્ચ હોદ્દો મળ્યો એવું કહેવાને કોઇને કારણ ન મળે તે ખાતર એ હોદ્દો ન સ્વીકારવાની એમણે એમના પુત્રને સલાહ આપી અને પુત્રે એ માન્ય કરી હોદ્દાનો ઇન્કાર કર્યો.

આ તકે આપણને પૂ. ગાંધીજીનું સ્મરણ થઇ આવે છે. દેશમાં પોતાનું અનન્ય સ્થાન હોવાથી એમનો પડયો બોલ કોઇપણ માણસ ઉપાડી લ્યે, એ સ્થિતિ હોવા છતાં એમના કોઇ પુત્ર માટે સીધી કે આડકતરી કોઇ ભલામણ એમણે કદી કોઇને કરી નહોતી.

આજે નાના મોટા સત્તાસ્થાન પર બિરાજતા એમના જ અનુયાયીઓ પોતાની લાગવગનો ઉપયોગ પોતાનાં સગાં–સ્નેહીઓ અને મિત્રો માટે કરી રહ્યા છે, એમને માટે ટંડન બાબુનો દાખલો વિચારવા જેવો છે.

૩૧–૮–૪૯ જટુભાઇ

**સંસ્કારકેન્દ્રો સ્થાપો**

(શ્રી. રવિશંકર મહારાજે સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહમાં આપેલ પ્રવચનનો સારભાગ.)

વિદ્યાર્થીઓએ મજબૂત, નિર્વ્યસની, સાચા અને પ્રેમાળ થવું જોઇએ. સમાન વિચાર ધરાવતા વિદ્યાર્થીઓએ સંસ્કારકેન્દ્ર કાઢી દેશની ખર્ચાઇ જતી મૂડીમાં વધારો કરવો જોઇએ. દેશ આજે આર્થિક દૃષ્ટિએ નહિ, પણ ચારિત્ર્યની દૃષ્ટિએ પણ ગરીબ થતો જાય છે. ચારિત્ર્યની મૂડી એ ઉત્તમ મૂડી છે. તે હશે તો જ દુનિયા આપણી દોસ્તી કરશે. દેશમાં ચારે બાજુ લાંચ, રૂશ્વત, છેતરપીંડી, દ્વેષ, ઇર્ષ્યા વધી પડયાં છે. લોકોને કદાચ પવિત્ર નહિ કરી શકાય, પણ બાળકો અને વિદ્યાર્થીઓને પવિત્ર કરી શકાશે. ઘડાતા વિદ્યાર્થીઓ ચેતીને મંડળ સ્થાપે અને પ્રતિજ્ઞાપૂર્વક જીવે તો દેશનો ઉદ્ધાર થશે.

જ્યારે હોડીની સામે પવન વાય છે, ત્યારે કુશળ નાવિક સઢને વાંકો બાંધે છે, અને ત્રાંસી રીતે હાંકીને કિનારે પહોંચી જાય છે.

રેંટીયાની સામે સખત પવન વાય છે. સંસ્કાર મંડળો સ્થપાય તો સીધી રીતે નહિ, તો ત્રાસી રીતે પણ સામનો કરી શકશે. હિટલર જેવાએ લડાઇ પહેલાં દેશના વિદ્યાર્થીઓનું મંડળ રચ્યું હતું, જે નિર્વ્યસની હતું, અને ગમે ત્યારે ગમે તે કામ કરવા તૈયાર રહેતું. આપણે પણ પવિત્ર, સદાચારી અને મજબૂત વિદ્યાર્થીઓનું મંડળ સ્થાપીને દેશને બચાવી શકીશું.

# આત્મપરીક્ષણ–પૃથક્કરણ દ્વારા સધાતી આધ્યાત્મિક પ્રગતિ

(પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સૌરાષ્ટ્રના વડા પ્રધાન શ્રી. ઉચ્છરંગરાય ઢેબરે આપેલા મનનીય વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ નીચે આપવામાં આવે છે.)

હજારો વર્ષો થયાં માણુસ આ જગતમાં જન્મીને અનેક પ્રવૃત્તિઓ આચરે છે. એને સુખ ગમે છે અને તે મેળવવા માટે શકય એટલી બધી પ્રવૃત્તિઓ કરે છે પણ આથી એના હાથમાં સુખ નથી આવતું. એ તો દૂર ને દૂર ભાગે છે. આટલી આટલી મથામણો છતાં સુખ કેમ નહિ મળતું હોય? એવો પ્રશ્ન માણુસના મનમાં ઉઠે છે. એ પશ્ન એને કોરી ખાય છે. પોતે વિચારશીલ પ્રાણી છે એટલે વિચારવા લાગે છે, આનું કારણ શું? આમ કરવાથી સુખની પ્રાપ્તિ ન થાય તો કઇ રીતે થઇ શકે? આમ જાત પ્રત્યે પ્રશ્નોની પરંપરા કરવાથી એ એની પોતાની જાત સાથે વાતો કરતો થઇ જાય છે. મેં આ શું કર્યું? કર્યું તો એ સાચું કે ખોટું? સાચું તો એનું પરિણામ કેમ ન આવે? અને આમ વિચારતાં એને લાગે છે કે એણે જે કાંઇ કર્યું એ કદાચ ખોટું હશે. પણ આટલું વિચારવાની શકિત આવે એમાં તો એની ચાળીસ પચાસ વર્ષની ઉંમર વહી જાય છે. એ ચાળીસે વર્ષ એણે તો બધાંને જોઇને પ્રવૃત્તિઓ કર્યાં કરી છે અને એ પછી એને લાગે છે કે એ પ્રવૃત્તિઓ સાચી ન હતી. એ તો વચગાળાના કાર્યક્રમ રૂપે હતી. ત્યારે એને વિચાર થાય છે કે એ પોતે શું છે અને પહેલાં શું હશે? માણુસ જન્મે છે અને મરે છે તો એ જન્મ પહેલાં અને મૃત્યુ પછી શું? અને જન્મ પહેલાંની તેમજ મૃત્યુ પછીની સ્થિતિને સાંકળી લેતો કશોક કાર્યક્રમ હોવો જોઇએ એમ એને લાગે છે. અને આમ વિચારતાં વિચારતાં જ એને નવી નવી બાજુઓ દેખાવા લાગે છે. પોતાને કાકા મામા કે સંબંધીઓ જે પ્રેમથી ચાહે છે એ પ્રેમ એના મૃત્યુ પછી નહિવત્ બની જવાનો છે એમ લાગે ત્યારે થાય કે તો પછી મારે એવું કશુંક શા માટે ન કરવું કે જે મારા આ જીવન અને પરજીવનને એક સ્વરૂપે સાંકળી લે. આમ આ વિચારની સ્થિતિ જ્યારે માણુસમાં આવે છે–જેને આપણે જિજ્ઞાસા કહીશું ત્યારે આપણે સમજવું કે માણુસના ધાર્મિક જીવનની એ પૂર્વભૂમિકા છે. આમ એક પ્રકારની એનામાં જાગૃતિ આવે છે. એ અભ્યાસ આદરે છે. માણુસની સંસ્કૃતિનો ઇતિહાસ જૂએ છે. માણુસ જન્મ્યો–જન્મતાની સાથે જ એનામાં હરિફાઇની ભાવના આવી–એ ભાવના સાથે આત્મરક્ષણ અને સચ્ચાઇ સારૂ શકિત કેળવવા લાગ્યો. અભ્યાસ કરવા લાગ્યો, શરીરને આરોગ્ય ખાતર નહિ પણ સામાને હરાવવા કેળવવા લાગ્યો. પણ એ પછી મારી સંસ્કૃતિ આગળ વધી. હું સમજણો થયો. મારામાં ગૃહસ્થાશ્રમના ભાવો દાખલ થયા. ગૃહસ્થ થયો. કમાણીની ભાવના આવી, અને એમ મારા જીવનનું વર્તુલ છીછરૂં મટીને ઉંડું થયું અને રમકડું મટીને વિશાળ થયું. પણ આમ તો આગળ ચલ્યાં જ કર્યું. મારામાં નવી નવી વૃત્તિઓ દાખલ થઇ એમ મારી ઇચ્છાઓ અને અપેક્ષાએ પણ વધવા માંડી અને ત્યારે જ પ્રશ્ન થયો કે સાચે જ જિંદગીની શરૂઆત અને અંત આજ છે? અંત એનો જવાબ 'હા' માં આવ્યો ત્યારે એક પ્રકારની મનમાં વેદના થઇ અને પછી પાછા વિચારે ચઢી જવાય છે હું કોણ? કયે માર્ગે જાઉં છું? મારૂં બાળપણ સાચું? જુવાની સાચી કે વાર્ધકય, કે કશું જ સાચું નહિ? આમ પ્રશ્ન પરંપરાથી માણુસ કદીક અકળાઇ ઉઠે છે–શું મૃત્યુ જ સાચું? મૃત્યુ પછી મારૂં શું અને આવી અકળામણુમાં કદિક એક ક્ષણ માટે ચમકારો આવી જાય છે. જે મારૂં નથી, જે મારૂં રહેવાનું નથી, એ સારૂ આટલી દોડધામ કાં? અને એના દિલમાં પેલો ચમકારો આવી જાય છે કે આમ ન હોઇ શકે. આની પાછળ, હું જે કાંઇ કરૂં છું તેની પાછળ કોઇક તત્વ એવું હોવું જોઇએ કે જે જન્મ, જરા અને મૃત્યુને સાંકળી લેતું હોવું જોઇએ. બસ આ ચમકારો એને શિખવી જાય કે આદિ અનાદિને સાંધે, જન્મોજન્મને સાંકળે એવો કાર્યક્રમ જ સાચો કાર્યક્રમ હોઇ શકે. આમ આ જ્ઞાન માણુસના પોતાના દિલમાંથી જ ઉઠી આવે છે. અને આ જ્ઞાન પછી એ તે લાકડીને વચ્ચેથી પકડીને એના છેડાઓને છોડી નહિ દે. નદીના બે કાંઠાઓ ત્યજીને કેવળ પટ ઉપર ધ્યાન નહિ આપે; અને આ કેળવવા એ સંયમ સાધશે. જીવનમાં થોડીક મર્યાદાઓ સત્કારશે. અને આમ આભ સઝથી જ એ પોતાના સુકાનને ગોઠવશે આ સ્થિતિ પછીનો રાત દિવસનો એનો પ્રયત્ન સાચી વસ્તુ તરફ રહેશે. એ હંમેશાં જાગૃત રહેશે કે રખેને હું કાંઇ ખુરૂં તો નથી આચરતો! આમ આ સાવધ અવસ્થા આવે પછી એ એના કાર્યક્રમને બીજી રીતે ગોઠવે છે. સમય જતાં વળી જો એ કાર્યક્રમ અધુરો લાગે તો નવો ઘડે છે. અને આમ કાર્યક્રમોની પરંપરામાંથી એ ઘડતો જાય છે.

આ સ્થિતિ બાદ એ સાધક બને છે. વૃક્ષ વગર બીજ નથી અને બીજ વગર વૃક્ષ નથી. જન્મ પહેલાંની સ્થિતિ અને મૃત્યુ પછીની સ્થિતિ આમ વિચારતાં માણુસ બધું નવું વાંચે છે, બીજાને પૂછે છે. અને આટલાથી, પણ જ્યારે એને સંતોષ નથી થતો ત્યારે એ કોકનું શરણુ શોધે છે. કોક સિધ્ધ પુરૂષનાં ચરણ સેવે છે. એ સિધ્ધ પુરૂષ તે ધર્મગુરૂ છે. એ ગુરૂ પછી વ્યકિતને ચકાસી જુએ છે. કે કેવળ જીજ્ઞાસા અને કુતુહળથી તો એ નથી આવ્યો ને? અને એ ચકાસણી પછી માણુસને જો શ્રધ્ધાળુ જુએ તો એ ગુરૂ એને પાઠ આપે છે. અને કહે છે કે અત્યાર સુધી જે કાંઇ કર્યું એનું પૃથક્કરણ કર. આમ આ આત્મપરીક્ષણ પછી, પૃથક્કરણ પછી માણુસને લાગે છે, કે પહેલાં મેં જે કર્યું એ ખોટું કર્યું અને આ ખોટું કર્યાંની ભાવનામાંથી પોતે દોષ કર્યો છે એવી ભાવના તેનામાં જાગે છે. એમાંથી એનામાં દૈન્યની ભાવના આવે છે. આમ આ અપરાધીપણાની વૃત્તિ એનામાં જાગે છે. એ પછી એ દાસ્ય સ્વીકારે છે. પણ વળી આગળ જતાં એને જ્ઞાન મેળવવામાં દાસ્ય અધુરૂં લાગે છે અને પુરૂષાર્થની જરૂર લાગે છે. અને કર્મયોગી કે ભકિતયોગી તરીકે એ પુરૂષાર્થ આદરે છે. અને આ પ્રવૃત્તિ બાદ જ્યારે આ જગતના અણુ તરીકે પણ જે વસ્તુ મહાન વિભૂતિમાં છે એ તત્વ પોતાનાં પણ છે એવો એને સાક્ષાત્કાર થાય છે ત્યારે એને સંતોષ થાય છે. આ સાક્ષાત્કાર પછીની એની તમામ પ્રવૃત્તિઓ ધાર્મિક સ્વરૂપ ધારણ કરે છે. અને ત્યારે એને માનવીની ફરજો ધ્યેય પરત્વે, સંબંધ પરત્વે કે સુખ વગેરેનું ઘમંડ ઓગળી જાય છે. એને એક જુદું જ દર્શન થાય છે–આવું ચિત્ર માનવીએ પોતાની જાત સાથે વાત કરતાં જોયું–અને એમ જ ધર્મ પ્રવૃત્તિઓ શરૂ થઇ. આપણા દેશમાં તો આવું દર્શન કરાવનાર વિભૂતિઓ આવતી જ રહી છે. આપણા દેશમાં એવું કશુંક તત્વ છે જે આપણી પાંચ હજાર વર્ષ જૂની સંસ્કૃતિને જાગૃત અને જીવંત રાખે છે. આજના યુગમાં શિખવનાર વિભુતિ—મહાત્માગાંધીજી છે જેએ આપણુને આ આત્મપરીક્ષણનો મંત્ર આપી ગયા છે અને જીવન સાધનાનો સાચો માર્ગ આત્મચરિત્ર વડે દાખવી ગયા છે.

# હરિજન મંદિર પ્રવેશ

મુંબઇની ધારાસભામાં હરિજન મંદિર પ્રવેશ ધારો પસાર થયો, એ પહેલાં સનાતની હિંદુઓમાં જે ઉહાપોહ મચી ગયો હતો, તે અત્યારે શમતો જાય છે ત્યારે હવે જૈનોમાં શરૂ થએલો નવો ઉહાપોહ કંઇક વિચિત્ર તેમ જ કસમયનો છે.

ગાંધીજીએ હિંદુસ્તાનના રાજકારણમાં પગ મૂકયો ત્યારથી જ હરિજનોનો પ્રશ્ન એમણે ઉપાડયો અને અસ્પૃશ્યતા નિવારણ માટે મોટી ઝુંબેશ શરૂ કરી. હરિજન એ માણુસ જેવો માણસ હોવા છતાં એનો સ્પર્શ કરતાં માણુસ અભડાય એ ભાવના વર્ષોથી રૂઢ થઇ ગએલી હોઇને આપણને ચોંકાવનારી નહોતી લાગતી; પરંતુ જ્યારે ગાંધીજીએ એ પ્રશ્નની છણાવટ શરૂ કરી ત્યારે આપણી આ જૂઠી ભાવના માટે આપણે શરમીંદા બન્યા, અને દરેક સમજુ માણુસે પોતાનો દોષ પારખીને એનું પ્રાયશ્ચિત કરી લીધું. આમ છતાં સનાતની વર્ગ ઠીક સમય સુધી છંછેડાયલો રહ્યો. ગાંધીજીનું મુખ્ય કાર્ય તો સ્વરાજપ્રાપ્તિનું જ હતું, અને છતાં હરિજનો અસ્પૃશ્ય રહે એ સ્થિતિમાં સ્વરાજની એમને મન કંઇ કિંમત નહોતી, એટલે સ્વરાજપ્રાપ્તિમાં વિઘ્નરૂપ બનવાનો ભય હોવા છતાં સનાતની વર્ગનો રોષ વહોરી લઇને પણ એમણે હરિજનોના ઉદ્ધારના કાર્યને મહત્વનું ગણ્યું. આ એક મોટું સાહસ હતું, અને એથી સ્વરાજયાત્રાની કુચમાં ભારે વિઘ્ન પડયું હતું; એમ છતાં સત્યનો માર્ગ મહાત્માજી ચૂકયા નહિ. આના પરિણામે આજની સરકારને સત્તાનાં સુત્રો ગ્રહણ કર્યા પછી હરિજનોને સૈકાઓથી થઇ રહેલા અન્યાયને નિવારણ કરવાનું કામ હાથમાં લેવું પડયું છે.

સામાન્ય રીતે જનતાના ટેકા વિના જનતાના હિતના કાયદાઓ કોઇ સરકાર લાદવા માગે, તો તેમાં સફળતા મળી શકતી નથી, પરંતુ ગાંધીજીએ વર્ષોની જહેમત અને તપશ્ચર્યા પછી લોકમાનસમાં જે પલટો આણ્યો છે, તેને પરિણામે સરકારના આ પગલાંને જનતાનો ટેકો મળી રહ્યો છે. આ ટેકાના આધારે સરકાર હરિજન મંદિર પ્રવેશ ધારાને અમલમાં મૂકી શકી છે.

પરંતુ દુઃખની વાત એ છે કે જ્યારે આ ધારા સામેનો સનાતની હિંદુઓનો રોષ નરમ પડયો છે ત્યારે શિક્ષિત ગણાતી જૈન કોમમાં આ ધારા સામે વિરોધ ઉભો કરવાના પ્રયાસો થઇ રહ્યા છે. આમ સીધી રીતે તો આ ધારા સામે કોઇ વિરોધ ટકી શકે એવું નથી; પરંતુ મૂર્તિપૂજક સંપ્રદાયના કેટલાક જૈનો આ ધારાના અમલમાંથી જૈન મંદિરોને બાકાત રાખવા 'અમે જૈનો હિંદુ નથી. એ સુત્રનો પ્રચાર કરવા લાગી ગયા છે, એમણે એવી દલીલો રજુ કરી કે પારસી, ખ્રીસ્તી કે શીખની પેઠે જૈનો પણ અલગ કોમ છે, અને તેનો હિંદુ ધર્મમાં સમાવેશ થઇ શકે નહિ; અને તેથી હરિજન મંદિર પ્રવેશ ધારો જૈન મંદિરોને લાગુ પડી શકે નહિ.

ખરું જોતાં આ દલીલ ટકી શકે તેવી નહોતી. કારણ કે અત્યાર સુધીના બધા જ કાયદા જે હિંદુ સમાજને માટે ઘડવામાં આવ્યા છે તે બધા જૈન સમાજને લાગુ પાડવામાં આવ્યા જ છે, અને તેની સામે જૈનોએ કદી વિરોધ પોકાર્યો નહોતો; એટલું જ નહીં પણ જૈનો હિંદુથી જુદા છે એવું કદી કોઇએ કહ્યું નહોતું. કેવળ થોડા માસ પહેલાં જ્યારે મુંબઇ ધારાસભામાં શ્રી. ફુલસિંહજી ડાભીનું બિલ રજુ થનાર હતું, ત્યારે જ કેટલાક જૈન અગ્રણીઓએ 'જૈનો હિંદુ નથી' એવો સુર કાઢવાનું શરૂ કર્યું હતું.

પરંતુ હવે સરકારે એક યાદી બહાર પાડીને જૈનોનો હિંદુઓમાં સમાવેશ થાય છે, અને હરિજન મંદિર પ્રવેશ ધારો જૈન મંદિરોને પણ લાગુ પડે છે, એવી સ્પષ્ટતા કરી દીધી છે. આથી મૂર્તિપૂજક જૈનોમાં કેટલોક નજીવો ખળભળાટ ખળભાટ ઉભો થવા પામ્યો છે. જો કે આમજનતાને આજે આવા સાંપ્રદાયિક પ્રશ્નોમાં ખાસ રસ નથી; પરંતુ આમજનતા હંમેશાં શ્રીમંત અને તર્કપટુ:આગેવાનો પાછળ જ ઘસડાતી આવી છે, અને તેથી તેમને ભલામણ કરવાની રહે છે કે તેમણે આ ગેરવ્યાજબી પ્રચારનો ભોગ બનવું નહિ.

જૈનો હિંદુ હોય કે ન હોય, પણ એક વાત સાચી છે કે જૈનો અને હિંદુઓના ધર્મ અને સંસ્કાર વચ્ચે ઘણું સામ્ય છે. હિંદુ ધર્મ જૈન ધર્મની પેઠે આત્માના અસ્તિત્ત્વમાં, પુનર્જન્મમાં અને મોક્ષમાં માને છે. જૈનો અને હિંદુઓના રીતરિવાજ અને સંસ્કારો સમાન છે. એટલું જ નહિ પણ જૈન વણિક અને વૈશ્નવ વણિક વચ્ચે લગ્નવ્યવહાર પણ છે. જન્મ, લગ્ન અને મૃત્યુ વેળાની વિધિઓ પણ એકસરખી છે. બન્ને ધર્મો જગતના સૌથી ઊંડા આધ્યાત્મવાદ ઉપર રચાએલા છે. એટલે જૈનોને હિંદુઓથી અલગ પડવાનું કોઇ જ કારણ નથી.

હિંદુ શબ્દનો અર્થ 'હિંદુ ધર્મના અનુયાયીઓ', એવો ટુંકો કે સંકુચિત કરવાની જરૂર નથી. મુસ્લીમોના આગમન પહેલાં સિંધુ નદીની આ બાજુએ જે લોકો રહેતા હતા તેઓ હિંદુ તરીકે ઓળખાયા. એટલે તેમાં સ્હેજે જ જૈનોનો સમાવેશ થઇ ગયો. હિંદુ અને આર્ય એ લગભગ પર્યાયવાચક જેવા શબ્દો છે અને હિંદુઓનો મુલક તે હિંદુસ્તાન અથવા તે પહેલાંનો આર્યોનો મુલક તે આર્યાવર્ત. ભરત ચક્રવર્તીના નામથી એ ભારત અથવા ભારતવર્ષના નામથી ઓળખાતો. અને શ્રી. ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીને આપણે જૈન ગણીએ છીએ. એટલે આ દેશ જેવો હિંદુઓનો તેવોજ જૈનોનો છે. વસ્તુતઃ હિંદુ અને જૈન વચ્ચે ચોકકસ ધાર્મિક માન્યતાઓ સિવાય બીજો કોઇ ફરક નથી.

વળી આપણે જૈનો હોવા છતાં દશાશ્રીમાળી, વીસાશ્રીમાળી, ઓસવાળ, પોરવાડ વગેરે વણિક કોમના સંતાનો તરીકે આપણો લગ્નાદિ અને બધો જ સામાજિક વહેવાર ચલાવ્યો છે; અને આપણી બધી ક્રિયાઓ હિંદુ બ્રાહ્મણોને હાથે બ્રહ્મણશાસ્ત્રો વડે જ થાય છે; તે એટલે સુધી કે આપણા દેવમંદિરોમાં પણ આપણે બ્રાહ્મણ પુજારીઓ રાખતા આવ્યા છીએ. આમ છતાં આપણે હિંદુ નથી, એમ કહેવું એ અતાર્કિક છે. અને વધુ વિચિત્ર અને પામરતાસુચક તો એ છે કે હરિજન મંદિર પ્રવેશ ધારાના અમલમાંથી જૈન મંદિરોને બાકાત રાખવા માટે 'જૈનો હિંદુ નથી' એમ કહેવા લાગીએ એ છે. જૈન ધર્મ હરિકેશી અને મેતારજ મુનિ જેવા હરિજનોને સાધુ તરીકે અપનાવી શકે, એવી વિશાળતાને સંકુચિત બનાવી આપણે આપણા પૂર્વાચાર્યોને પણ છેહ દઇ રહ્યા છીએ. એક બાજુ જૈન ધર્મ માનવધર્મ હોવાની વાત કરીએ અને બીજી બાજુ દેવપૂજા અર્થે સ્વચ્છ થઇને દેવાલયમાં પ્રવેશતા માનવને, એ સૈકાઓ પહેલાં હિંદુઓથી ત્યજાએલો હોવાને કારણે, અટકાવીએ, તો જૈન ધર્મ માનવધર્મ નહિ ગણાય, પણ કહેવાતા ધર્મના ઇજારદારોનો એક વાડો કહેવાશે. આજે તો કાયદાની લાકડીએ આપણે હંકાવું જ રહ્યું પરંતુ જૈનો હિંદુ ન હોય તો પણ હરિજન માનવો માટે તો એનાં મંદિરો ખુલ્લાં હોવાં જ જોઇએ. ઇશ્વરને મંદિરમાં પૂરીને પવિત્ર રાખવાનો પ્રયત્ન કેવળ હાસ્યસ્પદ છે. ઇશ્વર પવિત્ર છે અને માટે જ એ ઇશ્વર છે. કોઇ અપવિત્ર માનવ એને અપવિત્ર ન કરી શકે. એના સ્પર્શે તો અપવિત્ર પવિત્ર જ બને.

જટુભાઇ મહેતા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ. ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૧૦

મુંબઈ : ૧૫ સપ્ટેમ્બર ૧૯૪૯ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## "જૈન સંસ્કૃતિને આપણાં જ ભાઈબહેનો નુકસાન પહોંચાડે છે."

[ તા૦ ૩૦ મી સપ્ટેમ્બરના રોજ અમદાવાદના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ તરફથી, જૈન ધર્મની સેવા કરવા માટે, શેઠ શ્રી કસ્તુરભાઇનું સંમાન કરવામાં આવેલુ; ત્યારે શેઠ શ્રી કસ્તુરભાઇએ જે પ્રત્યુત્તર આપેલો, તેમાંથી ઉપયોગી ભાગ નીચે આપવામાં આવ્યો છે. —તંત્રી ]

"મારા પ્રત્યે તમે જે મમતા બતાવી છે તે હું મારૂં અહોભાગ્ય માનું છું. તીર્થની સેવા કરવામાં મારા કર્તવ્ય સિવાય વિશેષ મેં કર્યું નથી. જૈન સંસ્કૃતિનો હું ઉપાસક છું. તેને માટે મને અનહદ માન અને અભિમાન છે અને તેમાં મારાથી જે ફાળો આપી શકાય તે આપવા હંમેશાં તત્પર છું.

"શ્રદ્ધા અને ધર્મની દૃષ્ટિએ તો આપણાં તીર્થો મહાન છે જ, પણ શિલ્પની દૃષ્ટિએ પણ આ તીર્થો દુનિયામાં અજોડ છે. મેં હિંદુસ્તાનમાં તેમ જ પરદેશમાં સારો પ્રવાસ ખેડયો છે; આપણાં દેશની તેમ જ પરદેશની ભવ્ય ઇમારતો જોઇ છે, પણ તેમાં કયાંય આપણા આબુના કે રાણકપુરનાં મંદિરોની બરાબરી કરી શકે તેવી કોઇ ઇમારતો મારી નજરે પડી નથી. તેથી આપણા ધર્મના પ્રતિકરૂપે આપણાં તીર્થો સુવ્યવસ્થિત રાખવાનો આપણા સૌનો ધર્મ છે.

"કમનસીબે છેલ્લાં સાત દસકા એવા ગયા કે જેમાં એક નહિ તો બીજાં તીર્થો અંગે જૈન કોમ અને તેના નેતાઓને ભારે હાલાકી વેઠવી પડી છે. મારા બાળપણમાં મારા પિતાશ્રી તથા મનસુખભાઇ શેઠ આ તીર્થો અંગે કેવી વ્યથા ભોગવતા, તેનો મને પૂરેપુરો ખ્યાલ છે.

"શ્રી શત્રુંજયનાં મંદિરોની આજુબાજુની દીવાલ પડી ગઇ હોય તો વર્ષોનાં વર્ષો જતાં, પણ આપણે સમરાવી શકતા નહિ. કુંડમાં કાદવ ભરાઇ ગયો હોય તોપણ તે કુંડ ગાળી શકતા નહિ. આ જ પ્રમાણે ગિરનારજીના તીર્થમાં એક પ્રતિમાજીને એક ગોખલામાંથી બીજા ગોખલામાં બેસાડવા હોય તો ત્યાંની નવાબી સરકાર આપણને તેમ કરવા દેતી નહિ."

"શત્રુંજય તીર્થ અંગેની તકરારો બાબત, તા. ૮-૩-૪૭ ના રોજ દરબારશ્રી સાથે સમાધાન કરીને તે પછી રસ્તો સુધરાવવાનું કાર્ય શરૂ કર્યું હતું. તે વખતે જમીન અંગેનો નિકાલ પણ કરી લીધો હતો અને પાસેના ખેતરોની જગ્યા ખરીદી લીધી હતી. સાઠ હજાર રૂપિયા સૌરાષ્ટ્ર સરકારે માફ કર્યા એ બાબતમાં મેં ઘણું કાર્ય કર્યું છે એમ ઘણાએ કહ્યું, પણ એ સાચું નથી. કાર્ય પાકતું આવેલું માટે તે થઇ ગયું.

"સૌરાષ્ટ્ર સરકાર આવતાં પહેલાં સાઠ હજાર બાબત યોગ્ય કરવાનું મને ઘણા સાધુઓ તથા શ્રાવકો તરફથી સૂચવાયું હતું. મને પણ તેનો ખ્યાલ હતો, પણ હું અવસર જોતો હતો. મારા સાથીઓની ઇચ્છા ઘણી હતી, પણ તેમને મારામાં એટલો વિશ્વાસ છે કે તેમણે કોઇ દિવસ મારા ઉપર દબાણ કર્યું નથી. તેમને હું મારી વેદના જણાવી શકું તેમ નહોતું. દરબારશ્રી પાસે આઠ હજાર કઢાવવા સહેલા હતા; વખત એવો હતો કે બળતું ઘર કૃષ્ણાર્પણ કરે. પણ મને ચિન્તા એ હતી કે દરબારશ્રી કાઢી નાખે અને પછી સૌરાષ્ટ્ર સરકાર માગે તો શું કરવું? મારે બંદર સમિતિ અંગે ૧૯૪૮માં રાજકોટ જવાનું થયુ. ત્યાં સૌરાષ્ટ્ર સરકારના વડાપ્રધાન વગેરે મળ્યા, પણ મેં આ વાત કરી જ નહિ. બીજે દિવસે વડા પ્રધાન શ્રી ઢેબરભાઇએ મને ચા પીવા બોલાવેલો. હું ગયો અને ચા પીધા પછી બહાર નીકળતો હતો તે વખતે શ્રી ઢેબરભાઇએ પોતે જ મને કહ્યું કે આપણે સાઠ હજારનો નિકાલ કરી નાખવો છે. મેં કહ્યું કે પંદર દિવસ પછી સાઠ હજાર ભરવાની મુદત આવે છે અને તે ભરવાના થશે તો મુશ્કેલી ઊભી થશે, માટે ઝટ નિકાલ લાવો. શ્રી. ઢેબરભાઇએ કહ્યું કે, તમે ભરશો નહિ. અને એક મહિનામાં જ સાઠ હજાર ભરવાની માફી આપવાનો નિર્ણય કરી દીધો. એમાં આપણે સૌરાષ્ટ્ર સરકારનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. સાઠ હજાર માફ કરવામાં તેમણે માત્ર વિવેકબુદ્ધિ જ વાપરી છે. આપણે દબાણ કર્યું નથી.

"શ્રી ગિરનારજીના સમાધાન માટે પણ મને વારંવાર કહેવામાં આવતું. એક વાર હું દિલ્હી સરદારશ્રી વલ્લભભાઇ પાસે ગયેલો. મેં તેમને વાત પણ કરેલી નહિ. સરદારશ્રીએ પોતે જ મને કહ્યું કે, કસ્તુરભાઇ, ગિરનારજી અંગે કંઇ હોય તો મને કહેજો. પછી તેમની દરમિયાનગીરીથી જ બધું સમાધાન થઇ જવા પામ્યું.

"તારંગાજીમાં દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે ઝગડો હતો. મીડ સાહેબ એડમિનિસ્ટ્રેટર હતા તે વખતે સને ૧૯૨૮માં દિગંબરો સાથે સમાધન કર્યું. ચાર દેરી હતી તેમાંથી બે દેરી શ્વેતાંબરની અને બે દેરી દિગંબરની એમ ઠરાવી દિગંબરો સાથે નક્કી કર્યું. આ વલણ આચાર્ય શ્રી નેમિસૂરિજીને પસંદ પડયું નહિ, કમનસીબે એ સમાધાન ટકયું નહિ, કેમકે બબ્બે દેરીઓ વચ્ચે જે દીવાલ કરવાની હતી તેમાં દિગંબરોએ વિરોધ ઉઠાવ્યો. તે દાવો સને ૧૯૪૫ સુધી ચાલ્યો અને ૧૯૪૫ માં વડોદરા સરકારે એ બાબતમાં આપણી તરફેણમાં ચુકાદો આપ્યો. આપણી માગણી તદ્દન ન્યાયી હતી એટલે ચુકાદો તરફેણમાં આવ્યો.

"શૌરીપુરજી તીર્થ, જે આગ્રાની નજદીકમાં આશરે ૧૪ માઇલ દૂર આવેલું છે, ત્યાં પણ દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે ઝઘડો હતો. તે અંગે ઘરમેળે નિકાલ કરવા અતિશય પ્રયત્ન કરવો પડયો. ઘણી મુશ્કેલી પછી નિકાલ થઇ શકયો, પણ કમનસીબે પાછળથી દિગંબરો ફરી ગયા. એ કેસ હાઇકોર્ટમાં જતાં સને ૧૯૪૬માં તેનો ચુકાદો આવ્યો અને પહેલાં મેં જે નિકાલ કર્યો હતો તે મુજબનો ચુકાદો આવ્યો. મક્ષીજી તીર્થમાં પણ એવી જ તકરાર હતી. મને ગ્વાલિયરના મહારાજાને મળવાનું સૂચવાયું. હું તેમને મળ્યો

અને કહ્યું કે, તમે એક કમિશન નીમો. એ કમિશન જે ચુકાદો આપે તે બન્ને કબૂલ કરે. એ મુજબ કમિશન નિમાયું અને નિકાલ આવી ગયો. કુંભારિયાજી તીર્થને અંગે દાંતાના દરબાર-શ્રીને જૈનો તરફ ઘણો વસવસો હતો માટે કોટ કરવા દેતા નહોતા, પણ પછી તો રાજ્ય બદલાયું. મુંબઇ સરકારને અરજી કરતાં પર-વાનગી મળી ગઇ છે અને કોટનું કામ પણ શરૂ થઇ ગયું છે.

"અંતરીક્ષજીમાં દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે તક-રાર હતી, પણ તેનો આપણા લાભમાં ચુકાદો આવી ગયો છે.

"સમેતશિખરજી તીર્થનો પહાડ સને ૧૯૨૩ માં આપણે લીધેલો, પણ તકરારો ચાલુ હતી. પહેલાં દિગંબરો સાથે, પછી રાજા સાથે અને પછી બિહાર–સરકાર સાથે. અમે જઇને પગલાં જોયાં અને હતાં તેમ આપણી રીતે બેસાડી દીધાં અને એ તકરારો પતી ગઇ. બિહાર સરકારે જંગલનો કબજો લેવાનો કાયદો કરેલો. પહાડ ઉપરના જંગલનો તે કબજો લે ને વહીવટ કરે તો તે પહાડ ઉપર ક્રૂર પ્રાણી વગેરેને મારે તે વિષે નક્કી થઇ ગયું. કબજો આપણો રહેશે ને કોઇ પ્રાણીને પહાડ ઉપર મારવામાં આવશે નહિ.

"આબુજી તીર્થના જિર્ણોદ્ધાર માટે જરૂરી આરસ દાંતાના પહાડ ઉપર અંબાજીના મંદિર પાસે ચાર માઇલ ઉપર મળી આવ્યો. દાંતાના દરબારને ઘણું કહ્યું પણ લેવાની રજા આપી નહિ. પછી તો રાજ્ય ગયું અને નવો વહીવટ આવતા તે ઠેકાણેથી આરસ કાઢી લાવવાની આપણને પરવાનગી મળી ગઇ છે.

આ ઉપરથી આપ જોઇ શકશો કે આજે આપણું એક પણ તીર્થ રહ્યું નથી કે જેને અંગે કોઇ પણ દાવા કે તકરાર ચાલુ હોય. એ મોટા સદ્‌ભાગ્યની વાત છે, પણ આપણાં તીર્થોમાં જે જાતનું સમારકામ કરાવવું જોઇએ, જે જાતની મંદિરોની બાંધણી હોવી જોઇએ, તે આપણે વિસરી ગયા છીએ એટલું જ નહિ પણ જૈન સંસ્કૃતિને અને જૈન શિલ્પને આજે મોટામાં મોટું નુકસાન કોઇ કરી રહ્યું હોય તો તે આપણા અજ્ઞાન જૈન ભાઇઓ અને બહેનો છે. કોઇ પણ મંદિર સમરાવવાનું હોય તો તેમાં સુંદરમાં સુંદર જૂનું લાકડા ઉપર કરેલું ચિત્રકામ હોય તો તેને સંભાળીને સમરાવી લેવાને બદલે તે લાકડકામ ફેંકી દઇ ત્યાં આરસનાં પાટિયાં લગાવી મંદિર ભવ્ય બનાવવાની ખોટી માન્યતા આપણામાં ફેલાઇ છે. એક બીજી ખોટી અને અણસમજુ પ્રથા ચાલુ થઇ છે, અને તે મંદિરોમાં પટો ચિતરાવવાની. તે પટોમાં કોઇ જાતની કારીગરી તો હોતી નથી, એટલું જ નહિ પણ એટલા બેરંગી હોય છે કે આપણાં મંદિરોની સૌમ્યતાને તે ભારે હાનિ પહોંચાડી રહ્યા છે. તે જાહેર મત કેળવી તદ્દન બંધ કરાવવું જોઇએ.

"આપણને સહેજે સમજાશે કે આપણામાંના ઘણાં ભાઇઓ તેમ જ બહેનોએ જૈન હોવાનો દાવો કરતાં હોવા છતાં આપણી જૈન સંસ્કૃતિ શામાં રહેલી છે, તેનો તેમણે ઘણો થોડો વિચાર કરેલો છે. સામાયિક–પ્રતિક્રમણ કરે, ઉપવાસ, એકાસણા કરે: જૈનમંદિરે દર્શન–પૂજાએ જાય એટલે ભાવિક જૈન. આ ક્રિયાઓ જરૂરી છે, પણ મારી નમ્ર માન્યતા પ્રમાણે તેનાથી જૈન સંસ્કૃતિ ટકાવી શકાશે નહિ.

"જૈન સંસ્કૃતિ ટકાવવા સારૂ આપણાં તીર્થ અને મંદિરો શુદ્ધ જૈન શિલ્પને અનુસરીને થાય તેને માટે સાવચેતી રાખવી જોઇએ. ઉપરાંત આપણા ભંડારોમાં જે અલભ્ય અમૂલ્ય પુસ્તકો પડેલાં છે, તેનો ઊંડો અને તલસ્પર્શી અભ્યાસ માત્ર જૈનોની નહિ, પણ જૈનેતરની દૃષ્ટિએ પણ થવો જોઇએ. એમ કરવાથી જૈન તત્ત્વજ્ઞાનનું સ્થાન અનેરૂં થશે, અને ગુજરાતના સાહિત્ય, વેપારવાણિજ્ય અને સ્થાપત્યને માટે જૈનોએ જે કાંઇ ભૂતકાળમાં કર્યું છે તેનું ભાન થતાં સહેજે જૈન ધર્મ પ્રત્યે પણ લોકોને આદરભાવ ઉત્પન્ન થશે. આ બાબતમાં હું ઘણા વખતથી વિચાર કરૂં છું અને નિર્ણય પર આવ્યો છું કે આપણે એવી યોજના કરવી જોઇએ કે જેથી આ ભંડારોનો ઉપયોગ વ્યવસ્થિત રીતે અને આજ કરતા વધુ છૂટથી થાય."

# કોન્ફરન્સના બે ઠરાવો

[અખિલ હિંદ જૈન શ્વેતાંબર. કોન્ફરન્સ સમિતિની બેઠક તા. ૮–૯ સપ્ટેમ્બર ૧૯૪૯ ના રોજ શ્રી મેઘજી સોજપાળના પ્રમુખપદે મુંબઇમાં મળી હતી. આ બેઠકમાં આઠેક જેટલા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા; તેમાંથી સૌ પ્રથમના બે નીચે આપવામાં આવ્યા છે. —તંત્રી]

૧

### ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ (૧૯૪૯)

મુંબઇની ધારાસભાની પુનાની આગામી બેઠકમાં ધી પબ્લિક ટ્રસ્ટ એકટ નામનું બિલ લાવીને ધાર્મિક તથા સખાવતી ટ્રસ્ટોના ઉદ્દેશો Cypresના સિદ્ધાંતના નામે બદલવા તથા ફેરફાર કરવા નામદાર સરકારે જે પ્રબંધ કર્યો છે, તેનાથી સખાવતના મૂળમાં ઘા થશે, અને જાહેર સખાવતો ઉપર મોટો ફટકો પડશે, કારણકે દાતાઓના પોતાના ઉદ્દેશો બર આવશે કે નહિ એવી જાતનો ભય ઉત્પન્ન થશે અને સખાવતો કરતા અચકાશે, અને જનતાના હિતને બહુ જ નુકસાન થશે એમ અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિની આ સભા માને છે અને નામદાર સરકારને ધાર્મિક તથા સખાવતી ટ્રસ્ટો માટેનાં દાનોને ખતરનાક નીવડે એવા સઘળા પ્રબંધોને એ બિલમાંથી કાઢી નાખવા વિનંતિ કરે છે. વળી દેવદ્રવ્ય આદિ ધાર્મિક ટ્રસ્ટોની મિલકત બીજા કોઇ પણ ઉદ્દેશ માટે કોઇ પણ કદી ન વાપરે એવું જૈનધર્મનું ફરમાન છે અને તે સંબંધી શાસ્ત્રીય પુરાવાઓ તપાસ સમિતિ સમક્ષ રજૂ કરાયા હતા છતાં જૈન ધાર્મિક ટ્રસ્ટોને પણ કાયદામાંથી બાકાત રાખ્યા નથી તેથી ફક્ત બિલનો તેના હાલના સ્વરૂપમાં સખ્ત વિરોધ કરે છે. તે ઉપરાંત ચેરીટી કમિશનરની નિમણુંક કરી તેને જાહેર ટ્રસ્ટના હિસાબ, વહીવટ વગેરે તપાસવાની તથા ટ્રસ્ટીઓની જવાબદારી અંગે નિર્ણય કરવાની જે વિશાળ સત્તાઓ આપવા ઠરાવ્યું છે તેનાથી ટ્રસ્ટીઓને યોગ્ય ન્યાય ન મળે એવો સંભવ છે અને ટ્રસ્ટીઓ ફક્ત ચેરીટી કમિશનરના એજન્ટ કે એમના હુકમ ઉઠાવનારા નોકર જેવા થઇ જાય છે. તે ઉપરાંત ચેરીટી કમિ-શનર તથા ડેપ્યુટી ચેરીટી કમિશનર અથવા સરકારે નીમેલા અમલ-દારો પોલિસની માફક સર્ચ કરતા હોય તેમ ગમે ત્યારે ટ્રસ્ટીઓને પહેલેથી ખબર આપ્યા વિના ટ્રસ્ટની ઓફિસમાં કે મકાનોમાં જઇ શકે એવી કલમથી વખતોવખત ઘર્ષણ થવાનો સંભવ રહે છે અને ટ્રસ્ટીઓનો સ્વમાનભંગ થાય એમ માને છે. આવી જાતની સત્તાઓથી ટ્રસ્ટનો વહીવટ કરવા કોઇ સ્વમાનપ્રિય સારા શખ્સો ટ્રસ્ટી તરીકે કામ કરવા આગળ આવશે નહિ એમ માને છે. વળી ટ્રસ્ટી તરીકે ચેરીટી કમિશનરને નીમવાથી સદાને માટે ટ્રસ્ટનો વહીવટ ટ્રસ્ટ અનુસર નિમાનારા ટ્રસ્ટીઓના હાથમાંથી લઇ લેવામાં આવે છે અને ચેરીટી કમિશનર ગેરવહીવટ પણ કરે તો પણ તેની સામે દાવો માંડી શકાય નહિ એવી કલમોથી એઓ બિનજવાબદાર થઇ જશે એમ માને છે.

હાલના કાયદામાં કરવા ધારેલા આવા ફેરફારોથી જનતા કે જેના હિતની ખાતર આ કાયદો કરવાનો ઉદ્દેશ છે તે જનતાનું હિત થવાને બદલે ઘણું જ અહિત થશે અને સખાવતી ભાવનાઓ નષ્ટ થશે એમ આ સભા માને છે તેથી તેમાં યોગ્ય સુધારા કરવા નામદાર સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

૨

### હિંદુ અને જૈનો

આજની અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિની સભા જાહેર કરે છે કે જૈન તેમ જ હિંદુઓ આર્ય જાતિના હોઇ જાતિ તરીકે જુદા નથી, પરંતુ હિંદુ ધર્મ વૈદિક છે અને જૈન ધર્મ અવૈદિક છે; વળી હિંદુ ધર્મ બ્રાહ્મણ સંસ્કૃતિને અનુસરે છે જ્યારે જૈન ધર્મ શ્રમણ સંસ્કૃતિને અનુસરે છે. જે બે જુદી સંસ્કૃતિ તરીકે પુરાતત્ત્વવિદોએ મતભેદ વિના સ્વીકારેલી છે. તેથી જૈન હિંદુ ધર્મ એકબીજાથી જુદા છે.

# ગુજરાત માટેની યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી માટે સરકારે, માનનીય શ્રી ગણેશ વાસુદેવ માવલંકરના પ્રમુખપદે નીમેલી સમિતિનો અહેવાલ પ્રસિદ્ધ થઇ ગયો છે. વળી તાજેતરમાં આ અંગેનું બિલ પણ મુંબઇ સરકાર તરફથી બહાર પાડવામાં આવ્યું છે જે પૂના ખાતે મળી રહેલી મુંબઇ ધારાસભામાં રજુ કરવામાં આવશે એમ ધારવામાં આવે છે. આ અહેવાલ અંગે છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતમાં સારા પ્રમાણમાં જાગૃતિ આવી છે, અને તેની છણાવટ એક યા બીજા દૃષ્ટિબિંદુથી થઇ રહી છે.

અત્યાર સુધી મુંબઇ પ્રાંતમાં માત્ર એક મુંબઇ યુનિવર્સિટી જ હતી. ગુજરાત, મહારાષ્ટ્ર અને પૂના–મુંબઇ પ્રાંતના ત્રણે પ્રાંત જેવડા પ્રદેશોમાંની કોલેજો મુંબઇ યુનિવર્સિટી સાથે સંકળાયેલી હતી, પરંતુ કેળવણીનું પ્રમાણ વધતાં, સ્થળે સ્થળે કોલેજો સ્થપાતી ગઇ. મુંબઇ યુનિવર્સિટીની જવાબદારી પણ વધતી ગઇ. જુદા જુદા વિષયોના અભ્યાસની માંગને પહોંચી વળવાનું પણ મુંબઇ યુનિવર્સિટી માટે મુશ્કેલ થતું ગયું. પરદેશી સરકારે પોતાનું રાજ્ય ચલાવવા માટે જ આ યુનિવર્સિટીઓ સ્થાપી હોય એમ સ્પષ્ટ રીતે જણાવા લાગ્યું. એ અરસામાં ગાંધીજી ગુજરાતમાં આવ્યા, અને ૧૯૨૧માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. ગાંધીજીની દૃષ્ટિએ મુંબઇ યુનિવર્સિટીદ્વારા અપાતું શિક્ષણ આપણી પરતંત્ર પરિસ્થિતિને ટકાવનારું હતું એટલે ગુજરાત વિદ્યાપીઠદ્વારા ગુજરાતી ભાષા દ્વારા ગુજરાત તથા હિંદની સંસ્કૃતિના અભ્યાસ માટે તેમણે એક નવો પ્રયોગ શરૂ કર્યો. આઝાદીની ખુમારી, મજૂરીનું માહાત્મ્ય અને સ્વભાષાનું ગૌરવ, એ, નવા પ્રયોગદ્વારા સિદ્ધ કરવાની તેમની નેમ હતી.

એ જ અરસામાં મુંબઇ સરકારે નીમેલ સેડલર કમિશનનો અહેવાલ બહાર પડયો. એ અહેવાલમાં એક સૂચન હતું કે ગુરૂકુળ પદ્ધત્તિની યુનિવર્સિટીઓ હોવી જરૂરી છે. ૧૯૨૪માં આ ભલામણ પર વિચારણા કરવા સેતલવાડ સમિતિ નિમાઇ. એ સમિતિએ સ્પષ્ટ દોરવણી આપી કે, સ્થાનિક સંસ્કૃતિ, સાહિત્ય, ઇતિહાસ અને રીતરિવાજો વિચારતાં ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને સિંધ માટે વિભાગીય યુનિવર્સિટીઓની જરૂર છે.

આ વિચારને ધીમે ધીમે વેગ મળતો ગયો. અને મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાતમાં યુનિવર્સિટીઓની સ્થાપના માટે સમિતિઓ પણ નિમાઇ. અત્યારે પુના યુનિવર્સિટી સ્થપાઇ ચૂકી છે; કર્ણાટકમાં સ્થપાશે અને ગુજરાતનો પ્રશ્ન એરણ ઉપર છે.

ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના માટેની જે ભલામણો પ્રસિદ્ધ થઇ છે, તેમાં બાર સભ્યોમાંથી સાત સભ્યોએ પોતપોતાની આગવી નોંધો મૂકી છે. આ નોંધ ઉપરથી કેટલાક એમ કહે છે કે આ લઘુમતિનો અહેવાલ છે, કેટલાક વધુમતિનો કહે છે, અને મૂળ પ્રશ્નને એક બાજુ મૂકી દઇ, પ્રશ્નના કેટલાક નિષ્ણાતો નાની નાની ગૌણ બાબતો પર ચર્ચામાં ઊતરી પડેલ છે.

ગુજરાત યુનિવર્સિટી સ્થપાવી જોઇએ એ બાબતમાં હજુ બે મત નથી પણ કયાં સ્થપાવી જોઇએ; સ્થપાય તો શિક્ષણનું માધ્યમ કયું અને યુનિવર્સિટીની હકુમત કેટલી એ વિચારોએ કેળવણીકારોને એક યા બીજા પ્રકારે વિચારતા કર્યા છે. વિચારે એ આવકારદાયક વસ્તુ છે, પણ વિચારણા પછીથી જે સ્થિતિ ઊભી થઇ છે તે દુઃખદ છે. કેટલાક કહે છે કે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી શા માટે? વડોદરા એ માટે યોગ્ય સ્થળ છે. કોઇ એમ દલીલ કરે છે કે જો ગુજરાતની દરેક કોલેજને ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાવાનું ફરજીયાત થશે તો મુંબઇ યુનિવર્સિટી માટે જે ભય ઊભો થયો હતો–વિસ્તૃત જવાબદારીનો–તે ઊભો થશે; માટે અમદાવાદમાં રહેઠાણ સાથેની શિક્ષણ આપતી યુનિવર્સિટી ભલે સ્થપાય; પણ આણંદ, સુરત, વડોદરા અને સૌરાષ્ટ્રને ભલે પોતપોતાની અલગ યુનિવર્સિટી મળે સુરત તરફથી એવો અવાજ સંભળાય છે કે જો ગુજરાત યુનિવર્સિટી સાથે ફરજીયાત જોડાવાનું હોય તો મુંબઇ યુનિવર્સિટી સાથે અત્યારે જે જોડાણ છે તે શું ખોટું છે? આણંદ કેન્દ્ર યુનિવર્સિટી માટે સંપૂર્ણ રીતે તૈયાર છે એવો તેનો દાવો છે. વડોદરા પાછળ ન રહી જવું જોઇએ એ માટે શ્રી મુનશીએ ખૂબ ઉતાવળ કરી ત્યાં યુનિવર્સિટીની સ્થાપના પણ કરી દીધી છે; અને સૌરાષ્ટ્રમાં અલગ યુનિવર્સિટી ન થાય એ માટે ગુજરાતે પ્રચાર કરવો પડે છે.

ગુજરાત માટે એક સ્વતંત્ર વિદ્યાપીઠ હોવી જોઇએ એવી ગાંધીજી તેમ જ ડો. આનંદશંકર ધ્રુવની કલ્પના હતી. સાહિત્ય પરિષદે અને ગુજરાત વિદ્યાસભાએ આ માટે આંદોલન પણ જગાવ્યું. મુંબઇ યુનિવર્સિટીનું વિકેન્દ્રીકરણ કરવાની ભાવના મજબૂત થઇ; ગુજરાત યુનિવર્સિટીમાં તે કેન્દ્રિત થઇ; પણ હવે જાણે કે પાછું વિકેન્દ્રીકરણ પર સૌનું લક્ષ ચોંટયું છે.

આ ખેંચાખેંચ પાછળ, શાંત ચિત્તે વિચાર કરીએ તો સત્તાની આકાંક્ષા મુખ્ય કામ કરે છે; દરેક કેન્દ્રના સંચાલકોને અમદાવાદની શેહમાં દબાઇ જવાનો ભય રહે છે. જો ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાવાનું નક્કી થાય તો સ્વતંત્ર વ્યક્તિત્વ શી રીતે રહે? આથી તક્ષશિલાનો આદર્શ અને ઓક્ષ્ફર્ડ તથા કેમ્બ્રીજ યુનિવર્સિટીના બંધારણને આગળ કરી કેટલાંક પોતપોતાને અનુકૂળ મંતવ્યો રજૂ કરે છે. અહેવાલમાં પણ સ્પષ્ટ જણાવ્યું છે કે, જોડાણ પછી પાંચ વર્ષમાં જો કોઇ કોલેજને ન રુચે તો તે દૂર થઇ શકે છે; પણ તેમાં ભય એ લાગે છે કે, પાંચ વર્ષ પછી નીકળી શકશે કે કેમ?

પરંતુ પ્રશ્ન એ છે કે, દરેક કેન્દ્ર ગુજરાત–સમગ્ર ગુજરાતની દૃષ્ટિએ વિચાર કેમ નથી કરતું? ગુજરાતને આપણે એક અને અખંડ રાખવું છે, કે તેની શકિતઓને છિન્નભિન્ન કરવી છે? ગુજરાત પાસે ખૂબ સાધનો છે; સંપત્તિ છે એવો પ્રચાર જરૂર થાય છે; પણ એ સાધનો અને સંપત્તિ કયાં અને કેટલાં છે? કેન્દ્રે કેન્દ્રે મેડીકલ કોલેજ; એન્જીનિયરીંગ કોલેજ, ફાર્મસી કોલેજ, એગ્રીકલ્ચર કોલેજ, વગેરે જલદી સર્જાઇ શકાવાની છે? તો સુરતનો કે સૌરાષ્ટ્રનો વિદ્યાર્થી કયા કેન્દ્રમાં જઇ અભ્યાસ કરશે? એને બદલે તાત્કાલિક જ્યાં જે છે તેનો પૂરેપૂરો વિકાસ થાય; એને વિકસાવવા પાછળ ગુજરાત બધી શકિતઓ ખર્ચે એ ઇષ્ટ છે કે સ્થળે સ્થળે નાના નાના કૂબાઓ કરે તે? આની સામે જગાના અભાવની દલીલ છે જ; પરંતુ ટેકનીકલ કોલેજ એક રાતમાં અલાઉદ્દીનના દીવાની શકિતથી નથી સર્જાઇ જવાની! ઉપર કહી તેવી અદ્યતન કોલેજ સ્થળે સ્થળે હોય એ ઇષ્ટ છે, તોપણ ગુજરાત પાસે અત્યારે એ શકિત પણ નથી. વળી બીજી રીતે પણ વિચાર કરવાનો છે. જુદા જુદા વિષયોના નિષ્ણાતો આપણી પાસે કેટલા? એટલે ચાલ્યા આવતા સામાન્ય રિવાજ મુજબ આવા નિષ્ણાતો માટે આપણે પ્રાંત બહાર નજર નાખવાની! આ નિષ્ણાતો પાછળના ખર્ચનો પણ ગુજરાતે વિચાર કરવો જરૂરી છે. અત્યારે દરેક વિષયના એક કે બે નિષ્ણાતોને રોકી વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં આવે તો કાલે ગુજરાતમાંથી જોઇતા નિષ્ણાતો મળી રહેશે. આમ નવી ટેકનીકલ કોલેજોની સ્થાપનાનો પ્રશ્ન અને નિષ્ણાત વિદ્વાનોને રોકવાનો બોજો એકી સાથે ગુજરાત સહી શકશે? કે પછી 'કન્યાનો ભાર કેડ પર એમ એ બોજો વિદ્યાર્થીઓ ઉપર જ પડવાનો હોય તો જુદી વાત છે. એટલે તત્કાળ પૂરતું તો મુંબઇ સરકારે કાયદાદ્વારા ગુજરાત યુનિવર્સિટી સાથે બધી કોલેજોનું જોડાણ કરી દેવું જોઇએ; વડોદરા પણ તેમાંથી મુકત ન રહી શકે. એ દ્વારા સમગ્ર ગુજરાતને એક તંતુએ સાંકળી

શકાશે. પાંચ કે દશ વર્ષ પછી ભલે જે કોલેજોના કેન્દ્રને સ્વતંત્ર યુનિવર્સિટી જોઇતી હોય તે સ્વતંત્ર કેન્દ્ર માગે. ત્યારે ગુજરાતની પરિસ્થિતિ શિક્ષણની દૃષ્ટિએ તદ્દન નવીન જ વિચારણા માગતી હશે.

આવો બીજો મૂંઝવતો પ્રશ્ન છે ભાષાનો. શ્રી દાદાસાહેબ માવલંકરે રસ્તો કાઢયો છે, પણ એ રસ્તો અધૂરો છે, બધાને ખુશ કરવા માટેનો છે. વિદ્યાર્થી સ્નાતક (ગ્રેજ્યુએટ) કે અનુસ્નાતક થાય ત્યાંસુધી શિક્ષણનું વાહન ગુજરાતી; અને ત્યારપછી વધુ ઉચ્ચ અભ્યાસ માટે રાષ્ટ્રભાષા. આ મધ્યમ માર્ગ છે; પણ શ્રી માવલંકર જેવા સ્પષ્ટ વિચારસરણી ધરાવતી વ્યકિતએ પોતાનો સ્પષ્ટ વિચાર રજૂ કરવો જોઇતો હતો. પોતે શું માને છે? કદાચ આ વિચાર તેમનો સ્પષ્ટ પણ હોય; પરંતુ પોતે મહારાષ્ટ્રના છે માટે કદાચ કોઇ દોષારોપણ ન કરે એ દૃષ્ટિએ તેમણે ગુજરાતી માધ્યમની વિચારણા કેમ ન કરી હોય, એય વિચારવા જેવું છે? ગુજરાત માટેની યુનિવર્સિટી માગવાથી પ્રાંતિયતાનું જે દોષારોપણ થાય છે, તે રાષ્ટ્રભાષાના શિક્ષણને માધ્યમ તરીકે સ્વીકારવાથી દૂર થાય છે. વિનીત સુધી ગુજરાતી ફરજિયાત હોવું જોઇએ, પછી કોલેજનું શિક્ષણ રાષ્ટ્રભાષામાં અપાવું જોઇએ. ગુજરાત હિંદનું એક અંગ છે એ આપણે શિક્ષણના માધ્યમનો વિચાર કરતાં કાં ભૂલી જઇએ? અંગ્રેજી ભાષાએ વિશાળ હિંદના પ્રાંતોને એકબીજાની વધુ નજીક આણ્યા છે એ અનુભવની વાત છે; તો માત્ર ગુજરાતી ભાષાના વાહનથી તૈયાર થયેલ વિદ્યાર્થી, બીજા પ્રાંતને કઇ રીતે પોતાની વિશિષ્ટ શકિતઓ બતાવી શકશે? આનો અર્થ એવો નથી કે ગુજરાતી ભાષાને ઉચ્ચ કેળવણીમાં સ્થાન ન હોય. એનું સ્થાન મહત્ત્વનું રહેવું જોઇએ. પણ ટેકનીકલ વિષયોનો અભ્યાસ તો રાષ્ટ્રભાષા· દ્વારાજ થવો જોઇએ. ગુજરાત પાસે વિજ્ઞાનની-પરિભાષા નથી; બેચાર વર્ષમાં તૈયાર થવાની શકયતા પણ નથી. વળી વિજ્ઞાન પરિભાષા રાષ્ટ્રભાષા જે હશે તે જ રહેવાની છે. સર સી. વી. રમણ જેવા વૈજ્ઞાનિકો અથવા કહો કે બીજા પ્રાંતના નિષ્ણાતો પોતપોતાનાં વિષયો ગુજરાતીમાં શીખવી શકવાના નથી; અને ધારો કે ગુજરાતીમાં વિદ્યાર્થીઓ તૈયાર થયા તો તેની દુનિયા ગુજરાત પૂરતી જ રહેવાની; કારણકે તેનું વિચારવાનું માધ્યમ ગુજરાતી જ હશે. પોતાની શકિત બીજા પ્રાંત પાસે બતાવવાની એથી ઓછી શકયતા રહેશે. એટલે વિચારોની આંતરપ્રાંતીય આપલે માટે; સંસ્કૃતિના વિનિમય માટે પણ રાષ્ટ્રભાષા જ શિક્ષણના માધ્યમ તરીકે જરૂરી છે; નહિ તો ગુજરાત સાવ સંકુચિત મનોવૃત્તિવાળું થયે જશે; અને પ્રાંતિયતાના જે દોષે હજુ ગુજરાતમાં પગરણ નથી માંડયાં તેનાં પગરણ મંડાશે.

પુના યુનિવર્સિટીની સ્થાપના માટે જયારે સમિતિ નિમાઇ ત્યારે મહારાષ્ટ્રમાં ખૂબ અસંતોષ હતો; કેળવણીકારો અંદર-અંદર સ્પર્ધા અને સ્પૃહા કરી રહ્યા હતા; પરંતુ અણીને પ્રસંગે તેઓ એક થઇ ગયા; અને વિરોધને સમાવી પુના યુનિવર્સિટીની માગણીને ટેકો આપ્યો. ગુજરાત પણ, એવા જ આ પ્રસંગે પરસ્પરનો વિરોધ સમાવી એકત્ર ન થઇ શકે? અમને બીક છે કે અત્યારના વિરોધી વાતાવરણમાં ગુજરાતની અસ્મિતાને પોષક ગુજરાત યુનિવર્સિટી ન પણ સ્થપાય; કારણકે આ વિરોધના મૂળ ખૂબ ઊંડા છે; નમ્રતાપૂર્વક કહીએ કે, રાજકારણથી રંગાયેલા છે.

માનનીય શ્રી દાદાસાહેબ માવલંકરને વિનંતિ છે કે, પોતાની બીજી પ્રવૃત્તિઓ–દેશને ઉપકારક હશે તોપણ થોડા વખત માટે મોકૂફ રાખી, દીર્ઘદૃષ્ટિ વાપરી, ગુજરાતની પ્રાંતિય મનોવૃત્તિને નહિ, પણ રાષ્ટ્રીય એકતાને પોષક, એવી ડો. આનંદશંકર-ધ્રુવ અને ગાંધીજીએ કલ્પેલી ગુજરાત યુનિવર્સિટીના સર્જન અને ઉત્કર્ષને પૂરો વેગ આપે; તેને કયાંયથી ખંડિત થવા ન દે.

**ધીરજલાલ ધનજીભાઈ શાહ**

# મંદિરપ્રવેશ કાયદો અને જૈનો

'હરિજન મંદિરપ્રવેશ કાયદો જૈન સમાજને લાગુ પડવો જોઇએ નહિ,' એવી દલીલ જૈન સમાજના એક પક્ષ તરફથી અવારનવાર થયા કરે છે. આ દલીલોના સમર્થનમાં શાસ્ત્રોના આધાર ટાંકવામાં આવે છે; અને છેવટે કંઈ નહિ તોય, જૈનો હિંદુ નથી એવી દલીલ આગળ ધરવામાં આવે છે. ભાષા, સંસ્કાર, રીતરિવાજ—કઇ રીતે જૈનો હિંદુઓથી અલગ છે, તેનું ચોકકસ વિધાન ભાગ્યે જ કરાય છે. અમારો ધર્મ સ્વતંત્ર છે; જૈનત્વ અને હિંદુત્વ ભિન્ન ભિન્ન ફાટાઓ છે; જૈન શાસ્ત્રોમાં અસ્પૃશ્યોને અસ્પૃશ્ય ગણવામાં આવ્યા છે, આવી વાહિયાત વાતો અને તેનું સમર્થન કેટલીક વાર સમજુ અને શાણી વ્યકિતઓ પાસેથી સાંભળવા મળે છે. જ્ઞાતિ સંસ્થાનો લોપ કરનાર અને શુદ્રોને પણ બીજા ત્રણ વર્ણોની જેટલું જ મહત્ત્વ આપનાર જૈન ધર્મના સિદ્ધાંતોને જાણે કે જૈનો સમજ્યા જ નથી એવો દેખાવ કરી મુકાય છે. મુંબઇ સરકારે આ અંગે ગઇ સાલ કાયદો કર્યા પછી, જૈન સમાજના એક પક્ષે સરકાર પાસે પોતાના વાંધાઓ રજૂ કરેલા, તેનો એક સરકારી યાદી દ્વારા સરકાર તરફથી જવાબ આપવામાં આવ્યો છે. નીચે આપેલ એ યાદીનો તરજૂમો રજૂ કરાયેલા એ વાંધાઓ કેટલા પાંગળા છે તે બતાવે છે:–

"મુંબઇ સરકારના ૧૯૪૭ના 'હરિજન મંદિરપ્રવેશ' કાયદામાં અને ત્યાર પછી ૧૯૪૮ માં સુધારેલ એ જ કાયદામાં 'હિંદુઓ'માં જ 'જૈનો'નો સમાવેશ કરેલ હોવાથી તે સામે કેટલાક જૈનોએ મુંબઇ સરકાર સમક્ષ પોતાનું વિરોધનું દૃષ્ટિબિંદુ રજુ કરેલું. આ વિરોધના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે:

"૧. ખ્રિસ્તી શીખ, અને પારસી ધર્મની જેમ જૈન ધર્મ પણ એક તદ્દન સ્વતંત્ર ધર્મ છે.

"૨. જૈનોને કાયદાની મર્યાદામાં ગણવાની સરકારની સૌ પ્રથમ ઇચ્છા નહોતી; પરંતુ પાછળથી જૈનોનું લક્ષ ખેંચ્યા વગર એક સુધારા દ્વારા તેમનો હિંદુમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

"૩. કાયદાની દૃષ્ટિએ, જૈનોને 'હિંદુ' ગણવામાં આવ્યા હોય એવી આ પહેલી જ હકીકત છે.

"૪. હરિજનો માટે મંદિરપ્રવેશની કાયદાદ્વારા જે જોગવાઇ કરવામાં આવી છે, તે જૈન ધર્મના સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

"મુંબઇ સરકારે આ વાંધાઓ પર ઝીણવટપૂર્વક વિચારણા કરી છે, અને જે વાંધાઓ ઉઠાવવામાં આવ્યા છે, તેમાં કંઇ તથ્ય નથી એમ તેને જણાયું છે.

"ખ્રિસ્તી અથવા પારસી ધર્મને એક સ્વતંત્ર ધર્મ તરીકે સ્વીકારવામાં આવ્યો છે એ રીતે, અત્યાર સુધીમાં કદી હિંદુ ધર્મથી અલગ એમ જૈન ધર્મને સ્વીકારવામાં આવ્યો નથી. માત્ર રીતરિવાજોની કેટલીક ઝીણી વિગતો સિવાય, સામાન્યતઃ હિંદુ કાયદો જ જૈનોને લાગુ પાડવામાં આવ્યો છે. ૧૮૭૩ માં મુંબઇ હાઇકોર્ટે પણ એમ જ ઠરાવ્યું હતું કે, અમારી જાણ મુજબ અત્યાર સુધી આ મુંબઇ શહેરમાં કે પ્રાંતમાં જૈન સમાજની કોઇ પણ વ્યકિતને હિંદુ કાયદો જ લાગુ પાડવામાં આવ્યો છે." હિંદુ સમાજના લાભાર્થે કે વિકાસ માટે જે જે કાયદાઓ ઘડવામાં આવ્યા છે, તે તે કાયદાઓ કોઇ પણ પ્રકારના અપવાદ સિવાય જૈનોને પણ લાગુ પાડવામાં આવ્યા છે.

"મૂળ કાયદો અથવા તેના ઉપરના સુધારા ઉપર વિચારણા કરવાને માટે જૈન સમાજને પૂરતો સમય આપવામાં આવ્યો નથી, એ દલીલમાં જરા પણ વજૂદ નથી. નોંધવા જોગ્ગી હકીકત એ છે કે, ધારાસભામાંનાં એક પણ જૈન સભ્યે આ સામે જરા સરખો

# સમાચાર–નોંધ

## શેઠ શ્રી કસ્તુરભાઈ પર પણ સમયની અસર

તા. ૩૦–૮–૪૯ ના રોજ અમદાવાદના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ તરફથી અમદાવાદના એક અગ્રણી નાગરિક શેઠ શ્રી કસ્તુરભાઈને અભિનંદન આપવા માટે નગરશેઠના વંડામાં એક મેળાવડો થયો હતો, ત્યારે તેમને અપાયેલા માનપત્રના પ્રત્યુત્તરમાં તેઓએ સમયને અનુરૂપ જે જવાબ આપ્યો તે વર્તમાનપત્રોમાં વાંચી ક્ષણભર ભ્રમ થયો કે, આ વક્તવ્ય શેઠ શ્રી કસ્તુરભાઈનું છે કે બીજાનું? હજુ ગઈ કાલે જ ટેન્ડુલકર કમિટી સમક્ષ શેઠ પુરષોત્તમદાસ ઠાકુરદાસ પછી તેમને દેવદ્રવ્ય સંબંધીના વિચારો રજૂ કરતાં સાંભળેલા. ત્યારે થયેલું કે કુશળ વ્યાપારી અને વ્યવહાર–કુશળ ગણાતા શેઠ શ્રી કસ્તુરભાઈ ઉપર કાળની કંઈ પણ અસર નહિ થતી હોય શું? યુગને તેઓ નહિ ઓળખી શકતાં હોય શું? પણ તેમનું આ વક્તવ્ય વાંચી તે ભ્રમ દુર થયો, અને લાગ્યું કે કાળની અસરથી એ મુક્ત નથી જ રહી શક્યા.

આનું કારણ પણ છે. અત્યાર સુધી–હજુ ગઈ કાલ સુધી તેમનું કાર્યક્ષેત્ર તેમના હિસાબે વિચારીએ તો અતિસંકુચિત હતું. જાહેર જીવન તેમને માટે નહોતું એમ કહીએ તો ચાલે. આઠેક વર્ષ ઉપર રેલસંકટના ફંડ અંગે ગાંધીજી તથા મહાદેવભાઈને તેમણે ઊડતો જવાબ પણ આપેલો. આ બધાનું જાણે કે પ્રાયશ્ચિત્ત કરવાનું હોય તેમ, ગયે વર્ષે અને ચાલુ વર્ષે પણ ગુજરાત દુષ્કાળ નિવારણ સમિતિનું પ્રમુખપદ સ્વીકારી, ગુજરાતની તેમણે એકનિષ્ઠાથી જે સેવા કરી છે તે ભૂલી શકાય તેમ નથી. ૧૯૨૮ માં અતિવૃષ્ટિ પ્રસંગે સરદારે કરેલી સેવાને તે યાદ આપી જાય છે. આ કર્તવ્ય બજાવ્યા પછી જ, જૈન સમાજ ક્યાં છે; યુગની સાથે કઈ રીતે તે રહી શકે; શાથી તે પાછળ છે, વગેરે વિચારવાની તેમને કદાચ તક મળી હોય!

તેઓ કહે છે: "આપણને સહેજે સમજાશે કે આપણામાંના ઘણાં ભાઈબહેનોએ જૈન હોવાનો દાવો કરતાં આપણી જૈન સંસ્કૃતિ શામાં રહેલી છે, તેનો ઘણો થોડો વિચાર કરેલો છે. સામાયિક, પ્રતિક્રમણ કરે, ઉપવાસ, એકાસણા કરે; જૈન મંદિર દર્શનપૂજાએ જાય એટલે ભાવિ જૈન. આ ક્રિયાઓ જરૂરી છે, પણ મારી માન્યતા પ્રમાણે તેનાથી જૈન સંસ્કૃતિ ટકાવી શકાશે નહિ."

જો કે તેઓ હજુ વધુ સ્પષ્ટ થઈ શક્યા હોત; પણ તેમની એ હિંમત નથી ચાલી. સામાયિક, પ્રતિક્રમણ વગેરે ક્રિયાઓ પાછળ ધરમૂળના ફેરફારો જરૂરી છે; અને ઉપવાસ એકાસણાં પાછળ રહેલી અંધશ્રદ્ધા દૂર કરવી જરૂરી છે વગેરે બાબતો, તેઓએ કહી હોત તો જૈન સમાજ માટે સમયસરની ગણાત.

વધુમાં તેમણે જૈન સંસ્કૃતિ અને જૈન શિલ્પને અજ્ઞાન જૈન ભાઈબહેનોને હાથે જે નુકસાન થઈ રહ્યું છે, તેનો નિર્દેશ કરી, મંદિરને ભવ્ય બનાવવાની ખોટી રીત અને કારીગરી કે કળા વગરના પટો બનાવવાની પ્રથા પર ટકોર કરી છે. તેમણે આ પ્રથા બંધ થાય એ માટે જાહેર મત કેળવવાની પણ હિમાયત કરી છે.

રાણકપુરના મંદિરનો, પ્રાચીન શિલ્પસ્થાપત્યને બરાબર અનુલક્ષી, જે શ્રમ લઈ શેઠ શ્રી કસ્તુરભાઈએ તેનો જિર્ણોદ્ધાર કરાવ્યો છે એ વિચારતાં તેમણે જૈન સમાજને આ યોગ્ય સલાહ આપી છે; પરંતુ તેની સાથે જ તેમને યાદ આપવાની જરૂર છે કે જૈનોની નગરી અમદાવાદમાં જૈનોની જ આ આગવી સંપત્તિ કેવી હાલતમાં નાશ પામી રહી છે તેનો અને તેને એક સ્થળે સંગ્રહી રાખવાનો તેઓશ્રીએ કદી વિચાર કર્યો છે? જો કર્યો હોય તો આવકારદાયક લેખાશે. અહીં એ સૂચના અસ્થાને નહિ ગણાય કે, આ નષ્ટ પામતી સંપત્તિને તેઓ અમદાવાદમાં જ એક સ્થળે એકત્રિત કરી તેનો જિર્ણોદ્ધાર કરે. બીજી એક વાત આ સ્થળે જ કહેવી ઉચિત છે. મંદિરોની સાચવણીને માટે જે સૂચના તેમણે કરી, તેની સાથે નવાં મંદિરો થતાં હવે અટકાવવા જરૂરી છે; રંગબેરંગી પટો જેવી જ નવાં મંદિરોની દુર્દશા છે, એ તરફ પણ જૈન સમાજનું તેમણે ધ્યાન દોર્યું હત તો?

ગમે તેમ, એક વાત ચોક્કસ છે. કાળની અસરથી શેઠ શ્રી મુક્ત નથી રહી શક્યા. યુગે તેમનાં મોંએથી ઉપરોક્ત વાણી ઉચ્ચરાવી છે, એ, પણ શુભ શુકન છે. બાકી જ્યારે માનપત્ર સમયે તેમની, તેમના ધર્માનુરાગીપણા વિષે, તીર્થોના ઝઘડાના સમાધાનમાં કુશળતા દર્શાવવા માટે સંસ્કારી વ્યક્તિઓ પણ ખુશામતનાં વાક્યો વાપરી રહી હતી ત્યારે તેમણે સાફ શબ્દોમાં જૈન સમાજનું કેટલીક મહત્ત્વની બાબતમાં લક્ષ દોર્યું તે બદલ અમારાં અભિનંદન છે; વધુ અભિનંદન તો એટલા માટે પણ, કે જે સ્થળેથી સ્વતંત્ર વિચારો વ્યક્ત કરવા

---

વિરોધ ઉઠાવ્યો નથી. મુંબઈ ધારાસભામાં આ બિલ રજૂ થયા પછી પાછળથી આ બિલમાં જૈનોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં પણ સત્ય નથી. જૈન શાસ્ત્રોએ નિષેધ કર્યો હોય તે રીતે કાયદાનો આશ્રય લઈ હરિજનો મંદિરમાં પૂજા કરશે; અથવા નિષેધાત્મક ચીજો સાથે મંદિરમાં પ્રવેશ કરશે, અથવા પ્રાણીઓનુ બલિદાન દેવાની તેમને તક મળશે, આવી દલીલોમાં પણ વજૂદ નથી. કાયદામાં મુખ્ય જોગવાઈ આટલી જ છે કે, હિંદુ સમાજની અથવા હિંદુ સમાજના એક વિભાગની કોઈ પણ વ્યક્તિ જે રીતે અને જેટલી હદ સુધી મંદિરનો લાભ લઈ શકે, તેટલો લાભ હરિજન પણ લઈ શકે. જો પ્રતિકની પૂજા કરવાની પણ મનાઈ હોય તો, પોતાને માત્ર પૂજા કરવાનો જ નહિ પણ, પોતાની જ રીતે પૂજા કરવાનો, અથવા તો મદ્યમાંસ જેવી નિષેધાત્મક વસ્તુઓ લઈ જઈ મંદિરો અપવિત્ર કરવાનો અથવા પ્રાણીઓનું બલિદાન આપવાનો પોતાને હક્ક છે, એવો દાવો કરવાનું કોઈ પણ હરિજન માટે અશક્ય છે.

"જૈન ધર્મના સિદ્ધાંતો જ્ઞાતિઓને માન્ય કરતાં નથી, અને અસ્પૃશ્યતાને ટેકો આપતા નથી. અને કદાચ એમ હોય તોપણ ઘડાતા બંધારણમાં જે જાતની જોગવાઈ કરવામાં આવી છે એ દૃષ્ટિએ, પ્રાચીન શાસ્ત્રોમાં જો કાંઈ આવું હોય તોય જૈન સમાજ જેવા સંસ્કારી સમાજે એવી માન્યતાઓને માટે આગ્રહ રાખવો તે વ્યાજબી પણ નથી. પોતાનાં શાસ્ત્રોમાં અસ્પૃશ્યતાને ટેકો નહિ હોવાં છતાં બીજા હિંદુઓની જેમ જૈનો પણ અસ્પૃશ્યતાને દુર કરી શક્યા નથી, એમ સરકારને જણાયાથી, કાયદાની દૃષ્ટિએ જૈનોને પણ ઉમેરી લેવાનું સરકાર માટે જરૂરી હતું. આ કાયદાથી હરિજનો માટે મંદિર ખુલ્લા મૂકવાનાં સરકારના પગલાંને જૈનોમાંના સુધારક તત્ત્વે આવકાર્યું છે, અને સરકારને એ માટે પ્રશંસી પણ છે. સુધારેલ કાયદો લગભગ એક વર્ષથી અમલમાં છે, અને તેના અમલની જરા પણ ખરાબ અસર નથી થઈ એની નોંધ લેતાં સરકારને આનંદ થાય છે."

આ યાદી એટલી સ્પષ્ટ છે કે તેના પર કોઈ નોંધની પણ જરૂર રહેતી નથી. જૈન સમાજે પોતાના સમાજને જ નહિ પણ પોતાની સંસ્કૃતિને–જે સંસ્કૃતિ હિંદમાંની પ્રાચીન ત્રણ મુખ્ય સંસ્કૃતિઓમાંની એક છે તેને ટકાવવી હોય તો, સંકુચિત મનોદશા દર્શાવતા વિરોધો કરવાને બદલે એ સંસ્કૃતિ કઈ રીતે વધુ પ્રસરે તે માટે સમયને અનુકૂળ પગલાં ભરવાં જોઈશે.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

માટે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાને સંઘબહાર મૂકવા માટે ઠરાવ રજૂ કરાયો હતો, એ જ સ્થળેથી, એ જ પથ્થરના ચોરસા ઉપર ઊભા રહીને પુરાણપ્રેમી વ્યકિતઓને તેઓ સમયનો અવાજ પરખાવે છે!!

વાસ્તવિક રીતે દુષ્કાળ રાહતનું તેમણે જે ઝડપથી કાર્ય કર્યું છે; કુશળતાથી સંચાલન કર્યું છે; એ માટે જ તેઓ અભિનંદનના અધિકારી છે—એકલા જૈન સમાજના જ નહિ; એકલા દુષ્કાળપીડિત પ્રદેશના પણ નહિ; પણ એકેએક ગુજરાતીના. માનપત્રમાં જેનો ઉલ્લેખ વધારે ભારપૂર્વક નથી થયો તેના તરફ આ પ્રસંગે અંગૂલી-નિર્દેશ કરવો જરૂરી લાગે છે. **ધીરજલાલ ધ. શાહ**

## શ્રી જયન્તી પારેખ

કેટલાક દિવસ પહેલાં સાબરમતી જેલમાં કેટલાક સામ્યવાદી કેદીઓ અને સત્તાધીશો વચ્ચે અથડામણ થવાના પરિણામે શુળીંગના કારણે ભાઇ જયન્તી પારેખ અને જમનાદાસ મોદી નામના બે સામ્યવાદી કાર્યકરોનાં અવસાન થયાં. પ્રગટ થયેલા સમાચાર મુજબ યરવડા જેલમાં લઇ જવાના હુકમના અમલનો આ કેદીઓએ બળજબરીથી સામનો કર્યો અને તેમાંથી ઉપર જણાવેલી અથડામણ ઊભી થઇ. કેદમાં હોવા છતાં આવો સામનો આ કેદીઓએ કેમ કર્યો હશે તેનો ખુલાસો કરવો મુશ્કેલ છે. કેટલાકનું એવું અનુમાન છે કે, ભૂગર્ભમાં કાર્ય કરતા સામ્યવાદી પક્ષના અદ્યતન નેતા શ્રી રણદિવેના આ પ્રકારના આદેશનું આ પરિણામ હોવું જોઇએ. આ અનુમાન બરોબર હોય કે ન હોય, આવા બે ભાવનાશાળી યુવાન કાર્યકરોનાં જીવનનો આવો કરુણ અન્ત આવે એ ઘટના ખરેખર દુઃખદ છે. જયન્તી પારેખે વિદ્યાર્થીકાળનાં ઘણાં વર્ષો સત્યાગ્રહ આશ્રમમાં ગાંધીજીની છત્રછાયા નીચે ગાળેલાં. ૧૯૩૦ની દાંડીકુચ માટે ગાંધીજીએ નકકી કરેલી ટુકડીમાં ભાઇ જયન્તી પારેખ એક સૈનિક હતા. ૩૦-૩૨ ની સત્યાગ્રહની લડત પછી તેના મનનું વલણ બદલાયું અને ગાંધીવાદમાંથી તેણે સામ્યવાદમાં પ્રવેશ કર્યો અને સામ્યવાદની દીક્ષા લીધી. ત્યારથી આજ સુધી ભાઇ જયન્તીએ એ પક્ષની જ અખંડ એકધારી ઉપાસના કરી અને છેવટે એ જ દિશાએ કાર્ય કરતાં જેલવાસ ભોગવતાં પોતાનો દેહ ગુમાવ્યો. તેની ઉમ્મર ૩૭ વર્ષની હતી. તેનામાં દેશસેવાની ધગશ તેમ જ કાર્યશકિત અસાધારણ પ્રકારની હતી. પણ આજે આપણું કમનસીબ છે કે દેશના યુવકો ભિન્ન ભિન્ન રાજકારણી પક્ષમાં વહેંચાઇ ગયા છે અને તેમાં પણ સામ્યવાદી પક્ષે તો આજના કોંગ્રેસી રાજ્યવહીવટ સામે જાણે કે જેહાદ પોકારી છે અને પરિણામે અનેક સામ્યવાદી કાર્યકરો પ્રતિષ્ઠિત રાજ્યસત્તાની અથડામણમાં આવે છે. જેઓ કાલ સુધી આઝાદીની લડતમાં આપણા સાથી અને સહકાર્યકર્તા હતા તેમાંના કેટલાક આજે આ પક્ષમાં દાખલ થયા છે, અને ચોતરફ અશાન્તિ, અસહીસલામતી, અવ્યવસ્થા, અરાજકતા ફેલાવવી અને જ્યાં ત્યાં ભાંગફોડની ઘટનાઓ ઊભી કરવી અને પ્રતિષ્ઠિત રાજ્યસત્તાને બળજોરીથી યેનકેન પ્રકારેથી ઉખેડી નાખવી એ જ આજે જેનું ધ્યેય અને કાર્યક્રમ બની રહેલ છે તેવા સામ્યવાદી પક્ષની આંધળી વફાદારીના પરિણામે આજે આપણે અનેક શકિતશાળી યુવાનો ગુમાવી રહ્યા છીએ. ભાઇ જયંતી પારેખનો ભોગ પણ આવી આંધળી વફાદારીમાંથી જ પરિણમ્યો છે. આવી દુઃખદ ઘટનાનો કોને દોષ દેવો તેની સુઝ પડતી નથી. આવી કઠેકાણાની શહીદીને વધાવતાં પણ મન પાછું પડે છે.

## શ્રી. નથ્થુભાઇ પારેખનું દુઃખદ અવસાન

ઉપર જણાવેલ ભાઇ જયન્તના કમનસીબ દેહાન્તમાંથી બીજી એક કરૂણાજનક ઘટના નિષ્પન્ન થવા પામી છે જે જણાવતાં બહુ દિલગીરી થાય છે. તેમના પિતાશ્રી નથ્થુભાઇ નેમિદાસ પારેખ જેઓ મુંબઇ જૈન યુવક સંઘના સભ્ય હતા એટલું જ નહિ પણ સંઘની સર્વ પ્રવૃતિઓમાં ખૂબ રસ લેતા હતા અને અનેક પ્રસંગોએ આર્થિક મદદ આપ્યા જ કરતા હતા તેમને ભાઇ જયન્તીના દેહાન્તનો ઊંડો આઘાત લાગ્યો, ગયા પર્યુષણ પર્વ દરમિયાન તેમને હૃદ્રોગ લાગુ પડયો અને તા. ૧૦-૯-૪૯ ના રોજ તેમણે પુત્ર પાછળ આ દુનિયામાંથી હંમેશને માટે વિદાય લીધી. શ્રી. નથ્થુભાઇ પારેખ ચુસ્ત ગાંધીભકત હતા. તેઓ ગૃહસ્થાશ્રમી હતા, વિશાળ કુટુંબના શિરછત્ર હતા, એમ છતાં પણ તેમનું જીવન સર્વ પ્રકારે એક સાધુપુરૂષને શોભે તેવું હતું. આઝાદીના રંગે તેઓ ખૂબ રંગાયલા હતા; સામાજિક તેમ જ ધાર્મિક બાબતોમાં તેમના વિચારો અત્યન્ત ઉદાર હતા; કોઇ પણ જૂનવાણી કે સંકુચિતતાને તેમના વિચાર કે વર્તનમાં સ્થાન ન હતું. અસત્ય, દંભ, પાખંડ સામે તેમના દિલમાં ભારે ઘૃણા હતી. સાહિત્ય-રસિકતાથી તેમનું જીવન સદા પ્રફુલ્લ અને સમૃદ્ધ રહેતું. અનિર્વચનીય પ્રેમ તેમની પ્રકૃતિનો એક લાક્ષણિક ગુણવિશેષ હતો અને તેની સુવાસ ચોતરફ ખૂબ ફેલાયલી હતી. તેઓ કોઇ નેતા કે આગેવાન નહોતા. ગુણની પૂજા કરવી અને ગુણધારકની ઉપાસના કરવી અને જ્યાં જેટલા થઇ શકાય તેટલા ઉપયોગી થવું એ જ તેમના દિલની તમન્ના હતી. ૬૩ વર્ષની ઉમ્મરે તેઓ વિદાય થયા-તે આખી જિંદગી દરમિયાન તેઓ ચડતીપડતીની ભાતભાતની ક્રમ પરંપરામાંથી પસાર થયા. શરૂઆતના જીવનમાં કેટલાંક વર્ષો તેમણે રંગુનમાં ગાળેલાં, પછી જીવનનો મોટો ભાગ તેમણે કલીકટ (મલબાર)માં પસાર કર્યો; પછી વળી થોડાંક વર્ષ અમદાવાદ હરિજન-આશ્રમમાં (પહેલાનાં સત્યાગ્રહ આશ્રમમાં) તેમણે વ્યતીત કર્યાં. પાછળનાં કેટલાંક વર્ષથી તેમનો પુત્ર-પરિવાર સારૂ કમાવા લાગ્યો અને તેઓ સહકુટુંબ મુંબઇમાં આવીને વસ્યા. તેઓ આર્થિક સંકડામણમાં હતા ત્યારે તેમ જ આજે તેઓ આર્થિક મોકળાશના કારણે સુખી જીવન ગાળી રહ્યા હતા ત્યારે બન્ને કક્ષા દરમિયાન તેઓ એના એ જ હતા. એ ને એ જ સાદાઇ નમ્રતા પ્રેમભાવ, સમત્વ, જનકલ્યાણની એષણા, પોતાથી થઇ શકે તે કરી છુટવાની તમન્ના, સતત ઉર્ધ્વમુખતા, આ ગુણો વડે તેમનું સમસ્ત જીવન જુદા જ પ્રકારની ઉજ્જવળતાથી શોભી રહ્યું હતું. દેશના અનેક અજાણ્યા ખૂણે નાના મોટા પ્રદીપો આસપાસના નાના સરખા પ્રદેશને પોતાની શીતળ દ્યુતિ વડે અજવાળતાં અજવાળતાં અંદરનું તેલ ખૂટતાં પોતાની જ્યોત સંકેલી લે છે અને મીઠું સ્મરણ મૂકી જાય છે. શ્રી નથ્થુભાઇ પારેખ પણ જગતના એક નાના સરખા ખૂણાને અજવાળતા એક પ્રદીપ સમાન હતા; આત્મસૌરભથી સુવાસિત બનાવતા એક પુષ્પ સમાન હતા. તે દીવો ઓલવાયો; તે પુષ્પ ખરી પડયું; તે ખૂણો એ તેજ અને સુવાસથી સદાને માટે વંચિત બન્યો. **પરમાનંદ**

## અસત્ય પ્રિય કેમ?

બે બહેનો હતી, સાથે હરતી; સાથે ફરતી. તેમાંની એક બહુ જ ચાલાક હતી. લાગ મળ્યે સગી બહેનને પણ થાપ આપતાં અચકાય નહિ! જો કે બન્નેનાં વર્તન અને આચરણ ભિન્ન હતાં, છતાં પણ પેલી બહેન ચાલાક બહેન પર વિશ્વાસ રાખતી અને તેની સાથે જ ફરતી. તે બહેનોનાં નામ હતાં: 'સત્ય' અને 'અસત્ય.' એક દિવસે બન્ને બહેનો નદીએ નાહવા ગઇ, કપડા કાઢી કિનારે મૂકયા અને આનંદથી નાહવા લાગી.

તેવામાં ધીમે રહીને અસત્ય એકદમ નદીમાથી બહાર નીકળી ગઇ અને સત્યનાં કપડાં પહેરી ચાલવા માંડયું.

આ જોતાંની સાથે જ સત્યે નદીમાંથી ધાંટા પાડયા: "રહેવા દે...રહેવા દે, મારાં કપડાં." પણ અસત્યે ગણકાર્યું નહિ. છેવટે થાકીને સત્યને સહાર નીકળવું પડયું અને અસત્યનાં કપડાં પહેરવાં પડયાં. ત્યારથી અસત્ય, સત્યનાં કપડામાં-સત્યના ડોળમાં ફરતું હોવાથી પ્રિય લાગે છે, અને તે જ દિવસથી સંજોગોવશાત્ સત્યના શરીર ઉપર અસત્યના વાઘા ચઢી ગયા હોવાથી સત્ય સારૂં હોવા છતાં પણ અપ્રિય લાગે છે.

( એક ફ્રેન્ચ દંતકથા ઉપરથી ) **વિનોદ**

# બહુમતી નિર્ણયની બંધનમર્યાદા—એક અંગત ખુલાસો

મુંબઇ ખાતે તા,૮–૯–૪૯ ગુરૂવારના રોજ શ્રી. જૈન શ્વેતાંબર મુર્તિપૂજક કોન્ફરન્સની સ્થાયી સમિતિ તરફથી ભરવામાં આવેલી જૈનોની જાહેર સભામાં રજુ કરવામાં આવેલા 'બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ'ને લગતા ઠરાવના અંગમાં મને ઉદ્દેશીને અંગત ઉલ્લેખ કરતાં જાણીતા જૈન આગેવાન સોલીસીટર શ્રી. ચીનુભાઇ લાલભાઇ શેઠે એવી મતલબનું નિવેદન કર્યું હતું કે, શ્રી. પરમાનંદભાઇ આમ તો બહુમતી નિર્ણય સૌ કોઇને બંધનકર્તા હોવો જોઇએ એમ જણાવે છે અને બીજી બાજુએ કોન્ફરન્સની સ્થાયી સમિતિ કે જેના તેઓ એક સભ્ય છે તે સમિતિએ બહુમતીથી કરેલા ઠરાવો વિરૂદ્ધ પોતાને ફાવે તેમ બોલે છે, લખે છે તેમ જ સરકારે નીમેલી તપાસસમિતિ સમક્ષ એ નિર્ણયની વિરૂદ્ધ મનમાની જુબાની આપે છે. પોતાને ફાવે ત્યારે બહુમતિ નિર્ણયને તેઓ આગળ ધરે છે અને પોતાને ફાવે ત્યારે બહુમતી નિર્ણયને ઠોકરે મારે છે. આવા માણસે કાં તો બહુમતી નિર્ણયને સ્વીકારવો જોઇએ અથવા તો એ સંસ્થામાંથી બહાર નીકળી જવું જોઇએ. ઇત્યાદિ. આ અત્યંત અણઘટતા આક્ષેપનો એ જ સભામાં મારે ખુલાસો કરવો જોઇતો હતો, પણ એ વખતે દેવદ્રવ્યના ઉપયોગ સંબંધે મારા ચોકકસ વિચારોના કારણે સભાજનો મારી ઉપર અત્યન્ત રોષાવિષ્ટ હતા અને મને શાન્તિથી સાંભળવા કે સમજવાની સ્થિતિમાં નહોતા અને તેથી તે પ્રસંગે મૌન ધારણ કરવું મને ઉચિત લાગ્યું હતું. પણ આ બાબતમાં મારા વિષે કશી ગેરસમજુતી ફેલાવા ન પામે તે માટે તેમ જ કોઇ પણ સંસ્થાની સભામા રજુ થયેલા ચોકકસ વિવાદાસ્પદ પ્રશ્ન ઉપર બહુમતીથી કોઈ ઠરાવ કરવામાં આવે અને આપણે તે ઠરાવનો વિરોધ કર્યો હોય તેવાં સંયોગમાં તે ઠરાવ પરત્વે આપણને કેવું અને કેટલું બંધન પ્રાપ્ત થાય છે એ સામાન્ય જાહેર–જીવનના અંગમાં એક બહુ મહત્ત્વનો પ્રશ્ન હોઇને તે વિષે સ્પષ્ટીકરણ કરવાની મને ખાસ જરૂર ભાસે છે.

વર્ષોથી એક યા બીજા પ્રકારના જાહેરજીવન સાથે હું સંકળાયલો છું. જાહેરજીવનની નીતિ અને શિસ્તના અનુપાલન માટે અન્ય કોઇને હોય તેથી મને વધારે આગ્રહ છે અને આ નીતિ અને શિસ્તનું મેં આજ સુધી એકસરખું અનુપાલન કર્યું છે એમ હું માનુ છું. તો પછી ઉપર જણાવેલ આક્ષેપ સત્ય છે કે નહિ અને એ જો સત્ય હોય તો તે સંબધી મારો શું ખુલાસો છે? મારે કબૂલ કરવું જોઇએ કે કોન્ફરન્સની સ્થાયી સમિતિએ હરજનમંદિર પ્રવેશ ધારા સંબંધી ચોક્કસ ઠરાવ કર્યો હતો અને મેં તેનો વિરોધ કર્યો હતો. ત્યારબાદ કોન્ફરન્સ તરફથી આજ પ્રશ્ન ઉપર એક નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. મેં તે નિવેદનની પ્રબુદ્ધ જૈનમાં કડક સમાલોચના કરી હતી. આ ઉપરાંત કોન્ફરન્સની સ્થાયી સમિતિએ ટેન્ડુલકર કમિટિની પ્રશ્નાવલિ સંબંધમાં ચોકકસ પ્રકારનું વલણ નિર્ણિત કર્યું હતું અને તે મુજબ તેના પ્રતિનિધિઓએ ટેન્ડુલકર સમિતિ સમક્ષ જુબાની આપી હતી. જ્યારે મે તેમનાથી ઘણા અંશોમાં પ્રતિકુળ જુબાની આપી હતી અને મને લાગે છે કે આ બન્ને કિસ્સાઓમાં મારૂં વર્તન તદ્દન યોગ્ય અને ઉચિત હતું. આનું કારણ એ છે કે અમુક સંસ્થાના આપણે સભ્ય હોઇએ, એ સંસ્થા અમુક બાબતમાં અમુક પ્રકારનો બહુમતીથી ઠરાવ કરે જે આપણને સંમત ન હોય એટલા કારણસર આપણે પોતાનો વિચાર બદલી નાંખવો જોઇએ અને બહુમતીથી પસાર કરવામાં આવેલ ઠરાવના વિચારને સર્વથા સ્વીકારી લેવો જોઇએ, આવી માન્યતા કોઇ ધરાવતું હોય તો તે બિલકુલ બરોબર નથી. બહુમતીથી પસાર થયેલ ઠરાવ સંબંધે આપણો વિરોધ હોય ત્યાં આપણી ફરજ એટલી જ રહે છે કે એ સંસ્થા તરફથી એ ઠરાવનો જે કાંઇ અમલ કરવામાં આવે તેમાં આપણે કશો અન્તરાય ઊભો ન કરીએ અને બીજી બધી બાબતમાં એ સંસ્થાને બને તેટલો સાથ આપીએ અને સંસ્થાના હિતમાં એ ઠરાવ બદલાવો જ જોઇએ એમ આપણને લાગતું હોય તો એ સંસ્થાના સભ્યોને પોતાના વિચાર તરફ વાળવા માટે બને તેટલો પ્રયત્ન કરીએ. પણ કોઇ બહુમતીથી નિર્ણિત થયેલા ઠરાવ સંબંધે એમ કહી ન જ શકાય કે એવો ઠરાવ થવા સાથે આપણા વિચારસ્વાતંત્ર્યનો સદન્તર અન્ત આવે છે અને આપણને વ્યક્તિગત રીતે તદ્વિરોધી વિચાર ધરાવવાનો કે પ્રગટ કરવાનો હક્ક જ રહેતો નથી. જ્યારે જ્યારે કોઇ પણ અગત્યના મુદ્દા ઉપર કોઇ પણ જાહેર સંસ્થામાં ચોક્કસ પ્રકારનો નિર્ણય લેવામાં આવે છે ત્યારે ત્યારે જે કોઇ વ્યકિતને પ્રસ્તુત નિર્ણય સંમત હોતો નથી તે વ્યકિત જનતાના અભિપ્રાયને પોતા તરફ વાળવા માટે તેમ જ એ સંસ્થાને પોતાનો અભિપ્રાય ફેરવવાની ફરજ પડે એવું દબાણ ઊભું કરવા માટે પોતાના વિચારો ભાષણો કે લેખો દ્વારા પ્રગટ કરે છે. જાહેરજીવનનો આ ચાલુ અને સુપરિચિત ક્રમ છે અને વિચારસ્વાતંત્ર્યનો અર્થ પણ આ જ છે. આમ ન હોય તો સંસ્થાના વહીવટમાં એક પ્રકારની સ્થિતિજડતા ઊભી થાય સમયે સમયે જરૂરી ફેરફારો કરવાની શકયતા અત્યન્ત કમી થાય, અને લઘુમતીને વિચારસ્વાતંત્ર્ય જેવું કશું રહે જ નહિ. અલબત્ત કોઇ પણ સંસ્થાના ચોકકસ નિર્ણયનો વિરોધ કરનારે ઉચિત વાણીસંયમ દાખવવો જોઇએ અને એ સંસ્થાની પ્રતિષ્ઠાને નુકસાન થાય એવી રીતે પોતાના વિચારો રજુ કરવા ન જ જોઇએ. પણ પોતે જેના સભ્ય હોય એવી કોઇ જાહેર સંસ્થાએ જ્યારે એવો નિર્ણય લીધો છે કે જે નિર્ણય એ સંસ્થાના અંગત હિતની તેમ જ એ સંસ્થા સાથે સંબંધ ધરાવતા સમાજના વ્યાપક હિતની વિરૂદ્ધ છે એમ જ્યારે આપણને લાગે ત્યારે તેનો પ્રગટપણે વિરોધ કરવો એ આપણો વિશિષ્ટ ધર્મ બને છે. આ ધોરણને અનુસરીને કોન્ફરન્સના મારી દૃષ્ટિએ દેખાતા અયોગ્ય ઠરાવનો કે નિવેદનોનો મેં પ્રસંગે પ્રસંગે વિરોધ કર્યો છે, અને એ વિરોધ રજુ કરતાં કોન્ફરન્સની પ્રતિષ્ઠાને જરા પણ હાનિ ન પહોંચે એવી મેં સંભાળ લીધી છે. આના અનુષંગમાં બીજી પણ સ્પષ્ટતા કરવાની રહે છે અને તે એ કે જ્યારે ચોકકસ માન્યતા કે અભિપ્રાય ધરાવનાર વ્યકિતઓ જ અમુક સંસ્થાના સભ્ય થઇ શકે એવો એ સંસ્થાનાં બંધારણમાં સ્પષ્ટ ઉલ્લેખ હોય ત્યારે તે સંસ્થાના સભ્યને બંધારણનિર્દિષ્ટ માન્યતાઓ કે અભિપ્રાયો વિરૂદ્ધ જાહેરમાં કશો પણ પ્રચાર કરવાનો હકક રહેતો નથી. દાખલા તરીકે મુંબઇ જૈન યુવક સંઘ. પણ આવું કશું પણ બંધન જૈન. શ્વે. મૂર્તિ. કોન્ફરન્સના બંધારણમાં રાખવામાં આવ્યું નથી અને એ ઉચિત જ છે. કારણ કે જૈન શ્વે. મૂ. સમાજના ભિન્ન ભિન્ન વિચારપક્ષો એકત્ર થાય અને ભાગ લે એ આશયના પાયા ઉપર જ કોન્ફરન્સનું આખું બંધારણ રચાયલું છે. વળી કેટલાક ઠેકાણે–Party Discipline–પક્ષશિસ્તના નામ નીચે સંસ્થાના સભ્યો ઉપર અમુક બંધનો નાંખવામાં આવે છે કે જેના પરિણામે એ પક્ષની ખાનગી સભામાં દરેક સભ્યને પોતાના વિચારો પ્રગટ કરવાની પૂરી છૂટ હોય છે પણ એ સભામાં ચોકકસ નિર્ણય લેવાયા બાદ એ પક્ષના સભ્યોને કોઇ વિશાળ સમુદાય કે જ્યાં અનેક પક્ષો એકત્ર થઇને ચોકકસ નિર્ણયો લેતા હોય ત્યાં પોતાના પક્ષે સ્વીકારેલા નિર્ણયથી વિરોધી કશું પણ બોલવાનો અધિકાર રહેતો નથી. પણ આવો

# જૈન–હિન્દુ પ્રશ્ન અને હરિજન મંદિરપ્રવેશ ધારો

જ્યારથી મુંબઇ સરકાર તરફથી હરિજન મંદિરપ્રવેશ ધારો હિંદુઓ સાથે તે સમાજમાં અંતર્ગત એવા જૈનોને લાગુ પાડવામાં આવ્યો છે ત્યારથી જૈન સમાજના કેટલાક આગેવાનો તે કાયદાનો બે રીતે વિરોધ કરી રહ્યા છે:–

(૧) અમે હિંદુઓ નથી એટલે હિંદુઓને લાગુ પડતો કાયદો અમને જૈનોને લાગુ પાડવો જોઇએ નહિ.

(૨) કોઇ હરિજન જૈન નથી એટલે કોઇ પણ હરિજનને જૈન મંદિરમાં પ્રવેશ કરવાનો કાયદાથી હકક મળવો જોઇએ નહિ.

એમાંથી આપણે પહેલી દલીલનો પ્રથમ વિચાર કરીએ. જૈન એક સ્વતંત્ર સમાજ અને સ્વતંત્ર ધર્મ છે કે હિંદુ સમાજ અને ધર્મમાં અંતર્ગત થતો સમાજ અને ધર્મ છે? આ બાબતનો ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરીશું તો માલૂમ પડશે કે મુસલમાનો હિંદુસ્તાનની વાયવ્ય દિશાએથી સિંધુ નદી ઓળંગીને હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે સિંધુ નદીની આ બાજુએ વસતી પ્રજા, તેની સંસ્કૃતિ, તેનો ધર્મ, તેના આચારવિચારને–સર્વ કોઇને ‘હિંદુ’ નામથી ઓળખવા લાગ્યા અને આ રીતે આવતા જનસમુદાયને સિંધુ નદીની આ બાજુ વસતા લોકો મુસલમાનો, યવન અથવા તો મ્લેચ્છના નામથી ઓળખવા લાગ્યા. ‘હિંદુ’ શબ્દની આ ઉત્પત્તિ સર્વમાન્ય અને સુવિદિત છે. અને એમાં બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન, વૈષ્ણવ અને અન્ય સર્વ સમાજ અને સંપ્રદાયનો સમાવેશ સૂચિત છે. ત્યાર પછી તો હિંદુસ્તાનમાં મુસલમાનો ખુબ સંખ્યામાં આવ્યા, પારસીઓ આવ્યા, અંગ્રેજો આવ્યા અને હિંદુસ્તાનનાં મહાસાગરમાં સૌ કોઇ સમાયા. પણ હિંદુ શબ્દની વ્યાપ્તિ મુસલમાનો આવ્યા પહેલાં હિંદમાં વસતી જાતિ અને ધર્મ અને તેની આજસુધીની અનુવંશજો પુરતી સિમિત રહી. આ રીતે અમે હિન્દુ નથી એમ જે જૈનો કહે છે તે ઐતિહાસિક દૃષ્ટિએ સાચું નથી એટલું જ નહિ પણ પોતાના ધર્મ, સંસ્કૃતિ અને મૂળપરંપરાને આમ કહેનારા જૈનો યથાસ્વરૂપે સમજતા નથી એમ જ આપણે કહેવું રહ્યું.

તેમની બીજી દલીલ એ છે કે હરિજનોમાંથી કોઇ જૈન નથી એટલે તેમને જૈન મંદિરમાં પ્રવેશ કરવાનો કોઇ હકક હોઇ શકે નહિ. આ મન્તવ્ય પ્રસ્તુત ધારાના ઉદ્દેશને યથાર્થ રીતે નહિ સમજવા બરોબર છે તથા જૈન ધર્મના હાર્દને ઇન્કારવા બરોબર છે. આ કાયદાનો આશય જે કોઇ વ્યકિત જે સંપ્રદાયનો અનુયાયી હોય તેને તે સંપ્રદાયના મંદિરમાં પ્રવેશ કરવાનો હકક આપવાનો નથી, પણ જે મંદિરમાં તે સંપ્રદાયથી ઇતર વર્ગના હિંદુઓને પ્રવેશવા દેવામાં આવતા હોય તે તે મંદિરમાં કોઇ પણ વ્યકિતને તે હરિજન હોવાના કારણે પ્રવેશવાની અટકાયત થઇ ન શકે, એ પ્રકારનો છે. જૈન મંદિરમાં હંમેશાં અન્ય સંપ્રદાયના લોકોને આવકારમાં આવે છે અને ઘણી વખત તો વિવિધ પ્રકારના પ્રલોભનો દ્વારા આકર્ષવામાં આવે છે. આવા જૈનો કયા મોઢે હરિજનને જૈન મંદિરમાં આવતાં અટકાવી શકે છે? જૈન મંદિર સૌ કોઇને માટે ખુલ્લું છે–અભંગદ્વાર છે–આવી કલ્પના જૈન મંદિરની ભાવનાના પાયામાં રહેલી છે. ઊંચાનીચાનો ભેદ જૈન ધર્મને કોઇ કાળે માન્ય નથી. આમ છતાં કંઇ કાળથી રૂઢ બનેલી હરિજનો સંબંધી સુગ જૈનોને આ વાસ્તવિકતા સ્વીકારવા દેતી નથી. આ સુગને નિર્મૂળ કરવી એ હરિજનોને લગતા બધા કાયદાઓનો મુખ્ય આશય છે. હમણાં હમણાં સ્વામીનારાયણ સંપ્રદાયના આગેવાનો આવી જ બે દલીલ આગળ ધરીને હરિજન મંદિરપ્રવેશનો વિરોધ કરી રહ્યા છે, અને સરકારી કોર્ટમાં લડી રહ્યા છે. જુદાપણાની ભાવના જૈનોમાં કેટલાય સમયથી કેળવાવાના કારણે અમે હિંદુ નથી એમ જૈનો કહે તો તે સ્વીકારી શકાય તેવું ન હોવા છતાં સમજી શકાય તેવું છે. સ્વામીનારાયણ સંપ્રદાયનો અનુયાયી પણ જ્યારે અમે હિંદુ નથી પણ સત્સંગી છીએ એવો દાવો રજુ કરે છે ત્યારે હરિજનો વિષેની ઘૃણા આપણા દિલમાં કેટલી ઊંડે સુધી ઘર કરી બેઠી છે એનો કાંઇક ખ્યાલ આવે છે. આ ઘૃણા, સુગ, અણગમાનો જ્યાંસુધી સાર્વત્રિક વિચ્છેદ નહિ થાય ત્યાંસુધી માનવી સમાનતાની વાતો અને અસાંપ્રદાયિક રાજ્યબંધારણ હોવાનું અભિમાન કેવળ કાલ્પનિક જ રહેવાનું છે. નવભારતની પ્રજાએ ધર્મના નામે ચાલતા આ અધર્મનો કોઈ પણ ઉપાયે નાશ કર્યે જ છુટકો છે.

તાજેતરમાં મુંબઇ સરકારે જૈન–હિંદુના પ્રશ્ન સંબંધે જે સ્પષ્ટતા કરી છે તે આવકારદાયક છે. આને લગતાં સરકારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે જેવી રીતે ખ્રિસ્તી ધર્મ કે પારસી ધર્મ હિંદુ ધર્મથી જુદો પડે છે તેવી રીતે જૈન ધર્મને હિંદુ ધર્મથી કદિ પણ અલગ કલ્પવામાં આવ્યો નથી. હિંદુ કાયદો એક સરખી રીતે જૈનો હિંદુઓ જ હોય એ રીતે લાગુ પાડવામાં આવ્યો છે, ધારાસભાના કોઇ જૈન સભ્યે આ કાયદાનો વિરોધ કર્યો નથી, હરિજનો પોતાના ગંદવાડથી જૈન મંદિરને અપવિત્ર કરશે આવી માન્યતા પાયાવિનાની છે, જે સભ્યતા અને મર્યાદા અન્ય પ્રવેશકોને બંધનકર્તા હોય તે જ સભ્યતા અને મર્યાદા પ્રવેશ ઇચ્છના હરિજનોને બંધનકર્તા રહેવી જ જોઇએ. વળી જૈન ધર્મ જ્ઞાતિભેદ કે અસ્પૃશ્યતાને માન્ય કરતો નથી. આવા કારણોસર કેટલીક દિશાએથી હરિજનમંદિર પ્રવેશ ધારા સામે જૈનો તરફથી કરવામાં આવતા વિરોધને કશું પણ વજન આપવાની સરકારને જરૂર ભાસતી નથી. આ સ્પષ્ટતા માટે મુંબઇ સરકારને અભિનન્દન ઘટે છે.

પરમાનંદ

---

કોઇ પક્ષશિસ્ત કોન્ફરન્સના બંધારણમાં અસ્તિત્વ ધરાવતો નથી અને આજની કક્ષાએ એવો કોઇ પણ ફેરફાર કરવા જતાં કોન્ફરન્સે અખિલ હિંદની સર્વપક્ષીય સંસ્થા મટીને કેવળ એકપક્ષી સંસ્થા બની જવું પડે. પરિણામે કોન્ફરન્સની વ્યાપકતા અતિ મર્યાદિત બની જાય.

બહુમતીનિર્ણય અને વ્યકિતસ્વાતંત્ર્યના પરસ્પર સંબંધના વિષયમાં આ ખ્યાલો સર્વસ્વીકૃત છે અને તેને યથાશકિત અનુસરવાનો મારો પ્રયત્ન રહ્યો છે. શ્રી. ચીનુભાઇ જેવા અનુભવી આગેવાન જાહેરજીવનના આ નિયમોથી અજ્ઞાન હોય એમ કોઇ માને જ નહિ, અને તેથી ઉપર જણાવેલ પ્રસંગે મને ઉદ્દેશીને તેમણે કરેલા આક્ષેપો અત્યન્ત અનુચિત હતા એમ મને લાગે છે. મારા જાહેરજીવનમાં પરસ્પર વિરોધ હોવાનો જે આભાસ શ્રી. ચીનુભાઇએ ઊભો કર્યો છે એ આટલા ખુલાસાથી દૂર થશે એવી હું આશા રાખું છું.

પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર　　રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૧૧

મુંબઈ : ૧ અકટોમ્બર ૧૯૪૯ શનીવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## ધર્મનું હાર્દ

[ પર્યુષણ વ્યાખ્યાનમાળમાં પ્રથમ દિવસે, મુંબઇ સરકારના ગૃહખાતાના પ્રધાન માનનીય શ્રી. મોરારજી દેસાઇએ 'ધર્મનું હાર્દ' એ વિષય ઉપર પ્રવચન કરેલું, તેની નોંધ ભાઇ શ્રી ડગલીએ તે વખતે લીધેલી. તેના ઉપરથી એ વ્યાખ્યાનનો સારભાગ તૈયાર કરી નીચે આપવામાં આવ્યો છે.

તંત્રી—

આજનાં શુભ દિવસોમાં વ્યાખ્યાનમાળા ગોઠવવાનો રિવાજ વર્ષોથી ચાલ્યો આવે છે, એને અનુસરીને આઠ દિવસ સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા શ્રોતાઓ ધર્મનું હાર્દ સમજતા થાય છે. આ પર્વોમાં વ્યાખ્યાન આપવાનો અધિકાર ધર્મગુરૂઓનો છે. તેમની પાસેથી આપણે ધર્મોપદેશ ગ્રહણ કરવો જોઇએ. જે ધર્મનું સાચું સ્વરૂપ-રહસ્ય સમજાવે તે ધર્મગુરૂ. સાચા જીવન માટે એમનો બોધ ગ્રહણ કરવો જોઇએ. હું ધર્મ વિષે બોલવાને યોગ્ય નથી. હું ધર્મ વિષે હું જે કાંઇ જાણું છું તેમાંથી તમને સમજાવવા પ્રયત્ન કરીશ; આપને અયોગ્ય લાગે તો ક્ષમા કરશો. હવે હું જે કાંઇ વિચારો રજુ કરૂં તે ધર્મને નામે છે એમ રખે સમજતાં; તેમાં રહેલી વાસ્તવિકતા સમજી તેને હૃદયમાં ઉતારજો. હું જે કાંઈ જાણું કહું તે અમલમાં મુકુંજ છું એમ ભારપૂર્વક હું કહી શકતો નથી, પણ આપણે સૌએ આ વસ્તુને ધર્મ સમજી જીવનમાં ઉતારવા પ્રયત્નશીલ થવું જોઇએ. સૌ પ્રથમ આપણું જીવન સત્ય પર રચાયલું હોવું જોઇએ. સત્યની ગંભીર તાત્વિક ચર્ચામાં ન ઉતરતાં વાસ્તવિક સત્યને આપણે સમજીએ અને ઓળખીએ.

ગાંધીજીએ જે કાંઇ તેમના જીવનમાં સાર્થક કર્યું તેની સમાજ ઉપર ખુબ અસર થઇ; વ્યકિત ઉપર પણ અસર થઇ. એમની સત્ય પિછાનવાની ધગશ; એમાં જ એમનાં જીવનનું સુખ રહેલું છે. તેઓ કહે છે કે, જે આપણને સાચું લાગે તેનો તરત અમલ કરવો, આચરણમાં મૂકવું. ભૂલો કરી હોય તો તેને સુધારવા પ્રયત્ન કરવો. જો આપણે સત્યને ઓળખતાં શીખીએ તો જ ધર્મમાં સાચી શ્રદ્ધા રાખી શકીએ.

જગતમાં આજે ધર્મમાં માનનારાઓની સંખ્યા ઘણી છે; ધર્મ પ્રત્યે અશ્રદ્ધાની નજરે જોનારા–નાસ્તિકોની સંખ્યા અલ્પ છે. પરંતુ સાચી રીતે જોઇએ તો એ નાસ્તિકો જ ધર્મનું હાર્દ પામી શકયા છે, અને ધર્મિષ્ઠો ધાર્મિકતાનો ઢોંગ કરી રહ્યા છે; જેને લઇ સમાજમાં સડો પેદા થયો છે. ધર્મનું હાર્દ શું છે એ કહેવું મુશ્કેલ છે, પણ હૃદયની સરળતાથી સમજવું સહેલું છે. માણસની જીંદગીનો આધાર જેમ તેના હૃદય ઉપર હોય છે. તેમ ધર્મની હસ્તીનો આધાર ધર્મપાલન ઉપર છે. આપણે ધર્મને પામીએ છીએ, મંદિરોમાં જઇએ એમ કદી નહિ કહી શકાય.

સૈકાઓથી જગતમાં ધર્મને નામે ઝઘડાઓ ચાલે છે; લોહીની નદીઓ વહે છે, એ બધું શું બતાવે છે? ધર્મને આપણે આ ઝઘડાનું કારણ બનાવ્યું છે, એથી આપણે એક બીજા લડી રહ્યા છીએ. આપણે કદી ધર્મનું હાર્દ સમજવાની કોશીશ કરી નથી. જ્યાં સુધી એ વિષેની આપણી સમજ પાકી ન થાય, આચરણમાં મૂકવાની શકયતા ન દેખાય ત્યાં સુધી આપણે અધર્મીજ છીએ. ધર્મના હાર્દનું સમજણપૂર્વક આચરણ કરી વર્તનમાં મૂકીએ એવી સમજ આપણામાં આવે ત્યારેજ ધર્મ સમજ્યા કહેવાઇએ.

ધર્મ એટલે દરેક માણસ માણસાઇથી જીવે તે સાચા માણસ તરીકે જીવી શકાય એ માટે ધર્મદ્વારા શકિત પેદા થાય છે. આ જ દરેકનો ધર્મ જગતમાં આજે આપણે માણસાઇની વાતો કરીએ છીએ, પણ કેટલે અંશે એ માણસાઇને જીવનમાં ઉતારી? આપણે સૌ કોઈને સલાહ આપવા દોડી જઇશું. પરંતુ આપણે જ તેનાથી દુર ભાગતા ફરીએ છીએ તેનું શું? એટલા માટે જ કહી શકાય કે આપણામાં માણસાઇનો અભાવ છે. માણસાઈ હોત તો ભાઇ–ભાઈ વચ્ચે ઝઘડા ન થાત.

માણસાઇ એ જ સાચો ધર્મ છે. એનાથી જ ધર્મનું હાર્દ સમજાશે. ધર્મ સમજનારે સર્વ ત્યાગની ભાવના કેળવવી જોઇશે.

'જૈન' ધર્મમાં અહિંસા પરમો ધર્મ એ મુખ્ય સિદ્ધાંત છે, પણ તેને કોણ અનુસરે છે? અહિંસાની પરીક્ષા સુક્ષ્મ રીતે કરી જોજો. સત્યપાલન વિના અહિંસા અશકય છે. સત્ય અને અહિંસા એ ધર્મનાં બે પગથિયાં છે. તેમાંથી એકને નક્કી કરવાનો સમય આવે ત્યારે અહિંસાને બદલે સત્યપાલન જ સ્વીકારજો. કેમકે સત્યપાલનમાં અહિંસા સંકળાયેલી છે.

સાચી મહેનત–શ્રમમાં પાપ નથી, પરંતુ પૈસા માટે સત્ય છોડવું, દગો દેવો, ખોટાં કાર્યો કરવાં એથી સત્યનો નાશ થાય છે. તેમાંથી ખરાબ સંસ્કારો જન્મે છે. ધર્મપાલન સત્ય પાલન સિવાય અશકય છે, વર્તનમાં મૂકવા મહેનત કરો તો સહેલું છે, નહિતર કઠણ છે.

સત્યપાલનની મહેનત કરતા ભૂલો થશે તો પણ એની માફી મેળવી શકીએ છીએ; માફી મળે પણ આ પ્રયાસ માત્રથી શકિત વધે છે—પ્રયત્ન શુદ્ધ અને સાચો હોવો જોઇએ. એથી આપણે ધર્મનું હાર્દ સમજી શકીશું.

સત્યનારાયણની પૂજા મૂળ સત્યને ઓળખવા માટેની છે; સત્યનું હાર્દ સમજીને આચરણમાં મૂકવાનું છે. પણ આપણે તો એથી વિપરિત વર્તીએ છીએ. આપણે પૂજા કરવાનો આશય કંઇક મદદ મળે. આફતો ટળે એ માટે છે, એટલે પૂજા તો આપણા સ્વાર્થ પૂરતી હોઇ અસત્ય બની જાય છે. આપણે તો ધર્મપાલન કરવું છે. સત્યનું સતત પાલન કરવાં માટે, એની પાછળ જવા માટે, સૌથી વિશેષ ધ્યાનમાં એ રાખવાનું છે કે, સત્યનાં આચરણમાં હું કદાપિ ડગીશ નહિ. તેમ નહિ થાય તો

સત્યનું આચરણ મુશ્કેલ છે. સત્ય અને દ્વેષને સંબંધ નથી. દ્વેષમાંથી ગુસ્સો અને તેમાંથી હિંસા પેદા થાય છે. ઇશ્વરને ઓળખવા માટે સત્ય અને અસત્ય બન્ને રસ્તાઓ છે. તમે ગમે તે રસ્તે જશો તો પણ ઇશ્વર મળશેજ. ઇશ્વરને કોઇપણ સ્વરૂપે ભજવાથી દર્શન થશે. પરંતુ સાચા રસ્તે ચાલવું હોય તો સત્યનું સેવન કરવું જોઇએ. બન્નેનું મિશ્રણ પણ સંભવિત નથી. સત્ય-જીવન જીવવું સહેલું છે. તમે જે માગો તે મળશે. ક્રોધ અને અક્રોધ બન્નેની શક્યતા છે. પરંતુ ધર્મનું હાર્દ સમજનારે શાંતિની ઉપાસના કરવી જોઇશે.

હિંદુસ્તાનની સંસ્કૃતિમાં એક વસ્તુ ખુબ મહત્વની છે. પ્રાચીન જમાનામાં જ્યારે લેખનશકિત કેળવાઇ નહોતી, ત્યારે સૌ કોઇ મુખપાઠોથી આદર્શો સમજતા; પરંતુ જેમ જેમ લોકો કેળવાયા તેમ તેમ દાનત કૂડી થઇ. અસત્યનું આચરણ થવા લાગ્યું. ત્યારથી આપણી સંસ્કૃતિનાં મૂળમાં સડો રહી ગયો. આ ભૂમિ જીવંત છે. તેમાંથી આપણે એવા વૃક્ષો વિકસાવવાનાં છે જે પોતે તડકો વેઠીને જગતને શીળી છાંય આપે. તેને બરાબર પાળી પોષીને મોટું કરે અને બીજાને શાંતિ આપે.

આજે તો ઇશ્વરમાં શ્રધ્ધા રાખનાર ડરપોક હોય છે, તેથી ધર્મથી ડરપોક બને છે. ધર્મની શ્રદ્ધાને સાચી પુરવાર કરવા ડર છોડવો જરૂરી છે. સત્યનો અંશ મેળવવા માટે મહેનત કરવી જોઇએ. અસત્ય છોડી સત્યને સાચો ધર્મ માની આચરણ કરવું જોઇએ. દરેક ધર્મ અડગ રહેતાં શીખવે છે. કોઇમાં મતભેદ નથી. ધર્મનું હાર્દ સમજવું હોય તો એ સત્ય સમજવા પર—આચરવા પર છે. ખાલી પંડીતાઇ કરવાથી ધર્મનું હાર્દ નહિ સમજી શકાય. વસ્તુ મેળવવા માટે ભુલનો બચાવ ન કરતાં તે કબુલવી જોઇએ. સત્યનિષ્ઠા કેળવવા માટે કમજોરી કબૂલી, બચાવ કરીયે એ ક્ષમ્ય નથી. સત્ય આચરવું જોઇયે, જીવ આપીને પણ સત્યનું પાલન કરવું જોઇયે. તો જ ધર્મપાલન કર્યું કહેવાશે. નહિ તો ધર્મનો નાશ થશે. આપત્તિ કાળે જ ધર્મની કસોટી છે. ધર્મ આપત્તિ કાળે ટકે તો જ તે ખરો ધર્મ. ગાંધીજીએ દ્વેષ અને કિન્નાખોરી ભૂલી જઇ જીંદગીભર સત્ય ન છોડવાની પ્રતિજ્ઞા લીધી. એ પ્રતિજ્ઞા તેમનું સમર્પણ છે, સત્ય જીવન છે. મૃત્યુ વળાએ પણ તેનું તેમણે પાલન કર્યું.

ધર્મની વાતો કર્યેથી ધર્મી બની જવાતું નથી. તેથી ધર્મમય જીવન જીવવાની શકિત મેળવી શકાતી નથી. સત્યને ઓળખવામાં જ સાચી શકિતનો પરિચય થવનો છે. ધર્મનું મૂળ સમજીને તેનું સેવન કરીએ, ઝઘડાઓમાં ન પડીએ, કેમકે લડાઇ-ટંટાઓમાં અસત્યની જરૂર પડે છે, સત્યની નહિ. ધર્મમાં અસ્પૃશ્યતાને સ્થાન નથી. જૈન ધર્મ સંપૂર્ણપણે પાળવો હોય, આચરવો હોય તો અહિંસા પાળો. જાતિ નિર્મૂળ કરો. જૈનો હિંદુ નથી એ ભુલી જાવ જૈન ધર્મ અને નાત જાતનાં વાડાઓને કોઇ સંબધ નથી. તમે જૈન મંદિરમાં જવાથી પવિત્ર થઇ શકતા હો તો સૌ કેઇ પવિત્ર થવા ત્યાં જઇ શકે. મંદિરને જ પવિત્ર કરવા જતાં હો તો જવાની કોઇ આવશ્યકતા નથી; તેથી ધર્મપાલન થવાનું નથી. સત્યને કસોટીએ ચડાવો! સદીઓનાં સંસ્કારો ભૂલો કરાવે તે ભૂલી કબૂલાત કરીને સત્યનિષ્ઠા કેળવો તો જ હિંદનું ભાવિ ઉજ્જવળ છે.

# મહાગુજરાત સાધુ સંઘ

દૈનિક વર્તમાનપત્ર વાંચનાર સૌને ખ્યાલ હશે કે ગયા જુલાઇની ૨૩ તારીખે નડિયાદમાં સંતરામના મંદિરની અંદર ગુજરાતના ભિન્ન ભિન્ન ધર્મો અને સંપ્રદાયોનું એક સાધુ સંમેલન મળી ગયું. તે સંમેલનમાં ચાતુર્માસને લીધે આપણા જૈન સાધુઓ જઇ શકયા ન હતા. એ સંમેલનને આપણા જૈન સાધુઓ પૂણ્યવિજય, મુનિ ન્યાયવિજય તેમજ મુનિ સંતબાલે સહાનુભૂતિ અને સહકારનો સંદેશો આપેલો. ચાતુર્માસ ન હોત તો આ પૂજ્ય મુનિવરો ત્યાં હાજર રહ્યા હોત. પરંતુ અન્ય જૈન સાધુઓ હાજર રહયા હોત કે નહિ તે શંકા હતી. આ સાધુ સંઘ બાબત સપ્ટેમ્બરના ગયા અખંડઆનંદમાં ગુજરાતના લોકસેવક ડો. સુમંત મહેતાએ પોતાનો સુંદર અને વિશિષ્ઠ અભિપ્રાય દર્શાવ્યો છે. વાંચકોને તેમજ આપણા જૈન સાધુઓને એ લેખ વાંચવાની મારી હાર્દિક ભલામણ છે.

અત્રે તો મારો લખવાનો હેતુ એ છે કે આ સાધુસંઘને આપણા જૈન સાધુઓ કઇ રીતે સફળ બનાવી શકે તે દૃષ્ટિએ અહિં વિચારવાનું છે. આપણા જૈન શાસ્ત્રોનુકત તો આપણી સાધુ સંસ્થાનો—શ્રમણ સંસ્કૃતિનો સંસ્કારપ્રવાહ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. આ અવસર્પિણી કાળના છ આરાના શરૂઆતના ત્રીજા આરાથી—ભગવાન ઋષભદેવથી આપણી શ્રમણ સંસ્કૃતિનો પ્રારંભ થયો છે. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે ભગવાન ઋષભદેવે અસિ, મસિ અને કૃષિ એ ત્રણ પ્રકારના ધર્મની સ્થાપના કરી, અનાર્ય પ્રજાને આર્ય બનાવી અજ્ઞાનનો અંધકાર દૂર કરી જ્ઞાન સૂર્યને પ્રદીપ્ત કર્યો. જંગલી પ્રજાની સંસ્કારિતાની જ્યોત પ્રગટાવી.

અને આર્યાવર્તમાં કૃષિધર્મની સ્થાપના કરી. આ રીતે ભગવાન ઋષભદેવે આર્ય સંસ્કૃતિની આદિ કરી તેથી આપણે તેમને આદિનાથ કહીએ છીએ. ભગવાન ઋષભદેવે સ્થાપેલી શ્રમણ સંસ્કૃતિ ભગવાન મહાવીર સુધી સંવર્ધન પામતી ગઇ. એ વખતના ઇતિહાસમાં પણ આપણી જૈન શ્રમણ સંસ્કૃતિએ રાષ્ટ્ર, સમાજ અને ધર્મના અનેકવિધ પ્રશ્નોમાં ઘણોજ અગત્યનો રચનાત્મક ભાગ ભજવ્યો છે. ભગવાન મહાવીર બાદ પણ એ સંસ્કૃતિનો પ્રવાહ વહી રહ્યો છે.

સિદ્ધસેન દિવાકર, કુમારપાળના વખતના હેમચંદ્રસુરિશ્વરજી, વસ્તુપાળ અને તેજપાળના સમયના વિજયસેન સુરિશ્વર, અકબરના સમયના હીરા વિજય સુરિશ્વર, વિ. મહાન જૈન સાધુઓએ તેમજ ધર્મપ્રાણ લોંકાશાહે આર્યાવર્તના જીવનઘડતર અને ચણતરમાં મહાન ફાળો આપ્યો છે.

વિજયસેન સુરીશ્વરજીએ તો વિધવાના લગ્નને ઉત્તેજન આપ્યું છે. અને એ વિધવાની કુક્ષીએ તો વસ્તુપાળ અને તેજપાળ જેવા નરરત્નો પાકયા. રાણા પ્રતાપને મદદ કરનાર પણ આપણો જૈન ભામાશા જ હતો ને? ગુજરાતને દુષ્કાળમાંથી ઉગારનાર અને જૈનોની કીર્તિને મુસ્લીમ બાદશાહ આગળ વધારનાર હડાળાનો ખેમો દેદરાણી જૈન હતો કે બીજો કોઇ! આ રીતે આપણા ચતુર્વિધ સંઘોએ જૈન ધર્મના રક્ષણની સાથે રાષ્ટ્રધર્મનું રક્ષણ કર્યું છે તેઓએ કદી રાષ્ટ્રધર્મને જુદો માન્યો જ નથી.

પરંતુ સંયોગો પલટાયા અને આપણો જૈન ધર્મ ક્ષીણ થતો ચાલ્યો. કરોડોની સંખ્યા ધરાવતો જૈન ધર્મ આજે પંદર લાખના સેંકડો વાડા—જ્ઞાતિભેદ, ઘોળોમાં વહેંચાઇ ગયો છે. આજે તો આપણા જૈન સાધુઓ માટે ખરો કર્તવ્યધર્મ બજાવવાનો સમય આવી પહોંચ્યો છે. મુનિશ્રી સંતબાલ જે કાર્ય કરી રહ્યા છે તેને અપનાવવાની આપણા દરેક જૈન સાધુઓની ફરજ છે.

આજ આપણા જૈન સાધુઓ ઉપાશ્રયો અને મંદિરોના મોહમાં પડી ગયા છે. શિષ્યોના પ્રલોભનો તેમના હૃદયમાં દસી ગયા છે. સાંપ્રદાયિકતાનું વિષઘેન સૌની આંખોમાં તરવરી રહ્યું છે. હિંદુઓ અને જૈનો જુદા છે—કે ભેગા છે એવા વિવાદાસ્પદ પ્રશ્નો ઉભા કરી સમાજ અને ધર્મમાં કલહ—કંકાસ અને વિષનાં બીજ વાવી રહ્યા છે.

પોતાના ધર્મનું કે ફરજનું સાચું ભાન નથી. એ શ્રમણોના પ્રવાહમાં આજનો શ્રાવક વર્ગ ઘસડાઈ રહ્યો છે. ચોતરફ પતન, અંધકાર, નિરાશાનું વાતાવરણ છવાઈ રહ્યું છે. આ સમયે સંક્રાંતિકાળના આ સમયે આપણી શી ફરજ છે? ખરેખર અન્ય ધર્મના સાધુઓ જાગૃત થયા છે ત્યારે આપણે તો હજુ ઘોરવું છે. સ્થા. જૈન કોન્ફરન્સે મહાપ્રયત્ને સંપ્રદાયના ભેદભાવને નાબુદ કરવા સંઘ ઐકય યોજના રજુ કરી ત્યારે કેટલાક સાધુઓ તો દૂધમાંથી પોરા કાઢવા મંડયા. ખરેખર આ શોચનીય બીના છે.

આપણા જૈન સાધુઓ જે બીજાને સંપ સંગઠ્ઠનનો ઉદ્દેશ આપે છે તેમણે પોતે એ ઉપદેશને આચરણમાં ઉતારી દેખાડવો જોઈએ. જૈન સમાજના આજે અનેક સળગતા પ્રશ્નો છે. ધારે તો આપણો સાધુ સમાજ તે પ્રશ્નોનું નિરાકરણ કરી શકે તેમ છે અને આખા સમાજની શુધ્ધિ કરી સમાજમાં નવપરિવર્તનનો વાયુ પ્રસરાવી શકે તેમ છે. નડિયાદમાં મળેલા સાધુસંઘે જે ઉદ્દેશો નક્કી કર્યાં છે તે ઉદ્દેશોને આપણા આજના જૈન શ્રમણોએ આચરણમાં મૂકી જનતાના હૃદયમાં ઉતારવા જોઇશે. આપણા સાધુઓએ ઉપાશ્રયો અને મંદિરોની મર્યાદા તજી દેવી પડશે. આમજનતાની વચ્ચે આવી યુગધર્મનો બોધ આપી નૂતન યુગદર્શનની ઝાંખી કરાવવી પડશે. પોતાના શુદ્ધ ચારિત્રમય સંયમી વિશુદ્ધ જીવનદ્વારા જનતામાં આપણું નૈતિક ધોરણ ઉંચુ લાવવાના ભગીરથ પ્રયત્નો તેમને કરવા પડશે. શ્રાવકો પર મીટ માંડવી નકામી છે. આજનો જૈન શ્રીમંત અપરિગ્રહના આદર્શને માનતો નથી. તે તો પરિગ્રહદ્વારા જ પુણ્યરાશિ મળશે તેમ માની બેઠો છે. મધ્યમવર્ગ તો જીવનના તાણાવાણામાં સવારથી સાંજ સુધી બે પાસા સરખા કરવામાં પરોવાઇ ગયો છે. ગરીબ વર્ગની તો શી વાત? માટે આજના યુગે તો આપણા જૈન સાધુઓએ જ જનતાને યોગ્ય પ્રકાશ આપવાનો છે. આપણા સમાજમાં અને ધર્મમાં આજે ઉચ્ચનીચની ભાવના પ્રસરી ગઇ છે. જ્ઞાતિના ભેદભાવોની દિવાલો ખડી છે. ભિન્નભિન્ન સંપ્રદાયોમાં અલગતાપણું અને નિરાલાપણું ભાસે છે. આ બધાને એક તાંતણે બાંધવાના છે. સામાજિક ક્ષેત્રમાં તો ઘણું જ કરવાનું બાકી છે. કેળવણી માટે ધારે તો આપણા જૈન સાધુઓ ઘણું જ કરી શકે તેમ છે. સાધ્વીઓ બ્હેનો માટે કંઇક કરી શકે. સ્ત્રીઓમાં જે જાગૃતિ જોઇએ તે હજુ સુધી આવી નથી. ચાર દિવાલો વચ્ચે આપણી બ્હેનો રહી ગઇ છે. આ રીતે આપણો જૈન શ્રમણ વર્ગ વિચારે તો ઘણું કરી શકે તેમ છે. હેતુપૂર્વકની રચનાત્મક પ્રવૃત્તિ માટે આપણા શ્રમણવર્ગે ખાસ એકત્ર થવાની જરૂર છે. આ રીતે સર્વ ધર્મનું પ્રતિનિધિત્વ ધરાવતા એ સાધુ સંઘમાં આપણા જૈન સાધુઓ દ્રવ્ય, ક્ષેત્ર કાળ જોઇ સંમિલિત થાય અને આર્યાવર્તમાં સર્વધર્મ સમભાવનું સ્નેહમય વાતાવરણ પ્રગટ કરે તો સાચેજ જૈન ધર્મની કીર્તિ વધારે.

**બચુભાઇ પી. દોશી**

# 'બહુમતીના નિર્ણયની બંધનમર્યાદા'

( પ્રબુદ્ધ જૈનના છેલ્લા અંકમાં ઉપરના મથાળાનું શ્રી. પરમાનંદભાઇનું એક નિવેદન પ્રગટ કરવામાં આવ્યું હતું. તેના ઉત્તર રૂપે શ્રી. ચીનુભાઇ લાલભાઇ શેઠનો શ્રી. પરમાનંદભાઇને સંબોધીને લખાયલો એક પત્ર પ્રબુદ્ધ જૈનમાં પ્રકાશનાર્થે અમને મળ્યો છે તે તથા શ્રી. પરમાનંદભાઇનો તે સંબંધે ખુલાસો નીચે પ્રગટ કરવામાં આવે છે અને હવેથી આ ચર્ચા બંધ કરવામાં આવે છે. તંત્રી )

મુંબઇ તા. ૧૭ સપ્ટેમ્બર ૧૯૪૯

**ભાઈશ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, મુંબઈ**

વિં. અખિલહિંદ જૈન શ્વે. કોન્ફરન્સ સમિતિની તા. ૮-૯-૪૯ ના રોજ મળેલી સભામાં મેં આપને ઉદ્દેશીને જે નિવેદન કર્યું હતું તે અંગે તા. ૧૬-૯-૪૯ ના મુંબઇ સમાચારમાં આપે જે જવાબ આપ્યો છે તે વાંચતા મારે માટે આપના મનમાં જે ગેરસમજ ઉત્પન્ન થઇ છે તે દૂર કરવાના આશયથી આ પત્ર આપને લખું છું.

મારા મજકુર નિવેદનમાં સ્થાયી સમિતિના ઠરાવોની વિરૂદ્ધ આપ ફાવે તેમ બોલો છો તેમ મ્હેં કહ્યું ન હતું. જો કે હું માનું છું કે કોઇ પણ સંસ્થાનો સભ્ય તે સંસ્થાએ પસાર કરેલા ઠરાવો વિરૂદ્ધ, તે સંસ્થાના સભ્ય તરીકે ચાલુ રહ્યા છતાં, જાહેર પ્રચાર કરે તે યોગ્ય નથી. છતાં દેવદ્રવ્ય અંગે આપે કરેલ ભાષણો અને લખાણોનો ઉલ્લેખ મેં મારા મજકુર નિવેદનમાં કર્યો ન હતો. મેં તો એટલુંજ જણાવ્યું હતું કે સ્થાયી સમિતિના સભ્ય તરીકે ચાલુ રહી આપે ટેન્ડુલકર સમિતિ સમક્ષ જે જુબાની આપી તે આપવા પહેલાં આપે તે ( કોન્ફરન્સની ) સમિતિના સભ્ય તરીકે રાજીનામું આપવું જોઇતું હતું.

આપના મજકુર જવાબમાં આપ એટલું તો સ્વીકારો છો કે સંસ્થા તરફથી ઠરાવોનો જે કાંઇ અમલ કરવામાં આવે તેની વિરૂદ્ધ વિચાર ધરાવનાર સભ્યે કશો અંતરાય ઉભો ન કરવો જોઇએ. આમ છતાં આપે ટેન્ડુલકર સમિતિ સમક્ષ દેવદ્રવ્ય અંગે જે જુબાની આપી તે તો મારી નમ્ર માન્યતા પ્રમાણે, તે ઠરાવના અમલમાં અંતરાય ઉભો કરવા જેવું હતું.

આપ તો અખિલહિંદ સમિતિના સભ્ય હોવા ઉપરાંત કોન્ફરન્સની સ્થાયી ( કારોબારી ) સમિતિના સભ્ય પણ હતા એટલે તે સમિતિએ દેવદ્રવ્ય અંગે જે જુબાની ટેન્ડુલકર સમિતિ સમક્ષ આપવાનો ઠરાવ કર્યો તે સંબંધમાં આપને માટે માત્ર બે જ માર્ગ હતા, કાં તો તે ઠરાવનું પાલન કરવું અથવા તો અખિલહિંદ અને સ્થાયી સમિતિમાંથી રાજીનામું આપી તે ઠરાવ વિરૂદ્ધ આપને યોગ્ય લાગે તેવો પ્રચાર કરવો. આ પ્રકારનું નિવેદન કરવામાં મેં આપના ઉપર "અત્યંત અણઘટતા આક્ષેપો" કર્યા એવું આપે આપના મજકુર જવાબમાં જણાવ્યું છે તે વ્યાજબી નથી.

આપ સારી રીતે જાણતા હશો કે એક વખત સમાજવાદીઓ કોંગ્રેસની મહાસમિતિમાં તેમજ કારોબારી સમિતિમાં હતા. જ્યારે તેઓને એમ લાગ્યું કે મહાસમિતિ અને કારોબારીએ કરેલ ઠરાવો વિરૂદ્ધ તેમણે પ્રચાર કરવો જોઇએ ત્યારે તેઓ તેમાંથી રાજીનામું આપી છૂટા થયા ત્યાર પછી જ તેઓએ પ્રચાર શરૂ કર્યો.

વ્યક્તિસ્વાતંત્ર્યમાં જેટલું આપ માનો છો તેટલું જ હું માનું છું પરંતુ તેનો અર્થ એ નથી કે કોઇ સંસ્થાનો સભ્ય તે સંસ્થાના સભ્ય તરીકે ચાલુ રહી તે સંસ્થાએ પસાર કરેલ ઠરાવો વિરૂદ્ધ પ્રચાર કરી શકે. સભ્ય તરીકે છૂટા થયા બાદ આવો પ્રચાર જરૂર તે કરી શકે. મારી આ માન્યતામાં આપ સહમત ન થતા હો તો તેમાં આપણી વચ્ચે પ્રમાણિક મતભેદ છે પરંતુ તે આક્ષેપ તરીકે ગણવો યોગ્ય નથી.

કોન્ફરન્સના ચાલુ બંધારણની કલમ ૧૬ જે નીચે પ્રમાણે છે તે પ્રત્યે હું આપનું ધ્યાન ખેંચું છું.

જ "૧૬. શિસ્તભંગઃ—જે કોઇ અખિલહિંદ જૈન શ્વે. કોન્ફરન્સ સમિતિનો અથવા સ્થાયી સમિતિનો સભ્ય કોન્ફરન્સનાં હિતની વિરૂદ્ધ વર્તે છે કે પ્રવૃત્તિ કરે છે એમ માનવાને સ્થાયી સમિતિને કારણ મળશે તે વ્યક્તિને સ્થાયી સમિતિ તેવા સભ્ય તરીકે રદ કરી શકશે"

આ બંધારણ અનુસાર સ્થાયી સમિતિના સભ્ય ચાલુ રહી આપ તે સમિતિના ઠરાવ વિરૂદ્ધ વર્તવામાં પ્રવૃત્તિ

કરવામાં વ્યાજબી હતાં કે નહિ તે નક્કી કરવાનું હું આપની ઉપર છોડું છું.

આપ જેવા ખુલ્લા દિલના ગૃહસ્થ ઉપર 'અત્યંત અણઘટતા આક્ષેપ' મેં કર્યા નથી તેમજ તેમ કરવાનો મારો જરાયે ઇરાદો ન હતો. હું જે પ્રમાણિકપણે માનું છું તે મેં મારા મજકુર નિવેદનમાં જણાવ્યું હતું. આપના વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપર આઘાત કરવાનો અથવા આપના વિચારો આપ નિડરતાપૂર્વક જાહેર કરો તેમાં વિક્ષેપ નાંખવાનો મારો આશય ન હતો. આમ છતાં આપની લાગણી દુખાઇ હોય તો તે બદલ હું દિલગીર છું.

જાહેર જનતામાં કાંઇ ગેરસમજ ના થાય તે માટે હું આ પત્રની નકલ મુંબઇ સમાચાર ઉપર પ્રકટ કરવા માટે મોકલી આપું છું. જો આપ આપનો મજકુર જવાબ બીજા કોઇ પત્રમાં પ્રગટ કરવા મોકલો તો તે સાથે મારો આ પત્ર પ્રકટ કરવા મોકલશો તેવી હું આશા રાખું છું.

લિ. આપનો સહૃદયી
**ચીનુભાઇ લાલભાઇ શેઠ.**

**શ્રી. પરમાનંદભાઇનો ખુલાસો.**

મુંબઇ ખાતે તા. ૮-૯-૪૯ ના રોજ મળેલી અખિલ હિંદ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના સભ્યો તેમજ અન્ય નિમંત્રિત ગૃહસ્થોની સભાનું વાતાવરણ પ્રારંભથી જ અત્યન્ત આવેશપૂર્ણ હોઇને તે સભામાં કોણ શું બોલ્યું હતું તેનો વિગતવાર અને સ્પષ્ટ ખ્યાલ રહેવો બોલનાર તેમ જ સાંભળનાર ઉભયને માટે મુશ્કેલ હતું. મારા નિવેદનમાં મારો ખ્યાલ મેં રજુ કર્યો હતો તેમાં સંભવ છે થોડીક સ્મરણક્ષતિ થઇ હોય અને તેટલો જ સંભવ છે શ્રી. ચીનુભાઇ પરત્વે પણ તેમણે રજુ કરેલા પોતાના ખ્યાલમાં સ્મરણક્ષતિ થવાનો.

આમ નીરૂપણભેદ હોવા છતાં ઉપરના પત્ર ઉપરથી એક સમાન મન્તવ્ય તરી આવે છે અને તે એ છે કે જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની સ્થાયી સમિતિએ ટેન્ડુલકર કમીટીની પ્રશ્નાવલિ સંબંધે ચોક્કસ પ્રકારનું વલણ તેમજ અભિપ્રાયો નક્કી કર્યા બાદ મારે કાં તો એ વલણ અને અભિપ્રાયો સ્વીકારીને મૌન સેવવું જોઇતું હતું અથવા તો સ્થાયી સમિતિમાંથી રાજીનામું આપવું જોઇતું હતું એવો અભિપ્રાય તેમણે રજુ કર્યો હતો. આ અભિપ્રાયના વિશેષ સમર્થનમાં ઉપરના પત્રમાં કોંગ્રેસમાં અન્તર્ગત સમાજવાદી પક્ષનો તેઓ દાખલો ટાંકે છે.

આપના પ્રત્યુત્તરરૂપે જણાવવાનું કે કોન્ફરન્સની અખિલ હિંદ સમિતિ જે ૨૫૦ સભ્યોની બનેલી છે તેમાંના મુંબઇમાં વસતા ૧૧૦ સભ્યોની સ્થાયી સમીતી બનેલી છે. અને તેથી કોઇ પણ સંસ્થાની કારોબારી સમિતિ સાધારણ રીતે દશ પંદર કે વીશ સભ્યોની હોય તે ખ્યાલ મુજબ કોન્ફરન્સની આવી સ્થાયી સમિતિને કારોબારી કહી ન જ શકાય. ટેન્ડુલકર કમીટી સમક્ષ હું કોન્ફરન્સના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત થયો નહોતો તેમ જ મારી જુબાની રજુ કરતાં કોન્ફરન્સના નામે મેં કશું કહ્યું નહોતું કે કોન્ફરન્સને આક્ષેપરૂપ કોઇ પણ વિધાન મેં કર્યું નહોતું. આ ઉપરાંત મુંબઇ જૈન યુવક સંઘના એક અગ્રગણ્ય સભ્ય તરીકે હું એક જુદો વિચારપક્ષ ધરાવું છું એ પણ સર્વ સુવિદિત હતું. વળી ટેન્ડુલકર કમીટી સમક્ષ મેં મારા વિચારો રજુ કરીને કોન્ફરન્સના કાર્યમાં જરા પણ અંતરાય નાંખ્યો હતો એમ જે ચીનુભાઇ કહે છે તે જરા પણ સયુક્તિક નથી. સમાજવાદ પક્ષ કોંગ્રેસની અંદર હતો તે દરમિયાન તે પક્ષના આગેવાનો કોંગ્રેસના ઠરાવોની ટીકા તેમજ સમાલોચના નહોતા કરતા એ ખ્યાલ બીલકુલ ખોટો છે. તેઓ પ્રત્યેક પ્રસંગે પોતાના મન્તવ્યો અને વિરોધ રજુ કર્યે જ જતા હતા. પણ એમ છતાં કોંગ્રેસની પ્રતિષ્ઠા અને આમન્યા તેઓ જ્યાં સુધી કોંગ્રેસની અંદર હતા ત્યાં સુધી તેમને બંધનકર્તા હતા તે મર્યાદા તેઓ જાળવતા હતા. જ્યારે તેમને કોંગ્રેસથી તદ્દન અને સ્વતંત્ર જુદો જ પક્ષ ઉભો કરવાની જરૂર જણાઇ ત્યારે તેમણે કોંગ્રેસનો ત્યાગ કરવાનું ઉચિત ધાર્યું હતું. આ જ પ્રમાણે કોન્ફરન્સની સ્થાયી સમિતિના એક યા બીજા ઠરાવ સામે જ્યારે જ્યારે મને વિરોધ કરવાની જરૂર લાગી ત્યારે ત્યારે મેં વિરોધ કર્યો છે એમ છતાં પણ કોન્ફરન્સની અંગત પ્રતિષ્ઠાને જરા પણ નુકસાન થાય એવું આજ સુધીમાં મેં કદિ પણ કોઇ વિધાન કે આચરણ કર્યું નથી. ઉપરના પત્રના પ્રત્યુત્તર રૂપે આથી વિશેષ કશું પણ કહેવાની મને જરૂર લાગતી નથી.

પરમાનંદ

# ક્યાં છે, આઝાદ પ્રજાની ખુમારી ?

એવા એ દિવસો હતા, જ્યારે આ દેશનો નવજવાન દેશને ખાતર ફના થવાને થનગની રહ્યો હતો. 'ભવિષ્યનું શું' એનો વિચાર સરખો કર્યા વિના એ અભ્યાસ છોડીને આઝાદીના જંગમાં ઝંપલાવતો હતો, અથવા શહેરનું મોજીલું જીવન છોડી દઇ, જાડી ખાદીની ટુંકી પોતડી પહેરીને એ પલોંઠી વાળી ગામડામાં બેસી જતો હતો. વડીલોની સલાહની અવગણના કરી, એ 'આત્માનો અવાજ' સાંભળી દેશને ખાતર ફકીરી લઇ ચાલી નીકળતો હતો; અથવા વહેલી સવારે પ્રભાતફેરીમાં નીકળી,

'તારાં વાગે નગારાં હવે મોતનાં રે,
ચેતી લેને બ્રિટિશ સરકાર !'

એ ગીત ખુમારી પૂર્વક ગાતો હતો અને સાંજની સભામાં 'ઇન્કીલાબ ઝીન્દાબાદ' નાં સૂત્રો ગર્વપૂર્વક ઉચ્ચારી પોલીસોની લાઠીઓ સામી છાતીએ ઝીલતો હતો.

એવા એ દિવસો હતા, જ્યારે બને તેટલું સહન કરવામાં આપણે મજા માનતા હતા. ત્યાગ અને આત્મભોગમાં આનંદ માનતા હતા. આપણે વેઠેલી યાતનાઓમાં ગર્વ સમાએલો દેખાતો હતો. વ્યક્તિવાદને ભૂલી જઇને સમષ્ટિમાં જ સમાઇ જવું એ ગૌરવ ગણાતું હતું. આબાલવૃદ્ધ સૌના જીવનમાં જુસ્સો પ્રગટી ઉઠેલો દેખાતો હતો. દુઃખનાં ગાણાં ગાવાનું આપણને રૂચતું નહોતું. જીવનમાં કંઇ અવનવું અથવા વિશિષ્ટ કરી નાખવાની ત્યારે તાલાવેલી લાગતી હતી. ભારતનાં સ્ત્રી-પુરૂષો જાણે કર્મયોગી જ બની રહ્યાં હતાં.

અને આજે? જે આઝાદીને માટે આપણે ઝંખતા હતા, જેના મધુર સ્વપ્નમાં આપણે રાચતા હતા, જેને ખાતર સર્વસ્વ ફના કરવાને તત્પર બન્યા હતા, તે આઝાદી આવી, ત્યારે આપણી મનોદશા આજે કેવી છે ? નાની નાની મુશ્કીલીઓથી આપણે કંટાળી જઇએ છીએ. થોડી એક મુશ્કેલીઓને કારણે કાગારોળ કરીએ છીએ. આપણા એક વખતના માન્ય આગેવાનોને પણ વાતવાતમાં નિંદી નાખીએ છીએ; અને ગુલામી જાણે સારી વસ્તુ ન હોય, એમ બ્રિટિશ તંત્રનાં પણ કોઇવાર વખાણ કરવા લાગી જઇએ છીએ. જાણે હજુ યે ગુલામના ગુલામ જ હોઇએ.

બ્રિટિશ અમલમાં હતી તેથી વધુ મુશ્કેલીઓ આજે આપણી સામે ખડી થઇ છે, એ વાત સાચી છે, પરંતુ એ કંઇ આઝાદીનું પરિણામ નથી. આજે પણ જો બ્રિટિશ અમલ ચાલુ હોત તો આ મુશ્કેલીઓ ન જ આવી હોત, એમ માનવાને કંઇ કારણ નથી. ગુલામી ગઇ છે, અને પરદેશી સત્તાની ધૂંસરી આપણી કાંધ પરથી ખસી ગઇ છે, એથી વધારે

સુખદ વાત બીજી કઇ હોય શકે? આપણે આજ સુધી એક ગુલામ દેશના પ્રજાજનો હતા, અને જગતમાં આપણે ઉંચું માથું રાખી ફરી શકતા નહોતા. તેને બદલે આજે આપણે સ્વતંત્ર પ્રજા છીએ, એની ખુમારી આપણા વદન પર–આપણી આંખોમાં કેમ દેખાતી નથી? બીજી આઝાદ પ્રજાની પેઠે હસતે ચહેરે મુશ્કેલીઓનો સામનો કરવાની ખુમારી કાં ન રાખીએ?

ત્યાગના સ્થાને આજે સ્વાર્થ ચડી બેઠો છે. સમષ્ટિમાં સમાઇ જવાને બદલે આપણી વ્યકિતના પોતાના હિતની જ પ્રવૃત્તિમાં આપણે પડી ગયા છીએ. આજની સ્થિતિમાંથી કઇ રીતે અંગત લાભ સાધી લેવો, એની જ વેતરણ કરી રહ્યા છીએ. આપણી સ્વાર્થપરાયણતાથી આપણે દેશની પ્રતિષ્ઠાને કેટલી હલકી પાડી રહ્યા છીએ, એની ચિંતા જ જાણે કરતા નથી! સત્તા, વૈભવ, ધનલાલસા, પ્રસિદ્ધિ–મોહ, એમાં જ રાચી પડયા છીએ. કોઇ આપણે માટે શું ધારશે એનો વિચાર પણ કરતા નથી. કોઇની ટીકા સામે જાડી ચામડી બનાવી નિંભર બની ગયા છીએ. શું આ છે આપણી આઝાદ પ્રજાની ખુમારી?

એ દિવસોમાં આપણી રાજકીય પ્રગતિ સાથે સામાજિક પ્રગતિ સાધવા પણ આપણે પ્રયત્ન કરતા હતા; અને રાજકીય પ્રવૃત્તિના રોકાણને કારણે સામાજિક પ્રગતિની દિશામાં બહુ આગળ વધી શકાતું નહોતું, એનું આપણે હૈયે દુઃખ રહ્યા કરતું. આમ છતાં અસ્પૃશ્યતા નિવારણ, કોમી ભેદભાવને ભૂલી જવા, સામાજિક અનિષ્ટો સામે લડી લેવું, એ બધું આપણે કરી રહ્યા હતા. યુવક સંમેલનો ભરતા હતા અને સામાજિક રૂઢીઓ સામે બંડ પોકારતા હતા. કોઇની શેહમાં તણાયા વિના આપણા વિચારો જાહેર કરતા હતા અને વડિલોનો રોષ વહોરી લઇને પણ એને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરતા હતા.

આજે રાજકીય આઝાદી પ્રાપ્ત થયા પછી, આપણે જાણે નિષ્ક્રિય બની ગયા છીએ. સામાજિક પ્રગતિનું કામ હવે શરૂ કરવું જોઇએ, એને બદલે સામાજિક રૂઢીઓને જાણે સ્વીકારી રહ્યા છીએ. દેશનું નવસર્જન કરવાનો સમય આવી લાગ્યો છે, ત્યારે એનો વિચાર સરખો પણ કરતા નથી; એટલું જ નહિ પણ પ્રજાકીય સરકાર સામાજિક સુધારણા માટે જ્યારે કાયદા ઘડવા માગે છે ત્યારે એનું સમર્થન કરવાને બદલે વિરોધ કરવા લાગી ગયા છીએ. હિંદુ-મુસલીમ એકતાની વતો કરનારા આપણે આજે હિંદુ-જૈન જુદા હોવાની ઝુંબેશ ચલાવી રહ્યા છીએ! જે અલગતાવાદે દેશના ભાગલા કરી, લાખો માનવીઓનાં જીવનને બરબાદ કર્યાં, એવા જ કોઇ અલગતાવાદને શરણે આપણે જઇ રહ્યા છીએ. 'ઇસ્લામ ભયમાં છે.' એવો એક જુઠો નાદ પ્રચલીત થયો હતો, એને મળતો હવે 'જૈન ધર્મ ભયમાં છે' એવો વિચિત્ર નાદ ગજવવો શરૂ કર્યો છે, અને આપણા યુવાનો પણ એ પૂરમાં તણાવા લાગ્યા છે. એમની આંખમાં પણ ધર્મઝનૂને વાસો કર્યો છે. આઝાદીનું શું આ પરિણામ છે? આઝાદ પ્રજાની આ તે ખુમારી છે, કે ખુવારી જ છે?

જગતના સર્વશ્રેષ્ઠ મહાપુરૂષ ગાંધીજીના આપણે સંતાનો છીએ અને એના આદર્શોને માર્ગે ચાલવું એ આપણું કર્તવ્ય હોય તો આપણે હજુ ઘણું કરવાનું બાકી રહે છે. જગતના સમૂહતંત્રની રાષ્ટ્રપિતાની ભાવના હતી, તે આપણે પૂર્ણ કરવાની છે. એશિયાની અગ્રેવાની લેવા જેટલા સમર્થ હજુ આપણે બન્યા નથી. આર્થિક કટોકટીમાંથી આપણા દેશને આપણે ઉગારવાનો રહે છે. સામાજિક ક્રાન્તિ દ્વારા સમાજપરિવર્તન કરવાનું રહે છે. એ બધાં માટે આપણે આપ્યા છે એથી ઘણા વધુ ભોગો આપણે આપવા પડશે. પ્રાન્ત પ્રાન્ત વચ્ચેની દિવાલો તોડવી પડશે અને ઉંચ નીચના ભેદો ભૂલવા પડશે. સંકુચિત નાત–જાત–ધર્મના વાડાઓને તોડવા પડશે. વ્યકિતને જાતને–ભૂલવી પડશે. આઝાદીના યજ્ઞથી વધુ મોટો યજ્ઞ આરંભવો પડશે.

આ બધું શું આપણે રોતલ ચહેરે કરી શકીશું? કે કેવળ સરકાર પર બધો બોજો નાખી દઇશું? ક્રાન્તિ સરકારોથી સર્જી શકાતી નથી. ક્રાન્તિ તો પ્રજા જ સરજે છે. એવી ક્રાન્તિ સરજવા માટે તો દિમાગમાં ખુમારી જોઇએ. આઝાદી માટે જાગૃત થઇ હતી એથી યે બળવત્તર તમન્ના જોઇએ. અશકયને પણ શકય કરવાની તાલાવેલી જોઇએ. અને એ હશે તો જ નૂતન હિંદનું સર્જન થઇ શકશે.

ભારતનો યુવાન એ કરશે? કયારે કરશે?

**જટુભાઈ મહેતા**

## બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ

### મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ સરકારને મોકલવામાં આવેલું નિવેદન

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તાજેતરમાં મુંબઇની ધારાસભામાં રજુ કરવામાં આવેલા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટનું સામાન્યતઃ અનુમોદન કરે છે અને તે પાછળ રહેલા–ધાર્મિક તેમ જ જનસેવાલક્ષી (Charitable) ટ્રસ્ટો ઉપર સરકારી દેખરેખ રાખવાના અને તેનું યોગ્ય નિયમન કરવાના–હેતુને આવકારે છે. આ સાથે સાથે, ટ્રસ્ટીઓને વારંવાર ચેરીટી કમીશનર પાસે આવવું પડે અથવા તો ચેરીટી કમીશનરના જાણે કે તેઓ એજન્ટ હોય એવી ટ્રસ્ટીઓની દુઃસ્થિતિ થાય એ હદ સુધીની ઉપર જણાવેલ દેખરેખ કે નિયમન ન હોવાં જોઇએ એવો અમારો અભિપ્રાય છે. આખરે તો ટ્રસ્ટીઓને ટ્રસ્ટના વહીવટ માટે એટલા માટે નિમવામાં આવે છે કે તેમની યોગ્યતામાં તેવી નિમણુંક કરનારાઓને વિશ્વાસ હોય છે. અને તેથી તે ટ્રસ્ટીઓ પર સામાન્ય દેખરેખ અને નિયંત્રણ ભલે રાખવામાં આવે, પણ ટ્રસ્ટનો વહીવટ કરવાની પૂરી સત્તા તેમ જ જવાબદારી તો તેમને હસ્તગત જ રહેવી જોઇએ. જો ટ્રસ્ટીઓના કાર્ય અને વહીવટ પર વધારે પડતું સરકારી નિયંત્રણ મૂકવામાં આવશે તો જવાબદાર માણસો ટ્રસ્ટી તરીકેની ફરજો સ્વીકારતા જરૂર આનાકાની કરવાના.

આ સંબંધમાં ટ્રસ્ટીઓ ટ્રસ્ટીઓ વચ્ચે આ પ્રમાણે ભેદ કરવો જોઇએ: (૧) જેઓ વંશપરંપરાથી ટ્રસ્ટીના સ્થાન પર આવતા હોય અને જેમને ઘણું ખરું એ સ્થાન ઉપરથી ખસેડી શકાય તેમ ન હોય અને ટ્રસ્ટનો લાભ મેળવનાર વર્ગ (beneficiaries) માંથી બનેલા મંડળ કે સંસ્થાને જવાબદાર ન હોય એવા ટ્રસ્ટીઓ, અને (૨) જેઓ ચોકકસ સમયને ગાળે ચૂંટાતા હોય અને ટ્રસ્ટનો લાભ લેનાર વર્ગમાંથી ઉભું કરવામાં આવેલ મંડળ કે સંસ્થાને જવાબદાર હોય અને જેમને તેમની આગળ સમયે સમયે હિસાબો રજુ કરવા પડતા હોય અને સામયિક ચૂંટણી માટે ઉપસ્થિત થવું પડતું હોય એવા ટ્રસ્ટીઓ. જે ટ્રસ્ટો ચોકકસ બંધારણ પ્રમાણે ચાલતા હોય અને જેનો નિશ્ચિત સભ્યો અથવા તો વર્ગ લાભ લેતો હોય અને જે સંબંધમાં એ સભ્યો કે વર્ગો અવારનવાર મળતા હોય અને ટ્રસ્ટની વર્તમાન પરિસ્થિતિની તથા ટ્રસ્ટીઓના કામકાજની દેખરેખ રાખતા હોય એવા ટ્રસ્ટોની સંખ્યા ઘણી મોટી છે. લાભ લેનાર વર્ગમાંથી ઉભી કરવામાં આવેલ સંસ્થા કે મંડળને ટ્રસ્ટીઓ જવાબદાર હોય એવા ટ્રસ્ટો સંબંધમાં ચેરીટી કમિશનરે ટ્રસ્ટના સભ્યોના અથવા તો જ્યાં ચોકકસ મર્યાદા બાંધી શકાય એવા ટ્રસ્ટનો લાભ લેનાર વર્ગના અભિપ્રાયોને ચેરીટી–કમિશનરે બને તેટલું વધારે વજન આપવું જોઇએ એવો અમારો અભિપ્રાય છે, કારણ કે આખરે તો ટ્રસ્ટનો લાભ લેનાર મંડળ કે વર્ગ જ પોતાના હિતને સૌથી વધારે સમજે છે અને તેથી તેમના અભિપ્રાયોને ચેરીટીકમિશનર બને તેટલું વધારે વજન આપે એ અત્યંત ઉચિત છે. તેથી જ્યાં ટ્રસ્ટનો લાભ લેનાર વર્ગ સુનિશ્ચિત હોય ત્યાં તે વર્ગના અભિપ્રાયને અને ત્યાં સુધી સ્વીકારવાનો ચેરીટી

કમિશનરને આદેશ આપતો નિયમ આ ધારામાં દાખલ કરવા અમે સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ. આમ કરવાથી, સરકાર તરફથી ટ્રસ્ટો પર આ ધારા વડે બહુ કડક નિયમન કરવામાં આવશે એવી જાહેર જનતામાં ઉભી થયેલી ભીતિનું ઘણે અંશે નિવારણ થશે. આ ધારાનું બહુ વિગતથી નિરીક્ષણ કરવાનો અમારો હેતુ નથી, પણ ઉપર જણાવેલ અભિપ્રાયો અનુસાર આ ધારામાં ફેરફાર કરવા સિલેકટ કમીટીને અમે આગ્રહ કરીએ છીએ. આના અનુસંધાનમાં અમને નોંધ લેતાં આનંદ થાય છે કે સરકારે ટેન્ડુલકર કમિમિટીની કેટલીક ઉગ્ર ભલામણોનો સ્વીકાર કર્યો નથી અને એ કમિટીમાં કેટલાક સભ્યોએ આખી કમિટીના અભિપ્રાયથી જુદા પડીને જે નોંધો કરી હતી તેમાં રહેલી કેટલીક ભલામણોને પૂરતું વજન આપ્યું છે.

અમે આ ધારાની એક બે કલમો તરફ ખાસ ધ્યાન ખેંચવા માગીએ છીએ. આ ધારાની ૩૩મી કલમ નિયમબહારના, ગેરકાયદેસર અથવા તો અયોગ્ય ખર્ચ સંબંધમાં, જાહેર ટ્રસ્ટનો જેના પર હકક લાગતો હોય એવી મિલકત કે નાણું પાછું મેળવવામાં ગફલતી કરી હોય કે નિષ્ફળતા મેળવી હોય તે સંબંધમાં, અથવા તો ટ્રસ્ટની મિલકત કે નાણાનો દુર્વ્યય થયો હોય કે તેમાં નુકશાની આવી હોય તે સંબંધમાં—આવી કોઇ પણ બાબત સંબંધમાં ખબર આપવાની, અને ટ્રસ્ટીઓની અથવા તો કોઇ પણ વ્યકિતની ગેરવર્તણુક, તેની હસ્તકનાં નાણાંનો દુરપયોગ અથવા તો વિશ્વાસભંગના કારણે ઉપર જણાવેલ અયોગ્ય ખર્ચ, દુર્વ્યય કે નુકશાની નિપજી છે કે કેમ તે જણાવવાની ઓડીટરને ફરજ પાડે છે. આ નિયમ ઓડીટરને માથે ઘણી મોટી જવાબદારી નાખે છે અને તેની યોગ્યતા અથવા તો કાર્યક્ષેત્રની બહાર હોય તેવી સત્તાઓ તેને આપે છે. ટ્રસ્ટના નિયમોની વિરુધ્ધ કોઇ પણ ટ્રસ્ટીએ ખર્ચ કર્યો હોય અથવા તો જેમાંથી ટ્રસ્ટને નુકશાન થયું હોય એવા ટ્રસ્ટીઓના કોઇ કાર્ય કે ગફલતીને લગતી બાબતો જ ઓડીટરના કાર્યક્ષેત્રમાં ગણાવી જોઇએ. અને આવો ખર્ચ કે નુકશાની ટ્રસ્ટીઓને વિશ્વાસઘાત કે કોઇ ગેરવર્તણુંકના કારણે થઇ છે કે કેમ એ નક્કી કરવાનું કામ ચેરીટી--કમિશનરનું હોવું જોઇએ. ખર્ચ સાથે નિયમબહારના, ગેરકાયદેસર અથવા તો અયોગ્ય (irregular, illegal or improper) આ પ્રકારના વિશેષણો જોડવામાં આવ્યા છે તેમાં અમર્યાદિત અસ્પષ્ટતા રહેલી છે. ઓડીટરના રીપોર્ટ ઉપરથી તપાસ કરીને ટ્રસ્ટીઓને ઉપર જણાવેલ નુકશાની કે ખર્ચ ભરપાઇ કરવાની ૩૭ થી ૪૦ સુધીની કલમો ચેરીટીકમિશનરને સત્તા આપે છે. આવી રીતે નુકશાની કે અયોગ્ય ખર્ચ ભરપાઇ કરવાનો હુકમ કરવાની ચેરીટી-કમિશનરને સત્તા આપવામાં આવે તેની અમે સખ્ત વિરૂદ્ધ છીએ. આ કક્ષાએ અમોને જણાવવાની જરૂર લાગે છે કે કોઇ પણ સંયોગોમાં ચેરીટીકમીશનરને ન્યાયાધીશની સત્તાઓ આપવામાં આવે તેમાં અમારી સંમતિ નથી. અમારા અભિપ્રાય મુજબ ચેરીટી-કમીશનર ટ્રસ્ટોના સામાન્ય વહીવટની દેખરેખ રાખવા માટે નિમાયેલો કેવળ એક વહીવટી અધિકારી (executive and administrative officer) હોવો જોઇએ અને ટ્રસ્ટ ડીડ મુજબ અમુક ટ્રસ્ટનો વહીવટ બરોબર ચાલે છે એ સંબધે પોતાને પુરતું સમાધાન મળે એ હેતુથી કોઇ પણ માહીતી મેળવવાનો તેને અધિકાર હોવો જોઇએ. જ્યારે કોઇ પણ ટ્રસ્ટનો અમુક રીતે દ્રોહ થઇ રહ્યો છે અથવા તો તેના વહીવટમાં અક્ષમ્ય બેદરકારી કે ગફલતી દાખવવામાં આવી છે એમ તેને માલુમ પડે ત્યારે તેણે યોગ્ય પગલાં લેવા માટે કોર્ટનો આશ્રય લેવો જોઇએ.

આ ધારાની ૫૩મી કલમ જેને 'સીપ્રે'નો સિધ્ધાન્ત કહેવામાં આવે છે તેને આજના ટ્રસ્ટો ઉપર લાગુ પાડવાને લગતી છે. આ કલમની પેટા કલમો અને ખાસ કરીને પેટા કલમ ૧ ની પેટાકલમ 'સી' બહુ વ્યાપક બાબતોને સ્પર્શે છે.

આ પેટાકલમ 'સી' મુજબ જે હેતુ માટે અમુક ટ્રસ્ટ ઉભું કરવામાં આવ્યું હોય તે હેતુના બદલે બીજા હેતુ માટે અથવા તો તે હેતુ ઉપરાંત બીજા હેતુ માટે જાહેર હિતને અનુલક્ષીને એ ટ્રસ્ટની આવક કે મીલકત વપરાવી જોઇએ એવી ભલામણ કરવાની જો ચેરીટીકમીશનરને સત્તા આપવામાં આવે તો તેના પરિણામે જાહેર સખાવતોના વહેતા પ્રવાહને ઘણો ધકકો લાગવા સંભવ છે. ઉપર જણાવેલ કલમની પેટા કલમ ૧ ની પેટા કલમ 'એ' અને 'બી' ને અમો સંગત થઇએ છીએ અને પેટા કલમ 'સી' રદ કરવામાં આવે એમ અમે ઇચ્છીએ છીએ. આ જ કલમમાં એક એવી પેટા કલમ ઉમેરવાની અમે સુચના કરીએ છીએ કે આ કલમ અનુસાર ચુકાદો આપતાં સરકારી અદાલતોએ દાતાઓ અથવા તો સખાવત કરનારાઓની ઇચ્છાઓને બને ત્યાં સુધી માન આપવાનું વળણ અખત્યાર કરવું જોઇએ અને જ્યારે પણ મૂળ હેતુઓમાં ફેરફાર કરવાની જરૂર લાગે ત્યારે મૂળ હેતુઓની બને તેટલા સમીપના હેતુઓ સુધી ટ્રસ્ટની મીલકત તેમ જ આવકનો ઉપયોગ સીમિત કરવાનો ખ્યાલ રાખવો જોઇએ. આજના ન્યાયવહીવટને લગતી વસ્તુસ્થિતિ આ પ્રકારની છે અને દાતાઓ કે સખાવત કરનારાઓની ઇચ્છાઓની અવગણના કરવાનો સરકારનો ઇરાદો છે એવી ભ્રાન્તિ જાહેર જનતાના દિલમાં ઉભી થવા ન પામે એ ધ્યાનમાં રાખવું સરકાર માટે ડહાપણભરેલું છે. એ પણ કાંઇ અજાણ્યું નથી કે 'સીપ્રે'નો સિધ્ધાન્ત લાગુ પાડતાં મૂળ હેતુથી જેટલું દૂર જઇ શકાય તેટલે સુધી જવાનું આજની અદાલતોનું વળણ જોવામાં આવે છે અને કોઇ કોઇ વાર મૂળ હેતુથી તદ્દન જ ભિન્ન પ્રકારના હેતુ પાછળ ટ્રસ્ટનાં નાણાં કે આવકનો ઉપયોગ કરવાનો અદાલત આદેશ આપતી આવી છે. આમ છતાં પણ દાતા કે સખાવત કરવાની ઇચ્છાને માન આપવાનો નિયમ સામાન્યતઃ ધ્યાનમાં રાખવામાં આવે છે. આજના આ પ્રકારના કાયદા તથા ન્યાયને લગતી વસ્તુસ્થિતિમાં ફેરફાર કરવામાં આવે એ ઇષ્ટ નથી.

ઉપરની કલમમાં અન્તર્ગત થતી પેટાકલમ 'બી' માં વધારાનાં નાણાના ઉપયોગનું વિધાન કરવામાં આવ્યું છે. તેને અનુલક્ષીને જૈનોમાં જેને દેવદ્રવ્ય તરીકે ઓળખવામાં આવે છે તેની સાથે આ પેટાકલમ સંબંધ ધરાવે છે. કેટલાએક જૈનોએ આ સંબંધમાં એવો વાંધો ઉઠાવ્યો છે કે આ દેવદ્રવ્યનો ઉપયોગ માત્ર મંદિર અથવા તો મૂર્તિ સિવાય અન્ય કોઇ કાર્ય પાછળ થઇ ન શકે. અમારા અભિપ્રાય મુજબ દેવદ્રવ્યનો જનકલ્યાણના કાર્યમાં કદિ ઉપયોગ થઇ નજ શકે એવું કોઇ બંધન જૈન ધર્મમાં છે જ નહિ. આથી પ્રતિકુળ વિચારના સમર્થનમાં ધર્મશાસ્ત્રોના જે ઉલ્લેખો રજુ કરવામાં આવે છે તે ઉલ્લેખોનો અમારા અભિપ્રાય મુજબ એટલો જ અર્થ નીકળે છે કે દેવદ્રવ્યનો કોઇ પણ વ્યકિત દુરૂપયોગ કરી ન શકે અથવા તો તેમાંથી એક પણ પાઇ પોતાના અંગત ઉપયોગ માટે વાપરી ન શકે. પણ અમો દૃઢતાપૂર્વક જણાવીએ છીએ કે જાહેર જનતાના ભલા માટે એ દ્રવ્યનો ઉપયોગ જરૂર થઇ શકે છે. આજની સામાન્યતઃ રૂઢ માન્યતા અન્ય પ્રકારની છે એ અમો જાણીએ છીએ, પણ એ રૂઢ માન્યતામાં હવે ફેરફાર થવાની જરૂર છે એવો અમારો સુદૃઢ અભિપ્રાય છે. અમો કબુલ કરીએ છીએ કે આ દેવદ્રવ્યનો પ્રથમ ઉપયોગ મંદિરમાં તેમ જ મૂર્તિની વાજબી જરૂરિયાતો પાછળ થવો જોઇએ, પણ આ વાજબી જરૂરિયાતો કરતાં આજે કેટલાંક મંદિરોમાં ઘણી વધારે આવક થતી જોવામાં આવે છે; વળી કેટલાક ઠેકાણે દેવદ્રવ્યનો દુર્વ્યય થતો

માલુમ પડે છે; તદુપરાંન્ત કેટલાંક મંદિરો ઘણી મોટી મુડી ધરાવે છે અને એ મુડી વ્યાજવૃધ્ધિ નિમિત્તે જુદી જુદી થાપણોમાં રોકવામાં આવે છે. અને ધર્મ કે સમાજના હિતમાં તેનો બીજો કશો ઉપયોગ થતો જોવામાં આવતો નથી. આ વધારાની મિલ્કત તથા આવકના ઉપયોગનું ક્ષેત્ર વિસ્તારવા સંબંધમાં અમારો નમ્ર પણ મક્કમ અભિપ્રાય છે. જૈન સમાજના સુખસ્વાસ્થ્યની અભિવૃધ્ધિ, ધાર્મિક અભ્યુદય, જ્ઞાનપ્રચાર, જૈન સાહિત્યનું સંશોધન તથા પ્રકાશન—આવાં અનેક પ્રશસ્ય કાર્યોને પ્રથમ પસંદગી અપાવી જોઇએ અને જરૂર જણાયે દેવદ્રવ્યનો બહુજનસમાજના કલ્યાણ પાછળ પણ ઉપયોગ થવો જોઇએ. દેવદ્રવ્યના ઉપયોગ સંબંધે આ ધોરણ સ્વીકારાવું જોઇએ અને આવો પ્રશ્ન અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં અને તેને લગતો ચુકાદો આપતાં કોર્ટ આ ધોરણ લક્ષમાં રાખવું જોઇએ એવો અમારો અનુરોધ છે.

બૃહત્ મુંબઇ પુરતી આ ધારા નીચે કરવાની અરજીઓ સીટી સીવીલ કોર્ટને કરવી એમ જણાવવામાં આવ્યું છે. આ સીટી સીવીલ કોર્ટ પ્રત્યે અમને લેશ માત્ર અનાદરબુધ્ધિ નથી, એમ છતાં પણ જે મોભો, પ્રતિષ્ઠા અને વિશ્વાસ કંઇ કાળથી લોકોના દિલમાં હાઇકોર્ટે સંપાદન કર્યો છે તે મોભો, પ્રતિષ્ઠા અને વિશ્વાસ જ્યાં સુધી સીટી સીવીલ કોર્ટ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ઉપર જણાવેલ અરજીઓ સ્વીકારવાની હાઇકોર્ટને જ સત્તા આપવી ઇષ્ટ છે એમ અમો આગ્રહપૂર્વક રજુ કરીએ છીએ. પ્રસ્તુત ધારમાં એસેસરોની નિમણુંક કરવાને લગત પ્રબંધને અમો આવકારીએ છીએ અને તેનો પુરો લાભ લેવાશે એમ અમે આશા રાખીએ છીએ.

### સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

સંઘનું વર્ષ દીવાળીએ પૂરું થતું હોઇ હજુ જે સભ્યોના લવાજમો બાકી છે તેમને આથી વિનાવિલંબે પોતાના લવાજમો સંઘના કાર્યાલયમાં મોકલી આપવા અથવા તો માણસ લેવા આવે તો તુરત આપવા વિનંતિ કરવામાં આવે છે. જે સભ્યોનાં લવાજમો દીવાળી સુધીમાં નહિ આવે તે સભ્યો દીવાળી બાદ સંઘના સભ્ય તરીકે આપોઆપ રદ થયેલા ગણાશે એ બંધારણની કલમ તરફ પણ દરેક સભ્યનું આથી લક્ષ દોરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

## સમાચાર—નોંધ

### ગાંધીજીને માર્ગે ચાલો

ગાંધી જયન્તી નિમિત્તે ગાંધી સપ્તાહ રેંટિયાબારશની દેશી તિથિથી શરૂ થઇ ચાલી રહ્યું છે, અને બીજી ઓકટોબરની ખ્રિસ્તી તારીખે એ પૂરું થશે. પૂ. ગાંધીજીના જન્મદિનના આ ઉત્સવને આપણે એમની હયાતીથી ઉજવતા આવ્યા છીએ. એ વખતે એમણે આ ઉત્સવ સાથે પોતાનું નામ જોડવા ના પાડીને ખદી સપ્તાહ નામ આપેલું; અને આપણે આ સપ્તાહમાં ગાંધીજીના ગુણગાન ગાવા સાથે ખાદીપ્રચારનું મુખ્ય કાર્ય હાથ ધરતા. 'સુતરને તાંતણે સ્વરાજ' એ એમનો વિજયમંત્ર હતો. પરંતુ ખાદી કે ગ્રામઉદ્યોગો સ્વરાજ માટે જેટલા આવશ્યક હતાં, તેથી વધુ આવશ્યક આપણને યુધ્ધ સમયમાં જણાયા હતા. વળી આજે ડોલર અને પાઉન્ડના નવા સંબંધથી આપણે ડોલર વિસ્તારના માલની આયાતો ઘટાડવી પડવાની છે, અને તેટલે અંશે દેશના ઉદ્યોગો પર આધાર રાખવાનો છે. જો કે આપણા દેશના ઉદ્યોગો પૂર્ણપણે વિકસિત નથી; અને તેથી તેના પૂરક રૂપે આપણે ગ્રામોદ્યોગને જ પસંદગી આપવી રહી. આજની કટોકટીમાંથી ઉગરવા માટે આપણે આ રીતે ગાંધીજીના ખાદીના અર્થશાસ્ત્રને જ અપનાવવું રહ્યુ.

ગાંધીજીનું અવસાન જે સંજોગોમાં થયું તે જોતાં આપણું મુખ્ય કર્તવ્ય આજે કોમવાદના નાશનું હોવું જોઇએ. આપણા દેશમાં ૧૫ મી ઓગસ્ટ પછી જે ખાનાખરાબી સ્થાઇ ગઇ છે, તે જોતાં તો કોમવાદનો સદંતર નાશ કરવાની પ્રતિજ્ઞા આપણે લેવી જોઇએ. આમ છતાં હજુ આપણે એ માર્ગે ખાસ કરીને આગળ વધ્યા નથી; એમ સાફ દિલે કબૂલવું જોઇએ; અને આપણા હૃદયને કોઇ અગમ્ય ખૂણે, પણ જો કોમવાદ એક યા બીજા સ્વરૂપે હયાત હોય તો આંતર્નિરીક્ષણદ્વારા એને શોધી કાઢી એનો સત્વર નાશ કરવો જોઇએ.

કોમવાદના ભોગ બનેલા લાખ્ખો નિરાશ્રિતો આપણા દેશમાં આવ્યા પછી, તેમનાં દુઃખો જોઇ સાંભળીને કેટલાક માણસોમાં મુસ્લીમો પ્રત્યેનો દ્વેષ વધ્યો છે, અને તેઓ વધુ ઉગ્ર કોમીવાદી બની ગયા છે. પરંતુ એ કેવળ અણસમજનું પરિણામ છે. જેમ મુસ્લીમોને હાથે લાખ્ખો નિર્દોષ હિંદુઓને સહન કરવું પડ્યું છે, તેમ હિંદુઓને હાથે ઠીક સંખ્યાના મુસ્લીમોને પણ સહન કરવું પડયું છે. એટલું સાચું છે, કે પાકિસ્તાનમાં મજહબી રાજ્ય હોઇને ત્યાં હિંદુઓની સ્થિતિ વધુ ખરાબ છે; જ્યારે હિંદમાં બીનમજહબી રાજ્ય હોઇને અહીંના મુસ્લીમોની સ્થિતિ વધુ સારી છે. પરંતુ એ કારણે રોષે ભરાઇને આપણે વધુ કોમીવાદી બનતા જઇએ, એ તો કોઇ રીતે ઇચ્છનીય નથી. જે અણગમતી પરિસ્થિતિ સર્જાઇ છે, એની પાછળ તો કોમવાદનો રાક્ષસ જ છે; અને તેથી એ રાક્ષસને બહેલાવવાને બદલે હણવાથી જ પરિસ્થિતિ સુધરી શકે એમ છે. કોમવાદના નાશમાં જ આપણે આપણો ફાળો આપીને રાષ્ટ્રપિતાના અધૂરા રહેલા કાર્યને પૂરું કરવું જોઇએ; અને એ રીતે એમનું ઋણ આપણે ચૂકવવાનું છે.

જેવું કોમવાદનું તેવું જ પ્રાન્તવાદ અને સંપ્રદાયવાદનું છે. મુસ્લીમોએ પોતાની જુદી કોમ અને જુદી સંસ્કૃતિના ખોટા ખ્યાલ નીચે અલગતાવાદને નામે જેમ પાકિસ્તાન ઉભું કર્યું; તેમ જુદા પ્રાન્ત, જુદા સંપ્રદાય અને તેટલે અંશે જુદી સંસ્કૃતિના ખ્યાલો આપણા મનમાં બંધાયા જાય, તો આપણે જરૂર અલગતાવાદને માર્ગે અને તેટલે અંશે પાકિસ્તાની સિદ્ધાંતને માર્ગે ચડી જઇએ, એવો ભય રહે છે. અને તેથી આપણે સાવધ રહેવાની જરૂર છે.

ગાંધીજીનું બીજું અધુરું કાર્ય તે હરિજનોને અપનાવી ઉંચનીચના ભેદો દૂર કરવાનું છે. અસ્પૃશ્યતાનો આપણે એટલે અંશે નાશ કર્યો છે, કે એમનો સ્પર્શ કરતાં વટલાઇ જવાની જે ભ્રમણા હતી, તે તો હવે કોઇપણ સમજુ માણસના મનમાં રહી નથી. પરંતુ હજુ તેઓ મંદિરમાં પ્રવેશ કરે, તે સામે આપણામાંના કેટલાકનો વિરોધ રહેલો છે. ઇશ્વર તો સદા પતિતપાવન છે એટલે એના સંસર્ગથી પતિત પાવન થઇ જાય; કંઇ ઇશ્વર અપવિત્ર ન જ થાય. આટલી સાદી વાત આપણા જુના વિચારના ભાઇબહેનોને ગળે કેમ નથી ઉતરતી, એ જ સમજાતું નથી. સરકારે કરેલ કાયદાથી અસ્પૃશ્યતાનો નાશ થઇ જવાનો નથી. લોકો જ સમજીને જ્યારે હરિજનોને માણસ તરીકે અપનાવશે ત્યારે જ અસ્પૃશ્યતાનું ભૂત આ દેશમાંથી વિદાય લેશે એટલે સનાતની હિંદુઓ અને જૈનો માનવતાની દ્રષ્ટિએ વિચાર કરી હરિજનોને ઇશ્વરની સમીપ લાવે, અને તેમના સંસ્કાર સુધારવાની તેમને તક આપે.

આજે દેશભરમાં ગાંધી સપ્તાહ નિમિત્તે જ્યારે હરિજન દિન સ્થળે સ્થળે ઉજવાઇ રહ્યો છે ત્યારે એક દુઃખપૂર્ણ ઘટના આંખ સામે ખડી થઇ જાય છે. હરિજનોની આર્થિક હાલત સુધારવા માટે તેમના પગારોમાં વધારો કરવાની માગણી સાથે ભાવનગરના જાણીતા કાર્યકર્તા શ્રી. આત્મારામ ભટ્ટ આમરણાંત ઉપવાસ પર ઉતર્યા છે. શ્રી. આત્મારામ બહુ જુના ચૂસ્ત કોંગ્રેસી કાર્યકર્તા, ખૂબ નિખાલસ અને પ્રમાણિક સજ્જન છે; અને સૌરાષ્ટ્ર સરકારના વફાદાર પ્રજાજન છે. સાથે સાથે તેઓ એક વસ્તુ હાથ

લ્યે, તો તેને અન્ત સુધી પકડી રાખે એવા મક્કમ છે. એટલે તેમના ઉપવાસ ખરેખર ચિંતા ઉપજાવનારા છે. વળી છેલ્લા સમાચાર મુજબ એમની તબીયત બગડી રહી છે, અને લોહીની ઉલટીઓ પણ થાય છે. એટલે ગાંધી સપ્તાહના દિવસોમાં કેવળ હરિજન સંપર્કથી કે હરિજનોનાં સરઘસો મંદિરોમાં લઈ જવાથી હરિજનોનું કલ્યાણ થઇ જવાનું નથી; પરંતુ એમની દુર્દશાના મુખ્ય કારણરૂપ એમની આર્થિક સ્થિતિ સુધારાવામાં જ એમનું કલ્યાણ થવાનું છે, એમ સમજીએ. ભાઇ આત્મારામની ચોક્કસ માગણીઓ અંગે આપણી પાસે પૂરતી માહિતી નથી. પરંતુ હરિજનોની આર્થિક દશા જોતાં એમના પગાર વધારવાની માગણી કોઇરીતે અયોગ્ય તો નથી જ. સૌરાષ્ટ્ર સરકાર જો ગાંધીજીને પોતાના રાહબર તરીકે સ્વીકારતી હોય તો આજે સૌરાષ્ટ્રમાં અમલદારોના મોટા પગારો, મોટા અમલદારોની ઘણી મોટી સંખ્યા, તેમજ પ્રધાનો અને તેમના મંત્રીઓના હવાઇ જહાજોના વારંવારના પ્રવાસો અને પેટ્રોલના ધુમાડામાં ઘટાડો કરીને પણ હરિજનોના પગારો વધારવા જરૂરી છે, એમ કહેવું વધારે પડતું નથી.

ગાંધી જયન્તી નિમિતે ઘાટકોપરમાં હરિજન દિન ઉજવવામાં આવ્યો, અને હરિજનોનું એક સરઘસ ત્યાંના સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં લઇ જવામાં આવ્યું; અને ત્યાં બિરાજતાં મહાસતી શ્રી. ઉજ્જવલકુમારીજીએ તેમનું સ્વાગત કરી, હરિજનોને અપનાવવા જૈનોને ઉપદેશ આપ્યો, આ સમાચાર આનંદજનક છે, તેમ ત્યાંના સંઘના આગેવાન શ્રી. ચીમનલાલ પો. શાહ માટે અભિનંદનીય પણ છે. પરંતુ મહાસતીજી શ્રી. ઉજ્જવલકુમારીજી મહાત્મા ગાંધીજીનાં પ્રશંસક તેમ જ પ્રગતિશીલ વિચારનાં છે; અને શ્રી. ચીમનભાઇ પણ કોંગ્રેસી આગેવાન છે; એટલે આ બનાવ લેશ પણ આશ્ચર્યજનક નથી. વળી સ્થાનકવાસી ઉપાશ્રય તો કેવળ સભાગૃહ હોય છે. તેમાં કોઇ દેવ કે તિર્થંકરની મૂર્તિ હોતી નથી; એટલે જૂના વિચારના સ્થા. જૈનોએ આ સામે વાંધો લીધો ન હોય એ પણ સ્વાભાવિક છે. પરંતુ જૈનોમાં સાચી પ્રગતિશીલતા અને ગાંધીજી પ્રત્યેનો અનુરાગ તો ત્યારે જ ગણાય કે જ્યારે હરિજનોને જૈન મંદિરોમાં વિનાવિરોધે દાખલ થવા દેવામાં આવે; અને તેમનો કાયદેસરનો મંદિરપ્રવેશ અટકાવવાના ઉદ્દેશથી તેઓ 'જૈનો હિંદુ નથી' એ નવા સુત્રને અને નવા આંદોલનને છોડી દઇ પ્રભુ મહાવીરના સાચા માનવધર્મને અપનાવે.

ગાંધી જયન્તી હિંદુ મુસ્લીમોના સરઘસોથી કે હરિજનો સાથે સંપર્ક સાધ્યાથી જ યોગ્ય રીતે ઉજવી કહી શકાય નહિ; પરંતુ ગાંધીજીના માર્ગે ચાલ્યાથી જ સાચી રીતે ઉજવી ગણાશે એટલું સૌ લક્ષમાં રાખે.

## વેપારીઓનો રાષ્ટ્રદ્રોહ

આપણા દેશના નાનામોટા વેપારીઓએ ૩૦–૩૨ ની લડત વખતે હડતાળો વગેરે દ્વારા દેશહિતનાં કાર્યોમાં ઠીક સાથ આપેલો, તે બાદ કરીએ તો દેશસેવાના યજ્ઞમાં તેમને ખાતે જમા બાજુ ખૂબ નબળી છે., ૪૨ ની ક્રાન્તિ વખતે તો તેમણે પાછલે બારણેથી વેપાર કરવામાં કશી કચાસ રાખી નથી. અને ત્યાર પછી તો તેમણે સંગ્રહખોરી અને કાળાં બજાર મારફત જનતાને અન્ન–વસ્ત્રાદિ જીવન જરૂરીયાતોની બાબતમાં કૃત્રિમ તંગી ઉભી કરીને શક્ય તેટલી ચૂસવામાં બાકી રાખેલ નથી. આ સ્થિતિનું જાણે પુનરાવર્તન થતું હોય એમ ડોલર–રૂપિયાના દરમાં થએલા ફેરફારને કારણે તેમણે અમેરિકન–જાપાન ચીજોના ભાવો ખૂબ ઉંચે ચડાવી દીધા છે. આટલેથી બસ ન થતું હોય એમ દવા જેવી બિમારોને અનિવાર્ય થઇ પડેલી ચીજોમાં તો તેમણે આસ્માન સુધી ભાવો ચડાવી દીધા છે; એટલું જ નહિ પણ કેટલીક ખૂબ અગત્યની દવાઓ તો બજારમાંથી અદૃશ્ય જ થઇ ગઇ છે. ખાંડની વહેંચણીમાં થઇ ગએલી કેવળ અલ્પજીવી અવ્યવસ્થાને કારણે ખાંડના ભાવો પણ માઝા મૂકી ગયા અને બજારમાંથી અર્ધો રતલ ખાંડ મેળવવી પણ મુશ્કેલ બની ગઇ!

આપણા દેશના ઉદ્યોગપતિઓ અને મૂડીવાડીઓને તો હવે કહેવા જેવું શું રહ્યું છે? બંગભંગથી શરૂ થએલી સ્વદેશીની હિલચાલનો પૂરતો ગેરલાભ તેમણે ઉઠાવ્યો હતો. પછી લડાઇથી ઉભી થયેલી પરિસ્થિતિમાં તેમણે કરોડોનો નફો બાંધી લીધો. જનતાએ આ બધું મુંગે મોંએ સહન કરી લીધું. હવે તેઓ આઝાદી પછી પણ આઝાદીનો ગેરલાભ લેવા તૈયાર થયા છે. મૂડીની હડતાળ દ્વારા સરકારને સતાવે છે. પરદેશી મૂડીને દેશમાં પાથરીને તેમાંથી યે લાભ મેળવવાનું ધારે છે. ઉત્પાદન વધારવાને નામે સરકાર પાસેથી પોતાના હિતનાં કાર્યો કરાવી જાય છે અને તેમની આ ચાલાકીને છૂપાવવા માટે પ્રચારનાં સાધનો જેવાં લગભગ બધાં જ મોટાં અખબારોની માલીકી પણ તેમણે મેળવી લીધી છે. તેમના આ રાષ્ટ્રદ્રોહનું પરિણામ તેમણે બહુ ખરાબ રીતે ભોગવવું પડવાનું છે, એનો ખ્યાલ પણ કરવાની તેમને આજે ફુરસદ નથી. પરંતુ કાળ તેમનો કોળિયો કરી જ જવાનો છે; એટલે તેમને ઉદ્દેશીને બહુ કહેવાનું રહેતું નથી.

પરંતુ જે કહેવાનું છે, તે તો આપણા દેશનાં નાના મોટા વેપારીઓને, જેઓ આખરે તો મધ્યમ વર્ગના જ માનવીઓ છે, અને છતાં મધ્યમવર્ગને જ ચૂસવાનું કાર્ય કરી રહ્યા છે. તેમની દ્રષ્ટિ કેવળ અંગત જ થઇ પડી છે, અને પોતાને અંગત લાભ થાય એવાં જ કાર્યો તેઓ કરતા હોય છે, ત્યારે દેશની જનતાને પોતાનાં એ કાર્યોથી કેટલું સહન કરવું પડશે, એનો વિચાર તેઓ કરતા નથી. પૂરી એક દસકાની તેજી પછી કેવળ ચાર–છ માસની મંદી આવી ત્યારે તેમણે કાગારોળ કરી મૂકી હતી; અને છતાં જ્યારે ડોલર–રૂપિયાનો સંબંધ બદલ્યો, અથવા ખાંડની તંગી વરતાઇ, ત્યારે જનતાના ભોગે પણ એનો ગેરલાભ ઊઠાવવાનું તેઓ ચૂકયા નહિ. આ લોકો સરકારનું કામ ખૂબ જ મુશ્કેલ બનાવી દે છે; અને વળી પાછા સરકારની નિંદા કરવામાં પણ સામેલ થઇ જાય છે. તેઓ જ સરકારના હાથ નબળા કરે છે, અને પછી સરકારને નબળી હોવા માટે દોષારોપણ કરે છે. આ વલણ તેમને માટે છાજતું નથી. તેઓ મૂડીવાદને પગલે ચાલવા કોશીશ કરે છે અને તેમના રાષ્ટ્રદ્રોહમાં સામેલ બને છે; પરંતુ સમાજવાદ હિંદમાં જ નહિ, પણ જગતભરમાં પૂર વેગે આવી રહ્યો છે; અને જો તેઓ સમયસર ચેતશે નહિ, તો મૂડીવાદના નાશ સાથે તેમનો નાશ પણ સરજાઇ જશે, એટલું તેઓ યાદ રાખે.

જટુભાઈ

## —એ પૂજારી છે—

એ પૂજારી છે,
માનવતાનો, મૂર્તિનો નહિ;
એ વિનાશક છે,
કલા કે જીવનનો નહિ પરંતુ જડ રૂઢીઓનો;
એ વિદ્રોહ કરાવવા નથી માંગતો, ચાહે છે સંધિ;
ક્રાંતિ ચાહે છે, પરંતુ સુધારણા પુરતી.
એ કલ્પનામાં ઉડવા નથી માંગતો
પણ કાર્યને યથાર્થ રૂપમાં મુકવા માંગે છે.
એ નાશ ઇચ્છે છે,
જીવન અને ગતિનો નહિ પણ રૂઢી અને પરંપરાનો;
એ મૃત્યુને ભેટવા તૈયાર છે.

જીવનને ભાર રૂપ માની એનાથી છૂટકારો પામવા માટે નહિ પરંતુ સિધ્ધાંતો, સત્ય અને યુવાનીની આકાંક્ષાઓને સજીવન રાખવા.

નટવરલાલ શાહ

# જૈન કોમ અને પ્રાચીનતા–મોહ

'જૈન કોમ એ હિંદુ કોમનું જ એક અવિભક્ત અંગ છે,' એવી સ્પષ્ટ સરકારી જાહેરાત પછી કોઇ પણ ઠેકાણેથી ખાસ આંખે ચડે એવો પ્રત્યાઘાત ઊઠયો નથી એ બતાવે છે કે છેલ્લે છેલ્લે પણ ડાહી જૈન કોમે દૂરદર્શિતા બતાવી સમયને અનુકૂળ થવા જેટલું ડહાપણ બતાવ્યું છે. જો કે એથી કોઇને અસંતોષ નથી યા કોઇ વિરોધ પ્રદર્શિત કરવા ઇચ્છતું નથી એમ તો નથી જ, છતાં જે ઉગ્ર વિરોધનું વાતાવરણ જમાવવા પ્રયત્નો થયેલા એ દૃષ્ટિએ બતાવેલી શાંતિ પ્રશંસાપાત્ર છે જ.

જે પ્રશ્ન પર હવે પડદો પડે છે એ પ્રશ્ન ઉખેળવો ન્યાયસંગત નથી એટલે એ પ્રશ્ન બાજુએ રાખી જૈન ધર્મની પ્રાચીનતા સિદ્ધ કરવાના પ્રયત્નમાંથી વૈદિક પંડિતો સાથે પ્રગટેલી ચિનગારી હવે વહેલામાં વહેલી તકે બુઝાવી નાખવી એ વિચારવાની આપણી ફરજ બને છે.

આપણે વિચારવું જોઇએ કે ધર્મ ગમે તેટલો પ્રાચીન હોય એથી તેનો કોમની સાથે શો સંબંધ? આજનો કોઇ પણ વૈષ્ણવ વણિક જૈન ધર્મ સ્વીકારે એથી એની કોમ બદલાઇ જાય ખરી? ધર્મ બદલવાથી કોમ કે રાષ્ટ્ર બદલાય છે એ આજનું નૂતન તત્ત્વજ્ઞાન છે, જે બુદ્ધિમાં ઊતરી શકે એમ નથી, કારણકે એનાં કડવાં પરિણામોનો આપણને અનુભવ થઇ ચૂકયો છે.

જૈન ધર્મ વૈદિક ધર્મ કરતાં પ્રાચીન સિદ્ધ થઇ શકે તો પણ કોમને કશી જ અસર થઇ શકે એમ નથી, કારણ કે કોમ એ સંસ્કૃતિનું પરિણામ છે, જે જગતના ઉત્પત્તિકાળથી વહેતી આવી છે. ધર્મ એ તો અર્વાચીન વસ્તુ છે. દર્શનશાસ્ત્ર અને વિજ્ઞાન બન્નેનો આ માન્યતાને ટેકો છે. જૈન ધર્મનો ઇતિહાસ પણ આ જ વાત કરે છે. ૪૧ કોટાનકોટી સાગરોપમ જેટલા કાળ સુધી યુગલિક સંસ્કૃતિ પ્રવર્તતી હતી ત્યારે ધર્મનું અસ્તિત્વ નહોતું. ધર્મ તો કેવળ એક કોટાનકોટી સાગરોપમ કાળ જેટલી જ વયમર્યાદા બહુ બહુ તો બતાવી શકે.

જો કે પાછળથી ઉદ્‌ભવેલા ધર્મે સંસ્કૃતિઓ પર અસર કરી છે તેમજ સંસ્કૃતિઓએ પણ ધર્મના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવ્યો છે અને એથી કેટલીક વાર ધર્મ અને સંસ્કૃતિ એકાર્થવાચી શબ્દોરૂપે પણ વપરાય છે; છતાં ધર્મ અને સંસ્કૃતિ બન્ને ભિન્ન ભિન્ન વસ્તુઓ મટી જતી નથી. ધર્મ મુખ્યત્વે શાસ્ત્ર, દેવ, માન્યતા તેમ જ વિશિષ્ટ ક્રિયાકાંડનો વિષય છે, જ્યારે સંસ્કૃતિ સ્થાન, સંયોગ, પરિસ્થિતિ તેમ જ આબોહવા ઉપરાંત અન્ય સમાજોના સહવાસ અને સંઘર્ષમાંથી ઊપજતી આત્મરક્ષણ કે પરાજયની વૃત્તિમાંથી ઘડાયેલી વિશિષ્ટ જીવનપદ્ધતિ છે. ખાનપાન, ભાષા, લિપિ, પોષાક, રીતરિવાજ, સ્વભાવ, ટેવ અને અમુક ઢબે ઢળેલી જીવનની ઘરેડ એ પણ એનું પરિણામ છે. જોકે કોઇ વિશિષ્ટ સંસ્કૃતિના નાનામોટા અવાંતર ભેદો પડી શકે છે પણ એથી મૂળ સંસ્કૃતિના હાર્દને વાંધો આવતો નથી. આમ સમાન સંસ્કૃતિ ધરાવતી પ્રજાનો સમુહ કોમ બને છે જ્યારે સમાન ધર્મ ધરાવતી ટોળી સંપ્રદાય બને છે.

કોમ અને ધર્મ આમ ભિન્ન હોવાને કારણે જ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યા છતાં હિંદ બહારની પ્રજાએ પોતાની પ્રાચીન સંસ્કૃતિ તજી નથી. જો કે હિંદમાં મુસ્લીમોએ અરબ–ભારતીય સંસ્કૃતિનો ખીચડો ઊભો કર્યો છે છતાં ચીની મુસ્લીમોએ ચીની સંસ્કૃતિ છોડી નથી; એથી ઊલટું તુર્કસ્તાને ધર્મ જાળવ્યો છે પણ સંસ્કૃતિ ફગાવી દીધી છે.

આ દૃષ્ટિબિંદુથી વિચારતાં આપણે જૈનો તથા વૈદિકોની સંસ્કૃતિ એક જ છે; જો કે ધર્મની બાબતમાં આપણો ધર્મ વિશિષ્ટ સ્થાન ધરાવતો અવૈદિક શ્રમણ ધર્મ છે. અને હિંદુધર્મનો અર્થ વૈદિક–બ્રાહ્મણ ધર્મ થતો હોય તો આપણને એનો વિરોધ કરવાનો સંપૂર્ણ હક છે; પણ હું માનું છું કે સરકારે 'હિન્દુ' શબ્દ 'આર્ય' શબ્દના રૂપાંતર રૂપે વાપર્યો હશે.

આમ છતાંય કેટલાય પંડિતોને સરકારની આ નીતિ પસંદ પડી નથી; એમને દુઃખ પણ થયું હશે, પણ એમણે વિચારવું જોઇએ કે જ્યાંસુધી આપણે હિંદુઓ તો ઠીક પણ જ્યાં હાડોહાડ વૈદિક જ બની રહ્યા છીએ ત્યાંસુધી આપણું દૃષ્ટિબિંદુ આપણે સરકારને ગળે કેવી રીતે ઉતરાવી શકીએ? વર્ણવ્યવસ્થા, સ્પૃશ્યાસ્પૃશ્યતા, ઉચ્ચનીચતા, વૈદિક લગ્નવિધિ, બ્રાહ્મણોની ઉપયોગિતા, દેવને શૃંગારી બનાવવા જેવું અંધવૈષ્ણવી અનુકરણ તેમ જ પ્રતિષ્ઠાદિ મુહૂર્ત સમયે વૈદિક ઢબે કરવામાં આવતી હોમહવનાદિ જેવી ક્રિયાઓ–આપણે કેટલાં હાડોહાડ વૈદિક બની રહ્યા છીએ એનો દૃઢ પુરાવો રજુ કરે છે. "જૈન સ્વતંત્ર કોમ છે તો પછી અંદરોઅંદર રોટીબેટીનો વ્યવહાર કરવાને બદલે તેમની દૃષ્ટિએ પરધર્મી ગણાતા હિંદુ ધર્મની કોમો સાથેનો સબંધ શા માટે છોડી શકતા નથી," એનો જવાબ આપણે આપી શકયા નથી; આપી શકાય એમ પણ નથી. એથી જ્યાંસુધી આપણે શીખોની જેમ સ્વતંત્ર સંસ્કૃતિ નિર્માણ કરવા આંતરસુધારણા ન કરી શકીએ ત્યાં સુધી આપણે સ્વતંત્ર જૈન કોમ હોવાનો દાવો ન જ કરી શકીએ. એથી સરકારી જાહેરાત આપણને નાલેશીભર્યો પરાજય આપતી નથી પણ આપણને નવસુધારણા માટે જાગૃત થવાની ચીમકી આપે છે. એથી આપણે જૈન ધર્મની પ્રાચીનતા દ્વારા સ્વતંત્ર કોમ ઊભી કરવાને બદલે આંતર સુધારા દ્વારા જ એ સિધ્ધિ સરળ રીતે પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ. બાકી ત્યાંસુધી ધર્મની પ્રાચીનતા, સર્વશ્રેષ્ઠતા કે અપૌરૂષેયતા સિદ્ધ કરવાથી ધર્મની મહત્તા વધી શકે એમ નથી; ધર્મની મહત્તા તો કેવળ આપણા આચરણ દ્વારા જ સિધ્ધ કરી શકાય, કારણકે ધર્મનું સ્થાન–ચોકકસ ધર્મગ્રંથમાં નથી પણ માનવહૃદયમાં રહેલું છે.

જૈન તેમ જ વૈદિક બન્ને પંડિતોએ સમજવું જોઇએ કે પ્રાચીનતાનો મોહ એ રોગ છે. ૭૦ વર્ષના ડોસાની અપેક્ષાએ નાનું તંદુરસ્ત બચ્ચું જ પ્રિય લાગે છે, કાં તો ઊછળતી યુવાની મોહક લાગે છે. ગાડું મોટરનો પ્રપિતામહ હોવા છતાં કોઇ એની સામે જોતું નથી; જ્યારે અર્વાચીન મોટર પાછળ જગત ગાંડું બની દોડે છે. જુનાની અપેક્ષાએ નૂતન ધર્મ આવકારદાયક બને છે. સત્ય કચડાય છે અને ગંદકી બદબો મારે છે ત્યારે જ સત્ય અવતરિત થાય છે. જેટલું જૂનું વધારે તેટલું એ સડેલું હોવાનો સંભવ વિશેષ. એક ધર્મ વિકૃત બને છે ત્યારે જ સુધારારૂપે નવો ધર્મ પ્રગટી આવે છે. એથી પ્રાચીનતાનો મોહ એ પોતાના જ ધર્મની વગોવણી કરાવવા જેવો ઉપહાસ થઇ પડે છે. મુદ્દાનો સવાલ એ છે કે વાગ્યુધ્ધો કરતાં જીવનની શુધ્ધિ એ જ ધર્મની શ્રેષ્ઠતાનો સુંદર જવાબ છે.

એક વાત એ પણ વિચારવાની છે કે પ્રાચીનતા શાથી પ્રિય લાગે છે? ગૌરવવૃધ્ધિ માટે? તો તો વૈદિક ધર્મ પર અહિંસા અને ત્યાગની, સમતા અને સમાનતાની જબ્બર છાપ પાડી મહાન સુધારક ધર્મનું બિરૂદ મેળવવા માટે જૈન ધર્મને શું કમ ગૌરવ પ્રાપ્ત થાય એમ છે?

એથી ઊલટું જૈનધર્મને પ્રાચીન મનાવવાથી વેદધર્મની સાથે આવેલી અસ્પૃશ્યતા, વર્ણભેદ અને યજ્ઞ હિંસા જેવી પધ્ધતિઓ સુધારારૂપે મનાઇ જૈનધર્મની મૌલિકતાને ધોઇ નાખતી નથી? ધર્મનું ગૌરવ અને તેના તત્ત્વોની મૌલિકતા બન્ને પર આથી જબ્બર પ્રહાર પડતો નથી?

પથારીએ પડયા પડયા ભૂતકાળનું ગૌરવગાતા બુઢ્ઢાની આજે દેશને કે દુનિયાને જરૂર નથી–જરૂર છે આજે દુનિયાના ગહન પ્રશ્નોના કોયડો ઉકેલવા મથતા અને વિશ્વવિગ્રહમાં ઘૂમી વિજય સિધ્ધિ મેળવી આપતા તાજગીભર્યા યુવાનોની.

પિતા ગમે તેટલો બુઢ્ઢો હોય છતાં એના મૃતદેહને માનપૂર્વક જલાવી દેવામાં જ એની ભકિત સમાયેલી છે, નહિ કે આખો મહોલ્લો બદબોથી ગંધાઇ ઊઠે ત્યાંલગી એના મુડદાને સાચવી રાખવામાં.

આજે જ્યારે દરેક ધર્મોનું નવસંશોધન થઇ રહ્યું છે અને ધર્મ માત્ર વચ્ચે સળંગ સૂત્રરૂપે વહેતા પરમ સત્યને સમજવાની વૃત્તિ જગતમાં વધી રહી છે ત્યારે મધ્ય યુગને યાદ આપતા આવા ધર્મકલહો આજે બેસુરા લાગે છે.

મુડદાને સજાવવાથી કે કાયાકલ્પ જેવા પ્રયોગોથી ડચકા ખાતા ડોસાને ઢસરડા કરવા જેવો જીવતો રાખવાથી એ જનતામાં નવપ્રાણ નહિ ફુંકી શકે; ઊલટો એનો બોજ આપણે ઢસરડવાનો રહેશે. આજે તો એ તાજગીભર્યાં નવબાળકરૂપે પૂનર્જન્મ પામે એમાં જ આપણું–જગતનું હિત સમાયેલું છે.

**રતિલાલ મફાભાઇ શાહ**

## શ્રી. ધૈર્યબાળા પારેખને શુભ વિદાય

એક વિદ્યાર્થિની તરીકે એમ. એ. સુધીની અત્યન્ત ઉજજવળ કારકીર્દિ પૂરી કરીને ભાવનગરની શામળદાસ કોલેજમાં જેઓ છેલ્લા બે વર્ષથી એક અધ્યાપિકા તરીકે કામ કરતાં હતાં અને અર્થશાસ્ત્ર જેવા ગહન વિષયમાં બી. એ. તથા એમ. એ. ના વિદ્યાર્થીઓને તાલીમ આપતાં હતાં તેવાં બહેન શ્રી. ધૈર્યબળા પારેખ વિશિષ્ટ અભ્યાસ માટે તા. ૩૧–૮–૪૯ ના રોજ અમેરિકા જઇ રહ્યાં હતાં તેમને શુભ વિદાય ઇચ્છવા માટે તા. ૩૦–૮–૪૯ ના રોજ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તથા શ્રી. વલ્લભદાસ ફુલચંદ મહેતા તરફથી શ્રી. હીરાલાલ મંછાચંદ શાહના પ્રમુખપણા નીચે એક સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બહેન ધૈર્યબાળાને હાજર રહેલા વડીલો ને પ્રશંસકો તથા મિત્રો તરફથી બહુ ભાવભરી અંજલિ આપવામાં આવી હતી અને તેનો બહેન ધૈર્યબાળાએ એક પ્રતિભાપૂર્ણ ઉત્તર આપ્યો હતો. બીજી અનેક બાબતોનો ઉલ્લેખ કરવા સાથે તેમણે જણાવ્યું હતું કે, અર્થશાસ્ત્રમાં નિપુણતા ધરાવનાર આપણા દેશમાં આજે અનેક વ્યકિતઓ છે, પણ તેમાંના ઘણા ખરા અર્થશાસ્ત્રની ઉપાસના છોડીને કાંતો સરકારી વિશિષ્ટ અધિકારો તરફ અથવા તો ધંધા ઉદ્યોગ તરફ ખેંચાઇ જાય છે અને અર્થશાસ્ત્રના ચાલુ સંશોધન પાછળ જવાનો કોઇ વિચાર કરતું નથી. પરિણામે આવા અભ્યાસીઓ અને સંશોધકોની કોઇ પરંપરા આપણે ત્યાં ઊભી થતી નથી. અમેરિકામાં કરવા ધારેલ અભ્યાસ પૂરો કરીને અહીં હું પાછી આવું ત્યારે અહીંના મારા પોતાના અંગત સંયોગો કેવા હશે તે તો આજ કહી શકાય તેમ નથી. પણ હું અને મારા જે મિત્રો મારી સાથે અભ્યાસાર્થે અમેરિકા આવી રહ્યા છે તેમના દિલમાં મેં જણાવી તેવી અર્થશાસ્ત્રીના જીવનભરના અભ્યાસીઓની પરંપરા ઊભી કરવાનો મનોરથ છે. અહીં પાછા આવીને કોઇ પણ સરકારી અધિકાર શોધવાને બદલે આ દિશાએ કામ કરવાની હું અભિલાષા ધરાવું છું. આવા ઉદાત આશય અને મનોરથપૂર્વક વિશિષ્ટ અભ્યાસાર્થે અમેરિકા જતાં બહેન પોતાની ધારણા મુજબનું કાર્ય સિદ્ધ કરીને અહીં સત્વર પાછા ફરે અને તેમની કલ્પના મુજબનું કાર્ય તેમને અહીં આવ્યા બાદ મળી રહે એમ આપણે જરૂર ઇચ્છીએ અને પ્રાર્થના કરીએ. **પરમાનંદ**

# સંઘની પ્રવૃત્તિઓને મળેલું આર્થિક સીંચન

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચાલતિ વિવિધ પ્રવૃત્તિઓને પર્યુષણ દરમિયાન મળેલી આર્થિક મદદની યાદી નીચે આપવામાં આવે છે અને આ રીતે મદદ આપનાર ભાઇ–બહેનોનો આભાર માનવામાં આવે છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય–પુસ્તકાલય તથા પ્રબુધ્ધ જૈનને સંયુકત ભેટ

| | | |
|---|---|---|
| ૨૦૧) શ્રી. સારાભાઇ પોપટલાલના સ્મરણાર્થે | ૫૦) ,, બોમ્બે ટૂલ્સ સપ્લાઇંગ કું. | ૨૫) ,, રમણલાલ લાલભાઇ |
| ૨૦૦) ,, નથુભાઇ નેમીદાસ પારેખ. | ૫૦) ,, લીલાધર પાસુ | ૨૫) ,, પાસુભાઇ ખીપસી કુરીયા. |
| ૨૦૦) ,, ચીમનલાલ. પી. શાહ | ૫૦) ,, મેઘજી હીરજી | ૨૫) ,, મણીબહેન શીવલાલ |
| ૧૦૦) ,, ચીમનલાલ વર્ધમાન | ૫૦) ,, પી. રતીલાલની કું. | ૨૫) ,, પ્રભાવતીબહેન નાથાલાલ પરીખ |
| ૧૦૦) ,, લખમસી ઘેલાભાઇ | ૫૦) ડો. ચીમનલાલ શ્રોફ | ૨૫) ,, ઝવેરી બહેન નથુભાઇ પારેખ |
| ૧૦૦) ,, વીરચંદ પાનાચંદની કું. | ૫૦) ડો. અમીચંદ શાહ, સુરત | ૨૫) ,, વલ્લભજી હીરજી |
| ૧૦૦) ,, વલ્લભદાસ ફુલચંદ મહેતા. | ૫૦) શ્રી. પ્રેમચંદ વેલજી મહેતા | ૨૫) ,, સુનિલાલ કલ્યાણજી કામદાર |
| ૧૦૦) ,, કાંતિલાલ ભોગીલાલની કું. | ૨૫) ,, ગોવિંદજી ભાગમલની કું. | ——— |
| ૫૦) ,, નાનચંદભાઇ શામજી | ૨૫) ,, ખુશાલદાસ દામજીની કું. | ૧૭૨૬ |

## વ્યાખ્યાનમાળા

| | | |
|---|---|---|
| ૨૦૦) શ્રી. ચંદુલાલ મોહનલાલ ઝવેરી | ૫૦) ,, મણીલાલ હીરાલાલ શાહ. | ૧૦) ,, મોહનલાલ રતનચંદ પારેખ |
| ૧૦૦) ,, નથુભાઇ નેમીદાસ પારેખ | ૫૦) ,, મોંઘી બહેન હીરાલાલ | ૧૦) ,, સ્વ. ડાહ્યાભાઇ લલચંદ પાટણવાળા |
| ૧૦૦ ,, ભોળાભાઇ જેસિંગભાઇ | ૨૫) શ્રી હીમતલાલ કે. મણીઆર | ૬) શ્રી. અરવીંદ ચંપકલાલ |
| ૧૦૦ ,, જમકુઆબાઇ ભવાનજી રજાણ | ૨૫) ,, હીમતલાલ એમ–શાહ | ૫) ,, કાંતિલાલ ઝવેરચંદ ગાંધી |
| ૫૧) ,, રમણલાલ લાલભાઇ | ૨૫) ,, મણીલાલ. ચીમનલાલ | ૫) ,, લાલચંદ નાગરદાસ |
| ૫૧) ,, ગાંગજી જીવરાજ | ૧૦) ,, દીપચંદ કેસરીમલ | ——— |
| ૫૦) ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી | ૧૦) ,, લાલભાઇ કેવળદાસ | ૮૮૩) |

| માવજત | | સંઘને ભેટ |
|---|---|---|
| ૫૧) શ્રી. કે. કે. સંઘવી | ૨૦) શ્રી ચંદનબહેન ડાહ્યાભાઇ, | ૧૧૫) બહેનોએ થેલીમાં એકઠા કરેલા. |
| ૫૦) એક સદગૃહસ્થ તરફથી. | ——— | ૧૦૦) **શ્રી દીપચંદ એન્ડ કું. તરફથી** |
| ૨૦) શ્રી રમણલાલ પી. શાહ | ૧૩૧) | **બધાખાતામાં પચીશ પચીશ.** |

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર. રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૧૨

મુંબઈ : ૧૫ અકટોબર ૧૯૪૯ શનીવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## સર્વોદય

[ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કાકાસાહેબ કાલેલકરે આપેલું વ્યાખ્યાન સંગ્રાહક : શ્રી. ભોગીલાલ ડગલી ]

ગાંધીજીએ પોતે પણ નવા શબ્દો તૈયાર કર્યા હતા: સત્યાગ્રહ, સર્વોદય અને અનાસક્તિ. આ શબ્દોના તેઓ નિર્માતા છે, જન્મદાતા છે. તેઓ દક્ષિણ આફ્રિકાથી આવ્યા ત્યારે સત્યાગ્રહનો નાદ જગાવ્યો. દક્ષિણ આફ્રિકાએ સત્યાગ્રહ અને સર્વોદય શબ્દનું ઉદ્દભવસ્થાન છે. આ બે વસ્તુનું મનન કરવું જોઇએ. સર્વોદયની વ્યુત્પત્તિ તપાસીએ. સર્વ શબ્દ અગત્યનો છે. એક નહિ પરંતુ બધા વર્ગનો ઉદય એવી વૃત્તિ તે સર્વોદય, એટલે સર્વ કલ્યાણની ભાવના. એ સમજવા માટે આપણે ઇતિહાસ તપાસવો પડશે. સર્વોદય કલ્યાણકારી છે. જેનામાં એ ભાવના ન હોય તે મહાન ન થઇ શકે. સમજપૂર્વક આચરણ નહિ થાય તો એ જોખમકારક છે. તેનાથી અનિષ્ટ પેદા થાય માટે એ દૂર કરવા સર્વોદયની ઉત્પત્તિનો ઇતિહાસ તપાસવો જરૂરી છે. આ સિદ્ધાંત જન્માવનાર રસ્કીન હતો. જગતની પ્રજાએ તેનાં Unto the Last પુસ્તકનો વિરોધ કર્યો. પરંતુ એણે કહ્યું કે મેં આ પુસ્તક કરતાં બીજી સદૃષ્ટ ચોપડી લખી જ નથી, અને તેનાં શબ્દો પોતે ફેરવી નહિ શકે. એવો એનો આગ્રહ હતો. ગાંધીજીએ તે પુસ્તકની કલ્પનાનો સાર કાઢયો, પશ્ચિમનાં દેશોની વિચાર કલ્પના આ બાબતમાં શુદ્ર છે. સર્વોદયની ભાવના વધારેમાં વધારે કાળ પર્યંત પહોંચવાનો માનવીનો આદર્શ હોઇ શકે. ગાંધીજી કહે છે કે નાસ્તિકતા એ પાપ છે. તેમાં સુધારો કરીશું એ તો આપણી નબળાઇ છે. ત્યારે ન્યાય એ ન્યાયનું સ્વરૂપ નહિ રહે. વધારે લોકોનું યુદ્ધ થતું હોય ત્યાં થોડા બેસી રહી ન શકે. એ દૃષ્ટિ દૂર કરવી પડશે. કોઇપણ જાતની અપવાદની ખેવના રાખ્યા સીવાય બધાનું હિત થાય, બધાનો ઉદય થાય, ઉત્કર્ષ વધે અને સામાજીક આદર્શ જળવાય એ જ ધર્મ કલ્યાણકારી છે.

સર્વોદયને જાળવવા માટે કોઇ પણ જાતનો અધર્મ, દુષ્કૃત્યો કે ઇર્ષા કરવી ન જોઇએ. સત્ય વસ્તુ સમજવી જોઇએ. પાપી-અધમ-દુરાચારી કે વ્યભીચારી પ્રત્યે રોષ ન દેખાડીએ. તેને સુધારવા પ્રયત્ન કરીએ. અધમોને અહિંસક બનાવીએ. સત્યાગ્રહ એ સર્વોદયની સાધના છે. તે સર્વોદયનો આદર્શ છે.

આજે જીવનું સાર્થક કરવાની દૃષ્ટિએ-પરોક્ષ રીતે આ લોકનાં ધર્મ કરતાં પરલોકનાં ધર્મમાં વધુ માને છે. પરંતુ તેમાં વિરોધ ન હોઇ શકે. મૃત્યુ પછીનું જીવન મોટું છે. જેમ રાત્રીના અંધકારે સૂઇને પ્રકાશનાં પ્રભાતે ઉઠીએ છીએ એ રીતે મૃત્યુનાં અંધકાર પછી ભાવી પ્રકાશમય જીવન હોય જ. સદ્ચારિત્ર્યને પ્રકાશ જરૂરી છે. આપણે મૃત્યુથી વિભક્ત નથી. આ લોક અને પરલોકમાં ફરક નથી. માણસ રોગી હોય, કામી હોય, વ્યવહારૂ હોય તેને આ લોકની ચીન્તા કરવી ઘટે. પરલોકની ચીન્તા કરવી ન ઘટે. પરમાર્થ કરવો એ મોક્ષની દૃષ્ટિએ નહિ-આત્માનાં ઉત્કર્ષ દ્વારા માનવતાનો ઉત્કર્ષ છે એ દૃષ્ટિએ વિચારો. ઉપનિષદ્, ગીતા, ધમ્મપદ, તેમ જ જૈન ધર્મના પુસ્તકો જોઇએ. ખ્રીસ્તીધર્મ જોઇએ, તેમાં પણ વ્યક્તિગત મોક્ષની દૃષ્ટિ ઉપયોગી છે. વ્યવહારમાં, ઉત્કર્ષ માટે ઉપયોગી નથી. એ દૃષ્ટિનો વિચાર કરીએ. સત્ય અને માનવતા કેળવો. પ્રથમ સ્થાન સત્યને આપો. સામાન્યતઃ માનવતા સત્ય વગર ટકી ન શકે. દુનિયાનું આજે ચાલતું તંત્ર આ દશનો વચ્ચે ઝોલે ચડયું છે. આપસમાં અવિશ્વાસની દૃષ્ટિ ચાલી ન શકે. નાની વ્યવહાર બાબતોમાં પણ વિશ્વાસ વિના ચાલવાનું નથી. વિશ્વાસની તૈયારી હોય તો જ સત્યપ્રિય વ્યવહાર ચાલી શકશે. તે વગર પાપ-પુણ્ય સંભવિત નથી. ઉપનિષદ્ કહે છે કે, આ પ્રજાનું સામાજીક જીવન છે. એમ સમજાય છે. તેથી મૂળ પ્રતિષ્ઠા બધી સત્ય ઉપર અવલંબે છે. જે સમાજ ક્ષીણ થાય છે, અલ્પ થાય છે, બીજા ઉપર અવિશ્વાસ રાખે છે, વિવેકની નજરે જોતો નથી એ વધુ નાશ પામે છે. અંગ્રેજો હિંદમાં આવ્યાં, તેમણે આપણને મુક્તિ માટે વચનો આપ્યા અને તેને તોડયા. ફરી પાછા એથી મોટા વચનો આપ્યા તે પણ પાળ્યા નહિ. જેથી લોકોમાં તેઓ પ્રત્યે નફરત પેદા થઇ. લુચ્ચાઇ એ તેમનો વિષય થયો. તેની પાછળ રાજનીતિ છે ખરી. અત્યારે તો તેઓ નાસી ગયા છે. પરંતુ તેમનાં ખરાબ ચારિત્ર્યનો વારસો આપણને આપી ગયા છે. જે એકબીજા પ્રત્યે આપણે વહેમની દ્રષ્ટિથી જોઇ રહ્યા છીએ. એમાં મલિનતાનો ભાવ છે. તેની સૌ શુદ્ધિ કરે; તેમ જ તેની સમાજમાં શુધ્ધિ કરવી જોઇએ.

વેપારીને મન ગ્રાહક લુચ્ચો છે અને ગ્રાહકને મન વેપારી લુંટવા બેઠો છે. એકબીજા પ્રત્યે આવા ભાવો આપણામાં પેદા થયાં છે. સામાની નિન્દા કરવી એવી આપણી વૃત્તિ થઇ ગઇ છે. બધાને આપણે સારાં કહીએ તો દુર્જનોને એથી તક મળે છે. ખરાબ કહો તો સારાને લાંછન લાગે છે. પરંતુ સારાને સારા અને ખરાબને ખરાબ એમ કહીએ તો કોણ સારૂં અને ખરાબ? એવી રીતે ઝગડવાની દુર્જનોને તક મળે છે. સજ્જનો બધા સારા એમ કહેવું એ પણ સત્યનો દ્રોહ છે. આપણે શંકા અને નિરાશા વચ્ચે ઉકેલ લાવવા પ્રયત્ન કરીએ છીએ, સદ્ગુણને પીછાનતા નથી. સર્વોદયનો આદર્શ હોય તે જ સારા કહી શકાય. આમાં એક અપવાદ છે. એ ગાંધીજીનાં વખતથી ચાલ્યો આવે છે. પોતાનાંથી હલકી જાતને વગોવવાનો આરોપ છે. એમ કહી દાબી દઇએ છીએ. ધ્યાનમાં રાખવું જોઇએ કે અસત્યનું આચરણ ન કરવું જોઇએ, એકબીજા ઉપર આરોપ ન કરવો જોઇએ. સદાચારનો અર્થ બધાનું હિત સારી રીતે જળવાય એવો હોવો જોઇએ. એ માટે પ્રયત્ન કરવો જોઇએ. તેમાં શ્રધ્ધા કેળવવી જોઇએ, આજે દુનિયાને અહિંસા ઉપર વિશ્વાસ નથી રહયો. લોકોની હિંસા માટે તૈયારી છે, પરંતુ એવા હલકા પુરૂષાર્થથી વિનાશ થશે.

સદાચારીઓ એ રસ્તે દોરાશે તો તેમનો પુરૂષાર્થ ઓસરી જશે. શૂર ચાલ્યું જશે. બૂરાની સાથે ભલો પણ મરે છે, હિંમતવાન પણ મરે છે. હિંસાનો માર્ગ સર્વવિનાશ નોતરે છે. આખી દુનિયાની નજર હિંદની અહિંસાની રાજનીતિ ઉપર ઠરી છે. હિંદની અહિંસામાં રાજકીય પુરૂષોને વીશ્વાસ બેઠો છે. સાથોસાથ અનુભવીઓ-ડાહ્યાઓ અને પ્રજા તેનું મૂલ્યાંકન કરતી થઇ છે. ફક્ત અહિંસાની વાતોથી સર્વોદયની ભાવના નહિ કહેવાય. સર્વોદયની દૃષ્ટિ રાખવી હોય તો કૂડકપટ અને છાનો પ્રપંચ- વ્યવહાર બંધ કરો. બીજાને છેતરવાની વાત છે તે અસભ્ય છે—સત્ય, અહિંસાને જીવનમાં આચરણમાં ઉતારીએ. અસત્ય અને હિંસાખોરીને વળગી રહેશું તો આવતા ત્રીશ વર્ષમાં જ આઝાદી ગુમાવી દેશું.

ત્યાર પછીની સાધના છે તે અસ્તેય અને અપરિગ્રહ. જરૂર કરતાં વધુ સંગ્રહ કરવો એ પરિગ્રહ. પૂર્વે અનાજની હાડમારી ન હતી. અત્યારે આપણે બીજાઓ ઉપર આધાર રાખવો પડે છે. અત્યારે વધુ અન્ન તૈયાર કરો. આપણી મહેનત ઉપર જ જીવો. સંગ્રહ કરીશું તો આપણે સર્વોદયની ભાવનામાં આગળ વધવાના નથી. આપણી જરૂરીયાત જેટલું તૈયાર કરીએ. પહેલાંના જમાનાનાં હિંદમાં પોતાની પ્રજા પૂરતું જ નહિ પરંતુ પરદેશોને પણ પુરૂં થઇ રહે એટલું અન્ન ઉત્પન્ન થતું. આજે આપણે સ્વદેશીનો દ્રોહ કર્યો છે. અન્ન માટે પરદેશ ઉપર આધાર રાખવો પડે છે. તેની ખુશામત કરવી પડે છે. તે જે આપે છે તેમાં ચલાવી લેવું પડે છે. માણસ ભૂખ કરતાં વધુ ખાય છે તે ખાઉધરો છે. તે સ્વર્ગમાંથી ઉતરી નરકમાં જાય છે. પોતે પ્રયત્નથી મેળવેલું જરૂર જેટલું ખાવું. વધુ અન્ન પેદા કરવું. એ વસ્તુ અશોકે સમજાવી હતી. સંગ્રહ ઓછો કરવો. ખર્ચમાં કરકસર કરવી, એથી અસ્તેય અને અપરિગ્રહનું પાલન કર્યું કહેવાય. અપરિગ્રહનું પાલન કરવું જોઇએ. તો જ સર્વોદય જાળવી શકાય. સત્ય—અહિંસા અસ્તેય અને અપરિગ્રહ એ ચારેયની આપણને જરૂર છે. હવે બ્રહ્મચર્ય વિષે કહું. ગીતાજીમાં ૧૬મા અધ્યાયમાં બ્રહ્મચર્યના ૨૬ ગુણો વર્ણવ્યા છે. જો પવિત્ર ભાવ રાખીએ, શુદ્ધ થઇએ, તો જ મોક્ષ મેળવી શકીશું. સમાજમાં કામવિકાર વિનાના સત્યનિષ્ઠાનાં સંબંધો ઉત્તમ રીતે જળવાવા જોઇએ. સત્યનાં બે પાસાં છે, બ્રહ્મચર્ય અને સત્યનિષ્ઠા આવશ્યક છે. સર્વોદયની અંદર ઉંચનીચના ભાવને સ્થાન ન હોય-ભાઇઓ વચ્ચે ભેદ ન હોય.

આપણે હરિજનોને અસ્પૃશ્ય ન રાખીએ. ગાંધીજીએ આપણને Do or die નો સિધ્ધાંત આપ્યો. ધનવાન માણસ સારી સંસ્થામાં સુપાત્રદાન આપી પોતાનું કર્તવ્ય બજાવે. અશ્રધ્ધા અને અવિશ્વાસનું વાતાવરણ જામ્યું છે. કોઈ કાળે આપણને અન્યમાં વિશ્વાસ બેસતો નથી. અવિશ્વાસ નાસ્તિકતા છે. એથી સમાજ ઉપર બૂરી અસર થાય છે. આપણે નિર્ભય રહીને સર્વોદયની સ્થાપના કરીએ. તેનું પાલન કરીએ. કાયર બન્યા છીએ તેને બદલે વીર બનીએ. સત્યદ્રોહ નહિ કરીએ. વર્ણ, વંશ જાતિ. વિ. ના ખ્યાલો દૂર કરીશું. આજે વર્ગો વધી પડ્યા છે. પહેલાં ચાતુર્જાત હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવી વર્ણવ્યવસ્થા હતી. આજે તો અનેક નાત-જાતો વધી પડી છે. જૈન અને બૌધ ધર્મમાં ચાતુર્વર્ગોને સ્થાન છે જ નહિ. છતાં આપણે સવર્ણો અસ્પૃશ્યતા-નિવારણ કરી શક્યા નથી. આપણે આપણી જાતનો પ્રથમ સર્વાંગી વિકાસ સાધીશું તો જ દુનિયાનો વિકાસ કરી શકીશું. સવર્ણોનાં હલકા કાર્યોમાં હમેશાં દબાયેલાં-કચડાયેલાં હરીજનોનો ઉધ્ધાર કરીશું, ત્યારે જ સર્વોદયની તૈયારી કરી ગણાશે. તેનો અમલ કરવા રચનાત્મક કાર્યક્રમ કરીએ, ખાદીસંસ્થાને મહત્વ આપીએ. એ દ્વારા દરિદ્રનારાયણની સેવા કરી શકીશું. માનવી માત્રનું બાહ્ય અને આંતરિક શુધ્ધિકરણ કરવું, ગામડાંને સુધારવા એ રીતે રચનાત્મક પ્રવૃત્તિ કરવાની છે. સર્વોદય સેવાસંઘની આવી પ્રવૃતિ છે. આ ધર્મની જ ભાવના માત્ર નથી, આ બધા પાસા ઉપર ગાંધીજીનાં સર્વોદયનો વિકાસ કરીએ. એમનાં આદર્શ અને વિચારને અપનાવીએ. એ વિચારો સર્વોદય સમાજની પ્રવૃત્તિને આગળ લઇ જશે.

હિંદભરમાં જ નહિ પરંતુ આફ્રિકા વિ. દેશોમાં આપણા ભાઇઓ નફો મેળવવા માટે ગયા છે. તેમણે ત્યાંની પરિસ્થિતિ સાથે મળી જવું જોઇએ. તેઓનો ધર્મ છે કે, ત્યાંની ભાષા, લોકો, જાતિ અલગ છે છતાં તેઓએ ભાઇચારાથી જીવવું જોઇએ. આ રીતે સૌ કોઇ વર્તે તો સર્વોદયની સિધ્ધિ વડે વિશ્વને તૈયાર કરી શકીએ. કોઇને હેરાન ન કરીએ. અભણને કેળવણી આપીએ, એ દ્વારા સેવા કરીએ. હિંદે આવા પ્રચારકો અને સેવકોની મોટી સંખ્યા નિર્માણ કરવાની છે. હજુ કરવાનું ઘણું બાકી છે. કાયદાએ અસ્પૃશ્યતાનિવારણમાં થોડી મદદ કરી છે. આજે આદિવાસીઓની સેવા કરવાની જરૂર છે. તે લોકો અજ્ઞાન છે. જીવનમાં હારેલા છે. પછાત છે. તેને હેરાન કર્યાનું પાપ આપણને નડવાનું છે. અહિં ભેગા થનારા ઘણા આવે છે, શાન્તિથી સાંભળે છે. જુવાનો ઘણા આદિવાસીઓની વાતો કરે છે, પરંતુ તેમની સેવા માટે જીવન આપવા તૈયાર થાવ, તેમને સંસ્કાર અર્પવા કટિબધ્ધ બનો, તેથી ધર્મ અને પુણ્યની મૂડી કમાશો. આ પ્રશ્ન યુવાનો ઉપર છોડું છું. આદિવાસીઓ પાસે ખેતી પણ નથી. જંગલોની ઝુંડોમાં અજ્ઞાન રીતે વસે છે. તેમની સેવા કરવા મુંબઇથી હજી એક પણ તૈયાર થયો નહિ. સેવા કરવાની વાતો ઘણી મોટી મોટી કરે છે. તેમને કેળવવાની આજે આવશ્યકતા છે, તૈયાર થાવ.

જયાં જયાં આપણા લોકો પરદેશમાં સ્વાર્થવશ બની રહ્યા છે ત્યાં તેઓ ગૌરવ વધારે. સર્વોદયને સમજીને ચાલીશું તો જ સમાજની સેવા કરી શકીશું. એ માટે હિંદે ભોગ આપવા પડશે. આદર્શની પ્રેરણાને વફાદાર રહેવું પડશે. જીવનમાં પરિવર્તન કરવું પડશે. ગરીબોને મદદ કરીએ તેને માટે તૈયાર થઇએ. અને સર્વોદયની ભાવનાઓ કેળવીએ, એ જ અભ્યર્થના.

# પરિસ્થિતિ

**[પર્યુષણ વ્યાખ્યાન માળામાં શ્રી રવિશંકર મહારાજે આપેલું વ્યાખ્યાન સંગ્રાહક: શ્રી. ભોગીલાલ ડગલી]**

જ્ઞાન બધી રીતે ફાયદો નથી કરતું નુકસાન પણ કરે છે. અતિજ્ઞાન નુકસાનકર્તા છે. જીવનમાં ઘણીવાર આડે આવે છે. આચારનો અત્યાચાર થઇ જાય છે. જ્ઞાનમાં પણ એવું જ છે. સંસ્કારી પુરૂષો જ્ઞાન પામે છે. તે ફક્ત ચોપડીમાંનું નહિ. એનું જ્ઞાન તો ક્રિયા કરતાં કરતાં સિધ્ધિ પામે છે. એને એ જ્ઞાન અનુભવથી પ્રાપ્ત થાય છે. ક્રિયા કરતાં જેટલું જ્ઞાન મળે, તે તેનું માપ છે. એટલાં જ્ઞાનમાં જ સંતોષ માનવો જોઇએ.

જૈન મુની સંતબાળને સૌ કોઇ ઓળખો છો. તેઓ ચાતુરમાસમાં ગામડામાં આચારની ક્રિયાઓ કરાવે છે. એક ગામમાં ઓડ જાતિનો માણસ ભગત છે. તે તો પાપ નહિ કરવું એવું શાસ્ત્ર શીખ્યો છે. એને ચોપડી વાંચવાનું તો યાદ જ નથી.

એક દિવસ અમે તેને ઘેર ગયા. તેનું ઘર નાનું કૂબા જેવડું પણ સુંદર અને સ્વચ્છ હતું. ભેંશ બાંધવાની જગ્યા વ્યવસ્થિત હતી. તેની બાયડી જુઓ તો કુબજા જેવી લાગે, નજરે દીઠી ગમે નહિ, તેવી તો પણ ઓડનો તેના ઉપર પ્રેમ અનહદ હતો. તેની બાયડીનો એક પગ ભાંગેલો હતો. તેણે તેને ખાંધે બેસાડીને જાત્રા કરાવી હતી. તેને પુસ્તકનું જ્ઞાન ન હતું. તે તો જીવનશાસ્ત્ર જાણતો હતો. તેણે ઘરસંસાર ચલાવ્યો. બન્નેએ ભેગા

મળીને જીવવું, એકબીજાની અંદર મેળ મેળવી લેવો, એ ધર્મ છે. એનું પરિણામ શાંતિ અને સંતોષ છે. આ જ ખરો ધર્મ છે. તેની આ વિધિ છે. થોડું આચરણમાં ઉતારીએ એટલે નાનું વૃક્ષ મોટું થાય. એમ એને જ્ઞાનવૃક્ષનાં ફળ મળતાં રહે છે. એ પોતે વાવેલાં ઝાડનાં પોતે જ ફળ ખાય છે.

જ્ઞાનવૃક્ષનું ફળ ખાઇ તે સુંદર રીતે જીવે છે. દુનિયાની તાલીમ પાયાની કેળવણી છે. એની છાપ આર્ય સંસ્કૃતિમાં પડેલી છે. આની અંદર ધર્મ સિવાય બીજી વસ્તુ નથી. એની પાસે સંસ્કૃતિનું જ્ઞાન ન હતું. એક જ વાતને તે ધર્મ સમજતો હતો. સદ્‌ગુણો શીખ્યો હતો. એની નાનપણની તાલીમ હતી, કે જેને પ્રેમ કર્યો તેનાં વિના જીવવાનો અધિકાર નથી. આ સીવાય ધર્મની બીજી વ્યાખ્યા નથી. ધર્મ ભાષામાં નથી આવતો, વિચારમાંથી આવે છે. મહેનત કરીને ખાવું જોઇએ, પણ આપણે તો ખાટલે પડીને જીવીએ છીએ. હૃદયમાંથી જે ભાવ, ઉદ્‌ગાર નીકળે તે જ ધર્મ કહેવાય. એ કાંઇ ભાષામાં દેખાતો નથી. આપણા સમાજમાં આજે માતા બાળકને આ રીતે કેળવતી નથી. પણ ધર્મની મોટી મોટી વાતો શીખવે છે. આપણું ધર્મનું જ્ઞાન ઉંધે ઘડે પાણી ભરવા જેવું છે.

આજે આપણી પાસે સાહિત્ય અને સગવડો વધી ગઇ છે. તેનું સૌ સરવૈયું કાઢે. જો સમયનો સદ્‌ઉપયોગ ધર્મની દ્રષ્ટિએ જાળવીશું નહિ તો આપણી સ્થિતિ ઉજળી નથી. આપણું કોમળપણું જતું રહેશે માણસ નરસીંહનું રૂપ ધારણ કરશે. આપણે ધર્મની ભાવનાનો વિચાર કરીશું. આ રીતે વિચારેલું જ્ઞાન પણ નુકસાન કરનારી ચીજ છે. જ્ઞાન વધુ વધે તેમાં પણ નુકશાન છે. જેમ વધુ શકિત વિચાર ઉત્પન્ન કરે છે ને ઉપયોગ વિનાની થઇ જાય છે. તેથી તેનો વિકાર થાય છે. તેવી જ રીતે જ્ઞાન વધી જાય તો વિકાર ઉત્પન્ન થાય છે. મળેલું જ્ઞાન ઉપયોગમાં ન આવે તો નુકશાન કરનારૂં છે. જ્ઞાન ઘર પૂછતું આવશે. ગોતવું નહિ પડે. આપણે મહેનતની કિંમત જીભે કરીએ છીએ, પણ આચારમાં મૂકતાની નથી.

શરીરશ્રમ ધર્મ રસ્તે લઇ જનારો છે. એ ખરો ધર્મ છે. જેનાથી શ્રમ થઇ શકે તે તેમ કરે, બાકીના પરિગ્રહ ઓછો કરે. ભાષણનો આ જમાનો નથી. ચિંતન કરો. શરીરબળ વધારો. બુધ્ધિનો ઉપયોગ કરો. જનમ્યા, એ સમાજને, જગતને, બોજારૂપ થવા નથી જન્મ્યા, આ જાતનું ચિંતન કરો. આપણે જે ક્રિયા કરવાની છે તેનો રસ્તો કરો. જીવનમાં કાર્ય પધ્ધતિના રસ્તા પાડે: એની કિંમત કરતા થાવ. આવા જીવનની કિંમત નથી, કિંમત તો પૈસામાં છે, ભાષણમાં છે એમ આપણે માનીએ છીએ. પરંતુ ખરી કિંમત ચારિત્ર્યની છે. આપણે આપણી સંસ્કૃતિની, ચારિત્ર્યની શ્રેષ્ઠતા પાછી મેળવવી હોય તો તેનું મૂલ્યાંકન કરવું પડશે. ધર્મનું શ્રમ વિના ટકવું મુશ્કેલ છે. પરંતુ આપણે તો શ્રમ કરતાં શરમાઇએ છીએ. શ્રમ શીખ્યા વિના આપણી, આપણા દેશની ગરીબાઇ નહિ ટળે. તે કાંઇ પૈસાથી ટળવાની નથી. પાપ જાગતા આત્માને છેતરીને પટાવે છે. શ્રમજીવી બનવું હોય તો ખર્ચ ઓછું કરો. કરકસર કરતાં શીખો. જરૂરીયાતોનું પ્રમાણ ઓછું કરો. આ બધા રસ્તા ધર્મમાં જવાના છે. આપણે ધર્મની આજે જે વાતો સાંભળીએ છીએ એ તો આનાથી આગળની વાતો છે.

જો આટલું પ્રાથમિક જ્ઞાન તમે મેળવશો તો જ ધર્મ કરી શકશો. આગળ વધી શકશો. તમે સદાચાર અને પવિત્રતાનું મૂલ્ય આંકતા શીખો એ જ મારી છેલ્લી વિનંતિ છે.

# વીણેલાં ફૂલો

## જૈન ધર્મમાં અસ્પૃશ્યતા?

અધર્મ જ્યારે ધર્મનું રૂપ લઇને ફરે છે ત્યારે પોતાની હસ્તી ટકાવવા માટે તે ગમે તે હદે જતાં આંચકો ખાતો નથી. અસ્પૃશ્યતાના જે અવશેષો હજુ બાકી રહ્યા છે તે આનો તાજો દાખલો પૂરો પાડે છે. એટલે જ સ્વામીનારાયણ અને જૈન જેવા સંપ્રદાયોના રૂઢિપૂજક માણસો અમે હિંદુ નથી, એમ કહેતા જોવામાં આવે છે.

અંગ્રેજોએ પોતાના અમલ દરમ્યાન હિંદુ સમાજના કરાય એટલા કકડા કરી તેને છિન્નભિન્ન કરવાના પ્રયાસમાં કશી કચાશ રાખી નહીં. દરેક કોમ યા વર્ગમાં તેમના હાથા બને એવા માણસો મળી રહ્યા. જૈનોને હિંદુથી જુદા પાડવાનો પેંતરો એ બાજીનો જ એક ભાગ હતો.

જૂના વખતમાં 'વૈદિક' અથવા 'બ્રાહ્મણ' સંપ્રદાય, અને જૈન સંપ્રદાય એવો ભેદહ તો; પણ 'હિંદુ' અને 'જૈન' એવો ભેદ જાણવામાં નથી. વૈદિક, જૈન, બૌદ્ધ, બ્રાહ્મ, આર્યસમાજ વગેરે સહુ એક વિશાળ હિંદુ ધર્મની શાખાઓ હતી.

જૈનોમાં આજે પણ લગ્ન પ્રસંગે બ્રાહ્મણ ગોર ક્રિયા કરાવે છે. વળી જૈન અને વૈષ્ણવ વણિકોના લગ્નો તો લગભગ હજુ હમણાં સુધી થતાં, એમ સાંભળ્યું છે. તે બંધ પડયાનું કારણ એ એ કહેવાય છે કે જૈનોને ત્યાં વણિકતર માણસ પણ રાંધે; અને વૈષ્ણવ વણિકોને જાતિભેદની આવી શિથિલતા ખપે નહી. આ હકીકત જો સાચી હોય, તો તે જૈનોને હિંદુ સમાજની બહાર ઠરાવવામાં મદદરૂપ તો નથી જ.

જૈન સંપ્રદાયમાં જુદે જુદે વખતે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર સહુ દાખલ થયેલા છે, એ ઐતિહાસિક હકીકત છે. જૈન સંપ્રદાયમાં તેઓ ને તેમના વંશજો બ્રાહ્મણ, જૈન, ક્ષત્રિય જૈન, વૈશ્ય જૈન, અને શુદ્ર જૈન એવે નામે ઓળખાતા નથી. માણસ મૂળ ગમે તે જાતિનો હોય, પણ જૈન સંપ્રદાયમાં પ્રવેશ કર્યા પછી તે જૈન એ નામે જ ઓળખાય છે. દાખલા તરીકે આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકર મૂળ બ્રાહ્મણ હતા. આચાર્ય શ્રી હેમચંદ્ર મૂળ વણિક હતા, રાજા કુમારપાળ મૂળ ક્ષત્રિય હતા અને સાધુ હરિકેશી બળ મૂળ હરિજન હતા. છતાં તેઓ 'જૈન, તરીકે ઓળખાયા. આમ જૈનોમાં માંહોમાંહે જાતિભેદ પળાતો જાણમાં નથી. ઉત્તરાધ્યયનસૂત્રમાં હરિજન મુનિ હરિકેશી બળનો પ્રસંગ આવે છે, ત્યાં કહ્યું છે. 'કર્મથી બ્રાહ્મણ થવાય છે, કર્મથી ક્ષત્રિય થવાય છે, વૈશ્ય કર્મથી થવાય છે, ને શુદ્ર પણ કર્મથી થવાય છે;

પ્રભાચંદ્રાચાર્યનો રચેલો 'પ્રમેય કમલ માર્તંડ' નામનો; જૈન તત્વજ્ઞાનનો, મોટો ગ્રંથ છે, તેમાં જાતિવાદની, ચર્ચા લંબાણથી આપી છે, અને જન્મથી જાતિ માનવાનો વિરોધ કર્યો છે. તેમાં લેખક કહે છે: 'અમુક માણસોએ બ્રહ્માના શરીરમાંથી જન્મ લીધો છે એટલા માટે તે બ્રાહ્મણ ગણાય, એમ કહેવું પણ યોગ્ય નથી; કેમકે એમ તો બધા જ વર્ણો બ્રહ્માના શરીરમાંથી ઉત્પન્ન થયા છે, એટલે તે બધાને બ્રાહ્મણ કહેવા વારો આવે. બ્રહ્માના મુખમાંથી જન્મેલો તે બ્રાહ્મણ, બીજો નહી, એવો ભેદ પણ પાડી ન શકાય કેમકે બધી જ પ્રજાઓ બ્રહ્મામાંથી ઉત્પન્ન થયેલી છે. એક જ ઝાડ પર પાકેલાં ફળમાં મૂળ, મધ્ય ને શાખામાંથી ફળ એવો ભેદ નથી પાડવામાં આવતો. ......વળી દેવદત્ત વગેરે બ્રાહ્મણ જાતિના છે, એમ એમને જોતાંવેત પરખાતું નથી.......બ્રાહ્મણનો આકૃતિમાં પણ કશી વિશેષતા હોતી નથી, કેમકે એની જેવી આકૃતિ અબ્રાહ્મણમાં પણ હોવાનો સંભવ છે.

અપૂર્ણ.

[હિંદુસ્તાન] શ્રી. ચંદ્રશંકર શુકલ

## વિદ્યાર્થીઓ અને રાજકારણ

વિદ્યાર્થીઓનું મુખ્ય કર્તવ્ય વિદ્યાભ્યાસનું છે. વિદ્યાભ્યાસ ઉપરાંત શરીરસ્વાસ્થ્ય કેળવીને તેમજ ભવિષ્યનાં નાગરિક માટેની ઉપયોગી તાલીમ લઇ દેશસેવા તથા પોતાના અને પોતાના કુંટુંબના ગુજરાન અને સુખસગવડનાં સાધનો પ્રાપ્ત કરવા માટે જરૂરી તાલીમ મેળવવાનો સમય તે વિદ્યાભ્યાસ દરમિયાનનો સમય છે. જ્ઞાનપ્રાપ્તિ અને જીવનપર્યંત જ્ઞાનપિપાસા ટકાવી રાખવાનો તથા જીવનમાં ઉપાયેગી સદ્‌ગુણો કેળવવાનો એ યોગ્ય સમય છે. દેશમાં ચાલતાં રાજદ્વારી આંદોલનોથી સમજુ અને ઉંમરલાયક વિદ્યાર્થીવર્ગ અલિપ્ત ન જ રહી શકે. એવી આશા રાખવી એ પણ અયોગ્ય છે. એટલુંજ નહિ પરંતુ દેશના રાજવહીવટનો, તેના ગુણદોષનો, દેશનેતાઓના કાર્યનો પદ્ધતિસર અભ્યાસ કરી પોતાને માટે ભવિષ્યના જાહેરજીવનનો માર્ગ નક્કી કરવાનો પણ એ સમય છે. પરંતુ વિદ્યાભ્યાસ દરમિયાન કોઇપણ રાજદ્વારી પક્ષ સાથે પ્રત્યક્ષ સક્રિય કાર્યમાં જોડાવાનું એમનું કામ નથી—એમની કાચી અપરિપક્વ બુદ્ધિશક્તિને કારણે, શાન્ત, નિષ્પક્ષી અને તટસ્થ અભ્યાસમાં ખલેલ પડવાને કારણે, અને અનુભવની ખામી તથા આવેશને વશ થઇ ભૂલ કરી બેસવાનો ઘણો સંભવ હોવાને કારણે, વિદ્યાર્થીઓએ રાજદ્વારી હીલચાલમાં તટસ્થવૃતિ કેળવવાની ખાસ જરૂર છે, એવો એક મત પ્રવર્તે છે.

આ પ્રકારની સલાહ ઘણા વર્ષોથી વિદ્યાર્થીઓને આપવામાં આવેલી છે. તેમ છતાં દેશની પરાધીનતાના સમયમાં એ જ વિદ્યાર્થીઓને રાજદ્વારી ચળવળમાં સક્રિય કાર્યમાં જોડવામાં આવ્યા હતા. અસંખ્ય વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ છોડાવી, પ્રચાર, સત્યાગ્રહ, સરઘસો, સભાઓ વગેરે માટે ઉપયોગમાં લેવાયા હતા. તે સમયે દેશમાં બે જ પક્ષો હતા—રાજ કરનાર પરદેશી સત્તા અને કોંગ્રેસ. રાજકરનાર પરદેશી પ્રજા હોવાથી દેશની પરાધીનતા અને પરતંત્રતા દૂર કરવા માટે જે કાંઇ ઉપાયો લઇ શકાય તે લેવાનું યોગ્ય ગણવામાં આવ્યું હતું. છેક ન્હાના ન્હાના બાળકોને 'વાનર-સેના' નામ આપી રાજકીય ચળવળમાં ઉપયોગમાં લેવાનું પણ તે વખતે યોગ્ય ગણવામાં આવ્યું હતું.

હવે દેશને સ્વાધીનતા પ્રાપ્ત થયા પછી એ જાતની ચળવળ બંધ પડી છે. એટલે વિદ્યાર્થીઓ માટેની દૃષ્ટિ બદલાઇ છે. અત્યારે કોંગ્રેસપક્ષની સત્તા ચાલે છે. રાજકારભાર તેમને હાથ છે. પરંતુ એ રાજકારભારથી અસંતુષ્ટ બનેલા કેટલાક બીજા પક્ષો છે, તેઓ રાજવ્યવસ્થા અને રાજકારભાર ચલાવનારા પ્રત્યે વિરોધ દર્શાવવા માટે અનેક પ્રકારની ચળવળ કરે છે. એ ચળવળમાં કેટલાક વિદ્યાર્થીઓ પણ જોડાય છે. ખાસ કરીને બંગાળમાં એ સ્થિતિ મોટા પ્રમાણમાં પ્રવર્તે છે. જે પદ્ધતિ પરદેશી રાજસત્તા દૂર કરવા માટે અખત્યાર કરવામાં આવતી હતી તેજ પદ્ધતિ ઉપરાંત હિંસક પ્રવૃત્તિનો પણ આશ્રય લેવામાં આવે છે. અને તેમાં પણ વિદ્યાર્થીઓ જોડાય છે. આવી સ્થિતિ પ્રવર્તે છે એટલે કોંગ્રેસપક્ષના અને જેમના હાથમાં દેશનો કારભાર છે તેઓ વિદ્યાર્થીઓને રાજદ્વારી હિલચાલમાંથી અલગ થઇ જવાનો ઉપદેશ આપવા લાગ્યા છે. રાજદ્વારી ચળવળમાં પોતે જે વિદ્યાર્થી વર્ગનો છૂટથી ઉપયોગ કર્યો તે જ કોંગ્રેસના આગેવાનો અત્યારે વિદ્યાર્થીઓ કોંગ્રેસ સત્તાના વિરોધી પક્ષ સાથે જોડાવાને કારણે એમને રાજદ્વારી ચળવળમાંથી અલગ થવાનો ઉપદેશ આપી રહ્યા છે, એ વિચિત્ર નથી? પોતાના પક્ષની રાજદ્વારી ચળવળમાં જોડાવાનું યોગ્ય અને વિરોધી પક્ષમાં જોડાવાનું અયોગ્ય એમ માનવું બરાબર ગણાય?

અમારા નમ્ર મત મુજબ કોલેજમાં ભણતા વિચારશીલ યુવક–યુવતીઓને રાજદ્વારી હિલચાલમાંથી તદ્દન અલિપ્ત રહેવાની આશા રાખવી એ વ્યર્થ છે. વિદ્યાર્થીઓ પોતે વિચારપૂર્વક અમૂક પ્રકારની હિલચાલમાં જોડાય એ બહુ સ્વાભાવિક છે. ખરેખરૂં જરૂરનું તો એ છે કે ગાંધીજીએ બતાવેલા માર્ગે—કેવળ અહિંસક માર્ગે રાજદ્વારી ચળવળ ચાલતી હોય તેમાં જ વિદ્યાર્થીઓ ભાગ લે-- હિંસકમાર્ગનો અને હિંસકમાર્ગે ચળવળ ચલાવતા પક્ષનો સર્વથા ત્યાગ કરે એવો ઉપદેશ વિદ્યાર્થીઓને આપવો જોઇએ. અહિંસક માર્ગે કાર્ય કરતા કોંગ્રેસ વિરોધી પક્ષમાં સક્રિય ભાગ લેતાં વિદ્યાર્થીઓને રોકવાનો પ્રયત્ન નિષ્ફળ જવાનો છે, એમ અમારૂં માનવું છે. એવો પ્રયત્ન યોગ્ય પણ નથી

('જ્યોતિર્ધર') ગટુભાઇ ધ્રુ

## જૈન–હિન્દુ વિષે

અસલ હકીકત એવી છે કે ઘણા પ્રાચીન કાળ ઉપર આ દેશના બધા 'હિન્દુ' કહેવાતા. સિન્ધુના ઉચ્ચારણ ઉપરથી હિન્દુ શબ્દ નિશીથ ચૂર્ણીશાસ્ત્રમાં આવ્યો છે, જેની રચના લગભગ સાતમા વિક્રમ સૈકામાં થઇ છે. તેની પહેલાં પણ એ શબ્દ હતો. નિશીથચૂર્ણીમાં આર્ય કાલકની ઘટનાના પ્રસંગમાં આર્ય કાલક 'પારસકુલ' (ફારસની પછીનો નિકટનો ઇરાન પ્રદેશ) માં ગયેલા છે, ત્યારે તેઓ 'સાહિ'ને (પારસકુલના રાજાને) કહે છે કે—

'હિન્દુક દેશ ચલો' આમ કાલકાચાર્યે આ દેશને 'હિન્દુક' દેશ કહ્યો. વાચક આ "હિન્દુક દેશ" ઉપર વિચાર કરે. 'હિન્દુક' સાથે 'દેશ' શબ્દ મૂકાયો છે એ ઉપર નજર કરે.

'આર્ય' કે 'ભારતીય'ના સ્થાને 'હિન્દુ' શબ્દ આવ્યો છે. વૈદિકો, બૌદ્ધો, જૈનો બધા હિન્દુ કહેવાતા. હિન્દુઓનો ધર્મ તે હિન્દુ ધર્મ કહેવાય એ દેખીતું છે. આર્ય ધર્મના અર્થમાં હિન્દુ ધર્મ હતો. એની ત્રણ શાખાઓ વૈદક ધર્મ, બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ. 'આર્ય'ની જગ્યા હિન્દુ શબ્દે લીધેલી હોવાથી એ ત્રણે ધર્મો હિન્દુ ધર્મ છે. એ ત્રણેમાં મૂળ મંતવ્યો એક સરખાં છે; આર્ય સંસ્કૃતીની ઝલક પણ એક સરખી છે. પરંતુ વખત જતાં વૈદિક ધર્મવાળાઓની સંખ્યા બહુ મોટી હોવાને લીધે હિન્દુ શબ્દનો વ્યવહાર એ વિશાળ વર્ગ સાથે વિશાળ બનવાથી (એ વર્ગની વિશાળ સંખ્યા હોવાથી) હિન્દુ નામથી એ વર્ગ વધુ જાણીતો થવાને લીધે 'હિન્દુધર્મ' શબ્દ કેવળ વૈદકધર્મ માટે કેવળ ગેરસમજ અને ભ્રાન્તિથી વપરાવા માંડયો. અત્યારે પણ હિન્દુ સંસ્કૃતિ ધરાવતા એવા અનેક વર્ગો વિદ્યમાન છે, જેઓ વેદમાં માનતા હોવાથી પોતાને વૈદિક ધર્મી કહેરાવતા નથી, પણ હિન્દુધર્મી તો બરાબર માને છે, કહેવરાવે છે. પણ તેરાપન્થી જેવો કોઇ વર્ગ, દાખલા તરીકે, જૈન શબ્દને લઇ પડે અને પોતાનો બાપીકો માની લે એથી શ્વેતાંબરો કે દિગંબરો એ શબ્દ સાથે છુટાછેડા કરે? નહિ જ. તે પ્રમાણે ગમે તે કારણે કેવળ વૈદિકધર્મને જ ભ્રમમૂલક હિન્દુ ધર્મ ઠરાવી દેવામાં આવ્યાથી બૌદ્ધ ધર્મ કે જૈનધર્મ હિન્દુ ધર્મ મટી જઇ શકતો નથી એટલે વૈદિક ધર્મ એ માન્યતાઓ ખોટી છે, એ જાતનો આભાસ થવો એ ભ્રાન્તિ–મૂલક છે. જેમ કોઇના 'નાસ્તિ'ક કહેવાથી કેઇ નાસ્તિક થઇ જતો નથી, તેમ કોઇ વૈદિકધર્મી ન હોવાને કારણે હિન્દુધર્મી મટી જઇ શકતો નથી. ઘણા લાંબાકાળથી જૈનો અને વૈદિક ધર્મવાળા હિન્દુઓ તાણાવાણાની જેમ પરસ્પર મળતા ભળતા રહેતા આવ્યા છે, એ દીવા જેવું સ્પષ્ટ છે. એટલે, સરકારના નવા નવા ઘડાતા કાયદાઓથી ડરી જઇ જૈનો હિન્દુ કોમ કે હિન્દુ નામથી છુટા થઇ જવા કોશિશ કરે તે વાજબી નથી, અને છુટા થવામાં કે ગણાવામાં એમને ગેરલાભ સિવાય કશો લાભ નથી. "ભાવસાર' વગેરે જે માણસો જૈન ધર્મ પાળે છે તે જૈનધર્મીઓ પોતાને હિન્દુ ન કહેવરાવે તો શું કહેવરાવે? તે લોકોનો લગ્નાદિ સમગ્ર વ્યવહાર વૈદિક ધર્મવાળા હિન્દુઓ સાથે છે: હવે જો તેઓ પોતાને હિન્દુથી છૂટા કરે અને જૈન વાણિયાઓ પણ એમને પોતાની અંદર ભેળવે નહિ તો એમની શી દશા થાય? છેલ્લે હિન્દુ ધર્મનો અર્થ વૈદિક ધર્મ કરવો ખોટો છતાં તેમ કરવામાં આવતો હોય તોયે જૈનો પોતે કોમ તરીકે હિન્દુ છે તેવા ને તેવા રહી શકે છે. અને એમ રહેવું એ જ ડહાપણભર્યું અને હિતાવહ છે.

'જૈન' —મુનિ ન્યાયવિજયજી, પાટણ.

# સમાચાર-નોંધ

## પ્રતિષ્ઠા પર કુઠારાઘાત

સાંભળીને કોઇપણ માણસના હૃદયમાં ઉદ્વેગ ઉભો થાય એવો બનાવ પાટણને આંગણે બની ગયો છે. જૈન સમુદાયમાં સ્થળે સ્થળે ચર્ચાઓ ચાલી રહી છે. દુઃખ, રોષ, તિરસ્કાર પ્રગટ થઇ રહ્યાં છે. સારા યે સમાજમાં સનસનાટી ફેલાઇ ગઇ છે.

પચ્ચીસ વર્ષની વયના, દેખાવમાં સુંદર, લાંબા વાળવાળા અને છટાદાર વાક્ચાતુર્ય ધરાવતા એક જૈન સાધુ, જેનું નામ દેવેન્દ્રસાગર હોવાનું જાણવામાં આવ્યું છે, તેનો વીસ વર્ષની ઉચ્ચ કોમની એક યુવતી સાથેનો પ્રેમકિસ્સો પ્રકાશમાં આવી ગયો છે, એટલું જ નહિ પરંતુ પાટણના ખેતરોમાં ફરવા ગએલા બે યુવાનોએ તેમને મધ્યાહ્ને જુવારના મોલ વચ્ચે પ્રેમચેષ્ટા કરતાં પકડી પાડયાની હકીકત જાહેર થઇ ચૂકી છે.

વર્તમાનપત્રોમાં આને લગતી વિગતો મોટાં મથાળાં નીચે રજુ કરાઇ ગઇ છે, અને આ સાધુએ પોતાની વાક્છટાથી અનેક યુવતીઓને આકર્ષીને તેમની સાથે સ્નેહસંબંધ બાંધ્યાની વિગતો તેમાં જાહેર થઇ ગઇ છે. સાધુ સાથે એક પંડિત પણ આ પાપકાર્યમાં સામેલ હોવાનું પ્રસિધ્ધ થઇ ચૂક્યું છે. પંડિતે તો તરત જ પોબારા ગણ્યા. પરંતુ સાધુની ઉલટતપાસ લેવાઇ, જેમાં તેમણે ગુન્હો કબૂલ કર્યો છે; અને હવે તો તેમણે પણ પાટણમાંથી ચાલતી પકડી છે.

વર્તમાનપત્રો આટલા સમાચારો કહી જાય છે. આ હકીકત ઘણાખરા વર્તમાનપત્રોમાં પ્રગટ થઇ છે. ઉપરાંત પાટણના જ એક અઠવાડિકમાં આ બનાવ ઝીણીમોટી વિગતો સાથે પ્રગટ થયો છે; આ બધું જોતાં આ બનાવ બન્યો જ છે, એમ માનવામાં કોઇ અંતરાય નડતો નથી.

ત્રેવીસમા તિર્થંકર શ્રી. પાર્શ્વનાથના સમયમાં ચાર મહાવ્રતો હતા. હાલનું ચોથું અને પાંચમું વ્રત એક જ વ્રતમાં સમાઇ ગયાં હતાં. શ્રી. મહાવીરના સમયમાં એ બન્ને વ્રતોને જુદાં પાડવામાં આવ્યાં. એનો હેતુ બ્રહ્મચર્યની અગત્ય સ્પષ્ટ કરવાનો હશે એમ મનાય છે.

આ પાંચ મહાવ્રતોમાં ચોથા બ્રહ્મચર્યના વ્રત સિવાયના વ્રતોમાં નાની મોટી ક્ષતિઓ સાધુઓમાં દેખાયાં કરી છે, અને છતાં શ્રાવકવર્ગે અને બહારના સમાજે એ નિભાવી લીધી છે. પરંતુ બ્રહ્મચર્યનું ખંડન ન નિભાવી શકાય એવું ગણાયું છે. અહિંસા અને સત્યનું મહત્ત્વ ગમે તેટલું વધારે હોવા છતાં એનું ખંડન કરવાથી સમાજમાં કોઇ ઘૃણા ઉત્પન્ન નથી થતી. એને ભૂલ ગણીને સુધરવાની તક આપી શકાય છે. પરંતુ બ્રહ્મચર્ય વ્રતનું ખંડન—જે સમાજના કોઇપણ માનવીને સમાજમાં હલકો પાડે,—તે જો સાધુ જૈન સાધુ કરે, તો તે ક્ષણભર પણ નીભાવી ન શકાય એમ લોકો માને છે.

બ્રહ્મચર્યનું ખંડન એ સામાન્ય ભૂલ નથી. એના પાલન માટે રચવામાં આવેલી નવવાડના અનેક વખતના ખંડન અને ટેવ પછી જ સાધુ એ માર્ગે જાય. એટલે બ્રહ્મચર્યનું ખંડન એ મહાન દોષ છે; અને આવો દોષ બિલકુલ ચલાવી ન લેવાય.

આ દોષ એકાએક આવતો નથી. લાંબા કાળના માનસિક પતન પછી, ક્રમે ક્રમે માણસ એ માર્ગે આગળ વધે છે, તકો શોધતો રહે છે, પ્રયત્નો કરતો રહે છે, પ્રસંગો ઉભા કરતો રહે છે, યોજનાઓ ગોઠવતો જાય છે, અને લાંબે વખતે એમાં સફળ થાય છે. આ રીતે આગળ વધેલો માનવી એ માર્ગેથી તત્કાળ પાછો ફરી શકતો નથી, કે પ્રાયશ્ચિત્ત મારફત સુધરી શકતો નથી.

આ માર્ગે જનારો માણસ સમાજમાં નિંદાપાત્ર થઇ પડે, તો પછી માનસિક, વાચિક અને કાયિક બ્રહ્મચર્યની નવ કોટીએ પ્રતિજ્ઞા લેનાર જૈન સાધુ સામે જનતાનો રોષ, દ્વેષ અને તિરસ્કાર પેદા થાય એમાં નવાઇ નથી. ખાસ કરીને જે પોતાના વેશ અને પ્રતિજ્ઞાથી સજ્જન હોવાની ખાત્રી આપી રહે છે, તે જ્યારે દુર્જન હોવાનું સાબીત થાય, ત્યારે તેના પ્રત્યે લોકોનાં રોષ અને તિરસ્કાર વધી જાય એમાં શી નવાઇ? સામાન્ય રીતે દોષ અનેક માણસોમાં હોય છે, પરંતુ જ્યારે માણસ સજ્જન કે સંત હોવાનો દંભ કરે છે, અને પાછળથી તે દુર્જન કે દુષ્ટ હોવાનું જાહેર થાય છે, ત્યારે લોકોનો રોષ તેના પ્રત્યે ખૂબ વધી જાય છે.

આનું એ પરિણામ આવે છે કે લોકોનું સાધુઓ પ્રત્યેનું માન દિવસે દિવસે ઘટતું જાય છે અને અન્તે તે ધર્મ પ્રત્યેના—સંપ્રદાય પ્રત્યેના—વિરોધમાં પરિણમે છે. જ્યાં આવા જ માણસો ધર્મનું પ્રતિક ગણાતા હોય ત્યાં ધર્મ નિંદાય અને લોકોમાં નાસ્તિકતા ઉદ્ભવે એ તદ્દન સ્વાભાવિક છે.

આપણામાંના જુના વિચારના માણસો જેઓ કેટલાક પ્રગતિશીલ સાધુઓની—લાઉડસ્પીકરનો ઉપયોગ, પુસ્તક પ્રકાશન, સંસ્થાઓનું સંચાલન, રાત્રિપ્રાર્થના, વગેરે—પ્રવૃત્તિઓ સામે વિરોધ જ કરતા હોય છે, તેઓ આવા અબ્રહ્મચર્યના મોટા દોષ સામે હરફ પણ ઉચ્ચારતા નથી! કદાચ તેઓ એમ માને છે કે આવી વાત પ્રસિધ્ધ થવાથી આપણો ધર્મ નિંદાશે, અથવા અન્યધર્મીઓમાં આપણા ધર્મની પ્રતિષ્ઠા ઘટશે. આવી આવી માન્યતાથી તેઓ આવી બાબતોમાં ચૂપકીદી સેવે છે, હકીકતને ઢાંકવાનો પણ પ્રયાસ કરે છે, અને કોઇવાર કાયદાની ચુંગાલમાં ફસાતા સાધુને બચાવવાનો પણ પ્રયત્ન કરે છે. આથી તેઓ ધર્મની રક્ષા કરી હોય એમ માને છે; પરંતુ ખરી રીતે આવા દોષને છૂપાવીને તેઓ દોષને ઉત્તેજન આપે છે, અને ધર્મની પ્રતિષ્ઠા બચાવવાને બદલે ધર્મ પર કુઠારાઘાત કરે છે. આને બદલે તેમનું એ કર્તવ્ય હોવું જોઇએ કે બ્રહ્મચર્યની બાબતમાં સાધુઓનો લેશ પણ શિથિલાચાર તેમણે ચલાવી લેવો જોઇએ નહિ. બ્રહ્મચર્યની એક વાડ પણ તુટે, તો તેમની સામે કડક હાથે કામ લેવું જોઇએ, અને જરૂર પડે ત્યાં એમનો જાહેર રીતે બહિષ્કાર પણ કરવો જોઇએ. એમાં ધર્મની પ્રતિષ્ઠા ઘટતી નથી, પણ વધે છે.

હમણાં જ સમાચાર આવ્યા છે કે પંજાબ તરફના ચાર-પાંચ સ્થાનકવસી સંપ્રદાયના સાધુઓનો વ્રતભંગને કારણે સાધુવેશ પડાવી લેવામાં આવ્યો છે. જ્યાં જ્યાં આવા દોષ જણાય ત્યાં ત્યાં હિંમતભર્યાં પગલાં લેવાં જરૂરી છે.

જનતા સાધુઓ પાસે માર્ગદર્શન માગે છે, સન્માર્ગે જવાની પ્રેરણા માગે છે, અને આધ્યાત્મિક ઉન્નતિ માટે એમની સહાય માગે છે. જો સાધુઓમાં જ આવા ગંભીર દોષો રહેલા હોય, તો તેઓ જનતાને શું માર્ગદર્શન, પ્રેરણા કે સહાય આપી શકવાના હતા? આપણામાં ઘણાએ નિરક્ષર અથવા શ્રધ્ધાળુ ભાઇબહેનો છે, જેઓ સાધુઓ પાસેથી 'ધર્મ' મેળવવાની આશા રાખી રહ્યા છે. જો સાધુવર્ગમાં જ આવો ભયંકર સડો હશે, ક્લેશ હશે, શિષ્યલોભ હશે, પ્રતિષ્ઠામોહ હશે, વાસનાદોષ હશે, તો તેઓ આવા નિરક્ષર અને શ્રધ્ધાળુ ભાઇ બહેનોને શું 'ધર્મ' પળાવી શકવાના છે?

એટલે આવા સાધુઓના ગંભીર દોષો ચલાવી લેવાને બદલે એમની સામે કડક હાથે કામ લેવું જરૂરી છે. યુવક વર્ગની એ ફરજ છે, અને તેમણે એ બજાવવી જ જોઇએ.

ઉપરોક્ત કિસ્સામાં પાટણના સંઘે અને ખાસ કરીને યુવાનોએ સાચી વિગતો મેળવીને, બધા જ પુરાવા એકઠા કરીને એ વેશધારી સાધુનો વેશ તો ઉતારી જ લેવો જોઇએ, એટલું જ નહિ પરંતુ જો એમને રાજ્યની અદાલતમાં દોષિત ઠરાવી શકાય એવો

તેમનો ગુન્હો હોય તો એમને અદાલતને આંગણે ઘસડતાં યે ન જ અચકાવું જોઇએ. આવો માણુસ જૈન સાધુ છે, એ ભૂલી જવું જોઇએ. એ તો જૈનત્વને લાંછન લગાડનાર, જૈન ધર્મને પોતાના કૃત્યથી હલકો પાડનાર ધર્માંગાર છે, એમ માનીને સખ્ત હાથે કામ લેવું જોઇએ.

સાથો સાથ એ પણુ સમજવું જોઇએ કે સાધુઓને જો કોઇ બગાડનાર હોય તો તે આપણે જ છીએ. આપણે એમને નાના મોટા દોષ કરતા જોઇ રહીએ છીએ, આચારભંગ કરતા નિહાળી રહીએ છીએ, વ્રતભંગ સામે આંખમીચામણા કરતા રહીએ છીએ, એટલું જ નહિ પણુ એમનાં ખોટાં કામોમાં જાણ્યે અજાણ્યે મદદ પણુ કરતા હોઇએ છીએ. અને આપણી આ ઉદારતાને કારણે સાધુઓ પણુ આપણા વ્યાવહારિક દોષ, વ્યાપારિક અપ્રામાણિકતા, નૈતિક અધ:પતન વગેરે સામે મૌન સેવે છે, એટલું જ નહિ પણુ આપણામાંના કેટલાક આવા દોષના ભોગ બનેલા છીએ એમ જાણુવા છતાં આપણુને કંઇ કહેતા નથી! આમ પરસ્પર આપણે એકબીજાને નીચે ઉતારતા જઇએ છીએ. આપણે આપણો ધર્મ ભૂલ્યા છીએ, એટલે સાધુઓને કંઇ કહેવાનો અધિકાર ગુમાવ્યો છે; અને એ જ રીતે સાધુઓ તેમનો ધર્મ ભૂલ્યા છે, એટલે તેમણે આપણુને કંઇ કહેવાનો અધિકાર ગુમાવ્યો છે. આ રીતે આપણું ગાડું ચાલ્યા કરે તો આપણે અને આપણો ધર્મ પતનની ઉંડી ખાંઇમાં ધકેલાતા જઇએ. એને કોણુ બચાવી શકે?

**शुभस्तेपन्था:**

હિન્દના લાડીલા નેતા, વડા પ્રધાન અને એશિયા–આફ્રિકાની આશાના સિતારા સમા પંડિત નહેરૂ અમેરિકા જઇ પહોંચ્યા છે, અને રાજદ્વારી મંત્રણામાં ગુંથાઇ ગયા છે.

બનતા બનાવો પરથી જાણી શકાય છે કે પંડિત નહેરૂની અમેરિકામાં ઘણી સારી પ્રતિષ્ઠા છે, એટલું જ નહિ પણુ ત્યાંના રાજદ્વારી વર્તુળોમાં એમના વિષે બહુ સારો અભિપ્રાય છે. અમેરિકાનાં વર્તમાનપત્રોએ પંડિતજીની અમેરિકાની મુલાકાતની પૂરતી નોંધ લીધી છે.

આમ તો અમેરિકા એક મૂડીવાદી દેશ છે. ત્યાંના ધનાઢયો જગતભરમાં શોષણુતંત્ર ચલાવી રહયા છે. ત્યાંના રાજદ્વારીઓ યુધ્ધખોરીમાં માને છે. છતાં એ દેશનું સ્થાન આજે જગતમાં બહુ મોટું છે. છેલ્લા વિશ્વયુધ્ધ પછી બે દેશોનું સ્થાન સૌથી આગળ આવ્યું છે–અમેરિકા અને રશિયા. બન્નેની રાજનીતિ જુદા પ્રકારની છે. એક મૂડીવાદી રચના પર મંડાયેલ છે, બીજો સમાજવાદી રચના પર. એટલે જગતના દરેક દેશે આ બન્ને દેશો સાથેનો પોતાનો સંબંધ નક્કી કરી લેવો જરૂરનો છે. પંડિત નહેરૂની મુલાકાત અમેરિકા સાથે રાજદ્વારી સંપર્ક વધારવા માટે છે.

ઉપરાંત હિંદે અમેરિકા સાથે બીજા કેટલાક અગત્યના પ્રશ્નો વિચારી લેવા રહે છે. ખાસ કરીને હિન્દ માટે લોન મેળવવાનો પ્રશ્ન, ડોલર–સ્ટર્લીંગના નવા ભાવથી અમેરિકા–હિન્દ વચ્ચેની આયાત–નિકાસનો પ્રશ્ન, કાશ્મીરનો પ્રશ્ન, સામ્યવાદી ચીનની સરકારના સ્વીકારનો પ્રશ્ન, વગેરે મહત્વના પ્રશ્નોની ચર્ચા થશે. આ દરેક બાબતોમાં હિન્દની પ્રતિષ્ઠા જળવાય અને યોગ્ય માર્ગ નીકળે, એ જ રીતે શ્રી. નહેરૂ પ્રબંધ કરશે, એવી આપણે શ્રધ્ધા રાખીએ, અને તેમના પ્રયત્નોમાં સફળતા ઇચ્છીએ.

**કોંગ્રેસે સાહસ ખેડયું છે.**

કોંગ્રેસ કારોબારીએ કોંગ્રેસનું સભ્યપદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર. એસ એસ.)ના સભ્યો માટે ખુલ્લું મૂકયું છે, એ બાબત ખુદ કોંગ્રેસીઓમાં પણુ ભારે મતભેદ પ્રવર્તી રહ્યો છે. જે કોઇ કોંગ્રેસનું ધ્યેય સ્વીકારે અને હરીફ રાજદ્વારી સંસ્થાનો સભ્ય ન હોય તે કોંગ્રેસમાં જોડાઇ શકે, એ ખરૂં છે; અને આર. એસ. એસ. કોમી છતાં રાજકીય સંસ્થા નથી એ પણુ ખરૂં છે; એમ છતાં એ સંસ્થામાં ગળાબૂડ કોમવાદ અને કોમવાદી ઝનૂન ભર્યું છે, એનો પોતાનો નિરાળો ધ્વજ અને નિરાળાં સૂત્રો છે, અને એના આગેવાન સભ્યો રાષ્ટ્રપિતાના ખૂનના કાવત્રામાં સંડોવાયા હતા, એ બધું જોતાં એ સંસ્થા પર આમ ઉતાવળો વિશ્વાસ મૂકવો એ જોખમભરેલું છે. કેવળ બંધારણુના ફેરફારથી કે સંસ્થાને બીનરાજકીય જાહેર કરવાથી એના ઘડતરમાં ફેર પડી જતો નથી. વળી આર. એસ. એસ. ના આગેવાનોએ હજુ સુધી, કોંગ્રેસપરસ્તીની કોઇ ખાત્રી દેશને કરાવી આપી નથી, એટલું જ નહિ પણુ એની અલગ અને ચોક્કસ વ્યક્તિત્વ ધરાવતી સંસ્થા અને એનું સંગઠન હયાત છે, એ સ્થિતિમાં કોંગ્રેસે એને માટે પોતાના દરવાજા ખુલ્લા મૂકીને એક મોટું સાહસ ખેડયું છે.

હિંદુમહાસભાનો સભ્ય કોંગ્રેસમાં જોડાઇ શકતો નથી; અને આર. એસ. એસ. એ હિંદુ મહાસભાના હેતુઓને પાર પાડનારી એક સ્વયંસેવક સેના જેવી સંસ્થા તરીકે આજ સુધી રહી છે, ત્યારે એના એ સંસ્થા સાથેના સંબંધો સાવ ભુંસાયા પહેલાં એને કોંગ્રેસમાં પ્રવેશ આપવાનું પગલું ભારે જોખમરૂપ છે, એવો પણુ ભય દર્શાવાઇ રહ્યો છે. સંઘ ઘણા વખતથી છૂપી હિલચાલોમાં માને છે, અને તેની અહિંસા ઉપર કદી કશી શ્રધ્ધા હતી જ નહિ. કોંગ્રેસમાં એને સામેલ કરતાં કદાચ કોંગ્રેસ પર એનું વર્ચસ્વ જામી બેસે અને કોંગ્રેસનું સ્વરૂપ જે આજ સુધી બીનકોમી રહ્યું છે, એને નૂકસાન પહોંચે; આ બધું વિચારતાં કોંગ્રેસનું આ પગલું ઉતાવળિયું તો લાગે છે જ.

બીજી બાજુ આજે હિંદમાં રહેલા મુસ્લીમો જેમની કોમી રાજકીય સંસ્થાનું હવે અહીં અસ્તિત્વ નથી અને જેઓ જાણ્યે અજાણ્યે લીગના પ્રચારમાં ફસાઇ ગયા હતા, તેઓ જ્યારે કોંગ્રેસ તરફ વળી રહ્યા છે ત્યારે સંઘ જેવી કોમી સંસ્થાના સભ્યોને કોંગ્રેસમાં સામેલ કરવાનું કોંગ્રેસનું પગલું આ હિંદી મુસ્લીમોને ચમકાવી દેનારૂં નીવડે, તો નવાઇ નહિ.

એક વખતની વિશુધ્ધ કોંગ્રેસમાં આજે ઘણા સ્વાર્થી અને પ્રત્યાઘાતી તત્ત્વો પ્રવેશી ચૂકયાં છે, જેને પરિણામે કોંગ્રેસ ઠીક અંશે નબળી બની છે, તેમાં આ ચૂસ્ત કોમવાદી, હિંસાવાદી અને ઝનૂની તત્ત્વો ભળશે તો કોંગ્રેસ મજબુત બનવાને બદલે વધુ નબળી બનશે, એવી ચિંતા અસ્થાને નથી.

આશા રાખીએ કે કારોબારી સમિતિ આ બાબત અખિલ હિંદ કોંગ્રેસ સમિતિનો સ્વતંત્ર અભિપ્રાય માગશે, અથવા આ પ્રશ્ન ફરી એકવાર પંડિત નહેરૂની હાજરીમાં વિચારાશે. કેટલાક આગેવાનો એમ કહે છે કે અમે આ બધું જાણીએ છીએ અને સાવધ રહેવાના છીએ; પરંતુ નિરોગી શરીરમાં એક વખત ક્ષયના જંતુઓ દાખલ થઇ ગયા પછી, સાવધ રહેવાય તો પણુ, શરીરને ટકાવી રાખવા છતાં, એને નિરોગી તો નહિ જ બનાવી શકાય. સાચી વાત એ છે કે આવા અખતરા કરીને ઉજાગરા કરવા કરતાં પ્રથમથી જ સાવધ રહીને ચોકસાઇપૂર્વક પગલું ભરીએ, એ વધુ સારૂં છે.

જટુભાઇ

# વેદનાગ્રસ્ત દુનિયાનો પોકાર

સંયુકત રાષ્ટ્રોની શૈક્ષણિક, વૈજ્ઞાનિક, અને સાંસ્કૃતિક સંસ્થા કે જેને 'યુનેસ્કો' ના ટુંકા નામથી ઓળખવામાં આવે છે તે સંસ્થાનું તા. ૨૦-૯-૪૯ ના રોજ પેરીસ ખાતે ચોથું સંમેલન શરૂ થયું હતું. આ સંમેલનમાં ભિન્ન ભિન્ન દેશના ૩૦૦ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ સંમેલનના પ્રારંભમાં હિંદના પ્રતિનિધિ અગ્રણી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને પ્રવચન કરતાં જણાવ્યું કેઃ—રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે સર્વ જંગલી રીતો ત્યાગ કરવાનો અને માનવજાતના ઇતિહાસને નવેસરથી શરૂ કરવાનો આજની વેદનાગ્રસ્ત દુનિયા પોકાર કરી રહી છે. આ પોકાર સાંભળવાને આપણે યુનેસ્કોનાં નામે દેશ દેશના અગ્રગણ્ય નેતાઓને શું બોલાવી ન શકીએ? એકમેક સામે ચીડાવાનું, ક્રોધ કરવાનું, રોષે ભરાવાનું શું આપણે બંધ કરી ન શકીએ? અને રાજકારણી ઝગડાઓ અને દુનિયાની જુદી જુદી રાજ્યધાનીઓમાંથી ચાલી રહેલા દૂરસ્પર્શી દ્વેષમૂલક પ્રચાર-તંત્રો આપણે શું અટકાવી ન શકીએ? અને સુલેહ શાન્તિની સ્થાપના અર્થે એકત્ર થઇ ન શકીએ? માથા ઉપર યુધ્ધની તરવાર સતત લટકયા જ કરતી હોય એ રીતે સામસામી લશ્કરી છાવણીઓ ગોઠવાઇ ગઇ હોય એ પ્રકારનું જીવન આપણે કોઇ પણ રીતે નભાવી શકીએ તેમ છે જ નહિ. બે પૂર્વમાંથી, બે યુરોપમાંથી, અને ટ્રુમેન અને સ્ટેલીન—આમ દુનિયાના અડધોએક ડઝન આગેવાનો રાજકારણી લાભો હાંસલ કરવા માટે નહિ પણ આજે જે ગેરસમજુતીનું ઘેરૂં ધુમ્મસ આપણી ચોતરફ વીંટળાઇ રહ્યું છે અને આપણી દૃષ્ટિને આવરી રહ્યું છે તે ધુમ્મસ વિદારવા માટે અને આજે એકમેક વચ્ચે પૂર્વગ્રહોની જે દિવાલો અભેદ્ય દુર્ગ માફક ઉભી થઇ રહી છે, તે દિવાલો જમીનદોસ્ત કરવા માટે એકઠાં થાય એ શું તદ્દન અશકય અને અસંભવ છે? આવા મિલનમાં જોખમો ઘણાં મોટાં રહેલાં છે. પણ તેમાંથી કલ્પાતા પરિણામો પણ એથી વધારે મહાન નીવડવાનો સંભવ છે. છેલ્લા વિશ્વયુધ્ધ પહેલાં આવી સભાઓ ગોઠવવામાં આવતી હતી, તો આજે સુલેહશાન્તિના માર્ગની શોધ કરવા માટે આવી સભાઓ શું યોજી શકાય તેમ છે જ નહિ? શાન્તિનું ધ્યેય સિધ્ધ કરવું એ શકયતાની બહારની કોઇ વસ્તુ નથી અને આપણે જો કૃતનિશ્ચય હોઇએ તો આપણી તાકાતની પણ બહારનો કોઇ વિષય નથી. પૃથ્વી-સમુદ્ર અને આકાશનાં યુધ્ધક્ષેત્રો ઉપર વહી રહેલી લોકોના લોહીની નદીઓ ઉપર રચાયલી સુલેહશાન્તિ માટે નહિ પણ માનવતાના મનમાં, દિલમાં અને અન્તઃકરણમાં જેનાં મૂળ રહેલાં છે એવા સત્ય અને શ્રેયની સાધના માટે આપણે શું પ્રયત્નશીલ બની ન શકીએ?

"આપણી આ સંસ્થા વિદ્વાનો, વૈજ્ઞાનિકો, અને શિક્ષણ-શાસ્ત્રીઓની બનેલી છે. જેઓ દુનિયામાં સ્વાસ્થ્ય ફેલાવનાર છે, દ્વેષમત્સરની પૂજા કરનારા નથી, જેઓ સુલેહશાન્તિના ઉપાસક છે, આક્રમણને માર્ગે દોરવાવાળા નથી. માનવી જીવનની કટોકટીની વચ્ચે અને રાગદ્વેષનાં તુમુલ ઘર્ષણો વચ્ચે આપણે પ્રશાન્ત ગાંભીર્ય અને બુદ્ધિનું સમધારણ દાખવવું જોઇએ. જે દુનિયામાં બેશરમ બેવકુફી ખદબદી રહી છે અને ચોકકસ વિચારસરણી સાથે સંકળાયેલું ઘાતકીપણું નઠોરપણે વ્યાપી રહ્યું છે, તે દુનિયામાં આપણે માનવતા અને શાણપણને પક્ષે ઉભા રહેવું ઘટે છે.

"છેલ્લાં વિશ્વયુધ્ધ બાદ દશ વર્ષે અને વિજયપ્રાપ્તિ બાદ ચાર વર્ષના પરિણામે આપણી અનેક શુભ કલ્પનાઓ અને આકાંક્ષાઓ પાયાવિનાની ભ્રમણા અને ભ્રાન્તિ માફક એક પછી એક અલોપ થવા માંડી છે. આપણને આશા હતી કે લડાઇ દરમિયાન જે એકતા ઉદ્ભવ પામી હતી તે ચાલુ રહેશે અને વર્ગ વર્ગ વચ્ચેના ભેદોનો ઉકેલ આવશે: પણ આવું કશું નિપજવા પામ્યું નથી. આપણે ધારતા હતા કે આગળના પ્રજાસંઘ કરતાં આ સંયુકત રાષ્ટ્રોની સંસ્થા જુદા પ્રકારની હશે અને આઝાદ રાષ્ટ્રોનું એક કુટુંબ અથવા તો સૌહાર્દભર્યું મંડળ ઉભું કરવામાં મદદરૂપ થશે. પણ એવું કશું જ જોવામાં આવતું નથી. સંયુકત રાષ્ટ્રોની સંસ્થામાં શ્રધ્ધા હોવાનો દાવો કરવા છતાં આપણે આપણો પોતાનો જ વિચાર કરીએ છીએ અને સહીસલામતી પરત્વે આપણા લશ્કરી બળ ઉપર જ આધાર રાખીએ છીએ. 'એક દુનિયા'નો જન્મ થઇ ચુકયો છે એમ કલ્પી લેવું એ એક મહાન વિભ્રમ છે. હજુ તો 'એક દુનિયા'ના સાચા ખ્યાલનું યોગ્ય રીતે ગર્ભધારણ પણ નથી થયું. વાતાવરણમાં ગમગીની ફેલાઇ રહી છે; યુધ્ધના ઓળાઓ દુનિયા ઉપર ફેલાઇ રહ્યા છે, જર્મનીમાં, ઓસ્ટ્રીઆમાં, જાપાનમાં-દરેક બાજુએ મડાગાંઠ—સ્થગિત પરિસ્થિતિ—ઉભી થયેલી જોવામાં આવે છે. લંડન ટાઇમ્સના ટોકીઓના સંદેશવાહકે હજુ ગઇ કાલે જ જણાવ્યું છે કે "સામ્યવાદીઓને સોવીયેટ યુનીયન ઉશ્કેરી રહેલ છે, જ્યારે પ્રત્યાઘાતીઓને યુનાઇટેડ સ્ટેટસના મોટી લાગવગ ધરાવતા વ્યાપારી વર્તુળો ખુબ ટેકો આપી રહ્યા છે. જનરલ મેકઆર્થરની દોરવણી નીચે જાપાનીઝ પ્રજાનું સંગઠન ફરીથી ઉભું કરવાના અમેરિકાના મોટા વ્યાપારકેન્દ્રોના પ્રયત્નો કોઇ પણ દેશને કબજે કરવાને લગતા ઇતિહાસમાં એક નવું રસપ્રદ પ્રકરણ નિર્માણ કરે છે." આ કથન સંપૂર્ણાંશે સત્ય છે એમ હું જરા પણ સૂચવવા માંગતો નથી, પણ આજની દુનિયાના બે મોટા વર્ગો વચ્ચે ઉભી થયેલી બેચેનભરી પરિસ્થિતિ કે જે આપણા સર્વ પ્રયત્નોને વંધ્ય બનાવે છે અને જેના પ્રત્યાઘાતો દુનિયાના દરેક વિભાગોને સ્પર્શી રહ્યા છે, તેવી વિષમ પરિસ્થિતિનું આ પ્રકારના ઉદ્ગારો દ્વારા આપણને દર્શન થાય. આપણી ચોતરફ જ્યાં જ્યાં નજર દોડાવીએ છીએ, ત્યાં ત્યાં જે વિગ્રહ કેવળ અનિવાર્ય લેવાઇ રહ્યો છે. તેવા આગામી વિગ્રહને માટે ચાલી રહેલી વ્યૂહરચના માટે પોતપોતાનું સ્થાન આપણામાંનો સૌ કોઇ જાણે કે નકકી કરી રહેલ હોય એમ જ આપણને ભાસે છે.

યુનેસ્કોના આપણે સભ્યો વિગ્રહનું કારુણ્ય, બેવકુફી અને અર્થશૂન્યતા પરત્વે એક સરખી પ્રતીતિ ધરાવીએ છીએ. આ દુનિયાના માનવીઓને ભય ખંખેરી નાંખવાનું કહેવાનો અને ધાર્મિક માન્યતા કે સાંસ્કૃતિક વારસામાં ગમે તેટલી ભિન્નતા હોય એમ છતાં પણ સર્વ કોઇ મનુષ્યો નવું ડહાપણ, નવી સહિષ્ણુતા દાખવી શકે છે—આવી પ્રતીતિને તાજી કરવાનો આપણો ધર્મ છે, આજે આપણી વચ્ચે જે કોઇ તત્ત્વો ભેદભાવ ઉત્પન્ન કરી રહેલ છે. તે તત્વોને મનુષ્યના આત્માની કોઇથી પણ જીતી ન શકાય એવી એકતાગામી શકિતમત્તા વિદારી શકે છે, આવી આપણી શ્રધ્ધા છે. જ્યારે કોઇ પણ એક પક્ષ એક યા બીજી બાબતમાં નમતું આપે છે, ત્યારે તેને ભાવી યુધ્ધની પૂર્વતૈયારીને અનુલક્ષીને નકકી કરવામાં આવેલી ચોકકસ પ્રકારની ચાલને ઢાંકવાના એક પગલા તરીકે લેખવામાં આવે છે. લડાઇને ખરેખર ઇષ્ટ લેખતા હોય એવા આજે ગણ્યાગાંઠયા માણસો છે, અને એમ છતાં પણ લડાઇની જ તૈયારી કરી રહેલ ષડયંત્રમાં આપણે સૌ ફસાઇ પડેલા છીએ એવું આપણને ભાન થાય છે. સોળમી શતાબ્દિમાં કેથોલીકસ અને પ્રોટેસ્ટંટસ વચ્ચે હતો એથી લેશ માત્ર ઓછો નહિ એવો સામ્યવાદીઓ અને અસામ્યવાદીઓ વચ્ચે વહેમ અને તિરસ્કાર પ્રવર્તી રહ્યો છે. જે ભવિષ્ય આજના વર્તમાનની સામે ડોકીયાં કરી રહ્યું છે. એ ભવિષ્યનો આપણે જો ખરેખર સામનો કરવો હોય તો સર્વ પૂર્વગ્રહોથી મુકત થઇને આપણે નવા પ્રકારનો અભિગમ ધારણ કરવો પડશે............ સામ્યવાદીઓ અને અસામ્યવાદીઓ—બન્ને આ દુનિયામાં એક સાથે રહી શકે તેમ

# જૈન જુવાનોને

મુંબઇ જૈન યુવક સંઘના બંધારણ પ્રમાણે તેની કાર્યવાહક સમિતિની ચૂંટણી દર વર્ષે દીવાળી બાદ થાય છે, તેમ આ વર્ષે પણ દીવાળી બાદ તરતમાં થશે. એ માટે મંત્રીઓ સામાન્ય સભા બોલાવશે. સંઘનો કોઇ પણ સભ્ય આ સભામાં હાજરી આપી શકે છે, અને કાર્યવાહક સમિતિમાં ચુંટાઇ શકે છે.

મુંબઇ જૈન યુવક સંઘ એક પ્રગતિશીલ સંસ્થા છે. જુનવાણી તત્ત્વો સામે એણે ભૂતકાળમાં મોટી લડતો આપીને તેની પ્રગતિશીલતા સાબીત કરી છે. મુંબઇમાં જ નહિ, પરંતુ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જૈન યુવાનોને તેમની સામાજીક પ્રવૃત્તિમાં આ સંસ્થાએ ઠીક હૂંફ આપી છે. બાળ દીક્ષા અને દેવદ્રવ્યના ઉપયોગ સંબંધમાં એનાં આંદોલનો ખૂબ પ્રખ્યાતી પામ્યાં હતાં.

જૈન યુવક સંઘનું વિશિષ્ટ છતાં સ્પષ્ટ ધ્યેય છે. એને અનુસરીને એનું બંધારણ ઘડાયું છે. એને અનુલક્ષીને સંસ્થા આજે વર્ષોથી કામ કરી રહી છે.

સંસ્થાની આજે મુખ્ય પ્રવૃત્તિઓ ચાર જાતની રહી છે. જનતાને શિષ્ટ સાહિત્યનું વાચન પૂરું પાડવા માટે એક પુસ્તકાલય અને વાચનાલય ચલાવવામાં આવે છે; પ્રગતિશીલ વિચારોના પ્રચાર અર્થે 'પ્રબુધ્ધજૈન' નામનું પાક્ષિક પત્ર પ્રગટ કરાય છે; પર્યુષણના દિવસો દરમિયાન લોકોને દરેક ક્ષેત્રના અભ્યાસીઓના વિચારોનો લાભ મળે તે હેતુથી દર વર્ષે વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે; અને જ્યારે જ્યારે જૈન જગતમાં વિવાદાસ્પદ અને અગત્યના પ્રશ્નો ઉપસ્થિત થાય છે ત્યારે ત્યારે સંઘ પોતાનું મંતવ્ય ઠરાવો દ્વારા વ્યકત કરીને પ્રગતિશીલ જુવાનોને માર્ગદર્શન આપે છે.

સંઘની હાલની કાર્યવાહક સમિતિમાં જૈન તથા અન્ય ક્ષેત્રમાં કામ કરતા જાણીતા કાર્યકરો, વિચારકો, લેખકો, અભ્યાસીઓ અને સેવકો એવા ભાઇ બહેનો છે. તેઓ ઉપરોકત પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે. પરંતુ લગભગ આ જ કાર્યકરો આ સમિતિમાં દર વર્ષે ચૂંટાયા કરે છે. સંઘમાં નવા લોહીનો ઉમેરો નથી થતો, એ વસ્તુ સૌને ખૂંચે છે. સૌ નવું લોહી ઇચ્છે છે. એને આવકારવા કાર્યવાહકો તૈયાર પણ છે. છતાં જ્યારે નવા જુવાનો સંઘની પ્રવૃત્તિમાં રસ ન જ લ્યે, તો સહેજે જ જૂના કાર્યકરોને એમની ચાલુ પ્રવૃત્તિ ચલાવવી રહી.

સંઘ આજે ઉપર દર્શાવ્યા મુજબની જે પ્રવૃત્તિ ચલાવી રહેલ છે, એથી સંઘને સંતોષ નથી. કંઇક વધુ કરવું જોઇએ, કંઇક નવું કરવું જોઇએ, સમાજમાં કંઇ ખળભળાટ થાય અને લોકો કંઇ નવું વિચારતા થાય, જુનો ચીલો બદલે અને નવા રાહો અખત્યાર કરાય, એવું કંઇક કરવું જોઇએ—એમ સૌને લાગે છે. અને તેથી સંઘમાં નવા, વિચારશીલ, કાર્યશીલ, પ્રગતિશીલ યુવાનો રસ લ્યે, નવાં સૂચનો કરે, અને પ્રવૃત્તિની ધુરા પોતાના હાથમાં લ્યે, એમ અત્યારના સભ્યો ઇચ્છી રહ્યા છે. એટલું જ નહિ, પણ સંઘને વધુ ક્રિયાશીલ બનાવવા માટે એમના હાથમાં સંઘની ધુરા સોંપવા પણ તેઓ તૈયાર છે. એમને માટે માર્ગ કરી આપવાની એમની તત્પરતા પણ છે.

પરંતુ એ તો ત્યારે જ થાય, કે જ્યારે જૈન સમાજના યુવકો જેમની પાસે નવા વિચારો હોય, નવી યોજનાઓ હોય, નવા કાર્યક્રમો હોય અને સાથે ક્રિયાશકિત હોય, તેઓ સંઘની પ્રવૃત્તિઓમાં રસ લેતા થાય; સંઘના સભ્યો ન હોય તો સભ્યો થઇ જાય અને સંઘની મળનારી વાર્ષિક સભામાં હાજરી આપી સંઘના કાર્યમાં સામેલ થાય.

દેશની વધુ જરૂરી રાજકીય પ્રવૃત્તિઓને કારણે જૈન જુવાનો છેલ્લાં કેટલાંક વર્ષથી સામાજિક ક્ષેત્રમાં વધુ રસ લઇ શકયા નથી. પરંતુ હવે રાજકીય આઝાદી આવ્યા બાદ, સમાજનું નવસર્જન કરવાનું રહે છે. સમાજને આગળ લાવવાનું કાર્ય બાકી રહે છે તે હવે કરવાનું છે. જૈન સમાજમાં જે પ્રગતિરોધક ક્રિયા—પ્રક્રિયા હોય, કોમીવાદી માનસ હોય, રાષ્ટ્રવિરોધી રૂઢીઓ કે પ્રવૃત્તિઓ હોય, તેની સામે લડીને રાષ્ટ્રના એક સબળ અંગ તરીકે જૈન સમાજને શુદ્ધ અને બળવાન બનાવવાનું કામ જૈન જુવાનોનું છે. તેમની ધંધાદારી કે કૌટુંબિક જે કંઇ જવાબદારીઓ હોય તેની સાથોસાથ 'વસુધૈવકુટુંબક'ની દૃષ્ટિએ દેશ અને દુનિયાનું જે કંઇ હિત થઇ શકે તે માટે પ્રવૃત્ત થવાની, શકય તેટલાં સમય અને શકિત ખર્ચવાની જુવાનોની ફરજ છે. તેઓ તેમની આ ફરજ પ્રત્યે દુર્લક્ષ ન બને, અને જૈન યુવક સંઘ મારફત તેમનું ઉચ્ચ પ્રકારનું ધ્યેય સિદ્ધ કરે, તે માટે જૈન યુવાનોને જૈન યુવક સંઘમાં જોડાઇ જવાને ઇજન આપવામાં આવે છે. જૈન યુવાન એ સ્વીકારશે અને આ કાર્યક્ષેત્રમાં સામેલ થઇ પોતાનો હિસ્સો જરૂર આપશે એવી આશા છે.

જટુભાઇ મહેતા

---

છે એમ તાજેતરમાં જ સ્ટેલીને જણાવ્યું છે. આ બન્ને વાદો એકમેકને અનુકુળ થઇને રહેશે તો બન્નેના વ્યવહારૂ સ્વરૂપમાં સમયોચિત ફેરફારો અને ગુણવિનિમય થશે. ભિન્ન ભિન્ન વિચાર–સરણીમાંથી ઉભા થતા મતભેદોમાંથી અને વિરોધ વૃત્તિમાંથી આપણે ઉંચે આવવું જોઇએ અને એક ઘાટીલી નહિ પણ એક દિલવાળી—પશ્ચિમના આર્થિક અન્યાયોથી અને પૂર્વના રાજકીય અન્યાયોથી મુકત બનેલી—દુનિયાનું જે મહત્તર મૂલ્ય છે તે મુલ્યને આપણે પારખતા થવું જોઇએ. કાયદાકાનુનને માન આપવાના અંગ્રેજી સ્વભાવનું, અમેરિકાના લોકોના આઝાદીપ્રેમનું, રશિઆમાં જે જાતિભેદ વિનાનો માતૃભાવ અને સમષ્ટિનિષ્ઠા જોવામાં આવે છે તે ભ્રાતૃભાવ તથા સમષ્ટિ નિષ્ઠાનું વધારે વ્યાપક અનુકરણ કરવામાં આવે તો દુનિયાની આજની પરિસ્થિતિમાં એકદમ સુધારો થવા માંડે. આપણે જાણે કે કોઇ વિષમ ગ્રહની દશામાં ફસાયલા હોઇએ એવા કઠણ કાળમાંથી પસાર થઇ રહયા છીએ. વિગ્રહ અથવા તો શાન્તિનો પ્રશ્ન આપણા સર્વના માથા ઉપર ઝઝુમી રહયો છે. શાન્તિને સ્થિર અને સુદૃઢ કરી નહિ શકીએ તો વિગ્રહ આપણ સર્વનો ગ્રાસ કરવાને સામે ઉભો જ છે."

શ્રી. સર્વપલ્લી રાધાકૃષ્ણનના આ ઉદ્ગારો આપણ સર્વને ઉદ્વિગ્ન બનાવી રહેલી વ્યથા રજુ કરે છે અને તેઓ જણાવે છે તેમ દુનિયાના છ આગેવાનો શા માટે? માત્ર ટ્રુમેન અને સ્ટેલીન જ દુનિયામાં સ્થાયી સુલેહ શાન્તિ સ્થાપવાના દૃઢ નિશ્ચયપૂર્વક મળે તો આજની વિશ્વવ્યાપી મુંઝવણનો ઉકેલ આવે. પણ ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેટલે અન્તરે ઉભેલા આ બે મહાનુભાવોને કોણ એકઠા કરે અને કદાચ કાળસંયોગે એકઠા થાય તો પણ પ્રત્યેક પોતપોતાના મનની ગાંઠો છોડીને જ મળશે એની શી ખાત્રી? આમ ન બને ત્યાં સુધી દુનિયાની સમસ્યા જટિલતર બનતી જવાની છે અને આગામી વિશ્વયુધ્ધ આપણા માથા ઉપર ઝઝુમતું રહેવાનું છે.

પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૧૩

મુંબઈ : ૧ નવેમ્બર ૧૯૪૯ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## બોમ્બે બેગર્સ એકટ અને જૈન સાધુસમુદાય

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મુંબઈ સરકાર ઉપર મોકલવામાં આવેલું નિવેદન

મુંબઈ સરકાર તરફથી ૧૯૪૭માં બોમ્બે બેગર્સ એકટ નામનો એક કાયદો કરવામાં આવ્યો છે. તેમાંથી મુક્તિ મેળવવા ઇચ્છનાર વર્ગે શું કરવું જોઈએ તે સંબંધે મુંબઈ સરકાર તરફથી એક જાહેરાત બહાર પાડવામાં આવી છે. જૈન સાધુ-સાધ્વીઓના આચાર નિયમો ધ્યાનમાં લેતાં આ કાયદામાંથી જૈન સાધુ-સાધ્વીઓને મુકિત મળવી જ જોઈએ. એમ છતાં તે માટે મુંબઈ સરકારે તાજેતરમાં પ્રગટ કરેલી જાહેરાત જૈન સાધુ-સાધ્વીઓ પુરતી બીલકુલ વ્યવહારૂ નથી અને તે માટે તો મૂળ કાયદામાં જ ચોક્કસ પ્રકારના ફેરફારની જરૂર છે એ બાબત તરફ મુંબઈ સરકારનું લક્ષ્ય ખેંચતું એક નિવેદન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મોકલવામાં આવ્યું છે. આ નિવેદન નીચે મુજબ છે:-

"મુંબઈ પ્રાન્તમાં ભીખારીઓને ભીખ માગતાં અટકાવવા, તેમને અને તેમના આશ્રિતોને એકઠા કરવા, કેળવવા અને કામ-ધંધે ચડાવવા, અને ભિક્ષુક ગુનેહગારોને અટકમાં લેવા, તેમની ઉપર કામ ચલાવવું અને તેમને શિક્ષા કરવી એ 'બોમ્બે બેગર્સ એકટ' નામના [illegible] છે. એ ધારામાં ભિક્ષાનું જે લક્ષણ આપિવામાં આવ્યું છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે જે માણસોએ ભીખને એક ધંધા તરીકે સ્વીકારેલ છે અને એ હેતુથી જાતજાતની યુક્તિઓ કરીને સમાજ પાસેથી પૈસા પડાવે છે તેમને લાગુ પાડવા માટે જ આ કાયદો ઘડવામાં આવ્યો છે. એ ધારાની બીજી કલમો પણ એ જ હેતુને ધ્યાનમાં રાખીને ભીખની પ્રવૃત્તિની અટકાયત કેમ થાય, ભીખ માગનારાઓને શું અને કેવી રીતે શિક્ષા કરવી અને ભીક્ષુકોનું જીવન કઈ રીતે સુધરે એ બધી બાબતોને અનુલક્ષીને ઘડવામાં આવી છે.

આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે જેમણે આત્મસાધનાના હેતુથી સંસારનો ત્યાગ કર્યો છે અને જેમને કશો પરિગ્રહ હોતો નથી અને જેઓ પોતા વિષે ભકિતભાવ દાખવતા અને આદર ધરાવતા લોકો પાસેથી અન્ન, વસ્ત્ર જેવી જીવનની અત્યન્ત જરૂરની વસ્તુઓ મેળવીને જીવનનિર્વાહ કરે છે તેવા ત્યાગીઓને આ કાયદો લાગુ પાડવાનો આશય હોઈ શકે નહિ અને લાગુ પણ પડી શકે નહિ. જૈન સાધુઓ કે જેમાં સાધ્વીઓ અન્તર્ગત થાય છે તેઓ દ્રવ્યનો સ્પર્શ સરખો કરતા નથી અને પોતે ઉપાડી શકે એથી વધારે વસ્તુઓનો પરિગ્રહ સેવતા નથી. તેઓ ઉઘાડા પગે એક સ્થળેથી બીજા સ્થળે વિહાર કરતા હોય છે અને કોઈ પણ વાહનનો કદિ ઉપયોગ કરતા નથી. તેમના ઉપાસકો પાસેથી તેઓ હંમેશનો આહાર મેળવે છે. એને માટે આગળથી કોઈનું પણ નિમંત્રણ સ્વીકારવામાં આવતું નથી. ખોરાક વહોરવા સંબંધે તેમને અનેક નિયમો સંભાળવા પડે છે, જ્યાં ભીક્ષા માટે જાય ત્યાં જે કાંઈ વધારાનું અન્ન હોય તેમાંથી કામનું હોય તેટલું જ તેઓ સ્વીકારે છે. વળી તેઓ કોઈને કશી પણ અગવડરૂપ બનતા નથી. જૈન સાધુ ભિક્ષા માગવા જાય ત્યાં બારણું બંધ હોય તો ઉઘડાવતા નથી કે કોઈ પણ સ્થળમાં દાખલ થવા માટે ઘંટડી હોય તો તે વગાડતા નથી. દ્વાર ખુલ્લાં હોય તો જ પ્રવેશ કરે છે અને તેમની સામે જે કાંઈ ધરવામાં આવે તેમાંથી જોઈતો આહાર વહોરે છે. કેટલા લોકો ભકિતભાવને વશ થઈને તેમના આગમનની રાહ જોતા હોય છે અને સાધુ પોતાને ત્યાં આહાર વહોરવા માટે આવે તો પોતાની જાતને ભાગ્યશાળી અને સન્માનિત લેખે છે.

આ ધારાના નિયમ બીજાની કલમ પહેલીની પેટા કલમ 'બી' (Sec 2, Sub-clause B. of clause 1) માં ભીખનું લક્ષણ આપતાં જણાવવામાં આવ્યું છે કે "ભિક્ષા માગવા કે મેળવવા માટે કોઈ પણ ખાનગી રહેઠાણમાં પ્રવેશ કરવો તેને પણ ભિક્ષા પ્રવૃત્તિ તરીકે લેખવામાં આવશે." ભિક્ષાના જે ભિન્ન ભિન્ન લક્ષણો આપવામાં આવ્યા છે તેમાં આ જ એક એવું લક્ષણ છે જે કદાચ જૈન સાધુઓને લાગુ પડી શકે, અને આ ધારામાં જેમને ભિક્ષુકો લેખવામાં આવ્યા છે તેમાં આ લક્ષણ નીચે જૈન સાધુઓનો સંભવતઃ સમાવેશ થઈ શકે. ભિક્ષુકોને લગતાં જે લક્ષણો બાંધવામાં આવ્યાં છે તેમાં જૈન સાધુઓનો પણ સમાવેશ કરવાનો આ ધારાનો હેતુ છે કે કેમ એ શંકાપડતું છે.

સ્વાભાવિક રીતે જૈનોમાં આ સંબંધે ઉગ્ર લાગણી પ્રવર્તે છે અને જો આ કાયદો જેવો છે તે જ આકારમાં અમલમાં આવે તો જૈન સાધુઓને ભિક્ષુકની કોટિમાં મુકવામાં આવે અને પરિણામે ભિક્ષા માગવા કે મેળવવા માટે તેઓ કોઈ પણ ખાનગી ઘરમાં પ્રવેશ કરી શકે નહિ. તેઓ પોતાનો નિર્વાહ બીજી કોઈ રીતે કરી શકે તેમ છે જ નહિ, કારણ કે તેમના માટે ખોરાક તૈયાર કરી શકાય નહિ કે રાંધી શકાય નહિ તેમ જ તેમના માટે અમુક ખોરાક તૈયાર કરવામાં આવ્યો છે કે રાંધવામાં આવ્યો છે એમ તેમને ખબર પડે તો તે ખોરાક તેમને ખપે નહિ. આ ઉપરથી એ સ્પષ્ટ છે કે જૈન સાધુઓની ભિક્ષા-પ્રવૃત્તિને આ ધારા નીચે જેને ભિક્ષા ગણવામાં આવે છે તે ભિક્ષાની સમાન કક્ષાની લેખવામાં ન આવે એવો આ ધારામાં ચોક્કસ પ્રબંધ થવો જોઈએ.

ભિક્ષાનાં જે લક્ષણો આપવામાં આવ્યા છે તેના અપવાદો પણ એ કલમ સાથે જોડવામાં આવ્યા છે. આ અપવાદો કલમ ૧ ની પેટા કલમ 'ઇ' (subclause (e) of clause (1) ના અપ,

વાદો છે કે આખી કલમ (૧) નાં અપવાદો છે એ વિવાદાસ્પદ છે. સામાન્ય નજરે તે અપવાદો આખી પેટા કલમ (૧) ના જ હોય એમ લાગે છે. આ અપવાદોમાં જે બીજો અપવાદ છે તે મુજબ કાયદાએ સંમત કરેલા હેતુ માટે દ્રવ્ય, અન્ન કે ભેટો માંગવા કે મેળવવામાં આવે તેવી ભિક્ષાને ગુન્હાહિત ભિક્ષામાં લેખવામાં આવતી નથી. જો આ સમજણ બરોબર હોય તો કાયદાથી એ જાહેર થવું જોઇએ કે જૈન સાધુઓ પોતાની જરૂરિયાતની ચીજો માંગે કે મેળવે તેને કાયદાએ સંમત કરેલા હેતુ નીચે મુકીને ગુન્હાહિતપણાથી મુકત કરવી જોઇએ. જો આ સમજણ બરોબર ન હોય તો કલમ ૧ ની પેટા કલમ 'બી' ને સુધારીને તેમાં નીચેના શબ્દો ઉમેરવા જોઇએ. "સિવાય એ વ્યકિતઓ કે જેમણે ધાર્મિક માન્યતાથી પ્રેરાઇને સંસારનો ત્યાગ કર્યો છે" આ વર્ગમાં જૈન સાધુઓ ઉપરાંત બીજા સંસારત્યાગીઓનો પણ જરૂર સમાવેશ થશે. આ સામે એમ કહેવામાં આવશે કે આ છુટનો દુરૂપયોગ થવા સંભવ છે પણ તેના જવાબમાં એમ જણાવવાનું છે કે જે કાંઇ દુરૂપયોગ થશે એ ઉપેક્ષા કરી શકાય એવા અલ્પ પ્રમાણનો હશે. કારણ કે આ છુટ તો ભિક્ષાના હેતુસર કોઇ પણ ખાનગી ઘરમાં પ્રવેશ કરવા પુરતી મર્યાદિત રહેવાની છે અને એમાં ભીખના અન્ય કોઇ પ્રકારનો સમાવેશ કરવાનો નથી. જો કોઇ પણ અમુક વ્યકિત ભીખ માગવાના હેતુથી કોઇના ઘરમાં દાખલ થાય અને તેણે સાધુ સંન્યાસીનો દેખાવ ધારણ કર્યો હોય પણ વસ્તુતઃ એવો કોઇ ત્યાગી ન હોય તો તેને કાઢી મુકી શકાય છે અને આવો ઢોંગ કરનારા માણસો બહુ મોટા પ્રમાણમાં નીકળી આવે એવો સંભવ નથી અને તેનો ઉપદ્રવ કે અગવડ બહુ નજીવી હોવા સંભવ છે. વસ્તુતઃ આ ધારાનો મુખ્ય હેતુ ધંધાદારી ભિક્ષુકો કે જે આ દેશમાં હજારોની સંખ્યામાં જ્યાં ત્યાં ભટકતા હોય છે તેમને સુધારવાનો છે અને તે હેતુ પાર પડે તો સરકારે એક મોટી સિધ્ધિ પ્રાપ્ત કરી લેખાશે.

આ કાયદાના અનુસંધાનમાં પ્રગટ કરવામાં આવેલ બેગર્સ રૂલ્સમાં રૂલ (૩) (b)ના નામે જે ઉમેરો કરવાનો મુંબઇ સરકારે પોતાનો ઇરાદો જાહેર કર્યો છે તેનો આશય જેમણે ધાર્મિક કારણોસર આ સંસારનો ત્યાગ કર્યો છે તેવી વ્યકિતઓને આ કાયદાના પ્રદેશથી મુકિત આપવાનો હોય એમ લાગે છે. પણ આ સુધારા વડે ધાર્યો હેતુ બર આવશે નહિ. એક તો જૈન સાધુઓ કોઇ પણ પ્રકારના પહેલાંથી નકકી કરેલા કાર્યક્રમ સિવાય આખા હિંદમાં એક સ્થળેથી બીજા સ્થળે પરિભ્રમણ કરતા હોય છે. એવી કોઇ પણ સંસ્થા નથી કે જે તેમના આવા વિહારની યાદી રાખી શકે અને તેમના આવ્યા ગયાની સ્થળે સ્થળે જીલ્લા મેજીસ્ટ્રેટોને ખબર આપી શકે. બીજું, આખા હિન્દુસ્તાનમાં સ્થળે સ્થળે વિચરતા જૈન સાધુઓનું રજીસ્ટર રાખવાની જવાબદારી લે એવી પણ કોઇ સંસ્થા મોજુદ નથી. ત્રીજું જૈન સાધુઓથી પોતાનાં ઓળખપત્રો સાથે રાખવાનું કે પોલીસ અધિકારીઓની હાલતાં ચાલતાં થતી તપાસને આધીન થવાનું બની શકશે નહિ.

જૈન સાધુઓના વ્રતનિયમ અને આચારવિચારની આવી પરિસ્થિતિ હોવાથી અમો નમ્રભાવે મુંબઇ સરકારના ધ્યાન ઉપર લાવવા માંગીએ છીએ કે જો બેગર્સ એકટનો મુખ્ય આશય બરોબર નજર સામે રાખવામાં આવે તો આ કાયદાના અમલમાંથી જૈન સાધુઓને બાકાત રાખવાની વાત એટલી નાની અને નજીવી છે કે સરકારને એમ કરવામાં કશી પણ મુશ્કેલી નડવી ન જોઇએ. આમ કરવાથી જૈન સાધુઓ કારણ વગરની અણઘટતી તકલીફમાંથી બચી જશે અને જૈન સમાજના દિલમાં ઉભી થયેલી કડવાશ દૂર થશે. જૈન સાધુઓની ઉપર વર્ણવી તે પ્રકારની ભિક્ષાવૃત્તિના કારણે કદિ કોઇ પણ દિશાએથી અગવડ, ઉપદ્રવ કે જાહેર જનતાને થતા કોઇ પણ પ્રકારના નુકસાનની ફરિયાદ જાણવામાં કે સાંભળવામાં આવી નથી.

આથી અમો માંગણી કરીએ છીએ કે જે નવો નિયમ રૂલ (૩) (b) સરકાર તરફથી જાહેર કરવામાં આવ્યો છે તે રદ કરવો અને નિયમ ૨ ની કલમ (૧) ના અપવાદ તરીકે સરકારે એવી જાહેરાત કરવી કે જૈન સાધુઓ કે સાધ્વીઓ અંગત જરૂરિયાતની ચીજો માંગે કે મેળવે તે બાબતનો કાયદાથી પ્રમાણિત હેતુમાં સમાવેશ કરવામાં આવે છે અને તે પ્રકારની ભિક્ષાવૃત્તિને ગુન્હાહિત ભિક્ષા તરીકે લેવામાં નહિ આવે અથવા તો નિયમ ૨ કલમ ૧ પેટાકલમ 'બ'માં 'ધાર્મિક કારણોસર જેમણે સંસાર ત્યાગ કર્યો હોય એવી વ્યકિતઓ સિવાય' એટલા શબ્દો ઉમેરવા અને એ રીતે એ પેટાકલમને સુધારવી. આ બેમાંથી ગમે તે સુધારો સ્વીકારવાથી ધાર્યો હેતુ બર આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## મુંબઇમાં મળેલી જૈનોની સભાએ કરેલો ઠરાવ

મુંબઇ ખાતે તા. ૨૩-૧૦-૪૯ રવિવારના રોજ શ્રી અમૃતલાલ કાળીદાસના પ્રમુખપણા નીચે મળેલી સમસ્ત જૈનોની જાહેર સભામાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

ભીક્ષા પ્રતિબંધક કાયદાનો મુખ્ય ઉદ્દેશ માણસોને પ્રમાદી, નિરૂદ્યમી અને સમાજ ઉપર બોજા રૂપ થતાં અટકાવવાનો તથા ભીખ માંગવાનો ધંધો લઇ બેઠા હોય તેઓ દુર્વ્યસની થાય છે તેવા તેમને સુધારવાનો છે.

આત્મકલ્યાણ અર્થે જેમણે સંસાર ત્યાગ કર્યો છે તેવી વ્યકિતઓને દેખીતી રીતે આવો કાયદો લાગુ ન પડે એમ સ્પષ્ટ છે.

આ કાયદાના નિયમોમાં ફેરફાર કરવા મુંબઇ સરકાર તરફથી હમણાં એક સુધારો કરવાનો કલમ ૩-બ બહાર પડી છે જેથી ત્યાગી વ્યકિતઓએ પણ ઓળખપત્રો રાખી સંસ્થાઓમાં પોતાના નામઠામ નોંધાવવા પડશે.

ભીખ માગવાના ધંધો લઇ બેઠા હોય તેવા માણસોથી ત્યાગીઓને જૂદા પાડવા કાંઇ મુસિબત નથી. ત્યાગીઓ, ભીખારીઓ પેઠે સમાજને કોઇ ઉપદ્રવ કરતા નથી એટલું જ નહિં પણ તેમનું સમાજમાં સન્માન છે તેથી તેમને ભીખારી ગણવા અપમાન બરાબર છે.

જૈન સાધુ સાધ્વીઓના આચારો સુવિદિત છે, તેમને આવા હેરાનગતિભર્યા કાયદામાં મૂકવા એ સર્વથા અનુચિત છે. તેથી જૈનોની આ જાહેર સભા મુંબઇ સરકારને આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ કરે છે કે આ કલમ ૩-બી નો નવો સુધારો ન જ કરવો પણ એક નિયમ ઉમેરી સામાન્ય રીતે જાહેર કરવું કે સર્વથા અપરિગ્રહી અને ત્યાગીઓ તથા સાધુઓ આહાર-પાણી આદિ જરૂરીઆતો મેળવે છે તે પ્રમાણિત ઉદ્દેશ છે.

## જૈન જુવાનોને

મુંબઇ જૈન યુવક સંઘની નવા વર્ષની કારોબારી અને હોદ્દેદારોની ચૂંટણી એકાદ માસમાં કરવામાં આવશે. મુંબઇ જૈન યુવક સંઘ એ કેવળ સુધારક નહિ, પરંતુ ક્રાન્તિકારક સામાજિક સંસ્થા તરીકે રહી છે, અને રહેવા માગે છે. એટલે પ્રગતિશીલ વિચારસરણી ધરાવતા જૈન જુવાનો આ સંસ્થામાં જોડાઇને એને નવું લોહી આપી એની ક્રાન્તિકારકતાને જાળવી રાખે એ જરૂરનું છે.

જૈન સમાજ હજુ ખુબ ફેરફારો માગી રહ્યો છે. હજુ બાળદીક્ષા, દેવદ્રવ્ય, અસ્પૃશ્યતા, કોમવાદ વગેરે પ્રશ્નોનો નિકાલ આવી ગયો નથી; અને ત્યાં સુધી જૈન યુવક સંઘનું કાર્ય અધુરૂં રહ્યું છે. આ કાર્ય પૂરૂં કરવા માટે વિચારક, કાર્યશીલ અને સેવાભાવી જુવાનો સંઘમાં મોટી સંખ્યામાં જોડાય એ જરૂરનું છે.

મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય તરીકે જૈન જુવાનોને મારી અપીલ છે કે તેઓ હવે આગળ આવીને તેમનું કાર્ય સંભાળી લ્યે; અને યુવક સંઘની દરેક પ્રવૃત્તિને આગે બઢાવવામાં તેઓ સાથ અને સહકાર આપે.

જટુભાઇ મહેતા

# બાલદીક્ષાવિરોધી સંમેલન, જયપુર

## કેટલાંક સંસ્મરણો

જૈન સમાજ શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને દિગંબર એમ ત્રણ ફીરકાઓના મોટા ભાગે વહેંચાયલો છે એવી આપણી સામાન્ય સમજ છે, પણ જૈન સમાજનો એટલો જ મહત્ત્વનો વિભાગ તેરા પંથીઓનો છે. મુંબઇ, ગુજરાત કે સૌરાષ્ટ્ર બાજુ આ સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા બહુ અલ્પ છે પણ મારવાડમાં આ સંપ્રદાયનું ખુબ પ્રભુત્વ વર્તે છે. કલકત્તામાં તેરાપંથીઓ સારી સંખ્યામાં વસે છે. આ વર્ગમાં ધનિક લોકો બહુ મોટા પ્રમાણમાં છે. તેરાપંથીઓની કુલ સંખ્યા દોઢથી બે લાખની આસપાસ આંકવામાં આવે છે. તેમનો સાધુસમાજ સુગ્રથિત અને સુસંગઠિત છે અને બધા સાધુ સાધ્વીઓ તેમના મુખ્ય આચાર્ય શ્રી. તુલસીરામજીની આમન્યામાં રહે છે. આ તેરાપંથી વિભાગમાં આજકાલ બાલદીક્ષા આપવાની પ્રવૃતિ બહુ મોટા પ્રમાણમાં ચાલી રહી છે. આપણી બાજુએ એટલે કે ગુજરાત કાઠિયાવાડમાં આ અનર્થે એક વખત બહુ જોર પકડયું હતું અને તે સામે જૈન યુવકો તરફથી જબરદસ્ત આંદોલન ઉઠાવવામાં આવ્યું હતું. એ આંદોલનનાં પરિણામે વડોદરા રાજ્યમાં બાલદીક્ષા પ્રતિબંધક કાયદો કરવામાં આવ્યો હતો અને બાળદીક્ષાની પ્રવૃત્તિ લગભગ અટકી ગઇ હતી. આજે કોઇ કોઇ જગ્યાએ છુપી બાળદીક્ષા અપાતી હશે પણ આજે આપણે ત્યાં બાળદીક્ષાનો કોઇ ગંભીર પ્રશ્ન ઉભો હોય એમ આપણને લાગતું નથી. મારવાડ બાજુએ તેરાપંથી વિભાગમાં બાળદીક્ષાની પ્રવૃત્તિ બહુ જોસભેર ચાલી રહી છે અને સંખ્યાબંધ છોકરા છોકરીઓને આજ કાલ દીક્ષા આપવામાં આવે છે. આપણી બાજુએ સાધારણ રીતે છોકરાઓને ભગાડીને સાધુઓ છુપી રીતે મુંડી નાખતા હતા. છોકરીઓને બાળદીક્ષા અપાયાના કીસ્સા જવલ્લેજ બનતા. મારવાડ બાજુએ તેરાપંથીઓમાં પ્રચલિત બનેલી બાળદીક્ષાનો પ્રકાર જુદો છે. ત્યાં જે કોઇને બાળદીક્ષા આપવામાં આવે છે તે છુપી રીતે નહિ પણ જાહેર રીતે, બાળક તેમ જ તેના માબાપ કે વાલીની પુરી સંમતિ લઇને, સંઘસમુદાય સમક્ષ દીક્ષા આપવામાં આવે છે અને આવાં બાળદીક્ષિતોમાં છોકરાઓ કરતાં છોકરીઓની સંખ્યા ઘણી વધારે જોવામાં આવે છે. આનું કારણ એ છે કે તેરાપંથી સંપ્રદાયનો આજકાલ સર્વત્ર ભારે વ્યવસ્થિત રીતે અને જોસભેર પ્રચાર ચાલે છે; મારવાડી પ્રજા પ્રમાણમાં બહુ અજ્ઞાન અને અંધશ્રધ્ધાળુ છે; એ બાજુ છોકરીઓને સંસારમાં ઠેકાણે પાડવાનો સવાલ અન્યત્ર કરતાં વધારે વિકટ છે. એક છોકરીનું લગ્ન એટલે સાધારણ રીતે પંદરથી વીશ હજારનો ખર્ચ અંદાજવામાં આવે છે. આની સામે કુંટુંબની એક બે છોકરીઓ દીક્ષિત બને તો એટલી આર્થિક જવાબદારી ઓછી અને વધારામાં આવી રીતે પોતાનું બાળક ધર્મને સમર્પિત કરવામાં પોતાનું તેમ જ પોતાના બાળકનું ભારે કલ્યાણ થઇ રહ્યું છે આવી માન્યતા પણ આ પ્રકારની બાળદીક્ષાને વેગ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. દક્ષિણ હિંદુસ્તાનમાં દેવદાસીઓ બનવવાની પ્રથા ગઇ કાલ સુધી પ્રચલિત હતી તેની અમુક અંશે આ બીજી આવૃતિ છે. તા. ૧૬-૧૦-૪૯ ના રોજ જયપુર ખાતે એક ભવ્ય દીક્ષા મહોત્સવ થવાનો હતો અને તેમાં કેટલાક છોકરા છોકરીઓને એક સાથે દીક્ષા આપવામાં આવનાર હતી. તે સામે મજબુત વિરોધ દાખવવાના હેતુથી જયપુરમાં વસતા જૈન યુવાનોએ પ્રસ્તુત બાળદીક્ષાવિરોધી સંમેલનની યોજના કરી હતી. આ સંમેલનના પ્રમુખસ્થાને પંડિત સુખલાલજીની વરણી કરવામાં આવી હતી. પ્રસ્તુત સંમેલનના યોજકોના આગ્રહથી મુનિ જિનવિજયજી તેમ જ હું પણ એ સંમેલનમાં હાજર રહેવા ભાગ્યશાળી થયા હતા. તેરાપંથી સમાજના એક જાણીતા અગેવાન શ્રીમાન સોહનલાલજી દુગડ આ સંમેલનના સ્વાગતાધ્યક્ષ હતા. એમણે એ સ્થાન ઉપરથી જે વ્યાખ્યાન આપ્યું હતું તે ભારે જોશીલું હતું અને તે પાછળ તેમના દિલની વ્યગ્રતા, વ્યાકુળતા તેમ જ આ અનર્થને કોઇ પણ રીતે દૂર કરવાની ભારે તમન્નાં જોવામાં આવતી હતી. પ્રમુખસ્થાનેથી પંડિત સુખલાલજીએ એક વિદ્વત્તાપૂર્ણ અને મર્મસ્પર્શી વ્યાખ્યાન આપ્યું હતું જે આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. સંમેલનમાં ૫૦૦ થી ૭૦૦ ભાઇ બહેનોની હાજરી હતી. સંમેલનમાં ત્રણ પ્રસ્તાવો પસાર થયા હતા, જે નીચે મુજબ હતા:

### પ્રસ્તાવ ૧

આ સમ્મેલનના હેતુ મુજબ બાળક એટલે કે ૧૮ વર્ષથી ઓછી ઉમ્મરના છોકરા છોકરીઓને આ-જન્મ સન્યાસદીક્ષા દેવાની જે પ્રથા ભારતની જનતાના કેટલાક સમૂહોમાં પ્રચલિત છે તે કેવળ બુધ્ધિ અને સામયિકતાની વિરૂધ્ધ છે એટલું જ નહિ પરંતુ વ્યક્તિ અને સમાજના મૌલિક અધિકારોની ઘાતક પણ છે. તેથી આ સંમેલન આ પ્રથાને અનુચિત માને છે અને તેનો વિરોધ કરે છે. આ સમ્મેલન ભારતની જનતાને જણાવે છે કે તે આ પ્રથાને બને તેટલી જલ્દીથી નાબુદ કરે.

### પ્રસ્તાવ ૨

આ સમ્મેલન રવિવાર તા. ૧૬ ઓકટોબર ૧૯૪૯ ને દિને જયપુરમાં જૈન શ્વેતામ્બર તેરાપન્થી સંપ્રદાયના આચાર્ય મહોદય દ્વારા કેટલાક અપુખ્ત ઉમ્મરના બાલક-બાલિકાઓને દેવામાં આવનાર બાલદીક્ષાને અનુચિત માને છે તથા તેનો વિરોધ કરે છે. અને આચાર્ય મહોદયને જણાવે છે કે આ પ્રકારની અપરિપક્વ દીક્ષા ન આપે.

### પ્રસ્તાવ ૩

આ સમ્મેલન મધ્યભારત ધારાસભામાં પ્રસ્તુત બાળદીક્ષા વિરોધી બીલનું સંપૂર્ણ રીતે સમર્થન કરે છે. અને આ સમ્મેલનને દૃઢ વિશ્વાસ છે કે, સમગ્ર દેશનો જાગ્રત અને શિક્ષિત જનમત બાલદીક્ષાનો વિરોધ કરે છે. તેથી સમ્મેલન દેશની કેન્દ્રીય તથા પ્રાંતીય સરકારને પ્રાર્થના કરે છે કે તેઓ આ પ્રથાને દૂર કરવા માટે જલ્દીથી આવશ્યક પગલાં ભરે.

સંમેલનનો બીજે દિવસે શહેરના ખુલ્લા ભાગમાં એક જાહેર સભા રાખવામાં આવી હતી. એ સભામાં ચારથી પાંચ હજાર ભાઇ બહેનોએ હાજરી આપી હતી. આ સભામાં મને થોડુંક પ્રસંગોચિત બોલવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. અને એ પણ ભાંગી તુટી હિંદીમાં. હિંદીમાં બોલવાનો આ મારો પહેલો જ પ્રયાસ હતો. મારી પછી મુનિ જિનવિજયજીએ લગભગ દોઢથી પોણા બે કલાક સુધી અખંડ ધારાએ એક ભવ્ય પ્રવચન કર્યું હતું અને પોતે જ એક વખતના બાલદીક્ષિત હોઇને તેમ જ આજના સાધુસમાજનો પોતાને નિકટ પરિચય હોઇને તેમનું પ્રવચન અનેક જાતઅનુભવની વાતોથી ભરપુર, અને રસપૂર્ણ અને ભારે પ્રેરણાદાયી હતું. સૌ કોઇ શ્રોતાજનો તેમને એકસરખી શાન્તિથી મુગ્ધભાવે સાંભળી રહ્યા હતા. આ સંમેલન ઉપર કલકત્તાથી ખાસ આવેલા જાણીતા કાર્યકર્તા શ્રી ભંવરમલ સિંધીએ તેમજ અન્ય કાર્યકર્તાઓએ પણ આ પ્રસંગે અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું. બીજે દિવસે થનાર દીક્ષામહોત્સવ ઉપર જયપુરમાં દશથી પંદર હજાર માણસો આવ્યા હતા. કેટલાએ વિદ્વાનોને તેમ જ જાણીતા માણસોને તેરાપંથી સમાજ તરફથી ખાસ બોલાવવામાં આવ્યા હતા. આ કારણે શહેરના વાતાવરણમાં ભારે ગરમી અને ઉશ્કેરાટ હતો. આ બધા સામે આવું બાળદીક્ષા વિરોધી સંમેલન યોજવા માટે જયપુરના યુવક કાર્યકર્તાઓને તેમણે દાખવેલી હીંમત અને નિડરતાને અંગે ખરેખર ધન્યવાદ ઘટે છે. આ સંમેલન ઉપર દેશના

# આજનો ધર્મ

[ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સાધુચરિત શ્રી. કેદારનાથજીએ કરેલા પ્રવચનનો સાર શ્રી. ભોગીલાલ ડગલીના સંગ્રહમાંથી. ]

હું જે વિષય ઉપર બોલું, તે આપને રૂચે કે ન રૂચે; પરંતુ તેનું તાત્પર્ય તો જાણવાની જરૂર છે. આજકાલ મનોરંજનનો વિષય પ્રશંસનીય બને છે, પરંતુ મનોરંજન અર્થે મને કંઇ બોલતાં આવડતું નથી. હું વિદ્વાન નથી, વધુ ભણેલો પણ નથી. પરંતુ એનું મને દુઃખ નથી. જો ભણવું, તો સારૂં ભણવું એવી મારી સમજ છે. પરંતુ લોકો તો કેવળ વિદ્યાભ્યાસને જ ભણતર ગણે છે. આ માન્યતા ગલત છે. કેમકે વધુ ભણેલાઓ પણ તેમણે મેળવેલા જ્ઞાનને આચરમાં ઉતારી શકતા નથી. જે પુસ્તકોમાંથી મેળવેલું જ્ઞાન અનુભવમાં ઉતારવા પ્રયત્ન કરતો નથી, તે જ્ઞાની છતાં અજ્ઞાની છે. અધ્યયન કરીને તેમાંથી સત્ય તારવી આચરણમાં મૂકવું જરૂરી છે.

આપણે કઇ રીતે જીવીએ; તો આપણી, માનવ સમાજની અને ધર્મની ઉન્નતિ થાય, એનો વિચાર આપણે કરવાનો છે. આપણે ઘણુંખરૂં આપણી જાત પ્રત્યેનો—આગળ વધીએ તો સમાજ પ્રત્યેની ફરજનો—ધર્મ જાણતા નથી; અને પરલોકના ધર્મની—મૃત્યુ બાદ દેવલોકનો ધર્મ જાણવાની—અપેક્ષા રાખીએ છીએ. એ ધર્મ જાણવાની જિજ્ઞાસા કેળવીએ છીએ. પરંતુ જો પરલોકની કલ્પના કર્યાથી ધર્મ સમજી શકાતો હોય, તો હું તેને ધર્મ નહિ કહું. આપણા જીવનમાં, દરેક કાર્યમાં, વ્યવહારમાં ધર્મની જરૂર છે. જેનો ઉપયોગ કર્યાથી પરિણામ અત્યારે મળે, એ ખરો ધર્મ કહી શકાય—જેને લઇને આપણું ભલું થાય—આપણી ઉન્નતિ થાય.

આપણે જે કાલ્પનિક ધર્મ સમજતા આવ્યા છીએ, તેનું મારે મન મહત્ત્વ છે જ નહિ.

માનવ જાતનો ઇતિહાસ જુઓ. આપણા પેઢી દર પેઢીથી ઉતરી આવતા સંસ્કાર તરફ દૃષ્ટિપાત કરો. તેના મૂળ સિધ્ધાંતો તપાસો. તેમાં તમે અહિંસા, સત્ય, અપરિગ્રહ અને અસ્તેય ઉપર વધુ ભાર મૂકાએલો જોઇ શકશો. તે જમાનામાં તેની જરૂરિયાત હતી, અને આજે નથી એમ ન સમજશો. આ વ્રતોને સમજીને આચરણમાં મૂકવાનું આજે જરૂરી છે. એ પ્રમાણે વર્તીશું તો આપણી ઉન્નતિ થશે. તો આજે જે ભાઇ ભાઇ વચ્ચેની વૈરવૃત્તિ અને આપસમાં જે શત્રુભાવ ફેલાએલાં છે, તે નહિ હોય. આવો વૈરભાવ આવી અધમ લાગણી તો પશુ-પક્ષીઓમાં પણ નથી; જ્યારે ઉચ્ચ કોટીના અને સંસ્કારી ગણાતા આપણે એક બીજામાં અવિશ્વાસની દૃષ્ટિએ જ જોઇએ છીએ.

આજે કાળાં બજાર અને લાંચરૂશ્વતની બદી ઠેર ઠેર જોઇએ છીએ. એક સૈકો એવો હતો, કે એકબીજા હેતપ્રીતથી ચીજ-વસ્તુની આપ-લે કરતાં. દુષ્કાળમાં નિરાધારો માટે સદાવ્રતો ખોલવા શ્રીમંતો પોતાની દોલત ન્યોછાવર કરી દેતા. આજે મૂડીપતિઓ સમાજને—ગરીબોને—ચૂસવાનું કામ કરી રહ્યા છે. કાળાંબજાર અને લાંચ-રૂશ્વતથી અંધાધૂંધી ફેલાઇ ગઇ છે. થોડા રોજ ઉપર કાળાં બજાર અને લાંચરૂશ્વત નાબૂદ કરવા મેં એક પ્રયત્ન કરેલો. મેં એવી યોજના કરી કે 'હવેથી હું અનીતિ નહિ કરૂં,' એવી સૌ લેખિત પ્રતિજ્ઞા કરે. આ ફોર્મમાં સહી કરાવવા માટે જ્યારે હું સમાજના આગેવાન ગણાતા મૂડીપતિઓ પાસે જતો, ત્યારે તેઓ એમાં સહી કરવા ખુશી નહોતા. આ એમ બતાવે છે કે તેઓ આ અનિષ્ટોને નાબુદ કરવા ઇચ્છતા નથી.

લોકો ધર્મસ્થાને જઇને ધર્મ વિષે ઘણું શ્રવણ કરે છે, પણ કંઇ આચરણમાં મૂકતા નથી. એથી આજની પરિસ્થિતિ ઉત્પન્ન થઇ છે. એથી આપણું અધઃપતન થયું છે. અવિશ્વાસની નજરે જોવાની વૃત્તિ પેદા થઇ છે. હું ચાહું છું કે આપણે સત્ય તારણ કાઢી સુપંથે દોરાઇએ. અસત્યનું દફન કરી સત્યમય જગત સર્જીએ. માનવજીવનને પવિત્ર—શુદ્ધ—કરીએ. તેમાં ઉગેલો સડો અને અનિષ્ટોને દૂર કરીએ; અને તેમ કરનારાને બનતો સાથ આપીએ.

મને એક વાત બહુ ખટકે છે. આજકાલ બધા રાજપુરૂષો પ્રજાના હિતને નામે મોટી મોટી યોજનાઓ ઘડે છે. પરંતુ કેવળ યોજનાઓથી જ પ્રજાનું ભલું થનાર નથી. જ્યાં સુધી દેશને ખૂણે ખૂણે ભૂખ્યાંઓ અન્ન વિના ટળવળતાં હશે, નાગાંઓ કપડાં વિના રઝળતાં હશે, બિમારો દવા વિના તરફડિયાં મારતાં હશે—ત્યાં સુધી આવી યોજનાઓ આપણું કશું ભલું કરી શકશે નહિ. ગરીબો કઇ રીતે દિવસો ગુજારે છે? આપણે કહીએ છીએ કે તેઓને કામ કરવું નથી. આળસુની જેમ બેસી રહેવું છે. પરંતુ ખરી રીતે જોઇએ તો તેમની શક્તિ—કાર્ય કરવાની તેમની ધગશ—ગરીબાઇએ હરી લીધી છે, પેટ ભરવા માટે પૂરતું અન્ન મળે તો જ જીવન સંતોષી બને. બચ્ચાંઓ માટે દૂધની સગવડ નથી, ત્યારે આપણે ધર્મની વાતો કરીએ તે શા ખપની? એ બધી વાતો છોડી દઇને કામ કરવાની શક્તિ પેદા કરીએ. આપણાં કંગાળ ભાઇબહેનોની પરિસ્થિતિ સુધારવા બનતો પ્રયત્ન કરીએ. એ જ વ્યવહાર ધર્મ છે. એ જ અતિસુખદાયક છે. ધર્મ અને વ્યવહાર અલગ નથી. જ્યારે બન્નેને સાથે સમજવા પ્રયત્ન કરીશું, ત્યારે જ ઉન્નતિ થશે.

આપણો અભિપ્રાય એવો થઇ ગયો છે કે જે સંન્યાસ ગ્રહણ કરે તે જ મહાવ્રતો પાળે. પણ હું તો સમજું છું કે વ્રતોની વધુ જરૂર ગૃહસ્થીઓને છે. માણસ જો સત્ય આચરણ કરે, 'પ્રાણ જાય પણ વચન ન જાય' એ ટેક પાળે, તો આજે કાયદા

---

અનેક આગેવાન નેતાઓએ શુભેચ્છા અને સહાનુભૂતિના સંદેશાઓ પાઠવ્યા હતા જેમાંના કેટલાક આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે. આ વખતે જયપુર જવાનું ત્રીશ વર્ષના ગાળે બન્યું અને ત્યાંના અનેક કાર્યકર્તાઓ ને રાજકારણી આગેવાનોને તેમજ પૂર્વ પરિચિત મિત્રોને મળતાં અને ત્રીશ વર્ષના ગાળે મહાન પરિવર્તન પામેલા જયપુરનું દર્શન કરતાં મને બહુ જ આનંદ થયો. ખાસ, કરીને જેઓ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના પિતા સમાન લેખાય છે તે વયોવૃધ્ધ સુરબ્બી શ્રી. ગુલાબચંદજી ઢઢ્ઢાનાં લાંબા કાળે દર્શન કરી જીવનની મેં ધન્યતા અનુભવી. તેમની આજે ૮૩ વર્ષની ઉમ્મર છે છતાં પ્રમાણમાં ઠીક ઠીક સશક્ત અને જાગૃત છે. તેમના પુત્ર શ્રી. સિદ્ધરાજ ઢઢ્ઢા આજે ત્યાંના પ્રધાનમંડળમાં વ્યાપાર અને ઉદ્યોગખાતાના પ્રધાન છે. તે પણ જુના મિત્ર અને જાણીતા કાર્યકર્તા. તેમને મળીને પણ મારૂં હૃદય આનંદ ઉલ્લસિત બન્યું. આ ટુંકી સ્મરણ નોંધમાં એક વિગત ન ઉમેરૂં તો આ નોંધ ખરેખર અધુરી ગણાય અને તે એ છે કે ઉપર જણાવેલ તેરાપંથી સમાજના દીક્ષાસમારંભમાં અનુમોદન કરી આપવા માટે એક વખતના જૈન યુવક સમાજના નેતા અને બાળ-દીક્ષાના કટ્ટર વિરોધી શ્રી ધીરજલાલ ટોકરશી શાહને આવેલા જાણીને મને ભારે દુઃખ થયું. તેઓ જયપુર જતાં ટ્રેનમાં મારી સાથે જ હતા પણ તેમના જયપુર આવવના આ પ્રયોજનથી મને તેમણે અજાણ રાખેલો. પણ પછીના દિવસો દરમિયાન પ્રસ્તુત દીક્ષા સમારંભને કોણ કોણ મહાશયોએ પોતાની હાજરી વડે શોભાવ્યો હતો તેમની શુભ નામાવલિમાં 'સ્મૃતિધારક ધીરજલાલ શતાવધાની'નું નામ મેં વાંચ્યું અને મને ભારે આશ્ચર્ય તેમજ દુઃખ થયું. એક વખતના સાથી કાર્યકર્તા અને કટ્ટર સુધારકને આમ આજે બીજે છેડે ઉભેલા જોઇને કોઇ ને પણ આઘાત લાગે તે સ્વાભાવિક છે.

પરમાનંદ

# ભીખબંધીના કાયદા અંગેની કાર્યવાહી

[ભીખબંધીનો કાયદો જે રીતે જૈન સાધુ સાધ્વીઓને લાગુ પડે છે, તેથી જૈન સમાજમાં ભારે ખળભળાટ ઉત્પન્ન થયો છે. ગંભીર અને વિચારક વર્ગ પણ ગ્લાની અનુભવી રહ્યો છે. આ કાયદો સને ૧૯૪૫ના એપ્રિલની ૭મી તારીખે મુંબઇ સરકારે નિબંધ રૂપે પ્રગટ કર્યો ત્યારથી આજ સુધીમાં જૈન સમાજ તરફથી જે કંઇ કાર્યવાહી થઇ છે, તેની એક નોંધ શ્રી. ધીરજલાલ ટોકરશી શાહે જાળવી રાખી છે. આ કાર્યવાહીમાં શ્રી. ધીરજલાલભાઇએ પોતે પણ ખૂબ રસ લીધો છે. તેમની પાસેથી જે વિગતવાર નોંધ અમે પ્રાપ્ત કરી શકયા છીએ, તે જૈન જનતા અને સંસ્થાઓની જાણ માટે આ નીચે પ્રગટ પ્રગટ કરીએ છીએ. તંત્રી.]

૧. ભિખારીઓનો ત્રાસ દૂર કરવના હેતુથી ૧૯૪૫ના એપ્રિલની ૭મી તારીખે મુંબઇ સરકારે બિલનો ખરડો પ્રસિદ્ધ કર્યો. તેમાં ૧૨ મી મે ૧૯૪૫ સુધીમાં લોકોને પોતાના અભિપ્રાય તથા વાંધા રજુ કરવાની મુદત આપવામાં આવી.

૨. ઓન. સર શાન્તિદાસ આશકરણની તે વખતના સરકારના સલાહકાર મી. ચાર્લ્સ બ્રિસ્કોની પુના મુકામે મુલાકાત. ચાર્લ્સ બ્રિસ્ટોની અશ્વસન કે 'આ કાયદામાંથી જૈન સાધુઓ તેમજ બીજા ધર્મના સાધુઓ તથા બ્રાહ્મણો જેઓ દાનભિક્ષા ઘરધણીની ઇચ્છાથી મેળવે તેને આ કાયદામાંથી બાકાત રાખવામાં આવશે'–તેના અંગેના નિવેદનની પત્રોમાં પ્રસિદ્ધિ. જૈન પ્રકાશના તા. ૯–૯–૪૫ના અંકમાં તે નિવેદન છપાયું છે.

૩. તા. ૧૧–૮–૪૫ના ટાઇમ્સ એફ ઇન્ડિયામાં ચાર્લ્સ બ્રિસ્ટોના ઉપર્યુક્ત આશ્વાસન સંબંધમાં સ્પષ્ટતા કરવામાં આવી કે પ્રસ્તુત નિબંધમાં ભિક્ષાથી નિર્વાહ ચલાવનાર કોઇ પણ વર્ગ કે સંપ્રદાયના સાધુઓનો અપવાદ થતો નથી; પરંતુ તેમાંની એક કલમ ખરેખરા ત્યાગીઓને રક્ષણ આપવા માટે યોજાએલી છે, કે જો ઘરધણી ફરિયાદ કરશે તો જ તેવા પ્રકારના ભિક્ષુકને પોલીસ પકડી શકશે.

૪. આ ઉપરથી શ્રી. ભુલાભાઇ દેસાઇ, શ્રી. ક. મા. મુનશી, મી. ધુરંધર, મી. કાનુગા, દફતરી એન્ડ કું. વગેરેની કાયદેસર સલાહ લેવામાં આવી. તેમણે એવા સુધારા ઘડી આપ્યા કે જે દાખલ કરવાથી કાયદાનો મૂળભૂત હેતુ પણ જળવાય અને જૈન સાધુ સાધ્વીઓ તથા સાચા ત્યાગીઓનો એ કાયદામાંથી અપવાદ પણ થઇ શકે.

૫. સરકારે આ સુધારા લક્ષમાં લીધા સિવાય સને ૧૯૪૬ના ફેબ્રુઆરીની ૨૦ મી તારિખે '૧૯૪૫ના બોમ્બે એક્ટ ન. ૨૩' તરીકે કાયદાનું સ્વરૂપ આપ્યું.

૬. જુદી જુદી સંસ્થાઓ તરફથી વિરોધ દર્શાવતા મેમોરેન્ડમો નીચે મુજબ મોકલાયાઃ

તા. ૧૮–૭–૪૫ શ્રી. જૈન શ્વે. તેરાપંથી મહાસભા, કલકત્તા.

તા. ૧૩–૯–૪૫ શ્વે. મૂ. કોન્ફરન્સ, મુંબઇ.

તા. ૧૫–૯–૪૫ સમગ્ર જૈનોની લાલબાગમાં શ્રી. માણેકલાલ ચુનીલાલના પ્રમુખપદે મળેલી જાહેર સભા.

તા. ૨૪–૯–૪૫ શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સ, મુંબઇ.
અને દિગંબર તીર્થરક્ષક કમિટી, મુંબઇ.

૭ ૧૯૪૫ના ફેબ્રુઆરીમાં મુંબઇ મુકામે જૈન આગેવાનોએ આ અંગે સરદાર શ્રી. વલ્લભભાઇ પટેલની મુલાકાત લીધી.

૮. ત્યારબાદ થોડા સમયે મુંબઇ સરકારના ગૃહમંત્રી શ્રી. મોરારજી દેસાઇની જૈન આગેવાનોએ મુલાકાત લીધી.

૯. ૧૯૪૬ના જૂન મહીનામાં પુના મુકામે મુંબઇ સરકારના વડા પ્રધાન શ્રી. ખેર સાહેબની મુલાકાત તેરાપંથી જૈન આગેવાનોએ લીધી.

૧૦. સને ૧૯૪૭ના સપ્ટેમ્બરમાં મુંબઇ ધારાસભાની બેઠક મળનાર હતી, તેમાં આ બિલ રજુ થનાર હોવાથી, એ અરસામાં કેટલાક જૈનો સાથે પુના જઇને અમે ધારાસભાના કેટલાક સભ્યોની મુલાકાત લઇ, તેમને આખી પરિસ્થિતિ સમજાવી.

૧૧. ૧૯૪૭ના અકટોબરની ૩જી એ અમે મોરારજી દેસાઇની મુલાકાત લઇને બધી વિગતો તેમની પાસે રજુ કરી.

---

અને કોર્ટની આવશ્યકતા વધી પડી છે, અને જેનું આપણે વૃથા ગૌરવ કરીએ છીએ, તેની જરૂર ન પડે. ખરેખર તો આપણી મનોદશા બદલાઇ ગઇ છે, એ જ શરમજનક ઘટના છે. કાયદાઓ તો માનવ ધર્મથી વિપરીત ચાલનારાઓ માટે છે. કાયદા ભલે સુંદર હોય, એને ચલાવનારા ભલે પંડિતો હોય. પણ જો માનવી ધર્મની રીતે ચાલે, સત્ય બોલે અને અહિંસાનું સતત પાલન કરે, તો એ કાયદાની શી જરૂર?

પૈસા કમાનાર બહુધા ચોરી કરતા હોય છે. અનીતિનું કમાવું એ પણ એક જાતની ચોરી જ છે. શ્રમમાં–મજુરી કરવામાં–ચોરી નથી. કેમ કે સ્વાશ્રયમાં અસ્તેય છે. મહેનત કરતાં વધુ મેળવવાની અપેક્ષા રાખવી એ ચોરી છે. જેનામાં ધાર્મિક વૃત્તિ છે, તેના જીવનમાં પરિગ્રહને સ્થાન ન હોય. જરૂરીઆતોને પણ મર્યાદા હોય. અસ્તેય અને અપરિગ્રહ એ ઉન્નતિનો માર્ગ છે. વ્યકિતદ્રોહ એ પાપ છે. વધુ પૈસા લેવાનો લોભ ન રાખવો. વ્યવહારમાં સત્યનિષ્ઠા કેળવવાની જરૂર છે.

બ્રહ્મચર્યપાલન એ પણ માનવધર્મનું એક અંગ છે. પ્રજા-નિર્માણ કરવામાં કુદરતને આપણે આધીન છીએ એવો આપણે બચાવ કરીએ છીએ. પશુપક્ષીઓ પોતાનાં બચ્ચાં સ્વાવલંબી બને ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળે છે. એ રીતે આપણાં બાળકો ઉમરલાયક ન થાય ત્યાં સુધી બ્રહ્મચર્યપાલનને આપણે ધર્મ સમજવો જોઇએ. આપણાં બાળકોને મનુષ્ય બનાવવાનું આપણું કર્તવ્ય છે. તેનામાં સુસંસ્કારો રેડવા એ માબાપની ફરજ છે. અબ્રહ્મચર્ય પાળીને આપણે ધર્મની કે પરલોકની વાતો કરીએ એ ફોગટ છે.

પંચમહાવ્રત સન્યાસી માટે નહિ, પણ ગૃહસ્થાશ્રમી માટે યોજાયા છે. તેનું પાલન કરશો તો સુખી થશો. દરેક પ્રત્યે સદ્ભાવ અને સદ્વર્તન દાખવો. એ જ સાચો માનવધર્મ છે. એની આજે જરૂર છે. દ્રવ્યલોભની વૃત્તિ એ પાપ છે. આપણને પૈસા કમાવાનું વ્યસન લાગ્યું છે; જેથી કાળાં બજારની કમાણી સારી લાગે છે. પરંતુ એવું નાણું મેળવનારા સુખી થતા નથી. ખરી રીતે ધનથી સુખ મળતું નથી. ધર્મમય જીવન ગાળનારા જ સાચું સુખ મેળવી શકે છે.

ખરાબ કામ નહિ કરવાની આપણે પ્રતિજ્ઞા કરીએ. ભુલ થાય તો પ્રાયશ્ચિત કરીએ. એ જ આજનો યુગધર્મ છે. બુધ્ધિના અધિકારીઓ આટલો વિચાર આચરણમાં મુકી શકતા નથી. બુધ્ધિનો ઉપયોગ માનવજાતની સુધારણા માટે કરવો જોઇએ. આપણું જીવન, આપણી કાર્યપ્રણાલિકા આજે નાટક જેવી બની ગઇ છે. એથી દુનિયાને છેતરી શકશો, પણ આત્મા નહિ છેતરાય.

ટુંકમાં–ખરા ધર્મનો વિચાર કરો. સાચી મંઝિલે ચાલો, જીવનને સ્વચ્છ બનાવો. શુધ્ધિ કરો. સ્વાવલંબી બનો. બીજાની મહેનત પર જીવવાનો વ્યર્થ પ્રયત્ન છોડી દ્યો. વસ્ત્રની બાબતમાં પણ સ્વાવલંબી બનો અને કપડાં જાતે જ તૈયાર કરો. આપણું જીવન ધર્મમય બનાવો–ફેશનમય નહિ.

પરમેશ્વર સૌને સાચો ધર્મ સમજવાની સદ્બુધ્ધિ આપે.

# સમાચાર–નોંધ

## શતં જીવ શરદઃ

ગઇ તારિખ ૩૧ મીએ સરદાર શ્રી. વલ્લભભાઇ પટેલે ૭૫ મા વર્ષમાં પ્રવેશ કર્યો, એ તેમની જન્મજયન્તીને પ્રસંગે આ નોંધના આરંભમાં તેમને અભિવાદન કરતાં અત્યંત આનંદ થાય છે. દેવી ભારતીનાં બે ચક્ષુઓ સમા કિંમતી આપણા દેશનાયકો સરદાર અને જવાહરના હાથમાં હિંદ સુરક્ષિત છે. દેશ પર ફરીવળતા અનેક વાવાઝોડાં વચ્ચે આ બે સુકાનીઓ ભારતની નૌકાને સ્થિર શાન્ત વહન કરાવવા મથી રહ્યા છે, આ અતિ કઠિન કાર્યમાં આપણે તેમને આપણો સંપૂર્ણ સહકાર આપવાની પ્રતિજ્ઞા સરદારશ્રીની જન્મજયન્તીના શુભ દિને લઇએ અને એમનો માર્ગ સરળ બનાવીએ. દેશને વર્તમાન અને ભાવિ વિટંબનાઓમાંથી ઉગારવા માટે સરદારશ્રીને પ્રભુ દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના સહ વંદન કરીએ.

## સૂની દીવાળી

પ્રબુદ્ધ જૈનના મિત્રો અને વાચકોને નૂતન વર્ષના અભિનંદન પાઠવતાં આનંદ થાય છે. આર્થિક તંગીથી ત્રાસેલી જનતા અને મંદીથી ગભરાએલા વ્યાપારીઓ આ વર્ષની દીવાળીને લેશ પણ આનંદથી ઉજવી શક્યા નથી. તેમાં યે ખાંડની તંગીથી તો લોકો એટલા મુંઝાઇ ગયા હતા, કે તેમના મન ઉપર દીવાળીના હોશકોશ દેખાતા નહોતા. દેશની દીવાળી સમા એક સર્વોત્તમ તહેવારને બગાડી મૂકનાર દેશદ્રોહી કાળાં બજારીઆઓને તો શું કહેવું એ જ સુઝતું નથી. એકંદર દીવાળી સુની ગઇ હોવા છતાં વર્ષ એવું સૂનુ ન જાય, એવી આશા રાખીએ.

---

૧૨. બીજે દિવસે ધારાસભામાં બિલની રજુઆત કરતાં શ્રી. મોરારજીભાઇએ પોતાના ભાષણમાં સ્પષ્ટતા કરી કે આ બિલ ઉચ્ચ પ્રકારના ત્યાગી જીવન ગાળનારા સાધુઓને લાગુ પાડવાનો અમારો હેતુ નથી; અને આવા લોકોને પોલીસ હેરાન ન કરે તે માટે ખાસ સૂચનાઓ આપીશું.

૧૩. જાણીતા જૈન ધારાસભ્ય શ્રી. પોપટલાલ રામચંદ્ર શાહે ધારાસભામાં આગમોની શાખા સાથે આ ધારાની અસંગતીઓ સામે જોરદાર પ્રવચન કર્યું.

૧૪. પેટા કાયદા ઘડાતી વખતે આ બિલમાં યોગ્ય સુધારા કરવાની ગૃહમંત્રીએ ખાત્રી આપી.

૧૫. ૧૯૪૯ ના સપ્ટેમ્બરની ૧૬મીએ મુંબઇ સરકારે નોટીફીકેશન પ્રગટ કરી ઓળખપત્રો રાખવા અંગેનો સૂચિત સુધારો પ્રસિધ્ધ કર્યો.

૧૬. આ ઓળખપત્રોની પધ્ધતિ સામે દેશભરમાં જૈન સમાજમાં વિરોધ પ્રગટ થયો.

૧૭. ૧૯૪૯ ના અકટોબરની ૨૩મી એ જૈનોના ત્રણે ફિરકાની કોન્ફરન્સો તરફથી શ્રી. નેમનાથજીના દેરાસરમાં શેઠ અમૃતલાલ કાળીદાસના પ્રમુખપદે મુંબઇના જૈનોની જાહેરસભા મળી, તેણે પ્રચંડ વિરોધનો ઠરાવ કર્યો.

૧૮. ધી યંગમેન્સ જૈન સોસાયટી તરફથી તા. ૨૪–૧૦–૪૯ને રોજ એક નિવેદન મુંબઇ સરકારને મોકલાયું.

૧૯. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી એક વિરોધ–નિવેદન તા. ૨૬–૧૦–૪૯ને રોજ મળેલી કાર્યવાહક સમિતિની બેઠકે પસાર કરી મુંબઇ સરકારને મોકલી આપ્યું.

૨૦. હિંદના સંખ્યાબંધ શહેરોમાંથી જૈન સંઘોએ મુંબઇ સરકાર પર વિરોધના તારો મોકલી આપ્યા.

## જવાહર અને અમેરિકા

પંડિત જવાહરલાલ નહેરૂની અમેરિકાની મુલાકાત, તેમને મળેલું સર્વોચ્ચ માન અને તેમણે સ્થળે સ્થળે આપેલાં માર્ગદર્શક વ્યાખ્યાનોથી 'પ્રબુદ્ધ જૈન'ના વાચક મિત્રો પરિચિત છે જ, એટલે એ સંબંધમાં પિષ્ટપેષણ કરવું અનુચિત છે. પરંતુ આપણા માટે એ સુખદ વસ્તુ છે કે આપણા વડા પ્રધાને અમેરિકાની મુલાકાત દરમિયાન આપણા દેશનું ગૌરવ અત્યંત વધાર્યું છે. વળી તેમણે આપણા રાષ્ટ્રપિતાના મહામૂલા સિદ્ધાંતોને યુદ્ધત્રસ્ત જગત પાસે રજુ કરીને યુદ્ધખોર દેશોને યોગ્ય દોરવણી આપવા પ્રયાસ કર્યો છે. અમેરિકાએ પંડિતજીને અપૂર્વ માન આપ્યું છે, તે નિખાલસ હોય, અને તે પાછળ કોઇ કામ કાઢી લેવાની અમેરિકાની દાનત ન હોય તો સારૂં, એમ ઇચ્છીએ. વળી અમેરિકા નહિ કલ્પતું હોય એવી તટસ્થતા ખાસ કરીને રશિયા સંબંધમાં પંડિતજીએ જાળવીને અમેરિકાની કોઇ મેલી મુરાદ હોય, તો તેને ધૂળ ચાટતી કરી છે, એ આપણી ખુશનસીબી છે.

## અપમાનપત્રો

ભિક્ષા પ્રતિબંધક ધારામાં જૈન સાધુઓને અપવાદ રૂપ બનાવવાની મુંબઇ સરકારની શુભેચ્છા છતાં તેમણે જે ઓળખપત્રો રાખવાનો વિચિત્ર માર્ગ કાઢયો છે, તે માટે સરકારના ઉચ્ચ પદે બેઠેલા આપણા મહાનુભાવોને શું કહેવું, એજ સુઝતું નથી. આપણી પુરાણી સંસ્કૃતિનું જાહેર ભાષણોમાં સમર્થન કરનારા આપણા પ્રધાનો ત્યાગીઓના ત્યાગ અને ભિખારીઓના ભોગ વચ્ચે ફરક ન પાડી શકે, તો તેમના હિંદીપણા માટે કેવળ ખેદ જ દર્શાવી શકાય છે. ઓળખપત્રો રૂપી અપમાનપત્રો સામે જૈન જનતા તરફથી વિરોધના જે સુરો પ્રગટ થયા છે, તેનું વિવેચન અહીં કરવા જરૂર નથી. આપણે હવે તો પ્રભુને પ્રાર્થના કરવી રહી કે 'સબકો સન્મતિ દે ભગવાન!'

## કાળાં બજારીઆને અભયદાન!

કાળાં બજારનું છૂપું નાણું બહાર કઢાવવા અને તે ઉપર કરની વસુલાત લેવા સરકારે કાળાં બજારીઆઓને જે અભયદાન આપ્યું છે, તેની કાળાં બજારીઆઓએ નોંધ લીધી હોય, એમ લાગતું નથી. ઉલટું કાળાં બજાર કરનારને ફાંસીને બદલે ફુલથી વધાવવાની વાતો સાંભળી તેમણે સરકારની નિર્બળતા પિછાની છે, અને પોતાના ચાલુ માર્ગે એ જ રીતે વધુ હિંમતપૂર્વક આગળ વધવાની પ્રેરણા મેળવી છે. સરકારનું આ તીર બૂઠું બનીને પાછું આવશે, એવો ભય અત્યારે તો સેવાઇ રહ્યો છે.

## કોંગ્રેસ ફરી વિચારે

આર. એસ. એસ. જેવી ધર્માંધ, ફાસિસ્ટ અને પ્રખર કોમવાદી સંસ્થાને કોંગ્રેસમાં સ્થાન આપવાનો કોંગ્રેસ કારોબારીનો નિર્ણય ખાસ આવકારપાત્ર ગણાયો નથી. પ્રગતિશીલ પક્ષોએ તો આ નિર્ણયને વખોડી કાઢયો જ છે; પરંતુ કેટલાક પ્રાન્તોની કોંગ્રેસ કમીટીઓએ પણ આ નિર્ણય સામે વિરોધના સુર કાઢયા છે. સામ્યવાદીઓનાં તોફાનોને દબાવી દેવા માટે કોંગ્રેસને કોમવાદીઓનું શરણું શોધવું પડે, એ તો બકરૂં કાઢતાં ઊંટ પેસાડવા જેવું છે. કોંગ્રેસ આગેવાનો આ પ્રશ્નને ફરી એકવાર વિચારી લ્યે, એ ખાસ જરૂરનું છે. ખાસ કરીને પંડિત જવાહરલાલના પુનરાગમન બાદ કોંગ્રેસ આ પ્રશ્નનો ફરી વધુ ગંભીર દૃષ્ટિથી વિચાર કરે; એટલું જ નહિ પણ જુદી જુદી પ્રાન્તિક સમિતિઓ તથા અખિલ હિંદ મહાસભા સમિતિનો અભિપ્રાય પણ આ વિષે માગે તે ખુબ મહત્ત્વનું છે.

જટુભાઇ.

# બાલદીક્ષા વિરોધી સંમેલન ઉપર મળેલા કેટલાક સંદેશાઓ

આ સંમેલન ઉપર ડો. રાજેન્દ્રપ્રસાદ, ડો. પટ્ટાભિસીતારામય્યા, શ્રી જયપ્રકાશ નારાયણ, શ્રી કિશોરલાલ મશરૂવાળા, શ્રી કૃષ્ણદાસ જાજુ [વર્ધા], કાકાસાહેબ કાલેલકર, શ્રી હરિભાઇ ઉપાધ્યાય, શ્રી જૈનેન્દ્રકુમાર જૈન, સ્વામી ભવાનીદયાળ સંન્યાસી, પંડિત દરબારીલાલજી, શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી, રાજા શ્રી કલ્યાણસિંહ [ભિવાની], મુનિરાજશ્રી વિદ્યાવિજયજી, ડો. ભગવાનદાસ [કાશી], શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી મુગટવિહારી વર્મા, (સંપાદક હિંદુસ્તાન, નવી દીલ્હી), શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રીમતી લીલાવતી મુનશી, શ્રી શાન્તિલાલ હરજીવન શાહ, શ્રી પરાંજપે, શ્રી ઉર્મિલા મહેતા; શ્રી એન. એમ. જોશી, શ્રી શ્રીરામ બાજપેયી, શ્રી ઉગ્રસેનજી જૈન, સ્વામી સહજાનંદ સરસ્વતી, પ્રો. દલસુખ માલવણીઆ, શ્રી ચાંદકરણ શારદા, શ્રી રામગોપાલ શાસ્રી, શ્રી વિજયસિંહ નહાર, શ્રી વિદ્યાનંદ વિદેહ, શ્રી અંબાલાલ બાંઠિયા, મુનિશ્રી મનોહરલાલજી જૈન, શ્રી બલભદ્ર જૈન [સંપાદક જૈન સંદેશ આગ્રા], શ્રી હનુમાનપ્રસાદ પોદાર (સંપાદક કલ્યાણ); શ્રી નાથુરામ પ્રેમી, શ્રી કમલાકુમારી ઘોષ, શ્રી ઇન્દ્રચંદ્ર શાસ્રી એમ. એ. શ્રી કમલનયન બજાજ; શ્રી ઝાકીર હુસેન, પ્રીન્સીપાલ મહાદેવલાલ શ્રોફ વગેરે અનેક વિશિષ્ટ વ્યકિતઓ તરફથી સહમત તથા સહાનુભૂતિના સંદેશાઓ આવ્યા હતા. જેમાંના કેટલાક નીચે પ્રગટ કરવામાં આવે છેઃ—

**ડો. રાજેન્દ્ર પ્રસાદ.** (અધ્યક્ષ, ભારતીય વિધાન પરિષદ, નવી દિલ્હી)

દીક્ષાને માટે એ આવશ્યક છે કે જેને દીક્ષા દેવામાં આવે તે દીક્ષાનો અર્થ અને મર્મ સમજી શકે. જો તેનામાં આ યોગ્યતા ન હોય તો દીક્ષાનો અનર્થ થઇ જાય છે. અણસમજુ બાળકની દીક્ષા એ તો દીક્ષા જ નથી. તેનાથી બાળકને કે સમાજને કોઇ પણ લાભ થતો નથી. આજના જમાનામાં આવી કેટલીયે બુરાઇઓ વિશેષે કરીને સંભવે છે. આ માટે આ પ્રથાના દોષોને દૂર કરવા અત્યન્ત આવશ્યક છે. અને જો એ દૂર ન કરી શકાય તો આ પ્રથાનો નાશ કરવાનો પ્રયાસ સમાજને માટે જરૂરી અને હિતકર છે એમ હું માનુ છુ અને તેથી તમારી પ્રવૃત્તિને હું સફળતા ચાહું છું.

૧-૧૦-૪૯

**ડો. પટ્ટાભિસીતારામૈયા** ( અધ્યક્ષ. અ. ભા. કોંગ્રેસ સમિતિ. )

જૈન ધર્મનો આપણે જેટલો વધારે અભ્યાસ કરીએ છીએ એટલો આપણને વધારે અનુભવ થાય છે કે ગાંધીજીએ સત્યાગ્રહના આદર્શની પ્રેરણા જૈન દર્શનમાંથી જ લીધી છે. તેમણે તો માત્ર તેને નવું સ્વરૂપ આપ્યું છે અને વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ બનાવી છે. આ રીતે ભારતની સ્વતંત્રતાનો આધાર કેવળ સત્ય અને અહિંસા જેનો ઉદ્દગમ જૈન દર્શનમાંથી થયો છે, તેના પર જ છે. જૈન સાધુઓ અને સન્તોને આ બાબત ગૌરવ હોવું જોઇએ. વળી તેમણે સ્વયં વિચારવું જોઇએ કે પોતાના પુરાણા દર્શન અને રિવાજોને આજની પરિસ્થિતિ જે અધિકાંશે આર્થિક અને સામાજિક છે તેને અનુકૂળ બનાવવી જોઇએ. આ સામાજિક અને આર્થિક નિર્માણના વખતે દેશના દરેક બાળકને અધિક શ્રમની આવશ્યકતા છે જેના વડે તેઓ પોતાના પુરૂષત્વ અથવા સ્રીત્વને પ્રાપ્ત કરી આ જીવન્ત સંસારની વચમાં પોતાના નાગરિકતાના કર્તવ્યોનું પાલન કરી શકે, નહિ કે પોતાના અમૂલ્ય જીવનને આ સંસારથી દૂર કોઇ કાલ્પનિક જગતનું મનન કરવામાં વિતાવે. ગૃહસ્થ થયા પછી જ દીક્ષા ગ્રહણ કરવામાં આવે તો સાધુત્વ એક સુંદર સંસ્થા છે. પ્રાચીન યુગમાં નક્કી કરવામાં આવેલા ચાર આશ્રમો પર ધ્યાન દેવું અને તેનો ગાંધીજીની જેમ સમન્વય કરવો એ બહુ જ જરૂરી છે. કારણ કે તેઓ પણ વિવાહના પહેલા બ્રહ્મચારી હતા અને વિવાહ બાદ પોતાની પત્નીની સાથે રહેવા છતાં પણ વાનપ્રસ્થ હતા. તથા સંસાર અને સંસારના કાર્યોની વચ્ચે પણ સન્યાસી હતા.

કહેવાનું એ છે કે ૧૦-૧૨ વર્ષની ઉમરના બાળકો જેને પોતાની કોઇ સ્વતંત્ર ઇચ્છા કે નિર્ણય નથી હોતો તેને સંસારથી વિરકત બનાવવાની જૂની પ્રથાને હવે પ્રોત્સાહન આપવું જોઇએ નહિ. યોગ્ય સમય પહેલાં દીક્ષા આપવી એ ભૂલ છે, તેથી એ જરૂરી છે કે સન્યાસ લીધા પહેલાં વ્યકિત ગૃહસ્થ જીવન ભોગવી ચૂકી હોય. આ સંબંધી એક આવશ્યક કાનૂન બનાવવા માટે જનમતને આ દિશામાં સંપૂર્ણ રીતે મજબૂત બનાવવાની જરૂર છે. સમાજને બચાવવાનો માર્ગ જનમત અને વ્યકિતગત આત્માનો ધ્વનિ જ છે. મને પૂરો વિશ્વાસ છે કે સમાજ અને સરકાર બન્ને દીક્ષા દેવાની પ્રથાની વિરૂધ્ધ જરૂર કોઇનેકોઇ કાર્યવાહી કરશે.

**શ્રી જયપ્રકાશ નારાયણ** ( મહામંત્રી, સમાજવાદી પક્ષ )

હું અહિં તેરાપન્થના આચાર્યશ્રીને મળ્યો. બાલદીક્ષાના સંબંધમાં અહિં વિવાદ ચાલી રહ્યો છે. તે માટે મેં આ પ્રશ્ન પર આચાર્યશ્રી સાથે વાતો કરી અને તેમના વિચાર ધ્યાનથી સાંભળ્યા. મને આશા છે કે મારા મન્તવ્ય પર આચાર્યશ્રી અવશ્ય ધ્યાન આપશે. મારૂં મન્તવ્ય સંક્ષેપમાં એ છે કે જે વ્યકિત પુખ્ત ઉંમરની ન હોય અને જેને જ્ઞાન નથી તેને દીક્ષાની અધિકારી ન સમજવી જોઇએ. સાધુજીવન ગ્રહણ કરવું એ એટલો મહત્વનો નિશ્ચય છે કે જે યોગ્ય ઉંમર પછી જ લઇ શકાય છે. યોગ્ય ઉંમર સાધારણ રીતે ૧૮ વર્ષની માનવામાં આવે છે. હું આશા રાખું છું કે આચાર્યશ્રી મારા મન્તવ્ય પર વિચાર કરશે અને વર્તમાન પ્રથાને સુધારશે.

૧૨-૧૦-૪૯.

**શ્રી. કિશોરલાલ મશરૂવાળા.** (બજાજવાડી, વર્ધા.)

૨૫ વર્ષ સુધી બાળક બ્રહ્મચર્યનું પાલન કરે, સંયમી તપોમય જીવન વિતાવે અને ખૂબ શારીરિક પરિશ્રમ કરી શરીરને ઓજસ્વી બનાવે એ તો એક બુધ્ધિમાં ઉતરી શકે તેવી વાત છે. અથવા તો કોઇ મહાન આચાર્યની વિદ્યાપીઠમાં આ રીતે બાળકોને રાખવાનો પ્રબંધ થઇ શકતો હોય તો એ એક મહાન લાભની વાત છે. પરંતુ જે જાતની બાલદીક્ષા અત્યારે અપાય છે એ સાચા અર્થમાં ધર્મયુકત પ્રથા નથી. એ ઇચ્છવાયોગ્ય છે કે માતા-પિતાઓ પોતાના બાળકોને આ રીતે છોડી ન દે. આ પ્રથા રોકવા માટે કાનૂન કરવામાં કોઇ દોષ નથી.

૮-૧૦-૪૯.

**શ્રી. હરિભાઇ ઉપાધ્યાય.** (હડુંડી)

જ્ઞાન અને વિકાસના દરેક માર્ગો વ્યકિતમાત્રને માટે ખુલ્લા રહેવા જોઇએ. દીક્ષાની બાહ્ય વિધિ આધ્યાત્મિક જ્ઞાન અથવા અનુભવમાં અમુક પ્રમાણથી વધારે સહાયક નથી થઇ શકતી. એ મનુષ્યના પરિપકવ જ્ઞાન, સત્ત્વ શુધ્ધિ, આત્મિક ગુણોના વિકાસની સાથે સંબંધ રાખે છે. સાધારણ રીતે બાલદીક્ષાની પ્રથા અનુમોદન આપવા યોગ્ય નથી. વિશેષ અવસ્થામાં બાળક દીક્ષાને યોગ્ય મનાય છે, પરંતુ અસાધારણ બાળક કોઇ પણ સામાજિક અથવા રાજકીય વિધિ-વિધાનની પરવા કર્યા વિના પોતાના લક્ષ્ય અથવા પ્રેરણા અનુસાર ચાલે છે. આ અદમ્ય પ્રેરણા જ એને દીક્ષાનો અધિકારી બનાવે છે. તેથી મારો હેતુ એ છે કે બાલદીક્ષાને એક પ્રથાના રૂપમાં ન તો પ્રોત્સાહન આપવું જોઇએ કે ન સમર્થન. પણ કાયદાની અપેક્ષાએ લોકમત-જાગૃતિ એ એનો સાચો અને સ્થાયી ઉપાય છે. કાનૂન જાગ્રત લોકમતની સ્વીકૃતિ પુરતો જ માત્ર થવો જોઇએ અને તો જ તેની ઉપયોગિતા છે.

૧૦-૧૦-૪૯.

**શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી.** (નવી દિલ્હી.)

એક બાળકને સાધુ બનવાની પ્રેરણા આપવી જેમ સમાજ માટે અપરાધ છે તેમ એ ઈશ્વર પ્રતિ પણ પાપ છે. એક વિકસિત થતા મનુષ્યને જીવનના મહાન સુખોથી વંચિત કરવો એ સૌથી મહાન અનૈતિકતા છે.

૧૦-૧૦-૪૯.

**ડૉ. ભગવાનદાસ.** (કાશી.)

આપે બાલદીક્ષાને રોકવા માટે રાજસ્થાન સરકાર અને "ભારતીય નઈ વિધાન સભા" ને વિનંતી કરવી જોઈએ. તેની સાથે સાથે આપે સ્વયં પોતાના સમાજમાં પણ આ પ્રકારે બનેલા સાધુઓની વિરૂદ્ધ જન-આંદોલન જગાડવું જોઈએ.

૯-૧૦-૪૯.

**શ્રી. જયનારાયણ વ્યાસ.** (અધ્યક્ષ રાજપૂતાના પ્રાન્તીય કોન્ગ્રસ.)

બાલદીક્ષા વિરોધી સંમેલનમાં મારી પાસેથી સંદેશો માંગ્યો છે. મારે માટે તો બાલદીક્ષા અને મોટી ઉમ્મરનાની દીક્ષા બન્ને સરખી છે. વાસ્તવમાં ધર્મના નામે આજે જેટલો અધર્મ થાય છે તેનું કારણ ધાર્મિક સાંપ્રદાયિકતા જ છે. જેના નાશની સાથે દરેક પ્રકારની દીક્ષાઓનો અન્ત આવી શકે છે.

સમાજને અત્યારે એવા ત્યાગીઓની જરૂર છે કે જે વ્યાપક સામાજિક અને આર્થિક ભેદભાવો નાશ કરે, સાંપ્રદાયિક ભેદભાવને દૂર કરે અને સમાજને માટે વિષમય પ્રતીત થતી બધી વ્યવસ્થાઓને નષ્ટ કરે.

૮-૧૦-૪૯.

**ઉર્મિલા મહેતા.** (અધ્યક્ષ. અ. ભા. સ્ત્રી. સંમેલન.)

વાસ્તવમાં આ એક આનંદની બાબત છે કે જયપુરમાં એક બાલ દીક્ષાવિરોધી સંમેલન યોજવામાં આવ્યું છે અને અધિક ખુશી તો એ વાતની છે કે આને સંગઠ્ઠનકર્તાઓએ અખિલ ભારતીય રૂપ આપ્યું છે. આ સામાજિક કુરીતિ કેવળ એક દેશ કે એક સંપ્રદાયમાં જ નથી પણ તેનો પ્રચાર તો સારાએ હિન્દુ સમાજમાં છે. એ સાંભળીને મોટું દુઃખ થાય છે કે નાના નાના બાળકો જેને જીવન અને ધર્મ શું છે તેનો ખ્યાલ પણ નથી તેમને તેમના માતા-પિતાઓ કે અભિભાવકો દ્વારા ધર્મનો ખોટો ખ્યાલ આપવામાં આવે છે. અને સૌથી મોટો આનંદ એ છે કે સંમેલનમાં દરેક પ્રકારના સરકારી માણસો-સ્ત્રી અને પુરૂષો-પૂરો સાથ આપે છે. મને આશા છે કે કોઈને કોઈ સ્પષ્ટ કાર્યક્રમ પરિષદમાં નક્કી કરવામાં આવશે અને તેની અસર સારાએ દેશમાં પડશે.

તા. ૧૦-૧૦-૪૯.

**શ્રી. ઝાકિરહુસેન.** (વાઇસ ચેન્સેલર. મુસ્લિમ યુનિવર્સિટી)

મને આનંદ છે કે આપ સર્વે એક ઉપયોગી સામાજિક કાર્યમાં સંલગ્ન છો. મારૂં માનવું છે કે અપુખ્ત ઉમ્મરના બાળકોના વિકાસકાળમાં તેમને કોઈ વિશેષ કાર્યમાં પ્રવૃત્ત થતા તેમાં બાધારૂપ ન થવું જોઈએ. તેની સાથે સાથે તેમને તક આપવી જોઈએ કે જેથી તેઓ દેશમાં ઉચ્ચ કોટિના ચારિત્ર્યવાન નાગરિક બની શકે.

૮-૧૦-૪૯.

**પ્રિન્સિપાલ મહાદેવલાલ શ્રોફ** (પિલાની કોલેજ)

બાલદીક્ષાના સંબંધમાં મારી સમ્મતિ માગવામાં આવી છે. મને આશ્ચર્ય થાય છે કે આજે આ બાબતમાં પણ બે મતભેદ છે, અને આ પ્રથા સમાજમાં પ્રચલિત છે. સમજુ માણસો જ્યારે આનું સમર્થન કરે છે, ત્યારે વધારે અફસોસ થાય છે.

નાના બાળકોને સદાને માટે અકર્મણ્ય બનાવી દેવા અને ધાર્મિક ગુરૂ કે મહાપુરૂષ બનાવી પૂજવા એ આ પરિવર્તનશીલ યુગમાં કુતુહલ જેવું લાગે છે. સર્વમાન્ય મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી બાલદીક્ષાને કોઈ પણ પ્રકારે સમર્થન મળી શકે નહિ. જે પ્રાણીનો માનસિક વિકાસ 'સાધુત્વ' જેવા કઠિન વ્યવસ્થાને સમજવા યોગ્ય નથી થયો તેના પર 'સાધુ વેશનું' આભૂષણ ચડાવવું એ સાચા સાધુત્વને કલંકિત કરવા જેવું છે.

બાલદીક્ષાના સમર્થનમાં કહેવાય છે કે જે પ્રકારે બાળકને પ્રારંભથી યોગ્ય જ્ઞાન આપીને 'સુનાગરિક' બનાવાય છે. તે જ પ્રકારે તેનામાં 'સાધુત્વ' ની પ્રવૃત્તિ પણ જાગ્રત કરી શકાય છે. વર્ષોના શિક્ષણના અનુભવ પછી હું કહી શકું છું કે પ્રત્યેક બાળક સારૂં શિક્ષણ મેળવ્યા પછી પણ સુનાગરિક નથી બનતો, તો એ કેવી રીતે સંભવી શકે કે સમાજનું હરકોઈ બાળક બાલદીક્ષા લીધા પછી સરો સાધુ થઈ શકે? અને સાધુ અને સુનાગરિકમાં અંતર કેટલું છે? એક વાર 'સાધુ' માર્ગ અપનાવ્યો કે પછી તેને માટે બીજા બધા માર્ગ બંધ થઈ જાય છે. અને જો એ સાધુની મર્યાદાથી ચ્યુત થાય તો તે સમાજને માટે કલંકની બાબત બની રહે. છે.

વર્તમાન 'સાધુ સમાજ'ને હું સામાજિક રચનામાં વિષ સમાન ઘાતક માનું છું. જો આપણે આપણા ધર્મની રક્ષા કરવા માંગતા હોઈએ અને આપણી પ્રાચીન સંસ્કૃતિ અથવા 'સાધુ' નામનો આદર કરવા માંગતા હોઇએ તો આ વિષને વધતા આપણે જ રોકવું જોઇએ.

હું બાલદીક્ષા વિરોધી આંદોલનને આવકારૂં છું અને સંયોજકોને આ કાર્યને માટે ધન્યવાદ આપું છું. જો સમાજમાં કેટલાક અણુસમજું લોકો આ સત્યને સીધી રીતે નહિ સ્વીકારે તો આપણે કાનૂનની મદદથી આ સામાજિક કુપ્રથાને 'સતિપ્રથા'ની જેમ નષ્ટ કરવી પડશે.

**શ્રી કૃષ્ણદાસ જાજુ** (વર્ધા)

બાળકોને અપક્વ ઉંમરે દીક્ષા આપવી તે ધાર્મિક નહિ પણ અધાર્મિક લેખાવું જોઇએ. જો કોઇના દિલમાં વૈરાગ્ય જાગૃત થાય તો આપણે તેને અધ્યાત્મ માર્ગમાંથી રોકીશું નહિ પણ તેનો વૈરાગ્ય ખરેખર સ્થાયી સ્વરૂપનો છે કે નહિ તેની પાકી પરીક્ષા આપણે કરવી જોઇએ અને તેનો વૈરાગ્ય ઉંડા દિલનો માલુમ પડે તો પણ દીક્ષા દેવાની કોઈ જરૂર છે જ નહિ. દીક્ષા લેનારની એક વિશેષ વેશના કારણે સમાજમાં પ્રતિષ્ઠા વધે છે અને તેના પરિણામે જો પરિપકવ વૈરાગ્ય ન હોય તો દીક્ષા લેનારનું પતન થાય છે. આમ હોવાથી દીક્ષા લીધા વિના અને વેશના બદલો કર્યા સિવાય, નિયમ અને વ્રતનું પાલન કરવું એ આધ્યાત્મિક દૃષ્ટિએ વધારે શ્રેયસ્કર છે. આવા બાળકોની દીક્ષાનો સમાજે વિરોધ કરવો જોઇએ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી: નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૧૪

મુંબઈ : ૧૫ નવેમ્બર ૧૯૪૯ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## હું યુગપ્રધાન હોઉં તો

[રાષ્ટ્રના અને ખાસ કરીને જૈન સમાજના જાણીતા વિચારક અને સિધ્ધહસ્ત લેખક શ્રી. ભીમજીભાઈ હ. સુશીલના લેખો હમણાં નજરે ચડતા નથી. પરંતુ વર્ષો પહેલાં તેમણે લખેલો લેખ એક મિત્રની ફાઇલમાંથી મળી આવ્યો છે, તે 'પ્રબુધ્ધ જૈન'ના વાચકો માટે અહીં પ્રસિધ્ધ કરીએ છીએ. સામાન્ય માનવીઓ આજે "યેન કેન પ્રકારેણ" યુગપ્રધાન બની જવાની તૈયારીઓ કરી રહ્યાં છે, તેમને તથા એવા માનવીઓને 'મોટા' બનાવી દેનારા નાના માણસોને સમજવા જેવો આ લેખ બહુ ઉપયોગી થઇ પડશે.

તંત્રી]

હું યુગપ્રધાન હોઉં તો શું કરું? મારી યોગ્યતા, શક્તિ અને સમય વિચારી મારી ફરજ બજાવું, એ સિવાય, એ પ્રશ્નનો બીજો એકકે સીધો જવાબ ન હોય.

સૂર્યને કોઇ પૂછે કે આકાશમાં ઉદય પામ્યા પછી શું કરશો? તો તે પણ એમ જ કહે કે આખો યે દિવસ અંધકાર સામે ઝુઝીશ, આડે આવતાં વાદળને વિખેરીશ અને મારો સમય પૂરો થશે ત્યારે કોઇને કંઇ ફરીયાદ કર્યા વિના પ્રસન્નમુખે અસ્તાચલ ઉપર ઉતરી પડીશ.

રામને કોઇ પૂછે કે ધારો કે આર્યાવર્ત્તમાં ફરીવાર તમારે જન્મ લેવો પડે તો તમે શું કરો? તો તે પણ એમ જ કહે કે રામરાજ્ય સ્થાપવા યથાશક્તિ પ્રયત્ન કરું અને સમય પૂરો થાય ત્યારે ગૃહજીવનનો નિર્મળ આદર્શ મૂકી ચાલી નીકળું.

આવા પ્રશ્નોના જવાબમાં ખરું જોતાં તો સામા પક્ષને જ વધુ વિચારવાનું તથા કરવાનું હોય. સૂર્યનો ઉદય જોયા પછી ઘુવડોએ ક્યાં શી રીતે સંતાઇ જવું એ તેમણે જાતે નક્કી કરી લેવાનું હોય. રામનો પ્રાદુર્ભાવ થાય તો રાવણોએ સાથે મળીને રામને કઇ રીતે મુંઝવવો એ રાક્ષસોએ જ વિચારી લેવાનું હોય.

જેને સીધે રસ્તે, મુંગે મ્હોઢે કામ જ કર્યે જવું છે તેને માટે મુંઝાવાનું બહુ ઓછું ભાગ્યે જ હોય છે અને કદાચ માર્ગમાં વિઘ્ન આવે તો પત્થર સાથે અફળાતો પાણીનો વેગ જેમ દૈવી સંગીત સર્જે છે તેમ વિઘ્ન પણ એવા કર્મવીરોના અંતરમાં છુપાયેલી શક્તિને વિકસાવવામાં જ સહાયક થાય.

સાચી મુંઝવણ સામા પક્ષની છે. પ્રકાશ અને પ્રગતિ સામે જેમને હાડવેર છે તેમની વ્યથા તો કદાચ આપણે સમજી પણ ન શકીએ. દીવાની ઝાળથી જરા દાઝેલો માણસ અગ્નિ બળતરાની કલ્પના કરી શકે, પણ આખા શરીરે કેરોસીન તેલ છાંટી બળી મરનાર—નખથી માંડી શીખા સુધી એક સરખો દાહ અનુભવનારના દુઃખની કલ્પના કરવા જઇએ તો આપણે અન્યાય જ કરીએ.

હું જો યુગપ્રધાન હોઉં તો, જેમની સત્તાના સિંહાસન સડીને પડી જવાની અણી ઉપર આવી પહોંચ્યા હોય તેમને આખા અંગે અસાધારણ દાહ થાય, એકી સાથે સો વીંછી ડંખતા હોય એટલી વેદના થાય અને મારા લોહીથી તેમની વેદના શમતી હોય તો તેઓ "અહિંસા પરમો ધર્મ:" અથવા નવકારના મંત્ર પઢતાં પઢતાં, ભારે ઉલ્લાસ અને પ્રભાવના સાથે મારે દેહનું, કસાઇના જેટલી ક્રૂરતાથી જ બલિદાન લે અને મારા જેવા બીજા સેંકડોના "હાડકાના માળખા" ગોઠવી પોતાનાં જૂના સિંહાસન સમારે, એ ચોક્કસ.

હું જો યુગપ્રધાન હોઉં તો મારે એટલી તૈયારી તો પહેલેથી જ કરી રાખવી જોઇએ. એ કરતાં કંઇ ઓછી કસોટી થાય તો હું સમજું કે એટલે અંશે હું દુર્બળ છું અથવા તો સામા પક્ષનાં પુણ્ય હવે પરવાર્યાં છે.

પણ હું યુગપ્રધાન હોઉં એ માન્યતા અથવા કામના જ દોષવાળી છે. એવા પુરૂષો જન્મે છે તેના કરતાં એમને વિરોધીઓ–પ્રતિકૂળ સંયોગો જ ઘડી કહાડે છે એમ કહેવું વધારે ઉચિત લાગે છે. ઉપસર્ગોના ઉપરાઉપરી પ્રહાર, પત્થરની જેમ પડી રહેલી શક્તિઓને બ્હાર આણે છે અને સામાન્ય પ્રાણીપણામાંથી દેવાધિદેવની અદ્‌ભુત મૂર્તિ ઘડે છે. ખરો પ્રતાપ એ પ્રહારોનો છે. એ પ્રહારોને પ્રતાપે જ ભગવાન મહાવીર અને બુદ્ધ, રામ અને કૃષ્ણ, ક્રાઇસ્ટ અને મહમ્મદ અમર થઇ ગયા.

યુગપ્રધાન પુરૂષ પણ એ જ મૂળ પુરૂષોના પેગામ ફેલાવે છે. પહેલાં તો તે અકારો થઇ પડે છે. અંધશ્રધ્ધાળુઓ તેને નાસ્તિકના નામથી ઓળખે છે. રૂઢીભક્તો તેને બળવાખોર તરિકે જાહેર કરે છે. સત્તાના સૂત્રધારો તેને છુંદી નાખવા તૈયાર થાય છે. એટએટલું છતાં જો તે શાંતિ, ધીરજ અને વિવેકબુધ્ધિથી પોતાનો નવો સંદેશ સુણાવતો જ રહે, પાછું વાળીને જોવાને બદલે, નજર સામે પડેલા ક્ષેત્ર ઉપર આગળ પ્રવર્તતો રહે તો જીવતાં 'નાસ્તિક' ગણાએલો, સમાજથી તિરસ્કારાએલો, સ્થાપિત સત્તાથી દુભાયેલો એ જ પુરૂષ યુગપ્રધાન તરિકે પંકાય. જીવતાજીવત યુગપ્રધાન તરિકે ઓળખાવું એ દીનતા છે, જીવતા જેને ઓળખે નહીં અને ઓળખે તો ઓલવાયા પછી જેનું પુરું મૂલ્ય અંકાય એ જ એની શક્તિ, મહત્તા અને પ્રતિભાની ખૂબી.

બાકી જો મારે આજે જ યુગપ્રધાન બની જવું હોય તો મારે મન એ બહુ મોટી વાત નથી. ટોળાંને રૂચે એવી બે ચાર વાતો શાસ્ત્રના થોડા શ્લોકો સાથે, જોરશોરથી લલકારવા માંડું, મૂડીપતિઓને રીઝવી મારા પક્ષમાં ભેળવી લઉં, ઠેકઠેકાણે પૂજા–પ્રભાવનાઓ અને ઉપધાનની વિધિઓથી દિશાઓને ગુંગળાવું અને બાદશાહી વરઘોડા તથા સામૈયામાં રહેલી પ્રભાવના પુરવાર કરી આપું તો કોની મગદૂર છે કે મને "યુગપ્રધાન" તરિકે માનવાની ના પાડે? બીજું કંઇ વધુ ન બને તો એકાદ ગામના સંઘની સાચી–જૂઠી સમ્મતિ સાથે મારા નામ સાથે યુગપ્રધાનપદ જોડી દઉં તો મારા હાથ કે મ્હોં બાંધવા થોડું જ કોઇ આવવાનું હતું? "યુગપ્રધાન" એ મારે મન મૃત્યુ પછીનું

# બાલદીક્ષા

ઘર ઘર ઝઘડાના કારણરૂપ બાલદીક્ષા પ્રકરણ એ થોડા વર્ષો પહેલાં ગુજરાતમાં જૈન સમાજનો એક ધુંધવાતો પ્રશ્ન થઇ પડયો હતો કે જેના પરિણામે વડોદરા આદિ વિભાગોમાં બાલદીક્ષા વિરોધક કાયદાઓ ઘડાવા હતા.

આવા કાયદાઓના હિસાબે હો કે બીજા કોઇ પણ કારણોને અંગે હો પણ ગુજરાતમાં હાલ આ પ્રશ્ન શાંત થઇ ગયો લાગે છે, પણ બીજી બાજુ જનતામાં વ્યાપેલો આ રોગ હજુ શમ્યો નથી. એક જગ્યાએ એ શમ્યો લાગે છે તો બીજી જગ્યાએ વળી એ બમણા જોરથી ભભુકી ઉઠે છે.

હાલમાં તેરાપંથીઓમાં આ રોગે ઉગ્ર રૂપ ધારણ કર્યું હોય તેમ જયપુરમાં હમણાં જ ૧૫ થી ૨૦ હજાર માણસોની હાજરીમાં બાળદીક્ષાનો જાહેર કાર્યક્રમ મોટા પાયા પર ઉત્સવ રૂપે ઉજવાઇ ગયો. આટલા મોટા પાયા પર કુમળા બાળકોને અને તેમાંય ખાસ કરીને કુમરિકાઓને દીક્ષિત કરવાનો આ જાહેર સમારંભ હોઇ તેના પ્રત્યાઘાત રૂપે એ જ સમયે બાળદીક્ષા વિરોધી સંમેલન પણ ત્યાંજ ભરાઇ ગયું. આમ આ પ્રશ્ને એક નવી ઉગ્ર ચર્ચા અને વિરોધનું કારણ જન્માવ્યું છે.

જયપ્રકાશ નારાયણ જેવી એક સમર્થ વ્યક્તિએ તો આ બાબતમાં ખુદ તેરાપંથીઓના એક માત્ર આચાર્ય તુલસીરામજી સાથે પણ ખુલ્લા દિલે ચર્ચા કરી હતી જોકે મહારાજ સાહેબનું દ્રષ્ટિબિંદુ શું છે એ જાણવા મળ્યું નથી; પણ જયપ્રકાશજીએ દિક્ષાવિરોધી સંમેલન પર જે સંદેશ પાઠવ્યો છે એમાંથી એટલું તો તારવી શકાય છે કે મહારાજ શ્રી પોતાનું દ્રષ્ટિબિંદુ જયપ્રકાશજીને ગળે ઉતારવી શકયા નથી તેમ જ બીજા પણ જે સંદેશાઓ દેશની મહાન વ્યક્તિઓ તથા વિચારકો તરફથી પ્રાપ્ત થયા છે એ પણ એ જ વાતનું સમર્થન કરે છે કે આવી પ્રથા આજના યુગ માટે ખતરનાક છે.

દીક્ષા એ પૂર્વજન્મના સંસ્કારી આત્માની એક પ્રકારની અંતરમાંથી ઉઠતી હાલક છે જેનો એ પ્રતિકાર કરી શકતો નથી. કોઈ અસાધારણ બાળક પણ સામાજીક તેમજ રાજકિય વિધિ વિધાનોની પરવા કર્યા વિના પોતાના લક્ષ્ય અથવા અદમ્ય પ્રેરણાનુસાર દીક્ષા લેવાને અધિકાર બને છે તે પણ આજ કારણે બાકી સામાન્ય બાળકોની સ્વતંત્ર દ્રષ્ટિ ખુલ્યા વિના કેવળ માબાપોની અનુમતિથી એવા બાળકોને દીક્ષિત કરી દેવામાં ધર્મ તો નથી જ, અને એની પાછળ જો કોઇ આર્થિક કે વ્યવહારિક હેતુ સમાયો હોય છે તો તે અધર્મમાં જ ખપે છે.

દીક્ષા એ જીવન–વ્યુહ બદલનારી એક વિશિષ્ઠ ભાવના છે, જેના પ્રતિકરૂપે બાહ્ય વેષ કે નિર્ધારિત આચારવિચારો એની સાથે સંકળાય એ એક જુદી વાત છે, બાકી દીક્ષા પાછળનો હેતુ કોઇ અગમ્ય અને ભવ્યોદાત્ત સિદ્ધિ અર્થેની અદમ્ય પ્રેરણાજ છે. એવી પ્રેરણા વિના વૈરાગ્ય ઉપજતો નથી અને એવા વૈરાગ્ય વિના ત્યાગ પણ ટકતો નથી. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' એ નિષ્કુલાનંદની અમર વાણીમાં ગંભીર રહસ્ય સમાયેલું છે.

એવો વૈરાગ્ય ત્રણ પ્રકારનો રહ્યો છે. જ્ઞાનગર્ભિત, દુઃખગર્ભિત અને અસરગર્ભિત, (૧) જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ઉચ્ચ પ્રકારનો અને અંદરથી ફૂટેલા ઝરા જેવો સ્વયંપ્રવાહિત હોય છે. જ્યારે (૨) દુઃખગર્ભિત વૈરાગ્ય મધ્યમ પ્રકારનો અને ગાળ કાઢયા મુજબ ફૂટતી સરવાણી જેવો છે. ગાળ ચઢે એ સરવાણી બંધ પણ થઇ જાય. (૩) અસર ગર્ભિત વૈરાગ્ય કનિષ્ટ કોટીનો હોય છે, જો કે એની ઉગ્રતા કોઇવાર ધોધમાર વરસાદને કારણે ઉભરાતા પ્રવાહ જેવી જણાય છે પણ એ પ્રવાહ વરસાદ બંધ પડતાં જ ધીરે ધીરે અદ્રશ્ય થઇ જાય છે, તેમ એ વૈરાગ્ય પણ ક્ષણિક નીવડે છે.

જ્ઞાનસૂર્યનો પ્રકાશ થતાં જ મોહાંધકાર અદ્રશ્ય થઇ જાય તેમ એક જાગૃત આત્માની સિધ્ધિનું દર્શન થતાં આંતરપ્રેરણા ઉપાદાન મુજબ ખળભળી ઉઠે છે. ભગવાન પ્રત્યક્ષ હતા ત્યારે એમની જ્ઞાનજ્યોતિ, તપઃ તેજ અને ચારિત્ર્યસુવાસ હજારો સુષુપ્તાત્માઓને ઢંઢોળી બેઠા કરતી, એમની આંતર શુભ વૃતિઓ ઉપર ઉઠી આવતી અને એથી એ એમના શરણે જઇ ઉચ્ચ ધ્યેય પ્રાપ્ત કરવા મથતા.

આજ નથી એ જ્ઞાનજ્યોતિ, નથી તપઃ તેજ કે નથી ચારિત્ર સુવાસ છતાં આપણે એ વેષ ભજવવા ઇચ્છીયે છીએ. એથી જ્ઞાનગર્ભિત કે દુઃખગર્ભિત વૈરાગ્યના અભાવમાં વાતાવરણની અસર ઉત્પન્ન કરીને પણ જ્યાં સુધીમાં એ આવેગ ઉતરી ન જાય

( અનુસંધાન પૃષ્ટ ૧૧૮ જુઓ )

પદવીદાન છે અને તેનો આધાર મારી નિર્ભયતા, નિષ્ઠા તેમ જ પ્રતિભા ઉપર છે.

એટલું છતાં મને કહેવામાં આવે કે "એવી વિલંબની વાતો અહીં નહીં ચાલે. જુઠા બ્હાના રહેવા દે. આજ ને આજ તારે યુગપ્રધાન બનવું પડશે. યુગપ્રભાવનાની સ્વયંવર સભામાંથી બીકણની જેમ છટકી જવાની વાતો શું કરે છે?"

તો હું પણ ધનુર્ધર જેમ વિષાદયોગ પડતો મૂકી સભામાં જવાને તૈયાર થઉં. પણ એનું પરિણામ એ આવે કે જેટલી જેટલી જરીપુરાણી સંસ્થાઓ. નિઃસત્વ બનેલી વિધિઓ અને આડંબરી પરંપરાઓ, હાથમાં વરમાળ લઇ, સામે આવી ઉભી રહે કે તરત જ એ મયવિનીએ સામે જોઇ શરમથી શીર નીચું નમાવું અને "કોઇ યુગપ્રધાન પુરૂષ આ સુંદર દેખાતી ડાકણોથી ન લોભાશો" એમ કહી દઉં.

યુગપ્રધાનતાની વરમાળ પહેરનારમાં વીરત્વ તો જરૂર હોય. પણ તેનામાં તોડવાની નિષ્ઠુરતા અને સર્જવાની કળાનો પણ સહચાર હોવો જોઇએ. એક હાથે જેમ તે નિઃસત્વ સંસ્થાઓને જમીનદોસ્ત કરવામાં પાછું વાળીને ન જુએ તેમ સમારેલી ભૂમિકા ઉપર પુનર્ઘટનાની મહેલાત ઉભી કરવામાં પ્રમાણબધ્ધતાનો વિવેક ન ભૂલે. સંહાર અને રચનાની અહોનિશ ભજવાતી લીલાનો એ અનાદર ન કરી શકે.

ભૂતકાળે આવા ઘણા ઘણા યુગપ્રધાનોને અમરતા આપી છે પણ વીસમી સદીના યુગપ્રધાન પાસે જુનો કોઇ કોઠડો માર્ગદર્શક નહી થઇ શકે. સમ્રાટ કે સામંતોની સહાયથી જે યુગપ્રધાનતા દીપતી અને આંજતી તેને આજના પ્રજાકીય આત્મવિકાસમાં કયાંઇ સ્થાન નથી. જાગૃત જનતાને સર્વ ચક્રવર્તીઓના શિરોમણીરૂપ જે સ્વીકારે અને પ્રજારૂપી રાજાના વિકાસમાં જે સહાયક થાય તેને જ યુગધર્મ પોતાના યુગપ્રધાન તરીકે સ્વીકારે.

સારાંશ કે, હું પણ યુગપ્રભાવનાનો એ જ સંકલ્પ સિધ્ધ કરવા પ્રયત્ન કરૂં. કેવળ શાસ્ત્રીય દ્રષ્ટિએ જ નહીં પણ આત્મવિકાસની દ્રષ્ટિએ સંસ્થાઓને જીવવાનો હક છે, એ સૂત્ર ઉપર પુનર્ઘટનાના પાયા ચણું. પ્રાસાદ પૂરો થાય કે ન થાય એ યુગપ્રધાને જોવાનું ન હોય: અધુરું રહેલું એ કાર્ય જો સત્ય અને આવશ્યક હશે તો કોઇ એક સમયે તે પુરૂં થવું જ જોઇએ એવી શ્રધ્ધા રાખી વિસ્મૃતિની શીળી છાંયામાં કયાંઇ છૂપાય જઉં.

સુશીલ

# પંડિત સુખલાલજીનું પ્રવચન

(તા. ૧૮-૧૦-૪૯ ના રોજ જયપુર મુકામે મળેલા બાલદીક્ષા વિરોધી સંમેલનમાં અધ્યક્ષસ્થાનેથી પંડિત સુખલાલજીએ આપેલા હિંદી વ્યાખ્યાનનો શ્રી કાન્તિલાલ બરોડીઆએ કરી આપેલ ગુજરાતી અનુવાદ અહિં સાદ્યન્ત પ્રગટ કરવામાં આવે છે. આ પ્રવચન બાલદીક્ષાના પ્રશ્નની ઐતિહાસિક દૃષ્ટિએ સુન્દર સમાલોચના છે, અને આપણી વિચારણા માટે નવું વિચારદૃષ્ટિબિન્દુ પુરૂં પાડે છે. પંડિતજીની આર્ષ દ્રષ્ટિનો અને ગહન પાંડિત્યનો આપણને આ પ્રવચનમાં સુન્દર પરિચય થાય છે. જૈન સમાજ આખું પ્રવચન વાંચે, વિચારે, પચાવે અને રૂઢ વિચારગ્રંથિઓથી મુક્ત બને એ શુભ આકાંક્ષાપૂર્વક આ પ્રવચન રજુ કરવામાં આવે છે. તંત્રી)

આભાર માનવા મનાવવાની જે પ્રથા હમણાં પ્રચલિત છે એમાં વખત બરબાદ ન કરતાં હું મુખ્ય કામની તરફ જ મારૂં અને બધાનું ધ્યાન ખેંચું છું. મારી પરિમિત શક્તિ અને મર્યાદિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મેં મારા જીવનમાં એક સામાન્ય ધ્યેય રાખ્યું છે અને તે એ કે કોઇ પણ ઉન્નત અથવા અતિભવ્ય સત્પ્રવૃત્તિમાં હું ભાગ ન લઇ શકું અને તેનું નિમિત્ત ન થઇ શકું તો કાંઇ નહીં પણ મારે કોઇ પણ અશુભ યા હેય પ્રવૃત્તિમાં તો ભાગ ન જ લેવો. આ મુદ્રાલેખ જીવનમાં અપનાવવા હું પૂરી કોશિશ કરૂં છું ત્યારે તમે સહેજે પૂછી શકો કે રૂઢિચુસ્ત લોકોની દૃષ્ટિએ બાલ-દીક્ષનો વિરોધ જે હેય પ્રવૃત્તિમાં ગણાય તેમાં ભાગ લેવા હું કઇ રીતે આવ્યો છું? મારા આગળ જણાવેલા વિચારોમાંથી તમને આ પ્રશ્નનો જવાબ મળી રહેશે.

## બાલદીક્ષા ઉપર વ્યાપક દૃષ્ટિ

બાલદીક્ષાના વિરોધના પ્રશ્નને હું વ્યાપક દૃષ્ટિથી વિચારૂં છું. ફક્ત જૈન પરંપરા કે એક બે જૈન ફીરકાની દૃષ્ટિથી એની ઉપર વિચાર નથી કરતો. બાલદીક્ષા અથવા બાલસંન્યસની વૃત્તિ અને પ્રવૃત્તિ લગભગ બધી ત્યાગપ્રધાન પરંપરાઓમાં પહેલેથી આજસુધી દેખાય છે. ખાસ કરીને ભારતીય સંન્યાસ-પ્રધાન સંસ્થાઓમાં તો આ પ્રવૃત્તિ અને વૃત્તિનાં મૂળ ખૂબ ઉંડાં છે અને તેની યથાર્થતા અને ઔચિત્ય ઉપર હજારો વર્ષોથી ચર્ચા ચાલે છે. આ વિષય ઉપર જૂનું અને નવું વાઙ્મય અને સાહિત્ય પણ પૂરતું મળી રહે છે.

## કર્મભૂમિ-ભારત

ભારત ત્યાગભૂમિ અને કર્મભૂમિના નામથી ચિરકાળથી પ્રસિધ્ધ છે. પૂ. બાપુજી પોતે પણ હિંદને કર્મભૂમિ ગણીને જ પોતની સાધના કરતા. આપણે પણ આપણા દેશને ત્યાગભૂમિ અને કર્મભૂમિ કહેવામાં એક પ્રકારનું ગૌરવ લઇએ છીએ. આમ છતાં જ્યારે ત્યાગી સંસ્થાના પોષણનો અથવા જુના રિવાજ પ્રમાણે તેને નિભાવવાનો સવાલ આવે છે ત્યારે આપણે દાદ દેતા નથી, એટલું જ નહીં, પણ તેનો વિરોધ પણ કરીએ છીએ. આ એક દેખીતો વિરોધ છે, યા વિરોધાભાસ છે, અને એનું રહસ્ય શું છે એ આપણે વિચારવું જોઇએ.

## ગૃહસ્થાશ્રમ-કેન્દ્રિત અને પરિવ્રજ્યા-કેન્દ્રિત ધર્મ પ્રવાહો

આપણા દેશમાં મુખ્યતઃ બે પ્રકારની ધર્મસંસ્થા છે, જેના મૂળ તથાગત બુદ્ધ અને નિગ્રંથનાથ મહાવીરથી પણ જૂના છે. એમાંની એક સંસ્થા છે ગૃહસ્થાશ્રમ-કેન્દ્રિત. અને બીજી સંન્યાસ અને પરિવ્રજ્યા-કેન્દ્રિત. પહેલી સંસ્થાનું પોષણ અને સંવર્ધન વૈદિક બ્રાહ્મણો દ્વારા મુખ્યત્વે થયું છે અને તેનો ધર્મ વ્યવસાય ગૃહ્ય, શ્રૌત, યજ્ઞ વિ. સંસ્કારોને લક્ષમાં રાખીને થાય છે. બીજી સંસ્થા શરૂઆતમાં મોટે ભાગે બ્રહ્મણેતર, ખાસ કરીને કર્મકાંડી બ્રાહ્મણેતર, વર્ગદ્વારા આવિર્ભૂત થઇ. આજે તો આપણે ચાર આશ્રમના નામથી એટલા સુપરિચિત છીએ કે બધા જાણે છે કે ભારતીય પ્રજા પહેલેથી ચતુરાશ્રમની ઉપાસના કરી રહી છે. આમ હોવા છતાં આ હકીકત નથી અને મૂળમાં આમ હતું પણ નહીં. ગૃહસ્થાશ્રમ-કેન્દ્રિત અને સંન્યાસાશ્રમ-કેન્દ્રિત બંને સંસ્થાઓના સંઘર્ષ અને આચાર વિચારની આપલેમાંથી આ ચતુરાશ્રમ સંસ્થાના વિચાર તથા આચાર જન્મ્યા અને નિશ્ચિત થયા.

## ચતુરાશ્રમ અને સન્ત સંસ્કૃતિનું મૂળ

ગૃહસ્થાશ્રમ કેંદ્રિત સંસ્થાને જેઓ જીવનનું મુખ્ય અંગ સમજતા હતા તેઓ સંન્યાસનો વિરોધ તો શું પણ અનાદર સુધ્ધાં કરતા હતા. આ વિષયમાં ગોભિલ ગૃહ્યસૂત્ર અને શંકર દિગ્વિજય જોવા જોઇએ. આ સંસ્થાના સમર્થનનો ઇતિહાસ શતપથ બ્રાહ્મણ, મહાભારત અને પૂર્વપક્ષ રૂપથી માંડીને ન્યાય-ભાષ્ય સુધીમાં આપણે જોઇએ છીએ. બીજી બાજુ સંન્યાસ- કેંદ્રિત સંસ્થાના પક્ષપાતીઓ સંન્યાસ ઉપર એટલો બધો ભાર મૂકતા હતા કે જાણે સારાયે સમાજનું જીવનસર્વસ્વ જ એ ન હોય? બ્રાહ્મણ લોકો વેદ અને વેદાશ્રિત કર્મકાંડના આશ્રયથી જીવન વ્યતીત કરતા હતા જે ગૃહસ્થાશ્રમની પ્રધાનતા, ગુણવત્તા અને સર્વોપયોગિતા ઉપર ભાર દે છે. જેમને માટે વેદ તથા વેદાશ્રિત કર્મકાંડનો જીવનપથ સીધી રીતે ખુલ્લો ન હતો અને સાથે સાથે જે વિદ્યા-રૂચિ અને ધર્મ-રૂચિવાળા પણ હતા, એમણે ધર્મજીવનના બીજા દ્વાર ખોલ્યા. જેમાં ક્રમશઃ આરણ્યક ધર્મ, તાપસ ધર્મ, યા મહર્ષિ ટાગોરની ભાષામાં "તપોવન"ની સંસ્કૃતિ કહીએ તેનો વિકાસ થયો. સન્ત સંસ્કૃતિનું મૂળ આ છે. એવા અનેક વૈદિક બ્રાહ્મણો થઇ ગયા છે કે જે સન્ત સંસ્કૃતિનાં મુખ્ય સ્થંભ આજે પણ લેખાય છે. બીજી બાજુ એવા ઘણા બ્રહ્મણેતર લોકો નીકળ્યા જેમને વેદ અને વેદાશ્રિત કર્મકાંડમાં સીધા ભાગ લેવાનો અધિકાર ન હતો છતાં જેમણે ગૃહસ્થાશ્રમ કેન્દ્રિત ધર્મસંસ્થાને પ્રાધાન્ય આપ્યું છે. એટલું તો ચોક્કસ રીતે કહી શકાય કે આ બંને સંસ્થાઓનો સમન્વય ચતુરાશ્રમના રૂપમાં થયો. આજે કટ્ટરમાં કટ્ટર કર્મકાંડી મીમાંસક બ્રાહ્મણ પણ સંન્યાસી યા સંન્યાસની અવગણના નથી કરતો. એવી રીતે સંન્યાસનો ગમે તેવો પક્ષપાતી પણ ગૃહસ્થાશ્રમની ઉપયોગિતા આજે નિઃસંકોચ સ્વીકારે છે. લાંબા સંઘર્ષ પછી ચતુરાશ્રમ સંસ્થાનો વિચાર ભારતીય પ્રજામાં સ્થિર અને વ્યાપક થયો અને એની મારફતે સમગ્રજીવનની ધર્મ-કર્મ બાજુનો અથવા પ્રવૃત્તિ-નિવૃત્તિનો વિવેક-યુકત વિચાર વિનિમય થયો તેને અનેક વિદ્વાનો ભારતીય આધ્યાત્મ-ચિન્તનનું સુપરિણામ સમજે છે. ચતુરાશ્રમ સંસ્થાનું ભારતીય જીવનમાં વિચારભૂત અનુસરણ થતું આવ્યું છે એટલે જ ભારતની પ્રતિષ્ઠા ત્યાગભૂમિ અને કર્મભૂમિ તરીકે ગણાતી આવી છે.

## ગુરૂ, શિષ્ય અને સંઘ-અધ્યાત્મનું અવલંબન.

આરણ્યક, તપોવન અથવા સન્ત સંસ્કૃતિનું મૂળ અને લક્ષ અધ્યાત્મ છે. સન્ત સંસ્કૃતિનો આધાર છે આત્મા-પરમાત્માના સ્વરૂપનું ચિન્તન અને એને મેળવવા માટેના વિવિધમાર્ગોનું અનુસરણ. એમાં ભાષા, જાતિ, લિંગ, વર્ણ વગેરેનું કશું બંધન નથી. એટલે આ સંસ્કૃતિ તરફ પહેલેથી સાધારણ જનતાનો ઝોક વધુમાં વધુ રહ્યો છે. અનુગામિની લોક-સમૂહ જેટલો વિશાળ એટલી એ સંસ્કૃતિમાં નાના મોટા વાડાની શક્યતા. આમ હોવાથી કોઇ તપ ઉપર તો કોઇ ધ્યાન ઉપર; કોઇ ભક્તિ ઉપર તો કોઇ પ્રત્યક્ષ સેવા ઉપર; કોઇ નગ્નત્વ અને જટા ઉપર તો કોઇ લંગોટી અથવા મેલા ઘેલા કપડા ઉપર; કોઇ સ્મશાન-વાસ ઉપર તો કોઇ ગુફા-વાસ ઉપર ભાર દેતા રહ્યા. જુદા જુદા બાહ્ય માર્ગ ઉપર ભાર

મૂકનારા સન્ત સાધુઓનું સામાન્ય ધોરણ એ રહ્યું હતું કે નવા પોતપોતાના પંથ, આચાર તથા તાત્વિક ધોરણના પ્રચાર કરવા માટે પોતાને માટે એક સંઘની આવશ્યકતા પીછાણે છે. ધર્મ-પુરૂષોની ચિંતાનો વિષય એ થઇ પડયો હતો કે કઇ રીતે અમારો પંથ અને અમારો ધર્મ વધારે ને વધારે ફેલાવો પામે, વધારે સારા લોકો તેમાં જોડાય અને વધુ લોકો તે પંથને અપનાવે. બીજી બાજુ સાધારણ લોકોમાંથી એવા અનેક આધ્યાત્મિક જીજ્ઞાસુઓ નીકળતા આવ્યા કે જે સાચા ગુરૂ-સદ્‌ગુરૂની-શોધમાં અનેક ધર્મપુરૂષો સમક્ષ ગયા અને એમાંથી કોઇ પણ એકને ગુરૂ તરીકે સ્થાપ્યા. આધ્યાત્મને લાયક યોગ્ય ઉમેદવારોની ગુરૂ તરફથી શોધ અને જીજ્ઞાસુ શિષ્યો તરફથી સાચા ગુરૂની શોધ એ પારસ્પરિક સાપેક્ષ ભાવના-માંથી ગુરૂશિષ્યની સંઘની સંસ્થાનો જન્મ થયો છે. આવી સંસ્થાઓ ઘણી જૂની છે. બુધ્ધ-મહાવીરના વખત પહેલા પણ આવા સંઘો મોજુદ હતા અને હરિફાઇ, અને ધાર્મિક ભાવથી પણ પોતપોતાના આચારવિચારનો ફેલાવો કરતા રહ્યા હતા. આવા સંત-સંઘો અથવા શ્રમણ-સંઘોના બધા આચારવિચારના જીવનનો, એના પોષણ અને સંવર્ધનનો, એની પ્રતિષ્ઠાનો-બધાનો એક માત્ર આધાર હતો યોગ્ય શિષ્યો મેળવવા તે. આવા સંતો માટે, તેઓ ગૃહસ્થ ન હોવાથી શિષ્યો જરૂરના હતા કારણ શિષ્યો સિવાય તેમનું જીવન ચલાવવું અસંભવિત હતું. આમ યોગ્ય શિષ્યોની જરૂર હંમેશા રહેતી. એ વખતે દેશની સ્થિતિ પણ એવી હતી કે ધર્મ-માર્ગ અને આધ્યાત્મિક-માર્ગને માટે બધા આવશ્યક સાધનો સુલભ હતા અને ધર્મ-સંઘ અથવા ગુરૂસંઘમાં ગમે એટલી વ્યકિતઓ કેમ ન હોય, તેમનો બધાનો સન્માનપૂર્વક નિર્વાહ થઇ શકતો. ઉપરાંત ધર્મ-સંઘમાં એવા પ્રતિભાશાળી અને ગંભીર આધ્યાત્મિક પુરૂષ પણ નીકળી આવતા હતા જેમની છાયામાં અનેક સામાન્ય સંસ્કારવાળા દીક્ષિતોની મનોવૃતિ પણ કોઇને કોઇ રીતે વિકસિત થતી જતી હતી. સાદું જીવન ઘણા ભાગે ગ્રામજીવન અને સાચા તપસ્વીનો યોગ એ બધા અનુકુળ સંજોગો ભેગા થતા અને ગુરૂ-શિષ્યની કીર્તિ ફેલાતી-આવા વાતાવરણમાં મોટા મોટા ત્યાંગી-સંઘ જોવામાં આવે એમાં નવાઇ શી? આ જ કારણથી આપણે બુધ્ધ, મહાવીર, ગોશાલક સાંખ્ય, પરિવ્રાજક એવા અનેક સંઘ ચારે બાજુ ફેલાયેલા શાસ્ત્રોમાં નોંધાયેલા જોઇએ છીએ.

## ભિક્ષુ-ભિક્ષુણી સંઘના બાલ-દીક્ષિતો.

અધ્યાત્મ સંઘોમાંના તેજસ્વી, દેશ-કાલજ્ઞ અને વિદ્વાન ગુરૂના પ્રભાવથી આકર્ષાઇ ઘણા એવા મુમુક્ષુ પણ સંઘમાં જોડાતા અને દીક્ષા લેતા જેમની વય ફકત ૯-૧૦ વર્ષની રહેતી. આ ઉપરાંત જુવાન અને પરણેલા પણ જોડાતા; સ્ત્રીવર્ગમાંથી સ્ત્રીઓ, પછી તે કુમારિકા હોય યા વિવાહિતા, પણ જોડાતી. ભિક્ષુણી, સંઘ જૈન પરંપરામાં જ નહીં પણ બૌધ્ધ, સાંખ્ય, આજીવક વગેરે ઘણી ત્યાગી-પરંપરાઓમાં દેખાય છે. આગળના વખતમાં ભિક્ષુ સંઘમાં કુમાર, તરૂણ અને પ્રોઢ વયના સ્ત્રી-પુરૂષો જોડાતા હતા એ ઐતિહાસિક સત્ય છે. બુધ્ધ-મહાવીર પહેલાં અને પછી સાધુ-સાધ્વી સંઘ આવી રીતે હતો અને વધતો જતો હતો. તેની પ્રતિષ્ઠા પણ સારી હતી. એટલે કોઇ એમ તો ન કહી શકે, અને કોઇ કહેતું પણ નથી, કે બાલ-દીક્ષા કોઇ નવી વસ્તુ છે, પરંપરા-સંમત નથી અથવા જુની નથી.

દીક્ષાના ઉદ્દેશ અનેક છે. એમાં મુખ્ય છે આત્મશુધ્ધિની દૃષ્ટિથી વિવિધ પ્રકારે સાધના કરવી તે. સજીવ સમાજને ઉપયોગી એવી સાધનાઓમાં તપની સાધના, વિદ્યાની સાધના, ધ્યાન-યોગની સાધના એમ અનેક શુભ સાધનાઓનો સમાવેશ છે. એથી કોઇ એમ તો કેમ કહી શકે કે દીક્ષા આવશ્યક નથી અથવા વ્યકિતગત યા સામાજિક જીવનમાં તેનું કાંઇ સ્થાન નથી. દીક્ષાનું, સંન્યાસનું, અનાગાર જીવનનું લોકમાનમાં શ્રધ્ધાપૂર્ણ સ્થાન છે.

આનું કારણ એ છે કે જે ઉદ્દેશો માટે દીક્ષા લેવાનું શાસ્ત્રમાં વિધાન છે અને પરંપરામાં સમર્થન છે તે ઉદ્દેશો સિધ્ધ થાય છે દીક્ષા દ્વારા. કોઇ દીક્ષિત, સ્ત્રી કે પુરૂષ પછી ગમે તે પંથનો હોય તે દીક્ષાના ઉદ્દેશોની સાધનામાં જ રાતદિવસ રચ્યો-પચ્યો રહેતો હોય અને વાસ્તવિક રીતે નવા નવા ક્ષેત્રમાં વિકાસ કરતો હોય તો એ વ્યકિતનું બહુમાન કોણ ન કરે? એટલે આજે જે વિરોધ છે તે દીક્ષાનો નથી તેમ દીક્ષિત વ્યકિતનો પણ નથી. વિરોધ છે ફકત અકાલે દીક્ષા આપવામાં આવે છે એનો.

## દીક્ષાનો ઉદ્દેશ: શાસ્ત્રાભ્યાસ

બધા જાણે છે કે મહોપનિષદ વખતથી એટલે લગભગ દશ વર્ષની ઉમરથી માતાપિતા પોતાના પુત્રને બ્રહ્મચર્યની દીક્ષા આપી વિદ્યાની સાધના કરવા વિદ્વાન ગુરૂ પાસે પોતાની ઇચ્છા મુજબ મોકલે છે. ઘણે ભાગે એ બ્રહ્મચારી ભિક્ષા અને માધુકરી ઉપર વર્ષો સુધી વિદ્યાભ્યાસ કરે છે. બાર વર્ષ તો સર્વસામાન્ય મર્યાદા છે. આવા વિદ્યાર્થીઓ હજારો નહીં લાખોની સંખ્યામાં આખા દેશમાં ચારે તરફ હમેશા ભણતા આવ્યા છે. આજની નવી અને બદલાતી પરિસ્થિતિમાં પણ બ્રાહ્મણપરંપરાનું આ વિદ્યાધ્યયન-યજ્ઞ-સ્વરૂપ બદલાયું નથી. જો કે આજે બુધ્ધ-મઠ યા ગુરૂકુળ ભારતમાં ઘણાં ઓછા છે પણ સિલોન, બ્રહ્મદેશ, સિયામ, ચીન, તિબ્બતના કોઇ પણ એક મઠમાં રહેતા અને શીખતા બુધ્ધ-વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી મોટી હોય છે. બુધ્ધ વિદ્યાર્થીઓ પણ નાનપણમાં જ મઠમાં રહેવા અને શીખવા જાય છે. તેઓ 'સામણેર' અથવા 'સેખ' બની ભિક્ષુવેષમાં ખાસ શિસ્ત મુજબ રહી ભિક્ષાને ધોરણે જીવન જીવી વિદ્યાની સાધના કરે છે. આવી રીતે ફકત કુમારો જ નહીં પણ કુમારિકાઓ પણ ભિક્ષુણી-મઠમાં રહે છે અને શીખે છે. આથી ઉલટું જૈન પરંપરામાં શું દેખાય છે? જો કે જૈનોમાં એવો કોઇ સ્થાયી મઠ યા ગુરૂકુળ નથી, જ્યાં સાધુ સાધ્વી રહી નિયમિત વિદ્યાધ્યયન કરી શકે, છતાં દરેક ફીરકાના સાધુ-સાધ્વી પોતાની દીક્ષાના ઉમેદવારોને ને બાળક તરૂણ દીક્ષિતોને શીખવે છે અથવા પોતે તેમ ન કરી શકે તો એવો કોઇ પણ જાતનો પ્રબંધ કરે છે. આમ બ્રાહ્મણ, બુધ્ધ અને જૈન ત્રણે ભારતીય પરંપરામાં વિદ્યાધ્યયનનું નિશ્ચિત સ્થાન તો છે જ, અને ખાસ કરીને બાલ-અવસ્થામાં તો એનું મહત્વ વધુ રહે છે. આમ છતાં વિદ્યાધ્યયનની વાતમાં જૈન પરંપરાનો વિચાર કરીએ તો શરમાવું પડે તેવી સ્થિતિ દેખાય છે. વિદ્યાધ્યયનના રસ્તા નવા જમાનામાં સહેલા થયા હોવા છતાં, બાળ અવસ્થા આ સારૂ સારામાં સારી ગણાઇ હોવા છતાં, જૈન પરંપરામાં એવો એક પણ વિદ્વાન સાધુ પાકયો નથી જે બ્રાહ્મણ પરંપરાના વિશિષ્ટ વિદ્વાન સાથે બેસી શકે. પહેલેથી આજ સુધી બાળદીક્ષા વત્તા ઓછા પ્રમાણમાં ચાલુ રહેવા છતાં પણ વિદ્યા-સંબંધી ઉદ્દેશ લગભગ શુન્ય રહ્યો છે. વિદ્યાના વિષયમાં સ્વાવલંબન આપણે નથી કરી શકયા એ જ આ નિર્બળતાનો પૂરાવો છે. જયારે જયારે ઉચ્ચ અને ગંભીર વિદ્યાધ્યયનનો પ્રસંગ આવ્યો, ત્યારે ત્યારે જૈન સાધુ બ્રાહ્મણ વિદ્વાનો ઉપર આધાર રાખતા આવ્યા છે અને આજે પણ આમ જ સ્થિતિ પ્રવર્તે છે. જે ફીરકામાં બાળ-દીક્ષાનું પ્રમાણ વધુ એટલું જ વિદ્યા વિસ્તાર, અને જ્ઞાન ગાભીર્યનું પ્રમાણ અધિક હોવું જોઇએ, પરાવલંબન અને પરમુખાપેક્ષિતા ઓછી હોવી જોઇએ. પણ આપણી પરિસ્થિતિ આથી વિપરિત છે. આ વાત ન તો સાધુ જાણે છે કે ન ગૃહસ્થ ઘણા ભાગના સાધુ, એમનો ઉપાશ્રય અને ભકતોની ચાર દિવાલની બહારના જગતને જાણતા જ નથી. એ તો ફકત સિધ્ધ-સેન, સંમતભદ્ર, અકલંક, હરિભદ્ર, હેમચંદ્ર યા યશોવિજયના નામ અને સાહિત્યથી આજની બાલદીક્ષાનો બચાવ

કરશે. જો બાલ્ય અવસ્થાથી જ બ્રહ્મણ બટુકોની માફક બાલ જૈન સાધુ–સાધ્વી અભ્યાસ કરે છે અને વિદ્યાધ્યયનનો ઉદ્દેશ નજર સામે રાખે છે તો શા સારૂ બાલદીક્ષાથી જૈન પરંપરામાં વિદ્યાનું ધોરણ ઉંચુ ચઢી શકયું નથી કે વિસ્તૃત થઇ શકયું નથી તેનું કારણ શું છે? વળી સાધુઓ પણ પડેલ શ્રુત–પરંપરાને પહેલા માફક સંભાળી શકયા નથી એનું પણ શું કારણ છે?

### તપ અને ત્યાગ

દીક્ષાનો બીજો ઉદ્દેશ છે તપ અને ત્યાગ. મારી જેમ તમે બધાએ ઘણાએ તપસ્વી સાધુ–સાધ્વીઓ જોયા હશે. મેં એક બે અને ત્રણ મહિના સુધી ઉપવાસ કરનાર સાધુ–સાધ્વીઓને જોયા છે, તેમના સમાગમમાં આવ્યો છું, ભક્તિભાવથી મેં તેમને પ્રણામ કર્યા છે. અસહ્ય તાપમાં સુતા ફરતા સાધુઓ પણ મેં જોયા છે. બીજી તપશ્ચર્યા કરનારા પણ જોયાં છે પણ આટલી કઠોર તપસ્યાનું આધ્યાત્મિક પરિણામ એમના આત્મા ઉપર શું શું પડયું એ હું જ્યારે મધ્યસ્થ ભાવથી વિચારૂં છું ત્યારે મને એમ જ થાય છે કે જૈન પરંપરાવાળા સાધુઓએ બાહ્ય તપનો જ માત્ર અભ્યાસ કર્યો છે. આ વિષયમાં ભગવાન મહાવીરના તપસ્યા વિશેષ રૂપે આગળ ધરવામાં આવે છે પણ તે તપસ્યાના મર્મને પીછાણવામાં જૈન પરંપરા નિષ્ફળ ગઇ છે એમ હું માનું છું. મહાવીરની તપસ્યા પાછળ અભ્યંતર સ્વરૂપમાં જે સ્વાધ્યાય અને ધ્યાનનું મહત્વપૂર્ણ સ્થાન છે તે બાલ દીક્ષિત યા પ્રૌઢ દીક્ષિત વિકસાવી શકયા નથી, એટલું જ નહીં પણ પીછાણી પણ શકયા નથી. ઘણા તો મહાવીરના એ બાહ્ય તપને જ જુએ છે. જો દેહદમન અને બાહ્ય તપ અભિમાનની વસ્તુ ગણાતી હોય તો પણ એમાં પણ જૈન સાધુ સાધ્વીઓ જૈનેતર કરતાં પાછળ છે. કેવા વિવિધ પ્રકારના દેહદમનના પ્રકારો છે અને જૈનેતર સાધુઓ કઇ રીતે બાહ્ય તપ આચરે છે, એ જોવા હિમાલય, વિન્ધ્યાચલ, ચિત્રકૂટ એવા પહાડો ઉપર અથવા એકાંત જગ્યાઓએ જવું જોઇએ. ત્યાં આઠ દસ હજાર ફુટની ઉંચાઇએ બરફની વર્ષામાં નગ્ન યા લંગોટી પહેરેલા ખાખી બાવાઓ જોવા મળે છે. જેણે ગુરુ રામદાસનું જીવન વાંચ્યું છે, તેમનો પરિચય કર્યો છે એ જૈન સાધુ-સાધ્વીઓના બાહ્ય તપને મૃદુ જ કહેશે. પરિસ્થિતિ આમ હોવાથી ફકત તપની વશીભૂત થઇ જે સાધુઓ શ્રાવક શ્રાવિકાને મુગ્ધ કરે છે તે પોતાની જાતને અને તેથી વધુ તપ–પરંપરાને તેની પ્રણાલિકાને લજવે છે. તપ આવશ્યક છે, ખરાબ નથી, તે આધ્યાત્મિક તેજનું ઉદ્દગમ સ્થાન છે પણ એની સાધનાની કલા જુદી છે. આજકાલના સાધુ તે ભૂલી ગયો છે. પણ દીક્ષાના ખાસ કરીને બાળદીક્ષાનો, મહાન ઉદ્દેશ તો છે આધ્યાત્મિકતાની સાધના.

### આધ્યાત્મિકતાની સાધના

દીક્ષાનો મહાન ઉદ્દેશ આધ્યાત્મિકતાની સાધના છે. એમાં ધ્યાન અને યોગનું સ્થાન મુખ્ય છે. આમ હોવા છતાં જૈન દીક્ષિતોમાંના કોઇ પણ સાધુ યા સાધ્વી યોગની સાચી પ્રક્રિયા થોડા પ્રમાણમાં પણ જાણે છે એવો કોઇ દાવો કરી શકે એમ છે ખરૂં? પ્રક્રિયાની વાત છોડી દઇએ તો ધ્યાનયોગ સંબંધી સંપૂર્ણ સાહિત્યનો કોઇએ પૂરો અભ્યાસ પણ કર્યો છે ખરો? શ્રી અરવિંદ, મહર્ષિ રમણ વિ. ના જીવિત યોગાભ્યાસની વાત હું નથી કરતો પણ હું ફકત જૈન શાસ્ત્રમાં વર્ણન કરેલ શુકલ ધ્યાનના સ્વરૂપની જ વાત કરૂં છું. શુકલ ધ્યાન સંબંધી આટલી સદીઓ પછી પણ જો તેનું વર્ણન જોઇએ તો તેમાં અઢી હજાર વર્ષ પહેલા જે શબ્દો હતા તે જ આજે નજરે પડે છે. જો ગુરૂ પોતે જ ધ્યાન યા યોગનું પૂરૂં શાસ્ત્રીય સ્વરૂપ જાણતા નથી યા તેની પ્રક્રિયા પીછાણતા નથી તો તેવા ગુરૂ પાસે ગમે તેટલા દીક્ષિત બાળક બાળિકાઓ હોય તો પણ તે બધા ધ્યાનયોગના ઉચ્ચાર માત્ર સિવાય બીજું શું જાણી શકવાના છે? આ જ કારણથી દીક્ષા લેનારી વ્યકિતઓનો આધ્યાત્મિક અને માનસિક વિકાસ અટકી જાય છે. આવી રીતે શસ્ત્રાભ્યાસ તાત્વિક ત્યાગાભ્યાસ અથવા તો ધ્યાનયોગાભ્યાસની દૃષ્ટિએ આપણે જોઇએ તો જૈન ત્યાગીઓની સ્થિતિ દયાપાત્ર જણાય છે. સાધુ-સાધ્વીઓમાં પ્રવર્તતી આવી દશામાં બાળક-બાળિકાઓને આજન્મ નવકારી સંયમ આપવાની વાતનું સમર્થન કોઇ પણ સમજદાર આદમી કેમ કરી શકે તે સમજાતું નથી.

### સાધુઓ શહેરથી દૂર વસે

બાલદીક્ષાની અસામયિકતા અને ઘાતકતાના બીજા પણ બે ખાસ કારણો છે જૂના જમાનામાં જૈન સાધુઓનું મુખ અરણ્ય વન અને ઉપવન તરફ હતું. નગર અથવા શહેરમાં તેમનો રહેવાસ અથવા તેમની સાથેનો સંપર્ક ઘણો ઓછો રહેતો. આજે આપણે જોઇ શકીએ છીએ કે તેમની પીઠ ઉપરના સ્થળો તરફ છે જ્યારે તેમનુ મુખ્ય આકર્ષણ તો નાના મોટાં શહેરો તરફ જ કેન્દ્રીત થઇ રહે છે. જે નાના મોટા શહેરોમાં વિકારની ભરપૂર સામગ્રી ભરી છે એ વાતાવરણમાં જ બાલક, કિશોર, તરૂણ, સાધુ–સાધ્વીઓનું જીવન વ્યતીત થાય છે. તેઓ જ્યાં રહે છે, તેઓ જ્યાં હરે ફરે છે ત્યાં ચારેબાજુ જેમણે અગ્યારમું ગુણસ્થાન * પ્રાપ્ત કર્યું છે તેમને પણ પછાડનારી સામગ્રી છે; તો જે સાધુ-સાધ્વીઓ છઠ્ઠા ગુણ સ્થાન સુધી પણ સાચી રીતે પહોંચ્યા નથી તેમનું તો શું ગજું? જો આવી ભોગસામગ્રીઓમાં તેઓ તેમનું મન વિકૃતિ વગરનું રાખી શકે અથવા પોતાની આધ્યાત્મિક શુધ્ધિ સંભાળી શકે તેમ સંભવિત હોય તો ગૃહસ્થાશ્રમી પોતાની ભોગસામગ્રી છોડયા સિવાય શા સારૂ આવી સ્થિતિને પ્રાપ્ત કરી ન શકે? શું વેશ બદલવાથી જ યા ઘર છોડી ઉપાશ્રયનો આશ્રમ લેવાથી જ કોઇ એવો ચમત્કાર થવો શકય છે કે જેના પરિણામે આધ્યાત્મિક શુદ્ધિ સાધી શકાય છતાં મનની વિકૃતિ ન થાય?

### આજન્મ દીક્ષા—અયોગ્ય દીક્ષિત માટે જન્મભરની કેદ

બાલદીક્ષાના વિરોધનું એક બીજું સબળ કારણ એ છે કે જૈન દીક્ષા આજન્મ લેવાય છે. સાધુત્વ ધારણ કરનાર કોઇ પણ સ્ત્રી–પુરૂષ જીવનમાં સાધુ વેશ છોડી સંસારમાં પ્રવેશ કરે તો તેનું જીવન પ્રતિષ્ઠિત ગણાતું નથી એટલું જ નહીં પણ એને જીવન માટે કઇ ઉપયોગી વ્યવસાય પણ સાંપડતો નથી. શ્રાવક–શ્રાવિકા સાધુ–સાધ્વી બધા આવી વ્યકિતઓની અવગણના કરે છે અને આવા કૃત્યો તરફ ઉપેક્ષા કરે છે. આનું સીધું પરિણામ એ આવે છે કે બાલદીક્ષિત વયમાં આવ્યા પછી યા તારૂણ્યમાં પ્રવેશ્યા પછી એક યા બીજા કારણથી સાધુ જીવનમાં સ્થિર થઇ શકે તેમ ન હોય એવી પરિસ્થિતિમાં એમને કાં તો સાધુ વેશ ધારણ કરી ઢોંગી યા મલીન જીવન જીવવું પડે છે અથવા વેશ છોડી સમાજના તિરસ્કારનું કારણ બની રહેવું પડે છે. માનવતાનો નાશ બંને સ્થિતિમાં છે. ઘણા દાખલાઓમાં તો એમ જ બને છે કે ત્યાગીવેશ છોડયા સિવાય જાતજાતની નાની મોટી ભોગવાસના તૃપ્ત કરવાની વાસના સેવવામાં આવે છે. આથી આવા અસ્થિર સાધુઓનું જીવન બરબાદ થાય છે પણ તેથી વધુ ભયંકર પરિણામ એ આવે છે કે તેમના સંપર્કમાં આવનારા બીજા સ્ત્રી પુરૂષોના જીવનની પણ ખાનાખરાબી થવાનો સંભવ રહે છે. આપણા દેશમાં સ્ત્રી પુરૂષોના અસ્વાભાવિક શરીર સંબંધનું દૂષણ જે ફેલાયું છે તેમાં અપકવ સંન્યાસ અને અનધિકાર બાળ–સંન્યાસનો મોટો હાથ છે, આ જવાબદારી માત્ર મુસલમાનોની નથી તેમ જ માત્ર અન્ય ધર્માવલંબી મઠવાસીઓ

* આધ્યાત્મિક વિકાસની એક ભૂમિકા.

કે મહંતોની નથી. જૈન પરંપરાની અનધિકાર અને અકાળ દીક્ષાએ પણ આમાં મહત્વનો ભાગ ભજવ્યો છે અને એની જવાબદારી એને શિરે પણ આવી રહે છે. આ બધા કારણોનો વિચાર કરતાં અને તેથી નિપજતી પરિસ્થિતિનું અવલોકન કરતાં મારો અફર અભિપ્રાય છે કે બાળદીક્ષા ધર્મ અને સમાજ ઉપરાંત માનવતાની પણ ઘાતક છે.

હું દીક્ષાને આવશ્યક સમજું છું: સાધુ–સાધ્વીઓનું બહુમાન કરું છું: આમ છતાં દીક્ષા આપવાનો તથા દીક્ષિત વ્યક્તિઓના જીવનનો પ્રવાહ જે તરફ વહી રહ્યો છે તે વ્યક્તિની દ્રષ્ટિએ, સામાજિક દ્રષ્ટિએ તથા આધ્યાત્મિક દ્રષ્ટિએ જોતાં હું એમ ચોક્કસપણે માનવા લાગ્યો છું કે આવી દીક્ષા બિનઉપયોગી જ નહીં પણ ઘાતક છે.

## દીક્ષા આવશ્યક છે પણ—

જે દીક્ષા–શુધ્ધિના પક્ષપાતી છે અને બાલદીક્ષાના હિમાયતી પણ છે એમને હું અમુક શરતોએ ટેકો આપવા તૈયાર છું. સૌથી પહેલી શરત સાધુ સંસ્થા વનવાસી બને–શહેરોથી દૂર રહે. બીજી, દિવસમાં એક વાર ભોજન કરે અને માત્ર એક પ્રહર નિદ્રા લે, બાકીનો સમય ફક્ત સ્વાધ્યાય–ધ્યાનમાં વીતાવે. ત્રીજી, સાધુઓ કાં તો દિગંબરત્વ સ્વીકારે અથવા જો કપડાં પહેરવાં જ હોય તો હાથે કાંતેલા એક, બે યા વધુમાં વધુ ત્રણ વસ્ત્રો પહેરે. આજકાલ મલમલ જ નહીં પણ રેશમી કપડાં પહેરવામાં સાધુઓ, અને ખાસ કરીને આચાર્યો, પોતાની શોભા માને છે. ત્યાગ-પ્રધાન દીક્ષાનો અને રેશમી કપડા પહેરવાના આ આંધળા મોહનો શું સંબંધ છે તે હું હજી સમજી શકતો નથી. જો આચાર્ય પોતે આકર્ષક કપડામાં ધર્મનું મહત્વ અને ધર્મની પ્રભાવના સમજતા હોય તો કાચી વયના નવદીક્ષિતોનું શું? શું બધા માનસિક રોગોનો ઇલાજ એક ઉપવાસ જ છે એમ કોઇ માની શકે? ઉપર ગણાવેલી ત્રણ શરત કરતાં પણ વધુ અગત્યની મારી ચોથી શરત એ છે કે દીક્ષિત બાળક, તરૂણ, પ્રૌઢ યા વૃધ્ધ સાધુ–સાધ્વી દંભથી પોતાનું જીવન ન ગાળે એટલે કે જ્યાં સુધી ઇચ્છા હોય ત્યાં સુધી જ સાધુ જીવન ગાળે. એમને માટે આજીવન સાધુ વેશની પ્રતિષ્ઠાની કેદ ન જોઇએ. તે સાધુ જરૂર રહે પણ સ્વેચ્છાએ. વચગાળાના વખતમાં સાધુ અવસ્થાથી તેને સંતોષ ન થાય તો તેને પસંદ પડે તેવો આશ્રમ તે સ્વીકારી લે અને સમાજ તેને તેમ કરવાની સગવડતા કરી આપે, તેની અપ્રતિષ્ઠા ન કરે યા અવગણના ન કરે. એની યોગ્યતા પ્રમાણે જીવન ગાળવાની એને છૂટ હોવી જોઇએ. આટલું જ પૂરતું નથી, પણ તેની ઉપર પ્રતિક્રિયા ન થાય માટે સમાજ તરફથી તેને આવશ્યક આશ્વાસન હંમેશા મળવું જોઇએ. ખાસ કરીને, કોઇ સાધ્વી ગૃહસ્થાશ્રમ સ્વીકારવા માંગતી હોય તો તેને એવો સાથ મળવો જોઇએ જેથી તે આર્ત ધ્યાન કે રોદ્ર ધ્યાનથી બચે અને દુઃખી ન થાય. સમાજની એમાં જ શોભા છે. ખરી વાત તો એ છે કે બુદ્ધપરંપરા માફક જૈન પરંપરા પણ પહેલેથી આજીવન મહાવ્રત પ્રતિજ્ઞા ન લેવાની સામાન્ય રીતને અપનાવે. જેમજેમ દીક્ષામાં સ્થિરતા આવતી જાય તેમ તેમ દીક્ષિત જીવનની કાલમર્યાદા વધારતા જવાય. આજીવન પ્રતિજ્ઞા શરૂઆતમાં લેવાનું જ જો યોગ્ય માનવામાં ન આવે તો બધા દોષોનું કારણ મૂળમાંથી જ નીકળી જાય છે.

## સાધુ અને સેવા દૃષ્ટિ

સેવાની દૃષ્ટિએ સાધુઓનું શું સ્થાન છે? આ દૃષ્ટિથી વિચારતા અનેક બાલદીક્ષા લેનારાઓને નાનપણમાં અપકવ માનસિક દશામાં, આજીવન પ્રતિજ્ઞામાં બાંધી લેવા અને 'ધોબીનો કૂતરો નહીં ઘરનો નહીં ઘાટનો' એ ન્યાયે બંને આશ્રમમાંથી તેમને રખડાવવા એ દોષ આત્મઘાતક છે. આ ઉપરાંત એક બીજો દોષ આ મૂળ પરિસ્થિતિમાં રહેલો છે કે આવા અકર્મણ્ય દીક્ષિતોની મોટી જમાતને નિભાવવા સારૂ સમાજની બહુમૂલી શક્તિ વેડફાય છે. સેવા આપવાને બદલે સાધુ સંસ્થાની આવી ફોજ સેવા લેતી આવી છે. સુધારક ગણાતા, વિચારક કહેવાતા સાધુ–સાધ્વી અને શ્રાવક શ્રાવિકા આ પરિસ્થિતિ નહીં સમજે તો આધ્યાત્મિક સામ્યવાદને સ્થાને લેનિન–સ્ટાલીનનો સામ્યવાદ ઝડપભેર આવે તેમાં નવાઇ પામવા જેવું નહિ રહે.

## બીજી પરંપરાઓમાં દીક્ષા

મેં પહેલાં કહ્યું તેમ ફક્ત જૈન પરંપરાની દ્રષ્ટિએ હું બાળદીક્ષાનો પ્રશ્ન નથી વિચારતો. બૌદ્ધ પરંપરા પ્રમાણે બાળદીક્ષાનો પ્રશ્ન એટલો બધો જોર નથી પકડતો કારણ દીક્ષા સમયે આજીવન પ્રતિજ્ઞા લેવામાં નથી આવતી. બીજી વાત એ છે કે થોડો વખત મઠમાં ભિક્ષુ યા ભિક્ષુણી તરીકે રહી જેઓ બીજા આશ્રમનો સ્વીકાર કરે છે તેમને અપ્રતિષ્ઠાનો સામનો કરવો પડતો નથી. હવે બાકી રહી વૈદિક, શૈવ, વૈષ્ણવ, અવધૂત, નાનક, ઉદાસીન વિ. પરંપરાની વાત. આ પરંપરાનાં અનુયાયીઓ કરોડોની સંખ્યામાં છે. આ બધા જ લોકો દેશમાં સામાન્ય રીતે 'હિન્દુ' તરીકે ઓળખાય છે. આ સમાજોમાંનો નાની ઉમરનો કોઇ દીક્ષિત ઉત્પથગામી થાય યા દીક્ષા છોડી બીજો આશ્રમ સ્વીકારે તો પછી કરોડોની સંખ્યામાં ગણાતી આવી અનુયાયી સંસ્થા ઉપર તેનું કોઇ ખાસ ખરાબ પરિણામ એટલું બધું અને એટલા પ્રમાણમાં નથી જણાતું જેટલું નાના સરખા જૈન સમાજમાં જણાયું છે. વળી આપણા જૈનોમાં જેવી સાધ્વી–સંસ્થા છે તેટલી મોટી યા તેવા વ્યાપક રૂપમાં આવી સ્ત્રી સંસ્થા બીજી કોઇ પરંપરામાં નથી. આમ હોવાને લીધે જૈન સાધુ સંસ્થામાં બાલિકા ત્યક્તા યા વિધવાના દીક્ષા અંગીકાર કર્યા પછી અનર્થ થવાના સંભવ જે વધુ પ્રમાણમાં છે તે ઉપરની પરંપરામાં પુરૂષ બાલદીક્ષિતો હોવા છતાં પણ જોવામાં આવતો નથી એ સમજવા જેવી વાત છે. બીજી પરંપરાઓમાં–સંન્યાસ પ્રધાન ધારાઓમાં–મોટા વિદ્વાનો, નામાંકિત સમાજસેવકો, ઉચ્ચ લેખકો, વિશ્વપ્રસિધ્ધ વકતાઓ, ઉંચી હરોળના રાજપુરૂષો એટલા પ્રમાણમાં નીકળી આવે છે કે તે સંસ્થાઓના સેંકડો દોષો ઢંકાઇ જાય છે. તદુપરાંત આખોયે હિન્દુ સમાજ જૈન સમાજની જેમ સંગઠિત હોવાથી આવા દોષો નિભાવી પણ લે છે. જૈન પરંપરાનાં સાધુ–સાધ્વી સંઘમાંથી જો રામકૃષ્ણ, રામતીર્થ, વિવેકાનંદ, મહર્ષિ રમણ, શ્રી અરવિન્દ, કૃષ્ણમૂર્તિ, સ્વામી જ્ઞાનાનન્દજી જેવો કોઇ ત્યાગી યા મીરાંબાઇ જેવી કોઇ ભક્ત નીકળી આવી હોત તો બાલદીક્ષાનો આટલો વિરોધ ન થાત.

## બાલદીક્ષાનો વિરોધ શા સારૂ?

એક છેલ્લી વાત–દરેક ફીરકાના ગુરૂને હાલમાં વધુ ને વધુ ચેલાઓ રાખવાનો શોખ છે. ભક્તોને વારંવાર તેની સંખ્યા ગણાવવી પડે છે. જે ગુરૂ યા આચાર્ય પાસે દીક્ષા લેનારાઓની ફોજ વધારે એટલી એની પ્રતિષ્ઠા સમાજમાં વધારે ઉંચી લેખાય છે. શ્રાવકોમાં પણ એ ચીલો પડયો છે કે ગચ્છ યા ફીરકામાં જેટલા દીક્ષા લેનારા વધુ તેટલું તેનું ગૌરવ પણ વધુ. પણ કોઇ ગુરૂ, કોઇ સાધ્વી, કોઇ આચાર્ય, કોઇ સંઘપતિ, કોઇ ગૃહસ્થ જાહેરમાં એ નથી કહેતા યા અચકાવા વગર હકીકતો રજુ નથી કરતા કે આ બધા ચેલાઓમાંથી કેટલાયે દીક્ષા છોડી, છોડીને કયાં ગયા, શું કરે છે અને દીક્ષા છોડવાનું સાચું કારણ શું? આ વાતો ખાનગી રહેવાથી, આની સાચી સમજ જાણીબુઝીને સમાજને ન આપવાથી શ્રાવક–સમાજ અંધારામાં જ સબડે છે. દીક્ષા છોડવાના કારણો વધતા જ જાય છે, ઘટતા નથી. વેશ ત્યાગનારાની દશા પણ બુરી થાય છે આ બધાને પરિણામે સમાજ નિર્બળ થતો જાય એ સ્વાભાવિક છે.

# નમો અરિહંતાણં !

વિજય, વિજય, વિજય :
એકજ 'મંત્ર' અને એકજ ધ્યાન !
બસ, એકજ ધ્વનિ ને એકજ 'પ્રકાશ'
ખેલી રહ્યો છે સતત જેની હૃદા'ગુફા'માં !
"વિજય વરૂં......પડું તોય ચડીને વિજય વરૂં,
વિજયની ગંગામાં સદાય વહ્યાજ કરૂં."
જીવવું તો એજ ઉચ્ચતમ જ્ઞાનમાં,
મરવું તોય એ 'મસ્તી'ભર્યા તાનમાં !
એકજ તાલ ને એકજ ચાલ,
એકજ ભાન ને એકજ ગાન !
'શકિત'ના સુંદર વહેતા ઝરા સમું,
સમસ્ત જીવન છે જેનું અખંડ 'નાચ'મય,
ને રૂંવે રૂંવે પ્રગટી ચૂકી છે 'આધ્યાત્મિક' આગ,
નમસ્કાર હો ! એ અરિહંતને !

*

જ્યાં પામરો પછડાય છે,
ત્યાંજ 'મૂંગળા' મહાવીરો ઘડાય છે.
'હાશ' ને 'અરેરે' થી જંતુઓ પીલાય છે,
ત્યાંજ 'હાસ્ય'ના પડકારથી વીરોમાં શકિતના
ધોધ ઉભરાય છે.
સૃષ્ટિની સપાટી પર સસલાંઓજ કૂદે છે,
જીવનની જાડી પાતળી સપાટીને વીંધી
'આંતર્‌દૃષ્ટિ' માં મરદોજ રમણ કરી જાણે છે.
પોપલાંઓ જીવતરને પંપાળી, 'જીવન'થીજ ભાગે છે,
નરશાર્દુલો જીવનના 'નાચ' માંથી જ
જીવનતત્વ મેળવે છે.
નમસ્કાર હો ! એ યોધ્ધા અરિહંતને !

*

—બંસી

(શ્રી 'બંસીના' 'નમો અરિહંતાણું' નામના અપ્રગટ પુસ્તકમાંથી)

## મહાવીર જયન્તીની તિથિ

નીચેનો પત્ર પ્રગટ કરવા માટે મળ્યો છે:

"આપણા જૈનોના ત્રણેય ફીરકાના આગેવાનો અધિવેશન, સંમેલન અને પ્રસંગોપાત ત્રણેય ફીરકાની એકતા થાય એ માટે ઠરાવો કરે છે, પરંતુ અત્યાર સુધીની પરિસ્થિતિ તપાસતાં આ બધું સમાજ માટે દેખાવ પુરતું અને દફતર ઊપર લખવા પુરતું થતુ આવ્યું હોય તેમ લાગે છે.

જ્યારે બીજી તરફ તપાસીએ તો સ્થા. અને દેરાવાસી સંપ્રદાયનો કેટલોક ભાગ પર્યુષણ પર્વ અને અન્ય પ્રસંગો ખભેખભા મીલાવીને ઉજવે છે. ત્યારે મને એમ લગ્યાં કરે છે કે આ કાર્યમાં ફીરકાઓનું પ્રતિનિધિત્વ ધરાવતી કોન્ફરન્સ સંસ્થાના કાર્યકર્તાઓના મમત્વને આભારી હોય એમ માનવાને કારણ રહે છે.

જાણવા મળ્યું છે કે આપણા જૈનોના જુદા જુદા પંચાગોને લઇને "મહાવીર જયંતી" નો જાહેર તહેવાર આપણને સરકાર તરફથી મંજુર થતો નથી.

આ બાબતમાં હું સર્વે કાર્યકર્તાઓને વિનંતી કરૂં છું કે—પોતાના સંપ્રદાયની તિથિ મંજૂર થાય કે અન્ય સંપ્રદાયની તિથિ મંજુર થાય તેની સામે વિરોધ રાખવો જોઇએ નહિ. કારણ કે આપણે બધા ભગવાન મહાવીરના પુત્રો છીએ. પછી ગમે તે સંપ્રદાયમાં ગણાતા હોઇએ. ગમે તે તિથિ પળાય તે અંતે "ભગવાન મહાવીરની જયંતી" તરીકે પળાવાની છે. એટલો આપણે એક જૈન તરીકે ગર્વ લઇ શકીએ. આટલું તો આપણે બધાએ એક જૈન તરીકે કરવું જોઇએ. એ આપણી ફરજ છે, એમ મારૂં માનવું છે.

કહ્યું છે કે—

ઊરની સાંકલડી શેરીના પંથ વિશાળ રચાવો.
હૈયાના નાના ઝરણાને સાગર જેવું બનાવો.

આમાં જ જૈન તરીકની શોભા છે.

આ અંગે હું એક સુચન કરૂં છું કે ત્રણેય ફીરકાની એક સંયુક્ત કમીટી નીમી. પ્રતિવર્ષે દરેક ફીરકાની વારાફરતી મહાવીર જયંતીની તિથિ નકકી કરી મહાવીર જયંતીની રજા આપણી સરકાર પાસે મંજુર કરવા યોગ્ય પ્રયત્ન કરે એવી આશા રાખુ છું.

એજ. જૈ. મૂ જયતિ શાસનમ્.

લી. સેવક,

વ્રજલાલ મોહનલાલ શાહના જયવીર

## દીક્ષા આપનારાઓની જવાબદારી

એક તરફથી સમજદાર વ્યકિતઓની શ્રધ્ધા નજર સામે ઉઠતી જતી દેખાય છે. બીજી બાજુ અવિચારી, અયોગ્ય દીક્ષાનો પ્રવાહ ચાલુ વહ્યો જાય છે. આ પરિસ્થિતિમાં સુધરો થયા શિવાય ધર્મનેજ ઝાંખુ પડતું જાય છે. આથી જવાબદાર શ્રાવક સંઘના ધાર્મિક સ્ત્રી પુરૂષોની એ ફરજ થઇ રહે છે કે જે દીક્ષા છોડી ચાલી જાય છે તેમના દીક્ષાત્યાગના સાચા કારણેની કડક તપાસ કરવામાં આવે અને દીક્ષાત્યાગથી નિપજતાં દુષ્પરિણામ અંગે દીક્ષા આપનારા ગુરૂને જવાબદાર લેખવામાં આવે. આમ કરવામાં નહીં આવે તો પરિસ્થિત સુધરશે નહીં અને સાધુઓ તેની જવાબદારી સમજશે નહીં.

## સ્વીકાર–સમાલોચના

**જાગૃતિ**–માસિક. તંત્રી શ્રી. તારાચંદ લ. દાણી. ઠે. માણેકલાલ મૂળજીભાઇ, ૬૩ છીપી ચાલ, મુંબઇ ૨.

દશા શ્રીમાળી વણિક જ્ઞાતિના આ માસિકનો બારમો અંક સમાલોચનાર્થે મળ્યો છે. આ વિવિધ સામગ્રીવાળો વધુ દળદાર અંક જોતાં એમ જણાય છે કે 'જાગૃતિ' વધુ આકર્ષક બનતું જાય છે. વળી તેના તંત્રી આ માસિકને જ્ઞાતિના વાડામાંથી બહાર કાઢી એક સામાન્ય સામાજિક પ્રશ્નો માટેના સામયિક તરીકે તેને હવે પછી પ્રગટ કરવા ઇચ્છે છે, એ તેમની ભાવના આવકારદાયક છે.

**બલિદાન અથવા નીલા અને નિરંજન:** એક નાટિકા: લેખક શ્રી. ખીમચંદ મગનલાલ વોરા. સ્વાશ્રય મુદ્રણાલય, ૫, ચીંચ બંદર રોડ, મુંબઇ, ૯. ભજવવા યોગ્ય સમાજ સુધારાની આ એક સુંદર નાટિકા છે.

**ડો. રાજેન્દ્રપ્રસાદ:** લેખક શ્રી. અંબેલાલ નારણજી જોષી, એડવોકેટ, બૃહદ્ ગુજરાત પ્રકાશન મંદિર, મુંબઇ.

**મહાદેવભાઇ હરિભાઇ દેસાઇ:** લેખક; પ્રકાશક ઉપર મુજબ

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૨ નું ચાલુ)

ત્યાં સુધીમાં ઝટપટ એવાઓને દીક્ષિત બનાવી દેવામાં કૃતિકર્તવ્યતાનો સંતોષ લઇએ છીએ. પણ વિચારતા નથી કે એવા સાધકને પછી પોતાના ઇષ્ટ માર્ગમાં સ્થિર રહેવા જેટલું બળ મેળવવા જેટલી એની પાસે જ્ઞાનસંપત્તિ કે વૈરાગ્ય સંપત્તિ ટકી રહે છે કે કેમ?

જો એવું બળ એની પાસે નથી હોતું, યા પ્રાપ્ત કરેલું નથી ટકતું તો પછી એ આવી ભરાયા જેવો ખેદ અનુભવે છે; પરિણામે અંદર દબાઇ પડેલી રાગી વૃત્તિઓ જોર કરી ઉપર ઉઠી આવે છે ને એથી એ બીજા જ પ્રવાહમાં તણાઇ પોતાને, સાધુત્વને અને સંઘને પણ નીચે ઉતારે છે. જ્ઞાનપૂર્વક કે સમજપૂર્વક અદમ્ય રાગવૃત્તિઓનો ઉપશમ કર્યા વિના બીજું પરિણામ પણ શું આવે?

તેરાપંથીઓના આ ઉત્સવમાં તો બાળદીક્ષા હોઇ, નથી જ્ઞાન-ગર્ભિત વૈરાગ્યનું બળ, કે નથી દુઃખ ગર્ભિત કે નથી વાતાવરણ સર્જીત વૈરાગ્યનું બળ. એમાં કેવળ દત્તવૈરાગ્ય જ પ્રધાનસ્થાન રહે છે. અને આમ બીજાનો આપેલો વૈરાગ્ય-જ્યાં સુધી બાળક અવસ્થા હોય ત્યાં સુધી કુતુહલતાની દૃષ્ટિએ કદાચ ટકતા હશે, તેમજ એકજ જાતની બંધિયાર હવામાં સતત રહેવાને પરિણામે એવી પ્રકૃતિયે ઘડાતી હશે, પણ એથી એ વૈરાગ્ય-વૈરાગ્ય છે એમ તો ન જ કહી શકાય, અને એથી એ આત્મહિતકર નીવડે છે એમ પણ ન કહેવાય.

ફોસલાવીને, ધમકાવીને કે ખરીદી કરીને લાવેલા બાળકો પાસે રાગવૃત્તિઓના દમનનો અભ્યાસ કરાવવો એ એક પ્રકારનો હઠયોગ છે જે જૈન દર્શનને પસંદ નથી. એને તો કેવળ સહજ યોગ જ પસંદ છે. એ કારણે બળાત્કારની મર્યાદા સુધી લંબાતો આવી બાલદીક્ષાનો આગ્રહ એ કેવળ આપણા પોતાના આત્મ-સંતોષથી જરાપણ અન્યનું કલ્યાણ સાધી શકે કે કેમ એ બાબત પૂર્ણ શંકા છે.

જેમ પૂર્ણ યૌવન સમયે જ શિયળની રક્ષા મપાય છે, તેમ વિરોધમાં જ વિકાસ થાય છે. જે એક જ પ્રકારના વાતા-વરણમાં ઉછર્યો છે અને તદનુરૂપ ઘડાયો છે તે એક જ પ્રકારના વાતાવરણમાં જીવી કે ટકી શકે, પણ એથી એનો વિકાસ થતો નથી. બાળદીક્ષા કાંતો વિકાસ માર્ગને છૂંદી નાખે છે કાંતો સહેજ આંચકો લાગતાં સાધકને ગબડાવી નીચે પાડે છે. કારણ કે નથી મળ્યું હોતું એને બલ જ્ઞાનનું કે નથી હોતું દુઃખે ઉપજાવેલી કોઇ અસરનું. કોઇ અસાધારણ પૂર્વ જન્મના સંસ્કારી આત્માની વાત ભલે જુદી હોય પણ સાધારણતયા પરિપક્વ માનસ ખીલ્યા પહેલાંની આવી દીક્ષાની કશી પણ કિંમત રહેતી નથી. જે આગની વચ્ચે રમી કાંચનની જેમ વિશેષ શુદ્ધ બની બહાર આવે છે એની જ કિંમત છે. એક જ પ્રકારના બદ્ધ વાતાવરણમાં પડયા રહેવાની કિંમત પણ શું? જોકે એને ય મર્યાદા તો છે જ, પણ બહુધા 'વૃદ્ધા નારી પતિવ્રતા' જેવી જ આપણે આજે દશા ભોગવી રહ્યા છીએ અને એમાં જ પૂર્ણતાનું ગૌરવ માની માનકષાયને પોષી રહ્યા છીએ. આ કારણે આજના સાધુ સાધ્વીઓમાં નથી તેજસ્વિતા, નથી વૈરાગ્ય પ્રભાવ કે નથી ચારિત્રની સુવાસ. જે કંઇ પણ જણાય છે તે કદાચ બાહ્ય સુવાસ હશે, આંતર તો નથી જ, એનું ઝરણું પાતાલમાંથી ફુટેલું હોય તો જ એ બીજાને પલાળી શકે. જે અંદરથી પલળ્યા નથી એ બીજાને શું પલાવી શકે?

આજનો સાધુ વર્ગ સંખ્યામાં વધ્યો છે. છતાં સમાજ કલ્યાણ નથી થયું. બાહ્યચારિત્ર ત્યાગ અને તપશ્ચર્યામાં એ અદ્વિતીય ગણાય છે, જગતમાં એના ત્યાગનો જોટો નથી છતાં નથી એનો પ્રભાવ, કે નથી એની પાસે સમાજની સમસ્યાઓ હલ કરવા જેટલી બુધ્ધિપ્રભા. સમાજ એકધારો કરોડોમાંથી આજે ૧૫ લાખની સંખ્યામાં નીચે ઉતરી રહ્યો છે છતાં એ સાધુઓ સમાજનું કશું જ નવનિર્માણ કરી શકયા નથી.

અહિંસા અને સ્યાદ્વાદનો, ત્યાગ અને તપનો, સમતા અને સમભાવનો અમુલ્ય વારસો પ્રાપ્ત કર્યો હોવા છતાં જૈન સમાજે એક પણ રામતીર્થ કે વિવેકાનંદ, એક પણ ગાંધી કે અરવિંદ, એક પણ ટાગોર કે રામન છેલ્લાં સેંકડો વર્ષથી ઉપજાવ્યો નથી. એકાદ પણ સાચું મોતી નીકળશે એ આશાએ સુંડલા ભરી ભરીને છીપલાં એકઠા કરવા કરતાં એકાદ પણ જણે જો મોતીની છીપ બની સાધના કરી હોત તોય સમાજનું ભારે કલ્યાણ થાત, અને પ્રકાશનું એકાદ કિરણ ફૂટતાં હજારો 'રત્નો' એની રોશનીથી ઝગહળી ઉઠત. પણ આપણે અવળો માર્ગ પકડયો છે. અને એને શાસ્ત્રાધાર મળી ગયા પછી તો આપણી દ્રષ્ટિ જ એવી અંધ બની જાય છે કે આપણે સત્યાસત્યનો નિર્ણય કરી શકતા નથી. પૂર્વ કાળમાં બધા દૈવી આત્માઓ જ જન્મતા એવું નહોતું યા માનવસ્વ-ભાવ તો ત્યારે પણ આજના જેવો જ હતો. એથી કોઇ આચાર્યને હાથે સંયોગવશાત્ એવો દોષ થયો હોય એથી એને પ્રમાણ માની ચાલવું એ જડતાની નિશાની છે.

આમ હોવા છતાંય એક વાત તો ચોકસ છે જ કે આજે એ રોગ એટલો બધો ઉંડો ગયો છે કે કાંતો પ્રજાજાગૃતિ અને કાંતો સરકારી નિયમનનાં ઇન્જેક્ષન સિવાય એ રોગ નિર્મૂળ થવો અશક્ય છે. એથી આપણી પાસે એ પ્રશ્ન આવીને ઉભો રહે છે કે આવી પરિસ્થિતિમાં કયો માર્ગ લેવો કે જેથી બન્ને વિચારસરણીઓનો સમન્વય થાય?

આજના ક્ષીણતેજ બની રહેલા સંયમધર્મનો ઉધ્ધાર તો આકરી કસોટીમાંથી સફળ બનનાર ઉમેદવારને જ દીક્ષાનો અધિકારી બનાવવામાં રહેલો છે પણ એ તો સકલ જૈન સંઘો સહમત થાય તો જ બને; ત્યાં સુધી તો આ પ્રશ્ન કેવી રીતે હલ કરવો એજ મુંઝવણનો વિષય છે.

આનો ઉપાય વિચારતાં મને એમ લાગે છે કે જો આપણે બૌધ્ધ સંઘની જેમ મર્યાદિત સમય સુધી સાધુસંસ્થામાં પ્રવેશ પામવાના અભ્યાસ રૂપ 'શ્રામણેર' સંસ્થા ઉભી કરીએ તો બન્ને પક્ષની વિચારસરણીઓને આપણે પાસે પાસે લાવી શકીએ. જો બન્ને પક્ષો એકાંતિક આગ્રહ મુકી થોડું નમતું જોખે તો આપણે આ 'શ્રામણેર' સંસ્થા માટેના નિયમો તથા વેષભુષાદિ આચારો પણ નકકી કરી શકીએ. આ 'શ્રામણેર' સંસ્થા કેવા પ્રકારની હોય યા હોવી જોઇએ એ દિશામાં માર્ગસૂચન થાય એટલા પુરતા હું મારા વિચારો રજુ કરું છું.

(૧) માબાપની સંમતિ લઇને જ તથા સંઘની પણ અનુમતિ મેળવીને દીક્ષાના ઉમેદવારને 'શ્રામણેર' બનાવી શકાય.

(૨) ગમે તે ઉમ્મરનો માણસ 'શ્રામણેર' બની શકે.

(૩) એની ઇચ્છા અને શકિત હોય ત્યાં સુધી જ એ 'શ્રામણેર' રહી શકે. એ ઘરે પણ પાછો જઇ શકે તેમજ સાધુ સંસ્થામાં પણ ઇચ્છે તો દાખલ થઇ શકે.

(૪) સહજ છૂટછાટ સાથે સાધુધર્મનું એણે પાલન કરવું જોઇએ, વેષભૂષા પણ થોડા ફેરફાર સાથે સાધુધર્મને જ અનુરૂપ હોય.

(૫) ૧૮ વર્ષની નીચેના બાળક બાલિકાઓ જો શ્રામ-ણેર બન્યા હોય તો એમને સાધુ-સાધ્વી સંઘમાં દાખલ થવા પહેલાં એકાદ વર્ષ ઘરે જવાની છૂટ રહેવી જોઇએ-એમ જ નહી, ફરજીયાત મોકલવા જ જોઇએ. ત્યાર બાદ જો એની વૈરાગ્ય-ધારા મજબુત જણાય તો જ સંઘમાં દાખલ કરવા જોઇએ.

(૬) ૧૦ વર્ષથી નાના બાળક-બાલિકાને 'શ્રામણેર' ન બનાવી શકાય.

(૭) ઘરે પાછા ફરેલા ઉમેદવાર શ્રામણેરને ધર્મસંસ્કાર મળતા રહે એ ઇષ્ટ છે પણ એને પોતાનું આંતરહૃદય તપાસવાની પૂર્ણ છૂટ અને મોકળાશ રહેવી જોઇએ. સમન્વયવાદનો પૂજક સમાજ જો આ પ્રશ્ન હલ કરે તો આપણે ભારે પ્રગતિ સાધી ગણાય.

રતિલાલ મફાભાઈ શાહ-માંડલ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર    રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૧૫

મુંબઈ : ૧ ડીસેમ્બર ૧૯૪૯ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## ★ ભાષામાંથી દૂધ લઈએ ★

ગાંધીજીએ આપણને કહ્યું કે ભાઈ, આપણે અંગ્રેજી કેળવણીથી ખોટે રસ્તે આવ્યા. આપણે આગળ જઈએ છીએ કે પાછળ એ જુઓ તો ખરા! એ પ્રગતિ નથી. એ દિલ્હી જનારો માણસ મદ્રાસ મેલમાં બેસે એના જેવું છે. એ માણસ દિલ્હી કેમ પહોંચે? યોગ્ય જગ્યાએ ઊતરી, યોગ્ય ગાડીમાં બેસે તો જ એ દિલ્હી પહોંચે.

### ગાંધીજીનું કહ્યું સમજ્યા નહિ

આપણે પશ્ચિમની કેળવણી લઈ ખોટે રસ્તે ચાલ્યા—આપણા આત્માને ભૂલ્યા—આપણાં શરીરને પંપાળ્યા—આત્મશ્રદ્ધા ખોઈ—લોભ અને મોજશોખમાં તણાયા—આ બધું ખોટું છે. ગાંધીજીએ કહ્યું, પાછા ચાલો, એટલે ભૂતના ઉપાસકો ખુશખુશ થઈ ગયા. ગાંધીજીએ બતાવ્યું કે જ્યાંથી ભૂલ્યા ત્યાં સુધી પાછા ચાલો અને પછી આગળ વધો. ગાંધીજીએ કહ્યું એક, અને લોકો સમજ્યા બીજું. ભૂલ સુધારીને, ખાલી જગ્યા પૂરી લઈને, જીવનના સડાનું ખાતર બનાવીને આગળ જઈએ. ખાતરને ખાતર તરીકે વાપરીએ, પછી પ્રગતિ કરીએ.

### આર્યસંસ્કૃતિને પચાવીએ

જૂની સંસ્કૃતિમાંથી સારું મેળવીને આગળ વધીએ. આ આપણી આર્ય સંસ્કૃતિ. આર્ય–અનાર્યોના યુધ્ધ બાદ આપણે આર્ય–અનાર્યો એક થઈ ગયા. આપણે બધા હિંદુ થઈ ગયા. આપણે આગળ વધ્યા. આ દેશમાં બધા આવ્યા. હિંદુ, પારસી, મુસલમાન બધા એક થઈ દુનિયાનું કામ આપણે કરીએ. આપણું કામ દુનિયાની સેવા કરવાનું છે. એમ કરીને આપણે આગળ વધવાનું છે. આપણી સંસ્કૃતિની સેવા કરીએ—એ ભવ્ય વારસો આપણે પચાવીએ અને આગળ વધીએ.

### સંસ્કૃત–અમર ભાષા

સંસ્કૃત અમર થઈને રહેલી ભાષા છે. માણસ કસરત કરે, બદામ ખાય, તો શરીર મજબુત બને. બદામ ગળી જાય તો શકિત વધે નહિ. બદામ ચાવી જાય, અગર દૂધ કરીને પીએ તો પણ ચાલે. ગળી જવાથી અપચો થાય. ગુજરાતી ભાષાને સંસ્કૃતમય કરી દઈએ તો આમ પ્રજા સમજી શકે નહિ. ગુજરાતી ભાષાને સંસ્કૃત દૂધ મળવું જોઈએ.

રાષ્ટ્રભાષામાં સંસ્કૃત ઉમેરીએ. પણ ભારે શબ્દો ઉમેરવાથી એ વિદ્વાનની ભાષા થઈ રહેશે. એ ભાષા આમ–પ્રજા સુધી નહિ પહોંચે. સંસ્કૃતનું દૂધ કાઢીને ભાષાની વાત ગાંધીજીએ કરી, એ હિંદુસ્તાની. બધી ભાષાના યોગ્ય શબ્દોને પચાવી જનારી તે હિંદુસ્તાની. હિંદુસ્તાનીનો ઉદ્દેશ એકતા ઉત્પન્ન કરવાનો છે, ઝગડા પતાવવાનો છે. મા બાળકના કકડા કરવાની વાત કદી સહન કરે ખરી? હિંદુસ્તાનીનો સાચો ઉપાસક ઝગડા નહિ વધારે. આપણે બધા એક જ છીએ એ વૃત્તિ ધારણ કરવા માટે આપણે હિંદુસ્તાનીનો પ્રચાર કરવાનો છે.

### નામ હિંદી: ધ્યેય હિંદુસ્તાની

વિધાન સભાએ નામ ભલે હિંદુસ્તાની ન રાખ્યું અને હિંદી રાખ્યું. ૧૯૧૯ થી ૧૯૩૬ ની સાલ સુધી ગાંધીજી ચલાવતા હતા એ જ નામ એ હિંદી છે. એનું નામ હિંદી છે પણ એનું ધ્યેય હિંદુસ્તાની છે. જે બધાને પોતાના ગણે એ હિંદુસ્તાની વૃત્તિ. હિંદુસ્તાની નામ રૂઢ અર્થમાં વપરાય તો ઝગડો નથી. હિંદી નામ લેતાં મને વાંધો નથી. ગાંધીજીની દીર્ઘદ્રષ્ટિએ જે આપ્યું તે નામ હું છોડું નહિ. તેનો વિકાસ કરવા માટે બે લિપિ છે: નાગરી ને ઉર્દુ. નાગરી લિપિની સેવા મેં ખૂબ કરી છે. હું તો ચૂપચાપ કામ કરું છું. નાગરીનો પ્રચાર કરું છું. નાગરી રાષ્ટ્રે સ્વીકારી તેથી મને આનંદ થયો. આનંદ થાય એવું હોય તો તેને વધાવીએ, પણ ગાંધીજીની હિંદુસ્તાનીના ઘડતર માટે નાગરી ને ઉર્દુ—બંને લિપિનો અભ્યાસ કર્યે જ છૂટકો. કેટલાકને ઉર્દુ મારફતે, કેટલાકને નાગરી દ્વારા, કેટલાકને બંને લિપિદ્વારા ધ્યેય સુધી પહોંચાડું.

### હિંદી–હિંદુસ્તાનીનો સંગમ

રાષ્ટ્રભાષા અંગેનો વિધાન સભાનો નિર્ણય રાષ્ટ્રનો નિર્ણય છે. ગંગાયમુનાનો સંયોગ થયા પછી નામ એકત્ર થઈ જાય છે. બધાં પાણી એક થઈ જાય છે. બંને નદી એકમેકમાં ઓતપ્રોત થઈ જાય છે. વિધાનસભાએ નામ ભલે હિંદી રાખ્યું પણ એ સંગમ સંસ્કૃતિનું પ્રતિક છે. હિંદુસ્તાની માટે તપશ્ચર્યા–સેવા કરીએ તો હિંદી પરિપુષ્ટ થાય. આપણે બધી ભાષામાંથી દૂધ લઈએ. બધી ભાષાના આશીર્વાદથી આગળ વધીએ. એ વિધાનસભાનો આદેશ છે. બધી ભાષાને આપણે સમાવીએ. ૧૯૦૯થી ગાંધીજીએ પણ એજ રટણ રટ્યું હતું. હિંદુસ્તાની એ વ્યાપક નામ છે. એનાં બે નામ થયા. એ ભાષાથી જ બધાંને વિશ્વાસ બેસવાનો છે.

### રાષ્ટ્રનો રોગ દૂર કરવા

હિંદુસ્તાનીથી રાષ્ટ્રની જુદી જુદી પ્રજાને સંતોષ થવાનો છે. રાષ્ટ્રનો રોગ એનાથી જ દૂર થવાનો છે. હિંદુસ્તાનીમાંથી દૂધ હિંદીને મળવાનું છે. એ શબ્દ વાપરતાં શરમ નથી, દેશદ્રોહ નથી. એ માટે પ્રચાર કરવામાં કાળો બધા આપે. આ કસોટીનો સમય છે, ઉર્દુ ભાષા સહેલી કરી આપણે બધાને ખેંચીએ એ આજ તો જરૂરતનું અને અગત્યનું કાર્ય છે. જ્યાં ગાંધીજી લઈ જવા માગતા હતા તે દિશા તરફ આગળ વધીએ તો જ આપણો જયવારો છે. એ કાર્ય ભાવનાથી કરીશું તો જ થશે. ભાવનાથી લીધેલું કામ ભાવનાથી આગળ ધપાવીએ. બહેનોને પણ એ જ શિખામણ આપું છું.

કાકાસાહેબ કાલેલકર

# અહિંસક સામ્યવાદ આજના અનેક કોયડાનો શ્રેષ્ઠ ઉપાય

## શ્રી ભણશાળીજીની માન્યતા

ઘણા વર્ષો સુધી મહાત્માજીના અંતેવાસી તરીકે રહેલા, ગાંધીજીના ચુસ્ત ભકત, અને તેમના સિધ્ધાંતોને જરા પણ બાંધછોડ વગર પાળવામાં માનનારી જે થોડી જ વ્યકિતઓ હિંદમાં છે તેમાંના એક, આચાર્ય શ્રી ભણસાળીજીએ તેમને પૂછવામાં આવેલા જુદા જુદા પ્રશ્નોના ઉત્તરોમાં તેમણે જે મંતવ્ય રજુ કર્યું હતું તેનો નિષ્કર્ષ નીચે આપવાનો પ્રયાસ કર્યો છે.

તેમનો એવો ચોક્કસ અભિપ્રાય જણાયો કે અત્યારે જે જે અસમાનતા પ્રસરી રહી છે તેનું એક માત્ર નિવારણ અહિંસક સામ્યવાદ છે. એક તરફ કરોડોની દોલત અને બીજી તરફ ભૂખમરો, ગરીબી, કંગાલિયત, ને બેકારી. આ બધી વસ્તુઓ સામ્યવાદને નજીક ઘસડી લાવવામાં કારણ રૂપ બને છે. એક તરફ ગરીબોની કંગાલ ઝુંપડી, એક તરફ અન્નના ઢગલા; બીજી તરફ કણ-કણ માટે તલસતાં માનવીઓ બતાવે છે કે આપણે હજી જંગલી દશામાં છીએ. સમાજમાં સંસ્કૃતિ નથી, એ તો નર્યું જંગલીપણું જ કહેવાય. આવી પરિસ્થિતિ જ સામ્યવાદને સહાયભુત બને છે.

### ક્રાંતિથી ડરો છો કેમ?

તેમણે એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે આપણા લોકો ક્રાંતિને નામે ભડકે છે. ક્રાંતિ એટલે અનિવાર્ય કુદરતી નિયમ. વિનાશમાંથી જ સર્જન થાય છે.

બીજમાંથી અંકુર ફુટે છે ત્યારે બીજ ફાટે છે અને પોતાનો નાશ નોતરી નવજીવન જન્માવે છે. આપણા શરીરમાં પણ આવી જ રીતે પળે પળે વિનાશ અને સર્જનનું કાર્ય ચાલી રહ્યું છે. એ તો અસલ નિયમ છે. ક્રાંતિ આવે તે અહિંસક રીતે આવે તો વિનાશ ઓછામાં ઓછો થાય.

### અહિંસક સામ્યવાદ તરણોપાય

તેમણે કહ્યું કે સામ્યવાદમાંથી કોઇ દેશ છટકી શકશે નહીં. તેમની માન્યતા મુજબ અમેરીકામાં પણ વહેલો મોડો આ વાદનો પગપેસારો થશે જ. કારણકે અત્યારે જે ધનની અસામાન્ય વહેંચણી છે તે લાંબો વખત નભી શકે જ નહીં. દરેક વ્યકિતને સમાન તક મળવી જોઇએ. ચાલુ પરિસ્થિતિમાં જો તક ન મળે તો વિકાસ અસંભવિત બને. દાખલો આપતાં તેમણે કહ્યું કે જો ગાંધીજીને ઇંગ્લેન્ડ મોકલવા જેટલી શકિત તેમના પિતાશ્રીમાં ન હોત તો તેઓ દેશના તારણહાર બની શકયા તે કદાચ ન બની શકયા હોત. સમાન રચના સિવાય સમાન તક સંભવી શકે નહિ. હિંદે સામ્યવાદની લોહિયાળ ક્રાંતિમાંથી ઉગરવું હોય તો તેણે અહિંસક રીતે સામ્યવાદ લાવવાનો રહ્યો.

### ગામડાં ભાંગતાં બચશે

અત્યારે જે રીતે ઔદ્યોગીકરણ થઇ રહ્યું છે અને ગામડાંઓ ભાંગીને શહેરો ઉભા થઇ રહ્યા છે તે બાબત તેમને પૂછવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે આપણે ગમે તેટલા આડા પડીએ તો પણ ઔદ્યોગીકરણ એવી રીતનું બનવું જોઇએ કે જે ઉત્પન્ન થાય તે દેશની જરૂરિયાત પુરતું જ રહે. જરૂરિયાત કરતાં વધારે ઉત્પન્ન કરીશું તો આપણે બીજા દેશો વેપારી બજારો તરિકે શોધવા પડશે અને આપણે પણ શોષણને માર્ગે વળી જઇશું.

### વિપુલ માનવ શકિતનો સદુપયોગ

હિંદુસ્તાનની અંદર જે કરોડો માનવીઓ વસે છે અને જેમાંનો મોટો ભાગ વર્ષનો ઘણો ખરો સમય નિષ્ક્રિય હોય છે, એમની વિપુલ માનવ શકિતનો ઉપયોગ ન કરતાં જો પશ્ચિમના અંધ અનુકરણ રૂપ દેશનું સંપૂર્ણ ઔદ્યોગીકરણ કરવામાં આવે તો આ માનવ શકિતનો વ્યર્થ વ્યય થાય અને કરોડો માણસો બેકાર નહિ બને? એવા એક પ્રશ્નના જવાબમાં તેઓશ્રીએ કહ્યું હતું કે એ ભય ખોટો છે. કારણ કે માનવશ્રમને બચાવીને ઓછા કલાકમાં જીવનની સમગ્ર જરૂરિયાતોને પહોંચી વળાય તેટલા પુરતું ઉત્પાદન થોડી મહેનતે અને થોડા સમયે જો કરી શકાય તો જે સમય, શ્રમ અને શકિત બચશે તેનો ઉપયોગ માનવ વિકાસ, પ્રગતિ અને સાંસ્કારિક તેમજ આધ્યાત્મિક ઉન્નતિ કરવામાં થઇ શકશે.

ગરીબોને માટે તો સામ્યવાદ એક આશિર્વાદ રૂપ છે. આપણે ગામડાં ગામડાં કરી રહ્યા છીએ પરંતુ દેશ-સેવકોમાંથી કેટલા ગામડામાં બેસે છે તેનો વિચાર કરો! વાતો કરવાથી કાંઇ વળે ખરૂં? ગામડાં ભાંગીને શહેરો થાય છે, પણ કરીએ શું? ગામડામાં બેસવાની કોઇને વૃત્તિ થતી જ નથી.

બાપુજીએ આપણને સર્વોદયનો રાહ ચીંધ્યો, હિન્દ સ્વરાજ્ય વિષે સ્પષ્ટ વિચારો આપ્યા, પરંતુ તેમના આદર્શને અનુસરતું રાજ્ય આવતાં વખત કેમ લાગે છે?

આપણે હાથમાં સત્તા આવ્યા છતાં હજી બાપુજીનું આદર્શ રાજ્ય કેમ સ્થાપાયું નથી તે વિષે એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે જ્યાં સુધી સત્તાસ્થાને બેઠેલા સેવકો સત્તાને બદલે સેવાનો સિધ્ધાંત અમલમાં નહીં મૂકે, સર્વાંગી અને સમુળી ક્રાંતિનો રાહ અપનાવશે નહીં ત્યાં સુધી બાપુજીના આદર્શને અનુસરતું સ્વરાજ્ય સ્થાપી શકાશે નહીં.

### પ્રારબ્ધ કે પુરૂષાર્થ

આચાર્ય શ્રી. ભણસાળીજીએ આપણી ગ્રામ્ય સંસ્કૃતિ વિષે ધ્યાન ખેંચતાં કહ્યું હતું કે ગામડાંઓની જનતામાં ભારેભાર આળસ આવી ગયું છે. દરેક બાબતમાં તેઓ નશીબનો દોષ કાઢીને બેસી રહે છે. કોલેરા આવે કે મરકી આવે તેને પુરૂષાર્થથી દુર કરવાનાં પગલાં લેવાને બદલે નશીબનો દોષ કાઢી રોગના ભોગ બની મૃત્યુ પામે છે. બાળલગ્ન કે વૃદ્ધલગ્નને પરિણામે બનતી વિધવામાં પણ ભાગ્યનો દોષ જુએ છે. સારી ખેડ કરી ન હોય, પુરૂં ખાતર પૂર્યું ન હોય અને પેદાશ ઓછી થાય તે પણ ભાગ્યનો દોષ! આમ લલાટે હાથ દઇ બેસી રહેવાને બદલે જો તેઓ પુરૂષાર્થને ભજશે તો ઘણા દુઃખો દુર થવા પામશે. અજ્ઞાનને પરીણામે આવતાં દુઃખો જરૂર મીટાવી શકાય તેમ છે.

### લોહીની ભડક

તેઓશ્રીએ જણાવ્યું હતું કે આપણે ક્રાંતિથી દૂર ભાગીએ છીએ કારણ કે આપણામાં લોહીની ભડક વસી ગઇ છે. પરંતુ હાલ કેટલું લોહી નાશ પામે તેનો કોઇ વિચાર કરે છે? ભૂખમરો, રોગ, પુરતા પોષણને અભાવે આવતું ધીમું મૃત્યુઃ આમ હજારો માણસો મરણ પામે છે, પરંતુ તે વિષે આપણને ડમક થતી નથી. કારણ આવું જોવાને આપણે ટેવાઇ ગયા છીએ. પરંતુ ક્રાંતિ આવે અને લોહી રેડાય તેથી આપણે કેટલા ગભરાઇ જઇએ છીએ! લોહિયાળ ક્રાંતિ ન જ જોતી હોય તો આપણે અહિંસક સામ્યવાદથી પરિસ્થિતિને પલટાવવી પડશે.

લગભગ દોઢેક કલાક સુધી તેઓશ્રીની સાથે થયેલી ચર્ચાનો સાર બેક વાકયોમાં આપવો હોય તો આમ આપી શકાય.

અત્યારે જે અસમાનતા ચાલી રહેલી તે ગયે જ છુટકો છે. સામ્યવાદ એ જ સર્વ દુઃખોની ઓષધી છે. લોહિયાળ ક્રાંતિ આવતી અટકાવવી હોય તો અહિંસક રીતે ક્રાંતિનો માર્ગ મોકળો કરી આપી અહિંસક સામ્યવાદને માટે જનતાને તૈયાર કરવી જોઇએ. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેમને રશિયાનો સ્ટેલીન છાપ સામ્યવાદ નહીં ખપે. હિંદને અનુરૂપ સામ્યવાદી રચના કરવી જોઇએ. તેને તમે બાપુજીનો સર્વોદય પણ કહી શકો છો.

# કૂચ થંભી ગઈ છે!

પ્રાગૈતિહાસિક સમયમાં જ્યારે માનવી પશુની પેઠે ટોળાંબંધ ફરતો અને જ્યાં જીવનનાં સાધન મળી રહે ત્યાં રોકાઇ જતો; એ વખતે સમાજ વ્યવસ્થાની પહેલી શરૂઆત થએલી. એ સમયે અર્થવ્યવસ્થા બહુ સરળ હતી, અને રાજ્યવ્યવસ્થા જેવું તો કંઇ હતું જ નહિ. અર્થવ્યવસ્થા તો સમાજવ્યવસ્થામાં જ સમાઇ જતી.

ત્યારબાદ જ્યારે માનવી ખેતી કરવા લાગ્યો ત્યારે તેને એક જગ્યાએ સ્થિર થવાની જરૂર પડી. એ વખતે જે સમાજ વ્યવસ્થાનો સહેજ વિસ્તાર થયો એને આપણે રાજ્યવ્યવસ્થા કહીએ છીએ.

એટલે અર્થવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા એ બન્ને સમાજ–વ્યવસ્થાના જ અંગો છે. સમાજને વ્યવસ્થિત ચલાવવા માટે અર્થ અને રાજ્યની વ્યવસ્થા જરૂરી બની.

ત્યાર પછીના પ્રગતિકાળમાં પણ અર્થવ્યવસ્થા તો સરળ જ રહી હતી, જ્યારે રાજવ્યવસ્થા સાથે જનતાને બહુ નિસ્બત નહોતી. જનતાનો આગેવાન જ્યારથી રાજા બન્યો ત્યારથી એ પોતાના મદદનીશ અમલદારોની સહાયથી રાજવ્યવસ્થા સંભાળતો હતો. રાજ્ય વ્યવસ્થામાં રક્ષણનો પ્રશ્ન ખાસ અગત્યનો હતો; અને તે માટે કોટ–કિલ્લા ચણાવાતા અને લશ્કરો રખાતાં. યુદ્ધ સમયે અમુક માનવીઓ એમાં વધુ જોડાતાં.

માનવી એ સામાજિક પ્રાણી છે. એને સમાજમાં રહેવું ગમે છે. સમાજથી વિખુટા પડવાનું એને ગમતું નથી. કાં યોગી, કાં પાગલ, સમાજ વિના રહી શકે. ગુન્હેગારને સજા કરવા માટે તેથી જ ડાહ્યા માણસોએ એને સમાજથી છૂટો કરવાની રીત અમલમાં મૂકી, જેને આપણે જેલની સજા કહીએ છીએ. જેલ એટલે સમાજથી વિખુટાપણું.

મેં એવા કેદીઓ જોયા છે જેઓ જ્યારે બહાર હતા ત્યારે જે ખોરાક અને રહેઠાણ મેળવતા હતાં એથી વધુ સારો ખોરાક અને રહેઠાણ એને જેલમાં મળતાં; અને છતાં એને ત્યાં સુખ નહોતું, કારણ કે એને સમાજથી વિખૂટો પાડવામાં આવેલો તે ગમતું નહિ. બેતાલીસની લડત વખતે એક વકીલ અમારી સાથે જેલમાં હતા. અમને ત્યાં 'અ' વર્ગની બધીજ સગવડો મળતી. ચાલુ ખોરાક સાથે પૂરતાં ઘી, દૂધ, ચ્હા અને દહીં મળતાં. વધુમાં નાસ્તામાં પૂરી, ગાંઠિયા, બિસ્કીટ અને ફળો મળતાં. સૂવાને ગાદલાં ઓશીકાં, રમવાને સાધનો અને કપડાં ધોવા નોકર પણ મળેલ. અને છતાં એ વકીલભાઇ કંટાળ્યા અને માફી માગીને છૂટયા! રોજ એના એ જ જેલર, સુપ્રીન્ટેન્ડેન્ટ, પોલીસ, કેદીઓ અને અમે ચાર રાજબંદીઓ. નવો ચહેરો જ જોવા ન મળે! ભણેલો માણસ પણ મુંઝાયો. એને વિશાળ, નવીનતર સમાજ વચ્ચે રહેવું હતું.

આમ માનવી સમાજને ગાળો દેતો પણ સમાજમાં જ રહેવા ઇચ્છે છે. એટલે સમાજનાં સૌ અંગભૂતો પ્રેમ, સહકાર અને શાન્તિથી સાથે રહી સામાજિક જીવન સુંદર રીતે ગાળી શકે તે માટે સમાજ વ્યવસ્થા રચાઇ છે અને દીર્ઘ કાળથી ચાલી આવી છે.

પ્રાચીન કાળની સમાજ વ્યવસ્થાનું સ્પષ્ટ ચિત્ર આપણી પાસે નથી, પરંતુ શ્રી ઋષભદેવે રચેલી અને રામાયણ–મહાભારતના કાળમાં વાંચેલી સમાજ વ્યવસ્થા વિષે આપણે થોડું જાણીએ છીએ. એમાં લગ્નપ્રથા હતી, વર્ણ વ્યવસ્થા હતી અને સમાજ માટે નીતિનિયમો હતા. એ વખતે રાજા બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતો; એટલે આપણે જેટલું રાજાઓ અને રાજ્યો વિષે જાણીએ છીએ તેટલું પ્રજાઓ અને પ્રજાજીવન વિષે જાણતા નથી. પરંતુ એટલું જાણીએ છીએ કે કેટલાક ચીની અને ગ્રીક અભ્યાસી પ્રવાસીઓએ હિંદની સમાજ વ્યવસ્થા વિષે આછાં ચિત્રો દોર્યાં છે, અને તે આપણને જરૂર સુરેખ લાગે છે.

આપણી સમાજવ્યવસ્થામાં જ્યારે દોષ પેઠા છે, ત્યારે આપણા ક્રાન્તિકારીઓએ એમાં સુધારા કરવા માટે ભારે જહેમત ઉઠાવી છે. એવા ક્રાન્તિકારીઓમાં રાજા રામમોહન રાય, કવિ નર્મદાશંકર, સ્વામી દયાનંદ અને ગાંધીજીને ગણી શકાય. એમણે બાળલગ્નો, વહેમો, રૂઢીઓ, અસ્પૃશ્યતા વગેરે સામે વિરોધ પોકાર્યો અને વિધવા પુનર્લગ્નની હિમાયત કરી. ગાંધીજીના સમયમાં કદાચ વધુ દોષો સમાજમાં ફેલાયા જણાયા હશે એટલે એમણે હરિજનો, સ્ત્રીઓ અને પછાતવર્ગની અવદશા, પ્રેતભોજનાદિ રૂઢીઓ, જીવનમાં ઘૂસેલું પરદેશી શૈલીનું અનુકરણ, ભાષામાં દાખલ થએલો આડંબર, ખોટી ફેશન અને વ્યાવહારિક ખર્ચાળતા વગેરે સામે ઉગ્ર પોકાર પાડયો.

એમનો પોકાર જનતાએ સાંભળ્યો, પણ ઝીલ્યો નહિ. છતાં એમના રાજકીય અનુયાયીઓ જેમાંના ઘણાખરા મધ્યમ વર્ગના યુવાનો હતા, તેમણે એ ઝીલ્યો, અને જનતાના વિરોધ છતાં અમલમાં મૂકવાનું શરૂ કર્યું. યુવાનો ઉપરાંત બીજા રાજકીય સેવકોને પણ એમની સાથે ઘસડાવું પડયું. પછી તો સમાજ સુધારો એક ફેશન થઇ પડી. એના પ્રવાહમાં બીજા પણ ઘણા ખેંચાયા. અને સમાજમાં પરિવર્તન થતું દેખાયું.

પરંતુ અમુક કક્ષાએ આવીને એ પરિવર્તન અટકી ગયું. છેલ્લા દસકામાં સામાજિક જુવાળ મોળો પડયો. રાજકીય લડતોની વધતી જતી ઉગ્રતા, આર્થિક વિષમતાઓ, સંક્રાંતીકાળના મૂંઝવણો, યુદ્ધે જન્માવેલી લોભવૃત્તિ અને નૈતિક પતન, એ બધાં વચ્ચે સામાજિક ક્રાન્તિનો પ્રવાહ અટકી ગયો. ક્રાન્તિની કૂચ થંભી ગઇ!

રાજકીય સ્વાતંત્ર્યની પ્રાપ્તિ પછી પણ સામાજિક પ્રવૃત્તિનાં કશાં આંદોલનો ગતિમાન થતાં દેખાતાં નથી. આપણી સમાજ વ્યવસ્થા સુધારવાને કોઇ ચોકકસ પ્રવૃત્તિ આરંભાઇ નથી. કોઇ ચોકકસ વ્યકિતએ સમાજનાં માનવીઓનું લક્ષ એ તરફ દોરવાનું હજુ આરંભ્યું નથી.

અને છતાં ગાંધીજીના વિચારોની છાપ જેમના મન ઉપર રહી છે, એવા આપણા કેટલાક તંત્રવાહકોએ કાયદાઓ મારફત સમાજવ્યવસ્થામાં પરિવર્તન કરવાના પ્રયાસો આરંભ્યા છે. લગ્નવિચ્છેદનો કાયદો, સ્ત્રીના વારસા હકકનો કાયદો, જ્ઞાતિ બહિષ્કાર પ્રતિબંધક કાયદો, દારૂબંધીનો કાયદો, જાહેર ટ્રસ્ટ કાયદો, હરિજન મંદિર પ્રવેશ કાયદો વગેરે આપણને મળ્યા છે.

પરંતુ સમાજ એને અપનાવવા તૈયાર છે? સરકારે જે ગતિ શરૂ કરી છે તેમાં જુનવાણી તત્ત્વોએ રૂકાવટ માંડી છે. વચગાળાના સમયમાં જે જુનવાણી તત્ત્વો બહાર દેખાતા નહોતા, તેઓ હવે હિંમતભર બહાર આવ્યા છે, અને સરકારની બીજી કેટલીક રાજવહીવટી ખામીઓને કારણે એની થતી નિંદામાં આ રૂઢીચુસ્તો એ પણ ભળી જવાનું શરૂ કરી દીધું છે!

રાજકારણ અંગે જેઓ ચોકકસ વિચારો ધરાવે છે, ભૂતકાળમાં જેમણે દેશને માટે અનેકવિધ ભોગો આપ્યા છે, અને હજુ પણ રાષ્ટ્રની ઉન્નતિ માટે જેઓ મથી રહ્યા છે, એવા હાલની સરકારના રાજકીય પ્રતિસ્પર્ધીઓને સરકારના વહીવટની ટીકા કરવાનો હકક છે; પરંતુ જેમણે દેશને માટે કશોયે ભોગ આપ્યો નથી, રાજકારણ સાથે જેમને સ્નાન–સુતક રહ્યું નથી, પ્રજાની આઝાદીની લડતો વખતે જેમણે રાષ્ટ્રનો દ્રોહ કર્યો છે, અને આજે પણ જેઓ કાળાં બજાર, લાંચરૂશ્વત, સંગ્રહખોરી અને શોષણ મારફત સમાજને પાયમાલ કરી રહ્યા છે, એવા વેપારીઓ, ઉદ્યોગપતિઓ, જમીનદારો, જાગી-

# કિશોરોને છૂપી રીતે દીક્ષા આપી રહેલા જૈન સાધુઓ
## બાળકનો કબજો નહિ સોંપતાં લાઠીઓ લઈને ધસ્યા.

'વંદેમાતરમ્'ના ખબરપત્રી તરફથી

"કેટલાક જૈન સાધુઓ તરફથી માબાપની સમ્મતિ વગર સગીર વયના કુમારોને છુપી રીતે દીક્ષા આપવાની પ્રવૃત્તિ હજી પણ ચાલુ રહી છે. સૌરાષ્ટ્રના જેસર ગામમાં તાજેતરમાં જ આવો એક દાખલો બન્યો છે. આશ્ચર્યજનક વાત તો એ છે કે, આ કુમારની વિધવા માતાના પક્ષના માનવીઓ સામે જૈન સાધુઓએ લઠી ઉછાળી હતી. પરંતુ આખરે સાધુઓની સાન ઠેકાણે આવી હતી અને એ કુમારને આવી અણઘટતી દીક્ષામાંથી બચાવી લેવામાં આવ્યો હતો.

આ કુમારને દીક્ષા આપવા માટે જેસરથી તેના માતાથી છૂપી રીતે અમદાવાદ લાવીને એક ઉપાશ્રયમાં રાખવામાં આવ્યો હતો. પોતાના પુત્રને અમદાવાદ લઇ જવામાં આવ્યો છે એવી જાણ થતાં આ વિધવા માતા અમદાવાદ આવી હતી. તેણે એ કુમારને લઇ આવનાર જૈન મુનિનો સંપર્ક સાધ્યો હતો અને કુમારને સોંપી દેવાની માંગણી કરી હતી. પરંતુ મુનિશ્રીએ તેમ કરવા ના પાડી હતી.

આ પછી તેણે અમદાવાદમાંથી પોતાના સગાની સહાય મેળવી હતી. એ બધાં મુખ્ય ઉપાશ્રયમાં ગયા હતાં અને તેના વડા જૈન મુનિને વિનતિ કરી હતી. મુનિશ્રીએ ભૂલનો સ્વીકાર કરીને તે માટે ખેદ દર્શાવ્યો હતો અને એલીસબ્રીજના ઉપાશ્રયે જવાનું કુમારના સગાંને જણાવ્યું હતું.

### મુનિશ્રી ક્રોધિત થયા

આ ઉપાશ્રયમાં કુમારને રાખવામાં આવ્યો હતો. ત્યાં જઇને તેમણે મુખ્ય જૈન મુનિને તેને સોંપી દેવાની વિનતિ કરી હતી. મુનિશ્રી એકદમ ક્રોધિત થઇ ગયા હતા અને તેને સોંપવાની સાફ ના પાડી હતી. આથી પેલી સ્ત્રી સાથે આવેલા પુરૂષો ગુસ્સે થઇ ગયાં હતા અને જણાવ્યું હતું કે તમે નહિ માનો તો પોલીસને બોલાવવી પડશે અને જૈન ધર્મને કલંક લાગશે.

પરંતુ મુનિશ્રી તો પોતાની હઠને વળગી રહ્યાં હતા. આ બન્ને વચ્ચે બોલાચાલી ચાલુ હતી એટલામાં પાસેના ઓરડામાંથી બીજા દશ સાધુઓ લાઠીઓ સાથે બહાર ધસી આવ્યા હતા અને કુમારના સગાંને ચાલ્યા જવાનું કહ્યું હતું. વાત વધી પડી હતી અને બંને પક્ષો વચ્ચે અથડામણ થઇ હતી. પરંતુ આખરે સાધુઓની સાન ઠેકાણે આવી હતી. કુમારના સગાઓમાંથી એક ભાઇ એક કાપડના વેપારીને ત્યાંથી કપડાં લઇ આવ્યા હતા અને 'વીતરાગી' બનાવાયેલા કુમારને સંસારી બનાવીને ગાડીમાં બેસાડીને લઇ ગયા હતા."

* ઉપરના સમાચારો તા. ૨૮-૧૧-૪૯ ના મુંબઇના દૈનિક 'વન્દેમાતરમ' માં છપાયા છે. 'બીજા દશ સાધુઓ લાઠીઓ સાથે બહાર ધસી આવ્યા હતા' એવું જે લખાણ એ સમાચારમાં છે, અને તેને 'ફોર લાઇન ટાઇપ'માં મથાળામાં મૂકવામાં આવ્યા છે, તેમાં 'વન્દેમાતરમ્' ના ખબરપત્રીની ગેરસમજ હોય એવું લાગે છે. કારણ કે સાધુઓ દંડ ( લાકડી ) ટેકા માટે સાથે રાખે જ છે, અને એ સાથે રાખીને તેઓ ઓરડામાંથી બહાર આવ્યા હશે. લાઠીઓ ઉગામવાની વાત એમાં લખી નથી, એટલે તેનો ઉપયોગ કરવાની એમની વૃત્તિ હોય એવું પણ જણાતું નથી. તંત્રીએ પણ ભૂલથી આ વાતને મહત્ત્વ આપીને મથાળામાં ગોઠવી છે. પરંતુ એટલી વિગતો બાદ કરીએ તો પણ જે રીતે આ બનાવ બન્યો છે, એ રીત સારી તો નથી જ. આવા સમાચારો જાહેર વર્તમાનપત્રોને પાને ચડે, એમાં સમગ્ર જૈન સમાજની શોભાને મોટું કલંક ચડે છે. ભીખબંધીના કાયદામાં સુધારો કરાવવા જૈન સાધુઓના ત્યાગ-વૈરાગ્યનાં ગુણગાન આપણે કરીએ છીએ ત્યારે આવા બનાવો આપણા ગુણગાનના પ્રયાસોને નિષ્ફળ બનાવતા નથી ! આપણા પ્રતિનિધિ મંડળોને જો સરકાર આ સમાચારોનો ખુલાસો પૂછે તો તેઓની સ્થિતિ કેવી કફોડી બની જાય, એનો કંઇ વિચાર આ સાધુપુરૂષો (?) કરશે કે?

સંપાદક

---

રહારો, અમલદારો કે ધર્મ-ધુરંધરોને સરકાર સામેની ટીકામાં જોડાવાનો કોઇ હક્ક નથી.

દેશના યુવાનોને સરકારી વહીવટ સામે એક યા બીજા કારણે ભલે રોષ હોય; પરંતુ સરકાર સામાજિક સુધારણાનાં જે પગલાં ભરી રહી છે, તેને તેમણે અનુમોદવાં જ રહ્યાં. સરકાર કેવળ કાયદાથી જ સમાજ સુધારણા કરી શકવાની નથી. જનતાનો એમાં પૂરો સાથ અને સહકાર જોઇશે જ, અને સમજુ જનતાએ એ આપવો જ જોઇએ.

પરંતુ તેમની ફરજ આટલેથી જ અટકતી નથી. સમાજના સડાને નિર્મૂળ કરવા, સમાજના રિવાજોમાં આમૂલ પરિવર્તન આણવા અને સંપૂર્ણ સામાજિક ક્રાન્તિ સર્જવા તેમણે સ્વતંત્ર સંગઠિત પ્રયાસો હવે શરૂ કરવા જોઇશે. જુનવાણી તત્ત્વો સામે માથું અફાળવું જોઇશે. પૂર જોશમાં આંદોલનો શરૂ કરવાં જોઇશે. સામાજિક પુનરુત્થાનની જે કૂચ થંભી ગઇ છે, એને ગતિ આપવી જોઇશે. એને માટે આજે યોગ્ય સમય પાકયો છે. સરકારોની સામાજિક સુધારણાની નીતિનો લાભ લઇને આગળ ડગલું ભરવાની આ તક દેશના વિચારકો, સુધારકો અને યુવાનોએ ન ગુમાવવી જોઇએ.

આજે મધ્યમ વર્ગની મુંઝવણો વધી પડી છે. જ્યાં ત્યાં મધ્યમ વર્ગની મુશ્કેલીઓનાં વર્ણનો થઇ રહ્યાં છે. મધ્યમવર્ગ આર્થિક આંધીમાંથી પસાર થઇ રહ્યો છે. પરંતુ આપણી સમાજ રચનાનું એક દૂષણ પણ એ મુશ્કેલીને વધારી રહ્યું છે. એ દૂષણ, તે દેખાદેખીએ ખર્ચ કરવાની રીત, શારીરિક શ્રમ સામેની સૂગ, વ્યવહારિક પ્રસંગો સામે લડવાની શક્તિનો હ્રાસ વગેરેમાં રહેલું છે. મધ્યમ વર્ગના જુવાનો જો કટીબદ્ધ થઇને પોતાની આર્થિક સ્થિતિ સુધારવા માટે મધ્યમ વર્ગે પોતાનો માની લીધેલો સામાજિક મોભો, સ્ત્રીઓનો મલાજો, બાળકોની માવજત વગેરેના જે કેટલાક ખોટા ખ્યાલો છે તે છોડી દઇને, એમાં પરિવર્તન કરવું જરૂરી છે. મધ્યમ વર્ગની સ્ત્રીઓ કે કિશોરો તેને યોગ્ય નોકરી ધંધો પ્રમાણિકતાથી કરે એમાં તેને શરમાવાનું નથી અને તેમાં તેનો સામાજિક મોભો ઉતરી જવાનો નથી, એ જાતની એક હવા ફેલાવવી જરૂરી છે. એ માટે એમણે હિંમતપૂર્વક ડગ ભરવાં જોઇએ. એ જ માર્ગે સામાજિક પ્રગતિની થંભી ગએલી કૂચ આગળ ચાલશે.

મધ્યમ વર્ગને યુવાન જ એ કરી શકશે.

જટુભાઇ મહેતા

# સમાચાર–નોંધ

## શ્રી. ઠક્કર બાપા

ગઇ તા. ૨૯ મીએ શ્રી. ઠક્કર બાપાને ૮૦ મું વર્ષ પૂરૂં થઇ ૮૧ મું બેઠું. આ પ્રસંગને દીલ્હી, મુંબઇ તેમજ ગુજરાત–કાઠિયાવાડમાં સુંદર રીતે ઉજવવામાં આવ્યો હતો. શ્રી. ઠક્કર બાપાએ પોતાનું સમગ્ર જીવન હરિજનો તેમજ દેશનાં બીજાં પછાત કોમનાં માણસોની ઉન્નતિ અર્થે ગાળ્યું છે, એટલું જ નહિ પણ આટલી વૃદ્ધ વયે તેમનો એ સેવાયજ્ઞ એવો ને એવો ચાલુ રહ્યો છે. આ ઉંમરે જ્યારે કોઇ પણ માનવી નિવૃત્તિ ઇચ્છે, એ સમયે તેમની પ્રવૃત્તિમાં લેશ પણ ઢીલાશ કે ધીમાશ આવી નથી. એંસી વર્ષના આ યુવાન દેશના સુકોમળ બનતા જતા યુવાનોને ખરેખર પડકાર-રૂપ છે. પ્રભુ એમને દલિતોની વધુ સેવા કરવા માટે વધુ લાંબું આયુષ્ય અને વધુ સારી તંદુરસ્તી આપો, એવી પ્રાર્થના સહજ થઇ જાય છે.

## સિદ્ધાગ્રહ !

એવા સમાચાર પ્રગટ થયા હતા કે મુંબઇ સરકારના ભીખ-બંધી કાયદામાં જૈન સાધુઓને થયેલા અન્યાય સામે સત્યાગ્રહ કરવા માટે શ્રી. નેમિસાગર અને સુર્યસિંહ નામના બે સાધુઓ રાવલગાંવથી મુંબઇ જવા ઉપડયા હતા પરંતુ આચાર્ય શ્રી. શાન્તિ સાગરજીએ તેમને નાશીક પાસે અટકાવીને વધુ રાહ જોવા જણાવ્યું હતું. આ રીતે 'સિધ્ધાગ્રહ'ને નામે શરૂ થનારો સત્યાગ્રહ આજે તો અટકી પડયો છે.

ભીખ બંધીના કાયદા સંબંધમાં જૈનોની સભાઓ મળે, તેમાં ઠરાવો અને વર્તમાનપત્રોમાં ગર્જનાઓ કરવામાં આવે એ બધા આંદોલનોના ઠીક પ્રકારો છે. પરંતુ સાધુઓ પોતે ધીરજ ગુમાવીને સત્યાગ્રહ કરવા નીકળે, એ હાલને તબકકે તેમને માટે શોભારૂપ નથી. સાધુઓએ સરકાર સામે લડવાનું કામ સંસારીઓને સોંપી દઇને રાજકીય પ્રકારની પ્રવૃત્તિથી દૂર રહેવું જરૂરી છે. જો તેઓ સત્યાગ્રહમાં માનતા જ હોય, તો આ દેશ જ્યારે બ્રિટિશોની ગુલામી તળે કચડાતો હતો, અને જનતા પર ગોળીઓ અને લાઠીઓ ઝીકાઇ રહી હતી, ત્યારે તેમણે સત્યાગ્રહનો માર્ગ લેવા જોઇતો હતો. પરંતુ ત્યારે તેઓ એ પ્રવૃત્તિને રાજકીય ગણાવીને એથી દૂર જ રહ્યા. જ્યારે ખુનખાર યુધ્ધ ફાટી નીકળ્યું ત્યારે તેમના–જ અનુયાયી શ્રાવકો શસ્ત્રાસ્ત્રોના કારખાનાં ચલાવીને મહાન હિંસાને પોષણ આપી રહ્યા હતા ત્યારે પણ તેઓ ચૂપ જ રહ્યા. અરે, દેશમાં જ્યારે ભયંકર કોમી હિંસા ફાટી નીકળી, ત્યારે પણ તેઓ શાન્તિ સ્થાપવાને આગળ આવ્યા નહિ; અને આજે હવે સરકાર સામે ઉતાવળે અને વગર વિચાર્યે સત્યાગ્રહનું શસ્ત્ર ઉગામવાની વાતો કરે છે, તે તેમને શોભતી વાત નથી. વળી 'સત્યાગ્રહ'ને બદલે 'સિધ્ધાગ્રહ' જેવા નામો યોજીને તેઓ જૈન ધર્મની હાંસી જ કરાવી રહ્યા છે. તેમનું કર્તવ્ય તો એ છે કે સરકારી કાનુન અનુસાર તેઓ ઓળખપત્રો ન રાખે, અને તેથી જે કંઇ સહન કરવું પડે, તે આર્ત કે રૌદ્ર ધ્યાન સેવ્યા વિના શાન્તિથી સહન કરે એજ સાચો સત્યાગ્રહ છે. એમાં સવિનય કાનૂનભંગ રહેલો છે. અને છતાં કાનૂનભંગ માટે તેમણે કંઇ પણ પગલાં ભરવાનાં નથી. જે સ્થિતિમાં તેઓ વિચરે છે, તે જ સ્થિતિમાં ભીખબંધીનો કાયદો અમલમાં આવ્યે સહેજે જ કાનુનભંગ બની જાય છે; પછી સત્યાગ્રહને નામે આવી ધમાલ કરીને મેળવવાનું તો કંઇ નથી, પરંતુ આખા સાધુ સમાજ અને જૈન સમાજની પ્રતિષ્ઠા ગુમાવવાની છે.

હજુ તો આ સંબંધમાં બંધારણીય પ્રવૃત્તિઓને પૂરતો અવકાશ છે. ત્રણે ફીરકાના આગેવાન જૈનોનું એક પ્રતિનિધિ મંડળ હમણાં જ મુંબઇ સરકારના મુખ્ય મંત્રીને મળી આવ્યું છે; અને તે બાબત સરકાર વિચાર કરી રહી છે. ઓળખપત્રો ન રાખવા માટે હજુ કોઇ જૈન સાધુને પકડીને જેલમાં પૂરવામા આવેલ નથી! વાત વાતમાં સત્યાગ્રહની વાતો કરવામાં શુરાતન નથી. પરંતુ કાળાં કર્મો વડે ધર્મ અને ધાર્મિકતાનું જે પતન થઇ રહ્યું છે, તેજ અટકાવવાને જો જૈન સાધુઓ લેશ પ[ણ] પ્રયાસ કરશે, તો તેમણે સમાજની ભારે સેવા બજાવી ગણાશે.

ભીખબંધીના કાયદા સંબંધમાં આજે જે પ્રવૃત્તિઓ ચાલ[ી] રહી છે, તેમાં સાધુઓએ આગેવાની ભર્યો ભાગ ભજવવા માંડ[્યો] છે, તે પણ કોઇ રીતે ઇચ્છનીય નથી. જૈન સાધુઓ પર કો[ઇ] પણ જાતની આફત આવી પડે, તેનો સામનો કરવા તેમ[ના] સંસારી શિષ્યો તૈયાર છે, ત્યાં સુધી તેમણે કશી ચિંતા રાખવાન[ી] જરૂર નથી.

## આ આપણા ધારાસભ્યો !

મુંબઇ ધારાસભાના શ્રી. જયન્તીલાલ પટેલ નામના ધારાસભ્[યે] એક પત્ની હયાત હોવા છતાં બે વર્ષ પહેલાં બીજું લગ્ન કરેલ[ું]. આથી ગૃહકલેશ વધી જવા પામ્યો, જેને પરિણામે તેમની પહેલ[ી] પત્ની તથા પુત્રીએ આત્મહત્યા કર્યાના ખબર બહાર આવ્યા છે.

મુંબઇ ધારાસભા એકપત્નીવ્રતનો કાયદો ઘડે, અને તેન[ા] સભ્યના જીવનના જો આવા રંગ ઢંગ હોય, તો તે ધારાસભ્[ય] તરીકે કઇ રીતે લાયક ગણાય શકે? સમાજના હિતને માટે કાયદ[ા] ઘડવાની જેને આપણે સત્તા આપી છે, તેઓનાં જીવન જો આવાં સડેલાં હોય તો તેઓને આપણા ઉપર કાયદાઓ લાદવાનો શો અધિકાર છે.?

જટુભાઇ

# સમાચારો

**સ્વ. શેઠ છોટાલાલ ખેતશી:**–સાયલાના સુપ્રસિધ્ધ વતની અને કરાંચીના જાણીતા રૂ ના વેપારી શેઠ છોટાલાલ ખેતશીનું મુંબઇ મુકામે તા. ૧૩–૧૧–૪૯ ને દિવસે દુઃખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થ કરાંચીના રૂઉ બજારમાં અને જાહેર જનતામાં અગ્રણી હતા. એક બાહોશ વેપારી છતાં તેમનું પ્રવૃત્તિક્ષેત્ર બહુજ વિશાળ હતું. કરાંચીના ગુજરાતીઓની અને બીજી જાહેર પ્રવૃત્તિઓ ભાગ્યે જ એવી હશે કે જેમાં સ્વર્ગસ્થનું અગ્રસ્થાન ન હોય. કરાંચીના સર્વે વ્યાપારી મંડળો, કેળવણી સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓ, અને વર્તુલો, જીવદયાની મંડળીની સ્થાપના અને પ્રગતિ તથા વિકાસમાં તેમનો અમુલ્ય હિસ્સો હતો.

કરાંચીના જૈન સમાજને બે દાયકા સુધી પોતાના અધ્યક્ષપદે, સુંદર દોરવણી આપી તેનું ઉચ્ચ સ્થાન તેમણે કરાંચીમાં કરાવેલું હતું.

તેમના દુઃખદ અવસાનથી જૈન સમાજે એક માર્ગદર્શક અને ઉત્સાહી અગ્રણી ગુમાવેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

## (અ. ભા. શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સ)

શ્રી અખિલ ભારતવર્ષીય શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સનું ૧૧મું અધિવેશન જે મદ્રાસ મુકામે તા. ૨૪–૨૫–૨૬ ડિસેમ્બરના રોજ મળનાર છે, તેના પ્રમુખ તરીકે મદ્રાસની સ્વાગત સમિતિ તથા મુંબઇના મંત્રી મંડળે મુંબઇ ધારાસભાના સ્પીકર માનનીય શ્રી કુંદનમલજી ફિરોદિયાની સર્વાનુમતે વરણી કરી છે; અને શ્રી ફિરોદિયાજીએ તેનો સ્વીકાર કર્યાના સમાચાર પ્રાપ્ત થયા છે. આ સમાચારથી દેશભરમાં ઉત્સાહનું વાતાવરણ પ્રસરી રહ્યું છે.

પ્રચાર સમિતિ તરફથી કોન્ફરન્સના પ્રતિનિધિઓએ દરેક પ્રાંતનો પ્રવાસ શરૂ કરી દીધો છે. મુંબઇનાં પરાંઓમાં સભાઓ મળી રહી છે, અને સ્વાગત સભ્યો સારી સંખ્યામાં નોંધાઇ રહ્યા છે. પ્રાન્તે પ્રાન્તે સ્થાનકવાસી સમાજમાં 'ચલો મદ્રાસ'નો નાદ ગુંજી રહ્યો છે.

મદ્રાસની સ્વાગત સમિતિના નીચે મુજબ હોદ્દેદારો નીમાયા છેઃ

પ્રમુખઃ–**શ્રી. મોહનલાલજી ચોરડિયા**
ઉપપ્રમુખઃ–**શ્રી. સુરેન્દ્રભાઇ જેસીંગભાઈ**
મંત્રીઃ–**શ્રી. તારાચંદ ગેલડા**
સહમંત્રીઃ–**શ્રી. જસવંતમલજી ઇજીનીઅર**
સ્વયંસેવકદળપતિઃ–**શ્રી. ટી. જી. શાહ**

# તપનો પ્રભાવ ?

"ધન્ય ઘડી! ધન્ય ભાગ્ય ! ધન્ય છે એના ભાવને ! આટલી બાળ અવસ્થામાં દીક્ષા ધારણ કરે છે."

"કેટલીક ઉમર ધારો છો એની ?"

"સોળ-અઢાર તો માંડ હશે. ધન્ય છે બાળ બ્રહ્મચારીને. ધન્ય છે એના માતપિતાને. કુટુંબને અજવાળી ગયો. શેઠ કુટુંબની એકોતેર પેઢી તરી ગઇ."

"હા...હા...હા...હા...'કુટુંબને અજવાળી ગયો !"

"કાં ?"

પાંચ સાત હજારની થેલી માતા-પિતાના ખોળામાં પડી ગઇ છે. વાડ હોય તો વેલો ચડે. બાપ તો બીડીયું વાળીને વાંકો થઇ ગયો હતો અને પારકાં પાણી ભરીને માને માથે ટાલ પડી ગઇ હતી. મહારાજશ્રીએ તો શ્રીમંત શ્રાવક શકરા શેઠને સાનમાં સમજાવી લધરાનો ઉદ્ધાર કરી નાખ્યો.

પણ લધરો કેમ માની ગયો ?

ગુરૂનો પ્રતાપ. બીજું શું ? લધરો નાનપણમાં જૈનશાળામાં જતો. સામાયિક પ્રતિક્રમણ શીખતો. ઉપાશ્રયની બાજુમાં જ તેનું ઘર. મહારાજશ્રી ઘણીવાર તેને ધર્મલાભ આપતા. ઉકા શેઠને કાંઇ આ એક આ લધરાનો ખાડો થોડો પૂરવાનો હતો? બે ત્રણ છોકરા અને લધરા કરતાં મોટી છોકરીને પરણાવવાની હતી. એણે તો લધરાને મહારાજશ્રીને જ સોંપી દીધો. હવે લધરો સાંજે પ્રતિક્રમણ કરવા પણ વહેલો જાય. મહારાજશ્રી લધરાને કોઇ કોઇ વાર તેમના શિષ્યો માટે મુંબઇથી આવેલી બ્રહ્મપુરી પણ ખવાડે. મહારાજશ્રીએ તો ઉકા શેઠને વાતવાતમાં કહી દીધું કે-"શ્રાવકજી, આ તો નામ કાઢશે નામ ! એની યાદશક્તિ તેજ છે. દીક્ષા લેશે તો કામ કરી જશે. સાથે ભવનું બાથું બાંધી જશે."

લધરાને પણ કુટુંબની ગરીબાઇ સાલતી. બ્હેનના લગ્ન માટે બાપાએ બાંધેલા બે હજાર રૂપિયા તો કયારના વાપરી નાખ્યા હતા. હજુ તો ઘરનાં ટાણાં કાઢવાનાં છે. બ્હેનને માંડ માંડ ઠેકાણે નાખી છે. હજુ તેના બે કાકા તો કુંવારા છે. આ ભવમાં તો તે સંસારી થવાનાં સ્વપ્ના સેવે એટલું જ. લધરો પણ વાણિયાનો જ દીકરો હતો ને ! એને પણ ઘણી વાર છાપામાં વાંચેલુ કે 'એક સાધુના શિષ્ય સંસારી બની ગયા.' થોડા દિવસ પહેલાં જ 'એક સાધુ ઇસ્પિતાલમાં હતા તે નર્સ સાથે લગ્ન કરી સાધુ સમાજમાંથી અદ્રશ્ય થઇ ગયા.' હમણાં જ 'એક સિધ્ધાંતના જાણકાર સાધુ ત્રીસ ત્રીસ વર્ષ સુધી દીક્ષા પાળી અને કંટાળી સાધુનો વેશ છોડી એક જૈન છાપાના તંત્રી સાથે સીનેમા પણ જોઇ આવ્યા હતા.' આ બધા પરથી એને લાગતું કે જેટલું પળાય તેટલું સારૂં. સાધુ થયા પછી સંસારમાં કયાં નથી અવાતું ? અને આમાં જો મને જૈન જ્યોતિષ આવડી જાય તો બસ બેડોપાર. પછી તો રાજા મહારાજાઓ જ મારા પગે નમતા આવે. ન આવે તો હું તેમની સામે જઇશ. કોઇને દોરા કે મંત્ર કરી આપીશ. કોઇને શ્રીમંત બનાવવાની લાલચ આપીશ. કોઇ કોલેજીયનને પાસ કરાવી આપીશ. અને આમાં જો મહારાજશ્રી કહેશે તે સાચું પડશે તો ખરેખર હું આ પંચમ કાળમાં જૈન ધર્મનો તારણહાર બનીશ ! આ બધા તરંગોએ લધરાનો દીક્ષા લેવાનો આત્મનિર્ણય દ્રઢ કર્યો.

આવી શુભ વાતને ફેલાતાં કંઇ વાર લાગે ? આજનો લધરો આવતી કાલે સંસાર ત્યાગી સાધુ બનશે. ચતુર્વિધ સંઘની અદાલત બેઠી. અદાલતમાં જેને વકીલો તર્ક અને દલીલોથી જીતી જાય છે તેમ અહિંયા થયું. લધરાની, તેના મા-બાપની, તેના કુટુંબની, સૌની સંમતિ લેવાઇ કે મહારાજ શ્રી લધરાને રાજી-ખુશીથી માત્ર આત્મ કલ્યાણના શુભ હેતુથી જ દીક્ષા આપતા હતા. સંમતિપત્ર પર સંઘપતિએ કુંકુમ છાંટણાં કર્યાં. દીક્ષા મુહૂર્ત નકકી થઇ ગયું.

આજુબાજુના ગામ અને ગામડાઓમાં આ બાળદીક્ષાનો અનેરો પ્રસંગ ઘણા સમયે આવતો હતો. ઘણા વર્ષે શ્રાવકોનાં પૂણ્ય ઉભરાઇ ગય હતાં. ગામે ગામના સંઘોનું ડેપ્યુટેશન આચાર્ય શ્રી પાસે આવવા લાગ્યું. સૌ આ દીક્ષાપ્રસંગ પોતાના ગામમાં થાય તેની ઇચ્છા રાખતું. દીક્ષા-પ્રસંગની ચર્ચામાં મહારાજશ્રી વ્યાખ્યાન વાંચવાનું પણ ભૂલી ગયા હતા. મહારાજશ્રીને સમય પણ કયાં મળતો હતો? દરેક સંઘપતિઓ મહારાજશ્રી પાસે આવી પોતાના ગામમાં કેવી ભવ્ય રીતે દીક્ષા પ્રસંગ ઉજવાશે તેનું સવિસ્તર વર્ણન કરતા. આચાર્યશ્રીનાં માન વધી ગયાં.

અંતે મહારાજશ્રીની ગાદી સમા ધર્મપુર ગામમાં આ દીક્ષા મહોત્સવ ઉજવવાનું નકકી થયું. ધર્મપુરના સંઘ પાવન થયો. પોતાના આંગણે હજારો ભાઇ બ્હેનોનું સાધર્મી વાત્સલ્ય થશે. પણ એ સંઘને કયાંથી ખબર હોય કે આજ ગામમાં પોતાના કેટલાક મધ્યમ વર્ગના કુટુંબો મોંઘવારીની નાગચુડમાં ફસાઇ એક ટંક પર ચલાવી રહ્યા છે. સંઘની મા બ્હેનોને દીક્ષા પ્રસંગે પહેરવા એક પણ સારૂં લુગડું પણ નથી. અરે ! પોતાના જ ગામની જૈનશાળા બંધ છે; વિધવા શિક્ષિકાને બે રૂપિયા વધારે પગાર આપવો પોસાતો નથી અને હજારો રૂપિયાનો ધુમાડો કરવા આજે આ સંઘશ્રેષ્ઠીઓ તયાર થઇ ગયા છે.

કારણ તેમને પ્રતિષ્ઠા બન આપે જોઇએ છે. ગામે ગામથી હજારો ગૃહસ્થો ગુરૂજીનું મન સાચવવા દીક્ષાના જલસામાં પધારશે તો પોતાના છોકરા-છોકરીઓ માટે સારૂં ઘર પણ મળી જશે-આ બધી સ્વાર્થવૃત્તિઓ એ વાણિયાઓ સારી રીતે સમજતા હતા.

ફુલસકેપ સફેદ કાગળના મોટાં પાના જેવડા કદની આમંત્રણ પાત્રકાઓ ગુરૂમહારાજશ્રીની પ્રેરણાથી છપાઇ. ગામે ગામ આમંત્રણ-પત્રિકાઓ પહોંચી ગઇ.

દીક્ષા સત્કાર સમિતિ રચાઇ ગઇ. માણસોને અન્નના સાંસા હતા ત્યારે અહિં તો રાતોરાત મોટી મોટી ચૂલો ખોદાઇ-પાણીના ચરૂઓ ઉકળવા લાગ્યા. લીલાંછમ લાકડાંઓ કપાઇ કપાઇને આવવા લાગ્યા. દીક્ષા સત્કાર સમિતિના સભ્યો જેઓ અનાજના ઘી, તેલ, ગોળના વ્યાપારી હતા તેઓ પણ ફાવી ગયા, તેમનો ન ખપતો માલ આજે ખપી જવાનો હતો. સડેલા ઘઉં અને બાચકાવાળા ચોખા પણ સંઘના રસોડે આવી ગયા હતા. વર્ષોના પડતર ઘીના ડબ્બા શુધ્ધ તાવણીવાળા બનીને આવી ગયા હતા. ગોળ છે કે પાણી તે ન કળી શકાય તેવી રીતના ગોળના ગાડવા હમણાં જ ચીંચુડેથી તાજા આવ્યા છે એ રીતે પલટાઇ આવી ગયા હતા. ગામનો ધૂમાડો બંધ થાય તે પહેલાં સત્કાર સમિતિના ઘરનો ધુમાડો તો જ્યારથી ચૂલો ખોદાઇ ત્યારથી જ બંધ હતો.

રાતોરાત પકવાનો તૈયાર થઇ ગયા. ગામડાવાળાને કયાં ઉતારવા, તેમને કયાં જમાડવા, તેમજ શહેરવાળાને ગામડાવાળાથી જુદા ઉતારી તેમને શું શું જમવામાં આપવું તેની ચર્ચા થઇ રહી હતી.

દીક્ષાભિલાષી લધરાભાઇના કુટુંબ માટે ધર્મપુરના શ્રાવકજીએ તૈયાર કરાવેલો ખાસ બંગલો કાઢી આપવામાં આવ્યો હતો. ગામના અમલદાર સાહેબ જેઓ જૈન હતા અને જેમની કૃપાથી વધુ માણસો જમાડવાની રજા મળી હતી તેમની મોટર દીક્ષતના કુટુંબીઓ માટે તૈયાર હતી.

દીક્ષાભિલાષી યુવાનના વરઘોડાની તૈયારી ચાલતી હતી. રાજનગરનું બેન્ડ પણ આવી ગયું હતું. દીક્ષાભિલાષી યુવાનને હાથી પર બેસાડવા, મોટરમાં બેસાડવા કે બે ઘોડાવાળી બગીમાં બેસાડવા આ પ્રશ્ન ઘણો જ ચર્ચાયો. અંતે જુદા જુદા દિવસે દરેકને

સંખો લાભ આપવાનું નક્કી થયું હોવાથી આજે છેલ્લા દિવસે બે ઘોડાવાળી ગાડીમાં વરઘોડો નીકળ્યો.

દીક્ષા મહોત્સવની હવા આખા શહેરમાં ગુંજતી હતી. ધર્મનો ઉદ્યોત પ્રવર્તતો હતો. તોરણો, પતાકાએ હવામાં લ્હેરતા હતા. જમણવારની સુવાસ ચોતરફ મ્હેકી રહી હતી. માત્ર માનવતા જ વીસરાઇ ગઇ હતી.

વરઘોડો આગળ વધતો હતો. સ્ત્રીઓના વૃંદ ઘોળ મંગળ ગાતા દીક્ષાસ્થાન પર જઇ રહ્યાં હતાં.

ધર્મપુરની ધર્મશાળામાં માનવ મ્હેરામણ ઉભરાયો હતો. આગળથી જ મહારાજશ્રી પોતાના શિષ્યો સાથે ભવ્ય શમિયાણામાં આવીને બેસી રહ્યા હતા.

દીક્ષિત યુવાન પણ મોક્ષ–માર્ગના પ્રથમ પગથિયે આવીને ઉભો હતો. સંસાર છોડવાની આ છેલ્લી ક્ષણ હતી. કુટુંબ, માતા, પિતા, મોટી બ્હેનો, નાના ભાંડગ્ડાં આ બધાને મળવાની અને સંસારી સગપણની આ છેલ્લી સંસાર અવસ્થા હતી.

ઉગતો યુવક પિતા પાસે ગયો. પિતાની રજા યાચી. પિતાએ તો કયારનો સમાજને વેચી દીધો હતો. આ તો બધી ધર્મની દીક્ષા પ્રસંગની ઓપચારિક વ્યવહારિક વાતો અને રિવાજો હતાં કે બીજું કાંઇ? દીક્ષિત યુવાન માતા તરફ ઢળ્યો. માતા પોતાના પતિના આ કૃત્યને જાણતી નહિ. એને તો આ દિકરા પર કેવી કેવી આશાએ બાંધેલી! દીકરાની વહુના સ્વપ્ના પણ સેવેલા. દીકરાના દીકરાને હીરની દોરીએથી હીંચોળવાની માની આશા તો કયારની અલોપ થઇ ગઇ હતી. નાની બ્હેન ખાંઉ ખાંઉ કહી ભાઇને વળગી રહી હતી.

સંઘર્પાતનો હુકમ છુટયો. જેલમાં કેદીને મળવા આવનાર મુલાકાતીઓનો સમય પુરો થઇ ગયો હોય તેવી એ આજ્ઞા અત્યારે લાગી.

લોચનો વિધિ પુરો થયો. સાધુનો પહેરવેશ પહેરી એ યુવાન મોટી મેદની સમક્ષ આવીને ઉભો રહ્યાં. હજારો આંખમાંથી જળબિંદુએ સરી પડયાં ગુરૂજીએ દીક્ષામંત્ર આપ્યો. અને પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યો.

ગઇ કાલના યુવાન આજે સાધુ બન્યો. સંયમ ખાંડાની ધાર છે, તેને આચરણમાં મૂકી રહ્યો.

વડી દીક્ષા આપવા માટે ગુરૂ તો વિહાર પણ કરી ગયા.

* * *

વૈશાખી દાવાનળમાં એક યુવાનનો સંસારી દાવાનળ હોમાઇ ગયો હતો.

મહારાજશ્રીને તો આ નવા દીક્ષિત મુનિ પર પોતાના સંપ્રદાયની પ્રતિષ્ઠાનો આધાર હતો. મહારાજના વિહારની સાથે ખાસ શાસ્ત્રીઓ રાકવામાં આવ્યા હતા. નવદીક્ષિત મુનિનો સંસ્કૃતનો અભ્યાસ ચાલી રહ્યો હતો. 'મેઘદૂત' અને 'શાકુન્તલ'ના ગ્રંથોનુ રસપાન શાસ્ત્રીજી આ યુવાન સાધુને અભ્યાસ દરમ્યાન કરાવી રહ્યા હતા. 'મેઘદૂત' અને 'શાકુન્તલ' એ તો મહાકવિ કાલીદાસના મહાન પ્રણય નાટકો. એને અને સાધુને શું? સાધુ અને સંસારીમાં ફેર શું? અરે, ભાઇ ત્યાં જ સાધુ અને સંસારીની અવલોકન દ્રષ્ટી ભેદ છે. સાધુને તો એ પ્રેમતત્વો જગત સમક્ષ સંસાર આગળ સંસારની અસારતા અને જગતની ક્ષણભંગુરતા માટે રજુ કરવાના છે. મહારાજશ્રીનો શાસ્ત્રાભ્યાસ વધુ સતેજ બને અને યાદ શકિત વધુ તીવ્ર બને માટે સ્થળે સ્થળે મુંબઇના મહારાજશ્રીના માનીતા શેઠીઆએ બદામના પુરીના પાસંલો તો મોકલાવતા હતા. જ્ઞાનવૃદ્ધિ અને શરીર વૃદ્ધિ વચ્ચે હવે હરીફાઇ જામવા લાગી હતી.

ત્યાં તો ચાતુર્માસ આવી પહોંચ્યાં. ધર્મપુરના ભાવભીના ભકિતભૂખ્યા શ્રાવકોના અતિ આગ્રહથી અને આ મોટા શહેરમાં નવદીક્ષિતનો અભ્યાસ વધુ સરળ રીતે ચાલે એટલે આચાર્યશ્રીએ પણ ચાતુર્માસની સમંતિ આપતાં કહ્યું, શ્રાવકજી! જુઓ, કેટલાને ના પાડવી પડી છે. આ ગામડાવાળા પણ કેટલા વર્ષોથી લાગી રહ્યા છે. છતાં આ વખતે તમારૂં મન સચવાયું છે. ચાતુર્માસને યોગ્ય રીતે દીપાવજો.

શ્રાવકજીએ તો ઘેર ધોળો હાથી બાંધવો છે એમ સમજીને જ ચાતુર્માસનો આગ્રહ રાખતા હતા. આજનો સાધુ સમાજ પણ શહેર ભણી આકર્ષાયો છે. ગામડામાં તો વિહાર વખતે ન જ છૂટકે જાય. જૈન ધર્મનું આજનું પતન ચતુર્વિધ સંઘોને જ આભારી છે. સાધુઓને માન, પ્રતિષ્ઠા અને મોભો જોઇએ છીએ. સાધુઓને પોતાની સંસ્થા ચલાવવા નાણાં જોઇએ છે. સાધુઓ સમજે છે કે ગામડાંની પ્રજા દર વર્ષે હજારો રૂપિયા કયાંથી આપશે, એટલે શહેરોમાં અને ઉપનગરોમાં ઉપરા ઉપરી ચાતુર્માસો કરશે. ચાતુર્માસમાં અને ખાસ કરીને પર્યુષણ પર્વ દરમ્યાન આ સાધુઓ 'માનવધર્મ' 'અહિંસાના પયંગબરો' 'યુગધર્મ' એ પર જાહેર વ્યાખ્યાનો આપશે. શહેરનું યાંત્રિક જીવન જીવતા પુરૂષો દિવસે તો મહારાજશ્રીના વ્યાખ્યાનમાં ન આવી શકે માટે રાત્રિ પ્રવચનો અને પ્રાર્થનાઓના દેખાવો યોજશે. બપોરે શહેરની સન્નારીઓ ગૃહકાર્યમાંથી નિવૃત્ત થઇ ઉપાશ્રયે આવશે એટલે મહારાજશ્રી પોતાની બાજુબાજુ 'ગીતા,' 'હરિજન બંધુ' અને થોડા ઘણા દૈનિક વર્તમાનપત્રો તેમ જ અંગ્રેજી પુસ્તકો રાખી બેસશે. સાધુ સમાજ પણ પૈસા મેળવવાની ચાવી જાણી ગયો છે. એટલે મહારાજશ્રી શહેરની સન્નારીઓને યોગ્ય વાત વહેતી કરશે કે પુરૂષોને ધર્મની કયાં પડી છે? બ્હેનોને લીધે જ જૈન ધર્મ ટકી રહ્યો છે. પુરૂષોએ ભેગા કરેલા કાળા બજારના નાણાં સ્ત્રીએ તો ધર્મકાર્યમાં વાપરવા જોઇએ. કારણ, સ્ત્રી અર્ધાંગના છે અને એ રીતે પુરૂષને પરાણે પુણ્ય કરાવવું એ સ્ત્રીની ફરજ છે. આ રીતે જોતાં ધર્મપુરનું ચાતુર્માસ આવું જ જશે, એમ સૌ માનતા હતા.

પર્વાધિરાજ પર્યુષણના દિવસો નજીક આવતા હતા. આત્મોન્નતિ અને આત્મકલ્યાણના એ દિવસોમાં મુનિ મહારાજશ્રીના તપસ્વી શિષ્યે ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી. આત્માને દમવાના એ શુભ દિવસો હતા. મન, વચન, કાયાને કાબુમાં રાખવાના એ પવિત્ર દિવસો હતા.

મહારાજશ્રીની પ્રેરણાથી સંઘે તપસ્વીજીના તપનું પારણું ભવ્ય રીતે ઉજવવાનું નક્કી કર્યું. તપના આ દેખાવનો શો હેતુ હશે? શું આનાથી જૈન ધર્મની જાહોજલાલી વધવાની હતી? તપનો હેતુ તો આપણને તપ કરવાની પ્રેરણા આપે છે; નહિ કે આપણે આપણા માનવ બંધુઓને ભૂખ્યા રાખી જમણવારોના જલ્સા કરીએ!

એક બાજુ સૌરાષ્ટ્રમાં ભૂખમરો ચાલતો હતો ત્યારે સત્ય અને અહિંસાના આ વીર શ્રાવકો માનવતાને ભૂલી જઇ, અરે, પાંજરાપોળના ઢોરને ઘાસવિહોણા તરફડાવી આ સુશ્રાવકો મિષ્ઠાન્નોની મહેફીલોમાં રાચી રહ્યા.

ધર્મપુરનું જૈન યુવક મંડળ શું કરે? તેની પાસે શું સત્તા હતી? હા. સંગઠ્ઠન શકિત હતી, છતાં નૈતિક હિંમતના અભાવે અને અંધશ્રદ્ધાને લીધે એ યુવકો આ ગાડરીયા પ્રવાહમાં ચાલી રહ્યા હતા.

* * * *

કમલેશ અને પરેશ જ્યારે કોલેજમાંથી મા–ભોમના મુકિત–સંગ્રામમાં ઝુકાવવા કોલેજને અને પુસ્તકોને તિલાંજલિ આપી ધર્મપુરમાં ક્રાન્તિ સેનામાં આવી પહોંચ્યા ત્યારે જ તેમને આ ઇતિહાસની બધી ખબર પડી.

બંને સમાજના નવલોહીઆં યુવાનો હતા. રાષ્ટ્ર, સમાજ અને ધર્મ પ્રત્યે તેમને સહિષ્ણુતા હતી. સમાજ અને ધર્મમાં ચાલતા આ કુરિવાજો સામે તેમણે કેટલી વાર જેહાદ જગાડી હતી. યુવક બંધુઓના સહકાર વિના તેઓ બંન્ને પોતાના સમાજ સામે, કુરિવાજો સામે આજ સુધી લડી રહયા હતા. આજે પણ તેમના દિલમાં મનોમંથન જાગ્યું હતું. સભા અને સરઘસોમાં તો આ બન્ને

યુવાનો મોખરે હતા. ગામડાનો પ્રવાસ કરી આ યુવાનોએ તો આજુબાજુના તાલુકામાં ક્રાંતિની ચિનગારી પ્રગટાવી હતી. કિસાન અને મજદુરોનું સંગઠ્ઠન સાધી બ્રિટીશ સલ્તનત સામે પડકાર કર્યો હતો. એ કેસરી યુવાનો શું આજે પોતાના સંઘના શ્રાવકો કે ધર્મના ગુરુઓની સામે થતાં—તે પણ સાચી વાતમાં સામે થતાં અચકાશે? એક બાજુ દેશભક્તિ પ્રગટી રહી હતી, ધરતીનો સાદ પડી રહ્યો હતો. બીજી બાજુ પોતાના જ પગ નીચે પોતાનો સમાજ અને ધર્મ કુરિવાજો અને રૂઢિની નાગચુડમાં ફસાયેલો હતો.

પરેશ અને કમલેશની આજે કસોટી હતી.

ધર્મગુરુઓનો જાણે કે સાદ સંભળાયો.

ક્રાંતિ કર! ક્રાંતિ કર! જૈન સમાજનો સુધારક, વા. મો. શાહ આગેકદમનો પુકાર કરી રહ્યો હતો.

સમાજ આજે સમર્પણ માગી રહ્યો હતો. તર્પણ વિના સમર્પણની શી કિંમત?

કમલેશ અને પરેશ ઉપાશ્રયમાં દાખલ થયા. માનવધર્મ પર મહારાજશ્રી વ્યાખ્યાન ફરમાવી રહ્યા હતા. અહિંસા, સત્ય અને અપરિગ્રહના આદર્શો પુંજીપતિઓને મહારાજશ્રી સમજાવી રહ્યા હતા... આ શું? આ બે ક્યાંથી? હમણાં કંઇક થશે. સંઘ આગેવાનોના શ્વાસ અધ્ધર ચડી ગયા હતા. પહાડ જેવા પરેશની વાગ્ધારા ચાલી. સાચી માનવતા શું આ છે? સાચો ધર્મ શું આ છે? જૈન ધર્મ શું આ પ્રમાણે આચરવાનું કહી રહ્યો છે......

ત્યાં તો પોલીસ....

અરે! ઉપાશ્રયમાં પોલીસ......

પરેશ અને કમલેશ પર વોરંટો હતાં.

યુવાનોને પોલીસ પકડી લઇ ગઇ.

જાણે કંઇજ બન્યું નથા એમ ઉપાશ્રયમાં વ્યાખ્યાન ચાલુ રહ્યું.

સાંજના વધારામાં બહાર પડ્યું કે પરેશ અને કમલેશ બે નિર્દોષ યુવાનોની ધરપકડ, ધરમપુરની પોસ્ટ ઓફિસની ટપાલપેટીમાં થોડા દિવસ પહેલાં એસિડ નાખવામાં આવ્યો હતો તે બાબતમાં શક પરથી કરવામાં આવી છે.

* * * *

સાંજના પ્રતિક્રમણ બાદ ઉપાશ્રયમાં મહારાજશ્રીની ખાસ ઓરડીમાં વાતચીત ચાલી રહી હતી.

મહારાજશ્રી મુંબઇવાળા ગણપત શેઠનો આભાર માનતા હતા: 'ખરેખર, શ્રાવકજી! તમે ન હોત તો આ રંગમાં ભંગ પડત. ખરેખર તમારા જેવા ધર્મીને પ્રતાપે જ આ ધર્મ ટકી રહ્યો છે.'

'અરે મહારાજશ્રી! આ તો તમારો પુન્ય પ્રતાપ છે. મેં તો મારી ફરજ બજાવી. આ તો નવાણીયા કુટાઇ ગયા છે. પજોસણમાં કજોસણ ન થાય માટે હજાર રૂપિયા વેરવા પડયા છે.'

'શું બોલો છો?'

'અરે સાહેબ!' આ તો ગાંધીજીના ચેલા છે. બેમ્બ કે એસિડમાં શું જાણે? આ તો કાવત્રું છે.'

'વાત એમ હતી કે થોડા વખત પહેલાં પોસ્ટની પેટીમાં કોઇ એસિડ નાખી ગયેલું, ત્યારે આ ભડવીરો તો રાજકોટ કોલેજમાં હતા. કાગનું બેસવું અને ડાળનું પડવું થયું. રાવ સાહેબ આજે જ આની તપાસ કરવા આવેલા. આપણા જ જૈન છે. રાવ સાહેબને કોઇ સંતતિ નથી. તેમના ઘેરથી તો શ્રધ્ધા રાખનારા છે. રાવ સાહેબના ધર્મપત્નીને સમજાવ્યું કે તમોને હું મહારાજશ્રી પાસેથી મંત્ર લાવી આપીશ, પણ અમારૂં કામ થવું જોઇએ. એ રીતે રાવસાહેબને કીધું કે શક પરથી હમણાં તો આ જવાનીઆને પકડી લ્યો નહિતર હમણાં અમારા વિવાહની વરસી થઇ જશે. લીલી નોટો શું નથી કરતી?'

'વાહ શ્રાવકજી! વાહ! ધન્ય છે. પંચમ કાળમાં તમારા જેવા શ્રાવકો ન હોત તો અમારૂં શું થાત! જૈન ધર્મ તમારા જેવાને લીધે જ ટકી રહ્યો છે.'

'ઠીક. મહારાજશ્રી ખમાવું છું. સવિનય વંદણા કરૂં છું.' મહારાજશ્રીએ મંગલિક સંભળાવી અને સઝઝાય કરવાની શરૂ કરી.

બીજી બાજુ આ બે નિર્દોષ યુવાનો જેલની કોટડીમાં જૈન સમાજ પર નિબંધ લખવાના વિચારો કરી રહ્યા હતા.

ધર્મપુરના લોકો તપના પ્રભાવ પર સવારમાં ભાષણો કરી રહ્યા હતા.

'પરિમલ'

## સાધુઓ ખરીદાય છે!

ભાઇશ્રી 'પરિમલ'ની ઉપરની કથા જૈન સમાજમાં બનતી ઘટનાનું પ્રતિબિંબ પાડે છે. એ કથાના યુવાન લેખક સંપ્રદાયોની ઘટમાળથી ઠીક વાકેફ છે, એટલે એમનું બયાન અતિશયોક્તિ નથી, એટલી ખાત્રી હું આપી શકું છું. વળી હમણાં જ બોટાદથી મારી પાસે એક લંબાણ પત્ર આવી પડયો છે. આ પત્રમાં પાળીયાદમાં એક સાધુએ રૂ. પાંચ હજારમાં એક શિષ્ય, ત્રણ વર્ષ પહેલાં ખરીધાની હકીકત સાથે જણાવવામાં આવ્યું છે કે તાજેતરમાં પણ આ જાતનું એક અનુકરણ થયું છે, અને બોટાદમાં એક ચેલો રૂ. દસ હજારની રકમ આપી ખરીદાયો છે. ચેલાનાં પિતા પાસે મકાનો તથા બીજી મિલ્કત મળીને પંદર વીસ હજારની મૂડી છે, અને તે ધીરધારનો ધંધો કરે છે. આમ છતાં લોભને કારણે એણે રૂ. ૧૫ હજાર માગેલા, પણ છેવટે રૂ. દસ હજારમાં પત્યું છે. પત્રલેખકે ફુલસ્કેપ કાગળનાં આઠ પાનાં ભરીને નામ ઠામ સહીત પૂરી વિગતો જણાવી છે, અને કોની મારફત સોદો થયો, ફાળામાં મોટી રકમો કોણે આપી, કોને વચ્ચે રાખીને લેવડદેવડ થઇ, એ બધું તેમણે એ પત્રમાં સ્પષ્ટ કર્યું છે.

પત્ર લાંબો છે, તેમ જ તેમાં સ્પષ્ટ નામનિર્દેષ હોવાથી તે અત્રે પ્રગટ કરવાનું ઇષ્ટ ધાર્યું નથી; પરંતુ હકીકતની રજુઆત અને વિગતો ખાત્રી આપે છે કે બોટાદના કિસ્સામાં મોટી રકમથી ચેલો ખરીદાયો છે.

શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં તો બાળદીક્ષા, ચેલા મેળવવાની ધૂન અને તે માટે થતાં કાવત્રાં તથા નાણાંની લેવડદેવડની વાત તો જગજાહેર છે જ. પરંતુ ઉપરના પાળિયાદ તથા બોટાદના કિસ્સા સ્થાનકવાસી સંપ્રદાયના છે. સૌરાષ્ટ્રના સ્થાનકવાસી સમાજમાં આ દૂષણ નવું પેઠું છે, અને તેનો ફેલાવો થાય એ પહેલાં એ સમાજની વજનદાર ગણાતી સંસ્થા અખિલ ભારત શ્વે. સ્થા. કોન્ફરન્સ સબળ હાથે એનો સામનો કરે એ જરૂરનું છે. એક બાજુ આપણે જ્યારે જૈન સાધુઓ સાચા ત્યાગી હોઇને એમને ભીખબંધીના કાયદામાંથી મુક્તિ અપાવવા મથીએ છીએ ત્યારે આવી ચેલાઓની ખરીદી-વેચાણમાં રસ ધરાવનારા સાધુઓનો આપણે કઇ રીતે બચાવ કરી શકીશું?

સામાન્ય રીતે લેવડદેવડમાં સંઘો જ સામેલ હોય છે. આવા માનસવાળા સંઘોનાં પ્રતિનિધિત્વવાળી કોન્ફરન્સ બનાવવા માટે તેનું જે નવું બંધારણ મદ્રાસ અધિવેશનમાં રજુ થનાર છે, તે જોતાં કોન્ફરન્સ આ જુનવાણી, સરમુખત્યારશાહી અને સડેલા સંઘોની એક પ્રત્યાઘાતી સંસ્થા બની જશે, એવો ભય અસ્થાને નથી.

જટુભાઇ મહેતા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૧૬

મુંબઈ : ૧૫ ડીસેમ્બર ૧૯૪૯ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

<u>મુંબઈના પંત પ્રધાન શ્રી બાલાસાહેબ ખેરની સ્પષ્ટતા</u>

## જૈન ધર્મ અને હિન્દુ ધર્મ સ્વતંત્ર ધર્મો છે.

કમનશીબે સરકારના ઇરાદા વિષે પ્રાંતમાં ખોટી છાપ પડેલી છે; હરિજન મંદિર પ્રવેશ ધારા વખતે સરકારી યાદી બહાર પડી છે તે બાબતમાં સંખ્યાબંધ પ્રતિનિધિમંડળો મને મળ્યા છે. તે પરથી મને માલૂમ પડયું છે કે જૈન ધર્મના અનુયાયીઓમાં પરંતુ યાદીએ ગેરસમજ ઉભી કરી છે—જે સરકારના ઇરાદાથી ઘણું દૂર છે; સરકારી યાદીનું તે વાકય આ મુજબ હતું:

"ખ્રિસ્તી ધર્મ જે રીતે સ્વીકારાયેલ છે તે રીતે જૈન ધર્મ હિન્દુ ધર્મથી સ્વતંત્ર ધર્મ તરીકે કદી સ્વીકારાયેલ નથી."

આ વકયનો અર્થ એવો કરવામાં આવ્યો છે કે સરકાર જૈન ધર્મને હિન્દુધર્મના ભાગ તરીકે ગણે છે અને તેથી જે કાયદાઓ પસાર થયા છે તે શિખોની જેમ જૈનોને પણ લાગુ પાડવામાં આવે છે, કેમ કે સરકાર ધારે છે કે જૈન ધર્મ અને હિન્દુધર્મ સમાન છે. સરકારનો આવો જરા પણ ઇરાદો નથી, જૈનો એ જુદી કોમ નથી અથવા તો 'જૈન તત્ત્વજ્ઞાન અથવા ધર્મ વેદ અગર હિન્દુ તત્ત્વજ્ઞાન અથવા ધર્મનો ભાગ છે' એવું નથી. સરકારી યાદીના ઉપરના વાકયનો એવો જરા પણ આશય નથી. તે વાકય તો એટલા જ અર્થમાં વપરાયેલ છે કે જૈન ધર્મની ઉત્પત્તિ અને હિન્દુ ધર્મની ઉત્પત્તિ સમાન છે. આખરે હિંદુ ધર્મ શું છે? અહીં હજારો હિન્દુઓ છે પણ હિન્દુ ધર્મ શું છે એ વિષે કહેવા તેઓ શકિતવાન છે? એક સમયે સંખ્યાબંધ હિન્દુ આગેવાનોને, કોર્ટના જજોને, કાઉન્સીલના સભ્યોને, વકીલોને અને બીજાઓને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. હિન્દુ ધર્મની સ્પષ્ટ વ્યાખ્યા તેઓ આપી શકયા ન હતા. હિન્દુ ધર્મની સ્પષ્ટ વ્યાખ્યા આપવી મુશ્કેલ પણ છે. એક બાજુએ, એક વર્ગ એવો છે કે જે ઇશ્વર અર્થાત બ્રહ્મ સિવાય દુનિયામાં કશું નથી એમ માને છે, જ્યારે બીજી બાજુએ બીજો વર્ગ ભારપૂર્વક કહે છે કે ઇશ્વર છે જ નહીં અને આ બધી અણુશકિત છે. આ ઉપરાંત હિંદુ ધર્મમાં તત્ત્વજ્ઞાનની છ શાખાઓ છે—જે માનનીય સભ્યો સારી રીતે જાણે છે; છતાં કોણ કહી શકે કે આ બધા વિવિધ દૃષ્ટિબિંદુઓ ધરાવતા હિન્દુઓ નથી?

જ્યારે અમે પ્રેસ નોટમાં કહ્યું કે જૈન ધર્મ હિન્દુ ધર્મથી તદ્દન સ્વતંત્ર ધર્મ તરીકે કદી સ્વીકારાયેલ નથી, ત્યારે અમારો કહેવાનો ભાવાર્થ એ નહોતો કે જૈન ધર્મ એ આ છ શાખાઓના ભાગ છે અથવા તો હિન્દુ ધર્મની શાખા છે. ગમે તેમ તો પણ, આ હકીકત છે કે જૈન ધર્મ અસ્પૃશ્યતામાં માનતો નથી તેટલા પ્રમાણમાં જૈન ધર્મ હિન્દુ ધર્મથી વધારે આગળ વધેલો છે. જૈન ધર્મની એક શાખા મૂર્તિપૂજામાં જરા પણ માનતી નથી. આ દેશના ઇતિહાસથી જે માહિતગાર છે તે કદી કહી શકે ખરા કે જૈનો અને વેદાંતીઓ—જેમની વચ્ચે ભૂતકાળમાં તીક્ષ્ણ વિરોધો હતી તેઓ એક જ ધર્મના છે? શંકરાચાર્ય, રામાનુજ, મદનમિશ્ર અને અન્ય તત્ત્વજ્ઞો વચ્ચે થયેલ વાદવિવાદો વિષે જેમણે સાંભળેલ છે તે કદી કહી શકે ખરા કે જૈન ધર્મ એ વૈદિક ધર્મની શાખા છે? અને તેથી હરિજન મંદિર પ્રવેશ ધારો જૈનોને લાગુ પાડવામાં આવેલ છે?

આ કાયદાના ઘડતરના ઇતિહાસમાં હું ઉંડો ઉતરીને, જૈનોએ પોતે પોતાનો સમાવેશ હિંદુઓમાં કરવા માટે આગ્રહ કેમ સેવ્યો હતો તે હું માનનીય સભ્યને સમજાવીશ. જૈનો વતી કેટલાક માનનીય સભ્યોએ વાંધો ઉઠાવવાને બદલે, અને હરિજન મંદિર પ્રવેશ ધારો જૈનોને કેમ લાગુ પાડવામાં આવેલ છે તેમ કહેવાને બદલે, તેઓએ ફરિયાદ કરી કે તેમનો હિંદુઓમાં સમાવેશ કેમ કરવામાં આવ્યો નથી? તેઓએ પૂછયું કે જૈનોનો ૧૯૩૫ માં સીલેકટ કમીટીમાં સમાવેશ કેમ કરવામાં આવ્યો નથી? એ આનંદદાયક ઇતિહાસ છે અને તાત્વિક કારણે તેમનો સમાવેશ થઇ શકે તેમ નથી એમ નકકી કરવામાં આવ્યું હતું; તે જ પ્રેસ નોટ—કે જેનો મે ઉલ્લેખ કરેલ છે તેમાં આપણે બતાવેલ છે કે જૈનોને શા માટે બાકાત રાખવામાં આવ્યા છે. તેમ છતાં અત્યારે હું જાહેર કરવાની તક લઉં છું કે એમ કહેવાનો અમારો જરા પણ ઇરાદો નથી કે જૈન ધર્મ એ સ્વતંત્ર ધર્મ નથી કે તેનું તત્ત્વજ્ઞાન સ્વતંત્ર નથી. અમે એમ પણ માનતા નથી કે તે વૈદિક ધર્મની શાખા છે અગર તો હિંદુ તત્ત્વજ્ઞાનની છ શાખાઓ પૈકીની તે એક શાખા છે. તે ખાસ પ્રસંગે પ્રસ્તુત નોંધ પ્રગટ કરવાનો માત્ર એક જ ઉદ્દેશ શ્રી રતનચંદજી હીરાચંદના વાંધાઓનો જવાબ આપવાનો હતો. હું સભાનો સમય લેવા નથી માગતો પરન્તુ બંને ધર્મ જૈન ધર્મ અને હિંદુધર્મ વચ્ચે જે સમાનતા છે તે અંગે થોડું કહીશ. જેમ જૈન ધર્મે અહિંસા અપનાવી છે તેમ હિંદુ સમાજના અમુક વિભાગે પણ તે અપનાવી છે. અમુક અંશે જૈનોનું સામાજિક ઘડતર પણ હિંદુઓને અનુરૂપ છે: દાખલા તરીકે ગુજરાતના અમુક ભાગોમાં જૈનો અને હિંદુઓ છૂટથી આંતરજાતીય લગ્ન કરે છે.

ટુંકામાં તે વાકય ઉમેરવાનો હેતુ હિંદુઓ અને જૈનો જુદી જ્ઞાતિઓ નથી એમ નકકી કરવાનો નહોતો. જૈન અને હિન્દુ ધર્મ બંને એક છે અગર તો જૈન ધર્મ હિન્દુ ધર્મની શાખા છે એમ નકકી કરવાનો સરકારનો હેતુ નહોતો, હરિજન મંદિર પ્રવેશ ધારો જૈનોને પણ લાગુ પાડવા સંબંધમાં ઘણા તારો મને મળ્યા તેને પરિણામે તે યાદી બહાર પડી હતી.

* * * *

લોકોનો ઘણો મોટો વર્ગ—જૈનોના મનમાં જે ગેરસમજ ઉભી થઇ હતી તે દૂર કરવાનો મારો ધ્યેય હતો. હું તેમના ધર્મ અને સિધ્ધાન્તોને માનની દૃષ્ટિથી જોઉં છું.

# આત્મહત્યા એ માનવીનો અધિકાર છે!

કેટલાંક કાર્યો એવા હોય છે, કે એની યોગ્યાયોગ્યતાનો આધાર એ કાર્યોના ગુણદોષ ઉપર નહિ, પરંતુ એનાં પરિણામો ઉપર અવલંબે છે.

વેપારીઓમાં આમ બનતું આવ્યું છે. પોતાની પાસેની મિલ્કત સ્ત્રીને નામે ચઢાવીને કે છૂપાવીને જે વેપારી પોતાના લેણદારોને નવરાવી નાખવામાં સફળ બને છે, તેની આવડત, કુનેહ અને પકકાઈનાં વખાણ થાય છે; જ્યારે સ્ત્રીના દર દાગીના વેચીને તથા વીમાની પોલીસી પર અથવા કોઈ સ્નેહી સંબંધી પાસેથી કરજે નાણાં લઈને પોતાના લેણદારોને આપી દે છે અને તેમને નવરાવવામાં નિષ્ફળ બને છે, તેનાં ભોળપણ અને મૂર્ખાઈ વગોવાય છે! અપ્રમાણિકતા રાખીને નાણાં દબાવી બેસનારનો વિશ્વાસ વેપારીઓ કરે છે, કારણ કે એની પાસે નાણાં છે. જ્યારે પ્રમાણિકતા માટે ફના થનારનો વિશ્વાસ વેપારીઓ કરતા નથી, કારણ કે એ ખાલી થયો છે! એવા નિર્ધનનો વિશ્વાસ વેપારી કેમ કરે?

આમ આર્થિક ગોટાળો કરવામાં સફળ થનારની કિંમત ઉંચી રહે છે, અને તેમ ન કરી શકનારની કિંમત ઘટે છે! આ થયું આર્થિક જગતનું મૂલ્યાંકન.

## રાજકીય મૂલ્યાંકન

એવું જ રાજકીય જગતનું છે. સ્વદેશને માટે સત્તા સામે લડવામાં નિષ્ફળ જનારા કાવત્રાંખોર કે બળવાખોર ગણાયા છે; અને મોતની સજાને પામ્યા છે; જ્યારે એ લડતમાં સફળતા પ્રાપ્ત કરનાર સ્વાતંત્ર્યવીર અને આઝાદપરસ્ત ગણાયા છે અને મોટું માન પામ્યા છે! સફળતા અને નિષ્ફળતા માટેનું આ છે રાજકીય જગતનું મૂલ્યાંકન.

## કાયદાનું મૂલ્યાંકન

આત્મહત્યા માટે પણ કંઈક એવું જ છે. આત્મહત્યાનો પ્રયાસ કરવામાં જે માનવી નિષ્ફળ જાય છે, તે ન્યાયશાસ્ત્રની દ્રષ્ટિએ ગુન્હો કરે છે, અને આકરી સજાને પાત્ર બને છે, જ્યારે જે માનવી સફળ રીતે આત્મહત્યા કરી જાય છે, તેણે ગુન્હો કર્યો ગણાતો નથી, અને કોઈ પણ જાતની સજા તેને ભોગવવી પડતી નથી. ન્યાયની દ્રષ્ટિએ જે આ મૂલ્યાંકન થાય છે, તે જરા ઉંડો વિચાર માગી લ્યે છે,

## સફળતા અને નિષ્ફળતા

પત્થર બાંધીને પાણીમાં પડનાર, ઘરના દરવાજા બરાબર બંધ કરીને પૂરતાં ગ્યાસતેલ અને અગ્નિનો છૂટથી ઉપયોગ કરનાર, બરાબર યથા સમય ધસમસતી ટ્રેનની વચ્ચે પડતું મૂકનાર અને જ્ઞાનપૂર્વક કાતીલ ઝેરને પી જનાર કાબેલ માણસ આત્મહત્યા કરવામાં બરાબર સફળતા મેળવે છે, અને કોઈ પણ જાતની સજામાંથી તે આબાદ છટકી જાય છે. જ્યારે ઉતાવળે છીછરા પાણીમાં પડનાર કે આસપાસ કોઈની હાજરીમાં પાણીમાં ધુબકો મારનાર, અપૂરતાં સાધનોથી કપડાંનો છેડો સળગાવનાર, ધીમી ટ્રેન આગળ જરા વહેલો આવી પહોંચનાર કે જ્ઞાનના અભાવે સામાન્ય ઝેરને થોડા પ્રમાણમાં આરોગનાર આત્મહત્યામાં નિષ્ફળ જઈને અદાલતની સજામાં સપડાઈ જાય છે.

## નિષ્ફળતાના મદદગાર

આ રીતે આત્મહત્યાના પ્રયાસમાં નિષ્ફળ જવાથી એ બિચારો નિષ્ફળતાનો આઘાત, હત્યા માટેની ઈચ્છા છતાં જીવતા રહીને દુઃખ ભોગવવું અને જેલની સજા ભોગવવી, એમ ત્રિવિધ તાપને એ સહન કરે છે, જ્યારે એને નિષ્ફળ બનાવનાર, નિષ્ફળ બનાવીને ગુન્હામાં મદદ કરનાર કોઈ સારો તરનારો, ચપળ પાડોશી, ચાલાક ડ્રાઈવર કે કુશળ તબીબ લેશ પણ સજાને પાત્ર બનતો નથી. ઉલટું તે તો પ્રશંસાને પાત્ર થાય છે. દુઃખી માનવીને સદાને માટે દુઃખ મુક્ત થતો અટકાવવો, એ તે સારૂં કામ છે કે નરસું છે?

## ઇચ્છા કરવામાં વાંધો નહિ.

આત્મહત્યા કરવામાં સફળતા મળે એ જેમ ગુન્હો નથી, તેમ આત્મહત્યાની ઇચ્છા કરે, કે નિશ્ચય કરે, એ પણ ગુન્હો થતો નથી. ઇચ્છા કર્યા પછી, નિશ્ચય કર્યા પછી, જો એ એના પ્રયાસમાં નિષ્ફળ જાય તો જ ગુન્હો છે. આ એક વિચારવા જેવી વિચિત્રતા છે!

## મૃત્યુ ભયંકર છે?

કહેવાય છે કે મૃત્યુ એ ભયંકર વસ્તુ છે. કોણે કહ્યું, એ તો ખબર નથી. મૃત્યુના અનુભવ કરેલા કોઈ માણસે એ કહ્યું નથી એ ખરૂં છે. મૃત્યુનો અનુભવ કરીને ફરી જીવંત થએલો માનવી જો આપણને મૃત્યુ ભયંકર હોવાની વાત કહે, તો શ્રધ્ધા રાખીને પણ એવું માનીએ. પણ એવા કોઈ અનુભવીએ નથી કહ્યું, છતાં આપણે માનીએ છીએ, કે મૃત્યુ ભયંકર છે!

## કદરને બદલે સજા?

પણ આપણે કરીએ પણ શું? એવો કોઈ પૂરો અનુભવી આપણને કે આપણા વડવાઓને પણ મળ્યો નથી! પણ હા, એ માર્ગે લગભગ ઠીક સુધી જઈને પાછા આવેલા અનુભવીઓ તે આત્મહત્યા કરવામાં નિષ્ફળ ગએલા માનવીઓ છે. પરંતુ આવા બહુ થોડા અનુભવીઓની પણ આપણને કિંમત નથી. એનું તો કંઈ આપણે સાંભળતા જ નથી! એના કદર કરવાને બદલે સજા કરીએ છીએ! એના અનુભવનો લાભ લેવાનું તો કોઈને સૂઝતું જ નથી!

## હારાકીરી—એક ગુણ

જાપાનમાં આત્મહત્યાની નિષ્ફળતાની કંઈ સજા જ નથી. ત્યાં તો આત્મહત્યા કરનારા પૂજાય છે. ત્યાં દુઃખી માણસો દુઃખથી કંટાળીને ઓછી જ આત્મહત્યા કરે છે? ત્યાં તો સુખી માણસો ભવિષ્યમાં દુઃખ આવી પડે તો તે ભોગવવું કઠીન બને માટે દુઃખ આવ્યા પહેલાં સુખી અવસ્થામાં જ આત્મહત્યા કરી લ્યે છે. યુધ્ધમાં વિજય મેળવનાર સેનાપતિ, ભવિષ્યમાં હારનું કલંક ન લાગે માટે, વિજય તાજો હોય છે ત્યારે જ આત્મહત્યા કરીને ચીરવિજયી બની જાય છે. કોઈ ઘણું સુંદર અને ઉંચા પ્રકારનું કામ કરીને યશ પ્રાપ્ત કરનાર માણસ ભવિષ્યમાં કોઈ હલકું કામ કરીને એ યશને ધોઈ ન નાખે, માટે સારૂં કામ કર્યા પછી તરત જ આત્મહત્યા કરી નાખે છે. આવી આત્મહત્યાને ત્યાં હારાકીરી કહે છે. હારાકીરી કરનારની ત્યાં મોટી સંખ્યા છે.

## સજા કેમ ન થાય?

એટલે હારાકીરીમાં સુખ, વિજય કે યશની પ્રાપ્તિ એ આત્મહત્યાનું કારણ છે; જ્યારે આપણે ત્યાં તો દુઃખ, પરાજય કે અપયશની પ્રાપ્તિ એ આત્મહત્યાનું કારણ બને છે, એ ભારે વિચિત્ર વાત છે! દુઃખ પછીનું સુખ, પરાજય પછીનો વિજય અને અપયશ પછીની યશપ્રાપ્તિ એ તો વધુ મીઠાં લાગે. પરંતુ એવી મીઠાશ

ચાખવાની જેને ધીરજ નથી, અને આત્મહત્યા કરવા નીકળેલો છતાં એની સફળતા માટેનું પ્રાથમિક જ્ઞાન, તૈયારી અને કાબેલિયત ધરાવતો નથી, એને સજા ન થાય ?

### ત્યાગ એ ગુન્હો !

ત્યારે શું દુઃખમાંથી મુક્ત થવાની આ પ્રકારની કોશીશને ગુન્હો જ ગણવામાં આવ્યો છે ? ધનવૈભવનો થોડો પણ ત્યાગ એ જો પ્રશંસનીય હોય, તો ઇચ્છાપૂર્વક આ કીમતી જીવનનો ત્યાગ કરવો, એને પ્રશંસનીય કાર્ય નહિ પરંતુ નિંદનીય કાર્ય ગણાય અને જીવન ત્યાગ કરવાની હિંમતના અભાવે દુઃખમાં સબડ્યા કરવું, તે પ્રશંસનીય ગણાય ! આ તે કેવી વાત ?

### આ જા, ફસા જા.

પોતાનું જીવન છોડી દેવાનો શું માનવીને અધિકાર નહિ? એ જન્મ્યો ત્યારે કે તે પહેલાં તેણે એવી કોઇ શરત સ્વીકારી જ નથી, કે મોત ન આવે ત્યાં સુધી સુખે કે દુઃખે અણે જીવ્યા જ કરવું–કુદરત અને માગી ન લ્યે ત્યાં સુધી જીવ્યા જ કરવાની કોઇ જવાબદારી અણે સ્વીકારી નથી. એવી કોઇ કબૂલાત એણે અગાઉથી આપી નથી. આ તો જન્મ્યા પછી એને માથે લાદવામાં આવેલો હુકમ છે કે એણે જીવનને સાચવી જ રાખવું પડશે. કોઈએ એને જગતમાં ફેંક્યો, અને જગત ગમ્યું કે ન ગમ્યું, તો યે અધવચથી પાછું ફરવાનું નહિ ! કોઇ સભા કે મેળાવડામાં સભ્યતાની ખાતર એવી શરત સ્વીકારવી પડે છે કે એનાં ભાષણો કે કાર્યક્રમ ગમે કે ન ગમે, તો યે તે પૂરાં થાય ત્યાં સુધી ત્યાં બેસી જ રહેવું. પરંતુ આવાં સભા કે મેળાવડામાં આપણે અગાઉથી વક્તા, વિષય, પાત્રો, કાર્યક્રમ વગેરે જાણતા હોઇએ છીએ, જેથી તેમાં હાજરી આપવી કે નહિ તે અગાઉથી વિચારી શકાય છે. જ્યારે આ જગતમાં દાખલ થતાં પહેલાં તેના કોઇ કાર્યક્રમની જાણ હોતી નથી. આત્મહત્યાની કોશીશને ગુન્હો ગણવામાં આવે છે, એવી આ જગતની પ્રણાલીની જાહેરાત પૂર્વભવના જગતનાં કોઇ વર્તમાનપત્રોમાં વહેતી મૂકવામાં આવેલી નથી. આ તો આવી ચડીએ અને પછી મુંઝાઇએ છતાં ભાગી ન શકાય, એવી વાત છે. આ જગત ત્યારે 'આ જા, ફસા જા' જેવું જ છે ને ?

### પડે તે ભોગવો

જે ત્રાસથી ડરીને માણસ આત્મહત્યા કરવા પ્રેરાય છે, તે ત્રાસથી બચવા માટે આત્મહત્યાની કોશીશ કરવાને બદલે ત્રાસ આપનાર માનવીની જો એ હત્યા કરે, તોપણ એ ગુન્હો બને ! વધુ મોટો ગુન્હો બને ! જેની સાથે પ્રેમ થયો છે તેને મેળવવામાં જે કોઇ વચ્ચે આવે છે, તેને વિદાય આપે તો પણ ગુન્હો ! પરીક્ષામાં નાપાસ કરનાર પરીક્ષક, કરજ વધારી દેનાર લેણદાર કે સખ્ત અપમાન કરનાર આપ્તજન એ કોઇને આ જગતમાંથી દૂર કરી શકાય નહિ, કે પોતાથી દૂર થઇ શકાય નહિ. જે પડે તે ભોગવવું જ રહ્યું, એ આ જગતનો કાયદો !

### એક અપવાદ

પણ હા, એમાંયે એક અપવાદ છે. એ છે આમરણાંત ઉપવાસ. કોણ જાણે કેમ, આ સાધનનો ઉપયોગ કરીને આત્મહત્યાના માર્ગે જનાર માટે કોઇ સજા નથી. કોઇને દબાવીને, ડરાવીને ધાર્યું કરવા માટે આ સાધનનો ઉપયોગ થઇ શકે. એ આત્મહત્યાના માર્ગેથી કેટલાક આપમેળે કે કેટલાક બીજાની સમજાવટથી તો કોઇ તેની થએલી અસરથી સંતોષ પામીને પાછા ફરે છે અને તે નિર્વિઘ્ન આ જગતમાં રહી શકે છે. એમ ભૂખ્યા રહીને આત્મહત્યા કરવાની છૂટ છે.

ભૂખ્યો માણસ બીજા કોઇ સાધન વડે આત્મહત્યાની કોશીશ કરે તો તે ગુન્હો છે. જો તે કોઇ ધનધાન્યભરપુર માનવીના ધન કે ધાન્ય પર નજર ફેંકે તો યે તે ગુન્હો છે. પરંતુ જો અપવાસને માર્ગે જઇને, ઇચ્છાએ કે અનિચ્છાએ અવસાન પામે, તો અદાલતને એનો વાંધો નથી.

### કાયરતા ક્યાં છે?

એમ કહેવામાં આવે છે કે આત્મહત્યાનો પ્રયાસ ગુન્હો એટલા માટે છે કે એમાં કાયરતા છે. કારણ એની પાછળ માનસિક નિર્બળતા છે. પણ એમ તો ઘણા કાયર અને માનસિક નિર્બળ માણસો આ જગતમાં સુખચેનથી હરે ફરે છે, એનું તો કોઇ નામ પણ લેતુ નથી !

અને શું આત્મહત્યા એ નિર્બળતા છે ? મક્કમ નિશ્ચય સાથે મોત જેવી ભયંકર મનાતી ચીજને ભેટવા જવું એ કાયરતા અને નિર્બળતા ! એમ તો ઘણાયે નબળા માનવી પોતાના પિતાને, સસરાને, પતિને, પત્નીને, પરીક્ષકને કે લેણદારને પોતે આપઘાત કરવાની વારંવાર ધમકીઓ આપે છે, પરંતુ એ માર્ગે હિંમતપૂર્વક જઇ શકતા નથી, એ જ કાયર અને નિર્બળ છે.

### નિર્બળોનું શું ?

માનસિક નિર્બળતા એ જ ગુન્હો હોય તો એવા ઘણા નિર્બળ માણસો સુખેથી જીવી રહ્યા છે, જેઓ કરજ કરીને વ્યવહારિક પ્રસંગોમાં અનિચ્છાએ ખર્ચ કરે છે, આવક કરતાં વધુ ખર્ચ કરી મોજશોખ માણે છે. ઇન્દ્રિયો પર સંયમ ન રાખી શકવાથી લગ્ન કરે છે કે ચરિત્રભ્રષ્ટ થાય છે અને અંધારામાં બહાર નીકળતાં ડરે છે. આવા નિર્બળ મનના માણસોને સજા કરવાનો કાયદો નથી. નિર્બળ મનથી આપઘાત કરવા પ્રયત્ન કરનાર માટે આ તો કાયદો છે.

### શહેર અને જેલ

એટલું સારું છે કે શારીરિક કે બૌદ્ધિક નિર્બળતા પણ ગુન્હો નથી. નહિતર શહેરને જેલ અને જેલને શહેર બનાવવા પડે.

### માનવીનો અધિકાર

આત્મહત્યા એ માનવીનો અધિકાર નહિ ! તો પછી વ્યક્તિસ્વાતંત્ર્ય પણે ક્યાં રહ્યું ? આ વિચારવા જેવો પ્રશ્ન નથી શું ?

**જટુભાઈ મહેતા**

### શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૮-૧૨-૪૯ રવિવારના રોજ બપોરના ૩-૩૦ વાગે સંઘના કાર્યાલયમાં ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, સીલ્વર મેન્શન, પહેલે માળે મળશે જે વખતે નીચેનું કામકાજ હાથ ધરવામાં આવશે. દરેક સભ્યને વખતસર પધારવા વિનંતિ છે.

(૧) વાર્ષિક વૃત્તાન્ત તથા આવક જાવકનો હીસાબ અને સરવૈયું
(૨) નવા વર્ષનું અંદાજ પત્ર
(૩) પ્રમુખ, ઉપપ્રમુખ, બે મંત્રીઓ, કોષાધ્યક્ષ તથા કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચુંટણી
(૪) હીસાબ અન્વેષકની નીમણુંક.

દરેક સભ્યને વખતસર પધારવા વિનંતિ છે.

**મણિલાલ મોકમચંદ શાહ**
**પરમાનંદ કુંવરજી કાપડીઆ**
**દીપચંદ ત્રિભોવનદાસ શાહ**
**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

# પ્રાકૃત ભાષામાં ભરેલો જ્ઞાનભંડાર

ગત તારીખ ૫, ૬, ૭ નવેમ્બરના દિવસોમાં મુંબઇમાં મળેલ ઓલ-ઇન્ડિયા ઓરિયેન્ટલ કોન્ફરન્સના જૈન અને પ્રાકૃત વિભાગના પ્રમુખ તરીકેનું પ્રવચન, ભારતીય વિદ્યા ભવનના અધ્યક્ષ મુનિ શ્રી. જિનવિજયજીએ તા. ૭ મીની સવારની બેઠકમાં સેન્ટ ઝેવિયર કોલેજના હોલમાં હિંદી ભાષામાં મોઢેથી કરેલું તેનો ટૂંક સાર તેમની અનુમતિથી નીચે પ્રસિધ્ધ કરવામાં આવે છે. –તંત્રી

"આપ બધા જે અહીં ઉપસ્થિત છો તેમના જેવી વ્યવસ્થિત તાલિમ અને ઊંચી ડીગ્રી મેં પ્રાપ્ત કરી નથી. મેં તો પ્રાથમિક શાળા, સ્કૂલ કે કોલેજોનાં દ્વારો અધ્યયનની દૃષ્ટિએ જોયાં જ નથી. લગભગ ૨૫ વર્ષની ઉંમર સુધી તો મને પેન્સિલ અને કોરા કાગળો પણ સુલભ ન હતા. તેમ છતાં જેમ જેમ હું સમજતો ગયો તેમ તેમ વિદ્વજ્જનો અને સંતોના પરિચયમાં આવી કંઇક ને કંઇક મેળવતો રહ્યો. હું હજુ પોતાને એક વિદ્યાર્થી જ લેખું છું, અને હજી પણ જ્યાંથી જે મળે તે મેળવવા જ મથું છું. આપ બધા મને મારી આ મર્યાદા જાણીને જ સાંભળશો અને બહુ મોટી આશા ન સેવશો. બીજાં જરૂરી કામોના દબાણથી હું ઇચ્છા છતાં મારૂં વક્તવ્ય લખી નથી શકયો.

આ કોન્ફરન્સની સ્થાપના પૂનામાં સને ૧૯૧૮ માં થયેલી તે વખતે મેં મારો हरिभद्राचार्यस्य समयनिर्णयः નામક નિબંધ વાંચેલો. મેં હરિભદ્રના સમય વિષે જે સાર તારવ્યો તેને યાકોબી જેવા વિદ્વાનોએ તરત સ્વીકારી લીધો, અને પોતાનો લાંબા કાળનો તે વિષેનો મત તત્ક્ષણ બદલી નાખ્યો. હરિભદ્રના સમયનિર્ણયથી કેટલાક ધુંચવાતા પ્રશ્નોનો ઉકેલ આવ્યો. આવા વિદ્વાનોને મત કરતાં સત્ય વિશેષ પ્રિય હોય છે. ત્યારબાદ ૧૯૪૩ માં બનારસ મુકામે ફરી કોન્ફરન્સમાં જવાનો અવસર મળ્યો અને આ વખતે ત્રીજી વાર અવસર મળ્યો છે. હું મારૂં એ સદ્‌ભાગ્ય માનું છું કે ઓલ-ઇન્ડિયા ઓરિયેન્ટલ કોન્ફરન્સ જેવી અખિલ ભારતની એક માત્ર મહાવિદ્વત્ પરિષદ સાથે એના જન્મથી જ મારો સંબંધ બંધાયો છે.

આની પહેલાં પણ કોન્ફરન્સ તરફથી આ જ વિભાગના પ્રમુખ તરીકે મારી નિયુક્તિ કરવામાં આવી હતી, એક વાર કલકત્તા અધિવેશન અને બીજી વાર નાગપુરના અધિવેશન માટે; પરંતુ સંયોગવશાત્ હું એ અધિવેશનોમાં મારી સેવા આપી શકયો ન હતો. પરંતુ આ વખતે મુંબઇમાં જ ઘરઆંગણે આ અધિવેશન થતું હોવાથી હું આજે અહીંયાં આ વિદ્વન્મંડળનાં દર્શન કરી શકયો છું, તે માટે મને આનંદ થાય છે.

## નવાં સંશોધન પ્રકાશન

સામાન્ય શિરસ્તો એવો છે કે દરેક પ્રમુખે પોતાના વિષય પરત્વે ગયા અધિવેશન પછી જે નવા સંશોધનો અને પ્રકાશનો થયાં હોય તેનું અવલોકન-સમાલોચન કરવું. હું ગયા અધિવેશન પછીના ગાળામાં પ્રાકૃત અને જૈન ધર્મને લગતાં થયેલ બધા જ સંશોધનો અને પ્રકાશનો વિષે પૂરી માહિતી મેળવી નથી શકયો. ડોકટર સુબ્રીંગનું 'ઋષિભાષિત' આ ગાળામાં પ્રસિદ્ધ થયું છે. અને ડોકટર ઉપાધ્યે સંપાદિત મહારાષ્ટ્રીય પ્રાકૃતની એક મૂલ્યવાન કૃતિ 'લીલાવઇ કહા' તેમજ સિંધી જૈન ગ્રંથમાળામાં ધર્મોપદેશ માળા, કથા કોષ પ્રકરણ, નાણપંચમી કહા, અપભ્રંશ પઉમસિરી ચરિત્ર વગેરે વગેરે કેટલાક નાના મોટા અપ્રકાશિત ગ્રંથો પ્રકાશમાં આવ્યા છે. હું આ સમય દરમ્યાન જેનું સૌથી વધારે મહત્ત્વ આંકું છું તે જૈન આગમોનું શાસ્ત્રીય પદ્ધતિએ સુસંશોધિત સંસ્કરણ કરવાનું એક મોટું કાર્ય મુનિવર શ્રી. પુણ્યવિજયજીએ હાથમાં લીધું છે તે છે. જો કે જૈન આગમોનાં પ્રકાશનો ઘણીવાર ઘણા જુદા જુદા હસ્તકો તરફથી પ્રકાશમાં આવ્યાં છે, પરન્તુ મુનિવર શ્રી. પુણ્યવિજયજીએ એ આગમોની ઉપલબ્ધ પ્રાચીન તાડપત્રીય લિખિત પ્રતો સાથે સરખામણી કરી આચારાંગ, અનુયોગદ્વાર આદિ બે-ચાર આગમોની પ્રાથમિક પાઠશુદ્ધિ કરવાની જે તપાસ કરી છે તે ઉપરથી જણાય છે કે આગમોના પાઠોના વિષયમાં ઘણાં ઘણાં સંદેહો અને શંકાસ્થળો રહેલાં છે. મુનિવર શ્રી. પુણ્યવિજયજીના પ્રયાસના ફળરૂપે જ્યારે એકાદ આગમગ્રંથ પણ પ્રસિદ્ધિ પામશે ત્યારે આપણને સાચી કલ્પના થશે કે આગમોનું સંશોધન કેવી રીતે થવું જોઇએ.

## જર્મન સંશોધક વિદ્વાનો

આપણે બધા ઇન્ડોલોજીને લગતા જુદા જુદા વિષયોમાં રસ ધરાવીએ છીએ, એમાં કાંઇક ને કાંઇક સંશોધન થતું રહે એવી વૃત્તિ સેવીએ છીએ અને કાંઇક પ્રયત્ન પણ કરીએ છીએ. પરન્તુ આ ક્ષેત્રમાં પહેલ કરનાર આપણા પુરોગામી માર્ગદર્શક તો જર્મન સ્કોલરો છે. આપણા જ નહીં પણ પશ્ચિમના સંશોધકોના પુરસ્કર્તા પણ મુખ્યપણે જર્મન વિદ્વાનો જ હતા. એમણે જે એકાગ્રતા અને જહેમતથી નવાં નવાં ક્ષેત્રો ખેડયાં-ખાસ કરીને ઇન્ડોલોજીને લગતાં સંશોધન-પ્રકાશનો કર્યાં-તેને જ આદર્શ કે નમૂનો ગણી બધા તેની પાછળ ચાલતા આવ્યા છે. આજે જર્મનીની સ્થિતિ એવી નથી રહી. ત્યાંના વિદ્વાનોની અસાધારણ ખાસીયત એ રહી છે કે તેઓ પોતાના સંશોધન ક્ષેત્રને છોડી બીજા કોઇ વિષયમાં માથું ન મારે. રાજકીય કે આર્થિક કે બીજી ઉથલપાથલો વચ્ચે પણ તેઓ પોતાના કામમાં મશગુલ અને અચળ જ રહેવાના. આપણે જાણીએ છીએ કે હરમન જેકોબી જૈન વિષયમાં સુનિષ્ણાત હતા તેમણે કરેલી જૈન સાહિત્યની સેવા આજે પણ અનુપમ છે. તેમના આગમ વિષયક અનુવાદો જે 'સેક્રેડ બૂક્સ ઓફ ધી ઇસ્ટ'માં પ્રસિધ્ધ થાય છે, તે આટઆટલાં વર્ષો પછી પણ આવું જ અગત્યનું સ્થાન ભોગવે છે. યાકોબી જેવા જ, પણ તેમનાથી કાંઇક વૃધ્ધ ડોકટર અર્નેસ્ટ લોયમેન હતા, જે ૮૬ વર્ષની ઉમ્મરે પણ એટલા જ ખંતથી કામ કરતા. એમનું કાર્યક્ષેત્ર કાંઇક જુદું હતું. જૈન આગમોના મૂળ પાઠનું સમાલોચનાત્મક સંસ્કરણ તૈયાર કરવું એ તેમની નેમ હતી. તેમણે સૌથી પહેલાં આવશ્યક સૂત્ર હાથમાં લીધું, જેનું સ્થાન એક રીતે બધા જ આગમોમાં મુખ્ય છે. એનાં લગભગ બે હજાર પાના થાય એટલું મેટર એમણે તૈયાર કર્યું, જેમાં પાઠ-પાઠાંતરો, પાઠશુદ્ધિ અને તેના ઉપર સમાલોચનાત્મક નોંધો પણ હતી. આ મોટું કામ પત્યું ન હતું, તેવામાં અચાનક ઇસ્ટર્ન ટર્કીસ્થાન-તુરાનના ખોદકામથી પુરાતત્ત્વને લગતી નવી જ વસ્તુઓ તેમની સામે આવી, એને ઉકેલવા વગેરેનું કામ કરવાનું હતું; એટલે આવશ્યકનું હાથમાં લીધેલ કામ બાજુએ રહ્યું. તેમ છતાં તેમણે પોતે કલ્પેલ મૂળ પાઠના સમાલોચનાત્મક સંસ્કરણના એક નમુના લેખે ૪૮ પેજનું નાનું 'ડી ઇત્સેલુંગેન ડેર આવશ્યક' એટલે કે આવશ્યક સૂત્રની કથાઓ નામક પેમ્ફલેટ તો પ્રસિધ્ધ કર્યું જ. તેમની સૂઝનો એક દાખલો જાણવા જેવો છે. લહીયાઓની ગફલતથી કે વાંચનારાઓના ભ્રમથી કેટલીક લિખિત પ્રતિઓમાં પ્રાકૃત પાઠ 'समग्र' વંચાતો. લોયમેને કલ્પ્યું કે, તે પાઠ સાચી રીતે 'समग्गं' હોવો જોઇએ. જે કલ્પના આપણે માટે સહજ છે, તે તે વખતે એટલે દૂર રહેતા અને જૈન પરંપરા ન ધરાવતા એક વિદ્વાન માટે એટલી સહજ નથી. તેમણે પોતાની સૂઝની યથાર્થતા વિષે કાંઇક જાણવા માટે પોતાનાં પ્રુફ ડો. રામકૃષ્ણ ભાંડારકર પાસે મોકલેલાં. મેં એ પ્રુફશીટો ભાંડારકર પાસે પૂનામાં જોયાં હતાં. અને લોયમેનની સૂઝ કેટલી ઊંડી અને સાચી છે તેનું ભાન મને તે વખતે થયેલું. ત્યારબાદ જર્મની જવાનો અવસર મળ્યો.

હું જર્મની ગયો ત્યારે જર્મનભાષા તો જાણતો જ નહીં. અંગ્રેજી પણ બહુ સામાન્ય રીતે. લોયમેનને હું મળ્યો ત્યારે એ વૃદ્ધ ઋષિ પ્રત્યે મારો આદર અનેક ગણો વધ્યો. પ્રો. શુબ્રીંગને પણ મળેલો. એમની લાગણી નજરે જ જોઈ. પ્રો. લ્યુડર્સે તો લાયબ્રેરીની ચાવી જ મને સોંપેલી જેથી ફાવે ત્યારે હું તેનો લાભ લઈ શકું. અને સુબ્રીંગતો તો અતિ પરિચિત હતો જ. આ બધા જર્મન વિદ્વાનોની સંશોધન વિષયક લગની પરંપરા અને તટસ્થતા એ બધું આપણે માટે આજે પણ માર્ગદર્શક બને તેવું છે. બદલાયેલી યુરોપની પરિસ્થિતિમાં હવે ઇન્ડોલોજી માટે કોઈ ત્યાં વિશેષ શ્રમ કરે કે વિશેષ ધ્યાન આપે તેવું રહ્યું નથી. હવે એ કામ આપણે જ કરવાનું છે. આપણે પણ સાચું માર્ગદર્શન તો હજી આપણા એ યુરોપના જર્મન વિદ્વાનો પાસેથી જ મેળવવું રહ્યું.

## સત્યશોધન માટેની તટસ્થતા

જે માણસ જે પરંપરામાં ઊછર્યો હોય તેનામાં તે પરંપરાને લગતા અમુક સંસ્કારો હોય એ અનિવાર્ય છે. આપણે સંશોધકો ગમે તેટલી તટસ્થતા કેળવીએ છતાં કેટલીક વાર પરંપરાગત સંપ્રદાયના સંસ્કારો સત્યશોધમાં ઓછેવત્તે અંશે બાધા નાખે છે એ સમજી શકાય એવી બીના છે. ખરા સંશોધન માટે તો તટસ્થ દૃષ્ટિ જ કેળવવી પડે છે. જેને આપણે નાસ્તિક કહીએ છીએ તે યુરોપીય વિદ્વાનો નાસ્તિક હોય તોય તેમનો એક મુખ્ય ગુણ એવો છે કે જે આસ્તિક કહેવાતા આપણામાં નથી તે ગુણ તટસ્થતાનો. એટલે આપણે સત્ય-શોધનની દૃષ્ટિએ તો નાસ્તિકતા કેળવવી રહી. આપણે પોતાના વાડાના બહારનાને નાસ્તિક ગણીએ છીએ. પણ આસ્તિક-નાસ્તિકની સાચી વ્યાખ્યા આ નથી. સૌ જાણે છે કે ચાર્વાક દર્શન નાસ્તિક તરીકે લેખાય છે પણ આઠમા સૈકાના હરિભદ્રાચાર્યે 'ષડ્દર્શન સમુચ્ચય' માં ભારતીય છ દર્શનોમાં ચાર્વાક દર્શનને પણ જૈન અને બૌદ્ધની જેમ એક અગત્યના દર્શન તરીકે સ્થાન આપ્યું છે. જેને આપણે દર્શન કોટિમાં જ ન લેખીએ તેને જ સર્વ દર્શનોના પ્રથમ સંગ્રહક હરિભદ્રે દર્શન કોટિમાં ગણેલ છે, એ કેટલી ઉદારતા!

## પ્રાકૃત ભાષામાં ભરેલો જ્ઞાનભંડાર

ઘણા વિદ્વાનો એમ સમજે છે કે સંસ્કૃત ભાષામાં જ બધું વાઙ્મય આવી જાય છે અને તે બહાર કાંઈ બહુ જાણવા જેવું નથી. પણ એ ખોટો ભ્રમ છે. ભારતીય તત્ત્વજ્ઞાન સાહિત્ય અને બીજા અનેક વિષયોની સમૃદ્ધિ સંસ્કૃત અને સંસ્કૃતેતર પ્રાકૃત ભાષાઓના ખજાનામાં ભરી પડી છે. પ્રાકૃત ભાષામાં સંચિત જ્ઞાતસામગ્રી એટલી બધી વિશાળ છે કે, તે ઘણી વાર સંસ્કૃત કરતા પણ વધી જાય. સંસ્કૃતેતર લૌકિક ભાષાનું સાહિત્ય બુદ્ધ મહાવીરના યુગથી સુસંબદ્ધ મળે છે. બુદ્ધના જીવનકાળથી બુદ્ધઘોષસુધીના સમય સુધી તો પાલી ભાષામાં સાહિત્યનો અખંડ પ્રવાહ વહેતો આવ્યો છે. બુદ્ધઘોષ પછી એ પ્રવાહ લગભગ મંદ પડે છે, અને ત્યારથી જ પ્રાકૃતભાષામાં સાહિત્ય લખાવાનો અને નવું નવું સાહિત્ય રચાવાનો અખંડ પ્રવાહ શરૂ થાય છે. જૈન પરંપરાએ પાંચમા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં જે પ્રાકૃત અને તેની પુત્રીઓ ગણાતી દેશી ભાષાઓ-જે બધીને આજે ભાષાશાસ્ત્રીઓ પ્રાકૃતિક ભાષાસમૂહ તરીકે ઓળખે છે તે ભાષાઓમાં અનેક વિષયને લગતું જે અપાર સાહિત્ય લખ્યું, ખેડયું અને સંગ્રહ્યું છે તે પાલી વાઙ્મય કરતાં બહુ મોટા પ્રમાણમાં છે. ગુપ્ત કાળમાં જે નવજાગૃતિ શરૂ થઈ અને જે નવજાગૃતિએ પુરાણોની અને દાર્શનિક ભાષ્ય સાહિત્યની ભેટ આપી તે જ નવજાગૃતિએ જૈની પરંપરામાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, કથા, સાહિત્ય આદિરૂપે પ્રાકૃતના ભંડારો ભરાવ્યા. એમાં જે ભારતના જુદા જુદા પ્રદેશો તેમજ પ્રજાના અને સંસ્કૃતિના જુદા જુદા સ્તરોની તળપદી માહિતી છે તે ભારતીય ઇતિહાસની દૃષ્ટિએ વધારેમાં વધારે મહત્ત્વની છે. કોઈ પણ સત્યાન્વેષક ઐતિહાસિક એની ઉપેક્ષા કરી ન શકે.

આપણે એક દાખલો લઈએ. આચાર્ય હેમચન્દ્રે દેશીનામમાળા રચેલી છે, જેમાં લગભગ ૪૦ ટકા શબ્દો તો દ્રાવિડ ભાષાના છે. તે વખતે જે શબ્દો દેશમાં પ્રચલિત હતા તે સંઘરાયા. આમ દેશી નામમાળામાં દ્રાવિડ શબ્દોનો તળપદા શબ્દો તરીકે જે સંગ્રહ થયો છે તેનું કેટલું મૂલ્ય છે?

## પ્રાકૃત ભાષાઓનું મહત્ત્વ

કેટલીક વાર શબ્દનો અમુક પ્રચલિત અર્થ આપણને રૂઢ લાગે છે, અને બીજો અર્થ ધ્યાનમાં જ આવતો નથી. જુદી જુદી ભાષાઓના અને જુદા જુદા પ્રદેશોના વ્યવહારથી આપણું જ્ઞાન વિસ્તરે છે. એક તાજો જ રમૂજી દાખલો આપું. હિંદીમાં બંધારણ સભાએ જે બંધારણ ઘડયું છે તેનું સર્વ પ્રાંતોને સુગમ એવું એક ભાષાન્તર કરવા માટે પારિભાષિક શબ્દો કયા અને કેવા વાપરવા એનો નિર્ણય કરવા માટે એક કોન્ફરન્સ બોલાવવામાં આવેલી, જેનું કાર્ય હજુ ચાલુ જ છે. તેમાં દરેક પ્રાંતના વિશિષ્ટ વિદ્વાનો ઉપસ્થિત હતા. 'Power' (પાવર)નો અનુવાદ 'સત્તા' શબ્દથી કરવો એવો વિચાર આગળ આવ્યો. ગુજરાતી, મરાઠી, બંગાળી અને હિન્દી ભાષાભાષીને 'સત્તા' શબ્દ સુપરિચિત હતો, અને અર્થ પણ તેજ હતો. કર્ણાટકના એક વિદ્વાને ભારે વાંધો લીધો. તેમણે કહ્યું 'Power' (પાવર)નો અનુવાદ 'સત્તા' શબ્દથી ન થાય; સત્તાનો અર્થ અમારે ત્યાં મરણ થાય છે. છેવટે એ શબ્દ છોડવો પડયો. આપણે સમજવું જોઈએ કે એક રાષ્ટ્ર તરીકે રહેવા છતાં ભારતવાસીઓને જુદા જુદા પ્રાંતની અને જુદી જુદી પ્રજાની ભાષાઓના મર્મથી છેક અજાણ્યા રહેવું ન પાલવે. આ દૃષ્ટિએ પ્રાકૃત ભાષાનું શું સ્થાન છે તે વિચારવું ઘટે. આ અભ્યાસની દૃષ્ટિએ પ્રાકૃત ભાષાઓનો એક બૃહત કોશ તૈયાર કરવો જોઈએ તથા પ્રાકૃતમાં રચાયેલું અન્ય સાહિત્ય પણ યોગ્ય રીતે સંપાદિત કરીને બહાર પાડવું જોઈએ.

## પ્રાકૃતનાં અભ્યાસની અવગણના ન થઇ શકે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ જે જીવંત રહી તે મહર્ષિ વ્યાસ અને મહર્ષિ વાલ્મીકિને પ્રતાપે. જો મહાભારત અને રામાયણ ન હોત તો કદાચ હિંદુ અર્થાત ભારતીય આર્ય સંસ્કૃતિ જ જીવંત ન હોત. એ જ રીતે મધ્ય કાળના ભારતીય જીવનના સાચા ધબકારા આપણને પ્રાકૃત સાહિત્યમાં જ સાંભળવા મળે છે. ગુપ્ત કાળના પ્રારંભથી ચૌલુકય સમય સુધીમાં જે રાષ્ટ્રકૂટ, પ્રતિહાર ચાહમાન, પરમાર વગેરે રાજવંશોનો અભ્યુદય થયો અને જે રાજસ્થાનમાં તથા કચ્છ-કાઠિઆવાડમાં સંખ્યાબંધ નવી જાતિઓનો ઉદ્‌ભવ અને હિંદુસમાજમાં તેનો સમાવેશ થયો એનું ચિત્ર આપણને બીજે કયાંય નહીં પણ પ્રાકૃત સાહિત્યમાં જ મળી શકે. એમ છે. સંસ્કૃત ભાષામાં સાહિત્ય-રચનાનો પ્રવાહ ગુપ્ત કાળ સાથે કંઈક પાતળો થાય છે અને એજ કાળથી પ્રાકૃત ભાષામાં લખવાનો પ્રવાહ વેગબંધ ચાલે છે. એટલે કે મારો કહેવાનો મુખ્ય મુદ્દો એ છે કે- આપણે પ્રાકૃત ભાષાસાહિત્યના અભ્યાસની અવગણના કરીશું તો ભારતના મધ્યકાલીન ઇતિહાસનું વાસ્તવિક ચિત્ર કદી પણ ખડું કરી શકીશું નહીં, અને આપણી સંસ્કૃતિના સર્વાંગીણ અભ્યાસમાં એ મોટી ત્રુટિ રહેશે. તેથી પ્રાચ્ય વિદ્યા પરિષદ જેવી અખિલ ભારતીય સંસ્થાને આ પ્રશ્નનો ગંભીરતાથી વિચાર કરવાની હું વિનંતિ કરું છું.

(પ્રજાબંધુ માંથી) મુનિ શ્રી જિનવિજયજી

# શ્વે. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ

## તેના ૧૧મા અધિવેશન પ્રસંગે ઉડતો દૃષ્ટિપાત

[ શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સમાજનો હું એક અંગભૂત છું. એ સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ સાથે ઓછેવત્તે અંશે પણ હું સંકળાએલો રહ્યો છું. જૈન તત્વજ્ઞાનમાં મને ઉંડો રસ છે. એના સિધ્ધાંતો પ્રત્યે મને સારૂં માન છે. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ એ હિંદભરના સ્થાનકવાસી જૈન સમાજની એકની એક સંસ્થા છે, અને તેની સાથે પણ હું ઠીક અંશે સંકળાએલો છું. એના લગભગ બધા જ આગેવાન કાર્યકર્તાઓ સાથે હું અંગત સ્નેહ ધરાવી રહ્યો છું. આમ છતાં કોન્ફરન્સની પ્રવૃતિઓ સાથે હું મેળ રાખી શકતો નથી. આનાં કારણો વાચકને આ લેખમાંથી મળી શકશે. આ સંસ્થાનું ૧૧ મું અધિવેશન તા. ૨૪ મી ડિસેમ્બરે મદ્રાસમાં મળી રહ્યું છે. એ સમયે આ સંસ્થા અને સમાજ સંબંધમાં મારા વિચારો આ સ્થળે દર્શાવવાનું યોગ્ય ધાર્યું છે. લેખક ]

વૈદિક, બૌદ્ધ અને જૈન એ ત્રણે આર્ય ધર્મો છે. ત્રણે ઇશ્વરવાદી છે અને પુનર્જન્મના સિદ્ધાંતમાં માને છે. સત્ય, અહિંસા આદિ વ્રતો ત્રણે ધર્મોમાં એક યા બીજા સ્વરૂપે હસ્તી ધરાવે છે.

આમ છતાં ત્રણે ધર્મો ભિન્ન છે. એના સ્થાપકો-પ્રવર્તકો જુદા જુદા છે, અને એનું તત્વજ્ઞાન કેટલેક અંશે જુદું પડે છે.

જૈનોના મુખ્ય ત્રણ સંપ્રદાયો શ્વેતાંબર સ્થાનકવાસી, શ્વેતાંબર મૂર્તિપૂજક અને દિગંબર. એ ત્રણે કર્મવાદ અને દ્વૈતવાદમાં માને છે. ચોવીસ તિર્થંકરોને પૂજે છે, અને કર્મના નિયમને સ્વીકારે છે. આમ છતાં વસ્ત્રો, મૂર્તિ અને બીજી કેટલીક સામાન્ય કોટીની બાબતોમાં ત્રણે વચ્ચે મતભેદ પ્રવર્તે છે.

સ્થાનકવાસીઓ મૂર્તિને માનતા નથી, એ રીતે શ્વેતાંબરો અને દિગંબરોથી તેઓ જુદા પડે છે. બાહ્ય દૃષ્ટિએ આ ભેદ છે. સૂક્ષ્મ દૃષ્ટિએ બહુ મહત્વના નહિ એવા રીતરિવાજના ભેદો તેમની વચ્ચે છે.

આવા ભેદોથી જૈન સમાજ ત્રણ જુદા સંપ્રદાયોમાં વહેંચાએલો રહે, તે યોગ્ય નથી. એમ તો 'તુંડે તુંડે મતિર્ભિન્ના' એ ન્યાયે માણસ માણસ વચ્ચે મતભેદ રહેવાનો. પરંતુ આવા નજીવા મતભેદને કારણે જુદા સંપ્રદાયો રહે અને તેમની વચ્ચે જાણે કોઇ સમાનતા ન જ હોય એવું જુદાપણું પ્રવર્તે, એ કોઇ રીતે ઇષ્ટ નથી.

ઘરમાં રહેનાર કુટુંબીઓમાં એકને સંગીતનો શોખ હોય, બીજાને વ્યાયામનો અને ત્રીજાને પ્રવાસનો શોખ હોય તેથી એ ત્રણેને જુદા થવાને કારણ નથી. એક ભાઇને એક ભોજન પસંદ હોય અને બીજાને બીજું પસંદ હોય તેથી તેઓ જુદા થઇ જતા નથી. એમ એક મૂર્તિને માને, બીજા ન માને, એકના સાધુઓ કપડાં પહેરે અને બીજાના ન પહેરે, એક સ્ત્રીને મોક્ષ માને અને બીજા ન માને, એક જ્ઞાનને પ્રાધાન્ય આપે, બીજા ક્રિયાને પ્રાધાન્ય આપે, તેથી કંઇ સંપ્રદાયો જુદા હોઇ શકે નહિ. જૈનોમાં આ સંપ્રદાયોનું અસ્તિત્વ કોઇ રીતે જરૂરી નથી. એ ભેદોને કારણે જુદાપણું વ્યાજબી નથી.

આમ છતાં સંપ્રદાયવાદીઓ એ વાત સમજતા નથી, અને સંકુચિત દ્રષ્ટિ રાખીને જુદાપણું જાળવી રાખે છે. આથી આ ત્રણે મુખ્ય સંપ્રદાયો જુદા જુદા રહ્યા છે.

પરંતુ આવા નજીવા ભેદને કારણે એ સંપ્રદાયો વચ્ચે કલેશ અથવા પરસ્પર તિરસ્કાર હોય, તો તે તદ્દન ગેરવ્યાજબી સ્થિતિ છે. ત્રણે સંપ્રદાયો તરીકે જુદા રહેવા છતાં પણ જે એક મહાવીરના અનુયાયી હોવામાં તેઓ માને છે, તેમનામાં એક જ ગાઢ હોવી જોઇએ.

આમાંનો સ્થાનકવાસી સમાજ એક રીતે સંયમી સમાજ છે. મૂર્તિપૂજામાંથી ઉદ્દભવેલા શોભા શણગારને ત્યજીને એણે સાદાઇ અપનાવી છે. પરંતુ રૂઢીગત ક્રિયાજડતાને એણે છોડી નથી; એટલે તે જુનવાણી મનોદશા પણ ધરાવે છે.

આવા સ્થાનકવાસી સમાજના અનુયાયીઓની એક સંસ્થા તે તેમની કોન્ફરન્સ છે. આ કોન્ફરન્સ મોરબીમાં જન્મ પામી ત્યારે તે એક ધાર્મિક સંસ્થા હતી. આજે તે હવે ધાર્મિક ઉપરાંત સામાજિક સંસ્થા પણ બની છે.

કોન્ફરન્સ આમ તો ગૃહસ્થોની જ સંસ્થા છે, અને સાધુઓને એ સંસ્થા સાથે કંઇ લેવાદેવા નથી; આમ છતાં એ કોન્ફરન્સ પોતાના અનુયાયીઓની સંસ્થા હોવાથી સાધુઓ એનાથી વિમુખ નથી, બલ્કે એમાં રસ પણ લ્યે છે; અને એના કામકાજને અભ્યાસક દૃષ્ટિથી નિહાળે છે.

આ કોન્ફરન્સ સાધુઓના પ્રશ્નો પણ છણે છે. સાધુસંસ્થા વિષે વિચાર કરે છે. એમનો સંપર્ક પણ સાધે છે અને એમને માર્ગદર્શન પણ આપે છે. કોન્ફરન્સ ધાર્મિક શિક્ષણ માટે પાઠ્યપુસ્તકો રચાવે છે અને તિથિપર્વોનાં પંચાંગ પ્રગટ કરે છે; પરંતુ તે સાથોસાથ વ્યવહારિક કેળવણી માટે સંસ્થાઓ ખોલે છે અને ચલાવે છે, વિધવાઓ તથા વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરે છે અને આશ્રમો તથા છાત્રાલયો ખોલે છે, જેમાં રહીને તેઓ પોતાની આજીવિકાનાં સાધનો મેળવે છે. આ રીતે જોતાં આ સંસ્થા સામાજિક સંસ્થા છે.

સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ સાથેનો મારો ઠીક સંપર્ક હોવાથી હું એટલું કહી શકવાની સ્થિતિમાં છું કે એ પ્રત્યાઘાતી સંસ્થા નથી; તેમ એ પ્રગતિશીલ સંસ્થા પણ નથી. પ્રત્યાઘાતી સંસ્થા એ ગણાય જે આમજનતાના હિતની વિરોધી હોય, જુની નુકશાનકારક રૂઢીને વળગી રહેનારી હોય, કોમવાદી માનસ ધરાવતી હોય, નવા વિચારોથી ભડકનારી હોય કે અન્યાયી અને અસમાનતાવાળી સમાજ રચનાને નિભાવનારી હોય.

આથી ઉલટું જે સમગ્ર આમ જનતાના હિતને માટે પ્રયત્નશીલ હોય, જૂની રૂઢીઓ સામે વિરોધ પોકારનારી હોય, નવા વિચારોને અપનાવવા તૈયાર હોય, પરિવર્તનશીલ હોય અને સમાનતાવાળી સમાજ રચનાને આવકારનારી હોય, તે સંસ્થા પ્રગતિશીલ ગણી શકાય.

આ રીતે જોતાં સ્થાનકવાસી કોન્ફરન્સ એ નથી પ્રત્યાઘાતી કે નથી પ્રગતિશીલ. સમાજનાં બાળકોને ચાલુ કેળવણી આપવી, વિધવાઓને આશ્રય આપવો, ધાર્મિક શિક્ષણનો પ્રબંધ કરવો અને સાધુઓ વચ્ચેના કલેશ શમાવી સમાજમાં શાન્તિ સ્થાપવી એટલું સામાન્ય એનું ધ્યેય છે, અને એ દિશામાં તે ધીમે પગલે ચાલ્યાં કરે છે.

કોન્ફરન્સ જૂના બંધારણ અનુસાર શ્રીમંતોની સંસ્થા બની રહી છે, પરંતુ એનું માનસ મૂડીવાડી નથી. સમાજના મધ્યમવર્ગના માનવીઓને સહાય કરવા માટે સંસ્થા પાસે નાણાં જોઇએ; અને તે મેળવવા એ મોટાં લવાજમો રાખે છે, અને શ્રીમંતોને પ્રમુખપદ વેચીને એની પાસેથી મોટાં ફંડો મેળવે છે. તેમ છતાં કોઇવાર વિદ્વાનોની દોરવણી પણ સ્વીકારે છે. મધ્યમવર્ગને એમાં રસ લેતો કરવા એ ઇચ્છે છે. એનું બંધારણ ફેરવે છે. પરંતુ એવાં કોઇ બંધારણને એ ગતિ આપી શકતી નથી.

એટલે એમાં નિષ્ફળ જાય છે; અને ફરી જુની રીતોને અપનાવી રહે છે.

સ્થાનકવાસી સાધુઓમાં પ્રગતિશીલતા નજરે પડતી નથી. તેઓમાં વિદ્વત્તા ઓછી છે પણ ક્રિયાકાંડ વિશેષ છે. વાચન, મનન અને નિદિધ્યાસ કરતાં નિયમ પાલન અને ક્રિયાકાંડ તરફ એની દૃષ્ટિ વધુ છે. સમાજને ન પચે, કે ન રૂચે એવું કંઇ એ કહી શકતા નથી. સમાજને કોઈ ચોક્કસ માર્ગે દોરી જવાની એને તાલાવેલી નથી. પોતાના મોવડીઓએ આંકેલા ધોરણને વળગીને એ સાધુજીવન ગુજારે છે. ગૃહસ્થોમાં વાડીલાલ મોતીલાલ શાહ જેવો એક બંડખોર પાક્યો હતો; પરંતુ સ્થાનકવાસી સાધુ સમાજમાં એવો કોઇ બંડખોર હજુ પાક્યો નથી. શ્રી કાનજી મુનિએ બંડ પોકાર્યું અને સ્થાનકવાસી સમાજ છોડયો, પરંતુ એમણે એવી જ બીજી રૂઢીઓને સ્વીકારી લીધી. ઉચ્ચ કોટીની જ્ઞાનની વાતો સાથે સામાન્ય કોટીના શોભા શણગાર એણે અપનાવી લીધા. એક ચુનીલાલજીએ સાધુવેશ છોડયો, પણ એણે સમાજમાં ચીનગારી ફેલાવવાને બદલે આમસેવાનો ગાંધીચીંધ્યો માર્ગ લીધો. એક સંતબાલજીએ ક્રિયાકાંડો છોડયા પણ વેશ રાખ્યો, અને એણે સમાજને ક્રાન્તિ માર્ગે દોરવાને બદલે લોકસેવાનો પંથ લીધો. પરિણામે આ સમાજે ક્રાન્તિનો કોઇ આંચકો કદી અનુભવ્યો નથી.

ગૃહસ્થીઓમાં ક્રાન્તિકારી વિચાર ધરાવનારા યુવાનો છે, પરંતુ તેઓ આ સાંપ્રદાયિક સંસ્થામાં રસ ધરાવતા નથી, અને પોતાનો સમય અને શક્તિનો વ્યય આ ક્ષેત્રમાં કરવા ઇચ્છતા નથી. આથી રૂઢીચુસ્તો આ સંસ્થાનો કાબુ પોતાના હાથમાં રાખી બેઠા છે, અને એક પરોપકારી સંસ્થા તરીકે એને નભાવી રહ્યા છે.

કોન્ફરન્સે ભૂતકાળમાં કોઇ મોટાં કામો કર્યાં નથી. હમણાં સાધુઓ વચ્ચેની એકતા અને કેળવણી સંસ્થાઓ માટે ફંડો કરવાનું કામ તેણે ઉપાડયું છે અને તેમાં તેણે ઠીક પ્રગતિ કરી છે; પરંતુ એ બધું સ્થાનકવાસી સમાજના સંકુચિત વર્તુળમાં રહીને જ. એના આગેવાનોમાં સાંપ્રદાયિક મોહ ઘર કરીને બેઠેલો છે; એટલે કોઇ વધુ ઉદાર પગલું એ ભરી શકતી નથી. સમાજને યોગ્ય માર્ગદર્શન આપવાની એની હિંમત નથી. સંઘો એને ગણકારતા નથી; અને એ સંઘોની બહુ પરવા કરતી નથી. એ રાષ્ટ્રહિત માટે કદી કાંઇ પ્રયત્ન કરતી નથી, અને છતાં રાષ્ટ્રીયતાનો વિરોધ પણ કરતી નથી. સ્થાનકવાસી સમાજ જે કંઇ નાણાં ફંડફાળા મારફત મેળવે છે, તે તત્કાળ ખર્ચી નાંખે છે. આ સમાજમાં ધાર્મિકતા છે, પણ ધાર્મિક ઘેલછા કે આડંબર નથી. એમાં સડો પ્રવેશ્યો નથી, અને તેથી સુધારાને અવકાશ છે.

સ્થાનકવાસી કોન્ફરન્સ એક રીતે સ્થિતિચુસ્ત સંસ્થા છે. સાધુઓની જડતા અને નિષ્ક્રિયતા, ધાર્મિક જડ ક્રિયાકાંડો, અને જુની રીતરસમોને તે દૂર કરી શકતી નથી; અને નવા વિચારોને પ્રવેશ આપી શકતી નથી. સાધુસંસ્થાને તેજસ્વી બનાવવા માટે, જ્ઞાનના પ્રચાર માટે અને રૂઢીઓને ભેદવા માટે એક ડગલું પણ એણે કદી ભર્યું નથી.

જેની પાછળ કોઇ મહાન તત્ત્વ કે ચોક્કસ સિધ્ધાંત નથી એવી મુહપત્તીને આ સમાજે એનું મુખ્ય ચિહ્ન–પ્રતીક ગણ્યું છે. મુહપત્તી પાછળ કોઇ શાસ્ત્રાધાર નથી. એથી કોઇ આધ્યાત્મિક લાભ નથી. એથી કદાચ વાયુકાયના જીવોની અમુક અંશે રક્ષા થતી હશે, પરંતુ એ અસ્વચ્છતાનું સ્થાન પણ બને છે અને તેમાં સમુચ્છિમ જીવોની ઉત્પત્તિ પણ થાય છે એવો એક આરોપ છે તે જુઠો ઠરાવી શકેલ નથી. આવું જ રજોહરણનું છે. બોજો સાથે ફેરવવા ઉપરાંત એની કોઇ ખાસ ઉપયોગિતા કે વિશિષ્ટતા નથી. જતનાથી બોલવું, જતનાથી ચાલવું એ જરૂરી છે. એનો અર્થ વિવેક અને સાવધાનીપૂર્વક બોલવું અને ચાલવું. મુહપત્તી કે રજોહરણથી જ જતના આવી જતી નથી.

જીવનવ્યવહારની પ્રવૃત્તિ આજે એટલી મુશ્કેલ બની ગઇ છે કે માણસ સાધુઓનાં વ્યાખ્યાનો દિવસે સાંભળવાનો સમય શહેર કે ગામડામાં પણ મેળવી શકતો નથી. એટલે રાત્રી વ્યાખ્યાનોની પ્રથા શરૂ કરવી જરૂરી છે. પરંતુ સ્થાનકવાસી સમાજની રૂઢીચુસ્તતા સાધુઓને એમ કરતાં અટકાવે છે. અરે! વ્યાખ્યાનકારનો અવાજ મોટા સમુદાયના કર્ણ સુધી પહોંચાડવાને માટે જ્યારે વિજ્ઞાને લાઉડસ્પીકરોની શોધ કરી છે, ત્યારે આ સ્થિતિચુસ્ત સમાજ તેના સાધુઓને લાઉડસ્પીકરની સગવડ આપી શકતો નથી. વળી જેમાં કોઇ પ્રકારની હિંસા નથી એવા મસ્તકના વાળ મૂંડવા કે કાપવાની છુટ આપવાને બદલે વાળ ખેંચી કાઢવાની ત્રાસદાયક રૂઢીને આ સમાજ નિભાવ્યે જાય છે.

સ્થાનકવાસી સમાજમાં છે તેવી અને બીજી જાતની રૂઢીઓ મૂર્તિપૂજક અને દિગંબર સંપ્રદાયમાં પણ રહેલી છે; પરંતુ આ લેખમાં કેવળ સ્થાનકવાસી કોન્ફરન્સ અંગે જ મારૂં મંતવ્ય રજુ કરવાનું હોઇને અન્ય સંપ્રદાયોનો ઉલ્લેખ હું અત્રે કરતો નથી.

મારા માનવા પ્રમાણે સમાજની પ્રગતિને રોકી રહેલી મુહપત્તી, રજોહરણ, લોચ વગેરે ક્ષુદ્ર બાબતોનો ત્યાગ કરી, રાત્રી–વ્યાખ્યાન, લાઉડ સ્પીકરનો ઉપયોગ અને ચોક્કસ સંજોગોમાં સાધુઓને વાહનના ઉપયોગની છૂટ આપી સાધુઓ ક્રિયાજડતામાંથી બહાર નીકળી પોતાના અભ્યાસ, જ્ઞાન અને સંપર્કનું ક્ષેત્ર વિકસાવે એ જરૂરનું છે. આજની આ કોન્ફરન્સ એ કાર્ય કરી શકે એમ નથી. એ તો સમાજના બંડખોર વૃત્તિના યુવાનો જ કરી શકે.

સાધુસંસ્થા જ્યાં સુધી પ્રગતિશીલ નહિ બને ત્યાં સુધી શ્રાવક સંસ્થા પણ આગળ વધી શકવાની નથી. કૂવામાં નહિ હોય, તો હવાડામાં ક્યાંથી આવશે?

સાધુ સંસ્થામાં જે નવી ભરતી થાય છે, તે પણ કોઇ આશા આપી જતી નથી. કોઇ જાતની ધગશ, મહત્ત્વાકાંક્ષા કે ચેતનવિનાની વ્યક્તિઓ નવદીક્ષિત તરીકે બહાર પડે છે અને રૂઢીના એ જ બંધનોમાં જકડાય છે. આમ સાધુ સંસ્થા દિન પર દિન પાછળ પડતી જાય છે.

બાળદીક્ષાના પ્રશ્નને આપણે જેટલું મહત્ત્વ આપીએ છીએ તેટલું અયોગ્ય દીક્ષાના પ્રશ્નને આપતા નથી. એટલે સાધુ સંસ્થાનો વિકાસ થતો નથી. કમાવાને અશક્ત, જીવનસંગ્રામથી હારેલો, જડબુધ્ધિવાળો અને શિથિલ દેહધારી દીક્ષિત યુવાન કે પ્રૌઢ હોય તો પણ એ પોતાને કે સમાજને ઉંચે લઇ જવાને સમર્થ નથી. સાધુ સમાજને સંખ્યાને બદલે જો સત્વથી માપવામાં આવે તો સ્થાનકવાસી સંપ્રદાય નિરાશા જ ઉત્પન્ન કરે.

માત્ર સ્થાનકવાસી સમાજને નહિ, પણ આખા યે જૈન સમાજને લાગુ પડે તેવી બાબત ચારિત્ર્યશુદ્ધિ અને નીતિમત્તાની છે. આપણે મુખ્યત્વે વ્યાપારી વર્ગ છીએ. આપણે કદાચ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં થોડી ધનની સહાય કરી છે અને આપણાં મધ્યમવર્ગના યુવાનોએ જેલજાત્રા કરી દેશની સેવા કરી છે. પરંતુ સાથો સાથ ધનલાલસાને લીધે ન કરવાનાં એવાં રાષ્ટ્ર વિરોધી કેટલાં કાર્યો કર્યાં છે, તે વિચારીએ તો શરમથી નીચું જોવું પડે. આપણા જૈનોએ સંગ્રહખોરી અને કાળાંબજાર મારફત ગરીબ દેશબંધુઓને ભૂખ્યાં અને નાગાં રાખ્યાં છે. આપણામાંના કેટલાએ અમલદારોને લાંચ લેતાં શીખવ્યું છે. અરે! દેશના યુવાનો જ્યારે પરદેશી સત્તા સામે લડી રહેલા હતા અને લાઠી તથા જેલવાસ ભોગવતા હતા, ત્યારે પરદેશી સત્તાને મદદરૂપ યુધ્ધ

68



સામગ્રીનાં કારખાનાં ચલાવતા હતા, અને મહાન હિંસા અને રાષ્ટ્રદ્રોહ કરતા હતા. આજની સરકારને સ્થાને જો ઉદ્દામવાદી પ્રજાકીય સરકાર સત્તસ્થાને આવી હોત, તો આવા દ્રોહીઓને ફાંસીએ ચડાવ્યા વિના રહેત નહી. આવાં કાર્યો કર્યા પછી આપણે જૈનો કયે મુખે મહાવીરના અનુયાયીઓ અને અહિંસાના પ્રશંસકો રહી શકીએ? શું જૈન જૈન તરીકે જુદો પડી શકયો છે, કે પોતાની જૈન તરીકેની છાપ કયાંય પાડી શકયો છે?

જૈનોમાં ચારિત્ર્યશુધ્ધિ પ્રવેશે એ માટે શું કોન્ફરન્સ કંઇ કરી શકવાની છે? સમાજની નકામી અને પ્રગતિરોધક રૂઢીઓને દૂર કરી શકવાની છે? આ પ્રશ્નનો જવાબ આજે તો નિરાશામાં મળે છે. જૈન સમાજમાં બીજો વા. મો. શા. પાકે નહિ ત્યાં સુધી એ આશા તો આકાશકુસુમવત્ છે.

હવે છેલ્લી વાત. જેમ જૈન સમાજમાં અને બીજા સમાજોમાં તેમ સ્થાનકવાસી સમાજમાં પણ વાડાકીય સંકુચિતતા છે. કોન્ફરન્સ જે કંઇ કામ કરે છે, તે સ્થાનકવાસી સમાજને માટે હિતકર હશે, પરંતુ તેમાં સંકુચિતવૃત્તિ હોઇને દેશને માટે એની પ્રવૃત્તિઓ હિતકર નથી. એ કેળવણી સ્થાનકવાસી બાળકોને જ આપશે. છાત્રાલયો સ્થાનકવાસી વિદ્યાર્થીઓ માટે જ ઉભા કરશે. આશ્રમો સ્થાનકવાસી બહેનો માટે જ બાંધશે. આવી રીતે જે જે સંપ્રદાયો કે જ્ઞાતિઓ પોતાના જ સંપ્રદાય કે જ્ઞાતિના અનુયાયીઓ માટે પ્રવૃત્તિઓ કરે છે, તેઓ એમ પણ પ્રતિપાદન કરવા પ્રયાસ કરે છે કે રાષ્ટ્રના અમુક ભાગ પૂરતી જવાબદારી અમે સ્વીકારીને એટલે અંશે અમે રાષ્ટ્રની સેવા કરીએ છીએ. આ કથન કેવળ ભ્રમમૂલક છે. કેટલાક પોતાના જ જ્ઞાતિભાઇઓને નોકરીમાં રાખીને તેટલે અંશે દેશની બેકારીમાં ઘટાડો કરવાનું અભિમાન લ્યે છે પરંતુ આ અભિમાન મિથ્યા છે, અને એ રીતે દેશની બેકારી લેશ પણ ઘટતી નથી. એથી તો જેટલા પોતાની જ્ઞાતિ કે સંપ્રદાયના માણસો રોકાયાં, એટલા અન્ય જ્ઞાતિ કે સંપ્રદાયના માણસો બેકાર બન્યા. એથી દેશની બેકારી કયાં ઘટી? એ જ પ્રમાણે આજે પારસી, ભાટિયા, કપોળ, લોહાણા અને જૈન જેવી શ્રીમંત કોમો પોતાની જ કોમને માટે શાળાઓ, છાત્રાલયો, નિવાસસ્થાનો, હોસ્પીટલો, ઉદ્યોગસંસ્થાઓ, શિષ્યવૃત્તિઓ વગેરે કાઢે છે. પરંતુ બાકીની જે ગરીબ અને પછાત કોમો રહી તેનું કોણ? એ કોમો વધુ ગરીબ રહેશે તો દેશની ગરીબી કેમ દૂર થશે? પછાત કોમો કેમ આગળ આવશે? એથી તો શ્રીમંત કોમ વધુ શ્રીમંત થશે, શિક્ષિત કોમ વધુ શિક્ષિત બનશે, અને શ્રીમંત અને ગરીબ વચ્ચેનું અંતર આજે છે, તે કરતાં વધુ મોટું થશે; માણસ માણસ વચ્ચેની સમાનતાને બદલે અસમાનતાની ખાઇ ઊંડી બનશે; એ કદી માનવધર્મ નહિ હોય. જો જૈન ધર્મ પોતાને માનવધર્મ તરીકે ઓળખાવવા માંગતો હોય, તો જૈનોએ અને જૈન સંસ્થાઓએ આ અસમાનતા વધારવાનો માર્ગ છોડવો જોઇએ.

સંપ્રદાયવાદ અને જ્ઞાતિવાદ આ માર્ગે વધુ મજબૂત બને છે. આજે તો રાષ્ટ્રવાદના વાડા વટાવીને આંતરરાષ્ટ્રીયવાદ પ્રત્યે, માનવતાવાદ પ્રત્યે આપણે દૃષ્ટિ રાખવાની છે. ચીન ભૂખે મરી રહ્યું હશે, એમાં હિંદની શોભા યે નથી અને પ્રગતિ પણ નથી. હિંદ ભૂખે મરે એમાં અમેરિકાની કોઇ શોભા નથી. રાષ્ટ્રવાદમાં પણ જો વિવેક ભૂલવામાં આવે, તો રાષ્ટ્રવાદી બ્રિટનનો સામ્રાજ્યવાદ અને રાષ્ટ્રવાદી જર્મનો અને ઇટલી કે જાપાનનો ફાસીવાદ જેમ ફુલ્યો અને બીજા રાષ્ટ્રના ભોગે પોતાના રાષ્ટ્રને આગળ લાવવાની વૃત્તિ જેમ પેદા થઇ એમ આપણો રાષ્ટ્રવાદ પણ બીજાઓ માટે ખતરનાક નીવડે. આ રીતે આપણો સંપ્રદાયવાદ અને જ્ઞાતિવાદ દેશનાં હિતને પણ નુકસાન કરી બેસે.

એટલે સંપ્રદાયો કે જ્ઞાતિઓ પોતાના આધ્યાત્મિક હિત માટેની પ્રવૃત્તિઓ કરે, અહિંસા ત્યાગ, સત્ય અને નીતિના આચરણ માટે યોગ્ય પ્રબંધાદિ કરે, સંસ્કારવૃદ્ધિ અર્થે પ્રયાસો કરે, પરસ્પર સંપર્ક વધારીને હેતપ્રીતથી રહે, અને પોતાના વર્તુળમાંથી કુરિવાજો, કુરૂઢીઓ અને અજ્ઞાન દૂર કરે ત્યાં સુધી સારૂં છે; પરંતુ કેળવણી અને આર્થિક પ્રવૃત્તિઓ પોતાના વાડા પૂરતી સંકુચિત રાખ્યા કરશે, ત્યાં સુધી એમાં રાષ્ટ્રનું હિત નહિ હોય, કદાચ ઇચ્છા કે અનિચ્છાએ રાષ્ટ્રનું અહિત જ થશે. એટલે જૈન સમાજ પોતાની ચારિત્ર્ય શુધ્ધિ અને સંઘ–સમાજની પ્રગતિ માટે યોગ્ય પ્રવૃત્તિ તો કરે ત્યારે ખરૂં; પણ સંપ્રદાયવાદમાંથી બહાર નીકળીને માનવમાત્ર માટે પોતાનું હૃદય ઉઘાડું રાખે એવો પ્રયાસ તો એણે વેળાસર આરંભવો જોઇએ અને સંપ્રદાયવાદને તિલાંજલી આપવી જોઇએ.

આજની કોન્ફરન્સની નેતાગીરી આ કરી શકે એમ નથી. એ માટે તો સંપૂર્ણ રાષ્ટ્રીય મનોવૃત્તિવાળા, માનવતાવાદી યુવાનોએ આગળ આવવું જોઇશે અને તે માટે ભગીરથ પ્રયત્ન કરવો જોઇશે. સંપ્રદાયો અને જ્ઞાતિઓની કોઇ અવગણના કરે એ સુધારી જવાની નથી, અને નાશ પણ પામવાની નથી. ગણ્યા ગાંઠયા પ્રગતિશાળી માણસો સંપ્રદાયો અને જ્ઞાતિઓથી વિમુખ બનશે, તો તેથી રાષ્ટ્રીયતા પાંગરવાની નથી. સંપ્રદાયો અને જ્ઞાતિઓના સંપર્કમાં રહીને તેના સંકુચિતપણાનો નાશ કરી એનાં પ્રવૃત્તિઓનો વિકાસ કરવાનું રાષ્ટ્રવાદી અને માનવતાવાદી યુવાનોનું કર્તવ્ય છે.

સ્થાનકવાસી કોન્ફરન્સના અધિવેશનની સાથોસાથ કોન્ફરન્સના રૂઢીચુસ્ત આગેવાનોની છત્રછાયા અને દોરવણી નીચે સ્થાનકવાસી જૈન યુવક પરિષદનું અધિવેશન મળનાર છે. યુવાનો સ્થાનકવાસીના જુદી પરિષદમાં માને એ વિચિત્ર છે! અને કોન્ફરન્સની છત્રછાયા નીચે પોતાની સ્વતંત્ર પ્રવૃત્તિ વિકસાવવાનો પ્રયાસ કરે એ કેવળ હાસ્યાસ્પદ જ છે. કશાયે ચોક્કસ ધ્યેય વગરની, જુનવાણી કોન્ફરન્સને ટેકો આપનારી, પરિષદ ખાતર મળતી આ પરિષદ કંઇ અગત્યનું કાર્ય કરી શકવાની નથી. કોન્ફરન્સના રૂઢીચુસ્ત આગેવાનોનું એ કેવળ પ્યાદુ જ બની જશે. એમાં મને લેશ પણ શંકા નથી.

સ્થાનકવાસી જૈન યુવાનો જો સ્થાનકવાસી સમાજની રૂઢીચુસ્તતા દૂર કરીને એને બિનકોમી રાષ્ટ્રવાદી સંસ્થા બનાવવા માગતા હોય તો પ્રથમ તેમણે આ લેખમાં દર્શાવેલ પ્રવૃત્તિઓ સ્વીકારવી જોઇએ; તે માટે મુખ્ય કાર્યકર્તાઓએ એક ચોક્કસ સ્થળે મળવું જોઇએ, પોતાના વિચારોનો પ્રચાર શરૂ કરવો જોઇએ; અમા મળતા થતા યુવાનોનું સંમેલન યોજવું જોઇએ; અને પછી સંગઠન દ્વારા જૂની, નુકસાનકારક અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સામે બંડ પોકારવું જોઇએ. કોઇપણ સમાજના સંકુચિતપણાને આ રીતે નષ્ટ કરી શકાય.

**જટુભાઈ મહેતા**

## હાજરી આપજો

કોઇપણ સંસ્થાની પ્રવૃત્તિઓ એની કાર્યવાહક સમિતિ અને હોદ્દેદારો ઉપર અવલંબે છે. મુંબઇ જૈન યુવક સંઘને જેઓ વધુ કાર્યશીલ જોવા ઇચ્છતા હોય તેવા સંઘના સૌ સભ્યો જેમાં સંઘની કાર્યવાહક સમિતિ અને હોદ્દેદારોની ચૂંટણી થવાની છે, તે તા. ૧૮ મીએ ધનજી સ્ટ્રીટમાં મળનારી સંઘની સામાન્ય સભામાં અચૂક હાજરી આપે.

**સંપાદક**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ ૨